કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી : 1

# ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો

## માહિતીકોશ



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 5

કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી : 1

# ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો

## માહિતીકોશ

સંપાદક

**ડૉ. જયકુમાર ર. શુક્લ**

સહાયકો

**શ્રી બંસીધર શુક્લ**

**પ્રો. વી. પી. ત્રિવેદી**

**પ્રો. વીણાબહેન શેઠ**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક

https://gujarativishwakosh.org/ebooks

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

અમદાવાદ

ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો
(માહિતીકોશ)
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ : 1998, પૃ. 616 + 32
ગ્રંથાલય વર્ગાંક : 923.2547 V2:25wk

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

પ્રથમ આવૃત્તિ, 1998
દ્વિતીય આવૃત્તિ, 2008

કિંમત
450 રૂપિયા

પ્રકાશક
**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**

મુદ્રક
**ક્રિશ્ના ગ્રાફિક્સ**, નારણપુરા, અમદાવાદ – 380 013

પ્રાપ્તિસ્થાન
**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**
શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિશ્વવિદ્યાસંકુલ,
રમેશપાર્કની બાજુમાં, વિશ્વકોશમાર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ 380 013
ફોન નં. : 2755 1703
email : drthakerad1@sancharnet.in, vishvakoshad1@gmail.com

**ગૂર્જર એજન્સીઝ**
રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ – 380 001
ફોન નં. 2214 4663, 2214 9660

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| અ | 12 | ત | 139 |
| આ | 19 | થ | 151 |
| ઇ | 24 | દ | 151 |
| ઈ | 25 | ધ | 210 |
| ઉ | 25 | ન | 212 |
| એ | 28 | પ | 242 |
| ઓ | 28 | ફ | 388 |
| ક | 30 | બ | 389 |
| ખ | 55 | ભ | 400 |
| ગ | 58 | મ | 426 |
| ઘ | 81 | ય | 478 |
| ચ | 84 | ર | 480 |
| છ | 98 | લ | 495 |
| જ | 101 | વ | 499 |
| ઝ | 119 | શ | 525 |
| ટ | 122 | સ | 584 |
| ઠ | 123 | હ | 603 |
| ડ | 133 | પુરવણી | 610 |
| ઢ | 137 | | |

ગાંધીજીએ ગુજરાતને દુનિયામાં ઓળખાવ્યો. આખી દુનિયાને હલાવે એવી દાંડીકૂચ કરી. એક લંગોટીવાળો માણસ સાબરમતીથી નીકળી સૂરતને કિનારે મીઠું બનાવવા નીકળ્યો. ત્યાં મીઠું બનાવવા દીધું હોત તો શું જતું રહેવાનું હતું ? પ્રથમ તો અમલદારો હસતા હતા કે મીઠું બનાવવા નીકળ્યા ! પણ ત્યાં પહોંચતાં પહોંચતાં તો આખી સલ્તનતને ડોલાવી દીધી. દુનિયામાં બધા મુલક સ્વતંત્રતા સાચવવા કે મેળવવા તલવારથી લડાઈ કરે છે. હિન્દુસ્તાન તલવારથી લડવા નથી માગતું. એ તો દુનિયાનો ઇતિહાસ છે કે તલવારથી મેળવેલું તલવારથી જવાનું. સત્યથી મેળવેલું જતું નથી.

સરદાર વલ્લભભાઈ પટેલ



અગ્રણી સ્વાતંત્ર્યસેનાની,
નિર્ભીક અને નિઃસ્વાર્થ લોકસેવક,
ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્થાપક

**સ્વ. સાંકળચંદ કાળીદાસ પટેલને**
**અર્પણ**

# નવું અભિયાન

ગુજરાતી ભાષામાં વિશ્વકોશ હોવો જ જોઈએ એવો સંકલ્પ કરીને ગુજરાતી વિશ્વકોશના ભગીરથ કાર્યનો પ્રારંભ કરવાની પ્રેરણા આપનાર સ્વ. સાંકળચંદભાઈ પટેલની સ્મૃતિમાં આ સંસ્થાએ 'કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી' પ્રકાશિત કરવાનું વિચાર્યું અને એના પ્રથમ પુસ્તક રૂપે 1998માં એ પીઢ ગાંધીવાદી સ્વાતંત્ર્યસેનાનીના જીવનકાર્યને ઉચિત અંજલિરૂપ 'ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકોનો માહિતીકોશ' પ્રગટ કર્યો હતો. આજે એની સંવર્ધિત દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકોએ રાષ્ટ્રીય લડતમાં આપેલાં બલિદાનનો ઇતિહાસ જળવાઈ રહે અને નવી પેઢીને તેમનાં કાર્યની ઝાંખી મળે તે હેતુથી આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. મહાત્મા ગાંધીજીએ સ્વતંત્રતા માટેના આંદોલનનો પ્રારંભ ગુજરાતથી કર્યો. એ લડતમાં ભાગ લેનારા દેશપ્રેમીઓની માહિતી તો આમાંથી મળશે જ; પરંતુ એ ઉપરાંત 1857ના સ્વાતંત્ર્યસંગ્રામથી માંડીને 1947 સુધીની આરઝી હકૂમત તથા દેશી રાજ્યોના લોકોએ પોતાના રાજા દ્વારા થતા શોષણ તથા અન્યાય સામે લડત આપનાર સ્વાતંત્ર્યસૈનિકોનો અને 1961માં ગોવાના મુક્તિસંગ્રામમાં ભાગ લેનારા સ્વાતંત્ર્યવીરોનો પણ અહીં સમાવેશ કર્યો છે. આ રીતે ગુજરાતમાં પ્રગટેલી ક્રાંતિની ચિનગારીને પરિણામે એક યા બીજા મુક્તિસંગ્રામમાં સક્રિય ભાગ લેનારાઓની માહિતી રજૂ થઈ શકી છે. તેમ કરતાં શક્ય તેટલી શુદ્ધ આધારભૂત હકીકત તારવીને મૂકવાનો પ્રયત્ન કર્યો છે.

હજારો સ્વાતંત્ર્યસૈનિકો જેમાં સામેલ હોય એવી ઘટનામાં ભાગ લેનારાઓની યાદી આપવી મુશ્કેલ છે. જેમ કે અમદાવાદમાં 1942માં 1,40,000 મિલમજૂરોએ પાડેલી હડતાળ, અનેક નાના ગરીબ વેપારીઓ અને મિલમજૂરોએ એ સમયે ઘરવખરી વેચીને આપેલો ભોગ, દરરોજ પત્રિકાઓ વહેંચવા જતા સેંકડો વિદ્યાર્થીઓ અને તારટેલિફોનનાં દોરડાં કાપતા કે પોલીસ પર સખત પથ્થરમારો કરતા વિદ્યાર્થીઓનાં નામો આ માહિતીકોશમાં સમાવવાં શક્ય ન બને તે દેખીતું છે. વળી માત્ર જેલમાં ગયા હોય તેમનો જ સમાવેશ કરવાનો માપદંડ આમાં રાખ્યો નથી. કારણ કે સતત ભૂગર્ભપ્રવૃત્તિ કરનારા અને પોલીસને હંમેશાં થાપ આપીને છટકી જવાય એવી કુનેહ દાખવનારા સ્વાતંત્ર્યવીરો પણ હતા. 1930થી 1932 દરમિયાન બારડોલી અને બોરસદ તાલુકાનાં હજારો ખેડૂતકુટુંબોએ સવિનય કાનૂનભંગની ચળવળમાં હિજરત કરીને અપાર કષ્ટો વેઠ્યાં તે સહુનો આમાં સમાવેશ થઈ શક્યો નથી. પરંતુ એમની રાષ્ટ્રભક્તિનું અમે આદરપૂર્વક સ્મરણ કરીએ છીએ.

આ સંવર્ધિત દ્વિતીય આવૃત્તિમાં લગભગ 977 જેટલા સ્વાતંત્ર્યસૈનિકો વિશે માહિતી ઉમેરવામાં આવી છે તથા આશરે 1,956 સ્વાતંત્ર્યસૈનિકોની ઉલ્લેખપાત્ર યાદી મૂકવામાં આવી

છે. વળી આ સુધારેલી આવૃત્તિમાં અમે 252 સ્વાતંત્ર્યસૈનિકોની તસવીરો પણ મૂકી છે. પુસ્તકની સામગ્રી અહીં અકારાદિ વર્ણાનુક્રમે ગોઠવી હોવાથી અનુક્રમણિકા કે સૂચિ મૂકવાની જરૂર લાગી નથી.

'કર્મયોગી સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી'માં 'ભૂકંપ : માહિતી અને ઘટના', 'વિરલ વિભૂતિ વિક્રમ સારાભાઈ', 'મેઘાણીચરિત', 'ગુજરાતી રંગભૂમિ : રિદ્ધિ અને રોનક', 'લોકશાહી', 'પ્રવાસી પિરામિડનો' જેવાં પુસ્તકો ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થયાં છે.

આ પ્રમાણભૂત માહિતીકોશ તૈયાર કરવા માટે ગુજરાતી વિશ્વકોશના સમાજવિદ્યા વિભાગના સંપાદક, ગુજરાત ઇતિહાસ પરિષદના પૂર્વપ્રમુખ તથા એચ. કે. આર્ટ્સ કૉલેજના ઇતિહાસ વિભાગના પૂર્વઅધ્યક્ષ પ્રો. જયકુમાર ર. શુક્લના અમે આભારી છીએ. તેમના સહાયકો શ્રી બંસીધર શુક્લ, પ્રો. વી. પી. ત્રિવેદી અને પ્રો. વીણાબહેન શેઠનો સહયોગ પણ ભૂલી શકાય તેમ નથી.

આશા છે કે આપણા પ્યારા દેશના સ્વાતંત્ર્યસંગ્રામની સ્મૃતિને લીલીછમ રાખવામાં સ્વાતંત્ર્યસૈનિકોનાં બલિદાનની આ સંહિતા નાનકડું પણ નિમિત્ત બનશે.

અમદાવાદ<br>
તા. 2-2-2008

**ધીરુભાઈ ઠાકર**<br>
કુમારપાળ દેસાઈ

# સંપાદકનું નિવેદન

વિશ્વના વિવિધ દેશોમાં વિદેશી શાસન સામે ક્રાંતિઓ થઈ અને ઘણુંખરું દરેક ક્રાંતિએ ઇતિહાસનું સર્જન કર્યું. અનેક રાજાઓએ નવા પ્રદેશો જીતવા તથા પોતાનાં રાજ્યોને વિસ્તારવા સશસ્ત્ર યુદ્ધો કર્યાં. તેમના વિજય કે પરાજયને ઐતિહાસિક ઘટનાઓ લેખવામાં આવી. અનેક દેશોમાં પ્રજાએ પોતાના શાસકો સામે બળવા પોકાર્યા, અને તે પ્રસંગો પણ લોકક્રાંતિ તરીકે લેખાયા.

ભારતનો સ્વાતંત્ર્યસંગ્રામ 1857ના વિપ્લવથી શરૂ થયો અને 1947માં દેશને સ્વતંત્રતા મળતાં તેની પૂર્ણાહુતિ થઈ. એ રીતે આપણા સ્વાતંત્ર્યસંગ્રામનો 90 વર્ષનો ઇતિહાસ છે. 1857નો વિપ્લવ બ્રિટિશ સામ્રાજ્યવાદને ભારતના લોકોનો પ્રથમ વ્યાપક પડકાર હતો અને ભારતના લોકોના સામુદાયિક રોષનું પ્રતીક હતો. ભારતના અન્ય પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ બળવા છૂટાછવાયા અને અસંગઠિત સ્વરૂપે થયા હતા.

વીસમી સદીમાં ભારતમાં વિદેશી શાસન સામે લોકક્રાંતિ થઈ. પરંતુ તેનું સ્વરૂપ વિશ્વના અન્ય દેશોમાં થયેલી લોકક્રાંતિઓ કે સ્વાતંત્ર્યયુદ્ધોથી અનોખા અને વિશિષ્ટ પ્રકારનું હતું. સત્ય, અહિંસા અને વિરોધી માટે પણ સદભાવની ભૂમિકા પર આરંભાયેલ આ લડતને મહાત્મા ગાંધીએ 'સત્યાગ્રહ' નામ આપ્યું. તેનો જન્મ દક્ષિણ આફ્રિકામાં 1906માં થયો હતો.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી જાન્યુઆરી, 1915માં સ્વદેશ પાછા ફર્યા બાદ, કેટલાક સ્થાનિક પ્રશ્નો લઈને સત્યાગ્રહો કર્યા. તે સમયથી માતૃભૂમિની મુક્તિ કાજે દેશવાસીઓ જાગ્રત થયા અને તેઓ સૌ સ્વાતંત્ર્યસંગ્રામમાં એક થઈને વિદેશી સત્તા સામે લડ્યા. અનેક દૂધમલ યુવાનો ગોળીબારમાં શહીદ થયા કે બૉમ્બ-પ્રવૃત્તિમાં ભાગ લઈ ફાંસીએ લટક્યા. અનેક લોકો સભા-સરઘસોમાં ભાગ લઈને સખત લાઠીમારનો ભોગ બન્યા, અનેક ભાઈબહેનોએ ઘરનાં સુખસગવડો છોડીને જેલજીવનનાં દુઃખો વેઠ્યાં, અનેક લોકોનાં મિલકતો, ઢોરઢાંખર, ઘરવખરી વગેરે જપ્ત કરવામાં આવ્યાં; તેમણે અસંખ્ય પ્રકારની અમાનુષી યાતનાઓ અને અત્યાચારો વેઠ્યાં અને તેઓના બલિદાનના ફલસ્વરૂપે આપણે સૌ સ્વતંત્રતાનાં મીઠાં ફળ આરોગવાને સદભાગી બન્યા છીએ.

આ રીતે દેશ માટે પોતાના પ્રાણનું બલિદાન આપનાર, પોતાનું સર્વસ્વ દેશને સમર્પી દેનાર કે

પોતાનું સમગ્ર જીવન દેશ વાસ્તે ન્યોછાવર કરનાર વ્યક્તિનું પ્રદાન ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં લેશમાત્ર નાનુંસૂનું ન ગણાય. આવા નામી-અનામી સર્વ શૂરવીર સ્વાતંત્ર્યસૈનિકોને ઇતિહાસમાં સ્થાન આપવું કદાચ શક્ય ન પણ બને ! પરંતુ તેઓમાંના, શક્ય હોય તે સૌની સમર્પણની સ્મૃતિ સાચવી રાખવાનો તથા ભવિષ્યની પેઢીઓને તે વારસો સોંપવાનો, આ માહિતીકોશ દ્વારા નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. આ માહિતીકોશ તૈયાર કરવામાં સ્વાતંત્ર્યસંગ્રામ વિશેનાં પુસ્તકો અને સ્વાતંત્ર્યસૈનિકોની આત્મકથાઓ, જીવનચરિત્રો, પરિચયગ્રંથો વગેરેનો ઉપયોગ કર્યો છે. તે પુસ્તકોના લેખકોનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. માહિતીકોશની પ્રથમ આવૃત્તિ પ્રગટ થયા પછી અમને અનેક પત્રો મળ્યા હતા. સુધારેલી સંવર્ધિત આવૃત્તિ તૈયાર કરતી વખતે તે પત્રોમાંનાં સૂચનોની ખાતરી કરીને યોગ્ય સુધારા-વધારા કર્યા છે. તેમાં 977 જેટલા સ્વાતંત્ર્યસૈનિકો વિશેની માહિતી ઉમેરી છે તથા 1956 સ્વાતંત્ર્યસૈનિકોની ઉલ્લેખપાત્ર યાદી મૂકવામાં આવી છે.

ભારતને 1947માં સ્વતંત્રતા મળી. 1997માં તેની સુવર્ણજયંતિ દેશભરમાં ઊજવવામાં આવી; ત્યારે સ્વાતંત્ર્યસૈનિકોની સ્મૃતિ જાળવી રાખવાના ઉમદા વિચારથી પ્રેરાઈને સ્વાતંત્ર્યસૈનિકોનો માહિતીકોશ તૈયાર કર્યો. પ્રો. વિનોદભાઈ પી. ત્રિવેદી, શ્રી બંસીધર શુક્લ અને પ્રો. વીણાબહેન શેઠનો પ્રથમ આવૃત્તિ તૈયાર કરવામાં સહકાર મળ્યો છે. તેમનો આભાર માનું છું.

હાલમાં 2007માં આઝાદીની ષષ્ટિપૂર્તિ, 1857ના વિપ્લવની 150મી જયંતી (સાર્ધ શતાબ્દી) તથા દક્ષિણ આફ્રિકામાં 1906માં ગાંધીજીએ સત્યાગ્રહ શરૂ કર્યો તેની શતાબ્દી પૂરી થઈ, તે પ્રસંગોને ધ્યાનમાં લઈને આદરણીય શ્રી ધીરુભાઈએ આ માહિતીકોશની સંવર્ધિત આવૃત્તિ તૈયાર કરવાનું મને સૂચવ્યું. શ્રી કુમારપાળ દેસાઈએ આ માહિતીકોશ વધુ ઉપયોગી તથા સુશોભિત થાય તે માટે રસ લઈને તેમાં સ્વાતંત્ર્યસૈનિકોની કેટલીક તસવીરો મૂકવાનું સૂચન કર્યું, તે માટે તથા આપણી માતૃભૂમિના સ્વાતંત્ર્યસંગ્રામની તથા સ્વાતંત્ર્યસૈનિકોની સ્મૃતિ સચવાઈ રહે તેવું આ ઉમદા કાર્ય કરવાની મને તક આપી તે બદલ તેઓ બંનેનો અત્યંત આભારી છું. ગુજરાતના લોકો વાસ્તે આ માહિતીકોશ સ્વાતંત્ર્યચળવળનું એક પ્રેરક સંભારણું બની રહેશે, તથા આવતી પેઢીઓને માટે માર્ગદર્શક સ્થંભ બનશે, એવી આશા રાખું છું.

**જયકુમાર ર. શુક્લ**
સંપાદક, સમાજવિદ્યા વિભાગ,
ગુજરાતી વિશ્વકોશ

# ગુજરાતના
# સ્વાતંત્ર્યસૈનિકો
# માહિતીકોશ

# અ

## અકબરમિયાં સેદુમિયાં

વતન : આખડોલ, જિ. ખેડા.

1921માં અસહકારની લડતમાં શાળા છોડી. વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. સ્વદેશી ચીજવસ્તુઓના પ્રચારક. કાંતણનો પ્રચાર કરતા. પ્રભાતફેરીમાં જોડાતા.

## અક્કડ, વલ્લભદાસ જમનાદાસ

જન્મ : 18 ફેબ્રુઆરી, 1904. સૂરત.

1928 : બારડોલી-સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930 : મીઠા-સત્યાગ્રહમાં કારાવાસ. 1932 : સવિનય કાનૂનભંગ. બધામાં સક્રિય. કારાવાસ. સ્વાતંત્ર્ય-આંદોલન તથા અન્ય વિષયો ઉપર પુસ્તકલેખન. વ્યવસાય : લેખન.

## અખાડાવાળા, શંકરભાઈ

સોજિત્રા, જિ. ખેડા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન લડત અંગેના સમાચાર મેળવવા, પત્રિકાઓ લખવી, છપાવવી, આસપાસનાં ગામોમાં વહેંચવી વગેરેની વ્યવસ્થા કરવામાં તેમણે મુખ્ય ભાગ ભજવ્યો હતો.

## અજીમમિયાં કાસમમિયાં

જન્મ : 22 નવેમ્બર, 1903. વેગાલી. તા. ગણદેવી, જિ. વલસાડ.

રાષ્ટ્રવાદી મુસ્લિમ. અભ્યાસ ઓછો. રાષ્ટ્રવાદની અસર. 1930માં ધરાસણાના મીઠાના સત્યાગ્રહમાં ભાગ. 1932માં ધરપકડ, જેલની સજા.

## અડવાણી, માધવદાસ મૂળચંદ

જન્મ : 1910. વતન : કરાંચી.

1930-32ની લડત વખતે કરાંચીમાં ભાગ લીધો. વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કર્યું. હૈદરાબાદ (સિંધ) જેલમાં એક વર્ષ કારાવાસ ભોગવ્યો. 1942ની લડતમાં સભા-સરઘસોમાં ભાગ લીધો. દેશનું વિભાજન થતાં જૂનાગઢ આવ્યા.

## અઢિયા, ડાહ્યાલાલ કાળીદાસ

રાજકોટ.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લેવા બદલ ધરપકડ કરવામાં આવી. જેલની સજા ભોગવી. ભારત સરકાર તરફથી પેન્શન મળેલ છે.

## અદાણી, રતુભાઈ મૂળશંકર

જન્મ : 13 એપ્રિલ, 1914. ભાણવડ. જિ. જામનગર.

કિશોરાવસ્થામાં ગાંધીજીથી પ્રભાવિત. 1930માં સવિનય કાનૂનભંગની ચળવળમાં ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લીધો. બરવાળા છાવણીના મંત્રીની ફરજ બજાવી. બિનજકાતી મીઠું લાવીને વેચ્યું, પોલીસ સાથે ઝપાઝપી. અસહ્ય માર વેઠ્યો. ધ્રાંગધ્રા સત્યાગ્રહમાં જેલવાસ. ફરીથી ધોલેરાની જપ્ત છાવણી પર કૂચ કરતાં ધરપકડ, બંદૂકના ફટકાથી સખત ઘાયલ, જેલવાસ સાબરમતી, નાશિક. નાશિક જેલમાં ઉપવાસ કરી અપમાનજનક નિયમ દૂર કરાવ્યો. મુક્તિ બાદ બ્રિટિશ હદમાંથી હદપાર; તેનો ભંગ કરવાથી છ માસની સજા ભોગવી. ત્યાર બાદ સાબરમતી આશ્રમમાંથી રાસ તરફ કૂચ, ધરપકડ. એક વર્ષની કેદ. તરવડા (જિ. અમરેલી) ખાતે અસ્પૃશ્યતાનિવારણ, રચનાત્મક પ્રવૃત્તિ. 1942ની ચળવળમાં ભૂગર્ભમાં રહીને ભાંગફોડની પ્રવૃત્તિઓની આગેવાની. તાર-ટેલિફોનનાં દોરડાં કાપવાં, બૉમ્બપ્રવૃત્તિ વગેરેમાં સક્રિય. 1947માં

જૂનાગઢની આરઝી હકૂમતની લોકસેનાના સેનાપતિ. આઝાદી બાદ શાહપુર (જૂનાગઢ) ગામે સર્વોદય આશ્રમ સ્થાપ્યો. કેશોદમાં ટી. બી. હૉસ્પિટલ અને અમદાવાદમાં ડૉ. જીવરાજ મહેતા હૉસ્પિટલ સ્થાપી. સૌરાષ્ટ્ર, દ્વિભાષી મુંબઈ રાજ્ય અને ગુજરાતના મંત્રી.
લેખન : 'દીઠું મેં ગામડું આ', 'સત્યાગ્રહના સમરાંગણમાં ભાગ - 1, 2'.
અવસાન : 5 સપ્ટેમ્બર, 1997. રાજકોટ.

## અધ્વર્યુ, બાબુપ્રસાદ મૂળશંકર

જન્મ : 1924. જંબુસર, જિ. ભરૂચ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. તેમાં તેમની ધરપકડ કરવામાં આવી અને તેમણે જેલની સજા ભોગવી હતી. તેમણે પારડી સત્યાગ્રહમાં પણ ભાગ લીધો હતો.

## અધ્વર્યુ, ભાનુપ્રસાદ મૂળશંકર

જન્મ : 27 માર્ચ, 1924. જંબુસર, જિ. ભરૂચ.

1942 : મૅટ્રિક ઉત્તીર્ણ. 'હિન્દ છોડો' આંદોલનમાં સ્વયંસેવક. કારાવાસ. 1945 સુધી, સાબરમતી અને નાશિક જેલમાં. પરીક્ષિતલાલ તથા ઠક્કરબાપાનો સંપર્ક. 1946-52 : યુવકપ્રવૃત્તિ. 1948 : સમાજવાદી પક્ષમાં. 1953 : પારડી સત્યાગ્રહમાં ભાગ લીધો. 1954-58 : રાજપીપળા આદિવાસી સેવાકાર્ય.
અવસાન : 6 ડિસેમ્બર, 1985.

## અધ્વર્યુ, મનસુખભાઈ રામશંકર

જન્મ : 2 જૂન, 1919. હડાળા, જિ. સુરેન્દ્રનગર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે સરઘસ ઉપર લાઠીમાર થતાં ઘવાયા. ભૂગર્ભ-પ્રવૃત્તિમાં જોડાયા. લડતમાં ભાગ લેવા બદલ હડાળામાં આવેલી તેમની જમીન રાજ્યે જપ્ત કરી.

## અધ્વર્યુ, રતિલાલ રામશંકર

જન્મ : 28 સપ્ટેમ્બર, 1908. વતન : હડાળા.

લીંબડીની લડતમાં જોડાયા. તેથી શિક્ષક તરીકેની નોકરી ગુમાવી. અત્યાચારો સહન કર્યા. હિજરતમાં જોડાઈને લીંબડી છોડ્યું. અમદાવાદ આવી ગાંધીકથિત પ્રવૃત્તિઓમાં રસ લેતા રહ્યા. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે પોલીસોના લાઠીમારનો ભોગ બન્યા.

## અનડકટ, નરોત્તમદાસ ત્રિભોવનદાસ

જન્મ : 25 નવેમ્બર, 1913. રાજકોટ.

ઍડવોકેટ. 1932ની મીઠાની લડતમાં ભાગ. એક વર્ષની સજા. 1932-33માં પુનઃ ભાગ લેતાં બ્રિટિશ હકૂમતથી હદપાર. પેન્શન/ તામ્રપત્ર એનાયત થયેલ છે.

## અનડા, પોપટલાલ પુંજાલાલ

રાજકોટ.

વ્યવસાય : વકીલ. પ્રજાકીય પ્રવૃત્તિમાં રસ લેતા. રાજ્યે સ્થાપેલી પ્રતિનિધિત્વ સભાના સભ્ય. રાજકોટ શહેર સુધરાઈના વહીવટદાર. રાજ્ય અને પ્રજા વચ્ચે કડીરૂપ થવા કોશિશ. રાજકોટની લડતમાં જોડાયા અને સહન કર્યું. નિધન થયેલ છે.

## અનંતરાય દિવ્યનાથ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લેતાં ધરપકડ. જેલવાસ. અટકાયત.

## અનંતરાય નરભેરામ

ચલાળા, સૌરાષ્ટ્ર.

1942ની લડતમાં ભાગ લેવા માટે દંડ તથા જેલવાસ.

## અનંતરાય વિશ્વનાથ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો. ધરપકડ. ટૂંકો જેલવાસ ભોગવ્યો.

અનિરુદ્ધ

ભાવનગર.

1930ની ચળવળ દરમિયાન ધરાસણામાં મીઠાના અગરો પર ધાડ પાડવા માટે ટુકડીમાં જોડાઈને ગયા હતા. 31 મેના રોજ પોલીસોના સખત માર અને પિશાચી રીતોના ભોગ બન્યા. તેમને બાવળના કાંટા ભોંકવામાં આવ્યા. છાવણીની હૉસ્પિટલમાં તેમને લાવ્યા પછી દાક્તરોએ કાંટા કાઢી નાખ્યા.

## અનિલકુમાર રતિલાલ

જન્મ : 1914 આશરે. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં હિન્દ સંરક્ષણ ધારા નીચે પકડાયા. રાજકોટ સેન્ટ્રલ જેલમાં છ માસ જેલવાસ.

## અનિલકુમાર વ્રજલાલ

ભાવનગર.

1942ની લડતમાં જોડાયા. જેલવાસ. અટકાયત.

## અબ્બાસ વરતેજી

જન્મ : 1910. અમદાવાદ.

પીંજવાના તથા કાંતવાના કામમાં નિપુણ. ખાદી-ઉદ્યોગ શાળામાં શિક્ષક. દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી સાથે 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ, 1930 સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. તે પછી મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## અભિચંદાની, કોરોમલ તીલોમલ

નિવાસ : વડોદરા. વતન : નવાબશા, સિંધ.

1921 : સ્વાતંત્ર્યસંગ્રામમાં પ્રવેશ, દારૂનાં પીઠાં પર પિકેટિંગ. દંડ અને કારાવાસ. દંડ ન ભરતાં વધારાનો કારાવાસ. મીઠાનો ધંધો, પણ સત્યાગ્રહના કારણે ગુમાવ્યો. 1930 : મીઠા-સત્યાગ્રહમાં 12 મહિના કારાવાસ. ગાંધી-ઇર્વિન સંધિથી 3 મહિને મુક્તિ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય.

## અમથાભાઈ કાલિદાસ

માણસા, ઉ. ગુજરાત.

ખેડૂત કાર્યકર. માણસા દેશી રાજ્ય હતું. રાવલશ્રી(રાજા)ના દમન સામે સરકારી પ્રચારતંત્રનો સામનો કરીને ખેડૂતોની શક્તિ ટકાવવા અને વધારવા માટે ગામડે ગામડે ફરીને પ્રચાર કર્યો. ખેડૂત સમિતિના મંત્રી હતા. તેમને ઘેર દરબારી પોલીસે જપ્તી કરી. પણ લેવા જેવું કંઈ ન મળ્યું.

## અમથારામ અભેચંદ

ઇટાદરા, માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

1938 : દરબારી પોલીસોએ મહેસૂલ વસૂલ કરવા ગામને ઘેરીને હવામાં ગોળીબારો કર્યા. અમથારામને ત્યાંથી રૂપિયા પચાસ વસૂલ કર્યા. જપ્તી વખતે દૂધની ગોરસીઓ ફોડી, માટલાં તોડ્યાં, કોથળા અને ડામચિયા ફેંદ્યા, કપડાં વેરણ-છેરણ કરી નાખ્યાં. કોઠીઓમાં ભરેલા દાણા વેરી નાખ્યા.

## અમીન, અંબુભાઈ ડાહ્યાભાઈ

જન્મ : 25 ડિસેમ્બર, 1912. વતન : વસો.

અભ્યાસ : અંગ્રેજી ચાર ધોરણ સુધીનો. 1930માં દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ. ધરપકડ, જેલવાસ. મુંબઈમાં કૉંગ્રેસની વૉર કાઉન્સિલના સભ્ય તરીકે ચોપાટી ઉપર ધ્વજવંદન કરતાં ધરપકડ. 15 માસ માટે વીસાપુરની જેલમાં અટકાયત.

## અમીન, કાશીબહેન

ભરૂચ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં

જોડાયાં. તેમણે ભરૂચમાં તથા આસપાસનાં ગામોમાં દારૂતાડીનાં પીઠાં અને પરદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગમાં સક્રિય ભાગ લીધો હતો.

## અમીન, ખોડાભાઈ મોતીભાઈ

જન્મ : 9 મે, 1904. વતન : વસો, જિ. ખેડા.

અભ્યાસ : અંગ્રેજી પાંચ ધોરણ સુધીનો.

1918ની ગુજરાત રાજકીય પરિષદ, નડિયાદમાં સ્વયંસેવક. 1920થી સ્વદેશી કાપડનો અંગીકાર. 1921-22 : અસહકારની ચળવળમાં મુંબઈમાં ખાદીપ્રચારક. 1923 : નાગપુરના ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. 1924 : બંગાળમાં બર્દવાન જિલ્લામાં રાણીગંજમાં દારૂ અને વિલાયતી કાપડના બહિષ્કારનું કાર્ય. 1942ની લોકક્રાન્તિ વખતે જેલવાસ. સ્વાતંત્ર્યચળવળોના કાર્યકર્તાઓનાં કુટુંબોને આર્થિક મદદ મેળવી આપી. ભૂદાન કાર્યકર.

## અમીન, ગોરધનભાઈ રણછોડભાઈ

નિવાસ : વરણામા, વડોદરા.

સ્વાતંત્ર્યસૈનિક, હરિપુરા મહાસભા અધિવેશન. 1942ના 'હિન્દ છોડો' આંદોલન. બૉંબનિર્માણ, ટપાલ-કાર્યાલયોમાં આગ, પત્રિકાવિતરણ. છ મહિના કઠોર કારાવાસ. રચનાત્મક પ્રવૃત્તિ.

## અમીન, ચતુર્ભુજ (ચતુરભાઈ) ઝવેરભાઈ

જન્મ : 1892. વીરસદ, જિ. આણંદ.

ક્રાંતિકારી પ્રવૃત્તિમાં જોડાયા. ઇંગ્લૅન્ડથી રિવૉલ્વરો મંગાવી, બાઇબલના ગ્રંથનાં વચ્ચેનાં પાનાં કાપી, તેમાં રિવૉલ્વરો ગોઠવીને દેશમાં ઘુસાડતા. તેમાંની એક રિવૉલ્વરનો ઉપયોગ નાશિકના કલેક્ટરના ખૂન માટે થયો. ચતુર્ભુજ પકડાયા પણ કોર્ટમાં છૂટી ગયા. ગાંધીજીના આગમન બાદ તેમના પ્રભાવથી ક્રાંતિકારી માર્ગ છોડી, સત્યાગ્રહનો માર્ગ સ્વીકાર્યો. 1930માં સત્યાગ્રહ કરી જેલવાસ. અવસાન : 1932.

## અમીન, ચીમનભાઈ મૂળજીભાઈ

જન્મ : જૂન, 1907.

અભ્યાસ : બી.કૉમ. પુણેમાં વિદ્યાર્થી-યુવક કાર્યકર. 1930માં સત્યાગ્રહની લડતમાં સક્રિય. પિકેટિંગ, મીઠાના કાયદાનો ભંગ. પાછળથી રાજકારણ છોડી સહકારી અને સમાજ-સુધારણાની પ્રવૃત્તિમાં રસ લીધો.

## અમીન, ચીમનભાઈ હરિભાઈ

જન્મ : વરણામા, જિ. વડોદરા.

1920થી સ્વાતંત્ર્યના વિવિધ સંગ્રામોમાં વરણામા અને વડોદરામાં સભાઓ-સરઘસોમાં સક્રિય ભાગ. લોકજાગૃતિ. રચનાત્મક પ્રવૃત્તિઓ કરી. 1942માં 'હિન્દ છોડો' લડતમાં ધરપકડ. પાંચ મહિના જેલ. 1922થી 1930 વડોદરા રાજ્ય પ્રજામંડળના મંત્રી. વર્તમાનપત્રોમાં રાજકીય, સામાજિક, ખેતીવિષયક લેખો.

## અમીન, જગદીશભાઈ જેઠાભાઈ

નિવાસ : પાદરા, વડોદરા.

1930 : અભ્યાસત્યાગ, મુંબઈ. સત્યાગ્રહમાં સક્રિય. દારૂની દુકાને પિકેટિંગ જેવાં કાર્યો. 3 મહિના કારાવાસ. પાદરા પુનરાગમન. માનપત્ર.

## અમીન, જગુભાઈ દાદાભાઈ

જન્મ : 19 ડિસેમ્બર, 1919.

1942 : 'હિન્દ છોડો' આંદોલન. અભ્યાસત્યાગ. છોટુભાઈ પુરાણી સાથે ભૂગર્ભપ્રવૃત્તિ. મુંબઈ. ધરપકડ. પોલીસે છાતીમાં ભારે માર માર્યો. હૃદયની ધમનીમાં સોજો. દરમિયાન કાર્ય ચાલુ. બી. બી. સી. આઈ. રેલવે શ્રમિક સંઘના મંત્રી. અવસાન : 1 ડિસેમ્બર, 1947.

## અમીન, જયંતકુમાર ચીમનલાલ

વીરસદ, જિ. આણંદ.

નાનપણથી પ્રભાતફેરી, સરઘસમાં જોડાઈને રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા. '42ની લડતમાં વિદ્યાર્થી સંગઠનમાં જોડાઈને ગામેગામ લડત અંગેની પત્રિકાઓ વહેંચેલી. આણંદ ગામેથી પકડાઈ જતાં, સાબરમતી જેલમાં અટકાયત.

## અમીન, દાદાભાઈ પુરુષોત્તમદાસ

જન્મ : 1 ઑક્ટોબર, 1891. વીરસદ, જિ. આણંદ.

અભ્યાસ : મુંબઈ, વિલ્સન કૉલેજમાંથી બી.એ. (ઑન., અંગ્રેજી), 1926માં એમ.એ. વ્યવસાય : વડોદરા, ચિમનાબાઈ પાઠશાળામાં આચાર્ય, 1928-38. 1930માં નોકરી છોડી બોરસદ છાવણીમાં જોડાઈ ખેડૂતોને દોરવણી આપી. 1931 : ગાંધી-ઇર્વિન સંધિ થતાં પુનઃ ચિમનાબાઈ શાળામાં સક્રિય. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. ફરી નોકરી છોડી. લડતના સુકાની. પીપવાવ ચોરો બાળવા બદલ લદાયેલો દંડ નહિ ભરવા લોકોને એલાન. ધરપકડ. એપ્રિલ, 1944 સુધી સાબરમતી કારાગૃહમાં. 1948, સમાજશિક્ષણ અધિકારી તરીકે નિમણૂક.

## અમીન, નટવરભાઈ મગનભાઈ

જન્મ : 6 મે, 1909. વસો, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક સુધી. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે વડોદરામાં કાર્યકર. 1942ના ઑગસ્ટની આખરે સભાઓ યોજવાના ગુના બદલ ધરપકડ, ત્રણ માસની સજા.

## અમીન, નારાયણભાઈ છોટાભાઈ

જન્મ : 9 નવેમ્બર, 1909. વતન : વસો, જિ. ખેડા.

અભ્યાસ : બી.કૉમ. 1930-31ની લડત વખતે બોરસદ સત્યાગ્રહ છાવણીમાં રહીને બોરસદ તાલુકાની પત્રિકાનું સંચાલન, અને તે અંગેની કામગીરી ભાદરણથી સંભાળતા. પત્રિકા તૈયાર કરી તેના પ્રચારની વ્યવસ્થા કરતા.

## અમીન, પશાભાઈ ભાઈલાલભાઈ

ભાદરણ. વતન : તારાપુર.

અભ્યાસ : મૅટ્રિક.

1928માં સરકારી નોકરી છોડીને બારડોલી સત્યાગ્રહમાં ભાગ લેવા આફ્રિકાથી સ્વદેશ આવ્યા. ખાદી અપનાવી, વ્યસન છોડ્યાં. 1930માં ધરાસણામાં બોરસદની ટુકડીના આગેવાન તરીકે ગયા. ત્યાં સખત લાઠીમાર ખાધો. 1932ની લડતમાં ધરકપડ, સાડા સાત માસની સજા. સાબરમતી અને નાશિક જેલમાં સજા ભોગવી.

## અમીન, પશાભાઈ ભાઈલાલભાઈ

ભાદરણ. જિ. ખેડા.

ભાદરણની વ્યાયામશાળા દ્વારા યુવાનોનું ઘડતર. 1930-32ની ચળવળ દરમિયાન ધરાસણામાં સખત માર સહન કરેલો. સ્વભાવથી ક્રાંતિકારી મગજના. 1942ની લડતમાં ડાકોરમાં છોટુભાઈ પટેલના ગોળીબારથી અવસાન બાદ બદલો લેવાનો નિશ્ચય. પોસ્ટઑફિસો, સરકારી તિજોરીની લૂંટ. ટપાલની લૂંટ. ભાંગફોડની પ્રવૃત્તિ. તેમને પકડવા માટે પાંચ હજાર રૂપિયાનું ઇનામ જાહેર થયેલું.

## અમીન, પુરુષોત્તમ ભાઈલાલભાઈ

ઉંમર : 26. ભાદરણ, ઢુંઢાકૂવા, તા. બોરસદ.

1930-32ની ચળવળ દરમિયાન ઢુંઢાકૂવામાં 'શોલાપુર દિન' 13મી મે, 1932ના રોજ તાલુકાના 17મા સરમુખત્યાર તરીકે સરઘસની આગેવાની સંભાળી. સરઘસમાં 300 સ્ત્રી-પુરુષો હતાં. પાટીદારો સાથે બારૈયા પણ જોડાયા હતા. પોલીસે સરઘસ રોકીને પુરુષોત્તમની ધરપકડ કરી. ગામલોકોએ હારતોરા પહેરાવી કુંકુમનું તિલક કર્યું. શ્રીફળથી ભાવભીની વિદાય આપી. સ્ત્રીઓ ભાગોળ

સુધી ગીત ગાતી વળાવવા ગઈ :
'દાતણ કરતા જાવ રે પશાભાઈ,
સ્વરાજ લઈ વહેલા આવજો રે.'
6 માસની સખત કેદ અને રૂ. 100/- દંડ અથવા દોઢ માસની વધુ કેદની સજા. સાબરમતી અને નાસિકમાં જેલ ભોગવી.

## અમીન, ફકીરભાઈ ધનજીભાઈ

જન્મ : 1888.

અભ્યાસ : વર્નાક્યુલર ફાઇનલ પાસ. 1920થી સમાજસુધારક અને શૈક્ષણિક કાર્યકર. 1923 : નાગપુરના ઝંડા સત્યાગ્રહમાં સ્વયંસેવક. 1926 : પેટલાદ તાલુકાની 'નાકર' ઝુંબેશમાં જમીન-મહેસૂલ નહિ ભરવાથી તેમની જમીનની હરાજી. 1930માં દારૂની દુકાનો પર પિકેટિંગ : દોઢ માસનો જેલવાસ. બોરસદમાં કાયદાનો સવિનય ભંગ કરતાં છ માસની સજા. પરંતુ સમાધાન થતાં સાડા ચાર માસ પછી મુક્તિ.
અવસાન : ફેબ્રુઆરી, 1932.

## અમીન, બકુલભાઈ પુરુષોત્તમદાસ

જન્મ : 17 ઑગસ્ટ, 1914. વતન : વસો, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક સુધીનો. 1930-એપ્રિલની છઠ્ઠી તારીખે લસુંદરા મીઠા સત્યાગ્રહમાં ધરાસણાની નાયક સત્યાગ્રહની ટુકડીમાં લાઠીમારમાં ઘવાયા. 1931 ઑગસ્ટની 10મી તારીખે દાહોદમાં સત્યાગ્રહ અને ધરપકડ. ચાર માસની સજા. 1931 જાન્યુઆરી, 13મી તારીખે નડિયાદમાં 'સોલાપુર દિવસ'ની ઉજવણીમાં કાળા વાવટાનું સરઘસ, ધરપકડ, પોલીસ દ્વારા સખત માર.

## અમીન, બાબુભાઈ ચુનીભાઈ

શિનોર, વડોદરા.

કાર્યક્ષેત્ર પંચમહાલ જિલ્લો રહ્યું. 1942ની લડત વખતે 8 માસની જેલ ભોગવી. મહાગુજરાતની લડતમાં પણ 3 માસની સજા ભોગવી. રેલી, કૂચ વગેરેની આગેવાની લીધી.

## અમીન, મગનભાઈ ચતુરભાઈ

જન્મ : 1863. વતન : વસો, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક. વસોની શાળામાં શિક્ષક અને મુખ્યશિક્ષક. બંગભંગની ચળવળ વખતે વસોમાં હાથસાળનો ઉદ્યોગ. સ્લેટ અને રંગનું કારખાનું. સ્વદેશીના આગ્રહી. વડોદરા પ્રજામંડળ, બોરસદ સત્યાગ્રહ, ખેડૂત મંડળ વગેરેમાં કાર્યકર. અસહકારના વ્રતધારી અને સત્યાગ્રહી. કૃષિના હિમાયતી.
અવસાન : એપ્રિલ, 1928.

## અમીન, મણિભાઈ ભાણજીભાઈ

જન્મ : 12 નવેમ્બર, 1923. મણુંદ, તા. પાટણ.

1942 : પાટણમાં મૅટ્રિક. 'હિન્દ છોડો'માં સક્રિય. સરકારી ભવનોને નુકસાન કર્યું. વૉરંટ છતાં પકડાયા નહિ. ઉત્તર ભારતમાં નિવાસ. 1943-'45 : ગાંધીજીના સાંનિધ્યમાં સેવાગ્રામ અને મગનવાડી, વર્ધામાં વાસ. ગ્રામોદ્યોગોનો અભ્યાસ. મધમાખી-ઉછેર કેન્દ્રના સંચાલક. સરપંચ : મણુંદ–1961-69 અને 1975-1985.

## અમીન, રાવજીભાઈ ચુનીભાઈ

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં અમદા-વાદ સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં આગેવાની. છ માસની સખત કેદની સજા અને રૂ. 250/- દંડ અથવા ત્રણ માસની વધુ કેદ.

## અમીન, વીણાબહેન

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે કૉલેજમાં વિદ્યાર્થિની. 10મી ઑગસ્ટના રોજ લૉ કૉલેજથી નીકળેલા સરઘસમાં જોડાયાં. કાળુપુર

વૉર્ડનાં સ્ત્રીવૉર્ડ નાયક હતાં. બહેનોનાં સરઘસો કાઢતાં. હડતાળ ટકાવી રાખવા મદદ. છાપરાં પરથી સમાચાર પોકારતા. પંચભાઈની પોળ પાસેથી જતાં બહેનોનાં સરઘસ પર ટિયરગૅસના શેલ્સ પોલીસે છોડ્યા.

## અમીન, સવિતા નાનુભાઈ

જન્મ : 7 ફેબ્રુઆરી, 1924. વડોદરા.

સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન મુંબઈમાં ગાંધીજી, સરદાર પટેલ, નહેરુનાં પ્રવચનો તથા ઘરના વાતાવરણથી રાષ્ટ્રવાદી બન્યા. માતા, ભાઈ, બહેન સ્વાતંત્ર્યચળવળમાં ભાગ લેતાં. સવિતા પ્રભાતફેરીમાં જોડાઈ રાષ્ટ્રીય ગીતો ગાતાં, ભોંયપત્રિકા લખતાં. 'હિન્દ છોડો' ચળવળમાં નેતાઓની ધરપકડ. ગાંધીજીએ આગાખાન મહેલમાં ઉપવાસ શરૂ કરતાં પુણેમાં સ્ત્રીઓના સરઘસનું નેતૃત્વ. ધરપકડ. જેલમાં પૂર્યાં. યરવડા જેલમાં 4 માસની કેદ ભોગવી.

## અમીન, હરિભાઈ ઝવેરભાઈ

વીરસદ. પછીથી ભરૂચ.

દીવાન ઝવેરભાઈ પટેલના પુત્ર અને પૂ. ભક્તિબાના ભાઈ. શ્વશુર પક્ષ તરફથી મળેલી જમીનનો વહીવટ સંભાળવા ભરૂચમાં વસવાટ કર્યો. ભરૂચ કેળવણી મંડળની સેવા કરતા. હોમરૂલ લીગની ચળવળમાં તેમણે આગળ પડતો ભાગ લીધેલો. સાચા દેશભક્ત હતા. રાજપીપળા દેશીરાજ્યમાં પ્રજાએ શોષણ અને અન્યાયનો વિરોધ કરવા 'લોકસભા' નામની સંસ્થા સ્થાપી. તેના પ્રમુખ હરિભાઈ અમીન હતા.

## અમુભાઈ રામભાઈ

હડાળા, જિ. સુરેન્દ્રનગર.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. કષ્ટો સહન કર્યાં. રાજ્ય સરકારનું પેન્શન મળે છે.

## અમૂલખભાઈ અમીચંદ

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડી પ્રજામંડળના સ્થાપકોમાંના એક. લીંબડીની લોકલડત વખતે રાજ્યાશ્રિત ગુંડાઓના જુલમોના ભોગ. વેપારધંધાને નુકસાન પહોંચાડ્યું. રાજ્ય સામે અસહકાર રૂપે હિજરત કરી.

## અમૂલખરાય નગીનદાસ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લીધો. ધરપકડ. ટૂંકા જેલવાસ બાદ છોડી મૂકવામાં આવ્યા.

## અમૃતલાલ ચુનીલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં ગેરકાયદે પત્રિકા છાપી પ્રસિદ્ધ કરવા માટે 11-9-42ના રોજ ધરપકડ. નવ માસની સખત કેદ અને રૂ. 100/- દંડ અથવા ત્રણ માસની કેદ વધુ.

## અમૃતલાલ ડાહ્યાલાલ

જન્મ : ચલાળા.

1942ની લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. ધરપકડ. જેલ તથા દંડની સજા ભોગવી.

## અમૃતલાલ રતનશી

ગોંડળ.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે હિન્દ સંરક્ષણ ધારા નીચે ધરપકડ. બે માસનો જેલવાસ.

## અસ્થાના, રમાકાન્ત સીતારામ

વડોદરા.

1940માં મુંબઈમાં કૉંગ્રેસમાં દાખલ થયા. 1942ની 15મી ઑગસ્ટે સરઘસ પર લાઠીચાર્જ થયો. નાસભાગ થઈ. રમાકાન્તભાઈ પાસે ધ્વજ હતો. તેનો કબજો લેવા પોલીસે અમાનુષી

માર માર્યો. એક મહિનો હૉસ્પિટલમાં રહ્યા. ડિટેન્શનમાં છ માસ સુધી જેલમાં રહ્યા.

## અંટોલભાઈ ગોપાલભાઈ

નિવાસ : સરભાણ, આમોદ, જિ. ભરૂચ.

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. સરઘસ પર લાઠીમાર. ધરપકડ. 1 મહિનો કારાવાસ. મુક્તિ પછી પુનઃ વૉરંટ. ભૂગર્ભવાસ. વડોદરામાં ધરપકડ.

## અંતાણી, કાંતિપ્રસાદ ચંદ્રશંકર

માંડવી, કચ્છ.

1919માં માંડવીની જી. ટી. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ સ્ટુડન્ટ ઍસોસિયેશન સ્થાપ્યું. તેમણે ધાર્મિક મેળાઓમાં રાષ્ટ્રીય નેતાઓની છબીઓ વહેંચી. ઍસોસિયે-શનના મંત્રી. 1920 : કૉંગ્રેસની પ્રવૃત્તિના ભાગરૂપ ખાદી જેવી રચનાત્મક પ્રવૃત્તિ શરૂ કરી. 'કચ્છ સ્વાતંત્ર્યસંગ્રામની તવારીખ' (ભુજ : 1982)ના લેખક. શ્રી કચ્છી પ્રજાકીય પરિષદ (સ્થાપના મે, 1926)નું અધિવેશન માંડવીમાં 28-30 ડિસેમ્બર, 1927માં ભરાયું ત્યારે કાંતિપ્રસાદે 'કચ્છની સમસ્યાઓ' નામની પુસ્તિકા પ્રગટ કરી. રાજ્ય સરકારે તેમના પર બનાવટી ફોજદારી આરોપો મૂકી જેલમાં પૂરીને અમાનુષી ત્રાસ ગુજાર્યો.

## અંધારિયા, રતિલાલ મોહનલાલ

જન્મ : 21 નવેમ્બર, 1921. વતન : ભાવનગર.

1942ની લડત વખતે ભાવનગરથી ધરપકડ કરવામાં આવી. ભાવનગરમાં જેલવાસ ભોગવ્યો. લોકભારતી સણોસરામાં જોડાયા. 21-5-1985ના રોજ સોનગઢ મુકામે હત્યા થઈ.

# આ

## આચાર્ય, અમૃતલાલ છગનલાલ

જન્મ : 26 નવેમ્બર, 1898.

અભ્યાસ : બી.એ., એલએલ.બી., બી.ટી. 1930ની લડતમાં ધોલેરામાં સત્યાગ્રહ કરતાં ધરપકડ, છ માસ સાબરમતી જેલમાં. શિક્ષણનું કાર્ય. પેન્શન અને તામ્રપત્ર.

## આચાર્ય, કૃપાશંકર દયારામ

દાહોદ, જિ. પંચમહાલ.

દેશભક્ત. 1916માં હોમરૂલ આંદોલનથી સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાયા. 1932માં દાહોદના ગાંધી ચોકમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે ધરપકડ. છ માસની કેદની સજા.

## આચાર્ય, ચોઈથરામ ખેમચંદ

જન્મ : 1910 આશરે. હૈદરાબાદ (સિંધ).

1923 : નાગપુર ધ્વજસત્યાગ્રહમાં ભાગ. ધરપકડ. એક વર્ષની જેલ. 1930 : હૈદરાબાદ(સિંધ)માં મીઠાના કાયદાનો ભંગ કરી સત્યાગ્રહ. એક મહિનાની સજા. 1932 : ફરી ધરપકડ. બે મહિના અટકાયતમાં. 1933 : સત્યાગ્રહ. છ માસની કેદ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં છ માસની સજા.

## આચાર્ય, છોટાલાલ વજેશંકર

જન્મ : હળવદ, જિ. સુરેન્દ્રનગર. વતન : હળવદ.

1931 દરમિયાન ધ્રાંગધ્રા રાજ્યના જુલમો સામે જે લડત થઈ તેને પગલે હળવદમાં ધ્રાંગધ્રા-દિનની ઉજવણીમાં આગેવાનીભર્યો ભાગ લીધો, ત્યારે 19 સત્યાગ્રહીઓને લોહીલુહાણ થાય એટલો માર પડ્યો, તેમાંના તેઓ એક હતા. ત્યારે 19 વર્ષની ઉંમર. ખભા

ઉપર લાઠીઓના પ્રહારોથી લોહીલુહાણ થયા. રાજ્યના ખૂબ જુલમો સહન કર્યા.

## આચાર્ય, જમિયતરામ વજેશંકર

જન્મ : ચરાડવા, સૌરાષ્ટ્ર. નિવાસ : કરાંચી.

1916માં હોમરૂલની ચળવળ શરૂ થઈ તેમાં ભાગ લીધો. 1928માં રામ આશ્રમની સ્થાપના કરી. તેમાં ખાદી, શિક્ષણ અને હરિજનપ્રવૃત્તિ કરતા. 1922માં સિંધ કૉંગ્રેસની કારોબારીના સભ્ય. 1931માં રાજસ્થાન પ્રજાહિતવર્ધક સભાની સ્થાપના કરી. સત્યાગ્રહમાં ભાગ લેવા જતાં પોલીસોના લાઠીમારથી ઘવાયા; ડાબી આંખ ગુમાવી. એક વર્ષની જેલની સજા. તે પછી 1932માં ધરપકડ અને બે વર્ષની જેલની સજા. 1936 : રાજસ્થાની પ્રજાપરિષદના ઉપપ્રમુખ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભૂગર્ભપ્રવૃત્તિ. લડત ઉપરાંત શિક્ષણ, અસ્પૃશ્યતાનિવારણ જેવી રચનાત્મક પ્રવૃત્તિ. ત્રીસેક પુસ્તકોના લેખક.

## આચાર્ય, જયંતભાઈ છગનલાલ

જન્મ : 13 માર્ચ, 1904. હળવદ. રહેવાસી : રાજકોટ.

અભ્યાસ : બી.એ., એસ.ટી.સી. કરાંચીમાં શિક્ષક. 1930-31ની મીઠાની લડત વખતે ધોલેરા સંગ્રામમાં ભાગ લીધો. છ માસની સજા. બીજી વાર બાર માસની સજા. કરાંચીમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિ. 1947 : દેશવિભાજન વેળાએ રાજકોટ આવ્યા. વીરાણી હાઈસ્કૂલના આચાર્ય. યુવકપ્રવૃત્તિ.

## આચાર્ય, દલસુખભાઈ ભાઈશંકર

હળવદ.

ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લીધો. ધરપકડ. જેલની સજા ભોગવી. અનેક કષ્ટો સહન કર્યાં. રાજ્ય સરકારનું પેન્શન તેમનાં પત્ની દમયંતીબહેનને મળે છે.

## આચાર્ય, દામોદર

દાહોદ, જિ. પંચમહાલ.

1930-32ની ચળવળ વખતે દાહોદમાં કલાલના ઝાંપા પાસેનાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. ધરપકડ. કારાવાસની સજા.

## આચાર્ય, પ્રાણજીવન ભાઈશંકર

જન્મ : 1900. વઢવાણ, સૌરાષ્ટ્ર.

અસહકારની ચળવળ વખતે વિરમગામની શિક્ષકની નોકરી છોડી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં જોડાયા. 1931ની મીઠાની લડત વખતે ગોધરા સુધરાઈના વહીવટકર્તાની નોકરી છોડીને લડતમાં જોડાયા. સાબરમતી તેમજ નાશિકમાં નવ માસ જેલવાસ ભોગવ્યો.

અવસાન : 26-12-1985.

## આચાર્ય, બાલમુકુંદ દુર્ગાશંકર

જન્મ : 1916. અમદાવાદ.

મિલમાં નોકરી. 1942ની ચળવળમાં વીજળીનાં સબ-સ્ટેશનો બૉમ્બથી ઉડાવી દેવાના કાવતરામાં ભાગ લીધો. ઈદગા સબ-સ્ટેશનમાં 22 નવેમ્બર, 1942ની સાંજે બૉમ્બ મૂક્યા. તે અગાઉ દારૂગોળાના બૉમ્બ બનાવ્યા. ડિસેમ્બર 1942માં ધરપકડ. હિન્દ સંરક્ષણધારા હેઠળ અટકાયત. બે વર્ષ સાબરમતી જેલમાં.

## આચાર્ય, ભગવાનજીભાઈ પ્રભાશંકર

વતન : હળવદ, સૌરાષ્ટ્ર.

ધ્રાંગધ્રા રાજ્યના જુલમો સામે માથું ઊંચકનાર ઉત્સાહી નવયુવાન. 21 ઑક્ટોબર, 1931ના રોજ લાઠીમાર ખાધો. બેભાન થઈ ગયા. પાંસળીઓ તૂટી ગઈ.

## આચાર્ય, મધુસૂદન ગિરધરલાલ

જન્મ : 20 સપ્ટેમ્બર, 1911. અમદાવાદ.

વર્નાક્યુલર ફાઇનલ (પ્રથમ સ્થાન).

અમદાવાદની આર. સી. હાઈસ્કૂલમાં મૅટ્રિકના વિદ્યાર્થી તરીકે મકાન ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવનાર. પોલીસ દ્વારા લાઠીમારથી ઈજા. શાળામાંથી બરતરફ. સજા થતાં જેલમાં. ઠાસરા તાલુકામાં કૉંગ્રેસના કાર્યકર. ફિલ્મ- ઉદ્યોગમાં પણ જોડાયેલા.

## આચાર્ય, રામુભાઈ મોતીલાલ

દાહોદ, જિ. પંચમહાલ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન દાહોદમાં ગોદી રોડ પર દારૂનાં પીઠાં પર પિકેટિંગ. ધરપકડ. એક માસની સજા.

## આચાર્ય, લાભશંકર દેવશંકર

જન્મ : 4 ડિસેમ્બર, 1921. ભલગામડા, જિ. સુરેન્દ્રનગર.

લીંબડીની લડત વખતે ઘાયલોની સેવા બજાવી. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભમાં રહીને કામ કર્યું.
અવસાન : 20 મે, 1968.

## આચાર્ય, વિજયાબહેન બચુભાઈ

જન્મ : 24 ઑગસ્ટ, 1917. વતન : ગોંડલ, સૌરાષ્ટ્ર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે રાજકોટથી પકડાયાં. રાજકોટમાં નવ માસ જેલવાસ ભોગવ્યો.
અવસાન : 30 માર્ચ, 1979.

## આથવલે, ભરત સદાશિવ

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન તા. 18-8-42ના રોજ સવારે વડોદરાથી 34 યુવાનો લડતનો પ્રચાર કરવા નીકળ્યા. આણંદ તથા આસપાસનાં ગામોમાં તેમણે લડતનો પ્રચાર કર્યો અને પત્રિકાઓ વહેંચી. સાંજે પાછા ફરતાં અડાસ રેલવેસ્ટેશને પોલીસોએ તેમના ઉપર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યો. તેમાં સખત લાઠીમારથી તેઓ ઘાયલ થયા હતા.

## આનંદરાવ

સોજિત્રા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન 21-9-42ના રોજ પોલીસવાન ઉપર બૉમ્બ ફેંકવામાં આવ્યો. તેમાં બેઠેલા સાત પોલીસો અને સબઇન્સ્પેક્ટર હોડીવાલા ઘવાયા. સોજિત્રાની ખડકી પાસે આ બનાવ બન્યો એટલે હથિયારબંધ પોલીસ આવી અને નિર્દોષ લોકો ઉપર વરુની માફક તૂટી પડી. આનંદરાવ નામના યુવાન ઉપર ભારે ત્રાસ ગુજારવામાં આવ્યો. તેમને આ બનાવને કારણે ખૂબ સહન કરવું પડ્યું.

## આનંદસ્વામી ઉર્ફે જમનાદાસ દેવચંદ

મોરબી.

મોરબી સત્યાગ્રહી. પૂર્ણસ્વરાજ માટેની લડતમાં ધોલેરા સંગ્રામના સૈનિક. સાબરમતી અને યરવડા જેલમાં કારાવાસ.
આપ્ટે, ડૉ. માધવ નાગેશ
જન્મ : 2 ઑક્ટોબર, 1899. પુણે જિલ્લામાં.
1930માં ભીમરાડ સત્યાગ્રહ વખતે ડૉ. ઘિયા સાથે ડૉક્ટરી સારવારનું કાર્ય કર્યું હતું. તે પછી બારડોલીના હિજરતીઓ અને ઓલપાડમાં ઘાયલ થયેલાની સારવારનું કામ કર્યું હતું. ધરાસણાના સત્યાગ્રહ વખતે ત્યાં હૉસ્પિટલ ખોલીને સંચાલન કર્યું હતું. 1932માં બે માસ અટકાયતમાં રાખ્યા હતા. 1933માં સૂરત જિલ્લા હરિજન સેવક સંઘની સ્થાપના કરવામાં અગ્રણી હતા.

## આયા, ઓધવજી રવજીભાઈ

જન્મ : 1886. રાજકોટ.

1918 થી 1928 : કાઠિયાવાડ રાજકીય

પરિષદની પ્રવૃત્તિમાં સક્રિય. તેની કારોબારી સમિતિના સભ્ય. 1930 : રાજકોટમાં અસહકાર આંદોલનમાં સક્રિય ભાગ. ધરપકડ. બે વર્ષ રાજકોટ એજન્સીની જેલમાં. 1938 : રાજકોટમાં જવાબદાર રાજ્યતંત્રની લડતના નેતા. ધરપકડ. જેલવાસ : દોઢ વર્ષ. 1940માં વિરમગામની જકાતબંદી નાબૂદ કરાવવા સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ. છ માસની જેલ. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં ધરપકડ રાજકોટમાં, છ માસની જેલ. ખાદીકામ, દારૂબંધી અને હરિજન-ઉદ્ધારની પ્રવૃત્તિમાં સક્રિય.

## આર્ય, ઉદયભાનુ લોકરાજ, પંડિત

સિંધ, હાલનું પાકિસ્તાન.

1921 : અસહકાર આંદોલનમાં ભાગ, એક વર્ષની જેલ. 1927માં ગુજરાતમાં રેલસંકટ દરમિયાન રાહતનાં કાર્યો. 1930ના સત્યાગ્રહમાં ભાગ, એક વર્ષની જેલ. જેલમુક્તિ બાદ ફરી સત્યાગ્રહ, પાંચ માસની સજા. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં જેલમાં અટકાયત. રચનાત્મક કાર્યકર : દારૂબંધી, અસ્પૃશ્યતાનિવારણ, લોકશિક્ષણ.

આર્ય, કાંતિલાલ ઠાકોરભાઈ

રાંદેર, જિ. સૂરત.

1942ની લોકક્રાંતિમાં અભ્યાસનો ત્યાગ. સરઘસ. પત્રિકાવિતરણ. છ માસની જેલ. મુક્તિ બાદ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય.

## આર્ય, ચીમનલાલ

ગોધરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે પોતાને ઘેર લડતની ગેરકાયદે પત્રિકાઓ રાખવા માટે ધરપકડ. ત્રણ માસની કેદની સજા.

## આર્ય, બળદેવભાઈ મોતીલાલ

જન્મ : મે, 1908. સામરકા, તા. આણંદ.

ગુજરાતી સાત ધોરણ. 'હિન્દી સિદ્ધાંતરત્ન'. 1928ની બારડોલીની લડતથી જાહેર જીવનનો પ્રારંભ. 1930 : ધરાસણાના સત્યાગ્રહમાં સૈનિક. લાઠીમારનો ભોગ બન્યા. આણંદ તાલુકા સમિતિના સભ્ય.

## આર્યબંધુ (બ્રહ્મભટ્ટ), રામલાલ કાળીદાસ

જન્મ : 19 જાન્યુઆરી, 1925. મહેસાણા.

વિદ્યાર્થીકાળથી દેશભક્ત. 1942માં ટી. જે. હાઈસ્કૂલ મહેસાણામાં બૉમ્બ ફોડ્યો. માલગાડીને ઉથલાવી પાડવા ખારી નદીના પુલ ઉપર બૉમ્બ ફોડ્યો. જિલ્લામાં પત્રિકાઓ વહેંચતા. પોલીસસ્ટેશનની ભીંત ઉપર પત્રિકા ચોંટાડતાં ધરપકડ. નાની ઉંમર હોવાથી બાળકોની જેલમાં મૂક્યા. તે પછી ભૂગર્ભમાં રહી ગુપ્ત પ્રવૃત્તિ. મહેસાણામાં સત્યવિજય હોટલના ઉપલા માળે પાઇપ, પોટાશ વગેરે બૉમ્બનો સામાન રાખતા. જાતે બૉમ્બ બનાવતા.

અવસાન : 7 ઑગસ્ટ, 1992.

## આર્ય, મંગળદાસ ગિરધરલાલ

વડોદરા.

18 વર્ષની વયે શાળાનો ત્યાગ. હોમરૂલ આંદોલનમાં સક્રિય. સાબરમતી, સત્યાગ્રહ આશ્રમ તથા સરભાણ, કસ્તૂરબા આશ્રમમાં નિવાસ. હરિજનસેવા. 1930 : ધરપકડ. પંચમહાલમાં પુનઃ ધરપકડ, કારાવાસ. રાજપીપળા રાજ્યના જુલમો સામે લડત. સંખેડા, મેવાસ–ઠકરાતી અત્યાચારો સામે લડત.

## આર્ય, સેવકલાલ નાથાલાલ

મંદ્રોઈ, જિ. ભરૂચ.

1942ની લડતમાં પત્રિકાઓ પહોંચાડવાનું, ભીંત પર ચોંટાડવાનું કાર્ય કરતા. ધરપકડ. એક

વર્ષની સજા ભોગવી.

## આલાભાઈ

વરતેજ.

વરતેજ અંત્યજ આશ્રમના કાર્યકર. વિરમગામ સત્યાગ્રહમાં 17 એપ્રિલ, 1930ની બપોરે વઢવાણ કૅમ્પથી સત્યાગ્રહી સૈનિકોની ટુકડીમાં નીકળી, વણી સ્ટેશને ઊતર્યા. તેમણે મીઠાની થેલી સાથે સ્ટેશન બહાર ઝડપથી ગામ ભણી પ્રયાણ કર્યું. પોલીસો તેમની પાછળ દોડ્યા. એક પોલીસે તેમના શરીર પર બંદૂકના કુંદાનો ઘા કર્યો. ઉતાવળે જતા આલાભાઈ ગલોટિયું ખાઈને પડી ગયા.

## આશર, લીલાવતીબહેન

સાબરમતી આશ્રમ, અમદાવાદ.

ભારે હિંમતવાન, નીડર. બોરસદ તાલુકાનાં ગામોમાં પરદેશી કાપડનો બહિષ્કાર અને દારૂબંધીના પ્રચાર માટે શિવાભાઈ આશાભાઈની માગણીથી મહાદેવ દેસાઈએ મોકલ્યાં. પોલીસે ધરપકડ કરી પોલીસ લૉક-અપમાં પૂર્યાં. મૅજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવા માગણી કરતાં ધમકાવ્યાં, તોછડી ભાષા. આ વર્તાવના વિરોધમાં 'સ્ત્રી સિતમ દિન' 21 જાન્યુઆરી, 1931ના રોજ ઊજવાયો. તે દિવસે પણ લાઠીના પ્રહારો સહન કર્યા.

## આસનાની, વરહોમલ હેમનદાસ

દાદુ, સિંધ. કર્મભૂમિ : વડોદરા, વારોસમા.

વાનરસેનાની રચના. શાસનવિરોધી પ્રવૃત્તિ. 1930-31 : મીઠા સત્યાગ્રહમાં કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં કારાવાસ. 1947 : દેશના વિભાજનની વેળાએ ભારતમાં વસવાટ. સિંધી સમાજની સેવા.

## આસર, પૃથ્વીરાજ લક્ષ્મીદાસ

જન્મ : 1911. કચ્છ. નિવાસ : અમદાવાદ.

સાબરમતી સત્યાગ્રહ આશ્રમની શાળાના વિદ્યાર્થી. વય : 19. દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી સાથે 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધા બાદ મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## આસર, લક્ષ્મીદાસ પુરુષોત્તમ

જન્મ : 1883. અમદાવાદ.

1919 : મલબારમાં પોતાનો ધંધો છોડી આશ્રમમાં નિવાસ. ખાદી સમિતિમાં જમનાલાલ બજાજના સહાયક. ચરખા સંઘમાં સક્રિય. 1930 : દાંડીકૂચ. સૈનિકોના સ્વાગત આદિની વ્યવસ્થા. બારડોલી. સ્વરાજ્ય આશ્રમની જપ્તી સમયે કારાવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ વખતે જેલવાસ. 1942 : 'હિન્દ છોડો' સત્યાગ્રહ વખતે જેલવાસ. 1948થી '52 : ગાંધી સ્મારક નિધિના મંત્રી. આસામ ધરતીકંપ સહાયકાર. જાપાની પદ્ધતિની ખેતીનો પ્રચાર, ખાદી મંડળ આયોગમાં પરામર્શક. 1947 : અન્નનીતિ તપાસ સમિતિના સભ્ય. તેમની ભલામણના આધારે અન્ન ઉપરનાં નિયંત્રણો ઉઠાવી લેવાયાં. લોકોને ઉચિત ભાવે અનાજ મળે તેવું તંત્ર ગોઠવવામાં સક્રિય.

## આસ્તિક, વ્રજલાલ માણેકલાલ

જન્મ : 3 મે, 1908. શિહોર, ભાવનગર.

1931ના સત્યાગ્રહમાં ધરપકડ અને મુક્તિ. 1932 : ધંધૂકા સત્યાગ્રહ. છ મહિના કારાવાસ. 1942-43 : 'હિન્દ છોડો' આંદોલન. ભાંગફોડપ્રવૃત્તિ. 8 મહિના અટકાયત. મુલુંડ (મુંબઈ) સુધરાઈ તથા સામાજિક શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સક્રિય.

## આહીર, મેણંદભાઈ કાળાભાઈ

જન્મ : 2 ફેબ્રુઆરી, 1917. લુશાળા, જિ. જૂનાગઢ.

1930ની અસહકારની ચળવળમાં સક્રિય. ભગતસિંહને ફાંસી અપાઈ ત્યારથી જીવનમાં પરિવર્તન. 1938માં રાજકોટની લડતમાં જોડાયા. એક માસની સજા ભોગવી. જૂનાગઢ પ્રજામંડળની લડતમાં ભાગ લેતાં નોકરીમાંથી બરતરફ અને હદપાર. આરઝી હકૂમત વખતે ભૂગર્ભ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો.

## આહ્યા, (બાબુભાઈ) જયંતકુમાર ગોવિંદરાય

જન્મ : 18 ડિસેમ્બર, 1917. જોડિયા, જિ. ભાવનગર.

નૉન-મૅટ્રિક. રાજકોટની લડતમાં ભાગ લેવા ગૃહત્યાગ કરી લડતમાં જોડાયા. ધરપકડ અને જેલવાસ. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે રાજકોટ જઈ લડતમાં ભાગ. ધરપકડ વહોરીને રાજકોટ સેન્ટ્રલ જેલમાં અઢી માસ સજા. સ્વરાજ્ય બાદ ખાદી, હરિજનસેવા, રાષ્ટ્રભાષા પ્રચાર, ભૂદાન આંદોલનમાં સક્રિય.

અવસાન : 21 જાન્યુઆરી, 1985.

## આહ્યા, હેમંતરાય ઓધવજી

રાજકોટ.

વિદ્યાર્થી તરીકે 1930થી સભા, સરઘસ, પિકેટિંગની પ્રવૃત્તિમાં જોડાયા. રાજકોટની લડતમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ધરપકડ અને જેલવાસ.

## આંબલિયા, કરસનભાઈ બેચરભાઈ

જન્મ : 1916. મઘરવાડા, સૌરાષ્ટ્ર.

રાજકોટની લડતમાં ભાગ લીધો. તેથી રાજ્ય તરફથી જમીન–ખોરડાં જપ્ત કરવામાં આવ્યાં. સ્વરાજ મળ્યા બાદ જમીન પરત મળી. તે પછી ખેતીનો વ્યવસાય.

## આંબલિયા, માધાભાઈ બેચરભાઈ

જન્મ : 25 જુલાઈ, 1913. નવા થોરાળા.

રાજકોટની લડતમાં ભાગ લેવાથી રાજ્ય સરકાર તરફથી જમીન તથા ખોરડાં જપ્ત કરવામાં આવ્યાં. સ્વરાજ મળ્યા બાદ જમીન પાછી મળી.

# ઇ

## ઇચ્છાપોરિયા, કાંતિલાલ મગનલાલ

રાંદેર, સૂરત.

1942ની લોકક્રાંતિમાં અભ્યાસત્યાગ. સરઘસ. કાયદાભંગ. 4 મહિના કારાવાસ. મુક્તિ બાદ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય.

## ઇચ્છાપોરિયા, રામજીભાઈ કીકાભાઈ

રાંદેર, સૂરત.

1942 : લોકક્રાંતિ, અભ્યાસત્યાગ, સરઘસ, પત્રિકાવિતરણ. છ મહિના સખત કેદની સજા. મુક્તિ પછી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય.

## ઇચ્છુભાઈ ભૂલાભાઈ

બીલખડી, મહુવા, જિ. સૂરત.

1942 : ગ્રામજનો સાથે દારૂતાડી બહિષ્કારનું કાર્ય. તાડીના ગાડવા તોડવાનું કામ. ધરપકડ અને જેલવાસ.

## ઇજ્જતરાય અમૃતલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ. ટૂંકા જેલવાસ પછી મુક્ત કરવામાં આવ્યા.

## ઇનામદાર, સદાશિવ વામન

જન્મ : 1907. અમદાવાદ.

ગુજરાત કૉંગ્રેસ સેવાદળના સંચાલક. 1942ની ચળવળમાં 24-8-1942ના રોજ ધરપકડ. અટકાયત અને જેલ. 15 જાન્યુઆરી, 1945ના રોજ મુક્તિ. બીજાપુર જેલ(મૈસૂર રાજ્ય)માં કેદ. નાશિક જેલમાં પણ રાખ્યા હતા.

## ઇસ્માઈલ મૂસાજી

વડોદ, તા. આણંદ.

1920-22ની અસહકારની ચળવળમાં સક્રિય ભાગ. ટેલિફોન-તારની લાઇન કાપવા બદલ કેદ. ભરયુવાનીમાં તેમનું અવસાન થયું.

## ઇંગ્રેજી, દીનાનાથ કેશવરામ

જન્મ : 1894. જિ. સૂરત.

1920માં કૉલકાતાની કૉંગ્રેસમાં હાજર રહ્યા. ખાદી પહેરી, રેંટિયો કાંતતા. રાંદેર-સૂરતની રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. રાષ્ટ્રીય શાળાઓના સંચાલનમાં હિસ્સો લીધો. 1923માં ગાંધીજીને સરકારે ગિરફતાર કર્યા ત્યારથી વકીલાતનો ત્યાગ કર્યો. 1927થી 1931 રાંદેર મ્યુનિસિપાલિટીના પ્રમુખ રહ્યા હતા.

અવસાન : 1936.

# ઈ

## ઈશ્વરદાસ

જ્ઞાતિ : બાવાજી.

વિરમગામ સત્યાગ્રહમાં 1930-31માં ભાગ લીધો. તે માટે તેમની ધરપકડ કરવામાં આવી અને તેમણે જેલની સજા ભોગવી.

## ઈશ્વરભાઈ મોતીભાઈ

ઉંમર : 22 વર્ષ. ભાદરણ, તા. બોરસદ.

1930-32ની ચળવળ દરમિયાન બોરસદ મુકામે 27 જાન્યુઆરી, 1932ના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. અદાલતે તેમને 3 માસની સખત કેદની સજા કરી. તેમણે સાબરમતી જેલમાં સજા ભોગવી હતી.

## ઈશ્વરાચાર્ય

જન્મ : 1 ઑક્ટોબર, 1912. અંકલેશ્વર.

પિતા પાલણપુરમાં પૂજારી. કિશોરાવસ્થાથી પ્રભાતફેરીમાં જતા. રાષ્ટ્રીય ભાવના, 1932ની ચળવળમાં લોકજાગૃતિનું કામ. એક વાર પકડી પોલીસચોકીમાં હેડમાં પૂર્યા. પત્રિકા લખીને પ્રગટ કરતા. વિલાયતી કાપડની દુકાનો પર પિકેટિંગ, વિલાયતી કાપડની હોળી. રાષ્ટ્રગીતો સહિત સરઘસો કાઢતા. ધરાસણાની લડતમાં ભાગ લીધો. તે પછી કાર્યક્ષેત્ર અમદાવાદ. મૃદુલાબહેન સારાભાઈની આગેવાની હેઠળ પાંચકૂવા કાપડ માર્કેટ અને સ્ટેશન રોડ પાસે પિકેટિંગ. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં વિસનગરમાં ગાંધીશિક્ષણ વર્ગ શરૂ કર્યો. સભા-સરઘસોમાં જોડાતા. ધરપકડ. બે વર્ષની જેલની સજા. જેલમાં અભણ કેદીઓને ભણાવતા.

# ઉ

## ઉકડભાઈ રઈજીભાઈ

ગોરવા, તા. બોરસદ.

1932માં પિકેટિંગ કરતાં ધરપકડ અને એક વર્ષની જેલ અને દંડ.

## ઉજમશી સૂરચંદ

જન્મ : ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રા રાજ્યના જુલમો સામે માથું ઊંચકનાર વેપારી. લડતમાં ભાગ લેવા બદલ રાજ્યની અટકાયત. અટકાયત દરમિયાન ત્રાસ ગુજારવામાં આવ્યો. તે પછી રાજ્યે હદપાર કર્યા. છેવટ સુધી લડતના ટેકેદાર. ખૂબ સહન કર્યું. નિધન.

## ઉત્તમચંદ તારાચંદ

પાલેજ, જિ. ભરૂચ.

1917 : ખેડા સત્યાગ્રહમાં સક્રિય. 1928માં બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. છ મહિના કારાવાસ. 1935 : લોકસેવા માટે દવાખાનું, પાલેજ. તામ્રપત્ર એનાયત થયેલ.

## ઉત્રાણકર, ગોવિંદરાવ કૃષ્ણરાવ

જન્મ : 15 માર્ચ, 1917; પાટણ.

વિનયન સ્નાતક. વિસનગરની ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં શિક્ષક. 'હિન્દ છોડો' આંદોલન 1942માં સક્રિય. 18 ડિસેમ્બર, 1942 : સરઘસની આગેવાની. ધરપકડ. દંડની સજા. 25 ડિસેમ્બર, 1942 : વિસનગરમાં સભા. સૂર્યકાન્ત નટવરલાલ જોષીનું ભાષણ. તે દરમિયાન પોલીસ અધિકારી પઠાણે સાંકળચંદ કાળીદાસ પટેલ સામે બંદૂક તાકી, ગોળીબારની તૈયારી. ઉત્રાણકરે દોડી બંદૂક પકડી લીધી. બંદૂકની ખેંચાખેંચીમાં ગોળી છૂટી, ઉત્રાણકરની જાંઘ ચીરી તે જ ગોળી પુરુષોત્તમ કંસારાને વાગી. બંનેને દવાખાને. ઉત્રાણકરને અમદાવાદ વા. સા. હૉસ્પિટલમાં. સાંકળચંદ પટેલે તેને બચાવવા લોહી આપ્યું છતાં અવસાન.

શહીદ : 15 જાન્યુઆરી, 1943.

## ઉદેશી, ડાહ્યાલાલ વીસનજીભાઈ

જન્મ : ધ્રોળ, જિ. જામનગર.

ધ્રોળ રાજ્યના જુલમો સામે માથું ઊંચક્યું. સભા-સરઘસ દ્વારા રાષ્ટ્રીય જાગ્રતિનું કાર્ય. ધ્રોળમાં ધ્વજવંદનનો કાર્યક્રમ–રાજ્ય તરફથી મનાઈહુકમ. ધ્રોળ ઝંડા સત્યાગ્રહ–રાજ્ય તરફથી ખૂબ ત્રાસ. જેલવાસ.

## ઉદેશી, પુરુષોત્તમ ગોવિંદજી

જન્મ : 1883.

ધંધાર્થે આફ્રિકા. પછી મુંબઈમાં વસવાટ. ધ્રોળ પ્રજામંડળની સ્થાપના. ધ્રોળ ઝંડા સત્યાગ્રહમાં ભાગ. રાજ્યની ખફગી વહોરી. તેમની ધરપકડ, ત્રિરંગી ધ્વજ પોલીસે ખૂંચવી લીધો. તેના વિરોધમાં ઉપવાસ કર્યા. મોરબી/ધ્રાંગધ્રા સત્યાગ્રહમાં જોડાઈ રાજ્યના અત્યાચારોનો ભોગ. જીવનભર દેશી રાજ્યોના જુલમો સામે લડત.

અવસાન : 1951.

## ઉનડકટ, રતિલાલ કાનજી

જન્મ : 4 જાન્યુઆરી, 1918. ચલાળા, સૌરાષ્ટ્ર.

1942ની લડતમાં ભૂગર્ભમાં રહીને ધારી-ચલાળા વચ્ચે ટ્રેનના તાર કાપવા માટે પકડાયા. ચાર માસની અટકાયત ભોગવી.

## ઉનડકટ, નાથાલાલ કાનજીભાઈ

ચલાળા, જિ. અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભમાં રહીને ભાંગફોડની પ્રવૃત્તિ કરતા રહ્યા. ધરપકડ થઈ. જેલ તથા દંડની સજા ભોગવી.

## ઉપાધ્યાય, અંબાશંકર પ્રેમજીભાઈ

જન્મ : 10 ઑક્ટોબર, 1903. પાલિતાણા.

ધોરણ 7 સુધી અભ્યાસ. કૉંગ્રેસના કાર્યકર : રાજ્યની નોકરીમાંથી રુખસદ. પાલિતાણા સત્યાગ્રહમાં ભાગ. ધોલેરાના મીઠા સત્યાગ્રહ વખતે 'સૌરાષ્ટ્ર' પત્રના પ્રતિનિધિ. રાજકોટ સત્યાગ્રહમાં ભાગ. જેલવાસ. પત્રકાર. પેન્શન અને તામ્રપત્ર એનાયત થયેલ છે.

## ઉપાધ્યાય, કાંતિલાલ છગનલાલ

નિવાસ : આબુ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સક્રિય. પત્રિકામુદ્રણ. પ્રભાતફેરી. કારાવાસ. નગરોમાં પ્રવૃત્તિ. 1945 : બી.એ. કરી આફ્રિકા ગયા. 1951 : સ્વદેશાગમન. પોંડિચેરી(પુદુચેરી). 1973માં તામ્રપત્ર એનાયત થયેલ.

## ઉપાધ્યાય, ચંદુલાલ

કાલોલ, જિ. પંચમહાલ.

1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં સરકારની યુદ્ધનીતિના વિરોધમાં ભાષણ અને પ્રચાર. ધરપકડ. કારાવાસ ભોગવ્યો.

## ઉપાધ્યાય, જયંતીલાલ ગિરજાશંકર

જન્મ : માંડવી, જિ. સૂરત.

સૂરતની યુનિયન હાઈસ્કૂલમાં અભ્યાસ દરમિયાન 1942માં બારડોલી આશ્રમમાં કૉંગ્રેસ દ્વારા ચાલેલા ગ્રીષ્મ વર્ગમાં જોડાયા. 1942ની ચળવળમાં યુનિયન હાઈસ્કૂલમાંથી સરઘસ લઈને જતાં એમની ધરપકડ અને એક વર્ષની કેદની સજા. સાબરમતી અને વીસાપુરમાં જેલ ભોગવી. મુક્તિ બાદ સેવાદળની પ્રવૃત્તિમાં સક્રિય.

## ઉપાધ્યાય, નાથુભાઈ હરિશંકર

જન્મ : 10 મે, 1904. બીલીમોરા, તા. ગણદેવી.

ગુજરાતી શાળામાં શિક્ષક. રેંટિયાની પ્રવૃત્તિમાં વિશેષ રસ. 1930-32ની ચળવળમાં ખજૂરાં કાપવાં તથા દારૂતાડીનાં પીઠાં ઉપર પિકેટિંગમાં સક્રિય. ધરાસણા સત્યાગ્રહના સૈનિકોને રોટલા તથા આવશ્યક વસ્તુઓ પહોંચાડતા. સરકારી અધિકારીઓની મોટરોને રોકવા રસ્તા ઉપર મૂકેલા અવરોધોના કારણે નાથુભાઈ સહિત 13ની ધરપકડ. નિર્દોષ છૂટ્યા. ગુપ્ત પત્રિકાઓ લખી, છપાવી, વહેંચતા. તેથી શાળાની સરકારી નોકરીમાંથી બરતરફ.

## ઉપાધ્યાય, મણિશંકર વલ્લભરામ

અમલસાડ, જિ. સૂરત.

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ. 15મી ઑગસ્ટના અમલસાડના રેલવેસ્ટેશને બનેલા ભાંગફોડના બનાવમાં ઉશ્કેરાયેલા યુવાનો સાથે ઉત્સાહથી ભાગ લીધો. તે રાત્રે સામૂહિક ધરપકડમાં સમાવેશ. આશરે નવ માસ કારાવાસ ભોગવ્યો. કેસમાં નિર્દોષ છૂટ્યા.

## ઉપાધ્યાય, મોહનલાલ પ્રેમજીભાઈ

જન્મ : 3 મે, 1911. પાલિતાણા, સૌરાષ્ટ્ર.

1930ની મીઠાની લડત વખતે ધોલેરા સંગ્રામમાં જોડાયા. મીઠાના કાયદાનો ભંગ કરતાં ધરપકડ થઈ. સાબરમતી તેમજ યરવડા જેલમાં ત્રણ માસની સજા ભોગવી. 1942ની લડત વખતે હદપાર કરવામાં આવ્યા. હદપારીના ભંગ બદલ સજા અને દંડ કરવામાં આવ્યો.

અવસાન : એપ્રિલ, 1977.

## ઉપાધ્યાય, રજનીકાન્ત રેવાશંકર

મોડાસા.

1942ની ચળવળમાં ભૂગર્ભ પ્રવૃત્તિમાં સક્રિય. બૉમ્બ બનાવવા, ટેલિફોનનાં દોરડાં કાપવાં, સળગતા કાકડા ફેંકવા વગેરે પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો.

## ઉપાધ્યાય, રામચંદ્ર દીપકરામ

જન્મ : 1 જાન્યુઆરી, 1924. માંડવી, જિ. સૂરત.

1942ની 'હિન્દ છોડો'ની લડતમાં વિદ્યાર્થીઓના સરઘસની આગેવાની લીધી, પકડાયા, દોઢ વર્ષની સજા થઈ. 1944-45માં સેવાગ્રામમાં ખાદી-વિદ્યાલયમાં કામ કર્યું. કાંતણ-પીંજણ શીખવવાનું કામ કર્યું. 1946માં મઢી આશ્રમમાં સહકારી પ્રવૃત્તિ શરૂ કરી. 1947માં સઠવાવ આશ્રમમાં રહીને સેવાકાર્ય કર્યું. સર્વોદય યોજના તરફથી બિહાર જઈ લાખ ઉદ્યોગનું શિક્ષણ મેળવી જંગલમાં લોકોને

ખેતી સાથે લાખનો ઉદ્યોગ ચાલુ કરવાની પ્રવૃત્તિ શીખવી. 1962થી માંડવી તાલુકા કૉંગ્રેસ સમિતિના તેઓ સભ્ય હતા.

## ઉપાધ્યાય, રામશંકર જયશંકર

મોડાસા.

1930ની ચળવળ દરમિયાન ભૂગર્ભમાં રહી પત્રિકાઓ દ્વારા લડતનો પ્રચાર. માલપુર પ્રજામંડળના સક્રિય આગેવાન. 1930, 1932 તથા 1942ની સ્વતંત્રતાની ચળવળોમાં સક્રિય ભાગ લીધો.

## ઉપાધ્યાય, શાંતિલાલ છોટાલાલ

ઠાસરા, જિ. ખેડા.

1931 : મીઠા સત્યાગ્રહ. લસુંદ્રામાં ભાગ લીધો. 1942 : ભૂગર્ભપ્રવૃત્તિ. પત્રિકામુદ્રણ, વિતરણ. છ મહિના કારાવાસ. મુક્તિ પછી સામાજિક પ્રવૃત્તિમાં સેવાકાર્ય.

## ઉમેદભાઈ પ્રભુદાસ

માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

1938 : માણસાના જમીન-મહેસૂલ સત્યાગ્રહમાં ભાગ લીધો. રાજ્ય સરકારના જુલમ સામે ખેડૂતોની શક્તિ ટકાવવા અને વધારવા પ્રચાર કર્યો. તેથી અટકમાં લઈને જેલમાં પૂરવામાં આવ્યા.

# એ

## એન્જિનિયર, બાબુભાઈ આર્થર

વ્યારા, જિ. સૂરત.

વ્યારા પોલીસસ્ટેશનમાં હાથબનાવટનો બૉમ્બ ફોડવામાં આવેલો. પોલીસોએ તેમની ધરપકડ કરવા પીછો કરેલો. તેમાંથી બચવા છ માસ ભૂગર્ભમાં રહેલા. 1942-43માં ચળવળમાં ભાગ લીધો. જેલવાસ.

## એન્દર, રમતાભાઈ

વલવાડા.

1942 : 'હિન્દ છોડો' આંદોલન દરમિયાન દારૂતાડીની દુકાનો પર પિકેટિંગ. વૃક્ષવિચ્છેદ. દોઢ વર્ષ કારાવાસ; પરંતુ 9 માસ બાદ મુક્તિ.

## એહમદ અબ્બાસ બાબુભાઈ

જન્મ : 17 જાન્યુઆરી, 1921. રાણાવાવ, પોરબંદર.

1933-38 : પરદેશી માલ પર પિકેટિંગ. કારાવાસ. વર્ધામાં કસ્તૂરબા તથા મહાદેવ દેસાઈ સાથે નિવાસ. 1942 : ભૂગર્ભ કાર્ય.

# ઓ

## ઓઝા, (ડૉ.) અજિતરાય માનશંકર

જન્મ : 26 મે, 1908. ભાવનગર.

એમ.બી.બી.એસ. સેવાભાવી ડૉક્ટર. લોકસેવક : ભાવનગર પ્રજા પરિષદમાં. 1942માં 'હિન્દ છોડો' ચળવળમાં અટકાયત.

## ઓઝા, ઈન્દ્રવદન મનમોહનરાય

જન્મ : 1 નવેમ્બર, 1903. જામનગર.

કાર્યક્ષેત્ર : મુંબઈ. 1930ની મીઠાની લડતમાં મુંબઈથી લડતમાં જોડાયા. થાણામાં 13 માસનો જેલવાસ, ફતસાવંતવાડીમાં બે માસની જેલ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં મુંબઈમાં અટકાયત. મુંબઈમાં વિલેપાર્લેની રાષ્ટ્રીય છાવણીની લડતમાં ભાગ. રચનાત્મક કાર્યકર.

## ઓઝા, ઉછરંગરાય

મુંબઈ.

1920-22ની અસહકારની ચળવળમાં સરકારી કૉલેજ છોડીને ચળવળમાં જોડાનાર પ્રતિભાશાળી વિદ્યાર્થી. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે વિનયમંદિર ખોલવામાં આવ્યું. તેનું સંચાલન તેમને સોંપવામાં આવ્યું.

## ઓઝા, ઘનશ્યામભાઈ છોટાલાલ

જન્મ : 25 ઑક્ટોબર, 1911. ઉમરાળા.

193032ની સવિનય કાનૂનભંગની ચળવળમાં વિરમગામમાં ભાગ લીધો. રાજકોટ સત્યાગ્રહ(1939)નું સંચાલન તેમણે બહાર રહીને સંભાળ્યું હતું. વજુભાઈ શુક્લ, ઇસ્માઈલ હીરાણી વગેરે તેમના સાથીઓ હતા. લીંબડીની લડત(1938)માં તેમણે ભાગ લીધો હતો. ભાવનગર રાજ્યમાં જવાબદાર તંત્રના પ્રધાનમંડળમાં તે ગૃહખાતાના પ્રધાન હતા. 1972માં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી.

અવસાન : 12 જુલાઈ, 2002.

## ઓઝા, છેલભાઈ જટાશંકર

જન્મ : 10 સપ્ટેમ્બર, 1917. ભાવનગર.

બી.એ., વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય સેવામાં. 1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લેતાં પકડાયા. દસ માસનો જેલવાસ. 1947 બાદ ગુજરાત સરકારમાં શિક્ષણખાતામાં અધિકારી.

## ઓઝા, છોટુભાઈ કુબેરભાઈ

જન્મ : 1920. રતનપુરા, તા. આણંદ.

અભ્યાસ : ગુજરાતી છ ધોરણ સુધી. 1942માં કૉંગ્રેસના કાર્યકર. પત્રિકાઓના પ્રચારક. ધરપકડ અને બે માસની સખત કેદ અને દંડ. ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. કૉંગ્રેસના કાર્યકર.

## ઓઝા, જયાશંકર એચ.

જામનગર.

1938-39માં જામનગર પ્રજામંડળના સક્રિય સભ્ય. સ્વાતંત્ર્યસંગ્રામમાં બુલંદ અવાજે ગીતો ગાતા. તેમની ધરપકડ કરવામાં આવી અને જેલવાસ ભોગવ્યો.

## ઓઝા, દેવેન્દ્રરાય પ્રાણશંકર

જન્મ : 10 ઑગસ્ટ, 1914. અમદાવાદ.

અભ્યાસ : બી.એસસી., એલએલ.બી.. 1942ની લડત શરૂ થતાં તેઓ કૉંગ્રેસના કાર્યકર્તા હોવાથી ધરપકડ કરી સાબરમતી જેલમાં અટકાયત. 1944-45 : ધોળકા નગરપાલિકાની મૅનેજિંગ કમિટીના ચૅરમૅન. વકીલાત.

## ઓઝા, નંદરાય ભૂપતરાય

જન્મ : 15 ડિસેમ્બર, 1906. ભાવનગર.

કાર્યક્ષેત્ર : મુંબઈ. વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય રંગે રંગાયા. 1930-32ની મીઠાની લડતમાં ભાગ. ધરપકડ. થાણામાં છ માસ જેલવાસ. રાષ્ટ્રીય લડતોમાં સક્રિય. મહારાષ્ટ્ર સરકારનું પેન્શન/તામ્રપત્ર એનાયત થયેલ છે.

## ઓઝા, ભવાનીશંકર આત્મારામ

જન્મ : ઊના, જિ. જૂનાગઢ.

1942ની લડત વખતે ધરપકડ થઈ. છ માસની જેલની સજા થઈ. આરઝી હકૂમતની લડતમાં સક્રિય.

## ઓઝા, શંભુપ્રસાદ માવજીભાઈ

જન્મ : કાંધી, જિ. જૂનાગઢ.

1942ની લડતમાં મુંબઈમાં ભાગ લેવા બદલ છ માસનો જેલવાસ ભોગવ્યો. આરઝી હકૂમતમાં ભાગ લીધો.

## ઓઝા, હૃદયકાંત મૂળશંકર

જન્મ : લાઠી, સૌરાષ્ટ્ર.

1930-32ની મીઠાની લડત વખતે ધોલેરા

છાવણીમાં જોડાઈને સવિનય કાનૂનભંગ કરતાં પકડાયા. તહકૂબી દરમિયાન ભાલનાં ગામડાંમાં જાગૃતિનું કામ કરતા રહ્યા. ફરી લડતમાં જોડાયા. જેલવાસ ભોગવ્યો. ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લીધો.

## ઓધવજી ડાહ્યાભાઈ

રાજકોટ.

1942ની લડતમાં ભાગ લીધો. પિકેટિંગ અને હડતાળમાં જોડાયા. ધરપકડ કરવામાં આવી. જે મિલો–કારખાનાં અંગ્રેજ સરકારના યુદ્ધ-કાર્યમાં સહાયરૂપ વસ્તુઓનું ઉત્પાદન કરતાં હતાં, તેને બંધ કરાવવા સભા-સરઘસ જેવા કાર્યક્રમો યોજ્યા.

# ક

## કક્કડ, પુરુષોત્તમભાઈ છોટાલાલ

રાજકોટ, સૌરાષ્ટ્ર.

રાજકોટની લડતમાં ભાગ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં પકડાયા. છ માસની જેલ. ભારત સરકારે તામ્રપત્ર એનાયત કરેલ છે. નિધન.

## કચરાજી મૂળચંદ

દાહોદ.

1930ની ચળવળ દરમિયાન આદિવાસી તથા ગરીબ લોકોને બરબાદ કરનાર દાહોદમાંનાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. ધરપકડ. કેસ ચલાવી બે માસની કારાવાસની સજા.

## કચુકી, પન્નાલાલ ચીમનલાલ

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન ગુપ્ત સભાઓમાં હાજરી. તેમાં કાર્યક્રમનું આયોજન અને ચળવળની સમીક્ષા થતી. સરઘસોમાં જોડાતા. ખાડિયા વૉર્ડમાં જુદી જુદી પોળોમાં કૉંગ્રેસપત્રિકા વહેંચવા રોજ વહેલી સવારે જતા. છ મહિના સુધી પત્રિકા વહેંચી. પત્રિકા છુપાવીને લઈ જતા. 9 ઑક્ટોબરના રોજ 'ચાલ્યા જાવ દિન' – પોલીસનો સખત લાઠીચાર્જ. તેમને પાંત્રીસ જેટલી લાઠીઓ ફટકારી હતી.

## કટલેસવાળા, ગોકળદાસ દામોદર

પોરબંદર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. પોરબંદર રાજ્યના અમાનુષી ત્રાસનો ભોગ બન્યા. ધરપકડ. બે માસનો જેલવાસ ભોગવ્યો.

## કટારા, અબજી કાલુભાઈ

દાહોદ.

આદિવાસી યુવક. ભીલ સેવામંડળનાં આશ્રમો તથા શાળાઓમાં ભણવાથી રાષ્ટ્રીય જાગૃતિ. દેશભક્તિ. આદિવાસીઓ ને ગરીબોને પાયમાલ કરતાં દારૂનાં પીઠાં પર દાહોદમાં પિકેટિંગ. પોલીસ દ્વારા ધરપકડ. સાડા પાંચ માસની કારાવાસની સજા.

## કડકિયા, ઓચ્છવલાલ ગુલાબચંદ

દેવગઢબારિયા, જિ. દાહોદ.

1942ની લડત દરમિયાન દાહોદમાં 25 સપ્ટેમ્બર, 1942ના રોજ રાષ્ટ્રધ્વજ સહિત સરઘસ. તેમાંથી સભા. તેમાં કડકિયાએ ભાષણ કરી શાળાઓ, કૉલેજો, અદાલતોનો બહિષ્કાર કરવા, હડતાળો પાડવા તથા સરકાર વિરુદ્ધ ઉશ્કેરણી. ધરપકડ. બે માસની સખત કેદની સજા અને રૂ. 50/- દંડ. દંડ ન ભરે તો વધુ બે માસની સખત કેદની સજા. સાબરમતી જેલમાં રાખ્યા.

## કડકિયા, નટવરલાલ મયાચંદ

દેવગઢબારિયા, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેવા દેવગઢબારિયાના કેટલાક યુવાનો ઉત્સુક હતા. ત્યાં દેશી રાજ્યમાં લડતનું વાતાવરણ ન હોવાથી, બ્રિટિશ હિન્દની સરહદમાં જઈ, સરઘસમાં જોડાઈ, સૂત્રોચ્ચાર કરી, રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. પોલીસે ધરપકડ કરી. કેદની સજા ભોગવી.

અવસાન થયેલ છે.

## કડકિયા, પ્રમોદરાય મણિલાલ

જન્મ : આશરે 1920. દેવગઢબારિયા.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં, ગોધરા જઈ ત્યાં ધ્વજ સહિત સરઘસમાં જોડાઈને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર. ધરપકડ. બે માસની કેદની સજા. અવસાન થયેલ છે.

## કડકિયા, બાબુભાઈ વાડીલાલ

જન્મ : આશરે 1926. દેવગઢબારિયા. હાલમાં નિવાસ : મુંબઈ.

1942ની ચળવળ દરમિયાન દાહોદ જઈને ત્યાં સરઘસમાં જોડાઈ, 'ઇન્કિલાબ ઝિંદાબાદ'નાં સૂત્રો પોકારતાં ધરપકડ. ચાર માસની કેદની સજા. સમાજવાદનો પ્રચાર.

## કડકિયા, મનુભાઈ ઓચ્છવલાલ

જન્મ : આશરે 1920. દેવગઢબારિયા.

ધંધો : વેપાર. દેવગઢબારિયા રાજ્યમાં લડત અંગે કંઈ પ્રવૃત્તિ ન હોવાથી 1942ના સપ્ટેમ્બરમાં કાલોલ જઈ, ત્યાં સરઘસમાં ધ્વજ સહિત જોડાયા. 'ઇન્કિલાબ ઝિંદાબાદ', 'મહાત્મા ગાંધી કી જય' વગેરે સૂત્રોચ્ચાર. ધરપકડ. ચાર માસની કેદની સજા. અવસાન : 1994.

## કડકિયા, રસિકલાલ ગોકલદાસ

દાહોદ. કાર્યક્ષેત્ર : નંદરબાર, ખાનદેશ.

ભીલ સેવામંડળના આજીવન સેવક. નંદરબાર શાખામાં. નંદરબારમાં વ્યક્તિગત સત્યાગ્રહ-(1940)માં ભાગ લીધો. તેમાં ત્રણ માસની કેદની સજા ભોગવી. 1942ની ચળવળમાં સભા-સરઘસો વગેરે પ્રવૃત્તિમાં સક્રિય ભાગ. સભામાં સરકાર વિરુદ્ધ ભાષણ. ધરપકડ. હિન્દ સંરક્ષણ ધારા હેઠળ નાશિક જેલમાં બાર માસ અટકાયત.

## કડકિયા, જયંતીલાલ

દાહોદ.

1942ની ચળવળ દરમિયાન દાહોદમાં દેસાઈવાડામાંથી 2-5-1943ના રોજ સરઘસ, યુવાનના હાથમાં રાષ્ટ્રધ્વજ. તેમાંથી જયંતીલાલની પોલીસ દ્વારા ધરપકડ. એક માસની કેદની સજા.

## કડિયા, ઉમાકાન્ત મોતીલાલ

જન્મ : 15 નવેમ્બર, 1921. અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળના ગુજરાતના પ્રથમ શહીદ. શાળા-મહાશાળાના શિક્ષણ દરમિયાન સામાજિક અને સવિશેષ વ્યાયામપ્રવૃત્તિમાં રસ. કૉંગ્રેસ સેવાદળમાં તાલીમબદ્ધ અને પક્ષના સક્રિય કાર્યકર. સામ્યવાદી પક્ષની સભામાંથી તપાસ માટે જતાં પોલીસે ખાડિયામાં ચાર રસ્તા પાસે કરેલ ગોળીબારમાં વીંધાયા અને શહાદતને વર્યા. તેમની સ્મૃતિમાં અમદાવાદમાં તે સ્થળને 'ઉમાકાન્ત કડિયા ચોક' નામ આપવામાં આવ્યું છે.

અવસાન : 9 ઑગસ્ટ, 1942, અમદાવાદ.

## કડિયા, બાબુભાઈ પ.

દરિયાપુર, અમદાવાદ.

અભ્યાસ દરમિયાન આંદોલનમાં ભાગ લેતા.

વિદ્યાર્થી-પત્રિકા, કૉંગ્રેસ-પત્રિકાઓનું પ્રકાશન -વિતરણ કરેલું. 1942માં દોઢ વર્ષની સજા થઈ. સાબરમતી અને વીસાપુરની જેલમાં સજા ભોગવી હતી.

## કડિયા, ભલાભાઈ

જ. આશરે 1929. દેવગઢબારિયા. નિવાસ : મુંબઈ.

1942ની ચળવળમાં દેવગઢબારિયા દેશી રાજ્ય હોવાથી દાહોદ જઈને 'ઇન્કિલાબ ઝિંદાબાદ'નાં સૂત્રો પોકારી, કૉંગ્રેસનો ધ્વજ સરકારી કચેરી પર ચડાવવા જતાં ધરપકડ. ચાર માસની કેદની સજા.

## કણકી, રસિકલાલ મગનલાલ

રાંદેર, સૂરત.

1942ની લોકક્રાંતિમાં અભ્યાસત્યાગ. સરઘસ, પત્રિકાવિતરણમાં સક્રિય ભાગ. છ મહિના કઠોર કારાવાસ. મુક્તિ પછી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય.

## કપાસી, અહમદઅલી યુસુફઅલી

જન્મ : 6 મે, 1893. તળાજા, જિ. ભાવનગર.

અભ્યાસ : મૅટ્રિક. ધંધાર્થે માડાગાસ્કર. ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થતાં ભારત પરત. ભાવનગર પ્રજા પરિષદમાં સક્રિય ભાગ. 1940માં તળાજા ટ્રામવે સત્યાગ્રહમાં ભાગ. ત્રણ માસની સજા. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ–જેલવાસ. 1942માં 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેવા માટે ભાવનગરમાં અટકાયત.

અવસાન : 8 નવેમ્બર, 1961. મડાગાસ્કર.

## કપાસી, જેતુનબહેન અહમદઅલી

જન્મ : તળાજા, સૌરાષ્ટ્ર.

અભ્યાસ : મૅટ્રિક. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ. અટકાયત. ત્રણ માસની સજા. બસો રૂપિયા દંડ. ઘરવખરી વેચીને રાજ્યે દંડ વસૂલ કર્યો. સામાજિક કાર્યકર.

## કપાસી, ભગવાનદાસ જગજીવનદાસ

જન્મ : 1910.

શિક્ષણ મૅટ્રિક સુધીનું. પત્રકારત્વના વ્યવસાયમાં. 1929-30માં ધ્રાંગધ્રા પ્રજા મંડળના મંત્રી. 1930ના એપ્રિલમાં ધરપકડ અને જેલવાસની સજા. પાછળથી પાંચ વર્ષની મુદત માટે ધ્રાંગધ્રા રાજ્યમાં પ્રવેશનિષેધ. 1930ના પ્રસિદ્ધ ધોલેરા સત્યાગ્રહમાં સક્રિય ભાગ લીધેલો. લોકસેવાની વિવિધ પ્રવૃત્તિમાં ગળાડૂબ.

## કપાસી, ભીખાલાલ

ધ્રાંગધ્રા, સૌરાષ્ટ્ર.

ફૂલચંદભાઈની દોરવણી નીચે ધ્રાંગધ્રામાં ખાદીના પ્રચાર માટે ખાદીભંડાર શરૂ કર્યો. વિદેશી કાપડના બહિષ્કારની પ્રવૃત્તિ શરૂ કરી. સ્વદેશીના હિમાયતી. ધ્રાંગધ્રા રાજ્યનો ખોફ વહોરવો પડ્યો. જુલમો ગુજાર્યા, અટકમાં લીધા.

## કપાસી, મરઘાબહેન

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડીની લડતમાં જોડાયાં. ખૂબ કષ્ટ વેઠ્યું. અંતે હિજરત કરી ગયાં. લીંબડીમાં પુનઃ પ્રવેશ કરવા બદલ રાજ્ય તરફથી ભારે કનડગત શરૂ થઈ. છેવટે કાયમ માટે લીંબડી છોડ્યું.

## કપિલરામ

તા. બારડોલી, જિ. સુરત.

બારડોલી તાલુકાના જાણીતા યુવક કાર્યકર. 1930ની ચળવળમાં સક્રિય ભાગ લેતા અને લડતનું સંગઠનકાર્ય કરતા. સરકારે ખોટા કેસ ઊભા કરી ધરપકડ કરી. પંદર રૂપિયા દંડ અથવા 4 દિવસની કેદની સજા. બેડીઓ

બાંધીને સ્ટેશન ઉપર લઈ ગયા. લોકોએ વિદાય આપતાં ફૂલહાર કર્યા.

## કમળાલક્ષ્મી ચંદુભાઈ

ધર્મજ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલાં બહેનોનાં સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને બરડા ઉપર ઈજા થઈ હતી.

## કમુબહેન ચુનીભાઈ

ધર્મજ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલાં બહેનોનાં સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને બરડામાં ઈજા થઈ હતી.

## કરકર, લક્ષ્મણભાઈ માધવજીભાઈ

## જન્મ : 30 જૂન, 1918. ગઢડા, જિ. ભાવનગર.

1930-31ની ધોલેરાની મીઠાની લડતમાં ભાગ લેતાં ધરપકડ વહોરી. બે માસની સજા થઈ.

## કરણસિંહ પ્રીતમસિંહ

(આઝાદ હિન્દ ફોજવાળા) નિવાસ : સાબરકાંઠા.

1918 : જલિયાનવાલા હત્યાકાંડમાં ભાઈ બુદ્ધસિંહનું મરણ. 1922 : પિતા પ્રીતમસિંહને ફાંસી દેવાઈ. 1927 : તેમને આંદામાનમાં કાળાં પાણીની સજા થઈ. ત્યાંથી નાસીને બ્રહ્મી જંગલોમાં પહોંચ્યા. પાંદડાં પર 13 દિવસ નિભાવ. 8 દિવસ ભૂગર્ભવાસ. સાત વર્ષ ઈરાનમાં. મસિયાઈ ભાઈ ભગતસિંહને દેહાંતદંડ. 1940 : નેતાજીની આઝાદ હિન્દ ફોજમાં સક્રિય.

## કરસનદાસ કેશવજી

રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. હિન્દ સંરક્ષણ ધારા હેઠળ ધરપકડ કરવામાં આવી. ચાર મહિના જેલવાસ ભોગવ્યો.

## કરીમખાન

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. લડત દરમિયાન વઢવાણથી ધરપકડ. રાજકોટમાં જેલવાસ ભોગવ્યો.

## કરીમભાઈ પીરભાઈ

હળવદ, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રા રાજ્યના જુલમો સામે લોકોએ સત્યાગ્રહ કર્યો. તે મુજબ હળવદમાં પણ સત્યાગ્રહ થયો હતો. તેમાં ભાગ લેવાથી પોલીસે તા. 21-9-1931ના રોજ માર મારી અટકમાં લીધા હતા.

## કલકત્તાવાળા, હસમુખલાલ બંસીલાલ

સૂરત.

1942માં 15મી ઑગસ્ટે લાલગેટ યુનિયન સ્કૂલ પાસેથી સરઘસ કાઢતાં ધરપકડ થઈ. કેદની સજા થઈ.

કવિ, કસ્તૂરબહેન જોરસિંહ

જન્મ : 1905. વાળુકડ, જિ. ભાવનગર.

1920માં વિરમગામમાં મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. છ માસની સજા. 1932માં મહેમદાવાદમાં દારૂના પીઠા ઉપર પિકેટિંગ કરતાં ધરપકડ. ચાર માસની જેલની સજા. 1933 : વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લેતાં ત્રણ માસની સજા. 1938માં મોટા ચારોડિયા સત્યાગ્રહમાં ભાગ લીધો. લાઠીમારનો ભોગ. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાઈને

જેલવાસ. 1942માં 'હિન્દ છોડો' લડતમાં અટકાયત લાઠીમારમાં ઘવાયાં. જેલવાસ. ધ્રોળ, ધ્રાંગધ્રા, લીંબડી, રાજકોટની લડતોમાં ભાગ. યાતનાઓ સહન કરી. 1957-1962 : મુંબઈ વિધાનસભાના સભ્યપદે. સામાજિક, શૈક્ષણિક અને માનવસેવાની પ્રવૃત્તિઓ.
નિધન થયેલ છે.

## કવિ, છોટાલાલ

સરસવણી, તા. મહેમદાવાદ.

19મી સદીના અંતસમયના કવિ. સમાજસુધારક કવિ અને નાટ્યકાર. સ્વદેશી અને રાષ્ટ્રીય ભાવનાની જાગૃતિના પ્રચારમાં સક્રિય. મહેમદાવાદ તાલુકાનાં ગામોમાં સામાજિક કાર્યકર.

## કવિ, જોરસિંહ કમળસિંહ

જન્મ : 1900. પાલિતાણા, જિ. ભાવનગર.

અભ્યાસ : મૅટ્રિક. 1921થી સત્યાગ્રહ લડતમાં જોડાયા. વિદેશી કાપડની દુકાનો, દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ. 1930ની મીઠાની લડતમાં વિરમગામ છાવણીમાં ખૂબ માર સહન કર્યો. જેલવાસ (બે વાર). પોલીસોનો ભારે સિતમ. ચારોડિયા, ધ્રોળ, લીંબડી, ધ્રાંગધ્રા અને પાલિતાણાની લડતોમાં ભાગ. જેલવાસ. રાજકોટ લડતમાં જોડાયા–દમનનીતિનો ભોગ. અટકાયત. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાઈને સાબરમતી તેમજ અન્ય જેલોમાં સજા. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે પકડવામાં આવ્યા. લાંબો જેલવાસ. 1949 : સૌરાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાયા. મુંબઈ વિધાનસભામાં સભ્ય. સ્વરાજ બાદ ખેતી, ગોસેવા. પાલિતાણામાં શૈક્ષણિક સંસ્થાઓની રચના. પત્ની કસ્તૂરબહેન રાષ્ટ્રીય લડતોમાં હતાં. અવસાન : 1966.

## કવિ, નાનાલાલ દલપતરામ

જન્મ : 1877.

શિક્ષણ : એમ.એની ઉપાધિ. 1901માં મુંબઈ રાજ્યના શિક્ષણખાતામાં ઉચ્ચ હોદ્દા શોભાવ્યા. ગુજરાતના મોટા ગજાના સાહિત્યકાર. 1921ના નવેમ્બરમાં કૉલકાતામાં થયેલા અત્યાચારોના વિરોધમાં સરકારી નોકરીનો ત્યાગ. અમદાવાદમાં સ્થાયી થયા. તેમની રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓના કારણે 1923માં ધરપકડ માટેનું વૉરંટ. પરંતુ તે વખતના કલેક્ટરની દરમિયાનગીરીથી તે પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. ગાંધીજીની 50મી વર્ષગાંઠે 'ગુજરાતનો તપસ્વી' કાવ્ય લખ્યું. 1932માં ગાંધીજીએ આદરેલી સવિનય ભંગની લડત અંગે બારડોલીમાં 'ધર્મના વીર ઓ આર્યપુત્ર ઊઠજો' નામનું કાવ્ય.
અવસાન : 10 જાન્યુઆરી, 1946.

## કસનજી કુંવરજી

વલસાડ. વ્યવસાય : વકીલ

હોમરૂલ લીગની વલસાડની શાખાના મંત્રી હતા. લીગના સભ્યો નોંધતા. પત્રિકાઓ વહેંચતા. હોમરૂલનો પ્રચાર કરવા વાસ્તે જાહેરસભાઓ યોજતા.

## કહાનદાસ ખુશાલદાસ

માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

1938 : માણસાના જમીન-મહેસૂલ સત્યાગ્રહ દરમિયાન સંગ્રામ સમિતિના બીજા સરમુખત્યાર. તેમની આગેવાની હેઠળ 100 જેટલા ખેડૂતોએ સાદરા જઈને માણસા રાજ્યના રાવલશ્રી(રાજા)નાં જુલમો, દમન તથા અત્યાચારોની ફરિયાદ પોલિટિકલ એજન્ટ સમક્ષ કરી હતી. પરિષદના પ્રમુખ તરીકે તેમણે 3 એપ્રિલ, 1938ના રોજ સમગ્ર દેશમાં લડતની સહાનુભૂતિમાં 'માણસા દિન' ઊજવવા અપીલ કરી.

## કંકુબહેન

ધર્મજ, જિ. આણંદ

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં બંદૂકના કુંદાથી તેમને બરડા ઉપર ઈજા થઈ હતી.

## કંથારિયા, મૂળજીભાઈ હરજીભાઈ

જન્મ : આશરે 1917. કુવાડવા, જિ. રાજકોટ.

રાજકોટ લડતમાં ભાગ લીધો. રાજ્યે જમીન-ખોરડાં, ઊભો ખેતીપાક જપ્ત કરેલ. આરઝી હકૂમતમાં ભાગ લીધો.

## કંથારિયા, વિજ્ઞાનપ્રસાદ હરિપ્રસાદ

જન્મ : 19 જુલાઈ, 1914. નડિયાદ, જિ. ખેડા.

1920માં રાષ્ટ્રીય શિક્ષણ તથા વ્યાયામપ્રવૃત્તિમાં સક્રિય. નડિયાદ તથા અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ. 1930માં નડિયાદ, મહેમદાવાદ, કપડવંજમાં મુખી-તલાટીઓને નોકરી છોડાવી સરકારી તંત્ર ખોરવી નાખવા માટે પ્રચાર. ધરપકડ. 1 મહિનો કારાવાસ. વ્યવસાય : કાપડનો વેપાર.

## કંથારિયા, હરિપ્રસાદ છોટાલાલ

જન્મ : 11 ઑગસ્ટ, 1882. નડિયાદ, જિ. ખેડા.

1914 : રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય. સ્વદેશી આંદોલન, રાષ્ટ્રીય શિક્ષણ, ખેડા સત્યાગ્રહ. 1930 : મીઠા સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. સાહિત્ય સહિત રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય.

અવસાન : 25 સપ્ટેમ્બર, 1944. ઇંદોર.

## કંદોઈ કેશવલાલ ભોગીલાલ

જન્મ : 28 ઑક્ટોબર, 1909. બોટાદ.

અભ્યાસ : ધોરણ 5. 1930ની મીઠાની લડત વખતે સત્યાગ્રહ કરતાં તેમની ધરપકડ કરવામાં આવી. એક માસનો જેલવાસ ભોગવ્યો. તેમનું નિધન. રાજ્ય સરકારનું પેન્શન તેમનાં પત્ની રસીલાબહેનને મળે છે.

## કંસારા, ગુલાબબહેન

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદની મિલોની હડતાળ ખોલવાના વિરોધમાં મિલમાલિકોને બંગલે ઉપવાસ. પાંચમા દિવસે 27-11-1942ના રોજ ચંપાબહેન મહેતાના હસ્તે, તેમના બંગલે પારણાં.

## કંસારા, ધનજીભાઈ સવજીભાઈ

જન્મ : 1895. શિહોર.

1930-31ની મીઠાની લડતમાં ભાગ. વિદેશી કાપડ તેમજ દારૂની દુકાનો ઉપર પિકેટિંગ. ધરપકડ. સાબરમતીમાં ચાર માસ જેલવાસ. પેન્શન એનાયત થયેલ.

અવસાન : 1979.

## કંસારા નટવરલાલ ચીમનલાલ

જન્મ : 1919. પાટણ. વતન : વિસનગર.

અભ્યાસ : ધોરણ 9 સુધી. ધંધો : કંસારા. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. વડોદરા રાજ્ય પ્રજામંડળના સભ્ય. પોલીસ ઇન્સ્પેક્ટરે ખૂબ મારવાથી ખભાના સાંધામાં ઈજા. અમદાવાદ વા. સા. હૉસ્પિટલમાં સારવાર. સભા-સરઘસ વગેરે પ્રવૃત્તિ. બે વાર ધરપકડ. જેલવાસ. એક વાર ત્રણ માસ, બીજી વાર ચાર માસની જેલ. 1947ની જૂનાગઢની આરઝી હકૂમતમાં સૈનિક તરીકે ભાગ લીધો. મહાગુજરાતના આંદોલન(1956-60)માં સક્રિય. એક મહિનાની સજા. સાબરમતી જેલમાં.

## કંસારા, મનસુખલાલ રણછોડદાસ

જોરાવરનગર, સૌરાષ્ટ્ર.

1942ની લડતમાં ભાગ લીધો. ચાર માસની જેલની સજા ભોગવી.

## કંસારા, રામજીભાઈ ગોપાલજી

જન્મ : 1898. શિહોર, સૌરાષ્ટ્ર.

1930-31ના મીઠાના સત્યાગ્રહમાં અમદાવાદમાં ભાગ લીધો. વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતાં પકડાયા. સાબરમતી જેલમાં બે માસની સજા ભોગવી.

## કાકડિયા, હરદાસભાઈ ખોડાભાઈ

કુવાડવા, જિ. રાજકોટ.

રાજકોટની લડતમાં ભાગ લેવા માટે એક વરસની સજા થઈ. જમીન-ખોરડાં જપ્ત થયાં.

## કાકા, કાંતિલાલ અંબાલાલ

જન્મ : 25 સપ્ટેમ્બર, 1910. લુણાવાડા, પંચમહાલ.

પિતા બંગભંગઆંદોલનમાં સક્રિય. 1927 : અમદાવાદ અ. ભા. યુવક કૉંગ્રેસમાં. 1930 : જવાહરલાલની ધરપકડ. પરીક્ષાત્યાગ. લુણાવાડા રાષ્ટ્રીય આંદોલનમાં સક્રિય. રેંટિયા-પ્રચાર. વિદેશી માલનો બહિષ્કાર – અમદાવાદ. ધ્વજવંદનમાં લાઠીમાર. 1931 : સત્યાગ્રહ. 2 મહિના કઠોર કારાવાસ. 1937 : ધ્વજારોપણ. ભાષણ. અટકાયત અને દંડ. મુંબઈ. રાજકીય પ્રવૃત્તિ. રચનાત્મક પ્રવૃત્તિ.

## કાગદી, ચુનીલાલ છગનલાલ

જન્મ : ભાવનગર.

ભાવનગરમાં કાગળ, પુસ્તકોના વેપારી. રાષ્ટ્રીય ચળવળમાં સક્રિય. 1942ની લડતમાં ભાગ લેતાં પકડાયા. જેલવાસ. તેમનું નિધન થયેલ છે.

## કાચા, દામજીભાઈ નારણજી

રાજકોટ.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લેવાથી, ધરપકડ કરી, કેસ ચલાવી જેલની સજા કરવામાં આવી. ભારત સરકારનું પેન્શન એનાયત થયેલ.

## કાચા, પ્રાણલાલ કુંવરજી

જન્મ : 25 ડિસેમ્બર, 1913. રાજકોટ.

1931માં આફ્રિકાથી ભારતમાં આવીને મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. રાજકોટ લડતમાં પણ ભાગ લીધો. કુલ છ માસની જેલની સજા ભોગવી.

## કાચા, ભગવાનજી રાઘવજી

રાજકોટ.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. ધરપકડ. જેલ ભોગવી.

## કાચા, માધવજીભાઈ નરસિંહભાઈ

રાજકોટ.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લેવાથી તેમની ધરપકડ કરવામાં આવી. તેમણે જેલની સજા ભોગવી. ભારત સરકાર તરફથી તેમને પેન્શન મળે છે.

## કાછિયા, છગનલાલ નાથજીભાઈ

જન્મ : 5 જુલાઈ, 1901. ગોધરા, જિ. પંચમહાલ.

1920 : અસહકારની ચળવળમાં ગુજરાત કૉલેજ છોડી ગૂજરાત વિદ્યાપીઠમાં સેવક તરીકે જોડાયા. 1930ની ચળવળમાં વિદ્યાપીઠમાં ઓછા વેતને સેવા. 1932માં ખેડા જિલ્લાના સરમુખત્યાર તરીકે 2 વરસની જેલ અને રૂ. 300/- દંડ અથવા છ માસની સજા વધુ થઈ હતી. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં વિદ્યાપીઠ સાચવવા વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી સાથે રહ્યા.

## કાઝી, કાન્તિલાલ ઠાકોરલાલ

જન્મ : 8 સપ્ટેમ્બર, 1908. અમદાવાદ.

શિક્ષણ : સિવિલ એન્જિનિયરિંગ અને સર્વેઇંગ. સમાજસેવક. 1930માં સત્યાગ્રહની લડત પ્રસંગે બે વાર જેલવાસ.

## કાઝી, નૂરભાઈ સવાલીભાઈ

જન્મ : 13 મે, 1926. પાલિતાણા, જિ. ભાવનગર.

અભ્યાસ : ધોરણ સાત. ચારોડિયા તથા પાલિતાણા સત્યાગ્રહમાં ભાગ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ. લાંબો સમય હદપાર.

પેન્શન, તામ્રપત્ર એનાયત થયેલ છે.

## કાઝી, ફૈયાઝમિયાં હઝરતમિયાં

જન્મ : 1905. ભરૂચ.

ભરૂચ નગરપાલિકાની કચેરીમાં નોકરી. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ભરૂચમાં. 1920માં મૅટ્રિકની પરીક્ષાનો બહિષ્કાર. આંદોલનમાં સક્રિય. 26 માર્ચ, 1930ના રોજ ભરૂચમાં સેવાશ્રમમાં ગાંધીજી સાથે મુલાકાત. ભરૂચ નગરપાલિકાની નોકરીને તિલાંજલિ. રચનાત્મક કાર્યકર.

## કાદરી, સૈયદ મુસ્તફામિયાં બાવામિયાં

જન્મ : 18 મે, 1892. અમદાવાદ.

સામાજિક કાર્યકર. સરદાર વલ્લભભાઈ અને દાદાસાહેબ માવળંકર સાથે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં. 1921ની અમદાવાદમાં મળેલી કૉંગ્રેસ મહાસભામાં સક્રિય કાર્યકર. 1936માં મ્યુનિસિપાલિટીમાં કૉંગ્રેસને વિજય અપાવનાર સક્રિય સભ્ય. 1942માં અમદાવાદ મ્યુનિસિપાલિટીની બરતરફી વખતે સરકારે તે તંત્ર સંભાળી લેવા કરેલ વિનંતીનો અસ્વીકાર કર્યો. હડતાળમાં જોડાયા.

## કાનજી અંબારામ

જન્મ : 1921.

રૉયલ ઇન્ડિયન નેવીના 1946ના બળવાને ટેકો આપવા માટેના પ્રજાકીય આંદોલનમાં ભાગ. 23 ફેબ્રુઆરી, 1946ના દિવસે પોલીસ ગોળીબારનો ભોગ – તે જ દિવસે અવસાન.

## કાનજી ઊજમશી

હળવદ.

1931ની ધ્રાંગધ્રાની લડત વખતે સભા-સરઘસ અંગેની જાહેરાત કરવા માટે એક જુવાન થાળી લઈ ગામમાં નીકળ્યો. પોલીસો તેના ઉપર તૂટી પડ્યા. એને છોડાવવા ગયેલા કાનજી વગેરે ભાઈઓ ઉપર પોલીસો લાઠી લઈને તૂટી પડ્યા. તેમાં તેઓ સખત ઘાયલ થયા.

## કાનજી મોતીભાઈ

ધ્રાંગધ્રા, સૌરાષ્ટ્ર.

નવેમ્બર 1931ની ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લેવા આત્મારામ પ્રભાશંકર ભટ્ટની આગેવાની હેઠળ છઠ્ઠી ટુકડીમાં જોડાયા. વઢવાણથી દૂધરેજ જઈને મુકામ કર્યો. ત્યાંથી 29 નવેમ્બર, 1931ના રોજ સવારે ટ્રેનમાં નીકળી રાજસીતાપુર પહોંચ્યા. ત્યાં રાષ્ટ્રગીતો ગાયાં, સૂત્રો પોકાર્યાં, રામધૂન કરી. પછી ધ્રાંગધ્રાની હદમાં પ્રવેશતાં ધરપકડ કરી અજાણ્યા સ્થળે લઈ જવામાં આવ્યા. રાજસીતાપુરમાં તે દિવસે લોકોએ સખત હડતાળ પાડી.

## કાનાબાર, દ્વારકાદાસ કુબેરદાસ

જન્મ : ઑક્ટોબર, 1915. ધારી.

અભ્યાસ : મૅટ્રિક. 1932ના મીઠા સત્યાગ્રહમાં ભાગ લેતાં પકડાયા. છ માસ જેલવાસ. પેન્શન તેમજ તામ્રપત્ર એનાયત થયેલ છે.

અવસાન : ઑક્ટોબર, 1962.

## કાનૂગા, ડૉ. બળવંતરાય નરસિંહલાલ

જન્મ : 20 ઑગસ્ટ, 1878. અમદાવાદ.

મુંબઈ યુનિવર્સિટીની મેડિકલ પદવી. લંડન તથા એડિનબરોમાં વધુ અભ્યાસ. અમદાવાદમાં

વ્યવસાય. શિક્ષણના તથા અન્ય સાર્વજનિક કાર્યોમાં સક્રિય. ગાંધીજી-સરદારના સંપર્કમાં અસહકાર- આંદોલનમાં સક્રિય. 1932 : ગાંધીજીનું દાંડીકૂચમાં પકાવેલું મીઠું ખરીદ્યું. સવિનય કાનૂનભંગમાં કારાવાસ. રૂ. 1,000 દંડ નહિ ચૂકવતાં મોટર જપ્ત થઈ. અમદાવાદના પ્રતિષ્ઠિત અને નામાંકિત સામાજિક કાર્યકર. અવસાન : 1 ઑક્ટોબર, 1949. અમદાવાદ.

## કાનૂગા, વિજયાગૌરી બળવંતરાય

(નંદુબહેન) અમદાવાદ.

બળવંતરાય કાનૂગાનાં પત્ની. ભરૂચના 'છોટે સરદાર' ચંદુલાલ દેસાઈનાં બહેન.
અમદાવાદ મહિલા જાગૃતિનાં કાર્યોમાં સક્રિય. 1920 : અમદાવાદ. રેંટિયા વર્ગ. 1921 : દારૂનાં પીઠાં અને પરદેશી કાપડભંડારો પર પિકેટિંગ. પોતાનાં કપડાંની હોળી. અલંકારોનો ત્યાગ. ઘેર ઘેર ફરી ટિળકનિધિ તથા દુકાળનિધિ ઉઘરાવ્યો. 1930 : પિકેટિંગ મંડળની સ્થાપના. સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. 1938 : મુંબઈનાં ધારાસભ્ય. 1942 : સત્યાગ્રહ સરઘસની આગેવાની. 6 મહિના કારાવાસ.

## કાન્તિલાલ જેઠાલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદ સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં ભાગ લીધો. છ માસની સખત કેદની સજા અને રૂ. 200/- દંડ અથવા 3 માસની વધુ કેદ.

## કાપડિયા, કાનજીભાઈ ત્રિભુવનદાસ

જન્મ : વાંકિયા, જિ. અમરેલી.

ગાંધીજીની હાકલથી પ્રેરાઈને ધોલેરા સત્યાગ્રહમાં જોડાઈ બિનજકાતી મીઠું ધોલેરાની ખાડીમાંથી લાવવા ટુકડીમાં જોડાયા. ધોલેરામાં ભાષણ કરતાં ધરપકડ. 3 માસની જેલ. દારૂનાં પીઠાં અને પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવા ટુકડી બનાવી. અમરેલી, ગોંડળ અને જેતપુરની આસપાસનાં ગામોમાં પ્રચારકાર્ય અસ્પૃશ્યતાનિવારણનો પ્રચાર. અમરેલી, ગોંડળ, કોડીનાર અને જૂનાગઢ રાજ્યની પ્રજાકીય લડતોમાં ભાગ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ. અમદાવાદમાં – 'સ્વદેશ' અનિયતકાલિક પત્રના તંત્રી.

## કાપડિયા, ચુનીલાલ

ચીખલી, જિ. સૂરત.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં સક્રિય ભાગ લીધો. સભા-સરઘસોમાં જોડાવું, પત્રિકા વહેંચીને લડતનો પ્રચાર, દારૂતાડીનો બહિષ્કાર વગેરે. તેમની ધરપકડ કરીને 9 મહિનાની જેલની સજા કરવામાં આવી હતી.

## કાપડિયા, જમનાદાસ

રાનકૂવા, તા. ચીખલી.

1930-32ની સવિનય કાનૂનભંગની લડત દરમિયાન રાનકૂવા ગામમાં ખજૂરાનાં ઝાડ કાપવામાં આવ્યાં તથા દારૂ-તાડીના માંડવા બાળવામાં આવ્યા અને લોકો દારૂ પીવા ન જાય તે માટે પિકેટિંગ કર્યું. મીઠુબહેન પિટીટ મહિલાઓનું પિકેટિંગ ગોઠવતાં.

## કાપડિયા, જ્યોત્સ્નાબહેન બંસીલાલ

જન્મ : 16 સપ્ટેમ્બર, 1925. ગણદેવી.

1942ની લડતમાં ગણદેવીની હાઈસ્કૂલ ઉપર પિકેટિંગ, સભા-સરઘસ અને બીજા કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ગણદેવી સુધરાઈમાં જાહેરસેવા.

## કાપડિયા, મૂળચંદ કરસનદાસ

સૂરત.

જૈન વિજય પ્રિન્ટિંગ પ્રેસના માલિક. તેમણે બારડોલીના શિકેર ગામના શિશુમંડળ તરફથી પ્રગટ કરેલ 'ભારત દુર્દશા દર્શન' નામની

રાજદ્રોહી પુસ્તિકા છાપી. તેથી માર્ચ, 1917માં સરકારે તેમની રૂ. 500ની જામીનગીરી જપ્ત કરી અને તે પુસ્તકની બધી જ નકલો જપ્ત કરી. કાપડિયાને સરકારે ધમકી આપી કે તેમનું લાઇસન્સ રદ કરવામાં આવશે. તેમની પાસેથી રૂ. 1,500ની વધારે જામીનગીરી લેવામાં આવી.

## કાપડિયા, રતિલાલ દુર્લભદાસ

સૂરત.

રાંદેરમાં પ્રેસ હતું. 'કેસરીનાં કેસરિયાં' નામનું છાપું પ્રકટ કર્યું. સૂરતની રાષ્ટ્રીય શાળાઓની પ્રવૃત્તિઓમાં ઉત્સાહથી સાથ આપ્યો હતો. 'અસહકાર' નામનું અઠવાડિક તેમણે 'દેશીમિત્ર' પ્રેસમાંથી કાઢ્યું. નાગપુર ઝંડા સત્યાગ્રહમાં જેલ ભોગવી. 1930માં દાંડીકૂચ વખતે લડતમાં ઝંપલાવ્યું. સૂરતના સરમુખત્યાર નિમાયા. બે વર્ષની કેદ અને રૂ. 300 દંડની સજા. જેલનાં કષ્ટો ભોગવ્યાં.
58 વર્ષની વયે અવસાન થયું હતું.

## કાપડિયા, રંગીલદાસ મગનલાલ

જન્મ : 14 સપ્ટેમ્બર, 1893. ગણદેવી, જિ. નવસારી.

માધ્યમિક શિક્ષણ. ઠક્કરબાપા તથા ડૉ. સુમન્ત મહેતાનો ઘનિષ્ઠ પરિચય. દેશસેવા માટે જીવન સમર્પણ કરવાની પ્રતિજ્ઞા. 1916-17 : હોમરૂલ ચળવળમાં મુંબઈમાં ભાગ લીધો. વિઠ્ઠલભાઈ પટેલ, ભૂલાભાઈ દેસાઈ, સરોજિની નાયડુનો ગાઢ પરિચય. પેટલાદની પ્રજાએ ભૂગર્ભ પાણી પરના કર વિરુદ્ધ કરેલા સત્યાગ્રહનું સુકાન સંભાળ્યું. 1928માં બારડોલી સત્યાગ્રહ શરૂ થતાં વલ્લભભાઈ પટેલે તેમને બોલાવી સરભોણ છાવણીની જવાબદારી સોંપી. 'અખિલ હિન્દ રાજસ્થાન (દેશી રાજ્યો) પ્રજા-પરિષદ' સ્થાપી, તેના પ્રથમ મંત્રી ચૂંટાયા. 'સ્ટેટ પીપલ' સાપ્તાહિકનું તંત્રીપદ સંભાળ્યું. 1930ની ચળવળમાં ગાંધીજીની સૂચનાથી જલાલપોર છાવણીનું કામ સંભાળ્યું. ધરાસણાના મીઠા સત્યાગ્રહના સંચાલનમાં મદદ. 'ધરાસણાનો કાળો કેર' પુસ્તક દિનકર મહેતા સાથે ગુજરાતી અને અંગ્રેજીમાં લખ્યું. નવસારીમાં ધરપકડ, છ માસની સખત કેદની સજા. 1932માં મુંબઈથી ધરપકડ. બે માસ જેલમાં રાખી પેરોલ પર છોડ્યા. પેરોલ ભંગ કરવાના ગુના બદલ ફરી કારાવાસ. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં લડતનાં બીજાં કામો સાથે ભાંગફોડની સામગ્રી મેળવીને કાર્યકરોને પહોંચાડવાનું કામ કર્યું.

## કાબરાવાળા, નાનુભાઈ આત્મારામ

રાંદેર, સૂરત. વ્યવસાય : દુકાનદાર.

1942ની લોકક્રાંતિમાં એકલવીરની જેમ ધ્વજ લઈને સૂત્રો પોકારતાં પકડાયા. 1 વર્ષ કઠોર કારાવાસ, સાબરમતી કારાગૃહમાં.

## કામદાર, ઉત્તમચંદ ડાહ્યાભાઈ

જન્મ : 1921. અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદમાં વીજળીનાં સબસ્ટેશનો ઉડાવી દેવા – શાહપુરના સબસ્ટેશનમાં બૉંબ મૂકવા ગયા. ધરપકડ.3-1-1943, અટકાયત.

## કામદાર, રમીબહેન

જ. 1896. માંડવી, કચ્છ.

મુંબઈમાં રહેતા એમ. એમ. કામદાર સાથે લગ્ન. રાષ્ટ્રીય લડતમાં મુંબઈમાં ભાગ લીધો. જેલયાત્રા કરી. સ્ત્રીઓના હક્ક અને સ્વમાન વાસ્તે લડત. ટિળક રાષ્ટ્રીય ફંડ માટે મોટી રકમ એકઠી કરી.
કૉંગ્રેસના અસામાન્ય વક્તા.

## કામદાર, વાડીલાલ

પાટડી, જિ. સુરેન્દ્રનગર.

1930ના મીઠા સત્યાગ્રહ સમયે પાટડી ખાતેથી દારૂની દુકાન પર પિકેટિંગ કરતાં પકડાયા. એક માસની સજા વિરમગામ જેલમાં ભોગવી.

## કામદાર, વાડીલાલ રતિલાલ

જન્મ : 28 જુલાઈ, 1921. વતન : લીંબડી, સૌરાષ્ટ્ર. કાર્યક્ષેત્ર : અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન કૉલેજનો અભ્યાસ છોડી અમદાવાદ આવ્યા. મગનભાઈ રણછોડભાઈ પટેલની સૂચનાથી વિરમગામ તાલુકાનાં ગામોમાં રામજીભાઈ પટેલ અને શકરચંદ ગાંધી સાથે ફરીને એક મહિનો લડતનો પ્રચાર કર્યો. માંડલ ગામે ધરપકડ. 6 માસ અટકાયત. છૂટ્યા બાદ સૌરાષ્ટ્રથી ડાયનેમાઇટ લાવી ગૂજરાત વિદ્યાપીઠ પાસે ગરનાળામાં મૂક્યો. નિષ્ફળતા. બૉબ બનાવવાના શેલ લઈ જઈને રમણલાલ રાવળને આપી આવ્યા. 1976-1977 અને 1977-78 દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના મેયર. ઉપપ્રમુખ; ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ (1992-98); ઉપપ્રમુખ, એનિમલ વેલ્ફેર બોર્ડ ઑવ્ ઇન્ડિયા (1989-98); અધ્યક્ષ, ગુજરાત વૉટર સપ્લાય ઍન્ડ સુવેઝ બોર્ડ (199294).

## કામા, ભિખાઈજી (મેડમ)

જન્મ : 24 સપ્ટેમ્બર, 1861. મુંબઈ.

1885ના ડિસેમ્બરમાં મુંબઈમાં મળેલા કૉંગ્રેસના પ્રથમ અધિવેશનમાં ભાગ લઈ દેશસેવાનો સંકલ્પ. અરવિંદ ઘોષ અને ટિળકના વિચારોથી રાષ્ટ્રભક્તિનાં બીજ રોપાયાં. લગ્ન બાદ બીમાર. સારવાર વાસ્તે ઇંગ્લૅન્ડ. ત્યાં દાદાભાઈ નવરોજીની પ્રેરણા. 1907માં જર્મનીના સ્ટટગાર્ટમાં સમાજ-વાદીઓની કૉંગ્રેસમાં હાજર રહી સ્વતંત્ર ભારતનો ધ્વજ ફરકાવ્યો. ઇંગ્લૅન્ડમાં શ્યામજી કૃષ્ણવર્મા, સરદારસિંગ રાણા, વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય અને વીર સાવરકરના સંપર્કથી ક્રાંતિ-કારી બન્યાં. લંડનના હાઇડપાર્કમાં ભારતને સ્વતંત્રતા અપાવવાનાં ભાષણો કરતાં. 1909માં પૅરિસમાં વસવાટ. ભારતની સ્વાધીનતાનો પ્રચાર. 'વંદે માતરમ્' નામના સામયિક દ્વારા અંગ્રેજોની દમનનીતિનો યુરોપના દેશોમાં પ્રચાર. પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયા બાદ ભારતીય સૈનિકોની માર્સેલ્સની છાવણીમાં જઈ અંગ્રેજો સામે બળવો કરવા ઉશ્કેર્યા. ફ્રેન્ચ સરકારે અટકાયત–ત્રણ વર્ષ 1915-1918. ગુપ્ત રીતે ભારતના ક્રાંતિકારોને શસ્ત્રો મોકલતાં. ઇંગ્લૅન્ડની ચૂંટણીમાં દાદાભાઈ નવરોજીનો પ્રચાર.

અવસાન : 16 ઑગસ્ટ, 1936. મુંબઈ.

## કામોઠી, વલ્લભદાસ કેશવજીભાઈ

જન્મ : 15 સપ્ટેમ્બર, 1913. અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડતમાં સક્રિય. સભા-સરઘસો, પત્રિકાપ્રવૃત્તિની કામગીરી કરી. છ માસની સજા થઈ. બીજી વખત ચાર માસની સજા થઈ.

## કારિયા, જમનાદાસ નાગજી

જન્મ : 22 સપ્ટેમ્બર, 1922. બાબરા, સૌરાષ્ટ્ર.

પિતાજી પાસેથી રાષ્ટ્રવાદી સંસ્કાર મળ્યા. જમનાદાસ તેમના લડતના સાથીદારોમાં 'ધીરુભાઈ' નામથી ઓળખાતા. 1941થી ખાદી પહેરતા. 1942ની ચળવળ વખતે મુંબઈમાં હતા. સરકારી દમનના વિરોધમાં ત્રણ કૉલેજોના વિદ્યાર્થીઓનું સરઘસ કાઢ્યું. પોલીસનો સરઘસ પર લાઠીમાર. એમને પણ સખત માર પડ્યો. બેભાન થઈને રસ્તા પર પડ્યા. પોલીસ એ સ્થિતિમાં ઉઠાવી ગઈ. મઝગાંવ કોર્ટમાં કેસ ચલાવ્યો. સજા થઈ.

6-11-1942ના રોજ બીજા કેદીઓ સાથે આર્થર રોડ જેલમાંથી યરવડા જેલમાં લઈ જતા હતા ત્યારે ભાયખલા સ્ટેશનેથી પોલીસને થાપ આપીને નાસી ગયા. ત્યાર બાદ મિત્રોને અનુસરીને ગણદેવી જઈ, ત્યાં 'ધીરુભાઈ' નામ રાખી ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયા. ચોરા બાળવા, ટપાલ લૂંટવી, રેલવેમાં ભંગાણ વગેરે પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. 3 જાન્યુઆરી, 1943ની રાત્રે શામળાવાડીમાં ગુપ્તનિવાસ પાસેથી પાંચ સાથીઓ સહિત ધરપકડ. નવસારી પોલીસચોકીમાં પંદર દિવસ ગુનો કબૂલ કરાવવા અમાનુષી જુલમ ગુજાર્યો. પરંતુ કબૂલ્યું નહિ. નવસારીની સબજેલમાં છ માસ રાખ્યા બાદ, સૂરતની પોલીસને સોંપી, કેસ ચલાવી દરેકને છ માસની સખત કેદની સજા થઈ. એ સજા સાબરમતી જેલમાં ભોગવી. કુલ પંદર માસની સજા ભોગવી. ત્યાર બાદ અમદાવાદમાં મજૂર સંગઠન. પછી મુંબઈ જઈ મહારાષ્ટ્ર સરકારની નોકરીમાં સરકારી નોકરોનું સંગઠન કર્યું.

કાલેલકર, દત્તાત્રેય બાલકૃષ્ણ (કાકાસાહેબ)

જન્મ : 1 ડિસેમ્બર, 1885. સતારા, મહારાષ્ટ્ર.

બી.એ., એલએલ.બી.. 1905માં સ્વદેશીનું વ્રત. 1908માં 'રાષ્ટ્રમત' પત્રનું સંચાલન. 1920માં સત્યાગ્રહ આશ્રમમાં ગાંધીજી સાથે જોડાયા. 1920માં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના તથા સંચાલનમાં ફાળો. 1923માં 'નવજીવન' સાપ્તાહિકનાં લખાણો માટે એક વર્ષની જેલની સજા. 1930ની ચળવળમાં ખેડા જિલ્લામાં ધરપકડ. છ માસની સજા. 1932-33માં ફરી બે વાર જેલની સજા. તે પછી લોકશિક્ષણ, રાષ્ટ્રભાષા પ્રચાર, વર્ધા શિક્ષણ યોજના વગેરે રચનાત્મક પ્રવૃત્તિ. 1942માં વર્ધામાંથી ધરપકડ. કારાવાસ. લબ્ધપ્રતિષ્ઠ લેખક.

અવસાન : 1981.

## કાલેલકર, બાલ દત્તાત્રેય

જન્મ : 21 મે, 1912. શાહપુર, મહારાષ્ટ્ર.

દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી સાથે રહીને દાંડીકૂચમાં ભાગ લીધો. 1930માં ધરાસણામાં મીઠાનો સત્યાગ્રહ, 3 મહિના કારાવાસ. બોચાસણમાં રાષ્ટ્રીય શાળા સ્થાપી. નિષેધાજ્ઞાનો ભંગ કરી ભાષણ આપ્યું. છ મહિના કારાવાસ. ફરી સાડા સાત મહિના કારાવાસ. 1931 : બિહાર ધરતીકંપ પ્રસંગે સેવા. 1934માં બી.ઈ. થયા. અમેરિકા જઈ વધુ અભ્યાસ કર્યો. વિશ્વયાત્રા કરી.

વ્યવસાય : ઇજનેર, ભારત સરકાર.

## કાલેલકર, સતીશ દત્તાત્રેય

જન્મ : 1910.

કાકાસાહેબ કાલેલકરના પુત્ર. એમનું મૂળ નામ શંકર હતું. પછી સતીશ તરીકે જાણીતા થયા. ગાંધીજીની દાંડીકૂચના સાથી. તે પ્રસંગે જેલમાં ગયા હતા. જેલમાંથી છૂટ્યા પછી ભૂગર્ભ-પ્રવૃત્તિ કરી. સૂરતમાં હતા ત્યારે છૂપી કૉંગ્રેસપત્રિકા લખવાનું કામ કરતા. મુંબઈમાં પણ આ જ પ્રવૃત્તિ ચાલુ રાખી. આ ગાળામાં ત્રણ વખત જેલમાં ગયા. યરવડા જેલમાં તોફાની કેદી તરીકે સાત મહિના અલગ જેલમાં અને ત્રણ મહિના અંધારી ઓરડીમાં પૂરવામાં આવ્યા. તે પછી એલ્ફિન્સ્ટન કૉલેજમાં જોડાયા. 1948માં યુનોની ફ્રીડમ ઑવ્ ઇન્ફર્મેશનની કૉન્ફરન્સ જિનીવામાં મળી તેમાં ભારતના પ્રતિનિધિમંડળના સભ્ય અને મંત્રી તરીકે હતા.

## કાશીપારેખ, સારાભાઈ છોટાલાલ

જન્મ : ઑગસ્ટ, 1903. અમદાવાદ.

1919માં સ્વાતંત્ર્ય-આંદોલનમાં સ્વયંસેવક. 1921માં અમદાવાદમાં કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવકોના સૂબેદાર. 1930માં મીઠું ગેરકાયદે વેચતાં 3 મહિના કારાવાસ. ભાષણ

માટે ફરી સાડા સાત મહિના કારાવાસ. 1923માં બોરસદ સત્યાગ્રહ વખતે સારસા છાવણીમાં સક્રિય. 1928માં બારડોલી સત્યાગ્રહ. 4 મહિના છાવણીમાં સેવાકાર્ય. 1932માં દોઢ વર્ષ કારાવાસ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. ભાષણ. 1 વર્ષ નાશિક કારાગૃહ. 1942માં બે વર્ષ નાશિક કારાગૃહમાં સજા. વ્યવસાય : વેપાર.

## કાશીબહેન

ઇન્દ્રપુરા, માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત

1938 : માણસાના જમીન-મહેસૂલ સત્યાગ્રહમાં ભાગ લઈને જમીન-મહેસૂલ ભર્યું નહિ. રાજ્યના દમનનો વિરોધ કર્યો. લડતને 90 દિવસ વીત્યા પછી ખેડૂતોની પરિષદ ભરવામાં આવી. તેમાં કાશીબહેને કહ્યું, ''ભાલા અને ઘોડાઓથી ડરશો નહિ. પુરુષો જેલમાં જશે તોય લડત બંધ પડવાની નથી. અમે સ્ત્રીઓ લડત ચાલુ રાખીશું.''

## કાશીબહેન

ધર્મજ, જિ. આણંદ

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારોથી તેમને ખભો અને બરડા પર ઈજાઓ થઈ હતી.

## કાશીબહેન અંબાલાલ

સુણાવ, જિ. આણંદ.

1932ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. ફેબ્રુઆરી, 1932માં સુણાવમાં નીકળેલ ભાઈ-બહેનોના સરઘસમાં જોડાયાં. પોલીસે લાઠીચાર્જ કર્યો. સરઘસમાંથી તેમની ધરપકડ કરવામાં આવી. પાછળથી છોડી મૂકવામાં આવ્યાં.

## કાશીબહેન ઈશ્વરભાઈ

ઉંમર : 14. આંકલાવ, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ ઉપર પોલીસે કરેલા બેફામ લાઠીચાર્જમાં તેમને બંદૂકના ગોદા માર્યા તથા છાતી ઉપર ઈજા થઈ.

## કાશીબહેન કાશીભાઈ

આંકલાવ, જિ. આણંદ

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસોએ સખત લાઠીચાર્જ કરી અનેક બહેનોને ઘાયલ કરી. તેમાં એમને લાઠીના પ્રહારોથી ઈજા થઈ હતી.

## કાશીબહેન ડાહ્યાભાઈ

ઉંમર : 18. વહેરા, તા. બોરસદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવવા નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને લાઠીના પ્રહારોથી ખભો તથા બરડામાં ઈજાઓ થઈ હતી.

## કાશીબહેન તુલસીભાઈ

ધર્મજ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં બંદૂકના કુંદાથી તેમને કમ્મરમાં ઈજા થઈ હતી.

## કાશીબહેન ત્રિકમભાઈ

ઉંમર : 16. બોચાસણ, જિ. આણંદ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ અને સ્ત્રીઓ સાથે શરમજનક વર્તાવ કર્યો. તેમાં તેમને લાઠીના ફટકા, બંદૂકના કુંદા અને ટપલા માર્યા. ચોટલો ઝાલી ભોંય પર પટક્યાં. મોં અને છાતીમાં ઈજાઓ થઈ.

## કાશીબહેન નાથાભાઈ

ઉંમર : 18. રાસ, તા. બોરસદ.

21 જાન્યુઆરી, 1931ના રોજ બોરસદમાં 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે મહિલાઓના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને લાઠીના ફટકાથી પગમાં ઈજાઓ થઈ હતી.

## કાશીબહેન નારાયણભાઈ

ઉંમર : 25. આંકલાવ, જિ. ખેડા.

1930-32ની ચળવળ દરમિયાન 21 જાન્યુઆરી, 1931ના રોજ બોરસદ મુકામે 'સ્ત્રી સિતમ દિન' ઊજવવા માટે નીકળેલ મહિલાઓના સરઘસમાં જોડાયાં. પોલીસે કરેલ લાઠીચાર્જમાં લાઠીના પ્રહારથી કમ્મરમાં ઈજા થઈ હતી.

## કાશીબહેન મોતીભાઈ

ઉંમર : 17. આંકલાવ, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ ઉપર પોલીસે કરેલા બેફામ લાઠીચાર્જમાં બરડા પર ઈજા થઈ હતી.

## કાશીબહેન વલ્લભભાઈ

ચાંગા, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો હતો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે મહિલાઓના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કરી અનેક સ્ત્રીઓને ઘાયલ કરી. તેમાં તેમને લાઠીના પ્રહારોથી હાથ ઉપર ઈજા થઈ હતી.

## કાશીબહેન ભૂલાભાઈ

ચાંગા, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો હતો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવવામાં આવ્યો તે વખતે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસે સખત લાઠીચાર્જ કરી અનેક બહેનોને ઘાયલ કરી. તેમાં તેમને લાઠીના પ્રહારથી કોણી ઉપર ઈજા થઈ હતી.

## કાશીવાળા, મણિલાલ મંગળજી

નિવાસ : વાઘોડિયા, જિ. વડોદરા.

પ્રજામંડળની સ્થાપનામાં સક્રિય. 1930માં હાલોલ ઉપમંડળમાં સક્રિય. 1942માં 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેવા માટે 11 મહિના કારાવાસ. પુસ્તકાલયપ્રવૃત્તિમાં સક્રિય.

## કાસુભાઈ મથુરભાઈ

કાલોલ, જિ. પંચમહાલ.

1933માં 15 જાન્યુઆરી, પીપાવાવ, ગુજરાતના સરમુખત્યારોની પરિષદ. કાલોલના પ્રતિનિધિ. લાઠીમાર. ધરપકડ. બે વર્ષનો કારાવાસ. 300 રૂપિયા દંડ.

## કાળા દાદા

રાસ, તા. બોરસદ. બારૈયા જ્ઞાતિ.

1930-32ની લડત વખતે રાસની નાકરની લડતના બીજા તબક્કામાં તેને ખૂબ મારવામાં આવ્યો. માર માર્યાનું બોરસદ સત્યાગ્રહ

સમાચાર તા. 17 એપ્રિલ, 1932માં પ્રસિદ્ધ થતાં વળી તેનું ખોટું નિવેદન લેવા પ્રયાસ કર્યો. તૈયાર નિવેદન પર સહી લેવાનો પ્રયાસ નિષ્ફળ જતાં, તેને પકડીને પરાણે દારૂ પાઈને, માંસ ખવડાવીને બેભાન બનાવીને તેનો અંગૂઠો પાડી લીધો.

## કાળીદાસ ધનજી

પાણશીણા, તા. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

1939 : લીંબડીની લડતમાં જોડાયા. લીંબડી પ્રજાપરિષદ તરફથી ગામડાંઓમાં પ્રચારનું કામ કરતા હતા. રાજ્યઆશ્રિત તોફાની તત્વોએ તેમના ઘરને લૂંટ્યું. સખત માર મારીને લોહીલુહાણ કર્યા. તે પછી હિજરત કરી ગયા.

## કાળીદાસ ભગવાનદાસ

જન્મ : 1914.

રૉયલ ઇન્ડિયન નેવીના 1946ના બળવાને ટેકો આપવા પ્રજાકીય વિરોધ આંદોલનમાં ભાગ. 23 ફેબ્રુઆરી, 1946ના દિવસે પોલીસ ગોળીબારમાં ઘવાયા અને તે જ દિવસે મૃત્યુ પામ્યા.

અવસાન : 23 ફેબ્રુઆરી, 1946.

## કાળુભાઈ કાનજી

પાણશીણા, તા. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

ગામના અગ્રણી વેપારી. લીંબડી પ્રજામંડળમાં જોડાયા. પ્રજામંડળની પ્રવૃત્તિમાં ભાગ લેતાં રાજ્યાશ્રિત તોફાની તત્વોએ અર્ધી રાત્રે તેમના ઘર પર હુમલો કર્યો. તેમને અને કુટુંબીજનોને મરણતોલ માર માર્યો; દાગીના તથા ઘરવખરીની લૂંટ. અન્ય પ્રજાજનો સાથે હિજરત. અણનમ, નિષ્ઠાવાન આગેવાન.

નિધન થયેલ છે.

## કાળુભાઈ ધનજી

પાણશીણા, તા. લીંબડી (દેશી રાજ્ય).

લીંબડી દેશી રાજ્યમાં સ્થપાયેલ પ્રજામંડળના પ્રમુખ. રાજ્ય તરફી માણસોએ 5 ફેબ્રુઆરી, 1939ની રાત્રે તેમના ઘરમાંથી માલમિલકત લૂંટીને ઉપાડી ગયા અને કાળુભાઈને તલવારની અણી ભોંકી દેવામાં આવી. બીજા કાર્યકરોના પણ એવા જ હાલહવાલ કર્યા.

## કાંગ સરદારસિંહ

જૂનાગઢ.

સ્વાતંત્ર્યની લડતમાં ભાગ લીધો. તેને લીધે ભોગ આપ્યો. રાજ્ય-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## કાંટલીવાળા, ચંદુલાલ ગબલભાઈ

જન્મ : 2 ફેબ્રુઆરી, 1899. સલાબતપુરા, જિ. સૂરત.

1926માં અછૂતોદ્ધાર અને અસ્પૃશ્યતાનિવારણ માટે પરિષદ ભરી. 1930ની ચળવળમાં ધરાસણાના મીઠાના સત્યાગ્રહનો સંદેશો ગામેગામ પહોંચાડ્યોલોકોમાં પ્રચાર. સત્યાગ્રહ કરતાં ધરપકડ, આઠ માસની સજા. 1933માં સૂરત જિલ્લાની કૉંગ્રેસના સરમુખત્યાર તરીકે કામગીરી.

## કાંટાવાળા, ચંદુલાલ ગરબડદાસ

નિવાસ : સૂરત.

1928માં જાહેર જીવનનો આરંભ. સ્વદેશીનો પ્રચાર. દારૂબંધી માટે આંદોલન. ધરાસણાના 1930ના મીઠાના સત્યાગ્રહ માટે સ્વયંસેવકોની ભરતી. નિર્દેશક. આઠ મહિના કારાવાસ. 1942ના સૂરત નગરપાલિકામાંના 'હિન્દ છોડો' ઠરાવને સમર્થન. દોઢ મહિનો અટકાયત. સહકારી મંડળીઓ, અસ્પૃશ્યતાનિવારણમાં સક્રિય.

## કાંટાવાળા, હરગોવિંદદાસ

સૂરત.

1878ની 27 ફેબ્રુઆરીએ સૂરતની પ્રજા પર પરવાના કર નાખવામાં આવ્યો. તેનો વિરોધ કરવાથી તેમની ધરપકડ થઈ. નિર્દોષ જાહેર થયા.

વડોદરા રાજ્ય પ્રજામંડળની 31-12-1916ના રોજ નવસારીમાં સ્થાપના કરી તેના પ્રથમ અધિવેશનના પ્રમુખ. તેની બંધારણ સમિતિના સભ્ય.

## કાંતિકુમાર ઘેલાભાઈ

જન્મ : આશરે 1922. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. હિન્દ સંરક્ષણ ધારા હેઠળ ધરપકડ. રાજકોટ સેન્ટ્રલ જેલમાં ચાર માસ જેલવાસ ભોગવ્યો.

## કાંતિલાલ ગિરધરભાઈ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો. પોલીસે ધરપકડ કરી. એક મહિનો જેલવાસ ભોગવ્યો. ત્યાર બાદ રાજ્ય-સરકારે તેમને મુક્ત કર્યા.

## કાંતિલાલ ચંપકલાલ

જન્મ : વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો. હિન્દ સંરક્ષણ ધારા હેઠળ તેમની ચાર વાર ધરપકડ કરવામાં આવી. લાંબો જેલવાસ ભોગવ્યો.

## કાંતિલાલ ચુનીલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. તેથી ધરપકડ કરવામાં આવી. તેમણે ટૂંકો જેલવાસ ભોગવ્યો. ત્યાર બાદ રાજ્યે તેમને મુક્ત કર્યા.

## કાંતિલાલ નાથાલાલ

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન વડોદરાથી 18-8-1942ની સવારે 34 યુવાનો ચળવળનો પ્રચાર કરવા નીકળ્યા. આણંદ તથા નજીકનાં ગામોમાં પ્રચાર કર્યો. સાંજે અડાસ રેલવેસ્ટેશનથી પાછા ફરતાં પોલીસોએ તેમના ઉપર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યો. તેમાં તેઓ લાઠીમારથી ઘાયલ થયા હતા.

## કાંતિલાલ પ્રેમશંકર

સૌરાષ્ટ્ર.

નવેમ્બર 1931માં શરૂ થયેલ ધ્રાંગધ્રાની લડતમાં રાઘવજીભાઈ વાઢેરની સાતમી ટુકડીમાં જોડાયા. આ ટુકડી 14-12-1931ના રોજ વઢવાણથી રવાના થઈ, દિગસર સ્ટેશને ઊતરીને દાણાવાડ ગામે મુકામ કર્યો. 15-12-1931ના રોજ ધ્રાંગધ્રા રાજ્યની હદમાં પ્રવેશતાં પોલીસે અગિયારે સત્યાગ્રહીઓને ગિરફ્તાર કરી, બળજબરીથી ખટારામાં બેસાડી ચરાડવા અને વ્રજપુરમાં જેલમાં પૂર્યા. ત્યાં તેઓને ખૂબ ત્રાસ આપ્યો. ઠોંસા, લાઠી ને સોટી તો હરતાં ને ફરતાં પોલીસો માર્યા જ કરે.

## કાંતિલાલ મગનલાલ

ભાવનગર.

## 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. તે માટે ધરપકડ કરવામાં આવી. એક માસ જેલ ભોગવી. ત્યાર બાદ રાજ્ય-સરકારે મુક્ત કર્યા.કાંતિલાલ વાઘજીભાઈ

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન 18 ઑગસ્ટ, 1942ના રોજ વડોદરાથી નીકળી આણંદ અને આસપાસનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો. તે સાંજે અડાસ રેલવેસ્ટેશને પોલીસે ગોળીબાર અને લાઠીમાર કર્યો. તેઓ લાઠીમારથી ઘાયલ થયા હતા.

## કાંતિલાલ સુખલાલ જસરાજ

પાણશીણા, તા. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડી પ્રજામંડળનું કામ કરતા હોવાથી રાજ્યઆશ્રિત ગુંડા ટોળીએ એમના ઘર પર રાત્રે હુમલો કર્યો. એમનાં પત્નીને મારવામાં આવ્યાં. ઘરવખરી અને દાગીનાની લૂંટ કરી. તેથી આખું કુટુંબ હિજરત કરી ગયું.

## કાંતિલાલ હરગોવિંદ (હરગોવન)

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

નવેમ્બર 1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં જોડાયા. 25-11ના રોજ વઢવાણથી નીકળેલી ચોથી ટુકડીમાં જોડાઈ પગપાળા કૂચ કરી, રાત્રે કટુડા ગામે રોકાઈ, 26-11ના રોજ સવારે પ્રયાણ કર્યું. ધ્રાંગધ્રા રાજ્યની હદ આવતાં મનાઈહુકમનો ભંગ કરવાથી પોલીસોએ ટુકડીના બધા નવે સભ્યોની ધરપકડ કરી. તેઓને પ્રતાપપુરા ગામે લઈ જઈ એક મકાનમાં પૂરી દીધા. તે ગામના લોકોએ સત્યાગ્રહીઓની ધરપકડના વિરોધમાં હડતાળ પાડી. કાંતિલાલને રાજ્ય- સરકારનું પેન્શન મળે છે.

## કિનારીવાલા, વનલીલા

અમદાવાદ.

1942ની ચળવળમાં મીઠાખળીમાં સ્ત્રી-લત્તાનાયક. સભા-સરઘસોમાં ભાગ. પત્રિકા વહેંચતાં. ઉસ્માનપુરામાં ભોંયપત્રિકા લખવા માટે 6-9-1942ના રોજ ધરપકડ. બે માસની કેદ અને રૂ. 100/- દંડની સજા.

## કિનારીવાલા, વિનોદ

જન્મ : 20 સપ્ટેમ્બર, 1924. અમદાવાદ.

1942, 10મી ઑગસ્ટે 'હિન્દ છોડો' આંદોલનના આરંભે ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓના સરઘસમાં ધ્વજ સાથે આગેવાની લીધી. પોલીસે ધ્વજ ત્યજી વીખરાવા આદેશ આપ્યો. વિનોદે સામો પડકાર કરી પોલીસના ગોળીબારમાં પ્રાણની આહુતિ આપી. કૉલેજના કમ્પાઉન્ડમાં સ્મારક રૂપે ખાંભી છે.

અવસાન : 10 ઑગસ્ટ, 1942. અમદાવાદ

## કીકાભાઈ ઉર્ફે નર્મદાશંકર

બારડોલી.

1930ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ લીધો હતો. બારડોલી તાલુકાનાં 250 ભાઈ-બહેનોનું એક સરઘસ તાલુકાનાં ગામોમાં ફર્યું હતું. તેમાંથી તેમની ધરપકડ કરી. કેસ ચલાવી તેમને જેલમાં મોકલવામાં આવ્યા હતા. વાણિયાઓને ડરાવવાની સરકારની યોજના તેમણે નિષ્ફળ બનાવી હતી.

## કીકાભાઈ લીંબાભાઈ

રાંદેર, જિ. સૂરત.

1932ની ચળવળ દરમિયાન પત્રિકા વહેંચતાં પકડાઈ ગયા. ચીખલીની કોર્ટે એક વર્ષની કેદની સજા કરી. નાશિકની જેલમાં સજા ભોગવી.

## કુનાબહેન ધૂળાભાઈ

ઉંમર : 35. રાસ, તા. બોરસદ, જિ. આણંદ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘર પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને લાઠીના ત્રણ ફટકા વાગવાથી બરડો, હાથ અને પગના નળા પર ઈજાઓ થઈ હતી.

## કુન્દનલાલ વેવલાલ

કલોલ, જિ. મહેસાણા.

1942ના સ્વાતંત્ર્યસંગ્રામમાં વિવિધ તબક્કે કારાવાસ. દંડ નહિ ભરીને વધારાનો કારાવાસ. તામ્રપત્ર.

## કુમારપ્પા, જોસેફ કૉર્નેલિયસ

જન્મ : 4 જાન્યુઆરી, 1892. તાંજોર, દક્ષિણ ભારત,

ધંધો : ચાર્ટર્ડ એકાઉન્ટન્ટટ. 1928 : ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક. 1930ની ચળવળમાં ભાગ લઈ કારાવાસ. 'યંગ ઇન્ડિયા' ચલાવવાની જવાબદારી ગાંધીજીએ સોંપી. તે અંગે બે વખત જેલ થઈ. 1934 : બિહાર ધરતીકંપમાં રાહત-કામગીરી. અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘની પ્રવૃત્તિઓ વિસ્તારી. ખાદી અને અર્થશાસ્ત્ર વિશે પુસ્તકોના પ્રસિદ્ધ લેખક. વિશ્વશાંતિનો પ્રચાર.

અવસાન : 30 જાન્યુઆરી, 1960.

## કુરેશી, અબદુલ્લા અબદુલ રહેમાન

જન્મ : 21 મે, 1904. જૂનાગઢ.

અભ્યાસ ધો. ૫ સુધી. 1922ની અસહકારની ચળવળમાં ભાગ. જૂનાગઢમાં રાજકીય જાગૃતિમાં સક્રિય. જૂનાગઢ પ્રજામંડળની લડતમાં ભાગ લેતાં નોકરીમાંથી રુખસદ. સરઘસમાં ભાગ–અટકાયત. આરઝી હકૂમતની લડતમાં સાથ.

## કુરેશી, અમીના ગુલામરસૂલ

જન્મ : 1910. દક્ષિણ આફ્રિકાનું જોહાનિસબર્ગ.

1932માં બારડોલી તાલુકાનાં ગામોમાં લડતનો પ્રચાર. તે દરમિયાન ધરપકડ, છ માસની જેલ.

દારૂબંધી. પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. 1933માં બહેનોની ટુકડી સાથે સત્યાગ્રહ, ધરપકડ, છ માસની જેલની સજા.

## કુરેશી, ગુલામરસૂલ મિયાંસાહેબ

જન્મ : 23 ઑગસ્ટ, 1898. ધંધૂકા.

1921 : અસહકારની ચળવળ વખતે કૉલેજ છોડી. મહેમદાવાદ રાષ્ટ્રીય શાળાના આચાર્ય બન્યા. લોકજાગૃતિની પ્રવૃત્તિ. 1930માં ગાંધીજી દાંડીકૂચ કરે તેની આગળ જતી એક અરુણ ટુકડીની નેતાગીરી. ધરાસણાના મીઠાના અગરોમાંથી મીઠું ઉપાડવા જતાં ધરપકડ. ત્રણ માસની સજા. અમદાવાદ જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રી. ફરી ધરપકડ અને છ માસની જેલ. 1932 : સરકારી પ્રતિબંધનો ભંગ કરી સભા ભરવા બદલ ધરપકડ, છ માસની જેલ, રૂપિયા 100 દંડ. જેલમુક્તિ બાદ ફરી સભા ભરી, કાનૂનભંગ. ધરપકડ. નવ માસની સજા. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ. બાર માસની સજા. 1942ની 'હિન્દ છોડો' લડતમાં 9મી ઑગસ્ટની સાંજે જિલ્લા લોકલ બોર્ડ ઑફિસના મેદાનમાં સભા ભરી. પત્રિકા પ્રગટ કરી. ધરપકડ. સાબરમતી અને નાશિક જેલમાં એક વરસ અટકાયતમાં. આઝાદી બાદ કૉંગ્રેસ સંગઠન તથા ખાદીપ્રવૃત્તિમાં સક્રિય.

અવસાન : 18 ડિસેમ્બર, 1991, અમદાવાદ.

## કુરેશી, હમીદભાઈ ગુલામરસૂલ

અમદાવાદ. વ્યવસાય : વકીલ.

10 ઑગસ્ટ 1942 : લૉ કૉલેજથી નીકળેલા સરઘસમાં જોડાયા. લડતનો પ્રચાર કરવા ગામડાંમાં પ્રવાસ. ગાંધીજીના ઉપવાસ દરમિયાન તેમને મુક્ત કરવાની માગણી કરવા અમદાવાદની ટુકડીમાં જોડાયા, પુણેમાં સરઘસમાંથી ધરપકડ. સવા મહિનો અન્ડર ટ્રાયલ રાખ્યા બાદ ચાર મહિનાની કેદની સજા.

## કુલકર્ણી, ગોપાળરાવ રામચંદ્ર

અમદાવાદ.

1920ના આંદોલનમાં સરકારી શાળા છોડી. ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ. 1930થી 1942 : સત્યાગ્રહની ચળવળોમાં વિરમગામ, અમદાવાદ, ખેડા, મુંબઈ અને સૌરાષ્ટ્રમાં સત્યાગ્રહમાં ભાગ. વિરમગામની સત્યાગ્રહ છાવણીના નાયક. સત્યાગ્રહો દરમિયાન ધરપકડ. જેલવાસ. ગુજરાતીમાં લેખક,

અનુવાદક. સંસ્કૃત, મરાઠી, હિન્દી કોશના ગુજરાતી વિભાગના સંપાદક.

## કુલફીવાળા, તુલસીદાસ

રાજકોટ, સૌરાષ્ટ્ર.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો અને સહન કર્યું. તુલસીદાસ મહાત્માશ્રી તરીકે ઓળખાતા. તીવ્ર રાષ્ટ્રભાવના. પોલીસનો ત્રાસ વારંવાર વેઠ્યો.

## કુસુમગર, ઘનશ્યામ કેશવલાલ

અમદાવાદ.

1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં બૉમ્બપ્રવૃત્તિમાં ભાગ લીધો. પ્રતિજ્ઞાપત્ર પર લોહી વડે સહી કરી. ‘સુરેશ’ ઉપનામ. મિલમાંથી ઍસિડ ભરેલો કેરબો ત્રણ વાર લઈ આવ્યા. અઠવાડિયા સુધી દોઢ સો જેટલા ખાલી બલ્બમાં ઍસિડ ભર્યો. તે પોલીસવાન પર નાખવાથી ભડકો થતો. અરવિંદ મિલમાંથી કરંડિયા ભરીને વીજળીના ખાલી બલ્બ તે લાવ્યા. તેમાં ઍસિડ ભરીને તૈયાર રાખ્યા. બનાવેલા બૉમ્બ નારણભાઈ પટેલને દરિયાપુર આપી આવ્યા. રેલવેમાં ભંગાણ (ડી-રેલ) કરવા ચંદુલાલ લલ્લુભાઈ પટેલને ઘેરથી લઈ આવ્યા. બૉમ્બ બનાવવા સેવાલિયાથી છ વાર ગનપાઉડર અને જામગરી લઈ આવ્યા. તે વેશપલટો કરીને – વડોદરા જઈ એક રિવૉલ્વર અને 25 કારતૂસ છોટુભાઈ પુરાણીને આપી આવ્યા. વીજળીનાં સ્વિચહાઉસ ખોલવાની પંદર ચાવીઓ બનાવી લાવ્યા. મિલોની હડતાળ ખૂલ્યા બાદ, મિલોમાં આગ લગાડવા, તેમણે બામની શીશીઓમાં ભીના રૂ સાથે ફૉસ્ફરસ ભરીને તૈયાર રાખી. મિલમજૂરો તે લઈ જઈને મિલોમાં આગ લગાડતા. સાથીઓ પકડાવાથી વેશપલટો કરીને અમદાવાદમાં. દોઢ માસ રિમાન્ડ પર. સાત માસની અટકાયત. જેલમાં ક્રિમિનલ કેદીઓ સાથે ભળી જઈને તોફાન કરતા.

## કુંડલિયા કેશવલાલ

જામનગર.

1930-31ના મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. જામનગર પ્રજામંડળની લડતમાં જોડાયા. રાજ્યની ગુંડાગીરીનો ભોગ બન્યા. રાજ્યના અન્યાયો સામે હડતાળ પડાવવામાં અગ્ર ભાગ. ખૂબ માર પડ્યો. તે પછી હદપાર. અધિકારીઓ હદબહાર છોડી આવ્યા. 1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. રાજ્યની સામે નિર્ભયતાથી લડનારા સ્વાતંત્ર્યવીર.

## કુંડલિયા નટુભાઈ

રાજકોટ.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભૂગર્ભમાં રહીને ભાંગફોડની પ્રવૃત્તિ તથા અન્ય જોખમી કાર્યો કર્યાં. ગુપ્ત રહ્યા અને પકડાયા નહિ.

## કુંભાર, નાનજી વશરામ

સાવરકુંડલા, સૌરાષ્ટ્ર.

આઝાદીની લડતમાં ભાગ લીધો. સભામાં ગયા ત્યારે પકડી લીધા. ભાવનગરની સેન્ટ્રલ જેલમાં છ માસની સજા ભોગવી. જેલમાં નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી સાથે હતા.

## કુંભાર મગનલાલ નાથાલાલ

જન્મ : 29 જૂન, 1922. વિસનગર.

મૅટ્રિક પાસ. 1942ના ‘હિન્દ છોડો’ આંદોલનમાં સક્રિય ભાગ. શાળાઓમાં હડતાળ પડાવવી; સભા-સરઘસોનાં આયોજનમાં સહકાર. પત્રિકાઓ ગુપ્ત રીતે આસપાસનાં ગામોમાં વહેંચવી; જાહેર સ્થળોએ ચોંટાડવી. લોકજાગૃતિ માટે લડતનો પ્રચાર કરવો. સરઘસમાંથી ધરપકડ, જેલની સજા ભોગવી.

## કુંભાર, રણછોડભાઈ મુરારભાઈ

કાસર, તા. આણંદ.

1930ની નાકરની લડત વખતે સરકારનો વિરોધ. સવિનય કાનૂનભંગ કરવા સરકારી બાવળ કાપવા બદલ છ માસની જેલ.

## કુંભાર, નાનજીભાઈ વશરામભાઈ

જન્મ : 1920. સાવરકુંડલા, જિ. ભાવનગર

અભ્યાસ : ધોરણ સાત. વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય રંગે રંગાયેલા. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ. છ માસની સખત કેદની સજા તથા દંડ. ભાવનગરની સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી. પેન્શન તેમજ તામ્રપત્ર એનાયત થયેલ છે.

## કુંવરજીભાઈ ધનજીભાઈ

શિહોર, જિ. ભાવનગર.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. ધરપકડ થઈ. જેલવાસ ભોગવ્યો. સહન કર્યું. રાજ્ય-સરકારનું પેન્શન એનાયત થયેલ છે.

## કુંવરજીભાઈ પ્રેમાભાઈ

પુણે, જિ. સૂરત.

1930માં દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. બારડોલી તાલુકામાં નાકરની લડત. ગાયકવાડી પ્રદેશમાં હિજરત. અનાજ ખસેડવામાં સહાય. દારૂતાડીના ઘડા ફોડ્યા. 1942ની લડતમાં ધરપકડ. કારાવાસ.

## કૃષ્ણકુમાર હીરાલાલ

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન વડોદરાથી 18-8-1942ના રોજ સવારે 34 યુવાનો લડતનો પ્રચાર કરવા નીકળ્યા. આણંદ અને નજીકનાં ગામોમાં તેમણે લડતનો પ્રચાર કર્યો. સાંજે પાછા ફરતાં અડાસ રેલવેસ્ટેશને પોલીસોએ તેમના ઉપર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યા. તેમાં તેઓ લાઠીમારથી ઘાયલ થયા હતા.

## કૃષ્ણલાલ ચુનીલાલ

અમદાવાદ.

1942ની લડતમાં સભા-સરઘસો તથા પત્રિકા-પ્રવૃત્તિમાં સક્રિય. બ્લૅક બોર્ડ પર હડતાળનો કાર્યક્રમ લખવા માટે નવેમ્બર, 1942માં શાહપુરમાં ધરપકડ. ત્રણ માસની સખત કેદ અને રૂ. 100 દંડ.

## કૃષ્ણાબહેન વનમાળીદાસ

સૂરત.

1930ની ચળવળમાં જોડાયાં. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

## કૅપ્ટન બાલમસિંહ

જૂનાગઢ.

આરઝી હકૂમતમાં ભાગ લીધો. તેમની આગેવાની હેઠળ સૌરાષ્ટ્રસેના કાર્ય કરતી હતી.

## કેલકર, દત્તાત્રેય હરિભાઉ

1932ની લડત વખતે સાબરમતી આશ્રમમાંથી બોરસદ તાલુકામાં પ્રચારકાર્ય. મહેસૂલ ન ભરવાની ખેડૂતોને ઉશ્કેરણી કરવા માટે 10-2-1932ના રોજ ધરપકડ અને છ માસની સજા.

## કેવત, નારણજી કલ્યાણજી

જન્મ : બીલીમોરા, તા. ગણદેવી.

ઢીમરુ જ્ઞાતિના. 1921થી રાષ્ટ્રીય ચેતના પ્રજ્વળી. પરદેશી કાપડના બહિષ્કાર સાથે પરદેશી ફટાકડા ન ફોડવાનો પ્રચાર. 1929માં બીલીમોરામાં હિન્દુ-મુસ્લિમ હુલ્લડમાં ધરપકડ. નિર્દોષ છૂટ્યા. 1930ની ચળવળ દરમિયાન દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. ધરાસણામાં સત્યાગ્રહી. પોલીસના અત્યાચારથી ઘાયલ થયા, તેમની ડૉ. પોપટલાલ સાથે સારવાર.

મદ્રાસ(ચેન્નાઈ)માં થિયૉસૉફિકલ સોસાયટીના ગ્રંથપાલ. નિવૃત્તિ.

## કેવળચંદ રાયચંદ

1942ની લડતમાં ભાગ લીધો. ધરપકડ કરવામાં આવી. ચાર મહિનાની જેલની સજા ભોગવ્યા પછી મુક્ત થયા.

## કેવળદાસ

માણસા, ઉ. ગુજરાત

દેશી રાજ્ય હતું. રાવલશ્રી(રાજા)ના દમન સામે પ્રજા પરિષદ ભરવામાં બતાવેલ ઉત્સાહ અને ખેડૂતોના હકો માટે આગેવાની લેવાથી રાવલશ્રીએ રાજ્યમાંથી હદપાર કર્યા.

## કેશવજી ડાહ્યાભાઈ

બાલંભા, જિ. જામનગર.

જામનગર પ્રજામંડળના અગ્રગણ્ય કાર્યકર્તા. જામનગર રાજ્યના અમલદારે સરકારી ઉતારે બોલાવી, ગડદાપાટુ કર્યા, પાઘડી ખેંચી કાઢી, તેનાથી બાંધીને અધ્ધર લટકાવ્યા. અંધારી કોટડીમાં પૂરીને બારણાં બંધ કરી દીધાં. બહાર કાઢ્યા ત્યારે લગભગ બેભાન થઈ ગયા હતા. લોકોએ હૉસ્પિટલમાં દાખલ કરી, સારવાર કરી, બચાવી લીધા.

## કેશવલાલ ભગવાનભાઈ

ભાવનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. ધરપકડ. ત્રણ માસનો જેલવાસ ભોગવ્યો.

## કેસરીસિંહ બી.

પખાજણ, વાગરા.

વાગરામાં સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય. ભરૂચમાં 1930માં મીઠા સત્યાગ્રહ વખતે દારૂતાડી સામે પિકેટિંગ. સ્વદેશીનો પ્રચાર. અત્યાચાર સહન. નિવૃત્ત.

## કોટક, દુર્લભજીભાઈ કરશનભાઈ

અમરેલી, સૌરાષ્ટ્ર.

1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે અમરેલીમાં ભાંગફોડનું કાર્ય. શાળાના મકાનને આગ ચાંપવાના આરોપસર ધરપકડ. જેલમાં અટકાયત. 1956માં દીવ સત્યાગ્રહમાં ભાગ લીધો.

## કોટેચા, દયાળજી મોતીચંદ

જન્મ : 1912. રાજકોટ.

1930ની ચળવળ શરૂ થતાં ધોલેરા તથા રાણપુરની સત્યાગ્રહની છાવણીઓમાં રહીને વ્યવસ્થાકાર્ય. 1932માં ફરી રાણપુર તથા ધોળા જઈ સત્યાગ્રહની તૈયારી. ધંધૂકા તાલુકામાં સત્યાગ્રહને વેગ આપવા માટે ધરપકડ, એક વર્ષની સજા.

અવસાન : 1941.

## કોઠવળે, મહાદેવ શિવરામ

બેલગામ.

1930માં ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી. વિદ્યાપીઠ દ્વારા વીરમગામ તાલુકામાં લડતનો પ્રચાર. સરમુખત્યાર-ધરપકડ-ચાર માસની સજા અને દંડ. પાછળથી ગાંધી-ઇર્વિન કરાર થતાં વહેલા છૂટી ગયેલા.

## કોઠારી, અમૃતભાઈ

જન્મ : હળવદ, જિ. સુરેન્દ્રનગર.

હળવદ સત્યાગ્રહમાં ભાગ લીધો. ધ્રાંગધ્રા રાજ્યના જુલમોનો વિરોધ કર્યો. સભા-સરઘસની આગેવાની લીધી. 31 ઑક્ટોબર, 1931ના રોજ અમાનુષી જુલમનો ભોગ. જેલમાં અટકાયતમાં પણ ત્રાસ સહન કર્યો.

## કોઠારી, કકલભાઈ રવજીભાઈ

જન્મ : 1902. ગોંડલ. કાર્યક્ષેત્ર : અમદાવાદ.

અભ્યાસ : ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક.

રિલીફ ફંડ ઉઘરાવવા ઠેર ઠેર પ્રવાસ. ઉચ્ચશિક્ષણ મુંબઈ–ઠક્કરબાપાના પરિચયમાં. 1920માં અસહકારની લડત વખતે ગુલામીનું શિક્ષણ છોડ્યું. રાષ્ટ્રીય શાળામાં શિક્ષક. 'સૌરાષ્ટ્ર' પત્રમાં જોડાયા. 'બુઝાતો દીપક', 'લેનિન', 'ઝંડાધારી', 'નરવીર લાલાજી', 'રાષ્ટ્રીય શિવરાજ' પુસ્તકો લખ્યાં. ક્રાંતિકારી (સ્વભાવથી જ). 1932માં મીઠાની લડત વખતે ધરપકડ, સાબરમતી અને ધૂળિયાની જેલમાં છ માસ કારાવાસ. 1932માં ગોંડળ રાજ્યે હદપાર કરેલા. મુંબઈમાં પણ 'બહારના' ગણાઈને હદપાર. 'ફૂલછાબ' દ્વારા લોકજાગૃતિનું ભારે કામ કર્યું. 'રોશની' પત્રના સંચાલક. 'જન્મભૂમિ'માં કાર્ય (મુંબઈમાં). 'નવસૌરાષ્ટ્ર'નું સંપાદનકાર્ય; 'પ્રભાત' દૈનિકના સ્થાપક અને સંપાદક. 1935-36માં સમાજવાદી પત્રની સ્થાપના. ધારદાર કલમ. સૌરાષ્ટ્રની જનજાગૃતિ માટે યોગદાન.

અવસાન : 31 મે, 1966.

## કોઠારી, કીરચંદભાઈ ઉજમશી

જન્મ : માર્ચ, 1900. વઢવાણ.

અભ્યાસ : મૅટ્રિક. 1920થી ગાંધીજી પ્રેરિત અસહકારની ચળવળમાં 'હિન્દ સ્વરાજ'ની પ્રતિબંધિત નકલો વેચતાં અને સવિનય કાનૂનભંગ કરતાં પકડાયા. અટકાયત. ફૂલચંદભાઈના સાથી. શિક્ષણક્ષેત્ર. હરિજનસેવા. 1930 : મીઠાની લડત વખતે સત્યાગ્રહ-છાવણીનું સંચાલન કરતાં ધરપકડ. બાર માસની સજા. વઢવાણ કૅમ્પ/રાજકોટમાં, ખાખરેચી, મોરબી, ભાવનગર, ધ્રાંગધ્રાની લડતોમાં ભાગ. કારાવાસ. 1940-41ના 'વ્યક્તિગત સત્યાગ્રહ'માં બે વાર ભાગ. અટકાયત અને જેલવાસ. 1942માં 'હિન્દ છોડો' લડત વખતે સવા વર્ષ અટકાયત. જૈન ધર્મનો અભ્યાસ. દીક્ષા લેવાનો ભાવ પેદા થયો. પણ કાર્યરત. બાળશિક્ષણ અને વિદ્યાર્થીઓનું ચારિત્ર્યઘડતર. વિદ્યાર્થીઓના પ્રિય.

અવસાન : 3 ફેબ્રુઆરી, 1967.

## કોઠારી, ચીનુભાઈ કરસનજી

જન્મ : 17 નવેમ્બર, 1911.

નિવાસ : મુંબઈ. 1930ની ચળવળમાં ભાગ લીધો. વિદેશી કાપડનો બહિષ્કાર, પિકેટિંગ, ધરપકડ. છ મહિનાની કેદ સાબરમતી જેલમાં ભોગવી.

## કોઠારી, પોપટલાલ છો.

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદમાં સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં ભાગ લીધો. છ માસની સખત કેદની સજા અને રૂ. 250/- દંડ.

## કોઠારી, પોપટલાલ તારાચંદ

સોનગઢ, જિ. ભાવનગર.

સોનગઢ ગુરુકુળના સ્થાપક. અગ્રણી આર્યસમાજી. રાષ્ટ્રભક્ત. વિદ્યાર્થીઓને પણ રાષ્ટ્રભક્ત

બનાવ્યા. રાષ્ટ્રીય લડતોમાં ભાગ લેતા રહ્યા. નિધન થયેલ છે.

## કોઠારી, ભીખાલાલ ભૂધરદાસ

લીંબડી, સૌરાષ્ટ્ર.

લીંબડીની લોકલડતમાં જોડાયા. તેમના સમગ્ર કુટુંબે ભાગ લીધો. રાજ્યાશ્રિત ગુંડાઓએ આખા કુટુંબને હેરાન કર્યું. રાજ્ય સાથે અસહકાર કરી હિજરત કરી ગયા. તેમના બંને પુત્રો લડતમાં જોડાયા હતા.

## કોઠારી, મણિલાલ વલ્લભભાઈ

ભડકવા, જિ. સુરેન્દ્રનગર.

જલિયાંવાલા બાગની કતલને પરિણામે

વકીલાતનો વ્યવસાય છોડી દીધો. રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા. ગાંધીજી અને સરદારના નિકટતમ સાથી બની ગયા. ભાષણોમાં લોકોને મંત્રમુગ્ધ કરી શકતા. પોલિટિકલ એજન્ટે તેમની સાથે અપમાનજનક વર્તન કર્યું. હદપાર કર્યા. 1929ની સાલમાં રાજકીય પરિષદના અધિવેશનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. લાખો રૂપિયાનું ફંડ એકત્રિત કર્યું. ગાંધીજીએ તેમને 'રાષ્ટ્રીય ભિક્ષુક'નું બિરુદ આપીને સન્માન્યા. 1929માં મોરબી સત્યાગ્રહ તેમજ ખાખરેચી સત્યાગ્રહમાં કામ કર્યું. 1930ના મીઠાના વિરમગામ સત્યાગ્રહ વખતે તેમની ધરપકડ થઈ. તેમને છ માસની કેદ અને પાંચસો રૂપિયા દંડ કરવામાં આવ્યો. સાબરમતી જેલમાં મોકલ્યા. ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લીધો.

અવસાન : 11 ઑક્ટોબર, 1937.

## કોઠારી, રતિલાલ ત્રિભોવનદાસ

નિવાસ : ગોવિંદપુર, અમરેલી.

વ્યવસાય : તલાટીની નોકરી.

1930માં નોકરીનો ત્યાગ. આંદોલનમાં પ્રવેશ. ધંધૂકામાં દારૂની બદી સામે પિકેટિંગ. 'બહારવટું' પત્રિકાના પ્રચારક. દોઢ વર્ષ કારાવાસ. 1931માં સંધિ-અંતર્ગત મુક્તિ. રાવણી ગામની આગદુર્ઘટનામાં સહાય સેવા-વ્યવસ્થા. 1935-39 ધારી ફૂલઝાડ મંડળમાં સેવા. 1940 : દુકાળરાહત. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 'ચિનગારી' પત્રિકાપ્રકાશન.

## કોઠારી, રતુભાઈ શામળજી

જન્મ : 2 સપ્ટેમ્બર, 1916. બિલડી, રાજકોટ.

1930-32માં ધોલેરા સત્યાગ્રહથી પ્રવેશ.

પોલીસે મારીને છોડી મૂક્યા. ધંધૂકા, ધોલેરા, બરવાળા અને રાણપુર છાવણીમાં રહી સાહિત્યપ્રચાર. ધોલેરાના 'બહારવટું'ના તંત્રી. અમદાવાદમાં વસ્તીગણતરીનો બહિષ્કાર. વણોદના દારૂપીઠા સત્યાગ્રહમાં માર ખાધો. ધ્રાંગધ્રા, વઢવાણ, સાબરમતી, નાશિકનાં કારાગૃહોમાં બંદી. ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લીધો. રાજ્યનો ત્રાસ ભોગવ્યો. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો. અનેક પુસ્તકોના લેખક.

અવસાન : 5 સપ્ટેમ્બર, 1997.

## કોઠારી, વિઠ્ઠલદાસ મગનલાલ

જન્મ : 15 ડિસેમ્બર, 1901. કલોલ, જિ. મહેસાણા.

1920 : સરકારી કૉલેજનો ત્યાગ. આંદોલનમાં પ્રવેશ. ગૂજરાત વિદ્યાપીઠમાં નિવાસ. 1930માં વિવિધ સ્થળે સત્યાગ્રહ. પોણા બાર મહિના કારાવાસ. 1932 : છ મહિના કારાવાસ. ગાંધીજીના આર્થિક, સામાજિક અને રચનાત્મક વિચારો વિશે ગ્રંથોનું લેખન. 'હરિજનબંધુ', 'શિક્ષણ અને સાહિત્ય', 'લોકજીવન', 'સત્યાગ્રહ'માં લેખો. વ્યવસાય : અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ.

## કોઠારી, વિનોદચંદ્ર ચંદુલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ઝાલોદ ખાતે આગળ પડતો ભાગ ભજવેલો. સભા-સરઘસો, પત્રિકાઓ, પ્રચારકાર્ય વગેરેમાં સક્રિય હતા. તેમની ધરપકડ કરવામાં આવી અને જેલની સજા પણ ભોગવી હતી.

## કોઠારી, સુખલાલ રામજીભાઈ

અમરેલી.

રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેતાં ધરપકડ વહોરી લીધી. જેલવાસ ભોગવ્યો. ભારત સરકારનું પેન્શન તેમને એનાયત થયેલ છે.

## કૉન્ટ્રાક્ટર, ભાઈલાલભાઈ ગરબડદાસ

જન્મ : 16 એપ્રિલ, 1916. વડોદરા.

1930 : સવિનય ભંગના આંદોલનમાં સક્રિય; પિકેટિંગ. બે મહિના કારાવાસ. 1932 : ફરી સવિનય ભંગ સત્યાગ્રહ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. બાર મહિના કારાવાસ. 1960 : ગુજરાત રાજ્યની ધારાસભામાં ચૂંટાયા.

## કૉન્ટ્રાક્ટર, મનુભાઈ ગોરધનદાસ

જન્મ : 1916. અમદાવાદ.

1942ની ચળવળમાં મામુ નાયકની પોળેથી સરઘસોમાં ભાગ લેતા. 9 ઑગસ્ટ, 1942ના રોજ ધરપકડ કરી. ઑગસ્ટ, 1942થી ડિસેમ્બર, 1943 સુધી સાબરમતી, નાશિક તથા મુંબઈની વરલી જેલમાં અટકાયત.

## કૉન્ટ્રાક્ટર, રત્નમણિબહેન વૈકુંઠલાલ

નિવાસ : હરિપુરા, સૂરત.

પતિનાં સહકાર્યકર. 1930 : દાંડીકૂચમાં ભાગ લીધો. ઉદવાડા. મીઠુબહેનની છાવણીમાં બહેનોની સેવા. કાંતણ. સવિનય ભંગમાં સક્રિય. ઉદવાડાથી સરઘસ. પારડી. પારગામે મીઠા સત્યાગ્રહ. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. નવ મહિના કારાવાસ.

## કૉન્ટ્રાક્ટર, રામપ્રસાદ ચંદુલાલ

જન્મ : 8 ઑગસ્ટ, 1908. અમદાવાદ.

1930-32માં સવિનય ભંગ કરી સત્યાગ્રહ. કારાવાસ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' સત્યાગ્રહ. ધરપકડ. સાબરમતી, નાશિક, બેલગામ અને યરવડામાં અટકાયત. 1944 : અટકાયતમાંથી મુક્તિ. 1939 : અમદાવાદ સુધરાઈના સભ્ય. શહેર સેવાદળના વ્યવસ્થાપક.

## કૉન્ટ્રાક્ટર, સુબોધ

અમદાવાદ.

1942ની ચળવળમાં કૉંગ્રેસપત્રિકા વહેંચવા માટે કાળુપુરમાં સપ્ટેમ્બર, 1942માં ધરપકડ કરી. સાબરમતી જેલમાં અટકાયત.

## કોયા, ડાહ્યા

હાલોલ, જિ. પંચમહાલ.

કાલોલ પાસે આવેલા રામનાથના મેળામાં સરકાર વિરુદ્ધ 'પંચમહાલ જિલ્લા પત્રિકા' વહેંચી. તેથી ધરપકડ. ચાર માસની સજા અને રૂ. 100/- દંડ. દંડ ન ભરે તો એક માસની કેદ વધુ.

## કોયા, હરિલાલ ત્રિકમજી

જન્મ : 27 જુલાઈ, 1911. જામનગર.

1930માં કૌલકાતામાં. દારૂનાં પીઠાં અને પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. 1 મહિનો કારાવાસ. 1938માં રાજકોટ સત્યાગ્રહ માટે મુંબઈથી ટુકડી મોકલી. મુંબઈ, જામનગર તથા નવાનગર પ્રજામંડળમાં સક્રિય. 1946માં જામનગર રાજ્યદમન સામે પડીને સભા-સરઘસ તથા પિકેટિંગની પ્રવૃત્તિ કરી. જામનગર સુધરાઈના સભ્ય.

## કોયા, હરિલાલ માધવજી

વઢવાણ, સૌરાષ્ટ્ર.

ધંધાર્થે રંગૂન રહેતા હતા. ધ્રાંગધ્રાની લડતના ખબર મળતાં ધંધો છોડી વતનમાં આવ્યા. ફૂલચંદભાઈની સરદારી નીચે ધ્રાંગધ્રાની લડતમાં કામ કર્યું. પોલીસોનો અમાનુષી માર સહન કર્યો. બૂટની એડીઓ ખાધી, દાંત પાડી નાખ્યા. અસહ્ય મારથી બેભાન થઈ ગયા.

## કોરડિયા, મગનભાઈ મેઘજીભાઈ

જન્મ : 1908. અમરેલી.

1921 : અસહકાર લડતમાં સક્રિય. 1930-32 : અમરેલી, બાબરા, રાજકોટ અને રાણપુરની

લડતોમાં સક્રિય. 1930 : 1 મહિનાનો કારાવાસ. ધંધુકા-ધોલેરા સત્યાગ્રહ માટે દોઢ વર્ષ કારાવાસ. 1938 : રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો.

1942 : અમરેલીમાં ચળવળની આગેવાની લેવા બદલ એક વર્ષની કેદ. અમરેલીમાં કારાવાસ.

રૂ. 1,000/-નો દંડ, પિકેટિંગ કરતા. પ્રજાસમાજવાદી પક્ષના કાર્યકર.

## કોરડિયા, મનસુખલાલ પ્રાણજીવન

અમરેલી, સૌરાષ્ટ્ર.

1931-32ની મીઠાની લડતમાં રાણપુર-ધંધૂકાથી બે વાર પકડાયા અને સાબરમતી તેમજ વીસાપુરની જેલમાં છ-છ મહિનાની સજા ભોગવી.

## કોરડિયા, મેઘજીભાઈ

અમરેલી, સૌરાષ્ટ્ર.

1942ની લડતમાં ભાગ લીધો. ગાંધીજીની ધરપકડના સમાચાર આવતાં સભા, સરઘસ વગેરે પ્રવૃત્તિઓ કરી. તેમની ધરપકડ કરવામાં આવી. જેલયાત્રા ભોગવી.

## કોરા, છોટાલાલ બાલાભાઈ

જન્મ : 1893. વતન : ખેડા.

અભ્યાસ : 1915માં બી.એ. થયા. મુંબઈ શહેર અને પરાં વિસ્તારમાં કૉંગ્રેસ કાર્યકર. સ્વતંત્રતાની લડતોમાં સક્રિય હોવાથી ધરપકડ. બે વાર જેલવાસ ભોગવ્યો.

અવસાન : 1947.

## કોલસાવાળા, જેભાઈ લાલભાઈ

રાંદેર, સૂરત. ગરીબ ખારવા જ્ઞાતિ.

વ્યવસાય : કોલસાનો વેપાર. 1942 : લોકક્રાંતિ. મિત્રો સાથે સરઘસ. રણગીતોનું ગાન. ધરપકડ. છ મહિના કારાવાસ. સાબરમતી જેલમાં.

## કોલસાવાળા, બાબુભાઈ ચીમનભાઈ

જન્મ : 1902. સૂરત.

1916માં હોમરૂલ લીગની પ્રવૃત્તિમાં ભાગ લીધો. અસહકારના આંદોલનમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લીધો. 1928માં બારડોલી સત્યાગ્રહ વખતે સ્વરાજ આશ્રમમાં જોઈતી ચીજવસ્તુઓ પૂરી પાડવાનું કામ કર્યું. 1930માં દાંડીકૂચમાં અંકલેશ્વરથી દાંડી સુધી સાથે રહ્યા. વિલાયતી કાપડની દુકાનો પર પિકેટિંગ માટે માર ખાધો. દારૂતાડીની દુકાનો પર પિકેટિંગ કરતાં ગુંડાઓના મારનો
ભોગ બન્યા.

## કોળી, નરસિંહભાઈ કલાભાઈ

થોરાળા, જિ. રાજકોટ

1939માં રાજકોટની લડતમાં સક્રિય ભાગ લીધો. સરકાર તરફથી તેમની ખેતીની જમીન, ખોરડાં વગેરે જપ્ત કરવામાં આવ્યાં. સ્વરાજ આવ્યા પછી જમીન પરત મળી.

## કોળી, નાથાજી

ચંદપ, તા. ઈડર.

નાથાજીએ 16 સપ્ટેમ્બર, 1857ના રોજ ચંદપમાં ગાયકવાડે 10 ઘોડેસવારની ટુકડી મૂકી હતી તેના વિરોધમાં મોટી સંખ્યામાં કોળી લોકોને ભેગા કરી ચંદપમાં બળવો કર્યો. થાણા પર હુમલો કરી ઘોડેસવારો હુસેન તથા છોટુને મારી નાખ્યા. થાણામાંનાં શસ્ત્રો લૂંટી લીધાં. કોળી બળવાખોરોએ ડુંગરામાં વ્યૂહરચના કરી, બ્રિટિશ લશ્કરનો સામનો કર્યો. પરંતુ પુરવઠો રોકી લેવાથી બળવાખોરો ટકી શક્યા નહિ. ગાયકવાડના લશ્કરે ચંદપ ગામને બાળી નાખ્યું. નાથાજીએ 3 માસ લડાઈ ચાલુ રાખી. આખરે તેના અવસાન બાદ કોળી લોકોનો

બળવો શાંત થયો.

## કોળી, સવાભાઈ જેઠાભાઈ

જન્મ : 1901. ઝિયાણા, જિ. રાજકોટ.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો. જમીન તથા ઘરવખરી જપ્ત કરવામાં આવેલ.

## કૌશિક, પન્નાલાલ રામપ્રસાદ

જન્મ : 28 મે, 1911.

1930ની સત્યાગ્રહની લડતમાં સક્રિય. તેમને છ માસની જેલની સજા કરવામાં આવેલી. 1932માં દિલ્હી ખાતે સત્યાગ્રહમાં ભાગ લેતાં અટકાયત. કૉંગ્રેસ પક્ષના સમર્થક. પોતાની મિલમાં દેશના વિભાજનવેળાના નિર્વાસિતો માટે રાહતકેન્દ્ર શરૂ કરેલું.

## કૌશિક, રામશંકર ભૂપતરાય

વતન ધોલેરા. ખેડા જિલ્લાના પીપળાવ ગામમાં ગુજરાતની ચળવળ વખતે કૉંગ્રેસ પક્ષના સરમુખત્યારોની પરિષદ 15-1-1933ના રોજ મળી; તેમાં લાઠીમારનો ભોગ બનેલા. 1933-34માં બે વર્ષની સજા.

## ક્રિશ્ચિયન, શાંતિકર મોહનલાલ

જન્મ : 1927. વતન : રાજપીપળા.

ગાંધીજીના વિચારોથી પ્રભાવિત. દેશભક્તિ. 1942ની આઝાદીની લડતમાં ભૂગર્ભ-કાર્યકર્તા તરીકે કામગીરી બજાવી. ગુપ્ત રીતે પત્રિકાઓ તૈયાર કરીને જુદી જુદી જગ્યાએ મોકલાવતા. પત્રિકાઓ લઈને જતાં પોલીસે ધરપકડ. પાછળથી મુક્ત કર્યા.

# ખ

## ખત્રી, કાશીરામ અમરશી

હળવદ.

ધ્રાંગધ્રાની લડત વખતે હળવદમાં 21-10-1931ના રોજ થાળી પીટીને પ્રચાર કરતા હતા ત્યારે પોલીસોના ભારે જુલમનો ભોગ બન્યા.

## ખત્રી, પ્રીતમલાલ

પોરબંદર, સૌરાષ્ટ્ર.

1942ની લડતમાં રાષ્ટ્રીય ચળવળનું પ્રતિબંધિત સાહિત્ય છાપતા તેથી તેમને પકડ્યા. નિર્દય રીતે માર મારવામાં આવ્યો. જેલમાં ત્રાસ ભોગવવો પડ્યો. જેલવાસ ભોગવ્યો.

## ખમાર, પ્રહલાદભાઈ પી.

જન્મ : 28 જાન્યુઆરી, 1921. પાટણ.

વતન : પાટણ. 1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક તરીકે કામ કર્યું. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં દસક્રોઈ તાલુકાના જમિયતપુરા ગામે વાણીસ્વાતંત્ર્યનો સત્યાગ્રહ કરી ધરપકડ. છ મહિના કેદની સજા. સાબરમતી અને યરવડા જેલમાં ભોગવી. મહેસાણા જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રી. પત્રકાર તરીકે પ્રતિષ્ઠિત દૈનિકોમાં સેવા. 1949માં 'મહાગુજરાત' સાપ્તાહિક શરૂ કર્યું.

ખરે, (પંડિત) નારાયણ મોરેશ્વર

જન્મ : 1889. અમદાવાદ. (વતન : મહારાષ્ટ્ર)

સત્યાગ્રહ આશ્રમમાં સંગીત શીખવતા અને પ્રાર્થના કરાવતા. તેમનાં પત્ની લક્ષ્મીબહેન અને પુત્રી મથુરીબહેન પણ આશ્રમમાં રહેતાં. દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી સાથે 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી કૂચમાં ભાગ લીધા બાદ મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## ખરે, લક્ષ્મીબહેન નારાયણ

અમદાવાદ.

પતિ જાણીતા સંગીતશાસ્ત્રી નારાયણ ખરે. સાબરમતી આશ્રમમાં રહેતાં. 1930ની લડત વખતે બોરસદ તાલુકામાં સક્રિય પ્રચારક.
દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ કરતાં ધરપકડ. તે માટે દોઢ માસ જેલની સજા.

## ખંડુભાઈ હરિભાઈ

વલસાડ.

1930ની ચળવળ દરમિયાન વલસાડમાં શાળા પર પિકેટિંગ કરવા માટે ખંડુભાઈને રૂ. 75 દંડ થયો હતો. તે દંડ નહીં ભરવા માટે તેમને દોઢ મહિનાની સજા થઈ હતી.

## (ડૉ.) ખંડેરિયા, ગોરધનદાસ

વેરાવળ, જિ. જૂનાગઢ.

રાષ્ટ્રીય રંગે રંગાયેલા સેવાભાવી ડૉક્ટર.
લોકસેવક. જૂનાગઢ રાજ્યના કોમવાદ સામે વિરોધ કરનાર કાર્યકર. નવાબી તંત્રે ભરબપોરે તેમનું અને તેમના સાથીદારોનાં ખૂન કરાવ્યાં. જૂનાગઢમાં પ્રચંડ વિરોધ.

## ખંભોળજા, હીરાલાલ બાપાલાલ

જન્મ : 1930. ડાકોર, જિ. ખેડા.

અભ્યાસ : અંગ્રેજી ધોરણ પાંચ.
અભ્યાસકાળમાં જ સ્વાતંત્ર્યસંગ્રામમાં પ્રવેશ. ઑગસ્ટ, 1942માં ડાકોરમાં સરઘસ. પોલીસ-ગોળીબારથી જમણી આંખ અને કાન ખોયાં. ધરપકડ અને મુક્તિ. હદપાર. ભાંગફોડની પ્રવૃત્તિ ચાલુ. પોલીસના કડક વલણનો ભોગ બન્યા.

## ખારોડ, પ્રફુલ્લચન્દ્ર બી.

અમદાવાદ.

1942ની લડતમાં પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. એલિસબ્રિજમાંથી કૉંગ્રેસપત્રિકા લઈને જતાં 28-12-1942ના રોજ ધરપકડ. 4 માસની સખત કેદ અને રૂ. 100/- દંડ.

## ખારોડ, ભાસ્કરભાઈ

જૂનાગઢ.

1930ના વિરમગામના મીઠા સત્યાગ્રહમાં સક્રિય ભાગ લીધો. ત્યારબાદ વિરમગામ તાલુકાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી, ત્યાંના સાર્વજનિક છાત્રાલયની જવાબદારી સંભાળી, આજીવન સેવા કરી.
તેમનું નિધન થયેલ છે.

## ખાલક, અબ્દુલભાઈ લતીફભાઈ

મોડાસા.

ખાદીપ્રવૃત્તિ. 1930-32માં વિદેશી માલની દુકાનો પર પિકેટિંગ. પત્રિકાપ્રવૃત્તિ માટે જુદાં જુદાં ગામોનો પ્રવાસ. લડતનો લોકોમાં પ્રચાર કર્યો.

## ખાલપાભાઈ જેસલભાઈ

ભગવાનપુરા, મહુવા.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. કારાવાસ. વ્યસનમુક્ત. વ્યવસાય : ખેતી.

## ખાંડવાલા, વિદ્યુત (શ્રીમતી)

વય : 72 વર્ષ. મુંબઈ. તેમની માતા સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ભાગ લેતાં, ખાદીની હૂંડી વેચવા જતાં. બાળપણથી રાષ્ટ્રવાદી ચળવળનો સંપર્ક. કુમારિકા દળમાં તથા સેવિકા દળમાં સાફિયા ખાનના નેતૃત્વ હેઠળ કૉંગ્રેસ ફંડ ઉઘરાવતાં. ગોવાલિયા ટૅન્ક મેદાનમાં એ.આઈ.સી.સી.ની 8 ઑગસ્ટની બેઠક વખતે સ્વયંસેવિકાની ફરજ. 2 ઑક્ટોબર, 1942ના રોજ ચર્નીરોડ સ્ટેશન પાસે વિદેશી માલની દુકાને પિકેટિંગ, ધરપકડ, આર્થર રોડ જેલમાં છ સપ્તાહની કેદ ભોગવી. મુક્તિ બાદ મીનુ મસાણીના નેતૃત્વ હેઠળ ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો.

## ખાંડવાળા, કાન્તાબહેન

જન્મ : 1903. અભ્યાસ : બી.એ.

પિતા : નગીનદાસ ત્રિભુવનદાસ માસ્તર રાષ્ટ્રભક્ત હતા.
પિતાના પગલે દેશસેવામાં સક્રિય. 1930ની લડતમાં ભાગ લઈને કારાવાસ વેઠ્યો. મુંબઈ મ્યુનિસિપાલટીનાં કાઉન્સિલર. વૉર્ડ ભૂલેશ્વર મુંબઈમાં ગુજરાતી મહિલા કાર્યકર.

## ખાંડવાળા, રતનલાલ વિઠ્ઠલદાસ

જન્મ : 1904. સૂરત.

ગૂજરાત વિદ્યાપીઠના વિનીત. કૉંગ્રેસના કાર્યક્રમોમાં ઉત્સાહથી ભાગ લેતા હતા. ખાદીપ્રવૃત્તિમાં ઊંડો રસ લીધો. 1930માં તેઓ સૂરતની સત્યાગ્રહ સમિતિના પ્રથમ સરમુખત્યાર હતા. લડત અંગે તેઓ બે વખત જેલમાં ગયા હતા. ગાંધીજી તથા અન્ય આગેવાનોનો એમને ત્યાં નિવાસ રહેતો. સૂરતના ખાદી ભંડારની સ્થાપના કરનાર તેઓ હતા.
અવસાન : 1950.

## ખીમજી દેવજી

જન્મ : 1924.

1946માં રૉયલ ઇન્ડિયન નેવીના બળવાને ટેકો આપવા પ્રજાકીય વિરોધ આંદોલનમાં ભાગ.
22 ફેબ્રુઆરી, 1946ના રોજ પોલીસની ગોળી વાગતાં, તે જ દિવસે અવસાન.
અવસાન : ફેબ્રુઆરી 22, 1946.

## ખીમજી ભવાનજી અરજણ

મુંબઈ. વતન : કચ્છ.

કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ અને મુંબઈ પ્રાંતીય કૉંગ્રેસ સમિતિના ખજાનચી. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળ શરૂ થતાં 9મી ઑગસ્ટના પરોઢિયે તેમની ધરપકડ કરીને અટકાયતમાં રાખવામાં આવ્યા.

## ખીમાણી, અમૂલખભાઈ કુશળચંદ

જન્મ : 18 મે, 1915. સાવરકુંડલા, જિ. ભાવનગર.

રચનાત્મક ગ્રામોત્થાનની પ્રવૃત્તિમાં સક્રિય. કુંડલા ગ્રામસેવક મંડળના સ્થાપકોમાંના એક. લોકસેવક– ગાંધીવાદી. 1942ની ‘હિન્દ છોડો’ લડતમાં સક્રિય. ધરપકડ. ભાવનગર જેલમાં છ માસની સજા. ‘આરઝી હકૂમત’ જૂનાગઢમાં સક્રિય : ગાધકડા થાણાનો કબજો સંભાળ્યો. બહારવટિયાઓ સામે ગ્રામરક્ષક દળો ઊભાં કર્યાં. ભાવનગર જિલ્લા પંચાયતના અધિકાર-પદે. 1954માં ભૂદાન ચળવળમાં ભાગ. ભૂદાન-ગ્રામદાન અર્થે પદયાત્રા. સર્વોદયની પ્રવૃત્તિ તેમજ ગોવધહત્યાબંધી કાર્યોમાં સક્રિય યોગદાન. પેન્શન તથા તામ્રપત્ર એનાયત થયેલ છે.

## ખીમાણી, પ્રતાપરાય કુશળચંદ

જન્મ : 7 ઑગસ્ટ, 1921. સાવરકુંડલા, જિ. ભાવનગર.

વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય રંગે રંગાયા.
1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. ધરપકડ. છ માસ જેલવાસ ભોગવ્યો. જૂનાગઢની આરઝી હકૂમત વખતે સાહસભર્યાં કાર્યો કર્યાં. પેન્શન તથા તામ્રપત્ર એનાયત.

## ખીલાની, નેનુમલ ઇદનદાસ

જન્મ : 1910. નવાબશાહ, સિંધ.

નિવાસ : વડોદરા. અભ્યાસ : મૅટ્રિક.
1930-32માં સરકારી નોકરીનો ત્યાગ. બે વાર કારાવાસ. મીઠા સત્યાગ્રહમાં સક્રિય. 1947 સુધી અખિલ હિન્દ ચરખા સંઘમાં સેવા. 1947માં ભાગલા પછી ભારતમાં નિવાસ.

## ખુશાલદાસ પ્રભુદાસ

સરભાણ.

સરભાણની હોમરૂલ લીગની શાખાના પ્રમુખ. લીગના સભ્યો નોંધતા, પત્રિકાઓ વહેંચતા. લીગનો લોકોમાં પ્રચાર કરવા વાસ્તે સભાઓ યોજતા.

## ખુશાલદાસ વનમાળીદાસ

વતન : પાલ, તા. ચોર્યાસી. શિક્ષક.

1920માં અસહકારની ચળવળ વખતે સરકારી શાળાઓના બહિષ્કારની પ્રવૃત્તિ માટે રાંદેરની મ્યુનિસિપાલિટીની શાળામાંથી પોતે રાજીનામું આપ્યું અને બીજા શિક્ષકો પાસે રાજીનામાં અપાવ્યાં. તેઓ નવી સ્થપાયેલી રાષ્ટ્રીય શાળામાં જોડાયા. ખુશાલભાઈ અને એમના ભાઈ મકનજી વનમાળીદાસ બારડોલીની રાષ્ટ્રીય શાળાઓમાં જોડાયા. બંને ભાઈઓએ પોતાની શાળાઓ અનુક્રમે વાંકાનેર અને મકનજીએ વરાડની શાળાને રાષ્ટ્રીય લડતનાં કેન્દ્રો બનાવ્યાં.

## ખેટુરામ મીઠુરામ

જન્મ : 15 ઑક્ટોબર, 1909. ખીરપુર, સિંધ, પાકિસ્તાન.

1930માં મીઠાનો કાયદો તોડવામાં ભાગ લીધો. ધરપકડ. એક વર્ષની જેલની સજા. 1932માં પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ અને પરદેશી કાપડની હોળીમાં ભાગ. ધરપકડ. બે વર્ષની જેલ. 1942માં 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ. પાંચ વર્ષની જેલ. 1930થી કૉંગ્રેસની બધી પ્રવૃત્તિઓમાં સક્રિય.

## ખેતાણી, દુર્લભજી કેશવજી

જન્મ : 15 ઑક્ટોબર, 1898. વડિયા, સૌરાષ્ટ્ર.

અભ્યાસ : નૉનમૅટ્રિક. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવા બદલ વડિયા દરબારશ્રીએ જમીન-ઘર જપ્ત કર્યાં. 1947માં જૂનાગઢ રાજ્ય પાકિસ્તાન સાથે જોડાતાં આરઝી હકૂમતના મંત્રી. સામાજિક કાર્યકર. કુદરતી સંકટ વખતે લોકોને મદદરૂપ.

## ખેમચંદાણી, પોહુમલજી રામજીમલ

જન્મ : 2 ફેબ્રુઆરી, 1927. હૈદરાબાદ, સિંધ.

1942ની લડતમાં હૈદરાબાદ(સિંધ)માં સક્રિય ભાગ લીધો. હૈદરાબાદ સેન્ટ્રલ જેલમાં અઢી વર્ષ અટકાયતમાં રહ્યા. ત્રીસ ફટકાની સજા ભોગવી. પેન્શન તથા તામ્રપત્ર એનાયત થયેલ છે.

## ખેર, એસ. એ.

અમદાવાદ.

કેલિકો મિલના જનરલ મૅનેજર. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન ધરપકડ કરી દસ મહિના માટે હિન્દ સંરક્ષણ ધારા હેઠળ અટકાયત. ભાંગફોડના વિરોધી. ગાંધીજીના વિચારોથી પ્રભાવિત.

# ગ

## ગગલાણી, ગોકુળદાસ ગોરધનદાસ

જન્મ : 1901. ધોરાજી, જિ. રાજકોટ.

1930માં ધોલેરા મીઠા સત્યાગ્રહમાં, સવિનય કાનૂનભંગ કરતાં, ચાર વાર પકડાયા; સાબરમતી, યરવડા, વીસાપુર, બેલગામમાં સાત માસ જેલવાસ ભોગવ્યો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભ પ્રવૃત્તિ – સરકારી વાહનવ્યવહાર કાપવા માટે જોખમી કાર્યો. મુંબઈ રાજ્યે આંતરપ્રાંતીય કાવતરામાં ગુનેગાર ઠરાવ્યા. સાડા ત્રણ વર્ષ ભૂગર્ભવાસ.

મુંબઈ રાજ્યે તેમને પકડવા માટે ઇનામ જાહેર કર્યું. ધ્રાંગધ્રા, લીંબડી, રાજકોટની લડતોમાં અગ્રભાગ. 1947માં આરઝી હકૂમત વખતે સંગ્રામ સમિતિમાં ચાર સભ્યોમાંના એક. અખિલ ભારતીય રાજસ્થાન પ્રજા પરિષદમાં સક્રિય.

## ગજુભાભાઈ બળવંતસિંહ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ. કોર્ટમાં રજૂ કરી કેસ કર્યો. ટૂંકો જેલવાસ ભોગવ્યા બાદ મુક્ત થયા.

## ગજેરિયા નાથાભાઈ મથુરભાઈ

ઉંમર : 36. ભાદરણ.

1930-32ની ચળવળ દરમિયાન ગજેરા મુકામથી જંબુસર તાલુકાના 11મા સરમુખત્યારપદેથી

20-4-1932ના રોજ ધરપકડ કરવામાં આવી. તેમને 6 માસની સખત કેદ અને રૂ. 200/- દંડ અથવા દોઢ માસની વધારે કેદની સજા થઈ. સાબરમતી અને વિસાપુરની જેલમાં સજા ભોગવી.

## (ડૉ.) ગજ્જર, દામોદરદાસ જગજીવનદાસ

રાજકોટ. દાંતના ડૉક્ટર.

રાજકોટ સત્યાગ્રહમાં સક્રિય ભાગ લીધો. સભામાં પ્રવચન કરતાં ધરપકડ – જેલવાસ.

## ગઢિયા નારણદાસ શામજી

રાજકોટ.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લેવાથી ધરપકડ કરવામાં આવી. સહન કરવું પડ્યું. જેલની સજા ભોગવી. ભારત સરકાર તરફથી પેન્શન એનાયત કરવામાં આવ્યું.

## ગણદેવિયા, વિનય દલપતરામ

જન્મ : 30 ઑક્ટોબર, 1925. ગણદેવી, જિ. સૂરત.

1942ની 'હિન્દ છોડો' લડતમાં જોડાવા શાળાનો ત્યાગ કર્યો. લડત દરમિયાન ભાંગફોડના કાર્યક્રમમાં જોડાયા. તે બંધ થતાં 1943ના જાન્યુઆરીમાં મિત્રો સહિત ધરપકડ વહોરી લીધી. સાત-આઠ મહિના કાચી જેલમાં રહ્યા પછી બીજા પાંચ માસની સખત કેદની સજા થઈ. કુલ એક વરસ જેલ ભોગવી. તે પછી મૅટ્રિક પાસ થયા. બી.એ. પછી એમ.એ. થયા. ઇંગ્લૅન્ડ જઈ સ્થાયી થયા.

## ગણપતરામ ગોવિંદરામ

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદમાં સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં ભાગ લીધો. 6 માસની સખત કેદની સજા અને રૂ. 200 દંડ.

## ગણાત્રા ગોપાળજી રવજી

રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ કરવામાં આવી. કેસ ચલાવી ત્રણ માસની કેદની સજા થઈ.

## ગણાત્રા, બાબુલાલ મોહનલાલ

જન્મ : 12 ઑગસ્ટ, 1925. રાજકોટ, સૌરાષ્ટ્ર. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેવા અભ્યાસ છોડ્યો. 12 ઑગસ્ટ, 1942ના રોજ ધરપકડ. જેલની સજા થઈ. રૂ. 500 દંડ થયો. અમદાવાદ-વડોદરામાં ભૂગર્ભ-પ્રવૃત્તિમાં જોડાયા.

## ગણાત્રા, રંભાબહેન નારાયણજી

જન્મ : 1896. જોડિયા, સૌરાષ્ટ્ર.

1931માં કરાંચી સંગ્રામસમિતિનાં સંચાલક. 6 મહિના કારાવાસ. 1942માં 'હિન્દ છોડો'

આંદોલનમાં. સત્યાગ્રહ. મહિલાપ્રવૃત્તિનું સંચાલન. કરાંચી, જોડિયા અને જામનગરમાં સ્ત્રીઓ-બાળકો માટે સેવા-સંસ્થાઓની સ્થાપના. જોડિયામાં બાલમંદિર અને કન્યા-છાત્રાલય, ઉદ્યોગશાળાની સ્થાપના અને સંચાલન. રચનાત્મક કાર્ય.

## ગણાત્રા, નાનાલાલ હરજીવનદાસ

અમરેલી, સૌરાષ્ટ્ર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં વિદ્યાર્થી-ભૂગર્ભ-કાર્યકર. અમરેલીની શાળામાં આગ ચાંપવાના આરોપસર અગ્રણી વિદ્યાર્થી તરીકે ધરપકડ, પછીથી નિર્દોષ જણાતાં મુક્તિ. રાષ્ટ્રીય સામાજિક કાર્યોમાં સક્રિય.

## ગરબડભાઈ મૂળજીભાઈ

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન 18 ઑગસ્ટ, 1942ના રોજ વડોદરાથી નીકળી આણંદની આસપાસનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો. તે સાંજે અડાસ રેલવેસ્ટેશને પોલીસે કરેલા ગોળીબાર અને લાઠીમારથી ઘાયલ થયા હતા.

## ગરાસિયા, ગુમાનજી ગબાજી

ઝાકરિયાપુરા, જિ. ખેડા.

1930-32ની ચળવળમાં સરકાર વિરુદ્ધ પ્રચાર. 16 માર્ચ, 1932ના રોજ ધરપકડ. જેલ અને દંડ.

## ગરાસિયા, મદારીભાઈ ભેંકલાભાઈ

ઝેરવાવરા, તા. મહુવા.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ અને 6 માસની સજા.

## ગંગાબહેન

નવેમ્બર 1931માં શરૂ થયેલી ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લેવા મોહનલાલ મહેતા(સોપાન)ની આગેવાની હેઠળ પાંચમી ટુકડીમાં જોડાયાં. વઢવાણથી ફૂલચંદ શાહના આશીર્વાદ મેળવી 28-11-1931ના રોજ સત્યાગ્રહ કરવા ટ્રેનમાં નીકળ્યાં. ધ્રાંગધ્રા સ્ટેશને ઊતર્યાં પછી, રાજ્યની હદમાં પ્રવેશતાં પોલીસદળે બધાને ગિરફ્તાર કર્યાં અને ખટારામાં બેસાડીને અજાણ્યા સ્થળે લઈ જઈને અટકાયતમાં રાખ્યાં.

## ગંગાબહેન ગોરધનભાઈ

ઉંમર : 15. ઢૂંઢાકૂવા, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને હાથ, બરડો અને ખભા પર ઈજાઓ થઈ હતી.

## ગંગાબહેન ચંદુભાઈ

ચાંગા, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો, ત્યારે નીકળેલા સ્ત્રીઓના સરઘસ ઉપર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારોથી તેમને બરડો તથા હાથ ઉપર ઈજાઓ થઈ હતી.

## ગંગાબહેન ધૂળાભાઈ

ઉંમર : 18. રાસ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે બહેનોના સરઘસ પર પોલીસે બેસુમાર લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને બંદૂકના કુંદા, લાઠીના ફટકા મારીને ધક્કો માર્યો. તેમને કમર, સાથળ, બરડા અને ખભા પર ઈજાઓ થઈ હતી.

## ગંગાબહેન મગનભાઈ

સૂરત.

1930ની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં

સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

## ગંગાબહેન મૂળજીભાઈ

પાળજ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા સ્ત્રીઓના સરઘસ ઉપર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને ખભા ઉપર ઈજા થઈ હતી.

## ગંગાબહેન લલ્લુભાઈ

ઉંમર : 15. બોચાસણ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને લાઠી તથા બંદૂકના કુંદાથી પીઠ પર ઈજા થઈ હતી.

## ગંગાબહેન શિવાભાઈ

ઉંમર : 26. રાસ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના ચાર ફટકા પડવાથી તેમને કમર, હાથ અને ખભા પર ઈજાઓ થઈ હતી.

## ગંગાબહેન હરિભાઈ

ઉંમર : 28. વાસણા, તા. બોરસદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે કરેલા બેફામ લાઠીચાર્જથી તેમને બંદૂકનો કુંદો વાગવાથી ઈજા થઈ હતી.

## ગંગાલક્ષ્મી દેસાઈભાઈ

ઉંમર : 23 વર્ષ. વાસણા.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા સ્ત્રીઓના સરઘસ ઉપર પોલીસોએ સખત લાઠીચાર્જ કરી અનેક સ્ત્રીઓને ઈજાઓ કરી. તેમાં તેમને લાઠીના પ્રહારો અને લાઠીના ગોદા મારવાથી ખભા તથા પીઠ ઉપર ઈજાઓ થઈ હતી.

## ગામીત, છગનભાઈ દુબળભાઈ

રાયપુર, જિ. સૂરત.

1930માં નાની વયે રાષ્ટ્રભક્તિ. 1942ની લડતમાં સક્રિય. ધરપકડ. કારાવાસ. પોલીસદમનનો ભોગ બન્યા.

## ગામીત, મકનભાઈ ચંદુભાઈ

વડવાડા, જિ. સૂરત.

1942ની લડતમાં દારૂતાડીનાં પીઠાં ઉપર પિકેટિંગ કરતાં ધરપકડ. 9 માસની સજા. વડોદરા જેલમાં પણ 12 માસની સજા ભોગવી હતી. સરકારી નોકરીનો ત્યાગ.

## ગામીત, રામજીભાઈ નરસિંહભાઈ

ખુટાડિયા.

1930ની ચળવળમાં સભા, સરઘસો. દારૂતાડીની દુકાનો ઉપર પિકેટિંગ. ધરપકડ અને 12 માસની જેલ.

## ગામીત, શામળજીભાઈ હરિભાઈ

ઘાટા, જિ. સૂરત.

1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. નાનીમોટી ભાંગફોડ. પત્રિકા-વિતરણ. બૉંબપ્રવૃત્તિ. પોલીસને થાપ આપી છટકી જતાં સાત વર્ષ કારાવાસ. રૂ. 1,000 દંડ. સાબરમતી જેલમાં સજા ભોગવી.

## ગાય, દાજીભાઈ લાલુભાઈ

જન્મ : 1910. રાંદેર, સૂરત. ખારવા જ્ઞાતિ.

વાંકલ સ્વયંસેવક દળમાં. ચીખલી, બારડોલી, નવસારી, ઓલપાડ, ચોર્યાસી આદિ ગામે પત્રિકાવિતરણ. ચાર વાર કારાવાસ. સૂરત કલેક્ટર કાર્યાલય તથા સીમાશુલ્ક ભવન પર બપોરે ત્રિરંગો ફરકાવતાં ભારે માર ખાધો. ખાદીપ્રવૃત્તિ. ભાંગફોડ. નાશિક, યરવડા, સાબરમતીમાં પુનઃ 3 વર્ષ કારાવાસ. મહિલા કાર્યકરોની રક્ષા માટે ટ્રૉલી સામે સૂઈ ગયા. જીવ આપ્યો. પણ ટ્રૉલી રોકી.

## ગાંડાલાલ હરખચંદ

પાટડી.

1930ના વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. 24 મે, 1930ના રોજ પ્રાણજીવનદાસની આગેવાની હેઠળ શૂરા 75 સૈનિકોએ ખારાઘોડામાં કુદરતી મીઠું જામેલું પડ્યું હતું તે તરફ પ્રયાણ કર્યું. તેઓના ઉપર નિર્દયતાપૂર્વક લાઠીચાર્જ કરવામાં આવ્યો. ગાંડાલાલ પર લાઠીનો ફટકો પડ્યો. પણ તેણે મીઠું ન છોડ્યું. બીજા પોલીસે કડિયાળી ડાંગ તેના માથા ઉપર ઝીંકી. તેથી માથું ફૂટી ગયું. ગાંડાલાલ તમ્મર ખાઈને નીચે પડ્યા. તેમને ગાડામાં નાંખીને પાટડી પહોંચાડવામાં આવ્યા. રસ્તામાં તેને લોહીની ત્રણ ઊલટીઓ થઈ અને સાંજ સુધી ઊબકા આવતા રહ્યા.

## ગાંડુલાલ નાનકદાસ

માંડવી, સૂરત.

1933ની 15 જાન્યુઆરીના રોજ પીપાવાવ, જિ. ખેડામાં ગુજરાતના સરમુખત્યારોની પરિષદમાં ઉપસ્થિત. લાઠીમાર. 2 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ.

## ગાંધી, અસગરઅલી યુસુફઅલી

જન્મ : 5 માર્ચ, 1920. રાજકોટ.

1937થી 1945 : રાજકોટ રાજ્યની જવાબદાર રાજ્યતંત્ર માટેની લડતમાં સક્રિય. હલેન્દાથી સરધાર ગામે કાનૂનભંગ કરવા કૂચ લઈ ગયા. ધરપકડ. સરધારની જેલમાં અંધારી ભેજવાળી, અવાવરી કોટડીમાં અસહ્ય ત્રાસ તથા ભૂખ વેઠ્યાં. તબિયત બગડવાથી મુક્ત કર્યા. ફરીથી ધરપકડ. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો, ધરપકડ, એક માસથી વધુ સજા. 1942માં ‘હિન્દ છોડો’ ચળવળ દરમિયાન ધરપકડ, 8 માસ કારાવાસ. 1947માં જૂનાગઢની મુક્તિ માટે

આરઝી હકૂમત સ્થાપવામાં સક્રિય. પાકિસ્તાનથી આવેલ નિર્વાસિતોને કામધંધે લગાડવામાં સક્રિય. રાજકોટ જિલ્લામાં રાહતકાર્ય અને રચનાત્મક પ્રવૃત્તિ.

## ગાંધી, અંબાલાલ

ચોરંદા, જિ. વડોદરા.

1942ની ‘હિન્દ છોડો’ લડત દરમિયાન શિનોરમાં સભાઓ ગોઠવાઈ હતી. ત્યાં લશ્કર જાય તો ભયંકર હત્યાકાંડ સર્જાય. તેમ ન થાય તે માટે ચોરંદાના મૂકસેવક અંબાલાલે તેમના સાથીદારોની મદદથી રેલવેના પાટા ઉખેડી નાંખી ચોરંદા રેલવેસ્ટેશન બાળ્યું અને વેમાર સ્ટેશનમાં ભાંગફોડ કરી. તે પછી લશ્કરે ચોરંદા અને પાસેનાં ગામોમાં કાળો કેર વર્તાવ્યો. 71 માણસોને પકડી રેલવેના નાના ડબામાં ત્રણ દિવસ પૂરી રાખ્યા.

અંબાલાલને બાર વર્ષની કેદ અને રૂપિયા પંદર હજારનો દંડ.

## ગાંધી, ઇસ્માઇલ

ઉત્તરસંડા, જિ. ખેડા.

1930માં મીઠા સત્યાગ્રહમાં સક્રિય. કપડવંજ પાસે લસુંદ્રામાં ગેરકાયદે મીઠું પકવવા બદલ પોલીસનો સખત માર ખાધો. ધરપકડ. થોડા

દિવસ બાદ મુક્તિ.

## ગાંધી, કનુભાઈ નારણદાસ

જન્મ : 1917. રાજકોટ.

બાળપણ ગાંધીજીના સાબરમતી આશ્રમમાં. 1933માં અમદાવાદમાં ધરપકડ, લાંબો વખત અટકાયત. ગાંધીજી-કસ્તૂરબાની સેવાર્થે અગાઉ પણ જેલમાં. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે બા-બાપુની સેવાર્થે પૂનાના આગાખાન મહેલમાં જેલવાસ. નોઆખલીમાં કોમી રમખાણ વખતે ગાંધીજીની સાથે. શાંતિયાત્રા બાદ પણ પત્ની આભાબહેન સાથે નોઆખલી. ગાંધીજીની હત્યા બાદ ત્રંબામાં કસ્તૂરબા આશ્રમની સ્થાપના. ગાંધી શતાબ્દી વખતે ગાંધીદર્શન રેલયાત્રાની જવાબદારી. ચંબલ-ઘાટીમાં બાગીઓનાં જીવનપરિવર્તનનું કામ વિનોબા તથા જયપ્રકાશજીએ આરંભેલું તેમાં જોડાયા. ભૂદાન-ગ્રામદાન
ચળવળ વખતે પદયાત્રા અને તે વિચારના પ્રવર્તક. બા-બાપુના ભક્ત. નાગદામાં સર્વોદય શિબિરમાં જતાં રેલવે સ્ટેશન નાગદા પર 'હાર્ટઍટેક' –જીવલેણ.

અવસાન : 21 ફેબ્રુઆરી, 1986. નાગદા.

## ગાંધી, કનૈયાલાલ ઊજમશી

હળવદ, સૌરાષ્ટ્ર.

ધ્રાંગધ્રાની લડત વખતે 21 ઑક્ટોબર, 1931ના રોજ થાળી વગાડીને હળવદમાં પ્રચાર કરતાં ધરપકડ કરી, રાજ્યના પોલીસોએ સિતમ ગુજાર્યો. તેનો ભોગ બન્યા.

## ગાંધી, કસ્તૂરબા મોહનદાસ

જન્મ : એપ્રિલ, 1869. પોરબંદર.

તેર વર્ષની વયે મહાત્મા ગાંધી મોહનદાસ કરમચંદ ગાંધી સાથે લગ્ન. 1896માં દક્ષિણ આફ્રિકા. ફિનિક્સ આશ્રમમાં જીવન. દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિ સામેના સત્યાગ્રહમાં સ્વેચ્છાએ જોડાયાં. ચુસ્ત શાકાહારી (જેલમાં પણ). 1915માં અમદાવાદમાં કોચરબ આશ્રમની સ્થાપનામાં ગાંધીજી જોડે. બિહારના ચંપારણમાં લોકસેવાનું કાર્ય. ખેડા જિલ્લાનાં ગામોમાં સ્ત્રીકલ્યાણની યોજનાઓમાં હિંમત પ્રેરતાં. બારડોલી તાલુકાનાં ગામડાંઓમાં પ્રચારાર્થે ફર્યાં. સોનગઢ તાલુકામાં રાનીપરજ પરિષદનાં પ્રમુખ. દારૂનો ત્યાગ અને ખાદીનો પ્રચાર. 1930માં દાંડીયાત્રા દરમિયાન સૂરત જિલ્લામાં છાવણીઓ નાંખીને દારૂનાં પીઠાં પર પિકેટિંગ – છાવણી ખાલી કરાવાતાં જંગલવિસ્તારમાં સાદડીના ઝૂંપડામાં રહેતાં; માટીનાં વાસણોમાં રાંધતાં. લોકોમાં શૂરાતન પ્રેરતાં. 'ગાંધી-ઇર્વિન કરાર' ભંગ થતાં લડત થઈ તેમાં અટકાયત. સેવાગ્રામ આશ્રમમાં અનેકવિધ જવાબદારીઓ. 1938માં રાજકોટની લડત વખતે તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં લડતમાં જોડાવા અધીરાં બન્યાં રાજકોટ પહોંચતાં ધરપકડ. એક ગામના અગોચર જેવા ઉતારામાં અપમાનજનક વર્તાવ. ઉપવાસ આદર્યા. છેવટે સરધારના ઉતારામાં લઈ ગયા. 1942માં 'હિન્દ છોડો' ચળવળ વખતે આગાખાન મહેલમાં બંદીવાન. 1943ના ફેબ્રુઆરીની 10 તારીખે ગાંધીજીએ ઉપવાસ આગાખાન મહેલમાં શરૂ કર્યા –કસ્તૂરબાએ અન્નત્યાગ કર્યો. 1944ના ફેબ્રુઆરીની 23 તારીખે ગાંધીજીની સમક્ષ દેહ છોડ્યો. મહાવ્રતધારી પરમ પતિવ્રતા ભારતીય
નારી, 'રાષ્ટ્રમાતા'.

અવસાન : 23 ફેબ્રુઆરી, 1944.

## ગાંધી, કાનજી

હળવદ, ધ્રાંગધ્રા દેશી રાજ્યમાં. સૌરાષ્ટ્ર.

કાઠિયાવાડ રાજકીય પરિષદનું અધિવેશન ધ્રાંગધ્રામાં ભરવાનું હોવાથી; તે બંધ રખાવવા 21-9-1931ના રોજ સોમવારે ફોજદાર

ચંદુલાલે કાનજી ગાંધી, ભૂરાભાઈ દેવચંદ, અમૃતલાલ કોઠારી, કરીમભાઈ પીરભાઈ સહિત પાંચ આગેવાનોને નિર્દય માર માર્યો. તેમની પાસેથી પરિષદની પ્રવૃત્તિમાં ભાગ ન લેવાની કબૂલાત પર સહી કરાવવા કોશિશ કરી; તેઓની ધરપકડ કરવામાં આવી.

ગાંધી, કાન્તિલાલ હરિલાલ

જન્મ : 10 ફેબ્રુઆરી, 1911. રાજકોટ, સૌરાષ્ટ્ર. 1917-1918 : ગાંધીજી સાથે કોચરબ અને સાબરમતી આશ્રમમાં રહ્યા. 1930માં દાંડીકૂચમાં ભાગ લીધો. 1933-1936 : ગાંધીજી સાથે વર્ધામાં રહ્યા. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં કૉલેજના અભ્યાસનો ત્યાગ. ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. 1944-1948 : મૈસૂરમાં ગાંધી સેવા સંઘ સ્થાપી, ગાંધી વિદ્યાર્થી મંડળ ચલાવ્યું. 1957માં મુંબઈમાં લોકસેવા ટ્રસ્ટ સ્થાપી આરોગ્ય, શિક્ષણ અને ગાંધી તત્વજ્ઞાનના પ્રચારાર્થે સંસ્થાઓ ચલાવે છે.

## ગાંધી, કાશીબહેન છગનલાલ

જન્મ : 1883. રાજકોટ.

અભ્યાસ : ધોરણ આઠ. દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમમાં વિદ્યાર્થીઓનાં ગૃહમાતા. 1913ના ગાંધીજીએ શરૂ કરેલ સત્યાગ્રહમાં જોડાયાં અને મેરિત્સબર્ગની જેલમાં ત્રણ વાર જેલવાસ. કોચરબ આશ્રમ, અમદાવાદમાં ગાંધીજીનાં અંતેવાસી. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ઉત્તરપ્રદેશમાં સત્યાગ્રહ કરી જેલવાસ. સાબરમતી તેમજ સેવાગ્રામમાં ગાંધીજીનાં ‘અંતેવાસી’. આશ્રમમાં બાળકેળવણીનું ઉત્તમ કાર્ય/ખાદીકામ.

અવસાન : 1959.

## ગાંધી, કૃષ્ણદાસ છગનલાલ

જન્મ : 1907.

પિતા છગનલાલ ગાંધીજી સાથે દક્ષિણ આફ્રિકામાં. કૃષ્ણદાસનો ઉછેર ગાંધીજીના સાંનિધ્યમાં. ભારતમાં કોચરબ (ગાંધી) આશ્રમમાં. વર્ધામાં વિનોબાજી સાથે. કાંતણવિદ્યામાં પારંગત-પ્રયોગવીર/ચરખાના ઉપાસક. ચરખા સંઘના સ્થાપક સભ્ય. 1942માં ‘હિન્દ છોડો’ લડત વખતે વર્ધાથી ધરપકડ. બે વર્ષની જેલ. અમદાવાદમાં ખાદીયંત્રો ઉપર પ્રયોગો.

અવસાન : 20 માર્ચ, 1976.

## ગાંધી, કેસરબહેન નાગરદાસ

જન્મ : 2 ઑક્ટોબર, 1924. અમરેલી.

પ્રયાગ વિશ્વવિદ્યાલયની ‘વિદુષી’ની પદવી. 1942ની લડતમાં પત્રિકા વહેંચતાં ધરપકડ. નાગપુર, જબલપુરની જેલમાં કુલ તેર માસની સજા. વર્ધા મહિલાશ્રમમાં સેવા. ઊના તાલુકાના રબારિકામાં ગ્રામસેવિકા. હાલ રાજકોટમાં. કેન્દ્રનું પેન્શન, તામ્રપત્ર.

## ગાંધી, ગુલાબદાસ કરસનદાસ

કડોદ, જિ. સૂરત.

1920થી રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો. 1928ની બારડોલી તાલુકાની ના-કરની લડતમાં ઇસ્માઈલ દેસાઈનો માર ખાધો. જેલવાસ ભોગવ્યો. રૂ. 200નો દંડ જપ્તીથી વસૂલ લેવાયો. અવસાન : 1968.

## ગાંધી, ચંદ્રકાંત છોટાલાલ

જન્મ : 16 ઑગસ્ટ, 1903. અમદાવાદ.

જાણીતા વકીલ. 1920માં અસહકારમાં સરકારી કૉલેજનો ત્યાગ. દારૂનિષેધ, ખાદીપ્રવૃત્તિ; અસ્પૃશ્યતાનિવારણ જેવી રચનાત્મક પ્રવૃત્તિ બે વર્ષ કરી. 1942માં ‘હિન્દ છોડો’ આંદોલનમાં ભાગ. ધરપકડ; ચાર માસની સજા. અમદાવાદની શૈક્ષણિક, સામાજિક સંસ્થાઓમાં સંકળાયેલા.

## ગાંધી, ચીમનલાલ મોહનલાલ
જામનગર.

1930ના મીઠાના સત્યાગ્રહમાં ધરપકડ અને સાબરમતી તથા યરવડામાં જેલવાસ. લીંબડીની લડતમાં સક્રિય – દુકાનને સળગાવી દેવામાં આવી. બધું લૂંટી લેવામાં આવ્યું. રાજ્યમાંથી હિજરત કરી.
અવસાન : 20 સપ્ટેમ્બર, 1977.

## ગાંધી, છગનલાલ ખુશાલચંદ
જન્મ : 1881. રાજકોટ.

અભ્યાસ : મૅટ્રિક. રાજકોટની પોલિટિકલ એજન્ટની કચેરીમાં નોકરી. દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમમાં ગાંધીજીએ બોલાવી લીધા. 1913માં રંગભેદની નીતિઓ સામે સત્યાગ્રહ – પ્રથમ ટુકડીમાં ત્રણ માસ જેલવાસ. 'ઇંડિયન ઓપિનિયન'નું ગુજરાતી ભાષામાં સંપાદન. 1916માં અમદાવાદમાં કોચરબ આશ્રમમાં. સાબરમતી આશ્રમનો વહીવટ. ખાદીકામ. ઓરિસાના જળસંકટ વખતે કાર્યકર. પૂ. ઠક્કરબાપાની સાથે હરિજન-ગિરિજન આદિવાસીઓનું સેવાકાર્ય. સેવાગ્રામ આશ્રમની જવાબદારી. દિલ્હીમાં રહી 'ગાંધીજીનો અક્ષરદેહ' ગ્રંથોના સંપાદનમાં મદદરૂપ. અંતિમ કાળ સાબરમતી આશ્રમમાં.
અવસાન : 1970.

## ગાંધી, છોટાલાલ ઘેલાભાઈ
જન્મ : 21 મે, 1882. પારડી, સૂરત.

1920માં અંકલેશ્વરમાં. વિવિધ સત્યાગ્રહોમાં અગ્રણી. 1923 : નાગપુર સત્યાગ્રહ. 1930-32માં નાકર લડત, વ્યક્તિગત સત્યાગ્રહ, 'હિન્દ છોડો'માં સક્રિય. રચનાત્મક પ્રવૃત્તિમાં વિશેષ રુચિ. રેંટિયાનો પ્રચાર. સુધરાઈ તથા બૅંકની પ્રવૃત્તિમાં સક્રિય. ગામોમાં યાત્રા. લોકોની સર્વ પ્રકારે સેવા. 'છોટા ગાંધી' નામે વિખ્યાત.
અવસાન : 27 જુલાઈ, 1962.

## ગાંધી, છોટાલાલ ત્રિભોવન
જન્મ : 1900. ધારી, જિ. અમરેલી.

ધારીમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિ કરતા. ત્યાર બાદ રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ લેતા રહ્યા. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં મદદરૂપ થયા.
અવસાન : 26 મે, 1974.

## ગાંધી, જમનાદાસ
ભુજ, કચ્છ.

'શ્રી કચ્છી પ્રજાકીય પરિષદ'(સ્થાપના મે, 1926)ના સક્રિય આગેવાન. રાજ્યના અંધેર વહીવટ સામે કાંતિપ્રસાદ અંતાણી સાથે લોકોમાં જાગૃતિ ફેલાવતા. તેમને બદનામ કરવાના ઇરાદાથી રાજ્ય-સરકારે બનાવટી ફોજદારી તહોમતનામું મૂક્યું અને જેલમાં પૂરીને અમાનુષી ત્રાસ ગુજાર્યો.

## ગાંધી, જમનાદાસ ખુશાલચંદ
જન્મ : 1895. રાજકોટ.

અભ્યાસ : મૅટ્રિક. ગાંધીજીના આદેશ અનુસાર દક્ષિણ આફ્રિકામાં. ફિનિક્સ આશ્રમ તેમજ ટૉલ્સ્ટૉય ફાર્મના કાર્યકર. 1913માં રંગભેદ નીતિ સામે સત્યાગ્રહમાં જોડાયા. કિંબરલીની જેલમાં ત્રણ માસ આકરી સજા. 1914માં ભારત પાછા ફર્યા. રાજકોટમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપનામાં અગ્રેસર. ગાંધીવિચાર મુજબ શિક્ષણકાર્યનો આરંભ. અભ્યાસાર્થે લંડન – પરંતુ ભારતમાં સ્વાતંત્ર્યની લડત શરૂ થઈ એટલે અધૂરા અભ્યાસે પરત આવ્યા. 1930માં મીઠાની લડત વખતે વિરમગામ છાવણીમાં પોલીસદમનના ભોગ. 1938માં રાજકોટ સત્યાગ્રહ વખતે પકડીને જેલમાં પૂર્યા. દિલ્હીમાં દેવદાસ ગાંધી સાથે કાર્ય. જીવનભર

શિક્ષણકાર્ય/ગાંધીવિચારપ્રચારનું કાર્ય.
અવસાન : 1949.

## ગાંધી, જમુબહેન સાકરલાલ

દાહોદ.

1942ની ચળવળ દરમિયાન 1-10-1942ના રોજ સાબરમતી જેલમાં લઈ જવાતા યુવાનોને સ્ટેશને વિદાય કરી, પાછી ફરતી સ્ત્રીઓને આકરી સજા કરનાર મૅજિસ્ટ્રેટના મકાન પાસે છાજિયાં લેવા માટે આઠ બહેનો સહિત ધરપકડ. બે માસની કેદની સજા.

## ગાંધી, જેઠાલાલ જીવણલાલ

જન્મ : 7 ડિસેમ્બર, 1904. મહેમદાવાદ, જિ. ખેડા.

1920માં સરકારી શિક્ષણનો ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠના વિનીત. તે પછી વાણિજ્યવિશારદ. 1926-1942 સુધી ગુજરાત મહાવિદ્યાલયમાં વાણિજ્યના અધ્યાપક. 1932માં ગેરકાયદે જાહેર થયેલી વિદ્યાપીઠનો કબજો ન સોંપવાથી ધરપકડ. 6 માસની કેદ અને રૂ. 50/- દંડ. 1942થી ગુજરાત વિદ્યાસભામાં સહાયક મંત્રી.

## ગાંધી, જેઠાલાલ, પુરુષોત્તમ

જન્મ : 1909. અમરેલી, સૌરાષ્ટ્ર.

1930-32ની મીઠાની લડતોમાં સક્રિય ભાગ. 6 માસ જેલવાસ. હરિજન-સેવા. રાજ્યોના અન્યાયો સામેની લડતમાં ભાગ. 1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે લડતમાં જોડાતાં છ માસની જેલની સજા. આજીવન હરિજનોની સેવા/ખાદીસેવા. તામ્રપત્ર એનાયત થયેલ છે.

## ગાંધી, ત્રિભોવનદાસ ગણેશભાઈ

સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર.

ધ્રાંગધ્રાના જુલમો સામે પ્રથમ ટુકડીમાં રહી સત્યાગ્રહ કર્યો. હળવદ ખાતે સત્યાગ્રહ. બંને વખતે ધરપકડ. મારપીટ સહન કરી. વ્રજપુર ખાતે જેલવાસ. નિધન થયેલ છે. પત્ની રાયશીબહેનને પેન્શન મળે છે.

## ગાંધી, દેવદાસ મોહનદાસ

જન્મ : 1900. પોરબંદર.

મહાત્મા ગાંધીના પુત્ર. ગાંધીજી સાથે દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમમાં. રંગભેદની નીતિ સામે સત્યાગ્રહ. દક્ષિણ આફ્રિકાથી આવીને શાંતિનિકેતનમાં જોડાયા. 1921માં અસહકારની ચળવળ વખતે અલાહાબાદથી પકડાયા. જવાહરલાલની સાથે એક વર્ષ જેલવાસ. 1930માં મીઠાની લડતમાં જોડાઈને જેલવાસી. દિલ્હીની જામિયામિલિયા ઇસ્લામિયા સંસ્થામાં હિન્દીના અધ્યાપનનું કામ કર્યું. 1934-35માં ‘હિન્દુસ્તાન ટાઇમ્સ’ના તંત્રી–મોટા ગજાના પત્રકાર. રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સમાં ગાંધીજી સાથે લંડન, 1931. ગાંધીજીના અંગત મંત્રી તરીકે ત્રણ વર્ષ.
અવસાન : 1957.

## ગાંધી, નગીનલાલ મદનલાલ

દેવગઢબારિયા, જિ. દાહોદ.

દેવગઢબારિયા દેશી રાજ્ય હોવાથી 1942માં ત્યાં ચળવળનું વાતાવરણ નહોતું. તેથી કાલોલ જઈ ત્યાં સરઘસમાં જોડાઈ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતાં ધરપકડ. બે માસની કેદની સજા.

## ગાંધી, નટવરલાલ મૂળજીદાસ

જન્મ : 1916. દાહોદ.

1930ની લડત વખતે 14 વરસની વયે વાનરસેનામાં ભાગ લીધો ત્યારે પ્રતિબંધિત પત્રિકા વહેંચતા. 1932માં 27 જૂનના રોજ પંચમહાલ જિલ્લા પરિષદમાં ભાગ લેવા માટે ધરપકડ. 6 માસની કેદ તથા રૂ. 50/- દંડની સજા. સાબરમતી અને વિસાપુરની જેલમાં

સજા ભોગવી.

## ગાંધી, નવનીતલાલ મોહનલાલ

મોડાસા.

ગાંધીજી તથા અન્ય નેતાઓનો સંપર્ક. કૉંગ્રેસ સેવાદળમાં સ્વયંસેવક તરીકે કામગીરી. 1942ની ચળવળ દરમિયાન ભૂગર્ભમાં રહી બૉમ્બપ્રવૃત્તિ વગેરેમાં હિસ્સો.

## ગાંધી, નવીનભાઈ અમૃતલાલ

પોરબંદર, જિ. રાજકોટ.

સાબરમતી આશ્રમમાં અંતેવાસી. 1930ની મીઠાની લડત વખતે જલાલપુર, સૂરતથી ધરપકડ. જેલવાસ. 1932માં પ્રતિબંધિત સાહિત્ય વહેંચતાં પકડાયા. છ માસની સખત કેદની સજા. સાબરમતી અને લીલાપુરમાં જેલવાસ. સેવાગ્રામ આશ્રમમાં ગાંધીજીના અંતેવાસી. 1938માં ગાંધીજીની પ્રેરણાથી કલાકૌશલ્યના અભ્યાસ અર્થે શાંતિનિકેતનમાં. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે મુંબઈ આવીને લડતની પત્રિકાપ્રકાશનનું કામ. શ્રીમતી સુચેતા કૃપાલાનીના માર્ગદર્શન નીચે કૉંગ્રેસ બુલેટિનના પ્રકાશનની જવાબદારી. સૌરાષ્ટ્ર રાજ્યની રચના થયા પછી જૂનાગઢમાં ગિરનારની તળેટીમાં ચિત્રકલાના તાલીમ સંશોધન કેન્દ્રની સ્થાપના (નવયુવકોને તાલીમ). 'વૈષ્ણવજન' સામયિક દ્વારા ગાંધીવિચારનો પ્રચાર-પ્રસાર.

## ગાંધી, નારણદાસ ખુશાલચંદ

જન્મ : 15 સપ્ટેમ્બર, 1885. રાજકોટ.

1905ની સ્વદેશી ચળવળમાં ભાગ લીધો. ટિળક સ્વરાજ ફંડ માટે ફાળો ઉઘરાવ્યો. 1921માં ઇન્ડિયન કો-ઑપરેટિવ સ્ટીમ નેવિગેશન કંપનીની માસિક રૂ. 700/-ના પગારની નોકરીનો ત્યાગ. 1922 : ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં જોડાયા. ચરખો તેમનો જીવનસાથી બન્યો. ખાદીધારી. 1930માં ગાંધીજીએ આશ્રમ છોડ્યો ત્યારે તે નારણદાસને સોંપ્યો હતો. આશ્રમના બધા વિભાગોની ખૂબ સારી વ્યવસ્થા. 1933માં વ્યક્તિગત અસહકાર વખતે 31-3-1933ના રોજ ધરપકડ કરી જેલમાં અટકાયત. રાજકોટમાં રાષ્ટ્રીય શાળા દ્વારા વિવિધલક્ષી સેવાનાં કાર્યો. રાજકોટ, ભાવનગર, અમરેલી, પોરબંદર, જૂનાગઢ, જામનગરમાં ખાદીકેન્દ્રો શરૂ કર્યાં.

અવસાન : 29 નવેમ્બર, 1974.

## ગાંધી, નારાયણ રામચંદ્ર

જન્મ : 1921.

રૉયલ ઇન્ડિયન નેવીના રેટિંગ્સના બળવાને ટેકો આપવા માટેના પ્રજાકીય વિરોધના આંદોલનમાં ભાગ લેતાં ફેબ્રુઆરી 22, 1946ના દિવસે મુંબઈના નળબજાર પોલીસસ્ટેશન પાસે ગોળીથી ઘવાયા. હૉસ્પિટલમાં મૃત્યુ.

અવસાન : 25 ફેબ્રુઆરી, 1946.

## ગાંધી, પુરુષોત્તમ નારણદાસ

જન્મ : 5 એપ્રિલ, 1909. રાજકોટ.

અભ્યાસ : ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. બાલ્યાવસ્થા ગાંધીજીના સાબરમતી આશ્રમમાં. રાજકોટ રાષ્ટ્રીય શાળામાં હરિજનસેવાનું કાર્ય. 1930ની લડત વખતે પિકેટિંગ કરતાં ધરપકડ. 4 માસની જેલ. 1938માં રાજકોટની લડત વખતે ગાંધીજીના રાજકોટ-નિવાસ દરમિયાન તેમની સેવામાં. 1942માં 'હિન્દ છોડો' લડત વખતે ધરપકડ. રાજકોટમાં 6 માસ જેલવાસ. રચનાત્મક કાર્યકર. ખાદી, ગ્રામોદ્યોગ, હરિજનસેવા, 'નયી તાલીમ' પ્રવૃત્તિઓમાં. મહિલા અંધશાળા, અપંગ શાળાઓની રચનામાં અગ્રણી. સંગીત વિદ્યાલય દ્વારા અનેકને સંગીતનો રંગ. ગીતા, મહાભારત, ગાંધીવિચાર

- ના વર્ગો. હિન્દી પ્રચારનું કાર્ય. રાષ્ટ્રીય શાળાની જવાબદારી.

## ગાંધી, પ્રભુદાસ છગનલાલ

જન્મ : 1901. પોરબંદર, સૌરાષ્ટ્ર.

બાળપણ ફિનિક્સ આશ્રમમાં વીત્યું. કોચરબ આશ્રમની સ્થાપનાથી ત્યાં રહ્યા. 1917માં ચંપારણ સત્યાગ્રહ વખતે અને 1921માં અસહકારની ચળવળ વખતે ગાંધીજી સાથે રહ્યા. 1922માં મજૂર-હડતાળ વખતે કામ કર્યું. બારડોલી સ્વરાજ આશ્રમમાં સેવા આપી. 1928ની બારડોલીની લડતમાં ભાગ લેતાં 6 માસ જેલવાસ ભોગવ્યો. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. પરિણામે જેલવાસી થયા. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે પકડાયા. બદાયુમાં 3 વર્ષ જેલવાસ ભોગવ્યો.

## ગાંધી, પ્રમોદરાય ચંદુલાલ

દેવગઢબારિયા, જિ. દાહોદ.

1942ની ચળવળમાં દાહોદ જઈ ત્યાં સરઘસમાં ધ્વજ સહિત જોડાઈ, મોટેથી સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર. ધરપકડ. 2 માસની કેદની સજા.

ગાંધી, પ્રાણલાલ હરગોવિંદદાસ

જન્મ : 30 જૂન, 1914. કુંડલા, જિ. ભાવનગર.

1930-31માં મીઠાના સત્યાગ્રહમાં ભાગ લેતાં પકડાયા. 3 મહિના જેલવાસ ભોગવ્યો. બ્રિટિશ હદમાંથી હદપાર કરવામાં આવ્યા. કુંડલામાં 2 વર્ષ નજરકેદી તરીકે રહ્યા.

અવસાન : 10 સપ્ટેમ્બર, 1980.

## ગાંધી, બટુકભાઈ પુરુષોત્તમ

ભાવનગર.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. સહન કર્યું. રાજ્ય- સરકાર તરફથી પેન્શન તેમનાં વિધવા મંગળાબહેનને મળે છે.

## ગાંધી, બાબુલાલ વલ્લભદાસ

ગોધરા, જિ. પંચમહાલ.

14 ઑગસ્ટ, 1942ની સવારે ગોધરામાં મોટું સરઘસ કાઢી, 'ઇન્કિલાબ ઝિંદાબાદ,' 'અંગ્રેજો ચાલ્યા જાવ' વગેરે સૂત્રો પોકાર્યાં. ધરપકડ. કેસ ચલાવી 6 માસની કેદની સજા.

## ગાંધી, ભાઈદાસ ગંગાદાસ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લીધો. ધરપકડ થઈ. જેલવાસ ભોગવ્યો.

## ગાંધી, ભોગીલાલ ચુનીલાલ

જન્મ : 26 જાન્યુઆરી, 1911. મોડાસા, જિ. સાબરકાંઠા.

1927માં રેલસંકટમાં ગામડામાં રહીને રાહતનું કામ. 1928માં બારડોલી સત્યાગ્રહમાં સ્વયંસેવક તરીકે સેવા. 2 મહિનાની કાચી જેલ ભોગવી. 'બારડોલી પત્રિકા'ના સંપાદનમાં હિસ્સો આપ્યો. સરદારશ્રીનાં વ્યાખ્યાનોની નોંધ લેવાની અને હેવાલો મોકલવાની કામગીરી કરી. 1930માં મહેમદાવાદમાં શિબિરોનું સંચાલન કર્યું. ગામડે ગામડે ભાષણો કર્યાં. ત્યારે છ મહિનાની સજા થઈ. 1931માં મોડાસાના સત્યાગ્રહ આંદોલનમાં અને પત્રિકાનાં કામ કરતાં પકડાયા. 8 મહિનાની કેદની સજા. 1932માં સ્વયંસેવક કેન્દ્રનું સંચાલન કરતાં ત્રીજી વખત પકડાયા. યરવડા જેલમાં 18 મહિના રહ્યા. 1934થી 1939 દરમિયાન મોડાસા તાલુકા કૉંગ્રેસ સમિતિના સહમંત્રી, ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના સભ્ય, અમદાવાદ સમાજવાદી પક્ષની જિલ્લા સમિતિના મંત્રી હતા. 11 મહિના ભૂગર્ભમાં રહ્યા પછી ચોથી વાર 11 મહિના જેલ ભોગવી હતી. 1949-51માં ફરી પાછા ભૂગર્ભમાં ગયા અને પાંચમી વખત 1.2 વર્ષની સજા થઈ.

અવસાન : 10 જૂન, 2001.

## ગાંધી, મગનલાલ ખુશાલચંદ

જન્મ : 1883. રાજકોટ.

તેઓ ગાંધીજી સાથે દક્ષિણ આફ્રિકા ગયા. 1913માં રંગભેદની નીતિ સામે સત્યાગ્રહ આરંભ્યો ત્યારે સત્યાગ્રહનું સંચાલન કર્યું. ફિનિક્સ આશ્રમની જવાબદારી સંભાળી ગિરમીટિયા હડતાળિયા લોકોની સેવા કરી. ગાંધીજી ભારત આવ્યા ત્યારે થોડો સમય શાંતિનિકેતનમાં રહ્યા. સાબરમતી આશ્રમની સ્થાપના થતાં તે આશ્રમની જવાબદારી ઉપાડી લીધી. ખેડા જિલ્લામાં સરદારશ્રી સાથે રહીને કામ કર્યું. લડતોમાં સાથ આપ્યો. ખૂબ સહન કર્યું. 1928માં અવસાન થયું.

## ગાંધી, મણિલાલ મોહનદાસ

જન્મ : 1892. રાજકોટ.

ગાંધીજી સાથે દક્ષિણ આફ્રિકા ગયા. ફિનિક્સ આશ્રમમાં રહ્યા. રંગભેદની નીતિ સામે કરેલ સત્યાગ્રહમાં જોડાયા. 3 વખત જેલવાસ ભોગવ્યો. ભારત આવીને શાંતિનિકેતનમાં જોડાયા. ગાંધીજીએ કોચરબ આશ્રમ શરૂ કર્યો ત્યારે આશ્રમમાં આવીને વસ્યા. 1930માં દાંડીકૂચમાં જોડાઈ જેલવાસી બન્યા. ફરી દક્ષિણ આફ્રિકા ગયા. ફિનિક્સ આશ્રમની જવાબદારી સંભાળી.

## ગાંધી, મણિલાલ હરજીવનદાસ

દાહોદ.

1930ની લડત દરમિયાન દાહોદમાં ગોદી રોડનાં દારૂનાં પીઠાં પર વિનયપૂર્વક પિકેટિંગ. માલિકોને આર્થિક નુકસાન. ધરપકડ. કેસ ચલાવી ચાર માસની સજા.

## ગાંધી, મથુરાદાસ લાલજીભાઈ

જન્મ : વિ. સં. 1931ના અષાઢ વદ 8. મોડાસા, જિ. સાબરકાંઠા

1905માં બંગભંગ-આંદોલનથી પ્રભાવિત. સ્વદેશી પ્રતિજ્ઞા. 1906માં હસ્તોદ્યોગ તથા બંગભંગ-આંદોલનના અભ્યાસ માટે કોલકાતાની યાત્રા. મોડાસામાં રાષ્ટ્રીય શાળા સ્થાપી. 1930માં લસુંદ્રામાં મીઠાનો સત્યાગ્રહ. મોડાસા, ધનસુરા વગેરે સ્થળે દારૂનાં પીઠાં પર દેખાવો. 9 મહિના કારાવાસ. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં. 9 મહિના કારાવાસ. ઈડર પ્રજામંડળના પ્રમુખ. પ્રાકૃતિક આપત્તિમાં ગ્રામસેવા કરી.

અવસાન : 4 ઑગસ્ટ, 1958.

## ગાંધી, મનુબહેન જયસુખલાલ

જન્મ : 6 એપ્રિલ, 1927. મહુવા.

સેવાગ્રામ આશ્રમમાં રહી ગાંધીજી અને કસ્તૂરબાની સેવા કરી. 1942ની લડત વખતે નાગપુરમાં જેલવાસ ભોગવ્યો. ત્યાર બાદ આગાખાન પૅલેસમાં બા-બાપુજીની સેવા માટે જેલવાસી તરીકે જોડાયાં. નોઆખલી યાત્રામાં જોડાયાં. બા-બાપુજીની હયાતી સુધી તેમની સેવા કરી. ગાંધી-શતાબ્દી નિમિત્તે યોજાયેલ 'ગાંધી-જીવન-દર્શન' રેલયાત્રાનું સંચાલન કર્યું. ગાંધીજીનાં સંસ્મરણો રૂપે વીસેક પુસ્તકો લખ્યાં.

અવસાન : 8 ડિસેમ્બર, 1969.

## ગાંધી, મનુભાઈ મંગળદાસ

નિવાસ : મહેમદાવાદ, જિ. ખેડા.

1930માં 18 વર્ષની વયે સ્વાતંત્ર્યસંગ્રામમાં પ્રવેશ. વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. સરઘસ. 3 મહિના કારાવાસ. મુક્તિ પછી પુનઃ સંગ્રામમાં. પુનઃ કારાવાસ 8 મહિના. તામ્રપત્ર અર્પણ થયેલ છે.

## ગાંધી, માણેકલાલ મગનલાલ

જન્મ : 8 જુલાઈ, 1901. કાલોલ, જિ. પંચમહાલ.

1920માં સરકારી શાળાનો ત્યાગ. પરીક્ષાનો

બહિષ્કાર. 1921માં કાલોલ રાષ્ટ્રીય શાળાની સ્થાપના. દારૂનાં પીઠાં સામે સત્યાગ્રહ. 1928માં ના-કરની લડતમાં સ્વયંસેવક. 1930 : મલાવ વનસત્યાગ્રહમાં 6 મહિના કારાવાસ. 1932 : વડોદરા, ભૂગર્ભવાસ. દાહોદ પ્રજાપરિષદના પ્રમુખ. 2.5 વર્ષ કારાવાસ, 500 રૂપિયા દંડ. 1941 : સવિનય ભંગ સત્યાગ્રહ, 9 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન, 2.5 વર્ષ અટકાયત. 1937 તથા 1946માં ધારાસભ્ય. 1952થી '62 લોકસભાના સભ્ય. જૂન, 1975માં ગુજરાત રાજ્યના પ્રધાન. અવસાન થયેલ છે.

## ગાંધી, મીઠાલાલ શિવલાલ

દાહોદ.

રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ કરતા. 1932ની લડતમાં સભા, સરઘસ, પિકેટિંગ વગેરેમાં સક્રિય ભાગ. ધરપકડ. 6 માસની કેદની સજા.

## ગાંધી, મોહનદાસ કરમચંદ

જન્મ : 2 ઑક્ટોબર, 1869. પોરબંદર.

1891થી 1914 દક્ષિણ આફ્રિકા રહ્યા. રંગભેદની નીતિ તેમજ ગિરમીટિયા લોકોને થતા અન્યાયો સામે 3 વાર સત્યાગ્રહ આદર્યો. જેલવાસ ભોગવ્યો. 1915માં કાયમ માટે ભારત આવી અમદાવાદમાં આશ્રમ સ્થાપ્યો. ચંપારણમાં સત્યાગ્રહ. 1918માં અમદાવાદના મિલમજૂરોના પગારવધારા માટે હડતાળ શરૂ કરી. લડત સફળ. 1918માં ખેડા-સત્યાગ્રહ શરૂ થયો. 1919માં રૉલેટ ધારાને કાળો કાયદો ગણાવી વિરોધ કર્યો. લોકોએ હિંસા આદરી. 13મી એપ્રિલે જલિયાંવાલા બાગ હત્યાકાંડ થયો. ગાંધીજીએ ચંદ્રક પરત કર્યા. 1920માં અસહકારની લડત શરૂ કરી. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. વિદેશી કાપડના બહિષ્કારની અને ખાદીની વાત કૉલકાતા કૉંગ્રેસે ઉમેરી. અસહકારનું આંદોલન દેશભરમાં ઉગ્ર થયું. અમદાવાદમાં ગાંધીજીની ધરપકડ થઈ. 6 વર્ષની કેદની સજા. 1928માં વલ્લભભાઈ પટેલના નેતૃત્વ હેઠળ બારડોલી સત્યાગ્રહ શરૂ થયો. 1929ના ડિસેમ્બરમાં લાહોરમાં કૉંગ્રેસના અધિવેશનમાં 'પૂર્ણ સ્વરાજ'નો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

12 માર્ચ, 1930ના રોજ દાંડીકૂચનો આરંભ કર્યો. ગાંધીજીની ધરપકડ. 1931માં ગાંધી-ઇર્વિન કરાર થયા. ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગાંધીજી લંડન ગયા. 1932માં ફરી સત્યાગ્રહ થયો, 4 જાન્યુઆરી, 1932ના રોજ ગાંધીજીની ધરપકડ થઈ. 1933ના ઑગસ્ટમાં વ્યક્તિગત કાનૂનભંગ શરૂ થયો. ગાંધીજીની ધરપકડ. 1 વર્ષની સજા થઈ. 1934માં ગ્રામોદ્યોગ સંઘની સ્થાપના કરી. 1942ની આઠમી ઑગસ્ટે 'હિન્દ છોડો', 'કરેંગે યા મરેંગે'ની ઘોષણા કરવામાં આવી. ગાંધીજી પુણેના આગાખાન મહેલમાં બંદીવાન તરીકે રહ્યા. 1946માં વચગાળાની રાષ્ટ્રીય સરકાર સ્થાપવાનું નક્કી થયું. 1947ના ઑગસ્ટની 15મી તારીખે ભારત-પાકિસ્તાન બે સ્વતંત્ર રાજ્યો રચાયાં. 30મી જાન્યુઆરી, 1948ના રોજ દિલ્હીમાં તેમનું ખૂન કરવામાં આવ્યું.

## ગાંધી, રતિલાલ ભૂરાભાઈ

જન્મ : 5 જૂન, 1904. ચૂડા, જિ. સુરેન્દ્રનગર.

1930-31ની મીઠાની લડત વખતે મુંબઈમાં ભાગ લીધો. લીંબડીની લડતમાં જોડાયા. રાજ્યના જુલમોનો ભોગ બન્યા. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભમાં રહીને જોખમ વહોરીને 'ક્રાંતિ' નામનું પત્ર ચલાવ્યું.

## ગાંધી, રમણલાલ ગુલાબદાસ

જન્મ : 1901. કડોદ, જિ. સૂરત.

1938માં હરિપુરા કૉંગ્રેસમાં સ્વયંસેવક તરીકે

કામ કર્યું. 1942ની લડતમાં બારડોલી કોર્ટ પર પિકેટિંગ કરતાં 2 વર્ષની કેદ અને રૂ. 200નો દંડ થયો હતો. દંડની રકમ જપ્તીથી વસૂલ કરાઈ. 1948માં ગણોતધારાને પરિણામે કુટુંબની તમામ જમીન જતી રહી.

## ગાંધી, રમણલાલ મીઠાલાલ

દાહોદ.

1930ની ચળવળ દરમિયાન દાહોદમાં ગોદી રોડ પરનાં દારૂનાં પીઠાં પર શાંતિમય પિકેટિંગ. આવક ઘટવાથી માલિકોની ફરિયાદ. પોલીસે ધરપકડ કરી. કેસ ચલાવીને બે માસની કારાવાસની સજા.

## ગાંધી, રમણલાલ મોતીલાલ

જન્મ : 10 જુલાઈ, 1909. મહેમદાવાદ, જિ. ખેડા.

વિદ્યાર્થી-અવસ્થાથી સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય. 1930માં સત્યાગ્રહ. સવા વર્ષ કારાવાસ. 1932 : સત્યાગ્રહ. યરવડામાં 11 મહિના કારાવાસ. 1939-42 : મહેમદાવાદ નગરપાલિકાના પ્રમુખ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. કારાવાસ. 1942માં 'હિન્દ છોડો' સત્યાગ્રહ. નાશિકમાં પોણા બે વર્ષ કારાવાસ. ભંગી શ્રમિક સંગઠનમાં સક્રિય.

## ગાંધી, રસિકભાઈ રઘુનાથજી

જન્મ : 28-8-1922. ભાવનગર.

1942ની લડતમાં ભાગ લીધો. શિહોરની જેલમાં બે માસ. સુરેન્દ્રનગર જેલમાં ત્રણ માસ અને ભાવનગર જેલમાં ત્રણ માસ સજા ભોગવી.

## ગાંધી, રામદાસ

સૂરત.

સૂરતના પાટીદાર (વલ્લભ) વિદ્યાર્થી આશ્રમમાં રહીને ભણ્યા હતા. 1930ની ચળવળ દરમિયાન ગાડું લઈને કરાંઠી વેચવા નીકળ્યા. સત્યાગ્રહીઓની સેના જોઈને તેઓ ઊતરી પડ્યા અને પોતાના દુબળાને ગાડું સોંપી ચિઠ્ઠી ઘેર મોકલી કે : 'મારી ફિકર ન કરશો. હું તો દેશની લડતમાં જાઉં છું.' ત્યાંથી ભીમરાડ મોરચે ગયા. શ્રી બાટલીવાળાની ટુકડી સાથે માર ખાઈને પકડાયા. એક મહિનાની સજા ભોગવવા વરલી જેલમાં ગયા. ત્યાં એકાએક બીમાર થવાથી જે. જે. હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં તેમનું અવસાન થયું. મુંબઈની કૉંગ્રેસ સમિતિને શબ સોંપાયું. હજારો લોકોએ અંતિમ વિદાય આપી. તારથી ખબર મળતાં સગાંવહાલાં પણ સ્મશાનયાત્રામાં જોડાયાં હતાં.

## ગાંધી, રામદાસ મોહનદાસ

જન્મ : 1897. ડર્બન, દક્ષિણ આફ્રિકા.

મહાત્મા ગાંધીજીના પુત્ર. દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમમાં હતા. 1913ની રંગભેદની નીતિ સામેની લડતમાં ગાંધીજી સાથે જોડાયા. 3 માસ જેલવાસ ભોગવ્યો. 1928માં બારડોલી તાલુકાની લડત વખતે પકડાયા. જેલવાસી બન્યા. 1930માં ધરાસણાની લડત વખતે 1.2 વર્ષ જેલવાસ ભોગવ્યો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે યરવડા જેલમાં સજા ભોગવી. 1979માં અવસાન થયું.

## ગાંધી, લક્ષ્મીદાસ પુરુષોત્તમ

જન્મ : 6-1-1914. વતન તળાજા, જિ. ભાવનગર.

1930માં સ્વદેશી આંદોલનમાં ભાગ લેવાનું શરૂ કર્યું. વિદેશી કાપડ તેમજ દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરતા. પત્રિકાઓના પ્રચારનું કામ કરતા. મીઠાની લડતમાં ધોલેરા સત્યાગ્રહમાં જોડાયા. રાણપુરથી પકડાયા. છ માસ જેલવાસ ભોગવ્યો. 1932માં પકડાઈ જતાં વઢવાણમાં ત્રણ માસ જેલ ભોગવી. 1934માં સત્યાગ્રહમાં

જોડાતાં એક વર્ષની સજા ભોગવી. 1932માં દિલ્હીમાં કૉંગ્રેસ ભરાવાની હતી. ત્યાં જતાં મહેસાણાથી અટકમાં લેવામાં આવ્યા. ધ્રાંગધ્રાની લડતમાં જોડાયા. અમાનુષી ત્રાસ વેઠ્યો. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ લીધો. પુસ્તકમુદ્રણ - પ્રકાશનકાર્યમાં સહાય.

## ગાંધી, લક્ષ્મીબહેન

અમદાવાદ, સાબરમતી આશ્રમ.

1930ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસોએ સખત લાઠીચાર્જ કરી અનેક સ્ત્રીઓને ઘાયલ કરી. તેમાં તેમના ઉપર 8થી 10 લાઠીના પ્રહારો થયા; તેનાથી બરડામાં ઈજાઓ થઈ.

## ગાંધી, વિજયાબહેન પુરુષોત્તમ

જન્મ : 20-4-1920. ચોરવાડ, સૌરાષ્ટ્ર.

1942ની લડત વખતે સભા-સરઘસોમાં ભાગ. લડતનો પ્રચાર કરતાં ધરપકડ થઈ. ચાર માસ જેલવાસ ભોગવ્યો.

## ગાંધી, વિઠ્ઠલદાસ મણિલાલ

અમરેલી, સૌરાષ્ટ્ર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે અમરેલીમાં કેટલાક વિદ્યાર્થીઓ ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયેલા. શાળાના મકાનને આગ ચાંપવાના આરોપસર 18 જણની ધરપકડ કરવામાં આવી તેમાંના એક. થોડો વખત અટકમાં રાખી મુક્ત કર્યા.

## ગાંધી, વિનુભાઈ જયંતીલાલ

જન્મ : 12-6-1923. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાવનગર બંદરે લશ્કરી સામાનની હેરફેર ઉપર પિકેટિંગ કરતાં પકડાયા. શિહોરમાં 3 માસ જેલવાસ ભોગવ્યો.

## ગાંધી, વ્રજલાલ રૂગનાથ

જન્મ : 12-10-1911, કુંડલા, જિ. ભાવનગર.

1930માં ધોલેરામાં મીઠાના સત્યાગ્રહ વખતે રાણપુર છાવણીમાં કામ કર્યું. વૌઠાના મેળામાં લડતનો પ્રચાર કરતાં પકડાયા. 11 માસની સજા થઈ. દંડ નહિ ભરવા બદલ 1 માસ વધુ જેલ ભોગવી.

## ગાંધી, શાંતાબહેન અનિલચંદ્ર

અમદાવાદ.

1942ની ચળવળમાં સ્ત્રીઓની સભાઓ, સરઘસોમાં ભાગ લીધો. પત્રિકાઓ વહેંચતાં. ઉસ્માનપુરામાં ભોંયપત્રિકા લખવા માટે 6-9-1942ના રોજ ધરપકડ. 2 માસની કેદ અને રૂ. 100/- દંડની સજા.

## ગાંધી, શાંતાબહેન ચમનલાલ

જામનગર.

જામનગરની પ્રજામંડળની લડતોમાં ભાગ લીધો. રાજ્યના જુલમો સહન કર્યા.

## ગાંધી, શાંતિલાલ જીવણલાલ

જન્મ : 11 જૂન, 1907. મહેમદાવાદ, જિ. ખેડા.

1923માં રાષ્ટ્રીય શાળામાં પ્રવેશ. ગૂજરાત વિદ્યાપીઠમાં વધુ અભ્યાસ. 1927માં વિદ્યાપીઠના સ્નાતક. 1928માં વિદ્યાપીઠમાં અધ્યાપક, અંત સુધી. 1930માં કપડવંજ તાલુકામાં સત્યાગ્રહનો પ્રચાર. જિલ્લો છોડી જવાની કલેક્ટરની આજ્ઞાની અવગણના. 1932 : ધરપકડ. બે વાર દંડ અને કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય.

## ગાંધી, સંતોકબહેન મગનલાલ

જન્મ : 1884. રાજકોટ.

પતિ સાથે દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમમાં જોડાયાં. 1913માં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાની રંગભેદની નીતિ સામે સત્યાગ્રહ આદર્યો ત્યારે તેમાં જોડાયાં. 3 માસ જેલવાસ ભોગવ્યો. સાબરમતી આશ્રમની સ્થાપના થઈ ત્યારે તેમાં જોડાયાં. ગાંધીજીનાં અંતેવાસી બની રહ્યાં. 1959માં બેટ દ્વારકાથી દ્વારકા આવતાં હોડી ઊંધી વળી જતાં અવસાન થયું.

## ગાંધી, સામળદાસ લક્ષ્મીચંદ

જન્મ : 1897. જૂનાગઢ.

આરઝી હકૂમતના વડાપ્રધાન. 25-9-1947ના રોજ અમૃતલાલ શેઠે સામળદાસ ગાંધીને મુંબઈમાં તલવારની ભેટ ધરી અને મુંબઈથી આરઝી હકૂમતે વિદાય લીધી. 'વંદે માતરમ્'ના તંત્રી હતા. તે દ્વારા પ્રજાજાગૃતિનું કાર્ય કર્યું. દીવાને 7મી નવેમ્બરે આરઝી હકૂમતના પ્રધાન સામળદાસ સાથે વાટાઘાટો કરી. 1948ના જૂનની 1લી તારીખે જૂનાગઢના વહીવટ માટે તેમની નિમણૂક થઈ. સૌરાષ્ટ્ર રાજ્યમાં મંત્રી હતા.

અવસાન : 1953.

## ગાંધી, હરિદાસ વરજીવનદાસ

ગુજરાત. જન્મ : 1905.

અગાઉ રૂનો વેપાર. દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજીની સાથે સાબરમતી આશ્રમથી 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. તે પછી મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## ગાંધી, હરિલાલ મથુરાદાસ

જન્મ : 1908. મોડાસા, જિ. સાબરકાંઠા.

અભ્યાસ : વાણિજ્ય વિદ્યામંદિરનાં બે વર્ષ, ગૂજરાત વિદ્યાપીઠ. વ્યવસાય : મુંબઈમાં વેપાર. 1930 : મીઠા સત્યાગ્રહ વિદ્યાપીઠની ટુકડીમાં. કારાવાસ. 1942ની લોકક્રાંતિમાં મોડાસા. અટકાયત. મુક્તિ પછી સાબરકાંઠાના લોકોની સામાજિક-શૈક્ષણિક ક્ષેત્રે સેવા.

## ગાંધી, હરિલાલ મોહનદાસ

જન્મ : 1888. રાજકોટ.

મહાત્મા ગાંધીના પુત્ર. ગાંધીજી સાથે દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમમાં જોડાયા. ત્યાંની રંગભેદની નીતિ સામે સત્યાગ્રહમાં ભાગ લીધો. નાતાલમાંથી ટ્રાન્સવાલમાં દાખલ થયા, તેથી ધરપકડ. 27-7-1908ના રોજ ટૂંકો જેલવાસ; મુક્તિ.

10-9-1908 ફરી ધરપકડ, ટૂંકો જેલવાસ, મુક્તિ.

1910માં ભારત પરત.

અસહકારની લડત(1920-22)માં જોડાયા.

અવસાન : 18 જૂન, 1948. મુંબઈ.

## ગાંધી, હિંમતલાલ લક્ષ્મીશંકર

અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે અમરેલીમાં શાળાના મકાનને આગ લગાડવાના આરોપસર જે 18 જણા પકડાયેલા તેમાંના એક. થોડો વખત અટકમાં રાખી મુક્ત કરેલ.

## ગિદવાણી, ઉત્તમચંદ કાકા

જન્મ : 15 નવેમ્બર, 1886. ગુલસા, હૈદરાબાદ, સિંધ-પાકિસ્તાન.

1921માં બનાસ શહેરમાં સત્યાગ્રહ, ધરપકડ, જેલ. 1930-1932માં હૈદરાબાદ(સિંધ)માં સત્યાગ્રહ, ધરપકડ, જેલ. 1942માં નવાબશાહમાં ધરપકડ. જેલ. 30 વર્ષ સુધી કૉંગ્રેસનું કામ કર્યું. અખિલ ભારત ચરખા સંઘની સિંધની શાખાના મંત્રી 1 વર્ષ અને 6 મહિના. વારાણસી(કાશી)માં ગાંધી આશ્રમમાં 1 વર્ષ કામ. રચનાત્મક પ્રવૃત્તિમાં સક્રિય. 1947માં દેશના વિભાજન બાદ નિર્વાસિતોના પુનર્વસવાટમાં સક્રિય ભાગ. દિલ્હી, રાજકોટ

અને આદિપુર(કચ્છ)માં નિર્વાસિતોના અનેક પ્રશ્નો ઉકેલ્યા.

## ગિરધરલાલ દામોદરદાસ

જન્મ : 16 જૂન, 1908. અમદાવાદ.

અભ્યાસ : મૅટ્રિક સુધી. કૉંગ્રેસની પ્રવૃત્તિઓમાં સક્રિય. 1930ની સત્યાગ્રહની લડત વખતે અમદાવાદની આર. સી. હાઈસ્કૂલના ધ્વજવંદન વખતે થયેલ લાઠીચાર્જનો વિરોધ કરતાં તેમને સાબરમતી જેલમાં અટકાયતમાં રાખેલા. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળ દરમિયાન ભૂગર્ભમાં રહી કૉંગ્રેસને મદદ. 1946ના કોમી હુલ્લડો દરમિયાન કોમનો ભેદભાવ રાખ્યા વગર અનેકને મદદ.

## ગિરધરલાલ ધનજીભાઈ

ભાવનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. ટૂંક સમય માટે જેલની સજા ભોગવ્યા બાદ મુક્ત થયા.

## ગુણવંતલાલ

જન્મ : માર્ચ, 1927. ધૂળિયા.

અભ્યાસ : મુંબઈમાં અભ્યાસ કરતા તે છોડી નોકરીમાં. રાજદ્વારી બાબતોમાં રસ. શાંતિ-સેનામાં જોડાયા. 1946 જાન્યુઆરીની 23મીએ સુભાષજયંતી ઉજવણીની તૈયારીનો માધવબાગમાં કાર્યક્રમ. સેન્ડહર્સ્ટ રોડ પર ગોળીબારના સમાચાર. શાંતિ સ્થાપવા દોડી ગયા. કમલ ટૉકીઝ પાસે ગોળી વાગી અને શહીદ થયા.

અવસાન : 23 જાન્યુઆરી, 1946.

## ગુપ્તા, મથુરદાસ ગોરધનદાસ

પોરબંદર.

1928માં પોરબંદરના અધિવેશનમાં સ્વયંસેવક તરીકે જોડાયા. ‘ભારતોદય મંડળ’ની સ્થાપના કરી. ખાદી, દારૂનિષેધ, હરિજનસેવા, વ્યાયામ વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરી. રાહતની દુકાનો શરૂ કરી. આથી મહારાણા ધૂંઆપૂંઆ થયા ને દુકાનો બંધ કરાવી. 1942ની લડતમાં પિકેટિંગ કર્યું. દમનનો કોરડો વીંઝાયો. મહારાજા લોકોને મળવા માગે છે તેમ કહી લોકોને બોલાવ્યા ને પોલીસોએ કાળો કેર વર્તાવ્યો. એમના આંતરડાને નુકસાન થયું. બેભાન થયા. જેલમાં પૂર્યા. ત્યાં પણ મારઝૂડ ચાલુ રહી. જેલમાં પથારીવશ રહ્યા. 8 માસ જેલવાસ ભોગવી છૂટ્યા.

## ગુપ્તા, હિંમતલાલ ગરબડદાસ

જન્મ : 1 જાન્યુઆરી, 1900. સણસોલી, તા. કાલોલ, જિ. પંચમહાલ.

1920માં પરદેશી કાપડની હોળી. 1930માં મીઠા સત્યાગ્રહ વખતે કાનોડ છાવણીમાં સેનાનાયક. પોલીસના લાઠીમારમાં બહુ ઘવાયા. મલાવ જંગલ સત્યાગ્રહમાં સક્રિય, કારાવાસ. 1932માં ધરપકડ, કેદની સજા. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ કરી કેદની સજા ભોગવી. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલન. કારાવાસ. સણસોલી ગ્રામપંચાયતના પ્રમુખ.

## ગુર્જર, મોહનભાઈ કાળાભાઈ

વડોદરા.

કિશોરવયથી સંગ્રામમાં સક્રિય. સભા-સરઘસ. પોલીસની મારપીટ. શરીરે વામન. 1942માં ‘હિન્દ છોડો’ આંદોલન વખતે વારંવાર ધરપકડ અને મુક્તિ (જંગલમાં છોડી મૂક્યા). ભૂગર્ભપ્રવૃત્તિ. બૉમ્બનિર્માણ.

## ગુલાબરાય મોહનલાલ

રાજકોટ.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. ધરપકડ થઈ. ત્રણ માસની જેલની સજા

ભોગવી.

## ગેમલસિંગ રૂપસિંગ

ગામ બોજાદરા, જિ. ભરૂચ.

ગેમલસિંગે છોટુભાઈ પુરાણીની ટુકડીમાં જોડાઈ વેડચ પોલીસ ગેટ, સરભોણ પોલીસ થાણું વગેરે લૂંટવામાં સહકાર આપ્યો. લડવૈયાઓને ખાવાનું પહોંચાડવું, સુરક્ષિત સ્થળે રાખવા વગેરે કામો પત્નીના સહકારથી કર્યાં.

## ગેંદાલાલ સૂરજમલ

દાહોદ.

1942ની ચળવળ દરમિયાન દાહોદમાં 25-9-1942ના રોજ રાષ્ટ્રધ્વજ સહિત સરઘસ. સરકાર વિરોધી સૂત્રો પોકાર્યાં. સરઘસ સભામાં ફેરવાયું. સભામાંથી પોલીસે ધરપકડ કરી. મૅજિસ્ટ્રેટે 2 માસની સખત કેદની સજા અને રૂ. 50 દંડ કર્યો. દંડ ન ભરે તો 2 માસની વધુ કેદ. સાબરમતી જેલમાં રાખ્યા.

## ગોદાવરીબહેન

સાબરમતી આશ્રમ, અમદાવાદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં ભાદરણની છાવણીમાં આવીને રહ્યાં. પરદેશી કાપડ અને દારૂની દુકાનો પર પિકેટિંગ કરતાં; તેમજ કાપડના વેપારીઓ અને દારૂના વ્યસનીઓને સમજાવતાં. પિકેટિંગ કરતાં ધરપકડ અને જેલની સજા.

## ગોદાવરીબહેન

બોરસદ, જિ. આણંદ.

1930 : મીઠાની લડત વખતે આશ્રમમાંથી બોરસદ તાલુકામાં પ્રચારક. દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ. લોકોને દારૂ ન પીવાનું સમજાવતાં ધરપકડ અને 1.5 માસની સજા અને દંડ.

## ગોદાવરીબહેન કાળિદાસ

ઘંટેશ્વર, જિ. રાજકોટ.

1932ની મીઠાની લડતમાં મુંબઈમાં ભાગ લીધો. ટૂંકો જેલવાસ ભોગવ્યો. રાજકોટની લડતમાં ભાગ લેતાં ધરપકડ થઈ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ થઈ. ચાર માસનો જેલવાસ ભોગવ્યો.
નિવૃત્ત જીવન.

## ગોધવળકર, સત્યાભામાબહેન

અમદાવાદ.

1932માં માણેકચોકમાં હજીરામાં વિદેશી કાપડની દુકાન ધરાવતા છોટાલાલ છગનલાલના મકાન આગળ (દરિયાપુર, પંચભાઈની પોળ) 18મી માર્ચના રોજ સત્યભામાબહેન, ચંદ્રમણિબહેન (ભાઉની પોળ) અને સીતાબહેને ભૂખમરા સત્યાગ્રહ આદર્યો. પ્રથમ બે બહેનોને પોલીસ ગાયકવાડની હવેલીએ લઈ ગઈ અને સવારે સાડા દસથી બપોરે ચાર સુધી બેસાડી, પછી છોડી મૂક્યાં.

## ગોપલાણી, તેજુરામ નેભનદાસ

જન્મ : 1907. શોભાડેરા, સિંધ (હાલ પાકિસ્તાનમાં).

1939માં ગાંધીજી સાથે સેવાગ્રામ(વર્ધા)માં એક મહિનો રહ્યા બાદ શોભાડેરામાં રચનાત્મક પ્રવૃત્તિ. ધરપકડ, 1 વર્ષની સજા, 200 રૂપિયા દંડ. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ, ધરપકડ, 2 વર્ષની સજા. 1944માં ગાંધી આશ્રમ સ્થાપ્યો. 1947માં દેશના વિભાજન બાદ પાકિસ્તાનમાં રહી રચનાત્મક પ્રવૃત્તિ ચાલુ રાખી. ધરપકડ કરી. જેલમાં, સજા પૂરી કરી, ભારત આવી, સૌરાષ્ટ્રમાં કુતિયાણામાં ઉદ્યોગ આશ્રમ ચલાવ્યો.

## ગોપાળદાસ ગુલાબદાસ

1930ના વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લેવા માટે તા. 25-6-1930ની સાંજે નવ સ્વયં-

સેવકોની ટુકડીમાં જોડાયા. ટ્રેનમાંથી સ્ટેશને ઊતર્યા કે તરત પોલીસોએ ઘેરી લીધા અને મુક્કા મારતાં કસ્ટમની ચોકીએ લઈ ગયા. ત્યાં મિ. કાઈટ અને ફ્લેચર તથા પોલીસોએ તેમને ગડદાપાટુ અને સોટીના માર મારી, મીઠું છોડાવી બહાર જવા હુકમ કર્યો. તેઓ બહાર જતા હતા ત્યારે દરેક પોલીસ તેમને સડાસડ સોટીઓ ફટકારતો હતો. તેથી સારી રીતે ઘવાયા.

## ગોપાળદાસ મોતીદાસ

માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત

1938 : માણસાના જમીન-મહેસૂલ સત્યાગ્રહમાં ભાગ લીધો. રાજ્યના અત્યાચારો સામે ખેડૂતોમાં પ્રચાર કરીને લોકજાગૃતિનું કામ કર્યું. તેથી અટકમાં લઈને જેલમાં પૂરવામાં આવ્યા.

## ગોર, કાંતિલાલ મણિલાલ

જન્મ : 1 ઑગસ્ટ, 1916. પાટડી, જિ. સુરેન્દ્રનગર.

અભ્યાસ : મૅટ્રિક. કૉંગ્રેસના સંગઠનકાર્યમાં. પાટડી દરબારે તેમની જમીનનો ઊભો પાક લૂંટાવી દીધો. 1930 : મીઠાની લડત વખતે સક્રિય પિકેટિંગ, સરઘસો. 1942માં 'હિન્દ છોડો' ચળવળમાં જોડાયા અને ધરપકડ. સાબરમતીમાં જેલવાસ. ત્યાર પછી ભૂગર્ભવાસ. સહકારી, શૈક્ષણિક તથા રચનાત્મક કાર્યોમાં ભાગ. પાટડીના સરપંચ.

## ગોરધનભાઈ

ભાદરણ. તા. બોરસદ.

1930-31ની ચળવળ દરમિયાન ડાકોર મુકામે પ્રવચન કરતાં ધરપકડ થઈ. તેમને છ માસની સખત કેદની સજા થઈ અને રૂ. 50/- દંડ અથવા દોઢ માસની વધુ કેદ થઈ. સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા.

## ગોરધનભાઈ કાશીભાઈ

ભાદરણ, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની ચળવળમાં મીઠાના કાયદાનો ભંગ કરતાં ધરપકડ. દોઢ માસ સુધી કાચી જેલમાં રાખ્યા. તે પછી અદાલતે પાંચ વર્ષની સખત કેદની સજા કરી. સાબરમતી જેલમાં રાખ્યા. ગાંધી-ઇર્વિન કરાર થતાં છોડી મૂકવામાં આવ્યા.

## ગોરધનભાઈ હીરાભાઈ

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન વડોદરાથી 18-8-1942ના રોજ સવારે 34 યુવાનો લડતનો પ્રચાર કરવા નીકળ્યા. આણંદ અને તેની નજીકનાં ગામોમાં પ્રચાર કરીને, સાંજે પાછા ફરતાં, અડાસ રેલવેસ્ટેશને પોલીસોએ તેમના ઉપર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીમારથી તેઓ ઘાયલ થયા હતા.

## ગોર, નટવરલાલ મોતીલાલ

જન્મ : 3 ઑગસ્ટ, 1906. ઉત્તરસંડા, તા. નડિયાદ.

અભ્યાસ : વર્નાક્યુલર ફાઇનલ. 1925થી '29 સુધી પ્રાથમિક શાળાના શિક્ષક. 1930ની મીઠા સત્યાગ્રહની લડત વખતે કૉંગ્રેસના કાર્યકર. 1932માં સત્યાગ્રહની લડત વખતે ધરપકડ અને 3 માસની સજા. 1940-41માં વ્યક્તિગત સત્યાગ્રહ વખતે ધરપકડ અને 3 માસની સજા.
1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે 9-8-1942ના રોજ ધરપકડ અને 1 વર્ષ અને 6 મહિના સુધી અટકાયત. કૉંગ્રેસના કાર્યકર.

## ગોરડિયા, મણિલાલ નાગરદાસ

જન્મ : 9-12-1907, મુંબઈ.

1930ની લડતમાં મુંબઈ ખાતે એસ. કે.

પાટીલની દોરવણી નીચે ભાગ લઈને ચાર માસની સજા વિસાપુર જેલમાં ભોગવી.

## ગોરડિયા, રણછોડદાસ સી.

જન્મ : 23-9-1914. રાજુલા.

અભ્યાસ છોડીને ધોલેરા મીઠાની લડતમાં જોડાયા. 'તણખા' નામની પત્રિકા કાઢી 1932ના સત્યાગ્રહમાં પકડાયા. 2 વર્ષની સજા થઈ. પરંતુ એક વર્ષ પછી બ્રિટિશ હદમાંથી હદપાર કરી પોલીસ જાફરાબાદ મૂકી આવી. 1942ની લડતમાં ભાગ લેતાં કુંડલાથી પકડાયા. 6 માસની જેલ તથા દંડની સજા થઈ. આરઝી હકૂમત વખતે કુતિયાણા વિસ્તારનો કબજો લેનારી ટુકડી સાથે રહીને જોખમી કાર્યો કર્યાં. 1986માં અવસાન થયું.

## ગોરડિયા, વિમળાબહેન રણછોડદાસ

જન્મ : 23-9-1923. રાજુલા, સૌરાષ્ટ્ર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં મુંબઈ ખાતે ભાગ લીધો. પોલીસનો માર ખાધો. ત્યાર બાદ 1942માં કુંડલા ખાતે સત્યાગ્રહમાં ભાગ લીધો. 8 માસની જેલની સજા થઈ. ભાવનગર જેલમાં સજા ભોગવી.

## ગોરધન ભોગીલાલ

શહેરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન ગાંધી-જયંતીના દિવસે શહેરા ગામમાં હડતાળ પડાવીને પોતાની દુકાન પણ બંધ રાખી. પોલીસે ધરપકડ કરી. ગોધરાની સબજેલમાં. થોડા દિવસ બાદ સમાધાન કરીને છૂટ્યા.

## ગોરધનભાઈ ચાંદાબાવા

કારેલી, તા. જંબુસર.

1930 : ગાંધીજીના કહેવાથી આખું ગામ ના-કર લડતમાં. ઘરબાર જપ્ત. હરાજી. ધરાસણા મીઠા-સત્યાગ્રહમાં 6 મહિના કારાવાસ. પુનઃ ભાઈ સાથે કારાવાસ. પત્ની પિકેટિંગમાં સક્રિય. ધરપકડ.

## ગોરસિયા, મનમોહનદાસ હરિદાસ

1942ની લડત વખતે પોરબંદરમાં લડતમાં ઝુકાવ્યું. રાજ્યનો ત્રાસ વેઠ્યો. રાણાવાવની જેલમાં બંદીવાન કર્યા. ખૂબ ત્રાસ ભોગવ્યો.

## ગોવર્ધનભાઈ કડવાભાઈ

પોરબંદર.

પ્રખર કર્મકાંડી પંડિત. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેવા માટે પોરબંદરના મહારાણાની નજર તળે સખત માર અને જેલવાસ. નીડર. યુવકસંઘની પ્રવૃત્તિઓમાં રસ.

## ગોવિંદજી ડાહ્યાભાઈ

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

નવેમ્બર, 1931ની ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લેવા આત્મારામ પ્ર. ભટ્ટની આગેવાની હેઠળ છઠ્ઠી ટુકડીમાં જોડાયા. વઢવાણથી દૂધરેજ જઈને ત્યાં મુકામ કર્યો. 29-11-1931ના રોજ સવારે દૂધરેજથી ટ્રેનમાં નીકળી રાજસીતાપુર ઊતર્યા. સ્ટેશન પર રાષ્ટ્રગીતો ગાયાં, રામધૂન કરી અને સૂત્રો પોકાર્યાં. પછી ધ્રાંગધ્રાની સરહદમાં પ્રવેશતાં આખી ટુકડીના તમામ અગિયાર સત્યાગ્રહીઓની ધરપકડ કરી અજાણ્યા સ્થળે લઈ ગયા. તે દિવસે રાજસીતાપુરમાં હડતાળ પડી.

## ગોવિંદજી પન્નાલાલ

જન્મ : 1930. મુંબઈ.

દુકાનના ગુમાસ્તા. રોયલ ઇન્ડિયન નેવિના રેટિંગ્સના બળવાને ટેકો આપવા માટેના પ્રજાકીય વિરોધ આંદોલનમાં ભાગ લેતાં ફેબ્રુઆરી, 1946માં મુંબઈમાં પોલીસના ગોળીબારમાં ઘવાયા અને તે જ દિવસે

અવસાન પામ્યા.

## ગોવિંદજી વસનજી

વલસાડ.

હોમરૂલ લીગની વલસાડની શાખાના મંત્રી હતા. લીગના સભ્યો નોંધતા, પત્રિકાઓ વહેંચતા, હોમરૂલનો લોકોમાં વ્યાપક પ્રચાર કરવા વાસ્તે જાહેર સભાઓ યોજતા હતા.

## ગોવિંદભાઈ ત્રિકમભાઈ

સાંદરણા, તા. કરજણ.

1942ના સ્વાતંત્ર્યસંગ્રામમાં સૂચનાનુસાર કરજણ પાસે રેલવેના પાટા ઉખેડી નાખ્યા, જેથી સૈનિકો શિનોર જઈ ત્રાસ વર્તાવી શક્યા નહિ. પણ, ઊલટું, સૈનિકોએ તેમના ગામે ત્રાસ ગુજાર્યો. 10 મહિના કારાવાસ.

## ગોસલિયા, પ્રમોદાબહેન સી.

(કુ. પ્રમોદા દેસાઈ)

જન્મ : 23 નવેમ્બર, 1913. અમદાવાદ.

1930ના સ્વાતંત્ર્યસંગ્રામમાં અમદાવાદ ખાતે ભાગ લીધો. સગીર વયને કારણે જેલવાસ થયો નહિ. વિદેશી માલની દુકાનો તથા દારૂનાં પીઠાં પર પિકેટિંગ. અસ્પૃશ્યતાનિવારણના કાર્યમાં સક્રિય. લડત દરમિયાન છોકરાઓની વાનરસેના અને છોકરીઓની માંજરસેના વિવિધ કામો કરતી. પ્રમોદાબહેન માંજરસેનાની છોકરીઓને રાયપુર, શાહપુર, કાળુપુર અને જમાલપુરમાં કાંતણ માટે કવાયત માટે તાલીમ આપતાં. 1934માં સ્થાપેલ જ્યોતિસંઘમાં મંત્રી તરીકેની કામગીરી.1937થી મુંબઈ – કૉંગ્રેસની પ્રવૃત્તિઓમાં સક્રિય. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહ અને 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સહકાર આપ્યો. 1947થી કૉંગ્રેસના મહિલા વિભાગની પ્રવૃત્તિઓમાં સક્રિય.

## ગોસલિયા, રજનીકાંત શિવલાલ

જન્મ : 14-11-1917. વતન : જેતપુર, જિ. સૌરાષ્ટ્ર.

1930ની લડત વખતે સભા-સરઘસમાં ભાગ લેવા બદલ શાળામાંથી 8 માસ બરતરફ. રાજકોટની લડત વખતે મુંબઈથી ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે સરઘસની આગેવાની કરી પોલીસોએ માર માર્યો. બેભાન થયા, અટકમાં રાખ્યા. રાજકોટમાં સજા ભોગવી. ભૂગર્ભ-પ્રવૃત્તિમાં ભાગ લીધો.

## ગોસલિયા, શાંતિલાલ

જન્મ : 1927. મુંબઈ.

શિક્ષણ : એલએલ.બી. ઍડવોકેટ. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો. ધરપકડ વહોરી. 9 ઑગસ્ટથી નવેમ્બર '42 સુધી જેલ ભોગવી.

## ગોસલિયા, શિવલાલ પુરુષોત્તમદાસ

જન્મ : 1874. જેતપુર, જિ. સૌરાષ્ટ્ર.

સરકારી નોકરી કરતા છતાં અસહકારની ચળવળમાં પરોક્ષ રીતે મદદરૂપ થતા. કમાણીનો ચોથો ભાગ રાષ્ટ્રીય કામમાં ભેટ આપતા. ખાદી પહેરતા. દારૂ તેમજ વિદેશી કાપડ ઉપર પિકેટિંગ કરવા આવતા સૈનિકોને પોતાને ત્યાં રાખતા. જમાડતા. એજન્સીવાળાને ન ગમતું. આખરે નોકરીને તિલાંજલિ આપીને રાષ્ટ્રીય ચળવળમાં જોડાઈ ગયા.

2-9-1932ના રોજ તેમનું અવસાન થયું.

## ગોસાંઈ, જેભાઈ દાજીભાઈ

જન્મ : રાંદેર, જિ. સૂરત. ભક્ત ખારવા કુટુંબમાં.

1930-31 દરમિયાન પિતા સ્વાતંત્ર્યસેનાની. તેમના સંસ્કાર. 1942માં રાંદેરમાં મિત્રો સાથે ધ્વજ ફરકાવતા સરઘસ કાઢી રાષ્ટ્રગીતો ગાતા ફર્યા. 6 મહિના કઠોર કારાવાસ. સાબરમતી જેલમાં સજા ભોગવી.

## ગોસ્વામી, અંબાગિરિ દેવગિરિ

જન્મ : ઑગસ્ટ, 1906. બોરસદ, જિ. આણંદ.

શિક્ષણ : બોરસદમાં, ગૂજરાત વિદ્યાપીઠના 'વિનીત'. 1930-32ની રાષ્ટ્રીય લડતમાં ભાગ, 2.5 વર્ષની જેલ તથા રૂ. 500/- નો દંડ. વ્યાયામપ્રવૃત્તિ અને હરિજનસેવાના કાર્યમાં વિશેષ રસ. બોરસદમાં ટિળક સ્મારક વ્યાયામ મંદિર, નડિયાદમાં હરિજન શાળામાં કાર્ય કર્યું. 1942ની લડતમાં બોરસદમાં સરઘસમાં જોડાયા. સખત લાઠીમારનો ભોગ બન્યા. ધરપકડ. મુખ્ય કાર્ય હરિજનસેવા.

## ગોસ્વામી, ઈશ્વરગિરિ હરિગિરિ

જન્મ : દૂધરેજ, તા. લીંબડી.

લીંબડીની લડતમાં ભાગ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ધરપકડ અને 6 માસની જેલ. સામાજિક કાર્યકર. તેમનાં પત્ની બાળાગૌરીને પેન્શન મળે છે. તામ્રપત્ર એનાયત થયેલ છે.

## ગોહિલ, કરસનભાઈ

જન્મ : સં. 1969ના પોષ સુદ 14. પાલિતાણા, જિ. ભાવનગર.

17 વર્ષની વયે મજૂર મહાજનમાં. 1932ના સત્યાગ્રહમાં કારાવાસ. ગુલઝારીલાલ નંદાનો સાથ. મુક્તિ પછી પુનઃસત્યાગ્રહ. 1945થી વતન કુંડલાના વોળા ગામે સેવા.

## ગોહિલ, ભૂરાજી લાખાજી

જન્મ : 4-5-1926. પાલિતાણા, નવાગઢ.

સત્યાગ્રહની લડતમાં જોડાયા. રાજકોટમાં સૈનિક તરીકે ભાગ લીધો. 1942માં સરઘસ પર લાઠીચાર્જ થતાં હાથ ભાંગ્યો. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો. 6 માસની જેલ ભોગવી.

## ગોહિલ, મહેન્દ્રભાઈ

જન્મ : સૌરાષ્ટ્રના લાઠી ગામમાં. (સૂરત).

ઠક્કરબાપા આશ્રમમાં શિક્ષણ લીધું. રાષ્ટ્રીય ચળવળ શરૂ થતાં શિક્ષણ છોડી 1942માં રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. મશાલ સરઘસમાંથી પકડાયા. પોલીસના જુલમનો ભોગ બન્યા. કેસ ચાલ્યો. 1 વર્ષની સજા થઈ.

## ગોહિલ, રમણલાલ પીતાંબરદાસ

જન્મ : 16 જાન્યુઆરી, 1928. જિ. ભાવનગર.

મુંબઈમાં 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સક્રિય ભાગ લીધો. સમાજવાદી વિચારસરણી ધરાવતા. પ્રભાતફેરી, સરઘસોમાં જોડાતા. પોલીસના સખત લાઠીમારનો ભોગ બન્યા. શાળાના સ્પૉર્ટ્સના શિક્ષક સાથે બૉમ્બપ્રવૃત્તિમાં ભાગ લીધો. તે શિક્ષક બૉમ્બ ફાટવાથી અવસાન પામ્યા. ભૂગર્ભ પ્રવૃત્તિમાં રમણલાલે સક્રિય ભાગ લીધો.

## ગોહિલ, રામજીભાઈ પૂનાભાઈ

જન્મ : 17-8-1917. વાળુકડ, જિ. ભાવનગર.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. પોલીસોના અમાનુષી મારથી પગને ભારે ઈજા થઈ. લડતમાં ફરી ભાગ લેતાં ધરપકડ થઈ. 3 માસની સજા ભોગવી.

## ગોહિલ, રામસિંહજી નીલમસિંહજી (વૈદ્ય)

જન્મ : 31-7-1922. વીંછિયા, જિ. સૌરાષ્ટ્ર.

1938માં રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. 2 વર્ષ 1 માસની સજા થઈ. પણ 3.5 મહિના પછી છુટકારો થયો.

## ગોહિલ, સુખાભાઈ હરિભાઈ

જન્મ : 1921. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશીને પકડાયા. 21 દિવસ અટકમાં રહ્યા. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો.

## ગોહિલ, હરજીભાઈ નરશીભાઈ

જન્મ : 1-12-1915. રાણીગામ, જિ. ભાવનગર.

1930-32માં વિરમગામની મીઠાની લડતમાં જોડાયા. બે વખત ધરપકડ કરવામાં આવી. સાબરમતીમાં 6 માસનો જેલવાસ ભોગવ્યો. રાજકોટ અને લીંબડીની લડતોમાં ભાગ લીધો. માલમિલકત ગુમાવ્યાં. 1942ની લડતમાં ભાગ લીધો.

30-12-1982ના રોજ અવસાન થયું.

## ગોહેલ, પ્રેમચંદભાઈ વલ્લભદાસ

જન્મ : 10-7-1913. અમરેલી.

1932માં મીઠાના સત્યાગ્રહ વખતે રાણપુરથી પકડાયા. 6 માસની સજા થઈ. 1933-34માં સાબરમતી આશ્રમથી પકડાયા. 1 વર્ષની સજા થઈ. જેલમાં અન્યાય સામે પડકાર કરતાં અંધારી કોટડીની સજા થઈ. માર વેઠ્યો.

## ગોહેલ, ભૂરાજી લાખાજી

જન્મ : 4-5-1926. વતન : નવાગઢ, જિ. ભાવનગર.

લીંબડી અને રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. જૂનાગઢ આરઝી હકૂમતમાં જોડાઈને કામ કર્યું.

## ગોહેલ, રામજીભાઈ મનુભાઈ

વાળુકડ, જિ. ભાવનગર.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લેવાથી તેમની ધરપકડ કરવામાં આવી. સજા થવાથી જેલની સજા ભોગવી. રાજ્ય સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## ગોળવાળા, નરોત્તમદાસ હરજીવનદાસ

વલસાડ.

સ્વતંત્રતા માટેની તમામ લડતોમાં એમનું ઘર આગેવાનો ને કાર્યકર્તાઓનું નિવાસસ્થાન હતું. ઘરના સભ્યોએ સત્યાગ્રહીઓ અને અગ્રણીઓની વર્ષો પર્યંત સેવા કરી. 1930ની લડતમાં જેલમાં ગયા હતા. તેમનાં પત્ની મંગળાબહેન પણ

જેલમાં ગયાં હતાં. કૉંગ્રેસ સમિતિના તેઓ ઉપપ્રમુખ હતા. ખાદી તેમજ પિકેટિંગની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો.

## ગોળવાળા, નાગરદાસ નરોત્તમદાસ

કાર્યક્ષેત્ર – વલસાડ.

વલસાડના અગ્રણી કાર્યકર્તા.

1930ની ચળવળમાં જેલની સજા ભોગવી. તાલુકા કૉંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ. ખાદીપ્રચારનું કાર્ય. વિદેશી કાપડની દુકાનો તથા દારૂનાં પીઠાં પર પિકેટિંગ. હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં ભાગ લીધો, વ્યવસ્થામાં મદદ. છેલ્લે મુંબઈમાં પોતાની પેઢી સંભાળતા.

## ગોંડલિયા, દામોદરદાસ ભાણજી

જન્મ : 26-1-1920. જામનગર.

વડોદરામાં કલાભવનના વિદ્યાર્થી. 1942ની ચળવળનો પ્રચાર કરવા 18 ઑગસ્ટના રોજ ખેડા જિલ્લાનાં ગામોનો પ્રવાસ. અડાસ પાસે ગોળીબારમાં બચી ગયા. 3 માસ ભૂગર્ભમાં.

## ગોંડલિયા, રાજાભાઈ રણછોડભાઈ

જન્મ : 6-9-1912. બાલાપુર, જિ. અમરેલી.

1930માં અભ્યાસ છોડી મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. બે માસની સજા થઈ. ધંધૂકામાં

દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ કરતાં પકડાયા. 6 માસની જેલ તથા દંડની સજા થઈ. દંડ ન ભરવા બદલ વધુ 1 માસ જેલવાસ ભોગવ્યો. 1932માં
મુંબઈમાં લડતમાં જોડાતાં ડુંગરીમાં જેલવાસ ભોગવ્યો. મોરબી, વઢવાણ, જૂનાગઢ પ્રજા-મંડળમાં કામ કર્યું. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો.

## ગોંધિયા, નરસિંહદાસ ગોરધનદાસ

જન્મ : 18 ડિસેમ્બર, 1918. ચલાળા, જિ. અમરેલી, સૌરાષ્ટ્ર.

રચનાત્મક કાર્યકર – ખાદીકામ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ. લડતોનો પ્રચાર કરી લોકજાગૃતિ માટે ગામડાંનો પ્રવાસ. બે વાર ધરપકડ. એક વાર 81 માસની સજા અને બીજી વાર 6 માસની સજા અમરેલીની જેલમાં ભોગવી. રચનાત્મક પ્રવૃત્તિ. વિધાનસભાના સભ્ય.

## ગોંધિયા રતિભાઈ ગોરધનદાસ

જન્મ : 20-8-1920. ચલાળા, જિ. અમરેલી.

આફ્રિકાનો ધંધો છોડી વતનમાં આવ્યા. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેતાં પકડાયા. 1 માસની સજા ભોગવી. જુગતરામ દવેના વેડછી આશ્રમમાં રહીને લોકસેવાની દીક્ષા પામ્યા.

## ગૌદાની, ડૉ. હરિલાલ આર.

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેવા 14મી ઑગસ્ટના રોજ ગુપ્તસભા. ભૂગર્ભમાં રહીને બૉમ્બપ્રવૃત્તિ કરવાનો નિર્ણય. બૉમ્બના નળાકાર સેલ બનાવરાવ્યા. હિંમતનગરના મહારાજાસાહેબ મારફતે 13.6 કિલોગ્રામ
પોટાશ ક્લોરસ મેળવ્યો. હરિભાઈએ 14 બૉમ્બ બનાવ્યા. સપ્ટેમ્બર, 1942માં હરકિશન પારેખે સરસપુરમાં બૉમ્બ ફેંક્યો. મોટો ધડાકો. એક પાનનો ગલ્લો ઊછળીને પડ્યો. નવજીવન પ્રેસ પાસેના રેલવેના ગરનાળામાં બે બૉમ્બ મૂક્યા. ધડાકા. સાધારણ નુકસાન; હડતાળ પરના મજૂરોને સરસપુરમાં ખીચડી વહેંચી. તેમના
ઘરની જડતી. ધરપકડ. બાતમી કઢાવવા હાથ પર હથોડી મારી. પછી છોડી દીધા. મિલો ખોલવાની નથી એવો ગામડાંઓમાં બોટાદ, ડેટલા, સાંજણાવાવ, કમી વગેરે ગામે જઈને પ્રચાર.
અવસાન.

# ઘ

## ઘમીજવાળા, અજિતલાલ જેઠાલાલ

જન્મ : 18 ડિસેમ્બર, 1899. અમદાવાદ.

બાળકો તથા સ્ત્રીરોગોના નિષ્ણાત વૈદ. 1930ના સત્યાગ્રહ જંગમાં ભાગ લેવા માટે 6 માસની જેલ. રાષ્ટ્રવાદી અને સામાજિક કાર્યકર.

## ઘાટે, મોરલીધર રામચંદ્ર

અમદાવાદ. (વતન, મહારાષ્ટ્ર).

ગૂજરાત વિદ્યાપીઠમાં તાલીમ. 1932માં બોરસદ તાલુકામાં પ્રચારકાર્ય. ગાંધીજયંતી નિમિત્તે સરઘસમાં. ધ્વજવંદન કરાવતાં લાઠીના ફટકા. ધરપકડ. 7 માસની સજા અને દંડ.

## ઘાયલ, છગનલાલ નાથુભાઈ

જન્મ : આશરે 1921. સૂરત.

1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થતાં, અમદાવાદની આર. સી. ટેકનિકલ કૉલેજ છોડી સભા-સરઘસમાં ભાગ લીધો. લાઠીમારથી

ઈજા. સૂરત જઈને પત્રિકાપ્રવૃત્તિમાં ભાગ. માતાપિતાએ કાઢી મૂક્યા, તેથી મિત્રોને ઘેર રહી ચળવળમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું. સૂરતમાં સિટી મૅજિસ્ટ્રેટની અદાલતમાં પ્રવેશી, 'ઇન્કિલાબ ઝિંદાબાદ'ના પોકારો કરી, મૅજિસ્ટ્રેટને નોકરી છોડી દેવા કહ્યું. ધરપકડ. મૂઢમારથી બેભાન. 1.5 મહિનો અટકાયત સૂરતની જેલમાં. જેલર સામે લડત ચલાવીને ઉપવાસ કર્યા. તબિયત બગડવા છતાં માફી લખી આપવાનો ઇનકાર. કેસ ચાલ્યા બાદ 6 માસની કેદની સજા.

## ઘાંચી, અલ્લારખાભાઈ રસૂલભાઈ

ગાઠિયાલ, સાબરકાંઠા.

1932માં સરઘસમાં આગેવાન. યરવડામાં કારાવાસ. સંગઠનકાર્ય. પુનઃ કારાવાસ. એકત્ર રીતે 6 મહિના 10 દિવસ યાતના, માર, માંદગી.

## ઘારીવાળા, જમનાદાસ ચુનીલાલ

જન્મ : સૂરત. ધંધો : ઘારીના મોટા વેપારી.

દેશપ્રેમની જ્વાળા ધગધગતી. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન લોકપ્રિય દેશનેતાઓ જેલમાં. માણેકઠારી પૂનમ અને ચંદની પડવાના રોજ સૂરતમાં લાખો રૂપિયાની ઘારી વેચાતી. જમનાદાસ વૃદ્ધ અને આગેવાન વેપારી હતા. તેમણે મીઠાઈના વેપારીઓને બોલાવી, દેશનેતાઓ જેલમાં હોવાથી ચંદની પડવાના દિવસે હડતાળ પાડવા સૂચવ્યું. હડતાળ પાડવાને કારણે પોલીસોએ જમનાદાસ અને બીજા 16 વેપારીઓની ધરપકડ કરી. દુકાનો ખોલે તો તેઓને છોડવા પોલીસે જણાવ્યું. પરંતુ બધાએ જેલ પસંદ કરી. કોઈએ માફીપત્ર પણ લખી આપ્યું નહિ.

## ઘિયા, કાંતિલાલ ફૂલચંદ

જન્મ : 5 ફેબ્રુઆરી, 1912. અમદાવાદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં 18 વર્ષની વયે ભાગ. બિનજકાતી મીઠું ઉપાડી વેચતાં ધરપકડ. જેલવાસ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942 : 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન વકીલાતનો ત્યાગ. અમદાવાદમાં કૉંગ્રેસ સંગ્રામ સમિતિના સભ્ય. લડત દરમિયાન વિવિધ જૂથોને પ્રવૃત્તિ માટે નાણાં વહેંચતા. 4 માસ અમદાવાદમાં ગુપ્ત રહ્યા. લડતના સંગઠન માટે સૂરતમાં 35 દિવસ રહ્યા. વડોદરા, ભરૂચ, સૂરત, મદ્રાસ, પુદુચેરીમાં અજ્ઞાતવાસ. બીમાર માતાએ છેલ્લા શ્વાસ સુધી યાદ કર્યા, પણ મળી શકાયું નહિ. 1937થી ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિએ નીમેલા કૉંગ્રેસ સેવાદળ બોર્ડ અને સેવાદળની પ્રવૃત્તિઓમાં સંકળાયેલા. દારૂબંધી, લોકશિક્ષણ, ખાદીપ્રવૃત્તિ, સર્વોદય યોજનાઓ, દુષ્કાળ-રાહતનાં કાર્યો વગેરે રચનાત્મક પ્રવૃત્તિમાં સક્રિય. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના મંત્રી. મહાગુજરાત સંકટ નિવારણ ટ્રસ્ટના મંત્રી. ગુજરાતની સહકારી સંસ્થાઓમાં હોદ્દેદાર.

અવસાન : 7 ડિસેમ્બર, 1978.

## ઘિયા ગુણવંતબહેન ચંપકલાલ

જન્મ : મે, 1899. ભાવનગર.

1913માં લગ્ન બાદ સૂરતમાં નિવાસ. ડૉ. ઘિયાએ સરકારી નોકરીનું રાજીનામું આપ્યું. તે પછી ગુણવંતબહેન 1921-'22-'23માં ખાદીફેરી કરતાં.

1922-23 : વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. રાષ્ટ્રીય શાળામાં વિના વેતને સેવા આપતાં. ખાદી-રેંટિયાની પ્રવૃત્તિ.

1928 : બારડોલી સત્યાગ્રહમાં મોતાની છાવણીમાં સેવા આપી. રચનાત્મક કાર્યો. ધરપકડ અને એક માસની કેદની સજા.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. મીઠુબહેન પિટીટના નેતૃત્વમાં

સૂરત શહેરમાં સાંઘાડિયા વાડમાં છાવણી શરૂ કરવામાં આવી. તેમાં મીઠુબહેન સાથે ગુણવંતબહેન, વસુમતી ઠાકોર અને કુમુદબહેન દેસાઈ મુખ્ય કાર્યકર્તાઓ હતાં. તેઓ દારૂનાં પીઠાં તથા પરદેશી કાપડની દુકાનો પર ચોકી કરવા બહેનોને મોકલતાં અને પોતે પણ જતાં. મ્યુનિ. શાળા સમિતિ, સ્થાનિક કૉંગ્રેસ સમિતિ, મહિલા પરિષદ વગેરેમાં સક્રિય.

## ઘિયા, ગોરધનભાઈ વલ્લભભાઈ

ઉંમર : 22 વર્ષ. ભાદરણ, તા. બોરસદ, જિ. આણંદ.

બોરસદ સત્યાગ્રહ-પત્રિકા વહેંચવા જતાં કઠાણા રેલવે સ્ટેશને 9 ફેબ્રુઆરી, 1931ના રોજ ધરપકડ થઈ હતી. તેમને એક માસની સખત કેદ તથા રૂપિયા પંદર દંડ અથવા 15 દિવસની વધુ કેદની સજા થઈ હતી. ગાંધી-ઇર્વિન કરાર થતાં થોડા સમય પછી સાબરમતી જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા.

## ઘિયા, (ડૉ.) ચંપકલાલ જેકિશનદાસ

જન્મ : 1889. સૂરત.

1907માં સૂરતની કૉંગ્રેસમાં સ્વયંસેવક. સરકારી નોકરીમાં મદદનીશ સિવિલ સર્જન. 1920માં નોકરીનો ત્યાગ. અસહકારની લડતમાં ભાગ. બાકીનું જીવન દેશસેવા માટે. 1923 : નાગપુર ધ્વજ-સત્યાગ્રહમાં પચાસ સ્વયંસેવકોની આગેવાની લીધી. નાગપુરમાં ધરપકડ, જેલવાસ. 1928 : બારડોલી સત્યાગ્રહની એક છાવણીના સંચાલક, ખેડૂતોને કર ન ભરવાનું પ્રોત્સાહન. ત્યાર બાદ 1930, 1932, 1940 અને 1942 – 'હિન્દ છોડો' લડતમાં ભાગ લઈ જેલવાસ. 1920થી 1930 સૂરત શહેર કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. સૂરત નગરપાલિકાના પ્રમુખ. મુંબઈ ધારાસભાના સભ્ય.

## ઘિયા ચુનીભાઈ ફુલાભાઈ

ઉંમર વર્ષ : 18. ભાદરણ, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની ચળવળ દરમિયાન બોરસદ સત્યાગ્રહ-સમાચાર-પત્રિકાઓ વહેંચવા જતાં કઠાણા રેલવે સ્ટેશને 9 ફેબ્રુઆરી, 1931ના રોજ તેમની ધરપકડ કરવામાં આવી. અદાલતમાં એક માસની સખત કેદ અને રૂપિયા 25 દંડ અથવા દંડ ન ભરે તો 15 દિવસની વધુ કેદની સજા કરી હતી. તેમને સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા. ગાંધી-ઇર્વિન કરાર થતાં છોડી મૂકવામાં આવ્યા.

## ઘિયા, મણિભાઈ ફુલાભાઈ

ઉંમર વર્ષ : 20. ભાદરણ, તા. બોરસદ.

1930ની ચળવળ દરમિયાન કરાડી (દાંડી પાસે) મુકામે ગયા હતા. ગાંધીજીની ટુકડીમાંનો છે તેમ માનીને 7 એપ્રિલ, 1930ની રાત્રે કરાડી છાવણીમાંથી ઊંઘતા પકડ્યા હતા. તેમને ત્રણ માસની સાદી કેદની સજા થઈ. સાબરમતી તથા નાશિકની જેલમાં સજા ભોગવી હતી.

## ઘિયા, સુમનબહેન

સૂરત.

1930ની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર તથા દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર સઘન પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો. પિકેટિંગ કરનારે ખાદી પહેરવી ફરજિયાત હતી.

## ઘીવાલા, રોશનઅલી ગુલામઅલી

વતન : લુણાવાડા, જિ. પંચમહાલ.

23-1-1939ના રોજ લુણાવાડામાં સભા ભરી. લુણાવાડા પ્રજામંડળ સ્થાપવામાં ભાગ લીધો અને સભ્ય થયા. રાજ્યની પોલીસે ધરપકડ

કરીને 15 દિવસ જેલમાં પૂરી રાખ્યા.

## ઘીવાલા, હિંમતલાલ ત્રિભોવનદાસ

રાંદેર, સૂરત.

1942 : લોકક્રાંતિમાં અભ્યાસ-ધંધાનો ત્યાગ. સરઘસમાં જોડાઈને કાયદાભંગ. 4 મહિના કારાવાસ. રાષ્ટ્રસેવામાં પ્રવૃત્ત.

## ઘેલાણી, ડાહ્યાભાઈ વીરજી

જન્મ : 23 જુલાઈ, 1914. ભાણવડ, જિ. જામનગર.

અભ્યાસ : ધોરણ સાત. જામનગર પ્રજામંડળની લડત વખતે આગેવાન તરીકે રાજ્યના માણસોએ સખત મારપીટ કરેલ. કપાળમાં વાગેલું, નિશાન રહ્યું. ગાંધી ટોપી પહેરવા બદલ સહન કર્યું.

## ઘેલાણી, ડાહ્યાભાઈ શામજીભાઈ

નિવાસ : ગારિયાધાર, જિ. ભાવનગર.

શંભુશંકર ત્રિવેદીની આગેવાની નીચે વિવિધ લડતોમાં ભાગ. 1939 : રાજકોટની લડતમાં સક્રિય. પોલીસદમનના શિકાર. રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં સક્રિય. રાજ્ય-સરકારનું પેન્શન એનાયત થયેલ છે.

## ઘેલાણી, બાબુભાઈ કાકુભાઈ

જન્મ : 1930 આશરે. ભાણવડ.

જામનગર પ્રજા પરિષદના અધિવેશન માટે પ્રચાર કરવા ગયા ત્યારે રાજ્યપ્રેરિત ગુંડાટોળીએ માર માર્યો. બેભાન થઈ ગયા. લોકોએ ગાડામાં નાખી જામનગર હૉસ્પિટલમાં પહોંચાડ્યા. માંડ બચ્યા.

1982માં અવસાન.

## ઘેવરિયા, પ્રભુદાસ હીરાચંદ (બંકા)

જન્મ : 7 મે, 1909. પોરબંદર.

1931માં ધંધૂકા-ધોલેરાના સત્યાગ્રહમાં ભાગ લેતાં પકડાયા. 6 માસનો જેલવાસ ભોગવ્યો.

અવસાન : 17 ઑગસ્ટ, 1982.

## ઘોઘારી, ધનજીભાઈ કલ્યાણજી

ભાવનગર.

1930ની મીઠાની લડત વખતે સત્યાગ્રહમાં ભાગ. સાબરમતી, યરવડા તેમજ વીસાપુરમાં લાંબો જેલવાસ. સૌરાષ્ટ્રની દેશી રાજ્યોની લડતોમાં ભાગ. પેન્શન. તામ્રપત્ર એનાયત થયેલ છે.

અવસાન : 16 સપ્ટેમ્બર, 1975.

# ચ

## ચગ, શાંતિલાલ પુરુષોત્તમ

જન્મ : જોડિયા, જિ. જામનગર.

અભ્યાસ : સ્નાતક.

જોડિયામાં રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતા. રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લેતાં તેમની ધરપકડ કરીને અટકમાં રાખવામાં આવ્યા. પાછળથી છોડી મૂક્યા. જામનગર જિલ્લા સ્વાતંત્ર્યસૈનિક સંઘના પ્રમુખ. સામાજિક પ્રવૃત્તિ.

## ચતુરભાઈ દ્વારકાદાસ

મહેમદાવાદ, જિ. ખેડા.

1932ની ચળવળ વખતે ખેડા જિલ્લાના પીપાવાવ ગામમાં 15-1-1932ની પરિષદમાં મહેમદાવાદ તાલુકાના સરમુખત્યાર તરીકે હાજર રહ્યા. સભામાં પોલીસદમન અને સખત માર. ધરપકડ. 2 વર્ષની સજા અને રૂ. 300 દંડ.

## ચતુર્વેદી, વજેશંકર

ભાવનગર.

મુંબઈનો ધીકતો ધંધો છોડી રાષ્ટ્રીય લડતમાં ઝંપલાવ્યું. 1930ના વિરમગામના મીઠાના સત્યાગ્રહમાં જોડાયા. જેલવાસ ભોગવ્યો.

ચતુર્વેદી, સુમનબહેન ગૌરીશંકર

જન્મ : 15 સપ્ટેમ્બર, 1910. ભાવનગર.

1932માં વિરમગામની મીઠાની લડતમાં જોડાયા. 144મી કલમનો ભંગ કરીને ધરપકડ વહોરી 6 માસની સજા. દંડ ન ભરવા બદલ 1 માસની વધુ સજા ભોગવી. સાબરમતી જેલમાં પૂ. કસ્તૂરબા, ભક્તિબા દેસાઈ, મણિબહેન પટેલ, મૃદુલાબહેન સારાભાઈ વગેરે સાથે રહ્યાં. ત્યાર પછી યરવડા જેલમાં રહ્યાં. જેલવાસ ભોગવ્યા બાદ પોતાને ક્યાં જવાનું છે તેમાં ભૂલથી બીજું નામ લખાવી દેવાથી ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયાં.

## ચત્રભુજ, નાનજીભાઈ

પોરબંદર.

1942ની ‘હિન્દ છોડો’ લડત દરમિયાન પોરબંદર રાજના જુલમોના ભોગ બન્યા. તેમને રાજ્ય-સરકાર તરફથી પેન્શન એનાયત થયેલ છે.

## ચમનલાલ પોપટલાલ

ધ્રાંગધ્રા, જિ. સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931માં ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લીધો. સારાભાઈ નગીનદાસ (વિરમગામના)ના નેતૃત્વ હેઠળ ચોથી ટુકડી 25 નવેમ્બરના રોજ વઢવાણથી પગપાળા કૂચ કરી રાત્રે કટુડા ગામે પહોંચી. ત્યાંના ગ્રામજનોએ સત્યાગ્રહીઓનો સુંદર સત્કાર કર્યો. 26-11ની સવારે મંગળ પ્રયાણ. ધ્રાંગધ્રાની હદ આવી ત્યાં પોલીસોએ મનાઈહુકમ ફરમાવ્યો. હુકમનો ભંગ કર્યો. નવ સત્યાગ્રહીઓની ટુકડીની ધરપકડ કરવામાં આવી. પ્રતાપપુરા ગામે એક મકાનમાં પૂરી દીધા. ગામના લોકોએ સખત હડતાળ પાડી.

## ચમનલાલ ભાઈચંદ

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

નવેમ્બર, 1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં જોડાયા. 25-11ના રોજ વઢવાણથી નીકળતી ચોથી ટુકડીમાં જોડાયા. પગપાળા કૂચ કરી રાત્રે કટુડા ગામે પહોંચ્યા. ત્યાંથી 26-11ની સવારે પ્રયાણ કર્યું. ધ્રાંગધ્રા રાજ્યની સરહદ આવતાં મનાઈહુકમનો ભંગ કરી અંદર પ્રવેશતાં આખી ટુકડીના બધા – નવ સભ્યો–ની પોલીસોએ ધરપકડ કરી. તેઓને પ્રતાપપુરા ગામે લઈ જઈ એક મકાનમાં પૂરી દીધા. સત્યાગ્રહીઓની ધરપકડના વિરોધમાં તે ગામના લોકોએ હડતાળ પાડી.

## ચંચળબહેન

આંકલાવ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ ‘સ્ત્રી સિતમ દિન’ ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના પ્રહારોથી બરડો, નળો અને છાતી પર ઈજા થઈ હતી.

## ચંચળબહેન

બોચાસણ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ ‘સ્ત્રી સિતમ દિન’ ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસે સખત લાઠીચાર્જ કરી અનેક સ્ત્રીઓને ઘાયલ કરી. તેમાં તેમને લાઠીના પ્રહારો તથા બંદૂકનો કુંદો મારવાથી કાંડા તથા બરડામાં ઈજાઓ થઈ હતી.

## ચંચળબહેન (2)

બોચાસણ, જિ. આણંદ.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસોએ સખત લાઠીચાર્જ કરી અનેક સ્ત્રીઓને ઘાયલ કરી. તેમાં તેમને 3થી 4 સોટીના પ્રહારો તથા બંદૂકના કુંદા મારવાથી હાથ ઉપર ઈજાઓ થઈ હતી.

## ચંચળબહેન

શિયાણી, લીંબડી (દેશી રાજ્ય)

શિયાણીનાં બ્રાહ્મણ વિધવા. 1939માં પ્રજામંડળની સ્થાપના પછી સરકાર-આશ્રિત ગુંડાગીરીનો ભોગ બન્યાં. શિયાણીથી બસમાં મોજીદડ જતાં લીંબડી તળાવ ઉપર બસ બદલવા થોડા કલાક રોકાવું પડ્યું. ત્યાં થોડા નામચીન માણસોએ તેમના ઉપર ગાળો અને પથ્થરમારો કર્યો. પોલીસચોકીએ રક્ષણને બદલે જાકારો આપ્યો. એક સખી ગૃહસ્થે તેમને શિયાણી મોકલ્યાં ત્યાં પણ ગુંડાગીરીનું પુનરાવર્તન થયું.

## ચંચળબહેન જેકીસનદાસ

સૂરત.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાયાં. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

## ચંચળબહેન જેઠાભાઈ

બનેજડા, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને બંદૂકનો કુંદો વાગવાથી થાપા પર ઈજા થઈ હતી.

## ચંચળબહેન પૂનમભાઈ

બોચાસણ, જિ. આણંદ. ઉંમર : 17.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના ફટકાથી શરીર પર ઈજા થઈ હતી.

## ચંચળબહેન વાઘજીભાઈ

જન્મ : 1891. મોજીદડ, તા. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

1930-32ના મીઠા-સત્યાગ્રહમાં ભાગ. રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. લીંબડી લડત વખતે અત્યાચારો સહન કર્યા. રાજ્યપ્રેરિત ગુંડાઓ દ્વારા મારપીટ. કપડાં ફાડીને ગંદા પાણીમાં નાખી દીધાં. લીંબડી પરિષદમાં સ્વયંસેવિકા થવા બદલ અમાનુષી ત્રાસ સહન કર્યો. પેન્શન અને તામ્રપત્ર એનાયત થયેલ છે.

## ચંચળબહેન શિવાભાઈ

ઉંમર : 16. વડદલા, તા. બોરસદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને બરડામાં ઈજા થઈ હતી.

## ચંચળબહેન સોમાભાઈ

બોચાસણ. ઉંમર : 13.

બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે સખત

લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને લાઠીના ફટકાથી ઘૂંટણ તથા કાંડા પર ઈજાઓ થઈ હતી.

## ચંચળબહેન હાથીભાઈ

પાળજ, જિ. આણંદ

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ પર પોલીસે લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને લાઠીના પ્રહારોથી ખભો તથા છાતી પર ઈજાઓ થઈ હતી.

## ચંચળબહેન હાથીભાઈ

બોચાસણ.

બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના ફટકાથી પીઠ અને પગ પર ઈજાઓ થઈ હતી.

## ચંદારાણા, નાથાલાલ મોહનલાલ

જન્મ : 19 જાન્યુઆરી, 1926.

અભ્યાસ : મૅટ્રિક સુધી. વિદ્યાર્થી કાળમાં રાષ્ટ્રીય રંગે રંગાયેલા. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભાંગફોડની પ્રવૃત્તિમાં તારનાં દોરડાં કાપવાના આરોપસર ધરપકડ. અંતે નિર્દોષ. અગ્રગણ્ય સામાજિક કાર્યકર. સ્વરાજ બાદ પંચાયત અને સહકારી ક્ષેત્રે યોગદાન.

ચંદારાણા, બાબુભાઈ

1930માં રચનાત્મક પ્રવૃત્તિમાં જોડાયા. ગીતો લખવાની અને બુલંદ કંઠની ઈશ્વરદત્ત બક્ષિસ હોવાથી રણસંગ્રામના સીંધુડા લખી વિરાટ સભાઓને ગજવી મૂકતા. તેમની ધરપકડ થઈ. વિદ્યાર્થી અવસ્થામાં જેલ ભોગવી.

## ચંદુભાઈ ભાઈલાલભાઈ

નિવાસ : સાવલી, વડોદરા.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સરઘસ પર લાઠી- માર, ઘોડા દોડાવાયા. ઘોડાની લગામ પકડીને ખેંચીને મોં ફાડી નાખ્યું. પોલીસ દ્વારા ઢોરમાર. 6 મહિના કારાવાસ.

## ચંદુભાઈ ભાઈલાલભાઈ

ભાદરણ, તા. બોરસદ. ઉંમર : 25 વર્ષ.

1930-32ની ચળવળ દરમિયાન રાસ મુકામે એક સરઘસની આગેવાની લેતાં 26 જૂન, 1932ના રોજ તેમની ધરપકડ થઈ હતી. અદાલતે તેમને 6 માસની સખત કેદ અને રૂપિયા 10/- દંડ અથવા દોઢ માસની વધારે સજા ફરમાવી. તેમને સાબરમતી તથા ત્યાર બાદ વિસાપુરની જેલમાં રાખવામાં આવ્યા હતા.

## ચંદુલાલ પુરુષોત્તમ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ વહોરી. ટૂંકો જેલવાસ ભોગવ્યો. સભાઓ, સરઘસોમાં જોડાવું, ગુપ્ત પત્રિકાઓ વહેંચવી વગેરે પ્રવૃત્તિમાં સક્રિય હતા.

## ચંદુલાલ વિઠ્ઠલદાસ

જન્મ : 1921 આશરે. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં હિન્દ સંરક્ષણ ધારા હેઠળ ધરપકડ કરવામાં આવી. રાજકોટ સેન્ટ્રલ જેલમાં 6 માસની સજા ભોગવી.

## ચંદ્રમણિબહેન

ભાઉની પોળ, અમદાવાદ

1932માં દરિયાપુરમાં પંચભાઈની પોળમાં રહેતા અને માણેકચોકમાં હજીરામાં વિદેશી કાપડની દુકાન ધરાવતા છોટાલાલ છગનલાલના મકાન આગળ 18મી માર્ચના રોજ સત્યભામાબહેન ગોધવળકર અને ચંદ્રમણિબહેન તેમજ સીતાબહેને ભૂખમરા

સત્યાગ્રહ આદર્યો. તેમાંથી પ્રથમ બે બહેનોને સવારે સાડા દસ વાગ્યે પોલીસ ગાયકવાડની હવેલીએ લઈ ગઈ અને બપોરે ચાર વાગ્યે છોડી મૂક્યાં.

## ચંદ્રસિંહ પહાડસિંહ

નિવાસ : બોજાદરા, જંબુસર, જિ. ભરૂચ.

1930-32 : સ્વાતંત્ર્ય-આંદોલનમાં ભાગ. 1942માં વિવિધ ક્ષેત્રે સક્રિય. ચંદ્રશંકર ભટ્ટ તથા છોટુભાઈ પુરાણીનો સાથ. ભૂગર્ભપ્રવૃત્તિ. વેડચ પોલીસચોકી, સરભાણ પોલીસચોકીની લૂંટ. સરકારી ભંડારોમાં આગ. પોલીસને થાપ. ઘરડી મા પર પોલીસદમન. હિજરત.

## ચંદ્રાવલી, અંબાલાલ ગિરધરલાલ

દાહોદ.

1942ની ચળવળ દરમિયાન યુવાનોને આકરી સજા કરનાર મૅજિસ્ટ્રેટ નાટેકરના મકાન પાસે છાજિયા લેવા માટે આઠ બહેનો સહિત ધરપકડ. 2 માસની કેદની સજા.

## ચંદ્રિકાબહેન

બારડોલી.

1930ની ચળવળ દરમિયાન ઓલપાડની છાવણીમાં મુકામ રાખી, ગંગાબહેન અને હમીદાબહેન તૈયબજીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ કરવા જતાં હતાં.

## ચંદ્રેસા, મગનલાલ પુરુષોત્તમદાસ

જન્મ : 6 જૂન, 1907. પોરબંદર.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1940ના વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાયા અને 6 માસની સજા થઈ. 2-11-1972ના રોજ અવસાન થયું.

## ચાતુર્વેદી, ઇંદ્રકુમાર ગૌરીશંકર

જન્મ : 19 જૂન, 1929. સૌરાષ્ટ્ર.

અભ્યાસ : બી.એ.. વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય રંગે પૂરા રંગાઈ ગયા. 1942ની 'હિન્દ છોડો' લડતમાં જોડાયા. કૉલેજ છોડી દીધી. ત્રણ માસનો જેલવાસ. લડતમાં ભાગ લીધો એટલે કૉલેજપ્રવેશ બંધ. પત્રકાર.

## ચાતુર્વેદી, ગૌરીશંકર કાશીરામ

જન્મ : ભાવનગર.

1930ની મીઠાની લડત વખતે રાણપુર છાવણીમાં. છૂપી પત્રિકા બહાર પાડવાનો ગુનો. સાબરમતી તથા બેલગામમાં 1 વર્ષ અને 4 મહિની સખત જેલસજા. જેલમાં સામાજિક સુધારણા અંગેની પુસ્તિકાઓ લખી. ભાવનગર પ્રજાપરિષદના કાર્યકર. 1942 : 'હિન્દ છોડો' લડત વખતે ધરપકડ, જેલમાં સખત બીમાર. સવા વર્ષની જેલ પછી મુક્ત થયા. જાહેર સેવક. 1930માં પત્ની સુમનબહેન પણ જેલમાં. પેન્શન અને તામ્રપત્ર એનાયત થયેલ છે. તેમનું નિધન થયેલ છે.

## ચાતુર્વેદી, સુમનબહેન ગૌરીશંકર

જન્મ : 15 સપ્ટેમ્બર, 1910. ભાવનગર.

અભ્યાસ : મૉન્ટેસોરી ટ્રેઇન્ડ. 1930ની ચળવળમાં ભાગ લીધો. 1932માં વિરમગામની લડતમાં જોડાયાં. 144મી કલમનો ભંગ કરીને ધરપકડ વહોરી. છ માસની સજા થઈ. દંડ ન ભરવાથી એક માસની વધુ સજા ભોગવી.

સાબરમતી જેલમાં પૂ. કસ્તૂરબા, ભક્તિબા, મણિબહેન પટેલ, મૃદુલાબહેન વગેરે આગેવાન બહેનોનો સંપર્ક. તે પછી યરવડા જેલમાં બદલી. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. તેમાં ધરપકડ થઈ અને જેલની સજા ભોગવી. પેન્શન તથા તામ્રપત્ર મળેલ છે.

## ચારણ કાનદાસ

પાલ ગામ, જિ. પંચમહાલ.

1857ના વિપ્લવ દરમિયાન ડાકોરની

આસપાસના પ્રદેશોના જાગીરદાર સૂરજમલે લુણાવાડાની ગાદી મેળવવા ચારણ કાનદાસ તથા અન્ય ઠાકોરોની સહાયથી લુણાવાડા કબજે કરવા હુમલો કર્યો. અંગ્રેજોએ સૂરજમલને હરાવ્યો. કાનદાસ પકડાઈ જતાં તેને જેલમાં પૂરીને પછીથી ફાંસી આપવામાં આવી.

## ચાવક, ગજાનન આનંદરાવ

મહેમદાવાદ, જિ. ખેડા.

1932ની લડત વખતે મહેમદાવાદમાં રાજકીય પરિષદ ભરી. ગામમાં જાતે ફરીને ઠરાવોની નકલની વહેંચણી. ધરપકડ. ગરમીમાં ખેડા સુધી ચલાવી પાછળથી છોડી મૂકેલા.

## ચાવડા, ઈશ્વરભાઈ ખોડાભાઈ

જન્મ : ઑગસ્ટ, 1913. ગાના, તા. આણંદ.

અભ્યાસ : ગુજરાતી 5 ધોરણ સુધી. 1930માં સાબરમતી આશ્રમમાં નિવાસ. ગ્રામસેવકની તાલીમ. 1930માં 6 માસની જેલ. 1932ની લડત વખતે 4 માસની જેલ. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના સભ્ય. ખેડા જિલ્લાના રચનાત્મક પ્રવૃત્તિઓ માટેના કાર્યકર.

## ચાવડા, કિસનસિંહ ગોવિંદસિંહ

જન્મ : 17 નવેમ્બર, 1904. વડોદરા.

ક્રાન્તિકારી વીર ભગતસિંહના સાથીદાર. ઉત્તર ભારતમાં ટ્રેન લૂંટવી, બૅન્ક લૂંટવી, પોલીસ-શસ્ત્રાગારમાં લૂંટ કરવી – આવું તો તેમણે ઘણું કર્યું હતું. તેમણે ભગતસિંહની ગાંધીજી સાથે મુલાકાત ગોઠવી હતી. મુલાકાત બાદ ગાંધીજીએ ટકોર કરી કે, અલ્યા કિસનસિંહ, તું પણ હિંસાને માર્ગે ચાલ્યો ! ભક્તિમાર્ગના સંસ્કાર તેમાં ગાંધીજીની આ ટકોર – તેમણે ભૂગર્ભ ચળવળનો માર્ગ છોડ્યો.

1930-32ની સવિનય કાનૂનભંગની ચળવળમાં મુંબઈમાં આઝાદ રેડિયો શરૂ કરવાની વ્યવસ્થા સંભાળી. ચળવળના સમાચાર બ્રોડકાસ્ટ થવા લાગ્યા. આઝાદ રેડિયો સ્ટેશન પકડાયું.

કિસનસિંહ જેલમાં. માહિતી કઢાવવા પોલીસે યાતનાઓ આપી. તેથી હૉસ્પિટલમાં ખસેડવા પડ્યા. બારડોલી સત્યાગ્રહ(1928)માં સરદાર પટેલની સાથે હતા. તે અનુભવો વર્ણવતાં વડોદરાના ટાઉનહૉલમાં ઢળી પડ્યા.

અવસાન : 1 ડિસેમ્બર, 1979.

## ચાવડા, રણછોડભાઈ કરસનજી

નવાગામ, જિ. રાજકોટ.

રાજકોટની લડતમાં ભાગ લેવાથી, રાજ્ય-સરકાર તરફથી જમીન-ખોરડાં જપ્ત કરવામાં આવ્યાં. તે કારણે તેમને સહન કરવું પડ્યું.

## ચાંદલિયા, મગનલાલ જીવણલાલ

જન્મ : 4 સપ્ટેમ્બર, 1918. જામનગર.

જામનગર રાજ્યના જુલમો સામે પ્રજામંડળની લડત ચલાવી. જીવા સતાના ડેલામાં લાંબા સમય સુધી અટકાયતમાં રહ્યા. ખૂબ સહન કર્યું. રાજકોટ ઉપરાંત અન્ય લડતોમાં ભાગ લીધો. પાલિતાણા, પોરબંદર, જામનગર અને રાજકોટ રાજ્યે હદપારી ફરમાવી હતી. ઝવેરચંદ મેઘાણીનાં ગીતો ગાઈને લોકોમાં શૂરાતન પ્રેરતા.

## ચાંદવાણી, ખેતુરામ મેઠુરામ

નિવાસ : કુબેરનગર, અમદાવાદ.

1932 : અખંડ ભારતમાં દાદુસિંધમાં સ્વદેશી આંદોલનમાં સક્રિય. કરાંચી, હૈદરાબાદમાં ચાર વર્ષનો કારાવાસ. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. 5 વર્ષ કારાવાસ. ભાગલા પછી અમદાવાદમાં સ્થાયી.

## ચાંપાનેરિયા, જીવણલાલ કલ્યાણદાસ

જન્મ : 9 માર્ચ, 1902. બોરસદ, જિ. ખેડા.

કાર્યક્ષેત્ર : અમદાવાદ. કૉલેજનો અભ્યાસ છોડી અસહકારની લડતમાં જોડાયા. ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાઈ 1922માં સ્નાતક. બારડોલી સત્યાગ્રહ(1928)થી 'હિન્દ છોડો' ચળવળ સુધીની બધી રાષ્ટ્રીય લડતમાં ભાગ. દાંડીકૂચ માર્ચ, 1930 પહેલાં પકડાયા. 2 વર્ષની સજા. ગાંધી-ઇર્વિન કરારથી છૂટ્યા. 1932માં ફરી ધરપકડ. અટકાયતમાં વ્યક્તિગત સત્યાગ્રહમાં પકડાઈને કારાવાસ. 1942માં ધરપકડ. અટકાયત.

## ચિત્રે, કેશવ મહાદેવ

જન્મ : 1905. મહારાષ્ટ્ર.

ગાંધી આશ્રમમાં ખાદીકામ શીખવા આવેલા. તે પહેલાં જેલવાસ. 26-1-1933 : બોરસદ તાલુકામાં ગામની પરબડી ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવી મહાસભાના ઠરાવ પર વક્તવ્ય. ધરપકડ. જેલવાસ.

## ચિનાઈ, ચીમનલાલ છબીલદાસ

જન્મ : 1883. સૂરત.

1923માં 'મહાશક્તિ' વર્તમાનપત્રમાં 'સરકારનો આપઘાત' લેખ માટે ધરપકડ. 1928 : બારડોલી સત્યાગ્રહમાં ગામડાંમાં ફરી ખેડૂતોને કર ન ભરવાનું પ્રોત્સાહન. ધરપકડ. જેલની સજા. 1930-32 : સવિનય કાનૂનભંગની ચળવળમાં જેલવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં અટકાયતમાં.

અવસાન : 1952.

## ચિન્તુબહેન

ભરૂચ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાયાં. તેમણે ભરૂચમાં તથા પાસેનાં ગામોમાં દારૂતાડીનાં પીઠાં અને પરદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગમાં સક્રિય ભાગ લીધો હતો.

## ચીમનભાઈ નારણભાઈ

ભાદરણ, તા. બોરસદ. ઉંમર : 29 વર્ષ

1930ની ચળવળ દરમિયાન બોરસદ તાલુકાના કૉંગ્રેસના સરમુખત્યારપદેથી પ્રવચન કરતાં તેમની ધરપકડ થઈ અને તેમને 6 માસની સજા અને રૂ. 100/- દંડ અથવા દોઢ માસની વધુ કેદની સજા ફરમાવી. સાબરમતી જેલમાં સજા ભોગવી. ગાંધી-ઇર્વિન કરાર થતાં વહેલા છૂટી ગયા.

## ચીમનલાલ ઈશ્વરદાસ

જન્મ : પાટડી, જિ. સુરેન્દ્રનગર.

1930ના મીઠાના સત્યાગ્રહમાં ભાગ. ખારાઘોડાના અગર પરથી મીઠું લઈને કાનૂનભંગ. પોલીસનો માર. 6 માસની સજા રૂ. 50/-નો દંડ.

## ચીમનલાલ દેવશંકર

જન્મ : 1912. અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદમાં વીજળીનાં સબસ્ટેશનો બૉમ્બથી ઉડાવી દેવાના કાવતરામાં ભાગ લીધો. ભરતખંડ ટેક્સટાઇલ મિલ્સના સબ- સ્ટેશને બૉમ્બ મૂકવા ગયા. ધરપકડ. 25 ડિસેમ્બર, 1942 : અટકાયત.

## ચુનીલાલ બાપુલાલ

જન્મ : 1885. મુંબઈ.

રૉયલ ઇન્ડિયન નેવીના રેટિંગ્સના બળવાને ટેકો આપવા 'પ્રજાકીય વિરોધ' દેખાવોમાં સક્રિય. 22 ફેબ્રુઆરી, 1946 : પોલીસ ગોળીબારમાં મુંબઈમાં ઘવાયા ને તે જ દિવસે મૃત્યુ.

## ચૂડગર, ચુનીલાલ પોપટલાલ

જન્મ : 1907. વઢવાણ.

1942ની લોકક્રાંતિની ચળવળ વખતે 8 માસ ભૂગર્ભમાં રહી લડતનું સંચાલન. વઢવાણ

રાજ્યે તેમને 1943માં સ્ફોટક પદાર્થો રાખવાના ગુના માટે પકડેલા. રાજકોટની જેલમાં 6 માસ સુધી અટકાયત. રાજકીય કાર્યકર.

## ચૂડાસમા, માધુભા ઉદેસિંહ

જન્મ : 1912. પરિભડિયાદ, તા. ધંધૂકા.

અભ્યાસ : 6 ધોરણ સુધીનો. વ્યવસાય : ખેતી. 1930માં ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લીધો. દોઢ માસની સખત કેદની સજા.

## ચૂડાસમા, રાહુભા કલ્યાણસિંહ

જન્મ : 1911. પરિભડિયાદ, તા. ધંધૂકા.

અભ્યાસ : છ ધોરણ સુધીનો. ખેતી. 1930માં મીઠાની લડત વખતે રાણપુરમાં ધરપકડ. 4 માસની સખત કેદની સજા. કૉંગ્રેસના સક્રિય કાર્યકર.

## ચૂડાસમા, વાઘજીભાઈ માવજીભાઈ

જન્મ : 4 મે, 1916. તરવડા, જિ. અમરેલી.

રાજકોટની લડતમાં ભાગ લીધો. ટૂંકો જેલવાસ ભોગવ્યો.

## ચૂના, રમણ

હાલોલ, જિ. પંચમહાલ.

1932માં સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન માદર ગામે મેળામાં સરકાર વિરુદ્ધની પંચમહાલ જિલ્લા પત્રિકા વહેંચવા માટે ધરપકડ. 5 માસની કેદની સજા અને રૂપિયા 50 દંડ. દંડ ન ભરે તો 1 માસની વધુ સજા.

## ચૂનીલાલ બાપુલાલ

જન્મ : 1885. કાર્યક્ષેત્ર : મુંબઈ.

1946માં રૉયલ ઇન્ડિયન નેવીના રેટિંગ્સના બળવાના ટેકામાં પ્રજાકીય વિરોધના દેખાવોમાં ભાગ લીધો. 22 ફેબ્રુઆરી, 1946ના રોજ પોલીસના ગોળીબારમાં ઘાયલ. પરિણામે તે જ દિવસે તેમનું અવસાન થયું.

## ચોકસી, કાન્તિલાલ જયકિશનદાસ

જન્મ : 10 જુલાઈ, 1915. સૂરત.

1928માં સાઇમન કમિશનના વિરોધમાં ભાગ. લાઠીમાર. 1930 : વાનરસેનામાં કામ કર્યું. દારૂનિષેધ, ખાદીપ્રવૃત્તિ, હરિજનોદ્ધાર વગેરે રચનાત્મક કાર્યોમાં સક્રિય. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ. ધરપકડ. 6 માસ જેલ. 1942 : 'હિન્દ છોડો' લડત દરમિયાન 18 માસ કારાવાસ. 1961માં ભરૂચ શહેર સુધરાઈના પ્રમુખ ચૂંટાયા.

## ચોકસી છોટુભાઈ

સૂરત.

1930ની ચળવળ દરમિયાન દારૂતાડીના વિરોધમાં ઇચ્છાપોર ગામે સભા ભરી, કુંભારો પાસે તાડી ભરવાનાં ઘડિયાં નહિ બનાવવાનો અને વેચવાનો ઠરાવ કરાવ્યો. તેથી ઓલપાડ તાલુકા લોકલ બોર્ડના પ્રમુખ મંચેરશા હોરમસજી પટેલે મારી નાખવાની ધમકી આપી હતી.

## ચોકસી, જગજીવન મૂલચંદ

જન્મ : 4 જૂન, 1914. ચુંવાળ, તા. વિરમગામ, નિવાસ : મહેસાણા.

13 વર્ષની વયથી જ દેશસેવાનો રંગ લાગ્યો. સ્વદેશી વ્રત લીધું. 1930માં પીંજણ, કાંતણ વગેરે કાર્યોમાં ભાગ લીધો. વિરમગામ સત્યાગ્રહમાં જોડાયા. ધરપકડ થઈ. દોઢ માસ જેલવાસ ભોગવ્યો. 1942માં ભાંગફોડની પ્રવૃત્તિ કરતાં પકડાયા. જેલ થઈ. જેલવાસ દરમિયાન પિતાની માંદગીના સમાચાર મળ્યા. પેરોલ પર માફી માગવાની શરતે છોડવાની વાત આવતાં છૂટવા ના પાડી. પિતાને મળી શક્યા નહિ ને અવસાનના સમાચાર સાંભળવા મળ્યા. જાહેર પ્રવૃત્તિ.

## ચોકસી, જયંતીલાલ મણિલાલ

જન્મ : 21 જાન્યુઆરી, 1910. વતન : અમદાવાદ.

1930-31 : મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરાસણા સત્યાગ્રહમાં જોડાયા. મહાદેવભાઈ દેસાઈ સાથે કામ કર્યું. સાબરમતી અને યરવડા જેલમાં 6 મહિનાની જેલ ભોગવી. માર ખાધો. પત્રિકાઓ છાપવાની અને લત્તે લત્તે પહોંચાડવાનું કાર્ય કર્યું. ખાડિયા સંસ્થા કૉંગ્રેસના પ્રમુખ હતા.
1982માં અવસાન.

## ચોકસી, પ્રમોદરાય અંબાલાલ

અમદાવાદ.

1942ની ચળવળ દરમિયાન પત્રિકાઓની આશરે 150 નકલ નીકળે એવાં લાકડાનાં એક હજાર ડુપ્લિકેટિંગ મશીન બનાવીને જુદે જુદે ગામ વહેંચ્યાં. તેની શાહી જાતે બનાવી. મિલોની હડતાળ ચાલુ રાખવા માટે મહિજ, બારેજડી, નાંદેજ, વાંચ, હીરાપુર વગેરે ગામ જઈને પ્રચાર. ઘેર જડતી થઈ. નવેમ્બર 1942 : ધરપકડ. અટકાયતમાં થોડા દિવસ રાખી છોડી મૂક્યા.

## ચોકસી, બાબુભાઈ મણિલાલ

જન્મ : 5 નવેમ્બર, 1917. અમદાવાદ.

1942ની લડતમાં જોડાયા. તેમનું ઉપનામ ‘આગાખાન’ હતું. આઠ મહિનાની જેલ સાબરમતી જેલમાં ભોગવી. દંડ થયો હતો તે ભર્યો. જયંતીભાઈ ઠાકોર, વાસુદેવ ભટ્ટ વગેરે સાથે કામ કર્યું.
અવસાન : 27 ડિસેમ્બર, 1996.

## ચોકસી, ભાનુમતી ચંદુલાલ

જન્મ : મે, 1915. અમદાવાદ.

શિક્ષણ : મૅટ્રિક સુધીનું. મૉન્ટેસોરી ટ્રેઇન્ડ શિક્ષિકા. ભારત બાળમંદિરનાં સંચાલક. 1942ની સત્યાગ્રહની લડતમાં ભાગ. 3 માસનો કારાવાસ.

## ચોકસી, ભોગીલાલ નાથાલાલ

જન્મ : 28 ડિસેમ્બર, 1894. બોરસદ, ખેડા.

1920 : બાળમંદિર, નૂતન ગુજરાતી શાળા સ્થાપ્યાં. 1921 : પરદેશી કાપડના ભંડાર સામે દેખાવો. 1924 : બોરસદ સત્યાગ્રહ. 1925 : બોરસદ સુધરાઈના પ્રમુખ. 1930 : સવિનયભંગ સત્યાગ્રહ, 71 મહિના કારાવાસ. 1932 : સવિનયભંગ સત્યાગ્રહ, 1 વર્ષ કારાવાસ. 1934 : નડિયાદ વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની સ્થાપનામાં સક્રિય. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલનમાં સક્રિય.
અવસાન : 8 માર્ચ, 1962.

## ચોકસી, મણિભાઈ હરિવલ્લભભાઈ

જન્મ : માર્ચ, 1908. ઉત્તરસંડા, જિ ખેડા.

1920ની અસહકારની લડત વખતે કૉંગ્રેસના કાર્યકર. 1929 સુધી પિકેટિંગ તથા કૉંગ્રેસના રચનાત્મક કાર્યકર. 1930 : ધરાસણામાં લોકચળવળમાં, જંગલમાં પોલીસને હાથે સખત માર. દારૂના પીઠા ઉપર પિકેટિંગ કરતાં 1 માસની જેલ. 1932 : ખેડા જિલ્લા રાજકીય પરિષદ, નડિયાદમાં ભાગ. 3 માસની સજા. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ વખતે સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર; ધરપકડ અને 6 માસની સજા. 1942 : લોકક્રાંતિની ચળવળ; 14 ઑગસ્ટના સરઘસમાં તેમને પોલીસોએ સખત માર મારી ઘાયલ કરેલા. ભૂગર્ભ કાર્યકર.

## ચોકસી, રમણલાલ કેશવલાલ

જન્મ : 4 ફેબ્રુઆરી, 1923. અમદાવાદ.

1942ના ‘હિન્દ છોડો’ આંદોલનમાં 9 ઑગસ્ટના રોજ મુંબઈમાં સરઘસમાંથી ધરપકડ. મુક્તિ. અમદાવાદ આવી પત્રિકા વહેંચવી. પ્રભાતફેરી, સરઘસોમાં ભાગ. દરરોજ પોલીસ પર પથ્થરમારો. સરઘસમાંથી ધરપકડ. કૉંગ્રેસ હાઉસ, ભદ્રમાં કાચી જેલમાં.

6 માસની કેદની સજા અથવા રૂ. 500 દંડ. દંડ ચૂકવી દીધો. તે પછી પત્રિકા વહેંચવી, સરઘસોમાં જોડાવાનું ફરી શરૂ.

## ચોકસી, વિમળાબહેન મણિભાઈ

ઉત્તરસંડા, તા. નડિયાદ, જિ. ખેડા.

1942ની લોકક્રાંતિની ચળવળ વખતે ભૂગર્ભ કાર્યકર. અમદાવાદથી પત્રિકા તેમજ સ્ફોટક પદાર્થો લાવવાની કામગીરી. રેલવેના પાટા ઉપર સ્ફોટક પદાર્થો મૂકી ભાંગતોડ કરતાં.

## ચોકસી, સારાભાઈ ભોગીલાલ

જન્મ : 18 જાન્યુઆરી, 1915. બોરસદ, ખેડા.

1930 : દાંડીકૂચ સ્વયંસેવક. ખેડામાં પ્રવાસ. ‘રણનાદ’ પત્રિકાનું સંપાદન. 2 મહિના કારાવાસ. 1932 : 6 મહિના કારાવાસ. 1933 : ખાદીપ્રવૃત્તિ અન્ય રચનાત્મક પ્રવૃત્તિ. 1934 : રોગગ્રસ્ત ભારત-આફ્રિકાના પ્રવાસો વિશે પુસ્તકલેખન. વ્યવસાય : લેખનપ્રકાશન.

## ચોખાવાલા, ગોરધનદાસ રણછોડદાસ

જન્મ : 1904. સૂરત.

1926 : ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. 1926-30 : બારડોલી સ્વરાજ આશ્રમમાં સેવાકાર્ય. 1928 : બારડોલી સત્યાગ્રહમાં દરબાર ગોપાળદાસ સાથે ખેડૂતોની જાગૃતિ. ગુજરાતના રેલસંકટ દરમિયાન રાહતકાર્ય માટે પાદરા અને માતર તાલુકામાં સેવા. 1930 : સૂરત જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રી. સત્યાગ્રહમાં ધરપકડ. લડતમાં ધરપકડ. 9 માસની જેલ. 1932 : લડતના બીજા તબક્કામાં ધરપકડ. 11 વર્ષની કેદ, રૂ. 300 દંડ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ. ધરપકડ. જેલવાસ. 1942ની ચળવળમાં ધરપકડ. અટકાયતમાં. 1944માં જેલમુક્તિ. 1953-58 : સૂરત શહેર જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી.

## ચોધરી, કરસનદાસ હરિભાઈ

જન્મ : 11 ઑક્ટોબર, 1926. વતન : સમી, જિ. મહેસાણા.

અભ્યાસ : બી.એ., એલએલ.બી.

1942ની ‘હિન્દ છોડો’ ચળવળ વખતે અભ્યાસ છોડી કૉંગ્રેસનાં તેમજ અન્ય રચનાત્મક કાર્યોમાં જોડાયા. પાછળથી તાલુકા અને જિલ્લાનાં રચનાત્મક કાર્યોમાં સક્રિય રહ્યા.

## ચૌધરી, ઓઘડભાઈ સોમાભાઈ

નિવાસ : નવધરા, મહુવા, સૂરત.

આદિવાસી ચૌધરી. અભ્યાસ : પ્રાથમિક. વ્યવસાય : ખેતી. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલન. દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. આદિવાસીઓમાં મદ્યનિષેધનો પ્રચાર. 6 મહિના કારાવાસ. સામાજિક સેવાકાર્યો.

## ચૌધરી, કસનજી ઉકાભાઈ

નિવાસ : વેડછી, વાલોડ, સૂરત.

ઢોરચારણ. અભ્યાસ 7 ધોરણ. કાંતણ-પીંજણ-વણાટ. ના-કર લડતમાં પ્રવેશ. સરદારના ભાષણથી પ્રેરણા. 1932 : સત્યાગ્રહમાં સક્રિય. 1 વર્ષ કારાવાસ. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલન. ભાંગફોડ.

## ચૌધરી, કુબેરભાઈ

માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

ખેડૂત કાર્યકર.

રાવલશ્રી(રાજા)ના દમન સામે ખેડૂત પરિષદે 25 સપ્ટેમ્બર, 1937ના રોજ ના-કરની લડતની જાહેરાત કરી. ત્યાર બાદ સરકારી પ્રચારતંત્રનો સામનો કરીને ખેડૂતોની શક્તિ ટકાવવા અને વધારવા તેમણે ગામડાંમાં પ્રવાસ ખેડીને લોકજાગૃતિનું કામ કર્યું.

## ચૌધરી, કેશવભાઈ સંઘજીભાઈ

નિવાસ : નવધરા, સૂરત.

અભ્યાસ : ચાર ગુજરાતી. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. વડોદરા 6 મહિના કારાવાસ. મુક્તિ પછી ખેતીમાં પ્રવૃત્ત.

## ચૌધરી, કેસુરભાઈ કાળાભાઈ

નિવાસ : નવધરા, મહુવા, સૂરત.

આદિવાસી કોમમાં જન્મ. અભ્યાસ : પ્રાથમિક. વ્યવસાય : ખેતી. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. વ્યસનમુક્તિ-પ્રચાર. વડોદરા 6 મહિના કારાવાસ. મુક્તિ પછી સમાજસેવા.

## ચૌધરી, ગજરાભાઈ તુલસીભાઈ

નિવાસ : વેડછી, વાલોડ, જિ. સૂરત.

અભ્યાસ : બે ધોરણ, વ્યવસાય : ખેતી. 1928 : બારડોલી ના-કર સત્યાગ્રહમાં પ્રવેશ. ગામોમાં પત્રિકાવિતરણ. 1932 : સીકર સભા. 2 વર્ષ કારાવાસ. મુક્તિ પછી ખેતી. તામ્રપત્ર.

## ચૌધરી, ગાંગજીભાઈ લખાભાઈ

નિવાસ : અંબામ, વાલોડ, જિ. સૂરત.

1924 : વેડછી આશ્રમપ્રવેશ. રેંટિયાપ્રચાર. કાંતણ-પીંજણ. 1928 : બારડોલી સત્યાગ્રહમાં સક્રિય. 1929 : માંડવી. રેંટિયો-પ્રચાર. દારૂબંધી-પ્રચાર. 1932 : અસહકાર. 1 વર્ષ કારાવાસ. 300 દંડ. ઘરબાર જપ્ત. અત્યારે ભૂમિહીન, ઘરહીન. તામ્રપત્ર.

## ચૌધરી, ગુલાબસિંહ હરિસિંહ

નિવાસ : નવધરા, મહુવા.

અભ્યાસ : છ ગુજરાતી. દારૂના વ્યસન પ્રત્યે ઘૃણા. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. પીઠાં પર પિકેટિંગ. 6 મહિના કારાવાસ. મુક્તિ પછી મદ્યનિષેધ-પ્રચાર.

## ચૌધરી, છગનભાઈ ભીખાભાઈ

વેડછી, જિ. સૂરત.

વેડછી આશ્રમમાં કાંતણ-વણાટ શીખ્યા પછી સત્યાગ્રહ-આંદોલનમાં જોડાયા. તેમની ધરપકડ થઈ. 21 વર્ષ જેલમાં ગાળ્યાં.

## ચૌધરી, જાનાભાઈ જગાભાઈ

અંબામ, જિ. સૂરત.

બારડોલી આશ્રમમાં કાંતણ, વણાટ, પીંજણ વગેરે શીખ્યા. 1924થી 1929 સુધી ગામમાં આ જ કાર્ય કર્યું. 1930માં સત્યાગ્રહમાં ભાગ લેતાં ધરપકડ થઈ. કારાવાસ ભોગવ્યો.

## ચૌધરી, જેસંગભાઈ

માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

ખેડૂત કાર્યકર.

રાવલશ્રી(રાજા)ના દમન સામે ખેડૂત પરિષદે ના-કરની લડતની જાહેરાત 25 સપ્ટેમ્બર, 1937ના રોજ કરી. ત્યાર બાદ સરકારી પ્રચારતંત્રનો સામનો કરીને, ખેડૂતોની શક્તિ ટકાવવા અને વધારવા ગામડાંમાં પ્રવાસ ખેડીને તેમણે લોકોને જાગ્રત કર્યા.

## ચૌધરી, દંડાબહેન જગાભાઈ

જન્મ : 1910. ખાનપુર, તા. વ્યારા, જિ. સૂરત.

કાર્યક્ષેત્ર : વેડછી. 1924માં વેડછી આશ્રમમાં જઈને કાંતણ, ખાદી પહેરવી. પરદેશી કાપડની દુકાનો તથા દારૂનાં પીઠાં પર પિકેટિંગ. વિદેશી કાપડ અને દારૂના બહિષ્કારનો ગામડાંમાં પ્રચાર, ખાદીનો પ્રચાર. 1928માં બારડોલી સત્યાગ્રહ દરમિયાન વાલોડની છાવણીમાં રહીને ભક્તિબા દેસાઈ સાથે ગામડાંમાં પ્રચાર. એ વર્ષે હિજરત કરી, ઘર, જમીન વગેરે છોડ્યાં. 1932-33 : પિકેટિંગ કરતાં ધરપકડ. 1 વર્ષ જેલની સજા સાબરમતી અને યરવડામાં ભોગવી. 1942માં સરઘસમાંથી ધરપકડ. 6

માસની જેલ. સાબરમતી જેલમાં.

## ચૌધરી, દાળજીભાઈ ગાંગજીભાઈ

નવધરા, જિ. સૂરત.

1942ની લડત વખતે દારૂતાડીનાં પીઠાં ઉપર પિકેટિંગ કર્યું. તેમની ધરપકડ થઈ. વડોદરા જેલમાં 6 માસની સજા ભોગવી.

## ચૌધરી, દીપસિંહ વજેસિંહ

કાંટા ફળિયા, મઢી, તા. બારડોલી, જિ. સૂરત.

1942ની લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. પકડાયા. 10 મહિના જેલ ભોગવી.

## ચૌધરી, દેવસિંહભાઈ મંછાભાઈ

ડુંગરી, જિ. સૂરત.

અભ્યાસ છોડી કાંતણ-વણાટ શીખ્યા. 1930માં મીઠાના સત્યાગ્રહમાં સામેલ થયા. પત્રિકાઓ વહેંચવા ગામડે ગામડે જતા. ખાદીપ્રચાર, દારૂબંધી-કાર્યો કરતાં ધરપકડ થઈ. 7 માસની સજા થઈ.

## ચૌધરી, નાગરભાઈ વેસ્તાભાઈ

નવધરા, જિ. સૂરત.

1930-32માં દારૂતાડીની દુકાનો પર પિકેટિંગ કર્યું. ધરપકડ થઈ. 6 માસની જેલ ભોગવી.

## ચૌધરી, પીયૂષકાંત

કાર્યક્ષેત્ર : અમદાવાદ.

1942ની ચળવળમાં બૉમ્બપ્રવૃત્તિમાં ભાગ લીધો. પોપટલાલ કોદરલાલ સોની મારફતે બૉમ્બનાં રસાયણો મેળવ્યાં. શાંતિલાલ ર. પટેલ સાથે 30 સપ્ટેમ્બર, 1942ના રોજ જમાલપુર લાંબી શેરીમાં બૉમ્બ બનાવતાં ભયાનક ધડાકો. ચૌધરીનો જમણો હાથ ઊડી ગયો. ડાબા હાથની આંગળીઓને ઈજા અને ગુમાવી. શરીર લોહીલુહાણ. બેભાન થયો. કેસ ચલાવીને 3 વર્ષની કેદની સજા. આઝાદી બાદ જયપુરથી સંસદસભ્ય.

## ચૌધરી, પૂરીબહેન લાલા

બાપુપુરા, માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

1938 : માણસાના જમીન-મહેસૂલ સત્યાગ્રહ દરમિયાન ચૌધરી સુખા બેચરને દીનમહંમદે ઢોર-માર માર્યો. સુખાની ‘બચાવો બચાવો’ની બૂમો સાંભળી પૂરીબહેન દોડી આવ્યાં. મકરાણી દીનમહંમદે તેનું ખંજર પૂરીબહેનના ડાબા હાથમાં ભોંકી દીધું. લોહીની ધાર છૂટી. તેનાં કપડાં ભીંજાયાં અને તે બેભાન થઈને નીચે પડી ગયાં.

## ચૌધરી, બૂચાભાઈ સુલિયાભાઈ

નવધરા, જિ. સૂરત.

1942ની રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા. દારૂ-તાડી છોડવા સમજાવવા લાગ્યા. તેમાં ધરપકડ થઈ. જેલવાસ ભોગવ્યો.

## ચૌધરી, ભાવસિંહ ચંદ્રસિંહ

જન્મ : 1911. જેસિંગપુરા, જિ. સૂરત.

બારડોલીના આશ્રમમાં જોડાયા અને કાંતણ-વણાટની તાલીમ લીધી. 1928માં વલ્લભભાઈ સાથે બારડોલી સત્યાગ્રહમાં જોડાયા. 1930માં દાંડીકૂચમાં જોડાયા. ધરાસણાથી ધરપકડ થઈ. 3 માસની સજા ભોગવી. 1932માં ફરી ધરપકડ થઈ. 6 માસની સજા થઈ. 1933માં કામરેજમાં પકડવામાં આવ્યા. 9 માસની સજા થઈ.

## ચૌધરી, ભાવસિંહ વજીસિંહ

વતન : વેડછી, તા. વાલોડ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. 1932માં સ્વયંસેવકોની ટુકડી લઈ બારડોલી ગયા. ત્યાં ‘મહાત્મા ગાંધી કી જય’ બોલાવતાં ધરપકડ થઈ. 41 માસની સજા થઈ અને રૂ. 50/- નો દંડ થયો. ફરી ચળવળમાં

ભાગ લીધો, જેલ થઈ. કુલ 9 માસની જેલયાત્રા વેઠી.

## ચૌધરી, મકનજી કોયાભાઈ

જન્મ : 1 જાન્યુઆરી, 1905. વેડકવા, સૂરત.

રચનાત્મક સમાજસેવક. 1930 : દાંડીકૂચની પૂર્વગામી 'અરુણ' ટુકડીમાં સક્રિય. ધરાસણા મીઠા સત્યાગ્રહ, માર ખાધો. 1942 : 'હિન્દ છોડો' સત્યાગ્રહ. દંડ રૂ. 200 નહિ ભરતાં પિતાની 8 વીઘા ભૂમિ સરકારે લઈ લીધી. બારડોલી અને માંડવીમાં ખાદી-ગ્રામોદ્યોગ અને સર્વોદય ક્ષેત્રે સક્રિય. રચનાત્મક સમાજકાર્ય.

## ચૌધરી, મોતીરામ તુલસીરામ

જન્મ : 1911. વેડછી.

1928માં બારડોલીની 'ના-કર'ની લડતમાં ચુનીકાકાની પ્રેરણાથી જોડાયા. ગોલણ મુકામે પત્રિકા વહેંચવાનું કામ કરતા. 1942માં ધરપકડ થઈ. આઝાદી મળી ત્યારે છૂટા કરવામાં આવ્યા.

## ચૌધરી, રામજીભાઈ રૂપાભાઈ

જન્મ : 1917. સૂરત જિલ્લાના ભડકૂવામાં. વતન : માંગરોળ, જૂનાગઢ.

1938-43 સુધી ઇન્દુલાલ યાજ્ઞિકની સાથે પ્રવૃત્તિઓ કરી હતી. 1939માં લવેટ સત્યાગ્રહની આગેવાની લઈને જેલ ભોગવી હતી. હાળીમુક્તિની લડત પણ ચલાવી હતી. 1940માં વાણીસ્વાતંત્ર્ય માટે ભાષણ કરવા માટે ધરપકડ થઈ હતી. રાજપીપળાના દેજાડ ગામની ભીલ બહેનો પર થયેલા અત્યાચારની તપાસ કરવા જતાં પકડાયા હતા. 1 દિવસ જેલમાં રાખી હદપાર કરાયા હતા. 1941માં ઉદ્દામવાદી સાહિત્ય માટે ધરપકડ થઈ હતી. 2 વર્ષની સજા થઈ હતી. 2 દિવસ પછી વડોદરા સરકારે અટકમાં લીધા અને 1 મહિનો જેલમાં રાખ્યા. 1950માં લેવીનો વિરોધ કરવાને કારણે જેલમાં પૂર્યા હતા. આદિવાસીઓ અને હરિજનો માટે ખૂબ કામ કર્યું.

## ચૌધરી, રામાજી

માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

ખેડૂત કાર્યકર.

રાવલશ્રી(રાજા)ના દમન સામે ખેડૂત પરિષદે ના-કરની લડતની 25 સપ્ટેમ્બર, 1937ના રોજ જાહેરાત કરી. ત્યાર બાદ સરકારી પ્રચારતંત્રનો સામનો કરીને ખેડૂતોની શક્તિ ટકાવવા અને વધારવા ગામડાંમાં પ્રવાસ ખેડીને તેમણે લોકોને જાગ્રત કર્યા.

## ચૌધરી, રૂવજીભાઈ જોષિયાભાઈ

નિવાસ : વેડછી, વાલોડ, સૂરત.

1930માં મીઠા-સત્યાગ્રહમાં સક્રિય. પત્રિકાઓનું અનેક ગામોમાં વિતરણ. મઢી સ્ટેશને ધરપકડ. 6 દિવસ કાચી અટકાયત. 6 મહિના કારાવાસ. ચક્કી પીસવી. સૂતરના દડા કરવા, દબાણો સહેવાં આદિ. 3 વાર ઘર પર દરોડા. વસ્તુઓ જપ્ત. તામ્રપત્ર.

## ચૌધરી, વાલજીભાઈ વસનજીભાઈ

નિવાસ : મગરકૂઈ, વ્યારા, સૂરત.

નિર્ધન. વેડછી આશ્રમમાં સાદું જીવન. 1928ના બારડોલી સત્યાગ્રહમાં પત્રિકાવિતરણ. ધરપકડ. પોલીસનો મૂઢમાર. 1 વર્ષ અને 6 મહિના કારાવાસ. મુક્તિ પછી વણાટકામમાં સક્રિય. તામ્રપત્ર.

## ચૌધરી, વીર્યસંગભાઈ

માણસા, ઉ. ગુજરાત. ખેડૂત કાર્યકર.

માણસા દેશી રાજ્ય હતું. રાવલશ્રી(રાજા)ના દમન સામે ખેડૂત પરિષદે ના-કરની લડતની જાહેરાત કરી. ત્યાર બાદ સરકારી પ્રચારતંત્રનો સામનો કરીને, ખેડૂતોની શક્તિ ટકાવવા અને

વધારવા ગામડાંમાં ફરીને તેમણે પ્રચાર કર્યો.

ચૌધરી, વેલજીભાઈ કાનજીભાઈ

નિવાસ : વેડછી, વાલોડ, સૂરત.

1928માં વાલોડમાં બારડોલી સત્યાગ્રહની છાવણીમાં કાંતણવણાટ. 1930 : મીઠા-સત્યાગ્રહ. ધરાસણા. મીઠાની ચોરી. 15 દિવસ ઘાસના વાડામાં બંદી. સપ્તાહ સુધી આહાર વિના રાખ્યા. 11 મહિનો કારાવાસ. મુક્તિ પછી પત્રિકાવિતરણ 6 મહિના કારાવાસ. એકત્ર 17 મહિના કારાવાસ. વ્યવસાય : કૃષિ.

## ચૌધરી, સુખા બેચર

બાપુપુરા, માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

1938 : માણસાના જમીનમહેસૂલ સત્યાગ્રહ દરમિયાન સરકારી અધિકારી મકરાણી દીનમહંમદે અકારણ જ સુખા ચૌધરીને ઝૂડવા માંડ્યો. ઢોરમારથી ત્રાસેલા સુખાની ‘બચાવો, બચાવો’ની બૂમો સાંભળી લોકો દોડી આવ્યા.

## ચૌધરી, હીરાભાઈ દેવીસિંહ

નવઘરા.

1942ની લડતમાં ભાગ લઈ દારૂ-તાડીનાં પીઠાં પર પિકેટિંગ કર્યું. તેમની ધરપકડ થઈ. 6 માસની જેલની સજા થઈ.

## ચૌહાણ અંબાલાલ જોઈતારામ

જન્મ : 1903. વિસનગર.

વ્યવસાય : દરજીકામ. અભ્યાસ : ધોરણ 7. અખાડા પ્રવૃત્તિ : કુસ્તી, લાઠી, દંડબેઠક વગેરે. ધાર્મિક વાચન. રાષ્ટ્રીય ભાવના. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલનમાં સક્રિય ભાગ. સભા-સરઘસમાં જોડાતા. પોલીસદમનનો ભોગ બનતા. વિસનગરમાં ઉત્રાણકર શહીદ થયા તે અંગેની સભામાં થયેલી ધરપકડોમાં અંબાલાલનો સમાવેશ. કેસ. પાંચ દિવસની કેદની સજા.

અવસાન : 23 ઑક્ટોબર, 1972.

## ચૌહાણ, કાનજીભાઈ

જન્મ : 20 ફેબ્રુઆરી, 1917. રાણાવાવ, જિ. જૂનાગઢ.

ગાંધીજીની હાકલથી પ્રેરાઈ આશરે 17 વર્ષની વયે સ્વાતંત્ર્યસંગ્રામમાં. મોરબી, ધ્રાંગધ્રા, રાજકોટ અને રાણપુરના સત્યાગ્રહોમાં ભાગ લીધો. ધરપકડો થઈ. 3 વાર જેલવાસ. સાબરમતી જેલ 6 માસ. નાશિક જેલ 8 માસ. સાબરમતી જેલ 12 માસ. સવિનય કાનૂનભંગ. ગુપ્ત પત્રિકાઓ લખવી, વહેંચવી. સભા-સરઘસો યોજવાં, લડતનો પ્રચાર મુખ્ય કામગીરી. રચનાત્મક પ્રવૃત્તિમાં પણ કામ કર્યું. રાષ્ટ્રભાષાનો પ્રચાર.

## ચૌહાણ, નગીનદાસ મૂલચંદ

જન્મ : 1922. સૂરત.

મુંબઈ. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં ભાગ લીધો. તેથી ધરપકડ. માલવણી દુર્ગમાં છ મહિનાની કેદ ભોગવી. જેલમાં ખૂબ માર ખાધો. મુક્તિ બાદ પ્રભાતફેરી, દારૂબંધી, ખાદીપ્રચાર વગેરે કાર્યોમાં ભાગ લીધો. તેમને રૂ. 2,500/- પેન્શન મળે છે. તેનો ઉપયોગ ગરીબો માટે કરે છે. તે અગાઉ ખૂબ ગરીબી ભોગવી.

## ચૌહાણ, નાનજીભાઈ કરસનભાઈ

જન્મ : 8 જૂન, 1921. રાજકોટ. અભ્યાસ : સાધારણ.

રાજકોટની લડત શરૂ થતાં રાજ્યની નોકરી છોડીને દરબારગઢ ઉપર ધ્વજ ફરકાવ્યો. પોલીસોના બેસુમાર મારથી બેભાન. ધરપકડ. સરધાર અને રાજકોટની જેલમાં સજા ભોગવી. તે પછી વ્યાયામશાળા શરૂ કરી. યુવકોમાં રાષ્ટ્રવાદનું સિંચન.

1942ની લડત વખતે એજન્સીની કોઠી ઉપર ધ્વજ ફરકાવ્યો. માર ખાધો, ઘવાયા. જેલમાં. તે

પછી પછાત વર્ગોની સેવા.

## ચૌહાણ, પુરુષોત્તમ લાલજી

વલસાડ જિલ્લાનું હાંસાપોર.

ગોધરાના આશ્રમમાં મામાસાહેબ ફડકે અને પરીક્ષિતલાલ મજમુદારના હાથ નીચે 7 વર્ષ ગાળ્યાં હતાં. 1929માં નવસારીના ઠક્કરબાપા આશ્રમમાં શિક્ષક તરીકે જોડાયા. 1930માં જબલપુરમાં પીઠા પર પિકેટિંગ કરતાં ધરપકડ થઈ હતી. 6 મહિનાની જેલ થઈ અને રૂ. 25નો દંડ, દંડ ન ભરે તો વધુ 1 મહિનાની સજા થઈ. 1932માં ગાંધીજી ગોળમેજી પરિષદમાં ગયા ત્યારે વતન હાંસાપોર જઈને હરિજનોને મંદિરપ્રવેશ કરાવ્યો હતો. 1932માં નવસારી પ્રાંત હરિજન સંઘમાં પ્રચારક તરીકે કામ કર્યું. 1937-39માં કૉંગ્રેસ પક્ષના ધારાસભ્ય થયા. વ્યક્તિગત સત્યાગ્રહમાં નવ મહિનાની સજા ભોગવી. 1942માં સૂરત હરિજન છાત્રાલય શરૂ કર્યું. 'હિન્દ છોડો' લડતમાં 15 મહિના જેલ ભોગવી. સૂરત જિલ્લાના હરિજન સેવક સંઘના મંત્રી તરીકે 23 વર્ષ એકધારી સેવા આપી.

## ચૌહાણ, પૂજાભાઈ કાળીદાસ

સેવાણ, તા. તિલકવાડા.

નાનપણથી જ સ્વદેશાભિમાની. 1937માં મંગળદાસ આર્યની દોરવણીથી કૉંગ્રેસના સક્રિય કાર્યકર તરીકે સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાયા. 1940ના વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાઈ ધરપકડ વહોરી. 6 માસની જેલ થઈ. 1942ની લડતમાં ભૂગર્ભમાં રહીને કામ કર્યું.

## ચૌહાણ, ભાવસિંહ હીરાજી

જન્મ : 15 માર્ચ, 1915. જૂનાગઢ.

1938-39માં જૂનાગઢ પ્રજામંડળની લડતમાં ભાગ લીધો. ધરપકડ થઈ. થોડા દિવસ જેલની સજા થઈ. 1942ની લડતમાં ભાગ લેવા બદલ અમદાવાદથી ધરપકડ થઈ. પંદર દિવસની જેલ થઈ. આરઝી હકૂમતમાં ભાગ લીધો. જૂનાગઢ રાજ્યે નોકરીમાંથી બરતરફ કર્યા. જમીન-ખોરડાં જપ્ત થયાં.

## ચૌહાણ, મેરાભાઈ કાનાભાઈ

જન્મ : 1 ઑક્ટોબર, 1917. સીદસર, જિ. ભાવનગર.

ઘોઘા, લાઠી, તળાજા, મહુવા, રાજકોટ તેમજ 1942ની જુદી જુદી લડતોમાં ભાગ લીધો. નાની-મોટી સજા થઈ. કુલ 6 માસ અને 27 દિવસની સજા ભોગવી.

## ચૌહાણ, સિદ્ધેશ્વર રામલાલ

નિવાસ : વડોદરા.

વડોદરા ભૂગર્ભપ્રવૃત્તિ. સરઘસ પર ગોળીબારમાં ઘાયલ. 17 કલાક બેભાન. 3 મહિના કારાવાસ.

# છ

## છગનભાઈ રણછોડભાઈ

માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

ખેડૂત કાર્યકર. રાવલશ્રી(રાજા)ના દમન સામે ખેડૂત પરિષદે ના-કરની લડતની જાહેરાત 25 સપ્ટેમ્બર, 1937ના રોજ કરી. ત્યાર બાદ સરકારી પ્રચારતંત્રનો સામનો કરીને ખેડૂતોની શક્તિ ટકાવવા અને વધારવા ગામડાંમાં પ્રવાસ ખેડીને તેમણે લોકોને જાગ્રત કર્યા.

## છગનલાલ નાનજી

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

1931માં ધ્રાંગધ્રા સત્યાગ્રહમાં. ધરપકડ. મીઠાના ગોડાઉનમાં જેલવાસ.

## છતવાણી, રેવાચંદ બુલચંદ

વતન : સિંધ. હાલ : બીલીમોરા.

આઝાદીની લડતમાં ભાગ. 1930માં દારૂની દુકાનો પર પિકેટિંગ. સભા-સરઘસો યોજવાં, પ્રભાતફેરી કાઢવી વગેરે કાર્યક્રમો કર્યા. પિકેટિંગ કરતાં ધરપકડ. કાચી જેલમાં અઠવાડિયું. દેશના વિભાજન વખતે મિલકતો ગુમાવીને ભારત નાસી આવ્યા.

બીલીમોરામાં શિક્ષક. 1973માં નિવૃત્ત. દેશદાઝથી જાહેર કાર્યો.

## છત્રા, ભગવાનજી દેવચંદ

જન્મ : 1919. રાજકોટ.

1938માં રાજકોટની લડતમાં ભાગ લીધો. 3 માસની સજા થઈ. 300 રૂ. દંડ થયો. દંડ ન ભરવાથી 4 માસની સજા ભોગવી.

અવસાન : 8 સપ્ટેમ્બર 1956.

## છનાભાઈ નારણજી

બારડોલી.

1921-22માં ગાંધીજીના નિવાસની (ખાદીનગર) મઢૂલીના ચોકીદાર. નાગપુર ઝંડા સત્યાગ્રહમાં જોડાઈ સજા ભોગવી. 1928માં બારડોલીમાં મહેસૂલ-વધારો થવાથી સત્યાગ્રહ કરી હિજરત કરી. સરકારે તેમનું ઘર સળગાવી દીધું. 1930માં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 2 વખત જેલ. 1942માં ભાંગફોડ-પ્રવૃત્તિમાં ભાગ લીધો.

## છનાભાઈ ભાણાભાઈ

જન્મ : પુના, તા. મહુવા, જિ. સૂરત.

1942માં પીઠાંમાંના દારૂનો નાશ કરવાની તથા તાડ-ખજૂરાંનાં ઘડિયાં ફોલવાની પ્રવૃત્તિમાં ભાગ લીધો. નવસારીની (વડોદરા રાજ્ય) સબજેલમાં અટકાયત. પ્રજામંડળે વહીવટ લીધો પછી છોડી મૂક્યા.

## છાયા, નિરંજન દિલસુખરાય

મુંબઈ.

1942માં મુંબઈમાં કિશોરવયમાં પ્રભાતફેરી અને સરઘસમાં ભાગ લેતા ત્યારે 5-7 વખત લાઠીનો પ્રસાદ મળ્યો હતો. રાષ્ટ્રીય સેવાદળમાં 7 વર્ષ કામ કર્યું હતું. નિયમિત કાંતણ કરતા. ફંડફાળા માટે માઈલો સુધી ફરતા.

## છાયા, પ્રતાપરાય તુળજાપ્રસાદ

જન્મ : 7 ફેબ્રુઆરી, 1907. જૂનાગઢ.

1930માં દાંડીકૂચમાં ટપાલીનું કામ કર્યું. અમદાવાદમાં કૉલેજમાં પિકેટિંગ કરતાં પકડાયા. 6 માસની જેલ થઈ. 1932માં પુનઃ પકડાયા. એક વર્ષની જેલ ભોગવી. 1942ની લડતમાં પોરબંદરમાં 3 માસ અટકાયતમાં રાખવામાં આવેલ.

## છાયા, ભુજંગીલાલ કાંતિલાલ

જન્મ : 6 મે, 1912, પોરબંદર.

1931-32ની સવિનય કાનૂનભંગની ચળવળમાં અમદાવાદથી પકડાયા. સાબરમતી જેલમાં 4 માસની સજા ભોગવી. 1942ની લડતમાં ભૂગર્ભ પ્રવૃત્તિમાં ભાગ લીધો.

અવસાન : 21 જુલાઈ, 1983.

## છાંટબાર, નંદલાલ ગોરધનદાસ

જન્મ : 30 સપ્ટેમ્બર, 1927. પાલિતાણા, જિ. ભાવનગર.

રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેવા બદલ ઘર છોડવું પડ્યું. ભાવનગર પ્રજા પરિષદમાં. સભા-સરઘસ- પિકેટિંગમાં સક્રિય. 1955માં જશવંત મહેતા સાથે દીવ-સત્યાગ્રહમાં. લાઠીચાર્જમાં માથું ફાટી જવાથી બેભાન અવસ્થામાં. રાજ્ય વાહનવ્યવહાર ખાતામાં કાર્ય.

## છાંટબાર, બચુભાઈ વશરામભાઈ

અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે અમરેલીમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયેલા. શાળાના મકાનને આગ ચાંપવાના આરોપસર ધરપકડ થઈ. થોડો સમય અટકમાં રાખ્યા.

## છીપુભાઈ રામજી

જન્મ : 1904. વતન : બીલીમોરા, જિ. વલસાડ.

1930ની સવિનય કાનૂનભંગની લડત વખતે સ્વરાજ મળે નહીં ત્યાં સુધી ઘેર પાછા ન આવવાના સંકલ્પ સાથે ઘેરથી વિદાય. ધરાસણાના મીઠાના અગરો પર ધાડ પાડવા ટુકડીમાં જોડાયા. તે કાર્યક્રમ બંધ રાખવાથી લડતના પ્રચાર વાસ્તે ચીખલી, નવસારી વિભાગનાં ગામોમાં પ્રવાસ. તે પછી ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં પ્રચાર કર્યો. ત્યાં પ્રભાતફેરી, ખાદીપ્રચાર, અસ્પૃશ્યતા-નિવારણ વગેરે પ્રવૃત્તિ કરી.

છેલ્લે મુંબઈ જઈ ખાનગી ધંધો.

## છીંકણીવાળા, ગોવિંદલાલ ભોગીલાલ

જન્મ : 1920. અમદાવાદ.

અભ્યાસ : મૅટ્રિક સુધી. વેપારી. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે ધંધો છોડી લડતમાં ભાગ લીધો. ધરપકડ અને 9 માસ સુધી અટકાયત.

## છીંકણીવાળા, મણિભાઈ પરસોત્તમ

સાવલી, જિ. વડોદરા.

1942ની લડતમાં સરઘસમાં સામેલ થતાં સરઘસ ઉપર લાઠીચાર્જ થયો અને અનેક જણ ઘાયલ થયા. તેમના ઉપર ઘોડા દોડાવવામાં આવ્યા. ધરપકડ થઈ અને 6 માસની સજા કરવામાં આવી.

## છોટાભાઈ કલ્યાણભાઈ

નિવાસ : કાકરખાડ, નડિયાદ, જિ. ખેડા.

1919 : રૉલેટ ધારા વિરોધી ચળવળથી પ્રવેશ. 1923ના નાગપુર ધ્વજ-સત્યાગ્રહમાં સક્રિય. 1930 : મહાસભા માટે નિધિ એકત્ર કરવાની સેવા. 6 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. પત્રિકા મુદ્રણ પ્રકાશન, વિતરણ. ભાઈ પણ કાર્યકર. દંડ ના ભરાતાં ઘરવખરી જપ્ત.

## છોટાભાઈ ઢેડાભાઈ

મોટી કરોડ, વલસાડ.

1930ની લડતમાં ભાગ લીધો. સભા-સરઘસોમાં જોડાયા. દારૂ-તાડીનાં પીઠાં ઉપર પિકેટિંગમાં ભાગ લીધો. તેમ કરતાં ધરપકડ થઈ. જેલવાસ ભોગવ્યો.

## છોટાભાઈ પૂંજાભાઈ

પાણશીણા, તા. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડી પ્રજામંડળના સક્રિય કાર્યકર. 8-2-1939ના રોજ રાજ્યાશ્રિત ગુંડા ટોળકીએ તેમના કુટુંબના સભ્યોને ખૂબ મારપીટ કરી. પત્નીના પગનાં કડલાં કાઢવા પગ કાપવાનો પ્રયાસ. લીંબડીથી હિજરત કરી.

## છોટાભાઈ ફૂલાભાઈ

પણસોરા, જિ. આણંદ.

ગામના આગેવાન તથા હોમરૂલ લીગના કાર્યકર. ફૂલાભાઈના પુત્ર છોટાભાઈ કૉલેજનો અભ્યાસ છોડીને પણસોરા આવ્યા અને તેમણે પણ લીગનું પ્રચારકાર્ય જોરશોરથી ઉપાડી લીધું હતું.

## છોટાભાઈ ભીમભાઈ

વલસાડ.

હોમરૂલ લીગની વલસાડ શાખાના મંત્રી. લીગના સભ્યો નોંધતા, પત્રિકાઓ વહેંચતા, હોમરૂલનો પ્રચાર કરવા સભાઓ યોજતા તથા ભાષણો

કરતા.

## છોટાભાઈ મોતીભાઈ

ગામ કારેલી, ભરૂચ.

1930માં 'ના-કર'ની લડતમાં ભાગ લીધો. જમીન-મહેસૂલ ભર્યું નહિ. મીઠાનો સત્યાગ્રહ કર્યો. ધરાસણા જઈ મીઠું લૂંટવામાં ભાગ લીધો. પત્રિકા વહેંચવાનું કામ કર્યું. જંગલ-સત્યાગ્રહમાં ભાગ લીધો. પિકેટિંગ કરતાં પકડાયા. સજા ભોગવી. જમીન-જાગીર બધું ગયું.

છોટાલાલ તેજપાલ

રાજકોટ.

અસહકારની ચળવળમાં 1920-22માં ભાગ લીધો. રાજકોટના ખાદીપ્રેમી અને સ્વાતંત્ર્ય-સૈનિક. તેમણે ગજવામાં સમાઈ શકે તેવો નાજુક રેંટિયો બનાવ્યો હતો; જે કલાકે અડધો ઔંસ સૂતર કાંતી શકતો હતો.

## છોટાલાલ પુંજાભાઈ

પાણશીણા, લીંબડી (દેશી રાજ્ય).

લીંબડી દેશી રાજ્યમાં સ્થપાયેલ પ્રજામંડળના મંત્રી. રાજ્ય તરફી માણસો 5 ફેબ્રુઆરી, 1939ની રાત્રે એકાએક ખટારામાં આવ્યા. તેમના ઘર પર હુમલો કર્યો અને ઘરમાંથી માલમિલકત લૂંટીને ઉપાડી ગયા અને મંત્રી છોટાલાલને માર મારવામાં આવ્યો.

## છોટાલાલ ભૂરાભાઈ

જન્મ : 1917. વાંકાનેર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં હિન્દ સંરક્ષણ ધારા હેઠળ ધરપકડ કરવામાં આવી. ત્રણ માસની કેદની સજા ભોગવી.

## છોટુભાઈ કાળીદાસ

નડિયાદ, જિ. ખેડા.

છોટુભાઈએ 1931-32થી આઝાદીની લડતોમાં ભાગ લીધો. 1942ની લડત વખતે સત્યાગ્રહ અને ભૂગર્ભપ્રવૃત્તિ કરી હતી. સભા-સરઘસોમાં ભાગ લીધો. તેમની ધરપકડ થઈ અને જેલવાસ ભોગવ્યો.

# જ

## જડાવબહેન મોતીભાઈ

આંકલાવ. ઉંમર : 14.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના પ્રહારોથી બરડામાં ઈજા થઈ હતી.

## જમના

ઇટાદરા, માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

1938 : માણસાના જમીન-મહેસૂલના સત્યાગ્રહ દરમિયાન મનોરભાઈ જીવાભાઈ પટેલના ખેતરમાંથી ઘઉં લૂંટવા પોલીસ આવી. નગારું વગાડતાં 25 જેટલી સ્ત્રીઓ ભેગી થઈ. પોલીસોએ ખળામાં કામ કરતી સ્ત્રીઓ પર હુમલો કર્યો. તેમાં ખળામાં કામ કરતી જમનાને પોલીસે સંગીનથી ઘાયલ કરી.

## જમનાદાસ જીવણરામ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. છ મહિનાની જેલની સજા ભોગવી.

## જમનાદાસ ડાહ્યાભાઈ

કડોદ, જિ. સૂરત.

1928ના બારડોલી સત્યાગ્રહની ના-કરની

લડતમાં મહેસૂલ નહીં ભરવાથી જમીન ખાલસા કરવાની નોટિસ. દરબાર ગોપાળદાસ દેસાઈની છાવણીમાં સ્વયંસેવક. 1930ની ચળવળમાં પિકેટિંગ કરતાં માર ખાધો, ધરપકડ. બારડોલી જેલમાં 22 દિવસ રાખ્યા બાદ 6 સપ્તાહની કેદ અને રૂ. 100/- દંડની સજા. જુલમ કરીને દંડ વસૂલ કર્યો. એમનાં વયોવૃદ્ધ દાદીમાને ઘરમાં ગોંધીને બારણે સીલ માર્યાં. 1942માં લડતમાં ભાગ લેનારાને પોતાને ઘરે આશ્રય આપતા.

## જમનાદાસ દ્વારકાદાસ

મુંબઈ.

મુંબઈમાં એની બેસંટની હોમરૂલ લીગની શાખાના પ્રમુખ. વેપારીઓમાં સારી લાગવગ ધરાવતા. સારા વક્તા હતા. સારા નેતાનાં ઘણા ગુણો અને લક્ષણો ધરાવતા હતા. તેઓ ભૂલાભાઈ દેસાઈ, ચંદ્રશંકર પંડ્યા, ક. મા. મુનશી, વિભાકર, મનસુખલાલ માસ્તર વગેરે સાથે ગુજરાતની પ્રજાને દેશની રાષ્ટ્રીય ચળવળની માહિતી આપવા ગુજરાતના જિલ્લાનાં ગામોમાં સભાઓ યોજી, હોમરૂલનો પ્રચાર કરતા.

## જમનાબહેન ગોવિંદજી

વતન : પોરબંદર.

વેપારઅર્થે પિતાનો વસવાટ મુંબઈ. જમનાબહેન ગાંધીજીની પ્રવૃત્તિઓમાં સક્રિય. રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લઈ કારાવાસ વેઠ્યો. સ્વદેશીનાં વ્રતધારી. સારાં વક્તા. મહિલા આગેવાન. મહિલા સંગઠનમાં સક્રિય.

## જમાલ, નૂરમહમદ મુલ્લા

જન્મ : 5 જૂન, 1909. ટીંબી, જિ. ભાવનગર.

1928માં બારડોલી સત્યાગ્રહમાં સ્વયંસેવક તરીકે સેવા આપી હતી. સૌરાષ્ટ્રની અનેક લડતોમાં ભાગ લઈ તેમણે જેલની સજાઓ ભોગવી હતી. 1942ની 'હિન્દ છોડો' લડતમાં વડોદરામાં એક સરઘસમાં જોડાયા. તે સરઘસ ઉપર પોલીસે ગોળીબાર કરતાં તેમને પણ ગોળી વાગી અને ગંભીર ઈજા થઈ હતી. ત્યાર બાદ કૉંગ્રેસના કાર્યકર અને વર્તમાનપત્રોના પ્રતિનિધિ હતા.

## જયવતીબહેન

બારડોલી.

1930ની ચળવળ દરમિયાન ઓલપાડની છાવણીમાં મુકામ રાખી, ગંગાબહેન અને હમીદાબહેન તૈયબજીનાં નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ દારૂતાડીનાં પીઠાંઓ પર પિકેટિંગ કરવા જતાં હતાં.

## જયંતીલાલ

1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. 8મી મે, ગુરુવારના રોજ બિનજકાતી મીઠું લઈને મણિભાઈ વાઘજીભાઈ પટેલની સરદારી નીચે નીકળ્યા. કાઠિયાવાડ મેલમાં વિરમગામ સ્ટેશને ઊતર્યા. પોલીસોએ ટુકડીને ઘેરી લીધી. સત્યાગ્રહીઓને ત્રણ-ચાર કલાક તડકામાં ઊભા રાખ્યા. કેટલાક ખૂબ તરસ્યા હોવા છતાં પાણી પીવા જવા ન દીધા. તરસથી પીડાતા સત્યાગ્રહી સૈનિક જયંતીલાલ પાણી વગર તરફડીને બેભાન થઈ ગયા.

## જયંતીલાલ

ઓલપાડ, જિ. સૂરત.

આ બ્રાહ્મણ યુવાન વર્ષોથી દારૂતાડી પીતા હતા. છાવણીનાં બહેનો ગંગાબહેન ઝવેરી, જયમતી મુનશી, કુ. રોહિણી ક. દેસાઈ વગેરેએ તેમને સમજાવવાથી વ્યસન છોડી દીધું અને પિકેટિંગમાં ભાગ લેવા માંડ્યો હતો.

## જયંતીલાલ અમૃતલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. ત્રણ માસની જેલની સજા ભોગવી.

## જયંતીલાલ અંબાલાલ (જયંતી સુબોધ)

જન્મ : 1922. અમદાવાદ.

1940માં મિલની નોકરી સ્વીકારી હતી. શહેર-સૂબા જયંતી ઠાકોરની પ્રેરણાથી નોકરી છોડી. 1942માં 28 તરુણોની આગેવાની લઈ વિરમગામમાં 3 માસ સુધી જાનના જોખમે લડત આપી. અમદાવાદ આવી વિદ્યાર્થી સરઘસની આગેવાની લેતાં ખાડિયામાંથી પકડાયા. વીજળીનાં સબસ્ટેશનો ઉડાવી દેવાના કાવતરામાં સામેલ. 6 માસની સજા ભોગવી.

## જયંતીલાલ ગિરધરલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેવાથી ધરપકડ કરવામાં આવી. જેલની ટૂંકી સજા ભોગવ્યા બાદ મુક્ત કરવામાં આવ્યા.

## જયંતીલાલ ગોપાળજી

રાજકોટ.-

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. રાજકોટ ખાતે જેલમાં આઠ માસની સજા ભોગવી.

## જયંતીલાલ ન્યાલચંદ

જન્મ : 1922 આશરે. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. હિન્દ સંરક્ષણ ધારા હેઠળ ધરપકડ થઈ. રાજકોટ સેન્ટ્રલ જેલમાં ચાર માસ કેદની સજા ભોગવી.

## જયંતીલાલ બાલાભાઈ

દાહોદ.

1932ની ચળવળ દરમિયાન 27 જૂન, 1923ના રોજ માણેકલાલ ગાંધીના પ્રમુખપદે ભરાયેલી પંચમહાલ જિલ્લા પરિષદમાં ડેલિગેટ તરીકે ભાગ લેવા માટે ધરપકડ. 6 માસની કેદની સજા.

## જયંતીલાલ સુખલાલ

જન્મ : 1924 આશરે. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં હિન્દ સંરક્ષણ ધારા હેઠળ પકડાયા. રાજકોટ સેન્ટ્રલ જેલમાં 4 માસ જેલવાસ.

## જરીવાળા, મણિબહેન ખુશાલભાઈ

સૂરત.

1930ની લડતમાં સૂરતના કિલ્લા આગળ મદ્યપાન-નિષેધ અંગે પિકેટિંગમાં ભાગ લીધો. ગામડામાં કાંતવાનું શીખવતાં. જાહેર ભાષણ કરતાં ધરપકડ. 6 મહિનાની કેદની સજા. હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવિકાઓની ભરતી તથા કાર્યાલયનું સંચાલન.

## જરીવાળા, હરકિશનદાસ દયારામ (દાસભાઈ)

જન્મ : 1888. સૂરત. જરીનો ધંધો.

1930માં કૉંગ્રેસમાં દાખલ થયા. ધરાસણાની છાવણીમાં રહીને તેમણે હિસાબી કામ કર્યું. લડતના સમાચારોનું બોર્ડ મહીધરપરામાંથી ઉડાવી દેવાતાં પોતાના ઘર પર લટકાવ્યું. કૂરજામાં લઈ જઈને બોર્ડ ઉઠાવવા કહેતાં ઇનકાર કર્યો. કૉંગ્રેસ માટે નાણાં એકત્રિત કરવાનું અને તે સ્વયંસેવકોને પણ પહોંચાડવાનું કામ કરતા. પીઠાં પર પિકેટિંગ ગોઠવવામાં એમની જ્ઞાતિની 80 બહેનોને તૈયાર કરી. લડત દરમિયાન પકડાયા. છોડી દેવામાં આવ્યા. ફરીથી પકડીને 1 વર્ષની સજા અને રૂ. 1,000 દંડ. વિસાપુરમાં જેલ ભોગવી હતી. જેલમાંથી છૂટીને હજીરામાં કાંતણવણાટ કેન્દ્ર ચાલુ કર્યું.

હોદ્દાની અપેક્ષા વગર નિઃસ્વાર્થ સેવા.

## જરીવાળા હસમુખલાલ

વાપી.

1930ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ લીધો. ધરાસણાના મીઠાના અગરો લૂંટવા માટે હજારો સ્વયંસેવકો આવતા હોવાથી તેઓ માટે વાપીમાં પણ છાવણી હતી. તેઓ વાપીની છાવણીના નાયક તરીકે સત્યાગ્રહીઓની બધી વ્યવસ્થા કરતા હતા. તેમની ધરપકડ કરીને પાંચ મહિનાની કેદની સજા કરવામાં આવી હતી.

## જર્મનવાળા, મગનલાલ તાપીદાસ

જન્મ : 1922. સૂરતમાં.

1942ની લડતમાં 20 વર્ષની ઉંમરે જોડાયા. 15મી સપ્ટેમ્બર મહાદેવભાઈની પ્રથમ માસિક તિથિ અંગેની પ્રભાતફેરીમાંથી પકડીને 6 માસની સજા. 1944માં ચીમૂર-આષ્ટિના ક્રાંતિકારીઓને ફાંસીની સજા થઈ હતી. તે અંગેની સભામાંથી પકડીને 4 મહિનાની સજા.

## જશવંતલાલ નાનાલાલ

અમદાવાદ.

1942ની લડતમાં પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ. રાયપુર હજીરાની પોળે ઘરની ઝડતી. કૉંગ્રેસ પત્રિકા અને પોસ્ટરો પકડાયાં. જાન્યુઆરી, 1943માં ધરપકડ કરી. 6 માસની સખત કેદ અને રૂ. 200 દંડ.

## જશાભાઈ

જૂનાગઢ.

આરઝી હકૂમતમાં ભાગ લીધો. તેમની પાસેથી જૂનાગઢ રાજ્યે રાઇફલો જપ્ત કરી. રાજ્યની હદ છોડવાની મનાઈ કરવાથી છટકીને પોરબંદરની હદમાં રહેલા. પાંચ ગામના તાલુકદાર અને રાજપૂત આગેવાન હતા. બળવો કરવાની તૈયારી હતી.

## જસાણી, બેચરદાસ કાળીદાસ

જન્મ : 6 ફેબ્રુઆરી, 1882. સણોસરા.

ગાંધીજીના અનુયાયી. હરિજન સેવાકાર્યમાં અગ્રભાગ લેતા. ગાંધીજીનો ઉતારો તેમના નિવાસસ્થાને હતો. રાજકોટ સત્યાગ્રહમાં જોડાયા. બે વાર જેલવાસ વેઠ્યો. મુંબઈમાં અવસાન : 28 માર્ચ, 1962.

## જંબુસરિયા, ઓચ્છવલાલ હીરાલાલ

નિવાસ : જંબુસર, ભરૂચ.

1928 : રાજ્ય યુવાસંઘમાં. 1930 : પત્રિકા-વિતરણ. 3 મહિના કારવાસ. અધિકારીઓને અટકાવ કરતાં વધુ કારાવાસ. 1942 : આખા વર્ષ માટે અટકાયત. 1930થી મુંબઈ, સુરત, અમદાવાદ, વડોદરાનાં વર્તમાનપત્રોના વૃત્તાંતનિવેદક તરીકે કાર્ય. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિમાં સભ્ય.

## જાડેજા, છગનલાલ જેસીંગભાઈ

જન્મ : 1 જાન્યુઆરી, 1916. પાલિતાણા.

પાલિતાણા રાજ્યના અન્યાયો સામેની લડતમાં કારાવાસ(ટૂંકો). રાજકોટની લડતમાં ભાગ. ટૂંકો જેલવાસ. 'વ્યક્તિગત સત્યાગ્રહ' વખતે કાનૂનભંગ કરતાં ધરપકડ. 6 માસ જેલ. પેન્શન તથા તામ્રપત્ર એનાયત થયેલ.
અવસાન : 17 સપ્ટેમ્બર, 1976.

## જાડેજા, મેઘજીભાઈ પચાણજી

અણખી, જિ. ભરૂચ.

1942ની લડતના ભૂગર્ભ કાર્યકર્તા-લડવૈયા. વેડચ, સરભાણ વગેરે પોલીસ ચોકીઓમાંથી શસ્ત્રો લૂંટવામાં, રેલના પાટા ઉખાડવામાં ભાગ લીધો. તેમને પકડવા સરકારે ઇનામ જાહેર કરેલું. છોટુભાઈ પુરાણી, ચંદ્રશંકર ભટ્ટના માર્ગદર્શન હેઠળ ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય

રહ્યા.

## જાદવ, નટવરલાલ ભગવાનદાસ

ભરૂચ.

1930-32 : સવિનયભંગની લડતમાં સક્રિય. મીઠું પકવવું. દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ આદિ પ્રવૃત્તિઓ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. નવ મહિના કારાવાસ. મુક્તિ પછી વ્યાયામપ્રવૃત્તિ. બટુકનાથ વ્યાયામ શાળાનું સંચાલન. સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં પણ કાર્યરત.

## જાની, કમળાશંકર જેઠારામ

જન્મ : 1 ઑગસ્ટ, 1919. કરોડા, તા. સિદ્ધપુર, જિ. મહેસાણા.

1939માં મૅટ્રિક. સી. એન. બોર્ડિંગ અમદાવાદમાં સ્ટોરકીપર. રેલવે ઑડિટ ઑફિસમાં નોકરી. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં નોકરી છોડી, ચળવળમાં ભાગ લીધો. મુંબઈમાં થોડો સમય પ્રવૃત્તિ, બાદ આર્ય સંગઠન પ્રગતિમંડળ વડોદરામાં સ્થાપ્યું. ઊંઝા કાવતરા કેસના આરોપી. પાટણ હાઈસ્કૂલ સળગાવવા તથા રેલવેના પાટા ઉખાડવાના આરોપો. ધરપકડ થાય તે અગાઉ નાસભાગ. ગુપ્તવાસ. ઉત્તર ભારતમાં રખડપટ્ટી. 1944માં પોલીસની શરણાગતિ. 1946માં સરકારે કેસ પાછા ખેંચી લીધા પછી મુંબઈમાં નોકરી. 1949થી સિદ્ધપુર તાલુકામાં સેવાકાર્ય.

અવસાન : 6 નવેમ્બર, 1994.

## જાની, કાંતિલાલ ઓધવજી

રાજકોટ.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. રાજ્યના જુલમોના ભોગ બન્યા અને દુ:ખો સહન કર્યાં.

## જાની, જમનાદાસ

જાફરાબાદ, જિ. અમરેલી.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લેવાથી ધરપકડ કરવામાં આવી. જેલની સજા ભોગવી. ભારત સરકાર તરફથી પેન્શન એનાયત થયેલ છે.

## જાની, ડાહ્યાભાઈ હરગોવિંદભાઈ

વઢવાણ શહેર.

બી.એ.; મોતીભાઈ અને ફૂલચંદભાઈની પ્રબળ અસર તળે. રાષ્ટ્રીય શાળામાં ચારિત્ર્યઘડતરનું કાર્ય કર્યું. વઢવાણ પ્રજામંડળની લડતમાં ભાગ. મારપીટનો ભોગ, ધરપકડ. અટકાયત. ત્રાસ. છેલ્લે સંન્યાસ ધારણ કર્યો. જળસમાધિ લઈ દેહત્યાગ.

## જાની, દીનબંધુ લક્ષ્મણજી

જન્મ : નૌગાંવ, જિ. કોરાપેટ, ઓરિસા.

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ. 24 ઑગસ્ટ, 1942ના દિવસે પોલીસના ગોળીબારમાં ઘવાયા. તે જ દિવસે અવસાન.

## જાની, નિરંજનાબહેન

અમદાવાદ.

1942ની ચળવળમાં જમાલપુર વૉર્ડના વૉર્ડનાયક ઉદયપ્રભાબહેન મહેતા હતાં. તેમના પછીની, તે વૉર્ડની જવાબદારી નિરંજનાબહેન તથા સરોજબહેન સંભાળતાં. દેવની શેરીમાં સ્ત્રી-લત્તાનાયક હતાં. પ્રભાતફેરીઓ તથા સ્ત્રીઓનાં સરઘસોમાં જોડાતાં. ઘવાયેલાં છોકરાંઓને તાત્કાલિક સારવાર આપતાં. રાષ્ટ્રીય ગીતો ગવરાવતાં. રાષ્ટ્રીય ગરબા ગાતાં.

## જાની, પ્રભાશંકર જટાશંકર

હળવદ, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રાની લડત વખતે ભવાનીશંકર જોષીની આગેવાની હેઠળની ત્રીજી ટુકડીએ 21-12-1931ના રોજ સત્યાગ્રહ કરતાં પંદર દિવસ જેલમાં ગયા. જેલમાં કષ્ટો વેઠ્યાં. બીજી વખત સત્યાગ્રહમાં સખત માર મારીને છોડી મૂક્યા.

રાજ્યે હેરાન-પરેશાન કર્યા.

## જાની, પ્રભુલાલ કાનજી

મોરબી.

વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય રંગે રંગાયા. વિદેશી કાપડની દુકાને પિકેટિંગ. 1930-31ની મીઠાની લડતમાં વિરમગામ છાવણીમાં કામ કર્યું. જેલવાસ ભોગવ્યો. ધ્રોળ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1938માં રાજકોટની લડતમાં ભાગ લેતાં ધરપકડ. મોરબીની લડતમાં ભાગ લીધો અને મોરબી રાજ્યના દમનનો ભોગ બન્યા.

## જાની, ભાનુશંકર છોટાલાલ

જન્મ : 5 જૂન, 1909. મોરબી.

1930-31ની મીઠાની લડત વખતે મુંબઈમાં ભાગ લીધો. આઝાદ મેદાનમાં લાઠીચાર્જ થયો. તેમાં પગ ભાંગ્યો. મોરબી સત્યાગ્રહમાં ભાગ લીધો.

## જાની, રતિલાલ મોતીલાલ

જન્મ : 12 ઑગસ્ટ, 1912. હળવદ.

પ્રભાતફેરી, વિદેશી કાપડની દુકાને પિકેટિંગમાં ભાગ. 1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભૂગર્ભ-પ્રવૃત્તિમાં જોડાયા. અમદાવાદમાં ઇલેક્ટ્રિક સબ-સ્ટેશનને બૉમ્બથી ઉડાવી દેવાના પ્રકરણે પકડાયા, ધરપકડ થઈ. સાબરમતીમાં 7 માસ જેલવાસ ભોગવ્યો.

## જાની, રસિકલાલ ઠાકોરલાલ

જન્મ : આશરે 1924. અમદાવાદ.

1942ની લડત સમયે 18 વર્ષની ઉંમર, સાધારણ આર્થિક સ્થિતિ. 9 ડિસેમ્બર, 1942ના દિવસે ‘શહીદ દિન’ હોવાથી હડતાળ. સાંકડીશેરીમાંથી પોલીસો પર સખત પથ્થરમારો. પોલીસના ગોળીબારથી પાંસળીમાં ગોળી આરપાર નીકળી ગઈ. શહીદ થયા. રાષ્ટ્રધ્વજમાં લપેટેલા તેના મૃતદેહ પર લોકો દ્વારા પુષ્પવર્ષા.

## જાની, શાન્તિલાલ જીવણરામ

વલસાડમાં.

1930માં 6 મહિનાની સજા અને દંડની સજા મળીને 71 મહિનાની સજા યરવડા જેલમાં ભોગવી. 1932માં ધરપકડ. પત્રિકાની અને બીજી છૂપી પ્રવૃત્તિ. મુંબઈ પહોંચી લડતમાં જોડાયા હતા. ત્યાં 9 મહિનાની સખત સજા થઈ. જેલના ત્રાસ અને મજૂરીને કારણે તબિયત લથડી.

## જાની, સરોજબહેન

અમદાવાદ.

1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં માંડવીની પોળમાં દેવની શેરીનાં સ્ત્રી-લત્તાનાયક હતાં. સરઘસોમાં વારંવાર આગેવાની લેતાં. હડતાળને કારણે અભ્યાસ બગડે નહિ તેથી પ્રાથમિક શાળાના અભ્યાસવર્ગો ચલાવતાં. ઘવાયેલાં છોકરાંઓને તાત્કાલિક સારવાર આપતાં. રાષ્ટ્રીય ગરબા સ્ત્રીઓ ગાતી. શાળાએ જતી છોકરીઓને રોકવામાં આવતી. 1942ની ચળવળમાં મિલોની હડતાળ ખોલવાના વિરોધમાં કૉંગ્રેસ સંગ્રામ સમિતિના સૂચનથી મિલમાલિકોના બંગલે ઉપવાસ. પાંચમે દિવસે 27 નવેમ્બર, 1942ના રોજ પારણાં.

## જાની, હસુબહેન

અમદાવાદ.

1942ની ચળવળમાં હડતાળ ખોલવાના વિરોધમાં કૉંગ્રેસ સંગ્રામ સમિતિના સૂચનથી મિલમાલિકોના બંગલે ઉપવાસ. પાંચમા દિવસે 27 નવેમ્બર, 1942ના રોજ પારણાં.

## જાબલિયા, ખોડીદાસ શિવરામ

ગારિયાધાર.

રાષ્ટ્રીય લડતમાં જોડાયા. મોટા ચારોડિયાની

લડતમાં ભાગ લીધો. લાંબા સમય સુધી જેલવાસ ભોગવ્યો. કેન્દ્ર-સરકાર દ્વારા પેન્શન એનાયત થયેલ છે.

## જામાવાળા, ઈશ્વરલાલ

સૂરત.

સૂરતના વતની અને ચુસ્ત અસહકારી સ્વયંસેવક. ઈશ્વરલાલે સરળ, સસ્તો અને સગવડભર્યો રેંટિયો બનાવ્યો. જે ગાંડીવ રેંટિયા તરીકે ખૂબ ખ્યાતનામ બન્યો હતો.

## જાવાવાળા, શારદાબહેન ચંદુલાલ

મહેમદાવાદ, જિ. ખેડા.

1932 : મીઠા-સત્યાગ્રહ. કારાવાસ. અલીપુર તથા ખડગપુરના કારાગૃહોમાં. રાષ્ટ્રીય આંદોલનની વિવિધ પ્રવૃત્તિઓ : ખાદીપ્રચાર, સ્વદેશીપ્રચાર, દારૂબંધીપ્રચાર, સમાજસેવા. તામ્રપત્ર અર્પણ થયેલ છે.

## જાળિયા, દાદુભાઈ પરભાતભાઈ

કારેલી, જિ. ભરૂચ.

1930માં દાંડીકૂચ વખતે ગાંધીજી તેમના ગામમાં આવ્યા હતા અને સત્યાગ્રહ માટે સમજ આપેલી. કારેલી ગામના ભાઠામાં મીઠું પકવવાના કામમાં સાથ આપ્યો. ધરાસણાની લડતમાં સત્યાગ્રહ કર્યો. છૂપી પ્રવૃત્તિઓ કરી ધરપકડ વહોરી.

## જીબાબહેન રણછોડભાઈ

ઉંમર : 25. બોચાસણ, જિ. આણંદ.

બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના ફટકાથી પીઠ પર ઈજા થઈ હતી.

## જીબા હીરાભાઈ

ઉંમર : 16. આંકલાવ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ ઉપર પોલીસે કરેલા બેફામ લાઠીચાર્જમાં ઈજા થઈ.

## જીવકોરબહેન

સૂરત.

1930ની સવિનય કાનૂન ભંગની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર સઘન પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

પિકેટિંગ કરનારે ખાદી પહેરવી ફરજિયાત હતી.

## જીવણદાસ ગોવિંદજી

કરાડી.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. ધરાસણાના મીઠાના અગરોમાં મીઠાની લૂંટ કરવા હજારો સત્યાગ્રહીઓ આવ્યા. કરાડીની છાવણીમાં સત્યાગ્રહીઓની વ્યવસ્થા કરવા બદલ ધરપકડ કરી. તેમને એક વર્ષની કેદની સજા ફરમાવવામાં આવી હતી.

## જીવણલાલ રમણલાલ

મુંબઈ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં 10 ઑગસ્ટ, 1942ના દિવસે મુંબઈમાં કાલબાદેવી સરઘસમાં પોલીસના ગોળીબારમાં ઘવાયા – તે જ દિવસે અવસાન.

## જીવરાજાણી, કાંતિલાલ વિઠ્ઠલદાસ

અમદાવાદ.

1937-38 : ગાંધીજીના ઉપવાસ. ગામોમાં પ્રચારકાર્ય. કારાવાસ.

## જીવાબહેન લક્ષ્મીદાસ

બનેજડા, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ ‘સ્ત્રી સિતમ દિન’ ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને લાઠીના પ્રહારથી ઘૂંટણ ઉપર ઈજા થઈ હતી.

## જીવાબહેન લલ્લુભાઈ

પાળજ, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ ‘સ્ત્રી સિતમ દિન’ ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને થાપા પર ઈજા થઈ હતી.

## જીવાભાઈ પ્રેમજીભાઈ

જન્મ : ચમારડી, તા. બાબરા, જિ. અમરેલી.

1942માં રાષ્ટ્રીય ચળવળમાં ભાગ – સભા-સરઘસોમાં જોડાતા, ધરપકડ, જેલવાસ, ગુપ્ત પત્રિકા વહેંચતા. પેન્શન એનાયત થયેલ છે.

## જીવીબહેન સુરસંગ

બોજાદ્રા.

છોટુભાઈ પુરાણી, મેઘજી પચાણજી, ખોડુભા સાથે જીવસટોસટનાં કાર્યો કર્યાં. વેડચ ચોકી લૂંટવામાં, સરભાણ થાણું લૂંટવામાં, હથિયારોની હેરાફેરીમાં સાથ-સહકાર આપ્યો. ઘણી મુશ્કેલીઓ નડી. ઘર આખું હેરાન થઈ ગયું હતું.

## જેટલી, મદનલાલ સુંદરલાલ

જન્મ : 14 ડિસેમ્બર, 1908. ભરૂચ.

1930 : દાંતના દાક્તર. ધરાસણાના મીઠાના સત્યાગ્રહીઓની સેવા કરી. 1932 : સવિનયભંગ સત્યાગ્રહમાં 9 મહિના કારાવાસ, વિસાપુર. 1942 : ધરપકડ અને 8 મહિના કારાવાસ. સ્થાનિક સંસ્થાઓમાં કાર્યકર. અવસાન : 11 સપ્ટેમ્બર, 1962. વલસાડ.

## જેઠાલાલભાઈ

પાટડી.

1930 : મીઠા-સત્યાગ્રહમાં ભાગ. મીઠાના અગર પરથી પાટડી સ્ટેશને મીઠું લાવતાં પોલીસના હાથે ઢોરમાર. સખત ત્રાસ. તેથી પાટડી ગામે સખત હડતાળ.

## જેઠાલાલભાઈ કમળશીભાઈ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ. સરઘસમાંથી ધરપકડ. જેલમાં અટકાયત.

## જેઠી, લીલાવતી

કોલકાતા.

ગુજરાત સેવિકા સંઘના સભ્ય. રાષ્ટ્રીય લડતોમાં સક્રિય. 1930ની ‘સવિનય કાનૂનભંગ’ની લડતમાં ભાગ. 1932 : કોલકાતામાં ભરાયેલી એક જાહેર સભામાં હાજરી આપતાં પોલીસની ગોળીથી સખત ઘવાયાં. થોડા દિવસ પછી મૃત્યુ.

## જેરાજાણી વિઠ્ઠલદાસ

મુંબઈ.

મુંબઈના મોટા વેપારી નારણદાસ પુરુષોત્તમના ભાગીદાર. ગાંધીજીના કામ માટે નારણદાસ મોટી રકમ ભેટ આપવા માગતા હતા; પણ તે ન લેતાં ખાદીના કામ માટે જેરાજાણીને માગી લીધા અને જેરાજાણીએ ત્યારથી ખાદીના કામને જીવન અર્પણ કર્યું. એમના સંચાલન હેઠળ મુંબઈમાં ખાદીભંડાર શરૂ થયો ને ખૂબ ફૂલ્યોફાલ્યો.

## જેરામ, અમૃતબહેન હીરજી

મોરબી, જિ. રાજકોટ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાયાં. મે, 1931માં મોરબીની પરદેશી કાપડની દુકાનો પર ચાલતા પિકેટિંગમાં અમૃતબહેન સામેલ થયાં હતાં. પિકેટિંગના પરિણામે વિદેશી કાપડ સીલ થયું હતું.

## જેરામણી, લક્ષ્મીબહેન

ઉંમર - 16. બોચાસણ, જિ. આણંદ. કાર્યક્ષેત્ર : સાબરમતી આશ્રમ.

બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘર પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને છાતીમાં બંદૂકના કુંદા માર્યા, ચોટલો પકડી ધક્કા માર્યા અને ઈજાઓ કરી.

## જેરામભાઈ

કંટાળી ગામ, તા. બારડોલી.

1930ની સવિનય કાનૂનભંગની લડતમાં આગળ પડતો ભાગ લેવાને કારણે તેમની ધરપકડ કરવામાં આવી અને દંડ કરવામાં આવ્યો. તેમણે દંડ ભરવાની ના પાડતાં તેમની જમીન ખાલસા કરી દંડ વસૂલ કર્યો હતો.

## જેશંકરભાઈ ગોરધનદાસ

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદ સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં ભાગ લીધો. 6 માસની સખત કેદની સજા અને રૂ. 250 દંડ.

## જૈન, દાડમચંદ

નિવાસ : કુશલગઢ, જિ. દાહોદ.

ધગશવાળો, હિંમતવાળો યુવાન, ઓસવાલ જૈન. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સરકારના હુકમનો અનાદર કરી, સરકારી કચેરી પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. ધરપકડ. 4 માસની સજા.

## જૈન, પન્નાલાલ દાડમચંદ

દાહોદ.

1930ની ચળવળ દરમિયાન દાહોદમાં પીઠાં પર પિકેટિંગ કરતાં પોલીસે ધરપકડ કરી. કેસ ચલાવી 2 માસની કેદની સજા થઈ. જાન્યુઆરી, 1932માં દાહોદમાં વિશાળ સરઘસ. પોલીસે તેના પર સખત સોટીમાર કર્યો. પન્નાલાલની ધરપકડ. પાંચ માસની કેદ અને રૂ. 60 દંડ. દંડ ન ભરે તો 11 માસની કેદ વધુ. સાબરમતી જેલમાં સજા ભોગવી.

## જૈન, પરમેષ્ઠીદાસ પંડિત

જન્મ : ઝાંસી જિલ્લામાં, મધ્ય પ્રદેશ.

રાષ્ટ્રભાષાના પ્રચારકાર્ય અંગે સૂરતમાં નિવાસ. શહેરના પ્રશ્નોમાં રસ. 1942ની લોકક્રાંતિ વખતે સરઘસમાંથી ધરપકડ. પત્ની કમળાબહેન જૈન પણ જેલમાં ગયેલાં.

## જોખાકર, ચન્દ્રશંકર કાશીરામ

જન્મ : 15 ઑગસ્ટ, 1911. માંડવી, જિ. સૂરત.

મૅટ્રિક પાસ. બારડોલી સત્યાગ્રહથી રાષ્ટ્રવાદી. 1930થી આઝાદીની લડતોમાં જોડાઈ– ખાદીકામથી શરૂઆત, સેવાદળની તાલીમ લીધી (1931), 1932 : સૂરતના કૉંગ્રેસ હાઉસમાં ચળવળ અંગેનું કાર્ય. સૂરતમાં ભાગળ પર પિકેટિંગ, 6 માસની સખત કેદની સજા. 1934થી 1940 સુધી કૉંગ્રેસની કામગીરી. 1938 : હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ કરી, 4 માસની કેદની સજા ભોગવી. 1942ની ચળવળમાં સૂરતમાં સરઘસમાંથી ધરપકડ અને 1 વર્ષની સજા. દેશસેવા ખાતર આજીવન બ્રહ્મચારી.

## જોખાકર, હસમુખરાય હિંમતરામ

જન્મ : 12 જાન્યુઆરી, 1906. માંડવી, જિ. સૂરત.

1929માં નોકરી છોડીને સાબરમતી આશ્રમમાં જોડાયા. 1930માં પકડાયા અને 6 મહિનાની જેલ થઈ. દાંડીકૂચમાં ગાંધીજીના 81 સૈનિકોમાંના તેઓ એક હતા. દાંડીકૂચ વખતે પણ તેઓ જેલમાં ગયા. 1932-36 સુધી નાંદેડ(હૈદરાબાદ)માં ખાદી કાર્યાલયની સ્થાપના અને સંચાલન. 1936-44 સુધી મહારાષ્ટ્ર ચરખા સંઘનું સંચાલન. 1942માં હૈદરાબાદથી ધરપકડ. જબલપુરની જેલમાં કારાવાસ ભોગવ્યો. 1944-48 સુધી સેવાગ્રામના ખાદી વિદ્યાલયમાં. 1948-51 : મુંબઈ સરકારની નિરા યોજનામાં કામ કર્યું હતું.

## જોશી, અમૃતલાલ ચુનીલાલ

જંબુસર, જિ. ભરૂચ.

જ. 15 જાન્યુઆરી, 1933. પીપળાવ, ખેડામાં ગુજરાતના સરમુખત્યારોની પરિષદ. પ્રતિનિધિ. લાઠીમાર. 2 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ.

## જોશી, ઈશ્વરપ્રસાદ

જન્મ : 1905. સૂરત.

'હિન્દુ' સાપ્તાહિક તથા મુંબઈનાં વર્તમાનપત્રોમાં સ્વાતંત્ર્યસંગ્રામના સમર્થક લેખો લખ્યા. 1 વર્ષ માટે લખવા-ભાષણ કરવા પર પ્રતિબંધ. પ્રતિબંધ ભંગ માટે 1 વર્ષ કારાવાસ. સૂરત પત્રિકા પ્રકાશન.

## જોશી, ઉમાશંકર જેઠાલાલ

જન્મ : 21 જુલાઈ, 1911. કાર્યક્ષેત્ર : અમદાવાદ.

ગુજરાતના મૂર્ધન્ય કવિ. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ. 1930-32ની ચળવળમાં ભાગ લીધો. જેલમાં ગયા હતા. 1942ની ચળવળમાં વાસુદેવ ભટ્ટ અને શિવકુમાર જોશી દ્વારા અમદાવાદમાં કૉંગ્રેસ પત્રિકા લખવાની જવાબદારી તેમના ઉપર આવી. મહિનાઓ સુધી પત્રિકાઓ લખી. તેમાં નાનાં પ્રાસંગિક કાવ્યો લખેલાં. લડત વિશે ત્યારે ગીતો પણ લખ્યાં અને 'કવિ જોરસંગ' નામથી તે પ્રગટ કર્યાં. 'મજૂરોનો રાસ' અમદાવાદની મિલોની હડતાળ વિશે 80 પંક્તિમાં રચીને પ્રગટ કર્યો. અવસાન : 19 ડિસેમ્બર, 1988. અમદાવાદ.

## જોશી, ઉમિયાશંકર લધારામ

જન્મ : 7 ઑગસ્ટ, 1912. રાજકોટ.

અભ્યાસ : મૅટ્રિક, કોવિદ.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ. છ માસની કેદની સજા ભોગવી. તે પછી શિક્ષક. નિવૃત્ત.

## જોશી, કરુણાશંકર બી.

કેશોદ.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. જૂનાગઢ રાજ્યના જુલમો સહન કર્યા. પેન્શન એનાયત થયેલ છે.

## જોશી, કેવળરામ ભીમજીભાઈ

વઢવાણ.

વઢવાણના દીવાન ભીમજીભાઈના પુત્ર કેવળરામ પણ એપ્રિલ, 1930માં વિરમગામ સત્યાગ્રહમાં જોડાયા; અને કૅમ્પની છાવણીનું સંચાલન કરવા લાગ્યા. પોલીસો તરફથી થતા જુલમોની વાત સાંભળીને લડતમાં જોડાવા પ્રેરાયા હતા.

## જોશી, કેશવલાલ મગનલાલ

જન્મ : 8 સપ્ટેમ્બર, 1909. રતનપુરા, જિ. ખેડા.

મૅટ્રિક. 1930થી કૉંગ્રેસના કાર્યકર. 1942માં છોટુભાઈ અને ઈશ્વરભાઈ પટેલ સાથે રહીને ભૂગર્ભપ્રવૃત્તિ. ટેલિફોનના તાર કાપવા, પત્રિકા વહેંચવી, ભાંગફોડની પ્રવૃત્તિ, દારૂબંધીના પ્રચારમાં ભારે દિલચસ્પી.

## જોશી, ગટોરભાઈ છગનલાલ

જન્મ : નવેમ્બર, 1910. મહેમદાવાદ, જિ. ખેડા.

અભ્યાસ : અંગ્રેજી સાત ધોરણ. 1930 : મીઠા-સત્યાગ્રહ વખતે લસુંદ્રા, ધરાસણામાં સક્રિય. દારૂના પીઠા પર પિકેટિંગ કરતાં 5 અઠવાડિયાંની જેલ. ખાદી-પહેરવેશના વ્રતધારી. સામાજિક કાર્યકર્તા.

## જોશી, ગિજુભાઈ જેસંગભાઈ

જન્મ : 14 ડિસેમ્બર, 1923. ભાવનગર.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. 3 વાર ધરપકડ. છેલ્લે કારાવાસ, 1 મહિનો અને રૂ. 1,000 દંડ. મુક્તિ પછી પુનઃ પત્રિકાવિતરણ.

## જોશી, ગિરજાશંકર જેશંકર

જન્મ : 14 ડિસેમ્બર, 1923. ભાવનગર.

બી.એ. વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ. 1942 : 'હિન્દ છોડો' લડતમાં ભાવનગરમાં ત્રણ વાર સત્યાગ્રહ કરતાં પકડાયા. 1 માસની સજા અને રૂ. 3,000 દંડ. ભાવનગર જિલ્લાની લોકસેવાની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય. રાજકીય ક્ષેત્રે સક્રિય. પેન્શન કે તામ્રપત્ર માગ્યું નથી.

## જોશી, ચંદ્રકાન્ત ત્રિભુવનભાઈ

નાંદરખા, ભરૂચ. મૂળ ગામ : રાજપીપળા.

વ્યવસાય : નોકરી, દાહોદ.

દાહોદમાં સત્યાગ્રહ-પ્રવેશ. પ્રભાતફેરી, દારૂનાં પીઠાં પર પિકેટિંગ. પત્રિકામુદ્રણ અને વિતરણ. કારાવાસ. 1930 : મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ. લાઠીમાર વેઠ્યો.

## જોશી, ચિમનલાલ રેવાશંકર

સૂરત.

સૂરતના 'હિન્દુ' સાપ્તાહિકના તંત્રી. બ્રિટિશ શાસનની ઝાટકણી. સ્વાતંત્ર્યસંગ્રામને સમર્થન. 2 વાર કારાવાસ. ભારે દંડ. દંડ ના ભરાતાં છાપખાનાની સામગ્રી વેચાઈ. સત્યાગ્રહ-પત્રિકાઓ જપ્ત. 1930-32 : લડતને પ્રબળ સમર્થન. ગાંધીજીથી પ્રભાવિત.

## જોશી, ચીમનલાલ નારણજી

જોરાવરનગર, જિ. સુરેન્દ્રનગર

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ વહોરી. છ માસની કેદની સજા ભોગવી. સરકાર તરફથી પેન્શન મળે છે.

## જોશી, ચુનીલાલ છોટાલાલ (ચુનીલાલ મહારાજ)

જન્મ : 31 જુલાઈ, 1923. ભંડારિયા, જિ. ભાવનગર.

મૅટ્રિક. મુંબઈમાં અભ્યાસ. 1942ની 'હિન્દ છોડો' ભૂગર્ભપ્રવૃત્તિ. સુભાષચંદ્ર બોઝ સાધુવેશે તેમને ત્યાં ત્રણ દિવસ રહ્યા હોવાના શક ઉપરથી મુંબઈની પોલીસે તેમના ઉપર ભારે અત્યાચારો ગુજાર્યા. લાંબા સમયની સજા. ભીલસેવા મંડળમાં આદિવાસીઓની સેવા. કચ્છની સરહદના વિસ્તારોમાં પછાતવર્ગોની સેવા. મધ્યપ્રદેશ અને ગુજરાતની સરહદે આવેલા 'ઝાબુઆ' જિલ્લાના 'કઠીવાડા' ગામે શ્રી રાજેન્દ્ર આશ્રમમાં આજીવન સેવા. પછાત વિસ્તારોમાં આદિવાસીઓની સેવા કષ્ટો વેઠીને કરી. તેમના જીવન વિશેની નવલકથા 'ગાંઠ છોડ્યાની વેળા' વર્ષાબહેન અડાલજાએ લખેલ છે. જીવનભર સેવાયજ્ઞ.

અવસાન : 13 ઑગસ્ટ, 1986.

## જોશી, જગન્નાથ અંબાલાલ

ડાકોર, ખેડા.

1932માં આંદોલનપ્રવેશ. પત્રિકાવિતરણ. વિદેશી માલની દુકાનો પર પિકેટિંગ. સભાસરઘસમાં જોડાતાં પોલીસનો ગોળીબાર. 3 મહિના કારાવાસ. ગામનાં કામોમાં ઉત્સાહ.

## જોશી, જગન્નાથભાઈ કલ્યાણજી

જન્મ : 10 જૂન, 1892. રાજકોટ.

મૅટ્રિક. 1930માં દારૂ તેમજ વિદેશી કાપડની દુકાનો પરના પિકેટિંગમાં જોડાયા. ધરાસણા ખાતે
મીઠાના કાયદાભંગ. 18 માસની જેલ. રચનાત્મક કાર્યકર.
અવસાન : 25 ડિસેમ્બર, 1972.

## જોશી, જિતેન્દ્ર પ્રાણશંકર

જન્મ : આશરે 1920. ભાવનગર.

લડતના સાથીદારો 'કાંતિલાલ જોશી'ના નામથી ઓળખતા. ભાવનગરમાં બી.એ. સુધીનો અભ્યાસ. 1942ની લડત દરમિયાન અભ્યાસ. સભા-સરઘસોમાં ભાગ. બે વખત ધરપકડ, ધમકી આપીને મુક્ત. ગણદેવી જઈને દિવસે સભા-સરઘસો, લડતનો પ્રચાર, પિકેટિંગ વગેરે કાર્યક્રમો અને રાત્રે સરકારી ચોરા બાળવા, ટપાલ અને રેલવેમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ. 3 જાન્યુઆરી, 1943ની રાત્રે સાથીદારો સહિત ધરપકડ. નવસારી બજારની પોલીસચોકીમાં 14 દિવસ લોક-અપમાં ગુનો કબૂલ કરાવવા દમન. ગુનો કબૂલ્યો નહિ. નવસારી સબજેલમાં છ માસ. સૂરતની સબજેલમાંથી ત્રણેક મહિને જલાલપોર લઈ ગયા. ત્યાં કેસ ચલાવી 6 માસની સખત કેદની સજા. તે સજા સાબરમતી જેલમાં ભોગવી. ત્યાર બાદ બી.એ. થયા. હરિજનસેવા, વિદ્યાર્થીસંગઠનની પ્રવૃત્તિ. એલએલ.બી. થઈ વકીલાત. 1960 પછી અમદાવાદની હાઈકોર્ટમાં વકીલાત.

## જોશી, ઝીણાભાઈ પી.

ઓલપાડ, જિ. સૂરત. કાર્યક્ષેત્ર : મુંબઈ.

મુંબઈથી તમામ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં સક્રિય. 1930, 1932, 1940 અને 1942ની રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની ચળવળોમાં ભાગ લઈને ચાર વખત જેલમાં ગયા. વ્યવસાય : વેપાર. 1945માં 63 વર્ષની વયે મુંબઈમાં અવસાન.

## જોશી, દેવેન્દ્ર શંકરલાલ

વડોદરા. કાર્યક્ષેત્ર : ખાડિયા, અમદાવાદ.

1932-33 : અભ્યાસકાળથી જ પત્રિકા-વિતરણ. ધરપકડ. ઘરની જડતી. દારૂપીઠાં પર પિકેટિંગ. રેલવેમાં ટિકિટ કલેક્ટર. છતાં 1942 : ભૂગર્ભ કાર્યકરોને આશરો આપ્યો.

## જોશી, નર્મદાશંકર લક્ષ્મીશંકર

મોટા આંકડિયા, જિ. અમરેલી.

1932થી 1938 સુધી મુંબઈમાં સ્વયંસેવક તરીકે સેવા. આથી 1939થી '42 સુધી નેતાજીના ભૂગર્ભ સૈનિકોમાં સાથ-સહકાર આપી આંદોલન કર્યું. નાશિક નજીક તાર કાપતાં પકડાયા. એક વર્ષની સજા થઈ. 1939માં સૈનિકોની ટ્રેન ઉડાડવાના આરોપસર ધરપકડ થઈ. પુણેની જેલમાં 6 માસ સજા ભોગવી. બોરીબંદર જનરલ પોસ્ટઑફિસની લૂંટમાં પોલીસ સાથેની ઝપાઝપીમાં ગોળીઓ ઝીલી. હૉસ્પિટલમાં સારવાર બાદ 3 માસની સજા ભોગવી. આરઝી હકૂમતમાં ભાગ લીધો.

## જોશી, નર્મદાશંકર ભાનુશંકર

અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. જેલની સજા ભોગવી. રાજ્ય સરકારનું પેન્શન એનાયત કરવામાં આવ્યું.

## જોશી, નંદલાલ કનૈયાલાલ

વતન : ખાખરિયા, જિ. સૌરાષ્ટ્ર. કાર્યક્ષેત્ર : અમદાવાદ.

અમદાવાદમાં શારદામંદિરમાં ગુજરાતીના શિક્ષક. કવિ પણ હતા. દેશની આઝાદી માટે જીવન સમર્પી દેવાની તમન્ના. રસાયણોના

જાણકાર. એલિસબ્રિજ વિસ્તારમાં 1942ની લડતમાં તાર-ટેલિફોનનાં દોરડાં કાપ્યાં. જ્યોતીન્દ્ર ભટ્ટ સાથે શારદામંદિરની કુટિરમાં બૉમ્બ બનાવ્યો. ટ્રેન ઉથલાવવા લોખંડનો પાટ બનાવડાવ્યો. બિહારીલાલ વૈષ્ણવ સાથે વડોદરાથી બૉમ્બ બનાવવાનાં રસાયણો ખરીદી લાવ્યા. કારંજ પોલીસ સ્ટેશનને બૉમ્બથી ઉડાવી દેવાની યોજના ઘડી. અમદાવાદમાં સૌપ્રથમ બૉમ્બ 1942ની લડતમાં નંદલાલે માદલપુરના ગરનાળા પાસે ફોડ્યો હતો. વડોદરાથી ખરીદી લાવેલાં રસાયણો શારદામંદિર પાસેની કુટિરમાં સંતાડ્યાં હતાં. રાયપુર પીપરડીની પોળમાં નંદલાલ જોશીના ભાડાના મકાનમાં 27 સપ્ટેમ્બર, 1942ના રોજ રાસાયણિક બૉમ્બ બનાવવા જતાં, મોટો ધડાકો થયો. બૉમ્બ બનાવનાર નંદલાલ તથા નરહરિ રાવલ સખત ઘવાયા. બીજે દિવસે હૉસ્પિટલમાં નંદલાલનું અવસાન થયું.

## જોશી, પાર્વતીબહેન મોહનલાલ

જન્મ : 1887. મહેમદાવાદ, જિ. ખેડા.

1930 : દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ. ધરપકડ અને 1 માસની સજા અને દંડ. સરઘસમાંથી પકડાયા. તેમને બે માસની સજા અને દંડ. દંડ ન ભરવાને કારણે ઘરમાં જપ્તી. વૃદ્ધાવસ્થામાં પણ યુવાનીનો મિજાજ.

## જોશી, પાર્વતીશંકર નાથુભાઈ

ભરૂચ.

સરકારી શાળામાં નોકરી. 1930ની લડત ચાલુ થતાં નોકરી છોડી સત્યાગ્રહમાં જોડાયા. ચાર માસની સજા ભોગવી. તે પછી બારડોલી સ્વરાજ આશ્રમમાં જોડાયા. 1942માં ભાંગફોડની પ્રવૃત્તિ કરી ફરી ધરપકડ થઈ. 2 વર્ષની સજા થઈ.

## જોશી, પુરુષોત્તમ જીવરાજ

જન્મ : 9 માર્ચ, 1900. અમરેલી.

ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. યુવાકાળથી રાષ્ટ્રીય કાર્યકર. સભાસરઘસ અને વિદેશી કાપડ તેમજ દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે અમરેલીમાં ધરપકડ, 6 માસ જેલ. છૂટ્યા બાદ ધરપકડ માટેનું વૉરંટ ફરી વાર. અમરેલી છોડવું પડ્યું. ઈડર અને રાજકોટ જિલ્લામાં સેવા. સ્વરાજ આવ્યા બાદ સરકારી તંત્રમાં. ઉચ્ચ અધિકારી તરીકે. રચનાત્મક કાર્યકર.

અવસાન : 27 સપ્ટેમ્બર, 1982.

## જોશી, પ્રાણશંકર જેશંકર

રાંદેરની રાષ્ટ્રીય કન્યાશાળાના શિક્ષક. 1923માં ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપન મંદિરમાં અભ્યાસ. તે પછી રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે સેવા. રાષ્ટ્રીય શાળાના ખર્ચ માટે દુકાને દુકાને ફરી બે પૈસાનો ફાળો મેળવી રાષ્ટ્રીય શાળાઓના ખર્ચમાં મદદ. આ રીતે સમાજસેવા.

## જોશી, પ્રાણશંકર વલ્લભરામ

જન્મ : હળવદ, જિ. સુરેન્દ્રનગર.

1931 : ધ્રાંગધ્રાની લડત વખતે હળવદમાં પણ લોકોએ સત્યાગ્રહ શરૂ કર્યો. પરિણામે પોલીસોએ લાઠીથી ઝૂડી નાખ્યા. તેમના બંને પગે સખત ઈજા થઈ. લાંબા સમય સુધી પથારીવશ રહેવું પડ્યું.

## જોશી, ભવાનીશંકર વેણીલાલ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

1931 : ધ્રાંગધ્રાની લડતની ત્રીજી ટુકડીના સરદાર. ધરપકડ થઈ. પોલીસોએ સિતમોની ઝડી વરસાવી. હાથ પાછળ બાંધી ફટકા માર્યા. બૂટની એડીથી ગૂંદ્યા. પંદર દિવસ ત્રાસ આપ્યો.

## જોશી, ભાઈશંકર નરભેરામ

જન્મ : બાબરા.

ચળવળમાં અભ્યાસ દરમિયાન ભાગ લીધો. સભા-સરઘસોનું આયોજન કરવામાં મદદ કરતા. અસહકારની ચળવળમાં ખાદી-કાંતણ વગેરેનું કાર્ય કર્યું. 1938માં રાજકોટ ચળવળમાં ભાગ લીધો. 1942ની લડતમાં જોડાઈ ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. 7 વર્ષ હદપારી ભોગવી.

## જોશી, ભાનુશંકર દેવકૃષ્ણ

જન્મ : 14 ફેબ્રુઆરી, 1914. બોટાદ.

1938માં રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લેતાં સખત માર સહન કર્યો. 6 માસની સજા ભોગવી. 1942ની લડત વખતે મુંબઈમાં ભાગ લીધો. થાણા જેલમાં 3 માસની સજા ભોગવી.
અવસાન : 22 ઑગસ્ટ, 1983ના રોજ થયું.

## જોશી, મગનલાલ નાગરદાસ

વિરમગામ.

નીડર પત્રકાર. સરકાર સામે ઝુંબેશ ચાલુ રાખતા. વિરમગામ સત્યાગ્રહ વખતે સરમુખત્યાર તરીકે કામગીરી બજાવેલી. સરદારશ્રી સાથે જેલમાં હતા. પત્રિકાઓ વહેંચવા ઘૂમટાવાળી બહેનોનો ઉપયોગ કરતા.

## જોશી, મગનલાલ પોપટલાલ

જન્મ : 1895. બેટદ્વારકા.

વડોદરા પ્રજામંડળના સક્રિય આગેવાન. ભાગ લેતાં ધરપકડ થઈ. ટૂંકો જેલવાસ ભોગવ્યો. 1930-32ની રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ લેતા. નિર્વાસિતોના સેવાકાર્યની જવાબદારી ઉઠાવી. હરિજન મંદિર-પ્રવેશ અંગેના કાર્યક્રમમાં અગ્રભાગ ભજવ્યો. જ્ઞાતિએ તેમનો બહિષ્કાર કર્યો. પથ્થરમારો કર્યો. 1971માં તેમનું અવસાન થયું.

## જોશી, મગનલાલ ભગવાનજી

જન્મ : 20 એપ્રિલ, 1899. જામનગર.

બી.એ., એલએલ.બી..
વિદ્યાર્થીકાળથી આર્યસમાજની અસર હેઠળ. જાહેર કાર્યોમાં રસ. જામનગર પ્રજામંડળની લડત વખતે લડતને ટેકો. ગામડાંમાં ફરીને જામનગર પ્રજાપરિષદનો પ્રચાર તથા લોકજાગૃતિનું કાર્ય.
સ્વરાજ પછી – સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય તથા અધ્યક્ષ. નિધન થયેલું છે.

## જોશી, મણિશંકર વિદ્યારામ

વાડાસિનોર, જિ. ખેડા. ડભારી.

ગુજરાત કૉલેજમાંથી અભ્યાસત્યાગ. હડતાળમાં. 1930માં વિરમગામ સત્યાગ્રહ, અમાનુષી માર. વાડાસિનોરના નવાબના અત્યાચાર સામે બળવો. 3 વર્ષ કારાવાસ. સીમા પાર. અંતે નવાબ પદભ્રષ્ટ. પુનરાગમન. શિક્ષણસેવા. 15 શાળા ઊભી કરી.

## જોશી, મંગળાબહેન મગનલાલ

જામનગર. અભ્યાસ : નોન-મૅટ્રિક.

પ્રજામંડળની લડતમાં ભાગ લીધો. ગામડાંઓમાં ફરીને લોકજાગૃતિનું કાર્ય. તે બદલ રાજ્ય તરફથી કષ્ટ સહન કરવાં પડ્યાં.
સ્વરાજ મળ્યા પછી સમાજસેવાનું કામ કરતાં રહ્યાં.
તેમનું નિધન થયેલું છે.

## જોશી, માધુભાઈ કાળીદાસ

નિવાસ : અમદાવાદ (રાયપુર).

અમદાવાદ સુધરાઈની નોકરીનો ત્યાગ કરીને ‘હિન્દ છોડો’ લડતમાં પ્રવેશ. વિવિધ ક્ષેત્રે સક્રિય. કારાવાસ. મુક્તિ પછી પુનઃ સુધરાઈમાં નોકરી. નગરી આંખની હૉસ્પિટલમાં સેવા.

## જોશી, માલાજી

આણંદ.

1857ના બળવા વખતે આણંદના મુખી ગરબડદાસ પટેલના સાથીદાર. બ્રિટિશ લશ્કરની ટુકડીઓ આણંદની લોટિયા ભાગોળે, બળવો દબાવી દેવા આવીને પડેલી. મધ્ય રાત્રિએ માલાજી જોશી, બાપુજી પટેલ અને કૃષ્ણરામ દવે લશ્કરનાં કેટલાંક શસ્ત્રો ઉપાડી ગયા. તેઓને ખાનપુર ગામમાંથી પકડીને તોપને ગોળે બાંધીને ઉડાવી દેવામાં આવ્યા.

## જોશી, રતિલાલ જીવણલાલ

અમદાવાદ.

1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં અમદાવાદ સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં ભાગ લીધો. છ માસની સખત કેદની સજા અને રૂ. 250 દંડ.

## જોશી, રમણલાલ ધીરજલાલ

ડાકોર, જિ. ખેડા.

1942માં ‘હિન્દ છોડો’ ચળવળ વખતે ડાકોરમાં ગોળીબારમાં શહીદ થયા.

## જોશી, રામપ્રસાદ કાળીદાસ

વતન : ઈસંડ, તા. કલોલ.

મૅટ્રિક પાસ. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં ભાગ લીધો. ભૂગર્ભપ્રવૃત્તિ કરી અનેક યાતનાઓ સહન કરી.

## જોશી, રેવાશંકર ભવાનીશંકર

સૂરત.

સૂરત ‘હિન્દુ’ સાપ્તાહિક પત્રના તંત્રી. રાષ્ટ્રવાદી નીતિ. કારાવાસ. પત્રસંચાલન પાછળ ઘરની સંપત્તિ ખર્ચી નાખી. ત્રણે ભાઈઓને કારાવાસ.

## જોશી, શાંતિલાલ જગન્નાથ

મઢી, જિ. સૂરત.

1932માં ડાકોરમાં વાનરસેનામાં કામ કર્યું. 1937માં ચૂંટણીના કામમાં કૉંગ્રેસને સાથ આપ્યો. 1940માં મૅટ્રિક પાસ થઈ આશ્રમમાં રહીને ખાદીની તાલીમ લીધી. 1941માં બારડોલીમાં કૉંગ્રેસ કારોબારી મળી ત્યારે સવા મહિનો સ્વયંસેવક તરીકે કામ કર્યું. રેલસંકટમાં મરોલી વિભાગમાં સેવાકાર્ય. 1942માં વાલોડના થાણાનો કબજો લેવા સાથીઓ સાથે ગયા. ધરપકડ. પંદર દિવસની સજા થઈ હતી. સ્યાદલા(તા. ઓલપાડ)માં સભા, સરઘસ, પત્રિકા વગેરે પ્રવૃત્તિ કરી હતી. ધરપકડ. બે વર્ષની કેદની સજા. પુણે આશ્રમમાં સેવાકાર્ય.

## જોશી, શિવકુમાર ગિરિજાશંકર (કોલકાતા)

કાર્યક્ષેત્ર : અમદાવાદ.

1942ની ‘હિન્દ છોડો’ ચળવળ દરમિયાન અમદાવાદમાં સરઘસો, પત્રિકાઓ વહેંચવી તથા વિદ્યાર્થીપ્રવૃત્તિમાં સક્રિય રહ્યા. કર્ફ્યુનો ભંગ કરવા યોજાતાં મશાલ સરઘસોમાં નિયમિત ભાગ લેતા. પત્રિકાઓ વહેંચવા લાંબા સમય સુધી ગયા. તેમને ઘેરથી કેટલીક વાર (હજીરાની પોળ, સાંકડીશેરી) પત્રિકાઓનાં બંડલો વહેંચવામાં આવતાં. અમદાવાદ પાસેનાં ગામોમાં લડતનો પ્રચાર કરવા ગયા હતા. રેલવેમાં ભંગાણ કરવા ત્રિકોણ આકારના લોખંડના અવરોધો પાટા ઉપર મૂક્યા. નિષ્ફળતા. ધરપકડ માટેના ત્રણ પ્રયાસો નિષ્ફળ કર્યા. પોલીસચોકીમાંથી ટેલિફોન પર રેડ આવે છે, એવી બાતમી મળી. નાસી ગયા. તેમના ઘર પર રેડ પડી ત્યારે પચાસ વર્ષનાં તેમનાં કાકી, જરા પણ ગભરાટ વિના શાકની થેલીમાં, સુરંગો લઈને, ઘરની બહાર પોલીસોની હાજરીમાં નાસી ગયેલાં. આવા ઘણા બનાવો બનતા. 1943માં કોલકાતામાં અરુણા અસફઅલીના સીધા સંપર્કમાં. તે વખતે એ.

પી. ચૌધરી તેમના ઘેર ભૂગર્ભમાં રહેતા. હુમાયૂન કબીર, અચ્યુત પટવર્ધન, છોટુભાઈ પુરાણી, શ્યામનંદન સિંહ (જયપ્રકાશ નારાયણના સાથીદાર) તેમના કોલકાતાના મકાનમાં ગુપ્ત રહ્યા હતા. તેઓ આર્થિક સહાય પણ કરતા. ગુજરાતી ભાષાના સાહિત્યકાર.

## જોશી, શિવશંકર મણિશંકર

જન્મ : 25 જુલાઈ, 1929. અમરેલી.

અભ્યાસ : સાહિત્યરત્ન, પી.ટી.સી.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942માં 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ખૂબ સહન કર્યું. સભા-સરઘસો તથા પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ. ભૂગર્ભપ્રવૃત્તિ. ત્યારબાદ શિક્ષક.

## જોશી, સુરેશચંદ્ર છગનલાલ

પીપલજ, તા. દહેગામ.

1930માં દાંડીકૂચ વખતે અભ્યાસ છોડી કૉંગ્રેસમાં જોડાયા. 1931થી '33 સુધી સત્યાગ્રહ આશ્રમમાં રહ્યા. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાયા. 1942માં ભૂગર્ભપ્રવૃત્તિ કરી. 1957માં વિનોબાજીના સર્વોદય આંદોલનમાં જોડાયા.

## જોશી, સુંદરલાલ નાથાલાલ

નડિયાદ, જિ. ખેડા.

શિક્ષણ નડિયાદમાં પછી ફરગ્યુસન કૉલેજ, પુણે. અભ્યાસ છોડી સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાયા. 1921-33 : ખેડા જિલ્લાની રાષ્ટ્રીય ચળવળમાં અગ્ર ભાગ. 1930 : ખેડા જિલ્લા સમિતિના મંત્રી. ચળવળને કારણે ધરપકડ અને જેલવાસ. નડિયાદમાં મહાગુજરાત આયુર્વેદિક કૉલેજની સ્થાપના. તેના સંચાલક. અવસાન : 1952.

## જોશી, હીરુભાઈ મગનલાલ (વૈદ્ય)

જન્મ : આશરે 1918. શહેરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં – સરઘસોમાં જોડાતા. વડોદરાથી લડતના પ્રચાર માટેની પત્રિકાઓ લાવી ગોધરામાં વહેંચતા. ભૂગર્ભમાં રહીને લડત ચાલુ રાખતા. પત્રિકા સહિત ધરપકડ. 3 માસની કેદની સજા. યરવડા જેલ. અવસાન થયેલ છે. છેલ્લાં ત્રીસ વર્ષથી અમદાવાદમાં આયુર્વેદની પ્રૅક્ટિસ કરતા.

## જોષી, ઈશ્વરલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં જહાંગીરપુરાના વૉર્ડનાયક. સભાઓ, સરઘસો તથા પત્રિકા વહેંચવી, પત્રિકા માટે સમાચાર મોકલવા વગેરેનું આયોજન. પોળનાયકો, શેરીનાયકોને સૂચનાઓ આપવી. પોલીસો પર વારંવાર પથ્થરમારો કરાવવો.

## જોષી, કિરણભાઈ દુર્લભજી

જન્મ : 17 મે, 1917. મુંબઈ.

1932 : સવિનયભંગની ચળવળમાં પિકેટિંગ, ધરપકડ અને મુક્તિ. 1938 : રાજકોટ. પ્રજાકીય આંદોલન. મૂઢમાર. સમાધાન તૂટી પડતાં ફરી આંદોલન. ફરી માર. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. મુંબઈ રાષ્ટ્રધ્વજ સાથે સરઘસના આગેવાન. સૂત્રોચ્ચાર. 3 મહિના કારાવાસ.

## જોષી, કૃષ્ણવદન શંકરલાલ

જન્મ : 28 ડિસેમ્બર, 1917. ગોધરા, જિ. પંચમહાલ.

કાર્યક્ષેત્ર : અમદાવાદ.

મૅટ્રિક પાસ. 1942ની લડતમાં જમાલપુરના વૉર્ડનાયક. દસક્રોઈ મામલતદારની કચેરી પેટ્રોલ છાંટીને બાળવામાં ભાગ લીધો. સભા, સરઘસો તથા પત્રિકા વહેંચવાનું વૉર્ડમાં સંચાલન.

26-1-1943ના રોજ કૉંગ્રેસની પ્રતિજ્ઞાવાચન. ધરપકડ. 4 માસની સજા ને 200 રૂપિયા દંડ

અથવા 2 માસની વધુ સજા. આસ્ટોડિયા પોલીસગેટ પર, ભરેલી રિવૉલ્વર રાખીને બૉમ્બ નાખવા ગયા હતા. ટેલિફોનના તાર કાપ્યા. કે. જી. પ્રભુની સૂચનાથી પચાસેક બૉમ્બ ભરેલી પેટી ખાડિયા વ્યાયામ શાળાએથી લાવી પડીપોળમાં મૂકી આવ્યા. લોહીથી પ્રતિજ્ઞાપત્ર પર સહી કરી. લડત પછી ચુસ્ત ગાંધીવાદી રચનાત્મક કાર્યકર બન્યા. માંડવીની પોળ સેવા સંઘના સંચાલક. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના મેયર.

અવસાન : 30 જૂન, 1988.

## જોષી, ગજાનન ભવાનીશંકર

જન્મ : 28 ડિસેમ્બર, 1908. રાજકોટ.

એમ.એ., એલએલ.બી.. વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રપ્રેમી. રાજકોટની લડતમાં 13મા સરમુખત્યાર તરીકે જોડાયા. સાતથી આઠ વખત ધરપકડ કરીને છોડી મૂકવામાં આવ્યા. છેલ્લી ધરપકડ કરીને સેન્ટ્રલ અને સરધારની જેલમાં રાખ્યા. વકીલાતની સનદ ખેંચી લીધી. 3.5 વર્ષ પછી પરત થઈ. સ્વરાજ બાદ રાજકોટ રાજ્યના વહીવટદાર તરીકે સેવા બજાવી, તથા વીરપુર અને જેતપુરનો વહીવટ સંભાળ્યો. કાઠિયાવાડ રાજકીય પરિષદના સક્રિય કાર્યકર્તા. સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય. ગુજરાત ધારાસભાના ચૅરમૅન. મુંબઈની ધારાસભાના સભ્ય. સામાજિક તથા શૈક્ષણિક ક્ષેત્રે સક્રિય સેવા.

## જોષી, છગનલાલ નથ્થુભાઈ

જન્મ : 18 મે, 1895. પોરબંદર.

સાબરમતી : સત્યાગ્રહ આશ્રમમાં ગાંધીજીના અંતેવાસી. 1930માં દાંડીકૂચમાં ગાંધીજીના સાથીદાર. ધરાસણાના મીઠાના સત્યાગ્રહમાં એક ટુકડીના સરદાર તરીકે ભાગ લીધો. વિરમગામમાં મીઠાના સત્યાગ્રહની આગેવાની. 1932માં ખેડા જિલ્લાની ચળવળના સરમુખત્યાર હતા. 1938-39માં રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942ની ‘હિન્દ છોડો’ લડતમાં પણ ભાગ લીધો. 15 મહિના અટકાયતમાં. સૌરાષ્ટ્ર હરિજન સેવકસંઘના પ્રમુખ. રચનાત્મક કાર્યકર.

## જોષી, જિતેન્દ્રભાઈ પ્રાણશંકર

જન્મ : 19 ઑક્ટોબર, 1929. ભાવનગર.

બી.એ., એલએલ.બી.. રાષ્ટ્રીય વિદ્યાર્થી કાર્યકર. વકીલાત. 1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે અભ્યાસ છોડીને ભાવનગરની લડતના કાર્યક્રમોમાં. બે વાર ધરપકડ. ‘ગણદેવી’(દ. ગુજરાત)માં જઈ ભૂગર્ભપ્રવૃત્તિ. સૂરત, જલાલપુર, સાબરમતી જેલમાં 6 માસની સખત કેદની સજા. લડત પછી અભ્યાસ પૂર્ણ કર્યો. સામાજિક કાર્યકર.

## જોષી, જેઠાલાલ હરિકૃષ્ણ

જન્મ : 23 મે, 1902. રાજકોટ.

1921માં સરકારી કૉલેજનો ત્યાગ. રાષ્ટ્રીય શાળામાં જોડાયા. 1930માં વિરમગામ અને ખારાઘોડામાં મીઠાના કાયદાનો ભંગ કરી સત્યાગ્રહ. 1933માં રાજકોટમાં સેવાસંઘની સ્થાપના કરી હરિજન સેવા, રાષ્ટ્રભાષા-પ્રચાર, ખાદીપ્રચાર, મજૂરપ્રવૃત્તિ, પુસ્તકાલયપ્રવૃત્તિ જેવાં રચનાત્મક કાર્યો. 1938માં રાજકોટ સત્યાગ્રહમાં ભાગ. 1 વર્ષની સજા. 1940-41 : સૌરાષ્ટ્રમાં વ્યક્તિગત સત્યાગ્રહનું સંચાલન. 1942માં ધરપકડ. રાજકોટ અને સરધારની જેલ. 1944માં સૌરાષ્ટ્રમાં મજૂર સંઘો સ્થાપ્યા. 1947માં જૂનાગઢની આરઝી હકૂમતની સંચાલન સમિતિમાં સક્રિય. 1949-52માં સૌરાષ્ટ્રની ધારાસભાના નાયબ સ્પીકર. 1952 : લોકસભાના સભ્ય. 1957 : રાજ્યસભાના સભ્ય.

## જોષી, ડાહ્યાલાલ નરશીભાઈ

રૂપાવટી, જિ. રાજકોટ.

મુંબઈના વસવાટ દરમિયાન નિમક સત્યાગ્રહમાં સક્રિય. 6 માસની જેલ.

## જોષી, નવલશંકર વેણીશંકર

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રા રાજ્યના જુલમો સામેના બીજી વારના સત્યાગ્રહમાં ભાગ. 21 ડિસેમ્બર, 1931ના રોજ ફૂલચંદભાઈ શાહની દોરવણી નીચેની ત્રીજી ટુકડીમાં જોડાઈને ધ્રાંગધ્રામાં સત્યાગ્રહ. અમાનુષી પોલીસત્રાસ.

## જોષી, યશવંતરાય રાજારામ

જન્મ : 14 ઑગસ્ટ, 1892. માલણપુર, ભરૂચ.

અભ્યાસ : કૃષિશાસ્ત્રના સ્નાતક. મુંબઈ યુનિવર્સિટી પુરાણીબંધુઓની 'ગામડાંમાં પાછા ફરો' યોજનાના સમર્થક. સરકારી નોકરીનો ત્યાગ. સજોદ ગામે ખેતીનો આરંભ. સહકારી પ્રવૃત્તિ. ખેડૂતો માટે જિન. રચનાત્મક કાર્યો. સ્વાતંત્ર્ય માટેની લડત. બધે મોખરે. 1932 : સવિનય ભંગમાં સક્રિય. કારાવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહમાં સક્રિય. કારાવાસ. અંબુભાઈ પુરાણીના મિત્ર. શ્રી અરવિંદના ભક્ત.

## જોષી, રમાબહેન છગનલાલ

જન્મ : 1905. જેતપુર, સૌરાષ્ટ્ર.

ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમના વ્યવસ્થાપક છગનલાલ જોશીનાં પત્ની. પતિ છગનલાલ સાથે સાબરમતી આશ્રમમાં જોડાયાં. 1930ની મીઠાની લડત વખતે પિકેટિંગનો કાર્યક્રમ. ધરપકડ વહોરી. કસ્તૂરબા તેમજ મીઠુબહેન પિટીટ સાથે યરવડા અને સાબરમતી જેલમાં 6 માસ. સૂરત જિલ્લામાં પિકેટિંગમાં ભાગ લેતાં માથું ફૂટ્યું. 1938ની રાજકોટની લડતમાં ભાગ લીધો.

## જોષી, રેવાશંકર ઈશ્વરલાલ

રાજકોટ.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો. ભારત સરકારનું પેન્શન મળે છે.

## જોષી, લક્ષ્મીશંકર હરિશંકર

અમદાવાદ.

અમદાવાદમાં હોમરૂલ લીગ(એની બેસન્ટ)ની શાખાના સ્થાપક. ઑક્ટોબર, 1916માં સ્થાપી. તેઓ વિવિધ ટૉપિક્સ નક્કી કરીને ચર્ચા ગોઠવતા. અમદાવાદના વિવિધ વિસ્તારો તથા આસપાસનાં ગામોમાં હોમરૂલનો પ્રચાર કરતા, ભાષણો આપતા.

## જોષી, લાભશંકર ડી.

જૂનાગઢ.

જૂનાગઢના નવાબી રાજ્યના જુલમો સામે લડ્યા. ભોગ આપ્યો. રાજ્ય-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## જોષી, વિઠ્ઠલદાસ મૂળશંકર

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદમાં બૉમ્બપ્રવૃત્તિમાં સક્રિય ભાગ. વીજળીનાં સબસ્ટેશનોમાં મૂકવા, બૉમ્બ બનાવવાનો દારૂગોળો ગિજુભાઈ વ્યાસ સાથે ત્રણ વાર ઈડરથી અમદાવાદ રેલવે ટ્રેનમાં લાવ્યા હતા.

## જોષી, શાંતિલાલ છગનલાલ

જન્મ : 1913. ભાવનગર.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લેવાથી પકડાયા. 6 મહિનાની સજા ભોગવી.

## જોષી, શાંતિલાલ રામશંકર

જન્મ : 17 ઑગસ્ટ, 1924. ભાવનગર.

1942ની લડતમાં. ઉપનામ 'જગદીશ'. 14

વર્ષની વયથી રાષ્ટ્રીય કાર્યો; રાજકોટ સત્યાગ્રહ દરમિયાન સ્વયંસેવક. 1942ની લડત વખતે અમદાવાદમાં લૉ કૉલેજના વિદ્યાર્થી. ભાવનગર જઈ લડતની પ્રવૃત્તિઓમાં ભાગ. પિતા સરકારી નોકરીમાં હોવાથી, તેમને અગવડ ન પડે માટે, ગણદેવી ગયા. ભાંગફોડનાં કાર્યોમાં સક્રિય. સરકારી દફતર બાળીને પાછા ફરતાં પાંચ સાથીઓ જોડે ધરપકડ. ગણદેવી અને નવસારીના લૉકઅપમાં પંદરેક દિવસ. નવસારીની સબજેલમાં 6 માસ, સૂરતની સબજેલમાં 3 માસ. 18-10-1943ના રોજ કેસ ચલાવી 6 માસની સખત કેદની સજા. સાબરમતી જેલમાં તે સજા ભોગવી. કુલ 17 માસનો જેલવાસ ભોગવ્યો. 1944માં છૂટ્યા પછી અભ્યાસ. 1952થી ભાવનગરમાં વકીલાત.

## જોષી, સુશીલચંદ્ર દુર્લભજી

જન્મ : 15 માર્ચ, 1909. ઉમરસાડી, સૂરત.

1930માં મુંબઈમાં પિકેટિંગ. 4 મહિના કારાવાસ. 1931માં ભૂમિરાજસ્વ ના ભર્યું. પુનઃ 4 મહિના કારાવાસ. 1932માં પારડી. ફરી 6 મહિના કારાવાસ. રૂ. 400 દંડ. 1933માં કોલકાતા અધિવેશન. સૂરતના સરમુખત્યાર. ધરપકડ. 1934 : ઉમરસાડી આંદોલન. 1 વર્ષ કારાવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહમાં 6 મહિના કારાવાસ. 1944 સુધીમાં 3 વાર કારાવાસ. વ્યવસાય : વકીલાત.

## જોષી, હરેન્દ્રભાઈ કેશવલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ. ખાડિયા, જેઠાભાઈની પોળના તેમના ઘરમાં 2,000 જેટલી કૉંગ્રેસ પત્રિકા રાખવા માટે રૂ. 200/- દંડ અથવા 3 માસની કેદ.

# ઝ

## ઝવેરબહેન કીશાભાઈ

ઉંમર : 40. દાવોલ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ ઉપર પોલીસે કરેલા બેફામ લાઠીચાર્જમાં તેમને બરડામાં અને કોણી પર ઈજા થઈ.

## ઝવેરબહેન ચતુરભાઈ

ઉંમર - 18. બોચાસણ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના ફટકાથી લમણામાં તથા પીઠ પર ઈજાઓ થઈ હતી.

## ઝવેરબહેન ઝવેરભાઈ

બનેજડા, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમની જમણી કોણીમાં ઈજા થઈ હતી.

## ઝવેરબહેન ફૂલાભાઈ

રાસ, તા. બોરસદ, જિ. આણંદ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો, ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના ફટકાથી તેમને કમ્મર તથા અંગૂઠા પર ઈજાઓ થઈ હતી.

## ઝવેરબહેન હરિભાઈ

ઉંમર : 40. આંકલાવ, જિ. ખેડા.

1930-32ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે કરેલા બેફામ લાઠીચાર્જમાં થાપા પર ઈજા થઈ હતી.

## ઝવેરી, કાલિદાસ જસકરણ

અમદાવાદ.

અમદાવાદમાં સ્થપાયેલી હોમરૂલ લીગની શાખાના આગેવાન. તેઓ મહેતા હરિપ્રસાદ પીતાંબર, મહેતા ઉત્તમલાલ રણછોડલાલ વગેરે સાથે આસપાસનાં ગામો નરોડા, અસલાલી, કાળીગામ, રાણીપ વગેરે તથા વિવિધ પોળોમાં સભાઓ રાખીને ભાષણો કરતા. સ્વરાજનો અર્થ સમજાવતા. લીગનો પ્રચાર. લોકજાગૃતિ.

## ઝવેરી કાળીદાસ (વકીલ)

અમદાવાદ.

1917-18માં અનસૂયાબહેન સારાભાઈને મજૂરોનાં બાળકોની શાળાને લગતી પ્રવૃત્તિમાં દેસાઈ કૃષ્ણલાલ (બંને મિત્રો) સાથે મદદ કરતા હતા.

કાળીદાસ તથા કૃષ્ણલાલે અસહકારની ચળવળ (1920-22) શરૂ થતાં સરકારી અદાલતનો બહિષ્કાર કરી વકીલાતનું કામ છોડી દીધું.

## ઝવેરી, ગંગાબહેન બાલાભાઈ

જન્મ : 21 ઑગસ્ટ, 1896. અમદાવાદ.

લાહોર અને લખનૌ કૉંગ્રેસ અધિવેશનમાં પ્રતિનિધિ. 1925થી 1930 દરમિયાન સાબરમતી આશ્રમમાં રહ્યાં. ખેડામાં નાકરની લડતમાં ભાગ લીધો. ધરપકડ. ધોલેરામાં સત્યાગ્રહ કરવાથી ધરપકડ. 6 માસની સજા. ધ્વજવંદન કરાવતાં અમદાવાદમાં ધરપકડ. 3 માસની જેલ. સત્તરમા સરમુખત્યાર તરીકે સુકાન તેમના હાથમાં. પ્રવચન કરતાં ધરપકડ. 6 માસની કેદ. દારૂબંધી, ખાદી અને ગ્રામોદ્યોગ, અસ્પૃશ્યતાનિવારણ વગેરે રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય. અમદાવાદની સ્ત્રીસંસ્થાઓમાં નારીજાગૃતિનું કામ.

## ઝવેરી, જીવકિશોરી કાન્તિલાલ

જન્મ : 1 જુલાઈ, 1921. અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સભા-સરઘસોમાં લાઠીમારથી ઘાયલ થયેલાની સારવાર. પોતે સભા, સરઘસોમાં જોડાતાં, પત્રિકાઓ વહેંચતાં અને સંદેશા ગુપ્ત રીતે મોકલતાં. તેમની વારંવાર ધરપકડ કરીને રાત્રે છોડી દેવામાં આવતાં. છતાં પત્રિકા વહેંચતાં. ધરપકડ. આશરે 4 માસ સાબરમતી જેલમાં અટકાયત. છૂટીને ખાદીપ્રચાર, હરિજનસેવાની પ્રવૃત્તિઓ. લડત બાદ બી.એ. અને બી.ટી. થયાં. શિક્ષણકાર્ય.

## ઝવેરી, ધીરજલાલ દુર્લભજી

જન્મ : 25 ડિસેમ્બર, 1901. ગઢાળી, જિ. ભાવનગર.

1930ની મીઠાની લડત વખતે ધોલેરા તેમજ વિરમગામ છાવણી નીચે કાર્ય અને માંડલ છાવણીનું સંચાલન. વિદેશી કાપડની દુકાનો ઉપર પિકેટિંગ કરતાં ધરપકડ. સાબરમતી/યરવડા જેલમાં જેલવાસ. 1942માં 'હિન્દ છોડો' લડત વખતે ભાવનગરથી ધરપકડ. આંબલા/બુધેલ ગામમાં અટકાયત. બ્રહ્મદેશમાં વેપાર કરતા હતા.

## ઝવેરી, નટવરલાલ શંકરલાલ

કપડવંજ, જિ. ખેડા.

1930માં બેસતા વર્ષે ચૌદ જણાની મીઠાના સત્યાગ્રહની ટુકડી પકડાયા બાદ ગુપ્ત પત્રિકા

પ્રગટ કરીને વહેંચતા. ધરપકડ. જેલમાં સજા ભોગવી. 1932 અને 1942ની લડતોમાં પણ ભાગ લીધો. કૉંગ્રેસ દ્વારા હરિજન પ્રવૃત્તિના સક્રિય સેવક.

## ઝવેરી, નાનીબહેન પન્નાલાલ

જન્મ : 1908. અમદાવાદ.

1925થી 1930 દરમિયાન અમદાવાદમાં ગાંધીજીએ સ્થાપેલ સત્યાગ્રહ આશ્રમ-(સાબરમતી)માં વિવિધ પ્રવૃત્તિઓમાં ગાંધીજીના માર્ગદર્શન હેઠળ સક્રિય. 1930થી 1934 સુધી અમદાવાદમાં બહેનોની ટુકડીમાં દારૂ અને પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. કોમી હુલ્લડમાં શાંતિ સ્થાપવા બહેનોની ટુકડી રચી કાર્ય કર્યું. ખેડા અને સૂરત જિલ્લામાં સત્યાગ્રહો દરમિયાન છાવણીઓમાં સક્રિય રહ્યાં. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં જેલ ભોગવી.

અવસાન : સપ્ટેમ્બર, 1941.

## ઝવેરી, નિહાલચંદ

વડોદરા.

1857ના વિપ્લવમાં અમદાવાદમાં શાહી-બાગમાં ગોવિંદરાવ (બાપુ) ગાયકવાડના રહેઠાણે મળેલી આગેવાનોની સભામાં નક્કી કરવામાં આવ્યું કે વડોદરાના નિહાલચંદ ઝવેરી અને ભોંસલેએ ઉમેટાના તથા ભાદરવાના દરબારોની અને ખેડા તથા મહીકાંઠાના પ્રદેશોના પટેલોની આ કાર્યમાં મદદ મેળવવી. તે કામ તેઓએ સારી રીતે પાર પાડ્યું.

ખેડાના મૅજિસ્ટ્રેટ આશબર્નરે તથા રેવાકાંઠાના પોલિટિકલ એજન્ટ બકલેએ મહી નદી કાંઠે પડાવ નાખી પડેલા બંડખોરો પર હુમલો કરી પકડ્યા. અમદાવાદના પોલીસ અધિકારી મેજર અગરે પણ બંડખોરોને પકડ્યા. તેમાંના નિહાલચંદ ઝવેરીને ફાંસી આપવામાં આવી.

## ઝવેરી, પન્નાલાલ બાલાભાઈ

જન્મ : જૂન, 1904. પન્ના, મધ્ય ભારત.

કાર્યક્ષેત્ર : અમદાવાદ.

1925થી 1930 સુધી સત્યાગ્રહ આશ્રમ, સાબરમતીમાં રહી આશ્રમની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. 1930માં ધરાસણાના અગરો પર ધાડ પાડવા અબ્બાસ તૈયબજીની આગેવાની હેઠળની ટુકડીમાં જોડાઈ, શિસ્તબદ્ધ અહિંસક સત્યાગ્રહી તરીકે કાયદાભંગ કર્યો. સ્વાતંત્ર્યસંગ્રામોમાં ભાગ લઈ 3 વખત જેલની સજા ભોગવી. 1931-32માં અમદાવાદની સંગ્રામ સમિતિના સભ્ય. 1932માં પેશાવર જઈ ત્યાં 4 મહિના ખાદીનું કામ કર્યું. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ કરી જેલ ભોગવી. ભારત સેવક સમાજના સંચાલક. ગુજરાત શાખા.

## ઝવેરી, બિપિનચંદ્ર જીવણચંદ

જન્મ : 28 ફેબ્રુઆરી, 1917.

1932માં 'સરકારનો મૃત્યુઘંટ' સાપ્તાહિક કાઢ્યું. 6 મહિના કારાવાસ. 5 રૂપિયા દંડ. સૂરતમાં સ્વાતંત્ર્ય-આંદોલનમાં દબાણથી ફાળો ઉઘરાવતા. સત્યાગ્રહ સહાયક સશસ્ત્ર સેનાની રચના કરી. સાહિત્યક્ષેત્રે પ્રદાન કર્યું. 'જન્મભૂમિ' મુંબઈના ઉપતંત્રી રહ્યા. છેલ્લે, ગુજરાત કૉલેજ, અમદાવાદ વગેરે સરકારી કૉલેજોમાં પ્રાધ્યાપક અને આચાર્યપદેથી નિવૃત્ત થઈને અવસાન.

## ઝવેરી, સત્યેન્દ્ર કા.

જન્મ : 1923. અમદાવાદ.

વિદ્યાર્થી કાર્યકર. પત્રિકાઓનાં બંડલો લઈ આવીને પોળોમાં દરરોજ વહેલી સવારે વહેંચી દેતા. સરઘસોમાં જોડાતા. જૂની ઇન્કમટૅક્સ ઑફિસમાં આગ લગાડવા ફૉસ્ફરસ મુકાવ્યો, નિષ્ફળ. માર્ચ, 1943માં વિદ્યાર્થી પરિષદમાં હાજરી આપવા જતાં ધરપકડ. સાબરમતી

જેલમાં અટકાયત.

## ઝવેરી, સૂરચંદ

સૂરત.

1932માં લડત અંગે કૉલેજનો ત્યાગ કર્યો હતો. કૉલેજના પિકેટિંગમાં ભાગ લીધો હતો. સૂરતમાં વિદ્યાર્થી પરિષદ અને વાનર પરિષદ ભરાઈ ત્યારે મહેમાનોનો ઉતારો એમના મોટા બંગલામાં રહેતો. કૉંગ્રેસને મદદ કરવા માટેનાં છૂપાં નાણાં એમને ત્યાં રહેતાં હતાં. એક પૈસો લીધા વગર જમણનો ખર્ચ પોતે કરતા. મકાન પાછળ ભૂતિયા વાસના મકાનમાં કાંતણવર્ગ ચાલતો. પોલીસનો દરોડો પડ્યો. સરદારશ્રીને મળવા સૂરત સ્ટેશને ગયા હતા. અમદાવાદમાં સરલાદેવી સારાભાઈને મળ્યા હતા અને નાણાંની વ્યવસ્થા કરી હતી. 1930માં ધરાસણાની લડત વખતે નદીકિનારે તંબૂઓ નાંખી હૉસ્પિટલ ઊભી કરી હતી.

## ઝાટકિયા, ધીરુભાઈ

જન્મ : 1925. અમદાવાદ, માણેકબાગ.

અભ્યાસ : મૅટ્રિક સુધી. 1942ની ચળવળમાં અમદાવાદમાં જ્યંતી ઠાકોર (શહેરસૂબા) તથા કે. જી. પ્રભુની સૂચના મુજબ ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. તાર-ટેલિફોનનાં દોરડાં કાપવાં, બૉમ્બ અને સાધનોની હેરાફેરી વગેરે કાર્યોમાં ભાગ લીધો. પકડાયા નહિ.

## ઝાલા, અગરસિંહજી અજિતસિંહજી

જન્મ : 6 ઑક્ટોબર, 1912. દૂધરેજ, જિ. સુરેન્દ્રનગર.

અભ્યાસ : નૉનમૅટ્રિક. 1930-32ની મીઠાની લડત વખતે વિરમગામ છાવણીમાં કામ કરતાં ત્રણ વાર ધરપકડ અને જેલ. કુલ 15 માસની સજા. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ, ધરપકડ અને 6 માસ જેલવાસ.

## ઝાલા, કરશનભાઈ કુકાભાઈ

જન્મ : 11 ફેબ્રુઆરી 1919. રાજકોટ.

અભ્યાસ : ધોરણ 7.

1930-31ની લડત વખતે દારૂની દુકાન પર પિકેટિંગમાં ભાગ લીધો. રાજકોટની લડતમાં જોડાયા. માર સહન કર્યો. પાછળથી સામાજિક સેવાનાં કાર્યો. નિધન થયેલ છે.

## ઝાલા, કુશળસિંહજી મોતીસિંહજી

જન્મ : 23 જાન્યુઆરી, 1893. દૂધરેજ, જિ. સુરેન્દ્રનગર.

અભ્યાસ : મૅટ્રિક. 1930-32ની મીઠાની લડત માટે અભ્યાસ અધૂરો રાખ્યો. વિરમગામ છાવણીમાં પકડાયા. સાબરમતી જેલમાં 3 માસની સજા. જેલમાં અન્યાયો સામે ઉપવાસ. પેન્શન અને તામ્રપત્ર એનાયત થયેલ છે.

## ઝિયાભાઈ નથવાભાઈ

વલવાડા, સૂરત.

1942ની લડત વખતે દારૂની દુકાનો ઉપર પિકેટિંગ કર્યું. તાડીના ગડવા ઝાડ ઉપરથી તોડીને નાશ કરેલો. તેઓ તેમ કરતાં પકડાયા. 1 વર્ષ અને 6 મહિનાની સજા થઈ.

# ટ

## ટંકારિયા, અમૃતલાલ જીવરાજ

ઓઢવ, અમદાવાદ.

1942માં અમદાવાદમાં 'હિન્દ છોડો' ચળવળમાં સક્રિય. સરઘસોમાં જોડાતા, પત્રિકા વહેંચતા. ધરપકડ. કારાવાસ. તામ્રપત્ર.

## ટંડેલ, દાજીભાઈ ભાણાભાઈ

રાંદેર, સૂરત. નિર્ધન ખારવા જ્ઞાતિ.

1942ની લોકક્રાંતિમાં સક્રિય. પત્રિકાવિતરણ. પ્રચાર માટે ગામોમાં પ્રવાસ. ચીખલીમાં ધરપકડ. 1 વર્ષ કારાવાસ. નાશિક ભાંગફોડમાં પણ સક્રિય.

## ટાંક, ચુનીલાલ ગોવિંદભાઈ

રાજકોટ.

1939માં રાજકોટની લડતમાં ભાગ. 6 માસની સજા અને દંડ. ગુજરાત સરકારે પેન્શન આપેલ છે.

અવસાન : 26 નવેમ્બર, 1972.

## ટેલર, શાંતિલાલ પ્રાણજીવનદાસ

રાંદેર, સૂરત.

1942ની લોકક્રાંતિમાં અભ્યાસનો ત્યાગ. સરઘસોમાં ભાગ લીધો. પત્રિકાવિતરણ. 6 મહિના કઠોર કારાવાસ. રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય.

ટોપિયા, કચરાભાઈ દેવજીભાઈ

જન્મ : 12 જુલાઈ, 1916. મઘરવાડા, જિ. રાજકોટ.

રાજકોટ, જૂનાગઢની લડતોમાં ભાગ. રાજકોટની લડતમાં 6 માસની સજા અને દંડ. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ. ખેડૂત.

## ટોપિયા, ગોપાભાઈ રૂડાભાઈ

જન્મ : 2 મે, 1910. મઘરવાડા, જિ. રાજકોટ.

રાજકોટની લડતમાં ભાગ લીધો. તે માટે ધરપકડ કરવામાં આવી. કેસ ચલાવી છ માસની કેદ અને રૂપિયા 200 દંડની સજા થયેલ. નિધન થયેલ છે.

## ટોપીવાળા, જમનાદાસ લલ્લુભાઈ

શહગરપુરા, સૂરત.

1935માં મુંબઈમાં પિકેટિંગ કરતાં તેમની ધરપકડ. 4 માસની સજા. 1942ની ચળવળ દરમિયાન સૂરતમાં તેમણે સત્યાગ્રહ કર્યો. ધરપકડ થઈ અને 4 માસની સજા થઈ.

## ટોળિયા, (ડૉ.) જયંતીભાઈ નરભેરામ

જન્મ : 1912 આશરે. ધારી, જિ. અમરેલી.

અભ્યાસ : એલ.એમ.પી.(ડૉક્ટર).

1930માં મીઠાની લડત વખતે રાજકોટમાં મૅટ્રિકની પરીક્ષા આપી. પરીક્ષાના ઓરડામાંથી (વજુભાઈ શાહની હાકલથી) બહાર નીકળી ગયા. મીઠાની લડતમાં જોડાયા. ધોલેરા છાવણીમાં રહી ‘સવિનય કાનૂનભંગ’ કરતાં પકડાયા. જેલવાસ. રતુભાઈ અદાણી સાથે તરવડામાં રચનાત્મક કાર્યોમાં જોડાયા.

# ઠ

## ઠકરાર, મગનલાલ દામજીભાઈ

જન્મ : 5 મે, 1921. રાજકોટ.

1939માં રાજકોટની લડતમાં સક્રિય ભાગ લીધો. 6 માસની સજા રાજકોટમાં ભોગવી.

## ઠક્કર, અમૃતલાલ વિઠ્ઠલદાસ (ઠક્કરબાપા)

જન્મ : 29 નવેમ્બર, 1869. ભાવનગર.

પુણેની એન્જિનિયરિંગ કૉલેજમાંથી 1891માં એલ.આઈ.સી. થયા. મુંબઈમાં નોકરી દરમિયાન હરિજનસેવા પ્રત્યે આકર્ષાયા. ધોંડો કેશવ કર્વે તથા દેવધરદાદાના સમાગમ બાદ 1914માં હિન્દ સેવક સમાજના સભ્ય થયા. 1914માં ઉત્તરપ્રદેશમાં તથા 1919 અને 1922માં પંચમહાલ જિલ્લામાં દુષ્કાળ રાહતકાર્ય. 1922માં આદિવાસીઓનાં કલ્યાણ

માટે ભીલ સેવા મંડળની દાહોદમાં સ્થાપના કરી. 1926 : આદિવાસીઓની સ્થિતિના અભ્યાસાર્થે સમગ્ર ભારતનો પ્રવાસ. 1928-29માં સરકારે નીમેલી પહાડી તથા અસ્પૃશ્ય જાતિઓની તપાસ સમિતિના સભ્ય. 1930માં સવિનય કાનૂનભંગની ચળવળમાં રાજકીય કેદીઓ ઉપર તથા જુલમોની તપાસ કરતાં ધરપકડ, 11 માસની સજા. 1932માં અખિલ હિન્દ હરિજન સેવક સંઘના મંત્રી. ઓરિસા અને મધ્યપ્રદેશની સરકારોએ આદિવાસી જાતિઓનાં કલ્યાણ માટેની સમિતિના પ્રમુખ નીમ્યા. તેમણે ઘડેલી યોજનાનો અમલ થયો. 1949માં તેમણે ભારતીય આદિમ સેવક સંઘની સ્થાપના કરી. ભારતની બંધારણ સભાના સભ્ય. આદિવાસી સમિતિના પ્રમુખ. બંધારણમાં હરિજનો અને આદિવાસીઓ માટેની વિશિષ્ટ જોગવાઈઓના મુખ્ય પુરસ્કર્તા હતા. તેમની 80 વર્ષની વયે ભારત સરકારે સુવર્ણજયંતી ઊજવી હતી.

અવસાન : 19 જાન્યુઆરી, 1951.

## ઠક્કર, કરશનદાસ કસ્તૂરચંદ

જન્મ : 1893. જામનગર. અભ્યાસ : મૅટ્રિક સુધી.

જામનગર રાજ્યની જોહુકમી સામે માથું ઊંચકનારા અગ્રણી. 1929માં બનાવટી કેસ ઊભો કરી રાજદ્રોહના આરોપસર પાંચ જણાને જીવા સતાના ડેલામાં (જેલ જેવું) ગોંધી રાખ્યા. ત્યાં ભારે ત્રાસ ગુજાર્યો. લોકોનો વિરોધ થતાં મુક્ત કર્યા.

નિધન : 2 જુલાઈ, 1973.

ભારત સરકારે પેન્શન તથા તામ્રપત્ર એનાયત કર્યાં.

## ઠક્કર, (ડૉ.) કેશવલાલ વિઠ્ઠલદાસ

જન્મ : 1881. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન ડૉક્ટરની પ્રૅક્ટિસ છોડીને લડતમાં જોડાયા. ધરપકડ થઈ. બે વર્ષની કેદની સજા ભોગવી. ઠક્કરબાપા(અમૃતલાલ વિ. ઠક્કર)ના લઘુબંધુ. ભાવનગર જિલ્લા કૉંગ્રેસના પ્રમુખ. ભાવનગર શહેર સુધરાઈના પ્રમુખ. લોકસેવા.

અવસાન : 1959, ભાવનગર.

## ઠક્કર, ગોકળદાસ હીરજીભાઈ

જન્મ : 31 મે, 1902. જામનગર.

આર્યસમાજી. જામનગરના 'પ્રજામંડળ'ના અગ્રણી અને મંત્રી. રાષ્ટ્રીય ચળવળ વખતે રાજ્યના ગુંડાઓ દ્વારા મારપીટ. દુકાન-માલમિલકત રફેદફે થઈ. 'સૌરાષ્ટ્ર' પત્રના સમાચારોથી રોષે ભરાઈ રાજ્યે રાજદ્રોહનો આક્ષેપ કરતાં 'જીવા સતા'ના ડેલામાં ગોંધી રાખેલ. 7 વર્ષની સજા. દબાણને લીધે દોઢ વર્ષમાં છોડી મૂકવા પડ્યા. રાજકોટની લડતમાં સક્રિય. જૂનાગઢની આરઝી હકૂમતમાં સક્રિય. શૈક્ષણિક પ્રવૃત્તિઓ. અંધશ્રદ્ધા અને કુરિવાજો સામે જીવનભર લડ્યા. પાછળથી મુંબઈ આવ્યા.

અવસાન : 12 સપ્ટેમ્બર, 1956.

## ઠક્કર, ગોદાવરીબહેન ઘનશ્યામ

કોલકાતામાં વિદેશી માલની દુકાનો સામે ચોકી કરવા બદલ આ ગુજરાતી લોહાણા બહેનની ધરપકડ કરી ને ચાર માસની જેલની સજા થઈ હતી.

## ઠક્કર, જયંતીલાલ

જન્મ : આશરે 1920. વતન : ધરમપુર.

1942ની લડત શરૂ થઈ ત્યારે મુંબઈમાં અભ્યાસ કરતા હતા. લડતમાં ભાગ લેવા, બે મિત્રો સાથે નવસારીમાં ઠાકોરભાઈ દેસાઈને મળી, તેમની સૂચનાથી ગણદેવીની છાવણીમાં ગયા. ગણદેવીમાં દિવસે સભા, સરઘસ, શાળાઓ પર પિકેટિંગ, પટેલો-તલાટીઓનાં રાજીનામાં લેવાં વગેરે પ્રવૃત્તિ કરતા. રાત્રે

સ્થાનિક કાર્યકરોની સાથે સરકારી ચોરામાં તલાટીનું દફ્તર બાળવું, રેલવેનાં નાળાં તોડવાં, વગેરે ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. જાન્યુઆરી, 1943માં હાંસાપોર ગામે પોલીસે ધરપકડ કરી. 4 માસની સખત કેદની સજા. લડત બાદ સફળ વેપારી. ચેન્નાઈ, મુંબઈ, હૈદરાબાદમાં પેઢીઓ.

## ઠક્કર, જીવણજી આર.

જન્મ : ડિસેમ્બર, 1916. વતન : બોરસદ, જિ. આણંદ.

અભ્યાસ : મૅટ્રિક સુધી. 1930-31ની સત્યાગ્રહની ચળવળમાં ભાગ. વડોદરા રાજ્યમાં આરોગ્ય અને ખેતીવાડી ખાતામાં નોકરી.

## ઠક્કર, ઠાકોરલાલ દયારામ

કતોપોર બજાર, જિ. ભરૂચ.

1930ના મીઠા-સત્યાગ્રહમાં ભરૂચ નગરમાં પ્રથમ સત્યાગ્રહી. ભરબજારમાં મીઠું પકાવ્યું. કારાવાસ તથા દંડ. 1942ના ‘હિન્દ છોડો’ આંદોલનમાં સક્રિય ભાગ. પારાવાર કષ્ટ વેઠીને દેશપ્રેમનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું.

## ઠક્કર, ઠાકોરલાલ હીરાલાલ

વાગરા, જિ. ભરૂચ.

1930માં ભાઈ ચીમનલાલ મીઠા-સત્યાગ્રહમાં સક્રિય. 1942ના ‘હિન્દ છોડો’ આંદોલનમાં આખું કુટુંબ સક્રિય. ઠાકોરલાલ પકડાયા. 10 મહિના કારાવાસ. મુક્તિ પછી ગામોમાં લોકસેવામાં પ્રવૃત્ત.

## ઠક્કર, નંદલાલ જીવણદાસ

ભાલનાં ગામડાં, સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લેવા મોહનલાલ મહેતા(સોપાન, યુદ્ધકવિ)ના નેતૃત્વ હેઠળ પાંચમી ટુકડીમાં જોડાયા. 28-11-1931ના રોજ વઢવાણથી સત્યાગ્રહ કરવા નીકળ્યા. ધ્રાંગધ્રાની હદમાં પ્રવેશતાં પોલીસદળે બધાને ગિરફ્તાર કર્યા. ખટારામાં બેસાડી અજાણ્યા સ્થળે (ધ્રાંગધ્રાની સેન્ટ્રલ જેલ) લઈ ગયા. તેઓને અટકાયતમાં રાખ્યા.

## ઠક્કર, નારણદાસ મૂળચંદ

પાટણ.

આઝાદીની લડત વખતે બધી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. પોલીસે તેમની ધરપકડ કરી. જેલની સજા ભોગવી.

## ઠક્કર, પ્રભુદાસ લલ્લુભાઈ

જન્મ : 12 ડિસેમ્બર, 1895. સાદરા, મહેમદાવાદ, જિ. ખેડા.

1923ના નાગપુર ધ્વજ-સત્યાગ્રહમાં ભાગ લીધો. 1928માં બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930માં સવિનય કાનૂનભંગની ચળવળમાં ખેડા જિલ્લામાં મહેમદાવાદ, નડિયાદ, બોરસદ, ડાકોર તથા તેની આસપાસનાં ગામોમાં સત્યાગ્રહનો પ્રચાર. 1942ના ‘હિન્દ છોડો’ આંદોલનમાં ભાગ લીધો. વખતોવખત ધરપકડ થઈ અને કારાવાસ ભોગવ્યો. ખાદી, ગ્રામોદ્યોગ, અસ્પૃશ્યતાનિવારણ વગેરે રચનાત્મક પ્રવૃત્તિઓનું મુખ્ય કાર્ય.

## ઠક્કર, માધવજી

જન્મ : 1890. વતન : કચ્છ. પછીથી નિવાસ : અમદાવાદ.

લંડનમાં સફળ વેપાર ખેડેલો. તે પછી કોલકાતામાં વેપાર કરતા. તે ધીકતો વેપાર છોડી ગાંધીજી સાથે સાબરમતી આશ્રમમાં જોડાયેલા. દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી સાથે 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ

સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. પછી મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## ઠક્કર, મૂળજીભાઈ નેણશીભાઈ

વતન : માતર, જિ. ખેડા.

1930-32ની ચળવળ દરમિયાન માતર તાલુકાના સરમુખત્યાર. 2 કેસમાં સજા. 9 માસની જેલ.

## ઠક્કર, મોહનભાઈ લલ્લુભાઈ

રાજકોટ.

1930-32માં વિદેશી કાપડના બહિષ્કાર માટે પિકેટિંગ તેમજ સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ લીધો. 6 માસની સજા ભોગવી.

## ઠક્કર, મોહનલાલ કાળીદાસ

પાટડી, જિ. સુરેન્દ્રનગર.

રાજકોટ લડતમાં ભાગ લીધો. કષ્ટ સહન કરેલ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં પાટડીમાં ભાગ લીધો. 6 મહિનાની જેલની સજા થઈ.

## ઠક્કર, રમણલાલ મણિલાલ

ભાવનગર.

1921 : અભ્યાસનો ત્યાગ. સ્વાતંત્ર્યસંગ્રામમાં પ્રવેશ. 1942માં ભૂગર્ભવાસ. પત્રિકામુદ્રણ, વિતરણ, લડતના સંદેશાની હેરફેર. બૉમ્બકાંડમાં ધરપકડ. તામ્રપત્ર.

## ઠક્કર, રમણલાલ રમણીકલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો અને પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી. ભારત સરકારે તેમને તામ્રપત્ર એનાયત કરેલ છે.

## ઠક્કર, રમણીકલાલ મણિલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેવાથી તેમની ધરપકડ કરવામાં આવી. ટૂંકો જેલવાસ ભોગવ્યા પછી તેમને મુક્ત કરવામાં આવ્યા.

## ઠક્કર, વિઠ્ઠલ લીલાધર

અમદાવાદ. જન્મ : 1914.

સાબરમતી આશ્રમની શાળાના વિદ્યાર્થી. વય : 16. દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી સાથે 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ, 1930 સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. ત્યાર બાદ મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## ઠક્કર, શામજીભાઈ કાનજીભાઈ

મુંબઈ.

નવેમ્બર 1931ની ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લેવા માટે આત્મારામ પ્રભાશંકર ભટ્ટની આગેવાની નીચે છટ્ઠી ટુકડીમાં જોડાયા. વઢવાણથી દૂધરેજ જઈને મુકામ કર્યો. ત્યાંથી 29-11-1931ના રોજ ટ્રેનમાં રાજસીતાપુર ગયા. સ્ટેશને ઊતરી રાષ્ટ્રગીતો ગાયાં, રામધૂન કરી. પછી ધ્રાંગધ્રાની હદમાં પ્રવેશતાં ધરપકડ કરી અજાણ્યા સ્થળે લઈ જવામાં આવ્યા. રાજસીતાપુરમાં તે દિવસે સખત હડતાળ પડી.

## ઠક્કર, સતુલાલ હ.

કણજરી, જિ. પંચમહાલ.

1930માં કણજરી યુવક સંઘની સ્થાપના કરી. સ્વદેશીનું વ્રત લઈ ખાદી પહેરવી શરૂ કરી. 1942ની લડતમાં ભાગ લીધો. ડીટેન્યુ તરીકે જેલ ભોગવી.

## ઠક્કર, સુખલાલ રામજીભાઈ

ધ્રાંગધ્રા, સૌરાષ્ટ્ર.

ધ્રાંગધ્રાના અગ્રણી કાર્યકર્તા. ધ્રાંગધ્રામાં કાઠિયાવાડ રાજકીય પરિષદનું અધિવેશન ભરવાનું પ્રજાજનોએ નક્કી કરતાં ત્યાંના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટે સુખલાલ સહિત આઠ અગ્રણી કાર્યકરોને 21-9-1931ના રોજ

પોલીસકચેરીએ બોલાવ્યા. તેઓને પરિષદની તમામ પ્રવૃત્તિ છોડી દેવા સમજાવ્યા, ફોસલાવ્યા ને છેવટે ન માન્યા ત્યારે ધમકાવ્યા. છેવટે તેઓને ગિરફ્તાર કરી જેલમાં પૂર્યા. તેઓને દોરડે બાંધીને જેલમાં લઈ ગયા. તેના વિરોધમાં લોકોએ સખત હડતાળ પાડી.

## ઠાકર, ગોવિંદલાલ પૂજારામ

જન્મ 20 મે, 1912. સિદ્ધપુર.

છોટુભાઈ પંડિત અને નટવરલાલ દવે પાસેથી રાષ્ટ્રવાદની ભાવના. 1930માં પ્રભાતફેરીમાં જોડાતા, પત્રિકાઓ વહેંચતા. 1932માં અમદાવાદમાં. મૃદુલા સારાભાઈની સૂચના મુજબ દારૂની દુકાન ઉપર પિકેટિંગ. કૉંગ્રેસ હાઉસમાં રહેતા. પોલીસોએ કૉંગ્રેસ હાઉસનો કબજો લઈ, ગોવિંદલાલની ધરપકડ કરી. સાંજે મુક્ત.

શેરથા આશ્રમમાં જઈ ડૉ. સુમંત મહેતા, છોટુભાઈ પુરાણીનું માર્ગદર્શન. કડી જઈ લડતનો પ્રચાર કરતાં ધરપકડ. વિરમગામની કાચી જેલ. પછી 3 માસની જેલ અને રૂ. 25/- દંડ. દંડ ન ભરવાથી દોઢ માસની જેલ વધુ ભોગવી.

અવસાન : 12 એપ્રિલ, 1985.

## ઠાકર, દુર્ગેશભાઈ મોનજી

જન્મ : 22 એપ્રિલ, 1907, કરાંચી.

અભ્યાસ : એકાઉન્ટન્સીનો ડિપ્લોમા.

1930માં કરાંચીમાં લડતમાં ભાગ લીધો. ધરપકડ. 6 માસનો જેલવાસ. બે વાર લાઠીમારથી ઘવાયા. 1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે 2 વર્ષ જેલવાસ. દેશની વિભાજન વેળાએ કરાંચી છોડી રાજકોટ. સમાજસેવક. પેન્શન તેમજ તામ્રપત્ર એનાયત થયેલ છે. તેમનું નિધન થયેલ છે.

## ઠાકર, બાલમુકુંદ હરિશંકર

જન્મ અને વતન : સિદ્ધપુર.

અભ્યાસ : ધોરણ 8 સુધી. ધંધો : તલાટી.

1930-31ની ચળવળમાં વિદેશી કાપડની હોળીમાં સક્રિય. 1942ના ‘હિન્દ છોડો’ આંદોલનમાં સભા-સરઘસોમાં જોડાતા. 29-8-1942ના રોજ ધરપકડ. 144મી કલમના ભંગ બદલ બે માસની જેલની સજા.

અવસાન : 14 માર્ચ, 1990.

## ઠાકર, (ડૉ.) ભારતીબહેન જશવંત

રાજકોટ.

1939માં રાજકોટની લડતમાં કિશોર વયે ભાગ લીધો. અનેક વાર પકડાયાં અને છોડી મૂકવામાં આવ્યાં. અનેક પ્રકારનાં કષ્ટો વેઠ્યાં. સ્વાતંત્ર્યસેનાની વજુભાઈ શુક્લનાં પુત્રી થાય. તેમનાં માતાપિતા બંને રાજકોટની લડતમાં મોખરે હતાં ને જેલવાસ ભોગવ્યો હતો.

## ઠાકર, માણેકલાલ એન.

જન્મ : 1904. અમદાવાદ.

1942ની ચળવળમાં બૉમ્બ પ્રવૃત્તિમાં ભાગ લીધો. બૉમ્બ બનાવવા પિકરિક ઍસિડ મેળવ્યો. ધોળકા જતી રેલવેલાઇન અટકાવી દેવા, માદલપુરનું ગરનાળું ઉડાવી દેવાનો પ્રયાસ કર્યો. નિષ્ફળ. માર્ચ, 1943માં ધરપકડ. જુલાઈ, 1943 સુધી અટકાયત. સાબરમતી જેલમાં.

## ઠાકોર, અશોકભાઈ ચંદુલાલ

જન્મ : 21 સપ્ટેમ્બર, 1921. કાર્યક્ષેત્ર : અમદાવાદ.

1932 : ખાડિયા વ્યાયામશાળા સંચાલિત વાનરસેનામાં વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. 1942– ‘હિન્દ છોડો’ લડતમાં શહેરસૂબાના કાર્યમાં સંપૂર્ણ મદદ. પત્રિકાપ્રવૃત્તિમાં – સાઇક્લોસ્ટાઇલ કરવામાં, મશીન સાચવવામાં – મદદ. મશીનના

સ્થાનફેર. શહેરસૂબાના અંગત મંત્રીની કામગીરી. તેથી પોલીસની ત્રણ વાર રેડ પડી, પરંતુ છાપરાં કૂદી નાસી જવાથી પકડાયા નહિ.

ઠાકોર, આનંદીભાઈ શિવપ્રસાદ

જન્મ : 2 નવેમ્બર, 1906. અમદાવાદ.

1930માં ગાંધીજીની દાંડીકૂચ દરમિયાન દાંડી સુધી પગપાળા પ્રવાસ. અમદાવાદમાં સક્રિય રહી જિલ્લાનાં ગામોમાં લોકજાગૃતિ માટે પ્રવાસ. મીઠાના અગરો પર ધાડ પાડવા ધરાસણા જવા નીકળ્યા, રસ્તામાં ધરપકડ, જેલની સજા. તે વર્ષે ફરીથી ધરપકડ અને 2 માસની સજા. 1931માં ગુજરાત કૉંગ્રેસ સેવાદળની સ્થાપના થઈ. તેના પ્રથમ વ્યવસ્થાપક બન્યા. તે કામગીરી બદલ ધરપકડ, 1 વર્ષની સજા. 1933માં ધરપકડ કરીને પૂછપરછ બાદ મુક્તિ. 1934માં અમદાવાદ મ્યુનિસિપલ નોકરમંડળ સ્થાપ્યું. 1938માં હરિપુરા (જિ. સૂરત) કૉંગ્રેસના અધિવેશનમાં સ્વયંસેવક. 1942માં અમદાવાદ મ્યુનિસિપલ કચેરીમાં હડતાળ પડાવી. ધરપકડ. 1 વર્ષની સજા. 1943થી 1950 સુધી સરકારી અને બિનસરકારી સમિતિઓના સભ્યપદે કામગીરી. 1950થી અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં અધિકારી, ડેપ્યુટી કમિશનર તરીકે નિવૃત્ત થયા.

## ઠાકોર, (ડૉ.) જયંતી પ્રાણલાલ (શહેરસૂબા)

જન્મ : 4 માર્ચ, 1913. લાલપુર, જિ. જામનગર.

નિવાસ : અમદાવાદ.

યુવાન વયથી દેશભક્તિ. 1930માં ધરાસણા જઈ સત્યાગ્રહમાં ભાગ લઈ, ખૂબ માર ખાધો. ધોલેરા અને ધંધૂકામાં સત્યાગ્રહ કરી માર ખાધો. અમદાવાદમાં સરકારી આર. સી. હાઈસ્કૂલના મકાન પર રાષ્ટ્રધ્વજ ફરકાવવા જતાં માર ખાધો. સરઘસની આગેવાની લીધી. ધરપકડ. 7 મહિનાની સજા. 1932થી 1942 સુધીમાં ચાર વાર જેલ ભોગવી. 1942માં ગુપ્ત કૉંગ્રેસ સંગ્રામ સમિતિએ અમદાવાદમાં આઝાદ સરકાર રચીને તેમને 'શહેરસૂબા' બનાવ્યા. 'કૉંગ્રેસ પત્રિકા' જૂન, 1943 સુધી પ્રસિદ્ધ કરાવી. ભાંગફોડની પ્રવૃત્તિ ચલાવી. બૉમ્બ, શસ્ત્રો, રિવૉલ્વર ભેગાં કર્યાં. શાળા-કૉલેજો ને બજારોમાં સાડા ત્રણ મહિના હડતાળ ચાલુ રખાવી. વ્યાયામપ્રવૃત્તિ, દલિતોદ્ધાર, હિન્દુ-મુસ્લિમ એકતા, સેવાદળ અને મજૂરપ્રવૃત્તિ કરતા. કોમી હુલ્લડોમાં શાંતિ સૈનિક તરીકે સેવા. નિસર્ગોપચારના નિષ્ણાત. તે અગાઉ દાંતના ડૉક્ટર હતા.

અવસાન : 2004. અમદાવાદ

## ઠાકોર, જિતેન્દ્ર

અમદાવાદ.

1942ની લડતમાં ખાડિયાના વૉર્ડનાયક. સભાઓ, સરઘસો તથા પત્રિકા વહેંચવાનું વૉર્ડમાં આયોજન, સંચાલન. પોળ-નાયકો, શેરી-નાયકો, સ્વયંસેવકોને સૂચનાઓ આપવી, વિવિધ કામો સોંપવાં.

ઠાકોર, જેઠાલાલ હરગોવિંદદાસ

જન્મ : 1908, ઉપલેટા.

અભ્યાસ : મૅટ્રિક. 1930-32 તથા 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. સાબરમતી, યરવડા, વિસાપુરમાં 6 માસની જેલ. પાછળથી વધારાની 1 વર્ષની જેલ. ઉપલેટામાં વ્યવસાય. પેન્શન અને તામ્રપત્ર એનાયત થયેલ છે.

અવસાન : 1 નવેમ્બર, 1975.

## ઠાકોર, જેસંગભાઈ વાલજીભાઈ

જન્મ : 16 ઑગસ્ટ, 1911. અમદાવાદ. વતન : પંથોડા, તા. કડી.

'હિન્દ છોડો' આંદોલન વખતે, આંગળી કાપી પોતાના રક્ત વડે 'કરેંગે યા મરેંગે'ના

પ્રતિજ્ઞાપત્ર પર સહી. અમદાવાદ કે. જી. પ્રભુની દોરવણી હેઠળ ભૂગર્ભપ્રવૃત્તિ. કલોલની રેલવેલાઇનના પાટાની સ્લીપરોના બોલ્ટ અને ચાકી કાઢી નાંખ્યાં. માલગાડીનું એન્જિન પાટા ઉપરથી ઊથલી પડ્યું. છોટુભાઈ પુરાણીના આદેશથી ભરૂચ જિલ્લાના એક ગામમાં પોલીસો સાથે ધીંગાણું. અમદાવાદમાં દરિયાપુરના રતિલાલ ધ્રુવની સૂચના મુજબ એક પોલીસચોકી પર હુમલાની યોજના. રિવૉલ્વરમાંથી ગોળી ન છૂટતાં કાવતરું નિષ્ફળ. નાસી ગયા.

છોટુભાઈ પુરાણીની સૂચના મુજબ વિરમગામ પાસે રેલવે– ટ્રેનમાંથી સરકારી તિજોરી લૂંટવામાં ચન્દ્રકાન્ત અને મેઘજીભાઈ સાથે હતા. અમદાવાદ પાસે જોધપુર ટેકરા ઉપર સરકારી ભરણાની લૂંટમાં સાથ આપ્યો. દશક્રોઈ તાલુકાના ભુવાલડી ગામનું ભરણું લૂંટવામાં નિષ્ફળ. હઠીભાઈની વાડી સામે ટપાલપેટીમાં વિસ્ફોટક મૂકી ધડાકો. ટપાલપેટીના ચૂરેચૂરા થઈ ગયા. અમદાવાદમાં કેટલીક પોલીસચોકીઓ પર બૉમ્બ ફેંક્યા.

## ઠાકોર, નાનશા છોટાલાલ

જન્મ : 13 ડિસેમ્બર, 1911. અમદાવાદ.

1930ની ચળવળમાં ભાગ લેતાં ધરપકડ. સાડા પાંચ માસ જેલ. 1932માં ફરી ધરપકડ અને 3 માસની જેલની સજા. 1936માં અભ્યાસ છોડી રાજકારણમાં સક્રિય. 1936થી 1940 વિદ્યાર્થી સંઘના મંત્રી. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં હથિયારો ભેગાં કરવાં, ભૂગર્ભમાં ભાંગફોડની પ્રવૃત્તિ. ધરપકડ. 1 વર્ષ અટકાયતમાં. ગુજરાતની ક્રિકેટ-પ્રવૃત્તિમાં સક્રિય. જાણીતા પત્રકાર. 'ગુજરાત સમાચાર', 'જનસત્તા' દૈનિકોમાં સેવા.

અવસાન : 17 ઑક્ટોબર, 1988. અમદાવાદ.

## ઠાકોર, પાંડુરાવ છોટાલાલ

જન્મ : 1905. અમદાવાદ.

1928-29માં યુવક સંગઠન દ્વારા કામ કર્યું. 1930ની ચળવળમાં મીઠાના કાયદાનો ભંગ કરીને સત્યાગ્રહ. શહેર કૉંગ્રેસ સમિતિના મંત્રી. સત્યાગ્રહ પત્રિકા પ્રગટ કરતા. ધરપકડ. 1 વર્ષની જેલ અને 150 રૂપિયા દંડ. ધરાસણા સત્યાગ્રહમાં 22 સ્વયંસેવકોની ટુકડી લઈને ગયા. પોલીસોએ તેમને ઊંચકીને મીઠાના અગરમાં નાખી દીધા અને એવો સખત માર માર્યો કે તેમનું હાડકું તૂટી ગયું.

## ઠાકોર, પિનાકિન ઉદયલાલ

જન્મ : 24 ઑક્ટોબર, 1916. અમદાવાદ.

1930માં વડોદરામાં શાળામાં અભ્યાસ દરમિયાન વિદેશી કાપડની હોળી થતી જોઈ. રાષ્ટ્રભક્તિ. તે વખતે સરઘસોમાં જોડાતા. ખાદી પહેરવાની શરૂઆત કરી. પોતે કાંતતા. ગાંધીજીની પ્રેરણાથી 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં જોડાયા. શહેરસૂબા-જયંતી ઠાકોર અને વાસુદેવ ભટ્ટની સૂચનાથી જુદા જુદા વૉર્ડમાં લડત વિશે ભાષણો આપતા. એક સાઇક્લોસ્ટાઇલ મશીન પિનાકિન ઠાકોરને ઘેર રાખ્યું હતું. થોડા દિવસ બૉમ્બ સાચવવા મૂકી રાખવામાં આવ્યા. શહેરસૂબા તથા વાસુદેવ ભટ્ટને ભૂગર્ભમાં રાખ્યા. માંડવીની પોળમાં ભરાયેલી ગુપ્ત સભા પર દરોડો પડવાથી નાસી ગયા. વેશપલટો કરીને વડોદરા જતા રહ્યા.

અવસાન : 25 નવેમ્બર, 1995.

## ઠાકોર, પુરુષોત્તમદાસ ફૂલચંદ

જન્મ : 1925. ડાકોર, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક સુધીનો. 1942ની લોકક્રાંતિમાં 13-8-1942ના દિવસે ડાકોરમાં નીકળેલા સરઘસમાં થયેલ ગોળીબારમાં ઘવાયેલા અને પગ કપાવવો પડેલો.

## ઠાકોર, પ્રતાપજી
સઈજ (ઉત્તર ગુજરાત).

ઑગસ્ટ 1942માં સઈજ ગામમાં જન્માષ્ટમીનો મેળો. હજારો લોકો ભેગા થયા. તે અગાઉ કલોલમાં સભા પર લાઠીચાર્જ અને ધરપકડો. લોકોમાં ઉશ્કેરાટ. પ્રતાપજીએ પોલીસપાર્ટીને પડકાર ફેંક્યો. વડોદરા રાજ્યની પોલીસે કરેલ ગોળીબારમાં તેનું મૃત્યુ. લડત દરમિયાન શહીદ. ટોળું ઉશ્કેરાયું. પોલીસો નાસીને ચૉરામાં ભરાયા. ટોળાએ કેરોસીન છાંટી ચૉરાને આગ લગાડી. તેમાંથી નાસવાના પ્રયાસમાં એક ફોજદાર અને ચાર પોલીસ માર્યા ગયા.

## ઠાકોર, બળવંતરાય પ્રમોદરાય (બલ્લુભાઈ પરમોદરાય)
જન્મ : 21 ઑગસ્ટ, 1878. અમદાવાદ.

શિક્ષણ : અમદાવાદમાં આર. સી. હાઈસ્કૂલ તથા ગુજરાત કૉલેજમાંથી બી.એ., એસ.ટી.સી.. 1908માં સરકારી શાળા છોડી પ્રોપ્રાયટરી હાઈસ્કૂલની સ્થાપના કરી. તેને રાષ્ટ્રીય શાળા બનાવી. 1920માં ગૂજરાત વિદ્યાપીઠ સાથે જોડાણ. 1919-30 દરમિયાન સુધરાઈમાં શિક્ષણમંડળના અધ્યક્ષ. 1930 : ધરાસણા મીઠા સત્યાગ્રહ; 6 મહિના કારાવાસ. 1930માં શાળાનું સાર્વજનિક ટ્રસ્ટ રચ્યું. 1932 : સવિનય ભંગ સત્યાગ્રહમાં નાશિકમાં 1 વર્ષ કારાવાસ. 1933માં અમદાવાદ નગરપાલિકાના પ્રમુખ; મુંબઈ યુનિવર્સિટીની સેનેટના સભ્ય. 1937 : મુંબઈ વિધાનસભાના સભ્ય. શિક્ષણ, સમાજકાર્ય, પત્રકારત્વ આદિ ક્ષેત્રે નોંધપાત્ર સેવા, અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપનામાં સક્રિય.

અવસાન : 21 જાન્યુઆરી, 1939. અમદાવાદ.

## ઠાકોર, બાબુલાલ શંકરલાલ
જન્મ : 6 સપ્ટેમ્બર, 1923. અમદાવાદ.

1942ની લડતમાં સરઘસોમાં ભાગ લેતા. ગોવિંદભાઈ સાથે પેટલાદથી પોટાશ ખરીદ્યો. 16 ડિસેમ્બર, 1942ના રોજ મામુનાયકની પોળમાં ગોવિંદભાઈ મોતીલાલ પટેલ સાથે બૉમ્બ બનાવવા જતાં ધડાકો. બાબુલાલે એક આંખ ગુમાવી. પગમાં તથા માથામાં ઈજાઓ, પોલીસે રતિલાલ સરકારને ઘેરથી બંનેની ધરપકડ કરી દવાખાને મોકલ્યા. દવાખાનામાં ચાર મહિના. અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે. આશરે સાત મહિના સાબરમતી જેલમાં.

તામ્રપત્ર અને પેન્શન મળે છે.

## ઠાકોર, મારુતિસિંહ છત્રસિંહ
જન્મ : 1 નવેમ્બર, 1896. કાલોલ, જિ. પંચમહાલ.

1917થી દરેક રાજકીય પરિષદમાં સક્રિય. હોમરૂલની ચળવળમાં પ્રચાર કર્યો. 1920થી ’29 સુધી રાષ્ટ્રીય શાળાના મંત્રી, કાલોલ. 1929માં ધરપકડ. દોઢ મહિનો કારાવાસ. 1930 : ધરાસણાના મીઠા-સત્યાગ્રહમાં. પોલીસનો સખત લાઠીમાર. હાડકાં ભાંગ્યાં. 1932માં 1 મહિનો અટકાયત. સભા, સરઘસ, પત્રિકાવિતરણ. અમદાવાદમાં ગુજરાત રાજકીય પરિષદમાં ભાષણ સમયે ધરપકડ. 6 મહિના કારાવાસ. 1942માં ‘હિન્દ છોડો’ આંદોલનમાં કારાવાસ.

## ઠાકોર, રાધાબહેન જેઠાલાલ
જન્મ : 1910. ઉપલેટા.

ખેડાની નાકરની લડતમાં ભાગ લીધો. વિસાપુર જેલમાં 1 વરસની સજા ભોગવી.

## ઠાકોર, રોહિણીબહેન હરિવદન
સૂરત.

ઘરનું વાતાવરણ રાષ્ટ્રીય. પિતા કનૈયાલાલ દેસાઈ, માતા, ભાઈઓ સૌ લડતમાં પડેલાં અને જેલમાં ગયેલાં. 1930-32ની લડતોમાં પિકેટિંગ

અને ખાદી-પ્રવૃત્તિમાં ભાગ લીધો. સૂરતના કિલ્લાના મેદાનમાં પિકેટિંગ દરમિયાન પોલીસોએ ઘોડા દોડાવ્યા તે વખતે ભારે સાહસ અને બહાદુરીથી પોલીસ સુપરિટેન્ડેન્ટના ઘોડાની લગામ પકડી તેને અટકાવ્યો હતો. આ લડતમાં જેલમાં ગયાં હતાં.

## ઠાકોર, વકતાજી સુજાજી

જન્મ : 1905 આશરે. મારવાડ. નિવાસ : કપડવંજ.

1921થી ખાદીપ્રવૃત્તિમાં સક્રિય. ઘેર સાળ રાખતા –મહુધામાં. મોહનલાલ પંડ્યાના ખાદી કાર્યાલયમાં સેવા. 1930-32ની ચળવળ તથા 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય હિંસક પ્રવૃત્તિ. કપડવંજ સ્ટેશને ગાડીમાં બૉમ્બ મૂકતા પહેલાં વિસ્ફોટ થવાથી સખત ઘવાયા. પોલીસને થાપ આપી ઉપચાર કરાવી સાજા થયા. નવા ડીસામાં રચનાત્મક કાર્યકર.

## ઠાકોર, વસલાજી સુ.

નિવાસ : વિકોદર, જિ. બનાસકાંઠા.

સ્વાતંત્ર્યસંગ્રામમાં વિવિધ ક્ષેત્રે સક્રિય. 1930ના મીઠા-સત્યાગ્રહ દરમિયાન વિદેશી કાપડનો બહિષ્કાર. ખાદીપ્રચાર. ધરપકડ અને કારાવાસ. નોંધપાત્ર દેશસેવા.

## ઠાકોર, વસુમતીબહેન ઠાકોરલાલ

જન્મ : 1891. અમદાવાદ.

1930માં સત્યાગ્રહ-આંદોલન વખતે સૂરતમાં 'સ્વયંસેવિકા સંઘ' સ્થાપ્યો. પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. ધારાસભાનો બહિષ્કાર. કારાવાસ. 1932માં સવિનય ભંગ સત્યાગ્રહ. 18 મહિના કારાવાસ. 1940-41માં વાણી-સ્વાતંત્ર્ય સત્યાગ્રહ. બે વાર 3 મહિના કારાવાસ. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં 1 વર્ષ, 5 મહિના, 21 દિવસ કારાવાસ. સૂરત. સાર્વજનિક કાર્યોમાં સંલગ્ન.

## ઠાકોર, સજ્જનસિંગ ગુમાનસિંગ

દાહોદ.

1930ની ચળવળ દરમિયાન દાહોદમાં કલાલના ઝાંપા પાસેનાં દારૂનાં પીઠાં પર શાંતિમય પિકેટિંગ. આવક ઘટવાથી માલિકોની ફરિયાદ. પોલીસ દ્વારા ધરપકડ. 2 માસની કેદની સજા ભોગવી.

## ઠાકોર, સુખદેવસિંહ બચુસિંહ

પારડી, જિ. વલસાડ.

ઉદવાડા સ્ટેશન નજીકના એક મકાનમાંથી ધરપકડ. પત્રિકાઓ પ્રગટ કરવાના અને ઉશ્કેરણી કરવાના આરોપસર 6 મહિનાની કેદની સજા. 1932માં સૂરતમાં પત્રિકા વહેંચવા માટે માર ખાધો. સાબરમતી, નાશિક તથા અલ્લાહાબાદમાં જેલ ભોગવી. સૂરતમાં મીઠુબહેનની સૂચનાથી આંબાવાડી જઈ હિજરતીઓની સેવા કરી.

## ઠાકોર, સુમિત્રાબહેન ભૂપતરાય

જન્મ : 14 ફેબ્રુઆરી, 1916. અમદાવાદ.

સ્ત્રી સંસ્થા, સહકારી સંસ્થામાં સક્રિય. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ. 3 મહિના કારાવાસ. પુનઃ સત્યાગ્રહ. પુનઃ 4 મહિના કારાવાસ. દસક્રોઈ રેંટિયા પ્રચાર સંઘનાં સહમંત્રી. જ્યોતિસંઘ, વિકાસગૃહ આદિ સંસ્થામાં સેવા. સમસ્ત ગુજરાત સામાજિક સ્ત્રી સંસ્થામાં કાર્યાલયમંત્રી. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સ્ત્રીઓનાં સરઘસો વગેરે પ્રવૃત્તિમાં સક્રિય.

## ઠાકોર, સુરેન્દ્ર બળવંતરાય

જન્મ : 1915. અમદાવાદ.

1930-32ની ચળવળમાં પત્રિકા વહેંચવી, સરઘસોમાં જોડાતા. 1942ની ચળવળમાં સરઘસોમાં જોડાતા, પત્રિકાઓ વહેંચતા.

વિદ્યાર્થીપ્રવૃત્તિમાં સક્રિય. ઑક્ટોબર, 1942માં ધરપકડ. 7 મહિના સાબરમતી જેલમાં અટકાયત.

## ઠાકોર, સુષેણ

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં એલિસબ્રિજ વિસ્તારમાં ટેલિફોનના તાર કાપ્યા. મ્યુનિસિપલ શાળાઓનાં બારણાં, ફર્નિચર સળગાવ્યું. ટપાલ બાળવા લેટરબૉક્સમાં રસાયણો નાખ્યાં. મિલોની હડતાળ ચાલુ રાખવા ગામડાંમાં પ્રચાર.

## ઠાકોર, સૂર્યકાન્તાબહેન

અમદાવાદ.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. ગુજરાત પ્રાંતિક સમિતિની સંમતિથી પિકેટિંગ મંડળના આશ્રયે અમદાવાદમાં સ્થપાયેલ બાળસેવિકા સંઘનાં સહમંત્રી હતાં. અમદાવાદમાં પાંચ કૂવાની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતાં. તેથી ગુજરાત કૉલેજમાં પ્રવેશ લેતાં અટકાવવામાં આવ્યાં. ગાંધીજીના આદેશ મુજબ શુદ્ધ ખાદી પહેરીને જ પિકેટિંગ કરતાં હતાં.

## ઠાકોર, હરિપ્રસાદ કેસરીપ્રસાદ

જન્મ : 13 સપ્ટેમ્બર, 1917. અમદાવાદ.

બી.એ., એલએલ.બી.; વકીલાતની સાથે સામાજિક પ્રવૃત્તિઓમાં રસ. 1930ની લડત વખતે વાનરસેનામાં સક્રિય રસ. 1942ની લડત વખતે કૉંગ્રેસના કાર્ય અંગે નડિયાદમાં પોલીસ દ્વારા સખત માર પડેલો. 1942ની લડત અંગેના ખાસ કેસોમાં બચાવપક્ષે લોકોની વકીલાત કરેલી.

## ઠાકોર, હરિવદન પ્રાણલાલ

અમદાવાદ.

વ્યાયામશાળાની તાલીમ, વિદ્યાર્થીમંડળની પ્રવૃત્તિથી દેશભક્તિની પ્રેરણા. 1942ની ચળવળમાં. વિદ્યાર્થી- પ્રવૃત્તિમાં સક્રિય. સરઘસોમાં જોડાતા, રોજ પત્રિકાઓ વહેંચવી. પત્રિકાઓ સાઇકલ ઉપર દૂધના કેનમાં, છાપાંનાં પારસલોમાં, પીઠ કે કમર પર બાંધીને લઈ જતા. પત્રિકા છુપાવીને લઈ જતાં પોલીસે ઘેરી લીધા, સખત માર્યા, પકડીને કારંજ પોલીસસ્ટેશને બેસાડી રાખી, છોડી મૂક્યા અને પાછળ ગુપ્ત પોલીસો મૂક્યા. 'યુદ્ધ વેરો' ઉઘરાવ્યો. લડત માટે માર્ગદર્શન આપવા તેઓ કાંતિલાલ ઘિયા, સર્વદમન દેસાઈ, ચન્દ્ર કાર્ટૂનિસ્ટ સાથે વડોદરા, ભરૂચ, સૂરત ગયા. ત્યાં પત્રિકાઓ પ્રગટ કરી. પોસ્ટરો તૈયાર કરી ચોંટાડ્યાં. બજારમાં ખરીદી કરતાં ધરપકડ. નાસી જવાના પ્રયાસો નિષ્ફળ ગયા. અટકાયત. 9 મહિના. સાબરમતી, નાશિક, મુંબઈમાં આર્થર રોડ જેલમાં સજા ભોગવી.

ઠાકોર, હરિવદન મણિલાલ

1926માં ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક. હરિજનસેવામાં સક્રિય. પરીક્ષિતલાલ મજમુદાર સાથે નવસારીમાં સેવાકાર્ય. સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય. કારાવાસ. 1938માં હરિપુરા. મહાસભાના અધિવેશનમાં નાયક. પત્ની : રોહિણીબહેન કનૈયાલાલ દેસાઈ, સૂરત.

## ઠુમર, આંબાભાઈ રણછોડભાઈ

જન્મ : 10 નવેમ્બર, 1935. થોરસા, જિ. રાજકોટ.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. જમીન, ખોરડાં, મિલકત ગુમાવ્યાં. સૌરાષ્ટ્ર રાજ્યની રચના પછી પરત મળ્યાં.

ઠુમર, નારણદાસ વાઘજીભાઈ

જન્મ : 1910. સરધાર, જિ. રાજકોટ.

રાજકોટ લડતમાં સક્રિય ભાગ. બે વાર 6-6 માસની જેલ અને દંડ. ખેતીની જમીન, ઘર, ઊભો પાક જપ્ત. પાછળથી બધું પરત થયેલ.

## ઠુમર, બચુભાઈ મૂળજી

જન્મ : 12 મે, 1923. રાજકોટ.

રાજકોટ સત્યાગ્રહમાં અને 1942ની લડતમાં ભાગ લીધો. 2 અઠવાડિયાં સુધી અટકમાં રાખવામાં આવ્યા.

# ડ

## ડગલી, કાંતાબહેન

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

1931માં ધ્રાંગધ્રાની લડત વખતે અગ્રણી મહિલા કાર્યકર. મહિલાઓના સંગઠન માટે પુરુષાર્થ. રાજ્ય સામે બંડ. ઘર ઉપર રાજ્યે ચોકી બેસાડી. 'કાઠિયાવાડ રાજકીય પરિષદ'ના પ્રતિનિધિ- મંડળમાં પાંચમાંનાં એક. સારાં વક્તા.

## ડગલી, મગનલાલ

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર.

1931માં ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લીધો. હરિલાલ લાઠીની આગેવાની હેઠળની બીજી ટુકડીમાં વઢવાણથી જોડાયા. હળવદ સ્ટેશને ઊતરી ધ્રાંગધ્રા રાજ્યની હદમાં પગ મૂકતાં ગિરફ્તાર કરવામાં આવ્યા. ખટારામાં ધકેલી પોલીસો તેમને અજાણ્યા સ્થળે લઈ ગયા. પછી શિવાનંદજીની ટુકડી રાખી હતી તે વ્રજપુર ગામે લઈ ગયા.

## ડગલી, વાડીલાલ જેચંદ

જન્મ : 20 નવેમ્બર, 1926.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં અમદાવાદમાં ભૂગર્ભપ્રવૃત્તિ. તેમણે સરકાર દ્વારા પ્રતિબંધિત પુસ્તિકાઓ ગામડાંઓમાં વહેંચવા માટે નંદલાલ ત્રિકમલાલ શાહને સુરેન્દ્રનગર તથા અન્યત્ર વહેંચવા આપી. તેમણે નંદલાલ ત્રિ. શાહને
કેટલોક દારૂગોળો, ડાઇનેમાઇટના ફ્યૂઝ તથા બીજા સ્ફોટક પદાર્થોનો જથ્થો આપ્યો. તે બંગાળની લશ્કરની ફૅક્ટરીમાંથી ચોરાઈને આવેલો. વાડીલાલે નંદલાલને બૉમ્બ બનાવવા તથા રેલવે–ટ્રેન ઉથલાવવા, ભાંગફોડ
માટે તે પદાર્થોનો જથ્થો આપ્યો હતો. તેના બૉમ્બ બનાવી સુરેન્દ્રનગરમાં ફેંકવામાં આવ્યા હતા.

અવસાન : 6 ડિસેમ્બર, 1985.

## ડહીબહેન આશાભાઈ

પીપળાવ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવવામાં આવ્યો. તે વખતે નીકળેલા સ્ત્રીઓના સરઘસ ઉપર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને બરડા ઉપર ઈજા થઈ હતી.

## ડહીબહેન તળશીભાઈ

આંકલાવ, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર સખત લાઠીમાર કરી અનેક બહેનોને ઘાયલ કરી. તેમાં તેમને લાઠીના પ્રહારોથી બરડામાં ઈજાઓ થઈ હતી.

## ડાધાવાલા, રતિલાલ જેઠાલાલ

જન્મ : 11 એપ્રિલ, 1914. ઉમરેઠ, જિ. ખેડા.

અભ્યાસ : બી.એ. 1930માં દાંડીકૂચવેળાથી

લડતમાં જોડાઈ પત્રિકાઓનું પ્રકાશન, સભાઓ યોજવાનું કામ; પરદેશી કાપડનો બહિષ્કાર. પિકેટિંગ કરતાં ધરપકડ અને 6 માસની સખત કેદ અને દંડ. 1932માં ઉમરેઠ મ્યુનિસિપલ હદ ન છોડવાનો હુકમ. તેનો ભંગ. દિલ્હી કૉંગ્રેસમાં હાજરી આપતી વખતે ધરપકડ અને ગુજરાતમાં લાવી 9 માસની સખત કેદ. શૈક્ષણિક કાર્યમાં વિશેષ રુચિ.

## ડાભી, ફૂલસિંહજી ભરતસિંહજી

જન્મ : 1896. ઘોડાસર, જિ. ખેડા.

અભ્યાસ અધૂરો મૂક્યો. પાછળથી ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા. 1918માં શિક્ષક, સુણાવ. 1923માં નાગપુર જતી સત્યાગ્રહી ટુકડીના સભ્ય. 1932માં કૉંગ્રેસભવન સત્યાગ્રહમાં કારાવાસ. આણંદમાં ફરી સત્યાગ્રહ અને કારાવાસ. 1936માં ધારાસભ્ય ચૂંટાયા. 1945માં ફરી ચૂંટાયા. 1952માં સંસદસભ્ય તરીકે ચૂંટાયા.
વ્યવસાય : ધારાશાસ્ત્રી.

## ડાભી, લાભુભાઈ નાનજીભાઈ

લીંબડી, જિ. સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર.

1939માં લીંબડીની લડતમાં ભાગ લીધો. પરિષદ દિન 18-2-1939ના દિવસે રાજ્યાશ્રિત ગુંડા તેમજ અસામાજિક તત્ત્વોએ માર મારેલો. હિજરત કરીને લીંબડી છોડી ગયા.

## ડામોર, નૂરજીભાઈ જોખનાભાઈ

શંકરપુરા, તા. ઝાલોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સભા-સરઘસોમાં જોડાઈ, સરકાર વિરોધી સૂત્રો પોકારવાં તથા લડતનો પ્રચાર કરી લોકોને તેમાં જોડવા માટે ધરપકડ. 11 ઑક્ટોબર, 1942થી 9 ડિસેમ્બર, 1942 સુધી 2 માસની કેદ ભોગવી.

## ડામોર, માલસિંહભાઈ ફતાભાઈ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. 1942ના નવેમ્બરમાં ઝાલોદમાં જાહેર સભા ગોઠવી અને તેમાં લડત અંગે ભાષણ કરવાને કારણે તેમની ધરપકડ કરવામાં આવી.

## ડામોર, માલાભાઈ

દાહોદ.

ડિસેમ્બર, 1942માં દાહોદમાં પંચમહાલ જિલ્લા આઝાદ પરિષદ મળી તેમાંથી તેમના સહિત કુલ 15ની ધરપકડ. 2 માસની કેદની સજા.

## ડાયર, હરિભાઈ કેશવલાલ

જ. : 5 જુલાઈ, 1905. અમદાવાદ.

1920-22ની અસહકારની ચળવળમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 1928માં સાયમન કમિશનનો વિરોધ કર્યો. 1930થી 1942 સુધી ધંધો બંધ કરીને સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાયા. 1942માં ખાડિયા, જેઠાભાઈની પોળમાં તેમના મકાનમાં બૉમ્બ બનાવતા. બૉમ્બ બનાવવાની સામગ્રી ધર્મજ, ખંભાતથી લાવતા. પોટાશ, ગંધક, કોલસી વગેરે ધર્મજના છોટુભાઈ ઉમેદભાઈ પટેલ લાવીને આપી જતા. બહેનો લોટના ડબામાં વસ્તુઓ કે બૉમ્બ લઈ જતી. જરૂરી ખર્ચ માટે નાણાં બી. કે. મજુમદાર, કે. જી. પ્રભુ અને કાંતિલાલ ઘિયા મારફતે મળતાં. કાર્યકરોને ગુપ્ત આશ્રય આપતા; જેમ કે જયંતી ઠાકોર, વાસુદેવ ભટ્ટ, પુરાતન બુચ, કે. જી. પ્રભુ વગેરે.

## ડાહીબહેન

આંકલાવ, જિ. આણંદ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના

સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના પ્રહારોથી હાથ, પગ પર ઈજા થઈ હતી. કાંડુ પકડી ઘસડ્યાં હતાં.

## ડાહીબહેન ગોરધનભાઈ

ઉંમર : 40 વર્ષ. વાસણા, તા. બોરસદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો, ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં બંદૂકનો કુંદો વાગવાથી તેમને પડખામાં ઈજા થઈ.

## ડાહીબહેન જીજીભાઈ

ઉંમર : 12. બોચાસણ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના ફટકાથી કાંડાં, પગ અને પીઠ પર ઈજા થઈ હતી.

## ડાહીબહેન નરેશભાઈ

ધર્મજ, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને હાથ પર ઈજા થઈ.

## ડાહીબહેન ફૂલાભાઈ

ઉંમર : 40. આંકલાવ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે કરેલા બેફામ લાઠીચાર્જમાં કમ્મર ઉપર ઈજા થઈ.

## ડાહીબહેન મથુરભાઈ

ઉંમર : 30. બોચાસણ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના ફટકાથી પીઠ પર ઈજા થઈ હતી.

## ડાહીબહેન મંગળભાઈ

ઉંમર : 12. બોચાસણ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીથી ડાબા પગના થાપા, કાંડું અને પીઠ પર ઈજાઓ થઈ હતી.

## ડાહીબહેન મૂળજીભાઈ

ઉંમર : 25. આંકલાવ, જિ. આણંદ

1930-32ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે કરેલા બેફામ લાઠીચાર્જમાં બોચી ઉપર ઈજા થઈ.

## ડાહીબહેન શનાભાઈ

વાસણા, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં બંદૂકનો કુંદો મારવાથી તેમને ખભામાં ઈજા થઈ હતી.

## ડાહીબહેન શિવાભાઈ

ઉંમર : 16. બોચાસણ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો

હતો. તેમાં તેમને લાઠીના ફટકાથી બરડા પર ઈજા થઈ હતી.

## ડાહ્યાભાઈ કાશીભાઈ

ભાદરણ, તા. બોરસદ, જિ. આણંદ. ઉંમર વર્ષ : 29 આશરે.

1930ની ચળવળ દરમિયાન બોરસદ સત્યાગ્રહ છાવણીના પાંચમા મંત્રીપદેથી ધરપકડ કરવામાં આવી હતી. સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા. ગાંધી-ઇર્વિન કરાર થતાં છોડી મૂક્યા.

## ડાહ્યાભાઈ ભૂલાભાઈ

બોરખાડી, જિ. ભરૂચ.

1928ના બારડોલી સત્યાગ્રહમાં હિજરતી ખેડૂતોને સહાય કરી. વિદ્યાપીઠમાંથી સેવાદળ પ્રશિક્ષણ. 1930માં પત્રિકાવિતરણ. ધરાસણા મીઠા સત્યાગ્રહી- ઓની સેવા-સારવાર. દાંડી સત્યાગ્રહ. અમાનુષી માર. સાડા સાત મહિના કારાવાસ. 1942નાં 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય.

## ડાંગી, વરસીંગભાઈ કાળિયાભાઈ

જાફરપુરા, તા. ઝાલોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં લડતનો પ્રચાર કરી, સભા-સરઘસમાં ભાગ લઈ સરકાર વિરુદ્ધ યુવાનોને પ્રોત્સાહન આપવા માટે ધરપકડ.

23-12-1942 થી 24-2-1943 સુધી 2 માસની કેદની સજા.

## ડિંડોડ, માલજીભાઈ કોયાભાઈ

મલવાસી, તા. ઝાલોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ઝાલોદ તાલુકામાં સરકારી ચોરા બાળવા સહિત ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ. ધરપકડ. કેદની સજા.

## ડિંડોડ, મોતીભાઈ બદિયાભાઈ

મલવાસી, તા. ઝાલોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન ઝાલોદ તાલુકામાં સરકારી ચોરા બાળવાની ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. ધરપકડ. કેદની સજા.

## ડુંગરશીભાઈ

જન્મ : 1903. વતન : કચ્છ.

ખાદી-કાર્યકર્તા. દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી સાથે સાબરમતી આશ્રમથી 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ, 1930 સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. તે પછી મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## ડેપ્યુટી, ગજેન્દ્ર ઝીણાભાઈ

સૂરત.

અભ્યાસ : મૅટ્રિક. કૉમર્સનાં 4 વર્ષ. વ્યવસાય : મુંબઈમાં બૅંકમાં નોકરી. સૂરતમાં વાસ. ગાંધીજીની કૂચોમાં સક્રિય. 3 વાર કારાવાસ. 1930થી 1942 અસહકાર. સભા-સરઘસ, પિકેટિંગ. 2 વર્ષ કઠોર કારાવાસ. બૅંકમાં 12 વર્ષ નોકરી. વહેલી નિવૃત્તિ. તામ્રપત્ર મળેલ છે.

## ડેમલા, ગિરધારીલાલ ગુલાબરાય

આદલપુર, સક્કર, સિંધ. નિવાસ : વડોદરા.

અભ્યાસ : સક્કર, મૅટ્રિક. 1930ના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં સક્રિય. બે વાર મારપીટ. પિકેટિંગ આદિ કાર્યો. મીઠા-સત્યાગ્રહ. કારાવાસ 6 મહિના. 1932માં પુનઃ કારાવાસ. 1 વર્ષ. હૈદરાબાદ. 1934માં ખુદાઈ ખિદમતગાર તરીકે સક્રિય. 1 વર્ષ કારાવાસ. 1943માં ભૂગર્ભપ્રવૃત્તિ.

## ડૉક્ટર, પ્રભાવતી રામલાલ

જન્મ : 1922. સૂરત.

વ્યાયામ-પ્રવૃત્તિમાં નિષ્ણાત. સતત દસ કલાક

લાઠી ફેરવીને વિક્રમ સ્થાપ્યો. 1942ની લોકક્રાંતિમાં 25મી ઑક્ટોબરે સરઘસની સરદારી લીધી. ધરપકડ. 6 માસની કેદની સજા. જેલમાં ટાઈફૉઈડની બીમારીથી 4થી ડિસેમ્બર, 1942ના રોજ શહીદ થયાં.

## ડોડિયા, અરીસિંહભાઈ ભાણભાઈ

જન્મ : 14 એપ્રિલ, 1929. પાંચ પીપળિયા, જિ. અમરેલી.

અભ્યાસ : મૅટ્રિક. 1942માં 'હિન્દ છોડો' લડત વખતે શાળાના મકાનને આગ ચાંપવાના આરોપસર ધરપકડ. અટકાયત. પછીથી મુક્તિ.

## ડોલરકુમાર જેઠાલાલ

જામનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. તેથી તેમની ધરપકડ કરવામાં આવી. ચાર માસની કેદની સજા રાજકોટની જેલમાં ભોગવી.

## ડોલરરાય જયંતીલાલ

રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. તેમની ધરપકડ થઈ. જેલની સજા ભોગવી.

## ડ્રાઇવર મોલુંદ

દાહોદ.

રાષ્ટ્રવાદી મુસ્લિમ. મે, 1930માં ધરાસણા સત્યાગ્રહમાં ગયેલા. મીઠાના અગરોમાંથી મીઠું લેવા જતાં લાઠીમારનો ભોગ બન્યા. રચનાત્મક પ્રવૃત્તિઓ – સ્વદેશી અને ખાદી માટેના આગ્રહ તથા દારૂનિષેધનો પ્રચાર કરતા. દુકાનો અને દારૂનાં પીઠાં પર પિકેટિંગ.

# ઢ

## ઢાંકી, વરજીવનદાસ વેલજીભાઈ (બાબુસાહેબ)

પોરબંદર.

1920થી નગીનદાસ મોદી સાથે જાહેર પ્રવૃત્તિમાં જોડાયા. વેપારધંધો છોડી દીધો. સભા-સરઘસ તેમજ પ્રભાતફેરીઓ યોજી. મહેમાનોની સરભરા. ફંડફાળા કરી આપે. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે પકડાયા. નવીબંદરની જેલમાં પૂર્યા. ઘણા જુલમો સહન કર્યા. તબિયત લથડી. સ્વરાજ્ય આવતાં પહેલાં અવસાન થયું.

## ઢાંકી, વલ્લભદાસ ખુશાલદાસ

પોરબંદર.

ગાંધીજીથી પ્રભાવિત. 1920માં દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરતાં પોરબંદરમાં માર ખાધો. એક પગ ગુમાવ્યો. 1930માં દારૂનાં પીઠાં અને વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. 1932માં ધરપકડ. કારાવાસ.

## ઢીવર, શાંતિલાલ (મોહનલાલ) રતનજી નાથુભાઈ

બારડોલી.

સભા, સરઘસ, દેશભક્તિનાં ગીતો વગેરેથી આઝાદીની લડતનું કામ કર્યું. બારડોલી તથા સરભાણમાં માર ખાધો. ઓલપાડ તાલુકામાં ધરપકડ થઈ. એક વર્ષ અને ચાર માસની જેલ થઈ. દેશના ભાગલા થતાં કુરુક્ષેત્રની નિર્વાસિત છાવણીમાં છ મહિના સેવા આપી.

## ઢેબર, ઉછરંગરાય નવલશંકર

જન્મ : 21 સપ્ટેમ્બર, 1905. રાજકોટ.

વ્યવસાય : ઍડવોકેટ. 1930ની લડતમાં ભાગ લીધો. 1933થી સમાજસેવક અને રાજકારણમાં સક્રિય. 'સેવાસંઘ' સાથે. કામદારોની ચળવળના અગ્રણી. 1936માં ગાંધીજીની

અસર તળે વકીલાત છોડી. ગાંધીજી અને સરદારના વિશ્વાસુ. 1938માં રાજકોટ લડતના અગ્રણી. તેમને પોલીસના મારથી દેશમાં ખળભળાટ. ત્રણ-ચાર વાર કારાવાસ. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહ. સાબરમતીમાં જેલવાસ. 1936ના રેલસંકટ વખતે સંકટગ્રસ્ત લોકોની સેવા. કાટમાળ નીચે દટાયા, પણ નસીબના જોરે બચી ગયા. સૌરાષ્ટ્ર સંકટ નિવારણ સમિતિના સ્થાપક. કાઠિયાવાડ રાજકીય પરિષદના મંત્રી. દેશી રાજ્યો સામે સંઘર્ષ. રાજ્યો અને પ્રજા વચ્ચે મેળ પાડવા કોશિશ. 1948માં સૌરાષ્ટ્ર રાજ્યનું એકમ થતાં તેના પ્રથમ મુખ્યમંત્રી. ગરીબોના બેલી. જમીનદારીનો સંપૂર્ણપણે અંત જમીનદારી-નાબૂદીથી. 'બહારવટિયાઓ' દ્વારા તેમનું ખૂન કરવાનાં કાવતરાં. 1948થી 1954 સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી. 1954થી 1960 અખિલ ભારતીય કૉંગ્રેસના પ્રમુખ. 1960થી 1963 'આદિવાસી પંચ'ના અધ્યક્ષ. 1962માં રાજકોટ જિલ્લામાંથી લોકસભામાં સભ્યપદે ચૂંટાયા. 1963-1972માં ખાદી ગ્રામોદ્યોગ કમિશનના અધ્યક્ષ. 1969માં 'ગાંધી શતાબ્દી' નિમિત્તે દિલ્હીમાં ગાંધીપ્રદર્શન તૈયાર કરાવ્યું.
અવસાન : 11 માર્ચ, 1977. રાજકોટ.

## ઢેબર, મંદાકિનીબહેન ઉછરંગરાય (મનુબહેન)

રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. પછી છોડી મૂક્યાં. બીજી વાર પકડાયાં ત્યારે જેલવાસ ભોગવ્યો. 1944માં અવસાન થયું.

## ઢોડિયા, કરસનભાઈ સુખાભાઈ

સૂરત.

પછાત જાતિના. અભ્યાસ : એક વર્ષ. વ્યવસાય : ઢોરચારણ, ખેતીમાં સહાય. 1942માં કરેંગે યા મરેંગેમાં સક્રિય. શાસનનો વિરોધ. પાટા ઉખેડવા, ભાંગફોડ, બે વર્ષ ગામડાંમાં કાર્ય. છ મહિના કારાવાસ. અમાનુષી અત્યાચાર.
ઢોડિયા, ગજરાબહેન હાંસજીભાઈ

## અલગટ, બારડોલી, જિ. સૂરત.

1928માં બારડોલીમાં ના-કર સત્યાગ્રહ. ઘરબાર, ઢોરઢાંખર જપ્ત. ગામત્યાગ. દેશભક્તિનાં ગીતો ગાતાં. પોલીસ દ્વારા માર. છ મહિના કારાવાસ. સીકેર ગામે ડાહ્યાભાઈના ઘરને પોલીસે સીલ કરેલું. તે તોડીને ધ્વજ રોપ્યો. 1930-32માં પુનઃ અઢી વર્ષ કારાવાસ.

## ઢોડિયા, છનાભાઈ શોભનભાઈ

સાંબા, તા. મહુવા, જિ. સૂરત.

1942-43માં 'હિન્દ છોડો' લડતમાં જોડાયા. સભા-સરઘસો, પત્રિકાપ્રવૃત્તિ. ધરપકડ થઈ. સજા થઈ. સજા બાદ કૉંગ્રેસમાં કામ કરતા રહ્યા.

## ઢોડિયા, છીતુભાઈ વરિયાભાઈ

ભગવાનપુરા, જિ. સૂરત.

1942-43ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ભૂગર્ભ-પ્રવૃત્તિ. જેલવાસ ભોગવ્યો.

## ઢોડિયા, ભીખાભાઈ વજીરભાઈ

ભગવાનપુરા, તા. મહુવા, જિ. સૂરત.

1942-43માં 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો. કૉંગ્રેસના કાર્યક્રમોમાં – સભા-સરઘસોમાં ભાગ લેતા.

## ઢોડિયા, મગનભાઈ ભીખાભાઈ

વલવાડા, તા. મહુવા, જિ. સૂરત.

1942ની લડતમાં ભાગ લીધો. ભાંગફોડની પ્રવૃત્તિઓ કરી. ધરપકડ થઈ અને 9 માસની સજા થઈ.

## ઢોડિયા, લલ્લુભાઈ વીરિયાભાઈ

ભગવાનપુરા, મહુવા, જિ. સૂરત.

1942-43માં સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય. કારાવાસ. મુક્તિ પછી પુનઃ સંગ્રામમાં પ્રવૃત્ત. દેશસેવાનાં વિવિધ કાર્યો. બહોળા કુટુંબના નિર્વાહનો ભાર.

## ઢોડિયા, લીમજીભાઈ નારણભાઈ

બેડા-રાયપુર, તા. વ્યારા, જિ. સૂરત.

1942ના ‘હિન્દ છોડો’ આંદોલનમાં સક્રિય ભાગ લીધો. પત્રિકાવિતરણ. સભા-સરઘસ. ભાષણો કરવાં. ભાંગફોડ. ધરપકડ. કારાવાસ.

## ઢોડિયા, સોમાભાઈ ડાહ્યાભાઈ

પૂના, તા. મહુવા, જિ. સૂરત.

ખાદીધારી. રેંટિયો કાંતતા. 1930ની ચળવળમાં દારૂ-તાડીનાં પીઠાં પર પિકેટિંગ કરતા. તે અગાઉ બારડોલી સત્યાગ્રહમાં જોડાયા. 1942માં ધરપકડ. એક વર્ષની સજા થઈ હતી.

## ઢોલરિયા, કરસનભાઈ મૂળજીભાઈ

જન્મ : અકાળા, જિ. અમરેલી.

અભ્યાસ : ધોરણ 5.

1930-31ની કાનૂનભંગની લડતમાં ભાગ લીધો. રાજકોટની લડતમાં ભાગ લેવા બદલ દરબારે તેમનાં જમીન-ખોરડાં જપ્ત કર્યાં. સ્વરાજ આવતાં જમીન પાછી મળી. પેન્શન અને તામ્રપત્ર એનાયત થયેલ છે.

નિધન : 29 જુલાઈ, 1981.

# ત

## તન્ના, મગનલાલ જેરામભાઈ

જન્મ : 10 ઑગસ્ટ, 1917. રાજકોટ.

1930-31માં વિરમગામમાં મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. ગુપ્ત પત્રિકાઓની વહેંચણી કરી. ત્રણ વખત અટકમાં રાખ્યા.

## તન્ના, રતિલાલ ડોસાભાઈ

જન્મ : 16 જાન્યુઆરી, 1912. રાજકોટ.

રાજકોટની લડતમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો. 1942ની લડત વખતે બે વાર ધરપકડ. છ અને સાત મહિનાની જેલ.

## તપોધન, ધીરજલાલ

ઉત્તરસંડા : નડિયાદ, જિ. ખેડા.

1930-31માં કૉંગ્રેસની પત્રિકાઓ લાવતાં ધરપકડ. 1 માસની જેલ.

## તપોધન, નારાયણભાઈ સોમચંદ

અમદાવાદ.

અભ્યાસ : એમ.એ., બી.એડ્. 1942માં ‘હિન્દ છોડો’ ચળવળમાં 1944 સુધી ભાગ લીધો. સરકારે આઠ વર્ષ નોકરીમાંથી બરતરફ કર્યા. ત્યાર બાદ સરકારે તેમને નોકરીમાં પાછા લીધા.

## તમાકુવાળા, ચંપકલાલ રમણલાલ

વાડીફળિયા, સૂરત.

1942ના ‘હિન્દ છોડો’ આંદોલનમાં અંગ્રેજી અભ્યાસનો ત્યાગ. સત્યાગ્રહમાં પ્રવેશ. પત્રિકા-વિતરણ. છ મહિના કારાવાસ. સાબરમતી જેલમાં. ગૃહરક્ષક તરીકે પાંચ વર્ષ સેવા. નડિયાદ હરિ ૐ આશ્રમમાં સેવા. વ્યવસાય : ભંડાર.

## તલસાણિયા, ધનજીભાઈ સુખલાલ

જન્મ : 31 જુલાઈ, 1915. ભાવનગર.

1932-39 સુધી રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ. 1940માં ભાવનગર-તળાજા ટ્રામ-વે સામે સત્યાગ્રહ. ધરપકડ. દોઢ વર્ષની સજા તથા દંડ.

1942ની લોકલડતમાં ભાગ. કુલ વીસ માસની સજા. નિવૃત્ત જીવન ભાવનગરમાં. ભારત સરકારે તામ્રપત્ર અને પેન્શન એનાયત કરેલ છે.

## તલસાણિયા, નંદુભાઈ શામજીભાઈ

જન્મ : 1 ઑક્ટોબર, 1912. રાજકોટ.

અભ્યાસ : ઇલેક્ટ્રૉનિક એન્જિનિયર. રાજકોટની લડતમાં ભાગ. લાઠીમારથી આંખ પર ઈજા. અટકાયત. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભ-પ્રવૃત્તિમાં સક્રિય ભાગ.

## તલસાણિયા, પ્રભુદાસ શામજી

રાજકોટ.

રાજકોટની લડતમાં ભાગ લીધો અને માર વેઠ્યો. રાજ્યના જુલમોના ભોગ બન્યા અને સહન કરવું પડ્યું.

## તલાટી, કાન્તિલાલ શિવલાલ

જન્મ : 11 સપ્ટેમ્બર, 1922. લસુંદ્રા, તા. કપડવંજ.

1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક તરીકે સ્વચ્છતા વિભાગમાં સેવા. 1942માં 'હિન્દ છોડો' ચળવળમાં ધરપકડ. 3 માસનો કારાવાસ. કપડવંજમાં છાત્રાલયના ગૃહપતિ. તાલુકાના હોમગાર્ડ કમાન્ડન્ટ. સેવાસંઘના મહામંત્રી.

## તલાટી, ગોકળદાસ દ્વારકાદાસ

જન્મ : 1868. નડિયાદ, જિ. ખેડા.

વકીલ. 1893માં કૉંગ્રેસના ચેન્નાઈના અધિવેશનમાં પ્રતિનિધિ તરીકે હાજરી. 1914થી 22 સુધી નડિયાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લેવા ખેડા જિલ્લાની ટુકડીમાં ગયા. ધરપકડ. છ મહિનાની સજા. 1930માં સવિનય કાનૂનભંગ કરતાં ધરપકડ. જેલ. 1932માં સત્યાગ્રહ. ધરપકડ. બે વર્ષની સજા. 1942માં 'હિન્દ છોડો' લડતમાં ધરપકડ. અટકાયતમાં. ખેડા જિલ્લાની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય. જિલ્લાના પ્રતિષ્ઠિત આગેવાન.

અવસાન : 28 જાન્યુઆરી, 1945.

## તલાટી, વાડીલાલ કાંતિલાલ

દાહોદ.

1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. 1943માં ગઢી કિલ્લા પર ધ્વજારોપણ. પત્રિકાવિતરણ. ધરપકડ. કારાવાસ. દાહોદમાં આંદોલનને બળપ્રદાન.

## તલાટી, સજ્જનલાલ લૂણજીભાઈ

દાહોદ.

રાષ્ટ્રવાદી વકીલ. 1941ના માર્ચમાં વ્યક્તિગત સત્યાગ્રહ કરી, સરકારની યુદ્ધનીતિનો વિરોધ કરવા સૂત્રોચ્ચાર અને ભાષણ. ધરપકડ. ચાર માસની કેદની સજા. તે સજા સાબરમતી, યરોડા તથા વિસાપુર જેલમાં ભોગવી. સ્વાતંત્ર્યસંગ્રામનું સંચાલન. 1942માં ગુપ્ત પત્રિકા લખતા. પ્રેસમાંથી પત્રિકા મળી. પોલીસ દ્વારા ધરપકડ. પંદર દિવસ દાહોદની કાચી જેલમાં. બે માસની કેદની સજા. સાબરમતી જેલમાં. ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ.

## તલાવિયા છનાભાઈ ખાલપાભાઈ

શામળાવાડી, તા. ગણદેવી.

1942માં ગણદેવી તાલુકાનાં ગામોમાં થયેલી ભાંગફોડના સંદર્ભે ધરપકડ. જાન્યુઆરી, 1943માં પોલીસે પકડ્યા. પોલીસે છ-સાત મહિના નાની બંધિયાર કોટડીમાં પૂરી રાખ્યા. પરિણામે તબિયત બગડી.

## તલાવિયા, નારણભાઈ ટેડાભાઈ

વતન : કછોલી. કાર્યક્ષેત્ર : શામળાવાડી, તા. ગણદેવી.

વ્યવસાય : ઢોર ચરાવવાં. 1942ની લડતમાં ગણદેવી તાલુકામાં વ્યાપક ભાંગફોડ થઈ. શંકા ઉપરથી 11 હળપતિઓમાં નારણભાઈ પકડાયા. ગણદેવીના લૉક-અપમાં છ-સાત મહિના અટકાયતમાં રહ્યા. અવસાન : આશરે 1950.

## તલાવિયા, બુધાભાઈ ગોપાળદાસ

જન્મ : આશરે 1920. વતન : શામળાવાડી, તા. ગણદેવી.

1942ની લડત દરમિયાન ગણદેવી કેન્દ્રથી શરૂ કરેલા ભાંગફોડના કાર્યક્રમમાં સક્રિય. ડિસેમ્બર, 1942ની આખરે ભાંગફોડની પ્રવૃત્તિ બંધ. જેલભરતીનું એલાન. જાન્યુઆરી, 1943માં થયેલ 11 હળપતિઓની ધરપકડમાં સમાવેશ. ગણદેવીના લૉક-અપમાં સાત મહિના. પછી મુક્તિ. વ્યવસાય : ખેતીની મજૂરી.

## તલાવિયા, બોડાભાઈ નારણભાઈ

શામળાવાડી, તા. ગણદેવી.

1942ની લડતમાં શામળાવાડીમાંની ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. જાન્યુઆરી, 1943માં ધરપકડ. 11 હળપતિઓમાંના એક. ગણદેવીના લૉક-અપમાં સાત મહિના અનારોગ્ય સ્થિતિમાં કારાવાસ. છૂટ્યા બાદ મજૂરી. યુવાન વયે અવસાન.

## તલાવિયા, બોદિયા છીમા

શામળાવાડી, તા. ગણદેવી.

વ્યવસાય : ખેતમજૂરી. 1942ની લડતમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. જાન્યુઆરી, 1943માં ધરપકડ. ગણદેવીના લૉક-અપમાં સાત મહિના અનારોગ્ય સ્થિતિમાં વિતાવ્યા. વ્યવસાય : ખેતમજૂરી. આઝાદી બાદ બે વર્ષે અવસાન.

## તલાવિયા, ભીખાભાઈ છનાભાઈ

જન્મ : આશરે 1920. શામળાવાડી, તા. ગણદેવી.

વ્યવસાય : ખેતીની મજૂરી. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન આજુબાજુનાં ગામોના સરકારી ચોરા બાળવા, રેલવેનાં નાળાં ઉડાડી દેવાં વગેરે ભાંગફોડમાં સક્રિય. શામળાવાડીની ભાંગફોડમાં ટુકડી સાથે ધરપકડ. 11 હળપતિઓમાંના એક. આશરે છ-સાત મહિના નવસારીની સબજેલમાં અટકાયત. મુક્તિ બાદ ખેત-મજૂરી.
અવસાન : આશરે 1950.

## તલાવિયા, મણિભાઈ સુખાભાઈ

શામળાવાડી, તા. ગણદેવી.

1942ની લડત વખતે ભાંગફોડ કરનારની શંકાથી શામળાવાડીમાંથી થયેલ આડેધડ ધરપકડમાં સમાવેશ. ગણદેવીના પોલીસ લૉક-અપમાં સાત માસ. અનારોગ્ય સ્થિતિમાં તબિયત બગડી. છૂટ્યા બાદ ખેતમજૂરી.

## તલાવિયા, મંગાભાઈ સોમાભાઈ

વલોટી, શામળાવાડી, તા. ગણદેવી.

ખેતીમાં મજૂરી. 1942ની લડત દરમિયાન ભાંગફોડના ગુના માટે શામળાવાડીમાંથી અનેક માણસોની ધરપકડ થઈ તેમાં મંગાભાઈ અને એમના પિતા બંનેની ધરપકડ. સાત મહિના લૉક-અપમાં રાખ્યા બાદ છૂટ્યા. ત્યાર બાદ વલોટીમાં રહીને ખેતમજૂરી.

## તલાવિયા, લલ્લુભાઈ કાળાભાઈ

શામળાવાડી, તા. ગણદેવી.

1942ની ચળવળ વખતે ભાંગફોડની પ્રવૃત્તિના અનુસંધાનમાં શામળાવાડીમાંથી ધરપકડ થઈ. અગિયાર હળપતિઓમાંના એક. ગણદેવીના પોલીસ લૉક-અપમાં સાત મહિના. અનારોગ્ય સ્થિતિમાં રહેવાથી તબિયત બગડી.

## તલાવિયા, સોમાભાઈ કીકાભાઈ

જન્મ : આશરે 1920માં. શામળાવાડી, તા. ગણદેવી.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ગણદેવી તાલુકાના લોકોએ ભાંગફોડની પ્રવૃત્તિ ચલાવી. આડેધડ ધરપકડોમાં સોમાભાઈ અને એમના પુત્ર પકડાયા. ગણદેવીના પોલીસ લૉક-અપમાં સાત મહિના અટકાયત. તબિયત ખૂબ બગડી.
અવસાન : આશરે 1964.

## તલાવિયા, સોમાભાઈ નારણભાઈ
શામળાવાડી, તા. ગણદેવી.

હળપતિ, ખેતીકામ.
1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન. ગણદેવી તાલુકામાં થયેલ ભાંગફોડની પ્રવૃત્તિના સંદર્ભમાં ધરપકડ. તેમના ભાઈ બોડાભાઈ પણ પકડાયા. સાત મહિના અંધારી કોટડીમાં. અગિયાર હળપતિઓ સાથે ગણદેવીના લૉક-અપમાં અટકાયતમાં.

## તંબોળી, ફૂલચંદભાઈ કસ્તૂરચંદ
જન્મ : 2 માર્ચ, 1895. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર. સૌરાષ્ટ્ર.

કોચરબ આશ્રમમાં ગાંધીજીના સહવાસી. રાષ્ટ્રીય શાળા, વઢવાણની સ્થાપના. વઢવાણમાં રાજકીય પરિષદ ભરી. 1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહ નિમિત્તે કારાવાસ. 1928 : ખાખરેચી સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930માં સાડા છ મહિના કારાવાસ. દારૂ સામે પિકેટિંગ. ધ્રોળ, મોરબી, ધ્રાંગધ્રા, ભાવનગર, સત્યાગ્રહ. કારાવાસ. 1932માં અમદાવાદમાં સત્યાગ્રહ અને કારાવાસ.
અવસાન : 30 ઑગસ્ટ, 1941. અમદાવાદ.

## તામ્હણકર, વામનરાવ
નવસારી.

ગાંધીજીનાં નવસારીમાં પ્રથમ દર્શન. 1921ની લડતમાં રાનીપરજની પ્રવૃત્તિમાં, 1928ની બારડોલીની લડતમાં સક્રિય. વડોદરા રાજ્ય પ્રજામંડળની સ્થાપનામાં તેમનો હિસ્સો. 1930માં નવસારીમાં મોતીલાલ નહેરુની ધરપકડના વિરોધમાં સભા, સરઘસ અને હડતાળ પડાવી. 1932માં મરોલીમાં અને બીજે સ્થળે પૂ. કસ્તૂરબા તથા મીઠુબહેને નાખેલી બહેનોની છાવણીને મદદ. તેઓ 'દાદા'ના હુલામણા નામે ઓળખાતા. વડોદરા રાજ્ય પ્રજામંડળના દસમા અધિવેશનના 21થી 23 મે, 1932માં પ્રમુખ હતા.
અવસાન : 1949.

## તીલદારખાન
દાહોદ.

સ્થાનિક જમીનદાર. 1857ના બળવા વખતે દાહોદ શહેરમાં 1 જુલાઈ, 1857ના રોજ તીલદારખાનની આગેવાની નીચે બળવાખોરોએ દાહોદનો કબજો લઈને ત્યાંના થાણદાર તથા સિપાઈઓને કિલ્લામાં આશ્રય લેવાની ફરજ પાડી. દાહોદ શહેર 6 જુલાઈથી 11 જુલાઈ સુધી બળવાખોરોને કબજે એટલે બ્રિટિશ સરકારથી સ્વતંત્ર રહ્યું હતું.

## તેજાભાઈ માધવજી
જન્મ : આશરે 1916. અમદાવાદ.

મિલ કામદાર પ્રતિનિધિ. નોકરી લક્ષ્મી કૉટન મિલમાં. 1930-32ની ચળવળમાં સત્યાગ્રહની પત્રિકા વહેંચતા. દારૂનાં પીઠાં તથા વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. સરઘસ. ધરપકડ. બે માસની કેદ. 1942ની ચળવળમાં મિલોની હડતાળ, હડતાળ ચાલુ રાખવાની કાળજી. પ્રતિનિધિ હતા.

## તેરસી, લક્ષ્મીદાસ રવજી
જન્મ : 23 ઑક્ટોબર, 1876. વતન : કચ્છ. ભાટિયા જ્ઞાતિ.

કાર્યક્ષેત્ર : મુંબઈ. અભ્યાસ : બી.એ.

ફ્રેન્ચ સાહિત્ય સહિત વિવિધ વિષયોનું વાચન. વ્યવસાય : વેપાર. સમાજસુધારક, ભાટિયા જ્ઞાતિનાં અનિષ્ટોના વિરોધી. અસ્પૃશ્યતાના વિરોધી. બળવાખોર મિજાજ. 1916માં મુંબઈની હોમરૂલ લીગની શાખાના ખજાનચી અને અગ્રણી. લીગની પ્રવૃત્તિઓ માટે ગુજરાતી શ્રીમંતો પાસેથી મોટી રકમોનો ફાળો ઉઘરાવી આપ્યો.

વિદેશી માલનો બહિષ્કાર કરવા ધરખમ આવક આપતો વિદેશી માલની દલાલીનો ધંધો બંધ કર્યો. સ્વદેશીના પુરસ્કર્તા. કોમી તોફાનો કે રોગચાળા વખતે લોકસેવા, રાહતકાર્યો કરતા. મુંબઈ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના સ્થાપક સભ્ય અને કોષાધ્યક્ષ. મવાળવાદી વિચારો. મુંબઈમાં 1926માં કચ્છ પ્રજાકીય પરિષદ સ્થાપી, તેના મંત્રી બન્યા.

અવસાન : 30 ઑગસ્ટ, 1939.

## તૈયબજી, અબ્બાસ શમ્સુદ્દીન

જન્મ : 1 ફેબ્રુઆરી, 1854. ખંભાત, જિ. આણંદ.

બૅરિસ્ટર–1875. વડોદરા રાજ્યની ન્યાય ખાતાની નોકરી. 1907માં સૂરતમાં લોકમાન્ય ટિળકના બહિષ્કારની નીતિનો વિરોધ. જલિયાંવાલા બાગના હત્યાકાંડની તપાસ સમિતિના સભ્ય. 1920માં અમદાવાદમાં ગુજરાત રાજકીય પરિષદની ચોથી બેઠકના પ્રમુખ. કૉંગ્રેસના ટિળક ફાળામાં પોતાની મિલકતના સોમા હિસ્સા લેખે રૂપિયા ત્રણ હજાર આપ્યા. ખેડા જિલ્લાનો ફાળો નેવું હજારને બદલે એક લાખ પંદર હજાર ઉઘરાવ્યો. 1927માં રેલસંકટ દરમિયાન રાહતકાર્યો. 1928માં બારડોલી સત્યાગ્રહમાં ગામડે પ્રચાર. મઢી છાવણીના વડા. ધરાસણાના મીઠાના અગરો પર હુમલો કરતા પહેલાં ધરપકડ, છ માસની જેલ (1930). 1932માં ધરપકડ, અટકાયતમાં બે માસ. 1933 : વડોદરા રાજ્ય પ્રજામંડળના 11મા અધિવેશનના પ્રમુખ.

અવસાન : 8 જૂન, 1936. વડોદરા મુકામે.

## તૈયબજી, બદરુદ્દીન

જન્મ : 1854.

બૅરિસ્ટર, વકીલાત. કૉંગ્રેસના ઉદારમતવાદી આગેવાન. કૉંગ્રેસની પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત. અખિલ હિન્દ કૉંગ્રેસના ત્રીજા અધિવેશનના પ્રમુખ. અંગ્રેજ શાસનતંત્રની વિકૃત વિચારધારા સામે હિન્દુ-મુસ્લિમોને સંગઠિત કર્યા.

અવસાન : 19 ઑગસ્ટ, 1906.

## તૈયબજી, રેહાના અબ્બાસ

જન્મ : 26 જાન્યુઆરી, 1901. વડોદરા.

શિક્ષણ વડોદરામાં. પિતા રાષ્ટ્રવાદી. રેહાનાબહેન ગાંધીજીનાં ભક્ત બન્યાં. આશ્રમમાં રહેવા લાગ્યાં. સત્ય, અહિંસા, સ્વરાજના પાઠો શીખ્યાં. ગાંધીજી તેમની પાસે ઉર્દૂ શીખ્યા. રાષ્ટ્રીય મેળાવડાઓમાં ભજન ગાતાં. 1930ની ચળવળમાં વિદેશી કાપડના બહિષ્કારમાં ભાગ લીધો. પાટણના બજારમાં પરદેશી કાપડની દુકાનો સામે પિકેટિંગ. 1942 : 'હિન્દ છોડો'ની લડતમાં સભા-સરઘસોમાં સક્રિય. ધરપકડ અને કારાવાસ. ત્યાર બાદ સંગઠન તથા રચનાત્મક પ્રવૃત્તિમાં સક્રિય રહ્યાં. આજીવન ખાદીધારી. ગાંધીજીનાં અંતેવાસી.

અવસાન : 17 મે, 1975. દિલ્હી.

## તૈયબજી, હમીદાબહેન અબ્બાસ

સ્વ. અબ્બાસસાહેબનાં નાનાં દીકરી. 1930માં મીઠુબહેન પીટિટની સ્ત્રી સ્વરાજ સંઘની છાવણીમાં. ઓલપાડ તાલુકામાં દારૂતાડીની દુકાનો પર પિકેટિંગ. ધારાસભાના બહિષ્કાર માટે પિકેટિંગ. 1932માં સૂરત શહેરમાં ચળવળની પ્રવૃત્તિઓ.

## તોલાણી, મિર્ચુમલ રૂપચંદમલ

વારસિયા, સિંધ (હવે પાકિસ્તાનમાં).
સિંધમાં સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય. કારાવાસ. સ્વતંત્રતા પછી ભારત આગમન. વડોદરામાં સ્થાયી. સમાજસેવામાં પ્રવૃત્ત.

## ત્રાજકર, સૅમ્યુઅલ કેશવલાલ

અમદાવાદ.

1928ની સાલથી ગાંધીજીની અસર નીચે. 1930માં આજીવન ખાદી પહેરવાની પ્રતિજ્ઞા. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 1942ની લડતમાં સક્રિય. બ્રિટિશ સરકારની નોકરીમાં ગેરહાજર રહેવાથી બરતરફ.

## ત્રિકમજી માધવજી

જન્મ : 1919. રાજકોટ.

અભ્યાસ : એન્જિનિયરિંગ ડિપ્લોમા.
રાજકોટની લડતમાં ભાગ લીધો. પકડીને જંગલમાં છોડી આવ્યા. માર ખાધો. બીજી વાર સરધારમાં જેલમાં અટકાયતમાં રાખવામાં આવેલ. નિવૃત્ત.

## ત્રિકમદાસ લીલારામ

ગોંડળ, સૌરાષ્ટ્ર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં સક્રિય. બૉમ્બ ફોડવાના આરોપસર પકડાયા. લાંબો જેલવાસ. પેન્શન અને તામ્રપત્ર મળેલ છે.

## ત્રિકમલાલ ભૂધરદાસ

12 એપ્રિલ, 1930ના રોજ વઢવાણ કૅમ્પથી બિનજકાતી ગેરકાયદે મીઠું લઈ વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. વિરમગામ સ્ટેશને પોલીસો સત્યાગ્રહીઓ ઉપર વરુની જેમ તૂટી પડ્યા. કેટલાયને જખમી કર્યા. તેમાં તેમને પણ ઈજાઓ થઈ.

## ત્રિપાઠી, ગોરધનદાસ ગણેશીદાસ

જન્મ : 6 માર્ચ, 1912. વતનઃ જોનપુર, ઉત્તરપ્રદેશ.
હાલ રહેઠાણ : લાલપુર, જિ. જામનગર.
જોનપુરમાં સ્વાતંત્ર્યની ચળવળમાં ભાગ લીધો. જોનપુર જેલમાં કારાવાસ ભોગવ્યો. ભારત સરકારે તામ્રપત્ર અને પેન્શન એનાયત કર્યાં.

## ત્રિપાઠી, વિષ્ણુભાઈ નટવરલાલ

જન્મ : 1924. અમદાવાદ.

મૅટ્રિકમાં ભણતા. 1942ની લડતમાં સરઘસોમાં જોડાતા, પત્રિકા વહેંચતા. બૉમ્બ, શેલ્સ, પોટાશ વગેરે સાચવી રાખતા અને સૂચના મુજબ ઘોડાગાડીમાં મૂકી આવતા.

## ત્રિવેણીબહેન કાંતિલાલ

જન્મ : 1910. ભાવનગર.

અભ્યાસ : ધોરણ સાત. 1930માં મીઠાના (વિરમગામ) સત્યાગ્રહમાં જોડાયાં. ત્રણ માસની સજા, ત્રણ માસની દીકરી જેલમાં સાથે હતી. પતિની સ્થાવર મિલકત જપ્ત. રચનાત્મક કાર્યકર. શિહોર મુકામે નિધન.

## ત્રિવેદી, અમૃતલાલ કેશવલાલ

જન્મ : 17 એપ્રિલ, 1911. કાંધી, જિ. જૂનાગઢ.

અભ્યાસ : મૅટ્રિક. 1930ની લડત વખતે શાળાનો ત્યાગ. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942માં 'હિન્દ છોડો' લડત વખતે ત્રાસ સહન કર્યો. ભૂગર્ભમાં. આઝાદ હિન્દ રેડિયો ચલાવ્યો. પંદર માસનો જેલવાસ. સરકાર દ્વારા ત્રાસ, પણ નિશ્ચયમાં અડગ. ખાદીનું રચનાત્મક કાર્ય. આઝાદીની લડતો અંગેના સાહિત્યના સંપાદક.

## ત્રિવેદી, અમૃતલાલ જીભાઈ

રસનાળ, જિ. ભાવનગર.

અભ્યાસ : મૅટ્રિક. 1931-32ની મીઠાની લડત વખતે અમદાવાદમાં ધરપકડ. સાબરમતી જેલમાં એક માસની સજા. મજૂર મહાજન, અમદાવાદમાં રહી, મજૂરકલ્યાણની પ્રવૃત્તિમાં.

અવસાન : 1966.

## ત્રિવેદી, અમૃતલાલ ધ્યાનીલાલ

જન્મ : 1917. વાંસવાડા, રાજસ્થાન.

વસવાટ : રાજકોટ. અભ્યાસ : સ્નાતક. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે બૅંકના મૅનેજર. સંરક્ષણ ધારા હેઠળ બે વાર છ-છ માસની સજા ભોગવી. નિવૃત્ત જીવન અમેરિકામાં.

## ત્રિવેદી, ઇચ્છાશંકર પોપટલાલ

જન્મ : 13 એપ્રિલ, 1917. પાલિતાણા, જિ. ભાવનગર.

ફેબ્રુઆરી, 1935માં ભાવનગર રાજ્યની લડતમાં જોડાયા. મોટા ચારોડિયાની લડતોમાં ભાગ. 1936-37માં રાજ્ય સામેની લડતમાં ભાગ લીધો. છ માસની જેલ. જેલમાં યાતનાઓ ભોગવી. 1938માં રાજકોટ સત્યાગ્રહમાં ભાગ. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ. 6 માસની સજા. લોકજાગૃતિનું કાર્ય. પેન્શન તેમજ તામ્રપત્ર મળેલ છે.

## ત્રિવેદી, કલાવતી

રાસ, જિ. આણંદ

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર સખત લાઠીચાર્જ પોલીસોએ કરી, અનેક સ્ત્રીઓને ઘાયલ કરી. તેમાં તેમને લાઠીના 3-4 પ્રહારોથી કમ્મર તથા હાથ પર ઈજાઓ થઈ.

## ત્રિવેદી, કાંતિલાલ અંબાલાલ

ઉમરેઠ, જિ. આણંદ.

'ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ'માં સેવક. 1942ની ક્રાન્તિમાં ભાગ. સત્યાગ્રહ કરવા માટે અને બ્રિટિશ સરકાર વિરુદ્ધ સરઘસોનું આયોજન કરવા માટે યુવાનોને ઉત્તેજિત કરતા. ધરપકડ. અટકાયત અને દોઢ વર્ષ નાશિક જેલમાં.

## ત્રિવેદી, કિશોરભાઈ

જન્મ : આશરે 1911. સૂરત.

1930માં સત્યાગ્રહમાં સાડા સાત મહિનાની કેદની સજા. 1931-32માં સેવાદળમાં. રાજકીય પ્રવૃત્તિ. 1932 : ત્રણ માસની સજા થઈ. તેમનાં પત્ની કનકલતા પણ જેલમાં. સૂરતથી ગ્વાલિયર રાજ્યમાં. આંદોલનને કારણે હદપાર. તેની સામે 11 દિવસના ઉપવાસ કર્યા. મહારાજાએ એમની વાત સાંભળીને હદપારીનો હુકમ રદ કરી ગ્વાલિયર જવા દીધા. 1942ની ચળવળ દરમિયાન મહારાજા સિંધિયાને ખુલ્લો પત્ર. તેથી એક વર્ષની સજા થઈ. તે પછી જેલમાં બે વાર તથા બીજી બે વાર ગ્વાલિયર રાજ્યમાં થયેલા અન્યાયો સામે ઉપવાસ કરીને ન્યાય મેળવ્યો. અવસાન : ઉજ્જૈનમાં.

## ત્રિવેદી, કૃપાશંકર હરદેવરામ

ઝાંઝમેર, જિ. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સૂરત ખાતે બૉમ્બ કેસમાં ધરપકડ. લાંબી સજા. ભારત સરકારનું તામ્રપત્ર અને પેન્શન મળ્યાં છે. અવસાન : 28 ઑગસ્ટ, 1974.

## ત્રિવેદી, કેશવરામ રામશંકર

જન્મ : 14 માર્ચ, 1894. સિસોદરા, જિ. વલસાડ.

1911માં ક્રાંતિકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા. સાન-ફ્રાંસિસ્કોથી આવતી 'ગદર' પત્રિકાનો ગામડાંમાં પ્રચાર. 1916માં હોમરૂલ લીગમાં જોડાઈ સિસોદરાની શાખાના મંત્રી બન્યા. વેઠનાબૂદીનો પ્રચાર, સાયમન કમિશનનો વિરોધ, રોગચાળા દરમિયાન દવાની વહેંચણી, 'હિંદ સ્વરાજ' પ્રતિબંધિત પુસ્તકનું વેચાણ. 1918થી અસ્પૃશ્યતાનિવારણમાં સક્રિય. ઘરમાં હરિજનો છૂટથી આવતા. હરિજનને અડક્યા

બાદ જમવાનો નિયમ. 1921-22માં ટિળક સ્વરાજ-ફાળો ઉઘરાવ્યો. રાષ્ટ્રીય શાળાની સ્થાપના. દારૂનાં પીઠાં ને પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. ખાદીપ્રવૃત્તિ. 1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. જલાલપુર તાલુકામાં ખાદીપ્રવૃત્તિ-કાંતણનો પ્રચાર. 2,200 કિગ્રા. (100 મણ) હાથે કાંતેલ સૂતરનો ઢગલો કરી ગાંધીજી અને સરદાર પટેલને સિસોદરા બોલાવીને બતાવ્યો. 1925માં પોતાના ઘરમાં અસ્પૃશ્યોને સામૂહિક પ્રવેશ કરાવ્યો તે જાણી ગાંધીજી જાતે એમને ત્યાં ગયા. પ્રસન્ન થયા. અસ્પૃશ્યોને કેશવરામે સમૂહભોજન કરાવ્યું. રેલસંકટ, ધરતીકંપ દરમિયાન રાહતકાર્યો. 1928માં બારડોલી સત્યાગ્રહમાં સરભોણ છાવણીમાં સેવક. 1930માં ધરપકડ. જેલવાસ. 1932માં પત્રિકાવિતરણ. 1942ની લડતમાં ભાગ. 1952માં ભૂમિદાન કર્યું.

## ત્રિવેદી, ચંદ્રશંકર દેવશંકર

દામનગર, જિ. અમરેલી.

1938માં રાજકોટ સત્યાગ્રહમાં પ્રવેશ. 25 દિવસ કારાવાસ. પ્રતિબંધવાળું સાહિત્ય મેળવીને વાચન. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં. સરકારી દમન. અભ્યાસત્યાગ. રિમાન્ડ, કારાવાસ. રાષ્ટ્રસેવામાં પ્રવૃત્ત.

## ત્રિવેદી, છેલભાઈ અનુપરામ

જન્મ : 20 જાન્યુઆરી, 1913. વાળુકડ, જિ. ભાવનગર.

અભ્યાસ : સ્નાતક. 1928માં બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930માં મીઠાની લડત દરમિયાન ધોલેરા-ધંધૂકાની છાવણીમાં વિદેશી કાપડની દુકાને પિકેટિંગ. ત્રણ માસ જેલવાસ. અમદાવાદમાં અદાલતના મકાન ઉપર ધ્વજ ચડાવતાં પકડાયા. સાબરમતી અને યરવડાની જેલમાં દસ માસની સજા ભોગવી. પાલિતાણા રાજ્ય સામેની લડતમાં ભાગ. પેન્શન એનાયત થયું. નિવૃત્ત જીવન જામનગરમાં.

## ત્રિવેદી, જદુરાય ભવાનીશંકર

વલભીપુર, જિ. ભાવનગર.

અભ્યાસ : ધોરણ 7.

1930-31ના મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. પોલીસના હાથે મારપીટ. અભ્યાસ છોડ્યો. દેશી રાજ્યની ખફાનજર વહોરીને વર્ષો સુધી રાષ્ટ્રીય જાગૃતિનું કાર્ય કર્યું. સામાજિક રીતે ખૂબ સહન કર્યું. અંગત વ્યવસાય.

અવસાન : ડિસેમ્બર, 1985. ભાવનગર.

## ત્રિવેદી, જયશંકર જીવરામ

જન્મ : 15 ફેબ્રુઆરી, 1909. કપડવંજ, જિ. ખેડા.

વ્યાયામપ્રવૃત્તિ દ્વારા રાષ્ટ્રભાવના જાગ્રત. 1930ની ચળવળમાં કૉલેજ છોડી, કપડવંજમાં 'પડકાર' નામે સાઇક્લોસ્ટાઇલ પત્રિકા મહિનાઓ સુધી પ્રગટ કરી. ઑક્ટોબર, 1930માં મીઠાનો સત્યાગ્રહ, ધરપકડ, ત્રણ માસની સજા. 1932માં વિદેશી કાપડના બહિષ્કારનો પ્રચાર, હાંસોટમાંથી ધરપકડ. ત્રણ માસની સજા. ફરી બોરસદમાંથી ધરપકડ. પાંચ માસની જેલ. કપડવંજની બધી જાહેર પ્રવૃત્તિમાં સક્રિય. 'જનસેવા' રાષ્ટ્રવાદી સામયિકનું સંચાલન.

## ત્રિવેદી, જયંતીલાલ દયાશંકર

પેટલાદ, જિ. આણંદ.

1942ની રાષ્ટ્રીય ચળવળમાં મુંબઈની ચોપાટી ઉપરથી પકડાયેલા. યરવડા સેન્ટ્રલ જેલમાં અટકાયતમાં રાખવામાં આવ્યા.

## ત્રિવેદી, જયંતીલાલ શિવલાલ

પાલડી, અમદાવાદ.

1925થી વિદ્યાર્થીપ્રવૃત્તિમાં રસ. અભ્યાસત્યાગ.

સરઘસ, પિકેટિંગ, દારૂબંધી, વિદેશી કાપડની હોળી. 1930માં ધરાસણાના મીઠા-સત્યાગ્રહમાં એક સોની ટુકડી. ધરપકડ. વિસાપુરમાં કારાવાસ. હરિપુરા અધિવેશમાં હાજરી. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય.

## ત્રિવેદી, દયાશંકર વિશ્વનાથ

ગામ મીઠા, જિ. મહેસાણા.

સ્વદેશીની ચળવળ(1905)માં જોડાયા. 1930 : સવિનય કાનૂનભંગની ચળવળમાં વિદેશી માલનો બહિષ્કાર, આસપાસનાં ગામોમાં આઝાદીનો પ્રચાર. ખાદીનો પ્રચાર, વિદેશી કાપડની હોળી. વ્યસનમુક્તિની ઝુંબેશ. વડોદરા રાજ્ય પ્રજામંડળની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા; નિષ્ઠાવાન કાર્યકર, મહેસાણામાં પ્રજામંડળના અધિવેશન વખતે વ્યવસ્થા. હડતાળ પર ઊતરેલા અમદાવાદના મિલમજૂરો માટે ફાળો ઉઘરાવી, મદદરૂપ. વડોદરા રાજ્યના વિલીનીકરણ માટે લોકોમાં પ્રચાર. આઝાદી પછી કૉંગ્રેસના કાર્યકર. મહેસાણા તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી, ઉપપ્રમુખ. મહેસાણા તાલુકા પંચાયતના પ્રમુખ–10 વર્ષ સુધી. જિલ્લા સ્વાતંત્ર્યસૈનિક સંઘના ઉપપ્રમુખ. વિવિધ સંસ્થાઓના હોદ્દેદાર.

## ત્રિવેદી, દામોદરદાસ લાભશંકર

જન્મ : 19 ઑક્ટોબર, 1918. ભાવનગર.

અભ્યાસ : મૅટ્રિક, કોવિદ, આર.એમ.પી. વૈદ્ય. મજૂર સંગઠનની પ્રવૃત્તિમાં. વિદેશી કાપડ તેમજ દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ. 1940ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ. સાડા સાત મહિનાની જેલ. 1942માં 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભ પ્રવૃત્તિમાં. જોખમી કાર્યો. ભાવનગરમાં વૈદ્યકીય વ્યવસાય. પ્રજાકીય પ્રવૃત્તિ.

## ત્રિવેદી, દુર્લભજી પ્રાણશંકર

જન્મ : 17 નવેમ્બર, 1919. અમરેલી.

અભ્યાસ : ધોરણ છ ગુજરાતી. ચલાળાના યુવાનો સાથે રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં. 1942ની લડતમાં છ માસની સજા અને દંડ. ભૂગર્ભપ્રવૃત્તિ–ધરપકડ, સાત માસની સજા. ખાદી અને રચનાત્મક પ્રવૃત્તિમાં સક્રિય. પેન્શન અને તામ્રપત્ર એનાયત.

## ત્રિવેદી, દ્વારકાદાસ નાનજી

જૂનાગઢ.

જૂનાગઢમાં હરિજનસેવા. રાષ્ટ્રીય ચળવળમાં ભાગ. 1930ના મીઠા-સત્યાગ્રહમાં ભાગ. વિસાપુર જેલમાં એક વર્ષ. બ્રિટિશ સરકાર દ્વારા હદપાર. તેથી બોટાદમાં નિવાસ. સજા. મુખ્યત્વે હરિજનસેવાનું કાર્ય. જૂનાગઢમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ. રચનાત્મક કાર્યકર. સાર્વજનિક કાર્યકર. 1938-39માં જૂનાગઢ પ્રજામંડળની લડતમાં અગ્ર ભાગ. ધરપકડ. જૂનાગઢ સેન્ટ્રલ જેલમાં. એક માસની સજા. 1945માં જૂનાગઢ રાજ્ય દ્વારા 'રાજ્યવિરોધી પ્રવૃત્તિઓ' બદલ હદપાર. હદપાર હુકમભંગ. એક વર્ષનો જેલવાસ. આરઝી હકૂમતની લડતમાં સક્રિય. સ્વરાજ બાદ, જિલ્લા પંચાયતના પ્રમુખ.

## ત્રિવેદી, નંદુપ્રસાદ કોદરલાલ

દાહોદ.

1930ની ચળવળ વખતે દાહોદમાં ગોદી રોડ પર દારૂનાં પીઠાં પર શાંતિમય રીતે પિકેટિંગ. માલિકોને આર્થિક નુકસાન થવાથી ફરિયાદ. પોલીસ દ્વારા ધરપકડ. દોઢ માસની જેલની સજા.

## ત્રિવેદી, ભાનુશંકર લલ્લુભાઈ
જન્મ : 1910. વલભીપુર, જિ. ભાવનગર.

1930-31માં મીઠા-સત્યાગ્રહ વખતે તેમની આગેવાની હેઠળ એક ટુકડી ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લેવા વિદાય થઈ. ધંધુકાથી પકડાયા. અટકાયત. 1942ની લડત વખતે ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાયા.
અવસાન : 5 ઑગસ્ટ, 1970.

## ત્રિવેદી, મણિશંકર શામજી
જન્મ : 1895. સાવરકુંડલા, સુરેન્દ્રનગર.

1930માં ધોલેરા મીઠા-સત્યાગ્રહના 'ત્રીજા સરદાર'. નવ મહિના કારાવાસ. 1931માં કાઠિયાવાડ રાજકીય પરિષદ નિષેધાજ્ઞાનો ધ્રાંગધ્રાની લડતમાં ભંગ કરીને છ મહિના કારાવાસ. અત્યાચારથી માંદગી. 1931માં 'જન્મભૂમિ'ના તંત્રીવિભાગમાં જોડાયા. મુંબઈમાં શિરોહી રાજ્ય પ્રજામંડળના સંમેલનમાં ભાષણ કરતાં હૃદયરોગથી અવસાન.

## ત્રિવેદી, મહાશંકર મયાશંકર
જન્મ : 28 એપ્રિલ, 1917. જિ. રાજકોટ.

1938માં રાજકોટની લડતમાં ભાગ લેવા બદલ ધરપકડ. સરધારમાં જેલવાસ ભોગવ્યો. કાપડ-મિલની નોકરીમાંથી રુખસદ.

## ત્રિવેદી, મહીપતરામ જીવણલાલ
જન્મ : 16 જાન્યુઆરી, 1914. લીંબડી.

કરાંચીમાં હતા ત્યારે 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં પકડાયા. અઢાર માસ જેલવાસ. ભારતનું વિભાજન થતાં કરાંચીથી લીંબડી આવીને રહ્યા.

## ત્રિવેદી, મંગુપ્રસાદ મનસુખલાલ
દાહોદ.

સારા ગવૈયા અને સંગીતકાર. 1932ની ચળવળ વખતે જાહેર સભામાં 'મેરી માતા કે સર પર તાજ રહે' ગીત ગાવા માટે ધરપકડ. છ માસની કેદ અને રૂ. 50/- દંડની સજા. દંડ ન ભરે તો વધુ દોઢ માસની સજા. વિસાપુર જેલમાં સજા ભોગવી.

## ત્રિવેદી, યશવંતરાય રતિલાલ
જન્મ : 11 સપ્ટેમ્બર, 1924. જિ. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં પિકેટિંગ કરતાં અટકાયત. પ્રતિબંધિત પત્રિકા વહેંચવા બદલ બે વર્ષની કેદની સજા. ફરી પકડાયા. આઠ માસની સજા. 1942માં પાલિતાણામાં માર ખાધો. ભૂગર્ભ-પ્રવૃત્તિ. જૂનાગઢ આરઝી હકૂમત વખતે સૈનિકોની શિબિરો ચલાવી.

## ત્રિવેદી, રમણીકલાલ કાશીરામ
જિ. અમરેલી.

1931માં દેશસેવાના કાર્યમાં પ્રવેશ. ગીરક્ષેત્રના માલધારીઓની મોજણી. 1932માં સ્વદેશી આંદોલનમાં સક્રિય. 1942માં 'હિન્દ છોડો' આંદોલન. ભૂગર્ભપ્રવૃત્તિ. પત્રિકાવિતરણ-સંચાલન. કારાવાસ. અમરેલી હાઈસ્કૂલ આગકાંડમાં સંડોવણી. દેશદ્રોહનો આરોપ.
1944-76 દરમિયાન દેના બૅંકમાં. નિવૃત્ત.

## ત્રિવેદી, રવિશંકર અમૃતલાલ
જિ. ખેડા.

1930-32ની ચળવળ દરમિયાન તા. 6-3-1931ના રોજ ખેડામાં દારૂની હરાજી થવાની હતી. તેથી નડિયાદ, આણંદ, બોરસદ, મહેમદાવાદ વગેરે સ્થળેથી સેંકડો ભાઈબહેનો તેનો વિરોધ કરવા ખેડા ગયાં. તેઓએ ખેડામાં સત્યાગ્રહ કર્યો. પોલીસોએ તેઓ ઉપર હુમલો કરી લાઠીથી
સખત માર્યા. તેમાં રવિશંકર લોહીલુહાણ થઈ ગયા હતા.

## ત્રિવેદી, રવીન્દ્ર રાધેકૃષ્ણ

જન્મ : 1917.

અભ્યાસ : એલ.સી.પી.એસ.

1930-32 : કપડવંજ વાનરસેનામાં સક્રિય. 1941 : સાંપ્રદાયિક અશાંતિ સમયે નાગરિક સંરક્ષણ દળની પ્રવૃત્તિ. કપડવંજ યુવક પ્રવૃત્તિનો આરંભ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. વરલી કારાગૃહમાં બંદી. નિવાસ : મુંબઈ. વ્યવસાય : દાક્તરનો.

## ત્રિવેદી, લાભશંકર અંબાશંકર

જન્મ : 12 ઑગસ્ટ, 1918, જિ. અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડતમાં બે વાર પકડાયા. સાડા અગિયાર માસની જેલની સજા. ચાર વખત અટકાયતમાં રહ્યા. ચારોડિયા સત્યાગ્રહમાં જોડાયા. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો.

## ત્રિવેદી લીલાબહેન ભાનુભાઈ

વલભીપુર, જિ. ભાવનગર. અભ્યાસ : ધોરણ 7.

વળાની ખેડૂતોની લડતમાં સક્રિય ભાગ લીધો. રાજ્યે વાણીસ્વાતંત્ર્ય ઉપર કાપ મૂક્યો ત્યારે નિર્ભયપણે પ્રચારનું કામ કર્યું. પોતાના પતિની સાથે વળાના આજુબાજુનાં ગામોમાં જાગૃતિ લાવવાનું કામ કર્યું. તેથી સહન કરવું પડ્યું. સ્વરાજ બાદ સમાજકલ્યાણની પ્રવૃત્તિ.

## ત્રિવેદી, લીલાવતી અમૃતલાલ

જન્મ : 1922. વાંસવાડા, ડુંગરપુર.

તેમના પતિ રાજકોટમાં રહેલા ત્યારે 1942ની લડતમાં સરઘસમાંથી પકડાયાં. ચાર માસની જેલની સજા ભોગવી.

## ત્રિવેદી, વિજયકુમાર માધવલાલ

જન્મ : 1 જાન્યુઆરી, 1911. પાટણ.

1934માં વડોદરા રાજ્ય પ્રજામંડળના સભ્ય. 1942માં 'હિન્દ છોડો' આંદોલનનું મહેસાણામાં સંચાલન. 4 મહિના કારાવાસ. 1947માં મહેસાણા જિલ્લાની શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓમાં સક્રિય. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના મંત્રી. ગુજરાતમાં પ્રધાન.

અવસાન : 8 નવેમ્બર, 1986.

## ત્રિવેદી, વ્રજલાલ ભાઈશંકર

વલભીપુર, સૌરાષ્ટ્ર.

શાંતિનિકેતનમાં અભ્યાસ કર્યો. 1938માં વળાની લડતમાં ભાગ લેતાં રાજ્યના જુલમોનો ભોગ. જેલવાસ. 1942ની લડત વખતે પ્રચારનું કામ કરતા.

## ત્રિવેદી, શંભુશંકર ધનજીભાઈ

જન્મ : 1899. ગારિયાધાર, જિ. ભાવનગર.

ગાંધીજીને મળ્યા બાદ સાબરમતી આશ્રમમાં જોડાયા. કાંતણ, વણાટ, હરિજનસેવા, પ્રૌઢશિક્ષણ જેવી પ્રવૃત્તિ. 1930માં વિરમગામમાં મીઠા-સત્યાગ્રહમાં ગોરા પોલીસોએ મરણતોલ માર માર્યો. ધરપકડ. ત્રણ વર્ષની કેદની સજા. રાજકોટ સત્યાગ્રહમાં. ખારાઘોડામાં કાયદાભંગ કરતાં માર મારી ઢસડીને લોહીલુહાણ કર્યા. ધરાસણા સત્યાગ્રહમાં ખૂબ માર. ધરપકડ. ઢસડીને જેલભેગા કર્યા. ખાખરેચી, ધ્રોળ, મોરબી, પાલિતાણા – એ બધા સત્યાગ્રહોમાં સક્રિય. કુલ આઠેક વર્ષ જેલમાં વિતાવ્યાં.

અવસાન : 14 ઑક્ટોબર, 1968.

## ત્રિવેદી, શાંતિલાલ જીભાઈ

જન્મ : 3 જાન્યુઆરી, 1913. રસનાળ, જિ. ભાવનગર.

જૂનાગઢને કાર્યક્ષેત્ર બનાવી રાષ્ટ્રવાદી તેમજ હરિજનસેવાની પ્રવૃત્તિઓ કરતા. જૂનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાણ કર્યું, ત્યારે ભૂગર્ભમાં રહીને પ્રજાકીય લડતને ટેકો. હરિજનસેવા એ જ મુખ્ય કાર્ય.

## ત્રિવેદી, સરલાબહેન શંભુશંકર

જન્મ : 1909. ગારિયાધાર, જિ. ભાવનગર.

સભા, સરઘસ, વિદેશી કાપડ, દારૂનાં પીઠાં પર પિકેટિંગના કાર્યક્રમો. 1930ના મીઠા-સત્યાગ્રહ વખતે વિરમગામ છાવણીમાં પોલીસનો ત્રાસ સહન કર્યો. ધરપકડ. સાબરમતી તેમજ યરવડા જેલમાં કુલ સાડા તેર માસ જેલવાસ. મોટા ચારોડિયા તેમજ પાલિતાણા રાજ્યના સત્યાગ્રહમાં. માલમિલકત ગુમાવી. પાલિતાણામાં અઢી માસ સજા. ધ્રોળ, મોરબી, રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. ખૂબ સહન કર્યું. 1940-41માં વ્યક્તિગત સત્યાગ્રહમાં નવ માસની સજા.

## ત્રિવેદી, સવિતાબહેન જયશંકર

જન્મ : 19 ફેબ્રુઆરી, 1912. કપડવંજ, જિ. ખેડા.

અભ્યાસ : મૉન્ટેસોરી, દક્ષિણામૂર્તિ, ભાવનગર. 1930ની ચળવળમાં, ભરૂચમાં ભાષણ. 5 મહિના કારાવાસ. બેલગામ. ગંભીર માંદગી. 1932માં નિષેધાજ્ઞાનો ભંગ. બોરસદ. 5 મહિના કારાવાસ. 1953માં કપડવંજ. શ્રી મુગટ બાલમંદિરમાં આચાર્યા.

## ત્રિવેદી, સુખદેવભાઈ વિશ્વનાથ

જન્મ : 1888. દાહોદ.

નિર્ધન પરિવાર. વહેલી નોકરી. 1917માં પંચમહાલ રાજકીય પરિષદમાં ઉપસ્થિત. નોકરીનો ત્યાગ. ઠક્કરબાપાનાં સેવાકાર્યોમાં. આદિવાસી તથા હરિજનોની સેવામાં. 1922માં દુકાળ સેવાકાર્ય. હોમરૂલ આંદોલનમાં સક્રિય. 1927માં ઈડર જાગીરદારીનો અંત; 1930-1942માં સ્વાતંત્ર્ય-આંદોલનમાં સત્યાગ્રહ. બે વાર કારાવાસ. 1939-40 : ડુંગરપુરમાં સેવાકાર્ય. 1944માં ઓરિસા આદિવાસી સેવાકાર્ય. 1944માં દાહોદના કઠલા ગાળામાં મદ્યનિષેધ-પ્રવૃત્તિ. સરકારી દારૂની દુકાનો બંધ કરાવી. જાગીરદારોના અત્યાચાર સામે જાગૃતિકાર્ય. 1951માં મુંબઈ ધારાસભામાં. 1952 : લકવાથી 11 વર્ષ પથારીવશ.

અવસાન : 21 નવેમ્બર, 1963.

## ત્રિવેદી, સુમંતરાય કેશવરામ

જન્મ : 18 ડિસેમ્બર, 1923. જિ. વલસાડ.

કાર્યક્ષેત્ર નવસારી. આખું કુટુંબ ગાંધીરંગે રંગાયેલું. ગાંધીજી એમના ઘેર ગયા હતા. 1930-32માં પ્રભાતફેરી, વાનરસેનાની પ્રવૃત્તિમાં ભાગ લીધો. 1931માં પિતા જેલ ગયા. માતા મરોલીના કસ્તૂરબા સેવાશ્રમમાં હતાં ત્યારે ઘેર જપ્તી થઈ. કૉંગ્રેસની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ. 1942માં વિદ્યાર્થીમંડળના મંત્રી અને ઠાકોરભાઈ દેસાઈની દોરવણી નીચે પત્રિકાઓ અને ભાંગફોડની પ્રવૃત્તિઓ કરી. નવસારી પ્રાંતમાં પ્રજામંડળની પ્રવૃત્તિઓ. 1943માં ધ્વજ ફરકાવ્યો. 6 મહિનાની કેદની સજા. વડોદરા રાજ્યના વિલીનીકરણની લડતમાં ભાગ લીધો હતો.

## ત્રિવેદી, હરભાઈ દુર્લભજી

જન્મ : 14 નવેમ્બર, 1891. વરતેજ, જિ. ભાવનગર.

1920થી 30 દરમિયાન ભાવનગર. અસ્પૃશ્યતા-નિવારણ, રેંટિયાપ્રચાર, ખાદીપ્રચાર. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન. ગૂજરાત વિદ્યાપીઠ તથા સાબરમતી આશ્રમ જોડે ઘનિષ્ઠતા. 1930-31માં વિલાયતી વસ્તુઓના બહિષ્કારની અને મદ્યનિષેધ માટે પિકેટિંગની કામગીરી. કારાવાસ. પુનઃ સંસ્થામાં સક્રિય. 1942માં સંસ્થાસભ્યોને સત્યાગ્રહ પ્રેરણા. 'ઘરશાળા' તથા એ નામના માસિક પત્રની સ્થાપના અને સંચાલન. 1958-64માં વિધાન-પરિષદના સભ્ય.

## ત્રિવેદી, હરિલાલ લાલજીભાઈ

જન્મ : 3 ઑક્ટોબર, 1894. કુંડલા, જિ. ભાવનગર.

અભ્યાસ : નૉન-મૅટ્રિક.

નાનપણથી રાષ્ટ્રીય રંગે રંગાયેલા. સાબરમતી આશ્રમમાં જોડાયા. સાવરકુંડલામાં જનસેવાના કામમાં ગૂંથાયા. ધોલેરાના મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. ત્યાર બાદ કુંડલાના સાર્વજનિક કામમાં મોખરે રહ્યા.

નિધન : 23 માર્ચ, 1975.

# થ

## થવાની, કિશનચંદ હ.

વડોદરા. વતન : શિકારપુર, પાકિસ્તાન.

પ્રારંભથી સત્યાગ્રહી. પરદેશી કાપડની હોળી. 3 મહિના કારાવાસ. 1932માં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 3 મહિના પુનઃ કારાવાસ. 1947માં ભારત આગમન. વિવિધ સેવાપ્રવૃત્તિ.

## થાનકી, ગોકળદાસ રામજી

પોરબંદર.

રાષ્ટ્રવાદી યુવક સંઘના કાર્યકર્તા, અભ્યાસી હતા. રાજ્યના જુલમો સામે પ્રહારો. 1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે ધરપકડ. નવીબંદરની જેલમાં અટકાયત. જેલમાં જુલમો વરસાવવામાં આવ્યા. સાતેક માસના જેલવાસ પછી છૂટ્યા. પેન્શન અને તામ્રપત્ર એનાયત થયાં હતાં. તેમના નિધન પછી પત્નીને પેન્શન મળે છે.

## થાનકી, વિઠ્ઠલજી ત્રિકમજી

જન્મ : 22 એપ્રિલ, 1923. સણળવા, જિ. ભાવનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે સરકારે પોરબંદરમાં જે કાળો કેર વર્તાવ્યો તેનો ભોગ બન્યા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પોરબંદરથી નિકાસ થતો માલ રોકવાના સત્યાગ્રહમાં જોડાયા. સખત લાઠીમારથી જખમી થયા. ત્યાર બાદ ધરપકડ. પોરબંદરની ખાડીમાં ફેંકી દેવામાં આવ્યા.

# દ

## દક્ષિણી, અમૃતલાલ રતનશી

જન્મ : 15 ઑગસ્ટ, 1920. વેરાવળ, જિ. જૂનાગઢ.

અભ્યાસ : બી.એ., 1942ની લડત વખતે ધરપકડ. બે માસની સજા. દંડ નહિ ભરવાથી એક માસની વધુ સજા.

## દડિયા, મગનલાલ અમરચંદ

ધારી, જિ. અમરેલી.

સત્યાગ્રહની પત્રિકાઓ વહેંચવા જતા. ધોલેરાથી રાત્રે મીઠું લાવી ધંધૂકાના બજારમાં વેચતા. પત્રિકાઓ વહેંચતાં પકડાયા અને છ માસની જેલ થઈ. અમદાવાદની જેલમાં ઘંટી પર દળવાનું, પથ્થર ફોડવાનું, કોશ ખેંચવાનું કામ કર્યું.

## દત્તાણી, કેશવલાલ મકનભાઈ

જન્મ : 9 જાન્યુઆરી. જૂનાગઢ.

અભ્યાસ : ધોરણ 5.

જૂનાગઢના નવાબી જુલમો સામે માથું ઊંચક્યું. રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ તથા જનજાગૃતિનાં કાર્યો કરતા રહ્યા. તેથી 1939માં જૂનાગઢ રાજ્યની સરકારે હદપાર કર્યા. જૂનાગઢ પ્રજામંડળના સક્રિય કાર્યકર. પછી નિવૃત્ત જીવન.

## દત્તુ મોટર ડ્રાઇવર

ઝાલોદ, જિ. દાહોદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં ધરાસણા સત્યાગ્રહમાં ભાગ લેવા ગયેલા. ત્યાં ખૂબ માર ખાધો. ધરાસણાથી તેઓ લાવેલા મીઠાની ગામ વચ્ચેના ચોકમાં હરાજી કરવામાં આવી. જે હાલમાં પણ ઝાલોદમાં મીઠાચોકના નામથી ઓળખાય છે.

## દફતરી, ઓઘડભાઈ ડોસાભાઈ

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રા રાજ્યના જુલમો સામે માથું ઊંચકનારા અગ્રણીઓમાંના એક. તે બદલ રાજ્ય તરફથી અટકાયત. અટકાયત દરમિયાન ખૂબ ત્રાસ. ત્યાર બાદ હદપાર કરવામાં આવ્યા. તેમનું નિધન. તેમનાં પત્નીને પેન્શન.

## દફતરી, ડાહ્યાભાઈ ઓઘડદાસ

ધ્રાંગધ્રા.

અગ્રગણ્ય વેપારી–ધ્રાંગધ્રામાં. રાજ્યના જુલમો સામે માથું ઊંચકનાર. નાગરિક હક પર તરાપ પડી ત્યારે રાજ્યના હુકમનો ભંગ. ધરપકડ. અટકાયત દરમિયાન પોલીસત્રાસ. ધ્રાંગધ્રા રાજ્યમાંથી હદપાર. કૌટુંબિક અને આર્થિક રીતે ખૂબ જ સહન કરવું પડ્યું.

## દફતરી, શાંતિલાલ દીપચંદભાઈ

મોરબી, જિ. રાજકોટ.

1931-32ના મીઠા-સત્યાગ્રહ દરમિયાન ધોલેરામાં ભાગ લીધો અને પકડાયા. ધ્રોળમાં વિદેશી કાપડ પર પિકેટિંગ કરતાં પકડાયા. મોરબી સત્યાગ્રહમાં ભાગ લેવાથી રાજ્યે હદપાર કરેલ. ધરાસણાના મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો અને માર સહન કર્યો.

## દમણિયા, જેકિશનદાસ

જામનગર.

દીવ સત્યાગ્રહમાં સક્રિય. પોર્ટુગીઝ સરકારનો ત્રાસ વેઠ્યો.

## દયારામભાઈ (બચુમાસ્તર) ભાણજી

જન્મ : 4 જૂન, 1906. જામખંભાળિયા.

અભ્યાસ : ધોરણ દસ. વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય રંગે રંગાયા. આઝાદી માટેની હિલચાલોમાં સક્રિય. પ્રભાતફેરીઓ. ધરપકડ. છ માસની જેલ. ભારે ત્રાસ. હાથમાં બેડી નાંખીને દરરોજ સાંજે ગામની બજારમાં ફેરવવામાં આવતા. રાજ્યે હદપાર કર્યા. મુંબઈ મોકલી દીધા. મકાન સીલ.

અવસાન : 2 ઑક્ટોબર, 1956.

## દયાળ, બાબીબહેન મૂળજી

વતન : માંડવી, કચ્છ.

પિતા રાજસ્થાનના જેસલમેરના દીવાન. તેથી ઉછેર ત્યાં થયો. શ્વશુરગૃહે મુંબઈ આવીને આઝાદીના આંદોલનમાં ઝંપલાવ્યું. 1920માં સ્વદેશીવ્રત લીધું. 1930માં સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. ધરપકડ થઈ. 1943માં કૉંગ્રેસના અધિવેશનમાં સ્વયંસેવિકાની જવાબદારી. મહિલા-મંડળોમાં સક્રિય.

## દયાળભાઈ ભાણાભાઈ

જન્મ : ચલાળા.

1942ની લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. ધરપકડ. જેલ તથા દંડની સજા ભોગવી.

## દરજી, કાળીદાસ ગરબડદાસ

સંખેડા, જિ. વડોદરા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન સંખેડામાં 25-8-1942ના રોજ સરઘસ કાઢવામાં આવ્યું હતું. તેમાં સ્ત્રીઓ પણ જોડાઈ હતી. તે શાંત અને વ્યવસ્થિત સરઘસ ઉપર

પોલીસે ગોળીબારના ચાર રાઉન્ડ છોડ્યા. તેમાં દરજી કાળીદાસ ઘવાયા હતા.

## દરજી, ખીમચંદ કુંવરજી

ભાલનાં ગામડાં, સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લેવા મોહનલાલ મહેતા(સોપાન, યુદ્ધકવિ)ના નેતૃત્વ હેઠળ પાંચમી ટુકડીમાં જોડાયા. 28-11-1931ના રોજ વઢવાણથી ફૂલચંદભાઈના આશીર્વાદ લઈ સત્યાગ્રહ કરવા નીકળ્યા. ધ્રાંગધ્રાની હદમાં પ્રવેશતાં પોલીસદળે બધાને ગિરફતાર કર્યા અને ખટારામાં બેસાડી અજાણ્યા સ્થળે (ધ્રાંગધ્રાની સેન્ટ્રલ જેલમાં) લઈ ગયા. તેઓને અટકાયતમાં રાખ્યા.

દરજી, જીવરાજભાઈ છગનલાલ

જન્મ : 1914 આશરે. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. હિન્દ સંરક્ષણ ધારા નીચે ધરપકડ. બે માસ જેલવાસ.

## દરજી, ધૂળજી જીવા

દાહોદ.

1930ની લડત દરમિયાન દાહોદમાં ગોદી રોડ પર તથા કલાલના ઝાંપા પર આવેલાં દારૂનાં પીઠાં પર શાંતિમય પિકેટિંગ. માલિકો દ્વારા ફરિયાદ. પોલીસ દ્વારા ધરપકડ. કેસ ચલાવી એક માસની કારાવાસની સજા.

## દરજી, નાથાલાલ ધનજી

દાહોદ.

1930ની ચળવળ દરમિયાન દાહોદમાં ગોદી રોડ પર, ગરીબોને બરબાદ કરતાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. માલિકોને આર્થિક નુકસાન થવાની ફરિયાદ. પોલીસ દ્વારા ધરપકડ. એક માસની કેદની સજા.

## દરજી, મણિબહેન

સૂરત.

1930ની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર સઘન પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

## દરજી, મનુભાઈ ચંપકલાલ

દેવગઢબારિયા, જિ. દાહોદ. નિવાસ : ગોધરા.

દેવગઢબારિયા દેશી રાજ્ય હોવાથી 1942ની ચળવળમાં ભાગ લેવા ગોધરા જઈ ત્યાં સરઘસોમાં જોડાઈ, ધ્વજ સાથે રાખી, સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર – 'ઇન્કિલાબ ઝિંદાબાદ' વગેરે. ધરપકડ. ચાર માસની કેદની સજા.

## દરજી, મીઠાલાલ છગનલાલ

દાહોદ.

1930ની ચળવળ દરમિયાન દાહોદમાં ગોદી રોડ પર દારૂનાં પીઠાં પર પિકેટિંગ. આવક ઘટવાથી માલિકોની ફરિયાદ. પોલીસે ધરપકડ કરી. કેસ ચલાવી ત્રણ માસની સજા કરી.

## દરજી, મોહનલાલ વિઠ્ઠલદાસ

હાલોલ, જિ. પંચમહાલ.

1941માં સરકારની યુદ્ધનીતિના વિરોધમાં સૂત્રોચ્ચાર કરી તથા ભાષણ આપીને પ્રચાર કર્યો. ધરપકડ. કારાવાસમાં પૂરી રાખ્યા.

## દરજી, લક્ષ્મીબહેન ખીમચંદ

ભાલનાં ગામડાં, સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931માં ધ્રાંગધ્રાની લોકલડત શરૂ થઈ. તેમાં ભાગ લેવા મોહનલાલ મહેતા(સોપાન)ની પાંચમી ટુકડીમાં જોડાયાં. વઢવાણથી ફૂલચંદ શાહના આશીર્વાદ લઈ, 28-11-1931ના રોજ સત્યાગ્રહ કરવા ટ્રેનમાં નીકળ્યાં. ધ્રાંગધ્રા સ્ટેશને ઊતરી રાજ્યની હદમાં પ્રવેશતાં પોલીસદળે ગિરફતાર કરીને ખટારામાં બેસાડીને અજાણ્યા સ્થળે લઈ ગયા.

ત્યાં અટકાયતમાં રાખ્યાં.

## દરબારી સાધુ

શાહપુર, સૂરત.

જલાલપુરમાં દારૂબંધીનો પ્રચાર. ગાંધીજી સાથે પત્રવ્યવહાર. સૂરતની રાષ્ટ્રીય લડતમાં સક્રિય. રચનાત્મક કાર્યકર. વારંવાર કારાવાસ.

## દરૂ, ત્રિશુલા

વતન : સૂરત. કાર્યક્ષેત્ર : મુંબઈ.

એક સાહસિક આગેવાન. દેશસેવિકા તરીકે મુંબઈમાં સક્રિય. રાષ્ટ્રીય ચળવળો દરમિયાન કૉંગ્રેસ- પત્રિકાઓના સંચાલનમાં તથા તંત્રી તરીકે સક્રિય. સાડા પાંચ માસનો કારાવાસ ભોગવ્યો. વીરાંગના તરીકે લોકહૃદયમાં સ્થાન.

## દર્દ, કાસિમશા ઉમરશા

જન્મ : 1909. કચ્છ. નિવાસ : આંબલા, જિ. ભાવનગર.

અભ્યાસ : ધોરણ છ. કચ્છમાં જવાબદાર રાજતંત્રની લડતમાં ભાગ લેતાં સરકારી નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા. રાજકોટની લડતમાં ભાગ. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભપ્રવૃત્તિ. જૂનાગઢના નવાબી તંત્રના અન્યાયો સામે લડ્યા. હરિજનસેવક. રચનાત્મક કાર્યકર. ભંગી-મુક્તિના કાર્યમાં ખૂબ કામ કર્યું.

## દલવાડી, મૂળજીભાઈ મથુરભાઈ

થામણા, જિ. ખેડા.

બોચાસણ, વલ્લભવિદ્યાલયમાં અભ્યાસ. બબલભાઈનો સહવાસ. શિવાભાઈની છત્રછાયા હેઠળ જીવનનું ઘડતર થયું. 1942 'હિન્દ છોડો' ચળવળમાં ગામડાંમાં લડતનો પ્રચાર. પત્રિકાઓ વહેંચવી, જાહેરમાં ભાષણો કરતા. બોરસદમાં સરઘસ પર પોલીસોએ કરેલ બેફામ લાઠીચાર્જ. તેમાં શિવાભાઈ ગોકળભાઈ પટેલ સખત ઘાયલ. મૂળજીભાઈ આ જોઈને અહિંસકમાંથી હિંસાના માર્ગે વળ્યા. ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. તાર, ટેલિફોનનાં દોરડાં કાપવાં, રેલવેના પાટા ઉખાડવા વગેરે. રિવૉલ્વર પણ રાખી. પોસ્ટમૅનને લૂંટ્યો. ઢૂંઢાકૂવા ગામે ગોળીબાર કરી નાસી ગયા. મુંબઈ, સૂરત જિલ્લાનું પેરા ગામ–નાસભાગ. ગુપ્ત રહ્યા. બોરસદ પોલીસસ્ટેશને જાતે હાજર થયા. પોલીસે હાથે બેડીઓ, કમરે દોરડું બાંધી તપાસ માટે વિવિધ સ્થળે લઈ ગયા. ત્રણ વર્ષ અને ત્રણ માસની કેદની સજા. સાબરમતી જેલમાં.

## દલવાડી, શનાભાઈ મથુરભાઈ

થામણા, જિ. ખેડા.

બોચાસણ, વલ્લભવિદ્યાલયમાં શિક્ષણ. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં થામણાની આસપાસનાં ગામોમાં પત્રિકાઓ વહેંચતા. સભા-સરઘસોમાં ભાગ લેતા. રતનપુર ગામેથી તેમની ધરપકડ. ઉમરેઠની કાચી જેલમાં માહિતી કઢાવવા મરણતોલ માર માર્યો. થાકીને કાચી જેલમાંથી બહાર કાઢ્યા.

## દલાલ, કપિલાગૌરી ચંદુલાલ

જન્મ : 1911. નડિયાદ.

શિક્ષણ : પ્રાથમિક, વડોદરામાં. 1930ની લડત વખતે સક્રિય ભાગ લીધો. વિદેશી ચીજોના બહિષ્કાર માટે પ્રચાર અને પિકેટિંગ. તેમણે દેશસેવિકા સંઘ સ્થાપ્યો. તેમાં બહેનો રેંટિયા અને તકલી ચલાવતી. સભા-સરઘસોમાં ભાગ લેતી. 1941ની લડત વખતે જેલવાસ.

## દલાલ, કાંતિલાલ લલ્લુભાઈ

રાંદેર, સૂરત.

1942ની લોકક્રાંતિમાં. અભ્યાસ-ધંધાનો ત્યાગ. સરઘસ. કાયદાભંગ. 4 મહિના કારાવાસ. રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય.

## દલાલ, ગંગાબહેન ચુનીલાલ

ચાંગા, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના પ્રહારથી બરડા ઉપર ઈજા થઈ હતી.

## દલાલ, ચંદુલાલ ભગુભાઈ

જન્મ : 6 નવેમ્બર, 1899. નિવાસ : અમદાવાદ.

અભ્યાસ : બી.કૉમ., મુંબઈ યુનિવર્સિટી. વ્યવસાય : અધ્યાપક, ગૂજરાત વિદ્યાપીઠ, 1926 સુધી. વાણિજ્યવિદ્યાનાં પુસ્તકોનું લેખન. સુધરાઈમાં પ્રમુખ અધિકારી. 1930 : સ્વાતંત્ર્યસંગ્રામ. સાડાપાંચ મહિના કારાવાસ. 1942માં 'હિન્દ છોડો' આંદોલન. નગરપાલિકામાં બેઠી હડતાળ. 9 મહિના કારાવાસ. નોકરીમાંથી છૂટા કરાયા. 1947 : લડત વિશે પુસ્તકલેખન. 1955 : ગાંધી સંગ્રહાલયના નિયામક. મહાદેવ દેસાઈની ડાયરીનું સંપાદન.

## દલાલ, જયંતિ ઘેલાભાઈ

જન્મ : 18 નવેમ્બર, 1909. અમદાવાદ.

1930-32, 1940-41 તથા 1942માં 'હિન્દ છોડો' બધી ચળવળોમાં સક્રિય ભાગ. ધરપકડ. અનેક વાર કારાવાસ. 1930માં અમદાવાદની સંગ્રામ સમિતિનું સંચાલન. 1934માં કૉંગ્રેસ સમાજવાદી પક્ષ સ્થાપવામાં ગુજરાતમાં મુખ્ય પ્રદાન. પ્રસિદ્ધ લેખક. 'ગતિ' અને 'રેખા' સામયિકોના તંત્રી.

અવસાન : 24 ઑગસ્ટ, 1970.

## દલાલ, જયંતીલાલ મોતીરામ

સૂરત.

સભાઓ, સરઘસો, પિકેટિંગની પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીકાળથી ઉત્સાહપૂર્વક જોડાતા. 1942ની ચળવળમાં સૂરતમાં ધરપકડ. છ મહિનાની કેદની સજા. તે સાબરમતી જેલમાં ભોગવી. ચળવળમાં ભાગ લેવાને કારણે રેલવેની નોકરી ગુમાવી.

## દલાલ, ધનસુખલાલ જેકિસનદાસ

હરિપુરા, સૂરત.

1942ની લડતમાં ભાગ લીધો. સરઘસ, પત્રિકાઓ, ભાંગફોડ વગેરે કાર્યો કરતાં ધરપકડ થઈ. જેલમાં પૂરવામાં આવ્યા. વીસ વરસ સુધી હોમગાર્ડ્ઝમાં કામ કર્યું.

## દલાલ, રંજનબહેન જયંતિભાઈ

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન કાળુપુરનાં સ્ત્રી-વૉર્ડનાયક. સ્ત્રીઓનાં સરઘસો કાઢવાં. લાઠીમાર અને ગોળીબારથી ઘવાયેલાંઓની સારવારમાં મદદ. જરૂરી વસ્તુઓ લાવી આપવી. શહીદોનાં કુટુંબીજનોની સંભાળ, આર્થિક મદદ. સાહિત્યકાર જયંતિ દલાલનાં પત્ની.

## દલાલ, શાંતિલાલ મગનલાલ

દેવગઢબારિયા, જિ. દાહોદ.

દેવગઢબારિયા દેશી રાજ્ય. 1942માં ચળવળનું વાતાવરણ નહોતું. તેથી ઝાલોદ જઈ સભા-સરઘસોમાં જોડાયા. પત્રિકા વહેંચતા. ધરપકડ. ચાર માસની કેદની સજા.

## દવે, અનંતરાય ત્રિભોવનદાસ

જન્મ : 15 એપ્રિલ, 1925. વિજાપુર, જિ. મહેસાણા.

મૅટ્રિક પાસ. પિતાશ્રી સાથે મુંબઈમાં શિવાજી પાર્કમાં રહેઠાણ. વીર સાવરકર પાસે રહેતા. તેમને ત્યાંની ચર્ચાઓ સાંભળીને દેશભક્તિની

પ્રેરણા.
1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક. 8 ઑગસ્ટ, 1942 : કૉંગ્રેસની બેઠકમાં મુંબઈમાં હાજર. ગાંધીજી, નહેરુ, સરદાર પટેલ વગેરેનાં પ્રવચનો સાંભળી ઉત્તેજના. વિજાપુર જઈ વડોદરા રાજ્ય પ્રજામંડળના નેતા રામચંદ્ર અમીનની દોરવણી હેઠળ લડતનો પ્રચાર. પત્રિકા વગેરે સાહિત્ય ગામડાંઓમાં વહેંચવું. ધરપકડ, અટકાયત, પોલીસ-દમન. જેલવાસ.
આઝાદી પછી રચનાત્મક કાર્યો.

## દવે, ઈશ્વરલાલ નારણલાલ

જન્મ : 14 જાન્યુઆરી, 1924. અમદાવાદ.
1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સભા, સરઘસોમાં જોડાતા. પત્રિકાઓ વહેંચવા જતા. 12 ડિસેમ્બર, 1942ના રોજ અસારવાથી સરઘસ કાઢ્યું. પોલીસનો સખત લાઠીમાર, ધરપકડ. છ માસની કેદની સજા અને રૂ. 100/- દંડ અથવા બે માસની વધુ કેદ. સાબરમતી જેલમાં સજા ભોગવી.

## દવે, ઈશ્વરલાલ મોહનલાલ

જન્મ : 20 સપ્ટેમ્બર, 1913. હળવદ.
1930-31માં ધોલેરાની મીઠાની લડતમાં ધરપકડ, સાબરમતી અને યરવડા જેલમાં છ માસની સજા. 1932 : એક વર્ષની જેલ વિસાપુરમાં. 1932માં દિલ્હી કૉંગ્રેસ અધિવેશનમાં ભાગ લેવા જતાં પોલીસોને હાથે સખત માર. ધ્રોળ, ધ્રાંગધ્રા તેમજ રાજકોટની લડતમાં ભાગ લીધો. ધ્રાંગધ્રાની લડત વખતે રાજ્યના સિતમો સહન કર્યાં. જેલવાસ. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભવાસમાં. સાહિત્ય-પ્રકાશક – 'ઊર્મિ નવરચના' માસિક; ધંધાર્થે આફ્રિકા. આફ્રિકામાં મોટર-અકસ્માતમાં
અવસાન : 22 ડિસેમ્બર, 1978.

## દવે, કૃષ્ણરામ

આણંદ.
1857ના બળવા વખતે આણંદના મુખી પટેલ ગરબડદાસના સાથીદાર. બળવો દબાવી દેવા માટે બ્રિટિશ લશ્કરની ટુકડીઓ આણંદની લોટિયા ભાગોળે આવીને પડી હતી. ત્યાંથી મધ્યરાત્રિએ માલાજી જોશી, બાપુજી પટેલ અને કૃષ્ણરામ દવે લશ્કરનાં શસ્ત્રો ઉપાડીને નાસી ગયા. તેઓને ખાનપુર ગામમાંથી પકડીને તોપને ગોળે બાંધીને ઉડાવી દેવામાં આવ્યા.
દવે, ખેતાભાઈ ઘેલાભાઈ
વિસનગર, જિ. મહેસાણા.
અભ્યાસકાળ દરમિયાન આઝાદીની લડતમાં ભાગ લેવો શરૂ કર્યો. જેલવાસ ભોગવ્યો. 'સત્ય પ્રકાશ'ના તંત્રી. મહેસાણા સ્વાતંત્ર્યસૈનિક સંઘની સ્થાપનામાં ફાળો.

## દવે, ઘનશ્યામ છોટાલાલ

ભાવનગર.
ધરાસણા સત્યાગ્રહમાં ભાગ. સખત માર. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. બે વર્ષની સજા. જૂનાગઢની 'આરઝી હકૂમત'માં ભાગ. ભાવનગર પ્રજાપરિષદનું કાર્ય. 1952માં ભાવનગરમાં અકળ કારણોસર 'ખૂન'.

## દવે, ચંપકલાલ જોઈતારામ

આણંદ, જિ. ખેડા.
1942ની લોકક્રાંતિની ચળવળ વખતે ભરૂચ જિલ્લા કલેક્ટરની કચેરી ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા બદલ તેમની ધરપકડ. 'હિન્દ છોડો' ચળવળમાં સક્રિય. ધરપકડ. જેલમાં અઠ્ઠાવીસ દિવસની સજા. ભારતના સ્વાતંત્ર્ય માટે અવિરત પ્રચાર.

## દવે, જનકશંકર મનુશંકર

જન્મ : 1911. સૂરત.

1920માં બી.એ. થઈ સ્વરાજના આંદોલનમાં જોડાયા. સોલાપુર દિનની ઉજવણી અંગે તેઓ પકડાયા. ત્રણ મહિનાની સજા. 1932માં દિલ્હીમાં ભરાયેલી કૉંગ્રેસની બેઠકમાંથી પકડાયા. પંદર દિવસ જેલમાં. છૂપી પત્રિકાઓનું કામ કર્યું. 1933માં ફરી પકડાયા. ભાયખલાની જેલમાં સાતેક અઠવાડિયાં રહ્યા. પેરોલની નોટિસના ભંગ બદલ એક વર્ષની સજા, રૂ. 200નો દંડ થયો. 1942ની લડતમાં નવસારી અને સૂરતથી છૂપી પત્રિકાઓ પ્રકટ કરતા. 1930થી વિદ્યાર્થી-ચળવળમાં ભાગ. 1935થી 1939 દરમિયાન વ્યારા તથા માંડવી તાલુકાની નિરક્ષરતાનિવારણ-પ્રવૃત્તિ.

## દવે, જયશંકર કેશવલાલ

બહેરામપુરા, ગ્રીન સોસાયટી, અમદાવાદ.

1930ની લડતમાં ભાગ લીધો. ભાંગફોડ-પ્રવૃત્તિ, સભા, સરઘસ, ભાષણો વગેરે કરતાં ધરપકડ થઈ. પુણેમાં 6 માસ જેલ ભોગવી. ફરી લડતમાં ભાગ લેતાં થાણાની જેલમાં 6 માસની સજા ભોગવી. 1941માં વાણીસ્વાતંત્ર્યની લડતમાં
અને 'ક્વિટ ઇન્ડિયા' વખતે પણ એક વર્ષની સજા થઈ.

## દવે, જયંતીલાલ હીરાલાલ

જન્મ : 26 જુલાઈ, 1920. લુણાવાડા, જિ. પંચમહાલ.

1942માં કૉલેજનો અભ્યાસ છોડી આંદોલનમાં જોડાયા. રાષ્ટ્રીય વિદ્યાર્થીમંડળ, અમદાવાદ અને અખિલ ભારતીય વિદ્યાર્થી કૉંગ્રેસની પ્રવૃત્તિઓમાં સક્રિય. 18 ઑગસ્ટના રોજ વડોદરાથી 34 વિદ્યાર્થીઓની ટુકડીમાં આણંદની આસપાસનાં ગામોમાં લડતનો પ્રચાર. પાછા ફરતાં અડાસ સ્ટેશને પોલીસે કરેલા ગોળીબારમાં ઘાયલ. એક પગ કાપવો પડ્યો. તેમની ટુકડીમાંના ત્રણ ત્યાં જ શહીદ થયા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં નોકરી. નિવૃત્ત.

## દવે, જુગતરામ ચીમનલાલ

જન્મ : 1892. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર. સૌરાષ્ટ્ર. નિવાસ : વેડછી.

1917થી 'નવજીવન' સાપ્તાહિકમાં બે વર્ષ. 1919 : સત્યાગ્રહ આશ્રમની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક. 1922માં નવજીવન કાર્યાલયના વ્યવસ્થાપક બન્યા. બે વર્ષ કામ. 1924માં બારડોલી તાલુકામાં સરભોણ આશ્રમમાં હળપતિ અને રાનીપરજની સેવા. 1928ના બારડોલી સત્યાગ્રહ દરમિયાન 'સત્યાગ્રહ' પત્રિકાના સંપાદક. 1930માં કરાડીમાં ધરપકડ. નવ માસની જેલ. ત્યાર બાદ સૂરતમાં ગાંધી-ઉત્સવમાંથી ધરપકડ. ત્રણ માસની જેલ. 1932માં વેડછીનો સ્વરાજ આશ્રમ સરકાર દ્વારા જપ્ત. જુગતરામ અટકમાં. 1933માં ફરી ધરપકડ. હદપાર કરી લખતર મોકલ્યા. હદપારીના હુકમનો ભંગ. સાડા ચાર વર્ષની સજા. 1942માં ધરપકડ. ત્રણ વર્ષ સજા. 1945માં છૂટ્યા. 1948માં નઈ તાલીમ સંઘ સ્થાપ્યો. લેખક, બાળસાહિત્ય, બાળગીતો, નાટકો.
અવસાન : 14 માર્ચ, 1985.

## દવે, ડાહ્યાભાઈ મૂળજીભાઈ

નારણપુરા, જિ. પંચમહાલ.

1930 : શાળાત્યાગ. ધરાસણા કૂચમાં. મીઠાનું વેચાણ. વન-સત્યાગ્રહ. છ મહિના કારાવાસ. 50 રૂ. દંડ. સરઘસ-પ્રવૃત્તિ. પુનઃ છ મહિના કારાવાસ. પુનઃ 4 મહિના સાદો અને 4 મહિના કઠોર કારાવાસ. રાષ્ટ્રસેવા.

## દવે, તારાબહેન નટવરલાલ મણિશંકર

મહેસાણા.

1942ની આઝાદીની લડતમાં સભા-સરઘસોમાં ભાગ લીધો. તેમના પતિ પણ લડતમાં ભાગ લેતા હતા. પત્રિકાઓ વહેંચતાં ધરપકડ. કેદની સજા ભોગવી.

## દવે, દયાકુંવર નારણદાસ

જન્મ : 17 ડિસેમ્બર, 1915. દ્વારકા.

અભ્યાસ : ધોરણ પાંચ. 1930માં કોલકાતામાં વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. ચાર માસનો જેલવાસ. દ્વારકા નિવાસ. દ્વારકા પંચાયતનાં સભ્ય. સામાજિક કાર્યકર. ગુજરાત સરકારનું પેન્શન મળે છે.

## દવે, દલપતરામ રેવાશંકર

જન્મ : 1900 (આશરે). ભાણવડ, જિ. જામનગર.

જામનગરની જવાબદાર રાજતંત્રની લડતમાં ભાગ લીધો. ભાણવડ ગામે નેતાઓ સભાને સંબોધી રહ્યા હતા ત્યારે રાજ્યની ગુંડાટોળી નેતાઓ ઉપર તૂટી પડી. દલપતરામ આર્યસમાજી અને વ્યાયામવીર હતા. તેમણે વચ્ચે પડી નેતાઓને બચાવ્યા, અને મરણતોલ આડા ઘા ઝીલ્યા. લડત વખતે ઘણું સહન કર્યું.

## દવે, દેવશંકર નાથાભાઈ

નવાગામ, તા. માતર, જિ. ખેડા.

1918માં ગાંધીજી સાથે સીધા સંપર્કમાં. મોહનલાલ કામેશ્વર પંડ્યાની આગેવાની નીચે સત્યાગ્રહમાં ભાગ લેતાં જેલવાસ. 1930માં મીઠા-સત્યાગ્રહમાં અને 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. દરેક વખતે છ માસની સજા. લોકવિકાસ માટેના કાર્યકર.

## દવે, નટવરલાલ મણિશંકર

જન્મ : 1904. ઊંઝા, ઉત્તર ગુજરાત.

મુંબઈમાં મૅટ્રિક પાસ થઈ, જે. જે. સ્કૂલ ઑવ્ આર્ટ્સનો ચિત્રકલાનો ડિપ્લોમા. પિતાશ્રીની તબિયત બગડતાં સિદ્ધપુર આવી, મિલમાં નોકરી. 1928માં રાષ્ટ્રીય પ્રવૃત્તિ માટે ‘મહાવીર દળ’ સ્થાપ્યું. સિદ્ધપુરમાં સભા-સરઘસ યોજતા. વિદેશી માલનો બહિષ્કાર. પિકેટિંગ કરવાને લીધે કાચી જેલ.

1930 : મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. બાવળા, ધંધૂકાના પ્રદેશમાં લડતનો પ્રચાર. સારા વક્તા. ‘જ્વાળામુખી’ પત્રિકા વહેંચતાં ધરપકડ. 6-8-1930થી 1930થી 8-3-1931 સુધી જેલ ભોગવી. ગાંધી-ઇર્વિન કરાર થતાં જેલમુક્તિ. 1932માં ગુપ્તવેશે પોલીસ પાસેથી બાતમી મેળવી સત્યાગ્રહીઓને જણાવતા. ધરપકડ. બાતમી ન મળતાં મુક્ત.

અવસાન : 23 ઑગસ્ટ, 1933.

## દવે, નાનાલાલ મોરારજી

હળવદ, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રામાં રાજ્યના જુલમો સામે માથું ઊંચકનારા અને ધ્રાંગધ્રાની સાથે હળવદ સત્યાગ્રહમાં ભાગ લીધો. અટકાયત કરીને હદપાર કરવામાં આવ્યા. મોટરમાં નાખી, માર મારી મોરબીની હદ પાસે અંતરિયાળ છોડી મૂકેલ.

## દવે, નાનુભાઈ અંબાશંકર

જન્મ : 6 માર્ચ, 1918. પોરબંદર.

નિવાસ : નાંદોલ (દહેગામ), જિ. અમદાવાદ. હાલ નિવૃત્ત. પિતા : મામલતદાર. વ્યવસાય : મૅનેજર, સ્વસ્તિક ટૅક્સટાઇલ ટ્રેડિંગ કંપની, અમદાવાદ. ધંધા-ઉદ્યોગ માટે બે વાર જાપાનની મુલાકાત. 18 ઑગસ્ટ, 1942માં વડોદરાથી 34 વિદ્યાર્થીઓ પત્રિકાઓ વહેંચવા ગયા. ત્યાંથી પાછા ફરતાં અડાસ સ્ટેશને ટ્રેનમાં બેસવા જતા હતા. ત્યાં પોલીસો ટ્રેનમાંથી ઊતર્યા ને વિદ્યાર્થીઓ ઉપર ફાયરિંગ. તેમનો રૂમપાર્ટનર મોહનભાઈ પટેલ ત્યાં જ ગોળીબારમાં ઢળી પડ્યો. તેમની બાજુના

માણસને ઘસાઈને નાનુભાઈને ગોળી પાછળ વાગી. ગુડ્ઝ ટ્રેનમાં આણંદ ગયા જ્યાં ડૉ. કુકે સારવાર આપી. પછી વી. એસ. હૉસ્પિટલમાં અઠવાડિયું સારવાર કરાવી. તામ્રપત્ર અને પેન્શન એનાયત. અડાસમાં માનપત્ર અને શાલ ઓઢાડવામાં આવ્યાં. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા માનપત્ર એનાયત થયું.

## દવે, નાનુભાઈ જેઠાભાઈ

જન્મ : 1925. ડાકોર, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક સુધીનો. 1942ની લોકક્રાન્તિની ચળવળ વખતે 13-8-1942ના રોજ ડાકોરમાં સરઘસમાં જોડાયા. ગોળીબારના કારણે પગમાં ઈજા અને કાયમની ખોડ.

## દવે, નાનુભાઈ ધીરજલાલ

જન્મ : 6 મે, 1905. ઉમરેઠ, જિ. ખેડા.

1929માં ભરૂચના સેવાશ્રમમાં જોડાયા અને રાષ્ટ્રીય સાપ્તાહિક ‘વિકાસ’ના ઉપતંત્રી તરીકે કામ કર્યું. તે બંધ થતાં ‘કૉંગ્રેસ પત્રિકા’ના તંત્રી તરીકે કામ કર્યું. સરકારના હુકમનો ભંગ કરી દિલ્હીમાં ભરાયેલ ગેરકાયદે કૉંગ્રેસ અધિવેશનમાં ભાગ લેવા બદલ ધરપકડ. જેલની સજા. 1937માં ભરૂચ જિલ્લા કૉંગ્રેસના મંત્રી. 1942માં ‘હિન્દ છોડો’ આંદોલનમાં ભૂગર્ભ કાર્યકરોને પોતાને ઘેર આશ્રય આપતા.

## દવે, પ્રભુલાલ દયાશંકર

મોરબી, જિ. રાજકોટ.

સૌરાષ્ટ્રના એક સત્યાગ્રહી નવજુવાન. 1931માં ધ્રાંગધ્રાની લોકલડતમાં જોડાયા. 4 નવેમ્બર, 1931ના રોજ વઢવાણની છાવણીમાંથી નીકળેલ ટુકડીમાં જોડાઈને ધ્રાંગધ્રા સત્યાગ્રહ કરવા ગયા. ટુકડીના સરદાર શિવાનંદજી હતા. રાષ્ટ્રીય ગીતો ગાતાં વઢવાણમાં ફરીને પછી સ્ટેશને ગયા. ધ્રાંગધ્રા સ્ટેશને સત્યાગ્રહીઓ બબ્બેની હારમાં ગોઠવાઈ રાષ્ટ્રીય ગીતો ગાવા લાગ્યા.

સૌની ધરપકડ. ખટારામાં અજાણ્યા સ્થળે લઈ ગયા. પછી છોડી મૂક્યા.

## દવે, પ્રવીણશંકર ખુશાલીરામ

જન્મ : 1912. વાલમ, ઉત્તર ગુજરાત.

ગાંધીજીના વિચારોથી પ્રભાવિત. સ્વદેશી અને ખાદી અપનાવી રચનાત્મક કાર્યોને જીવનનો આદર્શ બનાવ્યાં. ‘હિન્દ છોડો’ આંદોલન વખતે ‘ક્રાંતિકારી એકમ’ની રચના. બૉમ્બ ફેંકવા, ભાંગફોડની પ્રવૃત્તિ, શસ્ત્રોની ખરીદીનો કાર્યક્રમ. રેલવે ટ્રેનને કામલી સ્ટેશન પાસે બૉમ્બ દ્વારા ઉથલાવવાની યોજના. તે અંગેના કેસમાં ફરારી આરોપી. ભૂગર્ભમાં – દાંતા, અંબાજી વિસ્તારમાં અલગ અલગ નામથી રહ્યા. દાંતા દરબારે અંબાજી માતાના પૂજારી તરીકે માન્ય કરવાથી ક્રાંતિકારી પ્રવૃત્તિ કરવાની અનુકૂળતા.

1946 : કેસ પાછો ખેંચાતાં જાહેરમાં.

આઝાદી પછી જાહેર પ્રવૃત્તિમાં સક્રિય. સર્વોદય આશ્રમની સ્થાપનામાં મહત્વનો ભાગ. ભૂદાન પદયાત્રા. કુદરતી આપત્તિમાં રાહતકાર્યો. અવસાન : 2 ફેબ્રુઆરી, 1986.

## દવે, પ્રાણશંકર સુંદરજી

પોરબંદર.

1942ની લડત વખતે પોરબંદર રાજ્યના જુલમોના ભોગ બન્યા.

## દવે, બાલકૃષ્ણભાઈ હરિરાય

જન્મ : 21 જૂન, 1911. રાજકોટ.

1930-31માં રાજકોટમાં વિદેશી કાપડના પિકેટિંગમાં ભાગ લેતાં પકડાયા. 1931માં ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લેતાં અનેક કષ્ટો વેઠ્યાં. વ્રજપુરની જેલમાં ભારે ત્રાસ વેઠ્યો. ધોલેરાની લડતમાં સવિનય કાનૂનભંગ કરતાં

દોઢ વર્ષની સજા પામ્યા. રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લેતાં બે વાર પકડાયા. જેલવાસ ભોગવ્યો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભવાસીઓને મદદ કરવાનું કાર્ય કર્યું. જૂનાગઢની આરઝી હકૂમત વખતે મદદરૂપ થયા.

## દવે, ભાનુશંકર હરિરામ

જન્મ : 8 ઑગસ્ટ, 1908. સેંજલ, જિ. ભાવનગર.

1928માં સાબરમતી આશ્રમમાં જોડાયા. 1930ના મીઠાના સત્યાગ્રહ વખતે કરાંચીથી પકડાયા. નાશિકમાં સાત માસની સજા ભોગવી. ના-કરની લડત વખતે જંબુસરથી પકડાયા. યરવડામાં છ માસ જેલવાસ ભોગવ્યો. અમદાવાદથી પકડાયા ને નાશિકમાં છ માસ જેલવાસ ભોગવ્યો. કોલકાતા અધિવેશન વખતે પકડાયા. ટૂંકો જેલવાસ ભોગવ્યો. 1932માં ઝાલોદથી પકડાયા. છ માસ જેલવાસ ભોગવ્યો. રાજકોટની લડતમાં ભાગ લીધો. સહન કર્યું.

## દવે, મગનલાલ હરિશંકર

ભરૂચ.

1942ની લડત વખતે વડોદરા રાજ્યમાં સરકારી ખાતામાં નોકરી કરતા હતા. ત્યાંથી લડતમાં જોડાયા. બે માસની સજા થઈ. દંડ થયો. નોકરી ગુમાવી.

## દવે, મનસુખલાલ રવિશંકર

જન્મ : 9 ફેબ્રુઆરી, 1915. દૂધરેજ, જિ. સુરેન્દ્રનગર.

1930-32ની મીઠાની લડત વખતે વિરમગામ છાવણીમાં કામ કરતી વખતે પકડાયા. સાબરમતી જેલમાં ત્રણ મહિના જેલવાસ ભોગવ્યો.

## દવે, મનુભાઈ હરિરામ

જન્મ : 22 એપ્રિલ, 1915. સાવરકુંડલા.

રાજકોટ સત્યાગ્રહમાં જોડાતાં છ માસની કેદ અને રૂ. 500 દંડ. સમાધાન થતાં અઢી માસની સજા ભોગવીને મુક્ત. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભાવનગરમાં અટકાયત. ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા તેમજ લોકભારતી સંસ્થામાં આજીવન સેવક.

## દવે, માણેકલાલ ગિરધરલાલ (ગોર)

કઠલાલ, જિ. ખેડા.

પરીક્ષિતલાલ મજમુદારની ટુકડીમાં રહી સત્યાગ્રહમાં જોડાયા. સ્વયંસેવક તરીકે કાર્ય કર્યું. 6 માસની જેલ થઈ. નાગપુર જેલમાં બળદોની જગ્યાએ કૂવામાંથી પાણી ખેંચવાનું ત્રાસદાયક કામ કર્યું. કુલ એક વર્ષની સજા ભોગવી.

## દવે, રતિલાલ કાનજીભાઈ

જન્મ : 17 માર્ચ, 1914. વંથલી, જિ. જૂનાગઢ.

જૂનાગઢની પ્રજામંડળની લડતના અગ્રણી. નવાબી તંત્રે આઠ જણની ધરપકડ કરી તેમાંના એક. અમાનુષી ત્રાસ વેઠ્યો. ટૂંકો જેલવાસ. આરઝી હકૂમતની લડતના સક્રિય કાર્યકર્તા.

## દવે, રતિલાલ હરિશંકર

જન્મ : 24 ઑગસ્ટ, 1926.

'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ભાવનગરથી પકડાયા. સાત માસની જેલની સજા ભાવનગરમાં ભોગવી.

## દવે, રમણલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં ખાડિયાના વૉર્ડનાયક. વૉર્ડમાં પોળનાયકો, શેરીનાયકોને વિવિધ કામો સોંપતા. વૉર્ડમાં સભાઓ, સરઘસો, પત્રિકા વહેંચવાનું આયોજન તથા સંચાલન. પોલીસપાર્ટી, પોલીસગેટ પર વારંવાર

પથ્થરમારો કરાવી તેમને ગોળીબારો કરવા ઉશ્કેરતા.

## દવે, રમાકાંત અંબાલાલ

લુણાવાડા, જિ. પંચમહાલ.

1941માં સરકારની યુદ્ધનીતિનો વિરોધ કરવા સૂત્રોચ્ચાર અને ભાષણ કરીને વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો. ધરપકડ વહોરી. અઢી માસની કેદની સજા ભોગવી.

## દવે, રવિબાબુ હિંમતલાલ

જન્મ : 24 ઑક્ટોબર, 1905. રાજકોટ.

1930ની લડતમાં છ માસ જેલવાસ ભોગવ્યો. વ્યક્તિગત સત્યાગ્રહમાં આઠ માસની સજા ભોગવી. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો.

## દવે, રવિશંકર કાનજીભાઈ

જન્મ : 31 ડિસેમ્બર, 1912. જામનગર.

ધ્રોળ ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. જામનગરની પ્રજામંડળની લડતમાં ભાગ લેતાં વૉરંટ નીકળતાં જામનગર છોડ્યું. બીજે સ્થળે લડતમાં ભાગ લીધો. રાજકોટ સત્યાગ્રહમાં તેમજ 1942ની લડતમાં ભાગ લીધો.

## દવે, રસિકલાલ પુરુષોત્તમભાઈ

જન્મ : 12 ઑક્ટોબર, 1925. જામનગર.

વિદ્યાર્થી તરીકે જામનગર પ્રજામંડળની લડતમાં સામેલ થયા. ગાંધી ટોપી ધારણ કરી હડતાળમાં ભાગ લીધો. પોલીસનો માર ખાધો. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. કૉલેજ છોડવી પડી.

## દવે, રોહિત મનુશંકર

જન્મ : 1908. સૂરત.

1942ની સ્વાતંત્ર્યની લડતમાં મુંબઈમાં ભાગ લીધો. હડતાળની ઉશ્કેરણી કરવા, મઝગાંવની પોલીસ દ્વારા કોર્ટ બાળવાના આરોપો મૂકી કેસ કરાયો. પુરાવાના અભાવે છોડી મૂક્યા. 1934માં કૉંગ્રેસ સમાજવાદી પક્ષની સ્થાપના કરનારામાંના એક. 1948થી 1952 સુધી મુંબઈ કૉર્પોરેશનના સભ્ય. 1958થી 1964 સુધી કેન્દ્રની રાજ્યસભાના સભ્ય.

## દવે, લક્ષ્મીશંકર સાકરલાલ

જન્મ : 21 જુલાઈ, 1908. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક. 1930માં સ્વરાજ્યપ્રાપ્તિની લડતમાં ભાગ લેવા સરકારી નોકરીનો ત્યાગ. મજૂર મહાજનના કાર્યકર્તા. દારૂનિષેધની પ્રવૃત્તિમાં સક્રિય. 1942ની લડત વખતે ભૂગર્ભમાં રહીને કૉંગ્રેસના અદના કાર્યકર.

## દવે, લાભુભાઈ નાથજી

વલભીપુર, જિ. ભાવનગર.

1938માં વળા સત્યાગ્રહમાં ભાગ લીધો. પકડાયા. ટૂંકો જેલવાસ ભોગવ્યો.

## દવે, વજુભાઈ

જન્મ : 1898. વઢવાણ. નિવાસ : અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સરઘસો વગેરે માટે છોકરાઓ ભેગા કરવા, પત્રિકાઓ છાપવાની વ્યવસ્થા કરી આપતા. કેટલાય સ્વાતંત્ર્યસૈનિકોને આર્થિક મદદ. હિન્દ સંરક્ષણ ધારા હેઠળ ધરપકડ કરી અટકાયત. શારદામંદિરના સ્થાપક આચાર્ય.

## દવે, શાંતિલાલ દયાશંકર

મોરબી, જિ. રાજકોટ.

રાષ્ટ્રીય લડતના એક નિષ્ઠાવાન સત્યાગ્રહી. 1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં જોડાયા. 4 નવેમ્બર, 1931ના રોજ ધ્રાંગધ્રા જતી પ્રથમ ટુકડીમાં જોડાવા વઢવાણની છાવણીમાં ભેગા મળ્યા. ટુકડીના સરદાર શિવાનંદજી હતા. તેઓ રાષ્ટ્રીય ગીતો ગાતાં વઢવાણમાં ફર્યા પછી

સ્ટેશને ગયા. ધ્રાંગધ્રા સ્ટેશને ઊતર્યા બાદ, ધ્રાંગધ્રા રાજ્યની સરહદમાં પ્રવેશતાં ધરપકડ કરી, ખટારામાં બેસાડી, અજાણ્યા સ્થળે લઈ જઈને છોડી મૂકવામાં આવ્યા.

## દવે, સવિતાબહેન

ભરૂચ.

1930ની ચળવળમાં ભાગ લીધો હતો. તેમણે ભરૂચમાં દારૂતાડીનાં પીઠાં અને પરદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગમાં સક્રિય ભાગ લીધો હતો.

## દવે, સોમનાથ પ્રભાશંકર

જન્મ : 18 ઑક્ટોબર, 1906. રાણપુર, સૌરાષ્ટ્ર.

કાર્યક્ષેત્ર : અમદાવાદ. 1930માં ગાંધીજીના આદેશથી મજૂર મહાજન સંઘમાં. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. અમદાવાદમાં અભૂતપૂર્વ હડતાળ. કાર્યકરોની ધરપકડ. મજૂર સમસ્યાઓના નિષ્ણાત. સુધરાઈમાં સભ્ય. 1952 : મુંબઈ ધારાસભામાં. મોરારજી દેસાઈ માટે પદત્યાગ. રાજ્યસભાના સભ્ય.

અવસાન : 5 જાન્યુઆરી, 1959.

## દવે, હરિલાલ મણિલાલ

અમદાવાદ.

1942ની લડતમાં અમદાવાદ સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં ભાગ લીધો. છ માસની સખત કેદની સજા અને રૂ. 250/- દંડ.

## દવે, હરિશંકર લક્ષ્મીશંકર

લીંબડી, જિ. સુરેન્દ્રનગર. સૌરાષ્ટ્ર.

કરાંચીના વસવાટ દરમિયાન 1930-31ની મીઠાની લડતમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો.

## દવે, હિંમતલાલ

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. મીઠાના કાયદાનો ભંગ કરવા ધરાસણા ગયા. ત્યાં તારની વાડ તોડતાં સખત માર પડવાથી ઘવાયા અને હૉસ્પિટલમાં સારવાર લેવી પડી.

## દવે, હિંમતલાલ ઉમિયાશંકર

જન્મ : 22 મે, 1919. લીંબડી.

લીંબડીની લડતમાં ભાગ લેવા બદલ શિક્ષકની નોકરી ગુમાવવી પડી. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભમાં રહીને પ્રવૃત્તિઓ કરી. યુદ્ધગીતો લખ્યાં.

## દસાડિયા, અબદુલ કરીમ આલમભાઈ

જન્મ : 1908 આશરે. ભાવનગર.

1930માં મીઠાનો સત્યાગ્રહ. રાણપુર સ્ટેશને પોલીસ દ્વારા લાઠીમારનો ભોગ બન્યા. સત્યાગ્રહમાં ભાગ લીધો. છ માસની જેલ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં અટકાયત. દંડ વસૂલ કરવા ઘરવખરી જપ્ત. તામ્રપત્ર અને પેન્શન એનાયત થયેલ છે.

## દહિડા, કાનજીભાઈ ગોવિંદજી

અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ. જેલવાસ ભોગવ્યો. સરકાર તરફથી પેન્શન મળે છે.

## દાણી, ઈશ્વરલાલ અંબાલાલ (બાબુ દાણી)

જન્મ : 24 ફેબ્રુઆરી, 1920. પાટણ. કર્મભૂમિ : પાટણ.

1940માં મૅટ્રિક પાસ. વ્યાયામનો શોખ. નિયમિત અખાડાપ્રવૃત્તિ. દંડ, બેઠક, કુસ્તી. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેવા માંડ્યો. સરકારી તિજોરીના ભરણાનાં નાણાં લૂંટ્યાં. સાથીદારો સહિત ધરપકડ. મહેસાણાની કોર્ટમાં કેસ. એક માસ અને સત્તર દિવસ

જેલમાં. ધરપકડ પછી પોલીસે સિતમ ગુજાર્યો – બરફની પાટ પર બેસાડ્યા, નેતરની સોટી વડે ફટકાર્યા વગેરે.

આઝાદી પછી ન્યૂ હાઈસ્કૂલમાં કારકુન; છાત્રાલયના ગૃહપતિ. ગુજરાત લૉ સોસાયટી સંચાલિત (અમદાવાદ) હાઈસ્કૂલમાં હેડક્લાર્ક. અવસાન : 12 ઑગસ્ટ, 1985.

## દાણી, નારણદાસ લલ્લુભાઈ

જન્મ : 7 ડિસેમ્બર, 1923. ભાવનગર.

અભ્યાસ : મૅટ્રિક. 1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાવનગર બંદરે લશ્કરી સામાનની હેરફેર ઉપર પિકેટિંગ. ધરપકડ. બે માસ અટકાયત. સવિનય કાનૂનભંગ. ધરપકડ. બે વર્ષની સજા. જૂનાગઢની આરઝી હકૂમતમાં સક્રિય. ભાવનગરમાં રચનાત્મક કાર્ય. પેન્શન અને તામ્રપત્ર એનાયત થયેલ છે.

## દાણી, મંગળાબહેન

જ. 1910. ગોધરા, જિ. પંચમહાલ.

અમદાવાદમાં શિક્ષણસંસ્થાઓમાં શિક્ષિકા તરીકે કામ કર્યું. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ઝંપલાવ્યું. લડત બાદ શિક્ષણખાતામાં નિરીક્ષક.

## દાણી, લક્ષ્મીદાસ ડાહ્યાભાઈ

ખીરસરા, જિ. જૂનાગઢ.

1930માં મીઠાની લડત વખતે પોરબંદર છોડીને સત્યાગ્રહમાં જોડાવા માટે રાણપુર ગયા. ધોલેરા છાવણીમાં જોડાયા. સવિનય કાનૂનભંગ તથા પ્રચારપત્રિકાઓ વહેંચતા. ધોળકામાંથી ધરપકડ થઈ. સાબરમતીમાં જેલવાસ ભોગવ્યો. ફરી મીઠાની લડત શરૂ થતાં જોડાયા. બરવાળામાં જે જુલમો થયા તેનો ભોગ બન્યા. ફરી ધરપકડ થઈ. જેલવાસ ભોગવ્યો. રાજકોટની લડતમાં જોડાયા. રાષ્ટ્રધ્વજ ફરકાવતાં પોલીસનો માર ખાધો. કાંટાની વાડમાં ફેંકી દીધા. સરધારની જેલમાં. મુંબઈ ગયા. નેતાજીની અસર નીચે આવ્યા. 1940માં સુભાષચંદ્ર બોઝને દેશમાંથી નાસી જવામાં મદદ કરી. સુભાષબાબુ સાથે પેશાવરમાં ત્રણ દિવસ મુસ્લિમ રેસ્ટોરાંમાં ફકીર વેશે રહ્યા. ત્યાંથી કાબૂલ ગયા. કાબૂલથી ગઝની થઈને પેશાવર અને બર્દવાન પાછા ફર્યા. તેમને દોઢ વર્ષની જેલની સજા થઈ. વિસાપુર જેલમાં સજા ભોગવી. 1941માં ચર્ચગેટ પરના બૉમ્બ વિસ્ફોટમાં પકડાયા હતા. ત્યાર બાદ સિંગાપુર જઈને આઝાદ હિન્દ ફોજમાં જોડાયા. ઇમ્ફાલની લડાઈમાં ભાગ લીધો. ત્યાં પકડાયા. લાહોરમાં કારાવાસ. 1945માં છૂટ્યા. પાછલું જીવન ગરીબીમાં જીવ્યા.

## દાણી, લક્ષ્મીદાસ વલ્લભદાસ

જન્મ : 23 જાન્યુઆરી, 1909. ભાવનગર.

1930ની મીઠાની લડત વખતે ધોલેરા સત્યાગ્રહમાં જોડાયા. મીઠાના કાયદાનો ભંગ કરતાં થાણા જેલમાં નવ માસ જેલવાસ ભોગવ્યો. તળાજા રાજકોટ ટ્રામવે સત્યાગ્રહમાં ભાગ લેતાં ધરપકડ થઈ. ભાવનગરમાં જેલવાસ ભોગવ્યો. રાજકોટની લડતમાં જોડાયા. જેલવાસી થયા. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેતાં સાબરમતી, યરવડા તેમજ ધૂળિયામાં છ માસ જેલવાસ ભોગવ્યો.

## દાતાર, મહાદેવ વિષ્ણુ

કોલાબા જિલ્લાનું કીહીમ.

સ્વાતંત્ર્યસંગ્રામમાં ત્રણ વખત જેલમાં ગયા. સોલાપુરમાં માર્શલ લૉના અમલ વખતે દોઢ વર્ષ પછી નંદરબારથી પકડાઈને છ મહિનાની સજા ભોગવી હતી.

## દાદભાવાળા, ચુનીભાઈ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર. સૌરાષ્ટ્ર.

1930-31ની મીઠાની લડત વખતે ધોલેરાથી પકડાયા. ત્રણ માસ જેલવાસ. વિરમગામથી સત્યાગ્રહ. ધરપકડ. સાબરમતીમાં જેલવાસ. ફૂલચંદભાઈના સાથી કાર્યકર્તા. ધંધાર્થે મુંબઈમાં વસવાટ.

## દાદભાવાળા, વિનયકાંત ચુનીલાલ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

હરિજનસેવા તેમજ સામાજિક સુધારણાનાં કાર્યો કરતા. 1930-31ની મીઠાની લડત વખતે વિરમગામ છાવણીમાંથી ધરપકડ વહોરી. ટૂંક સમયમાં મુક્ત થયા.

## દાદાભાઈ નવરોજી

જન્મ : 1825. નવસારી.

અભ્યાસ : મુંબઈ એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ. વ્યવસાય : ત્યાં જ અધ્યાપક. કન્યાશાળા સ્થાપી. 1851માં 'રાસ્ત ગોફતાર' ગુજરાતી સાપ્તાહિકની સ્થાપના. 1855માં નોકરી અર્થે ઇંગ્લૅન્ડગમન. ઈસ્ટ ઇંડિયા ઍસોસિયેશનની સ્થાપના. લંડન યુનિવર્સિટીમાં ગુજરાતીના અધ્યાપક. 1879માં સ્વદેશાગમન. ઇંગ્લૅન્ડના કાર્ય માટે રૂ. 30,000ની થેલીથી સન્માન. પુનઃ ઇંગ્લૅન્ડગમન. ફૉસેટ સમિતિ સમક્ષ સાક્ષીમાં જણાવ્યું કે ભારતમાં માથાદીઠ વાર્ષિક આવક કેવળ 20 રૂપિયા. 1874 : વડોદરા રાજ્યના દીવાન. પુનઃ વિલાયતગમન. 1892માં બ્રિટિશ સંસદમાં સભ્ય. મહાસભાને સ્વાતંત્ર્ય-આંદોલન માટે પ્રેરણા. 1882, 1893 અને 1906માં કૉંગ્રેસનાં અધિવેશનોના પ્રમુખ. હિન્દીઓનાં કલ્યાણ તથા સ્વતંત્રતા માટે માગણી. 'હિન્દના દાદા' કહેવાયા.
અવસાન : 1917. મુંબઈ.

## દાદાવાલા, પુરુષોત્તમ ભગુભાઈ

વતન : સૂરત.

1920ની અસહકારની ચળવળ શરૂ થતાં સરકારી કૉલેજ છોડીને ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાઈ સ્નાતક થયા. 1927માં આફ્રિકા દસ વર્ષ માટે ગયા. પાછા ફરીને ભૂગર્ભ કાર્યકર્તા તરીકે પ્રવૃત્તિ. વાડીફળિયામાં રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય હતા.

## દાસ, નટુભાઈ વનમાળીદાસ

જન્મ : 14 ફેબ્રુઆરી, 1919. સલૂણ, જિ. ખેડા.

અભ્યાસ : પ્રાથમિક પાંચ ધોરણ સુધી. 1933-34માં નડિયાદમાં નોકરી દરમિયાન સ્વાતંત્ર્યસંગ્રામમાં ઉત્સાહભેર ભાગ. 1942ની 'હિન્દ છોડો' ચળવળ સમયે નડિયાદમાં સરઘસ. પોલીસ ગોળીબાર; ઘવાયા અને શહાદતને વર્યા.

## દાંતવાલા, પ્રોફે. મોહનલાલ લલ્લુભાઈ

જન્મ : 18 સપ્ટેમ્બર, 1909. સૂરત.

1932ની ચળવળમાં 20 માસ જેલ ભોગવી. મુંબઈમાં. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં અમદાવાદમાં 10 માસની કેદ. 1942ની ચળવળમાં અમદાવાદ અને નાશિક રોડ સેન્ટ્રલ જેલમાં, સાબરમતીમાં 20 માસની જેલ. અર્થશાસ્ત્રના અધ્યાપક. કેન્દ્રના પગાર કમિશનના સભ્ય રહ્યા હતા. કૉંગ્રેસની ખેતીવાડી સુધારણા સમિતિના સભ્ય હતા. સમાજવાદી વિચારસરણી.

## દિવાળીબહેન ડાહ્યાભાઈ

આશી, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને લાઠીના પ્રહારથી માથામાં ઈજા થઈ હતી.

## દિવાળીબહેન દાજીભાઈ

ઉંમર : 65. આંકલાવ, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે કરેલા બેફામ લાઠીચાર્જમાં માર ખાધો.

## દિવાળીબહેન પુરુષોત્તમ

ઉંમર : 15. બોચાસણ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના દિવસે 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને બંદૂકના કુંદાથી કમર તથા માથામાં ઈજાઓ થઈ હતી.

## દીક્ષિત, કમળાબહેન નરહરિશંકર

જંબુસર, જિ. પંચમહાલ.

1920 : શાળાકાળમાં જ સભા-સરઘસમાં સક્રિય. 1930માં અસહકાર. ધરાસણા મીઠાસત્યાગ્રહ, ધરપકડ અને મુક્તિ. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. કારાવાસ. પુનઃ કારાવાસ. દંપતી સમાનભાવે લડતમાં.

## દીક્ષિત, નરહરિશંકર અમૃતલાલ

જંબુસર, જિ. પંચમહાલ.

1920ની સાલથી રાષ્ટ્રીયતાનો રંગ લાગ્યો. અભ્યાસ છોડી ચળવળને મોખરે રહ્યા. દાંડીકૂચમાં ભાગ લઈ મીઠું પકવ્યું. ધરાસણા સત્યાગ્રહમાં ભાગ લીધો. મીઠું લૂંટતાં પોલીસનો માર ખાધો. પકડાયા. 1942ની લડત વખતે જેલવાસ ભોગવ્યો.

## દીક્ષિત, માલતીબહેન મોહનનાથ

જન્મ : 1885. સૂરત.

રાષ્ટ્રીય શાળાઓ થઈ ત્યારે તેઓ કસ્તૂરબા કન્યાશાળામાં માનદ મુખ્ય અધ્યાપિકા નિમાયાં હતાં. કન્યાઓને નાટક, ગરબા વગેરે પ્રવૃત્તિઓમાં ભાગ લેતી કરી. મહાગુજરાતની પ્રવૃત્તિમાં પણ ભાગ લીધો.

અવસાન : 1966.

## દીક્ષિત, વીરબાળાબહેન

અમદાવાદ.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. અમદાવાદ પાંચકૂવા વિદેશી કાપડની દુકાનો પર સઘન પિકેટિંગનું સંચાલન કરતાં. તેઓ, વિજયાગૌરી કાનૂગા તથા માલતીબહેન પંડિત વગેરે પિકેટિંગ મંડળના પ્રચાર વિભાગ તરફથી આયોજિત સભાઓમાં વ્યાખ્યાનો આપતાં હતાં. પિકેટિંગ મંડળના આશ્રયે અમદાવાદમાં સ્થપાયેલ બાળસેવિકાસંઘનાં મંત્રી હતાં. પિકેટિંગ કરનારે શુદ્ધ ખાદી પહેરવી ફરજિયાત હતી.

## દીપચંદ વખતચંદ

હળવદ, સૌરાષ્ટ્ર.

1931માં ધ્રાંગધ્રાની લડત વખતે હળવદમાં સભા બોલાવવા 21 ઑક્ટોબર, 1931ના રોજ થાળી વગાડીને લોકોને ખબર આપતા યુવાન પર પોલીસો તૂટી પડ્યા. તેને બચાવવા જનાર લોકો પર પણ પોલીસોએ સખત લાઠીમાર કર્યો. તેમાં દીપચંદને ઘૂંટણ નીચે, જમણી આંગળીએ વગેરે ભાગો પર લાઠીના પ્રહારોથી ઈજા થઈ.

## દીવાન, જીવણલાલ ઠાકોરલાલ

જન્મ : 1901. અમદાવાદ.

રૉયલ ઇન્ડિયન નેવીના રેટિંગ્ઝ બળવાને ટેકો આપવા માટેના પ્રજાકીય વિરોધના આંદોલનમાં ભાગ. 22 ફેબ્રુઆરી, 1946ના દિવસે પોલીસના ગોળીબારમાં ઘવાયા અને તે જ દિવસે મૃત્યુ પામ્યા.

## દીવાન, જીવણલાલ હરિપ્રસાદ

જન્મ : 27 માર્ચ, 1877. અમદાવાદ.

શિક્ષક. એમ.એ. બલ્લુભાઈ ઠાકોરની સાથે રહીને અમદાવાદમાં પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ સ્થાપી. તેના આચાર્ય. 1920ની અસહકારની ચળવળ વખતે આ હાઈસ્કૂલને ગાંધીજીની સલાહથી રાષ્ટ્રીય શાળા બનાવી. સરકારની માન્યતા પરત કરી. અમદાવાદ પ્રજા કેળવણી મંડળ સ્થાપ્યું. ગુજરાત કૉંગ્રેસ સમિતિ, અમદાવાદ શહેર કૉંગ્રેસ સમિતિ અને મ્યુનિસિપાલિટીમાં સેવા. સ્વાતંત્ર્ય-ચળવળોમાં સક્રિય. 1930માં ધંધૂકામાં સત્યાગ્રહ. ધરપકડ. નવ મહિનાની સજા. 1932માં ધરપકડ. અટકાયત. એક મહિનો. મુક્તિ બાદ દરરોજ પોલીસ કચેરીમાં હાજરી આપવાનો ઇનકાર. ફરી દોઢ વર્ષની સજા. 1942માં ધરપકડ. અટકાયત.

## દીવાન, પ્રમોદાબહેન

અમદાવાદ.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. મે, જૂન, 1930માં અમદાવાદમાં પાંચકૂવાની વિદેશી કાપડની દુકાનો પર સઘન પિકેટિંગમાં સક્રિય ભાગ લીધો. આ લડતમાં ભાગ લેવા બદલ તેમને ગુજરાત કૉલેજમાં પ્રવેશ લેતાં અટકાવવામાં આવ્યાં હતાં.

## દીવાન, સત્યેન્દ્ર હરિપ્રસાદ

જન્મ : 20 ઑગસ્ટ, 1908. અમદાવાદ.

શિક્ષણ : બી.એ., એલએલ.બી. વકીલાત. પાછળથી સ્વતંત્ર ધંધો. સામાજિક કાર્યકર. 1930 : ધરાસણાના નમક સત્યાગ્રહમાં સક્રિય. બે વખત જેલવાસ. 1932માં દારૂની હરાજી વખતે પિકેટિંગ કરતાં ધરપકડ. સત્યાગ્રહ આંદોલનમાં ભાગ લેતાં બાર માસની સજા. 1942ની ચળવળ વખતે આઠ માસ અટકાયત.

## દીવાનજી, દિલખુશ બલસુખરામ

જન્મ : 1899. સૂરત. અમદાવાદ.

અભ્યાસ : બી.એ., 1921. વ્યવસાય : શિક્ષક. સાર્વજનિક હાઈસ્કૂલ, સૂરત. રાષ્ટ્રીય શાળા, મુંબઈ, નોકરી સાથે સમાજસેવા, ખાદી, રચનાત્મક કાર્યોમાં પ્રવૃત્ત. દરેક સત્યાગ્રહમાં સક્રિય. અનેક વાર કારાવાસ. કરાડી. ગાંધીકુટિર, સર્વોદયપ્રવૃત્તિ. સૂરત, નવસારી ખાદીભંડારો. ધરમપુર સર્વોદય કેન્દ્ર, વેડછી ગાંધી વિદ્યાપીઠ, નઈ તાલીમ સંઘ, કરાડી, ગાંધીસ્મારક આદિના પ્રેરણાદાતા.

## દીવાનજી, હર્ષિદાબહેન

જન્મ : 1898. સૂરત.

અભ્યાસ : 7 ગુજરાતી. 1926થી ખાદીપ્રવૃત્તિ. દિલખુશ દીવાનજીનાં ભાભી. 1930 : દાંડીકૂચ. મુંબઈ, ખારમાં સરઘસની આગેવાની. બે મહિના કારાવાસ. 1939માં બે અઠવાડિયાં માટે કારાવાસ. ખાદીવ્રતધારી. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં તેમના 3 પુત્રો સક્રિય. ખારમાંનો બંગલો સર્વોદય પ્રવૃત્તિનું કેન્દ્ર.

## દીવાવાળા, છગનલાલ નરોત્તમદાસ

જન્મ : 16 ઑક્ટોબર, 1897. દીવા, જિ. ભરૂચ.

1920ના અસહકારની લડત દરમિયાન ગાંધીજીની હાકલના જવાબમાં પારડી સાર્વજનિક હાઈસ્કૂલના શિક્ષકની નોકરીનું રાજીનામું. દેશસેવા અપનાવી. પારડી તાલુકામાં દારૂતાડીની દુકાનોએ પિકેટિંગ ગોઠવ્યું. તેની ઘણી અસર પડી. સૂરતની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગની વ્યવસ્થા પ્રાંતિક કૉંગ્રેસ સમિતિએ સોંપવાથી, કુશળતાપૂર્વક સફળતા મેળવી. રચનાત્મક પ્રવૃત્તિઓ 1923થી 1930 દરમિયાન કરી. 1930માં વિલેપાર્લેની સત્યાગ્રહ છાવણીમાં રહી મદ્યનિષેધનું કાર્ય

ઘણું સારું કર્યું. ધરપકડ. ધર્માનંદ કોસામ્બી અને દિલખુશ દીવાનજી સાથે દોઢ વર્ષની સજા અને રૂ. 300/- દંડ. યરવડા જેલમાં ફળાહારની ના પાડી અને એકાંત કોટડીમાં ઉપવાસ કર્યા. 1932માં થાણેની જેલમાં અટકાયત. વૈદ્ય તરીકે પણ સેવા. આત્માનંદ સરસ્વતી આયુર્વેદિક સહકારી ફાર્મસીની વલસાડ શાખાના સંચાલક.

## દુર્લભજી કલ્યાણજી

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ. હિન્દ સંરક્ષણ ધારા હેઠળ ધરપકડ. બે માસની સજા.

## દુર્લભદાસ છગનલાલ

જન્મ : 1914. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં હિન્દ સંરક્ષણ ધારા નીચે ધરપકડ. ત્રણ માસ જેલવાસ.

## દુર્લભદાસ મગનલાલ

દાહોદ.

રાષ્ટ્રવાદી. 1932ની સત્યાગ્રહની લડતમાં સભા, સરઘસ, પિકેટિંગ વગેરેમાં ભાગ લેવા માટે ધરપકડ. છ માસની કેદની સજા.

## દુલેરાય પ્રાણશંકર

ચલાળા, સૌરાષ્ટ્ર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં સક્રિય ભાગ. ભૂગર્ભ-પ્રવૃત્તિ. 26-11-1942 : ચલાળા ખાતે ધરપકડ. અમરેલી જેલમાં જેલવાસ.

## દૂધવાળા, હરિલાલ ભગવાનદાસ

બેગમપુરા, સૂરત.

1930માં રાષ્ટ્રની લડતમાં જોડાયા. ભાષણો સાંભળતા. પેપરો વાંચતા. તેમણે ચળવળમાં ભાગ લેવા ઘરનો ત્યાગ કર્યો. સરઘસ કાઢતા. ભાષણો કરતા. પત્રિકા છપાવવી અને વહેંચવી તે તેમની પ્રવૃત્તિ હતી. તેમની ધરપકડ (1942) થઈ અને 6 માસ જેલવાસ વેઠ્યો. જેલમાં ખૂબ કામ કરવું પડતું અને બરફ પર સુવડાવતા.

## દેપાળા, નારણદાસ મોહનલાલ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર. સૌરાષ્ટ્ર.

રાષ્ટ્રીય લડતોમાં ભાગ લેવાથી તેમની ધરપકડ કરવામાં આવી. જેલની સજા ભોગવી. રાજ્ય-સરકાર તરફથી પેન્શન એનાયત કરવામાં આવ્યું.

## દેપાળા, મંગળદાસ મગનલાલ

સુરેન્દ્રનગર.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો, તેથી તેમની ધરપકડ કરવામાં આવી. તેમણે જેલની સજા ભોગવી. કેન્દ્ર- સરકારનું પેન્શન એનાયત થયેલ છે.

## દેરાસરી, ઘનશ્યામલાલ બિહારીલાલ

જન્મ : 2 ઑક્ટોબર, 1905. અમદાવાદ.

1942માં 'હિન્દ છોડો' આંદોલન શરૂ થતાં નગરપાલિકાના નોકરોની હડતાળમાં ભાગ લેવા બદલ 6 માસની કેદ તથા રૂ. 600/- દંડ.

## દેરાસરી, નાનુભાઈ બિહારીલાલ

જન્મ : 25 જાન્યુઆરી, 1907. હાલોલ, જિ. પંચમહાલ.

ઍડવોકેટ, વકીલાત. યુવકપ્રવૃત્તિમાં સક્રિય. 1937માં કૉંગ્રેસ સેવાદળમાં જોડાયા. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ. ધરપકડ, 6 માસની સજા. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ, ધરપકડ. અઢી વર્ષ સુધી અટકાયતમાં. 1945માં જેલમુક્તિ. 1947થી ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના કાયમી મંત્રી. અવસાન : 22 એપ્રિલ, 1972. અમદાવાદ.

## દેવ, બાપુરાવ નાથુરાવ

જન્મ : 13 સપ્ટેમ્બર, 1920. દેવગઢબારિયા, જિ.

દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન કલાભવન(વડોદરા)નો ડિપ્લોમાં ઇન આર્કિટેકચરનો અભ્યાસ છોડ્યો. લાંબી હડતાળ. ઇન્દ્રવદન પુરાણી, અર્જુનસિંહ ચૌહાણ, ભીખાલાલ પરીખ સાથે ભૂગર્ભ પ્રવૃત્તિ. ગુપ્ત પત્રિકાઓ પ્રગટ કરતા. બારિયા રાજ્યના અધિકારીઓ વિરુદ્ધ પત્રિકાઓ લખતા. ગુપ્ત રહેતા. અમદાવાદના અજિતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ દારૂગોળાના બૉંબ બનાવ્યા. સંતરામપુર પાસે પાનમ નદીનો પુલ ઉડાવી દેવા થાંભલા પાસે બૉંબ મૂક્યા. ધડાકા. નુકસાન. આ પ્રવૃત્તિની માહિતી પરથી તેમના પિતા રાજ્યની નોકરીમાંથી સસ્પેન્ડ. ભારે મુસીબતમાં ગુજારો. 1943માં અમદાવાદમાં ધરપકડ. જેલવાસ. પુરાવાના અભાવે મુક્તિ.

## દેવડા, મૂળજીભાઈ નારણભાઈ

જન્મ : 1902. ગાંફ, તા. ધંધૂકા.

શિક્ષણ : ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક (1924). 1922ની અસહકારની ચળવળ શરૂ થતાં સરકારી કૉલેજનો અભ્યાસ છોડીને ગાંધીજીની વિદ્યાપીઠમાં વાણિજ્ય વિશારદ થયા (1924). પોતાના વતનમાં ખેતી. 1930ના મીઠાના સત્યાગ્રહ વખતે ધોલેરા સત્યાગ્રહની છાવણીમાં સક્રિય. જેલવાસ (1930, 1932 અને 1942).

## દેવશંકર ભાઈશંકર

કાંઝ ગામ, ઉત્તર ગુજરાત.

1930ના વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. 24 મે, 1930ની વહેલી સવારે પાટડીથી પ્રાણજીવનદાસના નેતૃત્વ હેઠળ 75 સૈનિકો જૂના ખારાઘોડા ગયા. ત્યાં કુદરતી મીઠું જામેલું પડ્યું હતું. બધાએ પોતાની થેલીઓમાં મીઠું ભરી લીધું. પાટડી તરફ જતા હતા એટલામાં પોલીસોએ તેઓના ઉપર સખત નિર્દય લાઠીચાર્જ કર્યો. દેવશંકરના હાથમાંથી મીઠું છોડાવવાને બદલે સીધો લાઠીચાર્જ કર્યો. ઢોરને પણ ન મારે એટલી નિર્દયતાથી દાંત પીસી પીસીને કૂદી કૂદીને પોલીસો તેમના ઉપર અને તેમના સાથીદારો ઉપર લાઠીના ઘા ઉપર ઘા કરવા લાગ્યા. તેમના પેટ ઉપર બંદૂકનો કુંદો લગાવ્યો. તેથી પેટમાં ઘણી જ વેદના થઈ. તેમની ગરદન લાઠીમારથી નિશ્ચેતન થઈ ગઈ.

## દેવશંકર રામચંદ્ર

જન્મ : 1902 આશરે. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં હિન્દ સંરક્ષણ ધારા નીચે ધરપકડ કરવામાં આવી. ત્રણ માસ જેલવાસ ભોગવ્યો.

## દેવીસિંહ કેસરભાઈ

જન્મ : 10 ઑક્ટોબર, 1912. રાજકોટ.

અભ્યાસ : ધોરણ છ સુધી. 1930થી રાષ્ટ્રીય પ્રવૃત્તિ. રાજકોટની કાપડ મિલમાં રાજા તરફથી કામદારોને થતા અન્યાય સામે લડત ચલાવી. હડતાળ પડાવી. પરિણામે મિલમાંથી છૂટા કરવામાં આવ્યા. હદપાર. સમાધાન થતાં કામે જોડાયા. 1936 મિલકામદાર મંડળની રચના. જેઠાલાલ જોષી અને ઢેબરભાઈના માર્ગદર્શન નીચે સેવાનું કાર્ય. રાજકોટની લડતમાં ધરપકડ. છ માસની જેલ. (સમાધાન થતાં સાડાત્રણ માસની જેલ ભોગવી અને મુક્ત.) મજૂર સંગઠનના અગ્રણી.

## દેવેન્દ્રભાઈ હરિવલ્લભ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. ટૂંકા જેલવાસ પછી મુક્ત કરવામાં આવ્યા.

## દેવેન્દ્રરાવ પ્રાણશંકર

જન્મ : 10 ઑગસ્ટ, 1914. અમદાવાદ.

બી.એસસી., એલએલ.બી. 1940-41માં વકીલાત. કાર્યકર તરીકે જેલવાસ. 1944-45માં ધોળકા મ્યુનિસિપાલિટીના સભ્ય અને મૅનેજિંગ કમિટીના ચૅરમૅન. 1948માં સરકારી નોકરીમાં પસંદગી પામેલા, પરંતુ પશ્ચાદવર્તી તપાસમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સક્રિય સભ્ય હોવાની બાતમીના આધારે નોકરીમાંથી રૂખસદ આપવામાં આવી. ત્યાર પછી કાયમી ધોરણે વકીલાતનો વ્યવસાય સ્વીકાર્યો.

## દેશપાંડે, પાંડુરંગ ગણેશ

જન્મ : 19 ડિસેમ્બર, 1900. નારાયણગંજ,

જિ. પુણે. કાર્યક્ષેત્ર : અમદાવાદ.

1930માં પુણે જિલ્લાના આંબેગાંવ તાલુકામાં લોકજાગૃતિ માટે પ્રચાર પ્રવાસ. સરકારે ધરપકડ. બસો રૂપિયા દંડ. 1932માં વડોદરામાં હસ્તલિખિત 'નવજીવન'નો એક વર્ષ સુધી પ્રચાર કર્યો. 1933માં પુણેમાં ધરપકડ. યરવડા તથા સાબરમતી જેલમાં રહ્યા. 1942માં અમદાવાદમાં એક સરઘસની આગેવાની. ધરપકડ. એક વર્ષની જેલ ભોગવી. ગાંધીસાહિત્યના મરાઠી તથા ગુજરાતીમાં અનુવાદો કર્યા. સંપૂર્ણ ગાંધી વાઙ્મયના સંપાદક.

## દેસાઈ, અજિતરાય ભીમજીભાઈ

જન્મ : 1923. નવસારી.

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય ભાગ લીધો. કારાવાસ. પોલીસો દ્વારા અત્યાચારનો ભોગ બન્યા.

## દેસાઈ, (ડૉ.) અમૂલ મગનલાલ

જન્મ : 16 એપ્રિલ, 1919. વલસાડ.

1930માં સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન નાની વયે દારૂતાડીની દુકાનો પર પિકેટિંગ. 1942માં 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન ભૂગર્ભમાં રહી તાર-ટેલિફોનનાં દોરડાં કાપવાં, બૉંબ બનાવીને નાખવા વગેરે ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. ગેરકાયદે પત્રિકાઓ પ્રગટ કરી વહેંચતા. પોલીસોના લાઠીમારથી જમણા હાથે ઈજા. પરીક્ષાખંડમાં ઘૂસી ફાઇનલ એમ.બી.બી.એસ.ની યુનિવર્સિટીની પરીક્ષાનાં પ્રશ્નપત્રો ફાડી નાંખ્યાં. તે માટે 1 વર્ષ માટે બરતરફ થયા. હિન્દુ-મુસ્લિમ એકતા સ્થાપવા ગાંધીજી નોઆખલી (બંગાળ) ગયા ત્યારે દાક્તરી મિશનમાં સાથે ગયા. 1952માં મુંબઈની વિધાનસભામાં ચૂંટાયા. 1950-53 મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના સભ્ય. 1972 : ગણદેવીમાંથી ગુજરાતની વિધાનસભાના સભ્ય ચૂંટાયા. મજૂર-પ્રવૃત્તિના આગેવાન. દુકાળ, ધરતીકંપ તથા રાહતકાર્યોમાં સક્રિય. પારડી સત્યાગ્રહ તથા કેરળમાં સામ્યવાદ વિરુદ્ધની ચળવળમાં કારાવાસ ભોગવ્યો. ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મંત્રી.

## દેસાઈ, અમૃતલાલ પન્નાલાલ

દાહોદ.

રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓમાંથી પ્રેરણા. 1932ની ચળવળ દરમિયાન સભા, સરઘસ, પિકેટિંગ વગેરેમાં ભાગ લેવા માટે ધરપકડ. 6 માસની કેદની સજા.

## દેસાઈ, અરવિંદ મણિભાઈ

જન્મ : 4 ઑગસ્ટ, 1920. સિસોદરા, જિ. વલસાડ.

1942માં ગાંધીજયંતીની ઉજવણી કરતાં 8 મહિનાની સજા થઈ. તે સાબરમતી જેલમાં ભોગવી હતી. જેલમાંથી છૂટ્યા પછી એમ.એ. થયા.

## દેસાઈ, અશોકભાઈ

અમદાવાદ.

વિદ્યાર્થી કાર્યકર. 1942ની ચળવળમાં 16 વર્ષના હતા. સરઘસોમાં જોડાતા, પત્રિકા વહેંચતા, દુકાનો બંધ કરાવતા, પત્રિકાનાં બંડલો વહેલી સવારે પહોંચાડતા. કૉલેજ જતા વિદ્યાર્થીઓને રોકતા, મારતા, પેન-ચોપડીઓ-નોટો લઈ લેતા, મ્યુનિસિપલ સ્કૂલો બાળતા, સેન્સસ નંબરો ભૂંસી નાખતા. રાત્રે પોલીસોને ખૂબ માર્યા. ભોંયપત્રિકા લખતા. ટેલિફોનનાં દોરડાં કાપતા. ધરપકડ બે વાર થઈ. સપ્ટેમ્બર, 1942 અને ફેબ્રુઆરી, 1943માં બંને વાર 3-3 મહિના કુલ 6 મહિનાની સજા ભોગવી.

## દેસાઈ, અંબાલાલ સાકરલાલ

જન્મ : 1844. વતન : અલીણા, જિ. ખેડા.

1869માં એમ.એ. પ્રથમ વર્ગમાં. ગુજરાત કૉલેજ ઇન્સ્ટિટ્યૂટના પ્રિન્સિપાલ. વડોદરા રાજ્યમાં વરિષ્ઠ ન્યાયાધીશ. નિવૃત્તિ અમદાવાદમાં જાહેર જીવન. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રમુખ. 1902માં અમદાવાદમાં કૉંગ્રેસનું અધિવેશન મળ્યું ત્યારે સ્વાગત પ્રમુખ. 1907માં સૂરતમાં કૉંગ્રેસનું વિભાજન થયું ત્યારે અગ્રણી નેતા. 'પ્રજાબંધુ' સાપ્તાહિકમાં રાષ્ટ્રવાદી લેખો. સ્વદેશીના હિમાયતી અને અગ્રેસર. તેમણે 1875માં અમદાવાદમાં 'સ્વદેશી ઉદ્યોગ વર્ધક મંડળી' સ્થાપી. ગુજરાતની સ્વદેશીની ચળવળના પિતામહ.

અવસાન : 1914.

## દેસાઈ, અંબેલાલ ભીખાભાઈ

જન્મ : 18 ઑગસ્ટ, 1897. બોલંપ, જિ. સૂરત.

1921 : અસહકારની ચળવળમાં કૉલેજનો ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાઈ સ્નાતક. મુંબઈની રાષ્ટ્રીય શાળામાં શિક્ષણકાર્ય. અમદાવાદમાં નગરપાલિકામાં જોડાયા. 1942 : અમદાવાદમાં નગરપાલિકાના કર્મચારીઓની હડતાળમાં આગેવાની. ધરપકડ. 6 માસની જેલ. દંડ રૂ. 200.

## દેસાઈ, ઇન્દ્રવદન કેશવલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં આગળ પડતો ભાગ લીધો. સભા-સરઘસોમાં જોડાતા. દારૂના પીઠા પર પિકેટિંગ વગેરે. તેમની ધરપકડ કરીને જેલની સજા કરવામાં આવી હતી.

## દેસાઈ, ઇંદુકુમાર ખંડુભાઈ

જન્મ : 25 જાન્યુઆરી, 1926. ઉમરસાડી, વલસાડ.

અભ્યાસ : એમ.એ. 1942ની લોકક્રાંતિમાં. વાપી શાળામાં હડતાળ પડાવવાના પ્રયાસ માટે 6 મહિના કારાવાસ. દંડ ન ભરવાથી વધુ 2 મહિના કારાવાસ. ગામોમાં પ્રચારકાર્ય. ફરી ધરપકડ. 6 મહિના કારાવાસ. 200 રૂપિયા દંડ.

## દેસાઈ, ઇંદ્રવદન ગજાનન

જન્મ : 14 ફેબ્રુઆરી, 1919. વાલોડ, જિ. સૂરત.

લડત વખતે ઉપનામ રાજુભાઈ ઉર્ફે રાજારામ. 1938માં સૌરાષ્ટ્રમાં લખતર અને વઢવાણમાં હરિજન સેવક સંઘ મારફતે હરિજનસેવાનું કામ કર્યું. 1942ના સ્વાતંત્ર્યસંગ્રામમાં જલાલપોર તાલુકાના અબ્રામા ગામે રહીને સત્યાગ્રહની તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. ટપાલ-પેટીઓ અને ગામના ઉતારા બાળવાની તથા પીઠાં બંધ કરાવવાની પ્રવૃત્તિ કરી. ધરપકડ થઈ. ભાંગફોડની પ્રવૃત્તિ માટે 1 વર્ષ 4 માસ સાબરમતી જેલમાં રહ્યા. જેલમાંથી છૂટ્યા પછી રવિશંકર મહારાજના આશ્રમમાં બુનિયાદી શિક્ષણ અને માંદાઓની સારવારની તાલીમ લીધી. 1947થી હરિજન સેવક સંઘના કાર્યકર તરીકે સેવા કરી.

## દેસાઈ, ઈશ્વરલાલ

ઝાલોદ, જિ. દાહોદ

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. 15 ઑગસ્ટ, 1942માં મહાદેવભાઈ દેસાઈના અવસાન બાદ ઝાલોદમાં નીકળેલા સરઘસના આગેવાનો વાડીલાલ પુ. મહેતા અને હિંમતલાલ દેસાઈની ધરપકડ પછી લડતનું સંચાલન ઈશ્વરલાલ અને વસંતલાલ મજમુદારે સંભાળ્યું હતું. તેઓએ ગામ વચ્ચે આવેલી પોલીસચોકી પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.

## દેસાઈ, ઈશ્વરલાલ ઇચ્છારામ

જન્મ : 18 જુલાઈ, 1903. વાલોડ, જિ. સૂરત.

મૅટ્રિક. 1921માં સૂરતની મિશન હાઈસ્કૂલ છોડીને અસહકારની ચળવળમાં જોડાયા. ત્યારથી સ્વાતંત્ર્યસૈનિક અને પત્રકાર. 1930 : સવિનય કાનૂનભંગ, 1932 તથા 1942 : ‘હિન્દ છોડો’ ચળવળ – એમ ત્રણે વખત સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લેવાને કારણે ધરપકડ. કુલ 5 વર્ષથી વધુ સમય જેલવાસ. લડત દરમિયાન સૂરત શહેર કૉંગ્રેસના મંત્રી. સૂરતના ‘પ્રતાપ’ દૈનિકના સહતંત્રી 30 વર્ષ સુધી. સૂરતના ‘લોકવાણી’ સાપ્તાહિકના તંત્રી. અન્ય પત્રો ‘નવયુગ’, ‘દેશબંધુ’, ‘અસહકાર’માં કામ કર્યું. સૂરત જિલ્લા પંચાયતની સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિના સંપાદક. સૂરત જિલ્લાના ઇતિહાસના દસ ગ્રંથો પ્રકાશિત કર્યા.

## દેસાઈ, ઈશ્વરલાલ ગુલાબભાઈ

જન્મ : 15 મે, 1902. સૂરત.

અસહકાર આંદોલન દરમિયાન સૂરતની યુનિયન હાઈસ્કૂલ છોડી 1921માં લડતમાં જોડાયા. ‘રાષ્ટ્રીય શાળા’માં દાખલ થઈ વિનીત થયા. બારડોલી સત્યાગ્રહમાં (1928) સ્વયંસેવકની કામગીરી. સ્વતંત્રતાની ચળવળોમાં ભાગ લઈ, 6 વર્ષ જેલવાસ. 1930થી 1934 અને 1938થી 1940 : સૂરત શહેર કૉંગ્રેસ સમિતિના મંત્રી. 1940-1945માં શહેર કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. સૂરત શહેર સુધરાઈની સ્ટૅન્ડિંગ કમિટીના ચૅરમૅન. ઉપ-પ્રમુખ, સૂરત જિલ્લા મદ્યનિષેધ મંડળ. પ્રમુખ, અખિલ ભારત નાવિક અધિવેશન, મુંબઈ. ઇન્ટુકના નેજા હેઠળનાં મજૂરમંડળોના આગેવાન. મુંબઈ તથા ગુજરાતની વિધાનસભાના 1967 સુધી સભ્ય. ખેતી અને પશુપાલનમાં વિશેષ રસ.

## દેસાઈ, ઈશ્વરલાલ છોટુભાઈ

જન્મ : 1907. ઊંટડી, જિ. વલસાડ.

સૂરતની એમ.ટી.બી. કૉલેજમાંથી બી.એ. અમદાવાદમાં કાયદાના અભ્યાસ દરમિયાન યુવક સંઘની સ્થાપના અને પ્રવૃત્તિમાં સક્રિય. 1929માં ગુજરાત યુવક પરિષદ અને પૂર્ણ સ્વાતંત્ર્ય પરિષદમાં ભાગ લીધો. 1930ની ચળવળમાં ભાગ લીધો. ધરપકડ, જેલવાસ. 26 જાન્યુઆરી, 1931 : સૂરતના કિલ્લા પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. સૂરતમાં નવજવાન સંઘની સ્થાપના કરી. ગુજરાતની યુવક પ્રવૃત્તિના આગેવાન. 1932માં સત્યાગ્રહમાં ભાગ, ધરપકડ, વિસાપુરની જેલમાં 2 વર્ષ. જેલમાં સમાજવાદી સાહિત્યનો અભ્યાસ. 1934માં કૉંગ્રેસમાં સમાજવાદી પક્ષની રચનામાં હિસ્સો, તેમાં જોડાયા. સૂરતમાં પ્રૌઢશિક્ષણ, ગંદા વિસ્તારોની સફાઈ, રેલરાહત વગેરેમાં સક્રિય. 1937માં કૉંગ્રેસની મહાસમિતિના સભ્ય. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં બે વખત જેલમાં. 1942 : ‘હિન્દ છોડો’ ચળવળમાં ધરપકડ. નાશિક જેલમાં દોઢ વર્ષ. 1945માં મજૂર મહાજનની સ્થાપના કરી. બીજે વર્ષે સૂરત સુધરાઈના કામદારોની હડતાળની આગેવાની. 1948માં કૉંગ્રેસ છોડી ગુજરાત

સમાજવાદી પક્ષના મહામંત્રી. 1953માં પારડી સત્યાગ્રહ શરૂ કર્યો. 1954 : ભૂદાન પ્રવૃત્તિમાં સક્રિય. 1955માં પોર્ટુગીઝો હેઠળના દમણ મુક્તિ સત્યાગ્રહમાં 3,000 સેનાનીઓનું નેતૃત્વ(15-8-1955). સખત માર ખાધો. 10 વર્ષની જેલની સજા; પરંતુ દોઢ વર્ષમાં મુક્તિ. 1960માં પારડી સત્યાગ્રહને વ્યાપક બનાવ્યો. 1962માં ગણદેવીમાંથી ધારાસભ્ય. ગુજરાત સમાજવાદી પક્ષના પ્રમુખ અને રાષ્ટ્રીય કારોબારીના સભ્ય હતા. 1964થી કૉંગ્રેસમાં. 'આપણી રાષ્ટ્રીય લડત', 'દેશનો ભૂમિપ્રશ્ન અને પારડી', 'સમાજવાદી વિચારધારા' વગેરે પુસ્તિકાના લેખક. 'ચેતના' સાપ્તાહિકના તંત્રી.

અવસાન : 21 માર્ચ, 1966. અમદાવાદ.

## દેસાઈ, ઈશ્વરલાલ મગનલાલ

સુણાવ.

શિક્ષણ : ગૂજરાત વિદ્યાપીઠમાં લીધું. 1933 : સુણાવમાં થાણદાર તરીકે નિયુક્ત. 26-1-1933ના રોજ બોરસદના સરઘસમાંથી ધરપકડ, પણ પાછળથી છોડી મૂકવામાં આવેલા.

## દેસાઈ, કનૈયાલાલ નાનાભાઈ (કાનજીભાઈ)

જન્મ : 1886. સૂરત.

1904થી રાજકારણમાં રસ. 1905 : બંગાળમાં સ્વદેશી ચળવળ દરમિયાન સૂરતમાં સક્રિય. સ્વદેશીનું વ્રત લીધું. ખાદીધારી થયા. 1907 : મુંબઈ પ્રાંતિક રાજદ્વારી પરિષદમાં ઓલપાડ તાલુકાના 300 પ્રતિનિધિ સાથે હાજરી આપી. સૂરતમાં કૉંગ્રેસ અધિવેશનની સ્વાગત સમિતિના સભ્ય. 1908-09 : ઓલપાડ તાલુકામાં દારૂનિષેધની પ્રવૃત્તિ આરંભી. તે માટે 'કાસદ' નામનું સામયિક શરૂ કર્યું. 1916 : સૂરતની હોમરૂલ લીગના અગ્રણી. 1919 : ગુજરાત રાજકીય પરિષદ સૂરતમાં મળી, તેના મંત્રી થયા. 1925-1930 : જિલ્લા લોકલ બોર્ડની સ્થાયી સમિતિના સભ્ય. 1928 : બારડોલી સત્યાગ્રહથી રાજકારણમાં સક્રિય. 1929 : સૂરત જિલ્લા દારૂનિષેધ મંડળની સ્થાપના તથા સંચાલન. 1930 : સવિનય કાનૂનભંગની ચળવળમાં 9 મહિના જેલવાસ. 1932 : સવિનય કાનૂનભંગની ચળવળમાં 2 વર્ષ જેલવાસ. 1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનના મહામંત્રી. યશસ્વી કામગીરી. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહમાં એક વર્ષ જેલવાસ. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં બે વર્ષ જેલવાસ. 1931થી 1951 : સૂરત જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ વીસ વર્ષ. 1946થી ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. દસ વર્ષ. ગામડામાં ઘૂમી આમજનતાને જાગ્રત કરી. 1946 : ભારતની બંધારણ સભાના સભ્ય. 1952-57 : સંસદસભ્ય. પ્રમુખ : સૌરાષ્ટ્ર ટ્રસ્ટ. પ્રમુખ અને સ્થાપક : ગુજરાત સંકટ નિવારણ ટ્રસ્ટ. સભ્ય–નવજીવન ટ્રસ્ટ, મહાદેવ દેસાઈ ટ્રસ્ટ, સરદાર સ્મારક ટ્રસ્ટ. સરદાર પટેલના પરમ વિશ્વાસુ. ત્યાગ, દેશભક્તિ, સેવા. એમના સમગ્ર પરિવારે બે પુત્રો પ્રમોદભાઈ અને હિતેન્દ્રભાઈ, પુત્રી રોહિણીએ સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ લીધો. તેમના પુત્ર હિતેન્દ્રભાઈ ગુજરાતના મુખ્યમંત્રી હતા.

અવસાન : 6 ડિસેમ્બર, 1961. સૂરત.

## દેસાઈ, કનૈયાલાલ પનાલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

લક્ષ્મીકાંત શ્રીકાંત અને અંબાલાલ વ્યાસની પ્રવૃત્તિઓથી રાષ્ટ્રીય જાગૃતિ. 1930ની ચળવળ દરમિયાન ઝાલોદમાં કલાલના દારૂના પીઠા પર પિકેટિંગ. પીઠાના નોકરો પર ગોળીબાર. બચી ગયા. તેનાથી ગામમાં ધમાલ. ગોળીબારના

વિરોધમાં ભાષણો.

## દેસાઈ, કાન્તિલાલ જમનાદાસ

કાલોલ, જિ. પંચમહાલ.

1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં સરકારની યુદ્ધનીતિના વિરોધમાં ભાષણ આપી પ્રચાર કર્યો. ધરપકડ. કારાવાસ ભોગવ્યો.

## દેસાઈ, કાંતિલાલ રતનલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1930ની ચળવળમાં દારૂના પીઠા ઉપર પિકેટિંગ કરવા જતા હતા. 1942ની ‘હિન્દ છોડો’ લડત દરમિયાન 15 ઑગસ્ટના રોજ ઝાલોદમાં સરઘસ, લાઠીચાર્જ. ધરપકડ. 2 માસની કેદની સજા.

## દેસાઈ, કિશોરચન્દ્ર ગજાનન

જન્મ : 4 એપ્રિલ, 1911. સૂરત જિલ્લાના વાલોડમાં.

1942માં કાલોલમાં લડતમાં ભાગ લેતાં સખત લાઠીમારથી બેભાન રહ્યા. થોડા દિવસ ગાયકવાડ સરકારની જેલમાં ગયા. લડતને કારણે 6 મહિનાની તૂટ પડવાથી પેન્શન યોજનાનો લાભ મળવાનું મુશ્કેલ બન્યું.

## દેસાઈ, કીકુભાઈ રતનજી

જન્મ : 20 માર્ચ, 1899. અબ્રામા, જિ. સૂરત.

1921 : ચીખલી તાલુકામાં અસહકાર આંદોલનમાં ભાગ લીધો. રાષ્ટ્રીય શાળાનું સંચાલન કર્યું. 1930માં આંટની સત્યાગ્રહ છાવણીનું સંચાલન. 1931-32 : લડતને દોરવણી, પંચમહાલ જિલ્લામાં ‘સત્યાગ્રહ સમાચાર પત્રિકા’ લખવાનું તથા ‘નવજીવન’ પત્રનું કામ. અમદાવાદ યુવક સંઘના ઉપપ્રમુખ તરીકે યુવાનોને માર્ગદર્શન. 1938થી 1951 : ગ્રંથપાલ, માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય, અમદાવાદ.

## દેસાઈ, કુમુદબહેન ઈશ્વરલાલ

જન્મ : 25 એપ્રિલ, 1909. સૂરત.

અભ્યાસ : એમ.એ. સૂરતની રાષ્ટ્રીય શાળામાં. 1922 : સૂરત મ્યુનિસિપાલિટી સામે નાકરની લડતમાં ભાગ. 1928 : બારડોલી સત્યાગ્રહ વખતે સૂરતમાં પ્રચારકાર્ય. 1930ની ચળવળમાં દારૂતાડી અને વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. સરઘસોમાં જોડાતાં. જ્યોત્સનાબહેન શુક્લ તથા મીઠુબહેન પીટિટની આગેવાની હેઠળ ભાગ લીધો. નવજુવાન સંઘના મંત્રી. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ ત્રણ વાર કર્યો. 1942માં ધરપકડ. અટકાયતમાં. બધી લડતોમાં થઈને કુલ 6 વર્ષનો કારાવાસ. કૉંગ્રેસ સમાજવાદી પક્ષની કારોબારીના સભ્ય.

## દેસાઈ, કુરંગી સતીશચંદ્ર

મુંબઈ.

1941માં લગ્ન થયા બાદ સ્વાતંત્ર્ય-સંગ્રામમાં જોડાયાં. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં ભાગ લીધો. 13 ઍપ્રિલ, 1943ના રોજ પ્રવચન, તે માટે ધરપકડ. મૅજિસ્ટ્રેટ સમક્ષ પણ અંગ્રેજોએ ચાલ્યા જવું જોઈએ એવી રજૂઆત. દોઢ મહિનો કેદની સજા યરવડા જેલમાં ભોગવી. ત્યાં સરદાર પટેલનાં પુત્રી મણિબહેન પટેલનો સંપર્ક. જેલમાં ખોરાક આપવામાં થતા ભેદભાવનો વિરોધ. સફળતા. સમાન ખોરાકની મંજૂરી મળી.

## દેસાઈ, કુસુમબહેન ધીરુભાઈ

ચીખલી, વલસાડ.

1930-31માં સ્વરાજ આંદોલનમાં સત્યાગ્રહની તમામ પ્રવૃત્તિઓમાં અને પિકેટિંગમાં તેમજ કાંતણવણાટની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. 1942 : ‘હિન્દ છોડો’ ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. યરવડા જેલમાં રહ્યાં હતાં. ચીખલી મહિલા મંડળનાં પ્રથમ પ્રમુખ. અખિલ હિન્દ

મહિલા પરિષદ ગુજરાત શાખાનાં ભૂતપૂર્વ ઉપ-પ્રમુખ. મુંબઈ રાજ્ય હરિજન સેવકસંઘની કારોબારીનાં સભ્ય.

## દેસાઈ, કુસુમબહેન વિઠ્ઠલદાસ

અમદાવાદ.

1942ની લડતમાં પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. પોતાના ઘરમાં વાંધાભર્યું સાહિત્ય રાખવા માટે ફેબ્રુઆરી, 1943માં ધરપકડ. 6 માસની સાદી કેદની સજા.

## દેસાઈ, કુસુમબહેન હરિલાલ

જન્મ : 11 માર્ચ, 1908. ઉમરેઠ, જિ. ખેડા.

1921થી ગાંધીજી અને કસ્તૂરબાનો પરિચય. તેમના પતિના અવસાન બાદ ગાંધીજી સાથે સાબરમતી આશ્રમમાં તથા પ્રવાસમાં સાથે રહીને, તેમના ગુજરાતી વિભાગના મંત્રી તરીકે સેવાઓ આપી. સત્યાગ્રહની લડતમાં ભાગ લેવાથી, ખેડા જિલ્લામાંથી ધરપકડ. જેલની સજા. વડોદરા રાજ્ય પ્રજામંડળના આંદોલનમાં સક્રિય ભાગ. વડોદરા જિલ્લા કૉંગ્રેસ સમિતિનાં પ્રમુખ તરીકે સેવા. મુંબઈ રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડનાં સભ્ય. ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડનાં ઉપ-પ્રમુખ. અખિલ હિન્દ મહિલા પરિષદનાં ઉપ-પ્રમુખ.

## દેસાઈ, કૃષ્ણલાલ (બચુભાઈ વકીલ)

અમદાવાદ.

1917-18માં અનસૂયાબહેન સારાભાઈને મજૂરોનાં બાળકોની શાળાના કામમાં અને એ પ્રવૃત્તિ વિકસાવવામાં તેઓ તથા અમુભાઈ મહેતા મદદ કરતા હતા. 1920માં અસહકારની ચળવળ શરૂ થતાં તેમણે તથા કાળીદાસ ઝવેરી(વકીલ)એ સરકારી અદાલતનો બહિષ્કાર કરી વકીલાતનું કામ છોડી દીધું.

## દેસાઈ, કૃષ્ણલાલ ત્રિકમલાલ (કે.ટી. દેસાઈ)

જન્મ : 20 એપ્રિલ, 1904. અમદાવાદ.

બ્રહ્મક્ષત્રિય. 1920માં સારંગપુર વ્યાયામશાળા શરૂ કરી. 1929 : ગુજરાત કૉલેજના આચાર્ય શિરાઝની જોહુકમી સામે વિદ્યાર્થીઓએ પાડેલી હડતાળમાં જોડાયા. 1930 : સવિનય કાનૂનભંગની ચળવળમાં વિરમગામ, ધરાસણા તથા ધોલેરામાં મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. ઉશ્કેરણીજનક ભાષણ કરવાથી ધરપકડ. 6 માસની જેલ. છૂટ્યા બાદ ફરી ધરપકડ. 1 વર્ષની સજા અને રૂ. 100 દંડ. દારૂનાં પીઠાં અને પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. પિકેટિંગ મંડળ સ્થાપી તેના કૅપ્ટન બન્યા. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના મંત્રી. 1942માં 'હિન્દ છોડો' લડત શરૂ થતાં ધરપકડ. જેલમાં અટકાયત. અમદાવાદમાં ભારતી વિદ્યાલય(હાઈસ્કૂલ)ના સ્થાપક.

## દેસાઈ, કૃષ્ણલાલ નરસિંહલાલ

અમદાવાદ.

અમદાવાદના વિવિધ વિસ્તારોમાં તથા અમદાવાદ જિલ્લાનાં ગામોમાં સભાઓ યોજીને હોમરૂલ લીગનો પ્રચાર કરવા વાસ્તે ભાષણો કરતા હતા. 'સ્વરાજ'નો અર્થ સમજાવતા હતા. લીગના સભ્યો પણ નોંધતા હતા. તેઓ આસપાસનાં ગામોમાં હોમરૂલ લીગની શાખાઓ સ્થાપતા હતા.

## દેસાઈ, કોકિલાબહેન

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદમાં મિલોની હડતાળ ખોલી નાખવાના વિરોધમાં મિલમાલિકોને બંગલે ઉપવાસ. પાંચમા દિવસે 27-11-1942ના રોજ ચંપાબહેન મહેતાના બંગલે, તેમના હસ્તે પારણાં.

## દેસાઈ, ખંડુભાઈ કસનજી

જન્મ : 23 ઑક્ટોબર, 1898. વલસાડ.

1920-21 : અસહકારની ચળવળમાં કૉલેજનો ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થઈ સ્નાતક. 1922 : મજૂર મહાજન સંઘ(અમદાવાદ)માં જોડાયા. 1930 : ધરાસણામાં મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. 1932-33માં લડતનો બીજો તબક્કો શરૂ થતાં ધરપકડ. 1 વર્ષની જેલ. 1937માં મુંબઈ ધારાસભામાં ચૂંટાયા. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના ઉપ-પ્રમુખ. 1942 : 'હિન્દ છોડો' લડતમાં ધરપકડ. અટકાયત. સાબરમતી જેલ. 'ઇન્ટુક'ની સંસ્થા સ્થાપી. 1954 : કેન્દ્ર-સરકારમાં મજૂર ખાતાના પ્રધાન. આંધ્ર પ્રદેશના રાજ્યપાલ.

## દેસાઈ, (ડૉ.) ખંડુભાઈ ભીમભાઈ

જન્મ : 3 સપ્ટેમ્બર, 1897. વીજલપુર, જિ. સૂરત.

1920-21 : અસહકારની ચળવળમાં સરકારી કૉલેજ છોડી. 1925થી 1934 જલાલપોર તાલુકા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. 1930ની ચળવળમાં નવસારીમાં ધરપકડ. દોઢ વર્ષની સજા. 1942 : 'હિન્દ છોડો' ચળવળ વખતે ધરપકડ. 6 માસની સજા. 1930થી 1951 : નવસારી સુધરાઈમાં ઉપ-પ્રમુખ અને પ્રમુખ. 1941 : નવસારીમાં મજૂર સંઘની સ્થાપના કરી. કૉંગ્રેસ કાર્યકર. વ્યાયામ અને શિક્ષણ સંસ્થાઓમાં વિશેષ રસ.

## દેસાઈ, ગણપતિશંકર નારણજી

જન્મ : 18 જાન્યુઆરી, 1899. વાલોડ, જિ. સૂરત.

અંગ્રેજી છ ધોરણ સુધીનો અભ્યાસ. હોમરૂલ લીગની સભાઓમાં હાજરી આપતા. સ્વરાજ સભાના કાર્યકર. મુંબઈમાં નૅશનલ વૉલન્ટિયર કોરની સ્થાપનામાં અગત્યનો ફાળો. 1923ના નાગપુર સત્યાગ્રહમાં સ્વયંસેવક. 1928ના બારડોલી સત્યાગ્રહ દરમિયાન મુંબઈમાં સત્યાગ્રહ સહાયક સમિતિ સ્થાપી, ફાળો ઉઘરાવી સરદાર પટેલને મોકલ્યો. 1930ના મીઠા-સત્યાગ્રહમાં નરીમાન સાથે સત્યાગ્રહી તરીકે જોડાયા. 1932માં 15 માસની જેલની સજા ભોગવી. તે પછી પિકેટિંગ કરતાં બે વાર ધરપકડ તથા 22 મહિનાની કેદની સજા. ગાંધીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપી લંડનથી પાછા ફર્યા ત્યારે હરિજનો તરફથી દેસાઈને માર પડ્યો હતો. ખિલાફતની ચળવળમાં (1920-21), ઝીણા હૉલની મુસલમાનોની સભામાં, 'બૉમ્બે ક્રૉનિકલ'ના તંત્રી બ્રેલવી ઉપર એક મુસ્લિમે છરીથી હુમલો કર્યો, તેમને બચાવવા જતાં એમને સખત માર પડ્યો. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં 12 માસની જેલ ભોગવી. 1942માં 2 વર્ષની જેલની સજા ભોગવી. મુંબઈમાં નૌકાસૈન્યના સૈનિકોનાં તોફાનો વખતે ગુંડાઓનો માર ખાધો.

## દેસાઈ, ગિરીશચન્દ્ર સવાઈલાલ

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં અમદાવાદ નગરપાલિકાના કર્મચારીઓની હડતાળમાં નેતૃત્વ. 6 માસની સખત કેદની સજા અને રૂ. 250 દંડ અથવા 3 માસની વધુ કેદ.

## દેસાઈ, ગુણવંતરાય મણિભાઈ

જન્મ : 1917. વલસાડ.

1937થી સૂરત વિદ્યાર્થી સંઘ દ્વારા રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં સક્રિય. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ. ચાર માસની જેલ. કૉંગ્રેસ સંગઠનમાં જોડાયા. 1944થી 1950 : વલસાડ તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી. 1950થી 1963 : સૂરત જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રી.

સહકારી અને શિક્ષણસંસ્થાની પ્રવૃત્તિઓમાં સક્રિય.

## દેસાઈ, ગુણવંતરાય સાકરલાલ

જન્મ : 23 ઑક્ટોબર, 1921. ભિકડા, જિ. અમદાવાદ.

1930ના સત્યાગ્રહમાં માત્ર 9 વર્ષની વયે ભાવનગરમાં સભા, સરઘસ, પિકેટિંગમાં ભાગ. 1938-39 : રાજકોટ સત્યાગ્રહમાં ભાગ. સજા ભોગવી. જેલમાં ખરાબ વર્તન સામે 12 દિવસના ઉપવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભૂગર્ભમાં રહી મુંબઈ તથા ગુજરાતમાં ટપાલો લૂંટી, તારનાં દોરડાં કાપ્યાં, થાંભલા ઉખાડ્યા, રેલવેના પાટામાં ભંગાણ, ગુપ્ત પત્રિકાઓ વહેંચી. હાલમાં રચનાત્મક કાર્ય.

## દેસાઈ, ગુલાબબહેન નાનુભાઈ

સરભોણ, જિ. સૂરત.

તેમના પતિ સાથે 1 વર્ષ સાબરમતી આશ્રમમાં. ત્યાર બાદ પંચમહાલ જિલ્લાની પછાત જાતિમાં રહી, પતિ સાથે સેવાકાર્ય. 1930માં સત્યાગ્રહ કરતાં ધરપકડ. 6 માસની સજા. 1932માં ધરપકડ. 11 વર્ષની સજા. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ. ધરપકડ. 6 માસની સજા. 80 ભાઈ-બહેનોની છાવણીનું સંચાલન. પતિ સાથે રામેશરા આશ્રમમાં રહી, દારૂબંધી અને ખાદીપ્રવૃત્તિ. પછાત જાતિઓની સેવા. પંચમહાલ જિલ્લા લોકલ બોર્ડનાં સભ્ય. હાલોલ તાલુકા કૉંગ્રેસ સમિતિનાં પ્રમુખ.

## દેસાઈ, ગુલાબભાઈ પરાગજી

જન્મ : 4 મે, 1916. ધમડાચી, જિ. વલસાડ.

ધરાસણા સત્યાગ્રહ વખતે અભ્યાસ છોડીને સભા, સરઘસ, પત્રિકા વગેરે પ્રવૃત્તિઓમાં સક્રિય હતા. હરિપુરા મહાસભા વખતે સ્વયંસેવક તરીકે 1 મહિનો સેવા આપી હતી. 1940માં વલસાડ તાલુકા કૉંગ્રેસ સમિતિની કારોબારી સમિતિના સભ્ય થયા. તે પછી હરિજનપ્રવૃત્તિ, દારૂબંધી અને બીજી સ્થાનિક પ્રવૃત્તિઓમાં કામ કર્યું. 'હિન્દ છોડો'ની લડતમાં ભૂગર્ભમાં રહીને કામ કર્યું.

## દેસાઈ, ગુલાબભાઈ વસનજી

રાનકૂવા, જિ. વલસાડ.

1930-32ની ચળવળમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરતા. 1942ની 'હિન્દ છોડો' ચળવળની શરૂઆતથી રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ. કૉંગ્રેસના સભ્યો નોંધવા, ગુપ્ત પત્રિકાઓ વહેંચવી, પટેલ-તલાટીનાં રાજીનામાં લેવાં વગેરેમાં સક્રિય ભાગ લીધો. રાનકૂવાની આસપાસ દારૂનાં પીઠાં અને પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. ખાદીનો પ્રચાર, 1942માં 1 મહિનો ચીખલી અને વલસાડની જેલમાં અટકાયત.

## દેસાઈ, ગોપાલદાસ મોહનલાલ

માતર, જિ. ખેડા.

1930ની લડતમાં સક્રિય. ધરપકડ અને જેલવાસ.

## દેસાઈ, ગોપાળજી ડાહ્યાભાઈ

જન્મ : વલસાડ.

1930માં સરકારી નોકરી છોડી. રેંટિયાપ્રચાર, કૉંગ્રેસની રચનાત્મક પ્રવૃત્તિ. 1940-41ના વ્યક્તિગત સત્યાગ્રહમાં તાલુકાના પ્રથમ સત્યાગ્રહી તરીકે પસંદગી. યુદ્ધવિરોધી પ્રવચન, ધરપકડ, 6 મહિના સાબરમતી અને 6 મહિના યરવડાની જેલમાં રહ્યા. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં ધરપકડ. 1 વર્ષ ને 5 મહિના અટકાયત. કારાવાસ ભોગવ્યો. મુંબઈ રાજ્ય અને ગુજરાતની વિધાનસભાના સભ્ય.

## દેસાઈ, ગોપાળદાસ અંબાઈદાસ

**(દરબારસાહેબ)**

જન્મ : 19 ડિસેમ્બર, 1887. વસો, જિ. ખેડા.

અમરેલી જિલ્લાના ઢસા અને સુરેન્દ્રનગરનું રાયસાંકળી ગામ વારસામાં. ત્યાંના દરબાર હતા. પ્રજાવત્સલ. પત્ની ભક્તિબા. પુસ્તકાલય તેમજ બાળશિક્ષણ પ્રવૃત્તિ. સામાજિક કુરિવાજો બંધ કરાવ્યા. 1920માં ઢસામાં હરિજન પરિષદ. હરિજનો સાથે સમૂહભોજન. ખેડૂતોને જમીનના માલિકી હકો સુપરત કર્યા. ખાદી પરિધાન કરી. 1920માં ગાંધીજી 'ટિળક સ્વરાજ ફંડ' માટે વઢવાણ આવ્યા ત્યારે ઝોળીમાં સોનાનો તોડો ભેટ ધર્યો. 1922માં મુંબઈના ગવર્નર. રાજકોટ આવ્યા ત્યારે નિમંત્રણનો અસ્વીકાર. તેમના પર ફિતૂરી અને રાજ્યદ્રોહનો આરોપ મૂકીને બંને ગામો ખાલસા કરવામાં આવ્યાં. ગામો ઉપરનું દેણું કુટુંબના દાગીના વેચીને ભરપાઈ કર્યું. રાયસાંકળીમાં સીલ તોડી પોતાના અધિકાર સાબિત કરવા માટે પ્રવેશ કર્યો. લોકો તેમની પડખે હતા. ખેડા જિલ્લાની આણંદની સ્વરાજ છાવણીમાં જોડાયા. બોરસદ છાવણીમાં. સાદું જીવન. ખેડા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ. 1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં જોડાયા. એક માસની જેલ. 1923 : બોરસદ હૈડિયા વેરા સામેની લડતમાં ધરપકડ. કારાવાસમાંથી મુક્ત. 1927 : સૌરાષ્ટ્રના રેલસંકટમાં લોકોની મદદ. 1928 : બારડોલીની લડત વખતે બારડોલી આશ્રમમાં રહીને ભાગ લીધો. પોરબંદર તેમજ મોરબીની કાઠિયાવાડ રાજકીય પરિષદમાં અગ્રભાગ. 1930માં દાંડીકૂચ વખતે ધરપકડ, 2 વર્ષની સખત કેદની સજા તેમજ દંડ. 1932માં ફરી જેલવાસ. 1934માં અસ્પૃશ્યતાનિવારણના કાર્યમાં તન, મન અને ધનથી જોડાયા. 1935 : બોરસદના પ્લેગમાં સમસ્તકુટુંબ કાર્યકર. હરિપુરા કૉંગ્રેસ અધિવેશનના સ્વાગત પ્રમુખ. 1937 : રાજકોટ કાઠિયાવાડ રાજકીય પરિષદના અધિવેશનના પ્રમુખ. લીંબડી પ્રજા પરિષદ અધિવેશનના પ્રમુખ. રાજ્યાશ્રિત તોફાની તત્વોએ તેમને ઘેરી લીધા. 1940માં 'વ્યક્તિગત સત્યાગ્રહ'માં જોડાયા. જેલવાસ. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે મુંબઈથી ધરપકડ અને જેલ. 1944 પછી રાજકોટમાં વસવાટ. 1946માં ધ્રાંગધ્રા ખાતે કાઠિયાવાડ રાજકીય પરિષદનું અધિવેશન. પ્રમુખ. સ્વરાજ આવતાં પોતાનાં ગામો પરત થયાં. જૂનાગઢની આરઝી હકૂમત વખતે માર્ગદર્શન. ભારતની બંધારણ સભાના સભ્ય. સૌરાષ્ટ્રમાં જમીનદારી નાબૂદીના મહત્વના પ્રશ્નમાં મહત્વનું યોગદાન. વીરાણી કન્યા વિદ્યાલય, વીરાણી હાઈસ્કૂલ, ગંગાજળા વિદ્યાપીઠ, અલિયાપાડા 'શારદાગ્રામ' માંગરોળ જેવી સંસ્થાઓ સ્થાપવામાં સક્રિય. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિની સ્થાપનામાં ભાગ ભજવ્યો. સમગ્ર જીવન દેશસેવાને સમર્પિત.

અવસાન : 1951.

## દેસાઈ, ગોપાળદાસ પુરુષોત્તમદાસ

જન્મ : 26 ડિસેમ્બર, 1898. મહેમદાવાદ, જિ. ખેડા.

1920 : અસહકાર આંદોલનમાં સરકારી નોકરીનું રાજીનામું. રાષ્ટ્રીય લડતમાં ભાગ. મહેમદાવાદ તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી. 1923 : નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં ભાગ. 7 માસની સજા. ખંડવા જેલમાં. સમાધાન થવાથી વહેલી મુક્તિ. કોકોનાડા અને બેલગામ કૉંગ્રેસ અધિવેશનોમાં ડેલિગેટ. અસ્પૃશ્યતાનિવારણ, દારૂનિષેધ જેવી રચનાત્મક પ્રવૃત્તિ. ખેડા જિલ્લામાં ખાદી કાંતણ-વણાટનાં કેન્દ્રો શરૂ કર્યાં. 1930ની ચળવળ દરમિયાન પેટલાદમાં સત્યાગ્રહીઓની રહેવા-જમવાની વ્યવસ્થા. ગુપ્ત પત્રિકા પ્રગટ કરવામાં સહકાર. 1932

ડિસેમ્બર : કૉંગ્રેસની બેઠકના પ્રતિનિધિ તરીકે જતાં દિલ્હી સ્ટેશને ધરપકડ. 15 દિવસની જેલ. 1938માં સરકારી નોકરીમાં પાછા લેવાયા. 1942ની લડતમાં સરકારી નોકરી સાથે લડતની ભૂગર્ભપ્રવૃત્તિમાં સાથ. ધરપકડ. અઢી વર્ષની જેલ. આઝાદી બાદ મહેમદાવાદમાં બાળ-શિક્ષણ પ્રવૃત્તિ.
અવસાન : 5 જાન્યુઆરી, 1971.

## દેસાઈ, ગોવિંદજી

નિવાસ : કિલ્લા પારડી. 1940-41 : વ્યક્તિગત સત્યાગ્રહમાં સક્રિય. 1942ના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં સક્રિય. પારડી સત્યાગ્રહમાં પણ ભાગ લીધો. ખેડૂતોના અગ્રણી કાર્યકર. અભ્યાસ : એમ.એ., એલએલ.બી.

## દેસાઈ, ગોવિંદભાઈ ધનુભાઈ

જન્મ : 1895. સમી, જિ. પાટણ.

ગાંધીવાદી વિચારસરણી. રાજભાગની પ્રથા અને વેઠપ્રથાનો વિરોધ. રાધનપુર દેશી રાજ્ય, નવાબ શાસક. હિન્દુ અને મુસ્લિમ ખેડૂતો પાસેથી મહેસૂલમાં ભેદભાવનો વિરોધ. પટેલ તરીકેનું પદ ગુમાવ્યું. નવાબ તરફથી પરેશાની. 1932 : ગાંધીજીનો સંપર્ક. સત્યાગ્રહમાં જોડાયા. નવાબ તરફથી રાજદ્રોહનો આરોપ. નવાબનો વિરોધ કરવા ખેડૂત મંડળ અને પ્રજામંડળની સ્થાપના. ગોવિંદભાઈએ પ્રજામંડળ દ્વારા લોકસેવા.
અવસાન : 1960.

## દેસાઈ, ઘેલાભાઈ નાગરભાઈ

જન્મ : 1876. વતન : જલાલપોર, જિ. વલસાડ.

1920 : અસહકારની લડત દરમિયાન ખેતીવાડી ખાતાના અધિકારી તરીકે રાજીનામું આપ્યું. 1930ની ચળવળ વખતે ઠાસરા તાલુકામાં પ્રચારનું કાર્ય કર્યું. ગામડે ગામડે ફરીને લોકોમાં જાગૃતિ. દેશ માટે બલિદાન આપવા તત્પર.

## દેસાઈ, ચંદનબહેન ચંદુલાલ

દાહોદ.

1942ની ચળવળ દરમિયાન યુવાનોને આકરી સજા કરનાર મૅજિસ્ટ્રેટ નાટેકરના મકાન પાસે છાજિયાં લેવા માટે આઠ સ્ત્રીઓ સહિત ધરપકડ. બે માસની કેદની સજા.

## દેસાઈ, (ડૉ.) ચંદુલાલ મણિલાલ

જન્મ : 26 સપ્ટેમ્બર, 1882. અમદાવાદ. કાર્યક્ષેત્ર : ભરૂચ.

ડેન્ટલ સર્જન. 1918 : લંડનમાં ક્રાંતિકારી સાવરકરનો સંપર્ક. 1921 : અસહકારની ચળવળમાં પોતાની સમગ્ર મિલકત દેશને અર્પણ કરી પોતાનું જીવન પણ લોકસેવા માટે સમર્પણ. 'છોટે સરદાર' તરીકે જાણીતા. 1923 : નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં ગુજરાતની એક ટુકડી લઈને તેના આગેવાન તરીકે નાગપુર ગયા. ધરપકડ. જેલવાસ. 1928 : બારડોલી સત્યાગ્રહ દરમિયાન વાલોડ મહાલની છાવણીના સંચાલક. ખેડૂતોને કર ના ભરવા માટે પ્રોત્સાહન. અનેક ગામોનો પ્રવાસ. 1930ના સત્યાગ્રહમાં કાનૂનભંગ કર્યો. ધરપકડ. બે વર્ષની સજા. 1932માં ધરપકડ. અટકાયત. 1940-41ના વ્યક્તિગત સત્યાગ્રહ તથા 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ. ધરપકડ. જેલવાસ. કુલ આશરે સાત વર્ષની જેલ. ભરૂચમાં 'સેવાશ્રમ' હૉસ્પિટલ દ્વારા લોકસેવા.
અવસાન : 30 ઑગસ્ટ, 1968.

## દેસાઈ, ચંપકલાલ મગનલાલ

દાહોદ.

દેશભક્તિની પ્રેરણા. 1932ની ચળવળ દરમિયાન સભા, સરઘસ, ગુપ્ત પત્રિકા વહેંચવી વગેરેમાં ભાગ લેવા માટે ધરપકડ. 6

માસની કેદની સજા.

## દેસાઈ, ચંપકલાલ હિંમતલાલ

ગોધરા.

પંચમહાલ જિલ્લા સ્કૂલ બોર્ડની કચેરીને કોઈએ સળગાવી. તે કચેરીના કારકુન ચંપકલાલની શંકા ઉપરથી 12-11-1942ના રોજ ધરપકડ. હિન્દ સંરક્ષણ ધારા હેઠળ 30-5-1943 સુધી સાબરમતી જેલમાં અટકાયત. નોકરીમાંથી શરૂમાં સસ્પેન્ડ, પછી બરતરફ.

## દેસાઈ, ચીમનભાઈ દાદુભાઈ

જન્મ : 18 ઑક્ટોબર, 1918. ભાદરણ, જિ. ખેડા.

1933માં મુંબઈમાં અંધેરીની પોલીસચોકી પર રાષ્ટ્રધ્વજ ચડાવતાં ધરપકડ. છોડી મૂક્યા. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ. કરમસદમાં ધરપકડ. 6 મહિનાની જેલ. 1942માં 'હિન્દ છોડો' આંદોલન બાકરોલ(તા. પેટલાદ)માં ધ્વજવંદન કરાવતાં ધરપકડ. રૂ. 400 દંડ. ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ. 1946 : વડોદરા રાજ્ય પ્રજામંડળ બાકરોલમાં ભરાયું તેના સ્વાગત મંત્રી. વલ્લભવિદ્યાનગરની સ્થાપનામાં ફાળો. ચારૂતર વિદ્યામંડળના સહમંત્રી. ચરોતર ગ્રામોદ્યોગ સહકારી મંડળી લિ.ના મંત્રી.

## દેસાઈ, ચીમનલાલ ગોકુળદાસ

દાહોદ.

1932ના સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન 27 જૂન, 1932ના રોજ પોલીસને થાપ આપીને દાહોદમાં પંચમહાલ જિલ્લા પરિષદ યુવાનોના ઉત્સાહથી ભરી. તેઓ સ્વાગત સમિતિના અધ્યક્ષ બન્યા. પરિષદ ભરાય તે પહેલાં ધરપકડ કરી કારાવાસમાં પૂરી દીધા. પરિષદના 46 ડેલિગેટોની ધરપકડ. દરેકને 6 માસની કેદની સજા. પરિષદ વખતે થયેલા લાઠીચાર્જમાં 70 જણાને ઈજા.

## દેસાઈ, છગનભાઈ ઈ.

ભદેલી, જિ. વલસાડ.

1929માં ગ્રામસેવા મંડળની યોજનામાં જોડાઈ ગામડાંઓમાં કાર્ય કર્યું. 1930ની લડતમાં જલાલપોર તાલુકામાંથી ધરપકડ થઈ. છ માસની સજા અને રૂ. 500 દંડ થયો. દંડ ન ભરતાં કુલ સાડાસાત માસની સજા ભોગવી.

## દેસાઈ, છગનભાઈ નિછાભાઈ

કઠોર, તા. કામરેજ.

બારડોલી સત્યાગ્રહ વખતે પત્રિકાઓ વહેંચવાનું કામ કર્યું. છૂપી પોલીસને ગંધ આવતાં ઘર પર દરોડો પાડ્યો. તેમને તથા તેમના પિતાશ્રીને જેલમાં જવું પડ્યું. તેઓ કાયમ કાંતતા.

## દેસાઈ, છોટુભાઈ

જન્મ : 1890 આશરે. દિહેણ, તા. ઓલપાડ, જિ. સૂરત.

મહાદેવભાઈ દેસાઈના કાકાના દીકરા. જંગલવાસી કાથોડિયા અને વાર્લીઓની સેવાનું કામ.

1930-32- થી આદિવાસીઓની સેવા. 1942 : 'હિન્દ છોડો' લડતમાં ધરપકડ. જેલની સજા ભોગવી. તે દરમિયાન બધો સમય તેમણે સૂતર કાંત્યું. આશરે 68 વર્ષની વયે બારડોલી આશ્રમમાં અવસાન.

## દેસાઈ, છોટુભાઈ

ચીખલી.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. સભા-સરઘસમાં જોડાતા. પત્રિકાપ્રવૃત્તિ. દારૂનિષેધ, અસ્પૃશ્યતાનિવારણ જેવી રચનાત્મક પ્રવૃત્તિ. તેમની ધરપકડ કરીને 9 મહિનાની કેદની સજા કરવામાં આવી હતી.

## દેસાઈ, છોટુભાઈ ગોપાલજી

જન્મ : 7 માર્ચ, 1899. પૂણી, જિ. સૂરત.

1920-22ની અસહકારની ચળવળમાં જોડાયા. ત્યાર બાદ ખાદીપ્રવૃત્તિ, દારૂબંધી, અસ્પૃશ્યતાનિવારણ જેવી રચનાત્મક પ્રવૃત્તિ. 1928 : બારડોલી સત્યાગ્રહ દરમિયાન ગામડાંઓમાં ફરી ખેડૂતોને મક્કમ રાખ્યા. 1947 સુધી સત્યાગ્રહો તથા રચનાત્મક પ્રવૃત્તિ ચાલુ રાખી. કુલ પાંચ વર્ષ જેલવાસ. જપ્તીમાં ઘરવખરી હરાજ થઈ. સરભોણ આશ્રમમાં રહી સેવાકાર્ય.

## દેસાઈ, છોટુભાઈ ભગવાનજી

જન્મ : 15 જુલાઈ, 1905. રાનકૂવા, જિ. વલસાડ.

વલસાડની રાષ્ટ્રીય શાળામાં મૅટ્રિક સુધીનું શિક્ષણ. પત્રિકા વહેંચવી, સભ્યો (કૉંગ્રેસના) નોંધવા, દારૂનિષેધ અને વિદેશી કાપડના બહિષ્કાર માટે પિકેટિંગની પ્રવૃત્તિ ઘણાં વર્ષ કરી. ખાદીનો પ્રચાર, નિરક્ષરતાનિવારણ જેવી રચનાત્મક પ્રવૃત્તિ. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન બીલીમોરા -વઘઈ વચ્ચે રેલના પાટા ઉખેડી નાંખી, પોલીસ પાર્ટી સાથે જતી ટ્રેન અટકાવી. ધરપકડ. નવ મહિનાની કેદની સજા.

## દેસાઈ, છોટુભાઈ રણછોડજી

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં અમદાવાદ સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં આગેવાની. છ માસની સખત કેદની સજા અને રૂ. 250 દંડ અથવા 3 માસની વધુ કેદ.

## દેસાઈ, જગન્નાથ જેશંકર

જન્મ : રાજકોટ.

1930થી 1933 : સવિનય કાનૂનભંગની ચળવળમાં રાજકોટ, વિરમગામ, માતર અને ધરાસણામાં સત્યાગ્રહ, કાનૂનભંગ કરી 3 માસની જેલની સજા ભોગવી. રાજકોટ સત્યાગ્રહમાં 1 વર્ષ સુધી અટકાયતમાં રાખ્યા. 1932માં 13 માસની જેલ ભોગવી. 1938-39માં ચાર માસની જેલ ભોગવી. રાષ્ટ્રીય વિષયો પર પુસ્તકો. 'મુંબઈ સમાચાર' દૈનિકમાં 10 વર્ષ ઉપતંત્રી. 'યુગાન્તર' સાપ્તાહિકના તંત્રી.

## દેસાઈ, જગેશ મથુરદાસ

દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં સભા-સરઘસોમાં ભાગ લઈ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરવા માટે ધરપકડ. 4 માસની કારાવાસની સજા.

## દેસાઈ, જનાર્દન બાપુભાઈ

વલસાડ.

જાણીતા વકીલ. 1942ની ચળવળ વખતે વલસાડ શહેર સુધરાઈના પ્રમુખ હતા. સુધરાઈના મકાન પર ફરકતો રાષ્ટ્રધ્વજ ઉતરાવવા પોલીસ પાર્ટી સહિત ગયેલા અમલદારોને સુધરાઈના કમ્પાઉન્ડમાં પ્રવેશવા દેવાનો ઇનકાર કર્યો. તેથી ધરપકડ. જેલમાં અટકાયત.

## દેસાઈ, જયવતી નરહરિલાલ

અમદાવાદ.

1930ની ચળવળ દરમિયાન એપ્રિલ, 1931માં સરસપુરમાં આવેલા દારૂના પીઠા આગળ સ્ત્રીઓની જાહેરસભા ભરી. સભામાં સ્વદેશી, મદ્યનિષેધ, રેંટિયાનું મહત્વ, રાજકીય પરિસ્થિતિ સમજાવીને કૉંગ્રેસના સભ્ય થવાનો બોધ આપ્યો.

## દેસાઈ, જયંતીલાલ કેશવલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં આગળ પડતો ભાગ ભજવેલો. સભા-સરઘસો, પિકેટિંગ, પત્રિકાપ્રવૃત્તિ વગેરે કાર્યોમાં સક્રિય હતા. તેમની ધરપકડ કરવામાં આવી અને તેમણે જેલની સજા ભોગવી હતી.

## દેસાઈ, જયાબહેન

મહેમદાવાદ, જિ. ખેડા.

1932ની લડત વખતે મહેમદાવાદ તાલુકાની રાજકીય પરિષદનાં પ્રમુખ. ઠરાવની નકલો જાતે વહેંચી. ધરપકડ. સખત તાપમાં ખેડા સુધી ચલાવીને છોડી મૂકેલા.

## દેસાઈ, જાહનવીકાબહેન મદનરાય

જ. 1913. ઠાસરા. વતન : કાલોલ (પંચમહાલ).

કાલોલ ભગિની મંડળ સ્થાપ્યું. સક્રિય આગેવાન. મહિલાઓના વિકાસની પ્રવૃત્તિઓ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં સક્રિય ભાગ લીધો. સભાઓ, સરઘસો, પત્રિકાપ્રવૃત્તિ. ધરપકડ. જેલવાસ.

## દેસાઈ, જીવણજી ડાહ્યાભાઈ

જન્મ : 20 મે, 1901. છાપરા, જિ. સૂરત.

1920 : અસહકારની ચળવળમાં વડોદરામાં કૉલેજ-ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાઈ 1924માં સ્નાતક થઈ ત્યાં સેવક બન્યા. 1930, 1932 તથા 1942ની 'હિન્દ છોડો' ચળવળોમાં સક્રિય રહ્યા. કારાવાસ ભોગવ્યો. 1935માં નવજીવન ટ્રસ્ટના મુખ્ય વ્યવસ્થાપક. 1949થી નવજીવન ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી.
અવસાન : 1972.

## દેસાઈ, જીવણજી મણિભાઈ

જન્મ : 21 ઑક્ટોબર, 1920. રાનકૂવા, જિ. વલસાડ.

મૅટ્રિક પાસ થઈને 1941માં વડોદરા કૉલેજમાં જોડાયા. 1942માં વડોદરામાં સરદાર વલ્લભભાઈની સભા વખતે લાઠીમાર. તે પછી કૉલેજ છોડીને રાનકૂવા. પટેલ-તલાટીઓનાં રાજીનામાં લેવાં, પોસ્ટઑફિસો બાળવી વગેરે પ્રવૃત્તિઓ. ધરપકડ. ચીખલીની જેલમાં અટકાયત. એમના ભાઈઓ પણ લડતમાં જોડાયા. જીવણજીએ 1 વર્ષની જેલ ભોગવી. કૉંગ્રેસના કાર્યકર.
અવસાન : 20 મે, 1965.

## દેસાઈ, જીવણલાલ પુ.

હાલોલ, જિ. પંચમહાલ

1941માં વ્યક્તિગત સત્યાગ્રહ કરવા માટે સરકારની યુદ્ધનીતિના વિરોધમાં સૂત્રોચ્ચાર, ભાષણ. ધરપકડ. કેદની સજા ભોગવી. 1942ની ચળવળ શરૂ થતાં તેમની ધરપકડ કરી. અટકાયત.

## દેસાઈ, જીવણલાલ વ્રજરાય (બૅરિસ્ટર)

અમદાવાદ.

અમદાવાદની બધી રાજકીય પ્રવૃત્તિઓમાં આગેવાની લેતા. તેમણે અમદાવાદમાં રાષ્ટ્રીય કૉલેજ શરૂ કરવા અપીલ બહાર પાડી. હોમરૂલ લીગનો પ્રચાર કરતા. તેમના પ્રમુખપદે સભાઓ યોજાતી, હોમરૂલ વિશે ભાષણો કરતા. આસપાસનાં ગામોમાં પણ પ્રચાર માટે સભાઓ યોજતા હતા.

## દેસાઈ, ઝીણાભાઈ રતનજી 'સ્નેહરશ્મિ'

જન્મ : 16 એપ્રિલ, 1903. સમરોલી, જિ. સૂરત.

1920માં અભ્યાસ છોડી, ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ. 1926થી ગુજરાત મહાવિદ્યાલયમાં અધ્યાપક. અમદાવાદ યુવક સંઘ તથા ગુજરાત યુવક સંઘના સ્થાપક-સભ્ય. 1930ના આંદોલનમાં 'સત્યાગ્રહ' પત્રિકાનું કામ સંભાળ્યું. ચીખલીમાં કરેલા પ્રવચન માટે

ધરપકડ. 9 માસની કેદ અને રૂ. 150 દંડ. દંડ ન ભરતાં ઘરવખરી જપ્ત કરી હરાજી. 1932ની ચળવળમાં 2 વર્ષની સજા. 1942માં દસ મહિના નાશિક જેલમાં અટકાયત. ચી. ન. વિદ્યાવિહારના આચાર્ય. ગુજરાતના જાણીતા કવિ અને લેખક.
અવસાન : 6 જાન્યુઆરી, 1991. અમદાવાદ.

## દેસાઈ, ઠાકોરદાસ નાથાભાઈ

નડિયાદ, જિ. ખેડા.

હોમરૂલ લીગની નડિયાદની શાખાના એક મંત્રી. તેઓ નડિયાદ શહેર તથા નજીકનાં ગામોમાં સભાઓ યોજી હોમરૂલનો પ્રચાર કરતા. 17 જુલાઈ, 1917થી નડિયાદમાં હોમરૂલના વર્ગો ચલાવતા. વખતોવખત જાહેર સભાઓ યોજીને આગેવાનોનાં ભાષણો ગોઠવતા. અમદાવાદ અને મુંબઈના લીગના અગ્રણીઓને બોલાવી પ્રચાર કરતા.

## દેસાઈ, ઠાકોરભાઈ જીવણજી

વેસમા, જિ. વલસાડ.

1930માં વાનરસેનાના અગ્રણી. પ્રભાતફેરી, સરઘસ. બીજી પ્રવૃત્તિઓ. ધરાસણાના સત્યાગ્રહમાં મદદ. કાંતણપ્રવૃત્તિ, ગ્રામસુધારણા, નાટ્યપ્રવૃત્તિ, ચૂંટણી- પ્રચારનું કાર્ય. રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં રસ.

## દેસાઈ, ઠાકોરભાઈ ડાહ્યાભાઈ

જન્મ : 1911. અબ્રામા, જિ. વલસાડ.

કૉલેજના અભ્યાસ દરમિયાન આઝાદીની લડતમાં ભાગ લેતા. સૂરત જિલ્લાની જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ. સૂરત જિલ્લા લોકલ બોર્ડના કૉંગ્રેસ પક્ષના સભ્ય. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ જેલમાં ગયા. જીવનભર કૉંગ્રેસભક્ત રહ્યા.
અવસાન : 12-4-1957.

## દેસાઈ, ઠાકોરભાઈ મણિભાઈ

જન્મ : 13 ફેબ્રુઆરી, 1903. વેગામ, જિ. સૂરત.

અસહકારની ચળવળ 1920-21 દરમિયાન સરકારી કૉલેજ છોડી, ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક. ત્યાર બાદ ગાંધીજીનાં સામયિકો ‘નવજીવન’ અને ‘યંગ ઇન્ડિયા’માં 2 વર્ષ કામ. 1930ની ચળવળમાં ભાગ લઈ નવસારીમાં ધરપકડ. 6 માસની સજા. 1932માં ફરી ધરપકડ, જેલવાસ. 1942 : ‘હિન્દ છોડો’ લડતમાં ધરપકડ. 3 વર્ષ સાબરમતી જેલમાં અટકાયત. ગુજરાત પ્રદેશ સમિતિના મંત્રી, પ્રમુખ. ગુજરાત સરકારમાં મંત્રી. ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક.
અવસાન : 1971.

## દેસાઈ, ઠાકોરભાઈ વસનજી

જન્મ : કાલિયાવાડી, ગણદેવી.

કાકાના દીકરા અમૃતભાઈએ નાગપુર સત્યાગ્રહ 1923માં ભાગ લીધો હતો અને ગાંધીજીનો તે અરસામાં તેમને ઘેર ઉતારો. તેથી દેશસેવાની મહેચ્છા ઉદભવી. 1930ના મેમાં ધરાસણા સત્યાગ્રહમાં મીઠાના અગરો પર ધાડ પાડી. સખત લાઠીમાર ખાધો. ધરપકડ. 1938માં હરિપુરા મહાસભાના અધિવેશનમાં સ્વયંસેવકોની ભરતી કરીને ટુકડીઓ મોકલી. ધરાસણાના લાઠીઓના ફટકા આખરે જીવલેણ નીવડ્યા. અવસાન.

## દેસાઈ, ડાહ્યાભાઈ કલ્યાણજી

કતારગામ, જિ. સૂરત.

કાર્યક્ષેત્ર : સૂરત. 1900માં બી.એ., એલએલ. બી. રાજકારણ, સુધરાઈ અને શિક્ષણના ક્ષેત્રમાં સૂરતના આગેવાન. હોમરૂલની ચળવળ વખતે આગેવાનીભર્યો ભાગ. તેમના પ્રમુખપદે સભાઓ થતી. 1916 : સૂરતની હોમરૂલ લીગની શાખાના સ્થાપક અને પ્રમુખ હતા.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના વહીવટમાં ઊંડો રસ લીધો. કતાર ગામમાં અંગ્રેજી શાળાની સ્થાપનામાં મોટો હિસ્સો. રોલેટ ઍક્ટ સામેની લડતમાં ભાગ લીધો.

અવસાન : 1932.

## દેસાઈ, ડાહ્યાભાઈ સુંદરજી

જન્મ : 1878. નવસારી.

તાલુકાના અબ્રામામાં બંગભંગ, સ્વદેશી આંદોલન, ક્રાન્તિકારીઓની પ્રવૃત્તિ સાથે સતત સંપર્કમાં. 1907ની સૂરતની મહાસભામાં ભાગ. હોમરૂલની પ્રવૃત્તિ માટેની પ્રથમ સભા પોતાના ગામમાં રાખી. 1916માં 1 દિવસ અટકાયતમાં. લોકલાગણીને કારણે તરત મુક્ત. 1919માં સૂરતમાં ભરાયેલી ત્રીજી ગુજરાત રાજકીય પરિષદના ખજાનચી. નવસારી હરિજન આશ્રમનો પ્રારંભ કર્યો. 1926-27 : કૉંગ્રેસનાં તમામ અધિવેશનોમાં પ્રતિનિધિ. શાળાઓને રાષ્ટ્રીય બનાવવાની જહેમત. મહાસભાના મદ્રાસના અધિવેશનમાં હાજરી.

અવસાન : 20 ડિસેમ્બર, 1939.

## દેસાઈ, તારાબહેન વલ્લભદાસ

દાહોદ.

1942ની ચળવળ દરમિયાન. 1-10-1942ના રોજ સખત કેદની સજા કરેલ યુવાનોને પોલીસ સાબરમતી જેલમાં લઈ જતી હોવાથી દાહોદ રેલવે સ્ટેશને તેમને વિદાય આપી, પાછી ફરતી સ્ત્રીઓએ આકરી સજા કરનાર મૅજિસ્ટ્રેટ નાટેકરના મકાન પાસે ‘હાય નાટેકર હાય હાય’ બોલી છાજિયાં લીધાં. 8 બહેનો સહિત ધરપકડ. 2 માસની કેદની સજા.

## દેસાઈ, દયાળજીભાઈ નાનુભાઈ

જન્મ : 16 નવેમ્બર, 1877. વેસમા, જિ. નવસારી.

1905માં બંગભંગ અને સ્વદેશી ચળવળથી દેશભક્તિ, રાષ્ટ્રીયતા. 1906માં અનાવિલ વિદ્યાર્થી આશ્રમ સ્થાપ્યો (સૂરતમાં). આ આશ્રમ ભવિષ્યમાં રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યો. હોમરૂલની ચળવળનો ગામડાંઓમાં પ્રચાર. 1919માં રોલેટ કાયદાના વિરોધમાં ભાગ લીધો. 1920-22 : અસહકારની ચળવળમાં લોકોને કાર્યક્રમ સમજાવવા ભાષણો. ‘સૂરતના સિંહ’ ઉપનામથી જાણીતા. ટિળક સ્વરાજ ફાળામાં પોતાની બધી મિલકત આપી દીધી. સૂરત જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. 1922માં 1 વર્ષની સજા. 1930ની ચળવળમાં એક વર્ષની સજા. 1932માં ફરી જેલમાં અટકાયત.

અવસાન : 2 જાન્યુઆરી, 1942.

## દેસાઈ, દાદુભાઈ પુરુષોત્તમદાસ

જન્મ : 26 મે, 1878. નડિયાદ, જિ. ખેડા.

બંધારણીય લડત ચલાવવાના પ્રણેતા. મહાત્મા ગાંધીના કાર્યક્રમોમાં શ્રદ્ધા પેદા થઈ. 1928ના બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોની માગણી સાચી ઠરાવી. 1930ની ચળવળમાં જોડાયા. ખેડા જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ બન્યા. ધરપકડ. જેલ ભોગવી. નડિયાદમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની સ્થાપનામાં મહત્વનો ભાગ. 1937માં મુંબઈની ધારાસભામાં ચૂંટાયા.

દેસાઈ, દિનકરરાય ગોપાળજી

## પિંજરત, તા. ઓલપાડ, જિ. સૂરત.

અનાવિલ આશ્રમમાં રહી કૉલેજનો અભ્યાસ કર્યો. 1942ની ચળવળ દરમિયાન ગણદેવી જઈ ભાંગફોડની ટુકડીમાં જોડાઈ ભાંગફોડના કેટલાક કાર્યક્રમો તથા અન્ય પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. નવસારી તાલુકાના વીજલપુરમાં સત્યાગ્રહ કરી પકડાઈ જવા માગતા હતા, પરન્તુ પોલીસે ન પકડ્યા. મુંબઈ જઈને સભાબંધીનો ભંગ કરી ધરપકડ વહોરી લઈ વરલીની જેલમાં 1 માસ કારાવાસ ભોગવ્યો.

આઝાદી પછી, 1948થી વકીલાત; સૂરતમાં પબ્લિક પ્રૉસિક્યૂટર, ગુજરાત મહેસૂલ પંચમાં વકીલ.

## દેસાઈ, દિનકરરાવ નરભેરામ

જન્મ : 1 જુલાઈ, 1890. ભરૂચ.

1917થી ગુજરાતની જાહેર પ્રવૃત્તિમાં સક્રિય. સત્યાગ્રહની બધી ચળવળોમાં સક્રિય ભાગ લઈને કુલ 5 વાર જેલ ભોગવી. 1937માં મુંબઈની ધારાસભામાં ચૂંટાયા. 1952માં મુંબઈ રાજ્યના શિક્ષણમંત્રી.

અવસાન : 1958.

## દેસાઈ, દુર્લભજી પરાગજી

જન્મ : 17 નવેમ્બર, 1879. ખરસાડ, જિ. વલસાડ.

1930માં દાંડીકૂચ વખતે ખેડા જિલ્લામાંથી ગાંધીજી પસાર થયા ત્યારે તેમની સાથે સરકારની અન્યાયી નીતિ અને જુલમો અંગે દુ:ખ. ડેપ્યુટી કલેક્ટરના હોદ્દાનું રાજીનામું. રાજકીય અને ઇતર પ્રવૃત્તિઓમાં ભાગ. 1938થી 1942 સુધી સૂરત જિલ્લા લોકલ બોર્ડનું પ્રમુખપદ. સેવા. ‘સ્થાનિક સ્વરાજ’ નામનું માસિક શરૂ કર્યું. ગ્રામસુધારણા સપ્તાહની યોજના કરી.

અવસાન : 12 મે, 1944.

## દેસાઈ, દેવયાની ઇન્દ્ર

જન્મ : 4 સપ્ટેમ્બર, 1904. મુંબઈ.

1920માં લગ્ન થયાં. શ્વશુર પક્ષે કુટુંબમાં બધા સ્વાતંત્ર્યચળવળમાં ભાગ લેતા. તેમના પતિ ઘણા સક્રિય. 1930ની ચળવળમાં દેવયાનીબહેને ભાગ લીધો. મીઠાના કાયદાનો ભંગ. ધરપકડ. થાણે જેલમાં 15 દિવસ. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહ કરવાથી ધરપકડ. 1942માં ‘હિન્દ છોડો’ ચળવળમાં 9 ઑગસ્ટના રોજ ધરપકડ કરી અટકાયતમાં. આશરે એક વર્ષ બાદ મુક્તિ.

## દેસાઈ, દેવેન્દ્રભાઈ મોતીલાલ

જન્મ : 6 જુલાઈ, 1912. ભાવનગર.

1930ના સત્યાગ્રહમાં વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. 1940માં ભાવનગર રાજ્યની પ્રજાપરિષદમાં જોડાયા. 1942માં ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લેવાથી 2 વર્ષની કેદની સજા અને 2,000 રૂપિયા દંડ. ભાવનગર રાજ્ય સામે જવાબદાર રાજ્યતંત્ર મેળવવાની લડતમાં લોકજાગૃતિનું કામ કર્યું. 1948 : ભાવનગર જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રી. 1962માં ગુજરાત રાજ્યમાં પ્રધાન.

અવસાન : 11 જૂન, 1971.

## દેસાઈ, દોલતરાય ખંડુભાઈ

જન્મ : 1899 આશરે. વલસાડ.

મુંબઈ યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટ. 1921માં અસહકારના આંદોલનમાં શાળાના શિક્ષકનું રાજીનામું. રાષ્ટ્રીય શિક્ષણમાં જોડાયા. અમલસાડ અને બોરી ફળિયાની રાષ્ટ્રીય શાળાઓમાં કામ કર્યું. પ્રવૃત્તિનું કેન્દ્ર વલસાડ. ખાદીપ્રચાર અને હરિજનસેવા મુખ્ય પ્રવૃત્તિ. વલસાડના દલિતોને સારા રહેઠાણ માટે સતત પ્રયાસો. સૂરત જિલ્લાના હરિજન સેવક સંઘના મંત્રી હતા.

અવસાન : 1935.

## દેસાઈ, દોલતરાય મકનજી

જન્મ : 22 સપ્ટેમ્બર, 1910. સંદલપુર, વલસાડ.

1922 : ગાંધીજીના આશ્રમમાં પ્રવેશ. રાષ્ટ્રીય શિક્ષણ ગ્રહણ. 1922-27 : ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષણાર્થી. 1927 : પૂરસંકટમાં સેવા. 1928 : બારડોલી સત્યાગ્રહમાં સક્રિય. 1930 : દાંડીકૂચ, સૂરત. પ્રચારપ્રકાશન. 6 મહિના કારાવાસ. દંડ માટે જપ્તી. 1932 : પત્રિકા-પ્રકાશન. 3 વર્ષ કઠોર કારાવાસ. 1

મહિનો અંધારી કોટડીમાં. સમાધાન પછી પણ બંધન ચાલુ. સાબરમતી આશ્રમમાં કાર્યકર. 1942 : લોકક્રાંતિ. બંદી દેશબાંધવોને જોઈતી વસ્તુઓ પહોંચાડતા.

## દેસાઈ, ધનલક્ષ્મી કૃષ્ણલાલ

અમદાવાદ

તેમના પ્રયાસોથી બહેનોની સભા બોલાવી ઑગસ્ટ, 1918માં અમદાવાદમાં હોમરૂલ લીગની મહિલા શાખા સ્થાપવામાં આવી. ખાડિયામાં તેનું કાર્યાલય રાખવામાં આવ્યું. શાખાના 40 સભ્યો નોંધવામાં આવ્યા. તેનાં મંત્રી ધનલક્ષ્મીબહેન કૃ. દેસાઈ હતાં. તેમની સાથે અનસૂયાબહેન સારાભાઈ પણ મંત્રી અને સરલાદેવી અંબાલાલ સારાભાઈ પ્રમુખ હતાં.

## દેસાઈ, ધનલક્ષ્મી ગોપાળદાસ

જન્મ : 19 ઑક્ટોબર, 1909. મહેમદાવાદ, જિ. ખેડા.

સત્યાગ્રહ. સ્વદેશીપ્રચાર. ખાદીપ્રચાર. દારૂબંધી-પ્રચાર. 3 મહિના કારાવાસ. મુક્તિ પછી પુનઃ રાષ્ટ્રસેવાની પ્રવૃત્તિઓ. સેવાકાર્યમાં પતિનો સાથ.

## દેસાઈ, ધીરજલાલ કેશવલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં આગળ પડતો ભાગ લીધો. સભા-સરઘસોમાં જોડાતા. તેમની ધરપકડ થઈ અને જેલની સજા ભોગવી હતી.

## દેસાઈ, ધીરજલાલ રણછોડજી

જન્મ : આશરે 1920.

મૂળવતની વલસાડના, પણ વડવાઓ અમલસાડમાં વસ્યા. જાહેર જીવનમાં રસ. દેશપ્રેમની ભાવના જાગ્રત. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ. ચાર માસની જેલની સજા ભોગવી. 1942માં ચળવળ શરૂ થયા બાદ અમલસાડ સ્ટેશન પરનાં તોફાન પછી એમની ધરપકડ. 11 મહિના જેલમાં અટકાયતમાં રાખ્યા. જીવનનિર્વાહ માટે અમલસાડથી સ્થળાંતર. અવસાન : 1968.

## દેસાઈ, ધીરુબહેન

અમદાવાદ.

1942ની ચળવળમાં મિલોની હડતાળ ખોલવાના વિરોધમાં મિલમાલિકોને બંગલે ઉપવાસ. પાંચમા દિવસે 27-11-1942ના રોજ પારણાં.

## દેસાઈ, ધીરુભાઈ ખંડુભાઈ

જન્મ : 6 ઑગસ્ટ, 1908. ચીખલી, જિ. વલસાડ.

1920માં બાર વર્ષની વયે સરકારી શાળામાં હડતાળ પડાવી, સરઘસ કાઢ્યું, ધરપકડ. પોલીસ સ્ટેશને તમાચા મારી, ધમકાવીને છોડી દીધા. તે પછી સભા-સરઘસોમાં જોડાતા. 1930ની ચળવળમાં નવસારી, ચીખલી તાલુકાની છાવણીઓમાં રહીને પરદેશી કાપડની દુકાનો અને દારૂનાં પીઠાં પર પિકેટિંગ, ધરપકડ. 9 માસની સજા. માતા ઝીણીબહેન તથા પત્ની કપિલાબહેન પણ દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ કરતાં. 1942માં પુત્ર બીમાર હોવા છતાં 11 મહિનાની જેલ ભોગવી. પેરોલ પર છૂટ્યા. ચીખલી તાલુકા કૉંગ્રેસના મંત્રી.

## દેસાઈ, ધીરુભાઈ મણિભાઈ

જન્મ : 31 જાન્યુઆરી, 1911. અગાસી, જિ. વલસાડ.

1920-21 : અસહકારના આંદોલન દરમિયાન સરકારમાન્ય હાઈસ્કૂલ છોડી રાષ્ટ્રીય શાળામાં અભ્યાસ. કાંતણ, સભા, સરઘસો વગેરેમાં સક્રિય. 1930માં ફર્ગ્યુસન કૉલેજ, પુણેમાંથી અભ્યાસ છોડ્યો. સત્યાગ્રહમાં ભાગ. મુંબઈમાં થતા કાર્યક્રમોમાં ભાગ. મુંબઈ સેવાદળમાં કામ

કર્યું. ચીખલી જઈને તાલુકાનાં ગામોમાં કાંતણ, મદ્યનિષેધ, ખાદી, વિદેશી માલના બહિષ્કારનો પ્રચાર. દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગનું આયોજન, સંચાલન. પ્રભાતફેરી, સભાઓ, સરઘસોનું આયોજન. ગાંધીજયંતી સપ્તાહનો કાર્યક્રમ યોજવા બદલ ધરપકડ, 51 માસની જેલ. 1932-34ની લડત શરૂ થતાં મુંબઈ સ્વદેશી લીગના વિદ્યાર્થી વિભાગમાં વિદ્યાર્થી સંગઠન, 'યુગાન્તર' સાપ્તાહિક, રાષ્ટ્રીય રેડિયો, કૉંગ્રેસ પત્રિકા વગેરે પ્રવૃત્તિમાં ભાગ. ધરપકડ અને અઢી વર્ષની સજા થઈ. સજા યરવડા જેલમાં ભોગવી. 1942માં મુંબઈમાં રાષ્ટ્રીય રેડિયો તથા અન્ય ગુપ્ત પ્રવૃત્તિમાં સક્રિય. ધરપકડ. નાશિક જેલમાં અટકાયત. મુંબઈના ખાદી કમિશન બોર્ડના સભ્ય. રચનાત્મક કાર્યકર. ચીખલી તાલુકા રાષ્ટ્રીય સમિતિના મંત્રી. ગૂજરાત વિદ્યાપીઠ મંડળના સભ્ય.

## દેસાઈ, નટવરલાલ છગનલાલ

દાહોદ.

પ્રાથમિક શાળાના શિક્ષક. દેશભક્ત. દાહોદમાં દેસાઈવાડમાં તેમને ઘેર સાઇક્લોસ્ટાઇલ મશીન રાખીને સરકાર વિરુદ્ધ, લડત વિશેની, પ્રતિબંધિત પત્રિકાઓ છાપવામાં આવતી. 7 નવેમ્બર, 1942ના દિવસે પોલીસનો દરોડો. બારણાં અંદરથી બંધ હોવાથી મશીન અન્યત્ર મોકલી દીધું. નટવરલાલ છાપરેથી છટકી ગયા. પોલીસ દ્વારા શક પરથી તેમની ધરપકડ. મે, 1943 સુધી હિન્દ સંરક્ષણ ધારા હેઠળ અટકાયત.

## દેસાઈ, નટવરલાલ પ્રભુભાઈ

જન્મ : 8 નવેમ્બર, 1926. કતારગામ.

1942માં બધા નેતાઓને પકડ્યા ત્યારે તેમની ઉંમર 16 વર્ષની. ગામડામાં ફરીને લડતનું કામ કર્યું. સૂરતથી પત્રિકાઓ લઈ જઈ ગામડાંઓમાં વહેંચતા. રેંટિયા બારસે પ્રભાતફેરી કાઢી હતી ત્યારે પકડીને સૂરતના લૉક-અપમાં માર માર્યો. છ મહિનાની સજા.

## દેસાઈ, નટવરલાલ મણિભાઈ

જન્મ : 1915. વેગામ, તા. ગણદેવી.

1930ની ચળવળમાં ભાગ લેવા ગૃહત્યાગ. પિતા અમદાવાદમાં સિટી મૅજિસ્ટ્રેટ. પાછળથી પિતાની પરવાનગી મળી. 1932માં સ્થાનિક કાર્યકરો સાથે જલાલપોર તાલુકાનાં ગામોમાં પ્રચારકાર્ય. 1940માં વેગામમાં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લઈ ધરપકડ વહોરી. 1942ની ચળવળમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. 1943માં જાહેર કાર્યક્રમમાં ભાગ લઈ જેલમાં ગયા. ત્યાર બાદ નવસારી હાઈસ્કૂલમાં શિક્ષક અને સહકારી કાર્યકર.

## દેસાઈ, નટવરલાલ રાયજીભાઈ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ઝાલોદમાં આગળ પડતો ભાગ ભજવેલો. સભા-સરઘસો, પત્રિકાપ્રવૃત્તિ વગેરેમાં સક્રિય હતા. તેમની ધરપકડ કરવામાં આવી હતી અને જેલની સજા પણ ભોગવી હતી.

## દેસાઈ, નરસિંહભાઈ પુરુષોત્તમદાસ

નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : નડિયાદ સ્કૂલમાં, વડોદરા બી.એ., એલએલ.બી. વકીલ. ગાંધીજીના આદેશથી વકીલાત છોડી દીધી. 1930થી ખાદીધારી. સભા-સરઘસોમાં ભાગ.

## દેસાઈ, નવનીતલાલ ઇચ્છારામ

જન્મ : 1906. વાલોડ, જિ. સૂરત.

સૂરતમાં ખાદી ભંડારનું સંચાલન. 1920થી 1942 સુધીનાં તમામ વર્ષો દરમિયાન સૂરતની

તમામ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભાગ. 1932 અને 1942માં બે વખત જેલમાં જઈને 2 વર્ષની જેલ ભોગવી હતી.

## દેસાઈ, નવનીતલાલ કેશવલાલ

ઝાલોદ.

1941માં વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો. તે માટે સરકારની યુદ્ધનીતિ વિરોધી ભાષણ તથા સૂત્રોચ્ચાર કર્યો. તેમની ધરપકડ કરી. 4 માસની કેદની સજા.

## દેસાઈ, નાથુભાઈ ગુલાબભાઈ

કાર્યક્ષેત્ર : વલસાડ. રેલવેની સરકારી નોકરીનો ત્યાગ. જિલ્લા અને પ્રાંતિક સમિતિના સભ્ય. તાલુકા સમિતિના પ્રમુખ. 1923ના નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930-32ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. ધરાસણા સત્યાગ્રહના સંચાલનમાં ફાળો. આર્થિક ભોગ. તેમનાં પત્ની ગજરાબહેન પણ કૉંગ્રેસની પ્રવૃત્તિઓમાં સક્રિય હતાં.

## દેસાઈ, નાથુભાઈ દયાળજી

સાદડવેલ ગામના તલાટી હતા.

1930ની લડતમાં તલાટીની નોકરીમાંથી રાજીનામું આપ્યું. સ્વેચ્છાએ ગરીબી સ્વીકારી. લડતમાં ભાગ લીધો. સભા-સરઘસમાં જોડાતા. કાંતણના કાર્યક્રમમાં ભાગ લીધો.

## દેસાઈ, નાનુભાઈ ખંડુભાઈ

જન્મ : 12 ડિસેમ્બર, 1894. વતન : ઊંટડી, જિ. સૂરત.

કાર્યક્ષેત્ર : હાલોલ, જિ. પંચમહાલ. બારડોલીમાં ગાંધીજીના ભાષણથી આકર્ષાઈ, 1921માં અસહકારની ચળવળ દરમિયાન મામલતદારની સરકારી નોકરીનું રાજીનામું. સાબરમતી આશ્રમમમાં ગાંધીજીને મળ્યા. પછાત લોકોની સેવા કરવા 1922 પછી સોનાવીટી (તા. હાલોલ) ગામે ગુનેગારોને સુધારી, કાંતણ, રેંટિયો, વાચનની પ્રવૃત્તિ કરી. 1928 : બારડોલી સત્યાગ્રહ વખતે હિજરત કરનાર ખેડૂતોની ગાયકવાડી હદમાં રહેવાની વ્યવસ્થા. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં નવસારીની છાવણી સંભાળી. ધરપકડ. દોઢ વર્ષની કેદની સજા. 1932ની ચળવળમાં ધરાસણાના અગરો પર ટુકડી લઈ જઈને સત્યાગ્રહ. ધરપકડ. અઢી વર્ષની કેદની સજા. પછી હાલોલ તાલુકાના રામેશરા ગામે આશ્રમ શરૂ કર્યો. 1942ના ‘હિન્દ છોડો’ આંદોલન વખતે તેઓ ક્રાંતિકારી જૂથમાં જોડાયા. વડોદરામાં ભૂગર્ભમાં રહ્યા. છોટુભાઈ પુરાણી સાથે ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયા. બૉમ્બ બનાવ્યા તથા બીજે મોકલ્યા. ગોધરાથી ધરપકડ. સાબરમતી જેલમાં અટકાયત.

અવસાન : 16 નવેમ્બર, 1954.

## દેસાઈ, નાનુભાઈ ખુશાલભાઈ

અમદાવાદ.

1942ની ચળવળમાં એલિસબ્રિજ શાંતિકુંજ સોસાયટીના ઘરમાં પત્રિકાઓ અને પોસ્ટરો રાખવા માટે ચાર માસની સખત કેદ અને રૂ. 150 દંડ.

## દેસાઈ, (ડૉ.) નાનુભાઈ છોટુભાઈ

જન્મ : 29 જૂન, 1901. કતારગામ, જિ. સૂરત.

અભ્યાસકાળ દરમિયાન ક્રિકેટના ખેલાડી. વિદ્યાર્થી અવસ્થાથી જ સ્વદેશીનો રંગ. ડૉક્ટરીના ધંધાને કારણે લડતમાં સીધો ભાગ લઈ શક્યા નહોતા. ધરાસણાના રણમેદાન પર ઘાયલ સૈનિકોની સારવારનું કામ દિવસો પર્યંત ખડે પગે કર્યું. 1932માં 2 વર્ષની સજા થઈ હતી. વિસાપુર જેલમાં સજા ભોગવી. 1931 અને 1934માં એમ બે વખત સુધરાઈમાં ચૂંટાયા હતા. 1942માં અટકાયત. જેલમાંથી

છૂટ્યા પછી સૂરતમાં દવાખાનું શરૂ કર્યું.
અવસાન : 24 જુલાઈ, 1949.

## દેસાઈ, નાનુભાઈ ડાહ્યાભાઈ

જન્મ : 10 મે, 1904.

1926થી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ. 1930 મેમાં ધરાસણાના મીઠાના સત્યાગ્રહમાં તેઓ સંગ્રામ સમિતિના પ્રમુખ હતા. 1931માં ગામડાંમાં પ્રચાર દરમિયાન ધરપકડ. 1932, 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ અને 1942માં 'હિન્દ છોડો' લડતમાં ધરપકડ. કુલ 18 માસની જેલ ભોગવી. વલસાડ તાલુકા સમિતિના મંત્રી અને પછી પ્રમુખ.
અવસાન : 17 જૂન, 1954.

## દેસાઈ, નાનુભાઈ દલપતભાઈ

જન્મ : 1921. વરિયાવ, તા. ગણદેવી.

અભ્યાસ : સૂરતમાં. વિજ્ઞાનના સ્નાતક. અનાવિલ આશ્રમમાં રહીને રાષ્ટ્રભાવનાની પ્રેરણા. 1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થતાં અભ્યાસ છોડી, લડતમાં જોડાયા. ગણદેવી તથા અન્યત્ર કામ કર્યું. 1946-47માં અનાવિલ આશ્રમના મદદનીશ ગૃહપતિ. તે પછી ગૂજરાત વિદ્યાપીઠ અને અન્યત્ર અધ્યાપક.

## દેસાઈ, નારાયણ મહાદેવભાઈ

જન્મ : 24 ડિસેમ્બર, 1924. વલસાડ.

1942ના સ્વાતંત્ર્યસંગ્રામમાં ઓલપાડ તાલુકાનાં ગામડાંમાં ફરી મુખી અને તલાટીઓનાં રાજીનામાં ભેગાં કર્યાં. આખરી જંગમાં લડતનો પ્રચાર કર્યો. ભૂદાન પ્રવૃત્તિ કરી 'સંત સેવતાં સુકૃત વાધે' નામના પુસ્તકમાં બાપુના સહવાસનાં સ્મરણો આલેખ્યાં છે. શાંતિસૈનિક. ગાંધીવિચારનો વિદેશોમાં પ્રચાર. 6 ભાષાના અભ્યાસી. અન્ય પુસ્તકો 'સોનાર બાંગ્લા', 'સર્વોદયવિચાર', 'ભૂદાનઆરોહણ', 'મારું જીવન એ જ મારી વાણી' ગાંધીજીનું જીવનચરિત્ર ચાર ભાગમાં લખ્યું. તે માટે 2004નો મૂર્તિદેવી ઍવૉર્ડ મળ્યો છે. જ્યારે 2001નો રણજિતરામ સુવર્ણચંદ્રક ઍવૉર્ડ પણ તેમને મળેલ છે. ગાંધીકથા વિવિધ નગરોમાં. 2007માં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ.
અવસાન : 15 માર્ચ, 2015, સૂરત

## દેસાઈ, નિર્મળાબહેન જમનાદાસ

દાહોદ.

1942ની ચળવળ દરમિયાન યુવાનોને આકરી સજા કરનાર મૅજિસ્ટ્રેટ નાટેકરના મકાન પાસે છાજિયાં લેવા માટે 8 બહેનો સહિત ધરપકડ. 2 માસની કેદની સજા.

## દેસાઈ, નિર્મળાબહેન (નિમુબહેન) નીરુભાઈ

જન્મ : 30 સપ્ટેમ્બર, 1922. સૂરત. નિવાસ : અમદાવાદ.

શિક્ષિકા માલતીબહેન દીક્ષિતની પ્રેરણાથી રાષ્ટ્રપ્રેમી. કિશોરવયથી ખાદીધારી. અન્યાયનો વિરોધ કરવાના સંસ્કાર. 1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવિકા. 1941માં દારૂનાં પીઠાં અને વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. પ્રભાતફેરીઓમાં સક્રિય. 1942ની લડતમાં એલિસબ્રિજમાં સ્ત્રી-વૉર્ડનાયક. સરઘસો કાઢવાં, પત્રિકાઓ ઘરમાં ગુપ્ત રાખવી અને વહેંચાવી દેવી. તેમને ઘેર સભાઓનું આયોજન. બહેનોમાં લડતનો પ્રચાર, જાગૃતિ. તેમને ઘેર જડતી. કાર્યકરોને ગુપ્ત આશ્રય. સરઘસમાંથી ધરપકડ. 3 માસની કેદની સજા. મિલો ન ખોલે તે માટે ઉપવાસ. હડતાળ પરના મજૂરોને અનાજ વહેંચતાં.

## દેસાઈ, નીછાભાઈ ગોવિંદજી

જન્મ : 5 ઑગસ્ટ, 1899. પારનેર પારડી, જિ. સૂરત.

1919માં રૉલેટ કાયદા(કાળા કાયદા)ના

વિરોધમાં આંદોલન કરવા તેમણે સૂરતમાં સ્વયંસેવક દળ શરૂ કર્યું. 1921માં અમદાવાદમાં અધિવેશન ભરાયું ત્યારે સ્વયંસેવકોના નાયક. 1923માં નાગપુર ધ્વજ-સત્યાગ્રહમાં ભાગ લીધો. 2 માસની જેલની સજા ભોગવી. 1930માં વલસાડમાં મીઠાનો સત્યાગ્રહ કરીને 9 માસની જેલ ભોગવી. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. 6 માસની જેલ ભોગવી. લડતના દરેક તબક્કે ભાગ લઈને કુલ સાત વખત જેલની સજા ભોગવી.

## દેસાઈ, નીરુભાઈ ચીમનલાલ

દાહોદ.

જાણીતા વકીલના સગીર પુત્ર. 9 સપ્ટેમ્બર, 1942ના રોજ દાહોદમાં રાષ્ટ્રધ્વજ સહિત સરઘસ કાઢી વિવિધ લત્તાઓમાં ફર્યા. પોલીસે અટકાવી ધરપકડ કરી. સગીર છતાં 2 માસની સજા ને રૂ. 200 દંડ. દંડ ન ભરે તો વધુ 2 માસની સજા.

## દેસાઈ, નીરુભાઈ ભાઈલાલભાઈ

જન્મ : 13 જાન્યુઆરી, 1912. અમદાવાદ.

સત્યાગ્રહની લડતના દરેક તબક્કે ભાગ લઈને કારાવાસ ભોગવ્યો. 1930માં વિરમગામ અને ધરાસણામાં મીઠાના કાયદાનો ભંગ કરી સત્યાગ્રહ કર્યો. પોલીસનો ખૂબ માર ખાધો. 1932ના સત્યાગ્રહમાં પણ ભાગ લઈને જેલ ભોગવી. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં ધરપકડ થઈ. અટકાયતમાં 2 વર્ષ જેલ ભોગવી. અમદાવાદની યુવકપ્રવૃત્તિ, વ્યાયામપ્રવૃત્તિ અને વિદ્યાર્થીપ્રવૃત્તિમાં સદા સક્રિય. યુવકોની શિબિરો યોજી સ્વાતંત્ર્યઆંદોલનમાં પ્રાણ પૂર્યા. કૉંગ્રેસમાં સમાજવાદી પક્ષના એક સ્થાપક. તંત્રી : 'ગુજરાત સમાચાર'. જેલમાં રાજકીય કેદીઓ માટે અભ્યાસવર્ગો ચલાવતા.

અવસાન : 1 ડિસેમ્બર, 1993. અમદાવાદ.

## દેસાઈ, નીલરત્ન ઓચ્છવલાલ

જન્મ : 1919. દેવગઢબારિયા, જિ. દાહોદ.

દેવગઢબારિયા દેશી રાજ્ય હોવાથી 1942ની ચળવળની પ્રવૃત્તિ થતી ન હોવાથી દાહોદ જઈ ત્યાં ધ્વજ સહિત સરઘસ કાઢી, સૂત્રોચ્ચાર સહિત મામલતદારની કચેરી પર ધ્વજ ચડાવવા જતાં ધરપકડ. 4 માસની કેદની સજા.

અવસાન : 1989.

## દેસાઈ, પદ્માબહેન નાનુભાઈ

સૂરત.

રાષ્ટ્રભક્ત બનવાથી આજીવન ખાદીધારી તથા ચા નહિ પીવાની પ્રતિજ્ઞા લીધી. સૂરતમાં કાપડની દુકાનો પર પિકેટિંગમાં ભાગ લીધો. બીજા આગેવાનો સાથે બારડોલી-માંડવી તાલુકાનાં ગામોમાં ચળવળનો પ્રચાર. કસ્તૂરબાની સરદારી હેઠળ 17 બહેનોની ટુકડીમાં જોડાયાં. 1928માં મીઠુબહેનની આગેવાની હેઠળ તેમણે ભીમરાડ, વેસુ, ઉદવાડા ને પારડી છાવણીઓમાં રહીને પિકેટિંગ તથા ગામડામાં પ્રચારની પ્રવૃત્તિ. પારડીમાં કાંતણ-પીંજણના વર્ગો શરૂ કર્યા. કેદી દિનની ઉજવણી વખતે સરઘસ કાઢ્યું. સૂરતના દસમા ડિક્ટેટર તરીકે પકડાયાં. 6 મહિનાની સજા ને રૂ. 150 દંડ અથવા વધુ અઢી મહિનાની જેલ થઈ.

## દેસાઈ, પરાગજી ખંડુભાઈ

જન્મ : સંવત 1939ના આસો સુદ તેરસ. જિ. વલસાડ. વતન : સાલેજ, તા. ગણદેવી.

1893 : દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના સાથીદાર. ત્યાં હિન્દીઓના સ્વમાનની સત્યાગ્રહની લડતમાં 6 વખત ધરપકડ. છ વખત ત્યાં જેલ ભોગવી. બે વાર 6-6 મહિનાની

સજા થઈ. બે વાર 3-3 મહિનાની સજા થઈ. એક વાર 10 દિવસની અને એક વાર 7 દિવસની સજા થઈ. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના 'ઇંડિયન ઓપિનિયન' વર્તમાનપત્રનું સંચાલન – 1914થી 1917. ભારતમાં ગણદેવી તાલુકાના હોમરૂલના આગેવાન. હોમરૂલનો પ્રચાર કરવા સભાઓ, ભાષણો. 1920-22ના અસહકારના આંદોલનમાં જોડાયા. 'નવયુગ' પત્રના તંત્રી. રાજદ્રોહી લખાણ લખવા માટે અદાલતમાં કેસ. અઢી વર્ષની સજા સાબરમતી અને હૈદરાબાદ(સિંધ)ની જેલમાં ભોગવી. બીજી વાર રાસ ગામમાં પ્રવેશવાના પ્રતિબંધનો ભંગ કરવાથી તેમની નડિયાદ સ્ટેશને ધરપકડ. ખેડા જેલમાં લઈ જઈ છોડી દીધા. ખેડા શહેરની હદ ન છોડવા અને પોલીસસ્ટેશને સવાર-સાંજ હાજરી આપવાનો હુકમ. તેનો તેમણે તરત ભંગ કરવાથી દોઢ વર્ષની જેલની સજા. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ. 1 વર્ષની સજા.

## દેસાઈ, પાર્વતીબહેન ગોપાલભાઈ

ચીખલી, વલસાડ. અભ્યાસ : પ્રાથમિક.

1930-31 : સવિનય કાનૂનભંગ. પ્રાર્થના, પ્રભાતફેરી, સરઘસ, દારૂપીઠાં પર પિકેટિંગ આદિ પ્રવૃત્તિમાં સક્રિય. 1931 : ચીખલીમાં ધરપકડ અને કારાવાસ. ગાંધી-ઇર્વિન સંધિથી મુક્તિ.

## દેસાઈ, પાર્વતીબહેન મકનજી

1928 : બારડોલી સત્યાગ્રહ. લડતનું કેન્દ્ર તેમનો મઢી આશ્રમ. વડોદરાના અબ્બાસ તૈયબજી, સાબરમતીના ઇમામસાહેબ, નડિયાદના ગોકળદાસ બાપુ, ફૂલચંદભાઈ શાહ આદિએ લડતનું સંચાલન આ આશ્રમમાં રહીને કર્યું. પાછળથી કઠોરમાં કેન્દ્રની સ્થાપના. વિવિધ પ્રવૃત્તિ.

## દેસાઈ, પ્રમોદભાઈ કનૈયાલાલ

જન્મ : 1911, સૂરત.

રાષ્ટ્રવાદી નેતા અને કાર્યકર કનૈયાલાલ (કાનજીભાઈ) દેસાઈના મોટા પુત્ર. સત્યાગ્રહના દરેક તબક્કે ભાગ લઈને જેલવાસ. 1930માં અભ્યાસ છોડ્યો. ગ્રામસેવા શરૂ કરી. કૉંગ્રેસમાં જોડાયા. ઓલપાડમાં ધરપકડ. જેલવાસ. 1932માં ફરીથી સત્યાગ્રહમાં ભાગ લીધો. 2 વર્ષની સજા થઈ. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં અને 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ. જેલવાસ. રાષ્ટ્રીય અને જાહેર જીવનની પ્રવૃત્તિઓ. ઓલપાડમાં હાઈસ્કૂલ સ્થાપી. સૂરત જિલ્લાની વિવિધ સંસ્થાઓમાં હોદ્દેદારો.

## દેસાઈ, પ્રસન્નવદન ભગવાનજી

સમરોલી, તા. ચીખલી.

1930ની ચળવળ દરમિયાન ભૂગર્ભપ્રવૃત્તિ કરનાર જહાલ જૂથમાં સામેલ થયા. નવસારીના લાલભાઈ પટેલ, ઠાકોરભાઈ દેસાઈ વગેરેના સંપર્કમાં રહી તાલુકાની પ્રવૃત્તિ ગોઠવતા. સોનવડી ગામ પાસે અંબિકા નદીના પટમાં ભૂગર્ભમાં કાર્યકરો મળીને કાર્યક્રમની ચર્ચા કરતા. તાલુકાનાં ગામોમાં રાત્રે પત્રિકાઓ પહોંચાડતા. તાલુકાના કાર્યકરોને ગુપ્તવાસ દરમિયાન માર્ગદર્શન આપતા. વેપારી, દૂધવાળો, ટપાલી, છાપાવાળો, વરરાજા, સૈનિક જેવો વેશપલટો કરતા.

## દેસાઈ, પ્રાણજીવનદાસ વ્રજલાલ

જન્મ : પાટડી, જિ. સુરેન્દ્રનગર.

1930-31ના મીઠાના સત્યાગ્રહ વખતે પાટડી-ખારાઘોડાના મીઠાના સત્યાગ્રહમાં આગેવાની ભર્યો ભાગ. સરકારે ભારે દમન ગુજાર્યું. તેનો ભોગ બન્યા. 3 માસની સજા થઈ.

## દેસાઈ, બલ્લુભાઈ દલપતભાઈ

જન્મ : 7 ફેબ્રુઆરી, 1922. કતારગામ.

1938માં વિદ્યાર્થી સંઘની પ્રવૃત્તિમાં જોડાયા. પ્રોપાયટરી હાઈસ્કૂલમાં હડતાળ પાડવા માટે શાળા છોડવી પડી. મિશન હાઈસ્કૂલમાંથી મહાસભાના અધિવેશનની પ્રવૃત્તિ કરવા માટે શાળામાંથી રજા આપી. 1940માં કૉંગ્રેસમાં જોડાયા. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં 3 મહિનાની સજા ભોગવી. 1942માં 9 મહિનાની સજા થઈ. 1944માં રેલરાહતનું કાર્ય કર્યું. 1950-54 : સૂરત જિલ્લા ગ્રામરક્ષકદળના માનદ અધિકારી. 1957-59 : સૂરત જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રી. 1958-62 : ચોર્યાસી તાલુકા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. 1963થી ચોર્યાસી તાલુકા પંચાયતના પ્રમુખ. સૂરત જિલ્લા પંચાયતના સભ્ય. 1970માં પ્રમુખ.

## દેસાઈ, બળવંતરાય દુર્લભભાઈ

જન્મ : મરોલી, જિ. વલસાડ.

12 વર્ષની ઉંમરથી દેશભક્ત. સરકારી શાળા અને દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. પરદેશી કાપડની હોળી કરવામાં, હરિજન ફાળો એકત્રિત કરવામાં ભાગ. ખજૂરાં કાપવાની પ્રવૃત્તિમાં પણ ગામેગામ ફરીને કામ કર્યું. ચીખલી તાલુકા કૉંગ્રેસ કારોબારી સમિતિમાં સભ્ય. રાનકૂવા મંડળ કૉંગ્રેસ સમિતિના 7 વર્ષ સુધી પ્રમુખ હતા. ખરોલી પંચાયતના સરપંચ અને ખરોલી સહકારી મંડળીના પ્રમુખ. તાલુકાના અસ્પૃશ્યતાનિવારણ કાર્ય. 1942માં પટેલ-તલાટીનાં રાજીનામાં લેવાની પ્રવૃત્તિ. ભોંયપત્રિકા પણ લખતા.

## દેસાઈ, બળવંતરાય મકનજી

સૂરત.

સત્યાગ્રહના અડગ સૈનિક. પત્રિકાઓ છપાવવાનું, પહોંચાડવાનું, પ્રચારનું કાર્ય કર્યું. નવસારીમાં ભૂગર્ભમાં પત્રિકા વહેંચવાનું કાર્ય કરતા, ધરપકડ. અનહદ માર માર્યો. બેભાન બનાવી દીધા. 1 વર્ષની સજા થઈ.

## દેસાઈ, બિહારીદાસ

નડિયાદ, જિ. ખેડા.

1857ના વિપ્લવ વખતે તેમણે તાત્યા ટોપેને પોતાને ત્યાં ગુપ્ત આશ્રય આપ્યો હતો અને તેમણે છુપાઈને એ વિસ્તારના લોકો તથા ઠાકોરોને બ્રિટિશ સરકાર સામે ઉત્તેજિત કરવામાં આવશ્યક સહાય કરી હતી.

દેસાઈ, ભક્તિલક્ષ્મી ગોપાળદાસ (ભક્તિબા)

જન્મ : 1899. લીંબડી, સુરેન્દ્રનગર.

સત્યાગ્રહી પતિનાં સાચાં સહધર્મચારિણી. 1921 : કૉંગ્રેસના અમદાવાદ અધિવેશનમાં સક્રિય. 1923માં બોરસદ સત્યાગ્રહ વખતે જનતાને પડખે. 1923ના નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. નડિયાદ, બોરસદ આદિ સ્થળે દારૂનાં પીઠાં તથા પરદેશી કાપડના વેપાર સામે સત્યાગ્રહ. કારાવાસ. 1931 : 21 મહિના કારાવાસ. 1941 : દોઢ વર્ષ કારાવાસ. સ્ત્રીજાગૃતિનાં પ્રેરક. 1942માં જેલવાસ.

## દેસાઈ, ભગવાનજી ડાહ્યાભાઈ

મુ. વટાર, જિ. વલસાડ.

1931-32માં મીઠાના સત્યાગ્રહ વખતે ધરપકડ માટે વૉરંટ આવ્યું ત્યારે 2 માસ ભૂગર્ભપ્રવૃત્તિ કરી. સરઘસમાં જાહેર થતાં ધરપકડ થઈ. સાબરમતી જેલમાં 5 માસની સજા ભોગવી. 1942ની ચળવળમાં પકડાઈ જતાં ફરી દોઢ વર્ષની સજા થઈ.

## દેસાઈ, ભૂપતભાઈ વ્રજલાલ

જન્મ : 1903, પાટડી, જિ. સુરેન્દ્રનગર.

1930ની મીઠાની લડતમાં વિરમગામ સત્યાગ્રહની છાવણીમાં રહી ભાગ લીધો. જેલવાસ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભમાં રહીને કામ કરતાં પકડાયા અને

જેલવાસ. આજીવન સેવાપ્રવૃત્તિ.

## દેસાઈ, ભૂલાભાઈ જીવણજી

જન્મ : 13 ઑક્ટોબર, 1887. વતન : વલસાડ. નિવાસ : મુંબઈ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી., પ્રારંભે ગુજરાત કૉલેજ, અમદાવાદમાં અધ્યાપક. વ્યવસાય : વકીલાત. મુંબઈ હોમરૂલ લીગના સભ્ય. 1932 : સ્વદેશી સભાની તેમની પ્રવૃત્તિઓ માટે ધરપકડ કરીને 1 વર્ષ કેદની સજા. દિલ્હી ધારાસભામાં ચૂંટાયા. આઝાદ હિન્દ ફોજના સેનાપતિઓના બચાવધારાશાસ્ત્રી તરીકે સુંદર કામગીરી બજાવી.
અવસાન : 6 મે, 1946. મુંબઈ.

## દેસાઈ, ભોગીલાલ હરિલાલ

દાહોદ.

1942ની ચળવળ દરમિયાન 7-10-1942ના રોજ રેંટિયા બારસ (ગાંધીજયંતી) અંગે સરઘસ. દેવગઢ-બારિયાના યુવકના હાથમાં રાષ્ટ્રધ્વજ હતો. પોલીસ ધરપકડ. 2 માસની કેદ અને રૂ. 50 દંડ. દંડ ન ભરે તો 1 માસની વધુ સજા. સાબરમતી જેલમાં મોકલ્યા.

## દેસાઈ, મકનજી ભાણાભાઈ

સૂરત.

1910 : ક્રાંતિકારી ભૂગર્ભપ્રવૃત્તિ માટે કેસ. 1919 : અકોરી રાષ્ટ્રીય શાળામાં શિક્ષક. 1922 : વરાડમાં ખાદીકામનું કેન્દ્ર. 1925 : મઢીમાં આશ્રમ. ખાદીપ્રચાર. 1930 : ભીમરાડ મીઠા-સત્યાગ્રહ, 6 મહિના કારાવાસ. 1932 : સવિનય કાનૂનભંગ. પોલીસના લાઠીમારમાં હાથ ભાગ્યો. 3 વર્ષ કારાવાસ. 1935 : પિકોદરા ગામે ખાદી ગ્રામોદ્યોગ કાર્ય. 1942 : 'હિન્દ છોડો' સભાના કાર્યક્રમ માટે કારાવાસ. રચનાત્મક કાર્ય.

## દેસાઈ, મગનભાઈ પ્રભુદાસ

જન્મ : 11 ઑક્ટોબર, 1899. ધર્મજ, નડિયાદ, જિ. ખેડા. વતન : નડિયાદ. નિવાસ : અમદાવાદ.

શિક્ષણ : પ્રાથમિક, માધ્યમિક નડિયાદમાં. લગ્ન : ડાહીબહેન, 1915. 1920 : બી.એ.ના છેલ્લા વર્ષમાં મુંબઈ એલ્ફિન્સ્ટન કૉલેજનો ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. 1920 : રાષ્ટ્રીય શિક્ષણના પ્રસારનું કાર્ય. 1923 : ગૂજરાત વિદ્યાપીઠના અધ્યેતા (ફેલો). 1928 : વિદ્યાપીઠના આજીવન સેવક. 1930 : દાંડીકૂચમાં સૈનિક. 1932 : વિદ્યાપીઠ ભવન લઈ લેવાના સરકારના કાર્યનો વિરોધ. રૂ. 50 દંડ, 6 મહિના કઠોર કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' ચળવળના આરંભથી અંત સુધી કારાવાસ. 1937-61 : ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય, મહામાત્ર. 1939-61 : 'શિક્ષણ અને સાહિત્ય' માસિક બંધ ન પડ્યું ત્યાં સુધી તંત્રી. 1946-53 : નગરપાલિકા શિક્ષણ મંડળના અધ્યક્ષ. 195-256 : 'હરિજન' સાપ્તાહિકના સહતંત્રી. 1959-60 : ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ (વા.ચા). મુંબઈ વિધાનપરિષદના સભ્ય. 1961 : 'સત્યાગ્રહ' સાપ્તાહિકના તંત્રી. 'સાર્થ જોડણીકોશ'ના પ્રમુખ સંપાદક. હિન્દી-ગુજરાતી કોશના સંપાદક. 'સત્યાગ્રહની મીમાંસા' પુસ્તક માટે 'સમાજવિદ્યા પારંગત'ની પદવી. વિવિધ વિષયોનાં પુસ્તકો લખ્યાં, સંપાદન કર્યું, ભાષાંતર કર્યું.
અવસાન : 1 ફેબ્રુઆરી, 1969.

## દેસાઈ, મગનલાલ દયાળજી

વલસાડ.

રાષ્ટ્રીય ચળવળની શરૂઆતથી મગનકાકા તરીકે જાણીતા. 1930ની ધરાસણાની લડતમાં સક્રિય ફાળો આપ્યો. પકડાયા અને યરવડા જેલમાં ગયા.

## દેસાઈ, મણિબહેન કાળિદાસ

જન્મ : 15 નવેમ્બર, 1922. સમરોલી, ગણદેવી.

મૅટ્રિક સુધીનો અભ્યાસ. સૂરત વનિતાવિશ્રામમાં. મુંબઈ ટ્રેનિંગ કૉલેજમાં અભ્યાસ દરમિયાન 1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થતાં દેશભક્તિથી જોડાયાં. ગણદેવી જઈને સ્ત્રીઓની ટુકડી બનાવી પટેલ-તલાટીનાં રાજીનામાં લેવાં, હાઈસ્કૂલો પર પિકેટિંગ. ધરપકડ. 4 માસની સાદી કેદની સજા. સાબરમતી જેલમાં સજા ભોગવી.

અવસાન : ફેબ્રુઆરી, 1966.

## દેસાઈ, મણિબહેન દયાળજી

જન્મ : 7 સપ્ટેમ્બર, 1921. વેગામ, તા. ગણદેવી.

ડાંભેરમાં પિતાને રાષ્ટ્રીય ચળવળમાં રસ. પિતા ગાંધીસાહિત્યનો પ્રચાર કરતા. સૂરત વનિતા-વિશ્રામમાં અભ્યાસ. રાષ્ટ્રીય ભાવના વિકસી. 1942ની 'હિન્દ છોડો' લડતમાં જોડાયાં. 20 એપ્રિલ, 1943ના રોજ સરઘસ કાઢી આગેવાની લીધી. ધરપકડ. 6 માસની કેદની સજા. છૂટ્યા બાદ રચનાત્મક પ્રવૃત્તિ. પોતે વિધવા થયા બાદ પુનર્લગ્ન કરી સમાજસુધારાનો દાખલો બેસાડ્યો.

## દેસાઈ, મણિબહેન નટવરલાલ

દેસાઈવાડા, દાહોદ.

પતિ પ્રાથમિક શાળાના શિક્ષક, રાષ્ટ્રવાદી. તેમને ઘેર સાઇક્લોસ્ટાઇલ મશીન પર લડતની પત્રિકા છપાતી. 7-11-1942ના રોજ પોલીસનો દરોડો. બારણું બંધ હોવાથી મશીન બીજે મોકલી દીધું. પતિ નટવરલાલ છાપરેથી છટકી ગયા. શક પરથી મણિબહેનની ધરપકડ. 1 મહિનો અટકાયતમાં રાખ્યાં.

## દેસાઈ, મણિભાઈ ગોપાળજી

જન્મ : 3 મે, 1902. પૂણી, જિ. સૂરત.

1921 : અસહકાર. વિલ્સન કૉલેજ છોડી રાષ્ટ્રીય કૉલેજમાં જોડાયા. ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. 1927 : યંગ ઇંડિયા સોસાયટીમાં જોડાયા. 1928 : બારડોલી સત્યાગ્રહ. સરભોણ આશ્રમમાં સેવા. 1930 : 6 મહિના કઠોર કારાવાસ. 1932-33 : 2 વર્ષ કઠોર કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' 1 વર્ષ અટકાયત. છોટુભાઈ દેસાઈના ભાઈ.

## દેસાઈ, મણિભાઈ ભગવાનજી

જન્મ : 10 ઑગસ્ટ, 1906. વેગામ. તા. ગણદેવી.

ઠાકોરભાઈ દેસાઈના મિત્ર હોવાથી રાષ્ટ્રવાદી બન્યા. ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. નવજીવન સંસ્થામાં સેવક. 1930ના સત્યાગ્રહમાં ભાગ. 6 માસની સખત કેદની સજા સાબરમતી અને યરવડા જેલમાં ભોગવી. 1942ની 'હિન્દ છોડો' ચળવળ શરૂ થતાં જ ધરપકડ થઈ. 1944 સુધી નાશિક સેન્ટ્રલ જેલમાં અટકાયત. 1966 સુધી નવજીવનમાં સેવક. લેખક. અનુવાદક.

## દેસાઈ, મણિભાઈ ભીમભાઈ

જન્મ : 27 એપ્રિલ, 1920. કોસમાડા.

કાર્યક્ષેત્ર : ઉરુળીકાંચન (પુણે). સૂરતના અનાવિલ વિદ્યાર્થી. આશ્રમમાં રહેતા. રાષ્ટ્રીય ભાવના. 1942ની 'હિન્દ છોડો' ચળવળ શરૂ થતાં બી.એસસી.નો છેલ્લા વર્ષનો અભ્યાસ છોડી ગણદેવી તાલુકાના કાર્યકરો સાથે જોડાયા. રેલવેના પાટા ઉખેડવા, ચોરા બાળવા, ગરનાળાં તોડવાં વગેરે ભાંગફોડના કાર્યક્રમમાં સાહસિક અને વધુ શ્રમનાં કાર્યો સ્વેચ્છાએ કરતા. ધરપકડ. સાબરમતી જેલમાં કારાવાસ. છૂટ્યા બાદ નિસર્ગોપચાર કેન્દ્ર ઉરુળીકાંચન (પુણે પાસે). ગોવિદ્યાના નિષ્ણાત બન્યા. પદ્મશ્રીનો ઍવૉર્ડ.

અવસાન : 14 નવેમ્બર, 1993.

## દેસાઈ, મણિભાઈ રણછોડજી

મોતા, તા. બારડોલી

1905-11 : બંગભંગના સમયથી રાષ્ટ્રીય લડતોમાં આગળ પડતો ભાગ લેતા. તેમણે એક પોલીસને રાજીનામું આપવા સમજાવ્યો અને પછી જિંદગીભર તેને પોષ્યો. 1921માં મોતામાં રાષ્ટ્રીય શાળા થઈ ત્યારે તેમણે હરિજન પ્રવૃત્તિ કરી હતી.

## દેસાઈ, મણિભાઈ લાલભાઈ

મજીગામ, તા. ચીખલી.

1930-32ની ચળવળ દરમિયાન રણછોડજી ગાંડાભાઈ નાયક(તલાવચોરા)ની સાથે પ્રવૃત્તિઓ કરતા. ચીખલી કસબામાં અવારનવાર જાહેરસભાઓ યોજતા અને તે રીતે લડતનો પ્રચાર તથા લોકજાગૃતિનું કામ કરતા હતા. ગિજુભાઈ બધેકા અને તારાબહેન મોડકની બે સભાઓ તેમણે ખડકીમાં તથા નદીકિનારે ગોઠવી. સભાબંધીના કાયદાનો ભંગ કર્યો.

## દેસાઈ, મણિલાલ ત્રિભુવનદાસ

જન્મ : 1874. મહેમદાવાદ, જિ. ખેડા.

અભ્યાસ : એલએલ.બી. અમદાવાદમાં સફળ વકીલાત. 1897ના દુષ્કાળ વખતે રાહતકાર્ય. વિલાયતમાં ભારતની આઝાદી માટે રૂ. 4,500 ફાળો ઉઘરાવ્યો. તેમના ભાઈશ્રી બાલુભાઈ મુંબઈના બાહોશ વકીલ અને કૉંગ્રેસના કાર્યકર્તા. મુંબઈ કૉર્પોરેશન તથા મહાસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા.
અવસાન : 1900.

## દેસાઈ, મણિલાલ માણેકલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન 15 ઑગસ્ટના રોજ સરઘસ, લાઠીચાર્જ, 2 માસની કેદની સજા.

## દેસાઈ, મદનલાલ છગનલાલ

દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં દાહોદમાં 25-9-42ના રોજ રાષ્ટ્રધ્વજ સહિત સરઘસ, સરકાર વિરોધી સૂત્રોચ્ચાર. સભા ભરી. તેમાંથી પોલીસે ધરપકડ કરી. 2 માસની સખત કેદ અને રૂ. 50 દંડ. દંડ ન ભરે તો વધુ 2 માસની કેદની સજા. સાબરમતી જેલમાં સજા ભોગવી.

## દેસાઈ, મધુભાઈ દાદુભાઈ

જન્મ : જુલાઈ, 1912. નડિયાદ.

અભ્યાસ : મૅટ્રિક. 1919ની સ્વાતંત્ર્યની લડત વખતે 17 વર્ષની વયે લડતમાં સક્રિય. 1 વર્ષની જેલની સજા. રાજકીય અને શૈક્ષણિક પ્રવૃત્તિમાં સતત કાર્યશીલ.

## દેસાઈ, મધુમતીબહેન

બોચાસણ (સાબરમતી આશ્રમ). ઉંમર : 16.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના ફટકા તથા બંદૂકના કુંદાથી છાતી, પેટે, ખભા અને માથામાં ઈજાઓ થઈ હતી.

## દેસાઈ, મધુસૂદન નટવરલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં આગળ પડતો ભાગ લીધો. સભા-સરઘસોમાં ભાગ લેતા હતા. તેમની ધરપકડ કરવામાં આવી અને જેલની સજા ભોગવી હતી.

## દેસાઈ, મનુભાઈ ઉર્ફે ડાહ્યાભાઈ નારણજી

દેશપ્રેમ. ધંધો : વકીલાત.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન

અટકાયતી ધારા હેઠળ ધરપકડ. જેલવાસ.
અવસાન : 1951.

## દેસાઈ, મનુભાઈ ગોપાળજી

એરુ, જિ. વલસાડ.

1942ના સ્વાતંત્ર્યસંગ્રામમાં નવસારી સબ-જેલમાં 1 મહિનો રહ્યા. 1942ના નવેમ્બરમાં એરુથી ફરી પકડાયા. 13 વર્ષ અટકાયતમાં રહ્યા.

## દેસાઈ, મનુભાઈ દયાળજી

જન્મ : 1922. અજરાઈ, તા. ગણદેવી.

1942નું 'હિન્દ છોડો' આંદોલન શરૂ થતાં ગણદેવીમાં મૅટ્રિકનો અભ્યાસ છોડી લડતમાં જોડાયા. શાળામાં હડતાળ પડાવવાની આગેવાની. સરઘસ કાઢ્યું. સરઘસના આગેવાનોની ધરપકડ તેમાં સમાવેશ. કોર્ટે સજા કરી. સજાની મુદત થતાં પહેલાં મુક્ત. તે પછી વિવિધ ગામે પત્રિકા વહેંચવા જતા.

## દેસાઈ, મહાદેવભાઈ હરિભાઈ

જન્મ : 1 જાન્યુઆરી, 1892. દિહેણ, સૂરત.

ગાંધીજીના મંત્રી. 1917-42 : ગાંધીજીની સઘળી પ્રવૃત્તિમાં ગાઢ રીતે સક્રિય. ચંપારણ, અમદાવાદ મિલ મજૂરોની હડતાલ, ખેડા, અસહકાર, મીઠાનો, વ્યક્તિગત, 'હિન્દ છોડો' આદિ સત્યાગ્રહોમાં સક્રિય. 6 વાર કારાવાસ. નવજીવન, યંગ ઇન્ડિયા, હરિજનબંધુ, હરિજન આદિ પત્રોના સંપાદક રહ્યા. ગાંધીજીનાં લખાણોનાં ગુજરાતી-અંગ્રેજીમાં ભાષાંતરો કર્યાં. 1942 : ગાંધીજી સાથે પુણે આગાખાન મહેલમાં બંદી.
અવસાન : બંદી અવસ્થામાં અચાનક. 15 ઑગસ્ટ, 1942.

## દેસાઈ, મહેન્દ્ર ગોપાલદાસ

જન્મ : 11 નવેમ્બર, 1914. વસો, જિ. ખેડા.

દરબાર ગોપાલદાસ દેસાઈના પુત્ર. તેમણે બારડોલી સત્યાગ્રહ(1928)માં ભાગ લીધો હતો. 1930 : બારડોલી, બોરસદ, બદલપુર અને અમદાવાદમાં સત્યાગ્રહમાં સક્રિય. ધરાસણામાં મીઠા સત્યાગ્રહમાં માર ખાધો. આંધ્ર પ્રદેશમાં વિશાખાપટ્ટનમમાં સત્યાગ્રહ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભાંગફોડ પ્રવૃત્તિ. 6 વખત થઈને એકત્ર 33 વર્ષ કારાવાસ. સહકારી કાર્યકર.

## દેસાઈ, મહેન્દ્રભાઈ વાલજીભાઈ

જન્મ : 16 ઑક્ટોબર, 1922. રાજકોટ.

પિતા ગાંધીજીના અંતેવાસી હતા. મહેન્દ્રભાઈનું બાળપણ આશ્રમમાં. 1942ની લડત શરૂ થતાં અભ્યાસ છોડી લડતમાં જોડાયા. 1 વર્ષ જેલવાસ ભોગવ્યો.

## દેસાઈ, મંજુલાબહેન

અમદાવાદ.

1942ની ચળવળમાં મિલોની હડતાળ ખોલવાના વિરોધમાં મિલમાલિકોને બંગલે ઉપવાસ. પાંચમા દિવસે 27-11-1942ના રોજ ચંપાબહેન મહેતાના બંગલે પારણાં.

## દેસાઈ, માણેકગૌરી મૂળજીભાઈ

વડદલા, તા. બોરસદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહાર તથા બંદૂકના કુંદા મારવાથી તેમને ખભો, બરડો અને લમણામાં ઈજાઓ થઈ હતી.

## દેસાઈ, માણેકલાલ છોટાલાલ

કપડવંજ, જિ. ખેડા.

1930 : સવિનય ભંગ સત્યાગ્રહ. કારાવાસ.

1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 1942 : 'હિન્દ છોડો' સત્યાગ્રહ. અમદાવાદમાં નવજીવન મુદ્રણાલયમાં જોડાયા. સમયાંતરે કાગળના મોટા વેપારી થયા. નિવૃત્ત. કપડવંજની સેવાસંસ્થાઓમાં સક્રિય.

## દેસાઈ, મીનુ બરજોરજી

જન્મ : 1 જુલાઈ, 1919. વતન : નવસારી.

રાષ્ટ્રીય ભાવના. 1942ની ચળવળ દરમિયાન મુંબઈ જઈને ભૂગર્ભપ્રવૃત્તિમાં સક્રિય. ગુજરાતીમાં લડત અંગેની પત્રિકા, છૂપી રીતે તૈયાર કરીને વહેંચવામાં આવતી, તે કાર્યમાં ભાગ લીધો. રચનાત્મક કાર્યો પણ કરતા હતા. તે પછી 'મુંબઈ સમાચાર'ના તંત્રી વિભાગમાં કામગીરી.

## દેસાઈ, મુકુંદલાલ નરસીલાલ

જન્મ : 10 ઑક્ટોબર, 1900. અમદાવાદ.

ગાંધીજીના કોચરબ આશ્રમમાં સ્વયંસેવક. 1914-18 : અમદાવાદમાં ઇંડિયન ક્લબના ઓઠા હેઠળ ક્રાંતિસાહિત્યનો પ્રચાર. પુરાણી બંધુઓ સાથે વ્યાયામપ્રચારમાં સહકાર. 1921 : વિલાયતગમન. શ્યામજી કૃષ્ણ વર્મા, ભીખાઈજીબાઈ કામા આદિનો સંપર્ક. સ્વદેશાગમન. કરાંચી, ઝરિયા, રાણીગંજ, મુંબઈ આદિ સ્થળોએ શ્રમિક આંદોલનમાં સક્રિય. મેરઠ ષડ્યંત્રકાંડમાં ભાગીદાર. 1932 : સવિનયભંગ. કારાવાસ. પત્રકાર.

## દેસાઈ, મોરારજીભાઈ રણછોડજી

જન્મ : 29 ફેબ્રુઆરી, 1896. ભદેલી, સૂરત.

બી.એ. પ્રથમ વર્ગ. 1918-30 : મહેસૂલ વિભાગમાં નાયબ કલેક્ટર. 1930 : મીઠા સત્યાગ્રહમાં ગાંધીજીની ધરપકડના વિરોધમાં સરકારી નોકરીનો ત્યાગ. સત્યાગ્રહ. 4 મહિના કારાવાસ. 1932 : 6 અઠવાડિયાં કારાવાસ. 2 વર્ષ કઠોર કારાવાસ. 1940 : 11 મહિના અટકાયત. 1942 : 3 વર્ષ અટકાયત. 1937-39 : મુંબઈ રાજ્યના મહેસૂલ, સહકાર મંત્રી. 1946-51 : મુંબઈ રાજ્યના ગૃહ મહેસૂલ મંત્રી. 1951-56 : મુંબઈ રાજ્યના મુખ્યમંત્રી. 1956-58 : કેન્દ્રમાં વેપારમંત્રી. 1958-62 : વિત્તમંત્રી. કામરાજ યોજના હેઠળ પદ ત્યાગ. 1977-79 : ભારતના વડાપ્રધાન.

અવસાન : 10 એપ્રિલ, 1995.

## દેસાઈ, મોહનલાલ લાલભાઈ

સાલેજ, જિ. નવસારી.

પિતા રાષ્ટ્રવાદી, પિતરાઈ ભાઈ પરાગજી ખંડુભાઈ દેસાઈ ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના આશ્રમવાસી. તેથી ગાંધીજીથી પ્રભાવિત. 1930માં દાંડીકૂચ દરમિયાન નવજીવનનાં તથા અન્ય પુસ્તકો વેચવા નવસારીમાં પુસ્તકભંડાર. તે દ્વારા લોકજાગૃતિ. ગામેગામ પત્રિકાઓ પહોંચાડતા. ખાદીધારી. 1942ની ચળવળમાં પટેલોનાં રાજીનામાં લેવા સાલેજમાં પ્રચંડ સરઘસ કાઢ્યું. પાછળથી નવસારીમાં ધરપકડ. અટકાયતમાં લાંબો સમય.

અવસાન : 1947 પછી.

## દેસાઈ, યોગેશ મહેન્દ્રલાલ

દાહોદ.

જાણીતા વકીલના પુત્ર. 9 સપ્ટેમ્બર, 1942ના રોજ દાહોદમાં રાષ્ટ્રધ્વજ સહિત સરઘસ કાઢી વિવિધ વિસ્તારોમાં ફરી પોલીસચોકી સામે ધરપકડ. સગીર હોવા છતાં 2 માસની સજા અને રૂ. 200 દંડ. દંડ ન ભરે તો વધુ 2 માસની સજા.

## દેસાઈ, રણછોડજી નાથુભાઈ

વતન : પલસાણા, જિ. સૂરત.

1920માં કાપડની હોળી અને દારૂનાં પીઠાં પર પિકેટિંગ કર્યું. દાંડીકૂચ વખતે ભીમરાડના સત્યાગ્રહમાં રામદાસ ગાંધીની ટુકડીમાં દાખલ

થયા. ધરાસણામાં માર ખાધો. 1930-32માં સાયણ છાવણીમાં રહીને સત્યાગ્રહનું કામ કરતા ત્યારે ભાષણ કરતાં પકડાયા. 3 મહિનાની સજા. સૂરત જિલ્લાના 51 સત્યાગ્રહીઓ સાથે પત્રિકાના પ્રચાર માટે વલસાડ ગયા. ત્યાં માર ખાધો, સજા થઈ. નાશિક જેલમાં ભોગવી.

## દેસાઈ, રણધીરભાઈ પ્રસન્નવદન

જન્મ : 1901. સૂરત.

અભ્યાસ : એલએલ.બી., વકીલ. 1932-40 અને 1942 : આંદોલનોમાં સક્રિય. ત્રણ વાર કારાવાસ વેઠ્યો. 1938-47 : મુંબઈ ધારાસભ્ય. વકીલ તરીકે રાનીપરજની રક્ષા કરી.

અવસાન : 1950.

## દેસાઈ, રતનલાલ

કાલોલ, જિ. પંચમહાલ.

કાલોલની હાઈસ્કૂલના આચાર્ય. 1942ની 'હિન્દ છોડો' ચળવળ શરૂ થતાં ત્યાં ચાલતી સભા-સરઘસો, હડતાળ વગેરે રાષ્ટ્રવાદી પ્રવૃત્તિને સહકાર. ધરપકડ કરીને અટકાયત. તેમની ધરપકડના વિરોધમાં વિદ્યાર્થીઓએ 1 મહિનાની હડતાળ પાડી.

## દેસાઈ, રતિલાલ

સૂરત.

સૂરત શહેરના કૉંગ્રેસી કાર્યકર. અસહકારની ચળવળ 1920-22 દરમિયાન તેમણે તથા કુંવરજીભાઈએ ધારાસભાના બહિષ્કારની લડતની ઝુંબેશ વ્યાપક રીતે ઉપાડી હતી. સ્વયંસેવકોની મદદ લઈ તેઓ બંને ગામડે ગામડે ફરી, સભાઓ ભરી લોકમત ઊભો કરતા હતા.

## દેસાઈ, રતિલાલ દ્વારકાદાસ

ગોધરા, જિ. પંચમહાલ.

ઇનામદાર કુટુંબ. દેશપ્રેમી. વામનરાવ મુકાદમના મિત્ર. 1942માં ગાંધીજયંતીના દિવસે ખાદી વેચવામાં રોકાયેલા. છતાં ખોટો કેસ. તેની અપીલમાં છૂટ્યા. પછી હિન્દ સંરક્ષણ ધારા હેઠળ અટકાયત.

## દેસાઈ, રતિલાલ લલ્લુભાઈ

સૂરત.

1930ની ચળવળ વખતે 22 મેના રોજ ધરાસણાની છાવણી પર મિલિટરીએ હલ્લો કર્યો. છાવણીના ચોગાનમાં ભેગા થયેલા સત્યાગ્રહીઓ રામધૂન ગાતા હતા ત્યારે લશ્કરના માણસોએ લાઠીઓના પ્રહારો કરી સખત માર્યા. તેમાં રતિલાલને પણ માર પડ્યો. તેમની સાથેના બોરસદ તાલુકાના પાળજ ગામના ભાઈલાલ દાજીભાઈ શહીદ થયા. તેમના વિશે રતિલાલે કેફિયત લખાવી. છાવણીમાંના 200 સત્યાગ્રહીઓમાંથી 150ને માર પડ્યો. 20ને સખત ઈજા થઈ. ચાર બેભાન થયા.

## દેસાઈ, રતુભાઈ નાનુભાઈ

જન્મ : 21 નવેમ્બર, 1908, મુંબઈ.

1930ના સવિનય કાનૂનભંગમાં ભાગ લેવા માટે વિલે પાર્લેની સત્યાગ્રહ છાવણીમાંથી ધરપકડ. 6 મહિના કેદની સજા ભોગવી. 1932માં ફરી વાર ધરપકડ. 10 મહિના વિસાપુર જેલમાં અટકાયત. 1934માં ધરપકડ. કેદ. પરંતુ હાઈકોર્ટના આદેશથી મુક્તિ. મહારાષ્ટ્ર પ્રદેશ સમિતિના સભ્ય તથા અખિલ ભારતીય ખાદી બોર્ડની ખાદી પત્રિકાના સંપાદક. ઑગસ્ટ, 1942માં નેતાઓની ધરપકડ થતાં રતુભાઈ – એસ.એમ. જોશી અને અચ્યુત પટવર્ધન સાથે ભૂગર્ભ પ્રવૃત્તિમાં જોડાઈને 4 વર્ષ ગુપ્ત રહ્યા. ગુજરાતીમાં કવિતાઓ લખી છે. કૉંગ્રેસ સમાજવાદી પક્ષના

સ્થાપક-સભ્ય.

## દેસાઈ, રમણભાઈ ઠાકોરભાઈ

ખેરગામ, તા. ચીખલી, જિ. વલસાડ.

1942માં અભ્યાસ છોડી લડતમાં જોડાયા. ધરપકડ થઈ. આંદોલન ધીમું બનતાં સ્કૂલમાં અને પોલીસ લાઇન્સમાં બૉમ્બ મૂકતાં પકડાયા ને 6 માસની કેદની સજા ભોગવી.

## દેસાઈ, રમણલાલ નારણદાસ

ઝાલોદ, જિ. દાહોદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં ધરાસણાના સત્યાગ્રહમાં ભાગ લેવા ગયા. ત્યાં ખૂબ માર ખાધો. ધરાસણાથી લાવેલા મીઠાની ગામ વચ્ચેના ચૉકમાં હરાજી કરી. તે હાલમાં પણ ઝાલોદમાં મીઠાચોકના નામથી ઓળખાય છે.

## દેસાઈ, રમણલાલ મણિશંકર

વાલોડ, જિ. સૂરત.

1928 : બારડોલી સત્યાગ્રહની લડતથી દેશસેવા. 1930માં વાનરસેનામાં જોડાયા. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. ખજૂરીનાં ઝાડ કાપવાની પ્રવૃત્તિ. 1941-42માં પત્રિકા છાપવાની, વહેંચવાની પ્રવૃત્તિ કરી. બૉમ્બની પ્રવૃત્તિમાં મદદ કરી હતી.

## દેસાઈ, રમણલાલ રાવજીભાઈ

જન્મ : 7 ઑગસ્ટ, 1922.

અભ્યાસ : ઇન્ટર. 1942ની લોકક્રાંતિની ચળવળ વખતે વડોદરામાં અભ્યાસ. આઝાદી માટેની લડતમાં સક્રિય. નડિયાદમાં બૉમ્બ બનાવવાની પ્રવૃત્તિ. ભૂગર્ભમાં. કુટુંબ પર પોલીસદમન. છેવટે ધરપકડ. અટકાયત વખતે પોલીસનો ત્રાસ. 9 માસ કાચી જેલમાં. પછી 3 વર્ષની સજા. કુટુંબ આર્થિક મુશ્કેલીમાં.

## દેસાઈ, રમણલાલ હિંમતલાલ

જન્મ : આશરે 1922. ગોધરા, જિ. પંચમહાલ.

14 ઑગસ્ટ, 1942ની સવારે સરઘસ કાઢી, ‘ઇન્કિલાબ ઝિંદાબાદ’, ‘અંગ્રેજો ચાલ્યા જાવ’ વગેરે સૂત્રો પોકાર્યાં. પોલીસે લાઠીમાર કર્યો. ધરપકડ. કેસ ચલાવી. 6 માસની કેદની સજા.

## દેસાઈ, રમણીકલાલ નટવરલાલ

જન્મ : 21 ડિસેમ્બર, 1913. અમદાવાદ.

1942 : ‘હિન્દ છોડો’ આંદોલન. અમદાવાદ નગરપાલિકાના કર્મચારીઓની હડતાળની આગેવાની. ધરપકડથી બચવા નાસી છૂટ્યા. ગૅઝેટમાં નાસતા-ફરતા આરોપી ઘોષિત થયા. ઉપસ્થિત થતાં 1 દિવસ કારાવાસ અને 750 રૂપિયા દંડ ફટકારાયો.

## દેસાઈ, રમેશચન્દ્ર હીરાલાલ

અમદાવાદ.

1942ની લડતમાં સરઘસો તથા પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ. ફેબ્રુઆરી, 1943માં પોસ્ટરો લઈને જતાં નવરંગપુરામાં ધરપકડ થઈ. જેલમાં અટકાયત.

## દેસાઈ, રસિકલાલ મોહનલાલ

નિવાસ : નસવાડી, વડોદરા.

અભ્યાસ : માધ્યમિક. નસવાડીના રાજવીના અન્યાય સામે આંદોલન. 1942 : પાટા ઉખેડવાના પ્રસંગમાં ક્ષમાયાચના કરાવવા માટે દબાણ, પણ અડગ. 5 વર્ષ કારાવાસ.

## દેસાઈ, રસિકલાલ સુંદરજી

જન્મ : 29 સપ્ટેમ્બર, 1917. જેતપુર.

સાબરમતી આશ્રમમાં ઊછર્યા. 1930ની દાંડી-કૂચમાં ગાંધીજી સાથે જોડાયા. ધરાસણા સત્યાગ્રહમાં ભાગ લીધો. સૂરત જિલ્લામાં પ્રચાર કરતા પકડાયા. યરવડામાં જેલવાસ. 1932ની મીઠાની લડતમાં બીજી વાર પકડાયા. 2 વર્ષથી વધુ જેલવાસ. 1942ની ‘હિન્દ છોડો’

લડત વખતે મુંબઈમાં પિકેટિંગ. ભૂગર્ભપ્રવૃત્તિ ચલાવનારાઓને સ્ફોટક સામગ્રી પૂરી પાડવાનું કાર્ય કર્યું.

## દેસાઈ, રાધાબહેન કનૈયાલાલ

જન્મ : 1889.

કનૈયાલાલ નાનાભાઈ દેસાઈનાં પત્ની. 1932 : સવિનય કાનૂનભંગ. 3 મહિના કારાવાસ. ગાંધીજી, સરદાર પટેલ, અન્ય મહાનુભાવો એમના અતિથિ. ગુજરાતના મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈનાં માતા. સહકુટુંબ કારાવાસ વેઠ્યો.

અવસાન : 4 એપ્રિલ, 1970. અમદાવાદ.

## દેસાઈ, રામપ્રસાદ નંદરાય

જન્મ : 25 ડિસેમ્બર, 1895. અમદાવાદ.

શિક્ષણ : બી.એ., એલએલ.બી. વેપાર-ઉદ્યોગ. રાજકીય કાર્યકર્તા. 1930 અને 1932ની ચળવળો વખતે જેલવાસ અને 6 માસની સજા અને રૂ. 500 દંડ. દંડ ન ભરવાથી તેમની ઘરવખરી જપ્ત કરી સરકારે હરાજી કરી તેની વસૂલાત કરી હતી.

## દેસાઈ, રુક્મણિબહેન માણેકલાલ

કપડવંજ, જિ. ખેડા.

1930-32ની ચળવળમાં આગળ પડતો ભાગ લેતાં. બાળવિધવા હતાં. પોતાના ઘરમાં સ્વયંસેવકોને આશ્રય આપતાં; એટલે તેમનું ઘર છાવણીરૂપ બન્યું હતું. બ્રિટિશ માલના બહિષ્કાર માટે વિદેશી કાપડના વેપારીઓએ ઠક્કરબાપાને આપેલ વચનનો ભંગ કર્યો. તેથી તેમણે બે વખત એક એક અઠવાડિયાના ઉપવાસ કર્યા હતા. છેવટે વેપારીઓ પીગળ્યા અને બ્રિટિશ માલ નહિ વેચવાનો ઠરાવ કર્યો.

દેસાઈ, રુદ્રપ્રસાદ જે.

## કાલોલ, જિ. પંચમહાલ.

પંચમહાલ જિલ્લા સમિતિની કાલોલમાંની ઑફિસ સરકારે જપ્ત કરી. તેનો પુનઃ કબજો લેવા

22-8-1942ના રોજ ગયેલા રુદ્રપ્રસાદ, ગંગાશંકર પુરાણી અને 6 સાથીઓની ધરપકડ. 4 માસની કેદની સજા.

## દેસાઈ, રોહિણીબહેન કનૈયાલાલ

જન્મ : સૂરત

પતિ : હરિવદન ઠાકોર. 1930-32 : સવિનય કાનૂનભંગ આંદોલન. પિકેટિંગ. ખાદીપ્રવૃત્તિમાં સક્રિય. બાળપણથી રાષ્ટ્રીયતાના સંસ્કાર. પિકેટિંગના એક પ્રસંગે મહિલા કાર્યકરો ઉપર પોલીસે ઘોડા દોડાવ્યા, ત્યારે સુપરિન્ટેન્ડન્ટના ઘોડાની લગામ પકડી લઈ તેને અટકાવેલો.

## દેસાઈ, લલિતાબહેન મકનજી

જન્મ : 1903. દેગામ, તા. ચીખલી, જિ. વલસાડ.

પતિ : આદર્શ ગાંધીવાદી. તેમનું પ્રોત્સાહન, પ્રેરણા. તેમનું ઘર, ખેતર, કૂવો, હરિજનો વાસ્તે ખુલ્લાં. તેથી સમાજનો રોષ વહોર્યો. નીડર અને અડગ દંપતી. 1920થી 1942ના સ્વાતંત્ર્યસંગ્રામોમાં પોતાના જ ઘરમાં છાવણી, ભૂગર્ભકાર્યોમાં મદદરૂપ. વિદેશી માલ વેચતી દુકાનો અને દારૂનાં પીઠાં પર પિકેટિંગ. ચળવળોમાં ભાગ લેતાં. ખેતર, મકાન જપ્ત થયાં.

## દેસાઈ, લલ્લુભાઈ મકનજી

જન્મ : 12 ડિસેમ્બર, 1898. સરભોણ, સૂરત.

1921 : અસહકાર આંદોલન. સરકારી કૉલેજનો ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ. 1922-24 : રાષ્ટ્રીય શિક્ષણનો પ્રચાર. 1926-27 : બારડોલી સત્યાગ્રહની પૂર્વતૈયારી. 1931 : ધરાસણા મીઠા-સત્યાગ્રહ. 3 મહિના કારાવાસ અને 500 રૂપિયા દંડ, ફરી 6 મહિના કારાવાસ અને ત્રીજી વાર 11

મહિનાનો કારાવાસ. વ્યવસાય વેપાર.

## દેસાઈ, લીલાબહેન વસંતરાય

જન્મ : ગોધરા, જિ. પંચમહાલ.

હરિપુરા કૉંગ્રેસમાં સ્વયંસેવિકા. મૃદુલાબહેન સારાભાઈનાં મંત્રી. બારડોલીમાં કૉંગ્રેસ કારોબારીની બેઠક મળી ત્યારે સ્વયંસેવિકા. વ્યક્તિગત સત્યાગ્રહની લડતમાં બે વખત જેલમાં ગયાં. જિલ્લા લોકલ બોર્ડમાં કૉંગ્રેસ પક્ષનાં સભ્ય.

## દેસાઈ, લીલાવતીબહેન

અમદાવાદ.

1930ની ચળવળમાં તેમણે સક્રિય ભાગ લીધો. અમદાવાદમાં પાંચકૂવાની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગનું સંચાલન કરતાં. પિકેટિંગ મંડળની અમદાવાદમાં સ્થાપના કરવામાં આવી, તેનાં મંત્રી લીલાવતીબહેન હતાં. તેઓ નીડર અને હિંમતવાળાં હતાં. ગુજરાત પ્રાંતિક સમિતિના સરમુખત્યાર મણિલાલ કોઠારીની ધરપકડ બાદ તેમનાં અનુગામી સરમુખત્યાર લીલાવતી દેસાઈની ધરપકડ થઈ. તેમને 6 માસની જેલની સજા તથા રૂ. 300નો દંડ કરવામાં આવ્યો હતો. પિકેટિંગ કરનારે ખાદી પહેરવી ફરજિયાત હતી.

## દેસાઈ, વત્સલ ઇન્દ્ર

જન્મ : 19 નવેમ્બર, 1926. મુંબઈ.

પિતા ઇન્દ્ર દેસાઈ અને માતા દેવયાની દેસાઈ. બંને સ્વાતંત્ર્યસૈનિકો હતાં. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં ભાગ લેવાથી વત્સલભાઈની ધરપકડ. 8 ડિસેમ્બર, 1942થી 8 ફેબ્રુઆરી, 1943 સુધી થાણે જેલમાં કેદની સજા ભોગવી. મુક્તિ બાદ તેમણે ચળવળમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું.

## દેસાઈ, વનમાળા મહેન્દ્રભાઈ વાલજી

જન્મ : 20 સપ્ટેમ્બર, 1920. અમદાવાદ.

ગાંધીજીના અંતેવાસી નરહરિભાઈ દ્વા. દેસાઈની પુત્રી. સાબરમતી આશ્રમમાં જન્મ. માતા મણિબહેન દેસાઈ. શિક્ષણ : સાબરમતી આશ્રમ અને ગૂજરાત વિદ્યાપીઠમાં. જાન્યુઆરી, 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લઈ યરવડા જેલમાં. ઑગસ્ટ-સપ્ટેમ્બર, 1941માં બીજી વાર વ્યક્તિગત સત્યાગ્રહમાં ધરપકડ. સાબરમતી જેલમાં. 16 ઑગસ્ટ 1942 : વિરમગામમાં ધરપકડ. વીસ દિવસ પછી છોડી દીધાં. 1942 : ધોળકાથી ધરપકડ. ત્રણ મહિનાની જેલની સજા. ગાંધીજીના વિચારો પર પ્રકાશ પાડતી 24 પુસ્તિકા તથા પૂ. કસ્તૂરબાના જીવનપ્રસંગો આલેખતું પુસ્તક ‘અમારાં બા’, તેમના પિતાશ્રીનું જીવનચરિત્ર ‘નરહરિભાઈ’નાં લેખિકા.

અવસાન : 21 ડિસેમ્બર, 1997.

## દેસાઈ, વલ્લભદાસ વિઠ્ઠલદાસ

દાહોદ.

1930ની ચળવળ દરમિયાન દાહોદમાં દારૂની દુકાનો પર પિકેટિંગ કરી આદિવાસીઓને જીવન બરબાદ ન કરવા સમજાવતા. માલિકોની ફરિયાદના આધારે પોલીસ દ્વારા ધરપકડ. 2 માસની કેદની સજા. જાન્યુઆરી, 1932માં દાહોદમાં સરઘસમાંથી ધરપકડ. પાંચ માસની કેદની સજા અને રૂ. 60 દંડ. દંડ ન ભરે તો દોઢ માસની વધુ કેદ.

## દેસાઈ, વસનજી ખંડુભાઈ

જન્મ : 1896. ચીખલી, જિ. વલસાડ.

ગામેગામ સહકારી મંડળીઓ સ્થાપી. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં ભાગ લેવાથી ધરપકડ થઈ અને જેલમાં ગયા હતા. સૂરત ડિસ્ટ્રિક્ટ

કો-ઑ. બૅન્કના 40 વર્ષ સુધી ડિરેક્ટર. ગુજરાત રાજ્ય સહકારી સંઘના સભ્ય. અનેક સહકારી પ્રવૃત્તિઓમાં સક્રિય.
અવસાન : 4 જૂન, 1966. નવસારી.

## દેસાઈ, વસંતરાય ડાહ્યાભાઈ

જન્મ : 29 માર્ચ, 1906. અબ્રામા, જિ. સૂરત.

1920 : અસહકાર આંદોલન. સરકારી શાળાનો ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ. 1928 : બારડોલી ના-કર સત્યાગ્રહ. વાંકાનેર છાવણી. નવસારી. મજૂર મહાજનની સ્થાપના. 1930 : ધરાસણા મીઠા-સત્યાગ્રહ. માર ખાધો. મજૂર-પ્રવૃત્તિ. ખેડૂત સંઘમાં સેવા.

## દેસાઈ, વસંતરાય વલ્લભભાઈ

સમરોલી, તા. ચીખલી.

1930ની ચળવળ દરમિયાન ભૂગર્ભપ્રવૃત્તિ કરનાર જહાલ જૂથમાં સામેલ થયા. નવસારીના લાલભાઈ પટેલ, ઠાકોરભાઈ દેસાઈ અને રઘુનાથજી પટેલના સંપર્કમાં રહીને પ્રવૃત્તિ કરતા. અંબિકા નદીના પટમાં સોનવડી ગામ પાસે ભૂગર્ભ કાર્યકરો મળતા. રાત્રે એંધળ, ગણદેવા, વાંઝણા, ટાંકલ, રાનકૂવા વગેરે ગામોમાં પત્રિકાઓ વહેંચતા. ગુપ્તવાસ દરમિયાન ચીખલી તાલુકાના કાર્યકરોને માર્ગદર્શન આપતા. વેશપલટો કરતા. બનાવટી દાઢીમૂછ રાખતા.

## દેસાઈ, વાલજીભાઈ ગોવિંદજી

જન્મ : 4 ડિસેમ્બર, 1892. જેતપુર, સૌરાષ્ટ્ર.

મુંબઈ વિદ્યાપીઠના ચંદ્રકવિજેતા (અંગ્રેજી, સંસ્કૃત). 1915 : ગાંધીજીનો સંપર્ક. ગુજરાત કૉલેજમાંથી ત્યાગપત્ર. 1921 : 'યંગ ઇન્ડિયા'ના ઉપતંત્રી. 'નવજીવન' તથા 'હરિજન'માં લેખન. 1925 : અખિલ ભારતીય ગોરક્ષા મંડળમાં મંત્રી. 1930 : દાંડીકૂચ. ગાંધીજી સાથે કારાવાસ. 1934 : ગાંધીજી સાથે હરિજનયાત્રા. ગાંધીજીના ગ્રંથોનો અંગ્રેજી અનુવાદ કર્યો.
અવસાન : 21 ડિસેમ્બર, 1982.

## દેસાઈ, વિઠ્ઠલદાસ છગનલાલ

જન્મ : આશરે, 1915. દાહોદ.

દેશભક્ત. રાષ્ટ્રવાદી. માર્ચ, 1932માં દાહોદના મામલતદારની કચેરીમાં સત્યાગ્રહના પ્રચારની પ્રતિબંધિત પત્રિકા વહેંચી. બે સાથીઓ સહિત ધરપકડ. દરેકને 6 માસની સજા તથા રૂ. 15 દંડ. દંડ વસૂલ કરવા જપ્તી કરવામાં આવેલી. ગોધરા, સાબરમતી અને વિસાપુર જેલમાં રાખ્યા.

## દેસાઈ, વિનુભાઈ બ.

જન્મ : આશરે 1912. ખુડવેલ, તા. ગણદેવી.

ઠાકોરભાઈ દેસાઈની પ્રેરણાથી ખાદી અપનાવી. 1930માં ગાંધીજીથી પ્રભાવિત થઈને મૅટ્રિકનો અભ્યાસ છોડ્યો. દારૂતાડીની દુકાનો પર પિકેટિંગ. ગેરકાયદે પત્રિકા બીલીમોરામાં વહેંચતા, પોલીસને થાપ આપી છટકી જતા. તે પછી સહકારી અને પંચાયતની પ્રવૃત્તિ. અનેક સંસ્થાઓમાં સક્રિય.

## દેસાઈ, વિષ્ણુભાઈ મોહનલાલ

નડિયાદ, જિ. ખેડા.

વ્યાયામક્ષેત્રના જાણીતા ઉત્સાહી કાર્યકર. 1926માં વ્યાયામમંદિરની સ્થાપના કરી. 1930-32ની ચળવળમાં ભાગ લીધો અને સખત લાઠીમાર સહન કરેલો. વ્યાયામ ઉપરાંત ખાદીનો પ્રચાર, હરિજન સેવા વગેરે રચનાત્મક કામો કરતા. 1942ની ચળવળમાં છોટુભાઈ પુરાણી અને ચંદ્રશંકર ભટ્ટ સાથે ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. તારનાં દોરડાં કાપવાં, સરકારી તિજોરી લૂંટવી વગેરે.

## દેસાઈ, વ્રજવિહારી મગનલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં આગળ પડતો ભાગ લીધો હતો. સભા-સરઘસો તથા દારૂનાં પીઠાં પર પિકેટિંગમાં જોડાતા વગેરે. તેમની ધરપકડ કરવામાં આવી અને જેલની સજા ભોગવી હતી.

## દેસાઈ, શકુંતલા મહેન્દ્રભાઈ

વતન : વસો, જિ. ખેડા.

અભ્યાસ : અંગ્રેજી 2 ધોરણ. 1930 : વિદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગ. ધરપકડ. 13 મહિનાની જેલની સજા. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ વખતે વિશાખાપટ્ટમમાં સત્યાગ્રહી. 14 દિવસ અટકાયત.

## દેસાઈ, શંભુપ્રસાદ ઝવેરભાઈ

જન્મ : 16 નવેમ્બર, 1912. મહુધા, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક. પરદેશી કાપડની દુકાન ઉપર પિકેટિંગમાં જોડાયેલા. ધરાસણામાં સત્યાગ્રહ કરતાં પોલીસના હાથે માર. બારડોલી સત્યાગ્રહમાં ધરપકડ અને 15 દિવસની સજા અને દંડ. તે પહેલાં કાચી જેલમાં.

## દેસાઈ, શાંતાબહેન

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદમાં મિલોની હડતાળ ખોલવાના વિરોધમાં કૉંગ્રેસ સંગ્રામ સમિતિના સૂચનથી મિલમાલિકોને બંગલે ઉપવાસ. પાંચમા દિવસે 27-11-1942ના રોજ ચંપાબહેન મહેતાના હસ્તે પારણાં.

## દેસાઈ, શાંતાબહેન મણિભાઈ

સીસોદરા, વલસાડ.

અભ્યાસ : બી.એ. 1942 : લોકક્રાંતિ. ગામમાં સરઘસ કાઢતાં ધરપકડ અને દોઢ મહિનાનો કારાવાસ. રૂ. 25 દંડ.

## દેસાઈ, શાંતાબહેન સૂર્યકાન્ત

જન્મ : 10 ફેબ્રુઆરી, 1914. વસો, જિ. ખેડા.

અભ્યાસ : વર્નાક્યુલર ફાઇનલ. 1930 : મીઠા-સત્યાગ્રહની લડતમાં સક્રિય. પ્રથમ 15 દિવસ અને બીજી વાર સવા મહિનાની જેલની સજા. 1932, જાન્યુઆરીની 15મી તારીખે વીરસદમાં સ્વયંસેવકની ભરતી કરવા જતાં ધરપકડ (સાંજે છોડી મૂકેલાં). 18-6-1932 : બોરસદ તાલુકાના સરમુખત્યાર.
26-6-1932 : 'સ્ત્રી સિતમ દિન'ની ઉજવણીના સરઘસમાં ધરપકડ. 9 માસની જેલ અને દંડ રૂ. 200/- અથવા ત્રણ માસની વધુ સજા.

## દેસાઈ, શાંતિલાલ હરિલાલ

જન્મ : 15 જાન્યુઆરી, 1912. મહેમદાવાદ, જિ. ખેડા.

1930 : મીઠાની લડતમાં સક્રિય. 4 માસની જેલની સજા. મહેમદાવાદમાં હરિજનો અને પછાત જાતિઓ માટેના કાર્યકર.

## દેસાઈ, શાંતિલાલ હરિલાલ

અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડતમાં સક્રિય ભાગ લીધો. ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાયા. 19-1-1943ના રોજ ધરપકડ થઈ. અમરેલી જેલમાં રહ્યા.

## દેસાઈ, શ્રીમતી ગણપતિશંકર

જન્મ : 1908. વાલોડ, જિ. સૂરત.

સ્વદેશી ચળવળ શરૂ થઈ ત્યારથી ખાદીધારી. ખાંડનો ત્યાગ. બારડોલી સત્યાગ્રહ વખતે દારૂતાડીની દુકાનો પર પિકેટિંગ. સરઘસો, પ્રભાતફેરીમાં ભાગ. મુંબઈમાં પેરિનબહેનના નેતૃત્વ હેઠળનાં દેશસેવિકા સંઘમાં જોડાયાં. ખાદીફેરી, કૉંગ્રેસના સભ્યોની નોંધણી, પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. મંગળદાસ

માર્કેટમાંથી પકડાયાં. 6 મહિનાની સજા.

## દેસાઈ, સતીશચંદ્ર પી.

જન્મ : 9 ઑક્ટોબર, 1908. મુંબઈ.

શિક્ષક, લેખક. બ્રિટિશ સરકાર વિશ્વયુદ્ધ દરમિયાન 'વૉર બૉન્ડ' વેચતી, તે ન ખરીદવા જુસ્સાદાર ભાષણો. 13 જાન્યુઆરી, 1941ના રોજ ધરપકડ. છ માસની કેદ યરવડા જેલમાં ભોગવી. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન ખાર વિસ્તારમાં રૅલી યોજી, લડતમાં સહકાર આપવા લોકોને અપીલ કરી. ધરપકડ. 4 મહિનાની કેદની સજા.

## દેસાઈ, સન્મુખભાઈ રણછોડજી

જન્મ : 28 ડિસેમ્બર, 1918. ઉનાઈ, અમલસાડ.

વિદ્યાર્થીઅવસ્થામાં જ પ્રભાતફેરી, સરઘસ, ખાદીપ્રચાર, પત્રિકા-પ્રચાર વગેરેમાં ભાગ. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં અમલસાડ જઈને સભા, સરઘસ અને ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ. 15મી ઑગસ્ટના રોજ અમલસાડમાં થયેલાં તોફાન પછી મુંબઈ જઈને ત્યાંની પ્રવૃત્તિમાં જોડાયા. ગાંધી સપ્તાહ. ઑક્ટોબર, 1942 દરમિયાન સાઇકલ-સરઘસની આગેવાની લેતાં ધરપકડ. 2 માસનો કારાવાસ વિસાપુર જેલમાં. લડત પછી ગ્રામવિકાસનાં કાર્યોમાં રસ.

## દેસાઈ, સરસ્વતીચન્દ્ર

અમદાવાદ.

1942ની ચળવળમાં મિલો ન ખૂલે, હડતાળ ચાલુ રહે તે માટે મજૂરોમાં પ્રચાર કરવા ખોડિયાર, શેરથા, ટીંટોડા, આદરજ, રૂપાલ, નારદીપુર, પાનસર વગેરે ગામોનો પ્રવાસ. અમદાવાદ શહેર નજીકના માદલપુર, કોચરબના ચોરામાં લૂંટ. એલિસબ્રિજમાં ટેલિફોનના તાર કાપ્યા. વીજળીના બલ્બ ફોડવા, સુધરાઈની શાળાઓનું ફર્નિચર બાળવું વગેરે પ્રવૃત્તિઓમાં સક્રિય. જીવન વીમાના વિકાસ અધિકારી હતા.

## દેસાઈ, સવિતાબહેન હરિભાઈ

જન્મ : 1920. મુંબઈ.

પતિ સત્યાગ્રહી હતા. તેમની પાસેથી પ્રેરણા મેળવી. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ. એક માસની સજા. આ રીતે ત્રણ વાર કુલ છ માસની સજા ભોગવી.

## દેસાઈ, સુમતિલાલ ચૂનીલાલ

જન્મ : 17 ઑગસ્ટ, 1922. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : કૉલેજનું પ્રથમ વર્ષ. 1942ના લોરીબૉમ્બ કેસના મુખ્ય આરોપીઓ પૈકીના એક. બૉમ્બની સામગ્રી જાતે લાવી બૉમ્બ બનાવતા અને ઉપયોગ કરતા. પોલીસની વાન પર બૉમ્બ ફેંકેલો; પકડાયેલા અને અસહ્ય માર ખાધેલો. 9 માસ જેલમાં. કેસમાં નિર્દોષ છૂટી ગયેલા. એકંદરે 16 માસ જેલમાં. પાલનપુરમાં કૉંગ્રેસના કાર્યકર.

## દેસાઈ, સુમંતરાય મગનલાલ

જન્મ : 3 માર્ચ, 1917. સરભોણ, બારડોલી, સુરત. મૂળ ગામ : વલસાડ.

ધારાશાસ્ત્રી. 1941 : સૂરત, પુણેમાં ભણી બી.એ., એલએલ.બી. દરમિયાન વિદ્યાર્થી સંઘ-સેવાસંઘમાં સક્રિય. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 1 વર્ષ કારાવાસ. નાશિક અને સાબરમતી. 1949-56 : સૂરત શિક્ષણમંડળ, સુધરાઈના સભ્ય. વલસાડ સુધરાઈના પ્રમુખ. વલસાડ કેળવણી મંડળમાં સેવા. વ્યવસાય : વકીલાત 1944, વલસાડ.

## દેસાઈ, સૂર્યકાન્ત ગોપાળદાસ

જન્મ : ઑક્ટોબર, 1910. નડિયાદ, જિ. ખેડા. વતન : ઢસા, જિ. અમરેલી. દરબાર ગોપાળદાસના પુત્ર.

અભ્યાસ : અંગ્રેજી પાંચ ધોરણ સુધીનો. 1930ની લડતમાં શાળાનો ત્યાગ. ઑગસ્ટમાં બોરસદમાં દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ કરતાં 6 અઠવાડિયાંની સજા. જેલમાંથી છૂટ્યા બાદ અટકાયતમાં. 2 મહિના ફરી જેલમાં. 1932માં અટકાયતી કેદી તરીકે 1 માસ, વળી એક વર્ષની સજા અને દંડ. 1940ના વ્યક્તિગત સત્યાગ્રહ વખતે નડિયાદમાં ધરપકડ અને 6 માસની સજા. 1942માં લોકક્રાંતિની ચળવળ શરૂ થતાં અટકાયતી કેદી. દોઢ વર્ષ સુધી અટકાયતમાં.

## દેસાઈ, સૂર્યકાન્ત રુદ્રપ્રસાદ

કાલોલ, જિ. પંચમહાલ.

1930માં સત્યાગ્રહ. દારૂનાં પીઠાં તથા પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. કારાવાસ. કાલોલ ભગિની સેવામંડળની સ્થાપના વડોદરા. રાષ્ટ્રીય મહિલા મંડળનાં પ્રમુખ. વડોદરા રાજ્ય પ્રજામંડળમાં સક્રિય. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. કારાવાસ. નિવાસ : વડોદરા.

## દેસાઈ, સોમાભાઈ ઉર્ફે દુર્લભભાઈ ગાંડાભાઈ

જન્મ : 1901. ગણદેવી.

અભ્યાસ અંગ્રેજી ચાર ધોરણ. વ્યવસાય ખેતી. 1930ની ચળવળમાં કૉંગ્રેસની પ્રવૃત્તિમાં રસ લેવા માંડ્યો. 1942ની લડતમાં એંધળ ગામે સરઘસ લઈને જવા બદલ ધરપકડ. 6 માસની સખત કેદ અને દંડની સજા.

અવસાન : 1966.

## દેસાઈ, સોમાભાઈ ઉર્ફે પરાગજી ભગવાનજી

જન્મ : 14 ઑક્ટોબર, 1907. વેગામ, તા. ગણદેવી.

1927માં મૅટ્રિક પાસ. અમદાવાદની ગુજરાત કૉલેજમાં અભ્યાસ. સાયમન કમિશનના આગમનના વિરોધમાં હડતાળ, 6 માસિક પરીક્ષા ન આપી. પ્રિન્સિપાલ શિરાઝનાં વિદ્યાર્થીઓ પર વિવિધ દબાણોને કારણે વિરોધમાં 39 દિવસની હડતાળમાં જોડાયા. તે પછી નવજીવન કાર્યાલયમાં જોડાયા. 1930માં સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ થતાં, 'નવજીવન' અને 'યંગ ઇંડિયા' પર સરકારના પ્રતિબંધો, સોમાભાઈએ સરકારને થાપ આપી, જોખમો વેઠી પ્રગટ કર્યાં. 1942ની લડતમાં ગાંધીજીના મહાસમિતિના ભાષણની એક લાખ નકલ છાપી. ખાદી પહેરતા. નવસારીના મણિ મુદ્રણાલયમાંથી વાંધાજનક સાહિત્ય ન મળવા છતાં ધરપકડ. સબ-જેલમાં 6 માસ અટકાયત.

## દેસાઈ, હકૂમતરાય ઝીણાભાઈ

જન્મ : 18 સપ્ટેમ્બર,1922. ઊંટડી, જિ. વલસાડ.

ધરાસણાના સત્યાગ્રહ વખતે સ્વયંસેવકો માટે એમના પિતાએ પોતાનું મકાન આપ્યું હતું. 1942માં કૉલેજ છોડીને ભૂગર્ભપ્રવૃત્તિ. સમાજવાદી વિચારધારાને વરેલા. વિદ્યાર્થીપ્રવૃત્તિમાં અગ્રભાગ લીધો. 1948થી કૉંગ્રેસ–સમાજવાદી પક્ષના સભ્ય. પારડી સત્યાગ્રહ વખતે ધરપકડ. સાત દિવસ કસ્ટડીમાં. નિર્દોષ છૂટ્યા. સમાજવાદી પક્ષ અને સૂરત શહેરના મજૂર સંગઠનમાં આગેવાની. ભારત સરકારના આયોજન પંચના ખાતામાં દસેક મહિના કામ કર્યું. સૂરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સાથે 1948થી સંકળાયેલ.

## દેસાઈ, (ડૉ.) હરિદત્ત વસનજી

જન્મ : આશરે 1900. સરીબુજરંગ.

અલીભાઈઓ અને ગાંધીજીનાં ભાષણો સાંભળીને રાષ્ટ્રીય ભાવના પ્રગટી. અસહકારની ચળવળ(1920-21)માં ગાંધીજીની હાકલને માન આપી મેડિકલ કૉલેજનો અભ્યાસ દશેક

મિત્રો સાથે છોડ્યો, પરંતુ ઉત્સાહ ઓસરી ગયો, કૉલેજમાં ભણવા માંડ્યું. 1930ની ચળવળમાં ધરાસણા સત્યાગ્રહીઓની સેવા કરી. 1935ના કાયદા મુજબની ચૂંટણીમાં મહાસભા તરફી પ્રચાર. કાંઠા વિભાગનાં ગામોમાં 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લઈ ધરપકડ વહોરી. સાબરમતી જેલમાં હુલ્લડના કેદીઓની સંખ્યા વધી જવાથી છૂટી ગયા.

## દેસાઈ, હરિપ્રસાદ વ્રજરાય

જન્મ : 20 નવેમ્બર, 1880. ગોધરા, જિ. પંચમહાલ.

કાર્યક્ષેત્ર : અમદાવાદ. અભ્યાસ : એલ.સી. પી.એસ. દાક્તર. ગાંધીજીને તેમણે અમદાવાદ પધારવાનું આમંત્રણ સૌપ્રથમ આપ્યું. 1905-18 : 'સ્વદેશી મિત્ર મંડળ'. પેટ્રિયોટિક સોલ પુસ્તકનું સંપાદન. સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના મંત્રી. સત્યાગ્રહોમાં સક્રિય. ચાર વાર કારાવાસ. અમદાવાદ નગરપાલિકામાં સક્રિય સભ્ય. સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓમાં સક્રિય. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. હોમરૂલના પ્રચારક. 1946માં ધારાસભ્ય.

અવસાન : 31 માર્ચ, 1950. અમદાવાદ.

## દેસાઈ, હરિભાઈ મણિભાઈ

વલસાડ.

એક પગે અપંગ છતાં સક્રિય. 1930 : સવિનય કાનૂન ભંગમાં કારાવાસ. મીઠા-સત્યાગ્રહ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં કારાવાસ.

દેસાઈ, હરિભાઈ મોહનલાલ

જન્મ : આશરે 1920. સાલેજ.

1942ના સ્વાતંત્ર્યસંગ્રામમાં સભા-સરઘસમાં ભાગ. ગેરકાયદે પ્રગટ થતી પત્રિકાઓ અનેક ગામોમાં પહોંચાડવાની જવાબદારી સ્વીકારી હતી. ધરપકડ. લાંબા સમય માટે જેલમાં અટકાયત.

## દેસાઈ, હરિલાલ માણેકલાલ

જન્મ : 4 સપ્ટેમ્બર, 1881. કપડવંજ, જિ. ખેડા.

અભ્યાસ : બી.એ. પત્ની : કુસુમબહેન પણ સત્યાગ્રહી, સમાજસેવિકા. 1920 : ગાંધીજીનો પ્રભાવ. સરકારી નોકરીનો ત્યાગ. ગાંધીજી સાથે પ્રવાસ. મંત્રી, રચનાત્મક પ્રવૃત્તિ : કપડવંજ વ્યાયામ શાળા, પુસ્તકાલય, ખાદીઉદ્યોગ, રાષ્ટ્રીય શાળા, સ્ત્રીઉદ્યોગગૃહ, ભરૂચ કેળવણી મંડળ, સેવાશ્રમની સ્થાપના. પત્ની સત્યાગ્રહ આશ્રમમાં. ગાંધીજીનાં મંત્રી. બોરસદ સત્યાગ્રહ. કારાવાસ. 1930-32 : ભરૂચ-સૂરતમાં સક્રિય. પિકેટિંગ. કારાવાસ. નિવાસ : વડોદરા.

અવસાન : 1927.

## દેસાઈ, હરિવદન કનૈયાલાલ

(ભચ્ચુભાઈ)

જન્મ : આશરે 1918. અમદાવાદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં વાનરસેનામાં ભાગ લીધો. ખાડિયા વ્યાયામ શાળાના સક્રિય કાર્યકર. તેમને ઘેર સારંગપુર, ઘાસીરામની પોળમાં બૉમ્બ બનાવવાની તથા ભાંગફોડ માટે ઉપયોગી સામગ્રી રાખવામાં આવતી. તેમના ઘેર બૉમ્બ બનાવવામાં આવ્યા. તેમને ઘેર 18 રિવૉલ્વર હતી. તે રિવૉલ્વરો ગોવિંદભાઈ શીણોલ લઈ આવ્યા હતા. તેમને ત્યાં દસ હજાર કારતૂસ, 20

કિલોગ્રામ ગન પાઉડર, 450 ગ્રામ ફૉસ્ફરસ અને ગેસ્ટેટનરનાં 6 સાઇક્લોસ્ટાઇલ મશીન (કૉંગ્રેસ સંગ્રામ સમિતિનાં) હતાં. ભચ્ચુભાઈને ત્યાં નવેમ્બર, 1942ની એક સાંજે સિલિન્ડરમાં ગન પાઉડર ભરી, ટેસ્ટટ્યૂબમાં તેજાબ ભરીને જિલેટિનનાં બે-ત્રણ પડ રાખીને બૉમ્બ બનાવતાં આગ લાગી. તેથી ઉપરનો બધો સામાન અન્યત્ર ખસેડી લીધો. તે પછી રાત્રે પોલીસની રેડ પડી. તેમનાં બહેન મૃદુલાબહેન તથા ઘાસીરામની પોળમાંથી 18 જણની ધરપકડ. ત્યાર બાદ ભચ્ચુભાઈ ગુપ્તવાસમાં. આઝાદ હિન્દ ફોજ સાથે જોડાયા. અમદાવાદના ક્રાંતિકારીઓ જયંતી ઠાકોર, વાસુદેવ ભટ્ટ, હરિવદન દેસાઈ વગેરે કૉલકાતા ગયા. તે કાર્યક્રમ બંધ રહ્યો. તેથી મુંબઈ પાછા ગયા. પકડાયા નહોતા.
અવસાન : 9 એપ્રિલ, 2003. અમદાવાદ.

## દેસાઈ, હસમુખલાલ વલ્લભદાસ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં આગળ પડતો ભાગ લીધો. સભા-સરઘસોમાં જોડાતા. પત્રિકાપ્રવૃત્તિ, રાષ્ટ્રધ્વજ ફરકાવવો વગેરે. તેમની ધરપકડ કરવામાં આવી અને જેલની સજા ભોગવી હતી.

## દેસાઈ, હિતેન્દ્રભાઈ કનૈયાલાલ

જન્મ : 9 ઑગસ્ટ, 1915. જિ. સૂરત.

ધંધો : વકીલાત. પત્ની સદગુણાબહેન. પિતા કનૈયાલાલ (કાનજીકાકા) સ્વાતંત્ર્યસેનાની. 1930 : ઓલપાડ. કાનૂનભંગ, ના-કર આદિ આંદોલન. 50 રૂપિયા દંડ. દંડ નહિ ભરતાં કાર્યાલયનું રાચરચીલું જપ્ત કરી હરાજી કરાયું. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં સક્રિય. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. વકીલાત સાથે સેવાકાર્ય. 1957 : મુંબઈ રાજ્યના પ્રધાન. 1960 : ગુજરાત રાજ્યમાં પ્રધાન. 1965-71 : ગુજરાતના મુખ્યમંત્રી.
અવસાન : 12 સપ્ટેમ્બર, 1993. અમદાવાદ.

## દેસાઈ, હિંમતલાલ વલ્લભદાસ

ઝાલોદ, જિ. દાહોદ.

ફેબ્રુઆરી 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ માટે સરકારની વિશ્વયુદ્ધની નીતિ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી ભાષણ. ધરપકડ. 4 માસની કેદની સજા. મહાસમિતિની બેઠકમાં હાજર રહેવા મુંબઈ ગયા હોવાથી 9 ઑગસ્ટ, 1942ના રોજ મુંબઈમાં સરઘસમાં જોડાયા. સાંજે છોડી દીધા. ત્યાં લાઠીમારમાં ઈજા થયેલી. ત્યાંથી ઝાલોદ. 15 ઑગસ્ટ, 1942ના રોજ મહાદેવ દેસાઈના અવસાનને કારણે ઝાલોદમાં સરઘસ. પંદર જણ સહિત ધરપકડ. 8 માસની કેદની સજા. સાબરમતી જેલમાં સજા ભોગવી.

## દોડિયા, ખાલપાભાઈ ચાંપલાભાઈ

નિવાસ : કલકવા, વ્યારા.

સત્યાગ્રહ. આદિવાસી વિસ્તારમાં દારૂપીઠાં પર પિકેટિંગ. તાડી પરનાં ગાડવાં ફોડ્યાં. ગાયકવાડ શાસન દ્વારા ધરપકડ. અંગ્રેજ શાસન દ્વારા કારાવાસ.

## દોરા, પ્રદ્યુમ્ન દશરથલાલ

જન્મ : 14 માર્ચ, 1922. સૂરત.

1942ની ચળવળમાં કૉલેજનો ત્યાગ કરી જોડાયા. ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. 1943માં ધરપકડ થઈ. 9 માસ અને 3 દિવસનો જેલવાસ વેઠ્યો.

## દોરાવાળા, નાગરજી લલ્લુભાઈ

જન્મ : 1902. વાંઝ, જિ. સૂરત.

1942માં બાજીપરાના મકનજી પટેલ(સોલા)ની ભાંગફોડ પ્રવૃત્તિમાં જોડાયા. પોલીસ ગોળીબાર. બધા નાસી છૂટ્યા. તેમને પકડીને પલસાણા

લઈ ગયા. ગાયકવાડી પોલીસે તેમને મુક્ત કર્યા. મુંબઈ જતા રહ્યા. ઘર-જમીન પર ટાંચ મુકાઈ અને સીલ મરાયાં. ગાંધીજીના આદેશથી પોલીસમાં હાજર. 3 મહિના અટકાયતમાં.

## દોશી, અનુપચંદ

ધોરાજી, જિ. રાજકોટ.

1942ની લડતમાં ભાગ. 6 માસની જેલ.

## દોશી, કાળીદાસ વીરજીભાઈ

જામનગર રાજ્યે ઇજારાપદ્ધતિ દાખલ કરી ત્યારે તેમની સામે આંદોલનમાં જોડાયા. તેથી તેમની ધરપકડ કરવામાં આવી. જીવા સતાના ડેલામાં જેલવાસ ભોગવ્યો. રાજ્યની નોકરી ગુમાવવી પડી.

## દોશી, છબીલભાઈ બેચરભાઈ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. સગીર વય હોવાથી ત્રણ માસની જેલની સજા ભોગવી.

## દોશી, જયંતીલાલ કેશવલાલ

જન્મ : 26 સપ્ટેમ્બર, 1914. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડીના અગ્રણી વેપારી. 1930-31માં મીઠાની લડતમાં ભાગ (ઘેરથી ભાગી જઈને). આર્થર જેલમાં 6 માસ સજા. લીંબડી પ્રજામંડળની લડતમાં જોડાયા. તેમની પેઢીઓ પર સીલ. 1939 : લીંબડી પરિષદના અધિવેશન પ્રસંગે પ્રચાર કરતાં રાજ્ય તરફી માણસોએ સખત માર્યા. લીંબડી પ્રજાની હિજરત વખતે સક્રિય. સ્વરાજ બાદ લીંબડી પરત. લીંબડી સુધરાઈના પ્રમુખ. લોકસેવક. પેન્શન/તામ્રપત્ર મળેલ છે.

## દોશી, જયંતીલાલ રાયચંદ

રાજકોટ.

મુંબઈ નિવાસી. 1922ની લડત વખતે ગોળીબારમાં ઈજા પામ્યા.

## દોશી, તલકશીભાઈ માણેકલાલ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

અગ્રણી વકીલ. ફૂલચંદભાઈના સંપર્કથી વકીલાત છોડી વઢવાણની પ્રજાલડતમાં ફાળો. 1930-31ના મીઠા-સત્યાગ્રહમાં ધોલેરા-ધંધૂકા છાવણીમાં રહીને કાર્ય કર્યું. ધરપકડ. સાબરમતીમાં 3 માસ જેલવાસ. યુવક પ્રવૃત્તિ. નિધન.

## દોશી, નટવરલાલ ક્રિપારામ

જન્મ : 16 માર્ચ, 1910. ઉપલેટા, જિ. રાજકોટ. અભ્યાસ : ગૂજરાત વિદ્યાપીઠના વિનીત. ફૂલચંદભાઈની અસર નીચે ઉપલેટામાં યુવક મંડળ રચીને પ્રભાતફેરી, સરઘસના કાર્યક્રમો. વ્યાયામપ્રવૃત્તિ, ખાદીપ્રવૃત્તિ. ઉપલેટાના ચોકમાં તેમની દુકાને યુવકમંડળનું પાટિયું તેથી ગોંડળ રાજ્યની નારાજગી. રાજ્યે લાઇનદોરીનું બહાનું કાઢીને એમની ઇમારતો/દુકાનો જમીનદોસ્ત કરી. સ્વરાજ બાદ ગોંડળ સુધરાઈના પ્રમુખ. હરિજન-સેવા મુખ્ય પ્રવૃત્તિ. રાજકોટ જિલ્લા હરિજન સેવક સંઘના પ્રમુખપદે રહ્યા.

## દોશી, નાગરદાસ નરોત્તમદાસ

જન્મ : 1906. અમરેલી.

1928 : બારડોલી સત્યાગ્રહ. 1929 : સ્વામી આનંદના પરિચયમાં, બારડોલી ખાદી સરંજામ કાર્યાલયમાં તાલીમ. 1930 : દાંડી વિસ્તારમાં પ્રચારકાર્ય. આંટની છાવણીમાં નમક કાયદાનો ભંગ. ધરાસણામાં મીઠાના કાયદાના ભંગ માટે પોલીસ-દમનમાં મારનો ભોગ. 1932માં મુંબઈમાં ધરપકડ અને જેલ. 1934 : બિહારના ભૂકંપ વખતે મુઝફ્ફરપુર જિલ્લામાં કાર્ય. 1937-38માં ચલાળામાં ખાદી કાર્યકર. ખાદી કેન્દ્રના મુખ્ય સંચાલક.

## દોશી, નાગરદાસ લક્ષ્મીચંદ
જન્મ : સપ્ટેમ્બર, 1906. ચલાળા.

મુંબઈમાં વેપાર. સ્વામી આનંદના પરિચયમાં. નોકરીનો ત્યાગ. બારડોલીમાં ખાદીકામ. 1930માં દાંડી વિસ્તારમાં મીઠાના સત્યાગ્રહમાં. ધરાસણાના સત્યાગ્રહમાં ભાગ. બે વાર સખત મારના ભોગ. 1932માં મુંબઈથી પકડાયા. 13 માસનો જેલવાસ. 1934માં બિહાર ભૂકંપ વખતે સક્રિય. 1937માં ગાંધીજીની આજ્ઞાનુસાર ચલાળામાં ખાદીકાર્ય. ખાદીકામના આજીવન ભેખધારી. લોકસેવક. પંચાયતી રાજ્યમાં લોકોપયોગી પ્રવૃત્તિ. ભાવનાશાળી કાર્યકર્તાઓનું મંડળ. સૌરાષ્ટ્રના રચનાત્મક કાર્યકર્તા-મોવડી. અવિવાહિત. આશ્રમવાસી જીવન. પેન્શન કે તામ્રપત્ર માગેલ નથી.
અવસાન : 6 જુલાઈ, 1982.

## દોશી, પુરુષોત્તમભાઈ
જન્મ : 1916. રાણાગઢ, જિ. સુરેન્દ્રનગર.

1930ની મીઠાની લડત વખતે અમૃતલાલ શેઠની આગેવાની નીચેની ટુકડીમાં જોડાયા. ધરપકડ. જેલવાસ ભોગવ્યો. 1934માં 'જન્મભૂમિ' શરૂ થતાં તેમાં જોડાયા.
અવસાન : 26 ડિસેમ્બર, 1985.

## દોશી, પૂનમચંદ સાંકળચંદ
મોડાસા.

ખાદીપ્રવૃત્તિ. વિદેશી કાપડના બહિષ્કાર માટે દુકાનો પર પિકેટિંગ. 1942ની ચળવળ દરમિયાન ભૂગર્ભપ્રવૃત્તિનું સંચાલન કર્યું.

## દોશી, પોપટલાલ તારાચંદ
જન્મ : 12 મે, 1919. સોનગઢ, જિ. ભાવનગર.

રાજકોટની લડતમાં સામેલ. કૉલેજના અભ્યાસનો ત્યાગ. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં વિદ્યાર્થી નેતા તરીકે ભાગ ભજવ્યો. રાષ્ટ્રધ્વજ ચડાવવા જતાં ધરપકડ. 6 માસની જેલ. જેલમાંથી બહાર આવ્યા ત્યારે ફરી ધરપકડ. 6 માસ સખત કેદની સજા.

## દોશી, બાપાલાલ કેશવલાલ
જન્મ : 3 નવેમ્બર, 1906. લીંબડી.

ગાંધીજી ગોળમેજી પરિષદમાં લંડન જતા હતા, ત્યારે મેઘાણી લિખિત 'છેલ્લા કટોરો' કાવ્ય સ્ટીમર ઊપડતાં પહેલાં ગાંધીજીને પહોંચાડ્યું. 193031માં મીઠાની લડતમાં ભાગ. લીંબડીની હિજરતના આગેવાન. તે લડત સફળતાપૂર્વક ચલાવી.

## દોશી, બેચરદાસ જીવરાજ
જન્મ : 2 નવેમ્બર, 1889. વળા (વલભીપુર).

ક્રાંતિકારી પ્રવૃત્તિમાં સક્રિય. 1922 : વિદ્યાપીઠના ગૂજરાત પુરાતત્વ મંદિરમાં સક્રિય. અધ્યાપક, સંશોધક, અનુવાદક. પ્રાકૃત, પ્રાચીન ગુજરાતીના વિદ્વાન. 1930 : 'નવજીવન'નું સંપાદન. 9 મહિના કારાવાસ, દંડ. બ્રિટિશ હિન્દમાં પ્રવેશનિષેધ. 5 વર્ષ સૌરાષ્ટ્રમાં. 1935 : નિષેધ રદ થતાં અમદાવાદમાં સ્થાયી વાસ અને અધ્યાપન.
અવસાન : 11 ઑક્ટોબર, 1982.

## દોશી, મગનલાલ
રાણાગઢ, તા. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

21 ફેબ્રુઆરી, 1939થી લીંબડીમાંથી હિજરત શરૂ થઈ. રાણાગઢના નગરશેઠ મગનલાલ દોશી ઊંચી ઓલાદની પોતાની છ ભેંસો છોડીને ગામની બહાર નીકળ્યા. તે બધી ભેંસો રાજ્ય-સરકારે જપ્ત કરી લીધી. અનેક લોકોની આવી દશા થઈ હતી.

## દોશી, મગનલાલ પુરુષોત્તમ
શિયાણી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડી પ્રજામંડળના અગ્રણી. રાજ્યનાં તોફાની

તત્વોએ ઘર પર હુમલો કર્યો. માલમિલકત લૂંટી લેવામાં આવી. તેમને તથા તેમના કુટુંબને સખત માર મારવામાં આવ્યો. લીંબડીથી હિજરત.

## દોશી, મણિલાલ સુંદરજી

જન્મ : 29 એપ્રિલ, 1920. મુંબઈ.

કિશોર વયથી ગાંધીવાદી, ખાદીધારી. અમરેલીમાં 1930ની ચળવળમાં પ્રભાતફેરીમાં અને ખાદીફેરીમાં જતા. 'ઝંડા ઊંચા રહે હમારા', 'ટોપીવાલા ટોપા ઉતારો' સૂત્રો પોકારતા. વિદેશી કાપડની હોળી કરવામાં ભાગ લેતાં પકડાયા ત્યારે સગીર વય હોવાથી છૂટી જતા. 1937માં અભ્યાસ માટે જાપાન ગયા. સુભાષચંદ્ર બોઝ જાપાન ગયા ત્યારે તેમને મળી આઝાદ હિન્દ સરકારની પ્રવૃત્તિમાં ભાગ લીધો. જાપાનની શરણાગતિ બાદ મણિલાલની ધરપકડ થઈ. ભારત આવ્યા બાદ આરઝી હકૂમતમાં ભાગ લીધો. જૂનાગઢ મુક્ત કરવામાં પ્રદાન. પેન્શન મળે છે.

## દોશી, રતિલાલ જેચંદભાઈ

વઢવાણ.

ફૂલચંદભાઈના સાથીદાર. યુવકસંઘ ચલાવતા. દારૂનાં પીઠાં તેમજ વિદેશી કાપડની દુકાન ઉપર પિકેટિંગ કર્યું. રાજ્યે દારૂબંધી હઠાવી લેતાં ઉપવાસ પર ઊતર્યા. દારૂનાં પીઠાં રાજ્યને બંધ કરાવવાં પડ્યાં. 1942ની ચળવળ વખતે કાર્ય કર્યું.

## દોશી, રસીકલાલ કેશવલાલ

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

1939 : લીંબડી રાજ્યના પ્રજામંડળના સ્થાપકોમાંના એક. તેના આગેવાન. લીંબડીમાંથી લોકોએ હિજરત કરી ત્યારે તેમણે પણ હિજરત કરી. સમાધાન માટેની સલાહ લેવા વાસ્તે સુરેન્દ્રનગર રેલવેસ્ટેશને ટ્રેનના ડબામાં હિજરતી આગેવાનો સાથે તેઓ પણ મહાત્મા ગાંધીજીને મળ્યા હતા.

## દોશી, રામજીભાઈ માણેકચંદ

રાજકોટ.

રાજકોટના અગ્રગણ્ય વકીલ. ગાંધીકથિત રાષ્ટ્રીય કાર્યક્રમોમાં સાથસહકાર. રાજકોટ સત્યાગ્રહ વખતે ધરપકડ. સરધારના ઉતારામાં અટકમાં રાખવામાં આવ્યા.

## દોશી, વલ્લભદાસ પૂનમચંદ

મોડાસા.

1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં હાજર. માલપુરની પ્રજાકીય લડતોમાં સક્રિય ભાગ. 1942ની ચળવળમાં મોડાસામાં બૉમ્બપ્રવૃત્તિ સહિતની ભૂગર્ભપ્રવૃત્તિઓમાં ભાગ લીધો. છેલ્લાં 30 વર્ષથી આદિવાસીઓની સેવાપ્રવૃત્તિ અને સર્વોદય કાર્યકર.

## દોશી, વલ્લભદાસ રામજીભાઈ

જન્મ : 1906. જામનગર.

1930ની મીઠાની ચળવળમાં ભાગ લેતા પકડાયા. યરવડામાં 6 માસ જેલવાસ. મુંબઈમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લેતા.
અવસાન : 1940.

## દ્વિવેદી, માધવલાલ નભુભાઈ

નડિયાદ. વકીલ. જાણીતા વિદ્વાન અને લેખક.

મણિલાલ નભુભાઈના ભાઈ. ખેડા સત્યાગ્રહ-(1917)માં આગેવાની લીધી. 1919ના રૉલેટ ઍક્ટ-(કાળા કાયદા)નો વિરોધ કરવા સાબરમતી આશ્રમ, અમદાવાદમાં ગાંધીજીએ બોલાવેલી સભામાં 24 ફેબ્રુઆરી, 1919ના રોજ હાજર. ગાંધીજીએ ઘડેલા પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરી. હોમરૂલ લીગના એક આગેવાન. નડિયાદમાં હોમરૂલના વર્ગો લેતા (1917).

# ધ

## ધનજીભાઈ રાજિયાભાઈ

ભગવાનપુરા, સૂરત.

1942-43માં 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. કારાવાસ. મુક્તિ પછી ગામની સેવામાં પ્રવૃત્ત. વ્યવસાય : ખેતી.

## ધનલક્ષ્મીબહેન

ભરૂચ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાયાં. તેમણે ભરૂચમાં તથા આસપાસનાં ગામોમાં દારૂતાડીનાં પીઠાં અને પરદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગમાં સક્રિય ભાગ લીધો હતો.

## ધરિયા, હસમુખલાલ લાલજીભાઈ

જન્મ : આશરે 1920. દેવગઢબારિયા, જિ. દાહોદ.

દેવગઢબારિયા દેશી રાજ્ય હોવાથી, 1942ની ચળવળ દરમિયાન કાલોલ જઈ ત્યાં સભા-સરઘસો, ગુપ્ત પત્રિકા વહેંચવામાં ભાગ લીધો. ધરપકડ. 4 માસની કેદની સજા.

## ધામેચા, મોહનભાઈ લાલજી

જન્મ : 19 સપ્ટેમ્બર, 1922. જેતપુર, સૌરાષ્ટ્ર.

1942ની લડત વખતે મુંબઈમાં લડતમાં ભાગ લીધો. 6 માસની જેલ અને રૂ. 200 દંડ. વિસાપુર જેલમાં સજા ભોગવી.

## ધારશી, ભૂરાલાલ ચુનીલાલ

પાણશીણા, જિ. સુરેન્દ્રનગર.

1939ની લીંબડીની લડત વખતે પ્રજામંડળમાં જોડાઈ લોકજાગૃતિનું કામ કર્યું. 8-2-1939ના રોજ રાજ્યાશ્રિત ગુંડાઓએ હુમલો કરેલ. મૂઢ માર મારેલ. ઘરવખરી લૂંટી ગયા. પત્નીનાં આભૂષણો લૂંટી ગયા. છેવટે સમગ્ર કુટુંબે હિજરત કરી.

## ધિલોન, પૂરણસિંહ સમીરસિંહ

વડોદરા.

1920-21માં અસહકારના આંદોલનમાં ભાગ લેતાં ધરપકડ થઈ. 1 વર્ષની સજા તથા રૂ. 250 દંડ થયો. 1930માં ફરી સરઘસમાં ભાગ લેતાં ધરપકડ થઈ. જેલવાસ ભોગવ્યો.

## ધીરજલાલ અમૃતલાલ

ધોરાજી, જિ. રાજકોટ.

1942ની લડતમાં ભાગ લેતાં પકડાયા. ત્રણ માસની સજા અને 100 રૂપિયા દંડ.

## ધીરજલાલ નાથુશંકર

જન્મ : 1922. અમદાવાદ.

ખાનગી નોકરી. 1942ની ચળવળમાં વીજળીનાં સબસ્ટેશનો બૉમ્બથી ઉડાવી દેવાના કાવતરામાં ભાગ લીધો, અનાથાશ્રમના સબસ્ટેશનમાં
22-11-1942ની સાંજે બૉમ્બ મૂક્યા. ધરપકડ 26-12-1942ના રોજ અટકાયત.

## ધીરેન્દ્ર ઇન્દુલાલ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. ટૂંકા જેલવાસ બાદ મુક્ત કરવામાં આવ્યા.

## ધૂળાભાઈ આશાભાઈ

ગામ : કારેલી, જંબુસર.

1930માં 'ના-કર'ની લડતમાં ભાગ લીધો. ભાઠામાં મીઠું પકવ્યું. પત્રિકાઓ વહેંચવા ભરૂચ, અંકલેશ્વર, જંબુસર જતા. અંકલેશ્વરથી

પકડાયા. જેલની સજા થઈ. ફરી પકડાયા. કુલ 12 માસની સજા ભોગવી.

## ધૂળિયાભાઈ કાછિયાભાઈ

જન્મ : મહુવા, સૂરત.

1942ની લડત વખતે દારૂના પીઠા ઉપર પિકેટિંગ કર્યું. ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. 11 વર્ષની સજા ભોગવી.

## ધૂળીબહેન

પુંજાપુરા, માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

1938 : માણસાના જમીન-મહેસૂલ સત્યાગ્રહમાં ભાગ લઈ જમીન-મહેસૂલ ભર્યું નહિ. એ રીતે સરકારના દમનનો વિરોધ કર્યો. જપ્તી કરવા ગયેલી પોલીસે નાકની ચૂની પરાણે ખેંચી કાઢવા જતાં ધૂળીબહેનનું નાક ચિરાઈ ગયું. બીજી બહેનોનાં લોળિયાં કાઢવા જતાં કાન તૂટ્યા.

## ધોબી, શંકરભાઈ ડાહ્યાભાઈ

જન્મ : 1928. ડાકોર, જિ. ખેડા.

14 વર્ષની વયે શાળાના વિદ્યાર્થી તરીકે ડાકોરમાં સરઘસમાં મોખરે. 13 ઑગસ્ટ, 1942ના ગોળીબારમાં ઘવાયા અને અવસાન પામ્યા.

## ધોળકિયા (પટેલ), નારણભાઈ કાનજીભાઈ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે ગુણવંતભાઈ પુરોહિત સાથે, જાનના જોખમે, વિવિધ ભૂગર્ભ-પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. ખૂબ સહન કર્યું. રેલવેના ટપાલના ડબા પર છાપા માર્યા, તાર-ટેલિફોનનાં દોરડાં કાપવાં, રેલવેના પાટા ઉખાડી નાખવા, પુલો ઉડાવી દેવા વગેરે કાર્યોમાં સાથીદાર.

## ધોળકિયા, પ્રભુલાલ

જન્મ : 26 જાન્યુઆરી, 1905. કચ્છ.

પૂ. બાપુની કચ્છયાત્રામાં સાથે રહ્યા. હરિજન-સેવાનું કાર્ય કર્યું. 1934માં હરિજન સેવક સંઘની સ્થાપના થતાં આજીવન સેવા આપવાનું નક્કી કર્યું.

## ધોળકિયા, હરગોવિંદ કેશવજી

ધ્રાંગધ્રા, સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931ની ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લેવા વાસ્તે આત્મારામ પ્રભાશંકર ભટ્ટની આગેવાની હેઠળ છઠ્ઠી ટુકડીમાં જોડાયા. વઢવાણથી દૂધરેજ જઈ ત્યાં મુકામ કર્યો. 29-11-1931ના રોજ ટ્રેનમાં રાજસીતાપુર ગયા. સ્ટેશને ઊતરી રાષ્ટ્રગીતો ગાયાં, રામધૂન કરી પછી ધ્રાંગધ્રાની હદમાં પ્રવેશતાં ધરપકડ કરી. અજાણ્યા સ્થળે લઈ જવામાં આવ્યા. રાજસીતાપુરમાં તે દિવસે સખત હડતાળ પડી.

## ધ્રુવ, ભીખાલાલ ખીમચંદ

જન્મ : 11 નવેમ્બર, 1912. મોરવાડ, જિ. સુરેન્દ્રનગર.

1930-32માં ધોલેરાની લડતમાં જોડાયા. પોલીસનો માર સહન કર્યો. તે વખતે ધરપકડ થઈ. કુલ 18 માસની સજા સાબરમતી જેલમાં ભોગવી. ધ્રાંગધ્રાની લડતમાં જોડાયા. રાજ્ય તરફથી થતા જુલમો વેઠ્યા. વણોદ સત્યાગ્રહમાં ભાગ લીધો. રતુભાઈ અદાણી સાથે તરવડા મુકામે રચનાત્મક કામમાં જોડાયા. 1942ની લડત વખતે ભૂગર્ભમાં રહીને કામ કર્યું.

## ધ્રુવ, રતિલાલ છગનલાલ

જન્મ : 6 જાન્યુઆરી, 1914. મહુધા, જિ. ખેડા. નિવાસ : અમદાવાદ.

1930 : મીઠા-સત્યાગ્રહ. બાલપુર, લસુંદ્રા પોલીસ-દમનમાં હાથ ભાંગ્યો. સાબરમતી

કારાવાસ. 1931 : મજૂર મહાજન. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. મિલોમાં હડતાળ. ભાંગફોડની યોજના. ભૂગર્ભપ્રવૃત્તિ. બૉમ્બનિર્માણ. સાથીનું મરણ થતાં પકડાઈ ગયા. પોલીસનો ભારે અત્યાચાર. 'મિલિટરી ગૅઝેટ' પત્રિકા દ્વારા લોકોમાં સૈનિક શિક્ષણ. શ્રમિક પ્રવૃત્તિમાં સક્રિય. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન દરિયાપુર વૉર્ડના કાર્યકર. બૉમ્બપ્રવૃત્તિમાં સક્રિય. 12 ઑગસ્ટના ઇન્દ્રવદન ઠાકોરને ઘેર ગુપ્તસભામાં ભાંગફોડની યોજના. પ્રતિજ્ઞા પર 150 યુવકોની સહીઓ. દરેક યુવકને નંબર કે ઉપનામ. સાર્જન્ટ માર્સ જુલમ કરતો. તેને મારી નાખવા બૉમ્બ નાખવા નારણભાઈ પટેલને મોકલ્યા. નિષ્ફળતા. તેને ગોળીબારથી મારી નાખવા રતિભાઈનો પ્રયાસ. નિષ્ફળતા. તેમને ઘેર બૉમ્બ, પત્રિકાઓ વગેરે ગેરકાયદે સામગ્રી રખાતી. પોલીસે તેમને ઘેર રેડ પાડી. બૉમ્બ વગેરે નાખી દીધું. પત્રિકાઓ મળી. પો.ઇ. જરીવાલાએ રતિલાલની ધરપકડ કરી. 10 મહિના અટકાયત. આ અગાઉ 22 નવેમ્બર, 1942ની સાંજે ઈદગા પોલીસ ગેટ પાસેના સ્વિચ હાઉસમાં મોડસીંગ બૉમ્બ મૂકવા ગયા, ત્યારે રતિલાલ તેમની સાથે રક્ષક તરીકે ગયા હતા.

# ન

## નગીનદાસ ચંપકલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. ટૂંકા જેલવાસ પછી મુક્તિ મળી.

## નટવરલાલ દલપતરામ

જેતપુર, સૌરાષ્ટ્ર.

1942ની લડતમાં જેતપુર ખાતે સંરક્ષણ ધારા અન્વયે પકડાયા. રાજકોટ જેલમાં 4 માસની સજા.

## નટવરલાલ નાગરદાસ

ભાલનાં ગામડાં, સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લેવા મોહનલાલ મહેતા(સોપાન)ના નેતૃત્વ હેઠળ પાંચમી ટુકડીમાં જોડાયા. 28-11-1931ના રોજ વઢવાણથી ફૂલચંદભાઈના આશીર્વાદ લઈને સત્યાગ્રહ કરવા નીકળ્યા. ધ્રાંગધ્રાની હદમાં પ્રવેશતાં પોલીસદળે બધાને ગિરફતાર કર્યા અને ખટારામાં બેસાડી અજાણ્યા સ્થળે લઈ જઈને અટકાયતમાં રાખ્યા.

## નટવરલાલ પ્રભાશંકર

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ થઈ. જેલની સજા ભોગવ્યા પછી મુક્તિ.

## નટવરલાલ ભલાશંકર

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકા વહેંચવામાં સક્રિય. ઘરમાં પત્રિકાઓ રાખવા માટે નવેમ્બર, 1942માં ધરપકડ. 4 માસની કેદની સજા અને રૂ. 100 દંડ.

## નટવરલાલ મોહનલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ વહોરી. જેલની ટૂંકી સજા ભોગવ્યા પછી મુક્ત થયા.

## નટવરલાલ સાંકળચંદ

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકા વહેંચતા. દરિયાપુરમાંથી ગેરકાયદે પત્રિકાઓ રાખવા માટે 11-9-1942ના રોજ ધરપકડ. અટકાયત. સાબરમતી જેલ.

## નથવાણી, નરેન્દ્રભાઈ પ્રાગજીભાઈ

જન્મ : 3 જાન્યુઆરી, 1913. કંપાલા, આફ્રિકા. વતન : કેશોદ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી. ધારાશાસ્ત્રી. 1932ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ. 1 વર્ષ જેલવાસ. 1939 : રાજકોટની લડતમાં સક્રિય. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે મુંબઈમાં સક્રિય. 1947ની જૂનાગઢની આરઝી હકૂમતના મંત્રીમંડળના સભ્ય. મોરચા પર કામગીરી બજાવી. 1952-62 સુધી લોકસભાના સભ્ય. મુંબઈ હાઈકોર્ટના કુશળ ધારાશાસ્ત્રી. ન્યાયાધીશ. 1975માં કટોકટી કાળમાં લોકશાહીની સુરક્ષા માટે સક્રિય. 1977માં લોકસભાના સભ્ય. લોકશાહીની સુરક્ષા તેમજ અન્યાયનિવારણની પ્રવૃત્તિમાં સક્રિય.

## નથવાણી, પ્રાગજીભાઈ રામજીભાઈ

કેશોદ, જિ. જૂનાગઢ.

ક્રાંતિકારી વિચારો ધરાવવાથી યુગાન્ડા(પૂર્વ આફ્રિકા)થી દેશનિકાલ. વતન કેશોદમાં આવ્યા બાદ રાજકોટના એજન્સીવાળા તથા જૂનાગઢના નવાબીતંત્રની સતત દેખરેખ. 1914થી 1919 સુધી કેશોદમાં નજરકેદ જેવી સ્થિતિમાં રહ્યા. કેશોદ છોડવાની મનાઈ. પોલીસ તેમની હાજરી નોંધતી. કેશોદમાં સાર્વજનિક પ્રવૃત્તિ. સ્થાનિક જાહેર જીવનના કેન્દ્ર સમા.

## નથવાણી, વાલજીભાઈ ઠાકરશી

રાજકોટ.

1930માં દેશી રાજ્યોની લડતમાં ભાગ લેવાથી હદપાર કરેલા. રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. 6 માસની સજા ભોગવી. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે પકડાયા. અટકમાં રાખેલા.

## નરભેશંકર પ્રભુદાસભાઈ

પોરબંદર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેવાથી પોરબંદર રાજ્યના જુલમોનો ભોગ બન્યા. રાજ્ય- સરકાર તરફથી તેમને પેન્શન એનાયત કરવામાં આવ્યું.

## નરભેશંકર મોરારજી

રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ વહોરી. ટૂંકો જેલવાસ ભોગવ્યો. તે પછી મુક્ત કરવામાં આવ્યા.

## નરમાવાળા, મહંમદ અફઝલ

જન્મ : 1881. સૂરત.

1910થી રાષ્ટ્રભક્ત. સ્વાતંત્ર્યચળવળોમાં રસ. સૂરત સુધરાઈ સામેની લડતમાં કર નહિ ભરવાથી ફર્નિચર જપ્ત કરાયું. 1921માં સુધરાઈના કૉંગ્રેસ પક્ષના સભ્ય. રાષ્ટ્રીય કેળવણીના હિમાયતી. સૂરતમાં ચાલતા રાષ્ટ્રીય કેળવણી મંડળના વિનયમંદિર અને કૉલેજ માટે પોતાનું આલીશાન મકાન દાનમાં આપ્યું. અસરકારક વક્તા.

અવસાન : 1945.

## નરવાણી, ઉધારામ

વારસિયા, વડોદરા.

અભ્યાસ : એલ.સી.પી.એસ. વ્યવસાય : દાક્તર. ગાંધીજીના કારાવાસના વિરોધમાં સરકારી નોકરીનો ત્યાગ. ગાંધીજીની મુક્તિ માટેના સત્યાગ્રહમાં સૈનિક. ધરપકડ.

## નરસિંહભાઈ હીરાભાઈ

ચમારડી, તા. બાબરા, જિ. અમરેલી.

રાષ્ટ્રીય ચળવળના દિવસોમાં સભા-સરઘસ તથા રાષ્ટ્રધ્વજ વંદનના કાર્યક્રમો આપતા હતા. તેથી દરબારનો ખોફ તેમના ઉપર ઊતર્યો. તેમનાં જમીન-ખોરડાં જપ્ત કરવામાં આવ્યાં. સ્વરાજપ્રાપ્તિ બાદ જમીન પરત મળેલ છે.

## નરીમાન, ખુરશેદ ફરામજી

જન્મ : 1885. વતન : મુંબઈ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી. 1924માં મુંબઈ કૉર્પોરેશનમાં ચૂંટાયા. મુંબઈની ધારાસભામાં સભ્ય. સરકારની ઊણપો અને ખોટાં કામો બહાર પાડ્યાં. મુંબઈ સરકારના ડેવલપમેન્ટ ઑફિસર મિ. હારવેએ તેમની સામે આબરૂની નુકસાનની ફરિયાદ. તેમાં તે વિજયી નીવડ્યા. લોકોની ખૂબ ચાહના. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં આગળ પડતો ભાગ. મુંબઈ વરલી ખાતે મીઠાનો કાયદો તોડનાર પ્રથમ સત્યાગ્રહી.

## નરેન્દ્રભાઈ રેવાશંકર

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ કરવામાં આવી. એક મહિનાની જેલની સજા ભોગવ્યા બાદ મુક્ત કરવામાં આવ્યા.

## નરેન્દ્રરાય શામજી

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. જેલની ટૂંકી સજા ભોગવ્યા બાદ મુક્ત કરવામાં આવ્યા.

## નરોત્તમદાસ હરગોવિંદદાસ

ભાલનાં ગામડાં, સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લેવા મોહનલાલ મહેતા(સોપાન)ની આગેવાની હેઠળ પાંચમી ટુકડીમાં જોડાયા. 28-11-1931ના રોજ વઢવાણથી સત્યાગ્રહ કરવા નીકળ્યા. ધ્રાંગધ્રાની હદમાં પ્રવેશતાં પોલીસદળે બધાને ગિરફતાર કર્યા અને ખટારામાં બેસાડી અજાણ્યા સ્થળે લઈ જઈને અટકાયતમાં રાખ્યા.

## નરોત્તમભાઈ નાથાભાઈ

જન્મ : 1908. ખોજ પારડી, જિ. સૂરત.

1921માં તેર વર્ષની વયે અસહકારના આંદોલનમાં ભાગ. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 1928માં બારડોલી સત્યાગ્રહમાં મહેસૂલ ન ભરવાથી જમીન જપ્ત, હરાજ. 1930માં સવિનય કાનૂનભંગના સત્યાગ્રહમાં ભાગ લઈ, ખજૂરાં કાપી કાનૂનભંગ. 1932માં નવસારીમાં ગેરકાયદે પત્રિકાઓ વહેંચવા બદલ ધરપકડ. 9 મહિનાની જેલની સજા. રચનાત્મક કાર્યકર.

## નવરોજી, ખોરશેદબહેન અરદેશર

જન્મ : જૂન, 1894.

દાદા દાદાભાઈ નવરોજી પાસેથી રાષ્ટ્રભક્તિના સંસ્કાર. 1930ના સ્વાતંત્ર્યસંગ્રામમાં ગાંધીજીની પ્રેરણાથી જોડાયાં. ગેરકાયદે મીઠું તૈયાર કરવામાં ભાગ. દારૂનિષેધમાં વિશેષ રસ. ગુજરાત દારૂનિષેધ સમિતિનાં અધ્યક્ષા. 1931થી ખાન અબ્દુલ ગફ્ફારખાન સાથે વાયવ્ય સરહદમાં સેવાકાર્ય. રચનાત્મક પ્રવૃત્તિઓમાં દારૂનિષેધ, ગ્રામોદ્યોગ સંઘ, જ્યોતિસંઘમાં સેવા. 1930થી 1945 દરમિયાન રાજકીય પ્રવૃત્તિને લીધે 8 વખત કારાવાસ.

અવસાન : 19 જાન્યુઆરી, 1966.

## નવીનચંદ્ર બાપુભાઈ

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. જાન્યુઆરી, 1943માં કાળુપુર દરવાજા બહાર સાઇકલ પર જતાં જડતી.

થેલીમાંથી કૉંગ્રેસ પત્રિકાનાં પોસ્ટ કરેલાં 64 કવર મળ્યાં. ધરપકડ. 4 માસની સખત કેદની સજા.

## નંદા, ગુલઝારીલાલ

જન્મ : 4 જુલાઈ, 1898. સિયાલકોટ, હવે પાકિસ્તાન.

1921માં મુંબઈની નૅશનલ કૉલેજમાં અર્થશાસ્ત્રના અધ્યાપક. ગાંધીજીનો સંપર્ક; તેમની પ્રેરણાથી 1921માં અસહકારની ચળવળમાં જોડાયા. એ જ વરસે અમદાવાદ આવી મજૂર મહાજન સંઘમાં જોડાયા. આ સંસ્થાના મંત્રી તરીકે 1922થી 1946 સુધી ઉત્કૃષ્ટ કામગીરી. આ દરમિયાન ભારતની સ્વતંત્રતાનાં વિવિધ આંદોલનોમાં ભાગ લીધો. સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન 1932માં તથા 'હિન્દ છોડો' લડત (1942) દરમિયાન 1942થી 1944 સુધી જેલની સજા ભોગવી.

સ્વતંત્રતા મળ્યા પછી ભારત સરકારના આયોજન પંચના ઉપાધ્યક્ષ. જવાહરલાલ નહેરુના મંત્રીમંડળમાં આયોજન, સિંચાઈ તથા ઊર્જા મંત્રી 1952-'57. મજૂર અને રોજગાર અને આયોજન મંત્રી – 1957થી 1962. ગૃહમંત્રી – 1963 અને 1966. નહેરુ અને લાલબહાદુર શાસ્ત્રીના અવસાન પછી કામચલાઉ પ્રધાનમંત્રી.

તેમના આયુષ્યના 100મા વરસે ભારત સરકાર તરફથી 'ભારતરત્ન'નો ઇલકાબ એનાયત થયો.

કેટલાંક પુસ્તકોના લેખક.

અવસાન : 1998. અમદાવાદ.

## નંદુબહેન ફૂલસિંહજી

સુણાવ, જિ. ખેડા.

1930-32ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. ફેબ્રુઆરી, 1932માં સુણાવમાં ભાઈબહેનોનાં નીકળેલ સરઘસમાં જોડાયાં. સરઘસમાંથી તેમની ધરપકડ કરવામાં આવી. તેમને કેદની સજા થઈ.

## નાગજીભાઈ ઈશ્વરભાઈ

સરભાણ.

સરભાણની હોમરૂલ લીગની (1916) શાખાના મંત્રી. લીગના નવા સભ્યો નોંધતા, પત્રિકાઓ વહેંચતા, લીગનો લોકોમાં પ્રચાર કરવા વાસ્તે જાહેર સભાઓ યોજતા.

## નાગરદાસ છગનલાલ

પાણશીણા, જિ. સુરેન્દ્રનગર.

લીંબડી પ્રજા મંડળના અગ્રણી. રાજ્ય પ્રેરિત ગુંડા-ટોળકીએ ઘર તોડીને તેમને અને પરિવારને સખત માર માર્યો. હિજરત કરીને ગામ છોડ્યું.

## નાગોરી, ઇસ્માઇલ આલમભાઈ

જન્મ : 5 નવેમ્બર, 1904. વાંકાનેર, જિ. રાજકોટ.

અભ્યાસ : બી.એ., બી.એડ., એફ.આર.એમ. એસ. ખેતીવાડી બાગાયતના નિષ્ણાત. વાંકાનેર રાજ્યમાં નોકરી. નોકરીનું રાજીનામું આપી રચનાત્મક કાર્યકર. રતુભાઈ અદાણી સાથે. તરવડામાં ખેતીવાડીમાં વૈજ્ઞાનિક રીતરસમ. જનસેવા એ જ પ્રભુસેવા. 1942 : 'હિન્દ છોડો' લડત વખતે ધરપકડ. કમીગઢ અને વડોદરા. સેન્ટ્રલ જેલમાં અટકાયત. લાંબો જેલવાસ. જૂનાગઢના વંથલી ગામે 'ગ્રામસેવક વિદ્યાલયમાં'. જૂનાગઢ જિલ્લાના શાહપુરમાં સર્વોદય આશ્રમમાં. લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં બાગાયતનું શિક્ષણ. 'ઇસ્માઇલ દાદા'નું બિરુદ. 'વનસ્પતિ જીવનદર્શન' નામનું પુસ્તક તથા 'મુસલમાનોનો ધર્મ', 'ઇસ્લામ દર્શન'. ગુજરાતી, અંગ્રેજી, ઉર્દૂ-ફારસી અને સંસ્કૃતના સારા જાણકાર. હિન્દુ તથા ઇસ્લામ ધર્મોનો

ઊંડો અભ્યાસ. સંત ફકીરનું જીવન. પત્ની ખદીજાબહેનનો પતિને સંપૂર્ણ સાથ.
અવસાન : 14 જાન્યુઆરી, 1983.

## નાગ્રેચા, દુર્લભજી કલ્યાણજી

જન્મ : 19 ઑગસ્ટ, 1912. બિલખા, જિ. જૂનાગઢ.

1930ની અસહકારની લડતમાં સક્રિય. બિલખામાં યુવક મંડળની સ્થાપના. રાજ્યના જોરજુલમો, અયોગ્ય કરવેરા સામે લડત. 1941માં તેમને બિલખામાંથી હદપાર. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે રાજકોટમાં સક્રિય. ધરપકડ અને રાજકોટમાંથી હદપાર. આરઝી હકૂમત વખતે સક્રિય કામગીરી. મુખ્ય મથકોનો કબજો લેવામાં મહત્વની કામગીરી. રચનાત્મક કાર્ય, રાહતકાર્ય, વિવિધ જનસેવાનાં કાર્યો.

## નાણાવટી, અમૃતલાલ ઠાકોરદાસ

જન્મ : જુલાઈ, 1906. સૂરત.

પિતાના રાષ્ટ્રવાદી સંસ્કાર મળવાથી કિશોરવયે રૉલેટ કાયદા વિરુદ્ધના સરઘસમાં 1919માં ભાગ લીધો. અસહકારની ચળવળમાં શાળા છોડીને નવી સ્થપાયેલી (રાષ્ટ્રીય શાળા) લોકમાન્ય ટિળક વિનય મંદિરમાં જોડાયા. 1924થી 1928 ગૂજરાત વિદ્યાપીઠમાં ભણી સ્નાતક. કાકાસાહેબ કાલેલકરનો ઘનિષ્ઠ સંપર્ક. 1930ની ચળવળ વખતે વિદ્યાપીઠમાં રહી સત્યાગ્રહ છાવણીમાં સેવાકાર્ય. 1932થી 1934 દરમિયાન 4 વાર ધરપકડ અને જેલવાસ. 1932 : મોડાસામાં વિદેશી કાપડની દુકાન પર પિકેટિંગ. ધરપકડ. 6 માસની જેલની સજા. પછી ધરાસણામાં સરકારના જુલમોનાં નિવેદનો લઈ પુસ્તિકા લખી. 1933 : કડોદથી ધરપકડ. 6 માસની જેલની સજા. 1933માં રાસકૂચની ટુકડીમાં જોડાયા. ધરપકડ. 6 મહિનાની જેલ. ત્યાર બાદ ફરી ધરપકડ. 9 મહિનાની જેલ. પરંતુ ચળવળ બંધ પડતાં વહેલા છૂટ્યા. તેમણે અમદાવાદ, વિસાપુર અને નાશિકમાં જેલની સજાઓ ભોગવી. 1935 બારડોલી તાલુકાના સ્યાદલા ગામે ગ્રામસેવા. કાકાસાહેબની સૂચનાથી વર્ધા. 1936થી 1939 સેવાગ્રામ આશ્રમમાં ગાંધીજી સાથે. 1939થી કાકા કાલેલકર સાથે રાષ્ટ્રપ્રચારના કાર્યમાં વર્ધા ખાતે.

## નાણાવટી, કૌશલ્યાબહેન મુકુંદરાય

જન્મ : એપ્રિલ, 1913. કુતિયાણા, જિ. જૂનાગઢ.

અભ્યાસ : ધોરણ 8. મુંબઈમાં સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ધરપકડ. 6 માસની સજા. કુતિયાણામાં વસ્યાં. સામાજિક પ્રવૃત્તિ. સ્ત્રીઓમાં જાગૃતિ લાવવાનું કાર્ય. સર્વોદય કાર્યકર.

## નાણાવટી, નૃસિંહપ્રસાદ કહાનદાસ

જન્મ : 1863. જૂનાગઢ.

અગ્રગણ્ય બાહોશ, ન્યાયપ્રિય વકીલ. જૂનાગઢ રાજ્યના અન્યાયો સામે ઝઝૂમ્યા. વેરાવળના પ્રસિદ્ધ 'બાવા ખૂન કેસ' તથા વેરાવળના પ્રજાવત્સલ સેવાભાવી ડૉ. ખંડેરિયાના ખૂન વખતે આગેવાની લઈને જૂનાગઢ રાજ્ય સામે લડત આપનારાઓના અગ્રણી. જૂનાગઢ પ્રજામંડળના પ્રમુખ – 1928થી 1940. જૂનાગઢ જિલ્લા હરિજન સેવક સંઘના પ્રમુખ તરીકે કાર્ય કર્યું. જૂનાગઢ વકીલ મંડળના પ્રમુખ. વિરમગામ સત્યાગ્રહમાં પોતાની ટુકડી સાથે. જૂનાગઢમાં લોકો તેમને 'બાપા'ના હુલામણા નામથી બોલાવતા. જીવનભર અન્યાયો સામે ઝઝૂમ્યા. અવસાન : 21 જૂન, 1944.

## નાણાવટી, (ડૉ.) પ્રમોદરાય

## છેલશંકર

જન્મ : 1910. જૂનાગઢ.

1930ની મીઠાની લડતમાં ભાગ લેવા બદલ કૉલેજમાંથી બરતરફ. ત્યાર બાદ રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ. આરઝી હકૂમતની લડતમાં મદદ કરી.

## નાણાવટી, મણિબહેન ચંદુભાઈ

જન્મ : 26 ફેબ્રુઆરી, 1905. મુંબઈ.

લગ્ન પછી સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાયાં. તે અગાઉ કુમારિકા સ્ત્રી મંડળનાં મંત્રી. 1930ની ચળવળમાં રેંટિયો ચલાવતાં, ખાદીનું પોટલું લઈને પાર્લાથી અંધેરી ખાદી વેચવા જતાં – પ્રચાર માટે. 1931માં ભગિની સેવા મંદિરમાં ગાંધીજીનો ઉતારો – તેની બધી વ્યવસ્થા માધુરીબહેન અંજારિયા અને મણિબહેને કરી. 1931માં પિકેટિંગ કરતાં ધરપકડ કરી. મુલુંદના જંગલમાં છોડ્યાં, કારણ કે જેલમાં જગા નહોતી. વાહન ન મળવાથી ઘણું ચાલવું પડ્યું. ફરી વિદેશી માલ અને દારૂની દુકાનો પર પિકેટિંગ. ધરપકડ. થાણે જેલમાં અટકાયત. ત્યાર બાદ ગૃહઉદ્યોગ – સાબુ, કાગળ બનાવવા.

## નાણાવટી, મુકુંદરાય એમ.

જન્મ : 1901. જૂનાગઢ.

કુતિયાણા પ્રજામંડળના પ્રમુખ તરીકે ગણનાપાત્ર કામગીરી બજાવી. આરઝી હકૂમત વખતે જૂનાગઢ રાજ્યે થોડો વખત નજરકેદ રાખ્યા. તેમનાં પત્ની કૌશલ્યાબહેન પણ સ્વાતંત્ર્યસેનાની ને સેવાભાવી કાર્યકર્તા હતાં. અવસાન : 8 ફેબ્રુઆરી, 1973ના દિવસે.

## નાણાવટી, રામશંકર લક્ષ્મીદાસ

1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. અમદાવાદથી પચાસેક સત્યાગ્રહીઓની ટુકડી વિરમગામ જવા રવાના થઈ. વઢવાણ કૅમ્પથી બિનજકાતી, ગેરકાયદે મીઠાની થેલીઓ લઈ ગયા. વિરમગામ સ્ટેશને 12-4-1930ના રોજ સત્યાગ્રહી સૈનિકો ઉપર પોલીસો વરુની જેમ તૂટી પડ્યા. તેમાં તેઓ પણ બીજા સત્યાગ્રહીઓ સાથે ઘવાયા હતા.

## નાથાભાઈ નાગરજી

ખોજ, તા. બારડોલી.

1930ની સવિનય કાનૂનભંગની લડતમાં આગળ પડતો ભાગ ભજવ્યો, જેને લીધે તેમની ધરપકડ કરવામાં આવી હતી અને દંડ કરવામાં આવ્યો હતો. તેમણે દંડ ભરવાની ના પાડતાં તેમની જમીન ખાલસા કરી દંડ વસૂલ કર્યો હતો.

## નાથાભાઈ સલાભાઈ

જન્મ : 1921. મુંબઈ.

રૉયલ ઇન્ડિયન નેવીના બળવાને ટેકો. તે અંગેના પ્રજાકીય વિરોધમાં આંદોલનમાં ભાગ લેતાં ફેબ્રુઆરી 22, 1946ના દિવસે મુંબઈમાં ચોકી મહોલ્લા પાસે પોલીસે કરેલા ગોળીબારમાં ઘવાયા. અવસાન : 25 ફેબ્રુઆરી, 1946.

## નાથાલાલ પુરુષોત્તમ

પાણશીણા, જિ. સુરેન્દ્રનગર.

લીંબડી પ્રજામંડળના સક્રિય કાર્યકર્તા. પ્રજામંડળના પ્રચારનું કાર્ય. 8-2-1939ના રોજ રાજ્ય તરફી પ્રેરિત તત્વોએ ઘર પર હુમલો કરી, લોહીલુહાણ. તેમના પરિવારના સૌને મારઝૂડ. ઘરેણાં, કીમતી ઘરવખરી લૂંટી ગયા. હિજરત કરી ગામ છોડી ગયા.

## નાનજીભાઈ કરશનભાઈ

રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. ચાર માસ જેલની સજા ભોગવી.

## નાનજી ભાણજી

જન્મ : 1921. મુંબઈ.

રૉયલ ઇન્ડિયન નેવીના રેટિંગ્સ બળવાને ટેકો આપવા માટેના પ્રજાકીય વિરોધ હિલચાલમાં ભાગ લેતાં ફેબ્રુઆરી 24, 1921ના દિવસે પોલીસની ગોળીના ભોગ બન્યા અને તે જ દિવસે દવાખાનામાં અવસાન પામ્યા.

## નાનજી વિશ્રામ

જન્મ : 1901. મુંબઈ.

રૉયલ ઇન્ડિયન નેવીના બળવાને ટેકો આપવા માટે પ્રજાકીય વિરોધ આંદોલનમાં ભાગ લેતાં ફેબ્રુઆરી 22, 1946ના દિવસે પોલીસ-ગોળીબારથી અવસાન.

## નાનાલાલ છગનલાલ

પાટડી, ઉત્તર ગુજરાત.

1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. 24 મે, 1930ના રોજ પ્રાણજીવનદાસની આગેવાની હેઠળ 75 શૂરા સત્યાગ્રહીઓએ પ્રયાણ કર્યું. પાટડીથી પાંચ માઈલ દૂર જૂના ખારાઘોડામાં કુદરતી મીઠું હતું ત્યાં તેઓ પહોંચી ગયા. તેઓના ઉપર નિર્દયતાપૂર્વક લાઠીચાર્જ કરવામાં આવ્યો. પોલીસો લાકડીઓ માથે ફેરવીને બે હાથે લગાવતા હતા. પહેલો ઘા એમને હાથે પડ્યો. બીજો ફટકો માથા પર પડ્યો. માથામાંથી લોહીની ધાર ચાલી. પછી હાથમાંથી મીઠાની કોથળી છૂટી ગઈ. નાનાલાલ તમ્મર ખાઈને ભોંય ઉપર પડી ગયા.

## નાનીબહેન

નડિયાદ, જિ. ખેડા.

દેશસેવિકા સંઘવાળાં.

1930-32ની ચળવળ દરમિયાન, 6-3-1931ના રોજ ખેડામાં દારૂની હરાજી થવાની હતી. તે સામે નડિયાદ, આણંદ, બોરસદ, મહેમદાવાદ વગેરે સ્થળેથી સેંકડો ભાઈબહેનો ખેડા ગયાં. તારાબહેન મોડક (ભાવનગરનાં) તથા નાનીબહેનની આગેવાની નીચે બહેનોએ ખેડામાં સત્યાગ્રહ કર્યો. પોલીસોએ તેમની પર હુમલો કરી દૂર હઠાવ્યાં. તેથી વેપારીઓ શરમાયા અને હરાજીમાંથી ખસી ગયા. નાનીબહેનની અન્ય ભાઈબહેનો સહિત ધરપકડ થઈ. આખો દિવસ તાપમાં બેસાડી રાખી સાંજે છોડી મૂક્યાં.

## નાનુભાઈ અંબાશંકર

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન વડોદરાથી 18-8-1942ની સવારે 34 યુવાનો લડતનો પ્રચાર કરવા નીકળ્યા. આણંદ અને આસપાસનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો તથા પત્રિકાઓ વહેંચી. સાંજે પાછા ફરતાં અડાસ રેલવે સ્ટેશને પોલીસોએ તેઓના ઉપર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યો. તેમાં નાનુભાઈ સખત લાઠીમારથી ઘાયલ થયા હતા.

## નાયક, અમૃતભાઈ ગુલાબભાઈ

નિવાસ : વાળી, વલસાડ.

અભ્યાસ : શાળાંત. શિક્ષકપરિવારમાં જન્મ. વ્યવસાય : શિક્ષક. ગાંધીજીથી પ્રભાવિત. 1930 : ધરાસણા મીઠા-સત્યાગ્રહ. સ્વયંસેવક દળના વડા. 1942 : મશાલ સરઘસના આગેવાન. 'હિન્દ છોડો'માં સક્રિય. કારાવાસ. મુક્તિ પછી સેવામાં પ્રવૃત્ત.

## નાયક, અમૃતલાલ ખંડુભાઈ

જન્મ : 7 એપ્રિલ, 1916. વેગામ, તા. ગણદેવી, જિ. વલસાડ.

પિતા શિક્ષક હોવાથી શિક્ષણ પ્રત્યે કાળજી રાખી અને ઠાકોરભાઈ દેસાઈ તેમના મિત્ર હોવાથી રાષ્ટ્રવાદની પ્રેરણા મળી. 1942ની લડતમાં કેટલાક કાર્યક્રમોમાં ભાગ લીધો. વિદ્યાર્થીઓ તથા યુવકોના સંગઠનમાં ભાગ, પ્રદાન.

અવસાન : 1947.

## નાયક, ઇચ્છાબહેન નાથુભાઈ

ગડત, તા. ગણદેવી, જિ. નવસારી.

કાર્યક્ષેત્ર : ગણદેવી. 1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવિકા. ખાદી, અસ્પૃશ્યતા-નિવારણ, રૂઢિવાદી સમાજમાંથી બહાર આવવાના સંસ્કાર. પતિ નાથુભાઈ સત્યાગ્રહમાં ભાગ લેતા. 1942ની ચળવળમાં એમનું ગણદેવીનું ઘર લડતની છાવણી બની ગયું. અવસાન : મે, 1947.

## નાયક, ઈશ્વરલાલ કુંવરજી

કછોલી, હોન્ડ, તા. ગણદેવી, જિ. નવસારી.

1930માં મીઠાના કાયદાનો ભંગ કરીને પકડાયા. 3 માસની સખત કેદની સજા.

## નાયક, ઈશ્વરલાલ નાગરજી

જન્મ : 12 એપ્રિલ, 1899. વેગામ, તા. ગણદેવી, જિ. નવસારી.

સ્વાતંત્ર્યપ્રિય, સ્વમાની, આદર્શ શિક્ષક. ઠાકોરભાઈ દેસાઈ સાથે મૈત્રી હોવાથી રાષ્ટ્રવાદી થયા. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં પીંજરા ગામે સત્યાગ્રહ કરી 6 માસની સખત કેદની સજા. ગ્રેજ્યુએટ થઈને શિક્ષક, પછી આચાર્ય. 1942ની ચળવળ શરૂ થતાં ધરપકડ, નાશિક જેલમાં અટકાયત. જેલમાંથી છૂટી ફરી નવસારી હાઈસ્કૂલના આચાર્યપદે. હિન્દીપ્રચાર, સહકારી પ્રવૃત્તિ. અવસાન : 9 નવેમ્બર, 1953.

નાયક, ઉમેદરામ જીવણરામ (ભજનિક)

જન્મ : 22 ફેબ્રુઆરી, 1869. વાંસદા, જિ. સૂરત. અસહકારની ચળવળ દરમિયાન ગાંધીજીના પ્રભાવથી 1922માં તલાટીની સરકારી નોકરીનો ત્યાગ. સાબરમતી આશ્રમમાં જઈને રહ્યા. 1923-1927 : આદિવાસી વિસ્તારમાં રચનાત્મક કાર્યો. 1930ની ચળવળ વખતે રાષ્ટ્રીય ગીતો ગાઈ લોકોને પ્રોત્સાહન. 1930-31 : દારૂબંધીનો ખૂબ વેગથી પ્રચાર. 1931 : મંત્રી, ચીખલી તાલુકા કૉંગ્રેસ સમિતિ. 1932 : ચળવળનો પ્રચાર. ધરપકડ. 1 વર્ષની સખત કેદ. 1933 : હરિજન શિક્ષણનું કાર્ય. 1934થી દારૂબંધી અને લોકશિક્ષણ.

## નાયક, કાળીદાસ રણછોડજી

જન્મ : 9 ફેબ્રુઆરી, 1913. વેગામ, ગણદેવી, જિ. નવસારી.

ઠાકોરભાઈ દેસાઈના સંપર્કથી રાષ્ટ્રભાવનાનો વિકાસ. 1942ની ચળવળમાં ઠાકોરભાઈ દેસાઈ તથા લાલભાઈ નાયકને ગુપ્ત રાખવામાં મુખ્ય ફાળો. જાન્યુઆરી 1943માં ધરપકડ, અટકાયત હેઠળ. 16 મહિના સાબરમતી જેલમાં. ખાદી પહેરવી, સમાજસુધારાની પ્રવૃત્તિ.

## નાયક, કીકુભાઈ ગુલાબભાઈ

જન્મ : 9 નવેમ્બર, 1903. કછોલી, જિ. વલસાડ.

1921માં સરકારી શાળા છોડી રાષ્ટ્રીય શાળામાં જોડાયા. 1930માં દાંડીકૂચના પ્રચારાર્થે ખેડા, ભરૂચ અને સૂરત જિલ્લાનાં ગામોમાં પ્રચારકાર્ય. ધરાસણાના સત્યાગ્રહ માટે અબ્બાસસાહેબની આગેવાની હેઠળની ટુકડીમાં જોડાયા. કરાડીમાં ધરપકડ, મે, 1930. 1932માં જલાલપોર તાલુકાના પ્રથમ સરમુખત્યાર તરીકે ધરપકડ, જેલની સજા તથા દંડ. 1942 : 'હિન્દ છોડો' લડતમાં અમલસાડ રેલવેસ્ટેશને ધરપકડ. પછી 10 મહિના અટકાયતમાં. મુક્તિ બાદ ફરીથી લડતમાં ભાગ. ફરી ધરપકડ. પોલીસોએ કરેલા બેફામ લાઠીમારને કારણે તોફાન થયું અને પોલીસોના જાન જોખમમાં હતા, ત્યારે તેમણે બીજા કાર્યકરો સાથે જાનના જોખમે પોલીસોનો બચાવ કર્યો.

## 1082. નાયક, કીકુભાઈ ગોવિંદજી

સાલેજ, તા. ગણદેવી, જિ. નવસારી.

1942ના સ્વાતંત્ર્યઆંદોલનમાં સક્રિય ભાગ. ભાંગફોડની પ્રવૃત્તિમાં ખૂબ ઉત્સાહ. સરકારી ચોરામાંથી દફ્તર બાળવાં, નાળાં કે પુલો તોડવાં વગેરે રાત્રિ કાર્યક્રમોમાં જોડાતા. વધુ ઊંચાઈ અને પડછંદ કાયાથી પોલીસો ઓળખી જાય એમ વિચારી એમને પોતાની ટુકડીમાં લઈ જવા કોઈ તૈયાર થતા નહિ. બૉમ્બપ્રવૃત્તિની માહિતી પરથી તેમને ઘેર પોલીસદરોડો. કંઈ મળ્યું નહિ. જલાલપોર પોલીસ થાણે જાતે ગયા. કંઈ જાણતા નથી એવી બનાવટી વાતો કરીને છૂટી ગયા.

## નાયક, કીકુભાઈ પરાગજી

જન્મ : આશરે 1922. મલેકપુરમાં, વતન : સાલેજ, તા. ગણદેવી, જિ. નવસારી.

માતાપિતા સ્વાતંત્ર્યપ્રેમી. નવસારીમાં હુન્નર-શાળાના અભ્યાસ દરમિયાન યુવકપ્રવૃત્તિ. 1942ની લડતમાં ભાગ લઈને પત્રિકા વહેંચવી, પિકેટિંગ કરવું વગેરે કાર્યક્રમોમાં સક્રિય ભાગ. 1943માં ધરપકડ અને 7 મહિનાનો કારાવાસ. આગળ ભણ્યા ત્યાર બાદ બૉઇલર એટેન્ડન્ટ બન્યા.

## નાયક, ખંડુભાઈ દુર્લભભાઈ

શામળાવાડી, તા. ગણદેવી, જિ. નવસારી.

અભ્યાસ : છ ચોપડી. વ્યવસાય : ખેતી. 1942ની ચળવળ દરમિયાન ભાંગફોડની પ્રવૃત્તિને સીધા સહાયરૂપ થવાનું કામ. ભાંગફોડના કાર્યક્રમનું આયોજન, તે માટેનાં સાધનો ભેગાં કરવાં અને ગુપ્ત રીતે સાચવી રાખવાં. આગેવાનો પકડાઈ ગયા બાદ અન્ય સ્વાતંત્ર્યસૈનિકોને હિંમત આપવી. ભાંગફોડનાં સાધનો પકડાય નહિ તે રીતે વગેસગે કરવાં. 1944થી તાલુકામાં સહકારી પ્રવૃત્તિ. તાલુકા પ્રજામંડળને વ્યવસ્થિત કરી, પ્રવૃત્તિઓ આગળ ધપાવી. તાલુકાના મૂકસેવક.

અવસાન : 1959.

## નાયક, ખંડુભાઈ મકનજી

જન્મ : 3 ઑક્ટોબર, 1911. અમલસાડ, તા. ગણદેવી, જિ. નવસારી.

મિકેનિકલ એન્જિનિયરિંગનો ડિપ્લોમાનો કોર્સ કર્યો. પિતાશ્રી રાષ્ટ્રવાદી. બાળપણથી દેશભક્તિના સંસ્કાર પ્રાપ્ત. 1930ની ચળવળમાં સભા, સરઘસ, પિકેટિંગ વગેરેમાં ભાગ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં સભા, સરઘસના કાર્યક્રમોમાં સક્રિય. 15મી ઑગસ્ટને દિવસે અમલસાડનાં સરઘસ, પોલીસો સાથે અથડામણ, સ્ટેશને તોફાન, રાત્રે પોલીસે ગામમાંથી સામુદાયિક ધરપકડ કરી તેમાં પકડાયા. તે સાથે એમના પિતાશ્રી તથા મોટા ભાઈ પણ હતા. 20 જણને કસ્ટડીમાં રાખી બાકીનાને મુક્તિ. તેમાં પિતાજી મુક્ત. કેસ ચાલ્યો. બાર જણને સેશન્સ કમિટ. સૂરતથી નડિયાદની સબજેલમાં. ત્યાં જેલરના ખરાબ વર્તન સામે ઉપવાસ. સેશન્સ કોર્ટમાં નિર્દોષ ઠર્યા. ફરીથી અટકાયતી ધારા હેઠળ ધરપકડ. 3 માસ સાબરમતી જેલમાં. ખેતીનો વ્યવસાય, લોખંડની દુકાન.

## નાયક, ખંડુભાઈ મોરારજી

જન્મ : આશરે 1906. વતન : અમલસાડ, જિ. નવસારી.

કાકા ભીખાભાઈ ગાંધીવાદી, રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લેતા તેથી કુટુંબમાં સ્વદેશપ્રેમનું વાતાવરણ. અભ્યાસ અંગ્રેજી ધોરણ 6 સુધી. વ્યવસાય : ખેતી. 1942ના ઑગસ્ટની 15 તારીખે અમલસાડ સ્ટેશને ગામના લોકોનાં સરઘસ અને પોલીસ વચ્ચે અથડામણ. ભાંગફોડ અને તોફાનમાં ભાગ લીધો. રાત્રે

સામૂહિક ધરપકડમાં પકડાયા. 8 માસની કાચી જેલની સજા ભોગવી.
અવસાન : 1971માં 65 વર્ષની વયે.

## નાયક, ખુશાલભાઈ કસનજી

રાંદેર, જિ. સૂરત.

1920ની અસહકારની લડત દરમિયાન સરકારી શિક્ષણસંસ્થાનો બહિષ્કાર કરવા, રાંદેરની મ્યુનિસિપાલિટીની શાળામાંથી એકસામટાં રાજીનામાં આપ્યાં. નવી સ્થપાયેલી રાષ્ટ્રીય શાળામાં જોડાયા. ધામધૂમ વિના, મૂંગા રહીને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં શાંત પ્રદાન.

## નાયક, ગજરાબહેન કીકુભાઈ

જન્મ : આશરે 1910. શામળાવાડી, તા. ગણદેવી, જિ. નવસારી. વતન : કછોલી.

પ્રાથમિક શિક્ષણ. 1930ની ચળવળમાં દારૂતાડીની દુકાનો પર પિકેટિંગ. 1932માં બીજા તબક્કાની ચળવળમાં વધુ સક્રિય. સ્વદેશી અને દારૂબંધીનો પ્રચાર. જલાલપોર અને બારડોલી તાલુકાનાં ગામોમાં ટુકડીમાં ફરીને પ્રચારકાર્ય. બહેનોએ આઝાદીની લડતમાં જોડાવું જોઈએ એવો પ્રચાર કર્યો. બારડોલી તાલુકાના સરભોણ ગામેથી આખી ટુકડીની ધરપકડ. બધાંને 6-6 માસની કેદની સજા. બારડોલી આશ્રમમાં રહીને કૉંગ્રેસ સેવાદળની તાલીમ લીધી. હરિપુરા કૉંગ્રેસ અધિવેશન માટે સ્વયંસેવિકાઓને તાલીમ આપવાના વર્ગો ચલાવ્યા. 1942ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. 2 માસની કેદની સજા.

## નાયક, ગજરાબહેન લાલભાઈ

જન્મ : 1914. ગડત. કાર્યક્ષેત્ર : નવસારી.

અંચેલીના લાલભાઈ ડાહ્યાભાઈ નાયક સાથે લગ્ન. 1932ની લડતમાં પતિની ધરપકડ થતાં કુટુંબને હિજરત કરીને ધમડાછા જવું પડ્યું. 1935થી કાયમ માટે નવસારી. 1942ની લડતમાં ભાંગફોડ માટેની વિસ્ફોટક સામગ્રી ઘરમાં સાચવવામાં ગજરાબહેનનો અગ્રગણ્ય હિસ્સો. પોલીસે અચાનક છાપો મારી ઝડતી લીધી ત્યારે તે સામગ્રી ન મળે એવી રીતે સાચવી.

## નાયક, ગુણવંતરાય લલ્લુભાઈ

જન્મ : આશરે 1920. મોતા, જિ. સૂરત.

1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે સૂરતની એમ.ટી.બી. કૉલેજ છોડી. સૂરત-અનાવિલ આશ્રમમાં રહેતા. તે પછી ભૂગર્ભમાં રહીને હડતાળ, બૉમ્બ, રેલવેના પાટા ઉખાડવા, ટપાલ-કચેરીઓ લૂંટવી, પોલીસ સ્ટેશન બાળવાં વગેરે ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. સૂરતમાં 11 ઑગસ્ટના રોજ પોલીસના હાથે માર ખાધો. નવસારીમાં મફતલાલ મિલની ભૂખ હડતાળ વખતે લાઠીમાર ખાધો. નવસારીની મદરેસા હાઈસ્કૂલ પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. ધરપકડ. 1 દિવસ પછી મુક્તિ. તે પછી બૉમ્બ, લૂંટ, રેલવેમાં ભંગાણ અંગે ધરપકડ. નવસારીની જેલમાં 5 મહિના. ગુજરાતી ફિલ્મ 'કાદુ મકરાણી'ના નિર્માતા. વડોદરામાં ફિલ્મ સ્ટુડિયો સ્થાપ્યો.

## નાયક, ગુલાબભાઈ ખંડુભાઈ

વલસાડ જિલ્લાનું અંબાડા.

'હિન્દ છોડો' ચળવળમાં ભાગ. 1942ના ડિસેમ્બરમાં ધરપકડ થઈ. અટકાયતમાં 10 મહિના રહ્યા.

## નાયક, ગુલાબભાઈ રણછોડજી

જન્મ : 7 ફેબ્રુઆરી, 1902. લુસવાડા, તા. ગણદેવી, જિ. નવસારી.

સત્યાગ્રહની વાતો સાંભળીને તથા વર્તમાનપત્રોમાં સમાચાર વાંચીને સ્વદેશપ્રેમની ભાવના જાગ્રત. 1921ના અસહકારના

આંદોલનમાં પ્રાથમિક શાળાના શિક્ષકની નોકરી છોડી. 1930ની ચળવળ શરૂ થતાં છાપર ગામે મીઠું ઉપાડીને સવિનય કાનૂનભંગ કર્યો. ધરાસણાના મીઠાના અગરો પર ધાડ પાડવા સરોજિની નાયડુના નેતૃત્વ હેઠળ પ્રથમ ટુકડીમાં મીઠું ઉપાડવા ગયા. ધરપકડ. એક માસની કેદની સજા. વરલીની જેલમાં સજા ભોગવી. 1940ના ડિસેમ્બરની 20મી તારીખે વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો. 6 માસની કેદની સજા થઈ. 1942નું 'હિન્દ છોડો' આંદોલન શરૂ થતાં આસપાસનાં ગામોમાં સભા-સરઘસોના કાર્યક્રમો દ્વારા લોકજાગૃતિ. 15 ઑગસ્ટના રોજ ધરપકડ. દોઢ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા 200 દંડ. સાબરમતી અને યરવડા જેલમાં સજા ભોગવી.

## નાયક, (ડૉ.) ગુલાબભાઈ વસનજી

જન્મ : 11 ઑક્ટોબર, 1910. તળાવચોરા, જિ. વલસાડ.

1930થી સત્યાગ્રહોમાં ભાગ. ચીખલી, રાનકૂવા, રાંકલની છાવણીઓમાં લડતનું કામ. પત્રિકાઓ છાપીને વહેંચવી, દારૂનાં પીઠાં પર પિકેટિંગ વગેરે. પત્રિકાપ્રવૃત્તિ માટે ધરપકડ. ત્રણ મહિનાની સજા અને રૂ. 150 દંડ. કૉંગ્રેસની રચનાત્મક પ્રવૃત્તિમાં સક્રિય. 1932 : ચીખલીમાં ધરપકડ. 6 માસની જેલ. 1942 : 'હિન્દ છોડો' લડતમાં ભાગ. ધરપકડ. 6 માસની જેલ. ચીખલી તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી. શિક્ષણ અને સામાજિક સંસ્થાઓમાં સેવા.

## નાયક, ગુલાબભાઈ હરિભાઈ

જન્મ : દિહેણ, જિ. સૂરત.

દિહેણ યુવક મંડળના સભ્ય 1930માં થયા. આ મંડળને સરકારે ગેરકાયદે ઠરાવ્યું હતું. દાંડીકૂચ પછી પિંજરત પાસેના ખારાપાટમાંથી મીઠું ઉપાડવાના સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942માં ભૂગર્ભમાં રહીને કામ કર્યું. પોલીસખાતાએ ફરિયાદ કરવાથી દૂરના ગામડામાં બદલી કરી, એટલું જ નહિ 4 મહિનામાં 3 વખત બદલી કરી હતી.

## નાયક, ગોપાળજી લાલભાઈ

ધનોરી, તા. ગણદેવી, જિ. નવસારી.

શિક્ષણ : ચાર ચોપડી. ખેડૂત પરિવાર. 1930માં સત્યાગ્રહમાં જોડાયા. ધરાસણાના મીઠાના અગરો લૂંટવાની ગાંધીજીની હાકલ સ્વીકારી. પ્રથમ ટુકડીમાં જોડાયા. ધરપકડ. 1 માસની સખત કેદની સજા વરલી જેલમાં ભોગવી.

અવસાન : 1940.

## નાયક, ઘેલુભાઈ ગુલાબભાઈ

વતન : અમલસાડ. કાર્યક્ષેત્ર : ડાંગ જિલ્લો.

ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. રાષ્ટ્રીય ભાવના. 1942ની લડતની શરૂઆતમાં ધરપકડ. ત્રણ મહિના સાબરમતીમાં જેલ ભોગવી. સાબરમતી જેલમાં રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા જેવા સામાજિક સેવકોનો પરિચય થવાથી બહારવટિયા તથા બીજા ગુનેગારોના જીવનનો અભ્યાસ કર્યો. હરિજનસેવા, હિન્દીપ્રચાર, કાંતણની તાલીમ જેવી રચનાત્મક પ્રવૃત્તિમાં વિશેષ રુચિ. ડાંગના લોકોના જીવનનો અભ્યાસ કરી બસો જેટલા લેખો લખ્યા.

## નાયક, ઘેલુભાઈ રણછોડજી

જન્મ : 12 નવેમ્બર, 1909. ગણદેવી, જિ. નવસારી.

અભ્યાસ : ઇન્ટર સાયન્સ સુધી. શિક્ષક, ડી.પી. એડ્. બારડોલી સત્યાગ્રહમાં પત્રિકા વહેંચવી. 1942ની 'હિન્દ છોડો' લડતમાં સક્રિય થવાથી જાન્યુઆરી, 1943માં મુંબઈમાં ધરપકડ. મહિનાઓ સુધી લૉકઅપમાં, તે દરમિયાન સિતમ ગુજાર્યો. વરલી જેલમાં અટકાયતી કેદી,

સાબરમતી જેલમાં બદલી. ડિસેમ્બર, 1944માં જેલમુક્તિ.
અવસાન : 1967.

## નાયક, ચંદ્રકાન્ત કાળીદાસ

જન્મ : 2 ડિસેમ્બર, 1910. વડનગર, જિ. મહેસાણા.

1930-32ના સ્વાતંત્ર્યસંગ્રામમાં દરેક ક્ષેત્રે સક્રિય. ધરાસણાના મીઠાના અગરોમાંથી મીઠું લીધું. સખત લાઠીમાર છતાં મૂઠી ન છોડી. ગુપ્ત ભાગમાં લાઠી મારવાથી બેહોશ. સારવાર. વડનગરથી સૂઢિયા ધરપકડ. છ માસની જેલ. આઝાદી પછી રચનાત્મક પ્રવૃત્તિ. લોકપ્રિય. કારાવાસ. દંડ. તામ્રપત્ર એનાયત થયેલ.

## નાયક, છગનલાલ ખંડુભાઈ

જન્મ : 4 માર્ચ, 1925. વેગામ, તા. ગણદેવી.

1942ના આંદોલનમાં કૉલેજ છોડીને પિતાજી સાથે અષ્ટગામમાં રહ્યા. હડતાળ પડાવવી, સરઘસોમાં જોડાવું, લડત તીવ્ર બનતાં સરકારી ચોરાનાં દફતરો બાળવાં તથા બીજી ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. જાન્યુઆરી, 1943માં સરઘસ કાઢીને પકડાયા. 6 માસની સખત કેદની સજા. તેમાંથી છૂટ્યા બાદ ગ્રૅજ્યુએટ થઈ પ્રૉવિડન્ટ ફંડ ખાતામાં અધિકારી.

નાયક, છગનલાલ ગોપાળજી
વતન : નિયોલ, જિ. સૂરત.

સૂરતના અનાવિલ આશ્રમમાં રહીને રાષ્ટ્રીય શાળામાં અભ્યાસ. અનાવિલ આશ્રમ જપ્ત થતાં, અભ્યાસનો ત્યાગ. 1940થી લડતમાં. કાર્યક્ષેત્ર નવસારી, જલાલપોર હતું. 1940-41ના વ્યક્તિગત સત્યાગ્રહ તથા 1942ની 'હિન્દ છોડો' લડતમાં કુલ 3 વાર જેલ ભોગવી. 'નવજીવન' ટ્રસ્ટની નોકરીમાં વડોદરા ખાતે.

## નાયક, છોટુભાઈ કુંવરજી

ઇચ્છાપોર, તા. ગણદેવી, જિ. નવસારી.

મૅટ્રિક પાસ થયા. કછોલીમાં મામાને ઘેર રાષ્ટ્રપ્રેમના સંસ્કાર મળ્યા. તેમના પિતાએ તલાટીનું રાજીનામું આપેલું. સૂરત અનાવિલ આશ્રમમાં કૉલેજના અભ્યાસ માટે રહ્યા. ત્યાં દેશભક્તિના સંસ્કાર દૃઢ થયા. 1937થી ખાદી પહેરતા. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન હડતાળ પડાવવી, આસપાસનાં ગામોના પટેલોનાં રાજીનામાં લેવાં, સભા-સરઘસો યોજવાં વગેરે પ્રવૃત્તિમાં સક્રિય રહ્યા. તે પછી સાલેજ, વેગામ, સૂપાની ટુકડીઓ સાથે ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. ઇચ્છાપોરના પટેલે ત્યાંના ભાંગફોડમાં જોડાયેલા સાત-આઠ યુવાનોની ધરપકડ થવા દીધી નહિ. તેથી ફોજદારે થાણે બોલાવી, ધમકી આપીને છોડી મૂક્યા. લડત બાદ બી.એસસી. થઈને સચિવાલયના ગૃહવિભાગમાં મદદનીશ તરીકે જોડાઈને આગળ વધતા રહ્યા.

## નાયક, છોટુભાઈ ગુલાબભાઈ

જન્મ : 17 માર્ચ, 1921. અમલસાડ, તા. ગણદેવી, જિ. નવસારી.

1930ના મેમાં દાંડીકૂચ પછી, ગાંધીજીની ધરપકડ થઈ ત્યારથી તેમણે ચા પીવાની છોડી દીધી. મૅટ્રિક સુધી અભ્યાસ. 1938માં હરિપુરા કૉંગ્રેસના અધિવેશનમાં સ્વયંસેવક. 1942ના આંદોલનમાં અમલસાડમાં સભા-સરઘસના કાર્યક્રમો યોજવા. 15 ઑગસ્ટના રોજ અમલસાડમાં નેતાઓને પકડવાથી થયેલાં તોફાનોને કારણે સામુદાયિક ધરપકડ થઈ તેમાં પકડાયા. કાચી જેલમાં 9 મહિના રહ્યા. શક પરથી ફરી વાર ધરપકડ. સાબરમતી જેલમાં અટકાયત. તબિયત ખૂબ નબળી થવા છતાં પેરોલ પર છૂટ્યા નહિ. 4 માસ જેલમાં, તે દરમિયાન રવિશંકર મહારાજ, ગ. વા. માવળંકર, નરહરિભાઈ પરીખ, વલ્લભભાઈ પટેલ વગેરેનો પરિચય. જેલમુક્તિ બાદ

જુગતરામ દવેની સલાહ મુજબ આહવા (ડાંગ) જઈને આદિવાસીઓના ઉત્કર્ષ વાસ્તે જીવન સમર્પણ.

## નાયક, છોટુભાઈ મોરારજી

જન્મ : 1914. કછોલી, તા. ગણદેવી, જિ. નવસારી.

માધ્યમિક શાળા સુધીનો અભ્યાસ. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં પ્રભાતફેરી, સભાઓ, સરઘસો વગેરેમાં સક્રિય ભાગ લેતા. કેટલાક યુવાનોએ મીઠાના કાયદાનો ભંગ કર્યો. તેમણે કાયદાભંગ નહોતો કર્યો છતાં ધરપકડ થઈ અને 3 મહિનાની કેદની સજા ભોગવી. ગાંધી-ઇર્વિન કરાર થવાથી છૂટ્યા. 1937થી નવજીવન મુદ્રણાલયમાં જોડાયા.

નાયક, છોટુભાઈ (ઉર્ફે ડાહ્યાભાઈ) લલ્લુભાઈ

વતન : તળોધ. તા. ગણદેવી, જિ. નવસારી.

પિતા વાંદરા(મુંબઈ)માં પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક. મિત્ર દ્વારા દેશભક્તિનો પ્રભાવ. ગાંધીજીએ દાંડીકૂચ બાદ ધરાસણાના મીઠાના અગરો પર ધાડ પાડવાનો ઇરાદો જણાવ્યો. તેમની ધરપકડ બાદ અબ્બાસ તૈયબજીની પહેલી ટુકડી ધરાસણાના અગર ઉપર હલ્લો કરવા ગઈ તેમાં પણ જોડાયા. ધરપકડ. 3 મહિનાની જેલ ભોગવી.

## નાયક, ઠાકોરભાઈ છીમાભાઈ

કછોલી.

કુટુંબના વડીલોની ચેતવણીની અવગણના કરીને 1942ની લડતમાં ધીરુભાઈ રણછોડજી વશી અને ઠાકોરભાઈ ખંડુભાઈ નાયક સાથે ગેરકાયદે ઠરેલી કૉંગ્રેસની પુણેની સભામાં હાજર રહેવા ગયા. ત્યાં આગાખાન પૅલેસ કૂચમાં ભાગ લીધો. ત્યાં એમની ધરપકડ થઈ. પંદરેક દિવસ જેલમાં રાખી છોડી મૂકવામાં આવ્યા.

## નાયક, ઠાકોરભાઈ ડાહ્યાભાઈ

જન્મ : 3 માર્ચ, 1915 આશરે. શામળાવાડી.

ગણદેવી હાઈસ્કૂલમાં અંગ્રેજી 7 ધોરણ સુધી અભ્યાસ. 1939-40માં ખેડૂતોનું સહકારી મંડળ સ્થાપ્યું. 1942ની ચળવળમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. લાલભાઈ નાયક અને ઠાકોરભાઈ દેસાઈને પોતાના બંગલામાં ગુપ્ત રાખ્યા. ગણદેવી તાલુકાની ભાંગફોડિયા ટોળીમાં જોડાયેલા. બંગલા પાસેથી ઘણા કાર્યકરોની ધરપકડ. જુલાઈ માસમાં સૂરતની પોલીસને સોંપ્યા. સાબરમતી જેલમાં અટકાયત હેઠળ.

## નાયક, ઠાકોરભાઈ મગનલાલ

કછોલી, તા. ગણદેવી.

કિશોરવયથી રાષ્ટ્રસેવાનો રંગ. વ્યાયામનું શિક્ષણ લીધું. ગ્રીષ્મવ્યાયામ વર્ગોમાં અનેક યુવકોને વ્યાયામનું શિક્ષણ આપ્યું. હરિપુરા કૉંગ્રેસ અધિવેશન(1938)માં સ્વયંસેવકોની ટુકડીના નેતા. 1942માં વેડછી આશ્રમમાં અભ્યાસ કરતા હતા. વાલોડમાં 14મી ઑગસ્ટના સરઘસમાં જોડાયા. 15 માણસો સહિત તેમની ધરપકડ. 1 માસની કેદ, સાબરમતી જેલમાં ભોગવી. છૂટીને ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. તેમને પકડવા પોલીસનો તેમને ઘેર દરોડો. ગેરહાજર. તેમના પિતાશ્રીને પકડી ગયા. લડત પછી સૂરતની જીવનભારતીમાં વ્યાયામ શિક્ષક.

## નાયક, ડાહ્યાભાઈ જીવણજી

જન્મ : 1901. ભાંડુત, તા. ઓલપાડ, જિ. સૂરત.

અસહકારની ચળવળમાં કૉલેજ છોડી. રાષ્ટ્રીય ચળવળમાં ઝંપલાવ્યું. યુવાનોની ટુકડી બનાવી વિદેશી કાપડની દુકાનો તથા દારૂનાં પીઠાં પર પિકેટિંગ. ધરપકડ. જેલવાસ. એક વર્ષની સજા. દાહોદ જઈને ભીલ સેવામંડળના આજીવન

સેવક બન્યા. મીરાખેડી(જિ. દાહોદ)ને કર્મભૂમિ બનાવી. 1930ની ચળવળમાં ભાગ. 9 માસની જેલ. દુષ્કાળ રાહત કાર્યો. 1934માં ભીલ સેવા મંડળના મંત્રી બન્યા. 1942માં ‘હિન્દ છોડો’ લડતમાં યરવડા જેલમાં અટકાયતમાં. 1960માં પદ્મશ્રીનો ઇલકાબ એનાયત. સંસદસભ્ય (1962-67). ભીલ સેવા મંડળ અને હરિજન સેવકસંઘના પ્રમુખ. 1977થી 1986 ગૂજરાત વિદ્યાપીઠના ઉપકુલપતિ રહ્યા.
અવસાન : 29 મે, 1994.

## નાયક, ડાહ્યાભાઈ પરાગજી

જન્મ : 3 મે, 1897. વેગામ, તા. ગણદેવી.

અભ્યાસ : ગુજરાતી 7 ધોરણ. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ થતાં તલાટીની સરકારી નોકરીમાંથી રાજીનામું. 1937માં કૉંગ્રેસનું પ્રધાનમંડળ રચાયું તેણે ફરીથી નોકરીમાં લીધા. 1942ની ચળવળ દરમિયાન કૉંગ્રેસી આગેવાનોના સંપર્કમાં રહેતા અને જરૂરી સગવડો કરી આપતા. સરકાર તરફની ખાનગી બાતમી સ્થાનિક કાર્યકરોને આપતા. પરોક્ષ રીતે મદદ કરતા.

## નાયક, દયાળજી કલ્યાણજી

જન્મ : 15 સપ્ટેમ્બર, 1919. વેગામ, તા. ગણદેવી.

1942ની ‘હિન્દ છોડો’ ચળવળ વખતે ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો હતો. ત્યારથી ખાદી પહેરવાનો નિયમ પાળ્યો. વેગામની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક.

## નાયક, દયાળજી ગોવિંદજી

જન્મ : 18 માર્ચ, 1924. શામળાવાડી, તા. ગણદેવી.

અભ્યાસ : ધોરણ 10. 1942માં ‘હિન્દ છોડો’ આંદોલનમાં હાઈસ્કૂલમાં હડતાળ પડાવવા પિકેટિંગ કર્યું. ધરપકડ. 3 માસની જેલ. 6 દિવસમાં છોડી મૂક્યા. ત્યાર બાદ સભા, સરઘસ, પિકેટિંગ સહિત રાત્રે ચોરા, પોસ્ટ વગેરે બાળવાનાં કાર્યક્રમોમાં સક્રિય ભાગ. જાન્યુઆરી, 1943માં એક રાત્રે ભાંગફોડ કરીને પાછા ફરતાં, મુકામને ઘેરીને બેઠેલી પોલીસે બધા સાથીઓને પકડીને નવસારીના લૉકઅપમાં. ગુનો કબૂલ કરાવવા અસહ્ય મારપીટ, ગુપ્ત અંગ પર સોટીથી માર્યા, ત્યાંથી નવસારીની જેલમાં 6 માસ અટકાયતમાં રાખ્યા બાદ વડોદરા રાજ્યની પોલીસે સૂરત જિલ્લાની પોલીસને સોંપ્યા. ત્યાં 3 માસ પૂરી રાખ્યા બાદ, કેસ ચલાવી 6 માસની સખત કેદની સજા. તે સાબરમતી જેલમાં ભોગવી. ત્યાર બાદ મૅટ્રિક પાસ થઈ બીલીમોરાની હાઈસ્કૂલમાં શિક્ષક.

## નાયક, દયાળજી રણછોડજી

જન્મ : 1914. ખખવાડા, તા. ગણદેવી.

અભ્યાસ : ધોરણ 9. 1930ની ચળવળમાં ભાગ લેવા માટે ગૃહત્યાગ. સાયણ ગામે સત્યાગ્રહ છાવણીમાં સૈનિક તરીકે જોડાયા. ગેરકાયદે સરઘસ કાઢવા બદલ ધરપકડ, દોઢ મહિનો કેદમાં રાખીને છોડ્યા. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળ વખતે સભા, સરઘસ, પિકેટિંગમાં ભાગ લેવા ઉપરાંત રાત્રે રેલવેનાં નાળાં તોડવાં, સરકારી ચોરા બાળવા વગેરે ભાંગફોડના કાર્યક્રમોમાં સક્રિય. ગામમાં પોલીસ પટેલનું રાજીનામું મેળવવા માટે મિત્રો સાથે ઉપવાસ કર્યા.
અવસાન : 1965.

## નાયક, દયાળજી રણછોડજી

જન્મ : 7 ઑક્ટોબર, 1897. વેગામ, તા. ગણદેવી.

અભ્યાસ વર્નાક્યુલર ફાઇનલ. 1917માં પ્રાથમિક શાળાના શિક્ષક બન્યા. 1921માં

અસહકારની ચળવળમાં ગાંધીજીની હાકલને અનુસરીને સરકારી શાળાના શિક્ષક તરીકે રાજીનામું. મુનસાડ ગામમાં રાષ્ટ્રીય શાળા બંધ પડવાથી સમાજોપયોગી કામો કર્યાં. મુંબઈ ઇલાકામાં કૉંગ્રેસનું પ્રધાનમંડળ રચાયા બાદ 1938માં ફરીથી નોકરીમાં લેવાયા. નિવૃત્તિ બાદ વતન મુનસાડમાં વસવાટ.

## નાયક, દોલતરાય ડાહ્યાભાઈ

જન્મ : 2 જૂન, 1921. પિંજરત, તા. ઓલપાડ.

માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ સૂરતમાં. 1930ની ચળવળમાં વાનરસેનામાં જોડાઈ દેશભક્તિના સંસ્કાર પામ્યા. 1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વચ્છતા વિભાગમાં સ્વયંસેવક. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળ શરૂ થતાં સૂરતની કૉલેજમાંથી સરઘસ કાઢી ચોક સુધી જતાં સખત લાઠીમાર. પછી ગણદેવી જઈને છાવણીમાં જોડાયા. પટેલ-તલાટીનાં રાજીનામાં મેળવવાં, આંતલિયા ગામે પોલીસ પટેલનું રાજીનામું મેળવવા સાથીઓ જોડે ઉપવાસ પર ઊતર્યા. થોડા સમય બાદ ગણદેવીના કાર્યકરો સાથે રાત્રે ભાંગફોડ કરવી, ચોરાનું દફ્તર બાળવું વગેરે. પછી ઓલપાડ જઈને ભાંગફોડની પ્રવૃત્તિઓ શરૂ કરી. ગુપ્ત પત્રિકા કાઢવા લીધેલા સાઇક્લોસ્ટાઇલ મશીન સાથે પોલીસે પકડ્યા. મારીને છોડી મૂક્યા. મશીન

લઈ લીધું. 1944થી ફરી અભ્યાસ. કૉંગ્રેસ સેવાદળમાં તાલીમ લીધી. તાલીમ આપવા પોતે શિબિરો યોજી. સમાજવાદી વિચારસરણી તરફ આકર્ષણ. શ્રી દયાળજી વિદ્યાર્થી આશ્રમ સૂરતમાં ગૃહપતિ.

## નાયક, ધીરુભાઈ ગુલાબભાઈ

ગડત, તા. ગણદેવી, ધનોરી.

ગણદેવી હાઈસ્કૂલના શિક્ષક ગુલાબભાઈ મહેતા પ્રખર રાષ્ટ્રવાદી હતા. એમણે પોતાના શિક્ષણકાર્ય દરમિયાન ગણદેવીના અનેક વિદ્યાર્થીઓને દેશભક્ત બનાવ્યા. તેમાંના એક ધીરુભાઈ. તેથી કિશોરવયથી ખાદીધારી બન્યા. હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક. 1942ની ચળવળમાં અભ્યાસ છોડી હડતાળ પડાવવા શાળા ઉપર પિકેટિંગ. પત્રિકાઓ વહેંચવી, સરઘસોમાં ભાગ. લડત બાદ બી.ટેક્સ્ટ થઈ વીવિંગ માસ્ટર અને ફૅક્ટરી મૅનેજર. વિદેશોનો પ્રવાસ.

## નાયક, ધીરુભાઈ ડાહ્યાભાઈ

જન્મ : 1922. શામળાવાડી, તા. ગણદેવી. અભ્યાસ : ગણદેવીમાં. 1942માં મૅટ્રિકમાં ભણતા હતા. ચળવળ શરૂ થતાં ગણદેવી હાઈસ્કૂલ બંધ કરાવવા પિકેટિંગ, સભા-સરઘસના કાર્યક્રમોમાં પણ આગળ. પોલીસ રોજ પકડે ને સાંજે છોડી મૂકે. ત્રીસ વિદ્યાર્થીઓ સાથે એમની ધરપકડ. 3 માસની સજા, નવસારી સબજેલમાં, 6 દિવસ બાદ મુક્ત કર્યા. 4 જાન્યુઆરી, 1943ના રોજ ભાંગફોડની પ્રવૃત્તિના શક ઉપરથી નવસારી સબજેલમાં 6 માસ પૂરી દીધા. મુક્તિ બાદ બી.કૉમ. થયા. ખાંડ ઉદ્યોગમાં નોકરી.

## નાયક, ધીરુભાઈ ડાહ્યાભાઈ

જન્મ : 28 ઑગસ્ટ, 1912. અંચેલી, આશોદલા, જિ. સૂરત.

સૂરત અનાવિલ આશ્રમમાં રહીને સાર્વજનિક હાઈસ્કૂલમાં અભ્યાસ. 1930ની ચળવળમાં આંટ ગામની સત્યાગ્રહ છાવણીમાં રહીને ખાદીપ્રચાર, દારૂનિષેધ વગેરે પ્રવૃત્તિ કરતા. ધરાસણાના મીઠાના અગરો લૂંટવા ગયા, ધરપકડ, 1 માસની સજા વરલીની જેલમાં ભોગવી. ત્યાર બાદ અમલસાડ છાવણીમાં ગયા. ત્યાં દારૂના પીઠા પર પિકેટિંગ કરતાં

સખત માર ખાધો. પછી કરાડીની છાવણીમાંથી ધરપકડ. 7 માસની સખત કેદની સજા. ગાંધી-ઇર્વિન કરાર થવાથી 3 માસ બાદ મુક્તિ. 1932માં ફરી લડત શરૂ થતાં સત્યાગ્રહ છાવણીમાં પોતાને ગામ જઈ જોડાતાં, ધરપકડ. અમાનુષી માર પડ્યો. 6 માસની સખત કેદની સજા. છૂટ્યા બાદ ગુપ્ત પત્રિકા છાપવાની સામગ્રી સાથે ધરપકડ. નવસારી સબજેલમાં 3 માસ રાખ્યા બાદ સૂરતમાં કેસ ચલાવી 1 વર્ષની કેદ અને રૂ. 500 દંડ અથવા 6 માસની વધુ કેદ. 1934માં મિત્રો સાથે જલાલપોરમાં સત્યાગ્રહ કરીને પકડાયા અને 1 વર્ષની સખત કેદની સજા સાબરમતી જેલમાં ભોગવી. 1942ની ચળવળમાં કિશોરલાલ મશરૂવાળાને મળવા વર્ધા મોકલ્યા. સરકારી મિલકતોનો નાશ કરવાની છૂટ. તેની લાખો નકલો દેશમાં પ્રચલિત. ધરપકડ વહોરી. 1 વરસની કેદની સજા સાબરમતી જેલમાં ભોગવી. નવજીવન પ્રેસમાં મૅનેજર. 1972માં નિવૃત્ત.
નિધન થયેલ છે.

## નાયક, ધીરુભાઈ ભીમભાઈ

જન્મ : 13 જૂન, 1920. ગડત, તા. ગણદેવી.

અભ્યાસ : મૅટ્રિક નાપાસ. 1942ની ‘હિન્દ છોડો’ની લડતમાં. નોકરી છોડીને હાઈસ્કૂલ પર પિકેટિંગ, સભા, સરઘસો વગેરેમાં સક્રિય થયા. 2 વાર પકડાયા. ત્યાર બાદ ગણદેવી અને આસપાસના વિસ્તારોમાં ભાંગફોડમાં જોડાયા. ગડત ગામે સભા ભરી, લોકોની ઉશ્કેરણીના આરોપ હેઠળ રૂ. 50ના દંડની સજા. ત્યાર પછી ભાંગફોડમાં સક્રિય રહ્યા. 10 જાન્યુઆરી, 1943ના રોજ રાત્રે ધરપકડ. 4 મહિના કસ્ટડીમાં, તે પછી નવસારી સબજેલમાં, 3 મહિના અટકાયત.

## નાયક, નરહરિશંકર છોટુભાઈ

રાંદેર, જિ. સૂરત.

1920-21ની અસહકારની લડત દરમિયાન સરકારી શિક્ષણ સંસ્થાઓના બહિષ્કારની પ્રવૃત્તિ માટે રાંદેરની મ્યુનિસિપલ શાળામાંથી એકસામટાં રાજીનામાં આપ્યાં. નવી સ્થપાયેલી રાષ્ટ્રીય શાળાની કામગીરી સ્વીકારી. તે ઉપરાંત બધી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સહકાર આપતા.

નાયક, નાથુભાઈ કાળાભાઈ ‘નાથુ કાલે’

જન્મ : 6 એપ્રિલ, 1907. વેગામ, તા. ગણદેવી. ઠાકોરભાઈ દેસાઈ સાથેના સંબંધને લીધે રાષ્ટ્રવાદની અસર. 1942માં ‘હિન્દ છોડો’ ચળવળ શરૂ થઈ ત્યારે નવસારી મણિ મુદ્રણાલયમાં નોકરી. પોલીસ ઇન્સ્પેક્ટરે પ્રેસની ઝડતી લઈ વાંધાજનક કંઈ ન મળવા છતાં સંચાલક સોમાભાઈ દેસાઈ સહિત નાથુભાઈની ધરપકડ કરી. નવસારી સબજેલમાં 6 માસ અટકાયતમાં રાખી છોડી દીધા. ખાદીધારી. અવસાન : 1958.

## નાયક, નાથુભાઈ નારણજી

જન્મ : આશરે 1912. ગડત, તા. ગણદેવી.

માધ્યમિક શિક્ષણ લીધા બાદ વડોદરામાં ખેતીવાડી ઇન્સ્ટિટ્યૂટમાં એક વર્ષ તાલીમ. 1942ની ચળવળમાં સક્રિય ભાગ લેવા ગણદેવીમાં રહ્યા. જાન્યુઆરી, 1943માં અન્ય કાર્યકરો સાથે ધરપકડ, 14 મહિના કારાવાસ ભોગવ્યો. પછી સહકારી પ્રવૃત્તિ, ગણદેવી તાલુકા પ્રજામંડળની પ્રવૃત્તિ વગેરે.

## નાયક, નાનુભાઈ અંબેલાલ

જન્મ : 1911. કછોલી, તા. ગણદેવી.

ગામના વાતાવરણથી રાષ્ટ્રવાદની ભાવના પેદા થઈ. ગણદેવીમાં માધ્યમિક શિક્ષણ. 1930માં સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાયા. ઓલપાડ તાલુકાના સાયણની છાવણીમાં રહીને સભા, સરઘસ, પ્રભાતફેરી, ખાદીપ્રચાર, દારૂતાડી નિષેધની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ.

1932ની ચળવળમાં અમદાવાદ ગયા. ત્યાં પત્રિકા વહેંચતાં ધરપકડ, 6 માસની સખત કેદની સજા થઈ. તે સાબરમતી જેલમાં ભોગવી. તે દરમિયાન ગાંધી-સાહિત્યનો અભ્યાસ. રચનાત્મક પ્રવૃત્તિમાં વિશેષ રસ. બળદ-ઘાણીની તાલીમ વર્ધામાં લીધી. ગ્રામોદ્યોગ પ્રવૃત્તિને પ્રોત્સાહન. 1942ની ચળવળમાં ચોરા બાળવા, ટપાલ લૂંટવી, રેલવેનાં નાળાં તોડવાં વગેરે ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. સાથીઓ પકડાઈ જવાથી પોતે કરાડીમાં સરઘસ કાઢી કાયદાભંગ કરી ધરપકડ વહોરી. 9 માસની સખત કેદની સજા ભોગવી. સજા સાબરમતી જેલમાં ભોગવી.

## નાયક, નાનુભાઈ કલ્યાણજી

જન્મ : 11 એપ્રિલ. સામળાવાડી, તા. ગણદેવી.

માધ્યમિક શિક્ષણ ગણદેવી હાઈસ્કૂલમાં. 1942ની ચળવળ દરમિયાન સભા, સરઘસ વગેરે કાર્યક્રમોમાં ભાગ લીધો. સામળાવાડીમાં સામૂહિક ધરપકડ થઈ તેમાં પકડાયા. 11 દિવસ ગણદેવી લૉક-અપમાં, ત્યાંથી નવસારીની સબજેલમાં, ત્યાં 6 માસ રાખ્યા બાદ સૂરતની પોલીસને સોંપ્યા. સૂરતની પોલીસે 1 અઠવાડિયામાં છોડી દીધા.

## નાયક, નારણજી નાગરજી

જન્મ : 1911. કસ્બા (પાર), તા. નવસારી. વતન : ખખવાડા.

1930ની લડત વખતે હાઈસ્કૂલનો અભ્યાસ છોડી સાયણ સત્યાગ્રહ છાવણીમાં સૈનિક તરીકે નામ નોંધાવ્યું. ગેરકાયદેસર સરઘસ કાઢી કાનૂનભંગ કરવા બદલ ધરપકડ કરી, છ માસથી વધુ સમયની સખત કેદની સજા. 1942ની લડતમાં શરૂઆતથી જ સભા, સરઘસ, પિકેટિંગ વગેરે કાર્યક્રમોમાં ભાગ લેતા હતા. તે પછી ભાંગફોડના કાર્યક્રમમાં પણ જોડાયા. તે પછી ખેતી અને રચનાત્મક પ્રવૃત્તિ. અવસાન : 1963.

## નાયક, નિછાભાઈ રણછોડજી

જન્મ : 1887. અમલસાડ, તા. ગણદેવી.

'મામા' હુલામણું નામ. પ્રાથમિક શિક્ષણ. 1930ની લડત વખતે દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ, સભા-સરઘસ વગેરે કાર્યક્રમો ગામેગામ ફરીને યોજ્યાં. વાંઝણા ગામે ભાષણ કરવાના ગુના હેઠળ ધરપકડ. 6 માસની સખત કેદ. કોર્ટના કાગળ પર સહી કરવાની ના પાડવાથી કોર્ટનો તિરસ્કાર કરવાના કેસમાં 1 મહિનાની સજા. યરવડા જેલમાં સજા ભોગવી. ત્યાં જેલના અધિકારીઓનાં વલણ સામે ઉપવાસ.

## નાયક, નિછુભાઈ ખંડુભાઈ

જન્મ : 1917 આશરે. સોનવાડી.

1930-32માં ગણદેવી તાલુકામાં ચાલેલા સત્યાગ્રહમાંથી પ્રેરણા લઈને દેશભક્ત બન્યા. ખાદીધારી થયા. 1942માં 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેવા ટી.ડી.નો અભ્યાસ છોડ્યો. ગણદેવી જઈને સભા-સરઘસ, હાઈસ્કૂલ ઉપર પિકેટિંગ. ગામેગામ યુવકો સાથે ફરીને પટેલોનાં રાજીનામાં લેવાના કાર્યમાં જોડાયા. ગુપ્ત પત્રિકા વહેંચવી. લડત બાદ શિક્ષક. સમાજસેવા.

## નાયક, નીલકંઠ ઘેલાભાઈ

જન્મ : 1916. વતન : જલાલપોર, જિ. વલસાડ.

અભ્યાસ : મૅટ્રિક સુધી.

1920-21ની અસહકારની ચળવળ દરમિયાન વિદેશી કાપડની હોળી તથા સ્વદેશી માલના પ્રચારમાં સક્રિય. 1930ની લડતમાં શાળાઓમાં હડતાળ પડાવવામાં નેતૃત્વ. 1942ની ચળવળ દરમિયાન અમદાવાદના અનેક ભૂગર્ભ કાર્યકરોને પોતાના ઘરમાં આશ્રય આપ્યો.

## નાયક, પરાગજી ડાહ્યાભાઈ

જન્મ : 9 ઑક્ટોબર, 1916. સામળાવાડી, તા. ગણદેવી.

મૅટ્રિક પાસ. ગણદેવીમાં ખેડૂતોનું સહકારી સંગઠન કર્યું. ત્યાં ખાદીભંડાર ચલાવતા. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાંગફોડના કાર્યક્રમોની યોજના ઘડતા અને સંચાલન કરતા. વધુ જોખમી કામોમાં જાતે જઈ સફળ સંચાલન કરતા. 4 જાન્યુઆરી, 1943ના દિવસે સાથીઓ સહિત ધરપકડ. નવસારી, સૂરત અને સાબરમતીની જેલોમાં કુલ 15 મહિના અટકાયત. છૂટ્યા બાદ ખાદીપ્રચાર, અસ્પૃશ્યતાનિવારણ, મદ્યનિષેધ વગેરે રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય. ખેતી વિકાસ સહકારી સંઘની પ્રવૃત્તિઓમાં સક્રિય. ખેતી વિકાસ સહકારી સંઘની સ્થાપના. વલસાડ જિલ્લાના આગેવાન.

## નાયક, પરાગજી ભીમભાઈ

જન્મ : 1885. વેગામ.

1930માં ધરાસણામાં મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. લાઠીમાર ખાધો. ગામના હરિજનોના જૂથને લઈને સૌપ્રથમ એમણે પોતાના ગામમાં મંદિર પ્રવેશ કર્યો હતો.

અવસાન : 1956.

## નાયક, પુષ્પાબહેન નીલકંઠ

જન્મ : 1921. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : બી.એ.. 1942ની લડત વખતે મુંબઈમાં સ્વયંસેવક. 15 ઑગસ્ટની સભામાં અશ્રુવાયુના સપાટામાં. લડત ચાલુ હતી ત્યાં સુધી કૉંગ્રેસના કાર્યકર.

## નાયક, બચુભાઈ

સૂરત.

1942માં જૈન હાઈસ્કૂલમાં વિદ્યાર્થી મંડળની સ્થાપના. મંડળના પ્રમુખ ચૂંટાયા. 1942ની લડતમાં ભાગ લઈ વિદ્યાર્થીઓને ભાગ લેવા સમજાવતા. બીજા વિદ્યાર્થીઓ સહિત જેલમાં ગયા. 6 મહિનાની સજા થઈ. માતુશ્રી બીમાર થતાં પેરોલ પર છૂટીને સૂરત આવ્યા. તે પણ ક્ષય રોગના ભોગ બન્યા.

અવસાન : 30મી જાન્યુઆરી, 1943.

## નાયક, બચુભાઈ દુલ્લભભાઈ

જન્મ : 1920 આશરે. અંચેલી, તા. ગણદેવી.

કાકા રામભાઈની અસરથી રાષ્ટ્રીય ભાવના. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં ગણદેવી તાલુકામાં ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. સરકારી ચોરાનું દફ્તર બાળવું. બૉમ્બની હેરાફેરી તથા રેલવેમાં ભંગાણ કરવું. વધુ જોખમનાં કામો કરતા. નીડરતા. ધરપકડમાંથી બચી ગયા હતા.

## નાયક, બળવંતરાય (નટુભાઈ) ઘેલાભાઈ

જન્મ : 11 ઑક્ટોબર, 1922. વેગામ, તા. ગણદેવી.

પિતાશ્રી ઠાકોરભાઈ દેસાઈના મિત્ર હોવાથી રાષ્ટ્રવાદની પ્રેરણા. હરિપુરા કૉંગ્રેસમાં સ્વયંસેવક. ખાદી પહેરવા માંડી. રાજકીય પ્રવૃત્તિમાં સક્રિય. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ. ભોંયભડાકા (ભોંયફટાકડા) બનાવવામાં નિષ્ણાત. મુખ્યત્વે એ કામ એમને હસ્તક. તેનો ઉપયોગ સરકારી ચોરા બાળવામાં થતો. જાન્યુઆરી, 1943માં ધરપકડ. હિંદ સંરક્ષણ ધારા હેઠળ અટકાયત. 16 મહિના કારાવાસ ભોગવ્યા બાદ મે, 1944માં છૂટ્યા. ત્યાર બાદ પ્રૌઢશિક્ષણના વર્ગો ચલાવવા, ખાદીનું વેચાણ, હરિજનોને મંદિરપ્રવેશ જેવાં રચનાત્મક કાર્યો. તે સાથે એમ.એસસી., પીએચ.ડી. થયા.

વલસાડની એન.કે.એમ. સાયન્સ કૉલેજના આચાર્ય હતા.

## નાયક, બળવંતરાય દયાળજી

જન્મ : 1921. ગણદેવી.

1930ની ચળવળ વખતે વાનરસેનામાં જોડાયા. સત્યાગ્રહી સૈનિકોની છાવણી પાસે હોવાથી રાષ્ટ્રભાવના જાગ્રત. 1942ની લડત વખતે સૂરતમાં કૉલેજમાં અભ્યાસ. 9 ઑગસ્ટના વિશાળ સરઘસમાં જોડાયા. સખત લાઠીમાર સહન કર્યો. કૉલેજ બંધ. ગામમાં આવી સભા-સરઘસોમાં ભાગ. પાછળથી ભાંગફોડની પ્રવૃત્તિ શરૂ થઈ. પરંતુ પોતે અહિંસાવાદી હોઈ તેમાં ન જોડાયા. પત્રિકાપ્રવૃત્તિ વગેરેમાં કામ કર્યું. લડત બાદ બી.એસસી. થઈ શિક્ષક થયા.

## નાયક, બળવંતરાય લલ્લુભાઈ

જન્મ : 1917. ધનોરી, તા. ગણદેવી, જિ. નવસારી.

વડોદરા અને સૂરતમાં ઉચ્ચશિક્ષણ લઈ બી.એ., એલએલ.બી. 1942નું 'હિન્દ છોડો' આંદોલન શરૂ થતાં કૉલેજ છોડી, ધનોરી જઈ મગનલાલ મણિભાઈ નાયક સાથે સત્યાગ્રહ પત્રિકાનું સંપાદન કાર્ય. તેનું સ્થળ વખતોવખત બદલતા. નવસારીમાં મણિ મુદ્રણાલયમાં બેઠા હતા ત્યારે પોલીસે દરોડો પાડી તેના મૅનેજર સોમાભાઈ દેસાઈ સાથે એમને પણ પકડીને નવસારી જેલમાં પૂરી દીધા. ભાંગફોડ તથા સરકારને ઉથલાવવાનું કાવતરું કર્યાનો કેસ. નિર્દોષ છૂટ્યા. પછી વકીલાત. ડિસ્ટ્રિક્ટ જજ.

## નાયક, બાપુભાઈ જોગીભાઈ

વતન : સરભણ, જિ. સૂરત.

1942માં શિક્ષકની નોકરીમાંથી રાજીનામું આપી ભાંગફોડની પ્રવૃત્તિ કરી. નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા. 1946માં પાછા શિક્ષક તરીકે લેવાયા.

## નાયક, બાલુભાઈ નારણજી

જન્મ : ચીખલી, જિ. વલસાડ.

1921માં સહકારી પ્રાથમિક શાળા છોડી રાષ્ટ્રીય શાળામાં દાખલ થયા. 1930માં મૅટ્રિકની પરીક્ષા બાકી હતી ને રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં દાખલ થયા. નર્મદાશંકર પંડ્યાની આગેવાની હેઠળ ખાદીપ્રચાર, પિકેટિંગ વગેરે પ્રવૃત્તિ. ધરાસણા સત્યાગ્રહમાં ભાગ લીધો. સરઘસની આગેવાની લેતાં પકડાયા. નવ મહિનાની સજા; રૂ. 100 દંડ અથવા વધુ 3 મહિનાની સજા. ચીખલીમાં સૂરત જિલ્લા રાજકીય પરિષદની સ્વાગત સમિતિના મંત્રી હતા. આંટિયા અને આલમશાહે પકડીને ખૂબ માર માર્યો. 2 વર્ષની સજા અને રૂ. 200નો દંડ. 1934માં જેલમાંથી છૂટ્યા પછી અભ્યાસ કરીને નવસારી હાઈસ્કૂલમાં શિક્ષક. રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતા. 1942માં ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયા. 1943માં પકડાયા. નવ મહિના અટકાયતમાં રહ્યા.

## નાયક, ભગવાનજી નાગરજી

કછોલી, તા. ગણદેવી.

અમલસાડની રાષ્ટ્રીય શાળામાં શિક્ષણ. રાષ્ટ્રવાદથી પ્રભાવિત, મિત્રોનો પ્રભાવ. 1930માં સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ થતાં સભા, સરઘસ, દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ વગેરેમાં સક્રિય ભાગ. કછોલીમાં મીઠાના કાયદાનો ભંગ કરવાથી ધરપકડ. 3 માસની સખત કેદની સજા ભોગવી. ત્યાર બાદ ખેતી.

## નાયક, ભગવાનજી નિછાભાઈ

જન્મ : 11 જૂન, 1910. સાલેજ, તા. ગણદેવી.

ખેડૂત-પરિવાર. સાધારણ સ્થિતિ. અભ્યાસ 7 ધોરણ. સૂરતના અનાવિલ વિદ્યાર્થી

આશ્રમમાં રહીને મૅટ્રિક પાસ. 1930માં મીઠાના સત્યાગ્રહમાં સૈનિક તરીકે. ધરાસણા મીઠાના સત્યાગ્રહમાં ત્રણ વાર માર ખાધો. જલાલપોર તાલુકામાં આટ, અષ્ટગામમાં છાવણીઓમાં લડતનું કામ કર્યું. ગાંધી-ઇર્વિન કરારના સંધિકાળમાં ગૂજરાત વિદ્યાપીઠમાં સેવાદળના વર્ગમાં તાલીમ લીધી. 1932માં બીજા તબક્કાની ચળવળ શરૂ થતાં સૂત્રોચ્ચાર કરી પત્રિકાઓ વહેંચતાં ધરપકડ. જલાલપોર પોલીસ થાણે અમાનુષી માર ખાધો. 6 માસની કેદ અને રૂપિયા 200 દંડની સજા થઈ. સાબરમતી અને વિસાપુરની જેલોમાં સજા ભોગવી. છૂટ્યા બાદ સત્યાગ્રહની છાવણીમાં જઈ લડતનું કામ કર્યું. કાયદાનો ભંગ કરી ધરપકડ વહોરી. 1 વરસની સખત કેદની સજા સાબરમતી સેન્ટ્રલ જેલમાં ભોગવી. 1930થી 1936 દરમિયાન અનાવિલ સમાજની કુરૂઢિઓ સામે આંદોલન. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાંગફોડની પ્રવૃત્તિ. સરકારે ભાગેડુ જાહેર કર્યા. છેવટે જાતે પકડાયા. કાનૂનભંગ માટે 4.5 માસની સજા. ભાગેડુ આરોપી તરીકે નિર્દોષ. 1 વર્ષ અને 6 મહિના સાબરમતી જેલમાં અટકાયત. 1944માં જેલમાંથી છૂટ્યા. નવજીવન પ્રકાશન સંસ્થામાં નોકરી. જૂન 1970માં નિવૃત્ત.
નિધન થયેલ છે.

## નાયક, ભીખાભાઈ જીવણજી

અમલસાડ, જિ. નવસારી.

ગુજરાતી શાળાના શિક્ષક. 1930ની ચળવળ શરૂ થતાં તેમાં જોડાયા. સરોજિની નાયડુની સરદારી હેઠળ ધરાસણાના મીઠાના અગરો લૂંટવા ગયેલી ટુકડીમાં સમાવેશ. ધરપકડ. એક માસની સજા વરલીની જેલમાં ભોગવી. છૂટ્યા બાદ દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ, ખાદી અને રેંટિયાપ્રચાર, પરદેશી કાપડના બહિષ્કારની પ્રવૃત્તિ અમલસાડની આસપાસનાં ગામોમાં કરી. ધરપકડ. 10 મહિનાની સજા. ગાંધી-ઇર્વિન કરાર થવાથી વહેલા છૂટ્યા. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ અંચેલી ગામે કરી ધરપકડ વહોરી. 4 માસની સજા. 1942માં 15મી ઑગસ્ટના રોજ ધરપકડ. દોઢ વર્ષની જેલની સજા ભોગવી. આઝાદી બાદ જાહેર સેવાનાં કાર્યો.

## નાયક, ભીખુભાઈ કુંવરજી

જન્મ : 31 જાન્યુઆરી, 1909. સોનવાડી.

પ્રાઇમરી શિક્ષકની તાલીમ. નોકરી કરવા મોમ્બાસા. પાછા ફરી, 1930ની સ્વતંત્રતાની ચળવળમાં જોડાયા. વિદેશી કાપડની હોળી કરવામાં મુંબઈમાં ભાગ લીધો. દાદરના દારૂના પીઠા પર કાર્યકરો સહિત પિકેટિંગ, ધરપકડ. 6 માસની કેદની સજા. યરવડા જેલમાં સજા ભોગવી. છૂટ્યા બાદ શાળાના શિક્ષક. નિવૃત્તિ બાદ ખેતી.

## નાયક, ભીખુભાઈ ગાંડાભાઈ

તલાવચોરા, તા. ચીખલી.

1930-31ની ચળવળ દરમિયાન સરઘસો કાઢવાં, સભાઓ ભરવી તથા પ્રચારકાર્ય દ્વારા લોકજાગૃતિનાં કાર્યો કરતા. અસ્પૃશ્યતાનિવારણ તથા કાંતણકામ જુસ્સાથી કર્યાં. ટાંકલની આસપાસનાં ગામોમાં સભાઓ ભરી સરકાર વિરુદ્ધ ભાષણો. વાંઝણા ગામમાં સભામાં ભાષણ કરતા હતા ત્યારે પોલીસે ધરપકડ કરી, ચીખલી લાવી કેસ કર્યો. છ માસની સખત કેદની સજા થઈ.

## નાયક, ભીખુભાઈ રણછોડજી

જન્મ : 1914. ગણદેવી.

1930ની સ્વતંત્રતાની ચળવળમાં દારૂતાડીની દુકાનો પર પિકેટિંગ, સભા-સરઘસોમાં જોડાયા. ગેરકાયદે ખજૂરાં કાપી કાનૂનભંગ. 1942ની

ચળવળમાં શરૂમાં સભા-સરઘસના કાર્યક્રમોમાં જોડાયા બાદ પાછળથી રાત્રે ટુકડીમાં હથિયારો સાથે સરકારી ચોરા બાળવા, ટપાલ લૂંટવી વગેરે ભાંગફોડના કાર્યક્રમોમાં સક્રિય ભાગ લીધો. એંધળ ગામનો ચોરો અને રાનકૂવાની ટપાલ બાળી. ચીખલી-રાનકૂવા વચ્ચે રેલવેના પાટા ઉખેડ્યા. ગણદેવીમાં જંગલ ખાતાની ચોકીનું મકાન બાળ્યું. ચળવળ પછી ખેતી.

## નાયક, ભીમભાઈ કસનજી

વતન : અમલસાડ.

અભ્યાસ મૅટ્રિક સુધી. અમરાવતીના જંગલમાં સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ 6 માસની સજા ભોગવી. ત્યાર બાદ વતનમાં ખેતી. જાહેર પ્રવૃત્તિ.

## નાયક, ભીમભાઈ મકનજી

જન્મ : 1912 આશરે. મોહનપુર, વતન : અમલસાડ.

રાષ્ટ્રીય શાળામાં ભણવાથી રાષ્ટ્રભક્તિ. સૂરતના અનાવિલ આશ્રમમાં રહી 1930માં મૅટ્રિક પાસ. દયાળજીભાઈના પ્રભાવથી દેશભક્તિ પ્રજ્વલિત. 1930ની કાનૂનભંગની ચળવળમાં કરાડી છાવણીમાં રહીને આસપાસનાં ગામોમાં દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ, ખાદીનો પ્રચાર વગેરેમાં સક્રિય. 1942ની 15મી ઑગસ્ટે અમલસાડમાં ભાંગફોડ થવાથી ધરપકડમાં સમાવેશ. કેસ ચાલ્યો. આશરે આઠ માસના કારાવાસ પછી નિર્દોષ છૂટ્યા. 1948થી નવજીવન સંસ્થામાં સેવક. 1970માં નિવૃત્ત. નિધન થયેલ છે.

## નાયક, ભીમભાઈ લલ્લુભાઈ

જન્મ : 1909. ધનોરી, તા. ગણદેવી.

કિશોરવયથી ગાંધીજીનું 'નવજીવન' નિયમિત વાંચવાથી રાષ્ટ્રીય ભાવના જાગ્રત. 1928માં મૅટ્રિક પાસ થઈ સૂરત કૉલેજમાં પ્રવેશ. ત્યારથી ખાદીધારી. અનાવિલ આશ્રમમાં રહેવાથી રાષ્ટ્રીય ભાવના દૃઢ થઈ. 1928માં બારડોલી સત્યાગ્રહ માટે કામ કર્યું. 1930માં સવિનય કાનૂનભંગની ચળવળમાં દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. રેંટિયો સપ્તાહ ઊજવ્યું. પ્રભાતફેરી, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, સરઘસો દ્વારા રાષ્ટ્રીય લડતનો જુસ્સો ટકાવ્યો. ગૂજરાત વિદ્યાપીઠમાં સેવાદળની તાલીમ લીધી. મે, 1932માં સાયણ સ્ટેશને સત્યાગ્રહ પત્રિકાના બંડલ સાથે ધરપકડ. 9 માસની કેદની સજા સાબરમતી અને નાશિક જેલમાં ભોગવી. 1940માં બી.એ. તથા 1942માં એમ.એ. થયા. 1942ના ઑગસ્ટમાં 'હિન્દ છોડો' લડતમાં ઠાકોરભાઈ દેસાઈ તથા લાલભાઈ નાયકની આગેવાની હેઠળ ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયા. 4 જાન્યુઆરી, 1943ના રોજ સામૂહિક ધરપકડ. નવસારીની જેલમાં સરકારને ઉથલાવવાનું કાવતરું કરવાનો કેસ. પુરાવાના અભાવે નિર્દોષ. પરંતુ હિન્દ સંરક્ષણ ધારા હેઠળ સાબરમતી જેલમાં અટકાયત. લડત બાદ ગણદેવી હાઈસ્કૂલમાં શિક્ષક.

## નાયક, ભૂલાભાઈ કસનાજી

મંદિર, નવસારી.

1930ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ લીધો. મીઠાના કાયદાનો ભંગ કરી અગરોમાંથી મીઠાની લૂંટ કરવા મે, 1930માં ધરાસણા ગયા. ત્યાં સખત મારથી ઘવાયા અને શહીદ થયા.

## નાયક, મગનભાઈ કીકાભાઈ

કછોલી, તા. ગણદેવી.

અમલસાડ રાષ્ટ્રીય શાળા ગણદેવી હાઈસ્કૂલમાં અભ્યાસથી રાષ્ટ્રીય ભાવના જાગ્રત. 1930ની કાનૂનભંગની ચળવળમાં ગામમાં સભા, સરઘસ, પીઠાં પરનું પિકેટિંગ. પછી સાયણ

અને આંટની છાવણીમાં સૈનિક તરીકે સત્યાગ્રહનું કામ. કછોલીમાં મિત્રો સહિત મીઠાના કાયદાનો ભંગ કર્યો. ધરપકડ. 3 માસની સખત કેદની સજા. આઝાદી પહેલાં અવસાન.

## નાયક, મગનભાઈ નિછાભાઈ

જન્મ : 1900. મોહનપુર (મોસાળ), કછોલી, તા. ગણદેવી.

મૅટ્રિક સુધી અભ્યાસ. ધમડાછામાં આર્યસમાજની પ્રેરણાથી શરૂ થયેલી હાઈસ્કૂલમાં ભણ્યા તેથી રાષ્ટ્રીય ભાવના પ્રગટી. 1916ની હોમરૂલની ચળવળમાં સમિતિના સભ્ય તરીકે ભાગ. 1930ની સ્વતંત્રતાની ચળવળમાં સભા, સરઘસ, દારૂતાડીની દુકાન પર પિકેટિંગમાં ભાગ. કેસ થયો, નિર્દોષ છૂટ્યા. 1942માં એમના ભાઈ અને પુત્રને પકડવા ગયેલી પોલીસે તે બંને ન હોવાથી મગનલાલની ધરપકડ. બે મહિના લૉકઅપમાં રાખ્યા. સહકારી પ્રવૃત્તિ અને ખેતી.

## નાયક, મગનભાઈ મણિભાઈ

જન્મ : 1913. ધનોરી, તા. ગણદેવી.

બી.એ. બી.ટી. હાઈસ્કૂલમાં શિક્ષક. 1942માં ‘હિન્દ છોડો’ ચળવળ વખતે ગણદેવીની ન્યૂ હાઈસ્કૂલમાં શિક્ષક. ગુપ્ત રીતે પત્રિકા લખતા. ભાંગફોડના ત્રણેક કાર્યક્રમોમાં જોડાયા હતા. નવસારીના મણિ મુદ્રણાલય ઉપર દરોડો પડ્યો ત્યારે ત્યાં બેઠેલા હોવાથી ધરપકડ. કારાવાસ ભોગવ્યો.

## નાયક, મગનભાઈ મોરારજી

અમલસાડ, તા. ગણદેવી.

કાકા ભીખાભાઈ ગાંધીવાદી. તેમની અસરથી રાષ્ટ્રવાદી થયા. 1942ની ચળવળ દરમિયાન એમના કુટુંબના બધા પુરુષોની ધરપકડ થઈ, તેમાં સમાવેશ. આઠ માસ કાચી જેલમાં રહીને નિર્દોષ છૂટ્યા.

## નાયક, મગનભાઈ મોરારજી

કછોલી, તા. ગણદેવી.

અમલસાડની રાષ્ટ્રીય શાળા અને ઉમેદરામ ભજનિકના સંપર્કથી અનેક યુવાનો રાષ્ટ્રવાદી બન્યા, તેમાં સમાવેશ. 1930ની સ્વતંત્રતાની ચળવળમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. સભા-સરઘસોમાં જોડાવું વગેરેમાં સક્રિય. સાયણ અને આટની છાવણીમાં લડતનું કામ કર્યું. મિત્રો સાથે કછોલીમાં મીઠાના કાયદાનો ભંગ કરી, 3 માસની સખત કેદની સજા ભોગવી. ધંધાર્થે યુગાન્ડા, ઇંગ્લૅન્ડ જઈને વતનમાં પરત.

## નાયક, મણિભાઈ કુંવરજી

જન્મ : 27 સપ્ટેમ્બર, 1897, અમલસાડ, તા. ગણદેવી.

સૂરત અનાવિલ આશ્રમમાં રહીને અભ્યાસ. દયાળજીભાઈના સંપર્કથી રાષ્ટ્રીય ભાવના. મૅટ્રિક પાસ. મુંબઈ પોસ્ટ ખાતામાં નોકરી. 1920માં ગાંધીજીના અસહકારની હાકલને માન આપી સરકારી નોકરીનું રાજીનામું. 1922માં અમલસાડની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક. ખાદીનો પ્રચાર, દારૂતાડી નિષેધ, ટિળક સ્વરાજ ફાળો ઉઘરાવવો વગેરે. 1930ની સ્વતંત્રતાની ચળવળમાં આંટ ગામે મીઠાના કાયદાનો ભંગ કર્યો. અમલસાડની છાવણીમાં રહીને દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ, ગેરકાયદે ખજૂરાં કાપવાં, રેંટિયા-પ્રચાર વગેરે. મે, 1930માં સરોજિની નાયડુની આગેવાની હેઠળ પ્રથમ ટુકડીમાં ધરાસણા મીઠાના અગરો લૂંટવા ગયા. ધરપકડ. વરલી જેલમાં સજા ભોગવી. ઑક્ટોબર, 1930માં અમલસાડનાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરતાં બીજાઓ સહિત ધરપકડ. 10 માસની સખત કેદની સજા. ગાંધી-ઇર્વિન કરાર થતાં વહેલા છૂટ્યા. મે,

1941માં સરી-ખુર્દગામે વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો. ગિરફતાર. 3 માસની સજા ભોગવી. 15 ઑગસ્ટ, 1942ના રોજ અમલસાડમાં નેતાઓની ધરપકડ બાદ થયેલા તોફાનના સંદર્ભમાં ધરપકડ. એપ્રિલ, 1943 સુધી સૂરત અને નડિયાદની સબજેલમાં કાચા કામના કેદી. કોર્ટે નિર્દોષ ઠરાવ્યા. ફરી ધરપકડ અને 3 માસ અટકાયત. કુલ પાંચ વાર ધરપકડ. 19 મહિના કારાવાસ.

## નાયક, મણિભાઈ કુંવરજી

જન્મ : 7 ઑક્ટોબર, 1905. વતન : પલસાણા-પારડી, જિ. વલસાડ.

1926થી ખાદી પહેરતા, રાષ્ટ્રભક્તિ, ગાંધીવાદી વિચારો. 1928 : બારડોલી સત્યાગ્રહ દરમિયાન બારડોલી જઈ સ્વયંસેવક તરીકે કામ કર્યું. 1930ની લડત વખતે અભ્યાસ છોડ્યો. લડતમાં જમીન, માલમિલકત ગુમાવનાર વાસ્તે ફાળો કરી, આર્થિક સહાય કરતા હતા. ધરાસણાની લડત દરમિયાન સ્વયંસેવકોની ભરતીનું કામ કર્યું. સિસોદરા છાવણીના નાયક તરીકે કામગીરી કરી. દારૂની દુકાનો પર પિકેટિંગ અને ખજૂરાં કાપવાની પ્રવૃત્તિ કરતાં ધરપકડ કરી, છ મહિનાની કેદની સજા થઈ.

## નાયક, મણિભાઈ નિછાભાઈ

જન્મ : 1910. કછોલી, તા. ગણદેવી.

અમલસાડ રાષ્ટ્રીય શાળામાં અભ્યાસ. ગણદેવીથી મૅટ્રિક પાસ. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાવા ઘર છોડીને સાયણની છાવણીમાં જોડાયા. ગેરકાયદે ભાષણ કરવાના ગુના હેઠળ ધરપકડ. ત્રણ માસની સખત કેદની સજા. છૂટ્યા બાદ હાઈસ્કૂલમાં શિક્ષક. 1942ની લડતમાં વાલોડમાં સરઘસ કાઢવા બદલ ગિરફતાર. 1 માસની સખત કેદની સજા. છૂટ્યા બાદ કછોલી જઈને ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. ધરપકડ. સાબરમતી જેલમાં અટકાયત. મહેમદાવાદમાં ગુજરાત સેવાદળ એકેડેમી શરૂ કરી. સેવાદળના સંગઠક.

## નાયક, મણિભાઈ નિછાભાઈ

અમલસાડ, તા. ગણદેવી.

ખેડૂત. સાદગી. મે, 1930માં ધરાસણાના સત્યાગ્રહમાં ભાગ લીધો. પોલીસનો સખત લાઠીમાર ખાધો. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ. ધરપકડ. 8 માસની જેલ ભોગવી. વ્યવસાય : ખેતી.

## નાયક, મણિભાઈ ભીખાભાઈ

જન્મ : 1910 આશરે. કછોલી, તા. ગણદેવી.

પ્રાથમિક શિક્ષણ લીધું. 1930ના સત્યાગ્રહમાં દેશભક્તિથી જોડાઈને કછોલીમાં મીઠું પકવીને કાયદાભંગ કર્યો. ધરપકડ. 3 માસની સખત કેદની સજા. છૂટ્યા બાદ વેપાર અને ખેતી.

નાયક, મણિલાલ લલ્લુભાઈ

જન્મ : 1920. કાની, તા. મહુવા.

કાર્યક્ષેત્ર : વેગામ. 1942ની લડતમાં સભા-સરઘસ ઉપરાંત ભાંગફોડના કાર્યક્રમોમાં ભાગ લીધો. ભાંગફોડના કાર્યક્રમો વખતે કરવામાં આવતા ધડાકા માટે મોટા બંદૂકીયા ભોંયફટાકડા બનાવવામાં મદદ કરતા. પછી ખેતી.

## નાયક, (ડૉ.) મનુભાઈ મકનજી

ચીખલી.

ચીખલીના પીઢ કાર્યકર. 1930-32ની ચળવળમાં તેમણે જલાલપોર તાલુકાના આંટ ગામે સરકાર વિરુદ્ધ ભાષણો આપ્યાં. તેઓ કીકુભાઈ દેસાઈ સાથે દાંડીમાં ગાંધીજીને મળ્યા. 7 એપ્રિલ, 1930ના રોજ આંટના ખાંજણમાંથી મીઠું ઉપાડવાથી તેમની ધરપકડ. એક વર્ષની જેલની સજા.

## નાયક, રઘુનાથજી હરિભાઈ

જન્મ : 1 ડિસેમ્બર, 1907. કસ્બાપુર, સૂરત.

1930 : મુક્તિસંગ્રામમાં સક્રિય. ધરાસણા સત્યાગ્રહ છાવણીનું સંચાલન. 1932 : પત્રિકા-વિતરણ. અઢી વર્ષ કારાવાસ. 1935 : નવસારી હાઈસ્કૂલની સ્થાપના. 1940 : સત્યાગ્રહ. 2 વાર કારાવાસ. 1942 'હિન્દ છોડો' આંદોલન. ભાંગફોડપ્રવૃત્તિ. બૉમ્બકાંડમાં ધરપકડ અને છુટકારો. 1946-63 મોરારજી દેસાઈના મંત્રી. ગુજરાતના મુખ્યમંત્રી બળવંતરાય મહેતાના મંત્રી.

## નાયક, રણછોડજી કાળાભાઈ

જન્મ : 14 જાન્યુઆરી, 1912. વેગામ, તા. ગણદેવી.

વ્યવસાય : ખેતી. 1942ની ચળવળ દરમિયાન ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લેવાના આરોપસર જાન્યુઆરી, 1943માં ધરપકડ. કાચા કામના કેદી તરીકે રાખ્યા બાદ અટકાયત હેઠળ. 16 માસ કારાવાસ. સાબરમતી જેલમાં વધુ સમય રાખ્યા. જેલમાં ઘણું સૂતર કાંત્યું.
અવસાન : 1949.

## નાયક, રણછોડજી ગાંડાભાઈ

તલાવચોરા, તા. ચીખલી.

1930-32ની ચળવળ દરમિયાન ગણદેવીથી એક પત્રિકા આવે, તેને સાઇક્લોસ્ટાઇલ વડે વધારે નકલો કાઢી ચીખલી કસબો તથા તાલુકાનાં ગામોમાં વહેંચવાની ગોઠવણ કરતા. થોડા દિવસ પછી, સાઇક્લોસ્ટાઇલ મશીન બીજે ઘેર લઈ જતા.

## નાયક, રણછોડજી દુલ્લભભાઈ

જન્મ : 1912 આશરે. મોસાળ ખખવાડમાં. વતન : કછોલી.

1930માં મૅટ્રિકની પરીક્ષા આપ્યા બાદ સાયણ સત્યાગ્રહ છાવણીમાં જઈને ગોથાણ ગામે પંદર ગામોમાં સરઘસોનો કાર્યક્રમ ગોઠવી, ધરપકડ વહોરીને જેલમાં ગયા. ગાંધી-ઇર્વિન કરારના દિવસે 6 માસની સજા પૂરી કરીને છૂટ્યા. સેવાદળની સૈનિક તાલીમ લીધી. 1932માં લડતનો બીજો તબક્કો શરૂ થતાં બોરસદ તાલુકાના આંકલાવની છાવણીમાં જોડાયા. ધરપકડ. વિસાપુર જેલમાં 6 માસની સજા ભોગવી. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ થતાં, હાંસપોર ગામે સત્યાગ્રહ. 4 માસની સજા યરવડા જેલમાં ભોગવી. 1942ની લડતમાં ધરપકડ થઈ અને નાશિક જેલમાં 1 વર્ષ અટકાયતી કેદી. તે પછી સહકારી પ્રવૃત્તિ. ગાંધીજીના મૂક અનુયાયી.

## નાયક, રણછોડજી નથ્થુભાઈ

કછોલી, તા. ગણદેવી.

પ્રાથમિક શાળાના શિક્ષક. આર્યસમાજી. 1920-21માં અસહકારની ચળવળ શરૂ થતાં ગાંધીજીની હાકલને અનુરૂપ મુખ્ય શિક્ષકની નોકરી છોડી દીધી. ગાંધીજીના નિયમોને અનુસરતા. રાષ્ટ્રીય શાળા શરૂ થતાં અમલસાડ અને કછોલીમાં સેવા આપી. 1930-32ના સ્વાતંત્ર્યસંગ્રામમાં દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. યુવાનોને ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે પ્રોત્સાહન આપતા.

## નાયક, રણછોડજી લલ્લુભાઈ

જન્મ : 1909. કછોલી, તા. ગણદેવી.

'સોમલા મામા'ના હુલામણા નામથી ઓળખાતા. ખેડૂત કુટુંબ. મિત્રોના લીધે રાષ્ટ્રવાદી બન્યા. 1942ની લડત દરમિયાન 15 ઑગસ્ટના રોજ સત્યાગ્રહીઓની ધરપકડ. સરઘસ પર લાઠીમાર. તેથી 5 મહિના પથારીવશ રહ્યા. જાન્યુઆરી, 1943માં ભાંગફોડ કરનારા સાથે ધરપકડ. 20 માસની

અટકાયત. સફળ ખેડૂત. સુધારેલી ખેતી-પદ્ધતિ. 'ઉદ્યાનપંડિત'નું બહુમાન.

## નાયક, રતિલાલ જીવરામ

જન્મ : 1 જુલાઈ, 1918. ભદ્રેશ્વર, જિ. સાબરકાંઠા.

વિદ્યાર્થીકાળ દરમિયાન કૉલકાતામાં ગાંધીજીના સંપર્કમાં. બે વખત જેલવાસ. 1932માં ચળવળમાં ભાગ લેવા બદલ ધરપકડ અને અલીપુર-(કૉલકાતા)માં 2 વર્ષ અને 8 માસ જેલવાસ. 1942માં અમદાવાદમાં સભા, સરઘસો વગેરે પ્રવૃત્તિમાં સક્રિય. લડત દરમિયાન ડાબા હાથે ગોળી વાગેલી. લડતમાં ભાગ લેવા બદલ ધરપકડ. સાબરમતી જેલમાં આઠ માસની સજા ભોગવી. લડત બાદ લોકસેવા. જમાલપુર વૉર્ડ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. ભારત સેવક સમાજના મંત્રી, સેવાદળમાં પ્લેટૂન કમાંડર. મજૂર મહાજન સંઘમાં પ્રતિનિધિ. 1972માં તામ્રપત્ર એનાયત થયું.

અવસાન : 18 જુલાઈ, 1999.

## નાયક, રમણભાઈ મણિભાઈ

જન્મ : 2 ડિસેમ્બર, 1924. વેગામ, તા. ગણદેવી.

1942ની લડત વખતે હાઈસ્કૂલમાં અભ્યાસ છોડીને સભા-સરઘસ, પત્રિકા વહેંચવી, લડતનો પ્રચાર વગેરે કાર્યક્રમમાં સક્રિય. પછી રાત્રે ચોરા અને તલાટીનું દફ્તર બાળવા જતા. લાલભાઈ નાયક અને ઠાકોરભાઈ દેસાઈના ભૂગર્ભવાસ દરમિયાન તેમને ખોરાક, અન્ય જરૂરિયાતો પહોંચાડવાની જવાબદારી સંભાળી.

## નાયક, રમણલાલ નાગરજી

જન્મ : 9 ઑગસ્ટ, 1915. ગડત.

પિતાશ્રી દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના સત્યાગ્રહોના સંપર્કમાં. તે વાતો સાંભળીને પ્રભાવિત. 1928માં બારડોલી સત્યાગ્રહ દરમિયાન ગાંધીજી અને વલ્લભભાઈ પટેલનાં પ્રવચનોથી દેશભક્તિ જાગ્રત. 1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક. વડોદરા રાજ્ય પ્રજામંડળનાં કાર્યોમાં ભાગ. 1940ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ, ગિરફતાર. 4 માસની સજા. 1942ની લડતમાં સક્રિય ભાગ. 1943માં ભાંગફોડની પ્રવૃત્તિ કરવાના આરોપ હેઠળ ગિરફતાર. 1 વર્ષને 4 મહિના અટકાયતી કેદી. પછી સહકારી પ્રવૃત્તિ. 1952 : દાદરા-નગરહવેલી મુક્તિસંગ્રામમાં ભાગ લીધો.

## નાયક, રમણલાલ મણિભાઈ મોરારજી

વતન : કછોલી.

તેમના દાદા મોરારજી પરાગજીએ 1930ના સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લીધો હતો. તેથી તેઓ સ્વાતંત્ર્યપ્રેમી. 1942ની લડતમાં ગણદેવી તાલુકાની ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ. સરકારી ચોરા અને દફ્તર બાળવાં, રેલવેના પાટા ઉખેડવા, નાળાં તોડવાં વગેરેમાં સક્રિય; પરંતુ પકડાયા નહિ. કારણ કે તેમના કામની લોકોને જાણ થવા દેતા નહિ. પાછળથી ધંધાર્થે આફ્રિકા. ત્યાં અવસાન.

## નાયક, રામલાલ અંબાલાલ

જન્મ : 1899. કડી, જિ. મહેમદાવાદ.

મુંબઈમાં દેશીનાટક સમાજમાં નોકરી. દેશનેતાઓનાં પ્રવચનો સાંભળી રાષ્ટ્રવાદી. 1930-31ની ચળવળમાં સક્રિય ભાગ. ધરપકડ. વિસાપુર જેલમાં છ માસની કેદ ભોગવી. કડીમાં દરજીકામ. સેવાભાવી સ્વભાવ.

અવસાન : 72 વર્ષની વયે.

## નાયક, રૂપા (અને નાયક કેવળ)

સંખેડાના નાયકડાઓનો સરદાર.

1857માં સંખેડાના નાયકડાઓએ એમના

સરદાર રૂપા નાયક અને કેવળ નાયકના નેતૃત્વ નીચે બ્રિટિશ સરકાર સામે બંડ પોકાર્યું. કૅપ્ટન લેઇટે જાંબુઘોડા પાસેની લડાઈમાં તેમને પરાજય આપતાં ટેકરીઓમાં નાસી ગયા. સીબન્દીઓ અને તેમના નેતા મેટલકિખાનનો સાથ મળતાં ચાંપાનેર અને નારુકોટ વચ્ચેનો પ્રદેશ કબજે કર્યો. ગોધરા સુધીનાં બ્રિટિશ થાણાં પર અવારનવાર હુમલા કરી જંગલોમાં નાસી જતા. ડિસેમ્બર, 1858 એટલે કે એક વર્ષ સુધી બ્રિટિશ સરકારને હંફાવી, પરેશાન કરી. જાન્યુઆરી, 1859માં નાયકડા સાથેની લડાઈમાં અંગ્રેજ કૅપ્ટન હેબર્ડ સખત ઘવાયો અને હાર્યો. ત્યાંના સ્થાનિક ભીલોની સહાયથી રિચાર્ડે નાયકડાઓનાં જંગલોમાંનાં રહેઠાણો શોધી હુમલા કર્યા. છેવટે રૂપા નાયક અને કેવળ નાયક માર્ચ, 1859માં સરકારને શરણે ગયા.

## નાયક, લલ્લુભાઈ મોરારજી

અમલસાડ.

1930થી રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લેતા. ખાદી-પ્રચાર, અસ્પૃશ્યતાનિવારણ વગેરે પ્રવૃત્તિમાં વિશેષ રસ. 1942ના ઑગસ્ટમાં અમલસાડ રેલવેસ્ટેશન પર થયેલી ભાંગફોડ અંગે એમની ધરપકડ. 8 મહિનાની કાચી જેલમાં. કેસમાં નિર્દોષ છૂટ્યા. વતનમાં ખેતી.

## નાયક, લાલભાઈ ડાહ્યાભાઈ

જન્મ : 1908. મંદિર, જિ. નવસારી.

ગાંધીવિચારધારાના આજીવન પુરસ્કર્તા. પિતા દ્વારા હોમરૂલ ચળવળ અને 1920-21 : અસહકારના આંદોલનમાં ભાગ. દેશભક્તિના સંસ્કાર. 1927થી ખાદી પહેરતા. 1932માં પ્રતિબંધ છતાં સભાઓ ભરીને સંબોધન. તે માટે ધરપકડ. 6 માસની સખત કેદની સજા અને 500 રૂપિયા દંડ અથવા 6 અઠવાડિયાંની વધારે કેદ. વિસાપુર જેલમાં. છૂટ્યા પછી ધમડાછા રહીને સત્યાગ્રહપત્રિકા ગામેગામ પહોંચાડતા. 1940ના વ્યક્તિગત સત્યાગ્રહનું જલાલપોર તાલુકાનું સંચાલન. 1942ની લડતમાં માનવહિંસા ન થાય એવી ભાંગફોડની પ્રવૃત્તિનું ઠાકોરભાઈ દેસાઈ સાથે સંચાલન કર્યું. ભૂગર્ભવાસ. લોકોની વચ્ચે રહેવા છતાં પોલીસ પકડી શકી નહિ. ઑક્ટોબર, 1943માં કારાવાસ વહોરી લીધો. 1944માં છૂટ્યા. ત્યાર બાદ જાહેર સેવાનાં કાર્યો. અનેક સહકારી, કેળવણીની તથા સેવાભાવી સંસ્થાઓના સ્થાપક અને સંચાલક.

## નાયક, લાલભાઈ ભગવાનજી (ઉર્ફે સુખાભાઈ)

સામળાવાડી, તા. ગણદેવી.

1942માં સામળાવાડીમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લેનારાની સામૂહિક ધરપકડમાં સમાવેશ. 6 માસ સુધી નવસારીની કાચી જેલમાં કેસ ચલાવ્યા વિના રાખી મૂક્યા. છેવટે પુરાવાના અભાવે છોડી મૂક્યા. ખેતીનો વ્યવસાય.

## નાયક, લાલભાઈ લલ્લુભાઈ

જન્મ : 1922. ધનોરી.

1942માં મૅટ્રિક પાસ થઈને વડોદરામાં કલાભવનમાં અભ્યાસ. ‘હિન્દ છોડો’ ચળવળ શરૂ થવાથી ગણદેવી જઈને સભા, સરઘસ, પિકેટિંગ વગેરેમાં ભાગ. હાઈસ્કૂલ પર પિકેટિંગ કરતાં મિત્રો સાથે ધરપકડ. 3 માસની સખત કેદની સજા. નવસારી જેલમાં. વિદ્યાર્થીઓ હોવાથી અઠવાડિયા બાદ મુક્ત કર્યા. પત્રિકા માટે સમાચાર ભેગા કરવા તથા તૈયાર પત્રિકા નિશ્ચિત સ્થળે પહોંચાડવાનું કામ કર્યું. ધનોરીમાં પત્રિકા છાપવાનાં સાધનો મળવાથી ધરપકડ. કેસ. ગણદેવી લૉકઅપમાં રાખ્યા. પુરાવાના

અભાવે છૂટ્યા. તે પછી પત્રિકા તથા ભાંગફોડ બંનેમાં ભાગ લેવા માંડ્યો. રાનકૂવાની પોસ્ટ ઑફિસ બાળવામાં, રેલવેના પાટા ઉખેડવામાં, રેલવે પર બૉમ્બ મૂકવામાં તથા સાલેજ, વેગામ વગેરે ગામોના સરકારી ચોરા તથા દફતર બાળવામાં ભાગ લીધો. નવસારીથી સુરંગનો સામાન અવારનવાર લઈ આવતા. અભ્યાસ : વીવિંગ ડિપ્લોમા, વીવિંગ માસ્તર.

## નાયક, વલ્લભભાઈ ડાહ્યાભાઈ

અમલસાડ.

આર્યસમાજના પ્રચારક. ગાંધીજીથી પ્રભાવિત. રાષ્ટ્રવાદી. અમલસાડની રાષ્ટ્રીય શાળાની સ્થાપના અને સંચાલનમાં મહત્વનો ફાળો. પોતાના હાથે કાંતેલા સૂતરની ખાદી પહેરવાનો આગ્રહ. કાંતણયજ્ઞ, પ્રભાતફેરી, સભા, સરઘસ, દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ વગેરેમાં ઉત્સાહપૂર્વક ભાગ. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ. ધરપકડ. કારાવાસ. જાહેર સેવા. વિવિધ સેવાભાવી સંસ્થાઓનું સંચાલન. અવસાન : 85 વર્ષની વયે.

## નાયક, વલ્લભભાઈ નાગરજી

જન્મ : 1908. વેગામ.

મૅટ્રિક પાસ. 1930માં મીઠાનો સત્યાગ્રહ શરૂ થતાં નોકરી છોડી. સ્વયંસેવક થયા. ધરાસણાના મીઠાના અગરો લૂંટવામાં ભાગ લીધો. તે પછી અમલસાડની સત્યાગ્રહ છાવણીમાં રહીને દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ, ખાદીપ્રચાર જેવાં રચનાત્મક કાર્યો. જાન્યુઆરી, 1931માં ધરપકડ. 1932માં સાયણ સ્ટેશને પત્રિકા વહેંચતાં ધરપકડ. 9 માસની કેદની સજા સાબરમતી અને નાશિક જેલમાં ભોગવી. 1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાંગફોડની પ્રવૃત્તિને પરોક્ષ મદદ. એપ્રિલ, 1943માં ધરપકડ. 1 વર્ષ સાબરમતી જેલમાં અટકાયત. અવસાન : 1954.

## નાયક, વસનજી કુંવરજી

જન્મ : 1912. અમલસાડ.

1930ની ચળવળ શરૂ થતાં દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. 1940-41ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ડિસેમ્બર, 1940 અને માર્ચ, 1941માં બે વાર સત્યાગ્રહ કરીને ધરપકડ વહોરી. પહેલી વાર 3 માસની તથા બીજી વાર 6 માસની સખત કેદની સજા સાબરમતી જેલમાં ભોગવી. 15 ઑગસ્ટ, 1942માં અમલસાડમાં નેતાઓની ધરપકડ બાદ, સ્ટેશન પર થયેલ ભાંગફોડ વગેરે બદલ ધરપકડ. 1 વર્ષની સખત કેદ અને રૂપિયા 200 દંડની સજા. જેલ-મુક્તિ બાદ ગ્રામોન્નતિની રચનાત્મક પ્રવૃત્તિ. વ્યવસાય : ખેતી.

## નાયક, વસનજી ભૂલાભાઈ

કછોલી, તા. ગણદેવી.

દેશદાઝ. પ્રાથમિક શાળામાં શિક્ષક. હોમરૂલની ચળવળ (1916-’17) શરૂ થતાં એમાં જોડાયા. અસહકારની લડત ગાંધીજીએ શરૂ કરતાં શિક્ષકની નોકરીનું રાજીનામું. કરાડીની રાષ્ટ્રીય શાળામાં જોડાયા. ઘણાં વર્ષ ત્યાં રહ્યા. 1930ની ચળવળ દરમિયાન કરાડીમાં ભાષણ કરી યુવકોને લડતમાં જોડાવા ઉશ્કેર્યા. ધરપકડ. ત્રણ માસની સખત કેદની સજા, પણ ગાંધી-ઇર્વિન સંધિ થવાથી યરવડા જેલમાંથી વહેલા છૂટ્યા. તે પછી માંદગી. અવસાન.

## નાયક, વિઠ્ઠલદાસ દુર્લભરામ

જાદર, જિ. સાબરકાંઠા.

1942માં હિંમતનગરની શાળામાંથી રાજીનામું આપી આંદોલનમાં જોડાયા. પત્રિકાઓ વહેંચતાં ધરપકડ થઈ. 12 માસની જેલની સજા ભોગવી.

## નાયક, શાંતાબહેન ભીમભાઈ

જન્મ : 1914. ધનોરી.

પિતા પાસેથી રાષ્ટ્રભાવનાના સંસ્કાર. 1930ની લડતમાં ગામમાં પ્રભાતફેરી, સરઘસ, દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગમાં ભાગ. પિકેટિંગ દરમિયાન ગાળો સાંભળવી પડતી. 1931માં લગ્ન. 1932માં લડતના બીજા તબક્કામાં બારડોલી જઈ, સરઘસ કાઢી, સૂત્રોચ્ચાર કરવાથી ધરપકડ. નામીચા જમાદાર સીતારામે ખરાબ ગાળો દઈ છોડી દીધાં. પૂ. કસ્તૂરબા ગાંધીની આગેવાની હેઠળ ફરીથી બહેનોને બારડોલી મોકલ્યાં. ધરપકડ. દરેકને 6 માસની સખત કેદ અને રૂ. 500 દંડ અથવા 11 માસ વધુ કેદની સજા. સાબરમતી અને યરવડા જેલમાં ભોગવી. 1942ની લડત શરૂ થતાં તેમાં ભાગ લીધો. પ્રભાતફેરી, પિકેટિંગ, પટેલ-તલાટીનાં રાજીનામાં લેવાનો કાર્યક્રમ અન્ય બહેનોની સાથે. બહેનોની ટુકડી ચાલીને વલસાડ, ચીખલી વગેરે તાલુકાનાં અનેક ગામોમાં ફરી. મંદિર ગામેથી ધરપકડ. જલાલપોરની કોર્ટમાં દરેકે 4-4 માસની કેદની સજા સાબરમતી જેલમાં ભોગવી.

## નાયક, સુખદેવભાઈ રણછોડજી

કછોલી.

પિતા સમાજસુધારક, સ્વદેશીના હિમાયતી, રાષ્ટ્રપ્રેમી, આર્યસમાજી. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ થયો અને કછોલીનાં ભાઈ-બહેનો એમાં જોડાવા આકર્ષાયાં. તેમણે યુદ્ધવિરોધી સૂત્રોચ્ચાર કરીને ધરપકડ વહોરી. સાબરમતી જેલમાં અટકાયત. ત્યાંથી યરવડા જેલમાં. ત્યાં તબિયત બગડી. ક્ષયનો રોગ. થોડા સમય બાદ અવસાન.

## નાયકા, ઢોડિયાભાઈ કમચાભાઈ

સૂરત.

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય ભાગ. ભૂગર્ભપ્રવૃત્તિ. બૉમ્બનિર્માણ. નિવૃત્ત.

## નાયકા, નાનિયાભાઈ ગઈશુભાઈ

ભગવાનપુરા.

1942-43માં ભૂગર્ભપ્રવૃત્તિમાં જેલવાસ ભોગવ્યો. આખું કુટુંબ કૉંગ્રેસી હતું.

## નાયકા, ભાણિયાભાઈ નયસુભાઈ

ભગવાનપુરા.

1942-43ની લડતમાં ભાગ લીધો. જેલવાસ વેઠ્યો. કૉંગ્રેસના કાર્યક્રમોમાં સતત સાથ-સહકાર આપ્યો.

## નાયકા, વગાભાઈ જેસિંગભાઈ

ભગવાનપુરા.

1942-43ની ચળવળમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો. કૉંગ્રેસના દરેક કાર્યક્રમમાં ભાગ લેતા રહ્યા.

## નારણજીભાઈ

જન્મ : 1908. વતન : કચ્છ.

ઉત્કલમાં ખાદી કાર્યકર્તા. દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી સાથે 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. તે પછી મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## નારણદાસ વિઠ્ઠલદાસ

જન્મ : 1914 આશરે. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં હિન્દ સંરક્ષણ ધારા નીચે તેમની ધરપકડ કરવામાં આવી. ચાર મહિના જેલવાસ ભોગવ્યો.

## નારણભાઈ

ભાદરણ.

1930-32ની ચળવળ દરમિયાન રાસ મુકામે 28 એપ્રિલ, 1932ના રોજ સરઘસની આગેવાની લેતાં તેમની ધરપકડ થઈ. અદાલતે

તેમને 6 માસની સખત કેદની સજા કરી. તેમણે સાબરમતી અને નાશિક જેલમાં સજા ભોગવી હતી.

## નારણભાઈ નરસિંહભાઈ

ભાદરણ, તા. બોરસદ.

ઉંમર : 24 વર્ષ.

1930ની ચળવળ દરમિયાન 21 જાન્યુઆરી, 1931ના રોજ બોરસદમાં ‘સ્ત્રી સિતમ દિન’ ઊજવાયો ત્યારે વ્યવસ્થા કરતાં નારણભાઈને પોલીસે ખૂબ માર્યા હતા. ત્યાર બાદ તેમની ધરપકડ કરવામાં આવી. અદાલતમાં તેમને દોઢ માસની સખત જેલની સજા થઈ. તેમને સાબરમતી તથા નાશિકની જેલમાં રાખવામાં આવ્યા. ગાંધી-ઇર્વિન કરાર થતાં છોડી મૂકવામાં આવ્યા હતા.

## નારણભાઈ ભીખાભાઈ

કોડીનાર, જિ. અમરેલી.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. ધરપકડ વહોરી લીધી. જેલની સજા ભોગવી. રાજ્ય-સરકાર તરફથી પેન્શન આપવામાં આવ્યું.

## નારિયેળવાળા, હીરાલાલ હરજીવનદાસ

જન્મ : જેઠ સુદ 3, સંવત 1952. નિવાસ : ભરૂચ.

હોમરૂલ ચળવળથી પ્રભાવિત. પિતાનો નારિયેળનો વેપાર. સ્વરાજ્ય આંદોલનમાં સક્રિય થવાથી ભૂમિ ગુમાવી. કાર્યકરો માટે રહેવા-જમવાનું સ્થાન એમનું ઘર. પ્રશ્નોની ચર્ચા, નિરાકરણ. 1930-32 : કારાવાસ. 1940 : કારાવાસ. આર્થિક સંકડાશને કારણે મુંબઈવાસ. ભરૂચ પુનરાગમન. દરિદ્રતામાં પાછલાં વર્ષો.

અવસાન : પોષ સુદ 10, સંવત 2018.

## નાવિક, ગુલાબભાઈ દલપતભાઈ

જન્મ : અંભેટી, સૂરત.

વ્યવસાય : શિક્ષક. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલન. નોકરીનો ત્યાગ. રાંદેર. ધ્વજ લઈ એકલા ફર્યા. 1 વર્ષ કઠોર કારાવાસ. સાબરમતી.

## નાવિક, ઝીણાભાઈ દામજીભાઈ

જન્મ : 1902. રાંદેર.

1930-31-42 : લડતોમાં અગ્રિમ. 8-10 વાર પોલીસે અટકમાં લીધા. 1930-31 : રાંદેર સાગરનું પાણી ઉકાળીને મીઠું પકવીને નૂતનવર્ષ ‘ગાંધીજીનું સબરસ’ કહી વેચતા. બીજા યુવાનોને પણ પ્રેરણા થઈ. 1930 : મીઠાની આવકના 57 રૂપિયા રાષ્ટ્રીય નિધિમાં આપ્યા.

## નાવિક, બીજલભાઈ છીબાભાઈ

રાંદેર, સૂરત.

નિર્ધન ખારવા જ્ઞાતિમાં. વ્યવસાય : ટ્રૉલીમાં ક્લીનર. 1942 : મિત્રો સાથે સરઘસ. રાષ્ટ્રીય ગીતોનું ગાન. ધરપકડ. છ મહિના સાબરમતીમાં કારાવાસ.

## નાવિક, લાલભાઈ ગણેશભાઈ

રાંદેર, સૂરત.

1942 : લોકક્રાંતિ. અભ્યાસત્યાગ. સરઘસમાં પત્રિકાવિતરણ. ધરપકડ. 6 મહિના કઠોર કારાવાસ. મુક્તિ પછી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં.

## નિમાવત, દામોદરદાસ લક્ષ્મણભાઈ

છાલડા, જિ. જૂનાગઢ.

જૂનાગઢના નવાબ સામેની ચળવળમાં ભાગ લીધો. તેથી તેમનાં જમીન, ખોરડાં વગેરે જપ્ત કરવામાં આવ્યાં. 1947 પછી જૂનાગઢ પાકિસ્તાન સાથે જોડાતાં આરઝી હકૂમતની લડતમાં ભાગ લીધો.

## નિમ્બાર્ક, બાબુલાલ ગોવિંદરામ

વલભીપુર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાઈને જાનના જોખમે કામ કર્યું.

## નિર્મળ, જમનાદાસ આણંદજી

જન્મ : ચિત્તલ, જિ. અમરેલી.

બિલખા રાજ્યના અંતરિયાળ પ્રદેશના ગામના વતની. રાજ્યના જુલમો તેમજ ભારે કરવેરા સામે કાયમ લડત આપનાર. બે વાર જેલવાસ. સામાજિક રીતે ઘણું સહન કરવું પડ્યું.
નિર્મળાબહેન બકુભાઈ

## જન્મ : ઑગસ્ટ, 1884.
## અમદાવાદ.

શેઠ ચીમનલાલ નગીનદાસની પુત્રી. મૅટ્રિક સુધીનું શિક્ષણ. યુવાનવયે વિધવા. ગાંધીજીના પ્રભાવ હેઠળ શિક્ષણ અને સમાજસેવા, રચનાત્મક કાર્યો. 1930થી ખાદીનો પ્રચાર. સરદાર પટેલની સહાયથી ખાદી વેચવાની દુકાન – 'ખાદી મંદિર' શરૂ કર્યું. ખભે અને લારીમાં ખાદીના તાકા તથા અન્ય ઉપયોગી વસ્તુઓ સાથી બહેનો સાથે લત્તે લત્તે જઈને વેચતાં. 1930માં વિદેશી કાપડના બહિષ્કાર તથા મદ્યપાન નિષેધનું કામ કરવા સ્વયંસેવિકાઓની નોંધણી કરતાં. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સરઘસની આગેવાની, ધરપકડ, 5 માસની જેલ.
અવસાન : જુલાઈ 1953.

## નિર્મળા હરિપ્રસાદ

અમદાવાદ.

1930-32ની ચળવળ દરમિયાન, એપ્રિલ, 1931માં સરસપુરમાં આવેલાં દારૂનાં પીઠાં આગળ 500 સ્ત્રીઓની જાહેરસભાને સંબોધી. તેમાં સ્વદેશી, મદ્યનિષેધ, રેંટિયાનું મહત્વ, રાજકીય પરિસ્થિતિ સમજાવીને કૉંગ્રેસના સભ્ય થવા જણાવ્યું.

## નીકટે, વામનરાવ

વડોદરા.

વડોદરા રાજ્ય પ્રજામંડળના એક સ્થાપક અને આગેવાન. 1942ની 'હિન્દ છોડો' ચળવળ શરૂ થતાં તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને લાંબા સમય સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા હતા.

## નીનામા, કાલુભાઈ દલજીભાઈ

દાહોદ.

આદિવાસી યુવક. ભીલ સેવા મંડળના આશ્રમો તથા શાળાઓમાં ભણવાથી રાષ્ટ્રીય જાગૃતિ. દેશભક્તિ. 1930માં દારૂનિષેધ તથા વિદેશી કાપડના બહિષ્કાર માટે પિકેટિંગ કરી આઝાદીની લડતમાં ભાગ. ધરપકડ. 4 માસની જેલની સજા.

## નીનામા, કાળુભાઈ દલસિંહ

ઉમરપાડા (કારઠ), તા. ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન ઝાલોદ તાલુકામાં સરકારી ચોરા બાળવાની, ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. ધરપકડ. જેલની સજા.
નીલકંઠ, તરંગિણી
અમદાવાદ.
ગુજરાત કૉલેજની વિદ્યાર્થિની. 1929માં ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ શિરાઝની વિરુદ્ધમાં હડતાળ પડી, ત્યારે કોઈ પણ વિદ્યાર્થી કૉલેજમાં દાખલ ન થાય તે માટે હૉલમાં પ્રવેશવાના દાદરનાં પગથિયાં પર સૂઈ રહીને પિકેટિંગ કરતાં હતાં.

## નીલકંઠ, રમણલાલ મહિપતરામ

## (રાવબહાદુર)

અમદાવાદ.

અમદાવાદના પ્રતિષ્ઠિત આગેવાન, લેખક, સુધારક. શ્રીમતી એની બેસન્ટની અટકાયતનો વિરોધ કરવા અમદાવાદમાં જાહેર સભાઓમાં ભાષણો કરતા. તેમના પ્રમુખપદે અમદાવાદમાં સભાઓ યોજવામાં આવતી. તેઓ હોમરૂલનો પ્રચાર કરતા (1916, 1917).

## નીલકંઠ, વિનોદિની

અમદાવાદ.

1930-32ની ચળવળમાં ભાગ લીધો. અમદાવાદમાં વિદેશી કાપડ વેચતી દુકાનો આગળ પાંચકૂવા, માણેકચોક, ત્રણ દરવાજા વગેરે ઠેકાણે પિકેટિંગ કરતાં. વિનોદિનીબહેન તથા બીજી કેટલીક યુવાન સ્ત્રીઓએ કિરપાણ સાથે સ્વરક્ષણના ઇરાદાથી પિકેટિંગ કર્યું હતું.

## નૂરમહમદ મુલ્લાં જમાલ

જન્મ : 5 જૂન, 1909. ગામ : ટીંબી, જિ. ભાવનગર.

1928માં બારડોલી સત્યાગ્રહ દરમિયાન ત્યાં જઈને દોઢ મહિનો સ્વયંસેવક તરીકે સેવા.
1930-32ની લડત દરમિયાન ધોલેરામાં બિનજકાતી મીઠાનો સત્યાગ્રહ કરવા જતી ટુકડીની આગેવાની સંભાળી. ધંધૂકા અને રાણપુરનાં ગામોમાં લોકજાગૃતિ માટે પ્રવાસ. રાણપુરમાં મીઠાનો સત્યાગ્રહ કરતાં પોલીસે ખૂબ માર માર્યો. ધ્રાંગધ્રા, વણોદ, મોરબી, રાજકોટ અને જૂનાગઢની લડતોમાં ભાગ લઈ કારાવાસ ભોગવ્યો.
1942માં 'હિન્દ છોડો' લડતમાં વડોદરામાં ભૂગર્ભ-પ્રવૃત્તિ. વડોદરામાં એક સરઘસમાં જોડાયા. પોલીસગોળીબાર. ગોળી વાગતાં સખત ઈજા. વર્તમાનપત્રના પ્રતિનિધિ અને કૉંગ્રેસના કાર્યકર.

## નૂરુદ્દીનમિયાં સૈયદમિયાં

વહેલાવ, જિ. આણંદ.

અભ્યાસ : 4 ધોરણ ગુજરાતી. 1942 : લોકક્રાંતિ. પ્રચાર કરતાં ધરપકડ. 6 મહિના કારાવાસ.

## નેગી, કેદારસિંહ ખુશાલસિંહ (ઠાકુર)

અમદાવાદ.

1942 : બ્રિટિશ હિન્દની સેનામાં સૈનિક. બીજા વિશ્વયુદ્ધ સમયે સિંગાપુરના પતન પછી નેતાજીની આઝાદ હિન્દ ફોજમાં ભરતી. દેશની સ્વતંત્રતા માટે અંગ્રેજો સામે યુદ્ધ.

## ન્યાલચંદભાઈ હરખચંદ

જન્મ : 1922. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં, હિન્દ સંરક્ષણ ધારા નીચે ધરપકડ કરવામાં આવી. ચાર માસ જેલવાસ ભોગવ્યા પછી મુક્ત કરવામાં આવ્યા.

# પ

## પકવાસા, પૂર્ણિમાબહેન અરવિંદભાઈ

જન્મ : 1 સપ્ટેમ્બર, 1913. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

અભ્યાસ : જી.એ., એસ.એન.ડી.ટી. 1930 : ધોલેરા છાવણી હેઠળ સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ. ઉંમર નાની હોવાથી છોડી દીધાં. 1932માં ફરી સત્યાગ્રહ. ધરપકડ. સાબરમતી જેલમાં કારાવાસ. 1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવિકા તરીકે કાર્ય.

1939માં લીંબડી સત્યાગ્રહમાં ભાગ લીધો. આ ઉપરાંત ધંધૂકા, રાણપુરા અને બરવાળામાં પણ સત્યાગ્રહમાં ભાગ લીધો. સ્ત્રીસંસ્થાઓમાં સેવાકાર્ય. 'સ્ત્રીશક્તિ' માસિક ચલાવતાં હતાં.
અવસાન : 25 એપ્રિલ, 2016, સૂરત

## પકવાસા, મંગળદાસ વ્રજભૂષણદાસ

જન્મ : 1882. સૂરત.

અભ્યાસ : બી.એ. 1902, એલએલ.બી. સૉલિસિટર. 1932 : સવિનય કાનૂનભંગની ચળવળમાં 1 વર્ષ કારાવાસ. ગ્રામોદ્યોગ સંઘ, મરોલી આશ્રમ, પ્રૌઢશિક્ષણ સમિતિનાં કાર્યોમાં આજીવન સેવા. 1936 : સૂરતમાંથી વિધાનપરિષદમાં ચૂંટાયા. 1947 : રાજ્યોમાં રાજ્યપાલપદે.
અવસાન : 6 નવેમ્બર, 1968.

## પગી, મહીજીભાઈ પરભાતભાઈ

બોજાદરા, જિ. ભરૂચ.

છોટુભાઈ પુરાણીની પ્રેરણા. વેડચ થાણું અને સરભાણ થાણામાં. લૂંટમાં સક્રિય. શસ્ત્રોની હેરફેરમાં સક્રિય. ક્રાંતિવીરોની રક્ષા. પોલીસઅત્યાચારનો ભોગ.

## પચ્ચીગર, કૃષ્ણવદન ધનસુખલાલ

જન્મ : 1927. સૂરત.

15 વર્ષની વયે શાળા છોડી લડતમાં જોડાયા. બૉમ્બ-પ્રવૃત્તિમાં પકડાયા. 1 વર્ષની જેલ ભોગવી. છૂટ્યા પછી ભારતીય વિમાની દળમાં જોડાયા. રાષ્ટ્રીય પ્રવૃત્તિ કરવા માટે તેમને છૂટા કરાયા. જનસેવામાં પ્રવૃત્ત.

## પટણી, ફૂલશંકર

મુંબઈ. વતન : કચ્છ, ભુજ.

1934માં યુવાન કાર્યકર ફૂલશંકરે મુંબઈમાં 'જય કચ્છ' નામનું અખબાર શરૂ કર્યું. તેના દ્વારા તેમણે કચ્છના વહીવટીતંત્રની કડક ટીકા કરી. તેથી તેમને અમલદારો દ્વારા ખૂબ પજવવામાં આવ્યા. 'જય કચ્છ' બંધ પડતાં ફૂલશંકરે 'જીએરા' વર્તમાનપત્ર શરૂ કર્યું.

## પટવા, ઈશ્વરલાલ

જન્મ : 1922. અમદાવાદ.

1942ની ચળવળમાં સભા-સરઘસોમાં જોડાતા. પત્રિકાઓ વહેંચતા. બીજી ટર્મમાં કૉલેજો ચાલુ થતાં કૉમર્સ કૉલેજ પર વિદ્યાર્થીઓએ કરેલા હુમલામાં જોડાયા. ગુજરાત વિદ્યાર્થી પરિષદના પ્રતિનિધિઓ નક્કી કરવા, વેશપલટો કરીને સૌરાષ્ટ્રમાં પ્રવાસ કર્યો. 'કપિલપ્રસાદ' ઉપનામ રાખ્યું. પ્રીતમનગરમાં પરિષદ મળી હતી. લડતના કાર્યકરોને પોતાને ઘેર ગુપ્ત રાખ્યા. પોલીસ અધિકારી બાબુરાવ શાહને લીધે પકડાયા નહિ.

## પટવા, કપિલાબહેન ઈશ્વરલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં સભાઓ, સરઘસોમાં જોડાતાં. પત્રિકાઓ વહેંચતાં. સાઇક્લોસ્ટાઇલ મશીન એક ઘેરથી બીજે ઘેર ફેરવતાં. વિદ્યાર્થી કાર્યકરોનો સંપર્ક સાધવા સૌરાષ્ટ્રનાં શહેરોમાં ગુપ્તવેશે ફરીને પ્રચાર. પછીથી હાઈસ્કૂલમાં શિક્ષિકા.

## પટવા, ચીનુભાઈ ભોગીલાલ

જન્મ : 26 ઑક્ટોબર, 1911. મુંબઈ.

અમદાવાદમાં 1930માં તથા 1932ની ચળવળમાં વિદેશી કાપડની દુકાનો તથા દારૂનાં પીઠાં પર પિકેટિંગ. પત્રિકાનું અને ચળવળની પ્રવૃત્તિઓનું સંચાલન. અમદાવાદ, વિરમગામ, ધોલેરા અને ધરાસણાના સત્યાગ્રહોમાં ભાગ લઈ, ચાર વખત કારાવાસ. 1930ની ચળવળમાં 6 મહિનાની જેલ. 1942માં 11 મહિના જેલ, ફરીથી 8 મહિના સાબરમતી જેલમાં અટકાયત. લેખક. વર્તમાન- પત્રોમાં કટાક્ષ તથા હાસ્યની

કટારો લખતા.
અવસાન : 8 જુલાઈ, 1969.

## પટવારી, પ્રભુદાસ બાલુભાઈ

જન્મ : 24 જુલાઈ, 1909. ધંધૂકા, જિ. અમદાવાદ.

1929માં ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓએ આચાર્ય શીરાઝની વિરુદ્ધ પાડેલી હડતાળમાં સક્રિય ભાગ. સવિનય કાનૂનભંગની ચળવળમાં ત્રણ વાર ધરપકડ. 7 માસ જેલ ભોગવી. 1932માં સરકારે કૉંગ્રેસ ભવનને સીલ કર્યું. તેનો કબજો લેવા સરઘસની આગેવાની. ધરપકડ. 6 માસની જેલની સજા. 1932માં અમદાવાદની સંગ્રામ સમિતિના સભ્ય, સંચાલનમાં પ્રદાન. 1942ની લડતમાં ધરપકડ. 1 વર્ષની સજા. જાહેર સેવા. વકીલાત. રાજ્યપાલ, તમિલનાડુ રાજ્ય.
અવસાન : 1985.

## પટેલ, (ડૉ.) અજિતકુમાર

જન્મ : 1920 આશરે. અમદાવાદ.

સારંગપુરની વ્યાયામશાળાના સંચાલક. 1942ની ચળવળમાં બૉમ્બપ્રવૃત્તિમાં ભાગ લીધો. બાબુભાઈ મહાત્માની સૂચના મુજબ કાર્ય. સરઘસોમાં જોડાતા. 16 ઑગસ્ટ, 1942ના અરસામાં દાહોદ જઈ ભાંગફોડના પ્રયાસો. 'અંબાલાલ' ઉપનામથી પંચમહાલનાં ગામોમાં ફર્યા. સંતરોડ, ડભોઈ, વડોદરામાં ગુપ્તવાસ. દેવગઢબારિયામાં બાપુરાવ દેવ અને ડૉ. મનુભાઈ પંડ્યાને ઘેર ગુપ્ત રહ્યા. અવસાન પામેલ છે.

## પટેલ, અનિલકુમાર સનાભાઈ

જન્મ : 1917. આશરજી, બગસરા.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં હિન્દ સંરક્ષણ ધારા નીચે ધરપકડ. 2 માસ રાજકોટમાં જેલવાસ.

## પટેલ, અમૃતલાલ ગોવિંદભાઈ

જન્મ : 18 સપ્ટેમ્બર, 1925. નાયકા, જિ. ખેડા.

નાની ઉંમરે રાજકીય પ્રવૃત્તિ. 1942ની લોકક્રાંતિ વખતે 8-1-1943ના દિવસે અટકાયત અને પાંચ માસ સુધી સાબરમતી જેલમાં. 9-6-1943માં છુટકારો.

## પટેલ, અરુણભાઈ (અંબુભાઈ) ચ.

વતન : ભરૂચ. નિવાસ : મુંબઈ.

1942ની ચળવળમાં વડોદરાથી ખેડા જિલ્લાનાં ગામોમાં પ્રચાર કરવા ગયેલી ટુકડીના સભ્ય. અડાસ સ્ટેશને પોલીસના ગોળીબારથી પગમાં સ્થાયી ઘા. પગ નકામો થયો.

## પટેલ, અરુણભાઈ (અંબાલાલ) સોમાભાઈ

ચિખોદરા, જિ. ખેડા.

1942 : 'હિન્દ છોડો' આંદોલન દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠના કાર્યક્રમમાં સક્રિય. નડિયાદમાં પ્રચાર. આણંદ 6 મહિના કારાવાસ. દમન. ગામનાં કામોમાં સેવારત.

## પટેલ, અશ્વિનભાઈ ડી.

વતન : લાડોલ, તા. વિજાપુર, જિ. મહેસાણા.

અભ્યાસ : એમ.એ., બી.ટી., ગુજરાતી વિષયમાં પીએચ.ડી..

1932ની ચળવળનો લોકોમાં પ્રચાર કરતાં વિરમગામથી ધરપકડ; છ માસની જેલની સજા. 1942ના 'હિન્દ છોડો' આંદોલન વખતે ઊંઝા કાવતરા કેસમાં ધરપકડ. ત્રણ માસ સુધી અંડર ટ્રાયલ કેદી. છેલ્લે પુરાવાના અભાવે છોડી મૂકવામાં આવ્યા. આઝાદી પછી વિસનગરની નૂતન સર્વવિદ્યાલયના આચાર્ય. ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક.

## પટેલ, અંબાલાલ આત્મારામ

અમદાવાદ.
1942ની ચળવળમાં પત્રિકા વહેંચતા. પત્રિકાઓ દીવાલો પર ચોડતા. સરસપુરમાં ધરપકડ. સાબરમતી જેલમાં અટકાયત.

## પટેલ, અંબાલાલ ગોવિંદભાઈ

જન્મ : વતન કડીમાં, જિ. મહેસાણા.

વ્યાયામ, અખાડાપ્રવૃત્તિમાં રુચિ.
વડોદરા રાજ્ય પ્રજામંડળના કાર્યકર. 1930ની ચળવળમાં વિરમગામ છાવણીમાં જઈ લીલાપુરથી કાનૂનભંગ કરી મીઠું લાવતાં ધરપકડ. છ માસની કેદ સાબરમતી અને યરવડા જેલમાં. તે પછી ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિ. કડી તાલુકા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. કડી સુધરાઈ કામદાર મંડળના પ્રમુખ. કડીમાં ગ્રામરક્ષક દળ સ્થાપ્યું. ભૂદાનપ્રવૃત્તિમાં સક્રિય.

## પટેલ, અંબાલાલ ચતુરભાઈ

જન્મ : 19 સપ્ટેમ્બર, 1911. વડોદરા.

ગૃહત્યાગ કરી 1928માં બારડોલી સત્યાગ્રહમાં સ્વયંસેવક થયા. સંનિષ્ઠ સેવા. ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ. ફી ભરવાનાં નાણાં મંજૂરી દ્વારા. 1930ની ચળવળમાં વિદ્યાપીઠની ટુકડીમાં જોડાયા અને 1935 સુધીમાં ચાર વખત જેલ ભોગવી.
1940-41 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ધરપકડ. 9 માસની સજા. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ત્યાર બાદ વડોદરામાં જાહેર સેવા.

## પટેલ, અંબાલાલ ધર્મદાસ

જન્મ : 1915. પાણેથા, જિ. ભરૂચ.
1930 : દાંડીકૂચથી પ્રભાવિત. ધરાસણામાં સક્રિય. ભારે માર. લડતનો પ્રચાર. ધરપકડ. 50 રૂપિયા દંડ અથવા 1 મહિનો કારાવાસની શિક્ષા. રાજકોટ સત્યાગ્રહ. કારાવાસ અને દંડ.

## પટેલ, અંબાલાલ પુરુષોત્તમદાસ

નાપાડ, જિ. ખેડા.

1930-31 : મીઠા-સત્યાગ્રહ. ધરાસણા સત્યાગ્રહમાં લાઠીમારમાં માથું ફૂટ્યું. 7 મહિના કારાવાસ સાબરમતી અને યરવડા જેલમાં. યાતનાસભર. મુક્તિ પછી ગ્રામસેવા પ્રવૃત્તિ.

## પટેલ, અંબાલાલ પ્રાગજીભાઈ

જન્મ : 4 માર્ચ, 1903. અનારા, જિ. ખેડા.

અભ્યાસ : 7 ધોરણ. 1930માં સ્વરાજ્યની લડતમાં ગામના મુખી તરીકે રાજીનામું. ધરપકડ. તા. 12-9-1930ના રોજ 11 માસની સજા. જેલમાંથી છૂટ્યા બાદ 10 વર્ષ મુખીપણું.

## પટેલ, અંબાલાલ ફૂલાભાઈ

વતન : ઓડ, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક સુધી. 1930ની લડત વખતે સરકારી અમલદારના મકાન આગળ પિકેટિંગ કરતાં ધરપકડ અને 3 માસની કેદ અને દંડ. દંડની વસૂલાત તેમના ઘરનાં પતરાં જપ્તીમાં લઈ કરેલી. જેલમાંથી આવ્યા બાદ પંચમહાલ જિલ્લાના સત્યાગ્રહના કામમાં. જીવનવીમા નિગમમાં નોકરી. નિવૃત્તિ પછી લોકસેવા.

## પટેલ, અંબાલાલ બહેચરભાઈ

જન્મ : 16 જૂન, 1904. સિહુંજ, તા. મહેમદાવાદ, જિ. ખેડા.

અભ્યાસ : હાઈકોર્ટની ઍડવોકેટ માટેની પરીક્ષા પાસ. 1942ની લોકક્રાંતિની ચળવળ વખતે જેલમાં અટકાયત. મહેમદાવાદમાં બૉમ્બ કેસ ચલાવેલો. આરોપીઓને નિર્દોષ છોડાવેલા. મહેમદાવાદમાં વકીલાત.

## પટેલ, અંબાલાલ બાજીભાઈ

બદલપુર, તા. બોરસદ, જિ. આણંદ.

બદલપુરમાં રચનાત્મક પ્રવૃત્તિનું થાણું જમાવીને બેઠા હતા. 1928માં બારડોલી સત્યાગ્રહ શરૂ

થયો ત્યારે તેઓએ ફૂલચંદ બાપુજી શાહની સાથે સત્યાગ્રહ છાવણીના સંચાલનની જવાબદારી કુશળતાપૂર્વક સંભાળી હતી. 1930માં ખેડા જિલ્લાના દાંડીકૂચમાં ગયેલા સૈનિકો સાથે, ગાંધીજીના આદેશ પ્રમાણે કાયદાનો ભંગ કરવા જિલ્લામાં પાછા ફર્યા. બદલપુરમાં મીઠાના સત્યાગ્રહની વ્યવસ્થા, સંચાલન સંભાળી લીધું. તેમની ધરપકડ કરી બોરસદ લઈ ગયા. બે વર્ષની સખત કેદની સજા અને રૂ. 100/- દંડ કરવામાં આવ્યો; દંડ ન ભરાય તો વધુ ત્રણ માસની કેદ. સાબરમતી સેન્ટ્રલ જેલમાં લઈ ગયા.

## પટેલ, અંબાલાલ બાબરભાઈ

બોદાલ, જિ. ખેડા.

1918 : ખેડા સત્યાગ્રહથી આરંભ. 1930-32 : ધરાસણા મીઠા-સત્યાગ્રહમાં બે ટુકડી મોકલી. ધરપકડ. દંડ. વસૂલાત માટે ઘરવખરીની હરાજી કરાઈ. બોદાલ કાર્યક્ષેત્ર : નમૂનેદાર સત્યાગ્રહી. ગાંધીજી સરદાર સૌ પ્રભાવિત. સમાજસેવા.

## પટેલ, અંબાલાલ મહિજીભાઈ

કારેલી, જંબુસર, જિ. ભરૂચ.

1930 : અમદાવાદમાં મીઠા-સત્યાગ્રહ. રાજસ્વ ભરવાની ના. કારાવાસ. ગામ દ્વારા હિજરત. ઊભો પાક ખૂંદાયો. વસ્તુઓની હાનિ. કારાવાસમાં અત્યાચાર.

પટેલ, અંબાલાલ મોતીભાઈ

જન્મ : 1894. ચીખોદરા, તા. આણંદ, જિ. આણંદ.

કાર્યક્ષેત્ર : ઉદવાડા. પારડી તાલુકાના નેતા. ગ્રામ સેવા અને સ્વદેશીના સંસ્કાર. માધ્યમિક શિક્ષણ દરમિયાન 1921માં ખેતીવાડીના ગ્રેજ્યુએટ થયા. સરદાર વલ્લભભાઈ પટેલનો અંગત પરિચય. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે 10 મહિનાની જેલની સજા થઈ. ત્યાર પછી રચનાત્મક પ્રવૃત્તિ.

## પટેલ, અંબાલાલ મોહનલાલ

ભેરસમ, વાગરા, જિ. ભરૂચ.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. 6 મહિના કારાવાસ. બીજી વાર કારાવાસ. કઠોર જીવન-યાતનાઓ. મુક્તિ પછી ગ્રામસેવામાં સંલગ્ન.

## પટેલ, અંબાલાલ રઘુનાથભાઈ

કુંઢેલા, જિ. વડોદરા.

વ્યવસાય : ખેડૂત. 1942માં 'હિન્દ છોડો' આંદોલન દરમિયાન 6 મહિના કઠોર કારાવાસ. નિવૃત્તિ બાદ પ્રભુભક્તિ.

## પટેલ, અંબાલાલ લલ્લુભાઈ

જન્મ : 31 મે, 1905. આણંદ, જિ. આણંદ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી. 1942ની લોકક્રાંતિની ચળવળ વખતે અટકાયતી કેદી. 2 માસ સાબરમતી જેલ અને 10 માસ નાશિક જેલમાં અટકાયત.

## પટેલ, અંબાલાલ શંકરભાઈ

જન્મ : 1893. અમદાવાદ.

પછીથી પુદુચેરીમાં નિવાસ. 1920માં ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાંથી અસહકાર કર્યો. પહેલેથી જ ખાદીકાર્ય, દુકાળ અને પ્રલય સંકટ નિવારણના કામમાં સરદાર પટેલના સ્વયંસેવક. દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી સાથે સાબરમતી આશ્રમથી 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. ત્યાર બાદ મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## પટેલ, અંબાલાલ શંકરભાઈ

જન્મ : 8 સપ્ટેમ્બર, 1912. વતન : નડિયાદ.

અભ્યાસ : મૅટ્રિક સુધી.

1920ની લડત વખતે નાની ઉંમરે પણ પ્રભાતફેરીમાં જતા. તે પછી 1930-32ની ચળવળ દરમિયાન દારૂબંધી અને વિદેશી કાપડના બહિષ્કારમાં જોડાઈ પિકેટિંગ. બે વાર ધરપકડ. પાછળથી છોડી દીધેલા. તે પછી પણ એક વાર પિકેટિંગ કરતાં ધરપકડ, બાદ મુક્ત.

પટેલ, અંબાશંકર નવનીતલાલ

જન્મ : 25 જુલાઈ, 1915. જંબુસર, જિ. ભરૂચ. અભ્યાસ : એલએલ.બી. જંબુસર તથા અમદાવાદ. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં છ મહિના કારાવાસ.

અવસાન : 29 ડિસેમ્બર, 1963.

## પટેલ, આશાભાઈ ઈશ્વરભાઈ

ભાદરણ, જિ. ખેડા.

પુરાણીબંધુઓની પ્રેરણા. વ્યાયામશાળાની સ્થાપના. 1927 : પૂરઆપત્તિ સમયે સેવા. 1928 : બારડોલી સત્યાગ્રહ. સાબરમતી આશ્રમ. લોકશિક્ષણ, ગોપાલન શિક્ષણ લીધું. 1930 : આશ્રમમાં ગોપાલન, ગૌશાળા, શાળાનું કાર્ય. સત્યાગ્રહ. બોદાલ. ખેતરમાં ઝૂંપડી. 1932 : સરઘસની આગેવાની. 7 મહિના કારાવાસ. 1942 : ભૂગર્ભપ્રવૃત્તિ. ગૌશાળા સંચાલન. રાજ્ય ગોસંવર્ધન પરિષદ દ્વારા વિસ્તૃત ગોસેવા કાર્ય.

## પટેલ, આશાભાઈ ઉમેદભાઈ

નવાગામ, જિ. ખેડા.

ગામના વિકાસ માટે હંમેશ પ્રયત્નશીલ. 1930ના મીઠા-સત્યાગ્રહ વખતે તેમને 6 માસની જેલ.

## પટેલ, આશાભાઈ ત્રિકમભાઈ

બોરસદ, જિ. આણંદ.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન ડાકોરમાં ઢુણાદરાના કાર્યકર છોટાભાઈ બેચરભાઈ પટેલને પોલીસથાણે બોલાવી, ગોળીબાર કરી પોલીસોએ હત્યા કરી. તેના વિરોધમાં બોચાસણ વલ્લભ-વિદ્યાલયના સંચાલક શિવાભાઈ ગોકળભાઈ પટેલ અને આશાભાઈ ત્રિકમભાઈ તથા અંબાગીરી ગોસ્વામીએ બોરસદમાં સરઘસ કાઢ્યું. તેમના પર લાઠીચાર્જ કરવામાં આવ્યો અને તેમાં આશાભાઈ સહિત અનેક જણા ઘવાયા. આશાભાઈ તથા અંબાગીરીની ધરપકડ કરીને સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા.

## પટેલ, આશાભાઈ નારણભાઈ

સાવલી, જિ. વડોદરા.

1932 : સવિનય કાનૂનભંગ. પ્રચારકાર્ય. ધરપકડ. 6 મહિના કારાવાસ. દંડ 100 રૂપિયા.

## પટેલ, આશાભાઈ પુરુષોત્તમદાસ

લીંબાસી, જિ. ખેડા.

1930માં મીઠાના સત્યાગ્રહ વખતે ધરાસણામાં પોલીસના હાથે માર. 1932ની સત્યાગ્રહની ચળવળમાં 6 માસની જેલની સજા.

## પટેલ, આશાભાઈ મંગળભાઈ

રાસ, જિ. આણંદ.

1930માં ના-કરની લડત. અસહકાર આંદોલનમાં સક્રિય. સમગ્ર ગામ દ્વારા હિજરત. ઊભો પાક બગડ્યો. છ મહિના કારાવાસ અને દંડ. દંડ ભરાયો નહિ. કારાગૃહમાં એટલો વધારે સમય.

## પટેલ, આશાભાઈ મોતીભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1930ના મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ અને 4 માસની સજા.

## પટેલ, આશાભાઈ લલ્લુભાઈ

રાસ, જિ. આણંદ.

5મી એપ્રિલ, 1930ના રોજ આશાભાઈ

લલ્લુભાઈની ધરપકડ કરી. બે વર્ષની સખત કેદની સજા તથા 500 રૂ. દંડ. ગામની ના-કરની લડતમાં મહેસૂલ ન ભરવાના સત્યાગ્રહમાં આગેવાન. લોકોમાં જાગૃતિ ફેલાવી. હિજરત કરવા અને ખુવાર થવા તૈયાર કર્યા. રાસ ગામની તમામ લડતોમાં સક્રિય. રાસમાં કસ્તૂરબા સ્મારક યોજના હેઠળ બંધાયેલા દવાખાનાનું કાર્ય સંભાળતા.

## પટેલ, આશાભાઈ વલ્લભભાઈ

રાસ, તા. બોરસદ, જિ. આણંદ.

1930માં રાસના ખેડૂતોની ના-કરની લડતમાં ભાગ લઈ સરકારને જમીનમહેસૂલ ભર્યું નહિ. તેમણે ગામના અન્ય ખેડૂતો સાથે હિજરત કરી અને પાસેનાં ગાયકવાડી ગામમાં માંડવા બાંધીને રહ્યા. અનેક દુઃખ વેઠ્યાં. અધિકારીઓએ તેમની રૂપિયા 2,300ની કિંમતની તમાકુ ફક્ત રૂ. 250/-માં વેચી દીધી. તેમાંથી તેમના ખાતામાં માત્ર રૂપિયા 64/- જમા કર્યા.

## પટેલ, આશાભાઈ શંકરભાઈ

જન્મ : 1915. વલાસણ, જિ. ખેડા.

ગરીબાઈને લીધે હોટલબૉય. મજૂરી. 1940માં બી.એસસી. થયા. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ. 21 મહિનાની સજા. સૂરતની સુમૂલ ડેરીના સ્વયંસેવકોમાંના એક.

## પટેલ, આંદ્રેમાન હબીબભાઈ

વંથલી, જિ. જૂનાગઢ.

જૂનાગઢ પ્રજામંડળની લડતમાં આગેવાની. જેલવાસ. અમાનુષી ત્રાસ. મુસ્લિમ હોવાથી નવાબ રહેમ બતાવવા તૈયાર, પણ અણનમ રહી જેલવાસનો સ્વીકાર કર્યો.

અવસાન : 1955.

## પટેલ, ઇચ્છુભાઈ નરસિંહભાઈ

રાંદેર, જિ. સૂરત.

1920-21ની અસહકારની ચળવળ દરમિયાન દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ કરતા. રાષ્ટ્રીય શાળાનું સંચાલન તથા સભાઓ ભરી પ્રજામાં રાષ્ટ્રવાદ ફેલાવવાનું કાર્ય.

## પટેલ, ઇબ્રાહીમભાઈ

તા. બારડોલી.

બારડોલી તાલુકાના યુવક કાર્યકર. 1930ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ લેવાને કારણે સરકારે ખોટા કેસ ઊભા કર્યા અને રૂ. 30/- દંડ અથવા છ અઠવાડિયાંની કેદની સજા કરવામાં આવી. બેડીઓ બાંધીને લઈ જવામાં આવ્યા. લોકોએ ફૂલોના હારથી લાદી દીધા.

## પટેલ, ઈશ્વરભાઈ અંબાલાલ

મહેલોલ, નડિયાદ, જિ. ખેડા.

1931-32 : સત્યાગ્રહમાં સક્રિય. બે વાર કારાવાસ. સમાજસુધારા. ગામસફાઈ. સાંસ્કૃતિક પ્રવૃત્તિ.

## પટેલ, ઈશ્વરભાઈ જીવાભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1921 : દેશના કાર્યમાં પ્રવેશ. સભા-સરઘસોમાં ભાગ. 1930 : મીઠા-સત્યાગ્રહ કરતી વખતે ધરપકડ અને 1 વર્ષની સજા. 1932 : સત્યાગ્રહની લડતમાં ધરપકડ. 1 વર્ષની સજા. 1942ની લોકક્રાંતિ વખતે અટકાયત – લડત દરમિયાન.

## પટેલ, ઈશ્વરભાઈ જેઠાભાઈ

જન્મ : 2 નવેમ્બર, 1914. પીજ, જિ. ખેડા.

1930ની ચળવળ દરમિયાન સ્વયંસેવક તરીકે ગુપ્ત પત્રિકા વહેંચવા તથા કાર્યકરોની સરભરામાં મદદ. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં આણંદની દાદાભાઈ નવરોજી હાઈસ્કૂલનું આચાર્યપદ છોડ્યું. ભૂગર્ભપ્રવૃત્તિમાં

સક્રિય ભાગ. ટપાલના થેલા લૂંટવા, તાર કાપવા, બૉમ્બ બનાવવા વગેરે પ્રવૃત્તિઓનું સંયોજન કર્યું. અચ્યુત પટવર્ધન અને બીજા નેતાઓના સંપર્કમાં. 1943માં 'અડાસકૂચ'નું આયોજન. 4 મે, 1943 : ધરપકડ. સાબરમતી જેલમાં અટકાયતમાં 1 વર્ષ. 1944થી 1960 : ડી.એન. હાઈસ્કૂલના આચાર્ય. ચરોતર એજ્યુકેશન સોસાયટીના સક્રિય કાર્યકર. ખેડા જિલ્લામાં હાઈસ્કૂલોની સ્થાપના. 1960 : સરદાર પટેલ યુનિવર્સિટીની એજ્યુકેશન કૉલેજના પ્રથમ આચાર્ય. સરદાર પટેલ યુનિવર્સિટીના તથા પછી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના અધ્યક્ષ. મહર્ષિ વેદ વિજ્ઞાન એકૅડેમીના અધ્યક્ષ.

અવસાન : 10 નવેમ્બર, 1989.

## પટેલ, ઈશ્વરભાઈ દેસાઈભાઈ

નાવલી, જિ. ખેડા.

1932 : અસહકારની લડતમાં સભા, સરઘસ, પ્રભાતફેરી. 1938ના હરિપુરા અધિવેશનમાં સ્વયંસેવક. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. અમદાવાદમાં 6 મહિના કારાવાસ. 1943 : પુનઃ 3 મહિના કારાવાસ. બાલમંદિરની સ્થાપના. હુલ્લડ વખતે સેવા.

## પટેલ, ઈશ્વરભાઈ ધોરીભાઈ

નાવલી, જિ. ખેડા.

1942ની લોકક્રાંતિ વખતે ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. ધરપકડ અને 4 માસની સજા.

## પટેલ, ઈશ્વરભાઈ ભીખાભાઈ

જન્મ : 3 નવેમ્બર, 1930. અભ્યાસ : મૅટ્રિક સુધી.

રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓનું આકર્ષણ. 1923-24 : બોરસદ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930-32 તથા 1942ની લડતોમાં પણ ભાગ લઈ પોતાનો ફાળો આપેલો.

## પટેલ, ઈશ્વરભાઈ મોતીભાઈ

જન્મ : 15 ડિસેમ્બર, 1910. નરસંડા, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક. ભાદરણમાં વ્યાયામશાળા શરૂ કરી. ગૂજરાત વિદ્યાપીઠમાં જૂન, 1929માં અભ્યાસ કરવા જોડાયા. 1930ની ચળવળ દરમિયાન વિદ્યાપીઠ બંધ થઈ. ચળવળમાં જોડાયા. 1932માં ધરપકડ. વિસાપુર જેલમાં અઢી વર્ષની સજા બાદ ડિસેમ્બર, 1934માં જેલમુક્તિ. 1939માં મુંબઈ યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટ. વેપાર. 1942માં 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન વડોદરા જિલ્લામાં ગુપ્ત પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય. પોતાની જરૂર જેટલી ખાદી 1924થી જાતે કાંતતા હતા. 1949માં વેપાર માટે જાપાનનો પ્રવાસ. 1952-53માં અખિલ ભારતીય શાંતિ સમિતિના પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે વિયેના સંમેલનમાં હાજરી.

## પટેલ, ઈશ્વરલાલ ઝવેરભાઈ

હાલોલ, જિ. પંચમહાલ.

હાલોલ તાલુકાના રામેશરા ગામે આવેલો આશ્રમ સરકારે ગેરકાયદે જાહેર કરી જપ્ત કર્યો. 31 જુલાઈ, 1932ના રોજ તે આશ્રમનો કબજો લેવા ઈશ્વરલાલ અને 12 સાથીઓ ગયા. ઈશ્વરલાલ અને 4 સાથીઓની ધરપકડ. ઈશ્વરભાઈને 5 માસની કેદની સજા અને રૂ. 50 દંડ. ગેરકાયદે પત્રિકા વહેંચવા માટે એ 5ને બીજા 3 માસની કેદની સજા.

## પટેલ, ઈશ્વરભાઈ શંકરભાઈ

વતન : આખડોલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1930ની ચળવળ દરમિયાન પોતાના વતનમાંથી સાત રાષ્ટ્રવાદી યુવાનોને લઈને

ધરાસણા જવા નીકળ્યા. રસ્તામાં લાઠીમાર થયો. મારતા મારતા ઊંટડી સુધી લઈ ગયા. બીજે દિવસે તેમની છાવણી લૂંટવામાં આવી. તેમને બીલીમોરાની છાવણીમાં હાંકી કાઢવામાં આવ્યા.

## પટેલ, ઈશ્વરલાલ શિવાભાઈ

જન્મ : 29 સપ્ટેમ્બર, 1895. વતન : ચાંગા, તા. પેટલાદ, જિ. ખેડા.

અભ્યાસ : ધોરણ 6. 1932ની લડત વખતે ભાંગફોડની પ્રવૃત્તિમાં સામેલ થયા. તે બદલ ધરપકડ. પોણા બે વર્ષ સુધી અન્ડર ટ્રાયલ કાચી જેલમાં. કેસ ચાલ્યા બાદ પુરાવાના અભાવે નિર્દોષ છૂટ્યા. તે પછી કૉંગ્રેસનું કાર્ય કરતા.

## પટેલ, ઉમેદભાઈ ડાહ્યાભાઈ

મહોળેલ, જિ. ખેડા.

1942ની લોકક્રાંતિની ચળવળ વખતે ગ્રામ પંચાયતના સભ્ય. 21-9-1942ને દિવસે હિન્દ સંરક્ષણ ધારા હેઠળ અટકાયત. કારાવાસ.

પટેલ, ઉમેદભાઈ નારણભાઈ

નવાગામ, જિ. ખેડા.

ઉદાર દૃષ્ટિવાળા અને ગામના આગેવાન. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહ વખતે ધરપકડ અને 6 માસની સજા. ઉદાર દાનવીર. પ્રસૂતિગૃહ, પુસ્તકાલય અને બાલમંદિર માટે દાન આપેલાં.

## પટેલ, ઉમેદભાઈ નારણભાઈ

જન્મ : 11 મે, 1898. નાપાડ, જિ. આણંદ.

ખેડા સત્યાગ્રહમાં જમીનમહેસૂલ ન ભર્યું, જમીન-ઘર વગેરે જપ્ત. કોચરબ આશ્રમમાં સાંજની પ્રાર્થનામાં જોડાતા. 1920માં સરકારી શાળા છોડી ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. ત્યાંથી 1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં પગે ચાલતી ટુકડીમાં ગયા. 1930ની ચળવળમાં આણંદ તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી. ધરપકડ. સાબરમતી અને નાશિકની જેલમાં. 1942 : 'હિન્દ છોડો' ચળવળ. નડિયાદ, ભાદરણ, આણંદ, પીજ, બોચાસણમાં ગુપ્તવાસ. લડતનું સંચાલન. સ્વાતંત્ર્ય બાદ નાપાડમાં શિક્ષણ, સહકારી પ્રવૃત્તિ વગેરે રચનાત્મક કાર્યો.

## પટેલ, ઉમેદભાઈ ભાઈલાલભાઈ

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : બી.એ. 1930માં સત્યાગ્રહ વખતે ઓડમાં સરઘસમાં ધરપકડ. 5 માસની કેદ અને દંડ.

## પટેલ, ઉમેદભાઈ શંકરભાઈ

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. કચેરી પર દરોડો પાડીને 'ચીમુર કાંડ'ની 38 પુસ્તિકાઓ પકડી. જાન્યુઆરી, 1943માં ધરપકડ કરી. રૂ. 500 દંડ અથવા 6 માસની કેદની સજા.

## પટેલ, ઉમેદભાઈ શંકરભાઈ

જન્મ : 1909. પાળજ, તા. પેટલાદ, જિ. આણંદ.

અભ્યાસ : સુણાવની રાષ્ટ્રીય શાળા અને ગૂજરાત વિદ્યાપીઠ. 1930માં અભ્યાસ છોડી લડતમાં ઝુકાવ્યું. 1930-35 સુધી લડતમાં સક્રિય અને જેલવાસ. વ્યવસાય : વીમાકાર્ય. બાંધકામના કૉન્ટ્રેક્ટર. જાહેર કાર્યોનાં સખાવતી.

## પટેલ, ઊકાભાઈ રવજીભાઈ

જન્મ: ઈ. સ. 1922. રામનવમી. વતન : કેસલી, તા. ગણદેવી.

માધ્યમિક શિક્ષણ ગણદેવી હાઈસ્કૂલમાં. શિક્ષક ગુલાબભાઈ મહેતાએ દેશપ્રેમનું સિંચન કર્યું. કીકુભાઈ નાયક અને લાલભાઈ નાયકના

સંપર્કથી દેશભક્તિ દૃઢ થઈ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં મિત્ર કસનજી પટેલ સાથે ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. રેલવેમાં નુકસાન, પોસ્ટ બાળવી, ચોરા બાળવા વગેરે ભાંગફોડના કાર્યક્રમો જલાલપોર તાલુકા સમિતિના મિત્રો સાથે કર્યા.

## પટેલ, કનુભાઈ કેશવભાઈ

મહુવા, જિ. સૂરત.

જન્મ નિર્ધન કુટુંબમાં. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. 'કરેંગે યા મરેંગે'નો જુસ્સો. ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. 6 મહિના કારાગૃહમાં.

## પટેલ, કનુભાઈ મૂળજીભાઈ

જન્મ : 3 ફેબ્રુઆરી, 1917. ઓડ, જિ. ખેડા.

1942ની 'હિન્દ છોડો' લડતમાં મિત્રો સહિત ઉમરેઠ ગયા, ત્યાં બૉમ્બ બનાવ્યા. બુદ્ધિસાગરે ત્યાંની પોલીસચોકી પર બૉમ્બ નાખ્યો. સાથીદાર તરીકે ધરપકડ. કેસ ચલાવી, 3 વર્ષની સખત કેદની સજા. આ પ્રવૃત્તિમાં સાથીઓ ગોવિંદલાલ પો. વ્યાસ (નડિયાદના), બાલકૃષ્ણ વ્યાસ, નાથાલાલ વ્યાસ હતા.

## પટેલ, કમળાબહેન ભાઈલાલ

બાકરોલ, જિ. ખેડા.

1932માં સત્યાગ્રહમાં પ્રવેશ. અસહકાર. ધરપકડ અને કારાવાસ. મુક્તિ પછી પુનઃ લડતમાં.

## પટેલ, કમળાબહેન શંકરભાઈ

જન્મ : 1912. સોજિત્રા.

અભ્યાસ : સરકારી શાળામાંથી 1920ની લડત દરમિયાન ઊઠી ગયાં. 1925-29માં સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી. 1930ની લડત વખતે મુંબઈ-વડાલામાં મીઠા-સત્યાગ્રહમાં કાનૂનભંગ. વિદેશી કાપડની દુકાનો ઉપર 1 વર્ષ સુધી પિકેટિંગ. ધરપકડ. 1944-46 : કસ્તૂરબા ટ્રસ્ટમાં કામ કર્યું. જેલવાસ. સત્યાગ્રહીઓનાં કુટુંબીજનોની દેખરેખ અને તેમને આર્થિક સહાય આપવાના કાર્યમાં ભાગ લીધો.

## પટેલ, કરસનભાઈ બેચરભાઈ

જન્મ : 1910. થોરાળા, જિ. રાજકોટ.

રાજકોટની લડતમાં ભાગ લીધો, તેથી જમીન-ખોરડાં રાજ્ય-સરકાર તરફથી જપ્ત કરવામાં આવ્યાં. સ્વરાજ મળ્યા પછી જમીન પરત મળી. ખેતીનો વ્યવસાય.

## પટેલ, કલ્યાણજી સોમાભાઈ

વડોદ ડુંડી, ચોર્યાસી, જિ. સૂરત.

ખેડૂત પરિવાર. અભ્યાસ : ધોરણ ચાર. 1930માં ધરાસણાના સત્યાગ્રહમાં ભાગ. પછી કસ્તૂરબા સેવાશ્રમ મરોલીમાં ખાદીકામ. કતારગામની સેવાદળ શિબિરમાં તાલીમ લીધી. સૂરત કૉંગ્રેસ ભવનમાં પોલીસે દરોડો પાડી, ધરપકડ કરી. પુષ્કળ માર મારી છોડી દીધા. પારડી તાલુકામાં પ્રવૃત્તિ, ત્યાં ધરપકડ, ખૂબ માર્યા. 6 મહિનાની સખત કેદ અને દંડ થયો. 1940-41ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભેસ્તાનમાં ધરપકડ. 4 માસની કેદ. 1942માં બુડિયાના ગોપાળભાઈ લક્ષ્મણભાઈની આગેવાની હેઠળ ભૂગર્ભ ટુકડીમાં જોડાયા. પોલીસ પટેલોનાં રાજીનામાં લેવાં, રેલના પાટા ઉખેડવા, તાર કાપવા, દારૂ-તાડીનાં પીઠાં પર પિકેટિંગ કરી બંધ કરાવવાની પ્રવૃત્તિ. પોલીસે ગામને ઘેરો ઘાલી, ધરપકડ કરી. ખૂબ મારપીટ કરીને 14 માસની સજા થઈ હતી.

## પટેલ, કશીભાઈ મંગળભાઈ

બાબાજીપુરા, કડી, જિ. મહેસાણા. મૂળગામ : ઓડ, જિ. ખેડા.

1942 : સિંગાપુર. આઝાદ હિન્દ ફોજમાં સૈનિક. યુદ્ધમાં ઘાયલ. ગુવાહાટી ઇસ્પિતાલમાં

ઉપચાર. દિલ્હી ફોજ વિશે પૂછપરછ. પુનઃકારાવાસ. લાલ કિલ્લામાં. ન્યાયાલયે રાજદ્રોહ માટે દેહાંત દંડ ફરમાવ્યો. લોકઆંદોલનને કારણે શિક્ષા રદ કરાઈ.

## પટેલ, કસનજી કાળીદાસ

જન્મ : 30 જૂન, 1920. કેસલી, તા. ગણદેવી.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં શરૂમાં સરઘસ વગેરે કાર્યક્રમો. પછી ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. રેલવેમાં ભંગાણ કરવું, પોસ્ટ બાળવી, લૂંટવી, સરકારી ચોરા બાળવા વગેરે કાર્યક્રમોમાં મિત્રો સાથે ભાગ લીધો. જાન્યુઆરી, 1943માં શક પરથી ધરપકડ. જુલાઈમાં પુરાવાના અભાવે છોડી મૂક્યા. ત્યાર બાદ ખાદી ઉત્પાદન અને પ્રચારના કામમાં સક્રિય. સ્વતંત્ર ખાદી કેન્દ્રો ચલાવતા. કરાડી, કઠોર વગેરે કેન્દ્રોમાં રહ્યા. સહકારી પ્રવૃત્તિ.

## પટેલ, કસનજી ડાહ્યાભાઈ

વતન : પાથરી.

તેમણે લડતપોષક અગત્યનાં કામો કર્યાં હતાં. પાથરી ગાયકવાડી ગામ હતું. ચળવળ દરમિયાન બ્રિટિશ હિન્દના ઘણા ખેડૂતોનું અનાજ પોતાને ત્યાં સાચવ્યું. સ્વાતંત્ર્યસૈનિકોને પોતાને ઘેર આશ્રય આપતા. પત્રિકા કાઢવાના કામમાં (સાઇક્લોસ્ટાઇલ) પોતાનું ઘર અને બીજો સહકાર આપ્યો હતો. ગુપ્ત સભાઓમાં હાજરી આપતા.

## પટેલ, કસનજી ડાહ્યાભાઈ

જન્મ : 1924. વેગામ.

1942ની લડતમાં દેશપ્રેમથી ઝંપલાવ્યું. ગણદેવી તાલુકાના ભાંગફોડના કાર્યક્રમોમાં સક્રિય ભાગ લીધો હતો. તાર-ટેલિફોનનાં દોરડાં કાપવાં, રેલવેના પાટા ઉખેડવા, પોસ્ટ ઑફિસમાં આગ લગાડવી, પોસ્ટ લૂંટવી વગેરે.

## પટેલ, કસનજી લલ્લુભાઈ

જન્મ : 8 ઑક્ટોબર, 1917. ઝાડેશ્વર, જિ. ભરૂચ.

1942ની ચળવળમાં કૉલેજનો અભ્યાસ છોડી, ગણદેવી જઈને આંદોલનમાં ભાગ લીધો. ગામેગામ જઈને પટેલો-તલાટીઓનાં રાજીનામાં મેળવવાં, ભાંગફોડના કાર્યક્રમોમાં સક્રિય. પોલીસ પાછળ પડવાથી ગુપ્તવાસ. ભાંગફોડની સામગ્રી સંતાડીને પોલીસના હાથમાં ન આવવા દીધી. આઝાદી પછી સમાજસુધારક બન્યા. સહકારી કાર્યકર.

## પટેલ, કસનભાઈ રણછોડભાઈ

જન્મ : 19 ડિસેમ્બર, 1912. મોરી, તા. બારડોલી.

મૅટ્રિક સુધીનો અભ્યાસ. 1939માં મલાયા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન રાસબિહારી બોઝ સાથે ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગમાં કામ કર્યું. તે પછી સુભાષચંદ્ર બોઝની કામચલાઉ સરકારમાં જોડાયા. તેની બોર્ડ ઑફ મૅનેજમેન્ટમાં તથા આઝાદ હિન્દ ફોજના પગાર ચૂકવવા માટે બૅંક અને ફાઇનાન્સ ખાતાના ડિરેક્ટર થયા. 1943થી 1945 સુધી આઝાદ હિન્દ ફોજની ગુપ્ત સેવાના સલાહકાર તરીકે કામ કર્યું. 1945માં જાપાન તાબે થયું ત્યારે બ્રિટિશ સિક્યુરિટી ઑફિસે એમને સિંગાપુરની પર્લ હિલ જેલમાં અટકમાં રાખ્યા. હિન્દમાંથી ત્યાં બચાવ કરવા ગયેલા પી. એન. સુપ્રેએ મુક્ત કરાવ્યા, છતાં નજરકેદમાં રાખ્યા અને દિલ્હીમાં આઇ.એન.એ. સામેનો કેસ પૂરો થયા પછી મુક્ત કર્યા. આઇ.એન.એ.ના સંરક્ષણ અને રાહત સમિતિના અધ્યક્ષ ચૂંટાયા હતા.

## પટેલ, કાનજીભાઈ પ્રેમજીભાઈ

વડિયા, જિ. અમરેલી.

સ્વાતંત્ર્યસૈનિક. રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ વડિયા દરબારે એમનાં જમીન-ખોરડાં, મિલકત જપ્ત કર્યાં. સ્વરાજ મળ્યા

પછી ખેતીની જમીન પાછી મળી.

## પટેલ, કાનજીભાઈ બુધિયાભાઈ

સામાપુર, જિ. વલસાડ.

1930થી આંદોલનમાં ભાગ લેવાનું શરૂ. કરાડીમાં પોલીસના ગોળીબારથી શહીદો થયા તે વખતે હાજર. 12-1-1943ના દિવસે ધરપકડ. પોલીસ ચોકીમાં બેસિતમ માર. ઘરમાંથી નાણાં-દાગીના વગેરે પોલીસ લૂંટી ગઈ. 13 મહિના કારાવાસ.

## પટેલ, કાનજીભાઈ મનજીભાઈ

ઝાલોદ, જિ. દાહોદ.

1920ની અસહકારની ચળવળ તથા સવિનય કાનૂનભંગ (1930-32) અને તે પછી પણ ખાદીના પ્રચારમાં અગ્રેસર હતા. ઝાલોદમાં રચનાત્મક પ્રવૃત્તિમાં ભાગ લેતા અને તેમાં બીજા લોકોને જોડતા હતા.

## પટેલ, કાનજીભાઈ રેવાભાઈ

જન્મ : 1 ઑગસ્ટ, 1924. લાડોલ, તા. વિજાપુર.

અભ્યાસ : મૅટ્રિક પાસ. શિક્ષક : બી.એ. રાષ્ટ્રભાષા રત્ન. 1942ની 'હિન્દ છોડો' લડતમાં જોડાયા. વિદેશી માલનો ત્યાગ. કાંતવું. ખાદીનો ઉપયોગ. પત્રિકાઓ, ચોપાનિયાં, પ્રચારસાહિત્ય વહેંચવા ગામડે જતા. સભાઓ ભરી લોકજાગૃતિ. પ્રભાતફેરીઓમાં સામેલ થતા. નારદીપુર જતાં રેલવેમાં ભાંગફોડ. સ્ટેશને ધરપકડ. બે દિવસ જેલમાં રાખી કેસ કર્યો. આંદોલનમાં ભાગ લેવા બદલ તેમનો રૂ. 100/- દંડ. દંડ ભર્યો નહિ.

## પટેલ, કાનજીભાઈ હાંસજીભાઈ

વરાડ, જિ. સૂરત.

કરાંચીમાં આચાર્ય ગિદવાણીના નેતૃત્વ નીચે 1930ના સ્વાતંત્ર્યના આંદોલનમાં કામ કર્યું. 6 મહિના જેલ ભોગવી.

## પટેલ, કાન્તિલાલ ભોગીલાલ

જન્મ : 2 ઑગસ્ટ, 1927. મહેસાણા.

1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં માધ્યમિક શાળાનો અભ્યાસ છોડી ચળવળમાં જોડાયા. પ્રભાતફેરી સરઘસ, હડતાળ, ધારાસભ્યોને ત્યાં પિકેટિંગ – રોજની પ્રવૃત્તિ હતી. ધારાસભ્ય નટવરલાલ પરીખને ત્યાં પિકેટિંગ કરતાં લાઠીચાર્જ. ધરપકડ. છૂટ્યા પછી પુરુષોત્તમદાસ પટેલ (દાસકાકા), સોમનાથ યાજ્ઞિક, વિઠ્ઠલભાઈ રણછોડભાઈ, ભોગીલાલ નાથાલાલ શાહની દોરવણી મુજબ પ્રવૃત્તિઓ. પોલીસની શોધ શરૂ થતાં ભૂગર્ભમાં. ભાંગફોડની પ્રવૃત્તિ. રેલવેના પુલ, સરકારી મકાનો બૉમ્બથી ઉડાવી દેવાની યોજના. તેમાં ચુનીલાલ જીવરામ પટેલ, રતિલાલ રણછોડભાઈ પંડ્યા, આત્મારામ વિઠ્ઠલદાસ બારોટ, રામલાલ કાળીદાસ, આર્યબંધુ વગેરે સાથીઓ. બૉમ્બ નાખી નુકસાન. રેલવેનો પુલ ઉડાવી દેવામાં નિષ્ફળ. સતત ભૂગર્ભમાં; રઝળપાટ.

## પટેલ, કામરાજ માધવજી

માણસા, જિ. મહેસાણા. ઉ. ગુજરાત.

દેશી રાજ્ય હતું. રાજાને વેઠનાં ગાડાં આપવા કે અપાવવાનો અસહકાર કરીને ઇન્કાર કર્યો. તેથી રાવલશ્રી(રાજા)એ 'આવા ગંભીર ગુના માટે જમીનો જપ્ત થઈ શકે તેમ હોવા છતાં દયાથી પ્રેરાઈને પાંચ રૂપિયાનો દંડ કર્યો.' તેને સરકારી કામમાં ખલેલ પાડવાનું લેખવામાં આવ્યું.

## પટેલ, કાલિદાસ નથ્થુભાઈ

ખોજપારડી, બારડોલી.

1928 : મહેસૂલવૃદ્ધિ સામે સત્યાગ્રહ. ગાયકવાડના પ્રદેશમાં પ્રવચન. 1931-32 : ધ્વજ સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. સવિનય કાનૂનભંગ સત્યાગ્રહ. મહેસૂલ ના ભર્યું.

સરકારે ભૂમિ, પાક, ઢોરઢાંખર પાણીના મૂલે વેચી દીધાં. ઘણો અત્યાચાર.

## પટેલ, કાશીબહેન પુરુષોત્તમ

નોંધણા, તા. જંબુસર, જિ. ભરૂચ.

1930માં પિકેટિંગ. ધરપકડ અને મુક્તિ. અંતે 7 મહિના કારાવાસ. દંડ ના ભરાતાં ઘરવખરી, ઢોરઢાંખર વેચી દેવાયાં. 1933 : મુક્તિ બાદ પુનઃ પત્રિકાવિતરણ. 11 મહિના કારાવાસ.

## પટેલ, કાશીબહેન પુરુષોત્તમ

વતન : ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : સામાન્ય વાંચવા-લખવા જેટલો.
1930ની ચળવળમાં વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતાં ધરપકડ. કેસ ચલાવી છ માસની જેલની સજા.

## પટેલ, કાશીબહેન પુરુષોત્તમદાસ

જન્મ : 1907, ભાદરણ, જિ. ખેડા.

1930માં સવિનય કાનૂનભંગની ચળવળમાં સભાઓ, સરઘસો વગેરે દ્વારા લોકજાગૃતિ. દારૂનાં પીઠાં તથા પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. લોકોને સમજાવીને પાછા વાળ્યા. 6 માસની કેદ. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેવા માટે જેલવાસ. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો. સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લેવા બદલ ત્રણ વાર જેલવાસ. સર્વોદય કન્યા છાત્રાલય, ભલાડમાં ગૃહમાતા.
પટેલ, કાશીબહેન (કુનાબહેન) મણિભાઈ નારણભાઈ

## ઢૂંઢાકૂવા, જિ. ખેડા.

રાસ-સત્યાગ્રહમાં પતિ સક્રિય. ના-કર લડત. હિજરત. ગામત્યાગ. કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ.

## પટેલ, કાશીબહેન શનાભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1932ની લડત વખતે ધરપકડ થયેલી. 6 માસની જેલ.

## પટેલ, કાશીબહેન (લીલાવતીબહેન) હનુમાનભાઈ

જન્મ : 1919. ઓડ, જિ. ખેડા.

નિરક્ષર. 1932માં સત્યાગ્રહ છાવણીમાં કાર્યકર. બોરસદના સરઘસમાં ધરપકડ અને 1 વર્ષની જેલ તથા દંડ. દંડ માટે જપ્તીઓ થઈ. વધુ 6 માસની સજા. વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં સંસ્થાના કાર્યમાં મદદ.

## પટેલ, કાશીભાઈ નાથાભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1932ના સત્યાગ્રહમાં ભાગ. ધરપકડ અને 6 માસની જેલ.

## પટેલ, કાશીભાઈ હરજીવનદાસ

સંડેર, જિ. પાટણ.

મૅટ્રિક પાસ. ખેડૂત કુટુંબ. અભ્યાસ પાટણમાં. 1942ની ચળવળમાં મિત્રો સાથે જોડાયા. લોકોમાં પ્રચાર કરી જાગૃતિ. લડતની પ્રવૃત્તિમાં સક્રિય થઈ ભાંગફોડ, વિસ્ફોટક પ્રવૃત્તિમાં ભાગ લીધો. ધરપકડ. કાચી જેલ. તેમના ઉપરનો કેસ પાછો ખેંચતાં – વર્ધામાં ગાંધી આશ્રમમાં જોડાઈ ગ્રામોદ્યોગનો અભ્યાસ, ઘાણી ઉદ્યોગના નિષ્ણાત થયા. ભારતમાં વિવિધ સ્થળે ઘાણી ઉદ્યોગ વિકસાવ્યો. સ્વતંત્રતા બાદ બનાસકાંઠા જિલ્લામાં જમીન લઈ આદર્શ ખેડૂતનું જીવન.
અવસાન : 23 ફેબ્રુઆરી, 1994.

## પટેલ, કાળાભાઈ ઉકાભાઈ

સાદક્પોર, તા. ચીખલી.

1930ની ચળવળ દરમિયાન ગણદેવીથી પત્રિકાની એક નકલ ભીમભાઈ મોકલતા. તેને

સાઇક્લોસ્ટાઇલ વડે રણછોડજી ગાંડાભાઈ નાયકની મદદ વડે વધુ નકલો કાઢીને ચીખલી કસબો તથા તાલુકાનાં ગામોમાં વહેંચવાની ગોઠવણ કરતા. થોડા દિવસ પછી સાઇક્લોસ્ટાઇલ મશીનનું સ્થળ બદલતા હતા.

## પટેલ, કાળીદાસ કલ્યાણભાઈ

જન્મ : 3 નવેમ્બર, 1891. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : અંગ્રેજી 4 ધોરણ. 1930ના મીઠા-સત્યાગ્રહ વખતે દોઢ વર્ષની સજા. 1932ની લડત વખતે જાહેર સભાને સંબોધતાં ધરપકડ. 2 વર્ષની સજા અને દંડ. 1942ની લોકક્રાંતિની ચળવળ વખતે અટકાયત અને 28 માસ સુધી જેલમાં.

## પટેલ, કાળીદાસ ડાહ્યાભાઈ

રુદણ, જિ. ખેડા.

1942ની લોકક્રાંતિ વખતે રાષ્ટ્રધ્વજ લઈને સરઘસ કાઢતાં ધરપકડ. સખત માર. ઘોડાની આગળ ચલાવીને મહેમદાવાદ લઈ જવાયા. ઘોડાની ખરીઓના ઘાથી લોહીલુહાણ.

## પટેલ, કાળીદાસ ધનજીભાઈ

જન્મ : 8 માર્ચ, 1908. વસો, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક. 1930માં દાંડીકૂચ વખતે ધરાસણાની ટુકડીમાં. લાઠીચાર્જમાં ઘવાયા. મીઠાના અગરમાં ગબડી પડ્યા. તેમની છાવણીને લૂંટી લેવામાં આવી. પોલીસની મારપીટ. 1932 : રાષ્ટ્રધ્વજ ફરકતો રાખવા માટે ધરપકડ અને સાડા સાત માસની સજા. પાછળથી બ્રિટિશ હદમાં પ્રવેશ ન કરવાનો હુકમ.

## પટેલ, કાંતિભાઈ છોટુભાઈ

ત્રાણજા, જિ. ખેડા.

1932ની લડત વખતે 24-4-1932ના રોજ ધરપકડ, 6 માસની જેલ અને દંડ.

## પટેલ, કાંતિભાઈ બળદેવભાઈ

જન્મ : 1 જુલાઈ, 1925. સોજિત્રા, જિ. ખેડા.

અભ્યાસ : ગૂજરાત વિદ્યાપીઠના વિનય મંદિરમાં. ટિળક વિદ્યામંદિરના શિલ્પવિશારદ. 1942ની લોકક્રાંતિ વખતે બારડોલીમાં પિકેટિંગ કરતાં ધરપકડ અને 6 માસની સજા. વલ્લભ- વિદ્યાનગરમાં શિલ્પ-કલાકાર અને પછી અમદાવાદમાં શિલ્પ-કલાકાર.

## પટેલ, કાંતિલાલ ભોગીલાલ

વતન : ખેડા. કાર્યક્ષેત્ર : વડોદરા.

વ્યવસાય : રેલવેમાં લોકો વિભાગ. 1930 : અભ્યાસ દરમિયાન જ લડતમાં સક્રિય. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. આણંદ પ્રચાર માટે જતી વડોદરાની ટુકડીમાં સભ્ય. અડાસ સ્ટેશને પોલીસ ગોળીબારમાં ઘવાયા, પકડાયા.

## પટેલ, કાંતિલાલ રમણલાલ

તાજપુર, તાડની શેરી, અમદાવાદ.

1942માં અભ્યાસનો ત્યાગ કરી આંદોલનમાં પ્રવેશ. સભા-સરઘસો તથા પત્રિકાવિતરણ. 16 વર્ષની વયે કારાવાસ. અટકાયત. શાળામાં પ્રવેશ ના મળ્યો. વ્યવસાય : મિલમાં નોકરી.

## પટેલ, કિશોરભાઈ ત્રિભોવનદાસ

જન્મ : 15 જૂન, 1888. બલોલ, જિ. મહેસાણા.

ધંધો : ખેતી, વેપાર, ઑઇલ મિલ.

1931ની ચળવળમાં ભાગ લીધો. ગામમાં સેવા સમાજ મંડળ સ્થાપ્યું. ખાદીનો પ્રચાર. મહેસાણા જિલ્લા પ્રજામંડળના કાર્યકરો સાથે ગામડાંમાં ફરી સ્વતંત્રતા માટે જાગૃતિ. 1937માં વડોદરા રાજ્ય પ્રજામંડળના મહેસાણામાં મળેલા અધિવેશનમાં સક્રિય ભાગ. 'હિન્દ છોડો' લડતમાં અમદાવાદથી આવતી પત્રિકાઓ ગામડે પહોંચાડી પ્રચારની પ્રવૃત્તિ. બલોલ કેળવણી મંડળના પ્રમુખ.

અવસાન : 29 એપ્રિલ, 1972.

## પટેલ, કિશોરભાઈ શામળભાઈ

ઓડ, જિ. ખેડા.

અભ્યાસ : અંગ્રેજી 7 ધોરણ. 1923 : નાગપુરના સત્યાગ્રહમાં ભાગ લેવા માટે 1 વર્ષની જેલ. 1930માં ઓડ ગામમાં સરઘસ પર ગોળીબાર. ધરપકડ અને 1 વર્ષની કેદ અને દંડ. 1932 : જિલ્લા સમિતિનાં સીલ તોડવા જતાં ધરપકડ અને 1 વર્ષની જેલ. 1941 : વાણીસ્વાતંત્ર્યની લડત વખતે 6 માસની જેલ.

## પટેલ, કીકાભાઈ ખેંગારભાઈ

અલગાર, જિ. સૂરત.

1930માં ગાંધીજીના બોધથી પ્રભાવિત. ધરાસણાના સત્યાગ્રહમાં સક્રિય. ધરપકડ. કારાવાસ. મુક્તિ પછી સેવાકાર્યમાં પુનઃ પ્રવૃત્ત. તામ્રપત્ર મળેલ છે.

## પટેલ, કીકાભાઈ મંછાભાઈ

અલગટ, વાલોદ, જિ. સૂરત.

1928 : લડતમાં પ્રવેશ. ઘરત્યાગ, ઘરવખરી, ઢોરઢાંખર સરકાર દ્વારા જપ્ત. ઊભો પાક પણ જપ્ત. 1942 : પોલીસ પટેલોનાં ત્યાગપત્ર બળપૂર્વક ઉઘરાવ્યાં. ભાંગફોડ. બદલામાં અત્યાચારનો ભોગ બન્યા.

## પટેલ, કુબેરભાઈ તારાચંદ

લાલી, જિ. ખેડા.

1920થી રાષ્ટ્રસેવા. 1930 : નમક સત્યાગ્રહ વખતે 3 માસની જેલ અને દંડ. દંડની વસૂલાત જપ્તીથી કરેલ.

## પટેલ, કુબેરભાઈ દસૂરભાઈ

જન્મ : 10 જાન્યુઆરી, 1905. કઠલાલ, જિ. ખેડા.

1921માં સરકારી શાળા છોડી નડિયાદમાં ટિળક વિનયમંદિરમાં જોડાયા. 1930માં લસુંદ્રા મીઠાના સત્યાગ્રહના કેન્દ્રમાં સંચાલનનું કાર્ય. ધરપકડ. 15 મહિનાની સજા. રૂ. 50 દંડ. 1932 તથા 1942ની ચળવળોમાં ભાગ લીધો. કુલ 3 વરસ જેલમાં. કપડવંજમાં વ્યાયામશાળામાં અને છાત્રાલયમાં વર્ષો સુધી કામ. યુવાનોમાં રાષ્ટ્રભક્તિ પ્રેરી. કપડવંજ તાલુકા હોમગાર્ડ્ઝ કમાન્ડન્ટ.

## પટેલ, કુંવરજી નાગરજી

જન્મ : 3 જૂન, 1901. ઇચ્છાપોર, તા. ગણદેવી.

1921ની અસહકારની ચળવળ વખતે શિક્ષકની નોકરી છોડી રાષ્ટ્રીય સંગ્રામમાં જીવન સમર્પણ. તેથી કૉલેજની શિષ્યવૃત્તિની રકમ ભરી દેવી પડી. જલાલપોર તાલુકાના સાતેમ ગામે તેમણે રાષ્ટ્રીય શાળા સ્થાપી. પાછળથી બંધ થઈ ગઈ. ધરાસણા સત્યાગ્રહમાં 21 મે, 1930ના રોજ ભાગ લીધો. રેંટિયાપ્રચાર, દારૂતાડીનિષેધ વગેરે રચનાત્મક પ્રવૃત્તિમાં વિશેષ રસ.

## પટેલ, કે. એમ.

સુભાષ બોઝની આઝાદ હિન્દ ફોજમાં 'નાયક'ના હોદ્દા પર હતા. 'ગુપ્તચર જૂથ'માં કામ બજાવતા હતા. બ્રહ્મદેશ(હવે મ્યાનમાર) માં લડાઈમાં મૃત્યુ પામ્યા.

## પટેલ, કેશવભાઈ ગણેશજી

જન્મ : 11 ઑક્ટોબર, 1895. કોસાડ, તા. ચોર્યાસી, જિ. સૂરત.

પ્રાથમિક શિક્ષક. 1919થી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જોડાયા. 1921 : અસહકારની ચળવળ શરૂ થતાં હેડમાસ્તર તરીકે રાજીનામું. મોતા ગામમાં રાષ્ટ્રીય શિક્ષણ, દારૂનિષેધ, ખાદીપ્રવૃત્તિ. 1922માં અસહકારની ચળવળ મોકૂફ છતાં રચનાત્મક પ્રવૃત્તિ ચાલુ રાખી. ગુજરાત ખાદી પ્રચારક મંડળના મંત્રી. 1928 : બારડોલી સત્યાગ્રહ વખતે સરદાર પટેલે વાલોડ મહાલની છાવણીમાં મૂક્યા. ત્યાં ભરૂચના ડૉ. ચંદુલાલ દેસાઈ સાથે ખેડૂતોને પ્રચાર દ્વારા મક્કમ

બનાવ્યા. 2 વર્ષની કેદ. રૂ. 500 દંડ. 1930ના સત્યાગ્રહમાં ભીમરાડ મોરચે ગયા. મીઠાના કાયદાનો ભંગ. ધરપકડ. 6 માસની સજા. 1931 : ગામડાંમાં ભાષણો કરવા માટે ધરપકડ. મુક્તિ આપવામાં આવી. 1932 : ધરપકડ. અટકાયત 2 માસ. 1933માં જેલમુક્તિ બાદ લોકસેવાનું કાર્ય.

## પટેલ, કેશવલાલ એચ.

જન્મ : 1 માર્ચ, 1918. જગુદણ, જિ. મહેસાણા. વતન : સામેત્રા.

1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક. 1940થી 1943 : કલોલમાં કાપડની મિલમાં નોકરી દરમિયાન 1942માં 'હિન્દ છોડો' લડત શરૂ થતાં સભા, સરઘસોમાં જોડાતા. પત્રિકાવિતરણ કરતા. મજૂરકલ્યાણની પ્રવૃત્તિ. રેલવેમાં ભાંગફોડ કરવા માટેનાં સાધનો મિલમાંથી લઈને મિત્રોને પૂરાં પાડ્યાં. તે માટે નોકરી ગુમાવી. કલોલ છોડવું પડ્યું. 1944માં અમદાવાદ જઈ ગાંધી આશ્રમમાં રહીને પરીક્ષિતલાલ મજમુદારની દોરવણી હેઠળ રચનાત્મક પ્રવૃત્તિ. કોમી એકતા. તે પછી ખેડૂત સંગઠનમાં સક્રિય થયા. મહેસાણા જિલ્લા ખેડૂત મંડળમાં પ્રચારમંત્રી. ખેતી-સુધારણાનો પ્રચાર. ગ્રામરક્ષક દળ, ઢોર ચોરી નિવારક મંડળના કાર્યકર.

## પટેલ, ખુશાલભાઈ કાળીદાસ

ફેબ્રુઆરી, 1884. વતન : બાકરોલ, જિ. ખેડા.

અભ્યાસ : અંગ્રેજી 6 ધોરણ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. આણંદમાં પકડાયા અને 6 માસની કેદ. 1942 : ચળવળ વખતે વડોદરા રાજ્યમાં પ્રજામંડળની સભા. 6 માસ સુધી અટકાયત.

## પટેલ, ખુશાલભાઈ કુબેરભાઈ

વતન : ઉત્તરસંડા, તા. નડિયાદ.

1914થી ઉત્તરસંડાના જાહેર જીવનમાં. વ્યવસાય : વેપારી. 1920ની અસહકારની ચળવળ દરમિયાન રાષ્ટ્રીય કેળવણી મંદિરનું તથા 1932-33ની ચળવળ વખતે મંત્રીનું કાર્ય કરેલું.
1918થી 15 વર્ષ સુધી તાલુકા, જિલ્લા અને પ્રાંતિક કૉંગ્રેસ કમિટીના કાર્યમાં રોકાયેલા. જાહેર સેવાનું કાર્ય ચાલુ.
હોમરૂલ લીગનો પ્રચાર – નડિયાદ અને ખેડા જિલ્લામાં. ખેડા સત્યાગ્રહમાં આગેવાની.
1919ના રૉલેટ કાયદા(કાળા કાયદા)નો વિરોધ. ગાંધીજીએ સાબરમતી આશ્રમમાં બોલાવેલી સભામાં હાજર રહી, પ્રતિજ્ઞાપત્ર પર સહી કરી.

## પટેલ, ખુશાલભાઈ પ્રાગજીભાઈ

વાંકાનેર, તા. બારડોલી.

1920થી ગાંધીજીનું 'નવજીવન' વાંચીને ન્યૂઝીલૅન્ડના ઑકલૅન્ડમાં રહીને માતૃભૂમિની સેવા કરવાની મહત્વાકાંક્ષા. 1930માં સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન દેશમાં. મુંબઈમાં 'વડાલા'ના મીઠાના અગરો ઉપર 7 દિવસ સુધી 100 માણસોની ટુકડી લઈને ધસી ગયા ત્યારે તેમને 3 માસની અને છૂટ્યા બાદ 6 માસની જેલ થઈ. 1940-41ના વ્યક્તિગત સત્યાગ્રહ વખતે બારડોલીમાં યુદ્ધવિરોધી પ્રવચન. ત્રણ મહિનાની કેદની સજા. છૂટીને ફરીથી સત્યાગ્રહ. ફરી વાર જેલ ભોગવી. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયા. બારડોલી સ્ટેશને ટ્રેનના ડબાને આગ લગાડી. સૂરત સ્ટેશને આવીને થોભેલી તાપ્તિ વૅલી રેલવેની ટ્રેનના ડબામાં ચાર બૉમ્બ મૂકીને ધડાકા કર્યા. તેમાં બેઠેલા થોડા લશ્કરી સિપાઈ બંદૂકો ફેંકીને ભાગ્યા. નવસારીમાં રઘુનાથજી નાયકને ત્યાં જતાં બૉમ્બનાં સાધનો સાથે અને બીજા 3 જણની સાથે ધરપકડ. સાબરમતી જેલમાં અટકાયત.

1940-44 દરમિયાન કુલ સાડા ત્રણથી 4 વર્ષની જેલ ભોગવી. 1945માં ન્યૂઝીલૅન્ડ ગયા. અવસાન : ઑકલૅન્ડમાં.

## પટેલ, ખુશાલભાઈ મોરારભાઈ

વાંકાનેર, તા. બારડોલી.

બારડોલી સ્વરાજ આશ્રમના ટ્રસ્ટી, આશ્રમ બાંધવામાં અને સંચાલનમાં સક્રિય. 1921માં ના-કરની લડત માટે ગાંધીજી પાસે બારડોલીની પસંદગી કરાવી. 1928 : બારડોલી સત્યાગ્રહની પ્રવૃત્તિઓમાં અગ્રણી. સરદાર પટેલને બારડોલી લાવવાના આયોજનમાં, ખેડૂતોને ફના થવા તૈયાર કરવામાં આગેવાની. 1932થી દરેક લડતમાં ભાગ લઈ જેલમાં ગયા. સ્વરાજપ્રાપ્તિ બાદ સૂરત જિલ્લા ખેડૂત મંડળની સ્થાપના. સ્વતંત્ર પક્ષમાં જોડાયા. ગુજરાત ખેડૂત સંઘના આગેવાન.

## પટેલ, ગણેશભાઈ ધનજીભાઈ

જન્મ : 9 ઑગસ્ટ, 1918. વાલમ, તા. વિસનગર, જિ. મહેસાણા.

દેશભક્તિના સંસ્કાર. 1930-32ની ચળવળમાં પ્રભાતફેરીમાં જોડાતા. વિદેશી કાપડની હોળીમાં મખમલની ટોપી નાખી. 1938 : હરિપુરા કૉંગ્રેસ બેઠકમાં સ્વયંસેવક તરીકે દોઢ મહિનો સેવા.

1942માં ‘હિન્દ છોડો’ લડતમાં નોકરી છોડી. આર્યસંગઠન પ્રગતિ મંડળમાં જોડાઈ ભૂગર્ભ-પ્રવૃત્તિ. ખાનગી સંદેશા આપવા લાંબી ખેપો કરતા. ઊંટ પર સવારી કરી હથિયારો આપવા દાંતા ગયા. ઊંઝા કાવતરા કેસમાં ધરપકડો થતાં ભૂગર્ભમાં ગયા. ફરારી આરોપી જાહેર થયા. તે દરમિયાન નવસારી, મુંબઈ, નાશિક, અહમદનગર, બારસી (જિ. સોલાપુર), લાતુર નામ બદલીને રાજેન્દ્રકુમાર ડી. દેસાઈ રાખી, ગુપ્તવેશે રહ્યા. છેલ્લે આગ્રા. વડોદરા રાજ્યે 24-4-1946ના રોજ કેસ પાછો ખેંચ્યા બાદ વતનમાં આવ્યા. આઝાદી બાદ આગ્રા વખતે વેપાર. વાલમ આવી જાહેર સેવા. કેળવણી મંડળના મંત્રી, પ્રમુખ.

## પટેલ, ગણેશભાઈ મણિલાલ

માણસા, ઉત્તર ગુજરાત.

ખેડૂત કાર્યકર. માણસા દેશી રાજ્ય હતું. સપ્ટેમ્બર, 1937માં ખેડૂત પરિષદે ના-કરની લડત ઉપાડવાની જાહેરાત કરી. ત્યાર બાદ તેમણે સરકારી પ્રચારતંત્રનો સામનો કરી, ખેડૂતોની શક્તિ ટકાવવા અને વધારવા ગામડાંમાં ફરીને પ્રચાર કર્યો.

## પટેલ, ગરબડદાસ હરિદાસ (મુખી)

આણંદ.

1857ના વિપ્લવમાં ખાનપુરના ઠાકોર જીવાભાઈના ટેકામાં આણંદના મુખી ગરબડદાસે નેતૃત્વ લીધું. કોળી, ભીલ, નાયકડા, સિબંદી વગેરે કોમના 2,000 સૈનિકો ભેગા કરી, આસપાસનાં ગામો કબજે કરી બ્રિટિશ રાજનો વિરોધ કર્યો. વડોદરાથી બ્રિટિશ લશ્કરે આવી બળવો દબાવી દીધો. યુવાન ગરબડદાસના નેતૃત્વ હેઠળ આણંદમાં બ્રિટિશ લશ્કરના કૅમ્પ પર રાત્રે હુમલો કરી માલાજી જોશી, બાપુજી પટેલ, કૃષ્ણરામ દવે વગેરે શસ્ત્રો લૂંટીને નાસી ગયા. તેમના સાથીઓની ધરપકડ. તોપને ગોળે બાંધીને ઉડાવી દીધા. ગરબડદાસને આજીવન દેશનિકાલની સજા ભોગવવા આંદામાન મોકલ્યા. ત્યાં અવસાન.

## પટેલ, ગંગાબહેન ગોરધનદાસ

જન્મ : ભાદરણ.

પિતા જૂનાગઢ રાજ્યમાં ફોજદાર. પતિ ‘બૉમ્બે ક્રૉનિકલ’ અખબારના તંત્રી વિભાગમાં, મુંબઈ. વિદેશી કાપડનો ત્યાગ કરી ખાદી અપનાવી. 1921માં મહાસભામાં જોડાયાં. 1930ની

ચળવળમાં ભાગ લીધો. વિગ્રહ સમિતિનાં 18મા સરમુખત્યાર તરીકે ધરપકડ. થાણાની જેલમાં કારાવાસ ભોગવ્યો. દેશસેવિકા સંઘના એક વિભાગનાં કૅપ્ટન. લેખિકા. વડોદરા પ્રજામંડળની કારોબારીનાં સભ્ય.

## પટેલ, ગંગાબહેન દેસાઈભાઈ

ઓડ, જિ. આણંદ.

પતિ નાથાભાઈ સુણાવની રાષ્ટ્રીય શાળામાં આચાર્ય. 1932ની સત્યાગ્રહની લડત વખતે સુણાવમાં 4-4-1932ના રોજ સરઘસમાં ભાગ લેતાં ધરપકડ અને 3 માસની સજા અને દંડ. સુણાવના વિનયમંદિરને સરકારે જપ્ત કર્યું. શિક્ષકોનાં મકાન લૂંટાયાં અને મકાનને સીલ. 12-3-1933ના દાંડીકૂચ દિને લીંબાસીમાં બહેનોની સભાનું પ્રમુખસ્થાન – ધરપકડ અને જેલમાં.

## પટેલ, ગાંડાભાઈ લાલભાઈ

રાંદેર, જિ. સૂરત.

1942 : લોકક્રાંતિ. અભ્યાસ-ધંધાનો ત્યાગ. સરઘસ, કાયદાભંગ, 4 મહિના કારાવાસ. મુક્તિ પછી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં.

## પટેલ, ગિજુભાઈ રણછોડજી

હજીરા, જિ. સૂરત.

1942ની ચળવળમાં ભાગ લીધો. ભાંગફોડની તથા ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ. સમન્સ કાઢ્યો હોવાથી ગુપ્ત રહેતા. છેવટે એપ્રિલ, 1943માં સૂરતમાં સરઘસની આગેવાની લઈ પકડાયા. જુદા જુદા ગુના હેઠળ 16 માસની કેદની સજા. કેસ દરમિયાન 6 માસ સૂરત જેલમાં. પછી મુંબઈના વનિતા વિશ્રામ વિદ્યાલયમાં શિક્ષક.

## પટેલ, ગિરધરલાલ પ્રભુદાસ

જન્મ : 1913. અમદાવાદ.

1930ની લડત વખતે સક્રિય. બોરસદની છાવણીમાં કામ કરતા જેલમાં ગયા. 1932ની લડત વખતે ધરપકડ અને જેલવાસ. 1932-33માં બોરસદ તાલુકામાં પ્લેગ વખતે દર્દીઓને દવાઓ મળે તેવી વ્યવસ્થા કરી અને માવજત કરવાનું કામ કરેલું. દારૂબંધી, પ્રૌઢશિક્ષણ અને ગ્રામસફાઈનું સામાજિક કાર્ય.

## પટેલ, ગુલાબભાઈ ફકીરભાઈ

રાનકૂવા, જિ. વલસાડ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાંગફોડની પ્રવૃત્તિ. વલસાડની રેલવે પોલીસે તેમની ધરપકડ કરી. 11 મહિના લૉકઅપમાં રાખ્યા, પછી 3 મહિના સાબરમતી જેલમાં અટકાયત.

## પટેલ, ગોપાલભાઈ વેણીરામ

મોડાસા, જિ. સાબરકાંઠા.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં અમદાવાદમાં ભાગ લીધો. ભૂગર્ભ પત્રિકાપ્રવૃત્તિમાં લાંબા સમય સુધી સક્રિય રહ્યા. સભા-સરઘસોમાં ભાગ લીધો.

## પટેલ, ગોપાળદાસ બાજીદાસ

ઇટાદરા, માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

ખેડૂતોના અગ્રણી.

1938 : મહેસૂલ વસૂલાતને નામે રાજ્યનું પાશવી દમન. ગોપાળદાસનાં પત્ની પાસેથી પોલીસે મહેસૂલ પેટે વીસ રૂપિયા પડાવ્યા. પછી ખેતરમાં જઈને ગોપાળદાસને મારવા લીધા. ગભરાયેલા પટેલ છટકીને દોડ્યા તો પોલીસે છૂટો ભાલો ફેંક્યો. તે પટેલના પગમાં વાગતાં પટેલ ગબડી પડ્યા !

માણસાના મહાજને આ જુલમના વિરોધમાં હડતાળ પાડી. ગોપાળદાસ પટેલ સામે ધરપકડનું વૉરંટ કાઢવામાં આવ્યું. તેનાથી લોકોનો રોષ વધી ગયો.

## પટેલ, ગોપાળદાસ ભગવાનદાસ

માણસા (દેશી રાજ્ય), ઉત્તર ગુજરાત.

ખેડૂત કાર્યકર. 25 સપ્ટેમ્બર, 1937ના રોજ માણસા પાસે ગાયકવાડી હદના વાગોસણા ગામે ખેડૂત પરિષદ ભરવામાં આવી; ના-કરની લડત ઉપાડવાની જાહેરાત થઈ. તે પછી ગામડાંમાં ફરીને સરકારી પ્રચારતંત્રનો સામનો કરી, ખેડૂતોની શક્તિ ટકાવવા અને વધારવા પ્રચાર કર્યો. તેમના પ્રમુખપદે 6 જાન્યુઆરી, 1938ના રોજ ગાયકવાડી વાગોસણામાં ચાર હજાર ખેડૂતોની સભા
મળી હતી. સભાજનોએ અન્યાયનિવારણ વાસ્તે ના-કરની લડતના પ્રસ્તાવને સર્વાનુમતે વધાવી લીધો.

## પટેલ, ગોરધનદાસ લલ્લુભાઈ

અમદાવાદ.

1930-32ની ચળવળમાં પિકેટિંગમાં ભાગ. આખું કુટુંબ દેશભક્ત. માતા અને બહેને પિકેટિંગમાં ભાગ લઈ ધરપકડ વહોરી હતી. ગોરધનભાઈ વ્યાયામપ્રવૃત્તિમાં સક્રિય. સરસપુરમાં વ્યાયામ-શાળા સ્થાપી. 1942ની ચળવળ શરૂ થતાં ન પકડાવા ઘેરથી ગુપ્ત રીતે નીકળી ગયા. સરસપુરમાં ભાંગફોડની પ્રવૃત્તિઓ કરવાનું આયોજન. સામ્યવાદી વિચારના હોવા છતાં આઝાદીની લડતમાં જોડાયા. જાન્યુઆરી, 1943માં તેમની ધરપકડ માટે સરકારે જાહેરનામું પ્રગટ કર્યું. મકાન ઉપર ટાંચ, મિલકતો જપ્ત. 'તણખા' નામની પત્રિકા 25 દિવસ સુધી બહાર પાડી. જાન્યુઆરી, 1944થી જૂન, 1945 : દોઢ વર્ષ જેલમાં અટકાયત.

## પટેલ, ગોરધનભાઈ

નાર, જિ. ખેડા.

193032માં સંગ્રામપ્રવેશ. અભ્યાસત્યાગ. લસુંદ્રા મીઠા-સત્યાગ્રહ. કારાવાસ. મુક્તિ પછી મદ્યનિષેધ, સ્વદેશી આદિ પ્રચાર. 1942 : ભૂગર્ભપ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો.

## પટેલ, ગોરધનભાઈ ચતુરભાઈ

જન્મ : 1904. ભાદરણ, જિ. ખેડા.

અભ્યાસ ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક (1925). 1921ની લડત વખતે વડોદરા કૉલેજ છોડીને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ. 1930ની લડત વખતે બોરસદ તાલુકાના બદલપુર ગામે મીઠાનો સત્યાગ્રહ. ધરાસણાની પ્રથમ ટુકડીમાં સામેલ. ઠાસરા તાલુકામાં લડતના પ્રચારક. ડાકોરમાં ધરપકડ અને સાડાસાત માસની જેલ તથા દંડ. 1942ની લડતમાં પ્રચારકાર્ય.

## પટેલ, ગોરધનભાઈ બેચરભાઈ

ગણપતપુરા, જિ. વડોદરા.

વડોદરા પ્રજામંડળના યુવાન કાર્યકર. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સભા-સરઘસોમાં તથા ભાંગફોડનાં કાર્યોમાં સક્રિય. ધરપકડ. કારાવાસ.

## પટેલ, ગોરધનભાઈ મોતીભાઈ

જન્મ : 12 સપ્ટેમ્બર, 1896. અલિન્દ્રા, જિ. ખેડા.

1921 : અસહકારની લડતમાં જોડાવાથી નોકરી ગુમાવી. 1932 : સત્યાગ્રહના 25મા સરમુખત્યાર તરીકે માતર તાલુકામાંથી ધરપકડ. 6 માસની જેલ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. ધરપકડ. 9 માસની જેલ. 1942ની લડતમાં ધરપકડ. 9 માસની સજા. 1944 : વડોદરા રાજ્ય પ્રજામંડળની લડતમાં ભાગ. ધરપકડ. કોર્ટ ઊઠતાં સુધીની સજા. રચનાત્મક કાર્યકર. ભૂદાન કાર્યકર.

## પટેલ, ગોરધનભાઈ રણછોડભાઈ

જન્મ : 1916. પીપળાવ, જિ. ખેડા.

1930ની લડત વખતે માતર તાલુકામાં લડતના કાર્યમાં પકડાયા પણ કિશોરવયના

હોવાથી છૂટી ગયા. 1932 : લડત વખતે આંકલાવમાં પ્રવચન કરવા માટે ધરપકડ અને 6 માસની સજા તથા દંડ. ખેડા કલેક્ટરની કચેરી પાસે સૂત્રોચ્ચાર કરતાં ધરપકડ અને 6 માસની સજા. મૅટ્રિક થયા બાદ ધંધાર્થે આફ્રિકા ગયા.

## પટેલ, ગોરધનભાઈ વાઘજીભાઈ

સોજિત્રા, જિ. આણંદ.

9મી ઑગસ્ટ, 1942ના રોજ નેતાઓની ધરપકડ થઈ જવાથી, તેમણે હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સમક્ષ 'હિન્દ છોડો' ચળવળની ભૂમિકા સમજાવી. એક વર્ષ સુધી શાળા બંધ રખાવી. આસપાસની ડેરીઓ બંધ રખાવવા મહત્વનો ભાગ ભજવ્યો. તલાટીઓનાં રાજીનામાં લેવડાવવા પ્રયાસો કર્યા. પ્રભાતફેરી, સભા-સરઘસ, યુવકપ્રવૃત્તિ, ગ્રામસફાઈ જેવા કાર્યક્રમોમાં લોકોને રસ લેતા કર્યા.

## પટેલ, ગોરધનભાઈ શંભુભાઈ

જન્મ : જૂન, 1916. નવાગામ, તા. માતર, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક પાસ. માતર તાલુકાના સમાજસેવક. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહ વખતે 6 માસની જેલયાત્રા. રચનાત્મક કાર્યકર.

## પટેલ, ગોરધનભાઈ સાંકળભાઈ

લીંબાસી, તા. માતર, જિ. ખેડા.

1930-32ની લડતમાં ભાગ લેવા બદલ 1 વર્ષની જેલ.

## પટેલ, ગોવિંદજી મકનજી

જન્મ : 4 ઑક્ટોબર, 1923. મલેકપોર, તા. પલસાણા, જિ. સૂરત.

ખેતીવાડીનો વ્યવસાય. મૅટ્રિક પાસ થઈ સૂરત કૉલેજમાં અનાવિલ આશ્રમમાં રહેતા. 1942ની લડતમાં. સરદાર પટેલના ભાષણની અસરથી કૉલેજનો ત્યાગ. બારડોલી સ્વરાજ આશ્રમમાં રહી ત્યાંની કોર્ટ પર પિકેટિંગ કરતાં ધરપકડ, 6 માસની સજા. છૂટીને ભૂગર્ભપ્રવૃત્તિમાં સક્રિય.

## પટેલ, ગોવિંદભાઈ અમથાભાઈ

જન્મ : 1913. વસો, જિ. ખેડા.

અભ્યાસ : ગુજરાતી સાત ધોરણ. 1930માં મીઠાનો સત્યાગ્રહ. લસુંદ્રા(તા. કપડવણજ)માં મીઠું પકવવાના આંદોલનમાં ભાગ. 1941 : લક્ષ્મણપુરા, તા. કપડવણજમાં 28 ફેબ્રુઆરી, 1941ના દિવસે વ્યક્તિગત સત્યાગ્રહ માટે છ માસની જેલ.

## પટેલ, ગોવિંદભાઈ દાદાભાઈ

રહાડ, વાગરા, જિ. ભરૂચ.

1924 : રાષ્ટ્રીય શાળામાં સેવાશ્રમમાં પ્રવેશ. 1930માં સ્વાતંત્ર્યસંગ્રામમાં પ્રવેશ. હરિપુરા અધિવેશનમાં સ્વયંસેવક. 1940ના વ્યક્તિગત સત્યાગ્રહમાં. 9 મહિના કારાવાસ. વડોદરા સમાજવાદી મિત્રમંડળની સ્થાપના. 1952માં પારડી સત્યાગ્રહમાં ભાગ લીધો.

## પટેલ, ગોવિંદભાઈ નાનાભાઈ

હજીરા, જિ. સૂરત.

1942માં રાષ્ટ્રીય શિક્ષણ માટે વર્ગો ખોલ્યા. હજીરામાં ધ્વજવંદનનો કાર્યક્રમ રાખ્યો ત્યારે બંદૂકધારી પોલીસો આવ્યા અને ફોજદારે રિવૉલ્વર છાતી પર ધરી. બેડી પહેરાવીને લઈ ગયા. નવ માસની સજા કરી.

## પટેલ, ગોવિંદભાઈ બેચરભાઈ

રીંછોલ, તા. મહેમદાવાદ, જિ. ખેડા.

1930ના મીઠા-સત્યાગ્રહ વખતે ધરાસણા કૂચમાં જોડાયા. 1942ની સત્યાગ્રહની લડતમાં બે વખત ધરપકડ, જેમાં સવા મહિનાની અને બીજી વખત છ માસની સજા અને દંડ.

પટેલ, ગોવિંદભાઈ ભવાનભાઈ

## છાપર, તા. ગણદેવી, જિ. નવસારી.

સાધારણ શિક્ષણ. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં તાલુકામાં ચાલતી ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયા. ધરપકડ. અટકાયત. સ્વરાજપ્રાપ્તિ બાદ અવસાન.

## પટેલ, ગોવિંદભાઈ મથુરભાઈ

વતન : આખડોલ, તા. નડિયાદ.

1930-1932ની લડત દરમિયાન ના-કરની લડતમાં જમીનમહેસૂલ નહીં ભરેલું. તેથી સરકારે જપ્તી વૉરંટ કાઢ્યું. છતાં મહેસૂલ ન ભર્યું અને બાજુની ગાયકવાડી સરહદમાં કરોલી ગામે હિજરત કરી. સરકાર સાથે સમાધાન થયા પછી વતન પાછા ફરેલા.

## પટેલ, ગોવિંદભાઈ મહીજીભાઈ

ઉબેર, જિ. ભરૂચ.

1930 : દાંડીકૂચ કરીને સાથે ગયા. ગાંધીજીના આગમનથી પ્રભાવિત. સત્યાગ્રહમાં પ્રવેશ, વેડચ. મીઠા-સત્યાગ્રહ, વાગરા. સભા-પ્રવચન. 1942 : કારેલી ગામે સભા. છ મહિના કારાવાસ. વિસાપુર જેલ. અત્યાચાર. મુક્તિ પછી અન્ય સંગ્રામીઓને સહાય.

## પટેલ, ગોવિંદભાઈ મોતીલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં સરઘસોમાં જોડાતા. પત્રિકા વહેંચતા. કર્ફ્યૂનો ભંગ કરવા માટે દોઢ માસની કેદ. પેટલાદથી પોટૅશિયમ ક્લૉરેટ બે વાર ખરીદી લાવ્યા. 16 ડિસેમ્બર, 1942ની રાત્રે મામુ નાયકની પોળમાં તેમના ઘરમાં રાસાયણિક બૉમ્બ બનાવતાં ધડાકો. જમણી આંખ ગુમાવી. મોં તથા શરીરના અન્ય ભાગો પણ દાઝ્યા. લોહી વહેવા લાગ્યું. ધરપકડ. પાંચ વર્ષની સખત કેદની સજા.

## પટેલ, ગોવિંદભાઈ સુખાભાઈ

જન્મ : 1921. વડસાંગળ, તા. ગણદેવી, જિ. નવસારી.

1940માં મૅટ્રિક. 1942ની ચળવળમાં જોડાવા વડોદરા કૉલેજ છોડી. ગણદેવી હાઈસ્કૂલ પર પિકેટિંગ. બેત્રણ વાર પકડીને છોડી મૂક્યા. ભૂગર્ભ કાર્યક્રમમાં સક્રિય. સરકારી ચોરા બાળવા, રેલવે-લાઇનમાં ભંગાણ પાડવાં, તારો કાપવા વગેરે પ્રવૃત્તિમાં ભાગ. સરકારી દફતર બાળીને જતાં ધરપકડ. ગણદેવી તાલુકાની કાચી જેલમાં, ત્યાર બાદ નવસારી સબજેલમાં છ મહિના રાખ્યા, બાદ છ માસની સખત કેદની સજા સાબરમતી જેલમાં ભોગવી. અભ્યાસ શરૂ કરી એમ.એ. થયા. ખાલસા કૉલેજમાં પ્રાધ્યાપક. સાહિત્યકાર.

## પટેલ, ગોવિંદભાઈ હરિભાઈ

જન્મ : 4 નવેમ્બર, 1908. વતન : વિરમગામ.

અભ્યાસ અંગ્રેજી પાંચ ધોરણ સુધી. 1930થી રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય માટેની લડતમાં ભાગ. 1930થી 1944 સુધીમાં ચાર વખત જેલ-સજા. છ વર્ષની મુદત માટે વિરમગામ નગરપાલિકાના પ્રમુખ. સંનિષ્ઠ લોકસેવક.

## પટેલ, ગોવિંદરામ રામભાઈ (પંડિતજી)

જન્મ : 1898. ધામણ, જિ. વલસાડ.

વતન : કપૂરા, જિ. સૂરત.

સંસ્કૃતનો અભ્યાસ વારાણસીમાં. ન્યાયશાસ્ત્ર અને વ્યાકરણશાસ્ત્રના પારંગત. 1930ની ચળવળમાં બારડોલી તાલુકાના ખેડૂતોને ના-કરની લડતમાં, હિજરત કરવામાં સાથ. ત્રણ માસની સજા. બીજી વાર (1932માં) પકડીને નવ માસની સજા. છૂટ્યા બાદ ગુપ્ત રીતે પત્રિકા પ્રસિદ્ધ કરી પ્રચારકાર્ય. 1949માં હૃદયરોગને કારણે મુંબઈમાં અવસાન.

## પટેલ, ગોસાંઈભાઈ છીબાભાઈ

જન્મ : 21 ફેબ્રુઆરી, 1921. જલાલપોર, જિ. વલસાડ.

અભ્યાસ : મૅટ્રિક. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં. કારાવાસ. 1942 : લોકક્રાંતિમાં. ધરપકડ. પાછળથી 27 મહિના ભૂગર્ભવાસ. રાષ્ટ્રસેવામાં પ્રવૃત્ત.

## પટેલ, ઘનશ્યામદાસ મગનલાલ

જન્મ : 19 નવેમ્બર, 1921. વલસાડ.

1942માં 'હિન્દ છોડો' આંદોલન દરમિયાન મુંબઈમાં તથા વલસાડમાં સભા-સરઘસોમાં ભાગ. મુંબઈમાં સરઘસમાં સખત લાઠીમારથી બેભાન. ત્યાર બાદ વલસાડમાં ધરપકડ. ચાર માસની સજા.

## પટેલ, ઘેલાભાઈ મંગળરામ

ચલોડા, તા. ધોળકા, જિ. અમદાવાદ.

ધોળકામાં ચળવળમાં પ્રવેશ. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. વિદેશી કાપડનો બહિષ્કાર. ચળવળનો તાલુકાનાં ગામોમાં પ્રચાર. ધોળકામાં સભામાં ભાષણ. છ મહિના કારાવાસ. ઘર અને જમીન જપ્ત.

## પટેલ, ચતુરભાઈ ગલાભાઈ

જન્મ : 1 માર્ચ, 1911. ચકલાસી, તા. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ અંગ્રેજી પાંચ ધોરણ. 1930-34માં કૉંગ્રેસના કાર્યકર. નડિયાદ તાલુકાના સંગ્રામ સમિતિના સરમુખત્યાર. 1930ના મીઠા-સત્યાગ્રહ લડત વખતે એક માસની સજા અને રૂ. 20 દંડ અથવા દસ દિવસની વધારે સજા. બીજી વખત સાડાચાર માસની સજા અને દંડ. 1931માં દોઢ માસની સજા અને દંડ. 1932માં ધરપકડ અને બે વખત છ છ માસની સજા અને દંડ. 1933માં દંડ અથવા એક માસની સજા.

## પટેલ, ચતુરભાઈ ગોવિંદભાઈ

ઉમલ્લા, જિ. ભરૂચ.

1942ની ચળવળમાં સૂરતમાં સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ.

## પટેલ, ચતુરભાઈ છોટાભાઈ

સોખડા, વડોદરા.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. વડોદરામાં ગોળીબારનો વિરોધ. સોખડાથી સરઘસ આકારે વડોદરા ગમન. માર્ગમાં છાણી અને પીલોલ રેલવે ટેલિફોનના તાર કાપ્યા. છત્રી સમી કરનાર છીએ કહી છૂટી ગયા. ભૂગર્ભપ્રવૃત્તિ.

## પટેલ, ચતુરભાઈ જેઠાભાઈ

જન્મ : 1915, લીંબાસી, તા. માતર, જિ. ખેડા.

કિશોરવયથી લડતમાં ભાગ. પત્રિકાઓ વહેંચવાના કામમાં ધરપકડ વહોરી લેતા. પાછળથી ધારવાડની બૉર્સ્ટલ સ્કૂલમાં ત્રણ વર્ષ માટે મોકલવામાં આવ્યા હતા.

## પટેલ, ચતુરભાઈ ઝવેરભાઈ

ડભાણ, તા. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : ગુજરાતી સાત ધોરણ. રચનાત્મક કાર્યકર. 1942ની લોકક્રાંતિ વખતે છ માસની સખત મજૂરીની સજા.

## પટેલ, ચતુરભાઈ બાબરભાઈ

નાવલી, જિ. આણંદ.

અભ્યાસ : લખીવાંચી શકે. 1942માં પત્રિકાઓ વહેંચતા, ધરપકડ અને એક વર્ષની સજા.

## પટેલ, ચતુરભાઈ ભાઈલાલભાઈ

ગાના, જિ. આણંદ.

1930-32ની ચળવળ દરમિયાન ગાના ગામના ખેડૂતોએ જમીનમહેસૂલનો સત્યાગ્રહ કર્યો.

પોલીસની મદદથી મામલતદાર જુલમ કરતો. મારઝૂડ પણ કરતો. ચતુરભાઈએ મહેસૂલ ન ભર્યું. આખું કુટુંબ લડતમાં સામેલ થયું. પોલીસોએ સત્યાગ્રહી કુટુંબના બધા પુરુષોને ચોરામાં બોલાવી ધમકાવ્યા. જતી-આવતી બહેનો સાંભળે એમ ગંદી ગાળો દીધી. છતાં સત્યાગ્રહીઓ મક્કમ રહ્યા. તેઓને પોલીસો મોટરમાં બેસાડી ચોગાનમાં લઈ ગયા. ત્યાં નગ્ન કરીને બાપ-દીકરાને સામસામાં ઊભા રાખી બરડા ઉપર સોટીઓ તથા લાઠીઓ મારી. તેમના બરડા અને થાપા ઉપર લોહીના ટશિયા ફૂટ્યા.

## પટેલ, ચતુરભાઈ મંગળભાઈ

જન્મ : 4 ઑગસ્ટ, 1930.

1938 : હરિપુરાની કૉંગ્રેસ વખતે સ્વયંસેવક. 1942ની લોકક્રાંતિની ચળવળ વખતે પ્રભાતફેરી, સરઘસ તેમજ ભૂગર્ભપ્રવૃત્તિ. 1943 : ગાંધીજીના, આગાખાન મહેલમાં ઉપવાસ વખતે પુણે સત્યાગ્રહ ટુકડીમાં સામેલ. પુણે પહોંચતાં જ ધરપકડ. થોડા દિવસ યરવડા જેલમાં અટકાયત.

## પટેલ, ચતુરભાઈ માધવલાલ

વિલાયત, જિ. ભરૂચ.

પિતા પોલીસપટેલ. પદત્યાગ 1922. 1923 : નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં કારાવાસ. 1932 : ચાલુ વ્યવસાયે લડતમાં ભાગ. 1941 : વાગરામાં વાણીસ્વાતંત્ર્ય સત્યાગ્રહમાં કારાવાસ.

## પટેલ, ચતુરભાઈ લક્ષ્મીદાસ

રાસ, જિ. આણંદ.

1932 : રાસ ના-કર લડત. મહેસૂલ નહિ ભરવાની પ્રતિજ્ઞા. વસૂલાત માટે અત્યાચાર. હિજરત. ગામમાં દમન. છ મહિના કારાવાસ.

## પટેલ, ચતુરભાઈ શિવાભાઈ

બોચાસણ, જિ. આણંદ.

1930-32ના સ્વાતંત્ર્યસંગ્રામમાં વિવિધ ક્ષેત્રે સક્રિય. હિજરત. જમીન વગેરે ગુમાવ્યું. છેવટે પાછું મળ્યું. તામ્રપત્ર મળ્યું છે.

## પટેલ, ચંચળબહેન

અમદાવાદ.

1942ની ચળવળ દરમિયાન ગોમતીપુરનાં સ્ત્રી-વૉર્ડનાયક. સ્ત્રીઓનાં સરઘસોનું આયોજન. ઘવાયેલાઓની સારવારમાં મદદ. જેલમાંથી સંદેશા લાવવા – લઈ જવા. શહીદોનાં અને જેલમાં ગયેલાનાં કુટુંબને મદદ, સંભાળ રાખવી.

## પટેલ, ચંદુભાઈ ચતુરભાઈ

વતન : પીજ, તા. નડિયાદ, જિ. ખેડા.

1930-32ની લડતમાં ભાગ લીધો. મહેમદાવાદમાં ધરપકડ થઈ. નાની ઉંમર હોવાથી જેલમાં મોકલવાને બદલે બે વર્ષ માટે પુણેની રેફરમેટરી સ્કૂલમાં મોકલવામાં આવ્યા.

## પટેલ, ચંદુભાઈ ચતુરભાઈ

વતન : ભાદરણ, તા. બોરસદ.

1927માં ડિપ્લોમાની પરીક્ષા પાસ કરી, ઘાટકોપર જીવદયા ખાતા ડેરીના મૅનેજર. તે પછી વેપાર. 1930 તથા 1942ની આઝાદીની લડતોમાં ભાગ લીધો. ત્યાર પછી કૉંગ્રેસ સંસ્થાની પ્રવૃત્તિ તથા ભૂદાનની પ્રવૃત્તિમાં સમય આપતા.

## પટેલ, ચંદુભાઈ પરસોતમભાઈ

જન્મ : 21 મે, 1922. અવિધા, જિ. ભરૂચ.

અભ્યાસ : શાળાંત ઉત્તીર્ણ. દેશી રાજ્ય સામેની લોકલડતમાં પ્રવેશ. અધિકારશાહી સામે સંઘર્ષ. લોકસંઘ સત્યાગ્રહ. કારાવાસ. અત્યાચાર. સફળ અંત. લોકો માટે રાહતો

મેળવી.

## પટેલ, ચંદુભાઈ પુરુષોત્તમદાસ

ઉત્તરસંડા, જિ. ખેડા. ઉંમર : 18 વર્ષ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. તે વખતે બરોડા કૉલેજના વિદ્યાર્થી હતા. મિત્રો સાથે રેલવેના પાટા ઉખેડતા હતા ત્યારે પોલીસે ગોળીબાર કર્યો. ચંદુભાઈને ગોળી વાગી. રાત્રે અંધકારમાં ત્યાં પડી રહ્યા. પછી નડિયાદની હૉસ્પિટલમાં પોલીસે પહોંચાડ્યા. ત્રણ દિવસ બેભાન. ઑપરેશન કરી ગોળી કાઢી. ભાંગફોડનો ગુનો. બે વર્ષની કેદની સજા સાબરમતી જેલમાં ભોગવી.

## પટેલ, ચંદુભાઈ પ્રહલાદભાઈ

અમદાવાદ.

1942ના આંદોલનમાં કઠલાલ ગામેથી પ્રવેશ. સભા-સરઘસ, દારૂ–વિદેશી કાપડના ભંડાર સામે પિકેટિંગ. કારાવાસ. સેવાભાવી.

## પટેલ, ચંદુભાઈ મહીજીભાઈ

નાપાડ, જિ. ખેડા.

1928માં બારડોલી સત્યાગ્રહમાં સક્રિય. સરભાણ આશ્રમમાં. 1930 : ધરાસણા મીઠા-સત્યાગ્રહ. 50ની ટુકડી. ધરપકડ, પણ વય 15 નીચે હોવાથી મુક્તિ. ભૂગર્ભપ્રવૃત્તિ. પત્રિકાવિતરણ.

## પટેલ, ચંદુભાઈ રણછોડભાઈ

હાલોલ, જિ. પંચમહાલ.

1933-15 જાન્યુઆરી, પીપાવાવ. ગુજરાતના સરમુખત્યારોની પરિષદમાં પ્રતિનિધિ. લાઠીમાર. 2 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ.

## પટેલ, ચંદુલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં વાંધાભરી પત્રિકાઓ રાખવા માટે સપ્ટેમ્બર, 1942માં ધરપકડ કરી, જેલમાં અટકાયત.

## પટેલ, ચંદુલાલ અમૃતલાલ

જન્મ : 1894. વતન : નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : એલએલ.બી.

કૉંગ્રેસ પ્રત્યે સહાનુભૂતિ. રાષ્ટ્રવાદી વકીલ. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ થયો ત્યારે ધરપકડ. આઠ માસની જેલ.

## પટેલ, ચંદુલાલ કાળીદાસ

જન્મ : 18 એપ્રિલ, 1921. ભાટ, જિ. સૂરત.

ઘેર કપાસ લોઢવાની, પૂણી બનાવવાની, કાંતણની પ્રવૃત્તિ ચાલતી. 1938માં હરિપુરા અધિવેશન વખતે સ્વચ્છતા વિભાગમાં સ્વયંસેવક તરીકે કામ કર્યું. અભ્યાસ છોડીને ખાદીકામમાં જોડાયા. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ત્રણ મહિનાની જેલ થઈ હતી. 1942માં ધરપકડ અને 6 મહિનાની સજા થઈ હતી.

## પટેલ, ચંદુલાલ ડાહ્યાભાઈ

દાહોદ.

1942ની ચળવળ દરમિયાન દાહોદમાં રાષ્ટ્રધ્વજ સહિત સરઘસ. સરકારવિરોધી સૂત્રોચ્ચાર. સભા-સરઘસમાંથી પોલીસ દ્વારા ધરપકડ. બે માસની સખત કેદની સજા ને રૂ. પચાસ દંડ. દંડ ન ભરે તો બે માસની વધુ સજા. સાબરમતી જેલમાં સજા ભોગવી.

## પટેલ, ચંદુલાલ લલ્લુભાઈ

જન્મ : 26 જૂન, 1920. અમદાવાદ. અભ્યાસ : ધોરણ 7.

રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં રસ. 1932માં દારૂબંધી માટે દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 1940-41 : કૉંગ્રેસની પ્રવૃત્તિઓમાં સહકાર અને સક્રિય. 1942ની લડતમાં ભૂગર્ભ કાર્યકર્તા. પત્રિકાઓ

વહેંચવી, સરઘસોમાં જોડાવું. સ્વ. કસ્તૂરબા ટ્રસ્ટ, મહાદેવભાઈ તથા હરિજનો માટે ફાળો ઉઘરાવતા. કૉંગ્રેસની પ્રવૃત્તિઓમાં જોડાતા.

## પટેલ, ચંદ્રકાન્ત પુરુષોત્તમદાસ

વતન : લિંબાસી, તા. માતર, જિ. ખેડા.

રાષ્ટ્રભક્તિ. 1930-32ની ચળવળમાં ભાગ લીધો. સભા-સરઘસોમાં જોડાવું. પત્રિકા વહેંચવી. દારૂ અને વિદેશી માલની દુકાનો પર પિકેટિંગ. ધરપકડ. કેસ ચલાવી જેલની સજા.

## પટેલ, ચિમનભાઈ નરસિંહભાઈ

જન્મ : 7 જાન્યુઆરી, 1918. ભાદરણ, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક. અમદાવાદ. 1932માં ધરપકડ. પંદર દિવસ સુધી અટકાયત. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ કરતાં ધરપકડ અને છ માસની સજા અને દંડ. 1942 : 'હિન્દ છોડો' ચળવળ વખતે ધરપકડ અને ચાર માસની જેલ.

## પટેલ, ચિમનભાઈ મણિભાઈ

જન્મ : 8 મે, 1916. ગાડા ગામ, જિ. ખેડા.

1942ના 'હિન્દ છોડો' આંદોલન દરમિયાન ભાંગફોડ અને બૉમ્બપ્રવૃત્તિમાં સક્રિય. ચીખોદરાની પોસ્ટઑફિસ લૂંટવાનો પ્રયાસ. આણંદમાં બે વાર બૉમ્બ ફેંક્યા. ધરપકડ. પોલીસે માહિતી મેળવવા ખૂબ માર્યા.

## પટેલ, ચિમનભાઈ વાઘજીભાઈ

જન્મ : 1918. કરમસદ, જિ. ખેડા.

અભ્યાસ : અંગ્રેજી છ ધોરણ સુધીનો. 1942ની લોકક્રાંતિ વખતે 18-8-1942ના રોજ ધરપકડ. નવ માસ અટકાયત ધારા હેઠળ અટકાયત.

પટેલ, ચિમનલાલ માધવભાઈ

શિનોર, શાંતિપુરા, જિ. સાબરકાંઠા.

અભ્યાસ : આણંદ. ખેતીનો વ્યવસાય. મંડળ-સેવા. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ. યરવડા જેલમાં કારાવાસ. કારાગૃહમાં સિદ્ધાંત ખાતર 12 દિવસ ઉપવાસ. સહકારી કામોમાં સક્રિય.

## પટેલ, ચીમનભાઈ નારણભાઈ

ભાદરણ.

1923ના નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લેવા ભાદરણથી છ જણા નાગપુર ગયા. ત્યાં તેમની ધરપકડ કરી એક વર્ષની સખત કેદની સજા કરવામાં આવી. પરંતુ લડતનું સમાધાન થતાં તેઓ અઢી માસ બાદ છૂટ્યા હતા.

## પટેલ, ચુનીલાલ જીવતરામ

જન્મ : 1 મે, 1925. મહેસાણા.

મૅટ્રિક સુધી અભ્યાસ. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં અભ્યાસ છોડી લડતમાં. મહેસાણાની સંગ્રામ સમિતિની દોરવણી નીચે ગામડે ગામડે પ્રચારસાહિત્ય પહોંચાડતા. લોકસંપર્ક, લોકજાગૃતિ. સભા ભરીને પ્રવચન. પિકેટિંગ કરતાં ધરપકડ. ભોગીલાલ ત્રિભોવનદાસ શાહની પ્રેરણાથી ભાંગફોડની પ્રવૃત્તિ. સરકારી મકાનો, પોસ્ટઑફિસ, મામલતદાર કચેરી બૉમ્બથી ઉડાવી દેવાનો પ્રયાસ. મહેસાણા–અમદાવાદ રેલવેલાઇન પરનો પુલ બૉમ્બથી ઉડાવી દેવાનો નિષ્ફળ પ્રયાસ. 1-1-1943ની રાત્રે એમની તથા રતિલાલ રણછોડલાલ પંડ્યાની ધરપકડ; સાથે મુદ્દામાલમાં સ્ફોટક પદાર્થો મળ્યા. રિમાન્ડ પર, ખૂબ માર પડ્યો. કારાવાસ. કેસ ચાલ્યા પછી છૂટી ગયા.

## પટેલ, ચૂનીભાઈ ચતુરભાઈ

જન્મ : 1 ડિસેમ્બર, 1892. ચલોડા, તા. ધોળકા, જિ. અમદાવાદ.

અભ્યાસ : મૅટ્રિક. 1921માં ગાંધીજીની લડત વખતે ભજનમંડળી અને પ્રભાતફેરી. દારૂબંધી

માટે પિકેટિંગ. પત્રિકા અંગેનું કાર્ય. 1930-32ની લડત વખતે પત્રિકાઓ વહેંચતાં ધરપકડ. ત્રણ માસ જેલમાં અટકાયત.

અવસાન : 15 સપ્ટેમ્બર, 1940.

## પટેલ, ચૂનીભાઈ છીતાભાઈ

જન્મ : 25 જાન્યુઆરી, 1909. મોટા ફળિયા, જિ. વડોદરા.

અભ્યાસ : બી.એ., એમ.એસસી. 1928 : મુંબઈ સાયમન કમિશનના બહિષ્કારનું આંદોલન. લાઠીમાર. 1930 : વડાલા મુકામે. મીઠા-સત્યાગ્રહ. 3 મહિના કારાવાસ, વરલી. વ્યવસાય : ખેતીવાડી.

## પટેલ, ચૂનીભાઈ જીવાભાઈ

જન્મ : મે, 1894. વતન : ભાદરણ, તા. બોરસદ.

અભ્યાસ : અંગ્રેજી ધોરણ 6 સુધી. 1915થી સરકારી નોકરી. 1920ની અસહકારની ચળવળ શરૂ થતાં સરકારી નોકરી છોડી, આઝાદીની લડતમાં જોડાયા. કૉંગ્રેસની રચનાત્મક પ્રવૃત્તિમાં ખાદીનો પ્રચાર. 1921થી 1925 : ખાદીકાર્યના નિરીક્ષક. ત્યાર બાદ શિક્ષણ અને સહકારી પ્રવૃત્તિમાં.

## પટેલ, ચૂનીભાઈ મરઘાભાઈ

ખાંઘલી, તા. માતર, જિ. ખેડા.

1930-32 : સ્વાતંત્ર્યની ચળવળોમાં સક્રિય ભાગ. 1942ની ચળવળમાં ધરપકડ. કારાવાસ.

## પટેલ, ચૂનીભાઈ મુનદાસ

જન્મ : 1894. ઓડ, તા. આણંદ, જિ. આણંદ.

અભ્યાસ : ગુજરાતી સાત ધોરણ. 1930 : મીઠાના સત્યાગ્રહ વખતે બદલપુરમાં મીઠું ઉપાડવાનું કાર્ય. 1941 : વાણીસ્વાતંત્ર્યની લડત વખતે ધરપકડ અને છ માસની સજા.

## પટેલ, ચૂનીભાઈ શનાભાઈ

નડિયાદ, જિ. ખેડા.

1932માં ગાંધીજીના આદેશથી સત્યાગ્રહ પ્રવેશ. 10 વર્ષ સક્રિય કામગીરી. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. સાબરમતી કારાગૃહમાં દસ મહિના. વ્યવસાય : રેલવેમાં નિરીક્ષક હતા. હાલ નિવૃત્ત.

## પટેલ, ચૂનીભાઈ શંકરભાઈ

જન્મ : 1918. અસલાલી, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

1930ની લડત વખતે વાનરસેનાના અગ્રણી. ગામડાંઓમાં લોકજાગૃતિ અર્થે પ્રવાસ. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ધરપકડ અને સજા. સત્યાગ્રહી.

## પટેલ, ચૂનીલાલ ડાહ્યાભાઈ

જન્મ : 1 ફેબ્રુઆરી, 1917. પાળ, જિ. રાજકોટ.

નૉન-મૅટ્રિક. રાજકોટની લડત વખતે જમીન-ઘર જપ્ત. ધરપકડ અને જેલવાસ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં રાજકોટમાં પાંચ માસ જેલવાસ. સ્વરાજ બાદ જમીન-સુધારણા કાયદાના અમલ માટે જાનને જોખમે ખેડૂતોની પડખે. તાલુકા પંચાયતના પ્રમુખ. રાજકોટ જિલ્લાની શિક્ષણ સમિતિના અધ્યક્ષ. પંચાયત પ્રવૃત્તિમાં સક્રિય.

## પટેલ, ચૂનીલાલ પુરુષોત્તમદાસ

વતન : આખડોલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1921ની અસહકારની ચળવળ દરમિયાન અભ્યાસ છોડીને લડતમાં જોડાયા. વિદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગ, સ્વદેશી માલ વાપરવાનો લોકોમાં પ્રચાર કરવો. કાંતણનો પ્રચાર. પ્રભાતફેરી રોજ કાઢતા.

## પટેલ, છગનભાઈ ધૂળાભાઈ

જન્મ : 12 એપ્રિલ, 1913. રાંદેર, જિ. સૂરત.

અભ્યાસ : હિન્દી શિક્ષક સનદ. 1942 : ભાંગફોડ-પ્રવૃત્તિ. સરકારી નોકરીનો ત્યાગ.

ખટલો 1 વર્ષ ચાલ્યો. અંતે 1 વર્ષ કારાવાસ. આમ બે વર્ષ કારાગૃહમાં. સાબરમતી. બૉમ્બપ્રવૃત્તિ. 4 મહિના ગુપ્તવાસ. ગૃહરક્ષક દળમાં સેવા.

## પટેલ, છગનભાઈ મહીજીભાઈ

પિલુદ્રા, જિ. ભરૂચ.

1930 : દાંડીકૂચ. ગાંધીજીની સભામાં સહાય. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભૂગર્ભ ક્રાંતિકારીઓને સહાય. વેડચ પોલીસથાણું લૂંટવામાં સહાય. પોલીસનો અત્યાચાર.

## પટેલ, છગનભાઈ મૂળજીભાઈ

જન્મ : 1899, ગંભીરા, જિ. ખેડા.

ગ્રામસેવાની પ્રવૃત્તિમાં રસ, રાષ્ટ્રીય સંસ્કારો. શિક્ષક. કરુણાશંકર ભટ્ટનો પ્રભાવ. પુસ્તકાલયપ્રવૃત્તિ, માંદાની માવજત. અસહકારની ચળવળથી કાંતણપ્રવૃત્તિ અપનાવી. 1930ના સત્યાગ્રહમાં રાસ ગામે જોડાયા. તેથી 11 માસની જેલ. 1932ના સત્યાગ્રહમાં બે વર્ષની જેલની સજા. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં પ્રચારકાર્ય. 1942ની 'હિન્દ છોડો' લડતમાં 10 મહિનાની જેલ ભોગવી. ત્યાર બાદ શિક્ષણના કાર્યમાં જોડાયા.

પટેલ (કંટારિયા), છગનલાલ રવજી

જન્મ : 1925. ગરનાળા, જિ. ગોંડળ.

આઝાદ હિન્દ ફોજમાં (બર્મા) જોડાયા. બર્માથી બંગાળ ફોજની સાથે આવતાં પકડાયા. સાત માસની સજા. જૂનાગઢની આરઝી હકૂમતમાં લોકસેનામાં જોડાયા. નવાગઢ ખાતે પડાવ નાંખી સક્રિય.

## પટેલ, છગનલાલ કસનજી

સોંસક, જિ. સૂરત.

1942ની લોકક્રાંતિમાં. અભ્યાસનો ત્યાગ. સરઘસમાં જોડાતા. પત્રિકાવિતરણ. છ મહિના કારાવાસ. મુક્તિ પછી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં.

## પટેલ, છનાભાઈ કલ્યાણભાઈ

રાયમ, જિ. સૂરત.

1930ની લડતમાં ભાગ લીધો. 6 મહિનાની સજા થઈ.

## પટેલ, છનાભાઈ ઝવેરભાઈ

ઉબેર, તા. જંબુસર, જિ. ભરૂચ.

સમગ્ર કુટુંબે દેશ માટે બલિદાન આપ્યું. ભાઈ તથા પિતાને કારાવાસ, જંબુસર. વિદેશી કાપડ ભંડારો સામે પિકેટિંગ. વિસાપુરમાં કારાવાસ. આહાર–ઉપચારની વ્યવસ્થાના અભાવે રોગગ્રસ્ત થઈ અવસાન પામ્યા.

## પટેલ, છનિયાભાઈ રામભાઈ

નવસારી.

1930માં વિદેશી માલ તથા દારૂના બહિષ્કાર માટે પિકેટિંગ. પરદેશી કાપડની હોળી. 1942માં પત્રિકાવિતરણ. છ મહિના કારાવાસ. શિક્ષણક્ષેત્રે સેવા. વ્યવસાય : સોની.

## પટેલ, છીતાભાઈ ભીખાભાઈ

વરાડ, જિ. સૂરત.

1928ના બારડોલી સત્યાગ્રહમાં સ્વયંસેવક તરીકે સેવા. 1930માં ધરાસણા જઈ મીઠાના અગરો લૂંટ્યા. મહેસૂલ ન ભર્યું. ના-કરની લડત કરી. કુટુંબ સહિત ઘરબાર છોડી કામરેજ તાલુકાના પરબ ગામે હિજરત કરી ગયા. તેમની જમીન હરાજ થઈ. ગાંધીજીનો સંદેશો લઈને વલ્લભભાઈ પટેલ હરિપુરા કૉંગ્રેસ અધિવેશન વેળાએ સુભાષચંદ્ર બોઝના રથના સારથિ થવા બોલાવવા જાતે ગયા. પરબ ગામે સભા ભરી બહુમાન કર્યું. બારડોલીએ છીતા પટેલનું સ્વાગત કર્યું. 1938માં જમીન પાછી મળ્યા બાદ વરાડ ગામે ગયા. 1942ની લડતમાં સક્રિય ભાગ.

## પટેલ, છીબાભાઈ મંગાભાઈ

જન્મ : 1905. મોહનપુર, તા. ગણદેવી, જિ. નવસારી.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળ. દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ, ગેરકાયદે ખજૂરાં કાપવાં વગેરે પ્રવૃત્તિ. ગુજરાતી શાળાનાં બાળકોની વાનરસેના બનાવી. પરદેશી કાપડનો બહિષ્કાર તથા દારૂતાડીના બહિષ્કારનો લોકોમાં પ્રચાર. વાનરસેનાનાં સરઘસો, સૂત્રો પોકારતા. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો. ભાંગફોડની પ્રવૃત્તિ શરૂ કરવા રેલવેનાં કેટલાંક સાધનો કૂવામાં નાખી દીધાં. ઠાકોરભાઈ દેસાઈ અને લાલભાઈ નાયકની આગેવાની હેઠળ સરકારી ચોરા બાળવા, સરકારી દફ્તર, ટપાલપેટીઓ બાળવાની પ્રવૃત્તિમાં ભાગ લીધો. ખડસૂપાનો ચોરો બાળવા જતાં બે વાર પોલીસનો ભેટો થયો. તેમના ઘરની જડતી પોલીસે કરી પરંતુ કંઈ વાંધાજનક મળ્યું નહિ.

## પટેલ, છોટાભાઈ અંટોલભાઈ

કારવણ, જિ. વડોદરા.

1942 : સરઘસ. પોલીસનો અમાનુષી માર. ભૂગર્ભવાસ. પિતા પણ ભૂગર્ભમાં. ઘરવખરી જપ્ત કરાઈ. ઘરનાંને કનડગત. સરભાણ લૂંટમાં પોલીસની હત્યાનો આરોપ. ઢોરત્રાસ. બચાવ પાછળ સઘળી સંપત્તિ સમાપ્ત.

## પટેલ, છોટાભાઈ ઉમેદભાઈ

જન્મ : 15 ઑક્ટોબર, 1897. ધર્મજ, જિ. ખેડા.

ત્રણ વર્ષ ગામડાંમાં સેવા. વિદ્યાપીઠના સ્નાતક. 1920-22માં આચાર્ય ગિદવાણીની સાથે સ્વરાજ આશ્રમમાં રહીને સેવાકાર્ય. બોરસદમાં ખાદીકેન્દ્ર સ્થાપ્યું. 1923માં બોરસદ સત્યાગ્રહમાં ભાગ લીધો. નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં સ્વયંસેવક. ગુજરાતમાં અતિવૃષ્ટિ અને આસામમાં અનાવૃષ્ટિમાં રાહતકાર્ય. 1930ના સત્યાગ્રહમાં ભાગ. રાસ ગામે પોલીસોનો સખત માર ખાધો. પત્ની સહિત જેલમાં.

અવસાન : 28 એપ્રિલ, 1958.

## પટેલ, છોટાભાઈ ગોવિંદભાઈ

આખડોલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1930ના મીઠા સત્યાગ્રહ વખતે ધરાસણા જતાં રસ્તામાં લાઠીમારમાં પિટાયા અને ઊંટડી સુધી ચાલતા લઈ જવાયા. તેમની છાવણીમાં લૂંટ અને તેમને બીલીમોરાની છાવણીમાં હાંકી કાઢ્યા.

પટેલ, છોટાભાઈ ચતુરભાઈ

નવાગામ, તા. માતર, જિ. ખેડા.

ગાંધીજીના આદેશ મુજબ કામ કરતા આજીવન સૈનિક. 1930-32ની લડત વખતે જેલવાસ. રેલ, દુષ્કાળ, હિમ વગેરે કુદરતી આફતોમાં સમાજસેવા.

## પટેલ, છોટાભાઈ જીવાભાઈ

જન્મ : 17 મે, 1905. અમદાવાદ.

અભ્યાસ : એલ સી પી એસ, મુંબઈ યુનિવર્સિટી. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. બૉમ્બકાંડમાં આરોપી. ગુપ્તવાસ. દોઢ વર્ષ કારાવાસ. ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. 1946 : મુંબઈ ધારાસભ્ય. ગુજરાત વિધાનસભ્ય. અધ્યક્ષ, ગુજરાત હાઉસિંગ ફાઇનાન્સ કૉર્પોરેશન.

## પટેલ, છોટાભાઈ જેસિંગભાઈ

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : અંગ્રેજી પાંચ ધોરણ સુધીનો. 1930માં મીઠાની લડત વખતે ધરાસણામાં લાઠીમારનો ભોગ. દારૂની દુકાનો પર પિકેટિંગ. ધરપકડ. દોઢ માસની સજા અને દંડ.

## પટેલ, છોટાભાઈ ઝીણાભાઈ

જન્મ : 1910 આશરે. સુણાવ, જિ. ખેડા.

1921માં સરકારી શાળા છોડી રવિશંકર મહારાજે શરૂ કરેલી રાષ્ટ્રીય શાળામાં જોડાયા. બારડોલી તાલુકાના અંકોડી ગામની અને પછી સુણાવની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક. 1930માં ધરાસણાના સત્યાગ્રહમાં જતી ટુકડીમાંથી ધરપકડ અને જલાલપુરની કોર્ટમાં ત્રણ માસની સજા. પછી સુણાવની છાવણીમાં ના-કરની લડત માટે ખેડૂતોમાં પ્રચાર. 1932માં સભાઓ, સરઘસો અને પત્રિકાઓ દ્વારા લોકોમાં ઉત્સાહ ટકાવી રાખ્યો. ધરપકડ. અઢી વર્ષની જેલ અને રૂ. 300 દંડ. 1936થી દલિતોદ્ધારનું કાર્ય. ગુજરાત હરિજન સેવક સંઘના મંત્રી.

## પટેલ, છોટાભાઈ ડાહ્યાભાઈ

કારેલી, તા. જંબુસર.

1930-31માં ભરૂચના ડૉ. ચંદુભાઈ દેસાઈ 'છોટે સરદાર'ની આગેવાની નીચે ભાગ લીધો. મીઠું પકવતા. સૈનિકો માટે પાણીની વ્યવસ્થા કરતા. પત્રિકાઓ લાવવા લઈ જવાનું કામ કરતા. ધરપકડ અને સજા. 1942ની ચળવળમાં સક્રિય. 1945 સુધી ભૂગર્ભમાં.

## પટેલ, છોટાભાઈ ફૂલાભાઈ

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : ગુજરાતી સાત ધોરણ. 1923ના નાગપુર સત્યાગ્રહ વખતે ધરપકડ, એક વર્ષની સજા. 1932ના સત્યાગ્રહની લડત વખતે નડિયાદમાં ખેડા જિલ્લા સમિતિના મકાનના સીલને તોડતાં સખત લાઠીમાર. ધરપકડ અને એક વર્ષની જેલ.

## પટેલ, છોટાભાઈ બાબરભાઈ

ઉત્તરસંડા, તા. નડિયાદ, જિ. ખેડા.

1932માં મળેલી ખેડા જિલ્લા રાજકીય પરિષદમાં ભાગ લેતાં ધરપકડ અને ત્રણ માસની જેલ.

## પટેલ, છોટાભાઈ બેચરભાઈ

જન્મ : 1 એપ્રિલ, 1908. ઢુણાદરા, જિ. ખેડા.

1933માં ઠાસરા સમિતિના સરમુખત્યાર. સત્યાગ્રહ કરી જેલમાં ગયા. 1942માં લડત શરૂ થતાં ધરપકડ અને મુક્તિ. 16-8-1942ના રોજ સરઘસની આગેવાની. ડાકોરમાં પોલીસે કરેલા ગોળીબારમાં ત્રણ શહીદ. કેટલાક પોલીસો ગુમ થયા. તેમને શોધવા ડાકોરમાં પોલીસોની સાથે એક ફળિયામાં ગયા. ત્યાં પોલીસે ત્રણ ગોળી મારતાં અવસાન. લડતના શહીદ. સ્મારક રચાયું.

અવસાન : 18 ઑગસ્ટ, 1942.

## પટેલ, છોટાભાઈ મોતીભાઈ

જન્મ : 1901. પીજ.

અભ્યાસ : ગુજરાતી છ ધોરણ સુધીનો. 1930ની લડત વખતે ધરાસણામાં લાઠીમારનો ભોગ. નડિયાદમાં ધરપકડ અને 6 માસની સખત કેદની સજા વિસાપુર જેલમાં.

## પટેલ, છોટાભાઈ લલ્લુભાઈ

કારેલી, જંબુસર, જિ. ભરૂચ.

કારેલી ગામે ગાંધીજીની સભા. લોકોમાં ઉત્સાહ. ભાઠા. મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. 1932માં અંકલેશ્વરમાં વિલાયતી કાપડ તથા દારૂની દુકાનો સામે પિકેટિંગ. જંગલ-સત્યાગ્રહ. તાડનાં ઝાડ કાપતાં પકડાયા. નવ મહિના કારાવાસ. દંડ ના ભરાતાં ઘરબાર વેચાઈ ગયાં.

પટેલ, છોટાભાઈ શંકરભાઈ

જન્મ : 18 માર્ચ, 1905. થામણા, જિ. ખેડા.

અભ્યાસ : આણંદ દા.ન. વિદ્યાલયમાંથી મૅટ્રિક. વ્યવસાય : વેપાર. 1930માં પરંપરાગત મુખીપદનો ત્યાગ. લસુંદ્રા મીઠા-સત્યાગ્રહ. સરકારી નોકરીનો ત્યાગ, પિકેટિંગ. ના-કર સત્યાગ્રહ આદિનો પ્રચાર. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 4

વાર કારાવાસ. વિવિધ સરકારી પદોનો લાભ.

## પટેલ, છોટાભાઈ શંકરભાઈ

જન્મ : 9 ડિસેમ્બર, 1903. વિંઝોલ, તા. મહેમદાવાદ, જિ. ખેડા.

અભ્યાસ : અંગ્રેજી ધોરણ પાંચ. 1930માં દાંડીકૂચ પછી ધરાસણાના મીઠા-સત્યાગ્રહની ટુકડીમાં લાઠીમારનો ભોગ. હાથે ફ્રૅક્ચર. 1932માં સત્યાગ્રહ કરતાં ધરપકડ અને છ માસની સજા અને દંડ.

## પટેલ, છોટાભાઈ સોમાભાઈ

આખડોલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1930ના મીઠા-સત્યાગ્રહ વખતે ધરાસણા જતાં લાઠીમાર. ઘવાયા અને મારતાં મારતાં ઊંટડી લઈ ગયા. છાવણી લૂંટાઈ. બીલીમોરાની છાવણીમાં હાંકી કઢાયા.

## પટેલ, છોટાભાઈ હરીભાઈ

વતન : આખડોલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1921ની અસહકારની લડત દરમિયાન અભ્યાસ છોડીને વિદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગ. સ્વદેશી માલ અને ખાદીનો પ્રચાર. કાંતણનો પ્રચાર કરતા. પ્રભાતફેરી કાઢતા.

## પટેલ, છોટુભાઈ ખુશાલભાઈ

જન્મ : 1908.

ગુજરાતમાં ખાદી કાર્યકર્તા.

દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક.

ગાંધીજી સાથે 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. તે પછી મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## પટેલ, છોટુભાઈ ગલાભાઈ

ગોપીપુરા, સૂરત.

1938 : બારડોલીથી સક્રિય. વેડછી આશ્રમમાં. 1942 : પોલીસનો ઘર પર દરોડો. દંપતીને 3 દિવસ થાણે બેસાડી રાખ્યાં. 3 મહિના ગુપ્તવાસ. 1 વર્ષ કારાવાસ. દરમિયાન પિતાનું અવસાન. પેરોલ પર છૂટવા ના પાડી.

## પટેલ, છોટુભાઈ ભીખાભાઈ

જન્મ : 8 માર્ચ, 1906. તીઘરા, જિ. નવસારી.

બી.એ., એલએલ.બી. 1930થી નવસારીમાં વકીલાત. બારડોલી-સત્યાગ્રહ (1928) વખતે ગામોમાંથી ફાળો ઉઘરાવીને મોકલ્યો. 1930ની ચળવળ દરમિયાન પત્રિકા પ્રગટ કરતા તથા સ્વયંસેવકોને સામગ્રી પૂરી પાડતા ધરપકડ, ચાર મહિનાની કેદની સજા. 1942માં મહુવા તાલુકાના પટેલો-તલાટીનાં રાજીનામાં અને ધારાસભા બહિષ્કારની પ્રવૃત્તિને કારણે વડોદરા સરકાર દ્વારા અટકાયત. વડોદરા કૅમ્પમાં રાખ્યા. નવસારીની મફતલાલ મિલ સરકારને લશ્કરનું કાપડ આપતી. તે સામે અનશન કરી સત્યાગ્રહ. માલિકોએ લડાઈનો માલ નહીં બનાવવાની ખાતરી આપતાં સત્યાગ્રહ બંધ, પણ બનાવટ કરી અટકમાં લેવાયા. છેલ્લે બધા કેસો પાછા ખેંચી લેવાયા. ગણદેવીમાં હુકમના ભંગ માટે સજા. 1944માં વડોદરા રાજ્ય પ્રજામંડળના મંત્રી અને પછી પ્રમુખ.

## પટેલ, છોટુભાઈ મકનજી

જન્મ : 1905.

વ્યવસાય : વકીલાત. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ધરપકડ. 5 માસની જેલ. 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય ભાગ. 1 વર્ષ અટકાયતમાં. 1952-'57 : મુંબઈ રાજ્યની ધારાસભાના સભ્ય. 1957-'59 : મુંબઈ રાજ્યમાં નાયબ પ્રધાન. 1960-61 : ગુજરાત રાજ્યમાં નાયબ પ્રધાન. 1962માં ભરૂચમાંથી લોકસભાના સભ્ય.

## પટેલ, છોટુભાઈ મોતીભાઈ

જન્મતિથિ : શ્રાવણ વદ 9, સંવત 1966. તેગવા, તા. આમોદ, જિ. ભરૂચ.

1940 : સત્યાગ્રહ. કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભૂગર્ભવાસ 3 વર્ષ. વ્યવસાય : ખેતીવાડી.

## પટેલ, છોટુભાઈ લાલભાઈ

જન્મ : 31 ડિસેમ્બર, 1918. ઊમરા, તા. ઓલપાડ, જિ. સૂરત.

1938માં વેડછી આશ્રમમાં સેવાકાર્ય. રચનાત્મક પ્રવૃત્તિ. 1942માં ભૂગર્ભમાં પ્રવૃત્તિ. સરકાર દ્વારા પકડવા રૂ. 1,000 નું ઇનામ જાહેર. જાતે હાજર થયા. સવા વર્ષની સજા. ગુપ્તવાસ દરમિયાન પત્રિકાની અને ભાંગફોડની પ્રવૃત્તિ.

## પટેલ, જગજીવન ભીખાભાઈ

રાંદેર, જિ. સૂરત.

1920-21ની અસહકારની લડતમાં ભાગ લીધો. સરકારી શિક્ષણનો બહિષ્કાર. રાંદેરની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે જોડાયા. ખૂબ ઓછા પગારથી, દેશસેવાની ભાવનાથી પાંચ વર્ષ સુધી કામ કર્યું.

## પટેલ, જગજીવનભાઈ રતનજીભાઈ

રાંદેર, જિ. સૂરત.

1942ની લોકક્રાંતિમાં. અભ્યાસ-ધંધાનો ત્યાગ. સરઘસ. કાયદાભંગ. 4 મહિના કારાવાસ. મુક્તિ પછી રાષ્ટ્રીય પ્રવૃત્તિ.

## પટેલ, જગનભાઈ ડાહ્યાભાઈ

રાંદેર, જિ. સૂરત.

1942ની લોકક્રાંતિમાં. અભ્યાસત્યાગ. સરઘસમાં જતા, પત્રિકાવિતરણ. છ મહિના કઠોર કારાવાસ. મુક્તિ પછી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં.

## પટેલ, જગાભાઈ દેવાભાઈ

તલાવચોરા, તા. ચીખલી, જિ. વલસાડ.

1930-32ની સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન આમધરા, તલાવચોરા, તેજલાવ વગેરે ગામોમાં ખજૂરાનાં ઝાડ કાપવાં તથા દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરવા માટે મહત્વનો ભાગ ભજવ્યો હતો.

## પટેલ, જયંતકુમાર પુરુષોત્તમદાસ

જન્મ : 6 ઑગસ્ટ, 1913.

1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. છ મહિનાની સજા. 1942માં 'હિન્દ છોડો' આંદોલન શરૂ થતાં ભૂગર્ભવાસ. છોટુભાઈ પુરાણી તથા ચંદ્રશંકર મ. ભટ્ટ (ભરૂચ) સાથે રહી ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. અડાસ શહીદ કૂચમાં જોડાયા. છ માસની સજા.

## પટેલ, જયંતીલાલ

વનમાળી વાંકાની પોળ, અમદાવાદ.

વ્યાયામશાળાના શિક્ષક. 1942ની લડતમાં શાહપુરના વૉર્ડનાયક. તે વૉર્ડમાં સભાઓ, સરઘસો યોજવાં, પત્રિકા વહેંચવી, સમાચાર મોકલવા, પોળનાયકો તથા શેરીનાયકોને સૂચના આપવી વગેરે કાર્યવાહી. ભાંગફોડની પ્રવૃત્તિ માટે છોકરાઓને શિખવાડીને મોકલતા. આગ લગાડવા રેલવેના ડબામાં ફૉસ્ફરસ મુકાવતા. શાહપુરની જુદી જુદી પોળોમાં પત્રિકાઓ વહેંચવાની વ્યવસ્થા કરતા.

## પટેલ, જયંતીલાલ કેશવલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકા-પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. રાયપુર પખાલીની પોળમાં મકાનની ઝડતી. સંખ્યાબંધ પત્રિકા જપ્ત. ધરપકડ મે, 1943. રૂ. 500 દંડ અથવા પાંચ માસની કેદની સજા.

## પટેલ, જયંતીલાલ છોટાલાલ

વડોદરા.

અભ્યાસ : બી.કૉમ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. વડોદરા રાજ્ય પ્રજામંડળના એક ભાગના પ્રમુખ. 5 મહિના અટકાયત. વડોદરા મધ્યસ્થ કારાગૃહ. પરદેશી માલના બહિષ્કારના આંદોલનમાં સક્રિય.

## પટેલ, જયંતીલાલ ઠા.

સૂરત.

બી.એસસી.નો અભ્યાસ. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો અને એક વર્ષની કેદની સજા સાબરમતી જેલમાં ભોગવી. જાહેર પ્રવૃત્તિ. ખાનગી વ્યવસાય.

## પટેલ, જયંતીલાલ વિઠ્ઠલભાઈ

વડોદરા.

વતન : કરમસદ, ખેડા.

વડોદરા પ્રજામંડળમાં સક્રિય. 1942ની ચળવળમાં આણંદ આસપાસનાં ગામોમાં પ્રચારપ્રવાસ.

18-8-1942 : અડાસ સ્ટેશને ગોળીથી ઘવાયા. કેસમાં 1946માં નિર્દોષ છુટકારો. પ્રિવી કાઉન્સિલ સુધી લડવાને કારણે તન, મન અને ધનને ભારે ક્ષતિ. અભ્યાસ રખડ્યો.

## પટેલ, જયંતીલાલ મગનભાઈ

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન 34 યુવાનોએ વડોદરાથી 18-8-1942ના રોજ સવારે નીકળી આણંદ અને તેની નજીકનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો. સાંજે પાછા ફરતાં અડાસ રેલવે સ્ટેશને પોલીસે તેમના ઉપર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યો. સખત લાઠીચાર્જથી તેઓ ઘવાયા હતા.

## પટેલ, જયાબહેન બાબુભાઈ

જન્મ : 1920. સોજિત્રા, જિ. ખેડા.

અભ્યાસ : ગુજરાતી 7 ધોરણ. 1942ની લડત વખતે સૂરત જિલ્લામાં બારડોલી ગામે કોર્ટ ઉપર પિકેટિંગ કરતાં ધરપકડ, 3 માસની જેલ.

## પટેલ, જશભાઈ ઈશ્વરભાઈ

જન્મ : 1907. સોજિત્રા, જિ. ખેડા.

ખેડૂત પ્રજામંડળના કાર્યકર. 1928 : ગાંધી આશ્રમમાં નિવાસ. 1930 : દાંડીકૂચમાં સહભાગી. 1930થી 1934ની લડતો દરમિયાન 2 વર્ષની સજા. 1942 : ભૂગર્ભપ્રવૃત્તિ.

## પટેલ, જશભાઈ વલ્લભભાઈ

જન્મ : 1 જૂન, 1896. કરમસદ, જિ. આણંદ.

અભ્યાસ : મૅટ્રિક પાસ. 1920 : સ્વરાજ્યની લડતમાં સક્રિય. 1928 : સાયમન કમિશનના વિરોધ માટેની ચળવળમાં સક્રિય. 1930 : દારૂની દુકાનો પર પિકેટિંગ, ધરપકડ, 1 માસની જેલ. ગાંધી-ઇર્વિન કરારને લીધે વહેલી મુક્તિ. 1940-41માં વ્યક્તિગત સત્યાગ્રહ. ધરપકડ. 6 માસની સજા. 1942ના ઑગસ્ટની 1 તારીખે ધરપકડ. 1 વર્ષને 4 મહિના માટે અટકાયત.

## પટેલ, જશવંતલાલ રણછોડદાસ

અમદાવાદ.

1942ની લડતમાં પત્રિકા-પ્રવૃત્તિમાં સક્રિય. મણિનગર શંકરભુવનમાં ઘરની જડતી. 'આપણી લડત' નામની 36 પુસ્તિકા તથા અન્ય વાંધાજનક સાહિત્ય મળ્યું. ધરપકડ. 6 માસની સખત કેદ અને રૂ. 150 દંડની સજા.

## પટેલ, જસમતભાઈ આંબાભાઈ

જન્મ : 1918. જેસર, જિ. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભવાસમાં ભાવનગર જિલ્લામાં કાર્યકર. અટકાયત. ભાવનગર જેલમાં. 2 અઠવાડિયાંની

સજા. જેસર ગામમાં ખેતી.

## પટેલ, જસવંતલાલ રણછોડદાસ

જન્મ : 1922 આશરે. ઢૂંડાકૂવા, જિ. ખેડા.

1930માં વાનરસેનામાં પ્રભાતફેરી. કાંતણપીંજણ, ખાદીપ્રવૃત્તિ. 1942 : કે. જી. પ્રભુની દોરવણીમાં બૉમ્બપ્રવૃત્તિ. ધરપકડ. 22 દિવસ અટકમાં. અત્યાચાર. 6 મહિના કારાવાસ.

## પટેલ, જીભાઈભાઈ જેસિંગભાઈ

અવિધા, જિ. ભરૂચ.

રાજપીપળા રજવાડામાં ભ્રષ્ટાચાર, અત્યાચાર, રાજવી નિષ્ક્રિય, વિલાસી. એ સામે પ્રજામાં અસંતોષની આંધી. વિસ્ફોટ. આંદોલનમાં સક્રિય. 10 વર્ષ કારાવાસ.

## પટેલ, જીવણજી પ્રેમાભાઈ

જન્મ : 1897 આશરે. ભાંડુત, જિ. સૂરત.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં કાંઠાવિભાગમાં સભા-સરઘસ અને કાનૂનભંગની પ્રવૃત્તિ. ગામોમાં સરઘસ. પોલીસ ઇન્સ્પેક્ટરની રિવૉલ્વરથી ડર્યા નહિ. 3 સાથીઓની ધરપકડ. ઓલપાડ લૉકઅપમાં 7 દિવસ. 12 મહિનાની કેદની સજા. સૂરત લાવીને બીજા કેસમાં ત્રણેને અનુક્રમે 10, 9 તથા 8 માસની કેદની સજા. સાબરમતી અને વિસાપુર જેલમાં સજા ભોગવી.

## પટેલ, જીવણજી રણછોડજી

જન્મ : 13 જુલાઈ, 1895. સાંકરી, જિ. સૂરત.

1920-21માં નોકરી છોડી ચળવળમાં. દારૂનિષેધ, અસ્પૃશ્યતાનિવારણ, ખાદીપ્રચાર વગેરે રચનાત્મક કાર્યો કર્યાં. 1923માં નાગપુર ઝંડા-સત્યાગ્રહમાં ભાગ. ધરપકડ. કારાવાસ. 1928 : બારડોલી સત્યાગ્રહમાં ગામડાંઓમાં ફરી ખેડૂતોને કર ન ભરવાનો પ્રચાર. 6 માસની સજા અને રૂ. 500 દંડ. 1942માં 'હિન્દ છોડો' ચળવળમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. 1 રેલવેસ્ટેશન બાળવામાં ભાગ લીધો.

## પટેલ, જીવણભાઈ એમ.

જન્મ : 1919. બાલીસણા, જિ. પાટણ.

અભ્યાસકાળથી રાષ્ટ્રભક્તિ. સ્વતંત્રતાની ચળવળમાં સભા-સરઘસો, પિકેટિંગ વગેરે પ્રવૃત્તિમાં ભાગ લેતા. ધરપકડ. જેલની સજા ભોગવી. બાલીસણાની વિવિધ કાર્યકારી સહકારી મંડળીનાં ઘણાં વરસો સુધી મંત્રી.

અવસાન : 22 ફેબ્રુઆરી, 1991.

## પટેલ, જીવણભાઈ ચ.

બાલીસણા, જિ. પાટણ.

કારાવાસ. અભ્યાસ પૂર્ણ કરી અમદાવાદ સુધરાઈમાં જોડાયા. 1942 : સુધરાઈ બરતરફ. આંદોલન. કારાવાસ. વ્યવસાય : સુધરાઈમાં ઑડિટર. અભ્યાસ દરમિયાન સભા-સરઘસ, પિકેટિંગ વગેરે કાર્યોમાં ભાગ લીધો. ધરપકડ. જેલવાસ ભોગવ્યો.

## પટેલ, જીવણભાઈ દુર્લભભાઈ

જન્મ : 1886. પાલ, તા. ચોર્યાસી.

પી.આર. ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદના ટ્રેઇન્ડ શિક્ષક. 1920-21ની અસહકારની લડતમાં રાંદેર મ્યુ. શાળાની સરકારી નોકરીનું રાજીનામું આપી, રાંદેરમાં આગેવાનોને રાષ્ટ્રીય શાળા સ્થાપવામાં સહાય. રાષ્ટ્રીય કુમાર શાળાના આચાર્યના કામ સાથે ખાદીની ફેરી, 'નવજીવન' વેચતાં નફો મળે તે રાષ્ટ્રીય શાળા ફંડમાં દાન કરતા. મહાજનો પાસેથી માસિક ફાળો લેવાની યોજના. સભા, સરઘસો ગોઠવવાં. દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ. શુદ્ધ ખાદીધારી. યુવાનોમાં દેશભક્તિનું સિંચન કરતા.

## પટેલ, જીવણલાલ લલ્લુભાઈ

લાંઘણજ, જિ. મહેસાણા.

કડીના સર્વવિદ્યાલયમાં શિક્ષણ. 1929માં ગાંધીજીનું પ્રવચન આ સંસ્થામાં સાંભળી પોતે કાંતેલી ખાદી પહેરવાનો સંકલ્પ. રોજ રેંટિયા પર કાંતવા માંડ્યું. ખાદીના તાકાની કડીમાં ફેરી કરતા. ક્રાંતિકારી સાહિત્ય વેચતા, સ્વદેશીનો પ્રચાર. 1930-32 દરમિયાન લડતની પત્રિકાઓ તથા 'નવજીવન', 'યંગ ઇન્ડિયા' વગેરે ઉત્તર ગુજરાતનાં ગામોમાં પહોંચાડતા. વિરમગામ સત્યાગ્રહ (1930-31) દરમિયાન રામનારાયણ ના. પાઠકે આપેલ પત્રિકાઓ વિરમગામમાં વહેંચી. જાહેર સભામાં ભાષણ કરતાં ધરપકડ. ધાકધમકી, દંડાબાજી, અત્યાચાર સહન કર્યા. સાડા સાત માસની સખત કેદ. સાબરમતી અને નાશિકની જેલમાં ભોગવી. નાશિકની જેલમાં જેલર મિ. રોઝના વર્તાવ સામે લડત. મિ. રોઝ દારૂ પીને સિતમ ગુજારતો.
1939-40 : સાબરમતી આશ્રમના હરિજન કન્યા વિદ્યાલયમાં શિક્ષક.

## પટેલ, જીવાભાઈ

વતન : રાસ, જિ. આણંદ.

બોરસદની હાઈસ્કૂલના વિદ્યાર્થી. મૅટ્રિકની પરીક્ષાને થોડા દિવસની વાર હતી અને તેમના આશ્રમવાસી મિત્ર સોમાભાઈ પરાગજીનો પત્ર આવતાં અભ્યાસ છોડી દીધો. અમદાવાદ ગયા. સાબરમતી આશ્રમમાં ખાદીવણાટની તાલીમ લીધી. અભ્યાસ પૂરો કરીને ખાદી વિશારદ થયા. રાસ આવીને ખાદીકામ આરંભ્યું. ગામના યુવાનો તથા ઉત્સાહી વણકરોને સાળનો ઉપયોગ શીખવ્યો. વિદેશી કાપડનો ત્યાગ. જીવનભર ખાદી પહેરી. ખાદીનો પ્રચાર. રચનાત્મક કાર્યકર.

## પટેલ, જીવાભાઈ છગનભાઈ

લીંબાસી, તા. માતર, જિ. ખેડા.

1930ની મીઠા-સત્યાગ્રહની લડતમાં ભાગ લઈ ધરાસણા જતાં માર પડેલો. 1932ની લડત વખતે ધરપકડ અને 1 વર્ષની જેલ.

## પટેલ, જીવાભાઈ નાથાભાઈ

લીંબાસી, તા. માતર, જિ. ખેડા.

1930-32ની ના-કરની લડત વખતે મહેસૂલ ન ભરવા બદલ ઢોર, ગાડું, ઘરવખરી, દાગીના અને ઘરનાં કમાડ સુધ્ધાં જપ્તીમાં લઈ ગયા.

## પટેલ, જીવાભાઈ મરઘાભાઈ

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : અંગ્રેજી 5 ધોરણ સુધીનો. 1932માં ખેડા જિલ્લા સમિતિના મકાનનું સીલ તોડવા જતાં લાઠીમારના ભોગ. ધરપકડ. 1 વર્ષની સજા.

## પટેલ, જીવાભાઈ મહીજીભાઈ

સુદણ, જિ. ખેડા.

1928માં બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. છૂટક કારાવાસ. દમનનો ભોગ બન્યા. 3 માસની કેદ. 1930માં દાંડીકૂચમાં. ધરાસણા મીઠા-સત્યાગ્રહ. પગે બૅયોનેટનો ઘા. 8 મહિના કારાવાસ. 1942 : ભૂગર્ભપ્રવૃત્તિ.

## પટેલ, જીવાભાઈ રેવાભાઈ

જન્મ : 1866. વતન : કરમસદ, તા. આણંદ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી.
ડાકોરમાં મંદિરના મૅનેજર. 1926-29 : મુંબઈની ધારાસભામાં સ્વરાજ પક્ષના ધારાસભ્ય ચૂંટાયા. 1930ની લડત વખતે ઠાસરા તાલુકાની લડતનું સુકાન તેમણે સંભાળેલું. સંપૂર્ણ સ્વદેશીના હિમાયતી અને રાષ્ટ્રપ્રેમી.

## પટેલ, જૂઠાભાઈ પાંચાભાઈ

ખરેડી, જિ. રાજકોટ.

રાજકોટની લડતમાં સક્રિય. જમીન, ઘર જપ્ત. સ્વરાજ્ય બાદ જમીન, ઘર પરત. વચગાળામાં મજૂરી કરીને જીવન વિતાવ્યું.

## પટેલ, જેઠાભાઈ

મહેમદાવાદ.

1932ની લડત વખતે મહેમદાવાદ તાલુકાના 23મા સરમુખત્યાર. ટ્રેનમાંથી પત્રિકાઓ વહેંચતા. 16-9-1932ના રોજ ધરપકડ. 6 માસની સખત જેલની સજા.

## પટેલ, જેઠાભાઈ ઉમેદભાઈ

જલસાણ, જિ. ખેડા.

1932ની સવિનયભંગની લડતમાં ધરપકડ અને જેલવાસ.

અવસાન : 9 ડિસેમ્બર, 1932; સાબરમતી જેલમાં.

## પટેલ, જેઠાભાઈ નાથુભાઈ

રાસ, જિ. આણંદ.

1930માં મહેસૂલ ના ભરવા સરદાર પટેલનો આદેશ. ના-કરની લડતમાં આખું ગામ સક્રિય. ધરપકડો. ધમકીઓ, જપ્તીઓ, અત્યાચારો. 12 મહિના કારાવાસ. દંડ ના ભરાતાં 1.5 મહિનો વધુ કારાવાસ.

## પટેલ, જેઠાભાઈ મનોરભાઈ

ઝાડેશ્વર, જિ. ભરૂચ.

1942ની લડતમાં ભાગ લીધો. ધરપકડ. 4 મહિના કારાવાસ. મુક્તિ પછી પુનઃ સક્રિય. પોલીસ સાથે સંતાકૂકડી. ઘરના માણસો પર અત્યાચાર. અંતે સમર્પણ. 1 વર્ષ 4 મહિના કારાવાસ. મુક્તિ પછી દેશસેવામાં પ્રવૃત્ત.

## પટેલ, જેઠાભાઈ લાલભાઈ

જન્મ : 1 જૂન, 1904. પીજ, જિ. ખેડા.

અભ્યાસ : ગુજરાતી ધોરણ 6. 1930ના ધરાસણાના સત્યાગ્રહમાં ભાગ. પાછળથી ધરપકડ અને 9 માસની જેલ.

## પટેલ, જેઠાભાઈ શંકરભાઈ

વડોદરા.

1930 : મુંબઈમાં વિદેશી કાપડની દુકાનો તથા દારૂનાં પીઠાં પર પિકેટિંગ. સભા, સરઘસમાં સક્રિય. 1 વર્ષ કારાવાસ. સ્વાસ્થ્યમાં બગાડ. વિસાપુરમાં દૂષિત પાણી. આજીવન નબળાઈનો ભોગ.

## પટેલ, જેરામભાઈ ગોવિંદભાઈ

જન્મ : 21 સપ્ટેમ્બર, 1913. મઘરવાડો, જિ. રાજકોટ.

રાજકોટની લડતમાં 6 માસની જેલ. રૂપિયા 200 દંડની સજા. જમીનખોરડાં જપ્ત. સ્વરાજ બાદ જમીન પરત. ખેતી.

## પટેલ, જોઈતારામ અમથાભાઈ

જન્મ : 28 મે, 1896. અનારા, તા. કપડવણજ, જિ. ખેડા.

અભ્યાસ : શાળાંત પરીક્ષા. 1916 : હોમરૂલ લીગમાં સભ્ય. 1918માં ખેડાની લડતમાં. 1923માં કપડવણજ તાલુકા લોકલ બોર્ડના કૉંગ્રેસી ઉમેદવાર તરીકે ચૂંટાયેલા. 1930માં સત્યાગ્રહમાં, 12-9-1930ના રોજ ધરપકડ અને 11 માસની સજા. 1942ના આંદોલન વખતે ભારે માંદગીમાં.

## પટેલ, જોઈતારામ અમથાભાઈ (ચોકસી)

જન્મ : 1 જુલાઈ, 1917. બલોલ, તા. મહેસાણા.

અભ્યાસ : ધોરણ સાત. ધંધો : વેપાર.

બલોલ સેવા સમાજ દ્વારા ગ્રામસુધારણા. મહેસાણા તાલુકા પ્રજામંડળના સહમંત્રી તથા મંત્રી : 1937-'45. 1942 : 'હિન્દ છોડો'

ચળવળમાં સક્રિય ભાગ. મહેસાણામાં વડોદરા રાજ્ય પ્રજામંડળના સરદાર પટેલના પ્રમુખપદે ભરાયેલા અધિવેશન દરમિયાન મંત્રી. લોકજાગૃતિ માટે આગેવાનો સાથે ગામડાંમાં પ્રવાસ. 1948થી અમદાવાદમાં સ્થાયી. આઝાદી પછી શિક્ષણ અને સમાજસેવાની પ્રવૃત્તિ. અમદાવાદમાં ચોકસી મહાજન, ધરતી વિકાસમંડળ, માણેકચોક કો-ઑપ. બૅન્કના વાઇસ ચૅરમૅન.

## પટેલ, જોઈતારામ ભગવાનદાસ

જન્મ : મે, 1896. વતન : અનારા, તા. કપડવણજ.

અભ્યાસ : પ્રાથમિક શાળાંત સુધીનો. 1918 : હોમરૂલ લીગમાં જોડાયેલા. 1930ની લડત વખતે જેલવાસ.

## પટેલ, ઝવેરબા નારણભાઈ

વસો, તા. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : ગુજરાતી 4 ધોરણ સુધીનો. ગાંધીજીથી પ્રભાવિત. 1932માં બોરસદમાં બહેનોના સરઘસમાં લાઠીચાર્જમાં પણ અડગ રહ્યા. 1932ના ઑક્ટોબરની 3જી તારીખે પિકેટિંગ કરતાં ધરપકડ અને 6 માસની કેદની સજા અને દંડ.

## પટેલ, ઝવેરભાઈ કાળીદાસ

વતન : મહેળજ, તા. માતર, જિ. ખેડા.

1930, 1932 અને 1941, 1942ના સત્યાગ્રહ સંગ્રામોમાં ધરપકડ વહોરેલી. તેમના ખેતરના ઊભા પાકનો સરકારે નાશ કરાવ્યો. ભારે નુકસાની. મુસ્લિમ પ્રજાને પણ તેમના વિશે આદર હતો. સામાજિક કાર્યકર.

## પટેલ, ઝવેરભાઈ જેઠાભાઈ

જન્મ : 4 જૂન, 1911. ડભોઈ, જિ. વડોદરા.

1931 : ગુજરાત રાજકીય પરિષદની સભામાંથી ધરપકડ અને મુક્તિ. 1932 : પંચમહાલ જિલ્લા પરિષદમાં આગેવાની, ધરપકડ. 6 માસની જેલ. 1938માં હરિપુરામાં કૉંગ્રેસના અધિવેશનની વ્યવસ્થામાં ફાળો. 1941 : હાલોલ(પંચમહાલ)માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ધરપકડ. 6 મહિનાની સજા. 1942ની ચળવળમાં ડભોઈથી ધરપકડ. 15 દિવસની અટકાયત.

## પટેલ, ઝવેરભાઈ પુરુષોત્તમદાસ

1928માં ગૂજરાત વિદ્યાપીઠમાંથી ગ્રામસેવા દીક્ષિતનું પ્રમાણપત્ર. 1932ની લડત વખતે 3 વખત જેલવાસ. 1942ના ‘ભારત છોડો’ આંદોલન વખતે જેલવાસ. ગ્રામોદ્યોગના સક્રિય કાર્યકર.

## પટેલ, ઝવેરભાઈ લક્ષ્મીદાસ

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : ગુજરાતી લખીવાંચી શકતા. 1930ની સાલમાં કૉંગ્રેસની ચળવળમાં ભાગ લીધો. સભા-સરઘસ તથા પત્રિકાપ્રચારનું કામ. 1941માં વાણીસ્વાતંત્ર્યની લડત વખતે ધરપકડ. 6 માસની કેદ.

## 1398. પટેલ, ઝવેરભાઈ શંકરભાઈ

જન્મ : 17 એપ્રિલ, 1894. ઓડ, જિ. આણંદ.

કાર્યક્ષેત્ર : વરાડ, તા. બારડોલી.

1921માં અસહકારના આંદોલનમાં સરકારી શાળાની નોકરીનો ત્યાગ. રાષ્ટ્રીય શાળામાં જોડાયા. ટિળક સ્વરાજ ફાળો ઉઘરાવવા ગામેગામ પ્રવાસ. 1923-24 : વરાડની રાષ્ટ્રીય શાળામાં આચાર્યપદ દરમિયાન કાંતણ, વણાટ, પીંજણના પ્રયોગ કર્યા. 1927 : રેલસંકટમાં રાહતકાર્ય. 1928 : બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોમાં મહેસૂલ ન ભરવાનો પ્રચાર. 1930માં ધરાસણા સત્યાગ્રહમાં ભાગ. 6 માસનો કારાવાસ. છૂટીને ફરી પકડાયા. 1942માં સભામાંથી ધરપકડ. 6 માસની કેદ.

## પટેલ, ઝવેરભાઈ હીરાભાઈ

સોખડા, જિ. વડોદરા.

વડોદરામાં પરદેશી માલના બહિષ્કારનું આંદોલન. પિકેટિંગ. તાર-ટેલિફોનનાં દોરડાં કાપ્યાં. ભાંગફોડ.

## પટેલ, ઝીણાભાઈ નારણજી

પારડી, જિ. વલસાડ.

મૂળ ગામ વાઘછીપા. સ્વતંત્રતા સંગ્રામમાં સક્રિય. કારાવાસ. દારૂતાડી બહિષ્કારની લડતમાં વિશેષ ભાગ લીધો. મુક્તિ પછી સેવારત.

## પટેલ, ઝીણાભાઈ સોમાભાઈ

નડિયાદ.

કાર્યક્ષેત્ર : સૂરત. ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ. 'નવજીવન' પ્રેસમાં કૉમ્પૉઝિટરનું કામ. બારડોલીની લડતમાં સેવક. આઝાદીની લડતો દરમિયાન ગુપ્ત પત્રિકાઓ કાઢી. પોલીસને ખૂબ હંફાવી ત્રણ વખત જેલમાં ગયા.

અવસાન : 1935, મુંબઈ.

## પટેલ, ઠાકોરભાઈ કરસનદાસ

વલસાડ.

1930 : વડીલ ભાઈના પગલે લડતમાં પ્રવેશ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. વિવિધ ક્ષેત્રે 4 વાર કારાવાસ. સંતાનો પણ સંગ્રામમાં સક્રિય.

## પટેલ, ઠાકોરભાઈ કહાનદાસ

જ. 17 સપ્ટેમ્બર, 1898. વલસાડ.

1917માં હોમરૂલ લીગમાં જોડાયા. 1920માં ખાદી પ્રચાર. વલસાડ, ચીખલી અને પારડી તાલુકામાં લોકજાગૃતિનું કાર્ય. ખાદીભંડાર શરૂ કર્યો. 1930માં ધરાસણામાં સત્યાગ્રહમાં ભાગ લીધો. જેલમાં. કુટુંબની સાત વ્યક્તિઓ જેલમાં. પોલીસે દંડ વસૂલ કરવા ઘરવખરી જપ્ત કરી ખૂબ ઓછી કિંમતે વેચી. પારડી તાલુકામાં મદ્યનિષેધનો પ્રચાર. 1930ની ચળવળમાં 3 વર્ષની સજા અને દંડ. 1931માં પકડાયા. સાડા સાત માસની સજા. 1932 : વલસાડમાં ધરપકડ. 6 માસની સજા, રૂપિયા 400 દંડ. 1942માં ગેરકાયદે પત્રિકા તથા સંગ્રામ સમિતિનું સંચાલન. અટકાયત.

## પટેલ, ઠાકોરભાઈ ડાહ્યાભાઈ

રાંદેર, જિ. સૂરત.

1942 : લોકક્રાંતિ. અભ્યાસનો ત્યાગ. સરઘસમાં સક્રિય. પત્રિકાવિતરણ. 6 મહિના કઠોર કારાવાસ. મુક્તિ પછી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં.

## પટેલ, ઠાકોરભાઈ મગનભાઈ

રાંદેર, જિ. સૂરત.

1942 : લોકક્રાંતિ. અભ્યાસ, ધંધાનો ત્યાગ. સરઘસ. કાયદાભંગ. 4 મહિના કારાવાસ. મુક્તિ પછી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં.

## પટેલ, ઠાકોરભાઈ મગનભાઈ

વડોદરા

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન વડોદરાથી 34 યુવાનોએ 18-8-1942ના રોજ નીકળી આણંદ અને આસપાસનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો. તે સાંજે અડાસ રેલવેસ્ટેશને પોલીસે તેઓ ઉપર ગોળીબાર અને લાઠીમાર કર્યો. સખત લાઠીમારથી તેમને ઈજા થઈ.

## પટેલ, ડાહીબહેન આશાભાઈ

ઉંમર : 1931માં 30 વર્ષ. રાસ, જિ. આણંદ.

બોરસદમાં 21-1-1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘસ પર પોલીસે કરેલ સખત લાઠીચાર્જથી ઘવાયાં, ખૂબ માર ખાધો. બૂટની લાતો, ધોલો

વગેરે.

## પટેલ, ડાહીબહેન ભાઈલાલ

સઈજપુર.

બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓનાં સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને લાઠીના ફટકા તથા બંદૂકના કુંદા મારીને હાથ, ખભો અને માથામાં ઈજા કરી હતી.

## પટેલ, ડાહીબહેન રાવજીભાઈ નાથાભાઈ

જન્મ : 1902. ઓડ, જિ. આણંદ.

સત્યાગ્રહ આશ્રમ સાબરમતીમાં પતિ સાથે નિવાસ. 1920ની અસહકારની ચળવળથી પૂ. કસ્તૂરબા સાથે પિકેટિંગ, સરકારી કાયદાનો ભંગ, મીઠાના કાનૂનનો ભંગ તથા ખાદીની પ્રવૃત્તિ વગેરે રચનાત્મક કામો કર્યાં. 7 વખત જેલ ભોગવી. પોલીસનો લાઠીમાર ખાધો. ભલાડા, તા. માતરમાં ઉદ્યોગમંદિર સંભાળ્યું.

## પટેલ, ડાહીબહેન લલ્લુભાઈ

જન્મ : 1899. બોરિયાવી, તા. આણંદ, જિ. આણંદ.

અભ્યાસ : ગુજરાતી 5 ધોરણ. 1940થી વ્યક્તિગત સત્યાગ્રહ. 3 વખત જેલની સજા. 3 માસ, 2 માસ, 1 માસ. 1943માં પ્રભાતફેરી કાઢતાં પકડાયેલાં અને રૂ. 50 દંડ.

## પટેલ, ડાહીબહેન સોમાભાઈ

જન્મ : 1904. ચિખોદરા, તા. આણંદ.

આશ્રમવાસી. 1930ની લડત વખતે કસ્તૂરબા ગાંધી સાથે બહેનોની ટુકડીમાં સૂરત જિલ્લામાં કાર્ય. ધરપકડ. ત્રણ માસની સજા. ખાદીધારી. ઘરેણાંનો ત્યાગ.

## પટેલ, ડાહીબા નાથાભાઈ

જન્મ : 1886. સોજિત્રા, જિ. આણંદ.

અભ્યાસ : ગુજરાતી 2 ધોરણ. 1930ની લડત વખતે માતર તાલુકાના લીંબાસી ગામમાં સ્ત્રી પરિષદના મંત્રી. ધરપકડ. 4 માસની સજા.

## પટેલ, ડાહ્યાભાઈ આશારામ

કાવિઠા, જિ. ખેડા.

1930માં ના-કર લડત. રાજસ્વ ભરવા ના પાડી. ઘરબાર છોડી હિજરત કરી ગયા. 6 મહિના કારાવાસ. દંડ નહિ ભરાતાં ઘરવખરી જપ્ત કરાઈ.

## પટેલ, ડાહ્યાભાઈ કશીભાઈ

બોચાસણ, જિ. આણંદ.

ગાંધીજયંતી : 2-10-1932ના રોજ તેમની આગેવાની હેઠળ સરઘસ નીકળ્યું. તેમને સરમુખત્યાર નીમ્યા હતા. તેમની ધરપકડ કરવામાં આવી અને જેલમાં અટકાયત. તેમની આગેવાની હેઠળ મે, 1930માં ધરાસણામાં મીઠાના અગરો પર હલ્લો કરીને મીઠાના કાયદાનો ભંગ કરવા પચાસ સૈનિકોની ટુકડી ખેડા જિલ્લામાંથી ગઈ હતી. ત્યાં સખત માર ખાધો હતો.

## પટેલ, ડાહ્યાભાઈ કાશીભાઈ

વાજ, તા. માતર.

1930-32ની સવિનય કાનૂનભંગની ચળવળમાં સક્રિય ભાગ લીધો. ત્રણ મહિના સુધી પેરોલ નોટિસનો અનાદર કર્યો. પોતાના ઘરનું સીલ તોડી નાખ્યું એટલે ધરપકડ. જેલની સજા ભોગવી.

## પટેલ, ડાહ્યાભાઈ ગોકુળભાઈ

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : ગુજરાતી 7 ધોરણનો. 1930માં ઓડમાં નીકળેલા સરઘસમાંથી ધરપકડ, 1 વર્ષ

કેદ અને દંડ. (દંડ રૂ. 500 પાછળથી વસૂલ કરવામાં આવ્યો.)

## પટેલ, ડાહ્યાભાઈ જીવાભાઈ

ડભાણ, તા. નડિયાદ, જિ. ખેડા.

ગાંધીવાદી. સ્વરાજ્યપ્રાપ્તિની લડતો, 1930-32માં સક્રિય. 1942ની લોકક્રાંતિ વખતે અટકાયતી કેદી.

## પટેલ, ડાહ્યાભાઈ જીવાભાઈ

જન્મ : 18 ઑગસ્ટ, 1906. લાઠી, જિ. અમરેલી.

અભ્યાસ : ધોરણ 5 ગુજરાતી. ગાંધીજીના કાર્યથી પ્રભાવિત. 1928 : ખાદીધારણ વ્રત. 1930 : મીઠા-સત્યાગ્રહમાં વઢવાણમાં. 3 મહિના કારાવાસ. પરિવાર પણ જેલમાં. બધાંને 3-3 મહિના કારાવાસ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. સીમાપાર. આદેશભંગ. વઢવાણમાં પત્રિકાવિતરણ. 3 મહિના કારાવાસ. ગાંધી-ઇર્વિન સંધિથી 11 મહિને મુક્તિ. ધ્રાંગધ્રા, ધ્રોળ, મોરબી સત્યાગ્રહમાં સક્રિય. ભાવનગર, મહુવા મુકામે પરદેશી કાપડભંડારો પર પિકેટિંગ. ખાદીકાર્યમાં સેવા. રાજકોટ સત્યાગ્રહમાં પત્ની સાથે સક્રિય. ચલાળા 7 વર્ષ ખાદીપ્રવૃત્તિ. 1945 : લાઠીમાં વર્ષો સુધી ખાદીપ્રવૃત્તિ.

## પટેલ, ડાહ્યાભાઈ ઝવેરભાઈ

વતન : આખડોલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1920-21માં અસહકારની લડત દરમિયાન અભ્યાસ છોડીને વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. સ્વદેશીનો પ્રચાર. કાંતણનો પ્રચાર. પ્રભાતફેરી કાઢતા.

## પટેલ, ડાહ્યાભાઈ તુલસીભાઈ

જન્મ : 1900. ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : મૅટ્રિક પાસ. 1922 : ઝંડા સત્યાગ્રહમાં ભાગ. 1 વર્ષની સજા. 1930માં સરકારી અમલદારોના બહિષ્કારની ચળવળ. ઓડમાં સરઘસમાંથી ધરપકડ. 1 વર્ષની સજા અને દંડ. (દંડ જપ્તીથી વસૂલ કરવામાં આવેલો.)

## પટેલ, ડાહ્યાભાઈ દુર્લભભાઈ

મોહનપુર, તા. ગણદેવી, જિ. નવસારી.

મીઠુબહેન પિટીટના સંપર્કથી રાષ્ટ્રવાદી. રચનાત્મક પ્રવૃત્તિમાં વિશેષ રસ. મોહનપુરમાં રેંટિયાપ્રવૃત્તિ. કાંતણવણાટ મંડળ. 1942માં ઠાકોરભાઈ દેસાઈ અને લાલભાઈ નાયકની સૂચના હેઠળ ચાલતી ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. ચોરામાં તલાટીઓનાં દફ્તરો બાળવાં, રેલવેનાં નાળાં તોડવા માટે બૉમ્બ મૂકવા વગેરે કામ કર્યાં. જાન્યુઆરી, 1943માં પોલીસે મોહનપુર ગામને ઘેરી લઈ મકાનોની ઝડતી લીધી. તેમણે ગુપ્ત પત્રિકાઓ, સ્ફોટક પદાર્થો અન્યત્ર મૂકેલાં એટલે બચી ગયા. ત્યાર બાદ ખેતી.

## પટેલ, ડાહ્યાભાઈ નાથાભાઈ

જન્મ : 20 એપ્રિલ, 1907. ભામૈયા, જિ. સૂરત.

1921માં સરકારી શાળા છોડીને લડતમાં જોડાયા. 1928માં બારડોલી સત્યાગ્રહમાં મહેસૂલ ન ભરવાનો ખેડૂતોમાં પ્રચાર. 1930ની ચળવળમાં ના-કરની લડતનું એલાન થવાથી ઘરબાર, ગામ છોડી હિજરત કરી. વડોદરા રાજ્યની હદમાં મુકામ. સરકારે જમીન ખાલસા કરી. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં કારાવાસ 4 મહિના. 1942ની 'હિન્દ છોડો' લડતમાં કારાવાસ.

## પટેલ, ડાહ્યાભાઈ પરભુભાઈ

વતન : સૂરત જિલ્લાનું સિકેર. 1921માં કૉલેજનો પ્રવેશ છોડી સૂરતની રાષ્ટ્રીય કૉલેજમાં પ્રવેશ. ક્રાંતિકારી વિચારના. પત્રિકા પ્રગટ કરતા તેમાં 'ભારતનો ઉષાકાળ', 'ભારતની દુર્દશા દર્શન' મથાળા નીચે લેખો-કાવ્યો પ્રસિદ્ધ. પત્રિકા જપ્ત.

રૂ. 500ની જામીનગીરી જપ્ત. બીજી રૂ. 500ની જામીનગીરી માગવામાં આવી. 1928ની બારડોલીની લડતમાં કામ કર્યું. 1930માં 6 મહિનાની સજા અને રૂ. 500નો દંડ થયો. 1932ની ના-કરની ચળવળ વખતે ધરપકડ. પછી મુક્તિ. મહેસૂલ નહિ ભરવાથી જમીન અને મકાનોની હરાજી ઘોષિત થઈ, પણ 1937માં સંપત્તિ પાછી મળી. નનસાડમાં ભૂગર્ભમાં 2 વર્ષ. 1942માં પણ ભૂગર્ભમાં યરવડા જેલમાં અટકાયત.

## પટેલ, ડાહ્યાભાઈ બેચરભાઈ

ઉબેર, જંબુસર, જિ. ભરૂચ.

1930-31 : અલાદરમાં મીઠા-સત્યાગ્રહ જંબુસરમાં. વિલાયતી કાપડ સામે પિકેટિંગ કર્યું અમદાવાદમાં. પત્રિકાવિતરણ. પીલુદરામાં લડતનો પ્રચાર. સાડા સાત મહિના કારાવાસ. મુક્તિ પછી દેશસેવામાં પ્રવૃત્ત.

## પટેલ, ડાહ્યાભાઈ ભાઈલાલભાઈ

પીપળાવ, જિ. ખેડા.

પીપળાવમાં સરમુખત્યારોની પરિષદમાં 1932માં લાઠીમારનો ભોગ, ધરપકડ. 2 વર્ષની જેલ અને દંડની સજા ભોગવી.

## પટેલ, ડાહ્યાભાઈ ભાણાભાઈ

જન્મ : કડોલી, જિ. વલસાડ.

અભ્યાસ : અંગ્રેજી ધોરણ 4.

1930માં દાંડીકૂચ વખતે ધામણથી નવસારી સુધીની કૂચમાં જોડાયા. અભ્યાસ છોડી મરોલી આશ્રમમાં પ્રવેશ મેળવી કાંતણ-વણાટની તાલીમ લીધી. દાંતે ગામે રહીને કાંઠાવિસ્તારનાં ગામોમાં કાંતણ-વણાટની રચનાત્મક પ્રવૃત્તિ. સેવાદળ શિબિરમાં કતારગામમાં જોડાયા. સૂરતની આસપાસનાં ગામોમાં ગુપ્ત પત્રિકાઓ વહેંચતા. તાપીમાં પુષ્કળ પાણી છતાં 26-1-1931ના રોજ કીકાભાઈ નાવિક સાથે બેટ પર જઈને ધ્વજ ફરકાવ્યો. સૂરતના સગરામપરામાં મીઠું પકાવી કાનૂનભંગ કર્યો. ધરપકડ. 7.5 માસની સખત સજા. મુક્તિ પછી અમદાવાદ જઈ પ્રવૃત્તિમાં ભાગ લેતાં. 4 મહિનાની કેદ. 1942માં બુડિયા ગામે ભૂગર્ભ-પ્રવૃત્તિમાં સામેલ.

## પટેલ, ડાહ્યાભાઈ મનોરભાઈ

જન્મ : 16 સપ્ટેમ્બર, 1884. અમદાવાદ.

1923માં બોરસદ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1924માં ધોળકામાં લોકસેવા. 1930માં ધોળકામાં મીઠાના કાયદાનો ભંગ કર્યો, ધરપકડ, કારાવાસ. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં કારાવાસ વિસાપુરની જેલમાં. 1942માં અટકાયત-કારાવાસ.

## પટેલ, ડાહ્યાભાઈ મંગળભાઈ

કાસર, તા. આણંદ.

અભ્યાસ : અંગ્રેજી ધોરણ 2. 1932ની સત્યાગ્રહની લડત વખતે ધરપકડ. 2 વર્ષની સજા તથા દંડ. (6 માસ યરવડા અને 18 માસ વિસાપુર જેલમાં.)

## પટેલ, ડાહ્યાભાઈ મંગાભાઈ

જન્મ : 1 જૂન, 1898. છાપર, તા. ગણદેવી.

જિ. નવસારી. ગરીબ. નિરક્ષર. ગાંધીજીનો સ્વરાજનો સંદેશો એમને પહોંચ્યો. 1920થી ખાદી પહેરવા માંડી. સભા-સરઘસો તથા પિકેટિંગમાં ભાગ લેતા રહ્યા. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય રહ્યા. 6 મહિનાની કેદની સજા. વ્યવસાય : મજૂરી.

## પટેલ, ડાહ્યાભાઈ મીઠાભાઈ

ગજેરા, તા. જંબુસર, જિ. ભરૂચ.

1930થી સત્યાગ્રહમાં સક્રિય. વિવિધ પ્રવૃત્તિ. હિજરત. 1942 : વેડચ થાણામાંથી શસ્ત્રોની

લૂંટના કાર્યમાં ક્રાંતિકારીઓને સહાય, આશ્રય, ભોજનાદિ વ્યવસ્થા. ગુપ્ત ચર્ચા. ધરપકડ. 13 મહિના અટકાયત. 1947 સુધી ચળવળોમાં સક્રિય રહ્યા.

પટેલ, ડાહ્યાભાઈ લલ્લુભાઈ

જન્મ : 1918, આણંદ, જિ. ખેડા.

અભ્યાસ : એમ.એ., બી.ટી. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે અટકાયતી કેદી તરીકે 9 માસ માટે જેલમાં.

## પટેલ, ડાહ્યાભાઈ વનમાળીદાસ

બારડોલી.

1942 : 'કરેંગે યા મરેંગે'ની લડતમાં સક્રિય. 1 વર્ષ કારાવાસ. પત્રિકાવિતરણ. પુનઃ 6 મહિના કારાવાસ. તામ્રપત્ર. નિવૃત્તિવેતન લેતા નથી.

## પટેલ, ડાહ્યાભાઈ સોમાભાઈ

જન્મ : 31 જાન્યુઆરી, 1913. રૂપાલ, જિ. ગાંધીનગર.

મુંબઈ યુનિવર્સિટીના બી.એ. અભ્યાસ દરમિયાન રાષ્ટ્રીય ભાવના. 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. ઊંઝા કાવતરા કેસના આરોપી. દોઢ વર્ષની જેલ ભોગવી. આઝાદી બાદ સરકારી નોકરીમાં પુનઃસ્થાપિત. મામલતદાર તરીકે નિવૃત્ત.
અવસાન : 2 એપ્રિલ, 1972.

## પટેલ, ડાહ્યાભાઈ હિમાભાઈ

જન્મ : 18 સપ્ટેમ્બર, 1904. થામણા, તા. આણંદ.

અભ્યાસ : મૅટ્રિક સુધીનો. 1921માં સરકારી શાળાનો બહિષ્કાર. ઉમરેઠની રાષ્ટ્રીય શાળામાં જોડાયા. 1930ના મીઠા-સત્યાગ્રહ વખતે ઠાસરા તાલુકામાં પ્રચારકાર્ય. 1942 : 'હિન્દ છોડો'ના આંદોલન વખતે ગ્રામફેરી. ધરપકડ. 6 માસની સાદી કેદ. કૉંગ્રેસના કાર્યકર.

## પટેલ, તળશીભાઈ રણછોડભાઈ

આખડોલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1930ના મીઠા-સત્યાગ્રહ વખતે ધરાસણા જતાં રસ્તામાં લાઠીમાર. ઊંટડી સુધી ચાલતા લઈ ગયા. તેમની છાવણી લૂંટાઈ અને બીલીમોરાની છાવણીમાં હાંકી કાઢ્યા.

## પટેલ, તારાબહેન

બોરસદ, જિ. આણંદ.

1930ની લડત વખતે બોરસદમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરતાં ધરપકડ. 11 માસની સજા અને દંડ.

## પટેલ, તુલસીદાસ જેઠાભાઈ

જન્મ : 1 જાન્યુઆરી, 1920. ઇસ્લામપુર, તા. ચાણસ્મા, જિ. મહેસાણા.

હરિપુરા અધિવેશન(1938)માં સ્વયંસેવક. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં મિત્રોનું સંગઠન. ભૂગર્ભમાં ભાંગફોડની પ્રવૃત્તિ. શ્રીમંત બુધાલાલને ઉપાડી જઈ નાણાં પડાવવાના કાવતરામાં પકડાયા. કુલ નવ માસ કારાવાસ. વડોદરા રાજ્યની પ્રજાકીય સરકારે મુક્ત કર્યા. લણવાના ત્રિભુવન વિદ્યાલયના આચાર્ય અને જાહેર પ્રવૃત્તિ.

## પટેલ, તુલસીદાસ મોતીભાઈ

રાસ, જિ. આણંદ.

અભ્યાસ : વિનીતની પરીક્ષા પાસ – ગૂજરાત વિદ્યાપીઠ. 1942ના 'હિન્દ છોડો' આંદોલન દરમિયાન ધરપકડ. 6 મહિના કારાવાસ. પાસપોર્ટ જપ્ત કરાયો. વિદ્યાપીઠમાં સેવા. આશ્રમ ગૌશાળામાં સેવા. નવજીવન મુદ્રણાલયમાં સેવા. અમદાવાદ.

## પટેલ, ત્રિકમભાઈ ઘેલાભાઈ

કાસર, જિ. આણંદ.

અભ્યાસ : 7 ધોરણ. 1921ની અસહકારની ચળવળમાં ભાગ લીધો. વિદેશી માલનો બહિષ્કાર. 1923માં નાગપુરમાં ઝંડા સત્યાગ્રહમાં ભાગ. 1 વર્ષની જેલની સજા, પણ લડતનું સમાધાન થતાં વહેલા છૂટી ગયેલા.

## પટેલ, ત્રિકમભાઈ પુરુષોત્તમદાસ

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : ગુજરાતી 7 ધોરણ. 1942ની ચળવળ દરમિયાન ઓડના સરઘસમાંથી ધરપકડ. 1 વર્ષની સજા અને દંડ. (જે વસૂલ કરવામાં આવ્યો હતો.)

## પટેલ, ત્રિકમભાઈ પુરુષોત્તમદાસ

વતન : લિંબાસી, તા. માતર, જિ. ખેડા.

1930-32ની લડતમાં ના-કરના કાર્યક્રમ હેઠળ જમીનમહેસૂલ નહિ ભરેલું. તે બદલ તેમની ઘરવખરી જપ્ત થઈ હતી.

## પટેલ, ત્રિભુવનદાસ કિશીભાઈ

જન્મ : 10 ઑક્ટોબર, 1903. આણંદ.

1921 : અસહકારના આંદોલનમાં શાળાનો ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠમાંથી વિનીત. 1930થી 1942 સુધીમાં તત્કાલીન ખેડા જિલ્લાનાં આણંદ, નાવલી અને થામણા ગામમાં સ્વાતંત્ર્યસંગ્રામોમાં સક્રિય ભાગ લઈ અનેક વાર જેલ ભોગવી. સ્વાતંત્ર્ય-સંગ્રામોમાં દોરવણી, સંચાલન. ધરાસણાના સત્યાગ્રહમાં જિલ્લાની ટુકડીનું નેતૃત્વ. ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા સેવાકાર્ય (અમૂલ, આણંદ). રાજ્યસભાના સભ્ય. અવસાન થયેલ છે.

## પટેલ, ત્રિભુવનદાસ ન.

જન્મ : 18 સપ્ટેમ્બર, 1917. લણવા, તા. ચાણસ્મા.

કડીના સર્વવિદ્યાલયની બોર્ડિંગમાં રાષ્ટ્રપ્રેમનું વાતાવરણ. અમદાવાદ જઈને બી.એ., એમ.એ.ના અભ્યાસ દરમિયાન 'હિન્દ છોડો' લડત શરૂ. અભ્યાસ છોડી ચળવળમાં ભાંગફોડ માટે ટુકડી તૈયાર કરી. શેરથા પાસે રેલવેલાઇનમાં ભંગાણ કર્યું. ગોડાઉન તોડ્યું. ધરપકડ. જેલ. સાબરમતી જેલમાં રવિશંકર મહારાજ અને બબલભાઈ મહેતાનો પરિચય. બદલી થઈને નાશિકની જેલમાં. કુલ સાત માસનો કારાવાસ. વેપાર-ધંધામાં નુકસાન થવાથી ખેતીમાં જોડાયા.

અવસાન : 22 જૂન, 1955.

## પટેલ, ત્રિભોવનદાસ દ્વારકાદાસ

જન્મ : 7 ઑક્ટોબર, 1918. હીરપુરા, તા. વિજાપુર.

1930-32ની ચળવળમાં સક્રિય થઈ લડતનો પ્રચાર કરવા કડી અને કલોલ પાસેનાં ગામોમાં મિત્રો સાથે પ્રવાસ. તે દરમિયાન ચળવળની પત્રિકા વહેંચતા. રાષ્ટ્રવાદનો પ્રચાર. રાત્રે સભા ભરી પ્રવચન કરતા. 23 માર્ચ, 1932 : દેત્રોજ ગામની સભામાંથી ધરપકડ. વિરમગામની કોર્ટમાં કેસ. 16 સાથીદારો સાથે જેલવાસ. તે પછી અમદાવાદમાં નિવાસ.

## પટેલ, દયારામ

ટિમ્બરવા, જિ. સૂરત.

ટિમ્બરવામાં સત્યાગ્રહ કરીને 4 મહિના જેલમાં ગયા. છૂટીને 1942ના જૂનમાં બી.ટી. થવા વડોદરા ગયા. 'હિન્દ છોડો'ની ચળવળ શરૂ થતાં કૉલેજ છોડી ટિમ્બરવા જઈને ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાયા. રેલવેના પાટા ઉખાડવા અને સ્ટેશનો બાળવાનો કાર્યક્રમ હતો. ટિમ્બરવા સ્ટેશન બે વખત બાળવામાં આવ્યું. સરકારે સ્ટેશન બંધ કરી ચારે બાજુનાં ગામો પર સામૂહિક દંડ નાખી જપ્તી કરી. લોકોનો જપ્ત કરેલો માલ ટિમ્બરવા સ્ટેશને

ખડકેલો હતો. ચોકી કરતા પોલીસોને બાંધી દઈને બંદૂકો છીનવી લેવાનો કાર્યક્રમ. પોલીસો જાગ્રત રહેવાને કારણે નિષ્ફળ. લડત પછી 1943માં બી.ટી. થયા અને વાલોડની માધ્યમિક શાળાના આચાર્ય થયા.

## પટેલ, દયાળજી ત્રિભોવન

અમદાવાદ.

1930-32ની ચળવળ દરમિયાન; 15-1-1933ના રોજ ખેડા જિલ્લાના પીપળાવ ગામે સમસ્ત ગુજરાતના સરમુખત્યારોની પરિષદમાં હાજર રહ્યા. ત્યાં લાઠીમારનો ભોગ બન્યા અને તેમની ધરપકડ કરી બે વર્ષની કેદની સજા તથા રૂ. 300/- દંડ અથવા છ માસની વધુ કેદની સજા થઈ.

## પટેલ, દયાળજી ત્રિભોવનરાય

જન્મ : 30 માર્ચ, 1903. મણુંદ, જિ. મહેસાણા.

1930 : શિક્ષકની નોકરીનો ત્યાગ. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. લાઠીમાર. દોઢ મહિનો કારાવાસ. 15 રૂપિયા દંડ. 1932 : દારૂનાં પીઠાં પર પિકેટિંગ. બે મહિના કારાવાસ. સરમુખત્યારપદ માટે 6 મહિના કારાવાસ. રૂ. 100 દંડ. બોરસદ, સરમુખત્યારોની પરિષદમાં હાજરી. 2 વર્ષ કારાવાસ. રૂ. 300 દંડ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. 1942ની લોકક્રાંતિમાં. અટકાયત. 14 મહિને મુક્ત. મહેસાણા જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રી. મહેસાણા જિલ્લા હરિજન સેવક સંઘના મંત્રી. 1952 : મુંબઈ રાજ્યની વિધાનસભાના સભ્ય.

## પટેલ, દયાળજીભાઈ ભગાજીભાઈ

નીઝર (ગોજી), તા. બારડોલી, જિ. સૂરત.

અભ્યાસ : શાળાંત પાસ. વ્યવસાય : શિક્ષક. 1942 : લડતમાં પેરા ગામની શાળાનાં પત્રકો બાળવામાં આવ્યાં તે પ્રસંગમાં સંડોવણી. 7 મહિના કારાવાસ. નોકરી ગઈ. સ્વતંત્રતા પછી પુનઃસ્થાપન.

## પટેલ, દયાળજી રતનજી

આફવા, જિ. સૂરત.

1920-22 : અસહકારની ચળવળમાં જોડાયા. 1930માં દાંડીકૂચ વખતે ગાંધીજીની સાથે ધરાસણા સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930માં 4 માસની જેલ. 1932માં ફરી 4 માસની જેલ અને 400 રૂપિયા દંડ. 1933માં આઠ માસની જેલ અને 300 રૂપિયા દંડ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં 4 માસની જેલ. 1942માં ફરી ચાર માસની જેલ ભોગવી. રચનાત્મક પ્રવૃત્તિઓમાં અસ્પૃશ્યતા-નિવારણ, ખાદીપ્રચાર, દારૂનિષેધ, રાનીપરજ કન્યાઓનું શિક્ષણ વગેરે.

## પટેલ, દયાળજી લાલભાઈ

નિજર, તા. બારડોલી.

અભ્યાસ : 4 ધોરણ અંગ્રેજી, ગંગાધરા હાઈસ્કૂલ. વ્યવસાય : શિક્ષક. 1942 : પેરા ગામની શાળાનાં પત્રકો બાળવાના પ્રસંગમાં સંડોવણી. 7 મહિના કારાવાસ. મુક્તિ પછી પુનઃ શિક્ષક.

## પટેલ, દયાળભાઈ નારણભાઈ

લસુંદ્રા, જિ. ખેડા.

1930માં મીઠાના સત્યાગ્રહ વખતે લસુંદ્રા છાવણીના સત્યાગ્રહીઓની વ્યવસ્થા. સ્વયંસેવકની કામગીરી. ધરપકડ. 3 માસની જેલની સજા.

## પટેલ, દિનેશભાઈ કેસુરભાઈ

અવિધા, જિ. ભરૂચ.

1930થી 1942 સુધી સ્વાતંત્ર્યસંગ્રામની લડતોમાં સક્રિય ભાગ લીધો. કાયદાભંગનાં કાર્યો. આત્મભોગ. કારાવાસ. મુક્તિ પછી પણ સક્રિય.

## પટેલ, દિવાળીબહેન

વતન : આખડોલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1932ની ચળવળમાં ના-કરની લડતમાં જમીન-મહેસૂલ ભર્યું નહિ તેથી સરકારે જપ્તી વૉરંટ કાઢ્યું. તેથી બાજુની ગાયકવાડી સરહદમાં કરોલી ગામે હિજરત કરી; પરંતુ મહેસૂલ તો ન જ ભર્યું. સરકાર સાથે સમાધાન થયા બાદ વતનમાં પાછાં ફર્યાં.

## પટેલ, દિવાળીબહેન ઝવેરભાઈ

કાસર, જિ. આણંદ.

1930ના સ્વરાજ્યપ્રાપ્તિના સંગ્રામમાં ભાગ. 6 માસની સજા. સાબરમતી જેલમાં. મીઠું વહેંચતાં 6 માસની સજા. 1932ની લડત વખતે પત્રિકા વહેંચતાં ધરપકડ. 2 વર્ષની સજા.

## પટેલ, દિવાળીબહેન પૂંજાભાઈ

ઑડ, જિ. આણંદ.

1930ની લડત વખતે આણંદમાં કાપડની દુકાનો પર પિકેટિંગ, 6 માસની સજા. મીઠું વહેંચતાં 6 માસની સજા. 1932ની લડત વખતે પત્રિકા વહેંચતાં ધરપકડ. 2 વર્ષની સજા.

## પટેલ, દીનુભાઈ મૂળજીભાઈ

જન્મ : એપ્રિલ, 1914. વતન : સોજિત્રા, તા. પેટલાદ.

1930ની લડતમાં ભાગ લેવા બદલ જેલની સજા થઈ હતી. 1932ની લડતમાં અભ્યાસ છોડીને ભાગ લીધો. તે પછી 1936માં બી.એ. પાસ.

## પટેલ, દુર્લભભાઈ નાગરજી

જન્મ : 1904માં. વાસણા, જિ. વલસાડ.

1930થી લડતમાં ભાગ. વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લઈ જેલ ભોગવી. 1936-37માં દુકાળરાહતનાં કામો કર્યાં. 1942માં ચીખલી તાલુકા સમિતિના પ્રમુખ. ત્યારે 13 મહિનાની કેદની સજા થઈ. 1947થી 1952માં જિલ્લા લોકલ બોર્ડના સભ્ય હતા. સહકારી પ્રવૃત્તિમાં સક્રિય.

અવસાન : 1958.

## પટેલ, દેવજીભાઈ ભીખાભાઈ

જન્મ : 1900. રાંદેર, જિ. સૂરત.

વ્યવસાય : ખેતી. 1923 : નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં જવા નીકળ્યા, પણ નંદરબારથી પાછા વળ્યા. 1930 : દાંડીકૂચ. ઓલપાડ ક્ષેત્રમાં વ્યવસ્થા સંચાલન. સહકારી પ્રવૃત્તિ. સભાસંમેલનોની વ્યવસ્થા. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 10 ઑગસ્ટથી 1 વર્ષ અટકમાં, સાબરમતી અને નાશિક જેલમાં.

## પટેલ, દેવાભાઈ રણછોડજી

વઢવાણિયા, જિ. સૂરત.

1938માં હરિપુરા મહાસભામાં સ્વયંસેવક. જીવન- પર્યંત ખાદીધારી. 1942માં એમની અને પત્ની ગંગાબહેનની વાલોડમાંથી ધરપકડ. રૂ. 50નો દંડ. વાલોડ પાછા ફર્યા ત્યારે પોલીસે ઘરનો સામાન લૂંટી લીધો હતો. માફી માગવા ઇનકાર કર્યો. 1942માં નોકરીમાંથી સસ્પેન્ડ કર્યા. ભૂગર્ભપ્રવૃત્તિ અંગે એમના પર શક કરી ખૂબ માર માર્યો હતો.

## પટેલ, દેવીબહેન માધવભાઈ

રાયમ, બારડોલી.

1930 : સત્યાગ્રહ સ્વયંસેવિકા. બારડોલીમાં સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. દંડ. 1933 : સૂરતમાં સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ.

## પટેલ, દેસાઈભાઈ નાથાભાઈ

જન્મ : 13 ઑગસ્ટ, 1895. ઓડ, જિ. આણંદ.

1922 : અસહકારના આંદોલનમાં જોડાયા.

1930ના સત્યાગ્રહમાં ભાગ. 4 માસની જેલ. 1933માં ફરી સત્યાગ્રહ, અઢી વર્ષની જેલ. 1935માં નડિયાદમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલયના મુખ્ય સંચાલક. 1942માં અટકાયતમાં. 1944થી 1950 : વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં કામ. ખેડા જિલ્લા સ્કૂલ બોર્ડના અધ્યક્ષ. 1952 : મુંબઈની વિધાન પરિષદમાં ચૂંટાયા.

## પટેલ, દેસાઈભાઈ બકોરભાઈ

જન્મ : 20 ફેબ્રુઆરી, 1899. કહાનવા, જિ. ભરૂચ.

1930 : દાંડીકૂચ. પોલીસ પટેલના પદનો ત્યાગ. ના-કર સત્યાગ્રહ. ભૂમિ જપ્ત. 1930-32 : કારાવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ-કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભૂગર્ભવાસ. લડત બંધ હોય ત્યારે ખેતી અને ખાદીપ્રવૃત્તિ.

અવસાન : 28 જૂન, 1949. થુવાવી, સંખેડા, જિ. વડોદરા.

## પટેલ, દેસાઈભાઈ ભૂલાભાઈ

વતન : આખડોલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1932ની લડત વખતે ના-કરના કાર્યક્રમ હેઠળ જમીનમહેસૂલ ભર્યું નહિ. તેથી સરકારે જપ્તી વૉરંટ કાઢ્યું. છતાં મહેસૂલ ન ભર્યું. પાસેની ગાયકવાડી સરહદમાં (વડોદરા રાજ્યની સરહદમાં) કરોલી ગામે હિજરત કરી. સરકાર સાથે સમાધાન થયા પછી વતનમાં પાછા આવ્યા.

## પટેલ, દેસાઈભાઈ હરિભાઈ

જન્મ : 1878. વતન : ઠાસરા, જિ. ખેડા.

વ્યવસાય : ખેતી અને વેપાર.

1930ની લડતમાં ભાગ લીધો. સભા-સરઘસોમાં જોડાવું. દારૂનાં પીઠાં, વિદેશી માલની દુકાનો પર પિકેટિંગ. 1950 સુધી ઠાસરા તાલુકા કૉંગ્રેસના આગેવાન.

## પટેલ, દ્વારકાદાસ બાપુભાઈ

જન્મ : 1914. અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદમાં વીજળીનાં સબસ્ટેશનો ઉડાવી દેવાનાં કાવતરામાં, સૂર્યોદય મિલ્સના સબસ્ટેશને બૉમ્બ મૂકવા ગયા. ધરપકડ. 25-12-1942થી લાંબા સમયની અટકાયત બાદ મુક્તિ.

## પટેલ, ધનજીભાઈ ક.

વ્યવસાય : છબીકાર. 1930માં 6 મહિના માટે વિસાપુર કારાગૃહમાં. ગુપ્ત રીતે કૅમેરો મેળવી કારાગૃહની તથા ત્યાંની પ્રવૃત્તિની છબીઓ પાડી.

## પટેલ, ધનજીભાઈ મોરારભાઈ

મંદિર, જિ. વલસાડ.

નાની વયથી ચળવળમાં સક્રિય. વિદેશી માલના ભંડાર તથા દારૂતાડીનાં પીઠાં સામે પિકેટિંગ. ગ્રામ-પ્રવાસ. પ્રચારકાર્ય. 4 મહિના કારાવાસ. 1930 : દાંડીકૂચમાં સક્રિય. લાઠીમાર. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય.

## પટેલ, નગીનભાઈ માધવભાઈ

વતન : લાછરસ, રાજપીપળા. કાર્યક્ષેત્ર : કપડવંજ.

અભ્યાસ : પીએચ.ડી. પ્લાન્ટ બ્રીડિંગ (ન્યૂયૉર્ક). 1930ના સત્યાગ્રહમાં ધરપકડ. 3 માસની જેલની સજા. કૉંગ્રેસની કચેરી જપ્ત થવાથી 'ફરતી કૉંગ્રેસની કચેરી' ચલાવી. કપડવંજ તાલુકામાં કપાસની ખેતી.

## પટેલ, નગીનભાઈ સુખાભાઈ

જન્મ : 1922 આશરે. વડસાંગળ, તા. ગણદેવી.

1942ની 'હિન્દ છોડો' લડતમાં સભા-સરઘસોનું આયોજન, પત્રિકા વહેંચવી, શાળાઓ બંધ કરાવવા પિકેટિંગમાં સક્રિય. પિકેટિંગ દરમિયાન 2 વાર ધરપકડ. થોડા કલાકમાં મુક્તિ. ત્રીજી વાર 4 માસની કેદની

સજા. નવસારી જેલમાં 1 મહિના બાદ મુક્તિ. પછી એમ.એ., બી.એડ્. થઈ શિક્ષક, શાળાના આચાર્ય, પાઠ્યપુસ્તકોના લેખક.

## પટેલ, નટવરલાલ ડુંગરદાસ

જન્મ : લાડોલ, તા. વિજાપુર.

અભ્યાસ : મૅટ્રિક. કડી સર્વવિદ્યાલયના નિવાસ દરમિયાન દેશપ્રેમ, સ્વાશ્રયના ગુણ.
1942ની ચળવળમાં – ગામડે જઈ લડતનો, ખાદીનો પ્રચાર. અમદાવાદ કૉલેજમાં અભ્યાસ. 10 ઑગસ્ટ : શાહપુર દરવાજેથી કાઢેલા સરઘસમાં જોડાયા. પોલીસે કરેલા લાઠીચાર્જમાં તેમને મૂઢ માર પડેલો. અર્ધો કલાક બેભાન રહેલા. તે પછી વતનમાં જઈ ગામડે ગામડે જઈ પ્રભાતફેરી અને સરઘસો કાઢતા. પત્રિકાઓ વહેંચતા. લોકજાગૃતિ. લાડોલમાં પ્રચારકાર્ય દરમિયાન પોલીસ અવારનવાર પકડી જતી અને આખો દિવસ પૂરી રાખી, ચેતવણી આપી છોડી દેતા. આવું અનેક વાર બનતું.
વિસનગરમાં જાહેર સભામાં 'વંદે માતરમ્' ગીત ગવરાવી સભા શરૂ કરાવી. આઝાદી બાદ ખાદી અને સ્વદેશીનું કામ કર્યું. મહેસાણા જિલ્લા ખાદી ગ્રામોદ્યોગ સહકારી સંઘ લિ.ના વ્યવસ્થાપક તરીકે 18 વર્ષ સેવા બજાવી.

## પટેલ, નટવરભાઈ બહેચરભાઈ

રાંદેર, જિ. સૂરત.

1942 : લોકક્રાંતિ. અભ્યાસ-ધંધાનો ત્યાગ. સરઘસ, કાયદાભંગ. 4 મહિના કારાવાસ. મુક્તિ પછી દેશસેવામાં સક્રિય.

## પટેલ, નટવરલાલ ભગવાનદાસ

વલસાડ.

1930 : દાંડીકૂચ. સરકારી નોકરીનો ત્યાગ. ધરાસણામાં મીઠા-સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. 1932 : સવિનય ભંગ આંદોલન. વાલોડ. 6 મહિના કારાવાસ. આર્થિક ભીંસમાં.

## પટેલ, નરસિંહભાઈ ઈશ્વરભાઈ

જન્મ : 13 ઑક્ટોબર, 1874. નાર, જિ. આણંદ.

ક્રાંતિકારી પ્રવૃત્તિ, બૉમ્બપ્રવૃત્તિમાં સહયોગ. વડોદરા રાજ્યમાં સરકારી અધિકારી હતા. ગુપ્ત રીતે બંગાળીમાંથી 'મુક્તિ કૌન પથે'માંથી અનુવાદ કરી બૉમ્બ બનાવવાની રીત વર્ણવતી પુસ્તિકાઓ, 'વનસ્પતિની દવાઓ', 'સાબુ બનાવવાની રીત', વગેરે ભળતાં નામ હેઠળ, ગુપ્ત પ્રેસમાં છાપીને પ્રગટ કરી. તેથી રાજ્યમાંથી હદપાર. બ્રિટિશ પોલીસના હાથે ન પકડાવા પુદુચેરી થઈને પૂર્વ આફ્રિકા ગયા. ભારત પાછા આવી 1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લઈ, 6 માસની સજા ભોગવી. મિલકત, મકાન જપ્ત, હરાજ. સમાજસુધારક બન્યા. 'પાટીદાર' માસિકના સંપાદક.
અવસાન : 27 ઑક્ટોબર, 1915. સોજિત્રા.

## પટેલ, નરસિંહભાઈ શંકરભાઈ

વતન : લીંબાસી, તા. માતર, જિ. ખેડા.

1930-32ની લડતમાં ભાગ લેતાં 6 માસની સજા. 1942ની લોકક્રાંતિની ચળવળ વખતે ગામની શાળા અને ચોરાનું દફ્તર બાળી નાખવાના ગુના બદલ 6 માસની સજા.

## પટેલ, નરસિંહભાઈ શંકરભાઈ

થામણા, જિ. ખેડા. થામણા ગામના મુખી.

1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થતાં ચારેક દિવસમાં બબલભાઈ મહેતાની ધરપકડ થઈ. તે પછી થામણા ગામના મુખી નરસિંહભાઈ સહિત બીજા પંદરેક ભાઈઓને જેલયાત્રાનો લહાવો મળ્યો હતો.

## પટેલ, નરસીભાઈ ધૂળાભાઈ

નાર, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળ

વખતે ઓડ ગામમાં નીકળેલા સરઘસમાં ગોળીબાર થતાં ઘવાયા અને તે દિવસે જ શહીદ થયા.

## પટેલ, નરસીભાઈ મોહનભાઈ

1942ની ‘હિન્દ છોડો’ લડત દરમિયાન 18 ઑગસ્ટ, 1942ના રોજ વડોદરાની કૉલેજ અને શાળાના વિદ્યાર્થીઓ સાથે આણંદની આસપાસનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો. તે દિવસે સાંજે પાછા ફરતાં અડાસ રેલવેસ્ટેશને પોલીસે તેઓ ઉપર આડેધડ કરેલા ગોળીબારથી અને લાઠીમારથી ઘવાયા.

## પટેલ, નરોત્તમભાઈ ડાહ્યાભાઈ

મલેકપુર, તા. પલસાણા, જિ. સૂરત.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં, 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં તથા 1942ના ‘હિન્દ છોડો’ આંદોલનમાં સક્રિય ભાગ લઈ દરેક વખતે જેલ ભોગવી. શાંતિનિકેતન કલકત્તાના સ્નાતક. વલ્લભ વિદ્યાર્થી આશ્રમ, સૂરતના ગૃહપતિ.

## પટેલ, નરોત્તમભાઈ નાથુભાઈ

કોસમાડા, તા. કામરેજ, જિ. સૂરત.

1930ની ચળવળ દરમિયાન ધરાસણામાં મીઠાના અગરો લૂંટવા ટુકડીમાં જોડાયા. સખત લાઠીમારથી ઘાયલ થયેલા અને વરલી જેલમાં શહીદ થયા. તેમને અંજલિ આપવા સૂરતમાં પ્રચંડ સરઘસ નીકળ્યું હતું અને ડક્કા ઓવારે મળેલી સભામાં સદગતને અંજલિ અપાઈ હતી.

## પટેલ, નરોત્તમભાઈ ભગવાનભાઈ

જન્મ : 1921. નિઝર, જિ. સૂરત.

1942માં સાને ગુરુજીનો સંદેશો મળતાં ભણતર છોડ્યું. દેલવાડા કેન્દ્રમાં લડતનું પ્રચારકાર્ય. પકડાયા. 2 મહિનાની સજા. 1943માં ગાંધીજી ઉપવાસ પર ઊતર્યા ત્યારે પુણેમાં આગાખાન મહેલ પરના મોરચામાં જોડાયા. પકડાયા. 3 મહિનાની સજા. 1944માં ખાનદેશમાં સરકારી તિજોરીની લૂંટના આરોપી. 8 મહિના અટકાયતી કેદી. ફરી પકડીને ધૂળિયા જેલમાં 2 મહિના. તે પછી વતનમાં નજરકેદમાં 1946 સુધી.

## પટેલ, નરોત્તમભાઈ લક્ષ્મણભાઈ

માસમા, સૂરત.

1940ના વ્યક્તિગત સત્યાગ્રહમાં. 4 મહિના કારાવાસ. 1942ની લડતમાં 10 મહિના કારાવાસ.

## પટેલ, નર્મદાબહેન મોહનલાલ

અમદાવાદ.

1930-32ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. તેમણે બોરસદ સત્યાગ્રહનું 46મા સરમુખત્યાર તરીકે નેતૃત્વ કર્યું હતું. માર્ચ, 1933માં ‘બોરસદ સત્યાગ્રહ સમાચાર’ એમના નામથી પ્રગટ થતું હતું. 4 એપ્રિલ, 1933ના રોજ બોરસદમાં વિદેશી કાપડ, બ્રિટિશ માલ અને તમામ વિદેશી વસ્તુઓના વેપારીઓને તેનો વેપાર નહીં કરવા સમજાવ્યા.

## પટેલ, નલિનકાન્ત પુરુષોત્તમ

નાપાડ, જિ. આણંદ.

અભ્યાસ : એમ.એ., એલએલ.બી. 1930 : વાનરસેનામાં, સભા-સરઘસો, પત્રિકાવિતરણમાં સક્રિય. 1941 : પુણે. ફરગ્યુસન કૉલેજમાંથી એલએલ.બી. 1942 : એમ.એ. થયા. ‘હિન્દ છોડો’ આંદોલન દરમિયાન આણંદ આગમન. સેના રચવા પ્રવૃત્તિ. કારાવાસ. પુનઃ 7 મહિના કારાવાસ.

## પટેલ, નવનીતલાલ નરભેરામ

વલસાડ.

1930 : સોલાપુરમાં 4 જણને દેહાંત દંડની શિક્ષાના વિરોધમાં સરઘસ. ધ્વજારોપણ. લાઠીમાર. કારાવાસ. દંડના બદલામાં વધુ કારાવાસ.

## પટેલ, નંદુભાઈ

અમદાવાદ.

રવિશંકર મહારાજ અને ઠક્કરબાપાની ઊંડી અસર. કૉંગ્રેસ સેવાદળ દ્વારા કાર્ય. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો અને જેલવાસ વેઠ્યો. ભાગલા પડ્યા પછી નિર્વાસિતોના પુનર્વસવાટનું કામ કર્યું.

## પટેલ, નાથાભાઈ કાળીદાસ

વાસણા, તા. માતર, જિ. ખેડા.

ધંધે ખેડૂત. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહ વખતે ધરપકડ થતાં જેલવાસ. સામાજિક કાર્યકર.

## પટેલ, નાથાભાઈ ગોપાળદાસ

રસિકપુરા, તા. માતર, જિ. ખેડા.

ખેતી. 1941ની વ્યક્તિગત સત્યાગ્રહની લડત વખતે જેલવાસ.

## પટેલ, નાથાલાલ લલ્લુદાસ

જન્મ : 25 ફેબ્રુઆરી, 1914. મેડા આદરજ, જિ. મહેસાણા.

1930 : દાંડીકૂચ. ધરાસણાના સત્યાગ્રહમાં જોડાયા. અમદાવાદમાં ધરપકડ. 3 મહિના કારાવાસ. 1933 : મામલતદાર કાર્યાલય પર ધ્વજારોપણ. 3 મહિના કારાવાસ. 1942 : અમદાવાદમાં ધરપકડ. ચાર માસની કેદ. ભૂગર્ભ-પ્રવૃત્તિ. સેવાકાર્ય ચાલુ.
અવસાન : 1977.

## પટેલ, નાથુભાઈ કેવળભાઈ

જન્મ : 1919. માસમા, જિ. સૂરત.

1930માં ઓલપાડ તાલુકાની છાવણીઓમાં રહીને દારૂનાં પીઠાં પર પિકેટિંગની પ્રવૃત્તિ. 1932માં પત્રિકાના સંચાલનમાં સાથ. 1938 : હરિપુરા અધિવેશનમાં સ્વયંસેવક. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં 4 મહિનાની કેદની સજા. 1942માં 8 મહિનાની સજા અને રૂ. 100 દંડ. 1943માં ફરીથી 6 મહિનાની સજા. 1944માં જિલ્લા લોકલ બોર્ડના સભ્ય.

## પટેલ, નાથુભાઈ છનાભાઈ

નવસારી.

1942 : 'હિન્દ છોડો' આંદોલન. સભાસરઘસ. ભાષણ. આગેવાની. 4 મહિના કારાવાસ.

## પટેલ, નાથુભાઈ રામભાઈ

ખોજપારડી, બારડોલી.

1928 : વેરો ન ભરવા માટે ના-કર સત્યાગ્રહ. 1931-32 : ના-કર લડત. શામપુરામાં ધરપકડ. 6 મહિના કારાવાસ. 200 રૂપિયા દંડ. સવિનય ભંગ ચળવળ. વેરા ભરવા ઇનકાર. ભૂમિ, પાક, ઢોર, ઘરવખરી સરકારી માણસો લૂંટી ગયા.

## પટેલ, નાનજીભાઈ

અમદાવાદ. (વતન : કરજીસણ, ઉત્તર ગુજરાત).

1930ની લડતમાં ભાગ લીધો હતો. કૉંગ્રેસના સભ્ય. 30 સપ્ટેમ્બર, 1942ના રોજ રાત્રે દરિયાપુરમાં થેલીમાં રાસાયણિક બૉમ્બ લઈને પોલીસચોકી પર નાખવા જતા હતા. રસ્તામાં ખોદકામને લીધે પડી ગયા. બૉમ્બ અથડાવાથી ફાટ્યો. શરીરે સખત ઈજાઓ. અવસાન. તેમની પાસેથી એક રિવૉલ્વર મળી આવી હતી.

## પટેલ, નાનજીભાઈ વલ્લભભાઈ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ઝાલોદ મુકામે આગળ પડતો ભાગ ભજવેલો. સભા, સરઘસો, પ્રચારકાર્ય વગેરેમાં સક્રિય હતા.

તેમની ધરપકડ કરવામાં આવી અને જેલની સજા પણ ભોગવી હતી.

## પટેલ, નાનુભાઈ

સોજિત્રા, જિ. ખેડા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન લડત અંગેના સમાચાર ભેગા કરવા, પત્રિકા લખવી, છપાવવી, આસપાસનાં ગામોમાં વહેંચવી વગેરેની વ્યવસ્થા કરવામાં તેમણે મુખ્ય ભાગ લીધો હતો.

## પટેલ, નાનુભાઈ વલ્લભભાઈ

જન્મ : 1924. દુવાડા, જિ. સૂરત.

1942માં પોતાની શાળા બંધ કરાવવા પિકેટિંગ. 3 માસની સાદી કેદની સજા નવસારીની સબજેલમાં, 4 દિવસ બાદ નવસારીના સૂબાએ છોડી મૂક્યા. મુક્તિ બાદ શાળા પર પિકેટિંગ, પટેલ-તલાટીનાં રાજીનામાં માટે ઉપવાસ, રેલવેમાં ભાંગફોડ, ચોરા બાળવા જેવી ભાંગફોડ. ધરપકડ. નવસારીની સબજેલમાં 6 મહિના અટકાયત. પુરાવાના અભાવે મુક્તિ. વ્યવસાય : શિક્ષક, ખેડૂત.

## પટેલ, નાનુભાઈ સામજીભાઈ

જલાલપોર, જિ. વલસાડ.

1933 : પીપળાવ, ખેડામાં ગુજરાતના સરમુખત્યારોની પરિષદમાં ઉપસ્થિતિ. લાઠીમાર. 2 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ.

## પટેલ, નારણભાઈ

જન્મ : 7 ફેબ્રુઆરી, 1915, અમદાવાદ.

કસરતબાજ, કદાવર, મજબૂત શરીરનો યુવાન. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન રિવૉલ્વર રાખતા. બૉમ્બપ્રવૃત્તિમાં ભાગ. 25 સપ્ટેમ્બર, 1942ના રોજ નારણભાઈ થેલીમાં રાસાયણિક બૉમ્બ લઈને સાઇકલ પર પ્રેમ દરવાજા પોલીસ ચોકી પર બૉમ્બ નાખવા જતા હતા. દરિયાપુર વાડીગામ પાસે સાઇકલ ટેકરા સાથે અથડાવાથી બૉમ્બ ફાટ્યો. તેમનાં આંતરડાં, જઠર, ફેફસાં અને સાથળને સખત ઈજાઓ થઈ. થોડી વારમાં અવસાન : 25-9-1942.

## પટેલ, નારણભાઈ છગનભાઈ

વસો, તા. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : ગુજરાતી 7 ધોરણ. ગાંધીવાદી. 1932ની લડત વખતે અટકાયતી કેદી, બ્રિટિશ હદમાં પ્રવેશ ન કરવાનો હુકમ. હુકમનો ભંગ કરતાં 15 માસની સજા.

## પટેલ, નારણભાઈ ઝવેરભાઈ

ઉબેર, તા. જંબુસર.

1930 : દાંડીકૂચ. ગાંધીજીના ભાષણથી પ્રભાવિત. આખું કુટુંબ સંગ્રામમાં. ના-કર સત્યાગ્રહ. ઘરબાર ભૂમિ ગુમાવ્યાં. પત્રિકાવિતરણ. સભામાં સક્રિય. પોલીસમાર. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. સભાઓ, સરઘસો, પત્રિકાવિતરણ વગેરે.

## પટેલ, નારણભાઈ બાબરભાઈ

જન્મ : 1901. નાવલી, જિ. આણંદ.

અભ્યાસ : અંગ્રેજી 3 ધોરણ. 1932માં પત્રિકાઓ વહેંચતાં ધરપકડ અને 1 વર્ષની જેલ અને દંડ. દંડની વસૂલાત માટે ઘરવખરી અને બળદ લઈ ગયેલા. 1942ની લોકક્રાંતિ વખતે 4 માસની સજા અને રૂ. 50નો દંડ.

## પટેલ, નારણભાઈ મગનભાઈ

ઊંભેળ, તા. કામરેજ.

1938માં કૉંગ્રેસ અધિવેશનમાં ગામેગામથી અનાજ ઉઘરાવી લાવવાનું કામ કર્યું. 1942 સુધી વેડછી આશ્રમમાં ઓલપાડ તાલુકામાં જાગૃતિનું કામ. ધરપકડ અને જેલવાસ.

## પટેલ, નારણભાઈ રામભાઈ

વરાડ, જિ. સૂરત.

આફ્રિકાની કમાણી છોડીને આઝાદીની લડતમાં ઝંપલાવ્યું. તેમનો દાખલો લઈને ઘણા જુવાનો લડતમાં જોડાયા. જેલમાં પણ ગયા. બારડોલીની લડતમાં સરદારશ્રી જેલમાં ગયા પછી જે પ્રવૃત્તિઓ થઈ હતી તેમાં એમનો ફાળો હતો.

## પટેલ, નારણભાઈ શંકરભાઈ

લીંબાસી, તા. માતર, જિ. ખેડા.

સત્યાગ્રહની ચળવળમાં પકડાતાં 2 વર્ષ માટે ધારવાડની 'બોર્સ્ટલ' સ્કૂલમાં રાખવાની સજા.

## પટેલ, પદમશીભાઈ

વલભીપુર, જિ. ભાવનગર.

વળા સત્યાગ્રહમાં ભાગ લેતાં ખૂબ સહન કરવું પડ્યું. રાજ્યાશ્રિત તોફાની તત્વોએ તેમના ભાઈનું ખૂન કરાવ્યું. રાજ્યની કિન્નાખોરીનો ભોગ બન્યા.

## પટેલ, પરભુભાઈ છનાભાઈ

જન્મ : 3 નવેમ્બર, 1915. તલાવચોરા, તા. ચીખલી, જિ. સૂરત.

1941માં પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે રાજીનામું. સત્યાગ્રહમાં ભાગ. 3 મહિનાની જેલની સજા. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં ભૂગર્ભમાં રહી ભાંગફોડની પ્રવૃત્તિમાં સરકારી ચોરા બાળવા, તારનાં દોરડાં કાપવાં વગેરેમાં સક્રિય. ધરપકડ માટે સરકારે ઇનામ જાહેર કર્યું, છતાં ન પકડાયા. તેમનાં પત્નીને પકડીને પૂરી દેવામાં આવ્યાં. 1943માં ધરપકડ અને જેલવાસ.

## પટેલ, પરભુભાઈ નાથાભાઈ

સોંસક, ઓલપાડ.

વ્યવસાય : શિક્ષક. 1942 : આંદોલનમાં સક્રિય. ભાંગફોડ-પ્રવૃત્તિ. સાબરમતીમાં 12 મહિના કારાવાસ.

## પટેલ, પરભુભાઈ ભીખાભાઈ

જન્મ : 18 ઑક્ટોબર, 1914. ગાંગપુર, પલસાણા.

અભ્યાસ : મૅટ્રિક. વ્યવસાય : શિક્ષક. 1942 : 'હિન્દ છોડો' લડતમાં ભાંગફોડમાં પ્રવૃત્ત. સૂરત પાસે પાટા ઉખેડ્યા. ટેલિફોનના તાર કાપ્યા. પોલીસ આવતાં નાસી છૂટ્યા. પકડાયા પણ સીમાફેરના કારણે છૂટી ગયા. ઘર-સંપત્તિ જપ્ત. ગંગાધરા હાઈસ્કૂલ સાથે પ્રવૃત્ત.

## પટેલ, પરભુભાઈ ભૂલાભાઈ

રાસ, જિ. આણંદ.

193132 : સત્યાગ્રહમાં સક્રિય. ના-કર લડતમાં. ઘરબાર છોડી હિજરત. યાતના. 13 મહિના કારાવાસ. નાશિક કારાગૃહ. અપંગ. કામ કરવા અશક્ત.

## પટેલ, પરસોત્તમ ઝવેરભાઈ

ઉમલ્લા, ઝઘડિયા, જિ. ભરૂચ.

1942માં સભા-સરઘસમાં સક્રિય. 1 વર્ષ કારાવાસ. મુક્તિ પછી રચનાત્મક કાર્ય. હરિજનપ્રવૃત્તિ. સરપંચ.

## પટેલ, પરસોત્તમ દેવજીભાઈ

ડાકોર, તા. આણંદ. કાર્યક્ષેત્ર : બાકરોલ.

બાકરોલ વડોદરા રાજ્યમાં હતું. તે વખતે પ્રજામંડળના આગેવાન. 1938માં પેટલાદ તાલુકા પ્રજામંડળનું પ્રથમ અધિવેશન તથા 1946માં વડોદરા રાજ્ય પ્રજામંડળનું છેલ્લું અધિવેશન બાકરોલમાં યોજવામાં તેમનો મહત્વનો ફાળો હતો. વડોદરાની સરકારે તેમની બે વાર ધરપકડ કરેલી, પરંતુ નિર્દોષ ગણીને છોડી દીધા. આઝાદી પછી કૉંગ્રેસ કાર્યકર.

## પટેલ, પરસોત્તમદાસ રણછોડદાસ

જન્મ : 1901. વતન : કડી, જિ. મહેસાણા.

1930-32માં 'નવજીવન' પત્રોની નકલો

સાઇક્લોસ્ટાઇલ કરી વહેંચવાની પ્રવૃત્તિ. 1942માં 'હિન્દ છોડો' ચળવળમાં 8 માસની સજા. વડોદરા રાજ્ય પ્રજામંડળની કારોબારીના સભ્ય. મહેસાણા જિલ્લા પ્રજામંડળના પ્રમુખ. 1939-'42 : મહેસાણા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ. મુંબઈ રાજ્યની ધારાસભાના સભ્ય. સાંસદ. ગુજરાત રાજ્યના મંત્રી.

## પટેલ, પરસોત્તમ ધોરીભાઈ

કંકાપુરા, તા. બોરસદ.

દાંડીકૂચ દિનની ઉજવણીની પત્રિકા વહેંચતા ધરપકડ. 6 માસની સજા અને દંડ. બીજા ગુના બદલ 3 માસની સજા અને દંડ. કુલ 12 માસની સજા થઈ.

## પટેલ, પરસોત્તમભાઈ મોતીભાઈ

સોજિત્રા, જિ. ખેડા.

તેઓ વડોદરા રાજ્ય પ્રજામંડળના આગેવાન અને નીડર લોકસેવક તરીકે ખ્યાતિ પામ્યા હતા. તેમણે રાષ્ટ્રીય ચળવળોમાં સક્રિય ભાગ લઈને જેલવાસ ભોગવ્યો હતો. તેમનામાં સામાન્ય જનતા માટે ઘસાઈ છૂટવાની તમન્ના હતી.

## પટેલ, પરસોત્તમભાઈ શંકરભાઈ

કાસર, જિ. આણંદ.

અભ્યાસ : ગુજરાતી 5 ધોરણ. 1921ની અસહકારની ચળવળમાં ભાગ લીધેલો. 1923માં નાગપુરના ઝંડા સત્યાગ્રહમાં ભાગ લેવા માટે 1 વર્ષની જેલ. (લડતનું સમાધાન થતાં વહેલો છુટકારો.)

## પટેલ, પરાગજી મૂળજી

જન્મ : 1920ના અરસામાં.

કાર્યક્ષેત્ર : ભરૂચ જિલ્લો. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં છોટુભાઈ પુરાણી તથા ચંદ્રશંકર ભટ્ટ સાથે ભાંગફોડની ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાયા. સૌરાષ્ટ્રમાં લીલાપુર–લખતર વચ્ચે ટ્રેનમાંથી સરકારી તિજોરીની લૂંટ. પાલેજ પોલીસચોકી પર હુમલો. પોલીસના અનેક પ્રયાસો નિષ્ફળ બનાવીને પકડાયા નહિ. કપડવંજના હરિ છાત્રાલયમાં રહ્યા. કાર્યકર.

પટેલ, પરાગભાઈ ખોડીદાસ

જન્મ : 1919. જૂના મોંકા, તા. હારીજ.

અભ્યાસ : મૅટ્રિક સુધી.

વિદ્યાર્થીકાળ દરમિયાન પાટણમાં સભાઓમાં હાજરી. દેશભક્તિ.

વતનમાં આવી – 'હિન્દ છોડો' લડત શરૂ થતાં 'જયહિન્દ સેવકદળ' નામના રાષ્ટ્રીય સંગઠનની સ્થાપના કરી. તેમાં સક્રિય. લોકજાગૃતિ–લડત અંગે લોકોને જાણકારી આપતા. આઝાદી પછી સામાજિક-શૈક્ષણિક સેવા. 1962માં સંન્યસ્ત ધારણ કર્યું.

## પટેલ, પાર્વતીબહેન ડાહ્યાભાઈ

જન્મ : 1909. પાંચ તલાવડા, જિ. અમરેલી.

સત્યાગ્રહ દળમાં ફૂલચંદભાઈની ટુકડીમાં. 1930ની મીઠાની લડત વખતે વિરમગામ છાવણીમાં. બે વાર પકડાયા. 1932માં 3 માસ, 1933માં 4 માસની જેલની સજા. વિદેશી કાપડનો બહિષ્કાર. રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. ખાદીકાર્ય. કેન્દ્રનું પૅન્શન.

## પટેલ, પાંચાભાઈ દાજીભાઈ (પાંચાકાકા)

જન્મ : 1876. મટવાડ, જિ. વલસાડ.

1928માં બારડોલી સત્યાગ્રહ વખતે પોતાની જમીનનું મહેસૂલ ન ભર્યું. જમીન જપ્ત થઈ. ગામમાં અસ્પૃશ્યતાનિવારણ અને કાંતવાની પ્રવૃત્તિ. 1923માં નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં સક્રિય. 1930ની લડતમાં ભાગ લીધો. 1937માં રાષ્ટ્રીય પ્રધાનમંડળે તેમને જમીન પાછી આપવા ઠરાવ્યું. પરંતુ સ્વરાજ ન મળે ત્યાં

સુધી જમીન પાછી લેવાનો ઇનકાર કર્યો. ગાંધીજીએ સમજાવ્યા. પણ એમનો તર્ક અને હિંમત યોગ્ય લાગતાં રસ્તો કાઢ્યો કે 'તમારે જમીન તો લેવી, પણ તે મટવાડમાં ગાંધીકુટિરને દાનમાં આપી દેવી' – તે પ્રમાણે આપી. પાછી ના લીધી.
અવસાન : 1951.

## પટેલ, પુરુષોત્તમદાસ જીવાભાઈ

જન્મ : 3 મે, 1917. ખેડા. ધંધો : વેપાર.

1930માં ધરાસણાના મીઠાના અગરો ઉપર ધાડ પાડવા અમદાવાદથી ગયેલી ટુકડીના સભ્ય. 1942ની 'હિન્દ છોડો' લડતમાં પણ ભાગ લીધો. આઝાદી બાદ લોકસેવા.

## પટેલ, પુરુષોત્તમદાસ દેવજીભાઈ

વતન : બાકરોલ, તા. આણંદ.

વ્યવસાય : દીવાસળીના લાકડાનો ધંધો; તમાકુનો વેપાર. 1942ની લડતમાં ભાગ લીધો. ધરપકડ. જેલવાસ. પેટલાદ તાલુકા પ્રજામંડળના 10 વર્ષ સુધી પ્રમુખ. બાકરોલ ખાતે ભરાયેલા વડોદરા રાજ્ય પ્રજામંડળના અધિવેશનમાં સ્વાગત પ્રમુખ –1946.

## પટેલ, પુરુષોત્તમદાસ રણછોડદાસ

જન્મ : 1901. કડી, જિ. મહેસાણા.

1930-32 : 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા' પત્રો સરકારે જપ્ત કર્યાં ત્યારે સાઇક્લોસ્ટાઇલ પદ્ધતિએ નકલો કાઢી વિતરણ કર્યું. સત્યાગ્રહી ટુકડીઓની રચના. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 8 મહિના કારાવાસ. મહેસાણા પ્રજામંડળના પ્રમુખ. વડોદરા રાજ્ય પ્રજામંડળની સંચાલન સમિતિના સભ્ય. 'રાષ્ટ્રધર્મ' અને 'ખેડૂત' સાપ્તાહિકોના સંપાદક. 1946-49 : વડોદરા ધારાસભ્ય. 1949-57 : મુંબઈ ધારાસભ્ય. 1957-66 : લોકસભાના સભ્ય.

## પટેલ, પુરુષોત્તમભાઈ બાબરભાઈ

જન્મ : 1906. નાવલી, જિ. આણંદ.

અભ્યાસ : સામાન્ય ગુજરાતી અને અંગ્રેજી. 1942ની લડત વખતે ધરપકડ. 4 માસની સજા અને દંડ.

## પટેલ, પુરુષોત્તમ ભીખાભાઈ

જન્મ : 6 સપ્ટેમ્બર, 1918. વસો, તા. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : એમ.એ., બી.ટી. ખાદીપ્રચારક. સભા-સરઘસ-આયોજક. ધરાસણાના સૈનિકોની શુશ્રૂષા. 1942માં વસોમાં કાર્યકર્તાઓની છાવણીમાં ભૂગર્ભ-પત્રિકાનું પ્રકાશન. તારટપાલની લૂંટના કાર્યમાં માર્ગદર્શક.
પટેલ, પુરુષોત્તમ ભોગીલાલ
જન્મ : 17 ઑગસ્ટ, 1917. અમદાવાદ.
અભ્યાસ : મૅટ્રિક સુધીનો. છીંકણીના ધંધામાં. સાથે સાથે રાષ્ટ્રીય કાર્યમાં સક્રિય. 1930માં વાનરસેનાના કૅપ્ટન. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં 6 માસની સખત કેદની સજા. 1942ની લડત વખતે ભૂગર્ભકાર્ય. 1943થી 1945 : ગુજરાતના ગ્રામ્યપ્રદેશમાં કાર્ય.

## પટેલ, પુરુષોત્તમ મગનભાઈ

અસલાલી, જિ. અમદાવાદ.

ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ. 1932ની સ્વાતંત્ર્ય માટેની લડત વખતે ધરપકડ. જેલવાસ (2 માસ માટે) અને દંડ.

## પટેલ, પૂંજાભાઈ પુરુષોત્તમદાસ

વતન : લિંબાસી, તા. માતર, જિ. ખેડા.

સને 1930-32ની ચળવળ વખતે કરવેરા ન ભરવા બદલ તેમના ઘરે જપ્તી કરવામાં આવી અને તેમની ધરપકડ કરીને ૭ માસની કેદની સજા અને
રૂ. 25/- દંડ થયો હતો. 1934માં ફરીથી

પકડાતાં તેમને નવ માસની કેદની સજા થયેલી. 1942ની લડત વખતે પણ તેમની ધરપકડ કરીને અટકાયતમાં રાખ્યા હતા.

## પટેલ, પૂંજાભાઈ મથુરભાઈ

વતન : ખાનકુવા, જિ. આણંદ.

અભ્યાસ : ગુજરાતી પાંચ ધોરણ.

1942ની લોકક્રાંતિ વખતે તેઓ સભા-સરઘસમાં જોડાયા, પત્રિકાપ્રવૃત્તિમાં ભાગ લીધો. ભૂગર્ભ અને ભાંગફોડની પ્રવૃત્તિ. ધરપકડ. બે વર્ષની કેદની સજા.

## પટેલ, પૂંજાભાઈ શંકરભાઈ

વતન : ઓડ, તા. આણંદ.

અભ્યાસ : અંગ્રેજી ધોરણ છ.

1930માં આણંદમાં ચળવળ વિશેની પત્રિકા વહેંચતાં ધરપકડ થયેલી. કેસ ચલાવ્યા બાદ છ માસની કેદની સજા.

## પટેલ, પૂંજીબહેન નરોત્તમદાસ

રાંદેર (જિ. સૂરત). શાળામાં શિક્ષિકા.

1920-21ની અસહકારની ચળવળમાં ગાંધીજીના એલાનને માન આપી, સરકારી શાળાઓનો બહિષ્કાર કરવા વાસ્તે રાંદેરની નગરપાલિકાની શાળામાંથી એકસામટાં રાજીનામાં આપી દીધાં. તે પછી નવી સ્થપાયેલી રાષ્ટ્રીય શાળાની કામગીરી સ્વીકારી.

## પટેલ, પૂનમચંદ નાનાલાલ

જન્મ : 1918. પાટણ.

અભ્યાસ દરમિયાન આઝાદીની સ્થાનિક પ્રવૃત્તિઓમાં સક્રિય. 1942ની ચળવળમાં સક્રિય. શાળાની નોકરી છોડી દઈ લડતનો પ્રચાર, આર્ય સંગઠન પ્રગતિ મંડળની પ્રવૃત્તિ. હથિયારો ભેગાં કરવાં, સંગઠન સાધવું વગેરે પ્રવૃત્તિઓમાં સક્રિય. ધરપકડ. પોલીસ દ્વારા જુલમ. જેલની સજા. વડોદરા સેન્ટ્રલ જેલમાં. વડોદરાની પ્રજાકીય સરકારે છોડી દીધા. પાટણની એમ. એન. હાઈસ્કૂલમાં શિક્ષક.

## પટેલ, પૂનમભાઈ ગંગાદાસ

માસર, વડોદરા.

1930થી દરેક આંદોલનમાં સક્રિય. ઉબેર, ભરૂચમાં સત્યાગ્રહ. 7 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભૂગર્ભવાસ. જૂનાગઢ આરઝી હકૂમતમાં સક્રિય. દમણમાં સત્યાગ્રહમાં ભાગ લીધો.

## પટેલ, પૂનમભાઈ ગંગાદાસ

જન્મ : 1 ઑગસ્ટ, 1913. રફાળા, બગસરા, જિ. અમરેલી, સૌરાષ્ટ્ર.

1936થી 1942 સુધી ખાદી, કોમી એકતા, હરિજનોદ્ધાર વગેરે રચનાત્મક કાર્ય. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ. ધરપકડ. જેલવાસ. 1942માં 'હિન્દ છોડો' લડતમાં છોટુભાઈ પુરાણીના નેતૃત્વ હેઠળ ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. તાર-ટપાલ કચેરીઓ પર હુમલા કરવા, રેલના પાટા ઉખાડવા, પોલીસસ્ટેશનો પર હુમલા કરી બંદૂકો, કારતૂસો ઉઠાવી જવાં વગેરે પ્રવૃત્તિઓ. જંબુસર તાલુકાના વેડચ ગામે, આમોદ તાલુકાના સરભોણ ગામે તથા પંચમહાલ જિલ્લાના અંબાલી ગામે પોલીસચોકીઓ પર હુમલા. સૌરાષ્ટ્રમાં લીલાપુર–લખતર વચ્ચે ટ્રેન થોભાવી, સરકારી તિજોરીનાં નાણાં લૂંટી નાસી ગયા. જંબુસર તાલુકાના નોબા ગામે પોલીસની સાથે ઝપાઝપીમાં બે દાંત તૂટી ગયા. હાથે-મોઢે ઘવાયા. છતાં નાસી ગયા. તેમને પકડવા સરકારે ઇનામ જાહેર કર્યું, પણ ન પકડાયા. 1946 સુધી ભૂગર્ભમાં રહ્યા. આઝાદી બાદ વડોદરા અને ભરૂચમાં લોકહિતનાં કાર્યો.

પટેલ, પૂંજાભાઈ ધર્મદાસ

લીંબાસી, તા. માતર, જિ. ખેડા.

1930-32ની ચળવળમાં ભાગ. 6 માસની સજા.

## પટેલ, પોપટભાઈ આંબાભાઈ

મેટોડા, જિ. રાજકોટ.

રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત થયાં.

## પટેલ, પોપટભાઈ હરજીભાઈ

જન્મ : 1921. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં હિન્દ સંરક્ષણ ધારા નીચે ત્રણ વખત જેલ ભોગવી. 4 માસ, 2 માસ અને પછી 2 માસ એ પ્રમાણે સજા ભોગવી.

## પટેલ, પોપટલાલ ગુલાબદાસ

જન્મ : 1898. લાંઘણજ, જિ. મહેસાણા.

1920 : અસહકાર. મુંબઈમાં કૉલેજનો ત્યાગ. વિદ્યાપીઠમાં પ્રવેશ. સ્નાતક. 1921 : રાષ્ટ્રીય શાળામાં શિક્ષક. કડી સર્વ વિદ્યાલયમાં આચાર્ય. 1932-33 : સ્વાતંત્ર્યઆંદોલન. 1 વર્ષ કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભાંગફોડપ્રવૃત્તિ. ધરપકડ અને જેલ. 1945 : મુંબઈમાં કારખાનું.

## પટેલ, પોપટલાલ ચૂનીલાલ

જન્મ : 27 જુલાઈ, 1901. બીલીમોરા, તા. ગણદેવી.

મુંબઈની ગ્રાંટ મેડિકલ કૉલેજમાં અભ્યાસ. મુંબઈમાં એની બેસંટની હોમરૂલ ચળવળથી પ્રભાવિત. અસહકારની ચળવળમાં અભ્યાસ છોડ્યો. વર્ષ બાદ ફરી કૉલેજમાં જોડાયા. 1928 : બીલીમોરામાં પ્લેગના રોગચાળા દરમિયાન લોકસેવા. 1930માં ધરાસણાના સત્યાગ્રહમાં ઘાયલ થયેલા સૈનિકોની સારવાર, દવા, આશ્રય, આપવો, ખોરાક-પાણી પહોંચાડવાની વ્યવસ્થા ઉપાડી લીધી. બીલીમોરા અને અમલસાડ વિભાગના કોથા વિસ્તારમાં દારૂનિષેધની પ્રવૃત્તિમાં સક્રિય. ધરપકડ. દંડ. પિતાએ દંડ ભરી દીધો. સેવાકાર્ય, સારવાર-કેન્દ્રો શરૂ કર્યાં. કુષ્ઠ રોગીઓની સેવા.

## પટેલ, પોપટલાલ જેરામભાઈ

જન્મ : ચમારડી, તા. બાબરા, જિ. અમરેલી

રાષ્ટ્રીય ચળવળમાં સભા-સરઘસ તથા ધ્વજવંદન જેવા કાર્યક્રમોમાં ભાગ લેતાં ચમારડી દરબારે જમીન-ખોરડાં જપ્ત કર્યાં; ગામ છોડવું પડ્યું. સ્વરાજ મળ્યા બાદ જમીન પાછી મળી.

## પટેલ, પોપટલાલ ઝવેરભાઈ

વતન : કરમસદ, જિ. ખેડા

1942ની લડત વખતે સભા-સરઘસોમાં ભાગ લેતા, ત્યારે વિદ્યાર્થી અવસ્થામાં હતા. એક વાર સરઘસમાંથી તેમની ધરપકડ થઈ. કેસ ચલાવીને આઠ માસની કેદની સજા થઈ.

## પટેલ, પ્રભુદાસ

નરસંડા, જિ. ખેડા.

1930 : 25 ડિસેમ્બર, પત્રિકાવિતરણ કરતાં પકડીને પોલીસે સખત માર્યા. બેભાન થયા. ચપ્પુથી કપડાં ફાડ્યાં. લાંબા ઉપચાર પછી સારું થયું.

## પટેલ, પ્રભુદાસ કાશીભાઈ

રીંછોલ, જિ. ખેડા.

શિક્ષણ : 5 ધોરણ. વ્યવસાય : ખેતી. 1930 : દાંડીકૂચ, ધરાસણા મીઠા-સત્યાગ્રહમાં સક્રિય. સખત માર. તલાટીઓને ત્યાગપત્ર અપાવવાના આરોપ માટે 3 મહિના કારાવાસ.

## પટેલ, પ્રભુદાસ કાળીદાસ

જન્મ : 1912. થોળ, તા. કડી.

1930ની ચળવળમાં નોકરી છોડી; લડતમાં

જોડાયા. જનજાગૃતિ માટે પ્રભાતફેરી. અમદાવાદ અવારનવાર જઈને સરઘસોમાં જોડાતા, વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. કડી કાર્યકરોના અધિવેશન સમયે સ્વયંસેવક. પિકેટિંગ દરમિયાન અમદાવાદમાં ધરપકડ. 1933માં ગીરધર મિલની વિદેશી મશીનરી વિરુદ્ધ પિકેટિંગમાં ધરપકડ. ચાર માસની જેલ. સાબરમતી જેલમાં. ત્યાંથી યરવડા જેલમાં; તે પછી વિસાપુરની જેલમાં બદલી. જેલમુક્તિ બાદ ચળવળની પ્રવૃત્તિ ચાલુ.

## પટેલ, પ્રભુદાસ ખુશાલદાસ

વડોદરા. વતન : અલિંદ્રા, જિ. ખેડા.

કૉલેજ-ત્યાગ. 1939 : નગર પ્રજામંડળના મંત્રી. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. 6 મહિના કારાવાસ. રાષ્ટ્રીય પક્ષની સ્થાપના. છોટુભાઈ પુરાણી તથા હત્યાના આરોપી ક્રાંતિકારીઓને આશ્રય. 9 મહિના કારાવાસ. સ્વતંત્રતા પછી કેન્દ્ર- સરકારમાં કૃષિપ્રધાન થયા.

## પટેલ, પ્રભુદાસ ધરમશીભાઈ

પાટડી, જિ. સુરેન્દ્રનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો અને છ મહિનાની જેલની સજા ભોગવી.

## પટેલ, પ્રભુદાસ ધોળીદાસ

માણસા (દેશી રાજ્ય), ઉત્તર ગુજરાત.

1938 : અસહકારના ભાગ રૂપે જમીનમહેસૂલ ન ભરવાથી રાજ્યની પોલીસે જપ્તી કરી. જપ્તીથી માલસામાન બચાવવા ખેડૂત પ્રભુદાસે ખળાવાડની અંદર અનાજના ડબામાં સોનારૂપાના દાગીનાનો ડબો સંતાડ્યો હતો. એક ઘોડેસવાર પોલીસે તક ઝડપીને તે ડબો લઈ લીધો અને ચાલ્યો ગયો.

## પટેલ, પ્રભુદાસ રેવનદાસ

ઢૂંઢાકૂવા, જિ. ખેડા.

1930 : સરકારી શાળાનો ત્યાગ. રાષ્ટ્રીય શાળામાં પ્રવેશ. પિતાનો વિરોધ છતાં મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. 6 મહિના કારાવાસ. મુક્તિ પછી સેવાકાર્યમાં પ્રવૃત્ત.

## પટેલ, પ્રભુદાસ વલ્લભભાઈ

જન્મ : 1880. ધર્મજ, જિ. ખેડા.

1920 : સ્વદેશી આંદોલન. ધંધાનો ત્યાગ. 1922 : સ્વદેશી ચળવળમાં પિકેટિંગ. 1930 : સત્યાગ્રહ. થાણે કારાગૃહમાં. 1931 : ધર્મજ. હરિજનસેવા. સમાજસેવા.

## પટેલ, પ્રભુદાસ વહાલદાસ

નડિયાદ, જિ. ખેડા.

1930માં નડિયાદમાં વિદેશી માલની દુકાનો પર પિકેટિંગ. ભાષણો. જેલવાસ. 1942ની ચળવળમાં ભાંગફોડનાં કાર્યોમાં સક્રિય. ભાષણ કરવા બદલ 9 માસની જેલ.

## પટેલ, પ્રભુદાસ સેંધીદાસ

મહેસાણા.

આઝાદીની લડતમાં ભાગ લીધો. દારૂબંધી, સ્વદેશી માલનો પ્રચાર વગેરે પ્રવૃત્તિમાં સક્રિય. પરદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગ કરતા. 1942ની 'હિન્દ છોડો' લડતમાં સભા-સરઘસોમાં જોડાતા. મહેસાણામાં પોતાના ઘરમાં આઝાદીના લડવૈયાઓને આશ્રય આપતા. ઊંઝા બૉમ્બ કેસના આયોજકો એમને ત્યાં રહીને ગુપ્ત યોજના ઘડતા.

## પટેલ, પ્રભુભાઈ કલ્યાણભાઈ

ગણેશ, સિસોદ્રા, જિ. વલસાડ.

1942નું 'હિન્દ છોડો' આંદોલન. વેડછી ઉદ્યોગશાળાનું સંગ્રામ છાવણીમાં રૂપાંતર. વાલોડ. સરઘસ. 6 મહિના કારાવાસ. મુક્તિ પછી વેડછી આશ્રમ. સત્યાગ્રહ ચાલુ. સ્વતંત્રતા

બાદ કોમી શાંતિના કાર્યમાં. ગાંધીજી સાથે નોઆખલીમાં સમાજસેવામાં પ્રવૃત્ત.

## પટેલ, પ્રહલાદભાઈ હરગોવનદાસ

જન્મ : 4 એપ્રિલ, 1907. સીતાપુર, તા. વિરમગામ.

કાર્યક્ષેત્ર : બહુચરાજી, જિ. મહેસાણા.
મૅટ્રિક પાસ. ગાંધીજીના વિચારોથી પ્રભાવિત. લોકસેવા, હરિજનસેવા, રાષ્ટ્રસેવાની તમન્ના. 1930-32ની ચળવળમાં સક્રિય. સીતાપુરમાં ધરપકડ. સાબરમતી અને યરવડા જેલમાં. 1942ની લડતમાં સક્રિય. ધરપકડ. મહેસાણાની જેલમાં છ માસ. વિલીનીકરણ દરમિયાન રવિશંકર મહારાજ સાથે દસાડા, વણોદ, જૈનાબાદના મુસલમાન જાગીરદારોને ભારતસંઘમાં જોડાવા સમજાવ્યા. 1962-67 : ધારાસભ્ય. લોકસેવા. શિક્ષણક્ષેત્રે સેવા.

## પટેલ, પ્રેમજીભાઈ કરમણભાઈ

મોટામવા, જિ. રાજકોટ. વ્યવસાય : ખેતી.

રાજકોટ લડતમાં ભાગ લેવાથી, રાજ્ય તરફથી જમીન-ખોરડાં જપ્ત કરવામાં આવ્યાં. તેથી વર્ષો સુધી ખેતમજૂરી કરીને જીવન વિતાવ્યું. સ્વરાજ મળ્યા પછી જમીન પરત થઈ.

## પટેલ, પ્રેમાભાઈ ઉકાભાઈ

વલસાડ.

1933 : પીપળાવ, ખેડામાં ગુજરાતના સરમુખત્યારોની પરિષદમાં ઉપસ્થિત. લાઠીમાર. 2 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ.

## પટેલ, ફકીરભાઈ ગોવિંદભાઈ

જન્મ : 1885. અસલાલી, જિ. અમદાવાદ.

શિક્ષણ : નહિવત્, પણ રાષ્ટ્રીય ચળવળમાં રસ. 1930ના મીઠા-સત્યાગ્રહ વખતે 6 માસની સજા. 1932ની લડત વખતે બોરસદમાં ધરપકડ અને અઢી વર્ષ માટે જેલવાસ. 1940ના વ્યક્તિગત સત્યાગ્રહમાં 6 માસની સજા.

## પટેલ, ફકીરભાઈ ગોવિંદભાઈ

પાવી જેતપુર, જિ. વડોદરા.

પાવી જેતપુર વિભાગમાં દારૂબંધી માટે પિકેટિંગમાં તથા જંગલના સત્યાગ્રહમાં સક્રિય. આદિવાસી લોકોમાં જાગૃતિ લાવવા પ્રયત્નશીલ.

## પટેલ, ફકીરભાઈ ગોવિંદભાઈ

ઝાલોદ, જિ. દાહોદ.

1933 : પીપળાવમાં ગુજરાતના સરમુખત્યારોની પરિષદ, પ્રતિનિધિ. લાઠીમાર. 2 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ.

## પટેલ, ફકીરભાઈ દેવાભાઈ

જન્મ : 1901 આશરે. દેસરા, તા. ગણદેવી.

1921થી ખાદી પહેરતા. 1930માં નોકરીમાંથી રાજીનામું. ધરાસણાના સત્યાગ્રહમાં ઇમામસાહેબના નેતૃત્વ હેઠળની ટુકડીમાં જોડાયા. લાઠીમાર. પોલીસે ડુંગરીની છાવણી બંધ કરતાં બીલીમોરા છાવણીમાં કામ કર્યું. 1931માં બીલીમોરામાં સભા-સરઘસનું આયોજન. ધરપકડ. પાછળથી મુક્ત. સ્વરાજપ્રાપ્તિ બાદ હોમગાર્ડ્ઝ સંસ્થામાં સેવા.

## પટેલ, ફકીરભાઈ બકોરભાઈ

જન્મ : 23 ઑગસ્ટ, 1892. ઉબેર, જિ. ભરૂચ.

લલ્લુભાઈ(બાદશાહ)ના મોટા ભાઈ. 1930 : પ્રથમ સત્યાગ્રહ. દાની પરિવાર. 1932 : કારાવાસ. ના-કર લડતમાં સક્રિય. 1940 : કારાવાસ. ભૂમિ જપ્ત. 1942 : સપરિવાર ભૂગર્ભવાસ. 1945માં પ્રગટ. ગાંધીજીની લડત પ્રત્યે ધાર્મિક આસ્થા.
અવસાન : 18 ઑગસ્ટ, 1949.

## પટેલ, ફૂલજીભાઈ કેસુરભાઈ

અવિધા, જિ. ભરૂચ.

રાજપીપળા. રજવાડામાં અત્યાચાર સામે લોકોની સમિતિ સ્થાપનામાં સહયોગ. પ્રથમ સત્યાગ્રહી. ધરપકડ. પાટા ઉખેડવાનો આરોપ. 10 વર્ષનો કઠોર કારાવાસ.

## પટેલ, ફૂલાભાઈ કિશોરભાઈ

રાસ, તા. બોરસદ.

1930માં રાસના ખેડૂતોની મહેસૂલ ન ભરવાની લડતમાં ભાગ લીધો. ગામના લોકો સાથે હિજરત કરી. અધિકારીઓએ જપ્તી કરી એમના ઘરમાંથી દાદર તથા બારણાં કાઢી લીધાં.

## પટેલ, ફૂલાભાઈ જીવાભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1932 : રાષ્ટ્રધ્વજ સાથે ફરવા બદલ 2 મહિના કારાવાસ.

## પટેલ, ફૂલાભાઈ ઝવેરભાઈ

જન્મ : 15 મે, 1904. સારસા, જિ. ખેડા.

1933 : પ્રતિબંધનો ભંગ, કૉંગ્રેસ કાર્યાલયની ખેતરમાં સ્થાપના. 1940 : 6 મહિના કારાવાસ વ્યક્તિગત સત્યાગ્રહમાં. 1942 : 'હિન્દ છોડો' લડત પ્રસંગે 12 મહિના કારાવાસ. કાર્યકર.

## પટેલ, ફૂલાભાઈ દેસાઈભાઈ

વતન : કાસર, તા. આણંદ.

અભ્યાસ : ગુજરાતી સાત ધોરણ.

1930ની ચળવળ વખતે ગાંધીજીના એલાનને માન આપીને પોતાના મુખીપણાનું રાજીનામું આપી દીધું અને કૉંગ્રેસની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો.

## પટેલ, ફૂલાભાઈ સુખલાલ

જન્મ : 27 જુલાઈ, 1903. વાઘોડિયા, જિ. વડોદરા.

1930 : દખેડા ગામે ના-કર લડતની આગેવાની. 1933 : વાઘોડિયા પ્રજામંડળની સ્થાપના. 1942 : 'હિન્દ છોડો' આંદોલન માટે કારાવાસ. 1947 પછી અસ્પૃશ્યતાનિવારણ, મદ્યનિષેધ અને સહકારી ક્ષેત્રે સેવા.

## પટેલ, બકોરભાઈ લલ્લુભાઈ

આખડોલ, જિ. ખેડા.

1930 : ધરાસણા મીઠા-સત્યાગ્રહ. વતનથી સાથી સાથે પ્રયાણ. માર્ગમાં લાઠીમારનો ભોગ. ઊંટડી છાવણીમાં લૂંટ થઈ. બીલીમોરાની છાવણીમાં હાંકી કાઢ્યા.

## પટેલ, બકોરભાઈ શંકરભાઈ

વડોદરા.

વતન : ડેરોલ, પંચમહાલ. અભ્યાસ : વીજળી ઇજનેર. 1930 : પંચમહાલ જંગલ સત્યાગ્રહ. 9 મહિના કારાવાસ. 1942 : અમદાવાદમાં ભૂગર્ભ-પ્રવૃત્તિ. વીજળી ઉપમથકો બૉમ્બથી ઉડાવી દેવાની યોજનામાં સાથી. લાંબો સમય ગુપ્ત રહ્યા.

## પટેલ, બબલદાસ ગંગારામ

માણસા (દેશી રાજ્ય), ઉત્તર ગુજરાત.

1938માં ખેડૂત સમિતિની આગેવાની હેઠળ ખેડૂતો દીવાનને મળવા ગયા. ત્યાં રાજ્યની પોલીસ ખેડૂતો પર તૂટી પડી. મારઝૂડમાં માણસાના આગેવાન બબલદાસને છાતીમાં બેઠો માર વાગ્યો. તેનાથી રાજ્ય પ્રત્યેની નફરત વધી.

## પટેલ, બબાભાઈ (બાબુભાઈ) નારણભાઈ

ઘાટલોડિયા, જિ. અમદાવાદ.

19 વર્ષની વયે મુખી. ખેડા સત્યાગ્રહી. 1936 : ઘર પર ધ્વજારોપણ. 1938 : પ્રાથમિક શાળા ભૂમિવેરા સામે લડત. 1940 : મુખીપદનો

ત્યાગ. હરિજનોને કૂવે પાણી ભરવામાં, મંદિરે દર્શન કરવા લઈ જવામાં સહાય. સામાજિક કાર્યો. સરપંચ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ગામેગામ ફરીને સરકારની નીતિ વિરુદ્ધ ભાષણો કર્યાં. ગામમાં 'આઝાદ' ઉપનામથી જાણીતા.

## પટેલ, બહેચરભાઈ કાશીભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1930-32 : રાજસ્વ ભરવા સામે વિરોધ. 6 મહિના કારાવાસ, રૂ. 100 દંડ.

## પટેલ, બહેચરભાઈ ત્રિભોવનદાસ

નાયકા, જિ. ખેડા.

વ્યવસાય : ખેતી. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. કારાવાસ. કૃષિ–ગ્રામવિકાસનાં કાર્યો.

## પટેલ, બહેચરભાઈ નાનાભાઈ

આઠમોર, ઓલપાડ, જિ. સૂરત.

સામાન્ય કુટુંબમાં જન્મ. નાની વયે માતાપિતાનાં મરણ. અભ્યાસનો ત્યાગ. 1938 : હરિપુરામાં અધિવેશનમાં ઉપસ્થિત. 1942 : અસહકાર. ગ્રામસભા આયોજન. ભાંગફોડ. ટપાલ કાર્યાલય તોડ્યું. ગાડવા ફોડ્યા. ભીંતપત્રિકા લેખન. કારાવાસ. કારાગૃહમાં ખાદીપ્રવૃત્તિ. વ્યવસાય : ખેતી.

## પટેલ, બળદેવભાઈ ત્રિભુવનદાસ

જન્મ : 7 ઑગસ્ટ, 1912.

અભ્યાસ : મૅટ્રિક. વ્યવસાય : વેપાર. સામાજિક-રાજકીય ક્ષેત્રે સક્રિય. 1930માં સત્યાગ્રહ. કારાવાસ. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય.

## પટેલ, બાપુજી

આણંદ.

1857ના બળવા વખતે આણંદના મુખી પટેલ ગરબડદાસના સાથીદાર. બ્રિટિશ લશ્કરની ટુકડીઓ આણંદની લોટિયા ભાગોળે, બળવો દબાવી દેવા આવીને પડેલી. તેનાં શસ્ત્રો મધ્યરાત્રિએ માલાજી જોશી, બાપુજી પટેલ અને કૃષ્ણરામ દવે ઉપાડીને નાસી ગયા. તેઓને ખાનપુર ગામમાંથી પકડીને તોપને ગોળે બાંધીને ઉડાવી દેવામાં આવ્યા.

## પટેલ, બાપુભાઈ કીલાભાઈ

જન્મ : 7 માર્ચ, 1907. નડિયાદ, જિ. ખેડા.

1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહમાં સક્રિય. 1928 : બારડોલી સત્યાગ્રહ. 1930 : ધરાસણા મીઠા-સત્યાગ્રહ. 3 મહિના કારાવાસ. 1931 : સવિનયભંગ સત્યાગ્રહ. 1932 : કારાવાસ. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ. કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 6 મહિના કારાવાસ. રચનાત્મક કાર્યકર. ખેડા, બનાસકાંઠા, સાબરકાંઠા.

## પટેલ, બાપુભાઈ કેશવભાઈ

સૂરત.

ખાદીપ્રચાર, મદ્યનિષેધ આદિ પ્રવૃત્તિ. દારૂતાડીની દુકાનો આગળ પિકેટિંગ. આજીવન ખાદી-પ્રતિજ્ઞા. 1932 : આશ્રમ જપ્ત. ગામભ્રમણ પ્રચાર. 6 મહિના કારાવાસ. મુક્તિ પછી પુનઃ આંદોલનમાં. દોઢ વર્ષ કારાવાસ.

## પટેલ, બાબરભાઈ કાળાભાઈ

જન્મ : 1917. કેસલી, તા. ગણદેવી, જિ. નવસારી.

સત્યાગ્રહોના વાતાવરણથી પ્રભાવિત. 1940થી ખાદી ધારણ. 1942ના આંદોલનમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ. રેલવેના પાટા ઉખાડવા, નાના પુલો તોડવા, ટપાલીને લૂંટવા, પોસ્ટઑફિસ બાળવી વગેરેમાં સક્રિય. ધરપકડ થઈ નહિ. સ્વતંત્રતા બાદ સહકારી પ્રવૃત્તિ, ખેતી.

## પટેલ, બાબરભાઈ ગોપાલભાઈ

કાસર, જિ. ખેડા.

અભ્યાસ : 4 ધોરણ. 1921 : અસહકાર આંદોલનમાં પ્રવેશ. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહ. 12 મહિના કારાવાસ. સમાધાનથી વહેલા છુટકારો.

## પટેલ, બાબરભાઈ પ્રાગજીભાઈ

જન્મ : 3 મે, 1899. લેવા, જિ. ખેડા.

અભ્યાસ : 5 ધોરણ અંગ્રેજી. 1921 : અન્ય શાળા છોડી રાષ્ટ્રીય શાળામાં જોડાયા. 1930 : ધરાસણા મીઠા સત્યાગ્રહ. ચેન્નાઈ (મદ્રાસ) દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરતાં 2 મહિના કારાવાસ. રૂ. 50 દંડ. 1932 : મહારાષ્ટ્ર રાજકીય પરિષદ. 6 મહિના કારાવાસ.

## પટેલ, બાબરભાઈ મથુરભાઈ

જન્મ : 1887. રુદણ, જિ. ખેડા.

અભ્યાસ : 7 ધોરણ. 1930 : લસુંદ્રા મીઠા-સત્યાગ્રહ. 4 મહિના કારાવાસ. રૂ. 100 દંડ. 1932 : સત્યાગ્રહ. 4 મહિના કારાવાસ. 200 રૂપિયા દંડ. માર ખાધો. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. અટકાયત. અસ્વસ્થતાને કારણે છોડી મુકાયા.

## પટેલ, બાબાભાઈ બાપુભાઈ

વાંસદેવિયા.

1920-21માં અસહકાર. વિવિધ પ્રવૃત્તિમાં સક્રિય. 1930માં જંગલ-સત્યાગ્રહ. કારાવાસ. કુટુંબ પર અત્યાચાર.

## પટેલ, બાબુભાઈ અંબાલાલ

વતન : રાંદેર, જિ. સૂરત.

રાષ્ટ્રપ્રેમી. 1942ની ક્રાંતિ દરમિયાન પોતાનો ધંધો છોડીને લડતમાં ભાગ લેવા માંડ્યો. સરઘસોમાં જોડાતા અને ચળવળની પ્રવૃત્તિઓમાં કાયદાભંગ કરતાં ધરપકડ. ચાર માસની કેદની સજા. જેલમાંથી બહાર આવ્યા પછી રાષ્ટ્રીય કાર્યોમાં પોતાનો ફાળો આપતા હતા.

## પટેલ, બાબુભાઈ ચીમનલાલ

જન્મ : 14 એપ્રિલ, 1912. અમદાવાદ.

1930 : આંદોલન-પ્રવેશ. ધરપકડ અને મુક્તિ. ધરાસણા મીઠા-સત્યાગ્રહમાં ભાગ લેવાથી લાઠીમારનો ભોગ બન્યા. અમદાવાદમાં બાળકોની વાનરસેના રચી. 1931 : વસ્તીગણતરીનો વિરોધ. 3 મહિના કારાવાસ. 1932 : 2 વર્ષ કારાવાસ. 1935 : સાબરમતી જનસભામાં લાઠીમારનો ભોગ. 1938 : 40 દિવસ કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 1 વર્ષ કારાવાસ. 1948 : સામ્યવાદી પક્ષના સભ્ય અને કાર્યકર થયા.

## પટેલ, બાબુભાઈ જશભાઈ

જન્મ : 9 ફેબ્રુઆરી, 1911. નડિયાદ.

1930 : સત્યાગ્રહ-આંદોલનમાં પ્રવેશ. કૉલેજનો ત્યાગ. મુંબઈમાં ભૂગર્ભપ્રવૃત્તિ. 1 વર્ષ કારાવાસ. 1932 : 2 વર્ષ કારાવાસ. તે પછી 'યુગધર્મ' માસિક કાઢ્યું. 1935 : ખેડા જિલ્લા કૉંગ્રેસના મંત્રી. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. કારાવાસ. 1945 : મુંબઈ વિધાનસભાના સભ્ય. પ્રધાન ખાદી ગ્રામોદ્યોગ, ભારત સેવક સમાજ આદિ ક્ષેત્રે સક્રિય. 1975 : ગુજરાતના મુખ્ય પ્રધાન. અવસાન થયેલ છે.

## પટેલ, બાબુભાઈ દામજીભાઈ

વતન : રાંદેર, જિ. સૂરત.

1930ની ચળવળ દરમિયાન રાંદેરમાં વિદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગ કરતાં ધરપકડ થઈ. એક માસની જેલની સજા.

## પટેલ, બાબુભાઈ સોમાભાઈ

જન્મ : 1923. કરમસદ, જિ. ખેડા.

1942 : કરમસદ સરઘસ પર પોલીસના ગોળીબારમાં અવસાન. ગામ તરફથી હુતાત્માનું સન્માન.

## પટેલ, બામણિયાભાઈ નાગજીભાઈ

વલવાડ, જિ. ભરૂચ.

1942માં સત્યાગ્રહમાં ભૂગર્ભપ્રવૃત્તિ. કારાવાસ. મુક્તિ પછી સામાજિક કાર્યોમાં પ્રવૃત્ત. ભૂમિહીન છૂટક મજૂરીનો વ્યવસાય.

## પટેલ, બાલુભાઈ અંબાલાલ

રાંદેર, જિ. સૂરત.

1942 : લોકક્રાંતિમાં. અભ્યાસ, ધંધાનો ત્યાગ. સરઘસ, કાયદાભંગ. 4 મહિના કારાવાસ. મુક્તિ પછી દેશસેવામાં.

## પટેલ, બાલુભાઈ પ્રેમાભાઈ

જન્મ : 14 ડિસેમ્બર, 1922. સાલેજ, તા. ગણદેવી.

ગણદેવી ન્યૂ હાઈસ્કૂલમાં શિક્ષકોના પ્રભાવથી દેશભક્ત. 1938માં હરિપુરા અધિવેશનમાં સ્વયંસેવક. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ગણદેવીની ન્યૂ હાઈસ્કૂલ પર પિકેટિંગ, ધરપકડ. 3 માસની સખત કેદની સજા. નવસારીની સબજેલમાં લઈ જઈ 6 દિવસ બાદ છોડી દીધા. ત્યાર બાદ પટેલ-તલાટીનાં રાજીનામાં મેળવવાં, સરકારી મિલકતોનો નાશ કરવો વગેરે ભાંગફોડની પ્રવૃત્તિ. પોલીસ દ્વારા કુટુંબીજનોને પજવણી થવાથી જલાલપુરના પોલીસથાણે હાજર. 6 મહિના સાબરમતી કારાગૃહમાં. મુક્તિ પછી શિક્ષક.

## પટેલ, બાલુભાઈ લાલજીભાઈ

ડૂમસ, જિ. સૂરત.

1932માં વ્યારા તાલુકામાં ખૂંટાડિયા ગામેથી પકડાયા. 1 વર્ષની સખત કેદની સજા થઈ.

## પટેલ, બાવાજીભાઈ લલ્લુભાઈ

જન્મ : 21 જાન્યુઆરી, 1901. અડાસ, જિ. આણંદ.

અભ્યાસ : મૅટ્રિક. 1923 : અડાસમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરી. 1930 : દાંડીકૂચ. 15 દિવસ અટકાયત. 3 મહિના કારાવાસ. રૂ. 100 દંડ. કુટુંબ હિજરત કરી જતાં દંડ ભરાયો નહિ.

## પટેલ, બુદ્ધદેવભાઈ ગોપાળભાઈ

જન્મ : 8 જુલાઈ, 1924. ઇચ્છાપુર, તા. ગણદેવી.

કાકા કુંવરજી સત્યાગ્રહોમાં ભાગ લેતા. તેથી રાષ્ટ્રીયતાના સંસ્કાર. 1938માં હરિપુરા અધિવેશનમાં સ્વયંસેવક તરીકે સેવા. 1942ની ચળવળમાં સભા, સરઘસ, પત્રિકા વહેંચવી વગેરેમાં સક્રિય. પાછળથી ભાંગફોડમાં સક્રિય. મોગાર, વેગામ, ખડસૂપા વગેરે ગામોના સરકારી ચોરા અને તલાટીનાં દફતરો બાળવામાં ભાગ લીધો. લડત બાદ શિક્ષક.

પટેલ, ભગવાનજી હરજી

1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. અમદાવાદથી પચાસેક સત્યાગ્રહીઓની ટુકડી વિરમગામ જવા રવાના થઈ. વઢવાણ કૅમ્પથી બિનજકાતી ગેરકાયદે મીઠાની થેલીઓ લઈ વિરમગામ સ્ટેશને સત્યાગ્રહીઓ ઊતરવા લાગ્યા. 12-4-1930ના રોજ વિરમગામ સ્ટેશને સત્યાગ્રહી સૈનિકો ઉપર પોલીસો વરુની જેમ તૂટી પડ્યા. તેમાં તેઓ પણ બીજા સત્યાગ્રહીઓ સાથે જખ્મી થયા હતા.

## પટેલ, ભગવાનદાસ કાશીભાઈ

જન્મ : 19 ફેબ્રુઆરી, 1891. આણંદ, જિ. આણંદ.

1916 : હોમરૂલ લીગના મંત્રી. 1917 : ખેડા સત્યાગ્રહમાં સક્રિય. 1930 : સવિનય કાનૂનભંગ. કારાવાસ. ઘરની જપ્તી. હરાજી. 1932 : સવિનય કાનૂનભંગ સત્યાગ્રહ. દોઢ

વર્ષનો કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. કારાવાસ. વ્યવસાય : વેપાર. સહકારી દૂધ ઉત્પાદક સંઘના સભ્ય.

## પટેલ, ભગવાનદાસ કાશીભાઈ

આણંદ.

20મી સદીની શરૂઆતના દાયકામાં કૃપાશંકર પંડિત, પૂંજાભાઈ ભટ્ટ, નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ વગેરે સાથે ગુપ્ત ક્રાંતિકારી પ્રવૃત્તિ. બૉમ્બ બનાવવા વિશેની પુસ્તિકાઓનો પ્રચાર. બૉમ્બ બનાવી તેનો ઉપયોગ કરતા.

## પટેલ, ભગવાનદાસ સોમાભાઈ

જન્મ : 12 ઑગસ્ટ, 1912. આણંદ.

અભ્યાસ : ધોરણ 4 ગુજરાતી. 1930 : સરકારી અધિકારીઓનો બહિષ્કાર. 1 વર્ષ કારાવાસ, રૂ. 300 દંડ. પિતા સોમાભાઈ રણછોડભાઈ ઓડના પોલીસ પટેલના પદનો ત્યાગ કરનાર પ્રથમ વ્યક્તિ હતા.

## પટેલ, ભગુભાઈ કસનજી

સરસ, જિ. સૂરત.

1942માં મુંબઈમાં ધરપકડ. 6 મહિના કેદની સજા થઈ. થાણા-વિસાપુર જેલમાં સજા ભોગવી.

## પટેલ, ભવાનભાઈ ઉર્ફે છોટાભાઈ હાથીભાઈ

નડિયાદ, જિ. ખેડા.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. 15મી ઑગસ્ટ, 1942ના રોજ નડિયાદમાં એક સરઘસ નીકળ્યું. તેની ઉપર પોલીસે ગોળીબાર કર્યો. તેમાં ભવાનભાઈને ગોળી વાગી. ઘાયલ થયેલા ભવાનભાઈને લોહી નીગળતા શરીરે પોલીસવાનમાં લઈ જવામાં આવ્યા. ત્યાં રસ્તામાં જ તેઓ શહીદ થયા.

## પટેલ, ભવાનભાઈ કરસનભાઈ

ઉમલ્લા, જિ. ભરૂચ.

રાજપીપળા રાજ્યના અત્યાચારો સામે લડત. લોકસભા નામે સંસ્થાની સ્થાપના. કારાવાસ. અંતે સમાધાન અને મુક્તિ.

## પટેલ, ભવાનભાઈ હાથીભાઈ

જન્મ : 1905. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : ધોરણ 4 અંગ્રેજી. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 15 ઑગસ્ટની સભા પરના પોલીસ ગોળીબારમાં ઘવાયા. બીજા દિવસે અવસાન પામ્યા.

## પટેલ, ભાઈલાલ દાજીભાઈ

પાલજ, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. ધરાસણા મીઠાના કાયદાનો ભંગ કરવા ગયા. ત્યાં 22 મે, 1930ના રોજ રાત્રે ધરાસણાની છાવણી પર 50 સિપાઈઓ અને શીખ મિલિટરીના 100 માણસો 200 સત્યાગ્રહીઓ પર તૂટી પડ્યા; તેમાંથી 150ને માર પડ્યો. ભાઈલાલને મૂઢ માર. ચાર-પાંચ પોલીસ બૂટ સાથે તેમના ઉપર ચડી બેઠા. પેઢામાં બૂટની એડીઓ અને લાતો મારી. લાઠીના ગોદા માર્યા. ઘાતકી અને જંગલી વર્તન કર્યું. બેભાન થયા. દવાખાનામાં તેમનું અવસાન થયું. તેમની સ્મશાનયાત્રામાં સેંકડો બહેનો સહિત હજારો લોકો જોડાયાં હતાં. પૂ. કસ્તૂરબા પણ સ્મશાનમાં હાજર રહ્યાં હતાં. સ્મશાનના પ્રવેશદ્વાર આગળ બનાવેલ તેમના સ્મારકનું દરબાર ગોપાળદાસ દેસાઈએ ઉદઘાટન કર્યું હતું.

## પટેલ, ભાઈલાલભાઈ કાળીદાસ

જન્મ : 5 નવેમ્બર, 1913. પીજ, જિ. ખેડા.

અભ્યાસ : ધોરણ 6 ગુજરાતી. 193032 : સત્યાગ્રહ. નડિયાદ. દોઢ વર્ષ કઠોર કારાવાસ.

ભારે માર ખાધો, પણ માફી માગી નહિ.

## પટેલ, ભાઈલાલભાઈ ચતુરભાઈ

ધર્મજ, જિ. ખેડા.

1932 : સત્યાગ્રહમાં સક્રિય. સભા-સરઘસમાં ભાગ લીધો. 11 મહિના કારાવાસ. મુક્તિ પછી પુનઃ સક્રિય. ગ્રામસેવામાં રત.

## પટેલ, ભાઈલાલભાઈ ઝવેરભાઈ

જન્મ : 17 નવેમ્બર, 1901. ઓડ, જિ. આણંદ.

સૂરતની મ. ઠા. બા. કૉલેજમાં હતા ત્યારે ગાંધીજીની હાકલ સાંભળી અભ્યાસનો ત્યાગ. 1916 : હોમરૂલની ચળવળમાં ભાગ લીધો. 1921 : અસહકારની લડત, પ્રભાતફેરી. ખાદીની ટોપી પહેરીને કૉલેજ જતા. મુંબઈ ઇલાકામાં કૉલેજ છોડનાર તેઓ પ્રથમ હતા અને લડત તથા રચનાત્મક પ્રવૃત્તિઓમાં કામ કર્યું. 1928 : બારડોલીની લડત વખતે ગામોમાં પ્રચારકાર્ય. બારડોલી સત્યાગ્રહ પત્રિકા મુદ્રણ. સાર્વજનિક કૉલેજના બહિષ્કાર માટે નીકળેલા સરઘસમાં લાઠીમારનો ભોગ. એક રાત લૉકઅપમાં. કુલ 15 મહિનાની સજા. ઘરેણાં જપ્ત. પત્ની શારદાબહેનને છ માસની જેલ થઈ હતી.

## પટેલ, ભાઈલાલભાઈ ઝવેરભાઈ

વતન : આખડોલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1920-21 : અસહકારની ચળવળમાં શાળાના અભ્યાસનો ત્યાગ કરીને લડતમાં ભાગ લીધો. વિદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગ કરતા. સ્વદેશીનો પ્રચાર. કાંતણનો તથા ખાદીનો પ્રચાર. પ્રભાતફેરી કાઢતા.

## પટેલ, ભાઈલાલભાઈ દ્યાભાઈ (ભાઈકાકા)

જન્મ : 7 જૂન, 1888. ઠાસરા, તા. આણંદ.

અભ્યાસ : બી.ઈ. સિવિલ. 1907થી રાષ્ટ્રપ્રેમી. સ્વદેશી વસ્તુઓ વાપરતા. 1912થી શુદ્ધ ખાદી પહેરતા. 1920ની અસહકારની ચળવળ દરમિયાન જિલ્લાના કાર્યકરોનો મુકામ પોતાને ઘેર રાખતા. 1940માં સરકારી નોકરી છોડી. વલ્લભભાઈ પટેલની સલાહાનુસાર અમદાવાદ મ્યુનિસિપાલિટીના ચીફ એન્જિનિયર. 1942માં ગાંધીજી તથા દેશનેતાઓની ધરપકડ થતાં નોકરીનું રાજીનામું. સરદાર પટેલની સૂચનાથી ચારુતર વિદ્યામંડળ અને ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ તથા વલ્લભવિદ્યાનગરના સ્થાપક અને સંચાલક.

## પટેલ, ભાઈલાલભાઈ નાથાભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1932-33 : સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ. પત્ની પણ કારાગૃહમાં. પરિવાર કષ્ટમાં.

## પટેલ, ભાઈલાલભાઈ નારણભાઈ

પાલડી, અમદાવાદ. વતન : પીજ, જિ. ખેડા.

1930-31 : નડિયાદમાં સત્યાગ્રહની વિવિધ પ્રવૃત્તિ. પિકેટિંગ, સરઘસો, પત્રિકાવિતરણ. 1942 સુધીમાં પાંચ વાર કારાવાસ. પોલીસ-માર. સામાજિક સંસ્થાઓમાં માનદ સેવા. પત્ની પણ સ્વાતંત્ર્યસેનાની.

## પટેલ, ભાઈલાલભાઈ પ્રાણજીવનદાસ

બોરસદ, જિ. આણંદ.

1921 : પરદેશી માલની હોળી. સ્વદેશીનો પ્રચાર. 1930 : સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલન. 8 મહિના અટકાયત. સ્વાસ્થ્યને કારણે મુક્તિ.

## પટેલ, ભાઈલાલભાઈ બહેચરભાઈ

જન્મ : 1904. બોરિયાવી, જિ. ખેડા.

અભ્યાસ : 7 ધોરણ. 1930 : દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 1 મહિનો કારાવાસ. ના-કરનો પ્રચાર.

11 મહિના કારાવાસ. રૂ. 150 દંડ.

## પટેલ, ભાઈલાલભાઈ બહેચરભાઈ

વતન : આણંદ.

1930ની ચળવળ વખતે ના-કરની લડતમાં કર ન ભરવા બદલ જેલમાં ગયેલા અને દંડ કરવામાં આવેલો. પરંતુ દંડ વસૂલ થઈ શક્યો નહિ, તેથી તેમની જમીન ખાલસા કરવામાં આવેલી. જમીન હરાજી કરતાં કોઈએ ખરીદી નહિ.

## પટેલ, ભાઈલાલભાઈ ભીખાભાઈ

જન્મ : 1 ડિસેમ્બર, 1900. બોરિયાવી, જિ. ખેડા.

1930 : દાંડીકૂચ પ્રસંગે 'રાવસાહેબ' પદવી પાછી વાળી. મુખીપદનો ત્યાગ કર્યો. સત્યાગ્રહમાં જોડાયા. 1932 : સવિનય કાનૂનભંગ સત્યાગ્રહ. કારાવાસ. 1942 : 'હિન્દ છોડો'માં સક્રિય. કારાવાસ. ચાર વખત ધરપકડ અને કારાવાસ. 1937 : મુંબઈ ધારાસભાના સભ્ય. ઉત્તર જીવન સમાજસેવા.

## પટેલ, ભાઈલાલભાઈ મૂળજીભાઈ

કાસર, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક. 1930 : મીઠા-સત્યાગ્રહ. કાસર 2 મહિના કારાવાસ. 25 રૂપિયા દંડ.

## પટેલ, ભાઈલાલભાઈ વલ્લભભાઈ

જ. 30 જૂન, 1905. સુણાવ.

રંગૂનમાં નોકરી. દેશમાં પાછા ફરી 193032માં સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. લડતનો પ્રચાર, ધરપકડ, જેલવાસ. ખાદીનો પ્રચાર. આઝાદી પછી જાહેર સેવા. સર્વોદય વિચારધારા.

## પટેલ, ભાઈલાલભાઈ હરિભાઈ

માતર, જિ. ખેડા.

1932 : માતરના સોળમા સરમુખત્યાર. 12 મહિના કારાવાસ.

## પટેલ, ભાણાભાઈ ડાહ્યાભાઈ

કડોલી, જિ. વલસાડ.

અભ્યાસ : અંગ્રેજી 4 ધોરણ. દાંડીકૂચ વખતે ધામણથી નવસારી જોડાયા હતા. નવસારીમાં ગાંધીજીનું ભાષણ સાંભળી મરોલી આશ્રમમાં કાંતણ-વણાટની તાલીમ લીધી. દરિયાકાંઠાનાં ગામોમાં કાંતણ-વણાટની પ્રવૃત્તિ કરી. કતાર ગામમાં ચાલતા સેવાદળ શિબિરમાં સંસ્થા ગેરકાયદે ઠરવાથી સૂરત આગમન. પત્રિકા-વિતરણ.

26-1-1931ના દિવસે ધ્વજારોપણ. સગરામપરામાં મીઠાનો સત્યાગ્રહ. સાત મહિનાની સખત સજા. મુક્તિ પછી નવસારીની ભૂગર્ભ છાવણીમાં. અમદાવાદમાં બહિષ્કારની પ્રવૃત્તિમાં સક્રિય. 4 મહિનાની સજા. 1942માં બુડિયા ગામે ભૂગર્ભ મંડળીમાંથી પોલીસે છાપો મારતાં નાસી છૂટ્યા.

## પટેલ, ભાણાભાઈ ન.

સામાપુર, નવસારી.

1928 : રંગૂનથી સ્વદેશાગમન. 1930 : કરાડિયામાં મીઠા-સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. દિલ્હી મહાસભામાં. 15 દિવસ અટકાયત. 1932 : સવિનય કાનૂનભંગ. ચીખલી 6 મહિના કારાવાસ.

## પટેલ, ભાણાભાઈ નાનકાભાઈ

**જન્મ : 1898. ભાઠા, તા. ગણદેવી.**

1930ની ચળવળમાં વ્યક્તિગત અને સામૂહિક દારૂતાડીના માંડવા પર પિકેટિંગ. પ્રભાતફેરી તથા સરઘસો. સાથીઓ સહિત દારૂતાડીના માંડવા સળગાવતાં ધરપકડ. 2 વર્ષની સજા નવસારીની જેલમાં. વ્યવસાય : મજૂરી.

## પટેલ, ભાનુભાઈ છોટાભાઈ

## શંકરભાઈ

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન 34 યુવાનો 18-8-1942ના રોજ સવારે વડોદરાથી લડતનો પ્રચાર કરવા નીકળ્યા. આણંદ અને તેની નજીકનાં ગામોમાં પ્રચાર કરીને, સાંજે પાછા ફરતાં અડાસ રેલવેસ્ટેશને પોલીસે તેમના ઉપર ગોળીબાર અને લાઠીમાર કર્યો. તેમાં તેઓ લાઠીમારથી ઘાયલ થયા હતા.

પટેલ, ભાસ્કરભાઈ રામભાઈ (ડૉક્ટર)

જન્મ : 3 ઑગસ્ટ, 1897. સોજિત્રા, જિ. ખેડા. 1915 : રાજકારણમાં પ્રવેશ. 1920 : મેડિકલ કૉલેજનો ત્યાગ. લડતમાં સક્રિય. 1921 : ખાદી- કેન્દ્રના અધ્યક્ષ. 1922-28 : જર્મનીમાં આયુર્વિજ્ઞાનનો અભ્યાસ. 1930 : સવિનય કાનૂનભંગ આંદોલનમાં સક્રિય. 1932 : સવિનય કાનૂનભંગમાં કારાવાસ. 1933-34 : ધૂળિયામાં કારાવાસ. 1935 : બોરસદ મરકી નિવારણ સેવા. વધુ અભ્યાસાર્થે ઇંગ્લૅન્ડ. 1942 : 'હિન્દ છોડો' સત્યાગ્રહ. 9 મહિના કારાવાસ. 1952 : મુંબઈ ધારાસભાના સભ્ય. પ્રધાન.

અવસાન : 1962.

## પટેલ, ભીખાભાઈ કુબેરભાઈ

આણંદ.

ચરોતર કેળવણી મંડળ તથા તાલુકાના આગેવાન. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળ માટે સ્વયંસેવકોની ભરતી તથા સંગ્રામ સમિતિનું સંચાલન સંભાળતા હતા. આ ચળવળના વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેતા તથા લડતની વ્યવસ્થાનું કાર્ય કરતા હતા. 1932માં સવિનય કાનૂનભંગની બીજા તબક્કાની લડત શરૂ થઈ ત્યારે અન્ય આગેવાનો સાથે તેમની ધરપકડ કરીને અટકાયતમાં રાખવામાં આવ્યા હતા.

## પટેલ, ભીખાભાઈ મંગળભાઈ

વડોદ, જિ. આણંદ.

1930ના સંગ્રામમાં પ્રવેશ-આણંદ. રેંટિયા-નિર્માણ જેવાં રચનાત્મક કાર્યો. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. વિદેશી માલના ભંડારો પર પિકેટિંગ. 11 મહિના કારાવાસ. મુક્તિ પછી બાકરોલમાં સમિતિ નીમી. પત્રિકા-મુદ્રણ અને વિતરણ. ઉમરેઠમાં પણ દીર્ઘકાલ સુધી સક્રિય.

## પટેલ, ભીખાભાઈ દુર્લભભાઈ

ખોજપારડી, જિ. સૂરત.

1932માં ના-કરની લડતમાં ભાગ. પત્રિકા-પ્રચાર. 6 મહિનાની સજા અને રૂ. 500નો દંડ. દંડ ન ભરે તો વધુ 1 મહિનાની સજા. ગાયકવાડી પ્રદેશમાં પત્રિકાનું કામ. 1 વર્ષ સુધી પોલીસને થાપ. પોલીસે માતા, પત્ની, બાળકોને ઘરમાંથી કાઢી સીલ માર્યાં. જમીન ખાલસા કરી વેચી દીધી. 1933માં ખોજથી ધરપકડ. બારડોલીના લૉકઅપમાં ફોજદાર દ્વારા પુષ્કળ માર. તે જેલમાં ગયા ત્યારે એમનાં કુટુંબીજનોને ડરને લીધે કોઈ મદદ ના કરતું. જેલમાંથી છૂટ્યા પછી વણાટકામ કરી જેમ તેમ નિર્વાહ કર્યો.

## પટેલ, ભીખાભાઈ દૂધાભાઈ

જન્મ : 1910. ભાવનગર.

રાજકોટ-સત્યાગ્રહમાં ભાગ. થોડો સમય અટકમાં. 1942ની લડત વખતે પકડાયા. 2 માસ ભાવનગરમાં જેલની સજા.

અવસાન : 25-3-1985.

## પટેલ, ભીખાભાઈ રાવજીભાઈ

કરાડી, જિ. નવસારી.

પ્રાથમિક શિક્ષણ કરાડી રાષ્ટ્રીય શાળામાં. તેમાંથી પ્રેરણા. કરાડી આશ્રમ. દિલખુશભાઈ દીવાનજીનો સંગ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. મટવાડ પોલીસ ચોકીના

ગોળીબારમાં ઘવાયા. ધરપકડ.

## પટેલ, ભીખીબહેન સોમભાઈ

અકોટી, જિ. સૂરત.

1928ની હિજરત પછી લડતમાં મીઠુબહેનની છાવણીમાં. દારૂ-તાડીનાં પીઠાં પર પિકેટિંગ. 1929માં જમીન-મહેસૂલનો કાયદો રદ કરવા 12 બહેનો સાથે સરઘસ કાઢી વરાડથી કડોદ-યાત્રા. બારડોલીથી આફવા અને ઇસરોલી ગયાં. ત્યાં ધરપકડ કરી. 2 મહિનાની સજા. રૂ. 200 દંડ. રૂ. 700નાં ઢોર ઉઠાવીને રૂ. 32માં વેચ્યાં.

## પટેલ, ભીખુભાઈ ભગુભાઈ

માંસા, તા. ગણદેવી.

1938થી ખાદી પહેરવા માંડી. 1942ની 9મી ઑગસ્ટના રોજ વડોદરામાં વિરાટ સરઘસમાં પોલીસના લાઠીમારનો ભોગ. 10મીના રોજ ધરપકડ. ગેરકાયદે સાહિત્ય જપ્ત. શરતી મુક્તિ. મદ્યનિષેધની પ્રવૃત્તિ. શિક્ષક.

## પટેલ, ભીખુભાઈ હરિભાઈ

જન્મ : 1905. કતારગામ, જિ. સૂરત.

1928 : બારડોલી સત્યાગ્રહમાં સ્વયંસેવક. ભીમરાડ અને ધરાસણા મીઠા-સત્યાગ્રહ. 8 મહિના કારાવાસ. 1932 : સૂરતમાં સવિનય કાનૂનભંગ સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. 1933 : ઓડમાં સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 4 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. દોઢ વર્ષ કારાવાસ. વ્યવસાય : વેપાર.

## પટેલ, ભીમાભાઈ ચકુભાઈ

મોટારવા, રાજકોટ.

રાજકોટ લડતમાં ભાગ લીધો. જમીન-ખોરડાં જપ્ત. વર્ષો સુધી જમીનવિહોણા રહ્યા.

## પટેલ, ભૂદરભાઈ હીરાભાઈ

જન્મ : 1902. વતન : બલોલ, તા. મહેસાણા.

અમદાવાદમાં મિલમાં નોકરી. 1931માં ચળવળ વખતે રાષ્ટ્રભક્તિથી અશોક મિલની નોકરી છોડીને આંદોલનમાં ભાગ લીધો. મીઠું લાવવું, દારૂ તથા વિદેશી કાપડનો બહિષ્કાર, પિકેટિંગની પ્રવૃત્તિમાં સક્રિય. ધરપકડ. છ માસની જેલની સજા સાબરમતી જેલમાં ભોગવી. મજૂર મહાજન સંઘ(અમદાવાદ)માં મજૂરોના પ્રતિનિધિ. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સક્રિય. મિલોમાં હડતાળ દરમિયાન લડતને વેગ આપવામાં ભાગ.
અવસાન : 1962. અમદાવાદ.

## પટેલ, ભૂપેન્દ્રભાઈ

અમદાવાદ.

1942ની ચળવળમાં 'વિદ્યાર્થીપત્રિકા' છાપતા. તે માટે જરૂરી સામાન 'સંદેશ'માંથી ખરીદી લાવતા. ભાડે મકાનો રાખીને લિથો પ્રેસથી છાપતા. છાપવાની જગા બદલતા. માર્ચ, 1943 સુધી 8 માસ પત્રિકા છાપી. કૉમર્સ કૉલેજ અને લૉ કૉલેજ પરના હુમલામાં જોડાયા હતા.

## પટેલ, ભૂલાભાઈ લલ્લુભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1932 : સત્યાગ્રહ. કારાવાસ. માંદગીના કારણે વહેલી મુક્તિ, પણ અંતે અવસાન.

## પટેલ, ભેંકલાભાઈ હીરાભાઈ

વલવાડા, તા. મહુવા, જિ. સૂરત.

1942 : અસહકાર. ભાંગફોડ. દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. તાડીના ગાડવા ફોડ્યા. અટકાયત. 1 વર્ષ અને 6 મહિના કારાવાસ. 9 મહિને સમાધાનથી મુક્તિ.

## પટેલ, ભોગીલાલ પરભુભાઈ

સેગવા, તા. ઓલપાડ.

1942 : લોકક્રાંતિ. અભ્યાસ અને ધંધાનો

ત્યાગ. સરઘસ, કાયદાભંગ. 4 મહિના કારાવાસ. મુક્તિ પછી દેશસેવામાં.

## પટેલ, મકનજી પુરુષોત્તમ

વતન : બાજીપુરા, જિ. સૂરત.

રૉલેટ કાયદા સામે લડત. અસહકારની લડતમાં રાષ્ટ્રીય વિનય મંદિરમાં જોડાયા. 1923માં ગૂજરાત વિદ્યાપીઠના વિનીત. 1927ના રેલસંકટમાં ફાળો ઉઘરાવ્યો. બારડોલીની લડતમાં બાજીપુરાની છાવણીમાં સરદારશ્રીનાં ભાષણો લખી લીધાં. દાંડીકૂચના વર્ષમાં અષ્ટગામની છાવણીમાં સક્રિય. રાજદ્રોહના આરોપસર 6 મહિનાની સજા. રૂ. 500 દંડ અથવા 3 મહિનાની વધુ સજા. દંડ વસૂલ કરવા ઘરનું રાચરચીલું હરાજ કર્યું. 1932માં છૂપી પત્રિકાઓ પ્રગટ કરી. પોલીસે ગિરફ્તાર કર્યા. જેલમાં અટકાયત. 1942માં 'હિન્દ છોડો' લડતમાં રેલવે તથા પોસ્ટઑફિસ બાળવાની, ઘરના નંબરો ભૂંસવાની પ્રવૃત્તિ. દારૂગોળા તૈયાર કરતા. બ્રિટિશ સરકારે 'ભાગેડુ' જાહેર કર્યા. ઘરને સીલ મારી જમીન જપ્ત કરી. રૂ. 5,000નું ઇનામ જાહેર થયું. શક્તિશાળી બૉમ્બ પણ બનાવ્યા. બારડોલીથી ગંગાધરા સુધીના રેલવે-પાટા ઉખેડી નાખ્યા. પુલ તોડ્યા. ટેલિફોનના થાંભલા ઉખેડી નાખ્યા. કહેર સ્ટેશન બાળ્યું. સૂરત સ્ટેશને ટ્રેનના ડબામાં ચાર બૉમ્બ ફોડ્યા. 1944માં ગાંધીજીના આદેશથી પોલીસમાં હાજર. સૂરતની જેલમાં અટકાયત. વેશપલટા કરીને ફરતા. 2.5 વર્ષ સુધી 'પંડિત તુલસીદાસ'ને ઉપનામે ઓળખાયા. નવું કહેર સ્ટેશન બંધાયું તેની ઉદઘાટનવિધિ તેમને હાથે થઈ. 40 વર્ષ દેશની સેવા કરી.

## પટેલ, મગનભાઈ અ.

નડિયાદ, જિ. ખેડા.

1917-18 : અંબુભાઈ પુરાણીનો સંપર્ક. વ્યાયામ-પ્રવૃત્તિમાં રસ. 1925 : વ્યાયામ સાથે વિનીત. ગુજરાત વ્યાયામપ્રચારક મંડળમાં સેવા. 1929 : અમદાવાદમાં અનેક વ્યાયામશાળામાં સેવા. 1930 : સત્યાગ્રહ મહુધા. કારાવાસ. સોજિત્રા – ઘરમાં પત્રિકા કાર્યાલય. 1942 : વડોદરા. ભૂગર્ભપ્રવૃત્તિ. સ્વાસ્થ્ય લથડતાં નડિયાદ. રુગ્ણાલયમાં. વ્યાયામસેવા ચાલુ.

## પટેલ, મગનભાઈ અમથાભાઈ (ભગારાજા)

નડિયાદ.

નડિયાદમાં પ્રામાણિકતાથી કટલરીનો વેપાર કરતા. સુધરેલી ઢબની ખેતી પણ કરતા. હોમરૂલ લીગના સભ્ય હતા. ખેડા-સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. નડિયાદ શહેર સુધરાઈમાં 23 વર્ષ સક્રિય સેવા. 1914 પછી બધો સમય સાર્વજનિક કામ. સ્વદેશી અને ખાદીના આગ્રહી.

1919માં રૉલેટ ઍક્ટના વિરોધ તથા ગાંધીજીની ધરપકડ બાદ અમદાવાદમાં તોફાનો દબાવી દેવા મુંબઈથી લશ્કરી ટ્રેન જવાની હતી – તે ન જઈ શકે તે માટે તેમણે સાથીઓ સહિત ભલાભાઈ પૂંજાભાઈ, છોટાલાલ રાજેશ્વર, પુરુષોત્તમદાસ અમીન વગેરે સાથે ચર્ચાવિચારણા કરી. કુંભનાથ મહાદેવ આગળ પાટા ઉખેડી નાખ્યા. ટ્રેન નડિયાદ પાસે અટકી ગઈ. મગનભાઈ ભૂગર્ભમાં. કેસ ચાલ્યો. છૂટી ગયા. વલ્લભભાઈ પટેલ, કૃષ્ણદાસ દેસાઈ, મણિલાલ કોઠારી, ડાહ્યાભાઈ દેરાસરી આરોપીઓના વકીલો હતા.

## પટેલ, મગનભાઈ કરસનદાસ

વલસાડ.

કુટુંબના ઘણાખરા પુરુષોએ લડતમાં ભાગ

લીધો. 1930માં કૉંગ્રેસનો ધ્વજ ન ઉતારવા દેવા ધરપકડ વહોરી. 6 માસની સજા. દીકરા ઘનશ્યામને તથા બીજા બે ભાઈઓને પણ સજા.

## પટેલ, મગનભાઈ કહાનદાસ

વલસાડ.

વેપારી હોવાથી સ્વાતંત્ર્યઆંદોલનમાં આગળ પડતો ભાગ લેવાથી દૂર રહ્યા, પણ તીવ્ર દેશપ્રેમ દર્શાવ્યો. દુકાન પરનો રાષ્ટ્રધ્વજ ખસેડી લેવા ના પાડી. 8.5 મહિના કારાગૃહમાં ત્રાસ વેઠ્યો. ક્ષમા માગવાનાં દબાણો સામે નમ્યા નહિ. કુટુંબના બીજા 6 સભ્યો પણ કારાગૃહમાં ગયા.

## પટેલ, મગનભાઈ ગલાલભાઈ

રાંદેર, જિ. સૂરત.

1920ની અસહકારની લડતમાં ભાગ લીધો. દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરવા જતા. સરકારી શિક્ષણનો બહિષ્કાર કરનાર વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય શાળાનું સંચાલન કરતા. લોકજાગૃતિ વાસ્તે જાહેર સભાઓ ભરતા. લોકોમાં દેશભક્તિની ભાવનાનું સિંચન.

## પટેલ, મગનભાઈ ગોવિંદજી

કરાડી.

1942માં લાલભાઈ નાયકની આગેવાની હેઠળ ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. પછી સત્યાગ્રહ કર્યો. ઝંડો લઈ કરાડી પોલીસચોકીએ ગયા. 6 મહિનાની સજા. રૂ. 50નો દંડ થયો.

## પટેલ, મગનભાઈ ગોવિંદભાઈ

મઢી, જિ. સૂરત.

માધ્યમિક શિક્ષણ ગંગાધરા હાઈસ્કૂલ. 'હરિજનબંધુ'ના વાચક. 1942 : ભારત છોડો આંદોલન. પત્રિકાવિતરણ. ભૂગર્ભપ્રવૃત્તિ. ધરપકડ. અટકાયત.

## પટેલ, મગનભાઈ ચતુરભાઈ

જન્મ : 10 ડિસેમ્બર, 1905.

વતન : પીજ. અભ્યાસ : 6 ધોરણ. 1930 : ધરાસણા મીઠા-સત્યાગ્રહ. નડિયાદમાં. પત્રિકા-વિતરણ. 1932 : 6 મહિના કઠોર કારાવાસ.

## પટેલ, મગનભાઈ જી.

સામાપુર, જિ. વલસાડ.

1942 : 'હિન્દ છોડો' આંદોલન. સામાપુરથી મટવાડ જતા સરઘસમાં મટવાડ પોલીસના ગોળીબારમાં ઘવાયા. વિવિધ સ્થળે અટક. પાંચ મહિના કારાવાસ. અવારનવાર અટક.

## પટેલ, મગનભાઈ ડાહ્યાભાઈ

નાર, જિ. આણંદ.

1930માં શાળાનો ત્યાગ. ધરાસણાના મીઠા સત્યાગ્રહમાં પોલીસનો માર. વિદેશી માલના બહિષ્કારમાં પિકેટિંગ. ઉમરેઠમાં પિકેટિંગ. 1 વર્ષ કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. મુક્તિ પછી સેવાપ્રવૃત્ત.

## પટેલ, મગનભાઈ તળસીભાઈ

ખાંધલી, જિ. ખેડા.

1942 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ લીધો. કારાવાસ.

## પટેલ, મગનભાઈ દુર્લભભાઈ

સૂરત.

1928માં વેડછી આશ્રમમાં ખાદીવણાટની તાલીમ લીધી. 1930માં મીઠા-સત્યાગ્રહમાં ભાગ લેવા માટે 6 માસની સજા થઈ. 1942ની લડતમાં સક્રિય.

## પટેલ, મગનભાઈ દેસાઈભાઈ

જન્મ : 1894. લાલી, જિ. ખેડા.

અભ્યાસ : ધોરણ 7 ગુજરાતી, ધોરણ 4 અંગ્રેજી. 1917 : રાષ્ટ્રસેવામાં પ્રવૃત્ત. 1930 : મીઠા-સત્યાગ્રહ. 3 મહિના કારાવાસ. 50

રૂપિયા દંડ. 1932 : મહેમદાવાદમાં બીજા સરમુખત્યાર. 3 મહિના કારાવાસ. દંડ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભૂગર્ભપ્રવૃત્તિ. ભાંગફોડ કરતાં પકડાયા. સખત માર. ખટલામાં છુટકારો.

## પટેલ, મગનભાઈ ધનજીભાઈ

જન્મ : મટવાડ, જિ. વલસાડ.

અભ્યાસ : ધોરણ 3 અંગ્રેજી, ગુજરાતી. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. પોલીસ ગોળીબારમાં તત્કાલ અવસાન.

## પટેલ, મગનભાઈ ધનશાભાઈ

જન્મ : 13 ફેબ્રુઆરી, 1914. મેડાઆદરજ, તા. કડી.

કડીની સર્વ વિદ્યાલયમાં ઉદ્યોગોની તાલીમ. 1929માં સર્વ વિદ્યાલયમાં ગાંધીજીને સાંભળ્યા. આઝાદીની લડતમાં જોડાવાનો નિશ્ચય. 1930-31ની લડતમાં વિરમગામ છાવણીમાં પત્રિકાઓ સાઇક્લોસ્ટાઇલ કરતા, રાત્રે ગામોમાં પત્રિકા વહેંચવા જતા. સભા-સરઘસોમાં જોડાતા. વિદેશી કાપડની હોળી કરવામાં, વિદેશી માલની દુકાનો પર પિકેટિંગમાં જોડાતા. પોલીસની મારઝૂડનો ભોગ બન્યા. પત્રિકાના જથ્થા સાથે ધરપકડ. છ માસની સખત કેદ સાબરમતી જેલમાં ભોગવી. શિક્ષકનો વ્યવસાય – વડોદરા આર્યકન્યા વિદ્યાલય.

## પટેલ, મગનભાઈ ચતુરભાઈ (બૅરિસ્ટર)

જન્મ : 1876. વતન : નડિયાદ, જિ. ખેડા.

બી.એ., એલએલ.બી., વકીલ. કાર્યક્ષેત્ર : અમદાવાદ.

1902ના અમદાવાદમાં મળેલા કૉંગ્રેસના અધિવેશનમાં ભાગ લીધો. અમદાવાદની રાજકીય પ્રવૃત્તિમાં સક્રિય. ગુજરાત સભાના અગ્રણી કાર્યકર. અમદાવાદની હોમરૂલ લીગની શાખાના મંત્રી. જાહેર ભાષણો. સાહિત્યકાર, કવિ, સારા વક્તા. લોકજાગૃતિ. જાણીતા ધારાશાસ્ત્રી. 1917માં રાજકારણમાંથી નિવૃત્ત. જાણીતા થિયૉસૉફિસ્ટ હતા.

અવસાન : 1930.

## પટેલ, મગનભાઈ ધીરાભાઈ

ગોધરા, જિ. પંચમહાલ.

1933 : 15 જાન્યુઆરી પીપળાવમાં. ગુજરાતના સરમુખત્યારોની પરિષદ. પ્રતિનિધિ. લાઠીમાર. 2 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ.

## પટેલ, મગનભાઈ બાજીભાઈ

જન્મ : 1889. વતન : બલોલ, જિ. મહેસાણા.

1931માં આઝાદીની લડતમાં જોડાયા. બલોલ સેવાસમાજ સ્થાપી ખાદીનો પ્રચાર, રેંટિયાપ્રવૃત્તિ. વિદેશી કાપડના બહિષ્કારનો પ્રચાર. વડોદરા રાજ્ય પ્રજામંડળની તાલુકા સમિતિના પ્રમુખ. મહેસાણા જિલ્લા પ્રજામંડળના ઉપપ્રમુખ. 1937માં રાજ્ય પ્રજામંડળના અધિવેશનમાં સક્રિય ભાગ લીધો. 'હિન્દ છોડો' લડત – 1942માં અમદાવાદના મિલ મજૂરોની હડતાળ દરમિયાન ગામડે-ગામડે ફરી અનાજ વહેંચ્યું. પત્રિકાઓ ગામડે વહેંચી લડતનો પ્રચાર. સરઘસોમાં આગેવાની. ધરપકડથી બચવા ગુપ્ત રહેતા. આઝાદી પછી ઊંઝા કન્યાકેળવણી મંડળ સ્થાપ્યું. બલોલમાં હાઈસ્કૂલ સ્થાપવા પુરુષાર્થ. સર્વોદય–પ્રચાર.

અવસાન : 29 એપ્રિલ, 1972.

## પટેલ, મગનભાઈ બાવાજીભાઈ

જન્મ : 10 નવેમ્બર, 1917.

અભ્યાસ : ધોરણ 3 ગુજરાતી. 1930 : ખેડા પત્રિકા- વિતરણ. નાશિકમાં 6 મહિના કારાવાસ. 100 રૂપિયા દંડ, નહિ ભરીને બીજો 1.5 મહિનો કારાવાસ સહ્યો.

## પટેલ, મગનભાઈ ભીખાભાઈ

જન્મ : 15 સપ્ટેમ્બર, 1897. ઓડ, જિ. આણંદ.

કાર્યક્ષેત્ર : અમદાવાદ. 1932 : દારૂનાં પીઠાં તથા પરદેશી કાપડ વિરોધી આંદોલનમાં સક્રિય. વિસાપુરમાં કારાવાસ. 1939 : વડોદરા રાજ્યની ધારાસભાના સભ્ય. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં હિંસક ક્રાંતિ માટે સક્રિય. અમદાવાદમાં પોતાની મિલમાં પાટા ઉખેડવાનાં સાધનો, વિસ્ફોટકો આદિનું ઉત્પાદન. બૉમ્બ અને રિવૉલ્વરોની હેરફેર. 6 મહિના એકાંત કારાવાસ. 2 વર્ષ રાજકીય કારાવાસ. 1946-60 : મુંબઈ વિધાન પરિષદમાં વેપારઉદ્યોગના પ્રતિનિધિ.

અવસાન થયેલ છે.

## પટેલ, મગનભાઈ મરઘાભાઈ

અસલાલી, જિ. અમદાવાદ.

1932માં ગાંધી આશ્રમમાંથી લડતમાં પ્રચારક. 15-1-1933ના રોજ ખેડા જિલ્લાના પીપળાવ ગામમાં ગુજરાતના સરમુખત્યારોની પરિષદ મળી, તેમાં પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ. લાઠીચાર્જ વખતે ધ્વજધારી રમણીકલાલ મોદી ઘવાયા ત્યારે પોતે ધ્વજરક્ષક. ધરપકડ અને 2 વર્ષની સજા અને દંડ.

## પટેલ, મગનભાઈ રણછોડભાઈ

જન્મ : 7 ડિસેમ્બર, 1904. દેત્રોજ, અમદાવાદ.

1921 : મૅટ્રિક. શિષ્યવૃત્તિનો ત્યાગ. 1927 : લાંચવિરોધી આંદોલન. ધરપકડ. 1930 : દેત્રોજમાં સવિનય ભંગ. 6.5 મહિના કારાવાસ. 1940-44 : અમદાવાદમાં સત્યાગ્રહ. 1942 : 17 મહિના અટકાયતી કારાવાસ. સામાજિક કાર્યકર.

## પટેલ, મગનભાઈ રણછોડભાઈ

જન્મ : 1908. વતન : અસલાલી, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

1930માં સત્યાગ્રહ શરૂ થતાં સરકારી બૅન્કની નોકરી છોડીને ગુજરાત કૉંગ્રેસની ઑફિસમાં કામ કરેલું. 1942ની લડતમાં સરઘસ કાઢતાં ધરપકડ અને પાંચ માસની કેદની સજા. લડત બાદ ખેતીનું કામ.

## પટેલ, મગનભાઈ રૂગનાથદાસ

જન્મ : 16 જુલાઈ, 1915. ભદામ, જિ. ભરૂચ.

1930 : ધોલેરા મીઠાના સત્યાગ્રહમાં સારજન્ટને ચપ્પુ માર્યું. તે લડતમાં 9 માસની સજા. 1938 : હરિપુરા કૉંગ્રેસમાં નાયક તરીકે સેવા. રાજપીપળામાં પ્રજાતંત્ર માટે સત્યાગ્રહ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં બૉમ્બ ટુકડીનું સંચાલન. 1,000 રૂપિયા દંડ થયો, પણ ભર્યો નહિ. યુવક-પ્રવૃત્તિ.

## પટેલ, મગનભાઈ વેરીભાઈ

વતન : લીંબાસી, જિ. ખેડા.

1930-32 : સત્યાગ્રહ. મહેસૂલ ના ભરતાં 4 મહિનાનો કારાવાસ. ઘરવખરી જપ્ત.

## પટેલ, મગનભાઈ શંકરભાઈ

વતન : ઉત્તરસંડા, જિ. ખેડા.

1932 : ચકલાસી. થાણાપતિ. કારાવાસ. તે પછી સરકારી ભવન પર ધ્વજારોપણ. 3 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભૂગર્ભવાસ બે વર્ષ સુધી.

## પટેલ, મગનભાઈ શંકરભાઈ

ભાદરણ, જિ. ખેડા. કાર્યક્ષેત્ર : વડોદરા.

1930-32ની ચળવળ દરમિયાન આગેવાનો પકડાઈ ગયા પછી યુવાનોએ સુકાન સંભાળી લીધું. સરકારના કડક કાયદાની પરવા કર્યા વિના ખેડા જિલ્લા પરિષદ નડિયાદમાં ભરવામાં આવી. વડોદરા રાજ્ય પ્રજામંડળના આગેવાન મગનભાઈને પ્રમુખ બનાવ્યા. તેમાં હજારેક ભાઈબહેનો હાજર રહ્યાં. મગનભાઈએ

જુસ્સાદાર ભાષણ કર્યું. પોલીસે મગનભાઈ સહિત બીજા આગેવાનોની ધરપકડ કરી. તેમને અઢી વર્ષની કેદની સજા કરવામાં આવી.

1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થતાં તેમની ધરપકડ કરી અટકાયતમાં રાખવામાં આવ્યા. વડોદરા રાજ્ય પ્રજામંડળનું 18મું અધિવેશન 14, 15 મે, 1944ના રોજ પટેલ મગનભાઈ શંકરભાઈના પ્રમુખપદે મળ્યું હતું.

અવસાન થયેલ છે.

## પટેલ, મગનભાઈ શિવાભાઈ

વતન : પીજ, જિ. ખેડા.

અભ્યાસ : ધોરણ 2 અંગ્રેજી. 1930-32 : આંદોલનમાં સક્રિય. ભારે મારપીટ. પત્રિકાવિતરણ. ધરપકડ. પુણે રેફરમેટરી શાળામાં 2 વર્ષ બંદી.

## પટેલ, મગનલાલ કલ્યાણજી

નિવાસ : બાલેન, બારડોલી.

વડોદરા રાજ્યના નાગરિક, છતાં બ્રિટિશ ભારતની મુક્તિ કાજે આગ્રહી. 1942ની લડતમાં ભૂગર્ભ-પ્રવૃત્તિમાં સક્રિય. કારાવાસ. અભ્યાસ-ત્યાગ.

## પટેલ, મગનલાલ નરોત્તમદાસ

વડાસ્વામી, તા. કલોલ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભમાં રહીને ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. 3 સપ્ટેમ્બર, 1942ના રોજ સૈજમાં ભરાયેલા મેળામાં ઠાકરડા પ્રતાપજી પર ગોળીબાર કરી, મારી નાખ્યા બાદ, મગનલાલ સહિત કેટલાક યુવાનોએ ઈસંડ ફ્લેગ સ્ટેશન પાસે રેલવેની ફિશ પ્લેટો કાઢી નાખી. તેને લીધે 4-9ની વહેલી સવારે 4 વાગ્યે લશ્કરના ત્રણ ડબા સાથેની માલગાડી, કલોલ નજીક પાટા પરથી ઊતરી પડી. બે માણસો મરણ પામ્યા. અનેક ઘવાયા. મગનલાલ ગુપ્ત રીતે અમદાવાદ, નડિયાદ, મુંબઈ, જબલપુર થઈને ગોંદિયા જતા રહ્યા. ત્યાં તમાકુના પાટીદાર વેપારીએ નોકરી આપી. ત્યાંથી છ વર્ષ પછી પાછા આવ્યા. ગામના લોકોએ તેમના કુટુંબનો નિર્વાહ કર્યો. પોલીસે તેમના કુટુંબને વખતોવખત પરેશાન કર્યું.

## પટેલ, મણિબહેન ચંદુભાઈ

જન્મ : 1909. વતન : વીરસદ, તા. બોરસદ.

અભ્યાસ : મૅટ્રિક, કોવિદ.

1930ની ચળવળ વખતે વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતાં તથા ગુપ્ત પત્રિકા પ્રકાશનમાં મદદ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. તે પછી વડોદરા શહેર તથા જિલ્લામાં વિવિધ રચનાત્મક પ્રવૃત્તિમાં સક્રિય.

## પટેલ, મણિબહેન બાપુભાઈ

નિવાસ : વહેલાવ, મહુવા.

અભ્યાસ : 6 ધોરણ, બીલીમોરા. 1940 : હળપતિ આશ્રમ, હરિપુરા તથા મઢી આશ્રમમાં રહીને ખાદી-પ્રવૃત્તિ. 1942ની ચળવળમાં સક્રિય. તલાટી આદિના ત્યાગપત્રો ઉઘરાવ્યાં. કારાવાસ. મુક્તિ પછી રચનાત્મક કાર્યમાં પ્રવૃત્ત.

## પટેલ, મણિબહેન વલ્લભભાઈ

જન્મ : 1903. માન, જિ. ખેડા. વતન : કરમસદ.

સરદાર વલ્લભભાઈ પટેલનાં પુત્રી. 1920 : અસહકાર આંદોલનમાં શાળાનો ત્યાગ, ગૂજરાત વિદ્યાપીઠમાં ભણી 1925માં સ્નાતક થયાં. 1927 : નરહરિ પરીખ સાથે રેલરાહતકાર્ય. 1928 : બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. 1932 : સવિનય કાનૂનભંગમાં 11-8-1932ના રોજ વિદેશી કાપડની દુકાને પિકેટિંગ કરતાં અમદાવાદમાં ધરપકડ. 15 માસની કેદ સાબરમતી અને બેલગામ જેલમાં

ભોગવી. 1938 : રાજકોટ સત્યાગ્રહમાં ધરપકડ. જેલવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 26-11-1940ના રોજ બાવળાથી ધરપકડ. 6 માસની કેદ સાબરમતી અને યરવડા જેલમાં ભોગવી. 1942 : 'હિન્દ છોડો' લડત. 9-8-1942ના રોજ સવારે ધરપકડ. યરવડા, બેલગામ અને આર્થર રોડ, મુંબઈની જેલમાં અટકાયત. જાન્યુઆરી, 1944માં મુક્તિ બાદ કડોદ, તા. બારડોલીથી પુનઃ ધરપકડ. યરવડા જેલમાં અટકાયતમાંથી ફેબ્રુઆરી, 1945માં મુક્તિ. સ્વતંત્રતા બાદ રાજ્યસભાનાં તથા લોકસભાનાં સભ્ય. આશરે 21 વર્ષ સુધી જીવનભર પિતા, સરદાર પટેલની સેવા તથા અંગત મંત્રીની જવાબદારી સંભાળી. નિધન થયેલ છે.

## પટેલ, મણિબહેન શિવાભાઈ

જન્મ : 1903. ભાદરણ, જિ. ખેડા.

1921 : લડતમાં સ્વયંસેવિકા. ખાદીપ્રચાર. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહીઓના રસોડાની વ્યવસ્થા સંભાળી. 1924 : બોરસદ સત્યાગ્રહમાં સક્રિય. 1928 : પૂર રાહતસેવા. 1930માં દારૂનાં પીઠાં અને પરદેશી વસ્ત્રભંડારો સામે દેખાવો. ધાવણા શિશુ સાથે કારાવાસ. સ્ત્રીઓ પરના પોલીસ અત્યાચારનો 'વિરોધ દિવસ' ઊજવ્યો. 1932, 40, 42 : આંદોલન અને કારાવાસ. 1952-55 અને 1958-62 : ભાદરણ સુધરાઈમાં સભ્ય.

## પટેલ, મણિભાઈ કાશીભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1930 : બદલપુર ધરાસણા. મીઠા-સત્યાગ્રહમાં માર પડ્યો. 1932 : સવિનય કાનૂનભંગ સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ.

પટેલ, મણિભાઈ ઝવેરભાઈ

આણંદ. માર્ચ, 1933માં. આણંદ ગાંધીચોકમાં, સરઘસ, સૂત્રોચ્ચાર, પત્રિકાવિતરણ. ધરપકડ. 1,000 રૂપિયાના જામીન મંગાવ્યા. તે નહિ આપીને 1 વર્ષ કારાવાસ વેઠ્યો.

## પટેલ, મણિભાઈ ઝવેરભાઈ

કાસર, જિ. ખેડા.

અભ્યાસ : ધોરણ 4 ગુજરાતી. 1932 : સવિનય કાનૂનભંગ સત્યાગ્રહ. 4 મહિના કારાવાસ.

## પટેલ, મણિભાઈ તળશીભાઈ

જન્મ : 1901. વસો, જિ. ખેડા.

અભ્યાસ : ધોરણ 6 ગુજરાતી. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ. સમાધાનમાં વહેલી મુક્તિ. 1930 : આણંદ, બોરસદ રચનાત્મક પ્રવૃત્તિમાં સક્રિય.

## પટેલ, મણિભાઈ ધૂળાભાઈ

જન્મ : 1 ઑગસ્ટ, 1915. શેરથા, તા. કલોલ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી..

1938માં હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક. 1942માં 'હિન્દ છોડો' આંદોલન શરૂ થતાં વકીલાત છોડીને લડતમાં જોડાયા. કલોલમાં લડતનું સંચાલન કરતા. 29-8-1942ના રોજ કલોલમાં સભામાં લાઠીચાર્જ. ધરપકડ. 8-9-1942 : જેલમાંથી છૂટ્યા. તે પછી સઈજ અને ઈસંડ કેસમાંના આરોપીઓને આર્થિક અને કાયદાની સહાય. 18-12-1942ના રોજ હિન્દ સંરક્ષણ ધારા હેઠળ ધરપકડ. સાબરમતી જેલ પછી નાશિકની જેલમાં. જૂન, 1943માં મુક્ત થયા. વકીલાત. 1946માં વડોદરા રાજ્યની ધારાસભામાં ચૂંટાયા. મહાગુજરાત આંદોલન(1956-60)માં સક્રિય. ત્રણ માસ જેલ ભોગવી.

અવસાન : 8 ડિસેમ્બર, 1981.

## પટેલ, મણિભાઈ ફૂલાભાઈ

જન્મ : 27 ઑક્ટોબર, 1910. ભાદરણ, જિ. ખેડા.

1928 : બારડોલીની ના-કર લડતમાં સ્વયંસેવક. 1930ની લડતના પ્રચારક આણંદ, અંકલેશ્વર, જલાલપુર, કરાડી ગાંધીજીના સહસત્યાગ્રહી. કારાવાસ. બોચાસણમાં આગેવાની. 1940-44 : આંદોલનોમાં સક્રિય. કારાવાસ. ભાદરણ સુધરાઈના ઉપપ્રમુખ.

## પટેલ, મણિભાઈ બાપુભાઈ

ઠાસરા, જિ. ખેડા.

1930 : પિકેટિંગ, સ્વદેશીપ્રચાર, સભાસરઘસ. ધરપકડ. 6 મહિના કારાવાસ.

## પટેલ, મણિભાઈ વાઘજીભાઈ

જન્મ : 21 ઑગસ્ટ, 1895.

વતન : કરમસદ. 1916 : બી.એ. વડોદરા કૉલેજ. પત્ની મણિબહેન. 1916 : અમદાવાદ નગરપાલિકામાં કરવેરા નિયામક. અ.મ્યુ. ટ્રા.સ.ના પ્રથમ વ્યવસ્થાપક. 1924 : ખાદી-ગ્રામોદ્યોગ મંડળ પરિવાર સહકારી પ્રકાશનના સ્થાપક. 1930-34 : આંદોલનનો નાણાવિભાગ સંભાળ્યો. 1938 : હરિપુરા અધિવેશનનો નાણાવિભાગ સંભાળ્યો. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ધરપકડ.

## પટેલ, મણિભાઈ વાઘજીભાઈ

1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. મણિભાઈની સરદારી નીચે 17 સત્યાગ્રહી સૈનિકો 8મી મે, ગુરુવારના રોજ બિનજકાતી મીઠું લઈને કાઠિયાવાડ મેઈલમાં વિરમગામ સ્ટેશને ઊતર્યા. પોલીસોએ ટુકડીને ઘેરી લીધી. સત્યાગ્રહીઓને ત્રણ-ચાર કલાક તડકામાં ઊભા રાખ્યા. કેટલાક ખૂબ તરસ્યા હતા છતાં પાણી પીવા જવા ન દીધા.

## પટેલ, મણિભાઈ શનાભાઈ

જન્મ : 1 ઑક્ટોબર, 1905. અલિંદ્રા, જિ. ખેડા.

દરેક સત્યાગ્રહમાં સક્રિય. દરેકમાં કારાવાસ. 1930 : સત્યાગ્રહ. 1 વર્ષનો કારાવાસ. 1932 : સત્યાગ્રહ. 2 વર્ષનો કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભાંગફોડપ્રવૃત્તિ. ભૂગર્ભવાસ. 1943માં ધરપકડ. 1 વર્ષ અને 6 મહિના કારાવાસ. સૂરતના કરાડી ગામના ગાંધી આશ્રમમાં આચાર્ય. વ્યાયામ-પ્રચારક મહામંડળના મહામંત્રી રહ્યા. મુંબઈમાં વેપાર.

## પટેલ, મણિભાઈ સારાભાઈ

નવાગામ, જિ. ખેડા.

વ્યવસાય : ખેતી. રાષ્ટ્રીય આંદોલનમાં સક્રિય. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ.

## પટેલ, મણિલાલ પુરુષોત્તમદાસ

જન્મ : 7 ફેબ્રુઆરી, 1922. ચાણસ્મા, જિ. મહેસાણા. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. વડોદરાથી વિદ્યાર્થીઓ સાથે આણંદ જિલ્લાની આસપાસનાં ગામોમાં લડતનો પ્રચાર 18-8-1942ના રોજ કરી પાછા ફરતાં અડાસ સ્ટેશને ગોળીબારમાં ઘાયલ. અવસાન વતનમાં. તેમનાં પત્ની પાર્વતીબહેનને 1996માં મુખ્યમંત્રીના હસ્તે સંસ્કાર ઍવૉર્ડ અપાયો.

## પટેલ, મણિભાઈ ભગવાનજી

જન્મ : 10 જૂન, 1921. સાલેજ, તા. ગણદેવી, જિ. નવસારી.

ખેડૂત કુટુંબ, અંગ્રેજી 3 ધોરણનો અભ્યાસ. નવસારીમાં કોળી વિદ્યાર્થી આશ્રમમાં દેશપ્રેમના સંસ્કાર મળ્યા. 1942માં મૅટ્રિકના અભ્યાસ દરમિયાન 'હિન્દ છોડો' આંદોલન શરૂ. અભ્યાસ છોડ્યો. ગણદેવી હાઈસ્કૂલ પર પિકેટિંગ, ધરપકડ, 1 માસની કેદની સજા. વડોદરાની સરકારે 5 દિવસ બાદ છોડી મૂક્યા. ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય થયા. ધરપકડ. 6

માસથી વધુ સમય સાબરમતી જેલમાં અટકાયત. રચનાત્મક પ્રવૃત્તિ. ખેતી.

## પટેલ, મણિભાઈ વાઘજીભાઈ

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં અમદાવાદ સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં આગેવાની લીધી. 6 માસની સખત કેદની સજા અને રૂ. 250 દંડ અથવા 3 માસની વધુ કેદ.

## પટેલ, મણિભાઈ સોમાભાઈ

વતન : સુણાવ, જિ. ખેડા.

1930માં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 2 મહિના કારાવાસ. વ્યવસાય : વેપાર. નિવાસ : આફ્રિકા.

## પટેલ, મણિભાઈ જેસંગભાઈ

માણસા, ઉત્તર ગુજરાત.

દેશી રાજ્ય હતું. વેઠનાં ગાડાં આપવાં કે અપાવવાનો અસહકાર કરીને ઇનકાર કર્યો. 'આવા ગંભીર ગુના બદલ જમીનો જપ્ત થઈ શકે તેમ હોવા છતાં દયાથી પ્રેરાઈને પાંચ રૂપિયાનો દંડ કર્યો'. તેને સરકારી કામમાં ખલેલ પાડવાનું લેખવામાં આવ્યું. પ્રજાપરિષદમાં બતાવેલો ઉત્સાહ તથા ખેડૂતોના હકો માટે આગેવાની લેવાથી રાવલશ્રીએ રાજ્યમાંથી હદપાર કર્યા.

## પટેલ, મધુભાઈ લલ્લુભાઈ

સરાવ, તા. ગણદેવી, જિ. નવસારી.

1942ની લડત વખતે અમલસાડ હાઈસ્કૂલમાં શિક્ષક. 15 ઑગસ્ટે અમલસાડમાં તોફાન, સ્ટેશને ભાંગફોડ. ધરપકડ, પણ નિર્દોષ છૂટ્યા. વૉરંટ હોવાથી મુંબઈમાં હાજર થયા. 3 મહિના વરલીની જેલમાં કારાવાસ. છૂટ્યા બાદ સૂરત જિલ્લામાં પ્રવેશબંધી. ત્યાર બાદ લોકગીતો ગાતા. નૃત્યનાટિકાઓ લખી. શિલ્પીનો મુખ્ય ધંધો.

## પટેલ, મનુભાઈ ઈશ્વરભાઈ

જન્મ : 29 જુલાઈ, 1930. ચકલાસી, જિ. ખેડા.

1942 : 14મી ઑગસ્ટે ચકલાસીમાં રાષ્ટ્રધ્વજ સાથે સરઘસમાં મોખરે. વિખરાવાના આદેશની અવગણના. પોલીસ ગોળીબારમાં અવસાન. ચકલાસીમાં સ્મારક દવાખાનું.

## પટેલ, મનુભાઈ ડાહ્યાભાઈ

જન્મ : 21 નવેમ્બર, 1912. પીજ, જિ. ખેડા.

1942 : 'હિન્દ છોડો' આંદોલન, ઓડ. અંગ્રેજી શાળાનો ત્યાગ. પત્રિકાવિતરણ. સહકારી અધિકારીઓના ત્યાગપત્ર માગવાની પ્રવૃત્તિ. પોલીસનો માર. ઓડ ચોરાની આગ પાછળ તેમનો હાથ હોવાની શંકાથી ગામનિકાલ.

## પટેલ, મનુભાઈ મોતીલાલ

જન્મ : 11 ઑક્ટોબર, 1920. વડોદરા.

1940 : વ્યક્તિગત સત્યાગ્રહ, ઉત્તરસંડા. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભૂગર્ભપ્રવૃત્તિ. છોટુભાઈ પુરાણીના સાથી. વડોદરા, અમદાવાદ, બારડોલી, ખેડા આદિ સ્થળોએ આંદોલનમાં સક્રિય. લાઠીમાર ઝીલ્યો. 1962 : રાજ્યના ઉપપ્રધાન.

## પટેલ, મનોરભાઈ જીવાભાઈ

ઇટાદરા, માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

1938 : માણસાના જમીન-મહેસૂલના સત્યાગ્રહ દરમિયાન તેમના ખેતરમાં તૈયાર થયેલા ઘઉં મહેસૂલ પેટે લૂંટવા 20-25 પોલીસો બંદૂક, ભાલા, તલવારો સાથે આવ્યા. પંદરેક મણ ઘઉં મોટરમાં નાખ્યા. ગામમાં નગારું વગાડીને 250 જેટલી બહેનોને ભેગી કરવામાં આવી. તેમણે વિરોધ કર્યો. ધમાચકડી દરમિયાન પોલીસો ખટારામાં વધારે ઘઉં ભરીને નાસી ગયા.

## પટેલ, મરઘાભાઈ

ખાંધલી, જિ. ખેડા.

સઘળા સત્યાગ્રહોમાં ભાગ લીધો. કારાવાસ વેઠ્યો.

## પટેલ, મહેન્દ્રકુમાર કુબેરભાઈ

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. 18 ઑગસ્ટ, 1942ના રોજ આઝાદીની લડતનો ખેડા જિલ્લાનાં ગામોમાં પ્રચાર કરવા વડોદરાના કેટલાક વિદ્યાર્થીઓ સાથે ગયા. આણંદની આસપાસનાં ગામોમાં પ્રચાર કરી સાંજે વડોદરા પાછા જવા અડાસ રેલવેસ્ટેશને ગયા. ત્યાં પોલીસે કરેલા ગોળીબારમાં તેમને જમણા ફેફસામાં ગોળી વાગી હતી. બીજે દિવસે આણંદમાં સારવાર આપવામાં આવી.

## પટેલ, મંગળભાઈ ગિરધરભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. ધરપકડ થઈ. 5 મહિના કારાવાસ.

## પટેલ, મંગળભાઈ નાગરભાઈ

રીંછોલ, જિ. ખેડા.

નિરક્ષર. વ્યવસાય : ખેતી. 1930 : ધરાસણા મીઠા-સત્યાગ્રહમાં સૈનિક. લાઠીમારથી ઘવાયા. 2 મહિના ઉપચાર કરવો પડ્યો. કૉંગ્રેસના કાર્યકર.

## પટેલ, મંગળભાઈ પૂંજાભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1930-32 : લડતમાં સક્રિય. ના-કર. ઘરવખરી જપ્ત. 3 મહિના કારાવાસ.

## પટેલ, મંગળભાઈ બાવાજી

માતર, જિ. ખેડા.

1932 : માતરના સરમુખત્યાર. 8 મહિના કારાવાસ. રૂ. 20 દંડ અથવા વધુ બે માસની કેદ.

## પટેલ, મંગળભાઈ શનાભાઈ

જન્મ : 20 એપ્રિલ, 1926. મિયાસરભોણ, તા. આમોદ, જિ. ભરૂચ.

અભ્યાસ : ધોરણ 7 ગુજરાતી.

1942ની લોકક્રાંતિ વખતે માત્ર 16 વર્ષની વયે પ્રભાતફેરી, ખાદીનો પ્રચાર, અસ્પૃશ્યતા-નિવારણ, દારૂબંધી, પછાત વર્ગોના પ્રશ્નો ઉકેલવા વગેરે કાર્યોમાં ભાગ લેતા. તે માટે ગામડાંનો પ્રવાસ કરતા. પાછળથી કૉંગ્રેસના સક્રિય કાર્યકર્તા.

## પટેલ, મંછાભાઈ રાયસંગભાઈ

ભિનાર, જિ. વલસાડ.

અભ્યાસ : 2 ધોરણ. વ્યવસાય : ખેતી. ખાદીધારણનો સંકલ્પ. 1933 : કિમ ગામે કમિશનરની સભામાં દેખાવો. 6 મહિના કારાવાસ.

## પટેલ, માધવદાસ

માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

1938 : દરબારી પોલીસ તરફથી મહેસૂલ વસૂલ કરવા વાસ્તે જપ્તીઓ શરૂ કરવામાં આવી. ગામની ખળાવાડને ઘેરો ઘાલવામાં આવ્યો. માધવદાસનું ગાડું અને પૂળા જપ્તીમાં લઈ ગયા.

## પટેલ, માધવદાસ દામોદરદાસ

અમદાવાદ.

1932 : ના-કર લડત. સભા-સરઘસ. 6 મહિના કારાવાસ. અત્યાચાર. ભૂગર્ભપ્રવૃત્તિ. પત્રિકા-વિતરણ.

## પટેલ, માધવભાઈ કુંવરજી

રાયમ, જિ. સૂરત.

1930-33માં દારૂતાડીનું પિકેટિંગ. મીઠા-સત્યાગ્રહ, ના-કર ચળવળ. હિજરત-પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. 1931માં 1 વર્ષ અને

6 મહિનાની સજા. રૂ. 500નો દંડ. 1930માં વાનરસેના પ્રવૃત્તિમાં ભાગ લેવા બદલ 6 મહિનાની સજા. 1942માં ભાંગફોડપ્રવૃત્તિ.

## પટેલ, માધવભાઈ નાથાભાઈ

જન્મ : 9 જૂન, 1886. લાછરસ, રાજપીપળા, જિ. ભરૂચ.

વડોદરા, કલાભવનમાં એલ.એમ.ટી. અભ્યાસ. 1917 : કપડવંજ. કપાસની ખેતીનો પ્રચાર કર્યો. કપાસની યાંત્રિક પ્રક્રિયાને ઉત્તેજન આપ્યું. સાર્વજનિક કાર્યો, સહકારી પ્રવૃત્તિમાં આગેવાન. 1930 : ધરાસણા મીઠા-સત્યાગ્રહ. લાઠીમારનો ભોગ. છ માસની સજા અને રૂ. 400/- દંડ અને દંડ ન ભરે તો ચાર માસની વધારે સજા. 1933-34માં બાલાસિનોરના નવાબ સામે જાગૃતિ લાવી વેઠની પ્રથા સામે આંદોલન કર્યું. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ધરપકડ. સાબરમતી, યરવડા, વિસાપુર જેલમાં 16 મહિના કારાવાસ.
અવસાન : 7 માર્ચ, 1955.

## પટેલ, માધવભાઈ નારણભાઈ

અડાલજ, જિ. અમદાવાદ.

1928માં વિલાયતી કાપડની હોળી. 1930માં ના-કરની લડત. ગામબહાર ઝૂંપડી બાંધી રહ્યા. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહ. ધરપકડ. 6 માસની જેલ.

## પટેલ, માધવભાઈ મોતીભાઈ

ઉમલ્લા, જિ. ભરૂચ.

વલ્લભભાઈ આદિની પ્રેરણાથી ગામમાં ઉત્સાહ. 1942 : અભ્યાસત્યાગ. સભા-સરઘસમાં સક્રિય. 1 વર્ષ કારાવાસ. વ્યવસાય : ખેતી.

## પટેલ, માધવલાલ અમીચંદ

જન્મ : 4 માર્ચ, 1906.

ગુજરાત કૉલેજનો અભ્યાસ છોડી 1930માં સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાયા. આંદોલનમાં ભાગ લેવા માટે ધરપકડ. ચાર માસની જેલની સજા સાબરમતી જેલમાં ભોગવી.
સ્વાતંત્ર્યસૈનિક તરીકે મળતા લાભ લેવાનો ઇન્કાર.
અવસાન : 14 ફેબ્રુઆરી, 1988.

## પટેલ, માધવલાલ છગનલાલ

જન્મ : 25 સપ્ટેમ્બર, 1904. નરોડા, જિ. અમદાવાદ.

અભ્યાસ : ગુજરાતી 7 ધોરણ. ખાદીકાર્યના નિષ્ણાત. બારડોલી સ્વરાજ આશ્રમમાં ફરજ. 1932ના સત્યાગ્રહ વખતે 1 વર્ષ અને 6 મહિનાની સજા. ફરીથી 1 વર્ષની સજા અને દંડ. ત્યારના સંજોગોમાં દંડ ન ભરવાનો નિર્ણય. જોકે 1934માં લડત પાછી ખેંચી લીધા પછી દંડની રકમ ભરીને પોતાની જમીન બચાવી. 1928ના બારડોલી સત્યાગ્રહમાં તેમજ 1930ના મીઠા-સત્યાગ્રહ વખતે કાર્યકર. જીવનભર ખાદીકાર્યને જ વરેલા.

## પટેલ, માધાભાઈ (બાલમુકુંદજી)

જન્મ : ધરાઈ, જિ. અમરેલી.

સ્વાતંત્ર્યની ચળવળમાં ભાગ લેતાં બાબરા દરબારે જમીન-ખોરડાં જપ્ત કર્યાં. ગામ છોડવું પડ્યું. સ્વરાજ આવ્યા પછી જમીન પાછી મળી. તે દરમિયાન ખૂબ મુશ્કેલીઓ વેઠવી પડી.

## પટેલ, માધુભાઈ જયસિંહભાઈ

બારડોલી.

1933 : પીપલાવ, ખેડા ગુજરાતના સરમુખ-ત્યારોની પરિષદમાં ઉપસ્થિત. લાઠીમાર. 2 વર્ષ કારાવાસ. રૂ. 300 દંડ. 1928 : બારડોલી સત્યાગ્રહમાં સક્રિય. 1930 : દાંડીકૂચમાં

સક્રિય.

## પટેલ, માધુભાઈ ભાઈલાલભાઈ

ઉત્તરસંડા, જિ. ખેડા.

1932 : ખેડા જિલ્લા રાજકીય પરિષદમાં સક્રિય. ધરપકડ, 3 મહિના કારાવાસ.

## પટેલ, માનસિંહ દલાભાઈ

જન્મ : 3 મે, 1924. જિ. સૂરત.

1942ની ચળવળમાં ગામડાંમાં આગેવાનો સાથે પ્રચારકાર્ય. હાઈસ્કૂલ પર ધ્વજ ચડાવવો, તારાપુરની બંગલી સળગાવી. તાર-ટેલિફોનના તાર કાપ્યા. જોખમ ખેડીને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. સરઘસ પર લાઠીમાર. ધરપકડ. પોલીસનો માર. શરીર પર કાયમી ક્ષતિ રહી ગઈ. 8 મહિનાની સજા.

## પટેલ, માનસિંહભાઈ પૃ.

જન્મ : 15 નવેમ્બર, 1919. ચરાડા, તા. વિજાપુર.

અભ્યાસ : બી.એ., એલએલ.બી., ઍડવોકેટ.

રાષ્ટ્રીય ભાવના. 1939થી વિદેશી વસ્ત્રોનો ત્યાગ કરી ખાદી અપનાવી. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં કૉલેજ છોડી લડતમાં. યુવાનોના સંગઠન માટે પ્રવાસ. પ્રજામંડળના ઉમેદવાર તરીકે 1946માં વડોદરા રાજ્યની ધારાસભામાં ચૂંટાયા. વિલીનીકરણ બાદ મુંબઈ રાજ્યની વિધાનસભાના સભ્ય. કૉંગ્રેસ પક્ષના દંડક. 1962 : લોકસભાના સભ્ય. મહેસાણામાં સહકારી ક્ષેત્રે દૂધસાગર ડેરીની સ્થાપના. શિક્ષણક્ષેત્રે સેવાઓ.

અવસાન : 30 સપ્ટેમ્બર, 1970.

## પટેલ, મુનદાસ શંકરભાઈ

જન્મ : 1919. વતન : ખાનકૂવા, જિ. ખેડા.

અભ્યાસ : ધોરણ 7 ગુજરાતી. 1942 : લોકક્રાંતિમાં સક્રિય. 8 મહિના કારાવાસ.

## પટેલ, મુનશી મહંમદ હસન

હોમરૂલ લીગ અને સત્યાગ્રહની લડતોમાં કાર્ય. ભરૂચ જિલ્લામાં લડતો અંગે ભાષણો, બારડોલી સત્યાગ્રહમાં તાલુકામાં ભાષણો. 1922માં ભાષણ કર્યું. તે અંગે 12 મહિનાની સજા. સાબરમતી જેલમાં.

## પટેલ, મૂળજીભાઈ

ખાનકોટડા, જિ. જામનગર.

જામનગર પ્રજા પરિષદના ઉત્સાહી ખેડૂત કાર્યકર્તા. પરિષદના સભ્યો નોંધતા તેમજ આગામી અધિવેશન અંગે પ્રચાર કરતા ત્યારે રાજ્યપ્રેરિત ગુંડાટોળીએ તેમને ઝૂડી નાખ્યા. છરી કાઢી 'પ્રચાર બંધ કરો નહીં તો મારી નાખીશું' એવી ધમકી આપી, પણ ડગ્યા નહિ. ભારે માર વેઠ્યો. માંડ બચ્યા.

## પટેલ, મૂળજીભાઈ મોતીભાઈ

કાસર, જિ. આણંદ.

અભ્યાસ : ધોરણ 7 ગુજરાતી. 1930 : કાસર. મીઠા-સત્યાગ્રહનું મીઠું રાખવા માટે 2 મહિના કારાવાસ. રૂ. 25 દંડ.

## પટેલ, મેઘજીભાઈ સવજીભાઈ

હલેન્ડા, જિ. રાજકોટ.

રાજકોટની લડતમાં ભાગ લેવાથી ત્યાંની રાજ્ય- સરકારે જમીન-ખોરડાં જપ્ત કર્યાં. વર્ષો સુધી જમીનવિહોણા રહેવાથી અનેક તકલીફો વેઠવી પડી. સ્વરાજપ્રાપ્તિ પછી જમીન પરત મળી.

## પટેલ, મોતીભાઈ કિશોરભાઈ

આખડોલ, જિ. ખેડા.

1932 : મહેસૂલ ભર્યું નહિ. જપ્તી વૉરંટ કાઢવામાં આવ્યું અને હિજરત કરી ગયા.

## પટેલ, મોતીભાઈ ગોરધનભાઈ

દૂધવાડા, જિ. વડોદરા.

પત્રિકાવિતરણ. 1940-41 : વ્યક્તિગત સત્યાગ્રહ. કારેલી. 10 મહિના કારાવાસ. બંધન દરમિયાન રાષ્ટ્રભાષાપ્રચાર. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. વેડચ ગેટ પર આક્રમણ કરી શસ્ત્રો કબજે કર્યાં. પકડીને હેરાન કર્યા.

## પટેલ, મોતીભાઈ જેઠાભાઈ

વતન : મહોળેલ, જિ. ખેડા.

1942 : ગામના આગેવાન હોવાથી 21 સપ્ટેમ્બરના દિવસે ધરપકડ કરીને અટકાયતમાં રાખ્યા.

## પટેલ, મોતીભાઈ બુધાભાઈ

જન્મ : 1915. આંકલાવ, જિ. ખેડા.

અભ્યાસ : 4 ધોરણ. 1932 : આંકલાવ સ્વયંસેવક મંડળની સ્થાપના. 1938 : હરિપુરા અધિવેશનમાં સ્વયંસેવક. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 6 મહિના કારાવાસ. મદ્યનિષેધ, અસ્પૃશ્યતાનિવારણ આદિ સેવાકાર્યો.

## પટેલ, મોતીભાઈ ભીખાભાઈ

કાસર, તા. આણંદ. અભ્યાસ : સાત ધોરણ.

1923ના નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ 12 માસની સજા અને રૂ. 50/- દંડ. સમાધાન થતાં વહેલા છૂટ્યા. 1932ની ચળવળમાં ધરપકડ. બાર માસની સજા વિસાપુર જેલમાં ભોગવી. 1942ની લડત વખતે ધરપકડ. બાર માસની સજા.

## પટેલ, મોતીભાઈ મગનભાઈ

સોખડા, જિ. વડોદરા.

1941 : વ્યક્તિગત સત્યાગ્રહ, વાસદ. 1 મહિનો કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. પાટામાર્ગની ભાંગફોડ. પત્રિકા-વિતરણ. સ્ફોટકની હેરફેર. 4 વર્ષ ભૂગર્ભપ્રવૃત્તિ.

## પટેલ, મોતીભાઈ મૂળજીભાઈ

કુંકાપુરા, તા. બોરસદ.

1930 : દાંડીકૂચ, પત્રિકાવિતરણ, ભાષણ. કઠાણામાં ધરપકડ. 9 મહિના કારાવાસ. રૂ. 150/- દંડ અથવા ત્રણ માસની જેલ વધારે.

પટેલ, મોતીરામ કેશવભાઈ

રાંદેર, જિ. સૂરત.

1920 : અસહકારની ચળવળમાં સરકારી શાળાનો ત્યાગ. રાષ્ટ્રીય શાળામાં જોડાયા. નવજીવનની ફેરી. 1932 : પત્રિકાવિતરણ. 6 મહિના કારાવાસ. 50 રૂપિયા દંડ. ગોડસંબા. રાનીપરજ વિદ્યાલયમાં આચાર્ય.

## પટેલ, મોરારજી કસનજી (ભક્ત)

જન્મ : 21 મે, 1898. સ્યાદલા, જિ. સૂરત.

1921 : બારડોલીમાં પ્રજાજાગૃતિકાર્ય. સુરાલી પીઠા પર દેખાવો. 6 મહિના કારાવાસ. 1928 : બારડોલી સત્યાગ્રહ. કરવિરોધ. 1930 : બારડોલી ના-કર સત્યાગ્રહમાં આગેવાન. 1940 : દંપતી દ્વારા વ્યક્તિગત સત્યાગ્રહ. સીકેર ગામે ખેડૂત પરિષદ. 4.5 વર્ષ કારાવાસ. પત્નીને 2.5 વર્ષ કારાવાસ ઉપરાંત 1,400 રૂપિયા દંડ. ભૂમિ સહિત બધી સંપત્તિ સરકારે જપ્ત કરી. છતાં મહેસૂલ નહિ ભરાતાં વૃદ્ધ પિતાને કારાવાસ અપાયો.

અવસાન : 1 ઑગસ્ટ, 1953.

## પટેલ, મોરારજીભાઈ બહેચરભાઈ

જન્મ : રાંદેર, સૂરત.

રાંદેરની મ્યુ. શાળામાં શિક્ષક. વિદ્યાર્થીઓને ઉશ્કેરવાના આરોપ હેઠળ ધરપકડ. બે દિવસ કસ્ટડીમાં. 1920 : અસહકારની લડતમાં સરકારી શાળાના બહિષ્કારના કાર્યક્રમ હેઠળ રાંદેરની શાળામાંથી રાજીનામું. રાષ્ટ્રીય કુમારશાળામાં શિક્ષક તરીકે જોડાયા. રાંદેર ગામની બધી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં મોખરે રહ્યા હતા.

## પટેલ, મોરારભાઈ નારણભાઈ

નવસારી.

1930 : કસ્તૂરબાની સભા, દારૂતાડી નિષેધ પર ભાર. તાડીવૃક્ષો કાપવાનું કાર્ય 1942 સુધી. 1942 : ધ્વજારોપણ, સભા-સરઘસ, કારાવાસ. દંડ. ગ્રામસેવા. યાતના.

## પટેલ, મોરારભાઈ પાંચાભાઈ

જન્મ : 1890. પાણી ફળિયા, કરાડી, જિ. વલસાડ.

અભ્યાસ : ધોરણ 4 અંગ્રેજી. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 22 ઑગસ્ટના રોજ મટવાડ સાર્વજનિક સભા. સરઘસાકારે વિસર્જન. પોલીસ ગોળીબારમાં તત્કાળ મરણ.

## પટેલ, મોહનભાઈ ઝવેરભાઈ

ભાવનગર.

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. ભાવનગરથી ધરપકડ કરવામાં આવી. જેલમાં લાંબી સજા.

## પટેલ, મોહનભાઈ બેચરભાઈ

જન્મ અને વતન : બ્રાહ્મણવાડા, તા. સિદ્ધપુર.

આઝાદીની લડતનું વાતાવરણ, ગાંધીજીનો પ્રભાવ. સિદ્ધપુરની મિલમાં મજૂરી. રાષ્ટ્રવાદી બન્યા. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ક્રાંતિકારોનો સાથ. ભાંગફોડમાં રસ. કામલી સ્ટેશન પાસે બે પાટા વચ્ચે લોખંડનો ખીલો બેસાડતાં ગેંગમૅને પકડી લીધા. કેસ. સાત વર્ષની સખત કેદની સજા. 1942થી '46 : સાબરમતી સેન્ટ્રલ જેલમાં. 25-1-1946થી રાજકોટની જેલમાં. આંદોલનના કેસો પાછા ખેંચાતાં 16-10-1946ના રોજ જેલમાંથી મુક્તિ. કુલ 4 વર્ષ 9 માસ કારાવાસ ભોગવ્યો.

## પટેલ, મોહનભાઈ વીરજીભાઈ

અમરેલી.

1931માં ધ્રાંગધ્રાની લડતમાં માનભરી સુલેહ કરાવવા પ્રતિનિધિ મંડળના સભ્ય. 1942ની લડતમાં ભાગ. લડતનો દોર સંભાળ્યો. ગામડાંઓમાં લડતનો પ્રચાર. ધરપકડ. જેલવાસ.

## પટેલ, મોહનલાલ તુલસીદાસ

જન્મ : 1917. ચરાડવા.

1930ના મીઠાના સત્યાગ્રહ વખતે વિરમગામ છાવણીમાં ધરપકડ. નાની ઉંમરને લીધે માત્ર દંડની સજા થઈ. ત્યાર પછી ફરી બે વાર પકડાયા. જેલવાસ.

## પટેલ, મોહનલાલ મગનલાલ

કનીપુર, જિ. ખેડા.

1942 : 18 ઑગસ્ટના રોજ વડોદરાથી આણંદની આસપાસનાં ગામોમાં 'હિન્દ છોડો' ચળવળનો પ્રચાર કરી, પત્રિકાઓ વહેંચી સાંજે પાછા ફરતાં અડાસ સ્ટેશને વિદ્યાર્થીઓ પરના પોલીસ ગોળીબારમાં અવસાન.

## પટેલ, મોહનલાલ વીરજીભાઈ

જન્મ : 19 જૂન, 1888. ગોખરવાળા, જિ. અમરેલી.

વિદેશી માલના બહિષ્કારની પ્રવૃત્તિમાં. વિદેશી કપડાંની હોળી કરી ખાદી ધારણ કરી. 1938ની રાજકોટની લડતમાં. 2.5 માસ આકરો જેલવાસ.

અવસાન : 1 ડિસેમ્બર, 1974.

## પટેલ, રઘુભાઈ નાનજીભાઈ

જન્મ : હરિપર.

રાજકોટની લડતમાં ભાગ લીધો. રાજ્યની સરકારે તેમનાં જમીન-ખોરડાં જપ્ત કર્યાં. સ્વરાજ મળ્યા બાદ તેમને તેમની જમીન પરત કરવામાં આવી. હાલ ખેતી કરે છે.

## પટેલ, રણછોડભાઈ

આઝાદી સંગ્રામના લડવૈયા, કામદાર નેતા. સત્યાગ્રહ-આંદોલનમાં સૂરત ખાતે દારૂની દુકાન પર પિકેટિંગ, ધરપકડ, જેલની સજા. જેલમાં દિનકર મહેતા, હરિપ્રસાદ દેસાઈ, જયંતિ દલાલ, કરસનદાસ માણેક વગેરે સાથીઓ. તેમણે દિનકર મહેતાને સમાજવાદ પ્રત્યે આકર્ષ્યા. પછી અમદાવાદમાં ભૂગર્ભમાં રહી સામ્યવાદી પક્ષની પ્રવૃત્તિ. અમદાવાદના કામદારો અને યુવાનોમાં સમાજવાદી વિચારસરણીનો પ્રચાર. મિલ મજદૂર યુનિયનના નેતા. 1939માં સામ્યવાદી પક્ષના પ્રથમ અધિવેશનમાં અમદાવાદ સભાના મંત્રી ચૂંટાયા. આઝાદ હિન્દ ફોજના આગેવાનોની મુક્તિના આંદોલનમાં, હરિજનોના મંદિરપ્રવેશની લડત વગેરેમાં સક્રિય.

અવસાન : 3 જાન્યુઆરી, 1980.

## પટેલ, રણછોડભાઈ કલ્યાણજી

આગપુરા, વાલોડ, જિ. સૂરત.

1928માં પત્રિકાવિતરણ. 1930 : ધરાસણા સત્યાગ્રહમાં ભાગ. 1941 : વાણીસ્વાતંત્ર્ય સત્યાગ્રહ. 3 મહિના કારાવાસ. 1942 : હિંસક પ્રવૃત્તિ. બૉમ્બનિર્માણ. હેરાફેરી. પુલ-ગાડીની તોડફોડ. ધરપકડ. 7 મહિના કારાવાસ. નિવૃત્ત. આધ્યાત્મિક જીવન.

## પટેલ, રણછોડભાઈ કાનજીભાઈ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં આગળ પડતો ભાગ લીધો. સભા-સરઘસો, પત્રિકાપ્રવૃત્તિ વગેરેમાં સક્રિય હતા. તેમની ધરપકડ કરવામાં આવી અને જેલની સજા પણ ભોગવી હતી.

## પટેલ, રણછોડભાઈ ગિરધરભાઈ

જન્મ : 6 એપ્રિલ, 1908. કાસર, જિ. ખેડા.

અભ્યાસ : અંગ્રેજી 6 ધોરણ. 1930 : સવિનય કાનૂનભંગ સત્યાગ્રહ. સાબરમતી જેલમાં 3 મહિના કારાવાસ.

## પટેલ, રણછોડભાઈ જીજીભાઈ

1930 : દાંડીકૂચ. કુંકાપુરા, જિ. ખેડામાં પત્રિકા-વિતરણ, કઠાણામાં ભાષણ. 6 મહિના કારાવાસ. રૂ. 100 દંડ. કુલ 12 મહિના કારાવાસ.

## પટેલ, રણછોડભાઈ જીવાભાઈ

ઢૂંઢાકૂવા, જિ. ખેડા.

1930 : લડતમાં ગામના આગેવાન. સરકારી શાળાનો બહિષ્કાર. રાષ્ટ્રીય શાળાની સ્થાપના. ના-કર સત્યાગ્રહ. મહેસૂલ ભર્યું નહિ. ઊભા પાક સાથે ખેતર જપ્ત. વડોદરા સીમમાં પ્રવચન. સરઘસની આગેવાની. 6 મહિના કારાવાસ. 1942 : પુત્રો સક્રિય. પત્ની હરખાબહેન પણ સત્યાગ્રહી.

## પટેલ, રણછોડભાઈ જેઠાભાઈ

અમદાવાદ.

નાનપણમાં પિતાનું મરણ. 16 વર્ષની વયે અભ્યાસ-ત્યાગ. નોકરી સાથે દેશનું કાર્ય. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલનમાં ભાગ લેવાથી ધરપકડ. અસ્પૃશ્યતાનિવારણ, શિક્ષણક્ષેત્રમાં કાર્ય. આશ્રમમાં પ્રમુખ. નિવાસીઓની સેવા.

## પટેલ, રણછોડભાઈ ડાહ્યાભાઈ

વતન : અછારણ, જિ. સૂરત.

1930માં સ્વાતંત્ર્યસંગ્રામના સૈનિક તરીકે ધરાસણામાં ધરપકડ. 6 મહિનાની સજા.

## પટેલ, રણછોડભાઈ નરસિંહભાઈ

અવિધા, ઝઘડિયા, જિ. ભરૂચ.

રાજપીપળામાં રજવાડાનો અત્યાચાર. તે સામે લોકલડત. સત્યાગ્રહ. ત્યાગ. યાતના ભોગવી. લોકસેવા. પ્રજાને ઉગારવામાં સહાય.

## પટેલ, રણછોડભાઈ નારણભાઈ

ઉત્તરસંડા, જિ. ખેડા.

1932માં સત્યાગ્રહમાં. પત્રિકાવિતરણ. 1942માં ભાંગફોડ, પાટા ઉખેડ, પ્રચારને પ્રોત્સાહન. 7 મહિના કારાવાસ. યાતના સહન.

પટેલ, રણછોડભાઈ પુરુષોત્તમ

નારદીપુર, કલોલ, જિ. મહેસાણા.

1930 : ધરાસણામાં મીઠા-સત્યાગ્રહી ટુકડીના સભ્ય. બારેજડીમાં અટકાયત. 3 મહિના કારાવાસ. અમદાવાદથી પુનઃ સત્યાગ્રહ ટુકડીમાંથી ધરપકડ. 3 મહિના કારાવાસ. આમ વારંવાર ધરપકડ અને મુક્તિ છતાં દેશસેવામાં અટલ.

## પટેલ, રણછોડભાઈ પ્રભુદાસ

ઉમલ્લા, જિ. ભરૂચ.

સૂરતમાં સત્યાગ્રહમાં સક્રિય. 1 વર્ષ કારાવાસ. રાજપીપળામાં લોકજાગૃતિનું કાર્ય. મુક્તિ પછી ગામહિતનાં કાર્યોમાં પ્રવૃત્ત.

## પટેલ, રણછોડભાઈ બકોરભાઈ

જન્મ : 1886. અસલાલી, જિ. અમદાવાદ.

1930ની દાંડીકૂચ વખતે મુખીપણાનું રાજીનામું. અન્ય મુખીઓને રાજીનામાં અપાવામાં મુખ્ય ભાગ. મીઠા-સત્યાગ્રહમાં 4 માસની સજા. 1932ના આંદોલનમાં 2 વર્ષની સજા. 1940ના વ્યક્તિગત સત્યાગ્રહમાં 6 માસની સજા. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળ વખતે 2 વર્ષ અટકાયતમાં. ચુસ્ત ખાદીધારી. અસ્પૃશ્યતાનિવારણ અને સામાજિક પ્રવૃત્તિઓમાં અગ્રણી.

## પટેલ, રણછોડભાઈ બાપુભાઈ

બોરસદ, જિ. આણંદ.

1931-32 : 16 વર્ષની વયે સંગ્રામપ્રવેશ. પત્રિકા- વિતરણ કરતાં ધરપકડ. અમદાવાદ પરિષદમાં ઉપસ્થિતિ. ધરપકડ. મુંબઈમાં પિકેટિંગ. 6 મહિના કારાવાસ. ઘરની વિકટ પરિસ્થિતિ. પિતા દમના રોગી. ખેતીવાડી રઝળી. આર્થિક ભીંસ. ટૂંકા પગારની નોકરી.

## પટેલ, રણછોડભાઈ બાવાજીભાઈ

અમિયાદ, જિ. ખેડા.

1932 : ના-કર લડત અનુસાર, 16 એપ્રિલના દિવસે ઘરનાં વાસણો જપ્ત થવા દીધાં.

## પટેલ, રણછોડભાઈ મંગળભાઈ

જન્મ : 24 ફેબ્રુઆરી, 1905.

વતન : બોરિયાવી, જિ. આણંદ. અભ્યાસ : મૅટ્રિક. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહ ખેડાની ટુકડીમાં. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલન. 6 મહિના કારાવાસ બોરસદ, નડિયાદ. પરદેશી કાપડનો બહિષ્કાર.

## પટેલ, રણછોડભાઈ મિહારભાઈ

રાયમ, બારડોલી.

1930માં ગાંધીજી સાથે સત્યાગ્રહ. કૂવા ગામે ધરપકડ. 56 દિવસ કારાવાસ. પોલીસ દ્વારા અત્યાચાર.

## પટેલ, રણછોડભાઈ મોરારભાઈ

રાયમ, જિ. સૂરત.

1930ની લડતમાં ભાગ લીધો. 6 મહિનાની સજા. 1942માં ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ.

## પટેલ, રણછોડભાઈ લાલાભાઈ

જન્મ : 1924. કરાડી, જિ. વલસાડ.

વડોદરા કૉલેજના વિદ્યાર્થી. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલન. અડાસ સ્ટેશન પાસે 18 ઑગસ્ટ, 1942ના રોજ પોલીસનો ગોળીબાર. તત્કાળ અવસાન.

## પટેલ, રણછોડભાઈ વેરીભાઈ

ત્રાણજા, જિ. ખેડા.

1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેવાથી 6 મહિના કારાવાસ.

## પટેલ, રણછોડભાઈ સવજીભાઈ

મહીધરપુરા, જિ. સૂરત.

1942 : 'હિન્દ છોડો' આંદોલન. સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ.

## પટેલ, રણછોડભાઈ હરિભાઈ

જન્મ : 2 સપ્ટેમ્બર, 1919. મણુંદ, જિ. મહેસાણા.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં મિત્રોની પ્રેરણાથી જોડાયા. ધરપકડ. એક વર્ષનો કારાવાસ. વડોદરા રાજ્ય પ્રજામંડળમાં સક્રિય. સ્વતંત્ર પક્ષમાં સક્રિય.

અવસાન : 1 જુલાઈ, 1992.

## પટેલ, રતનજી ડાહ્યાભાઈ

માસમા, સૂરત.

1940-41 : વ્યક્તિગત સત્યાગ્રહ. 4 મહિના કારાવાસ. મુક્તિ પછી પુનઃ લડતમાં. 1942 : 'હિન્દ છોડો' સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ.

## પટેલ, રતનજી ભગાભાઈ

આહવા.

1921 : બારડોલી સત્યાગ્રહ. પરદેશી કાપડ અને દારૂની દુકાનો પર પિકેટિંગ. 1928 : બારડોલી ના-કર સત્યાગ્રહ. 1930 : ના-કર સત્યાગ્રહ. હિજરત. 100 એકર ભૂમિ જપ્ત. 5 વર્ષે પાછી મળી. 1920-40 : બારડોલીનાં સઘળાં આંદોલનમાં સક્રિય.

અવસાન : 1940.

## પટેલ, રતિભાઈ આશાભાઈ

નવાગામ, તા. માતર.

1930 : અભ્યાસત્યાગ. ગામડાંમાં પ્રચારકાર્ય. ધરપકડ થઈ અને કારાવાસ. મુક્તિ બાદ ખાનગી નોકરી.

## પટેલ, રતિલાલ આણંદજી

જન્મ : 31 જુલાઈ, 1915. કેરાળા, જિ. અમરેલી.

1930ની અમરેલીની લડતમાં સક્રિય. 1938 : જૂનાગઢ પ્રજામંડળમાં કામ કર્યું. જૂનાગઢની આરઝી હકૂમતમાં. હરિજનસેવાનું કામ. બાલાગામ હરિજન શાળા શરૂ કરી. મરણતોલ માર ખાધો.

## પટેલ, રતિલાલ ગોરધનદાસ

જન્મ : 14 ફેબ્રુઆરી, 1917. ભાદરણ, જિ. ખેડા.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં. 18 ઑગસ્ટના રોજ વડોદરાથી ચળવળના પ્રચાર માટે આણંદ તાલુકાનાં ગામોમાં પ્રવાસ કરી પત્રિકાઓ વહેંચી. પાછા ફરતાં અડાસ સ્ટેશને પોલીસ ગોળીબારમાં તત્કાળ અવસાન.

## પટેલ, રતિલાલ શનાભાઈ

કરમસદ, જિ. આણંદ.

1942 : વિદ્યાર્થી સરઘસ. ધરપકડ. 1 વર્ષને 4 મહિના અટકાયત.

## પટેલ, રમણલાલ કલ્યાણજી

રાંદેર, જિ. સૂરત.

ખેડૂત કુટુંબ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. કૉલેજત્યાગ. બૉમ્બપ્રવૃત્તિ. ભૂગર્ભપ્રવૃત્તિ. 1 વર્ષ કઠોર કારાવાસ. સાબરમતી.

## પટેલ, રમણલાલ પુરુષોત્તમદાસ

જન્મ : 8 માર્ચ, 1927. ધર્મજ, જિ. આણંદ.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં 18 ઑગસ્ટના રોજ વડોદરાથી નીકળી આણંદ તાલુકાનાં ગામોમાં લડતનો પ્રચાર કરી, પત્રિકાઓ વહેંચી સાંજે પાછા ફરતાં અડાસ સ્ટેશને પોલીસ ગોળીબારમાં તત્કાળ અવસાન.

## પટેલ, રમાલક્ષ્મીબહેન મોતીભાઈ

મેલાવ, જિ. ખેડા. નિવાસ : ડાકોર.

કરાંચીમાં રેંટિયા વર્ગનું સંચાલન. 2 વર્ષ કારાવાસ. સાબરમતી, યરવડા. ડાકોર રણછોડજી મંદિરમાં બેસે છે. જે કંઈ મળે તેના પર ગુજારો કરે છે. વય 75 આશરે.

## પટેલ, રસિકલાલ હરકિશનદાસ

1942 : 'ભારત છોડો' આંદોલનમાં સક્રિય. 1 મહિનો કારાવાસ.

## પટેલ, રામચંદ્ર દુ.

નિવાસ : દહેરી, જિ. વલસાડ.

1930થી સત્યાગ્રહ આંદોલનમાં પ્રવેશ. સભા-સરઘસ, પ્રભાતફેરી, પત્રિકાવિતરણ. ધરપકડ. કારાવાસ. મુક્તિ પછી પુનઃસ્વાતંત્ર્યઆંદોલનમાં પ્રવૃત્તિ. તામ્રપત્ર એનાયત થયેલ છે.

## પટેલ, રામજીભાઈ રુગનાથભાઈ

જન્મ : 20 ડિસેમ્બર, 1920. ભાન્ડુ, જિ. મહેસાણા.

ધાર્મિક અને સેવાના સંસ્કાર. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં નોકરી-ત્યાગ. આંદોલનમાં સક્રિય. આર્યસંગઠન પ્રગતિમંડળમાં જોડાઈ, ભાંગફોડની પ્રવૃત્તિ. ઊંઝા કાવતરા કેસના ફરારી આરોપી. કોર્ટ સમક્ષ હાજર થયા બાદ કાચી જેલ પછી જામીન પર. કેસ પાછો ખેંચાયો – જુલાઈ, 1946. પોલીસને થાપ આપી દેશયાત્રા કરી. ગાંધીજીના આદેશ અનુસાર જાતે પોલીસ સમક્ષ ઉપસ્થિત થયા. ભારત સેવા સમાજ, છાત્રાલયો, આશ્રમોમાં સેવા. વ્યવસાય : ધંધો.

## પટેલ, રામદાસ પરસોત્તમદાસ

ભદામ, રાજપીપળા, જિ. નર્મદા.

1938 વિદેશી માલ, દારૂનાં પીઠાં પર પિકેટિંગ. સભા-સરઘસ અસહકાર. સંદેશાવહન. શસ્ત્રોની હેરફેર. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. કારાવાસ. દંડ ના ભરાતાં ઘરવખરી જપ્ત.

## પટેલ, રામદાસ રણછોડભાઈ

અવિધા, જિ. ભરૂચ.

રાજપીપળા રજવાડાનો અત્યાચાર. તે સામે લોકલડત. લોકસભા સંસ્થાની સ્થાપના. સત્યાગ્રહ. દેશી રાજ્યમાં કારાવાસ. યાતના બેડી ધારણ.

## પટેલ, રામભાઈ

સોજિત્રા, જિ. આણંદ

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન લડત અંગેની પત્રિકાઓ છપાવવી, વહેંચવી, આસપાસનાં ગામોમાં મોકલી આપવી વગેરેની વ્યવસ્થા કરવામાં રામભાઈએ મુખ્ય ભાગ ભજવ્યો હતો.

## પટેલ, રામભાઈ ઉમેદભાઈ

જન્મ : 1916. લીંબાસી, જિ. ખેડા.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં. અમદાવાદ. પોલીસને થાપ આપી નાસી છૂટ્યા.

## પટેલ, રામભાઈ કાશીભાઈ

જન્મ : 3 જાન્યુઆરી, 1902. વતન : વસો.

અભ્યાસ : બી.એસસી., બી.ટી.

1920-21ની અસહકારની લડત વખતે વડોદરા કૉલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થી. ગૂજરાત વિદ્યાપીઠના આચાર્યશ્રી ગિદવાણીજીએ વડોદરામાં વિદ્યાર્થીઓની સભામાં સરકારી શિક્ષણ-સંસ્થાઓનો બહિષ્કાર કરવા હાકલ કરી. તેથી અભ્યાસ છોડી લડતમાં ભાગ લીધો. પાછળથી કૉલેજનો અભ્યાસ પૂરો કરી, વસોની શિક્ષણસંસ્થામાં આજીવન સ્વયંસેવક તરીકે સેવા આપી. તે સાથે ગાંધીજીની વિચારસરણીનો પ્રચાર કરતા.

## પટેલ, રામભાઈ છગનભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1930 : મીઠા સત્યાગ્રહ. 7 ગામોના મુખીઓનાં ત્યાગપત્રો મેળવ્યાં. 2 મહિના કારાવાસ. ના-કર. ઘરવખરી તથા કાપડ પણ જપ્ત.

## પટેલ, રામભાઈ છીબાભાઈ

જન્મ : 16 જાન્યુઆરી, 1922. ઇચ્છાપોર, તા. ચૌર્યાસી.

પિતા તરફથી રાષ્ટ્રીય ભાવનાનો વારસો. મૅટ્રિક 1941માં. 1942ની લડત વખતે ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. વેગામ, ખડસૂપા, સાલેજ વગેરે ગામોના સરકારી ચોરા અને તલાટીનાં દફતરો બાળવામાં મિત્રો સાથે ભાગ લીધો. લડત બાદ બૅંકની નોકરી.

## પટેલ, રામભાઈ ઝવેરભાઈ

આખડોલ, જિ. ખેડા.

1932 : સવિનય કાનૂનભંગ. ના-કર. વૉરંટ આવતાં હિજરત કરી ગયા.

## પટેલ, રામભાઈ ત્રિકમભાઈ

વતન : નહાર, જિ. ખેડા.

1920 : ભરૂચ. રચનાત્મક કાર્યકરોની ટુકડીના સભ્ય. રાયમા. ગણોતની ભૂમિમાં ખેતીનો આરંભ. રેંટિયો, હરિજન ઉત્કર્ષ, ખેતી મુખ્ય કાર્યક્ષેત્ર. 1930 : મીઠા-સત્યાગ્રહ, દુકાળસેવા, આગસેવા. બધે પ્રજા સાથે સક્રિય. સત્યાગ્રહી યાત્રીઓનું સ્વાગત. વિશ્રામવ્યવસ્થા. દંપતીની સમાન સેવા. અતિથિ સેવા.
અવસાન : 7 ફેબ્રુઆરી, 1950.

## પટેલ, રામભાઈ દેસાઈભાઈ

જન્મ : 1908. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : 5 ધોરણ. 1930 : દાંડીકૂચ. મીઠા-સત્યાગ્રહ. બદલપુરની ટુકડીમાં સભ્ય. લાઠીમારમાં ઈજા. નડિયાદ દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 1.5 મહિનો કારાવાસ. ધરાસણા કૂચ. મારમાં ઈજા. 1932માં સત્યાગ્રહ. 7 મહિના કારાવાસ. વિસાપુર. મજૂર મહાજનમાં કાર્યકર.

## પટેલ, રામભાઈ ભૂલાભાઈ

ડલભાઈ, જિ. વલસાડ.

સીસોદરા ગામ. છાવણી. ખજૂરીનાં ઝાડ કાપવાં, દારૂબંધી માટે પ્રચાર – અમલસાડ. પરદેશી કાપડની હોળી. 1930 : દાંડીકૂચમાં. ધરાસણા મીઠા- સત્યાગ્રહ. વરલીમાં 2 મહિના કારાવાસ. સત્યાગ્રહમાં 4 મહિના કારાવાસ – બુટવાલ. પુનઃ કારાવાસ. 2 મહિના.

## પટેલ, રામાભાઈ શિવાભાઈ

કરમસદ, જિ. ખેડા.

1942 : 'હિન્દ છોડો' આંદોલન. ગામમાં સરઘસ. ધરપકડ. 8 મહિના કારાવાસ.

## પટેલ, રામભાઈ સોમાભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1930 : સત્યાગ્રહમાં ભાગ. ધરપકડ. 5 અઠવાડિયાં કઠોર કારાવાસ. રૂ. 40 દંડ.

## પટેલ, રામાભાઈ મકનજી

રાંદેર, જિ. સૂરત.

અભ્યાસ : વેડછી, સ્વરાજ્ય આશ્રમ. 1942 : લોકક્રાંતિમાં સક્રિય. બે વાર કારાવાસ. 6 મહિના અને 2 મહિના. મુક્તિ પછી ખાદીકામમાં પ્રવૃત્ત.

## પટેલ, રાવજીભાઈ ઈશ્વરભાઈ

ભાદરણ, જિ. આણંદ.

1923ના નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લેવા ભાદરણથી છ જણા નાગપુર ગયા હતા. ત્યાં તેમની ધરપકડ કરી એક વર્ષની સખત કેદની સજા કરવામાં આવી. પરંતુ લડતનું સમાધાન થવાથી તેઓ અઢી મહિના પછી છૂટી ગયા હતા.

## પટેલ, રાવજીભાઈ ઉમેદભાઈ

જન્મ : 15 ઑગસ્ટ, 1915. નાબાડ, જિ. ખેડા.

1942 'હિન્દ છોડો' સત્યાગ્રહ. કૉલેજનો ત્યાગ. ભૂગર્ભવાસ. વ્યવસાય : ધંધો.

## પટેલ, રાવજીભાઈ છોટાભાઈ

વતન : ઓડ, જિ. આણંદ

અભ્યાસ : 7 અંગ્રેજી. આણંદ પરદેશી કાપડની દુકાન પર પિકેટિંગ. 6 મહિના કારાવાસ. રૂ. 50 દંડ.

## પટેલ, રાવજીભાઈ ચતુરભાઈ

નડિયાદ, જિ. ખેડા.

1920-21ની અસહકારની ચળવળ વખતે સરકારી કૉલેજનો ત્યાગ કરીને રાષ્ટ્રીય વિદ્યાલયમાં જોડાયા. અમદાવાદમાં 1921માં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું ત્યારે ઉત્સાહથી સ્વયંસેવક તરીકે સેવા આપી. મે, 1930માં ધરાસણામાં મીઠાના કાયદાનો ભંગ કરવા ટુકડીને લઈને ગયા ત્યાં સખત લાઠીમારનો ભોગ બન્યા.

## પટેલ, રાવજીભાઈ ઝવેરભાઈ

પીજ, જિ. ખેડા.

અભ્યાસ : 4 અંગ્રેજી. 1930 : સત્યાગ્રહ. મારપીટ. પત્રિકાપ્રચાર. વય નાની હોવાથી રેફરમેટરી શાળામાં 2 વર્ષ. પુણે.

## પટેલ, રાવજીભાઈ ડાહ્યાભાઈ

પીજ, જિ. ખેડા.

અભ્યાસ : બી.એ., એલએલ.બી. બૅરિસ્ટર. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. વસઈનો પુલ ઉડાડવાનો આરોપ. 1 વર્ષ અને 6 મહિના વિસાપુરમાં કારાવાસ.

## પટેલ, રાવજીભાઈ નાથાભાઈ

જન્મ : 3 જૂન, 1899. સોજિત્રા, જિ. આણંદ.

1920 : કૉલેજત્યાગ. ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં પ્રવેશ. પ્રાંતિજમાં જઈને ખાદીપ્રચાર કર્યો. 1927 : પૂરસંકટમાં સેવાકાર્ય. 1930 : 'દાંડીકૂચ'. કારાવાસ. 1932 : પુનઃ સત્યાગ્રહ અને કારાવાસ. 1939 : ભલાડામાં ઉદ્યોગમંદિરની સ્થાપના. 1940 : ખેડા મંડળ ઉદ્યોગ સહકારી મંડળીની સ્થાપના. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. કારાવાસ.

અવસાન : 3 મે, 1959.

## પટેલ, રાવજીભાઈ બકોરભાઈ

વડોદરા.

પત્રિકાવિતરણ તથા તેનું સંચાલન કરતા. 1 વર્ષનો કારાવાસ. 1938 : હરિપુરા અધિવેશન. સ્વયંસેવક. ગામડાંમાં પ્રશિક્ષણ. 1942 : વડોદરા. લાઠીમારમાં સખત ઘવાયા. સાજા થતાં કારાવાસ અપાયો.

## પટેલ, રાવજીભાઈ ભાઈલાલભાઈ

જન્મ : 13 જાન્યુઆરી, 1919. પીજ, જિ. ખેડા.

અભ્યાસ : બી.એ, બી.ટી. 1942 : 8મી ઑગસ્ટ વડોદરા કૉલેજનો ત્યાગ. 11મી : રેલગાડીનો સામાન તોડફોડ મંડળીમાં. ધરપકડ અને છુટકારો. આણંદ. પત્રિકાપ્રચાર. ભાંગફોડ નડિયાદ. કૂચ કરતાં ધરપકડ. 6 મહિના કારાવાસ. વ્યવસાય : શિક્ષણકાર્ય.

## પટેલ, રાવજીભાઈ મણિભાઈ

જન્મ : 1886. સોજિત્રા, જિ. આણંદ.

દક્ષિણ આફ્રિકામાં. ગાંધીજીનો પરિચય. સાર્વજનિક જીવનનો આરંભ. 1912 : દક્ષિણ આફ્રિકા. ફીનિક્સ આશ્રમમાં. બોરસદનાં ગામોમાં યાત્રા. ખેડૂતોની દશાની માહિતી મેળવી. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ. પેટલાદ મહેસૂલ સત્યાગ્રહમાં સફળતા. 1930 : 'દાંડીકૂચ' મીઠા- સત્યાગ્રહ. 2 વર્ષ કારાવાસ. 1932 : ના-કર સત્યાગ્રહ. વિસાપુરમાં સવા બે વર્ષ કારાવાસ. નડિયાદ

વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની સ્થાપનામાં સક્રિય. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 2 વર્ષ કારાવાસમાં પુસ્તકો વાંચતા હતા. રચનાત્મક કાર્ય. સમાજસુધારણા. 'શિવામ્બુ ચિકિત્સા' વિશે પુસ્તક લખ્યું. ભારત સેવક સમાજમાં સક્રિય.

અવસાન : 20 જાન્યુઆરી, 1962. અમદાવાદ.

## પટેલ, રાવજીભાઈ મુનદાસભાઈ

ચકલાસી, જિ. ખેડા.

1941 : વ્યક્તિગત સત્યાગ્રહ આંદોલનમાં સક્રિય. 6 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. સમર્થનનો ઠરાવ. સરઘસ. ધરપકડ 6 મહિના કારાવાસ. રૂ. 50 દંડ. તામ્રપત્ર એનાયત થયેલ છે. સેવાકાર્યમાં સક્રિય.

## પટેલ, રાવજીભાઈ મૂળજીભાઈ (સોહમ્)

જન્મ : 2 એપ્રિલ, 1910. નડિયાદ, જિ. ખેડા.

1920 : સરકારી શાળાનો ત્યાગ. રાષ્ટ્રીય શાળામાં પ્રવેશ. 1930 : વિદેશી કાપડ ભંડાર સામે પિકેટિંગ. ધરપકડ અને મુક્તિ. 1932 : પુનઃ પિકેટિંગ. 4 મહિના કારાવાસ. 1940 : વાણીસ્વાતંત્ર્ય સત્યાગ્રહ. 7 મહિના અને ફરી 5 મહિના અટકાયત. 1942 : લોકક્રાંતિ. 7 મહિના કારાવાસ. નિવાસ : ઇંગ્લૅન્ડ. વ્યવસાય : જ્યોતિષી.

## પટેલ, રાવજીભાઈ મોતીભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1930 : મીઠ-સત્યાગ્રહ. 4 મહિના કારાવાસ.

## પટેલ, રાવજીભાઈ રણછોડભાઈ

જન્મ : 3 ડિસેમ્બર, 1921. બોરિયાવી, જિ. ખેડા.

અભ્યાસ : ગૂજરાત વિદ્યાપીઠના વિનીત. 1942 : આગાખાન મહેલ. ગાંધીજીના ઉપવાસ. સત્યાગ્રહ ટુકડીના સભ્ય. પુણે યરવડામાં 15 દિવસ કારાવાસ.

## પટેલ, રાવજીભાઈ લલ્લુભાઈ

ઓડ, જિ. આણંદ.

1928માં દેશપ્રેમથી પ્રેરાઈ રાષ્ટ્રકાર્ય. 2 મહિના કારાવાસ. 1931-32ના સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય. 6 મહિના કારાવાસ. 1942 સુધી દેશકાર્ય. આંદોલનમાં સક્રિય. વધુ 6 મહિના કારાવાસ.

## પટેલ, રાવજીભાઈ શંકરભાઈ

સોખડા, જિ. વડોદરા.

સ્વાતંત્ર્યઆંદોલનમાં સક્રિય. આણંદ પાસેનાં ગામોમાં પ્રચાર કરવા વડોદરાની સત્યાગ્રહ ટુકડીમાં સક્રિય. 1942 : અડાસ પોલીસ ગોળીબારમાં ઘવાયા. પકડાયા. મુક્તિ પછી સેવાકાર્યોમાં પ્રવૃત્ત.

## પટેલ, રાવજીભાઈ શંકરભાઈ

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : 7 ગુજરાતી, સાધારણ અંગ્રેજી. 1932 : ચળવળ. ટપાલની લૂંટનો પ્રયાસ. 1 વર્ષ કારાવાસ.

## પટેલ, રાવજીભાઈ શંકરભાઈ

ઉત્તરસંડા, જિ. ખેડા.

1932 : સરઘસમાંથી ધરપકડ. 1 મહિનો કારાવાસ. નોકરીમાંથી છૂટા કરાયા.

## પટેલ, રાવજીભાઈ શામળભાઈ

વડોદરા.

ખેડા જિલ્લાનાં ગામોમાં પ્રચાર માટે ગયેલી ટુકડીમાં સભ્ય. 18 ઑગસ્ટ, 1942ના રોજ અડાસ સ્ટેશન પાસે થયેલા પોલીસ ગોળીબારમાં આંખે ઈજા. વ્યવસાય : સિવિલ ઇજનેર. સાર્વજનિક કામોમાં પ્રવૃત્ત.

## પટેલ, રાવજીભાઈ હીરાભાઈ

દાવોલ, જિ. ખેડા.

1942ના સ્વાતંત્ર્યસંગ્રામમાં વિવિધ ક્ષેત્રે સક્રિય. ધરપકડ. કારાવાસ. તામ્રપત્ર એનાયત થયેલ છે.

## પટેલ, રૂપસીભાઈ રવલાભાઈ

ભગવાનપુરા, મહુવા, જિ. સૂરત.

1942-43 : સત્યાગ્રહ. કારાવાસ. વ્યસનમુક્ત. દેશસેવામાં તત્પર. મોટું કુટુંબ. નાની ખેતી.

## પટેલ, રેવાબહેન રામભાઈ

તા. માતર, જિ. ખેડા.

1930-32ની ચળવળ દરમિયાન માતર તાલુકાની કૉંગ્રેસ સમિતિનાં 29મા સરમુખત્યાર. સરઘસ, પિકેટિંગમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. ત્રણ માસની કેદની સજા ભોગવી.

## પટેલ, રેવાબહેન હરિલાલ કેસુરભાઈ

સરભાણ, આમોદ, જિ. ભરૂચ.

1942 : વિના આગેવાને જાતે સરઘસ માટે ગામમાં ઢોલ પીટ્યું. ધરપકડ. માર. કારાવાસ. વિસાપુર જેલમાં તેમના ઉપર અત્યાચાર. કારાગૃહમાં હરિપ્રસાદ દાક્તર તથા રવિશંકર મહારાજ જેવાનો સંગ.

## પટેલ, લક્ષ્મણભાઈ કાનજીભાઈ

હજીરા, ચોર્યાશી, જિ. સૂરત.

1942 : લોકક્રાંતિ. અભ્યાસત્યાગ. સરઘસમાં પત્રિકાવિતરણ. છ મહિના કઠોર કારાવાસ. મુક્તિ પછી દેશસેવામાં.

## પટેલ, લક્ષ્મીદાસ જેસિંગભાઈ

આખડોલ, જિ. ખેડા.

1930 : મીઠાનો સત્યાગ્રહ. વતનમાંથી 7ની ટુકડી સાથે ધરાસણા જવા નીકળ્યા, રસ્તામાં લાઠીમાર. ઊંટડી છાવણી લૂંટી લેવાઈ. બીલીમોરા છાવણીમાં હાંકી કઢાયા.

## પટેલ, લક્ષ્મણભાઈ ભગવાનભાઈ

જન્મ : 26 જાન્યુઆરી, 1911. કુંકાવાવ, જિ. અમરેલી.

1931માં દિલ્હી અધિવેશનમાં જતાં મહેસાણા સ્ટેશને ધરપકડ. થોડો સમય જેલમાં રહ્યા. રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેવા બદલ દરબારે હદપાર કર્યા. 1938માં રાજકોટ લડતમાં જોડાયા. ત્રાસ વેઠ્યો. જૂનાગઢની આરઝી હકૂમત વખતે કુંકાવાવ છાવણી સંભાળી.

## પટેલ, લક્ષ્મીબહેન છગનલાલ

જન્મ : 14 માર્ચ, 1925. નરોડા, જિ. અમદાવાદ.

અભ્યાસ : મૅટ્રિક, સિનિયર પી.ટી.સી. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળ વખતે ગામેગામ ફરીને લડતનો પ્રચાર. 1944, એપ્રિલમાં પત્રિકા કાઢવાના તથા સરઘસ કાઢવાના આરોપસર 8 માસની સખત કેદની સજા. પ્રાથમિક શિક્ષણના કાર્યમાં જોડાયેલાં.

## પટેલ, લલ્લુભાઈ કાળાભાઈ

જન્મ : 1 જાન્યુઆરી, 1921. કેસલી, તા. ગણદેવી, જિ. નવસારી.

પોતાના ગામના કસનજીભાઈ પટેલ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ ચલાવતા. તેમની અસરથી લડતમાં જોડાયા. 1940માં વણાટકામ શીખ્યા. દિલખુશભાઈ દીવાનજીના પ્રભાવથી દેશભક્તિ જાગ્રત. ત્યારથી ખાદીધારી. ખાદીપ્રચાર, મદ્યનિષેધ, સફાઈકામ વગેરે રચનાત્મક પ્રવૃત્તિઓ. 1942 : ‘હિન્દ છોડો’ લડતમાં ભાંગફોડનાં કાર્યોમાં સક્રિય. ટપાલ લૂંટવી, રેલવેના પાટા ઉખેડવા, ચોરા બાળવા વગેરેમાં ભાગ લીધો. લડત બાદ ખેતી. ગામની જાહેર પ્રવૃત્તિ.

## પટેલ, લલ્લુભાઈ કાળીદાસ

મહેલજ, જિ. ખેડા.

1932-33 : સત્યાગ્રહ. પત્રિકાવિતરણ. ગુપ્તવાસ. પોલીસ દ્વારા શોધ. પત્રિકા વહેંચતાં પકડાયા. 1 વર્ષ કારાવાસ.

## પટેલ, લલ્લુભાઈ કુબેરભાઈ

રાંદેર, જિ. સૂરત.

1920ની અસહકારની લડતમાં સરકારી શિક્ષણ સંસ્થાનો બહિષ્કાર કર્યો અને નવી સ્થપાયેલી રાંદેરની રાષ્ટ્રીય શાળામાં ખૂબ ઓછા પગારથી પાંચ વર્ષ સુધી સેવા આપી.

## પટેલ, લલ્લુભાઈ ગોવિંદભાઈ

રાંદેર, જિ. સૂરત.

1930નો મીઠા-સત્યાગ્રહ. ધરપકડ. 6 મહિના કારાવાસ.

## પટેલ, લલ્લુભાઈ દેવીદાસ

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : લખતાંવાંચતાં સુધીનો. 1930 : ઓડમાં સરઘસ ઉપર ગોળીબાર. પોલીસ પર ધારિયું ફેંકવાના આરોપ હેઠળ 9 મહિના કારાવાસ.

## પટેલ, લલ્લુભાઈ નાનાભાઈ

સામાપુર, જિ. વલસાડ.

મટવાડના ઉતારા પાસે ગોળીબાર થવાથી લડતમાં. સરઘસમાં ધ્વજ લઈને ગયા ત્યારે પોલીસે ધ્વજ લઈ ઓરડામાં પૂરી ખૂબ માર માર્યો. બેભાન થઈ ગયા. સૂરતના છક્કાપીરની ગલીમાંથી સરઘસ. સાંજે બધાંને કૂરજામાં સખત માર પડ્યો હતો. 3 મહિનાની કેદ અને રૂ. 100નો દંડ અથવા 1 મહિનાની વધુ કેદ.

## પટેલ, લલ્લુભાઈ પુરુષોત્તમ

રાંદેર, તા. ચોર્યાસી, જિ. સૂરત.

રાંદેરના આ શિક્ષકે તેમના સાથીઓ જોડે 1920-21ની અસહકારની લડતમાં, સરકારી શિક્ષણ સંસ્થાઓના બહિષ્કારની પ્રવૃત્તિ વખતે એકસામટાં રાજીનામાં આપ્યાં. તેઓએ નવી સ્થપાયેલી રાષ્ટ્રીય શાળાની કામગીરી સ્વીકારી.

## પટેલ, લલ્લુભાઈ બકોરભાઈ

જન્મ : 11 ડિસેમ્બર, 1904. ઉબેર, જિ. ભરૂચ.

શિક્ષણ : મૅટ્રિક. વ્યવસાય : પોલીસ પટેલ. કડક થઈ અસામાજિક તત્ત્વોને જેર કર્યાં.

પિતા હોમરૂલ સમર્થક. વારંવાર કારાવાસ. ના-કર લડતમાં મોખરે. બે વાર ભૂમિ જપ્ત થઈ–મળી–જપ્ત થઈ–મળી એવું ચાલ્યું. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભૂગર્ભવાસ. છેલ્લે ચાણોદ વાસ.

અવસાન : 1957. ચાણોદ.

## પટેલ, લલ્લુભાઈ ભગવાનજી

જન્મ : 1 ઑગસ્ટ, 1913. ખખવાડા, તા. ગણદેવી. જિ. નવસારી.

પછીથી પાથરીમાં રહેતા. 1930માં ધરાસણાના મીઠાના સત્યાગ્રહમાં પોલીસના મારથી ઘવાયેલાઓને પ્રાથમિક સારવાર. 1942ની લડતમાં રેલવેનાં નાળાં તોડવાં, સુરંગો બનાવી, પ્રયોગો કરી ખાતરી કરી. ખેતરમાંથી સુરંગ મળવાથી પોલીસ પકડી ગઈ. થોડા દિવસ જલાલપોર કાચી જેલમાં, પછી સૂરત સબજેલમાં 15 દિવસ રાખ્યા બાદ સાબરમતી જેલમાં અટકાયતી કેદી. ત્યાંથી નાશિક જેલમાં, ઑક્ટોબર 1943માં જેલમુક્તિ. 1945માં ગડત હાઈસ્કૂલ સ્થાપી. નિરક્ષરતાનિવારણ રાષ્ટ્રભાષા-પ્રચાર અને અસ્પૃશ્યતાનિવારણ જેવાં રચનાત્મક કાર્યો કરતા.

## પટેલ, લલ્લુભાઈ મકનજી

જન્મ : 24 ફેબ્રુઆરી, 1917. મટવાડ, જિ. સૂરત.

1930 : મટવાડ મીઠા-સત્યાગ્રહ. 1941 :

કૉલેજ- ત્યાગ. વ્યક્તિગત સત્યાગ્રહ. 4 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 2.5 વર્ષ કારાવાસ. 1946-62 : મુંબઈ અને ગુજરાત રાજ્યના ધારાસભ્ય. ગાંધીજી વિશે પુસ્તકલેખન.

## પટેલ, લલ્લુભાઈ લક્ષ્મીદાસ

જન્મ : 1888. ભાદરણ, જિ. આણંદ.

1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ. 1923 : બોરસદ સત્યાગ્રહ. છાવણી-સંચાલન. 1927 : પૂરરાહત કાર્ય. 1930-32 : સવિનય કાનૂનભંગ કારાવાસ. 1938 : ભાદરણ. વડોદરા રાજ્ય પ્રજામંડળ અધિવેશન. રચનાત્મક કાર્ય. નિવાસ : મદ્રાસ (ચેન્નાઈ).

## પટેલ, લલ્લુભાઈ સોમાભાઈ

જન્મ : 1920, અમદાવાદ.

1942ની ચળવળમાં વીજળીનાં સબ-સ્ટેશનો, બૉંબથી ઉડાવી દેવાના કાવતરામાં ભાગ લીધો. ભરતખંડ ટેક્સ્ટાઇલ મિલના સબસ્ટેશને બૉમ્બ મૂકવા ગયા. ધરપકડ. 26-12-1942થી અટકાયત.

## પટેલ, લલ્લુભાઈ હરિભાઈ

જન્મ : 7 જાન્યુઆરી, 1907. કતારગામ, જિ. સૂરત.

1930 : મીઠા સત્યાગ્રહ. 3 મહિના કારાવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 12 મહિના કારાવાસ. સૂરત મંડળમાં સાર્વજનિક સંસ્થાઓમાં સક્રિય. સહકારી કાર્યમાં સક્રિય. 1942 : બહેન કુસુમ પણ સત્યાગ્રહી. 1 વર્ષ કારાવાસ. નડિયાદ. વિઠ્ઠલ કન્યા વિદ્યાલયના અધ્યાપન મંદિરનાં આચાર્યા.

## પટેલ, લવજીભાઈ લધાભાઈ

ખેરવા, જિ. સુરેન્દ્રનગર.

1942ના 'હિન્દ છોડો' સત્યાગ્રહમાં સક્રિય. 6 મહિનાની જેલની સજા.

## પટેલ, લાભશંકર મોહનભાઈ

ધ્રાંગધ્રા, સૌરાષ્ટ્ર.

1931ની ધ્રાંગધ્રાની લડતમાં રાઘવજીભાઈ વાઢેરની સાતમી ટુકડીમાં જોડાયા. 14-12-1931ના રોજ વઢવાણથી રવાના થઈ દિગસર સ્ટેશને ઊતરી દાણાવાડ ગામે જઈને મુકામ કર્યો. 15-12-1931ના રોજ ધ્રાંગધ્રા રાજ્યની હદમાં પ્રવેશતાં પોલીસે તમામ અગિયાર સત્યાગ્રહીઓની ધરપકડ કરી, બળજબરીથી ખટારામાં બેસાડી ચરાડવા અને વ્રજપુરની જેલમાં પૂર્યા. ત્યાં તેઓને ખૂબ ત્રાસ આપ્યો. પોલીસો ઠોંસા, લાઠી ને સોટી હરતાં ને ફરતાં માર્યા જ કરે.

## પટેલ, લાલજીભાઈ નરસિંહભાઈ

વસરાઈ.

1942-43ની લડતમાં. સભા-સરઘસોમાં ભાગ લીધો. ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાયા, ધરપકડ. કારાવાસ ભોગવ્યો.

## પટેલ, લાલભાઈ ખુશાલભાઈ

સરોલી, તા. ઓલપાડ. વ્યવસાય : શિક્ષક.

1920-21ની લડત વખતે સરકારી શિક્ષણ સંસ્થાઓના બહિષ્કારના કાર્યક્રમમાં રાંદેરની મ્યુનિસિપલ શાળામાંથી તેમણે એકસામટાં રાજીનામાં આપ્યાં અને નવી સ્થપાયેલી રાષ્ટ્રીય શાળામાં જોડાયા.

## પટેલ, લાલભાઈ જીવણજી કલ્યાણજી

જન્મ : 20 જૂન, 1920. ઇચ્છાપોર, તા. ગણદેવી, જિ. નવસારી.

1930ની લડત વખતે વાનરસેનામાં જોડાઈ સરઘસોમાં ભાગ લેતા. 1942ની લડત

દરમિયાન બીલીમોરા ગાયકવાડ મિલમાં નોકરી. સભા, સરઘસ વગેરે પ્રવૃત્તિમાં ભાગ લેતા. રજાના દિવસોમાં ગામ જાય ત્યારે ગામના વતની દલીચંદ શાહની સાથે ભાંગફોડ કરનારી ટુકડીમાં જોડાઈ જતા. આ લડત દરમિયાન તેમની મિલમાં આગ લાગી. તેમાં તેમને નોકરી છોડવી પડી હતી.

## પટેલ, લાલભાઈ ડાહ્યાભાઈ

સોંદલાખારા, જિ. સૂરત.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન દારૂતાડીનો બહિષ્કાર કરવાના ભાગ રૂપે તેમણે પોતાની જમીનમાંથી 500 ખજૂરાં ખોદી કાઢ્યાં હતાં અને એ રીતે દારૂતાડીનો વિરોધ કર્યો હતો.

## પટેલ, લાલભાઈ સોમાભાઈ

બીલખડી, મહુવા, જિ. સૂરત.

1942 : 'હિન્દ છોડો' આંદોલન દરમિયાન ગ્રામજનો સાથે સત્યાગ્રહમાં પ્રવૃત્ત. કારાવાસ. દારૂતાડીનો બહિષ્કાર. આદિવાસીઓની વ્યસનમુક્તિ માટે કાર્ય. નિર્વાહ માટે ઢોરઉછેર. ભૂમિ નથી.

## પટેલ, લીલાબહેન

જન્મ : 13 ડિસેમ્બર, 1918. મુંબઈ.

કિશોરવયે પત્રિકા સંતાડીને વહેંચવા જતાં. 1942માં કૉંગ્રેસ સેવાદળમાં સક્રિય સભ્ય. 9 ઑગસ્ટના રોજ નેતાઓની ધરપકડ – થોડા દિવસ બાદ વિરોધ સરઘસ. ઝવેરીબજારમાંથી સૂત્રો પોકારાતાં નીકળ્યાં. ધરપકડ. અદાલતે 6 મહિનાની કેદની સજા ફરમાવી. આર્થર રોડ અને યરવડા જેલમાં સજા ભોગવી. સ્વતંત્રતા બાદ શિક્ષિકા. 1969માં પોતાની કૉલેજ શરૂ કરી.

## પટેલ, લીલાવતી બાબુભાઈ

## જશભાઈ

નડિયાદ.

ગુજરાતના મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈનાં પત્ની. 28 નવેમ્બર, 1940માં વડતાલમાં સત્યાગ્રહ કર્યો. ધરપકડ કરવામાં આવી. તેમને એક દિવસની જેલ, બસો રૂપિયા દંડ, દંડ ન ભરે તો ત્રણ માસની જેલની સજા થઈ. તેમણે દંડ ન ભર્યો અને જેલ સ્વીકારી લીધી.

## પટેલ, વણારસીભાઈ સવજીભાઈ

જન્મ અને વતન : બાલીસણા, જિ. પાટણ.

પાટણ હાઈસ્કૂલમાં બોર્ડિંગમાં રહીને અભ્યાસ. 1942 : 'હિન્દ છોડો' ચળવળ શરૂ થતાં અભ્યાસ છોડી ચળવળમાં ભાગ લેવા માંડ્યો. પાટણ હાઈસ્કૂલના મકાનને બાળી નાખવા મણિભાઈ ભાણજીભાઈ અમીન સાથે પ્રયાસ. પ્રથમ પ્રયાસમાં બે વર્ગો, બીજી વાર નવેમ્બર 1942માં હાઈસ્કૂલનું આખું મકાન બાળ્યું. વૉરન્ટ નીકળતાં ભૂગર્ભમાં 'વિનોદ પટેલ' નામ રાખી કોલકાતા જઈને રહ્યા. પોલીસે તેમનાં પત્નીને કનડગત કરવાથી શિક્ષિકા તરીકે રાજીનામું. કેસ પાછો ખેંચાયા પછી પાછા આવ્યા. અવસાન : બાલીસણામાં.

## પટેલ, વલ્લભભાઈ ખુશાલભાઈ

જન્મ : 4 સપ્ટેમ્બર, 1897. સાંકરીગામ, સૂરત.

1921 : અસહકાર આંદોલન. રાષ્ટ્રીય શિક્ષણ. ખાદીપ્રવૃત્તિ. હરિજનસેવા. 1922 : બારડોલી સત્યાગ્રહ. ના-કરનો પ્રચાર. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહ કારાવાસ. 1932 : ના-કર આંદોલન. 500 રૂપિયા દંડ, ભર્યો નહિ. ઘર જપ્ત કરાયું. હરાજીના રૂ. 20,000 ઊપજ્યા. 6 મહિના કારાવાસ વિસાપુરની જેલમાં ભોગવ્યો. વ્યવસાય : વેપાર.

## 1740. પટેલ, વલ્લભભાઈ

## જગાભાઈ

જન્મ : 1922. પીંજરા.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સભા, સરઘસ ઉપરાંત એમણે ભાંગફોડના કાર્યક્રમોમાં ભાગ લીધો. પછી ઇંગ્લૅન્ડમાં નોકરી.

## પટેલ, વલ્લભભાઈ જેઠાભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1930 : સત્યાગ્રહ. મુખીપદનો ત્યાગ. 6 મહિના કારાવાસ. 1932 : સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ. 1942 : ક્રાંતિ. અટકાયત.

## પટેલ, વલ્લભભાઈ ઝવેરભાઈ (સરદાર)

જન્મ : 31 ઑક્ટોબર, 1875. નડિયાદ, જિ. ખેડા.

વતન : કરમસદ. અભ્યાસ : બૅરિસ્ટર. 1913 : ગોધરા અને અમદાવાદમાં વકીલાત. 1915 : અમદાવાદમાં ગાંધીજીના સંપર્કથી પ્રભાવિત. 1917-18 : ગુજરાતમાં મરકી તથા દુકાળની આપત્તિઓ વેળા સેવાકાર્ય. ગાંધીજીની માગણીથી વકીલાત ત્યજીને રાષ્ટ્રસેવા માટે ભેખ લીધો. ખેડા સત્યાગ્રહ. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહનું સફળ સંચાલન. 1923-28 : અમદાવાદમાં સુધરાઈના પ્રમુખ. 1923 : બોરસદમાં હૈડિયાવેરા સામે સફળ સત્યાગ્રહ. 1927 : અતિવૃષ્ટિ પ્રસંગે ગુજરાતમાં સેવાતંત્ર. 1928 : બારડોલી ના-કર સત્યાગ્રહનું નેતૃત્વ. સફળ. 'સરદાર' પદ. 1930 : રાસમાં સરદારની ધરપકડ. 1931 : રાષ્ટ્રીય મહાસભા કરાંચી અધિવેશનના પ્રમુખ. 1932 : ગાંધીજી સાથે કારાવાસ. 1936 : બંધારણીય લડતના નેતા. 1939-45 : સત્યાગ્રહ કાર્યક્રમો. કારાવાસ. 1947 : રાષ્ટ્રીય સરકાર. ભારતના પ્રથમ ઉપવડાપ્રધાન, ગૃહમંત્રી. 562 દેશી રાજ્યોનું સફળ વિલીનીકરણ. 1948 : હૈદરાબાદ પોલીસ પગલું લઈ સત્તા સ્થાપી. 1949 : વિલીનીકરણ સંપૂર્ણ. વિચક્ષણ, વીર, વ્યવસ્થા અને નિર્ણયશક્તિવાળા લોખંડી પુરુષ તરીકે દેશમાં આદરપાત્ર થયા.

અવસાન : 15 ડિસેમ્બર, 1950. મુંબઈ.

## પટેલ, વલ્લભભાઈ તુલાભાઈ

તલાવચોરા (અગાસી), તા. ચીખલી.

1930ની ચળવળમાં ભાગ લીધો અને ગામના પટેલાઈનું રાજીનામું આપી ખાદી, પિકેટિંગ વગેરેમાં સક્રિય. સભા-સરઘસોમાં જોડાતા.

## પટેલ, વલ્લભભાઈ દાજીભાઈ

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : વાંચી-લખી શકે. 1932 : આણંદ સરમુખત્યાર. 6 મહિના કારાવાસ. રૂ. 50 દંડ. રકમ ભાઈ પાસેથી વસૂલ કરાઈ.

## પટેલ, વલ્લભભાઈ ભીમજીભાઈ

જન્મ : 11 મે, 1914. મોટા ચારોડિયા.

1930ની મીઠાની લડત વખતે ધોલેરા છાવણીમાં સત્યાગ્રહમાં. 1932માં અધિવેશનમાં દિલ્હીમાં પકડાયા. જેલવાસ. ચારોડિયા સત્યાગ્રહમાં જમીન-ખોરડાં જપ્ત. 1938 : રાજકોટની લડતમાં ભાગ લીધો. પોલીસોનો ત્રાસ. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં કારાવાસ. 1942માં લડતમાં સક્રિય. જેલવાસ ભોગવ્યો.

## પટેલ, વલ્લભભાઈ મકનજી

લીલાપુર, જિ. વલસાડ.

1942 : 'વંદે માતરમ્' કાર્યાલય મુંબઈમાં કર્મચારી. 'હિન્દ છોડો' આંદોલનમાં નોકરીનો ત્યાગ. વતનમાં વલસાડ. સરઘસની આગેવાની. સ્વતંત્ર સત્યાગ્રહ 4 મહિના કારાવાસ. મુક્તિ પછી નોકરી માટે મુંબઈમાં પ્રયત્ન પણ નિષ્ફળ.

ગામમાં ચણાની લારીનો વ્યવસાય.

## પટેલ, વલ્લભભાઈ મનુભાઈ

બૂટવાડા, મહુવા.

સત્યાગ્રહના વિવિધ તબક્કે સક્રિય. કારાવાસ. ભૂમિ અપૂરતી. વૃદ્ધાવસ્થામાં શ્રમ માટે અશક્ત.

## પટેલ, વલ્લભભાઈ લાલભાઈ

સાતમ, વલસાડ.

1930-31 : સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય. સભા-સરઘસ. દારૂતાડી સામે પિકેટિંગ. ધરપકડ. કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. સભા-સરઘસોમાં પત્રિકાવિતરણમાં જોડાતા. સમાજસેવામાં પ્રવૃત્ત.

## પટેલ, વલ્લભભાઈ સવલાભાઈ

જન્મ : 1910 આશરે. છાપર, તા. ગણદેવી.

ગાંધીજીની પ્રેરણા. સમાજના તદ્દન નીચેના થરમાંથી આવ્યા. 1930ની ચળવળમાં અમલસાડની છાવણીમાં રહીને દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ, રેંટિયાપ્રચાર વગેરે રચનાત્મક પ્રવૃત્તિ. ધરાસણાના મીઠાના અગરો લૂંટવામાં ધરપકડ. 1 માસની કેદની સજા, વરલી જેલ. છૂટ્યા બાદ રેંટિયા બનાવવાનું કામ. વ્યવસાય : સુથારી કામ.

## પટેલ, વિઠ્ઠલભાઈ જેઠાભાઈ

પીજ, જિ. ખેડા.

ડી. એન. હાઈસ્કૂલ આણંદના આચાર્ય. ઈશ્વરભાઈ જે. પટેલ વાઇસ ચાન્સેલરના ભાઈ. 1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન હાઈસ્કૂલ બંધ રાખીને ખેડા જિલ્લાની ભૂગર્ભપ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. પોસ્ટ-ઑફિસો, સરકારી તિજોરીઓ, મનીઑર્ડરનાં નાણાં લઈને જતાં પોસ્ટમૅન વગેરેને લૂંટવાનું કામ કર્યું. ટપાલ લૂંટવી, સરકારી સ્ટૅમ્પ લૂંટવા વગેરે કામ કર્યાં.

## પટેલ, વિઠ્ઠલભાઈ પુરુષોત્તમદાસ

જન્મ : 25 જુલાઈ, 1924. ઉત્તરસંડા, હાલ : વડોદરા.

અભ્યાસ : બી.કૉમ. વ્યવસાય : ઑડિટર. 1939-42 : ઉત્તરસંડા વિદ્યાર્થી મંડળના મંત્રી, પ્રમુખ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. વિદ્યાર્થી સરઘસની આગેવાની. ગોળીબાર થવા છતાં ધ્વજનું રક્ષણ કર્યું. લાઠીમાર. ભૂગર્ભવાસ. પાટા માર્ગે તાર કાપતાં ગોળીબાર. નાસી છૂટ્યા. આફ્રિકાથી નિવૃત્ત થઈ, વડોદરામાં સ્થાયી થઈ સાંસ્કારિક પ્રવૃત્તિમાં સક્રિય થયા. તંત્રી : 'સંસ્કાર' માસિક.

## પટેલ, વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ

જન્મ : 27 સપ્ટેમ્બર 1873. કરમસદ, જિ. આણંદ.

સરદાર વલ્લભભાઈ પટેલના મોટા ભાઈ. વ્યવસાય : વકીલ. 1912 : મુંબઈ વિધાન-પરિષદમાં સભ્ય. 1920 : ભારતની માગ વિશે ઇંગ્લૅન્ડમાં પ્રચાર. 1925 : દિલ્હીની વડી ધારાસભાના પ્રમુખ. સ્વરાજ પક્ષના નેતા. 1929 : ધારાસભા સમર્થકોના આગેવાન નેતા. 1930 : ત્યાગપત્ર. ધરપકડ. કારાવાસ. 1932 : પુનઃ કારાવાસ. 1933 : અવસાન, ડબલિન (આયર્લૅન્ડ).

પટેલ, વિઠ્ઠલભાઈ ડાહ્યાભાઈ

જન્મ : 1919. પીજ, જિ. ખેડા.

અભ્યાસ : એમ.બી.બી.એસ. 1932 : સવિનય ભંગ સત્યાગ્રહ. મહેમદાવાદમાં ધરપકડ. પુણે રિફૉર્મેટરી શાળામાં 2 વર્ષ. વ્યવસાય : દાક્તરનો.

## પટેલ, વિઠ્ઠલભાઈ નાથાભાઈ

જન્મ : 17 માર્ચ, 1916. વાલમ, જિ. મહેસાણા.

અભ્યાસ : પાટણ. 1942 : 'હિન્દ છોડો'

આંદોલનમાં સક્રિય. બનાસકાંઠામાં ગેરકાયદે શસ્ત્રોની હેરફેર. અંબાજી આદિવાસી પ્રજામાં સંગઠન. વિસ્ફોટક પ્રવૃત્તિ. ધરપકડથી બચવા ચેતવણી મળતાં નાસી છૂટ્યા. વડોદરા રાજ્યે મુક્તિ આપી. વ્યવસાય : પંચાયતમાં નોકરી.

## પટેલ, વિઠ્ઠલભાઈ બકોરભાઈ

જન્મ : 3 જુલાઈ, 1903. રતનપુરા, જિ. ખેડા.

અભ્યાસ : 7 ગુજરાતી. 1930 : રાષ્ટ્રીય કામોમાં સક્રિય. 1932 : સવિનય ભંગ સત્યાગ્રહ. રાષ્ટ્રધ્વજ- રોપણ. 2 મહિના કારાવાસ. રૂ. 100 દંડ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભાષણ. 6 મહિના કઠોર કારાવાસ. રૂ. 100 દંડ.

## પટેલ, વિઠ્ઠલભાઈ રણછોડભાઈ

જન્મ : 23 માર્ચ, 1910. સરભોણ, જિ. ભરૂચ.

1930 : પિતા રણછોડભાઈ વેડચમાં મીઠા-સત્યાગ્રહમાં પહેલી ટુકડીમાં. 1932 : સવિનય કાનૂનભંગ સત્યાગ્રહ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. છોટુભાઈ પુરાણી સાથે ભૂગર્ભવાસ. 1945માં પ્રગટ. ખેતી, રેંટિયો, મુંબઈમાં ખેતર. આરે દૂધશાળામાં સહયોગ. નિવાસ : સરભોણ, વ્યવસાય : કૃષિ.

## પટેલ, વિષ્ણુભાઈ ઈશ્વરભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1930-32 : સવિનયભંગ ચળવળ. 1.4 વર્ષ વિસાપુરમાં કારાવાસ.

## પટેલ, વિષ્ણુભાઈ લલ્લુભાઈ

અંભેટી, જિ. સૂરત.

1920માં અસહકારની લડત વખતે સરકારી નોકરીનો ત્યાગ. રાષ્ટ્રીય લડતોમાં સ્વયંસેવક. 1930માં બારડોલીની ટુકડી સાથે મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. ગાંધીજીની સૂચના ખજૂરીનાં વૃક્ષો છેદવાની મળી હતી તે અનુસાર વિઠ્ઠલભાઈની ટુકડી વૃક્ષો કાપવા ગઈ. ખજૂરીનું તૂંબું તેમના પગ પર પડ્યું ને હાડકાંના ચૂરેચૂરા. બેભાન. ધનૂર થયું. ગાંધીજી નવસારી હૉસ્પિટલમાં જોવા ગયા હતા. બીજે દિવસે તેમનું અવસાન થયું હતું. એમના સ્મારક રૂપે અંભેટી ગામમાં પુસ્તકાલય થયું છે એ મકાનનું ખાતમુહૂર્ત સરદારશ્રીએ કર્યું હતું.

## પટેલ, વીરજીભાઈ આણંદજીભાઈ

જન્મ : 28 મે, 1914. અમરેલી.

1930ની મીઠાની લડત વખતે વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લેતાં ચાર વખત પકડાયા. કુલ 10 માસ જેલવાસ.

## પટેલ, વ્રજલાલ

કર્મભૂમિ સૂરત.

1930ના ધરાસણાના સત્યાગ્રહ વખતે ઇમામ-સાહેબની સરદારી હેઠળ મુંબઈથી આવેલ કવિ નંદની 101 માણસોની ટુકડીમાં. વડાલામાં મીઠા સત્યાગ્રહમાં સક્રિય. 1932માં નવજીવન કાર્યાલયમાં. ધરપકડ. 6 મહિના યરવડા જેલમાં. એમનાં પત્ની અને દીકરી મુંબઈની મૂળજી જેઠા મારકેટ પર પિકેટિંગ કરતાં પકડાયાં. તેમને
4-4 મહિનાની સજા. રત્નાગિરિ જેલમાં રહ્યાં હતાં. 1942ની ચળવળ દરમિયાન ગાંધીજીના ઉપવાસ અંગે સૂરતના ગાંધી ચોકમાં પ્રાર્થનાસભા વખતે ધરપકડ. 4 મહિનાની કેદ. 'લોકસેવા મંદિર' નામે ઘરમાં જ દુકાન કરી હતી ને હાથઘાણીનું તેલ, સાબુ, હાથછડના ચોખા વગેરેનું વેચાણ કરતા.

## પટેલ, શનાભાઈ જેઠાભાઈ (રામભાઈ)

લીંબાસી, જિ. ખેડા.

1930 : ધરાસણા મીઠા-સત્યાગ્રહ. વારંવાર

ધરપકડ. વારંવાર મુક્તિ. 1932 : સવિનય ભંગ સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ.

## પટેલ, શનાભાઈ જેઠાભાઈ

વતન : લીંબાસી, તા. માતર.

1930-32ની લડતમાં ભાગ લીધો. ના-કરની લડતમાં સરકારનો કર ન ભરવા બદલ તેમને ત્યાં જપ્તી કરવામાં આવેલી અને ઘરવખરી, ખેતીનાં ઓજાર, ઢોર વગેરે જપ્તીમાં લઈ ગયેલા.

## પટેલ, શનાભાઈ ઝવેરભાઈ

જન્મ : 20 જૂન, 1911, ઉબેર, ભરૂચ.

1930 : મીઠા-સત્યાગ્રહ. વેડચ. ધરાસણામાં સક્રિય. 1932 : ના-કર લડત. સપરિવાર સત્યાગ્રહ. ભૂમિ જપ્ત. પરિવાર દ્વારા હિજરત. શનાભાઈ કારાવાસમાં. વિસાપુર કારાગૃહ. ગંભીર માંદગી. માફી માગે એ શરતે છોડવાનો પ્રસ્તાવ નકાર્યો.

અવસાન : સપ્ટેમ્બર, 1932, કારાગૃહમાં.

## પટેલ, શનાભાઈ નાથાભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1930 : ના-કર લડત. પાક બાળી નંખાયો. ઢોર જપ્ત કરાયાં. 2.5 વર્ષ કારાવાસ.

## પટેલ, શનાભાઈ પ્રભુદાસ

જન્મ : 10 ફેબ્રુઆરી, 1914. મહેમદાવાદ, જિ. ખેડા.

અભ્યાસ : 6 અંગ્રેજી. 1930 : દાંડીકૂચ. પત્રિકા - વિતરણ. ધરાસણા ટુકડીમાં મહેમદાવાદ. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 1.5 મહિનાનો કારાવાસ. 30 રૂપિયા દંડ. દંડ નહિ ભરાતાં ઘરનું તાળું તોડી જપ્તી કરી. 1932 : પ્રચાર સાહિત્ય-વિતરણ. 8 મહિના કારાવાસ. 1933 : અમદાવાદ. ગવર્નરના આગમન ટાણે વિરોધદર્શન. સાબરમતીમાં 1 અઠવાડિયું. નડિયાદ વિરોધદર્શન. 6 મહિના કારાવાસ. 1940 : સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ.

## પટેલ, શનાભાઈ ભીખાભાઈ

ઓલપાડ, સૂરત.

1933, 15 જાન્યુઆરી. પીપલાવ જિ. ખેડામાં ગુજરાતના સરમુખત્યારોની પરિષદમાં ઓલપાડના પ્રતિનિધિ. લાઠીમાર. ધરપકડ. 2 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ.

## પટેલ, શનાભાઈ હરિભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1932 : સત્યાગ્રહમાં સક્રિય. 1 વર્ષ કારાવાસ. ધારવાડ બોસ્ટલ શાળા. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. 1942 : લોકક્રાંતિ. કારાવાસ.

## પટેલ, શનાભાઈ હીરાભાઈ

સણોલી, જિ. વડોદરા.

1930 : દાંડીકૂચમાં સૈનિક. ધરાસણા સત્યાગ્રહ. પોલીસદમન. મુંબઈ વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. 13 મહિના કારાવાસ. 1932 : ગોધરામાં સત્યાગ્રહ. ધરપકડ. 6 મહિના કારાવાસ.

સંખેડા-મેવાસના ઠાકોરસાહેબના અત્યાચારો સામે આંદોલન. 1942 : ભૂગર્ભપ્રવૃત્તિ, પાટા ઉખેડ્યા.

## પટેલ, શંકરભાઈ કાશીભાઈ

નવાગામ, જિ. ખેડા.

1930 : દાંડીકૂચ. શાળાત્યાગ. સત્યાગ્રહ. કારાવાસ. અભ્યાસ પૂર્ણ કરી અમદાવાદ સુધરાઈમાં જોડાયા. 1942 : સુધરાઈ બરતરફ. આંદોલન. કારાવાસ. વ્યવસાય : સુધરાઈમાં ઑડિટર.

## પટેલ, શંકરભાઈ કુબેરભાઈ

કાસર, જિ. ખેડા.

1932 : સ્વાતંત્રસંગ્રામમાં. 2 મહિના કારાવાસ. રૂ. 50 દંડ.

## પટેલ, શંકરભાઈ ખુશાલભાઈ

ભાદરણ, જિ. આણંદ.

1923ના નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લેવા ભાદરણથી છ ભાઈઓ નાગપુર ગયા હતા. તેમની ધરપકડ કરી એક વર્ષની સખત કેદની સજા થઈ હતી. પરંતુ લડતનું સમાધાન થતાં તેઓ અઢી માસ બાદ છૂટ્યા હતા.

## પટેલ, શંકરભાઈ જેઠાભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1932 : સત્યાગ્રહ. 9 મહિના કારાવાસ.

## પટેલ, શંકરભાઈ તુલસીદાસ

અસલાલી, જિ. અમદાવાદ.

હરિપુરા અધિવેશનમાં સ્વયંસેવક તરીકે સેવા. 1940-41 : વ્યક્તિગત સત્યાગ્રહમાં જેલવાસ. 1942માં ફરી જેલવાસ. હરિજનોના અલગ મતાધિકારની લડતમાં પ્રતીક ઉપવાસ. ધરપકડ. 4 માસની સજા.

## પટેલ, શંકરભાઈ ફકીરભાઈ

નિવાસ : ઝુડાલ, જિ. ગાંધીનગર. વતન : ખેડા.

પૂર્વનિવાસ : ધૂળિયા, મહારાષ્ટ્રમાં પરકાસા ગામ. સત્યાગ્રહમાં સક્રિય. ધૂળિયા, વરલીમાં 9 મહિના કારાવાસ. ગુજરાત આગમન. સત્યાગ્રહ ચાલુ. પુનઃ 9 અને 6 મહિના કારાવાસ. વિસાપુર ગાંધીસ્મારક નિધિમાં 10 વીઘાં ભૂમિ અર્પણ.

## પટેલ, શંકરભાઈ ફૂલાભાઈ

જન્મ : 1906. ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : 7 ગુજરાતી. 1922 : નાગપુર સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ. 1930 : સરકારી અધિકારીઓનો બહિષ્કાર. 1 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ. 1932 : ભાષણ. 6 મહિના કારાવાસ. 50 દંડ. 1941 : વાણીસ્વાતંત્ર્યની લડત. 6 મહિના કારાવાસ. 1942 : ભૂગર્ભપ્રવૃત્તિ. ધરપકડ. નિર્દોષ મુક્તિ.

## પટેલ, શંકરભાઈ ભીખાભાઈ

જન્મ : 1894. સોજિત્રા, જિ. આણંદ.

બી.એ. 1920 : વિદેશી કાપડના બહિષ્કારનું આંદોલન. 1926 : સત્યાગ્રહ આશ્રમમાં. 1930 : દાંડીકૂચ. વલસાડ છાવણી. 2 મહિના કારાવાસ. 6 મહિના વધુ કારાવાસ. ગાંધી-ઇર્વિન સંધિ અનુસાર વહેલી મુક્તિ. રચનાત્મક કાર્યનું શિક્ષણકાર્ય.

## પટેલ, શંકરભાઈ મૂળજીભાઈ

જન્મ : 1919.

એમ.એસસી. 1932 : સત્યાગ્રહમાં ભાગ લેતાં મહેમદાવાદમાં ધરપકડ. 2 વર્ષ કારાવાસ. પણ અપક્વ વયના લીધે પુણે રિફૉર્મેટરી શાળામાં મોકલાયા. સખત મારપીટ થવા છતાં ક્ષમાપત્ર ના આપ્યો.

## પટેલ, શંકરભાઈ વહાલદાસ

લીંબાસી, જિ. ખેડા.

1930-32 : ધરાસણા. મીઠાની લૂંટ. ના-કર બદલ કમાડ સહિત ઘરવખરી જપ્ત કરાઈ. તૈયાર પાકનું ભેલાણ કરાયું.

## પટેલ, શંકરલાલ બી.

જન્મ : 1906. કણજરી, તા. નડિયાદ.

વતન : નાર, તા. પેટલાદ, જિ. ખેડા.

1920થી રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ. 1923માં નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1927 : ઉત્તર ગુજરાતમાં રેલસંકટનિવારણમાં સ્વયંસેવક. 1928માં બારડોલી સત્યાગ્રહ વખતે સૂરત નવયુગ પ્રેસમાંથી પ્રગટ થતી સત્યાગ્રહ પત્રિકાના કામમાં મદદ. ધરપકડ.

સૂરતની સબજેલમાં અટકાયત. 1930ની ચળવળ વખતે ધરાસણાના મીઠાના અગરો લૂંટવામાં સખત માર પડ્યો, ડાબા પગનો નળો અને જમણા હાથનું કાંડું તૂટ્યાં. સાજા થયા બાદ સિંહજમાં ના-કરની લડતમાં ભાગ લીધો. ધરપકડ. કેસ ચલાવી બે માસની કેદની સજા. સજા પૂરી થતાં હદપાર કર્યા. હદપારીના હુકમનો ભંગ. ફરી અટકાયત. ગાંધી-ઇર્વિન કરાર (1931) થતાં છૂટ્યા. 1932માં લડતનો બીજો તબક્કો શરૂ થતાં વલસાડની કોર્ટ પર રાષ્ટ્રધ્વજ ચડાવતાં ધરપકડ. છ માસની સખત કેદની સજા. છૂટ્યા બાદ સૂરત જિલ્લાના કલેક્ટરની કચેરી પર રાષ્ટ્રધ્વજ ચડાવવા તથા ગેરકાયદે પત્રિકા પ્રગટ કરવા બદલ ફરીથી અઢી વરસની સજા. 1942ની લડતમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં કાર્યકરોને મદદ.

## પટેલ, શંભુભાઈ વલ્લભભાઈ

જન્મ : 1 ફેબ્રુઆરી, 1923. પલોલ, તા. પેટલાદ, જિ. આણંદ.

1942ની લડત દરમિયાન સક્રિય ભાગ લીધો. પત્રિકા, બૉમ્બપ્રવૃત્તિ, સૈનિકોની ભરતી વગેરેમાં પડદા પાછળ રહીને સારો ભાગ લીધો. વિદ્યાર્થી પ્રવૃત્તિમાં પણ સારો ભાગ લીધો. સૂરત શહેર જિલ્લા કૉંગ્રેસના વર્ષો સુધી મંત્રી હતા.

## પટેલ, શાન્તાબહેન ભોળાભાઈ

વિસનગર, ઉ. ગુજરાત.

સાંકળચંદ કાળીદાસ પટેલનાં પુત્રી. લોકસેવા અને રાષ્ટ્રીયતાના સંસ્કાર. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સભા-સરઘસોમાં ભાગ લેતાં. રાષ્ટ્રધ્વજ હાથમાંથી ખૂંચવી લેવા પોલીસે લાઠી મારી. હાથે ફ્રૅક્ચર થયું, પણ ધ્વજ છોડ્યો નહિ.

મહિલામંડળ, જિલ્લા શાળા બોર્ડનાં ચૅરમૅન. 1961થી દસ વર્ષ ગુજરાત વિધાનસભાનાં સભ્ય. ગુજરાત મહિલા કૉંગ્રેસનાં કન્વીનર; જાહેર સેવા.

## પટેલ, શાન્તાબહેન શિવાભાઈ

નિવાસ : ભરૂચ. વતન : રાસ, જિ. આણંદ.

1942 : પતિ દ્વારા 'હિન્દ છોડો' આંદોલનમાં પ્રવૃત્તિ. અભ્યાસત્યાગ. પત્રિકાવિતરણ. ધર્મજ, ભાદરણ ભૂગર્ભપ્રવૃત્તિ. ભાંગફોડ. ટપાલલૂંટ. ટપાલપેટીની ચોરી આદિ. અંતે ધરપકડ. 18 મહિના કારાવાસ. વ્યવસાય. નોકરી.

## પટેલ, શાન્તિલાલ મંછારામ

વલસાડ.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. એક મહિનો કારાવાસ. મુક્તિ પછી ફરી આંદોલનમાં ભાગ લીધો. ફરી પકડાયા. આઠ મહિના કારાવાસ. દંડ. કુટુંબના સહુ સત્યાગ્રહમાં. છ જણ કારાગૃહમાં.

## પટેલ, શામળભાઈ બહેચરભાઈ

જન્મ : 1899. મલાતજ, જિ. ખેડા.

5 ધોરણ. આર્યસમાજના સંસ્કારો. 1923 : કાકાસાહેબ સાથે કારાવાસ. 1928 : વિદ્યાપીઠમાં જોડાયા. 1930 : દાંડીકૂચમાં સક્રિય. બોચાસણમાં સક્રિય.

## પટેલ, શારદાબહેન

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદમાં મિલોની હડતાળ ખોલવાના વિરોધમાં, મિલમાલિકોને બંગલે ઉપવાસ. પાંચમા દિવસે 27-11-1942ના રોજ ચંપાબહેન મહેતાના બંગલે, તેમના હસ્તે પારણાં.

## પટેલ, શારદાબહેન મગનભાઈ

રાસ, તા. બોરસદ, જિ. આણંદ.

1932ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. માર્ચ, 1933માં રાસમાં પિકેટિંગની વ્યવસ્થાની દેખરેખ રાખતાં હતાં અને બોરસદમાં એમના નેતૃત્વ હેઠળ પિકેટિંગની ગોઠવણ કરી હતી.

## પટેલ, શાંતાબહેન ભાઈલાલભાઈ

અમદાવાદ.

તેમના પતિ ભાઈલાલભાઈ પણ સ્વાતંત્ર્યસેનાની હતા. શાંતાબહેને ત્રણ વખત જેલ ભોગવી. જેલમાં બે માસની બાળકી સાથે રાખી અનેક યાતનાઓ વેઠી. સત્યાગ્રહી તરીકે તેમણે ઘણું કામ કર્યું.

## પટેલ, શાંતાબહેન મગનલાલ

ડાકોર, જિ. ખેડા.

1942માં ડાકોરમાં પત્રિકાવિતરણ કરતાં ધરપકડ. 1 વર્ષનો કારાવાસ.

## પટેલ, શાંતાબહેન વિઠ્ઠલભાઈ

જન્મ : 1920 આશરે. સોજિત્રા, જિ. આણંદ.

મુંબઈમાં કૉલેજમાં અભ્યાસ. 1942નું 'હિન્દ છોડો' આંદોલન શરૂ. અભ્યાસ છોડીને લડતમાં. ગામડામાં કામ કરવાની ઉમેદથી ગણદેવી ગયાં. સાથે છાત્રાલયમાં રહેતાં એંધળનાં લલિતાબહેનને પણ લઈ ગયાં. હાઈસ્કૂલ પર પિકેટિંગ, સભા, સરઘસ, પ્રભાતફેરી વગેરે કાર્યક્રમમાં સક્રિય ભાગ. પટેલ-તલાટીઓનાં રાજીનામાં લેવા ચીખલી અને જલાલપુર તાલુકાનાં ગામોમાં ફર્યાં. હાંસાપોર ગામે ધરપકડ. દરેકને ચાર માસની સાદી કેદની સજા. તે પછી બી.એ. પતિ આફ્રિકા હોવાથી ત્યાં ગયાં. થોડાં વર્ષો પછી અવસાન.

## પટેલ, શાંતાબહેન શંકરભાઈ

જન્મ : જાન્યુઆરી, 1915. સોજિત્રા, જિ. આણંદ.

પિતાના આશ્રમવાસના સંસ્કાર. 1930માં મીઠા- સત્યાગ્રહમાં. કસ્તૂરબાની બહેનોની ટુકડીમાં. દારૂતાડી સામે પિકેટિંગ, વિદેશી કાપડનો બહિષ્કાર. 1932 : બારડોલીમાં સત્યાગ્રહ કર્યો. ધરપકડ. છ મહિના કારાવાસ. મુક્તિ બાદ રાસમાં ધરપકડ. પુનઃ 2 વર્ષ કારાવાસ. 1934માં લડત શમતાં 6 મહિના વહેલાં મુક્તિ. બાળકો-બહેનોના ઉત્કર્ષની પ્રવૃત્તિ.

## પટેલ, ડૉ. શાંતિલાલ જી.

જન્મ : 1922 આશરે. વસવાટ : મુંબઈ.

મૂળ વતન : ઠાસરા, જિ. ખેડા.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેવા ગણદેવી ગયા. મેડિકલના બીજા વર્ષનો અભ્યાસ છોડી, 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. કુકેરી(તા. ચીખલી)માં સ્થિર થઈ આસપાસના યુવાનોને લડતમાં જોડાવા પ્રેરણા. ચીખલીના ટપાલીને લૂંટવામાં તથા વેગામ, રાનકૂવા અને ડુંગરી પાસે રેલવેની ભાંગફોડ વગેરેમાં ભાગ લીધો. ધરપકડમાંથી બચી ગયા. લડત પૂરી થતાં અભ્યાસ. મજૂરપ્રવૃત્તિના આગેવાન. મુંબઈના ગોદી કામદારો પર અંકુશ.

## પટેલ, શાંતિલાલ જીવણલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ. પત્રિકાઓ લઈને રાયપુર ચકલામાંથી જતાં 9 માર્ચ, 1943ના રોજ ધરપકડ. છ માસની કેદની સજા.

## પટેલ, શાંતિલાલ પ્રભુદાસ

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન 34 યુવાનો 18-8-1942ની સવારે વડોદરાથી લડતનો પ્રચાર કરવા નીકળ્યા. આણંદ અને તેની નજીકનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો. સાંજે પાછા ફરતાં અડાસ રેલવેસ્ટેશને પોલીસે તેમના ઉપર ગોળીબાર અને લાઠીમાર કર્યો.

તેઓ સખત લાઠીમારથી ઘાયલ થયા હતા.

## પટેલ, શાંતિલાલ રમણલાલ

જન્મ : 1922 આશરે. અમદાવાદ.

1942ની ચળવળમાં બૉમ્બ પ્રવૃત્તિમાં ભાગ લીધો. પીયૂષકાંત ચૌધરી સાથે જમાલપુર, લાંબી શેરીમાં 30 સપ્ટેમ્બર, 1942ના રોજ રસાયણો ભેગાં કરી બૉમ્બ બનાવવા જતાં ભયાનક ધડાકો. તેમને શરીરનાં અંગો પર ઈજાઓ, આંખો વડે દેખાતું બંધ થયું.

## પટેલ, શાંતિલાલ લલ્લુભાઈ

આણંદ.

1942ની લોકક્રાંતિમાં ભાગ લીધો. સાબરમતી તથા નાશિક કારાગૃહોમાં 9 મહિના અટકાયત.

## પટેલ, શિવલાલ કરસનભાઈ (હીરપરા)

કુતાણા, જિ. અમરેલી.

1927માં વિદેશી કાપડના બહિષ્કારની પ્રવૃત્તિ શરૂ કરી. 1930માં ધોલેરા સત્યાગ્રહમાં પકડાઈને પંદર માસ જેલવાસ. 1931માં ભગતસિંહને ફાંસી મળતાં તેમનું દિલ તડપી ઊઠ્યું. અભ્યાસ છોડી દીધો. ઝવેરચંદ મેઘાણીની દોરવણી હેઠળ સાહિત્યમાં રસ જાગ્યો. રિપોર્ટર તરીકે હરિપુરા અધિવેશનમાં ગયા. પોલીસે તેમની ધરપકડ કરી. ત્યાર બાદ જાફરાબાદ લોકજાગૃતિની ચળવળમાં ફરી ધરપકડ. 1942માં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. દોઢ માસ સજા ભોગવી પોલીસના હાથમાંથી આબાદ છટકી ગયા. પેન્શન અને તામ્રપત્ર એનાયત.

## પટેલ, શિવલાલ લાલદાસ

આખડોલ, જિ. ખેડા.

1921 : શાળા ત્યાગ. અસહકાર. પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. સ્વદેશી, કાંતણપ્રચાર, પ્રભાતફેરી.

## પટેલ, શિવાભાઈ આશાભાઈ

જન્મ : તા. 7 જુલાઈ, 1899. ધર્મજ, જિ. આણંદ.

1921 : સરકારી કૉલેજનો ત્યાગ. સાબરમતી ગાંધી આશ્રમમાં નિવાસ. ખાદીપ્રવૃત્તિ. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહ. કારાવાસ. 1924 : બોરસદ સત્યાગ્રહ. 1930 : સુધી રચનાત્મક કાર્ય. 1938 : વડોદરા રાજ્ય પ્રજામંડળ. ભાદરણ અધિવેશનમાં સક્રિય. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 10 મહિના કારાવાસ. 1942 : વડોદરામાં 'હિન્દ છોડો' સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ. 1946 : ભાદરણ સુધરાઈના પ્રમુખ. 1956 : મુંબઈ ધારાસભ્ય. સહકારી સંસ્થાઓમાં પ્રમુખ. સેવાક્ષેત્ર ભાદરણ.

## પટેલ, શિવાભાઈ ગોકળભાઈ

જન્મ : 2 ફેબ્રુઆરી, 1904. ચિખોદરા, જિ. ખેડા.

ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. 1926થી '30 : સાબરમતી ગાંધી આશ્રમમાં નિવાસ. 1930 : આણંદ, નડિયાદ, ધરાસણાના સત્યાગ્રહનું સંચાલન. 4 વાર કારાવાસ. 1932 : ખેડા જિલ્લામાં લડતનું સંચાલન. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. 1943 : અડાસ કૂચમાં ભાગ. 1930-42 : પોલીસમારમાં બે વાર માથાનું તથા હાથનું હાડકું ભાંગી ગયું. ખેડા શાળા મંડળના બોચાસણના આચાર્ય. નવી કેળવણી, ખાદી, ગ્રામજીવન આદિ પુસ્તકો લખ્યાં. રચનાત્મક કાર્ય.

પટેલ, શિવાભાઈ તળશીભાઈ

ખાંધલી, જિ. ખેડા.

1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ. છ મહિના કારાવાસ.

## પટેલ, શિવાભાઈ તાપીદાસ

આખડોલ, જિ. ખેડા.

1932માં ના-કર લડતમાં. મહેસૂલ ના ભર્યું. જપ્તી વૉરંટ હિજરત. સમાધાન થતાં પુનરાગમન.

## પટેલ, શિવાભાઈ તુલસીભાઈ

જન્મ : 13 માર્ચ, 1920. નાપા, જિ. ખેડા.

1942માં લોકક્રાંતિમાં નંદરબારમાં. સરઘસ પર પોલીસ ગોળીબારમાં પગે ઘવાયા. 2 મહિના પોલીસ જાપતામાં. પછી 17 મહિના સારવારથી મટ્યું.

## પટેલ, શિવાભાઈ પૂંજાભાઈ

નિવાસ : ઉંબેર.

1930 : દાંડીકૂચ. ગામમાં ગાંધીજીની સભાથી પ્રભાવિત. મહીસાગર મીઠા સત્યાગ્રહ. વાગરા, જંબુસર પત્રિકાવિતરણ. છ મહિના કારાવાસ. દંડ ના ભરાતાં વધુ 1.5 માસ.

## પટેલ, શિવાભાઈ બકોરભાઈ

નિવાસ : નોંધણા, જંબુસર, જિ. ભરૂચ.

કારેલી, લડતમાં પ્રવેશ. સક્રિય કાર્યકર. 1920-22 : પરદેશી વસ્તુઓનો બહિષ્કાર. અસહકાર. કારાવાસ. ભૂમિ જપ્ત. માનપત્ર.

## પટેલ, શિવાભાઈ મથુરભાઈ

જન્મતિથિ : મહા વદ 14, સંવત 1956. કિલોજ, જિ. ભરૂચ.

1930 : સત્યાગ્રહમાં પ્રવેશ. ના-કર લડતમાં સક્રિય. 1932 : ભૂગર્ભવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 1942માં 'હિન્દ છોડો' આંદોલન. ભૂગર્ભવાસ. 1945માં પ્રગટ થયા. ખેતી અને ખાદીકાર્યમાં પ્રવૃત્ત. રચનાત્મક પ્રવૃત્તિ. અન્યાયો સામે આંદોલન.

## પટેલ, શિવાભાઈ મોતીભાઈ

જન્મ : 1870. સોજિત્રા, જિ. આણંદ.

બી.એ., એલએલ.બી. વ્યવસાય : વકીલ. 1901માં અમદાવાદ. રાજકારણ માટેની ગુજરાત સભાના મંત્રી. 1902માં અમદાવાદમાં મહાસભાનું અધિવેશન. સ્થાનિક મંત્રી. 1915 : રાજકીય પરિષદના વ્યવસ્થાપક. 1917માં ખેડા સત્યાગ્રહમાં સક્રિય. 1918માં અમદાવાદ. ઇન્ફ્લુએન્ઝાના ઉપદ્રવમાં સેવા કરતાં પોતે ચેપનો ભોગ બન્યા.

અવસાન : અમદાવાદ. 1918.

## પટેલ, શિવાભાઈ રણછોડભાઈ

બામણગામના વતની. બી.એ.નો અભ્યાસ છોડી લડતમાં જોડાયા. સુણાવના વિનયમંદિરના અધ્યાપકો સાથે, 1930ની સવિનય કાનૂનભંગની ચળવળ વાસ્તે સ્વયંસેવકોની ભરતી કરતા તથા સંગ્રામ સમિતિનું સંચાલન કરી રહ્યા હતા.

1932માં બીજા તબક્કાની લડતમાં તેમની ધરપકડ કરીને જેલમાં પૂરી દેવામાં આવ્યા.

સુણાવની રાષ્ટ્રીય પ્રવૃત્તિના નિષ્ઠાવાન કાર્યકર્તા. અગાઉ 1928માં બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. ત્યાર બાદ 1930-32, 1940-41નો વ્યક્તિગત સત્યાગ્રહ અને 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. આ લડતોમાં લાંબી અને આકરી કેદની સજા ભોગવી હતી.

## પટેલ, શિવાભાઈ હરિભાઈ

જન્મ : 5 જુલાઈ, 1903. ઓડ, જિ. આણંદ.

1920 : અસહકારની ચળવળમાં ગામની શાળા 'રાષ્ટ્રીય' કરાવડાવી. ગૂજરાત વિદ્યાપીઠના વિનીત. આમોદ-ઓડમાં શિક્ષક. સાબરમતી ગાંધી આશ્રમમાં 3-4 વર્ષ નિવાસ. મિલમાં નોકરી. 1930માં નોકરીનો ત્યાગ, આણંદ. સંગ્રામ સમિતિ. સાબરમતી, યરવડા, વિસાપુરમાં કારાવાસ. સમાધાન. પુનઃ નોકરી. 1932માં ખેડા સંસ્થાના ભવન પર અધિકાર સ્થાપતાં મરણતોલ માર પડ્યો. રામધૂનથી

રક્ષા. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહ. દંપતી કારાવાસમાં. 1942માં 'હિન્દ છોડો'. પલાયન. ધરપકડ. બેઉને કારાવાસ. વ્યવસાય : લાટીનો ધંધો.

## પટેલ, સતીશચંદ્ર અંબાલાલ

જન્મ : 1910. ભાદરણ, જિ. આણંદ.

1930માં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. ધરપકડ. 4 મહિના કારાવાસ.

## પટેલ, સત્યદેવ ઇચ્છારામ

રાંદેર, જિ. સૂરત.

ખેડૂત કુટુંબ. 1942ની લોકક્રાંતિમાં. કૉલેજત્યાગ. ભાંગફોડ-પ્રવૃત્તિમાં તાર કાપવા, બૉમ્બ મૂકવા આદિ. ગાંધીજયંતીના દિવસે સરઘસમાંથી ધરપકડ. છ મહિના કઠોર કારાવાસ. સાબરમતી જેલ. મુક્તિ પછી દેશસેવામાં.

## પટેલ, સરલાબહેન શિવાભાઈ

જન્મ : 2 ફેબ્રુઆરી, 1921. વહેલાવ, જિ. અમદાવાદ.

અભ્યાસ : જી.એ (કર્વે). બી.એડ્. અમદાવાદમાં મહિલા પાઠશાળામાં. 1941માં સ્વાતંત્ર્યલડત માટે ગામડાંઓમાં લોકસંપર્ક અને પ્રચાર. 1942માં પત્રિકાઓ વહેંચતાં અને પ્રભાતફેરીઓ કાઢતાં. વારંવાર પોલીસ પકડતી અને છોડી મૂકતી. પ્રભાતફેરીના કારણે બે માસની જેલ અને દંડ.

## પટેલ, સાકરબહેન છોટાભાઈ

નવાગામ, જિ. ખેડા.

પતિને પગલે સાર્વજનિક સેવા. 1942ની લોકક્રાંતિમાં ધરપકડ. કારાવાસ.

## પટેલ, સાંકળચંદ કાળીદાસ

જન્મ : 28 ફેબ્રુઆરી, 1909. વિસનગર, જિ. મહેસાણા.

અભ્યાસ : અંગ્રેજી ધોરણ ત્રણ સુધી, વિસનગર. 1940 : વડોદરા રાજ્ય પ્રજામંડળમાં સક્રિય, સભા-સરઘસોમાં જોડાતા. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં સક્રિય. લડતનું આયોજન, યુવાનોને માર્ગદર્શન. ગોળીબાર કરતી પોલીસ સામે ઝઝૂમ્યા. 18-8-1942ના રોજ ધરપકડ કરીને મહેસાણા લઈ ગયા. 25-12-1942ના રોજ પોલીસ અધિકારી પઠાણે તેમની સામે બંદૂક તાકી ત્યારે ઉત્રાણકરે બંદૂક પકડી લેવાથી ખેંચાખેંચીમાં તેને ગોળી વાગી. 1946 : વડોદરા રાજ્યમાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા. 1947-53 મહેસાણા જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ. વિસનગર નગરપાલિકાના પ્રમુખ, ધ વિસનગર નાગરિક સહકારી બૅંકની સ્થાપના. જનતા પરિષદના ઉપપ્રમુખ. સ્પિનિંગ મિલ. દૂધ સાગર ડેરી. લોકસભાના સભ્ય. હૉસ્પિટલના સ્થાપક. હાઈસ્કૂલ. દલિતોના હમદર્દ. સહકારી પ્રવૃત્તિના મોભી. ગુજરાત વિશ્વકોશના ગ્રંથોની યોજના માટે પ્રેરણામૂર્તિ.

અવસાન : 28 નવેમ્બર, 1986, અમદાવાદ.

## પટેલ, સાંકળચંદ માધાભાઈ

1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. 11 મે, 1930ના રોજ કેટલાક સત્યાગ્રહી સૈનિકો મીઠું લઈને મુનસર તળાવ પાસે થઈને જતા હતા ત્યારે મીઠા ખાતાના અમલદાર મિ. ફ્લેચરના હુકમથી તેમના ઉપર લાઠી ચલાવી ઘાયલ કર્યા. સાંકળચંદ માધાભાઈ પાણી પીવા રોકાવાથી પાછળ રહી ગયા. તેના ઉપર પૂરપાટ ઘોડો દોડાવી તેમને હેડફેટમાં લઈ પાડી દીધા ને તેમના ઉપર દંડા ને લાઠી ચલાવી.

## પટેલ, સાંકળભાઈ કાળીદાસ

લીંબાસી, જિ. ખેડા.

1930-32માં ના-કરની લડતમાં ભાગ લીધો. 4 મહિના કારાવાસ. ઘરવખરી જપ્ત.

## પટેલ, સી. એમ.

આણંદ.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન 18-8-1942ના રોજ અડાસના ગોળીબારમાં ત્રણ ભાઈઓ શહીદ થયા અને બાકીના સખત ઘવાયા. તેઓને આણંદની મ્યુનિસિપલ હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. ત્યાં જઈને સી. એમ. પટેલ તથા તેમનાં પત્નીએ તેઓને ફળો આપ્યાં. પોલીસોની ઉપરવટ થઈને સત્યાગ્રહીઓને ફળો આપવા બદલ તેઓ બંનેની ધરપકડ કરવામાં આવી.

## પટેલ, સુખદેવ નાથુભાઈ

રાંદેર, જિ. સૂરત.

ખેડૂત કુટુંબ. 1942 : 'હિન્દ છોડો' સત્યાગ્રહ. કૉલેજત્યાગ. ભાંગફોડ, તાર કાપવા, બૉંબ મૂકવા આદિ. ગાંધીજયંતીના સરઘસમાં પકડાયા. છ મહિના કઠોર કારાવાસ. સાબરમતી. મુક્તિ પછી દેશસેવા.

## પટેલ, સુમનભાઈ મણિભાઈ

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન 34 યુવાનો 18-8-1942ના રોજ સવારે વડોદરાથી લડતનો પ્રચાર કરવા ગયા. આણંદ અને તેની નજીકનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો. સાંજે પાછા ફરતાં અડાસ રેલવેસ્ટેશને પોલીસે તેમના ઉપર ગોળીબાર અને લાઠીમાર કર્યો. તેમાં તેઓ લાઠીમારથી ઘાયલ થયા હતા.

## પટેલ, સુરજીભાઈ સોમાભાઈ

વલવાડા, જિ. સૂરત.

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. સ્વદેશીનો પ્રચાર. કારાવાસ. મુક્તિ પછી પણ મદ્યનિષેધ-પ્રચાર. વ્યવસાય : ખેતમજૂર.

## પટેલ, સુંદરલાલ મૂળજીભાઈ

શિનોર, જિ. વડોદરા.

1942માં વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રરંગે રંગાયા. લડતનું પ્રચારકાર્ય. 18 ઑગસ્ટના રોજ અડાસ સ્ટેશને પોલીસ ગોળીબારમાં ઘવાયા. ધરપકડ. આરોપ, અટકાયત. પત્રિકાવિતરણ. આદિ કાર્યો કર્યાં. છેક સુધી લડતમાં સક્રિય.

## પટેલ, સૂરજબહેન ઝવેરભાઈ

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : 2 ગુજરાતી. 1930 : આણંદમાં. પરદેશી કાપડની દુકાને પિકેટિંગ. ધરપકડ. છ મહિના કારાવાસ.

## પટેલ, સોમાભાઈ

માતર, જિ. ખેડા.

1932 : સત્યાગ્રહ. સરઘસો, સૂત્રોચ્ચાર 23-10-1932ના દિવસે બંદીદિન. ઉજવણી માટે ધરપકડ અને મુક્તિ.

## પટેલ, સોમાભાઈ અમૃતલાલ

પાલિતાણા, જિ. ભાવનગર.

મોટા ચારોડિયાની લડતમાં ભાગ લીધો. અન્ય રાષ્ટ્રીય લડતોમાં 1940થી 1942માં જોડાયા. લાંબો જેલવાસ ભોગવ્યો. કેન્દ્રનું પેન્શન એનાયત થયેલ.

## પટેલ, સોમાભાઈ કાળીદાસ

વતન : આખડોલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1932ની ચળવળ વખતે ના-કરની લડતમાં જમીન-મહેસૂલ ભર્યું નહિ. તેમના ઉપર જપ્તી વૉરંટ કાઢવામાં આવ્યું છતાં મહેસૂલ ભર્યું નહિ અને પાસેની ગાયકવાડી સરહદમાં કરોલી ગામે હિજરત કરી. સરકાર સાથે સમાધાન થયું પછી જ પોતાને વતન પાછા આવ્યા.

## પટેલ, સોમાભાઈ ગોકળભાઈ

જન્મ : 1897. વતન : ચિખોદરા, તા. આણંદ.

1920માં અસહકારની ચળવળમાં પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે રાજીનામું આપ્યું અને લડતમાં જોડાયા. સત્યાગ્રહની તમામ લડતોમાં તેમના કુટુંબે સક્રિય ફાળો આપ્યો. તેમના દંડની વસૂલાત માટે જપ્તી થઈ. તેમાં પણ નુકસાન થયું. જાહેરસેવામાં જીવન વિતાવ્યું.

## પટેલ, સોમાભાઈ ચતુરભાઈ

ભાદરણ, જિ. આણંદ.

1923ના નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લેવા ભાદરણથી છ જણા નાગપુર ગયા હતા. ત્યાં તેમની ધરપકડ કરી એક વર્ષની સખત કેદની સજા કરવામાં આવી; પરંતુ લડતનું સમાધાન થવાથી તેઓ અઢી માસ બાદ છૂટ્યા હતા.

## પટેલ, સોમાભાઈ જેઠાભાઈ

જન્મ : 1855. જિતોડિયા, જિ. આણંદ.

1930 : પોલીસની નોકરીનો ત્યાગ. ચળવળમાં ધરાસણામાં સક્રિય. ભારે લાઠીમાર. 1942માં ગામની ધર્મશાળા પર ધ્વજારોપણ. લાઠીમાર. ધરપકડ અને મુક્તિ.

## પટેલ, સોમાભાઈ દુર્લભભાઈ

જન્મ : 22 ફેબ્રુઆરી, 1922. ગણદેવી, જિ. નવસારી.

પિતાનું મૃત્યુ. માતાએ મજૂરી કરીને નિર્વાહ કર્યો. 1942ના આંદોલન વખતે મૅટ્રિકમાં અભ્યાસ. લડતમાં જોડાઈ શાળા પર પિકેટિંગ, સભા, સરઘસ વગેરે પ્રવૃત્તિમાં ભાગ. પછી ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય થયા. જાન્યુઆરી, 1943માં અન્ય કાર્યકરો સાથે ધરપકડ. પુરાવા ન હોવાથી સાબરમતી જેલમાં અટકાયતી કેદી. ત્યાં દોઢ વર્ષ કારાવાસ ભોગવ્યો.
અવસાન : 28 જાન્યુઆરી, 1973. મુંબઈ.

## પટેલ, સોમાભાઈ નરસિંહભાઈ

જન્મ : 17 મે, 1902. જિતોડિયા, જિ. આણંદ. અભ્યાસ : ધોરણ 5.

1930માં આંદોલનમાં સક્રિય. ધરાસણા પર આક્રમણ. ધરપકડ. 3 મહિના કઠોર કારાવાસ.

## પટેલ, સોમાભાઈ મંગળભાઈ

કાસર, જિ. ખેડા.

1930 : ના-કર લડત. સરકારનો વિરોધ. ગામની બાવળી કાપી ધરપકડ. છ મહિના કારાવાસ.

## પટેલ, સોમાભાઈ મીઠાભાઈ

જન્મ : 1895. કરમસદ, જિ. આણંદ.

અભ્યાસ : વાંચવા-લખવા જેટલો. 1930 : કરમસદમાં દારૂની દુકાનો પર પિકેટિંગ કરતાં ધરપકડ. 1 મહિનો કારાવાસ.

## પટેલ, સોમાભાઈ લક્ષ્મીદાસ

અવિધા, ભરૂચ. નિવાસ : વડતાલ, જિ. આણંદ.

1920-22, 1930-32ના સ્વાતંત્ર્યસંગ્રામોમાં ભાગ લીધો. વિવિધ ક્ષેત્રે સક્રિય. કુલ 31 વર્ષ કારાવાસ. ત્યારે 8 કલાક કઠોર શ્રમ. મુક્તિ પછી 17 વર્ષ ખેતીવાડી વિભાગમાં તથા ગ્રામસેવક તરીકે સેવા.

## પટેલ, સોમાભાઈ શનાભાઈ

અકલામા, જિ. ખેડા.

1930ની ચળવળમાં. તલાટી પદનો ત્યાગ. 2 વર્ષ કારાવાસ. 1939 સુધી નોકરી માટે અયોગ્ય. 1939માં રાષ્ટ્રીય સરકારે નોકરીમાં લઈ પાછલી તારીખથી લાભ આપ્યો.
અવસાન : 1950.

## પટેલ, સોમાલાલ પ્રાગજીભાઈ

જન્મ : 1905. વતન : રાસ, બીડજ આશ્રમવાળા, તા. બોરસદ, જિ. આણંદ.

આશ્રમની ખેતી સંભાળનાર, નાગપુર ઝંડા સત્યાગ્રહમાં (1923) જેલમાં ગયેલા. હરિજન આશ્રમ, સાબરમતીમાં રહેતા.

દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી સાથે 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. તે પછી મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## પટેલ, હરખાબહેન છોટાભાઈ

ઓડ, જિ. આણંદ.

1932માં આણંદમાં. પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતાં ધરપકડ. છ મહિના કારાવાસ.

## પટેલ, હરગોવનદાસ કસનજી (હરુભાઈ) (જરીવાલા)

જન્મ : 1906. કતારગામ, જિ. સૂરત.

1930માં ધરાસણાની લડતથી તેઓ સ્વરાજની ચળવળમાં જોડાયા. ભગતસિંહની ક્રાન્તિકારી સંસ્થાના સભ્ય હતા. ભગતસિંહે બે વખત છૂપી રીતે તેમની મુલાકાત લીધી હતી. હિંસામાં માનતા હોવા છતાં ગાંધીજીની તમામ લડતોમાં સાથ આપ્યો હતો. 1930, 1932, 1942ની લડતોમાં જેલમાં ગયા હતા. 1942ની લડતમાં ભાંગફોડપ્રવૃત્તિમાં જોડાયા હતા. પોલીસે તેમને બૉંબ સાથે પકડ્યા હતા. પોલીસે ખૂબ માર માર્યો. અને દાંત તૂટી ગયા. દેશના અગ્રણી ક્રાન્તિકારીઓ સુખદેવ, ભગતસિંહ, સુભાષચન્દ્ર બોઝ, સરદાર પૃથ્વીસિંહ વગેરે સાથે સંપર્ક. પુદુચેરીના શ્રીઅરવિંદ આશ્રમમાં રહ્યા હતા.

અવસાન : 23 ડિસેમ્બર, 1962.

## પટેલ, હરજીવનદાસ

માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત.

રાવલશ્રી (રાજા)ના દમન સામે ખેડૂત પરિષદે 25 સપ્ટેમ્બર 1937ના રોજ ના-કરની લડતની જાહેરાત કરી. ત્યાર બાદ સરકારી પ્રચારતંત્રનો સામનો કરીને ખેડૂતોની શક્તિ ટકાવવા અને વધારવા તેમણે ગામડાંમાં પ્રવાસ ખેડીને ખેડૂતોને જાગ્રત કર્યા.

## પટેલ, હરજીવન પ્રભુદાસ

જન્મ : 19 એપ્રિલ, 1918. બાલીસણા, જિ. મહેસાણા.

મૅટ્રિકપાસ. શિક્ષક. કાંતણ, અસ્પૃશ્યતાનિવારણ, ખાદીપ્રચાર, વિદેશી કાપડની હોળી, પ્રભાતફેરી, મદ્યનિષેધ, રાષ્ટ્રભાષા પ્રચાર આદિ પ્રવૃત્તિમાં નાનપણથી સક્રિય. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં. નોકરીત્યાગ. ઊંઝા કાવતરા કેસમાં આરોપી. જપ્તી. દંડ. દેશયાત્રા. આત્મસમર્પણ. કારાવાસ અને મુક્તિ. વડોદરા રાજ્ય પ્રજામંડળમાં સક્રિય. હરિજન સેવક સંઘ, વિલીનીકરણમાં સક્રિય. 1949માં સાહિત્યના અધ્યાપક.

અવસાન : 1995 આશરે.

## પટેલ, હરમાનભાઈ સતાભાઈ

જન્મ : 1925. વતન : જિતોડીઆ, તા. આણંદ.

અભ્યાસ : મૅટ્રિક સુધી. 1942માં 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ડાકોરમાં સરઘસમાં જોડાયા. તે સરઘસ ઉપર ગોળીબાર થયો હતો. પાછળથી આસપાસનાં ગામોમાં પત્રિકાઓ વહેંચતા અને લડતનો પ્રચાર કરતા. ધરપકડ. નાની ઉંમર હોવાથી મુક્ત કર્યા.

## પટેલ, હરમાનભાઈ હરખજીભાઈ

જન્મ : 1896. ખાનકૂવા, જિ. ખેડા.

1942ની લોકક્રાંતિના પ્રચારકાર્ય માટે ધરપકડ. છ મહિના કારાવાસ. 60 રૂપિયા દંડ.

## પટેલ, હરિભાઈ કલ્યાણભાઈ

વતન : લીંબાસી, તા. માતર, જિ. ખેડા.

1930-32ની ચળવળ દરમિયાન ના-કરની

લડતના કાર્યક્રમ હેઠળ સરકારને જમીનમહેસૂલ ન ભરવા બદલ, જપ્તી વૉરંટ કાઢી, ઘરવખરી જપ્ત કરવામાં આવી. તેથી ઘણું નુકસાન વેઠ્યું.

## પટેલ, હરિભાઈ મૂળજીભાઈ

આણંદ.

1930-32 : ના-કર લડતમાં સક્રિય. ધરપકડ. કારાવાસ. દંડ 50 રૂપિયા. ઘરવખરી વેચી દંડ વસૂલ કરાયો.

## પટેલ, હરિભાઈ મૂળજીભાઈ

જન્મ : 1905. નાવલી, જિ. ખેડા.

1930માં પત્રિકાવિતરણ માટે ધરપકડ કરી, છ મહિના કારાવાસ. 500 રૂપિયા દંડ.

## પટેલ, હરિભાઈ રેવાભાઈ

માતર, જિ. ખેડા.

1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. ધરપકડ. છ મહિના કારાવાસ. 1942ની લોકક્રાંતિમાં ભાગ લીધો. ધરપકડ. કારાવાસ.

## પટેલ, હરિભાઈ શિવાભાઈ

નિવાસ : સોજિત્રા, જિ. આણંદ.

શિક્ષક દ્વારા રાષ્ટ્રભાવના ઝંકૃત. સોજિત્રા. વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. પત્રિકાવિતરણ. કોલકાતા અધિવેશનમાં ઉપસ્થિત. સવા વર્ષ કારાવાસ. મુક્તિ પછી ભૂગર્ભપ્રવૃત્તિ. રેલસંકટમાં સહાય.

## પટેલ, હરિશ્ચન્દ્ર સાંકળચંદ

જન્મ : 1924 આશરે. અમદાવાદ.

ખાનગી નોકરી. 1942ની લડતમાં બૉમ્બપ્રવૃત્તિમાં ભાગ લીધો. ગોમતીપુર વીજળીના સબસ્ટેશને 23-11-1942ના રોજ ત્રણ બૉમ્બ મૂક્યા. પત્રિકાઓ વહેંચતા. ધરપકડ. પોલીસે ખૂબ માર્યા. ટાંકણીઓ ખોસી, પગના તળિયામાં માર્યું. દોઢ માસ કાચી જેલમાં. રિમાન્ડ પર. તે પછી લાંબો સમય જાન્યુઆરી, 1945 સુધી કાચા કામના કેદી.

## પટેલ, હસમુખભાઈ માધવભાઈ

સરસ, જિ. સૂરત.

1930ની ચળવળમાં મીઠું પકવવાની પ્રવૃત્તિમાં જોડાયા. ઇચ્છાપોરની છાવણીમાં કામ કર્યું. હરિદાસ ગાંધીની આગેવાની નીચે ધરાસણા ગયા. સરોજિની નાયડુની ટુકડીમાં જોડાયા. ગિરફ્તાર. પોલીસોએ ઘણો ત્રાસ આપ્યો. વરલી જેલમાં લઈ ગયા. એક મહિનાની સજા.

## પટેલ, હાજાલાલ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

ફૂલચંદભાઈ શાહ સાથે ચળવળમાં જોડાયા, અને રાષ્ટ્રીય શાળામાં ચોકીદાર તરીકે કામગીરી કરી. શિવાનંદજી સાથે ધ્રાંગધ્રા સત્યાગ્રહમાં સામેલ થયા. પોલીસનો માર ખાધો.

## પટેલ, હાથીઆભાઈ

નળકાંઠાના સુડતાળીસ ગામના પટેલ.

1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. ખારી ગામે જઈ મીઠું ઉપાડી સવિનય કાનૂનભંગ કરવા જતા સેંકડો લોકોને પોલીસોએ રસ્તામાં નિર્દયતાથી માર્યા. તેમાં નળકાંઠાના સુડતાળીસ ગામના પટેલ હાથીઆભાઈ પણ ઘવાયા હતા. તેથી સુડતાળીસ ગામના લોકોએ એકત્ર થઈ સરકારી અમલદારનો બહિષ્કાર કરવા ઠરાવ કર્યો.

## પટેલ, હાથીભાઈ કાભાઈ

વસઈ, જિ. ખેડા.

1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. છ મહિના કારાવાસ. ગ્રામોન્નતિના કાર્યમાં સક્રિય.

## પટેલ, હાથીભાઈ ભક્તિદાસ

માણસા, ઉ. ગુજરાત.

દેશી રાજ્ય હતું. વેઠના ગાડાં આપવા કે અપાવવાનો અસહકાર કરીને ઇન્કાર કર્યો. આથી રાવલશ્રી(શાસક, રાજા)એ સરકારી કામમાં ખલેલ પાડવાનું લેખીને પાંચ રૂપિયાનો દંડ કર્યો. 'આવા ગંભીર ગુના બદલ જમીનો જપ્ત થઈ શકે તેમ હોવા છતાં દયાથી પ્રેરાઈને જ દંડ કર્યો.'

## પટેલ, હાથીભાઈ હરિભાઈ

વતન : આખડોલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1932ની ચળવળ વખતે ના-કરની લડતના કાર્યક્રમ હેઠળ જમીનમહેસૂલ ભર્યું નહિ. તેથી જપ્તી વૉરંટ કાઢવામાં આવ્યું. છતાં મહેસૂલ ન ભર્યું અને બાજુની ગાયકવાડી સરહદના કરોલી ગામમાં હિજરત કરી. સરકાર સાથે સમાધાન થયા પછી વતનમાં પાછા આવ્યા.

## પટેલ, હાંસજીભાઈ હીરાભાઈ

જન્મ : 1917. ખરવાણ, જિ. સૂરત.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો અને દેશસેવાનાં અનેક કાર્યો કર્યાં. સભા-સરઘસોમાં જોડાયા.

## પટેલ, હિંમતભાઈ કસ્તૂરભાઈ

કપડવંજ, જિ. ખેડા.

1930 મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. લસુંદ્રા છ મહિના કારાવાસ. 50 રૂપિયા દંડ. 1932માં ધરપકડ. સવિનય કાનૂનભંગ સત્યાગ્રહ. બે વખત થઈને 3 વર્ષ કારાવાસ.

## પટેલ, હિંમતલાલ દસુરભાઈ

જન્મ : 10 જાન્યુઆરી, 1905. કઠલાલ, જિ. ખેડા.

1930માં લસુંદ્રાના મીઠા-સત્યાગ્રહ દરમિયાન કપડવંજમાંથી ધરપકડ. છ માસની સજા. રૂપિયા 50 દંડ. ધરાસણા સત્યાગ્રહમાં ખેડા જિલ્લાની ટુકડી લઈને ગયા હતા.

## પટેલ, હીમાતભાઈ કાશીભાઈ

નવાગામ, જિ. ખેડા.

1918માં ગાંધીજીના સંપર્કથી પ્રભાવિત. ખેડા સત્યાગ્રહમાં ભાગ લેવાથી ધરપકડ. કારાવાસ. 1930માં મીઠા-સત્યાગ્રહમાં. છ મહિના કારાવાસ.

## પટેલ, હીરાબહેન શિવાભાઈ

જન્મ : 1908. ચિખોદરા, જિ. ખેડા.

1927 : પતિ શિવાભાઈ ગોકળભાઈ સાથે સાબરમતી આશ્રમમાં વાસ. 1930 : સવિનય ભંગ સત્યાગ્રહ. 3 મહિના કારાવાસ.
અવસાન : 1938.

## પટેલ, હીરાભાઈ કેશવલાલ

જન્મ : 26 એપ્રિલ, 1919. વતન : જામનગર.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. પોલીસનો માર ખાધો. સરધારમાં જેલવાસ વેઠ્યો. 1942માં અમદાવાદમાં લડતમાં ભાગ લીધો.

## પટેલ, હીરાભાઈ ગુલાબભાઈ

વડોદરા.

દારૂપીઠાં, વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. 1930માં દાંડીકૂચમાં સૈનિક. મારપીટનો ભોગ. બારડોલી આશ્રમની રક્ષા વેળા મારપીટ. બોજાદરા. પત્રિકાવિતરણ. છ મહિના કારાવાસ. ચક્કી પીસી.

## પટેલ, હીરાભાઈ રણછોડભાઈ

દાહોદ.

15 જાન્યુઆરી, 1933ના રોજ પીપળાવમાં. ગુજરાતના સરમુખત્યારોની પરિષદના પ્રતિનિધિ. લાઠીમાર. ધરપકડ. બે વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ, અથવા છ માસની વધુ સજા.

## પટેલ, હીરાભાઈ સોમાભાઈ

રાયમ, જિ. સૂરત.

1930ની લડતમાં ભાગ લીધો. વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ, સરઘસ વગેરેમાં જોડાતા. ધરપકડ થઈ. માર ખાધો. છ માસની જેલ થયેલી.

પટેલ, હીરાભાઈ હાથીભાઈ

ધર્મજ, જિ. આણંદ.

1931-32માં અસહકારમાં સક્રિય. 12 મહિના કારાવાસ. દોઢ મહિનો વહેલી મુક્તિ. પંચાયતમાં 20 વર્ષ સેવા. પોલીસ પટેલ 5 વર્ષ.

## પટેલ, હેમચંદ્રભાઈ પુરુષોત્તમદાસ

જન્મ : 17 ઑગસ્ટ, 1915. ઇસ્લામપુર, ચાણસ્મા.

1936 : મૅટ્રિક પાસ. 1940માં બી.એસસી. ગુજરાત કૉલેજમાં એમ.એસસી. અને લૉ કૉલેજમાં એલએલ.બી.નો ચાલુ અભ્યાસ છોડી; 1942માં 'હિન્દ છોડો' લડતમાં જોડાયા. 8 ઑગસ્ટ, 1942 મુંબઈમાં કૉંગ્રેસની બેઠકમાં બીજા ત્રણ મિત્રો સાથે હાજર. 9 ઑગસ્ટે મુંબઈમાં સરઘસમાં જોડાયા, લાઠીનો માર ખાધો. વડોદરામાં આર્યસંગઠન પ્રગતિમંડળમાં જોડાઈ એચ. સી. રૉય નામ રાખ્યું. અમદાવાદમાં બૉમ્બ-પ્રવૃત્તિમાં છોટુભાઈ પટેલનો સંપર્ક. હેમચંદ્રભાઈ, વીરચંદ અને કસ્તૂરચંદ ઠક્કરે મહેસાણામાં બૉમ્બ બનાવ્યા. મોહનભાઈ હરિભાઈ પટેલ નાણાંની મદદ કરતા. એક બૉમ્બ ઊંઝામાં, બીજો જગુદણમાં ફોડ્યો. ત્રીજો અમદાવાદ મોકલ્યો. ઊંઝાના બુધાલાલના અપહરણમાં આર્ય સંગઠન પ્રગતિમંડળના કાર્યકરો પકડાતાં, હેમચંદ્ર સાધનો તથા વિસ્ફોટકો કૂવામાં નાંખી નાસી ગયા. મુંબઈમાં –અમદાવાદના મિલમાલિક મંગળદાસ ગીરધરના પુત્રે 500 રૂપિયા આપ્યા. તે લઈ આગ્રા, કોલકાતા, શાંતિનિકેતન, પટણા, ગયા, વારાણસી, અલ્લાહાબાદ વગેરે સ્થળે. હૃષીકેશ, બદરીનાથ. શિવાનંદ સ્વામીના આશ્રમમાં ત્રણેક મહિના રહી. દિલ્હી, કોલકાતા – દુષ્કાળ રાહતકાર્ય – શ્યામાપ્રસાદ મુખરજીએ સ્થાપેલ રાહત સમિતિમાં ત્રણ માસ સેવા. વતન પાછા આવી, મુંબઈમાં વેપારી પેઢીમાં ભાગીદાર. છેલ્લે અમદાવાદમાં નિવૃત્તિ.

## પટેલિયા, ગોકળભાઈ કસનાભાઈ

દાહોદ. આદિવાસી યુવક.

ભીલ સેવા મંડળનાં આશ્રમો તથા શાળાઓમાં ભણવાથી રાષ્ટ્રીય જાગૃતિ. દેશભક્તિ. 1930માં વિદેશી કાપડની દુકાનો તથા દારૂનાં પીઠાં

પર દાહોદમાં પિકેટિંગ. ધરપકડ. ચાર માસની કેદની સજા.

## પટેલિયા, ચેણાભાઈ ભીમાભાઈ

દાહોદ.

આદિવાસી યુવક. ભીલ સેવા મંડળનાં આશ્રમો તથા શાળાઓમાં ભણવાથી રાષ્ટ્રીય જાગૃતિ. દેશભક્તિ. આદિવાસીઓને બરબાદ કરતાં દારૂનાં પીઠાં પર દાહોદમાં પિકેટિંગ. ધરપકડ. કેસ ચલાવી ચાર માસની કેદની સજા.

## પટ્ટણી જ્યોત્સ્નાબહેન ફૂલશંકર

જ. ફેબ્રુઆરી, 1911. વતન : કચ્છ.

લગ્ન પછી મુંબઈ. 1932થી 1950 સુધી મુંબઈમાં ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ દ્વારા સમાજસેવા. 1950 પછી ભુજમાં વસવાટ. જવાબદાર રાજ્યતંત્રની પ્રવૃત્તિમાં ભાગ લેતાં. તેમાં યૂસુફ મહેરઅલીનું નેતૃત્વ. ત્યાંની દમનનીતિનો સામનો કર્યો. પિકેટિંગ કર્યું.

## પટ્ટણી દેવીબહેન પ્રભુલાલ

જન્મ : 1903. સાવરકુંડલા, સૌરાષ્ટ્ર.

1921થી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જોડાયાં. રાજ્યના

પ્રજામંડળનાં સભ્ય. 1930માં ધોલેરા સત્યાગ્રહ માટેની છાવણીમાં રહી સંચાલન કરવામાં સહાય. તે સત્યાગ્રહમાં ભાગ લીધો. સાત માસની કેદની સજા. 1932માં રાણપુરમાં સત્યાગ્રહમાં ભાગ લીધો, છ માસની જેલ ભોગવી. 1942માં ‘હિન્દ છોડો’ ચળવળમાં ભૂગર્ભપ્રવૃત્તિ. અનેક ભાષાઓનાં જાણકાર, આયુર્વેદનાં જ્ઞાતા. લોકસેવા. પેન્શન, તામ્રપત્ર મળ્યાં.

## પઠાણ, ઉંમરખાન

અમદાવાદ.

1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લઈ, છ માસની કેદની સજા ભોગવી. તેમાં જ ફરી વાર દોઢ વર્ષની કેદની સજા ભોગવી. 1942ની ચળવળમાં 10 ઑગસ્ટની રાત્રે ધરપકડ. ગાંધીજીના ઉપવાસની સાથે જેલમાં 21 દિવસના ઉપવાસ કર્યા. જેલમાં પોણા ત્રણ વર્ષ રહ્યા.

અવસાન : માર્ચ, 1979.

## પઠાણ, લીલીબહેન અકબરભાઈ

જન્મ : 1925. પાલિતાણા.

પાલિતાણા, ચારોડિયા સત્યાગ્રહમાં ભાગ લીધો. પાલિતાણામાં બે મહિના જેલવાસ ભોગવ્યો.

## પડિયા, ડાહ્યાભાઈ

પોરબંદર.

રાષ્ટ્રીય રંગે રંગાયા. ખાદી અને હરિજનસેવાનું કાર્ય માધવપુરમાં. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળ વખતે રાજ્યે તેમના આશ્રમને સીલ માર્યાં ને તેમને બગવદરમાં અટકમાં રાખ્યા. જેલમાં તબિયત નાદુરસ્ત. પોરબંદરમાં નિવાસ.

## પડિયા, ભીખાલાલ ગાંડાલાલ

અમરેલી.

1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયા. શાળાને આગ ચાંપવાના આરોપસર ધરપકડ થઈ. થોડો વખત
અટકમાં રહ્યા.

## પઢિયાર, કાશીબહેન દેસાઈભાઈ

કારેલી, તા. જંબુસર, જિ. ભરૂચ.

1930માં સત્યાગ્રહમાં સક્રિય. કારાવાસ. દેસાઈભાઈ પરસોત્તમભાઈ પઢિયારનાં પુત્રી. ભાઠામાં મીઠું પકાવવાનું કાર્ય. સ્ત્રીઓને પ્રોત્સાહન. પત્રિકાવિતરણ. ધરપકડ.

## પઢિયાર, કાશીભાઈ છગનભાઈ

કારેલી, તા. જંબુસર, જિ. ભરૂચ.

1930 : દાંડીકૂચ. ગાંધીજીનું આગમન. ઉપદેશ. ના-કર લડત. પોતે પોલીસપટેલ પદનો ત્યાગ કરી લડતમાં પ્રવેશ કર્યો. કારેલી, મીઠા-સત્યાગ્રહ. ગજેરા, પત્રિકાવિતરણ સાબરમતી. છ મહિના કારાવાસ. મુક્તિ. હિજરત. ગાયકવાડના પ્રદેશમાં વાસ અને ખેતી.

## પઢિયાર, નરસિંહભાઈ બાવાભાઈ

પીલુદ્રા, આમોદ.

બારડોલી આશ્રમને સીલ મારવામાં આવ્યું ત્યારે નવસારીથી 20 માણસોની ટુકડી સાથે તાળાં તોડવા ઊપડેલા. તેમાં પોલીસનો માર ખાધો. એક વર્ષની સજા સાબરમતી જેલમાં ભોગવી. પત્રિકાઓ વહેંચતા, પિકેટિંગ કરતા.

## પઢિયાર, બાધરભાઈ ઓધારભાઈ

કારેલી, તા. જંબુસર, જિ. ભરૂચ.

1930ની લડતમાં જોડાયા. ધરાસણા જઈ મીઠાના કાયદાનો ભંગ કર્યો. સુન્દરમની રાહબરી નીચે સત્યાગ્રહ કરી હિજરત કરી. પકવેલું મીઠું વેચવા જતાં પકડાયા. છ માસની

સજા ભોગવી. આઝાદી સુધી લડત આપતા રહ્યા.

## પઢિયાર, ભઈજીભાઈ બાવાભાઈ

કારેલી, તા. જંબુસર, જિ. ભરૂચ.

1932ની લડતમાં છોટુભાઈ પુરાણી, ચન્દ્રશંકર ભટ્ટ વગેરેની દોરવણીથી લોકલડતમાં ભાગ લીધો. લાઠીમાર ખાધો. જમીનમહેસૂલ નહિ ભરવા માટે પકડવામાં આવ્યા.

પઢિયાર, માધવસંગ દાદાભાઈ

કારેલી, તા. જંબુસર, જિ. ભરૂચ.

1930માં ગાંધીજી ગામમાં આવ્યા ત્યારે આખા ગામે કર ન ભરવાનો નિર્ણય કર્યો. ગેરકાયદે મીઠું પકવ્યું. ધરાસણામાં મીઠાનો સત્યાગ્રહ કર્યો. પોલીસના જુલમો સહન કર્યા. મહેસૂલ ન ભરવા બદલ ધરપકડ. કુલ સાડા તેર માસની કેદની સજા ભોગવી.

## પઢિયાર, શિવાભાઈ નિરાંતભાઈ

કારેલી, તા. જંબુસર, જિ. ભરૂચ.

દાંડીકૂચના 81 સ્વયંસેવકોની ટુકડી કારેલી ગામે આવી ત્યારે સત્યાગ્રહની લડતમાં જોડાયા.

'ના-કર'ની લડત આપી. ઘરવખરી, ભેંસ બધું જ જપ્ત થયું. ગામ હિજરત કરી ગયું. ધરાસણા જઈ મીઠા-સત્યાગ્રહ કર્યો. પકડાયા. છ માસની સજા ભોગવી. ફરી સરઘસમાં ભાગ લેતાં પકડાયા. ફરી સજા થઈ.

## પદકી, ઉમાબહેન મુકુંદરાવ

જન્મ : 5 ફેબ્રુઆરી, 1918. અમદાવાદ.

અભ્યાસ મૅટ્રિક સુધી. કૉંગ્રેસનાં સક્રિય કાર્યકર. અમદાવાદ મ્યુનિસિપાલિટીનાં સભ્ય. કે. જી. પ્રભુનાં બહેન. 1930ની દાંડીકૂચ વખતે કર્ણાટકમાં લોક-જાગૃતિનું કાર્ય. તે માટે ધરપકડ અને છ માસનો જેલવાસ. કુરુક્ષેત્રના નિર્વાસિત કૅમ્પમાં શરણાર્થીઓની સેવા માટે અમદાવાદથી ગયેલી ટુકડીનાં સભ્ય. 1942ની ચળવળમાં બૉંબની હેરાફેરી, ઘરમાં સાચવી રાખવા, ભૂગર્ભ પ્રવૃત્તિ. ગુપ્તવાસ મુંબઈ વગેરે સ્થળે.

## પદ્માબહેન શીતલસહાય

બોચાસણ, જિ. આણંદ. ઉંમર – 15

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે બહેનોના સરઘસ પર પોલીસોએ બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને 9 લાઠીના ફટકા અને બૂટની લાતો મારી. તેમને પીઠ, માથું તથા જાંઘ પર ઈજા થઈ.

## પનસલાલ કેશવલાલ

રાજપીપળા, જિ. નર્મદા.

1932માં ભરૂચથી અંકલેશ્વર જઈને જંગલ સત્યાગ્રહ કર્યો અને બીજી ઘણી પ્રવૃત્તિઓ લડત અંગેની કરી. તેમની ધરપકડ થઈ. છ માસની સજા અને દંડ ન ભરતાં વધુ એક માસની સજા થઈ.

## પન્નાલાલ

જન્મ : 1930.

રૉયલ ઇન્ડિયન નેવીના બળવાને ટેકો આપવા માટે પ્રજાકીય વિરોધ આંદોલનમાં ભાગ લેતાં ફેબ્રુઆરી, 1946માં પોલીસની ગોળીથી ઘવાયા અને અવસાન પામ્યા.

અવસાન : ફેબ્રુઆરી, 1946. મુંબઈ.

## પરમાણંદ લાભશંકર

રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ વહોરી લીધી. કેસ ચાલ્યા બાદ છ માસની જેલની સજા ભોગવી.

## પરમાનંદ જાદવજી

અમદાવાદ.

1942ની ચળવળમાં ગેરકાયદે પત્રિકા છાપી

પ્રસિદ્ધ કરવા માટે ધરપકડ. નવ માસની સખત કેદ અને રૂ. 200/- દંડ અથવા 4 માસની કેદ વધુ.

## પરમાનંદજી

નિવાસ : વડોદરા.

સ્વતંત્રતા-સંગ્રામમાં આગળ પડતો ભાગ લીધો. સભા-સરઘસો, પત્રિકાવિતરણ, ભાંગફોડ વગેરે. કારાવાસ. સમાજસેવાનાં કામો.

## પરમાર, અનંતરાય સાજણભાઈ

જન્મ : 14 ઑગસ્ટ, 1926. કડિયાળી, જિ. અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે અભ્યાસ છોડી દીધો. ભાવનગરના પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થતાં અટકાયત. સખત મારપીટ. હરિજન આશ્રમ, ભાવનગરના તેજસ્વી વિદ્યાર્થી. શિક્ષક. સ્વાતંત્ર્ય- સૈનિકનું પેન્શન અને તામ્રપત્ર એનાયત.

## પરમાર, કાળીદાસ સદારામ

કાસર, જિ. ખેડા.

1921 : શાળાનો ત્યાગ. સત્યાગ્રહમાં પ્રવેશ. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. 12 મહિના કારાવાસ. સમાધાન થવાથી મુક્તિ.

## પરમાર, ગોકળભાઈ ડોસાભાઈ

જન્મ : 6 જાન્યુઆરી, 1922. મોરબી.

અભ્યાસ : ઇન્ટર સાયન્સ. રાષ્ટ્રીય ભાવના. રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતા. મોરબી રાજ્યની ભાગબટાઈ પ્રથા સામે 1947માં લડતની આગેવાની લીધી. ચાર માસ સુધી લડત ચાલી. રાજ્ય સાથે સમાધાન. લડત દરમિયાન તેમને પકડીને અટકાયતમાં. તે દરમિયાન ઉપવાસ શરૂ કર્યા. સ્વરાજ આવ્યા પછી મોરબી સેવામંડળની સ્થાપના. મુંબઈ અને ગુજરાતના ધારાસભ્ય. ગુજરાત સહકારી સંઘના પ્રમુખ. ગુજરાત હરિજન સેવક સંઘના પ્રમુખ.

## પરમાર, ગોવિંદજી હીરજી, રજપૂત

નિવાસ : અમદાવાદ. વતન : રાજકોટ.

1931-32ની ચળવળમાં સક્રિય. સાબરમતી અને વિસાપુરમાં 7 મહિના બંદી.

## પરમાર, જયમલભાઈ પ્રાગજીભાઈ

જન્મ : 6 નવેમ્બર, 1910. વાંકાનેર, સૌરાષ્ટ્ર.

1930-31 : મીઠાની લડતમાં જોડાયા. મીઠાનો કાનૂનભંગ. અટકાયત. સાબરમતી અને વિસાપુર જેલમાં છ માસ જેલવાસ. 1933માં એક વર્ષ સાબરમતી જેલમાં સજા. લડત દરમિયાન તહકૂબીના વખતમાં ભાલનાં ગામડાંઓમાં લોકજાગૃતિનું કામ. ધ્રાંગધ્રાની લડતમાં જુલમો સહન કર્યા. ધ્રોળ-વણોદના સત્યાગ્રહમાં જોડાયા. રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે. બૉમ્બપ્રવૃત્તિમાં સક્રિય. સરકારી વાહનવ્યવહાર થોભાવવા જોખમભર્યાં કાર્યો. પાંચ વર્ષ ભૂગર્ભવાસ. સ્વરાજ બાદ લોકસાહિત્યની પ્રવૃત્તિમાં વિશેષ ભાગ લીધો. લોકવિદ્યાલયની સ્થાપના. લોકસાહિત્યનું કાર્ય. નશાબંધીનું કાર્ય. વિવિધ પુસ્તકો લખ્યાં. 'ઊર્મિ નવરચના' માસિકના તંત્રી.

## પરમાર, જેઠાલાલ પરસોત્તમ

દાહોદ.

1930ની ચળવળ દરમિયાન દાહોદમાં ગોદી રોડ પર દારૂનાં પીઠાં પર પિકેટિંગ. માલિકોને આર્થિક નુકસાન થવાથી ફરિયાદ. ધરપકડ. કેસ ચલાવી ચાર માસની કેદની સજા.

## પરમાર, જેસિંગભાઈ ગોવિંદજી

જન્મ : 1909. સોખડા, જિ. ખેડા.

1930ની ચળવળમાં તથા 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ. 1942માં ત્રણ માસની કેદની સજા. પાછળથી ભારતીય દલિત સંઘના પ્રમુખ.
અમદાવાદ શહેર જિલ્લા દલિત વર્ગ સંઘના ઉપપ્રમુખ. ગુજરાત પ્રદેશ દલિત વર્ગ સંઘની કારોબારીના સભ્ય. ધારાસભ્ય.

## પરમાર, ડુંગરજી ડોસાજી

જન્મ, વતનઃ હાડવી, જિ. મહેસાણા

કાર્યક્ષેત્ર, વ્યવસાય અમદાવાદ. રાષ્ટ્રીય ભાવના.
1928 : બારડોલી સત્યાગ્રહમાં પણ ભાગ લીધો હતો. 1930-31ની ચળવળમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. પાંચ કૂવાના માર્ગ પાસેથી ધરપકડ. દોઢ માસની કેદ.

## પરમાર, ધૂળાભાઈ

દાહોદ.

ભીલ સેવા મંડળની આશ્રમ-શાળાઓમાં ભણવાથી રાષ્ટ્રીય જાગૃતિ. 1930માં દારૂનાં પીઠાં પર પિકેટિંગથી કાનૂનભંગ કરીને સ્વરાજની લડતમાં ભાગ લીધો. ધરપકડ. કેસ ચલાવીને ચાર માસની કેદની સજા.

## પરમાર, નારસિંહ વિરમસિંહ

જન્મ : 1910. વલણ, જિ. સૂરત.

1921માં નવસારીની પુરુષ શિક્ષણ પાઠશાળામાંથી અભ્યાસ છોડી સ્વયંસેવક તરીકે ખાદીનું પ્રચારકાર્ય શરૂ કર્યું. 1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહની લડતમાં જોડાઈને આઠ દિવસ અટકાયતમાં રહ્યા. 1926માં સૂરતમાં કાપડની દુકાનો પર પિકેટિંગ. રાષ્ટ્રીય શાળાની ઝુંબેશમાં એક વર્ષ કામગીરી. 1928માં રંગૂનની દુકાન બંધ કરી બારડોલી આવી હિજરતીઓની વ્યવસ્થાના કામમાં જોડાયા. સૂરતમાં મદ્યનિષેધની પ્રવૃત્તિમાં જોડાયા. 1930માં પરબની શાળામાં શિક્ષક હતા ત્યારે અને કીમમાં પણ મીઠા- સત્યાગ્રહમાં જોડાયા. કીમ છાવણીના કૅપ્ટન હતા. ધારાસભા બહિષ્કારનું કાર્ય કર્યું હતું. પીઠાં ઉપર પિકેટિંગનું કામ. જાતે ફોજદાર પાસે હાજર થયા. કેસ ચાલતાં એક વર્ષની કેદની સજા.

## પરમાર, ફતેહસિંગ ડાભઈ

ઉબેર, તા. જંબુસર, જિ. ભરૂચ.

ગામ કારેલીમાં મીઠાના કાયદાનો ભંગ કર્યો. લડત દરમિયાન લોકો હિજરત કરી જતાં સરકારે તાળાબંધી ફરમાવેલી. તેનો ભંગ કરવા જોશીપુરા ગામે ગયા. જંબુસર કોર્ટને નોટિસ આપી તાળાં તોડ્યાં. ત્યાંથી કારેલી ગામમાં સરઘસ કાઢ્યું. ધરપકડ થઈ. સાડા સાત માસની સજા થઈ.

## પરમાર, ફૂલાભાઈ ધનાભાઈ

જન્મ : 1916. કુંજરાવ, જિ. ખેડા.

1930 : મીઠા-સત્યાગ્રહ. ધરાસણા ટુકડીમાં ગયા. લાઠીમાર ખાધો. 1942ની લોકક્રાંતિમાં. બૉમ્બપ્રવૃત્તિ. ચોરામાં વિસ્ફોટ થતાં ભારે માર પડ્યો. 9 દિવસ કાચો કારાવાસ. રૂ. 150 દંડ.

## પરમાર, ફૂલાભાઈ બાજીભાઈ

જન્મ : 19 ફેબ્રુઆરી, 1896. મહેમદાવાદ, જિ. ખેડા.

1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહમાં. 5 મહિના કારાવાસ. 1930 : મીઠા-સત્યાગ્રહ. લસુંદ્રા, ધરાસણામાં લાઠીમાર. ખેડામાં દારૂની દુકાનો પર પિકેટિંગ. 3 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. નિવૃત્ત જીવન.

## પરમાર, ફૂલાભાઈ રઈજીભાઈ

કાસર, જિ. ખેડા.

1930 : ના-કર લડત. સરકારનો વિરોધ. સરકારી બાવળી કાપી નાખી ધરપકડ. છ મહિના કારાવાસ.

## પરમાર, ભલજીભાઈ રાવજીભાઈ

વરોડ, તા. દાહોદ.

યુવાન આદિવાસી કાર્યકર. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે સરકાર સામે સભા-સરઘસોમાં ભાગ લઈ સત્યાગ્રહ કરવા માટે આઠ માસની કેદની સજા.

## પરમાર, ભીમસિંહ વેચાત

વાઘજીપુરા, તા. શહેરા, જિ. પંચમહાલ.

ધગશવાળો, બહાદુર આગેવાન ખેડૂત. શહેરા અને ગોધરા તાલુકાનાં ગામોના ખેડૂતોમાં સરકાર વિરુદ્ધ પ્રચાર. 1932માં ધરપકડ. જેલની સજા. ગોધરા તાલુકા કિસાન પરિષદના મંત્રી. 1942ની લડત વખતે બ્રિટિશ રાજનો અંત લાવવાના આશયની પંચમહાલના કલેક્ટરને જાણ કરી. ગોધરા તાલુકાના બોડીદરા ગામે 21 ફેબ્રુઆરી, 1943 અને શહેરા તાલુકાના વાઘજીપુરા ગામે બીજે દિવસે લૂંટ કરી. 12 માર્ચ, 1943ના રોજ કુવાજર ગામમાં લૂંટ કરી. બોડીદરા ગામે પોલીસના ગોળીબારથી માર્યા ગયા. શહેરાની હાઈસ્કૂલના કમ્પાઉન્ડમાં ભીમસિંહ, કૃષ્ણશંકર શુક્લ અને રતનસિંહ ઠાકોર આ ત્રણનો કીર્તિસ્તંભ બનાવ્યો છે.

## પરમાર, મહીજીભાઈ દેસાઈભાઈ

કારેલી, તા. જંબુસર, જિ. ભરૂચ.

જમીનમહેસૂલ ભરવું બંધ કર્યું. જમીનો ગુમાવી જેલવાસ ભોગવ્યો. ધરાસણા જઈ મીઠું લૂંટવાનો સત્યાગ્રહ કર્યો. ભાઠામાં મીઠું પકવ્યું. જેલ ભોગવી. અણનમ રહી સરકાર સામે લડતા જ રહ્યા.

## પરમાર, મંગળભાઈ મથુરભાઈ

જન્મ : 1 એપ્રિલ, 1904. રુદણ, જિ. ખેડા.

1930 : ધરાસણા જતી મીઠા સત્યાગ્રહ ટુકડીના સભ્ય. ધરાસણા હડતાળ પડાવતાં ધરપકડ. 3 મહિના કારાવાસ. 60 રૂપિયા દંડ ભરીને છૂટ્યા.

## પરમાર, માધવજી પીતાંબરદાસ

જન્મ : 31 જુલાઈ, 1901. વાલમ, જિ. મહેસાણા.

1930 : ધરાસણામાં મીઠાનો સત્યાગ્રહ. સ્વયંસેવક. 1932 : ફરી સત્યાગ્રહ. 3 મહિના કારવાસ. દલિતોનાં મુખપત્રોનું સંપાદન કર્યું. હરિજનસેવામાં સક્રિય.

## પરમાર, મોતીભાઈ પુરુષોત્તમદાસ (મોતીભાઈ દરજી)

જન્મ : 1888. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

1915માં ગાંધીજી સૌરાષ્ટ્ર આવ્યા ત્યારે વઢવાણ સ્ટેશને ગાંધીજીને મળ્યા. વિરમગામની લાઇનદોરી ગાંધીજી દ્વારા બંધ કરાવી. ગાંધીજીએ કોચરબ આશ્રમે આવવાનું આમંત્રણ આપ્યું. આશ્રમનું સિલાઈનું કામ પાર પાડી દેતા. તેમણે પુસ્તકાલય પ્રવૃત્તિ શરૂ કરી બહેનોને કામધંધો આપવા કોશિશ કરી. વ્યાયામ અને શ્રમનાં કાર્યો હાથ ધર્યાં. સ્વદેશીની ચળવળ શરૂ કરી. 1918માં વઢવાણમાં પ્લેગ ફાટી નીકળ્યો, ત્યારે દર્દીઓની સેવા કરતાં ભરયુવાનીમાં અવસાન.

## પરમાર, રતનસિંહ જરસિંહ

વાઘજીપુરા, જિ. પંચમહાલ.

1932-33માં માણેકચોકમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો ત્યારે પોલીસે લાઠીચાર્જ કરી ધરપકડ કરી. સગીર વયના હોવાથી તેમને લોખંડના સળિયા સાથે બાંધી જમીન પર પછાડવાની સજા કરી. ત્યાર પછી પત્રિકાઓ

વહેંચતાં પકડાયા હતા. ચાર વર્ષની જેલની સજા ભોગવી.

## પરમાર, રત્નસિંહ દીપસિંહ

જન્મ : 1880. ડભોલી, જિ. સૂરત.

ટિળકના અનુયાયી. ગામેગામ રાજદ્વારી ભાષણો કરતા. લેખો લખતા. અનેક વાર જેલમાં ગયા. બંગભંગ વખતે સૂરત શહેરમાં ફરીને સ્વદેશી વિશે ભાષણો આપ્યાં. ટિળક જેલમાં ગયા ત્યારે મનાઈના વિસ્તારમાં ભાષણ આપવા માટે એક વર્ષની સજા થઈ. સ્વદેશી પ્રવૃત્તિ માટે 'પૈસા ફંડ' ચાલુ કર્યું. ટોડ- લિખિત રાજસ્થાનના ઇતિહાસનો અનુવાદ કર્યો. 1926માં અવસાન.

## પરમાર, રાયસંગ ડાભઈ

જન્મ : 23 ઑક્ટોબર, 1903. બોજાદરા, જિ. ભરૂચ.

1930 : સહકુટુંબ સત્યાગ્રહ. ના-કર લડત. 300 એકર ભૂમિ જપ્ત. ગાંધી-ઇર્વિન સંધિથી પાછી મળી. કારાવાસ. 1932માં સત્યાગ્રહ કરવાથી ફરી ભૂમિ જપ્ત. 1945માં પાછી મળી. કારાવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. વિસાપુરમાં કારાવાસ. 1942માં છોટુભાઈ પુરાણી તથા ચંદ્રશંકર ભટ્ટ સાથે ભૂગર્ભવાસ. 1945માં બધા સાથે પ્રગટ થયા.

અવસાન : 4 જુલાઈ, 1963.

## પરમાર, રાવજીભાઈ જેઠાભાઈ

કારેલી, જિ. ભરૂચ.

કારેલી ગામમાં પોતે પણ 1930માં મીઠા તથા ના-કર સત્યાગ્રહમાં સંલગ્ન. છોટુભાઈ પુરાણી, ચંદ્રશંકર ભટ્ટ, ગાંધીજી આદિની વાણીથી પ્રેરણા. ધરાસણા સત્યાગ્રહ (1930). પત્રિકાવિતરણ. ધરપકડ. યાતના. ઘરબારનો નાશ.

## પરમાર, રૂપસિંહ ટીડાભાઈ

જન્મ : 28 ફેબ્રુઆરી, 1916. રાજકોટ.

ઢેબરભાઈ તેમજ જેઠાલાલ જોષીની આગેવાની નીચે વર્ષો સુધી સેવા બજાવી. રાજકોટની લડતમાં ભાગ લીધો. ટૂંકો જેલવાસ ભોગવ્યો.

## પરમાર, રૂપાજી ભાવજી

દાહોદ.

ભીલ સેવા મંડળના આજીવન સભ્ય અને આદિવાસી ભીલ કાર્યકર. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સભા-સરઘસો કાઢી, સરકાર વિરોધી સૂત્રોચ્ચાર માટે ધરપકડ કરી. ચાર માસની કેદની સજા.

## પરમાર, લાલજીભાઈ કૃષ્ણદાસ

અમદાવાદ.

પૂ. ગાંધીજી લાલજીભાઈને દાહોદથી અમદાવાદ લાવ્યા હતા. બાપુના ભોજન, નાસ્તા, નિવાસની સ્વચ્છતા વગેરે કામ કરતા. 1930માં દાંડીકૂચમાં ભાગ લીધો. તેમની ધરપકડ થઈ. ત્રણ માસની કેદની સજા ભોગવી.

## પરમાર, લાલજીભાઈ પીતાંબરદાસ

વતન : વાલમ. કર્મભૂમિ : અમદાવાદ.

અમદાવાદ મ્યુનિસિપાલિટીની શાળામાં શિક્ષક. 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતા. સભા-સરઘસમાં જોડાવું. પત્રિકા વહેંચવી. ધરપકડ. જેલવાસ. જેલમાંથી છૂટીને ભૂગર્ભપ્રવૃત્તિ. પછાત વર્ગના લોકોની સેવા. અમદાવાદ સ્વાતંત્ર્યસૈનિક સંઘના મંત્રી.

## પરમાર, વિઠ્ઠલભાઈ નારાયણભાઈ

જન્મ : 31 જુલાઈ, 1925. ગોકળપુરા, તા. મહેસાણા.

વતન : પાટણ.

અમદાવાદમાં મિલમાં નોકરી. મજૂરોના પ્રતિનિધિ તરીકે મજૂર મહાજન સંઘમાં.

1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં દારૂબંધી, વિલાયતી કાપડની હોળી, અસ્પૃશ્યતાનિવારણ કાર્ય વગેરેમાં ભાગ લીધો. પ્રચાર સાહિત્ય ગામડે પહોંચાડતા. નેતાઓનો સંપર્ક.

1951થી શિક્ષક, હરિજન વિદ્યાર્થીઓ માટે છાત્રાલય- પ્રવૃત્તિ. મહાગુજરાત દલિત સંઘના પ્રમુખ.

1983 : પાટણ શહેર કૉંગ્રેસના મંત્રી. પાટણ તાલુકા કૉંગ્રેસની ચૂંટણી સમિતિના મંત્રી. મહેસાણા જિલ્લા કૉંગ્રેસ કારોબારીના સભ્ય.

## પરમાર, શંકરભાઈ ભાઈજીભાઈ

જન્મ : 2 જુલાઈ, 1917. બોચાસણ, જિ. આણંદ.

1930-31 : સવિનય ભંગ આંદોલન બોચાસણ. રાષ્ટ્રધ્વજ સાથેનું સરઘસ. 3 મહિના કારાવાસ. 30 રૂપિયા દંડ. લાઠીમાર.

## પરમાર, શાહભાઈ રઇજીભાઈ

□□□□🗎 □□🗐 □□□□🗐

1930 : ના-કર લડત. સરકારનો વિરોધ. સરકારી બાવળી કાપી નાખી. છ મહિના કારાવાસ.

## પરમાર, શિવાભાઈ નાનજીભાઈ

જન્મ : 1919. વિસનગર, જિ. મહેસાણા.

1937-38માં અભ્યાસ છોડી ચરખા સંઘ દ્વારા શરૂ થયેલા ખાદી કાંતણના વર્ગોમાં જોડાયા. અમદાવાદ જઈ મિલમાં રાતપાળી નોકરી, દિવસે વિલાયતી માલની હોળી, દારૂબંધી માટે પિકેટિંગમાં અને ભૂગર્ભ-પ્રવૃત્તિમાં જોડાયા. ધરપકડ. લૉકઅપમાં પૂરી બીજે દિવસે છોડી દેતા.

1942ની ચળવળમાં પણ ભાગ લીધો. ગુજરાત રાજ્ય થયા બાદ ગુજરાત રાજ્યખાદી-ગ્રામોદ્યોગ બોર્ડ – અમદાવાદમાં નોકરી. નિવૃત્તિ 1977. પછી લોકકલ્યાણ.

## પરમાર, સુંદરજી શામજી

જૂનાગઢ.

વકીલાતના વ્યવસાય સાથે રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ કરતા રહેતા તેથી માંગરોળ રાજ્યે તેમને હદપાર કર્યા. આરઝી હકૂમત વખતે કામ કર્યું. અવસાન : 20 ઑક્ટોબર, 1975.

## પરમાર, હઠીસિંગ ખુમાનસિંગ

બોજાદ્રા, જિ. ભરૂચ.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન ભૂગર્ભ પ્રવૃત્તિમાં ભાગ લીધો. વેડચ ગેટ, સરભોણ ગેટનાં શસ્ત્રો લૂંટવામાં ભાગ લીધો. સરભોણનું સરકારી ગોદામ લૂંટવામાં પણ ભાગ લીધો. ખેતરમાં ભોંયરું કરી તેમાં સંતાઈ રહેતા. ભોંયરાની જાણ થતાં પકડાઈ ગયેલા. જેલવાસ ભોગવ્યો.

## પરમાર, હીરાભાઈ વેચાતભાઈ

વાઘજીપુરા, જિ. પંચમહાલ.

1930ના આંદોલનમાં મોખરે રહી અગત્યનો ભાગ ભજવ્યો. કુટુંબના ઘણા ભાઈઓએ પણ ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો'ની ચળવળમાં ભૂગર્ભવાસ કર્યો. એમને પકડવા રૂ. 300નું ઇનામ જાહેર કર્યું હતું. પકડાતાં નવ માસની સજા ભોગવી.

## પરસોતમ શિવાભાઈ

ભાદરણ, તા. બોરસદ. ઉંમર – 19 વર્ષ.

બોરસદ મુકામે 'સ્ત્રી સિતમ દિન' માટે 21 જાન્યુઆરી 1931ના રોજ વ્યવસ્થા કરતા હતા ત્યારે પોલીસે તેમની ધરપકડ કરી હતી. તે પછી ખૂબ માર્યા. અદાલતે તેમને એક માસની સખત કેદની સજા કરી હતી. સાબરમતી જેલમાં સજા ભોગવી. ગાંધી-ઇર્વિન કરાર થતાં વહેલા છૂટ્યા.

## પરીખ, અજવાળીબહેન મોહનલાલ

મુંબઈ.

1930ની રાષ્ટ્રીય ચળવળમાં મુંબઈમાં બે વખત જેલવાસ. 1932માં છ માસની જેલની સજા. સ્વાતંત્ર્યસંગ્રામમાં પતિ, સાસુ જેલવાસમાં.

## પરીખ, ઉત્સવભાઈ શંકરલાલ

જન્મ : 12 ડિસેમ્બર, 1912. આતરસુંબા, જિ. ખેડા. નિવાસ : અમદાવાદ. અવસાન : 23 જૂન, 1985.

1930 અને 1932માં વિદ્યાર્થી આંદોલનના આગેવાન. 1930માં મુંબઈમાં નૅશનલ મિલિશિયાના એક અફસર તરીકે કામગીરી. 1934માં સમાજવાદી જૂથમાં આગેવાન. 1942 'હિન્દ છોડો' ચળવળ વખતે વકીલાત છોડી. અમદાવાદમાં જયંતીભાઈ ઠાકોર, બી. કે. મજમુદાર, કાંતિલાલ ઘિયા વગેરે સાથે ભૂગર્ભ લડતનું આયોજન કર્યું. કૉંગ્રેસ- પત્રિકાઓ લખવાનું કાર્ય કરતા. તેમાં લડત માટે યુવાનોને ઉશ્કેરવાનું લખાણ તથા ચળવળના સમાચાર આપતા. તેમણે મહિનાઓ સુધી પત્રિકાઓ લખી, પછી ઉમાશંકર જોશીએ લખી. બી. કે. મજમુદાર અને ઉત્સવ પરીખ ચળવળના સંગઠન માટે આંતરરાજ્ય ગુપ્ત સભામાં ગુજરાતના પ્રતિનિધિઓ તરીકે મુંબઈ ગયા હતા. ઑગસ્ટ, 1942થી માર્ચ, 1943 સુધી અમદાવાદમાં ભૂગર્ભમાં રહ્યા. મિલોની હડતાળ ચાલુ રખાવવા પ્રયાસો કર્યા. 'જનતા કર્ફ્યૂ'નો વિચાર સૌપ્રથમ તેમણે આપ્યો. 'શહેરસૂબા' શબ્દ સૌપ્રથમ તેમણે આપ્યો. માર્ચ, 1943 બાદ તેઓ કાંતિલાલ ઘિયા સાથે અમદાવાદથી નીકળીને વડોદરા, મુંબઈ અને દક્ષિણ ભારતનાં નગરોમાં પરિચિતોને ઘેર ગુપ્ત રહ્યા હતા. ખેડા જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. ઉદ્યોગ ખાતાના મંત્રી – ગુજરાત રાજ્ય. 1953થી ખેડા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ. જિલ્લાના અગ્રણી કૉંગ્રેસી. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ તરફથી રાજ્ય પુનર્રચના પંચ સમક્ષ ગુજરાતનો કેસ રજૂ કરનાર. રાજકારણ. અર્થશાસ્ત્રના ઊંડા અભ્યાસી.

## પરીખ, ઓચ્છવલાલ ચંદુલાલ

દાહોદ.

1930ની લડત વખતે દાહોદમાં કલાલના ઝાંપા પાસેનાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. માલિકોને આર્થિક નુકનસાન. પોલીસે ધરપકડ. કેસ ચલાવી ચાર માસની કારાવાસની સજા.

પરીખ, કાંતિલાલ પુરુષોત્તમદાસ

ગોધરા, જિ. પંચમહાલ.

1942ના 'હિન્દ છોડો' આંદોલન દરમિયાન 14 ઑગસ્ટ, 1942ની વહેલી સવારે ગોધરામાં મોટું સરઘસ કાઢી સૂત્રો પોકાર્યાં. પોલીસે લાઠીમાર કરી ધરપકડ. ત્રણ માસની કેદની સજા. સાબરમતી જેલમાં ભોગવી.

પરીખ, ચંદ્રકાન્ત મણિલાલ

જન્મ : 26 ફેબ્રુઆરી, 1906. કપડવંજ, જિ. ખેડા.

વ્યાયામ મંદિરના વિદ્યાર્થી. 1930ના સત્યાગ્રહમાં કાનૂનભંગ. તેમની ટુકડી સાથે ધરપકડ. ત્રણ માસની સજા. વ્યક્તિગત સત્યાગ્રહને પ્રોત્સાહન. 'હિન્દ છોડો' ચળવળમાં બધી પ્રવૃત્તિઓમાં સહકાર. કપડવંજ નગરપાલિકાના પ્રમુખ.

પરીખ, ચંપકલાલ પુરુષોત્તમદાસ

જન્મ : 14 નવેમ્બર, 1925. અમરેલી, સૌરાષ્ટ્ર. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે અમરેલીમાં ભાંગફોડની પ્રવૃત્તિ. શાળાના મકાનને આગ ચાંપવાના આરોપસર ધરપકડ. થોડો વખત અટકાયત.

## પરીખ, ચૂનીલાલ છગનલાલ

દાહોદ.

દેશપ્રેમી. સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાવા વકીલાત છોડી. 1930માં મલાવ જંગલ સત્યાગ્રહમાં શ્રીકાંતભાઈ પકડાયા પછી સત્યાગ્રહની આગેવાની લીધી. આદિવાસીઓની સેવા માટે ભીલ સેવા મંડળમાં જોડાયા. 1931ના જાન્યુઆરીમાં સત્યાગ્રહ કરવા માટે ધરપકડ. એક વર્ષની સજા. ગાંધી-ઇર્વિન કરાર થતાં મુક્ત થયા.

## પરીખ, ચૈતન્યાબહેન

જન્મ : 14 એપ્રિલ, 1926. મુંબઈ.

કુટુંબમાં રાષ્ટ્રવાદી વાતાવરણ. 1940-41 દરમિયાન વાનરસેનાનાં સભ્ય. પ્રભાતફેરી, પત્રિકા વહેંચવી વગેરે પ્રવૃત્તિમાં સક્રિય. 1942ની ચળવળમાં સરઘસમાં સાંતાક્રુઝથી વાંદરા જતાં ધરપકડ. 21 દિવસની કેદની સજા ભોગવી. રાષ્ટ્રીય સેવા દળમાં જોડાઈને સક્રિય. 1945માં સરલા ટંડન સાથે ફરી ધરપકડ. આર્થર રોડ જેલમાં એક મહિનાની સજા ભોગવી. જેલમાં રાત્રિશાળા ચલાવી.

## પરીખ, જગજીવન શિવલાલ

જન્મ : 16 ઑક્ટોબર, 1907. રાજકોટ.

1930માં ભાવનગરમાં પિકેટિંગ માટે મંડળ રચ્યું અને સંગ્રામ સમિતિમાં જોડાયા. 1938-39માં રાજકોટ સત્યાગ્રહની સંગ્રામ સમિતિના સભ્ય. 1939માં લીંબડી પ્રજાપરિષદની કારોબારી સમિતિના સભ્ય. 1942માં ભાવનગરની સંગ્રામ સમિતિના પ્રમુખ તરીકે દેશી રાજ્યોની લડતોમાં ભાગ લીધો. ધરપકડ વહોરી. કારાવાસ વેઠ્યો. 1930માં ભાવનગર રાજ્યની ધારાસભાના સભ્ય. 1942માં ભાવનગરમાં અટકાયત. સૌરાષ્ટ્ર રાજ્યના પ્રધાનમંડળમાં નાણાખાતાના પ્રધાન.

અવસાન : 21 ફેબ્રુઆરી, 1980.

## પરીખ, જયંતીલાલ કૃષ્ણપ્રસાદ

જન્મ : 14 ઑગસ્ટ, 1921. મહુધા, જિ. ખેડા.

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. પત્રિકાઓ પ્રગટ કરી, વહેંચી, આંદોલનને વેગ આપ્યો. સૂરત, પારડી, ખડસૂપા, ગણેશવડ, સીસોદરા, પલસાણા, જલાલપુર, સાતેમ વગેરે સ્થળે ફરી લડત અંગેનું કામ કર્યું. ગુપ્તવાસ સેવી ભાંગફોડની પ્રવૃત્તિ કરવા માંડી. બૉંબપ્રવૃત્તિમાં જોડાયા. તેમને પકડવા પોલીસનો દરોડો, મકાનના ત્રીજા માળેથી ભૂસકો માર્યો, કરોડરજ્જુમાં ફ્રૅક્ચર, ધરપકડ. બાતમી કઢાવવા પોલીસે જુલમ ગુજાર્યો. સાડા ચાર વર્ષની સજા. 'ખનિજ તેલ સમાચાર'ના તંત્રી.

## પરીખ, દામોદરદાસ ભિખાભાઈ

દાહોદ.

દાહોદની હોમરૂલ લીગની શાખાના મંત્રી. હોમરૂલ લીગના નવા સભ્યો નોંધતા; પત્રિકાઓ તથા સંબંધિત સાહિત્ય વહેંચતા અને લીગનો લોકોમાં પ્રચાર કરવા વાસ્તે જાહેરસભાઓ યોજતા હતા.

## પરીખ, દીપક શંકરલાલ

જન્મ : 19 માર્ચ 1923. કઠલાલ, જિ. ખેડા.

પિતાશ્રી શંકરલાલ અને કાકા નરહરિભાઈ ગાંધીવાદી દેશભક્ત સત્યાગ્રહી. તેમનું ઘડતર સાબરમતી આશ્રમ; ગૂજરાત વિદ્યાપીઠ, વેડછી આશ્રમ તથા બારડોલી આશ્રમમાં થયું. 1942માં 'હિન્દ છોડો' ચળવળ વખતે ભૂગર્ભપ્રવૃત્તિ. પત્રિકાઓ વહેંચવી, તાર-ટેલિફોનનાં દોરડાં કાપવાં, રેલવેના પાટાની પતરીઓ કાઢવી, ધરપકડનું વૉરંટ નીકળતાં નાસભાગ. મુંબઈમાં આશ્રય.

અભ્યાસ – એમ.એ.બી.ટી.. હાઈસ્કૂલમાં શિક્ષક, આચાર્ય. યુવક કૉંગ્રેસના કાર્યકર. નિવૃત્તિ બાદ સમાજસેવા.

## પરીખ, દુર્લભજી ઉ.

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડી દેશી રાજ્યમાં સ્થપાયેલ પ્રજામંડળના એક અગ્રણી તથા હિજરતી આગેવાન. ગાંધીજીએ રાજકોટથી પાછા વળતાં સુરેન્દ્રનગર સ્ટેશને ગાડીના ડબ્બામાં હિજરતી આગેવાનોને મુલાકાત આપી તેમાં દુર્લભજી હતા.

## પરીખ, નરહરિભાઈ દ્વારકાદાસ

જન્મ : 7 ઑક્ટોબર, 1891. કઠલાલ, જિ. ખેડા. કાર્યક્ષેત્ર : અમદાવાદ. બી.એ., એલએલ.બી. વકીલ. 1914માં અમદાવાદમાં વકીલાત. 1917માં ગાંધીજી સાથે સત્યાગ્રહ આશ્રમમાં અંતેવાસી તરીકે પ્રવેશ. 1920માં ગૂજરાત વિદ્યાપીઠમાં. 1923માં બારડોલી તાલુકાના સરભોણમાં દૂબળા અને હળપતિઓને શિક્ષણ. ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રાધ્યાપક અને મહામાત્ર. 1928માં બારડોલી સત્યાગ્રહમાં સક્રિય, ખેડૂતોનો આખો કેસ તૈયાર કરી સરકાર સમક્ષ રજૂ કર્યો. 1930માં ધરાસણા સત્યાગ્રહમાં સખત લાઠીમારથી ઘાયલ. જેલની સજા. 1932-33 : સત્યાગ્રહ અને જેલ. 1935થી સાબરમતી હરિજન આશ્રમના વ્યવસ્થાપક. 1937માં બેઝિક એજ્યુકેશન બોર્ડના પ્રમુખ. 1942 : 'હિન્દ છોડો' લડતમાં ધરપકડ. જેલમાં અટકાયત.

અવસાન : 15 જુલાઈ, 1957.

## પરીખ, નરેન્દ્ર ચૂનીલાલ

જન્મ : 1915. દાહોદ.

પિતા કૉંગ્રેસી અને દેશભક્ત. તે સંસ્કારથી પોતે રાષ્ટ્રવાદી. 1930ની ચળવળમાં દાહોદમાં સભા-સરઘસોમાં ભાગ. દારૂની દુકાનો પર પિકેટિંગ. ધરપકડ. દોઢ માસની સજા. 1932માં આણંદ પાસે સુણાવ ગામના વિદ્યાલયમાં રહી અભ્યાસ. ત્યાંથી ઓડ ગામે સરકાર વિરુદ્ધ સત્યાગ્રહની પ્રતિબંધિત પત્રિકા વહેંચવા જતાં ધરપકડ. આણંદની કોર્ટે છ માસની કેદની સજા કરી. તે વખતે માત્ર 17 વર્ષની ઉંમર.

## પરીખ, પદ્માબહેન

અમદાવાદ.

1942ની ચળવળમાં મિલોની હડતાળ ખોલવાના વિરોધમાં મિલમાલિકોને બંગલે ઉપવાસ. પાંચમા દિવસે 27-11-1942ના રોજ ચંપાબહેન મહેતાના હસ્તે પારણાં.

## પરીખ, પન્નાલાલ માણેકલાલ

હાલોલ, જિ. પંચમહાલ.

1930માં રાયણખાડ તથા બીજાં ગામડાંમાં ફરી લોકજાગૃતિ આણી. સરકાર સાથે અસહકાર કરવાનો પ્રચાર કર્યો. ગામડાંમાંથી લોકો પાસે હિજરત કરાવી. તેથી ધરપકડ, બે માસની જેલ. હાલોલ અને નજીકનાં ગામોમાં સભા-સરઘસોના કાર્યક્રમ રાખતા. દારૂ તથા પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ ગોઠવતા. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. જેલ ભોગવી. 1942માં 'હિન્દ છોડો' લડતમાં ભાગ લઈ, જેલ ભોગવી. જિલ્લાના કૉંગ્રેસી આગેવાન. પોતાની બધી મિલકત દેશને સમર્પણ.

## પરીખ, મણિબહેન નરહરિભાઈ

જન્મ : 3 માર્ચ, 1895. નિવાસ : અમદાવાદ.

1915 : ગાંધીજીનો અમદાવાદમાં કોચરબમાં નિવાસ. ત્યારથી નરહરિભાઈ તથા મણિબહેન તેમની સાથે જોડાયાં. 1917 : ઘરત્યાગ. ખોખા જેટલી ઘરવખરીથી સંતોષ. ચંપારણ જઈ બહેનોને ભણાવી. આશ્રમમાં સમૂહકુટુંબી થઈ તંબૂમાં રહ્યાં. રાષ્ટ્રીય છાત્રાલયનાં ગૃહમાતા રહ્યાં. 'નવજીવન'માં લેખો લખ્યા. સરભોણ ગામે હળપતિસેવામાં પતિનાં સહકારી બન્યાં. 1920 અસહકાર આંદોલન. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. કારાવાસ. 1933 : હરિજન કન્યા

છાત્રાલયનાં સંચાલિકા. પુત્ર મોહનભાઈ સાથે બારડોલી આશ્રમમાં નિવાસ.
અવસાન : 22 ઑગસ્ટ, 1966.

## પરીખ, મણિભાઈ પ્રભુદાસ

જન્મ : 1903. પેટલાદ, જિ. આણંદ.

બી.એ., મુંબઈ યુનિવર્સિટી. કૌટુંબિક વ્યવસાયમાં. 1938 : વડોદરા રાજ્ય પ્રજામંડળમાં. 1942 : છ મહિના અટકાયત. 1944 : રાજ્ય પ્રજામંડળના સામાન્ય મંત્રી. વડોદરાનાં 'પ્રજામંડળ' અને 'નવગુજરાત' સાપ્તાહિકોના તંત્રી. ધારાસભ્ય.

## પરીખ, મણિલાલ મનસુખલાલ

દાહોદ.

1932માં સત્યાગ્રહ શરૂ થતાં કૉંગ્રેસ સમિતિની છાવણીમાંથી ધરપકડ. કેસ ચલાવી દરેકને દંડ સાથે અઢી વર્ષની સજા. વિસાપુરની જેલમાં રાખ્યા.

## પરીખ, મંગળાબહેન

જન્મ : 5 એપ્રિલ, 1925. મુંબઈ.

માતા પિકેટિંગમાં ભાગ લેતાં હોવાથી, ઘરમાં રાષ્ટ્રવાદી વાતાવરણ. વાનરસેના અને માંજર-સેનામાં જોડાઈ લડતની પત્રિકાઓ વહેંચવા જતાં. કૉંગ્રેસ સેવાદળમાં જોડાયાં. 1942માં સરઘસમાંથી ધરપકડ. થાણે જેલમાં 40 દિવસની કેદ તેમાં દસ દિવસનો ઘટાડો થયો. 1959માં સમાજવાદી મહિલા સભા સ્થાપી. સ્ત્રીઓની સમાનતા, દહેજપ્રથા. વગેરે માટે ચળવળ. 1975ની કટોકટી દરમિયાન જેલમાં 18 મહિના અટકાયત.

## પરીખ, માણેકબહેન

મોડાસા.

1930-32ની ચળવળમાં વિદેશી માલની દુકાનો તથા દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરતાં. સભાઓ, સરઘસોમાં જોડાયાં. ભૂગર્ભમાં પત્રિકાપ્રચારની પ્રવૃત્તિમાં ભાગ લીધો.

## પરીખ, રતિલાલ મોહનલાલ

દેવગઢ બારિયા, જિ. દાહોદ.

1942ની ચળવળમાં ઝાલોદ જઈ, ત્યાં સરઘસમાં ધ્વજ સહિત જોડાતાં, સૂત્રોચ્ચાર કરવાથી પોલીસ દ્વારા ધરપકડ. બે માસની કેદની સજા.

## પરીખ, રસિકલાલ ઉમેદચંદ

જન્મ : 29 મે, 1910. લીંબડી, સૌરાષ્ટ્ર.

બી.કૉમ. (મુંબઈ). 1930માં રાણપુર, ધોલેરા સત્યાગ્રહોમાં જોડાયા, ધરપકડ. કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. સુરેન્દ્રનગરમાં ધરપકડ. કાઠિયાવાડ રાજકીય પરિષદના મંત્રી. વઢવાણ કેળવણી મંડળના પ્રમુખ. સૌરાષ્ટ્ર રાજ્યમાં પ્રધાન. 1954થી 1956 સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી. 30-4-1960 સુધી મુંબઈ રાજ્યના મહેસૂલ મંત્રી.
1-5-1960થી ગુજરાત રાજ્યના મંત્રી.
અવસાન : 1 ફેબ્રુઆરી, 1980.

## પરીખ, રામલાલ ડાહ્યાભાઈ

જન્મ : 18 એપ્રિલ, 1927. વડોદરા.

1942ની 'હિન્દ છોડો' લડતમાં – 9 ઑગસ્ટ, '42ના રોજ ત્રિરંગા ધ્વજ સહિત સયાજી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનું સરઘસ કાઢ્યું. વિદ્યાર્થી સંગઠન સમિતિની પત્રિકાઓની સાઇક્લોસ્ટાઇલ વડે હજારો નકલો કરવાની જવાબદારી તેમને સોંપવામાં આવી. વડોદરા ઉપરાંત નજીકનાં ગામોમાં લડતનું કામ તેમણે ગોઠવ્યું. મધુવન શાહને પંચમહાલ અને હાલોલમાં રહી પત્રિકાઓનું કામ તેમણે સોંપ્યું. રામલાલે ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લીધી. ઘડિયાળી પોળના તેમના નિવાસસ્થાને ભૂગર્ભવાસીઓ રહેતા, પત્રિકાઓ વહેંચવાનું

તે મથક. ગાંધીજીના ઉપવાસ દરમિયાન સરઘસ કાઢ્યું. દાંડિયા બજારમાંથી પસાર થતાં પોલીસે તેમને ઉપરા-છાપરી લાઠીઓ મારી. છતાં નાસી ગયા. ગાંધીજીને બે વાર – વડોદરા અને મુંબઈમાં જોયેલા. તેમના સંબોધનમાંથી પ્રેરણા. 1943-44 વડોદરા વિદ્યાર્થીમંડળ સ્થાપ્યું. 23-6-1996થી 29-11-1999 ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ. અવસાન : 29 નવેમ્બર, 1999. અમદાવાદ.

## પરીખ, વાડીલાલ પુરુષોત્તમદાસ

ગોધરા, જિ. પંચમહાલ.

14 ઑગસ્ટ, 1942ના રોજ ગોધરામાં સવારે મોટું સરઘસ કાઢી 'અંગ્રેજો ચાલ્યા જાવ', 'ઇન્કિલાબ ઝિંદાબાદ' સૂત્રો પોકાર્યાં. ધરપકડ. કેસ ચલાવી છ માસની કેદની સજા.

## પરીખ, વિજયાગૌરી

કાલોલ, જિ. પંચમહાલ.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. ઑગસ્ટ, 1930માં જન્માષ્ટમીના દિવસે કાલોલમાં સૂર્યકાન્તા દેસાઈ તથા વિજ્યાગૌરી પરીખના નેતૃત્વહેઠળ દારૂની દુકાન પર પિકેટિંગ કરવામાં આવ્યું. તે ત્રણ દિવસ ચાલુ રહ્યું હતું. દિવાળીના દિવસે (ઑક્ટોબર, 1930) કાલોલ તાલુકા સમિતિના સભ્યોએ વિજ્યાગૌરી પરીખના હસ્તે પરદેશી કાપડની હોળી કરી હતી.

## પરીખ, વિજયાબહેન

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

1939 : લીંબડીમાં પ્રજામંડળ સ્થપાયા બાદ રાજ્યાશ્રિત ગુંડાગીરીનો ભોગ બન્યાં. તેમના ઉપર ધોળે દિવસે સરિયામ રસ્તા ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. શહેરમાં અરાજકતા પ્રસરી હતી. લોકોના જાનમાલની સલામતી ન હતી.

## પરીખ, શંકરલાલ દ્વારકાદાસ

જન્મ : 4 જૂન, 1886. કઠલાલ, જિ. ખેડા.

ગાંધીજીના ભારતમાં આગમન પહેલાંથી દેશભક્તિનાં બીજ વવાયાં. 1909 : મુંબઈના ટાઉનહૉલમાં ગો. કૃ. ગોખલે, દિનશા વાચ્છા અને ગોકળદાસ પારેખનાં પ્રવચનોમાંથી પ્રેરણા. 1910માં અલ્લાહાબાદ કૉંગ્રેસ અધિવેશનમાં હાજરી. 1916માં નાસિકમાં બૉમ્બે પ્રૉવિન્શિયલ કૉન્ફરન્સનું અધિવેશન શ્રીનિવાસ શાસ્ત્રિયારના પ્રમુખપદે; તેમાં ગુજરાત સભાના પ્રતિનિધિ તરીકે હાજરી. 1917 : ખેડા સત્યાગ્રહ. 1923માં નાગપુર સત્યાગ્રહ તથા 1930માં સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. સાબરમતી, વિસાપુરની જેલમાં કારાવાસ. ગાંધીજીના સિદ્ધાંતો મુજબ હરિજન પ્રવૃત્તિ, ખાદી ઉત્પાદન-પ્રચાર, રેલરાહત કાર્ય વગેરે. ખેડા જિલ્લા કૉંગ્રેસ સમિતિ, ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના અગ્રણી. કઠલાલની બધી જાહેર પ્રવૃત્તિમાં અગ્રણી. લેખનકાર્ય : (1) ખેડાની લડત, (2) ગિરિરાજ આબુ, (3) પૂજ્ય બાપુજી, (4) (મોહનલાલ કામેશ્વર) પંડ્યાજીને સ્મરણાંજલિ.

અવસાનઃ 12 માર્ચ 1961. કઠલાલ.

## પરીખ, શારદાબહેન રસિકલાલ

જન્મ : 14 સપ્ટેમ્બર, 1916. ભાવનગર.

પતિ સાથે જાહેર જીવનનાં સાથીદાર બન્યાં. લીંબડીની લડતમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડતમાં જોડાયાં. ધરપકડ થઈ. 21-9-1942થી 20-1-1943 સુધી રાજકોટ સેન્ટ્રલ જેલમાં જેલવાસ ભોગવ્યો.

## પરીખ, શાંતિભાઈ દામોદરદાસ

અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે અમરેલીમાં

કેટલાક વિદ્યાર્થીઓએ ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. શાળાના મકાનને આગ ચાંપવાના આરોપસર જે અઢાર જણ પકડાયેલા તેમાંના એક. તેમની ધરપકડ થઈ. થોડો વખત અટકમાં રાખી તમામને મુક્ત કરેલ.

## પરીખ, શાંતિલાલ

સૌરાષ્ટ્ર.

1931ના નવેમ્બરમાં ધ્રાંગધ્રાની લોકલડતમાં જોડાયા. હળવદના હરિલાલ મૂળશંકર લાઠીની આગેવાની હેઠળ બીજી ટુકડીમાં વઢવાણથી નીકળ્યા. લડતનાં ગીતો ગાતા, વઢવાણ શહેરમાં ફરી પ્રજાજનોના આશીર્વાદ લીધા. હળવદ સ્ટેશને ઊતરી ધ્રાંગધ્રા રાજ્યની હદમાં પગ મૂકતાં, ગિરફ્તાર કરવામાં આવ્યા. ખટારામાં ધકેલી પોલીસો તેમને અજાણ્યા સ્થળે લઈ ગયા. કેટલાકને જેલમાં અને બાકીનાને વ્રજપુર ગામે લઈ ગયા.

## પરીખ, શાંતિલાલ મણિલાલ

કપડવંજ, જિ. ખેડા.

કપડવંજ સેવા સંઘના આદ્યસ્થાપકોમાંના ચંદ્રકાન્ત પરીખના નાના ભાઈ. 1930માં લસુંદ્રા મીઠા- સત્યાગ્રહ. સૈનિક. 3 મહિના કારાવાસ. વ્યવસાય : નોકરી, મુંબઈ.

## પરીખ, સુમતિબહેન

અમદાવાદ.

1942ની ચળવળમાં મિલોની હડતાળ ખોલવાના વિરોધમાં કૉંગ્રેસ સંગ્રામ સમિતિના સૂચનથી મિલમાલિકોને બંગલે ઉપવાસ. પાંચમે દિવસે
27-11-1942ના રોજ પારણાં.

## પરીખ, હરિવલ્લભદાસ

જન્મ : 14 ડિસેમ્બર, 1924. સૂરત.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. જેલયાત્રા ભોગવી હતી. 1944માં ખાદીકાર્ય શરૂ કર્યું. 1940થી '48 સુધી કસ્તૂરબા ટ્રસ્ટનું કાર્ય કર્યું.

## પરીખ, હર્ષદ

સોજિત્રા, જિ. આણંદ.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન લડત અંગેના સમાચાર મેળવવા, પત્રિકાઓ લખવી, છપાવવી, આસપાસનાં ગામોમાં વહેંચવી વગેરેની વ્યવસ્થા કરવામાં તેમણે મુખ્ય ભાગ ભજવ્યો હતો.

## પરીખ, હર્ષદરાય જીભાઈદાસ

નિવાસ : પેટલાદ, જિ. આણંદ.

1942 : 'કરેંગે યા મરેંગે' લડતમાં. અભ્યાસત્યાગ. ભાંગફોડ. પેટલાદ કારાવાસ. પત્રકાર. તેથી સરકારનો રોષ.

## પરીખ, હસમુખલાલ માણેકલાલ

કપડવંજ, જિ. ખેડા.

1930 : વાનરસેનામાં સક્રિય. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. 8 મહિના કારાવાસ. 1942 :
'હિન્દ છોડો' આંદોલન. કપડવંજ, સાબરમતી, નાશિક, થાણે કારાગૃહમાં અટકાયત. 1944 : અન્ન સત્યાગ્રહ. સાબરમતીમાં કારાવાસ.

## પરીખ, હસમુખલાલ

જન્મ : 3 ફેબ્રુઆરી, 1920. અમદાવાદ.

1942ની લડતમાં ભાગ લીધો. સરકાર વિરુદ્ધ રાષ્ટ્રવાદી પ્રવચનો કરતાં કપડવંજ, નડિયાદ તથા અમદાવાદથી જુદી જુદી વખતે ત્રણ વાર ધરપકડ. પ્રથમ : 9 મહિના, બીજી વાર 8 મહિના તથા ત્રીજી વાર 3 મહિના કેદની સજા યરવડા, સાબરમતી અને વિસાપુર જેલમાં ભોગવી.

અવસાન : 12 ઑક્ટોબર, 1987.

## પર્લેકર મલ્હાર

સુણાવ, જિ. ખેડા.

વિનયમંદિરના વિદ્યાર્થી. આંકલાવ થાણામાં કાર્ય કરતા 18 જાન્યુઆરી, 1932ના દિવસે મુખીએ રિપૉર્ટ કરતાં પોલીસ બોલાવી જડતી કરાવી, બાબરભાઈ ગિરધરભાઈના ઘરમાંથી ધરપકડ. તેમનો સામાન રેંટિયા પેટી વગેરે જપ્ત.

## પલાણ, જયંતભાઈ મોહનલાલ

જન્મ : 18 ડિસેમ્બર, 1929. રાજકોટ.

બી.એ., એલએલ.બી., વિદ્યાર્થી તરીકે રાષ્ટ્રીય લડતમાં. પોલીસનો ત્રાસ. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભપ્રવૃત્તિમાં. ભાદર નદીના પુલને ઉડાવી દેવાના કાવતરામાં પકડાયા. ચાર વર્ષની સખત કેદ. તારનાં દોરડાં કાપવાં, રેલવેના પાટા ઉખેડવા. બૉમ્બ બનાવવાના આરોપસર પાંચ વર્ષની સખત કેદ. પોલીસ કસ્ટડીમાં પોલીસનો ત્રાસ. ત્રણ વર્ષનો જેલવાસ. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ. સામાજિક કાર્યકર. પેન્શન, તામ્રપત્ર.

## પલાણ, નારુભાઈ દીતાભાઈ

દાહોદ. (ભિડિયાડાબર, કારઠ)

આદિવાસી યુવક. ભીલ સેવા મંડળનાં આશ્રમો અને શાળાઓમાં ભણવાથી રાષ્ટ્રીય જાગૃતિ. 1930માં કાનૂનભંગ કરીને સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લીધો. ધરપકડ. ચાર માસની કેદની સજા ભોગવી. 1942ની લડતમાં ઝાલોદ તાલુકાનાં ગામોમાં સરકારી ચોરા બાળવા વગેરે ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. ધરપકડ. કેદની સજા.

## પસ્તાગિયા ઉત્તમલાલ શિવલાલ

જન્મ : 1918. રાંદેર, જિ. સૂરત.

1930માં પ્રાથમિક શાળામાં સાતમા ધોરણના વિદ્યાર્થી. રાંદેરની વાનરસેનાના નાયક. એમની આગેવાની નીચે વિદ્યાર્થીઓ લડત દરમિયાન હડતાળ પાડતા તથા સરઘસોમાં જોડાતા હતા. 144મી કલમનો ભંગ કરીને પણ વિદ્યાર્થીઓને લઈને બહાર નીકળતા. શાળાનાં મકાનો ઉપર ચાર વખત ધ્વજ ચડાવ્યો. ઘણી વાર તેમની ધરપકડ કરી સાંજના છોડી મૂકતા.

## પહાડે, નાથુભાઈ ગણેશભાઈ

જન્મ : 1922. રાંદેર, જિ. સૂરત. નિર્ધન ખારવા જ્ઞાતિમાં.

1942ની લોકક્રાંતિમાં. અભ્યાસત્યાગ. ગામોમાં પ્રચાર. છ મહિના કારાવાસ. હોડી દ્વારા પત્રિકાદિવિતરણ. ભાંગફોડમાં પ્રવૃત્ત. નૃત્ય શીખ્યા. 1945 : રાંદેર રાષ્ટ્રીય સેવા પ્રવૃત્તિનો આરંભ. વિવિધ પ્રવૃત્તિમાં ઉઘરાણાં. નાટિકાનૃત્યના કાર્યક્રમો. વ્યાયામ તરણ, વિવિધ તરણવિક્રમો. તરવાના વિક્રમ માટે સુવર્ણચંદ્રક એનાયત.

## પંચાલ, ચંદુલાલ મથુરદાસ

કપડવંજ, જિ. ખેડા.

1942 'હિન્દ છોડો' લડતમાં કપડવંજમાં ભાષણ કરતાં ધરપકડ. છ માસની સજા. ત્યાર બાદ ભૂગર્ભપ્રવૃત્તિ. સરકારે પકડવા ઇનામ જાહેર કર્યું. તેથી શરણાગતિ. અટકાયતી તરીકે વરલી જેલમાં. એક વર્ષ જેલવાસ.

## પંચાલ, છનાભાઈ નારણજી

જન્મ : 13 ફેબ્રુઆરી, 1902. ખોજપારડી,

જિ. સૂરત.

1921માં સરકારી શાળા છોડી ખાદી અપનાવી. લડતમાં ભાગ લીધો. ગામમાં રાષ્ટ્રીય શાળા સ્થાપી. 1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લઈ જેલ ભોગવી. 1928માં બારડોલી ના-કરની લડતમાં ભાગ લીધો. 15 દિવસની

કેદની સજા ભોગવી. 1932ની લડત પછી પત્રિકાપ્રવૃત્તિ. પોલીસના ત્રાસથી બચવા દેશી રાજ્યમાં હિજરત કરી અને અઢી મહિના ત્યાં રહ્યા. ત્યારે ઘર અને માલમિલકત જપ્ત થયાં. 1932ની લડતમાં 15 મહિનાની જેલ અને રૂ. 500નો દંડ. દંડ વસૂલ કરવા માલસામાન જપ્ત કરી હરાજ. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ચાર મહિનાની સજા થઈ. 1942ની લડતમાં ભાંગફોડની પ્રવૃત્તિ. મઢી અને કહેર સ્ટેશનો વચ્ચે રેલના પાટા પર બૉમ્બ મૂકી માલગાડી ઉથલાવવાનો પ્રયાસ. રોન ફરતા પોલીસોને પકડીને બાંધી દીધા. ગાડી પસાર થવા છતાં બૉમ્બ ન ફૂટ્યા. છોટુભાઈ પુરાણીની સૂચનાથી અમદાવાદથી ત્રણ રિવૉલ્વર લઈને ટ્રેનમાં આવ્યા. ભરૂચના પુલના છેડે બંને ચોકીઓમાંથી તથા સરભોણ પોલીસથાણાની બંદૂકો, કારતૂસો તેમની મંડળીએ લૂંટી લીધાં. પોલીસોનો પણ હિંમતથી સામનો કરતા. ધરપકડ. ત્રણ મહિનાની કેદની સજા. ચાર ટ્રંક ભરીને દારૂગાળો વ્યારાથી બીલીમોરા લઈ ગયા હતા.

## પંચાલ, જેઠાલાલ મગનલાલ

વડોદરા.

વડોદરા અને વલસાડમાં દારૂની દુકાનો પર પિકેટિંગ. 1 વર્ષની કેદ. મુંબઈમાં. દારૂની દુકાનો પર તથા મૂળજી જેઠા માર્કેટની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. 6 મહિના કારાવાસ. 1932 : ચળવળમાં સૈનિક. વડોદરામાં સરઘસો, તોફાનોમાં સક્રિય.

## પંચાલ, નારણભાઈ હેમચંદ

દાહોદ.

1932ના જૂનની 27મીએ દાહોદમાં મળેલી પંચમહાલ જિલ્લા પરિષદમાં ડેલિગેટ તરીકે ભાગ લીધો. ધરપકડ. છ માસની સજા ને રૂ. 50 દંડ. દંડ ન ભરે તો વધુ છ સપ્તાહની સજા. દંડ વસૂલ કર્યો. વિસાપુર જેલમાં સજા ભોગવી.

## પંચાલ, પરસોત્તમ રણછોડ

દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન દાહોદમાં ગાંધીજયંતીના 2-10-1942ના દિવસે સરઘસ. સરકારવિરોધી સૂત્રોચ્ચાર. પોલીસ દ્વારા ધરપકડ. બે માસની સજા અને રૂ. 25 દંડ. દંડ ન ભરે તો પંદર દિવસની વધુ સજા. 19-10-1942થી 16-1-1943 સુધી સાબરમતી જેલમાં સજા ભોગવી.

## પંચાલ, સોમાભાઈ બહેચરભાઈ

જન્મ : 1927. ગોકળપુરા, વડોદરા.

1942 : 'હિન્દ છોડો' આંદોલન. વડોદરા, 18 ઑગસ્ટ, 1942ના રોજ કોઠી પોળ પાસે ગોળીબારમાં અવસાન.

## પંચોળી, મનુભાઈ રાજારામ (દર્શક)

જન્મ : 15 ઑક્ટોબર, 1914. પંચાશિયા, જિ. સુરેન્દ્રનગર.

1930-32 : ધોલેરા, મોરબી, ધ્રાંગધ્રા, રાજકોટ આદિ સત્યાગ્રહોમાં ભાગ લીધો. 4, 6, 2 અને 11 મહિના કારાવાસ. 1934 : રચનાત્મક કાર્યક્રમમાં સક્રિય. 1942ની ચળવળમાં ભાવનગરની જેલમાં અટકાયત. 1975ની કટોકટીમાં જેલવાસ. સમાજ, રાજકારણ, સાહિત્ય, શિક્ષણ આદિ વિષયો પર પુસ્તકો લખ્યાં. 'લોકભારતી', સણોસરાના નિયામક, પ્રમુખ ટ્રસ્ટી. ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી. ગુજરાતી સાહિત્ય પરિષદના હૈદરાબાદ અધિવેશનના પ્રમુખ, રહ્યા. પ્રમુખ, ગુજરાત સાહિત્ય અકાદમી. પ્રતિષ્ઠિત લેખક. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળના સભ્ય.

અવસાન : 2001.

## પંચોળી, વિજયાબહેન મનુભાઈ

જન્મ : 27 ડિસેમ્બર, 1913. સણોસરા.

1930ની મીઠાની લડત વખતે દારૂ તેમજ વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતાં બે વાર ધરપકડ વહોરી. સાબરમતી જેલમાં જેલવાસ ભોગવ્યો. બ્રિટિશ હદમાંથી હદપાર કરવામાં આવ્યાં. સેવાગ્રામ આશ્રમમાં ગાંધીજી તેમજ કસ્તૂરબાનાં અંતેવાસી બની બા-બાપુનો પ્રેમ સંપાદન કર્યો.

## પંજાબી, હકીમ સૂરતલાલ બીલુમલ

વડોદરા.

કલેક્ટરના આદેશની અવગણના. મોટી સભા. દેખાવો. 1942 : સુધરાઈના ભવન ઉપરથી બ્રિટિશ ધ્વજ ઉતારી ત્રિરંગો ચડાવ્યો. 9 મહિના કારાવાસ.

## પંડિત, કમળાશંકર મૂળજીરામ

ડાકોર, જિ. ખેડા.

1926થી સક્રિય. દારૂનાં પીઠાં પર પિકેટિંગ, ધરપકડ અને મુક્તિનો ક્રમ. ભૂગર્ભપત્રિકા મુદ્રણ અને વિતરણ. 1928 : રાત્રિશાળા પ્રૌઢશિક્ષણ જંબુગામ. 1936 : છોટા ઉદેપુર. પ્રચારકાર્ય. વિલીનીકરણ માટે આંદોલન 1950 સુધી.

## પંડિત, કૃપાશંકર બહેચરલાલ

જન્મ : 13 જૂન, 1877. લાડોલ, તા. વિજાપુર, જિ. મહેસાણા. નિવાસ : અમદાવાદ.

શિક્ષણ : અંગ્રેજી પાંચ સુધી. કચ્છ અને અમદાવાદમાં સંસ્કૃત તથા ક્રિયાકાંડ અને ધર્મનો અભ્યાસ. બંગભંગ ચળવળના પ્રત્યાઘાતે રાષ્ટ્રભાવના. ખાડિયામાં ખ્રિસ્તી શાળાનો બહિષ્કાર. અમદાવાદમાં સ્વદેશી સભાની સ્થાપનામાં સક્રિય. પુસ્તક-પત્રિકાના ગુપ્ત વિતરણના કાર્યમાં. રાત્રિશાળા-પુસ્તકાલય પ્રવૃત્તિ. ગુજરાત સભાની સ્થાપનામાં અગ્રણી. મગનલાલ શર્મા (દવે) પાસે ભારતના નકશામાં 'હિન્દ દેવી'ની છબી દોરવી. ભારતભરમાં તે છબીનો પ્રચાર. તે છબી રવિ વર્માના લિથો પ્રેસમાં છપાવી. શિલ્પકળાના પારખુ. બૉમ્બપ્રવૃત્તિમાં સક્રિય. ગાંધીયુગ આવતાં વિચારભેદને કારણે સક્રિય રાજકારણનો ત્યાગ. રાષ્ટ્રભક્ત છેવટ સુધી. બંગભંગ આંદોલન વખતે 'સ્વદેશી કીર્તન' નામની રાષ્ટ્ર અંગેનાં ગીતોની એમની પુસ્તિકા લોકપ્રિય. રાષ્ટ્રગીતોનું એ પ્રકારનું એ પ્રથમ પ્રકાશન. અવસાન થયેલ છે.

## પંડિત, ચતુરલક્ષ્મીબહેન

અમદાવાદ.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. અમદાવાદમાં પાંચ કૂવા વિસ્તારની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગનું સંચાલન. તેમના નેતૃત્વમાં બહેનોએ ખૂબ જ નીડરતા અને હિંમતથી પિકેટિંગ કાર્ય કર્યું હતું. પિકેટિંગ કરનારે ખાદી જ પહેરવાની હતી.

## પંડિત, ચંદ્રકાન્ત પુરુષોત્તમ

જન્મ : 30 ઑગસ્ટ, 1924. વિસનગર, જિ. મહેસાણા.

પ્રાથમિક શાળામાં ચિત્રશિક્ષક. તે છોડીને ચિત્રકામની દુકાન. 'હિન્દ છોડો' ચળવળમાં સાંકળચંદ કાળીદાસ પટેલના માર્ગદર્શન હેઠળ ગો. ઉત્રાણકર, જયંતીલાલ મણિયાર, નવનીતલાલ પરીખ, ભગુભાઈ મહેતા, નટવરલાલ આઝાદ, ચંદ્રકાન્ત પંડિત વગેરે યુવાનો ચળવળને જીવંત રાખતા. ભાંગફોડ માટે રેલવેના પાટા પર દિવેલ લગાડ્યું, જેથી પૈડાં સ્લીપ થાય. પ્રજામંડળની ઑફિસ પર ધ્વજવંદન. પોલીસને રંજાડતા, પજવતા, મારતા એવું કદાવર શરીર. વિસનગરના પ્રસિદ્ધ

આગેવાન પટેલ સાંકળચંદને બચાવી લેવા ઉત્રાણકર વચ્ચે પડ્યા ત્યારે ગોળીબાર કરનાર ફોજદાર પઠાણની ફેંટ પકડી દાંત પર મુક્કો મારી, બે દાંત પાડી નાખ્યા. પઠાણને એક હાથે બગલમાં દાબી, બીજા હાથે ફેંટો મારી. બંદૂક ઉગામનાર કૉન્સ્ટેબલ(બકલ નં. 925)ને ઝાપટ મારી કોણીમાંથી હાથ તોડી નાખ્યો. તે પછી ભૂગર્ભમાં. ધરપકડ. કસ્ટડીમાં. પુરાવાના અભાવે મુક્ત. કેસ ચાલ્યો ત્યાં સુધી જેલમાં રહ્યા. રંડાલા સ્ટેશન નજીક રેલવેલાઇન પર બૉમ્બ નાખ્યો. કાર્ટૂન સાથે પોસ્ટર તૈયાર કરી, લખાણ સાથે જાહેર સ્થળે મૂકતા. 'તમે ટળો' શીર્ષકનાં 173 પોસ્ટર રોજ એક લેખે ભીંત ઉપર ચોંટાડ્યાં હતાં. આ કામમાં નવનીત શાહ, કૃષ્ણકુમાર પંડિત, રજનીકાન્ત ત્રિવેદી અને રમેશચંદ્ર વ્યાસ તેમના સાથીઓ હતા.

## પંડિત છોટુભાઈ

વતન : સિદ્ધપુર.

કદાચ સિદ્ધપુરના પહેલા ગ્રૅજ્યુએટ. 1920-1922 અને 1930-32ની લડતમાં સક્રિય. રેહાના તૈયબજીની સાથે ઉત્તર ગુજરાતના ગામેગામ ફરીને ગાંધીજીના સંદેશનો પ્રચાર કરતા. અનેક વાર જેલવાસ વેઠેલો. જુવાન પેઢીને તે પ્રેરણારૂપ હતા. નિઃસ્વાર્થ દેશસેવામાં જીવન વિતાવ્યું.

## પંડિત, જયંતીલાલ કરસનજી

રાજકોટ.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. જેલની સજા ભોગવી. ભારત સરકાર તરફથી પેન્શન આપવામાં આવે છે.

## પંડિત જુગલાલજી

પંજાબી ભાઈ.

1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. 2161930ના રોજ કાઠિયાવાડની ગાડીમાંથી મીઠું લઈ વિરમગામ સ્ટેશને ઊતર્યા. તેમની ધરપકડ કરી, છ માસની કેદની સજા કરવામાં આવી. તેમના ઉપર પોલીસો ઉપર હુમલો કરવાનો જુઠ્ઠો આરોપ મૂક્યો. તેમને પકડીને કાચી જેલમાં પૂર્યા હતા. તેમને કાંતવા તકલી ન આપવાથી પંજાબી ભાઈ પંડિત નાથુલાલજી સાથે બંનેએ 30 કલાકનું અનશન કરેલું.

## પંડિત, નટવરલાલ મણિલાલ

નારદીપુર, જિ. મહેસાણા.

1930માં મુંબઈમાં કૉલેજનો ત્યાગ. વિદ્યાપીઠમાં પ્રવેશ. માતર છાવણીમાં, છ મહિના કારાવાસ. 1932 : વિરમગામના સરમુખત્યાર. 13 મહિના કારાવાસ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહી. છ મહિના કારાવાસ. 1942ની લોકક્રાંતિમાં કલોલમાં લાઠીમારમાં બેભાન. પોલીસ ઉપાડી ગઈ. અવસાનની અફવાથી પ્રજામાં ભારે રોષ. જન્માષ્ટમીના દિવસે સઇજ ગામે સંઘર્ષમાં બે પોલીસ અને એક નાગરિકનાં મરણ. મહેસાણાથી સેના રવાના. લોકોએ સૈનિકો લાવતી ગાડીને દુર્ઘટનાગ્રસ્ત કરી. 1930માં નારદીપુર. ગ્રામસેવા મંદિરની સ્થાપના. બાળ અને મહિલાકલ્યાણ- પ્રવૃત્તિ. સાબરમતી, યરવડા, વિસાપુરની જેલોમાં કુલ 67 માસનો કારાવાસ.

## પંડિત, નાથુલાલજી

પંજાબી ભાઈ.

1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. 21-6-1930ના રોજ કાઠિયાવાડની ગાડીમાંથી મીઠું લઈ વિરમગામ સ્ટેશને ઊતરેલા. સત્યાગ્રહી સૈનિકોમાંથી બે પંજાબી ભાઈઓ પંડિત નાથુલાલજી અને જુગલાલજીની ધરપકડ કરી, છ માસની કેદની સજા કરવામાં આવી. તેમના ઉપર, પોલીસો ઉપર હુમલો કરવાનો જુઠ્ઠો આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેમને

પકડીને કાચી જેલમાં પૂર્યા હતા. તેમને કાંતવા તકલી ન આપવાથી પંજાબી ભાઈ પંડિત જુગલાલજી સાથે બંનેએ 30 કલાકનું અનશન કરેલું.

## પંડિત, પરમેષ્ઠીદાસ જૈન

જન્મ : 1908. બુંદેલખંડ, મહરૌની, જિ. ઝાંસી.

ન્યાયતીર્થ અને જૈન સિદ્ધાંતશાસ્ત્રી. સૂરતમાં રાષ્ટ્રભાષા હિન્દી પ્રચારનું કાર્ય. 1942માં સૂરતમાંથી જેલમાં ગયા. લલિતપુર નગર કૉંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ હતા. સમાજસુધારો, જૈન ધાર્મિક શિક્ષણ, રાષ્ટ્રભાષા-પ્રચાર અને પત્રકારત્વ મુખ્ય પ્રવૃત્તિઓ. પુસ્તકોના લેખક.

## પંડિત, મંદાકિની

અમદાવાદ.

ગુજરાત કૉલેજની વિદ્યાર્થિની. 1929માં ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ શીરાઝની વિરુદ્ધમાં હડતાળ પડી હતી. ત્યારે કોઈ પણ વિદ્યાર્થી કૉલેજમાં દાખલ ન થાય તે માટે હૉલમાં પ્રવેશવાના દાદરના પગથિયાં પર સૂઈ રહીને પિકેટિંગ કરતાં હતાં.

## પંડિત, માલતીબહેન

અમદાવાદ.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. અમદાવાદમાં પાંચકૂવા વિસ્તારની વિદેશી કાપડની દુકાનો પર સઘન પિકેટિંગનું સંચાલન કરતાં. તેમણે વિજ્યાગૌરી કાનૂગા તથા વીરબાળાબહેન દીક્ષિત વગેરે પિકેટિંગ મંડળના પ્રચાર વિભાગ તરફથી આયોજિત સભાઓમાં વ્યાખ્યાનો આપતાં. પિકેટિંગ કરનારે ખાદી પહેરવાની હતી.

## પંડિત, મેધાવ્રત

બોચાસણ, જિ. આણંદ.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન બોરસદમાં કાઢેલા સરઘસ પર લાઠીચાર્જ થવાથી શિવાભાઈ ગોકળભાઈ સખત ઘવાયા. તે જાણીને બોચાસણ વલ્લભ વિદ્યાલયમાંથી મેધાવ્રત શિવાભાઈની સારવાર વાસ્તે બોરસદ આવી પહોંચ્યા. તેમના ખિસ્સામાં લડતની પત્રિકાઓ હોવાથી પોલીસે તેમની પણ ધરપકડ કરી હતી.

## પંડિત, શ્યામજી કૃષ્ણવર્મા

જન્મ : 4 ઑક્ટોબર, 1857. માંડવી, જિ. કચ્છ.

શિક્ષણ : મુંબઈ અને ઇંગ્લૅન્ડમાં. કચ્છ રાજ્યની મદદથી બૅરિસ્ટર. દેશી રજવાડાંઓમાં દીવાન. રાજકારણમાં જહાલપક્ષી ક્રાંતિના પ્રણેતા. 1897માં ઇંગ્લૅન્ડમાં રહીને હિન્દના સ્વાતંત્ર્ય માટેની પ્રવૃત્તિ. હિન્દના તેજસ્વી વિદ્યાર્થીઓ ત્યાંની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરે તેવી ગોઠવણ. 1905માં 'ઇન્ડિયન સોશિયૉલૉજિસ્ટ' પત્ર શરૂ કર્યું. 'ઇન્ડિયન હોમરૂલ'ની લંડનમાં સ્થાપના. 'ઇન્ડિયા હાઉસ'ની સ્થાપના. હિન્દના સ્વાતંત્ર્ય માટે ક્રાંતિકારીઓ પેદા કર્યા. વિ. દા. સાવરકર, મદનલાલ ધિંગ્રા વગેરે ક્રાંતિકારીઓને લંડનમાં ભેગા કર્યા. 1907થી ફ્રાંસ–પૅરિસમાં રહ્યા. 1914થી જીનિવામાં વસવાટ. વિદેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ શરૂ કરનાર પ્રથમ ભારતીય.

અવસાન : 31 માર્ચ, 1930. જીનિવા.

## પંડ્યા, અમુભાઈ રામભાઈ

હડાળા, જિ. સુરેન્દ્રનગર.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સરઘસો, પત્રિકાપ્રવૃત્તિ વગેરેમાં ભાગ લીધો. જેલવાસ. પેન્શન મળે છે.

## પંડ્યા, અમૃતલાલ મણિલાલ

જન્મ : 18 ડિસેમ્બર, 1907. હાલોલ, જિ. પંચમહાલ.

વામનરાવ મુકાદમના પ્રવચન તથા ગાંધીજીના 'નવજીવન'ના વાચનથી દેશભક્તિની પ્રેરણા. અસહકારની ચળવળમાં (1920-22) કિશોરવયે સરકારી શાળા બંધ કરાવી, દારૂનાં પીઠાં પર પિકેટિંગ કર્યું. રાષ્ટ્રીય શિક્ષણ લેવા અમદાવાદ ગયા. પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ અને પછી ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ. 1928માં રેલસંકટમાં નરહરિ દ્વા. પરીખની સૂચનાથી માતર તાલુકામાં રાહતકાર્ય. 1930માં સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાવા શારદામંદિરની શિક્ષકની નોકરીનો ત્યાગ. હાલોલ તાલુકામાં ચળવળનો પ્રચાર. લસુન્દ્રામાં મીઠાના સત્યાગ્રહની છાવણીનું નેતૃત્વ, ફૂલસિંહજી ડાભીની ધરપકડ બાદ, સંભાળ્યું. ત્યાંથી 50 સત્યાગ્રહીઓ સાથે ધરાસણાના સત્યાગ્રહમાં ભાગ લઈ, લાઠીમારથી ઘવાયા. કપડવણજમાં ચળવળની પ્રવૃત્તિ કરતાં દોઢ માસની સજા. ગાંધી-ઈર્વિન કરાર બાદ, 'નવજીવન' કાર્યાલયમાં જોડાયા. પાછળથી 'નવજીવન'ના તંત્રી નિમાયા. ખેડા જિલ્લાના પીપળાવ ગામે કાર્યકરોની પરિષદમાંથી ધરપકડ, અઢી વર્ષની જેલની સજા. છેલ્લે શિક્ષણના કાર્યમાં જોડાયા.

## પંડ્યા, અરવિંદકુમાર ચંદ્રવદન

જન્મ : 24 જૂન, 1927. સરસવણી, જિ. ખેડા.

1942ની લોકક્રાંતિમાં. પાટા ઉખેડતાં પકડાયા પણ છોડી મુકાયા. 1943માં અડાસ કૂચ. ધરપકડ અને મુક્તિ. 1-1-1944ના દિવસે આંકલાવથી ધરપકડ. 1 વર્ષ કારાવાસ. ખાદીકાર્ય.

## પંડ્યા, અરુણચંદ્ર ભાલચંદ્ર

જન્મ : 5 માર્ચ, 1911. સૂરત.

1930ની ચળવળમાં માત્ર 19 વર્ષની વયે ભાગ લીધો. 1932 આગેવાનો પકડાયા બાદ સૂરતની લડતના સરમુખત્યાર બન્યા. ઓલપાડમાંથી ધરપકડ. 1934માં દિલ્હીમાં સંપૂર્ણ સ્વાતંત્ર્યની પ્રતિજ્ઞાનું જાહેર વાચન કરતાં ધરપકડ. 1942 : 'હિંદ છોડો' ચળવળમાં ગુપ્ત પત્રિકાઓ પ્રગટ કરી. ધરપકડ. જેલવાસ. છેલ્લે સૂરતમાં શિક્ષકનો વ્યવસાય.

## પંડ્યા, અંબાલાલ નાથાલાલ

ભલાડા, જિ. ખેડા.

1930ના સત્યાગ્રહમાં. કારાવાસ. 1942 : ચળવળ. કારાવાસ.

## પંડ્યા, ઉમેદરામ પ્રાણશંકર

વાલોડ, જિ. સૂરત.

સૂરતની કલેક્ટર કચેરીમાં કારકુન. રાજીનામું આપી લડતમાં જોડાયા. 1931-32માં ગામના પરાગવડ પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો તેથી પોલીસ સબઇન્સ્પેક્ટર ઇસ્માઇલ દેસાઈએ સખત માર માર્યો. બારડોલીની જેલમાં આઠ દિવસ રાખ્યા. પછી સજા કરીને યરવડાની જેલમાં મોકલ્યા. અવસાન : 1945.

## પંડ્યા, એલ. પી.

ઉગામેડી, જિ. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભાવનગરમાં સત્યાગ્રહ કરતાં પકડાયા. ભાવનગરની જેલમાં છ મહિનાની સજા ભોગવી.

## પંડ્યા, કમળાશંકર લલ્લુભાઈ

જન્મ : 20 ઑક્ટોબર, 1904. રાજપીપળા. નિવાસ : દાહોદ.

1920 : અસહકારની ચળવળમાં ભાગ લીધો. 1930 : સવિનય કાનૂનભંગ દરમિયાન હાલોલ તાલુકામાં ના-કરની ચળવળ. 1932માં સત્યાગ્રહ કરતાં ધરપકડ. એક વર્ષની જેલ. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ધરપકડ. છ

માસની જેલ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ધરપકડ. દોઢ વર્ષની અટકાયત. 1934 : કૉંગ્રેસ સમાજવાદી પક્ષના સ્થાપક-સભ્ય. જયપ્રકાશ નારાયણ, આચાર્ય નરેન્દ્ર દેવ વગેરેના નિકટ સંપર્કમાં. 1936માં ગુજરાત કિસાન સભાના સ્થાપક મંત્રી. 1934થી 1942 : અખિલ હિન્દ સમાજવાદી પક્ષના મંત્રી. 1936થી પંચમહાલ, વડોદરા અને ભરૂચ જિલ્લાની સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં પ્રેરક. વડોદરામાં ભારત સેવક સમાજના સંયોજક, ભારતીય વિદ્યાભવનની શિક્ષણસંસ્થાઓના સ્થાપક. મંત્રી, લોકશાહી સુરક્ષા સંઘ.

અવસાન : 1 ઑગસ્ટ, 1992. વડોદરા.

## પંડ્યા, કૃષ્ણલાલ ચુનીલાલ

મોરબી, જિ. રાજકોટ.

1930-31ની ચળવળમાં ભાગ લીધો. વિરમગામથી ધરપકડ થઈ. અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલમાં જેલવાસ ભોગવ્યો.

## પંડ્યા, ગિરજાશંકર ડાહ્યાભાઈ

જન્મ : 8 મે, 1916. તરવડા.

1930-32 અને પછી 1942ની 'હિન્દ છોડો' લડતમાં સૈનિક તરીકે સક્રિય. છ માસ અટકાયત. વાંકિયા ગામે ભૂગર્ભપ્રવૃત્તિ દરમિયાન અમરેલીમાં અટકાયતમાં.

## પંડ્યા, ચંચળબહેન પૂનમચંદ

## મેઘરજ, જિ. સાબરકાંઠા.

નિર્ધન પરિવાર.

1930ના સ્વાતંત્ર્યઆંદોલનમાં ભાવનાપૂર્વક સક્રિય. લાઠીમાર. ગોળીબાર. કારાવાસ. સાબરમતીમાં છ મહિના. સિમેન્ટના ભેગવાળા રોટલા મળતા. ભૂખદુઃખ. રોગ. જેલમુક્તિ પછી ટૂંક સમયમાં અવસાન. પતિ તરફથી પ્રોત્સાહન, દુઃખ સહન કર્યું.

## પંડ્યા, ચંદુલાલ ચુનીલાલ

ભાવનગર.

દક્ષિણામૂર્તિના વિદ્યાર્થી. 1930ની મીઠાની લડત વખતે વિરમગામ સત્યાગ્રહ છાવણીમાં જોડાઈને પોલીસોનો ત્રાસ સહન કર્યો.

## પંડ્યા, ચંદ્રશંકર નર્મદાશંકર

જન્મ : 1884. નડિયાદ, જિ. ખેડા.

બી.એ., એલએલ.બી., મુંબઈ, જૂનાગઢ. 'સમાલોચક' માસિકના તંત્રી. 1907-11 રાજકારણમાં સક્રિય. હોમરૂલનો પ્રચાર તથા મહાસભાનાં કાર્યોમાં અગ્રણી. 1918 : નડિયાદ. ગુજરાત રાજકીય પરિષદમાં સક્રિય ભાગ લીધો.

અવસાન : 1937.

## પંડ્યા, જટાશંકર

જન્મ : 15 જાન્યુઆરી, 1912. વતન : લુણાવાડા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' લડત સમયે રાષ્ટ્રીય જાગૃતિની પ્રવૃત્તિ શરૂ કરી. હાઈસ્કૂલ પર રાષ્ટ્રધ્વજ ચડાવવા માટે સહકાર. રાજ્યની પોલીસે ધરપકડ કરીને જેલમાં પૂર્યા. જેલ ભોગવ્યા બાદ કેટલાક દિવસ બાદ ભૂલ થયાનું કબૂલી લુણાવાડા રાજ્યની હદ છોડીને વીરપુર પાસેના ધામોદ ગામે જઈને રહ્યા. રાજ્યની દમનનીતિને કારણે હેરાન થયા. 1945 દરમિયાન લુણાવાડા પ્રજામંડળની પ્રવૃત્તિ ફરી શરૂ કરી. તેના મંત્રી બન્યા. રાજ્યના વિલીનીકરણ સુધી પ્રવૃત્તિ ચાલી. પંચમહાલ જિલ્લા બોર્ડના અધ્યક્ષ.

અવસાન : 26 ઑક્ટોબર, 1982. લુણાવાડા.

## પંડ્યા, જશોદાબહેન

દાહોદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં દાહોદમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરતાં. શાંતિમય રીતે અને વિનયપૂર્વક પિકેટિંગ કરતાં અને દારૂ ન પીવા આદિવાસીઓને સમજાવતાં.

## પંડ્યા, ડાહીબહેન લક્ષ્મીશંકર

નિવાસ : ડાકોર, જિ. ખેડા.

પતિ સાથે આંદોલનમાં સક્રિય. દારૂનાં પીઠાં સામે પિકેટિંગ, સભા-સરઘસ. ડાકોરમાં ધ્વજ સાથે ધરપકડ. દોઢ વર્ષ કારાવાસ. દંડ નહિ ભરાતાં ઘરની વસ્તુઓ વેચી મારી. લડતમાં છેક સુધી પતિને પડખે રહ્યાં.

## પંડ્યા, દલપતરામ કાશીરામ

સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931માં ધ્રાંગધ્રાની લોકલડતમાં જોડાયા. હળવદના હરિલાલ મૂળશંકરના નેતૃત્વ હેઠળ બીજી ટુકડીમાં વઢવાણની છાવણીમાં ભેગા થયા. લડતનાં રાષ્ટ્રીય ગીતો ગાતા, વઢવાણ શહેરમાં ફરી પ્રજાજનોના આશીર્વાદ મેળવ્યા. હળવદ સ્ટેશને ઊતરી ધ્રાંગધ્રા રાજ્યની હદમાં પગ મૂકતાં ગિરફતાર. ખટારામાં ધકેલી અજાણ્યા સ્થળે લઈ જવામાં આવ્યા. કેટલાકને જેલમાં, બાકીનાને વ્રજપુર ગામમાં રાખ્યા.

## પંડ્યા, દલપતરામ મૂળશંકર

વાંકાનેર.

રાજકોટની લડતમાં (1939) ભાગ લીધો. તે માટે ધરપકડ થઈ. છ મહિનાની કેદની સજા અને બસો રૂપિયા દંડ કરવામાં આવ્યો.

## પંડ્યા, દિનકરરાય વ્રજલાલ

જન્મ : 14 માર્ચ, 1896. હરસોલ, જિ. સાબરકાંઠા.

દેશભક્તિ. અખાડાપ્રવૃત્તિ. ભૂગર્ભપ્રવૃત્તિમાં યુવકોને જોડાવા પ્રેરતા. ગામડામાં અખાડા શરૂ કરતા, ચલાવતા. ગાંધીજીના પ્રભાવ હેઠળ ક્રાંતિકારી માર્ગ છોડી રચનાત્મક કાર્યમાં. અમેરિકા જઈ ખેતીનું શિક્ષણ. સત્યાગ્રહ આશ્રમમાં વાસ. દાંડીકૂચમાં ગાંધીજી સહિત 81 સત્યાગ્રહીઓમાંના એક. હરિપુરામાં ભરાયેલા કૉંગ્રેસના અધિવેશનમાં 1938માં ભાગ લીધો.

## પંડ્યા, નર્મદાશંકર

ચીખલી, જિ. નવસારી.

ચીખલીના એક આગેવાન. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. સભા-સરઘસોમાં જોડાતા. દારૂતાડીનો બહિષ્કાર તથા ચળવળનો પ્રચાર અને લોકજાગૃતિમાં સક્રિય હતા. તેમની ધરપકડ કરીને 12 મહિનાની કેદની સજા થઈ હતી.

## પંડ્યા, નર્મદાશંકર બાલાશંકર

જન્મ : 1893. રાજપીપળા, જિ. નર્મદા.

બી.એ. એસ.ટી.સી. બંગાળના ક્રાંતિકારીઓ સાથે ભૂગર્ભસંપર્ક. ગાંધીજીના આગમન બાદ વિચારધારામાં પરિવર્તન. 1919માં નોકરી છોડીને સ્વાતંત્ર્યઆંદોલનમાં સક્રિય. સૂરતના રાષ્ટ્રીય વિનયમંદિરમાં 1926 સુધી અધ્યાપક. 1928માં બારડોલી સત્યાગ્રહમાં બાજીપુરામાં છાવણી નાંખી ખેડૂતોને મહેસૂલ ન ભરવાનો પ્રચાર. બારડોલી સત્યાગ્રહની વિવિધ ઘટનાઓ વિષે પુસ્તક લખ્યું. બંગાળી, અંગ્રેજી પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ. સંન્યાસ લઈ હિમાલયપ્રયાણ.

## પંડ્યા, નિરંજન

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકાપ્રવૃત્તિ દ્વારા લડતનો પ્રચાર. 15-5-1943ના રોજ સાંકડી શેરી વિસ્તારમાં મકાન પર દરોડો. ઘણી પત્રિકાઓ મળી આવી. ધરપકડ કરી અટકાયત.

## પંડ્યા, પૂનમચંદ જયશંકર

જન્મ : 1907. મેઘરજ, જિ. સાબરકાંઠા.

પ્રાથમિક શાળાના શિક્ષક. 1930માં મોડાસામાં પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતાં ધરપકડ. દોઢ માસની સજા. 1932માં ઉશ્કેરણી- જનક ભાષણ. પાંચ માસની સજા. સભા-સરઘસો. દારૂની અને પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ, પ્રતિબંધિત પુસ્તકો વેચ્યાં, બિનજકાતી મીઠું વેચ્યું વગેરે કાનૂનભંગની પ્રવૃત્તિઓ. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં તારનાં દોરડાં કાપી, થાંભલા ઉખેડી કૂવામાં નાખ્યાં. ભાંગફોડની પ્રવૃત્તિ, ધરપકડ. ચાર માસની જેલ અને દંડ. દંડ ન ભરવાથી ઘરનો સામાન જપ્ત કરી વેચી દેવામાં આવ્યો.

અવસાન : 1948.

## પંડ્યા, પ્રાણશંકર માધવલાલ

જન્મ : 1908. કઠલાલ, જિ. ખેડા.

સ્વાતંત્ર્યસંગ્રામમાં સ્વયંસેવક રૂપે પ્રવેશ. મીઠા- સત્યાગ્રહ. દારૂબંધી માટે પિકેટિંગ. બે વાર કારાવાસ. મુક્તિ પછી ફરી રાષ્ટ્રીય સેવાકાર્યોમાં પ્રવૃત્ત.

અવસાન : 16 ઑગસ્ટ, 1985.

## પંડ્યા, પ્રીતમલાલ ચંદુલાલ

ટિળકમાર્ગ, અમદાવાદ.

1930માં લડત વખતે ધરપકડ. સાડા સાત માસની જેલ. મીઠા-સત્યાગ્રહમાં ભાગ.

## પંડ્યા, ભવાનીશંકર હરગોવિંદદાસ

જન્મ : 25 માર્ચ, 1927. સરસવણી, જિ. ખેડા.

અભ્યાસ : બી.એ., એસ.ટી.સી. 1942 : લોકક્રાંતિમાં સક્રિય. 18-8-1943ના રોજ અડાસ કૂચમાં ધરપકડ અને મુક્તિ. 1-1-1944ના રોજ આંકલાવમાં ધરપકડ. 1 વર્ષ કારાવાસ. પ્રવૃત્તિ : શિક્ષણકાર્ય.

## પંડ્યા, ભાઈશંકર વાલજી

રાજકોટ.

નવેમ્બર, 1931ની ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લેવા આત્મારામ પ્ર. ભટ્ટની આગેવાની હેઠળ છઠ્ઠી ટુકડીમાં જોડાયા. વઢવાણથી દૂધરેજ જઈને ત્યાં મુકામ કર્યો. 29-11-1931ના રોજ સવારે ટ્રેનમાં નીકળી રાજસીતાપુર ઊતર્યા. ત્યાં રાષ્ટ્રગીતો ગાયાં, રામધૂન કરી અને સૂત્રો પોકાર્યાં બાદ ધ્રાંગધ્રાની હદમાં પ્રવેશતાં આખી ટુકડીના તમામ અગિયાર સત્યાગ્રહીઓની ધરપકડ કરવામાં આવી. રાજસીતાપુરમાં તે દિવસે સખત હડતાળ પડી.

## પંડ્યા, ભાનુપ્રસાદ કાલિદાસ

વતન : ઉમરેઠ. નિવાસ : અમદાવાદ.

1920માં કૉંગ્રેસમાં જોડાયા. હરિજનોના ઉત્કર્ષની કામગીરી. 1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ગુજરાતની એક ટુકડીમાં નાગપુર જઈ ભાગ લીધો. 1942ની ચળવળમાં અમદાવાદ, ખાડિયામાં પોતાને ઘેર કાર્યકરોને ભૂગર્ભમાં રાખતા. તેમના જેઠાભાઈની પોળના મકાનમાં સંખ્યાબંધ સેલમાં દારૂગોળો ભરીને બૉંબ બનાવ્યા. કે. જી. પ્રભુ, વાસુદેવ ભટ્ટ, પુરાતન બુચ, ઘનશ્યામ કુસુમગર વગેરેને પોતાને ઘેર ગુપ્ત રાખ્યા. પકડાયા નહોતા.

## પંડ્યા, ભાનુશંકર વાલજી

અમરેલી.

બારડોલી લડત વખતે પ્રચારપત્રિકા-પ્રકાશન. રાજકોટની લડતમાં ભાગ લીધો. 1942ની લડતમાં ધરપકડ. સાત માસની જેલની સજા. ભારત સરકારે તેમને પેન્શન અને તામ્રપત્ર એનાયત કરેલ છે.

## પંડ્યા, મનસુખલાલ પ્રભાશંકર

જન્મ : 9 મે, 1908. ભાવનગર.

1930માં મીઠાના સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ ત્રણ વાર સજા. કુલ સત્તર મહિનાની સજા.

## પંડ્યા, મહાશંકર નરસિંહરામ

કલોલ, જિ. મહેસાણા, ઉ. ગુજરાત.

1919ના રૉલેટ ઍક્ટના વિરોધમાં સરકાર વિરુદ્ધ થયેલ ભાંગફોડની પ્રવૃત્તિ, આંદોલનમાં મહાશંકરે લશ્કરના જમાદાર ઇમામખાનને મારી નાખ્યો. ખાસ અદાલતમાં કેસ. 23 જૂન, 1919 ચુકાદો – આજીવન કેદ. તેમની મિલકત જપ્ત થઈ. સાબરમતી જેલમાંથી થાણા, અલ્લાહાબાદ, કોલકાતા અને છેવટે આંદામાનના પૉર્ટબ્લેરની સેલ્યુલર જેલમાં સજા ભોગવી. ભયંકર કેદી જાહેર થયા. ત્રાસ અપાતો. તેના વિરોધમાં ઉપવાસ. વીર સાવરકર અને પંડ્યાને ચેન્નાઈ (મદ્રાસ) લાવ્યા. છેલ્લે પુણેની યરવડા જેલમાં. સજા પૂરી થયા પછી 14 જાન્યુઆરી, 1937ના રોજ મુક્ત. ગુજરાત સરકારે તેમને રાજકીય પેન્શન આપ્યું.

## પંડ્યા, મહાદેવભાઈ

મોરબી, જિ. રાજકોટ.

ફૂલચંદભાઈ શાહ સાથે મોરબી સત્યાગ્રહમાં ભાગ લઈને રાજ્ય-સરકારનો ત્રાસ વેઠ્યો. ધ્રોળ સત્યાગ્રહમાં પણ ભાગ લીધો.

## પંડ્યા, મંગળદાસ ઉત્તમરામ

જન્મ : 1908. ડડુસ, તા. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : અંગ્રેજી ધોરણ ત્રણ. 1930ની ચળવળ શરૂ થઈ ત્યારે નોકરી છોડીને લડતમાં જોડાયા.

6-4-1930ના રોજ બોરસદ પાસે બદલપુરમાં સત્યાગ્રહ. 13-6-1930ના રોજ અબ્બાસ-સાહેબના નેતૃત્વ હેઠળના સરઘસ ઉપર હુમલો, સખત માર ખાધો. 1932માં ફરી ચળવળ દરમિયાન નડિયાદમાં યોજાયેલી સભામાં હાજર, સખત લાઠીમારથી ઘવાયા. તે પછી અમદાવાદમાં મજૂર મહાજનમાં કાર્ય.

## પંડ્યા, માધવલાલ શંકરલાલ

જન્મ : 5 જાન્યુઆરી, 1898. વતન : પીપળાવ, તા. બોરસદ, જિ. આણંદ.

પ્રાથમિક ટ્રેઇન્ડ શિક્ષક. 1919માં સુણાવની શાળામાં શિક્ષક. 1920-21માં આ શાળા રાષ્ટ્રીય બની. બોરસદ તાલુકામાં લોકો ઉપર હૈડિયા વેરો નંખાયો, તેની લડતમાં ભાગ લીધો. 1930માં સરઘસની આગેવાની. લાઠીમારનો ભોગ બન્યા. 1932ની લડત પછી પીપળાવની આસપાસનાં ગામોમાં રચનાત્મક પ્રવૃત્તિ. 1942ની લડતની શરૂઆતથી અટકાયત. તેમાંથી છૂટ્યા બાદ કૉંગ્રેસની પ્રવૃત્તિ.

## પંડ્યા, મોહનલાલ કામેશ્વર (ડુંગળીચોર)

જન્મ : 21 જૂન, 1872. કઠલાલ, જિ. ખેડા.

વડોદરા રાજ્યમાં સરકારી નોકરી. રાષ્ટ્રવાદી પ્રવૃત્તિ માટે છૂટા કરાયા. 1911 સુધી ક્રાંતિકારી. 1911-1915 : ભૂગર્ભવાસમાં વિપ્લવી પ્રવૃત્તિ. ખાનગી છાપખાનામાં બૉમ્બની બનાવટ વિશે પુસ્તિકાઓ છાપી પ્રચાર કર્યો (વનસ્પતિની દવાઓ, સાબુ બનાવવાની રીત). પાછળથી ગાંધીવાદી. 1917 : ખેડા સત્યાગ્રહ દરમિયાન જપ્ત થયેલી ડુંગળી ઉપાડી લાવ્યા. તેથી લોકો દ્વારા 'ડુંગળીચોર' કહેવાયા. 1923માં નાગપુર ધ્વજ સત્યાગ્રહ અને બોરસદ ના-કર લડતમાં સક્રિય. 1928માં બારડોલી ના-કર સત્યાગ્રહમાં સક્રિય.

અવસાન : 14 મે, 1935.

## પંડ્યા, રતિલાલ રણછોડલાલ

જન્મ : 23 ડિસેમ્બર, 1924. મહેસાણા.

'હિન્દ છોડો' આંદોલન શરૂ થતાં અભ્યાસ

છોડ્યો. પ્રભાતફેરી, સરઘસ, પિકેટિંગ વગેરેમાં ભાગ લીધો. પિકેટિંગ કરતાં ધરપકડ. જેલ ભોગવી. છૂટ્યા પછી ગામડાંઓમાં જઈ પ્રચાર. જિલ્લાના યુવકો સાથે બૉમ્બપ્રવૃત્તિમાં સામેલ. બૉમ્બથી ખારી નદીનો પુલ ઉડાવી દેવાની યોજના સાથીદાર ચુનીલાલ જીવનતરામ પટેલ સાથે નિષ્ફળ.

1-1-1943ના રોજ ધરપકડ. 14 દિવસના પોલીસ રિમાન્ડમાં શારીરિક ત્રાસ, સખત માર, રિમાન્ડ પછી સબજેલમાં. ત્રણ માસ જેલ પછી મુક્તિ.

## પંડ્યા, રમણીકલાલ પ્રભુલાલ

વિસનગર, જિ. મહેસાણા.

1932માં રાષ્ટ્રીય ચળવળમાં સક્રિય. મીઠા-સત્યાગ્રહ દરમિયાન પરદેશી માલનો બહિષ્કાર. ધરપકડ. સાબરમતી અને વિસાપુર જેલમાં સજા. ફરી ધરપકડ અને બીજી બે વર્ષની સજા વિસાપુર જેલમાં.

## પંડ્યા, રમણીકલાલ પ્રભુલાલ

માતર, જિ. ખેડા.

1933, 15 જાન્યુઆરી પીપળાવમાં. સરમુખત્યાર પરિષદમાં ઉપસ્થિત. લાઠીમાર. 2 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ અથવા વધુ છ માસની કેદ.

## પંડ્યા, રસિકલાલ વી.

જન્મ : 27 જુલાઈ, 1928. શિહોર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે વિદ્યાર્થી તરીકે આગેવાની, સભા-સરઘસ વગેરે કાર્યક્રમોમાં ભાગ લીધો. પોલીસની કનડગત. અભ્યાસ

છોડી વઢવાણ કૅમ્પમાં રહીને ભૂગર્ભપ્રવૃત્તિમાં સહાય.

## પંડ્યા, રામચન્દ્ર દયાશંકર

દાહોદ.

અગ્રણી વકીલ. ભીલ સેવા મંડળની પ્રવૃત્તિઓમાં ઠક્કરબાપાને સહકાર. 1932ના સત્યાગ્રહ આંદોલન સમયે પંડ્યાજીને પોલીસ સ્ટેશને દરરોજ હાજરી આપવા સરકારે નોટિસ બજાવી. સ્વમાની પંડ્યાજી દ્વારા અનાદર. ધરપકડ. બે વર્ષની કેદની સજા.

## પંડ્યા, રામશંકર જગન્નાથ

સિદ્ધપુર, ઉત્તર ગુજરાત.

1930ની લડત વખતે મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. પકડાયા અને છ માસની જેલ. પોલીસની નજરથી બચવા શરીરે કોથળો પહેરી રાત્રિ પસાર કરતા.

## પંડ્યા, લક્ષ્મીશંકર ગંગારામ

સૂઈગામ. ડાકોર, જિ. ખેડા.

1930માં દાંડીકૂચ દરમિયાન બાપુના ભાષણમાંથી પ્રેરણા. ઠાસરા, સત્યાગ્રહ. લસુંદ્રામાં મીઠા સત્યાગ્રહ કર્યો. ધરાસણામાં મીઠા-સત્યાગ્રહ. માર પડ્યો. પત્રિકાવિતરણ. ડાકોરમાં પીઠાં પર પિકેટિંગ. શિક્ષા. પુનઃ ગુપ્ત રૂપે પિકેટિંગ. પોલીસની દોડાદોડ. 1932માં પત્ની ડાહીબહેન પણ સત્યાગ્રહમાં જોડાયાં. તેમને દોઢ વર્ષ કારાવાસ. લક્ષ્મીશંકરભાઈને છ મહિના કેદ. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં. પ્રચંડ સરઘસ. પોલીસનો લાઠીમાર. લોકો દ્વારા પ્રતિકાર. ગોળીબારમાં એકનું મરણ. શબ મેળવવા માટે ભારે પ્રયત્ન. આથી ધરપકડ. કારાવાસ. સાર્વજનિક સેવાકાર્યમાં પ્રવૃત્ત.

## પંડ્યા, વિશ્વનાથ મણિશંકર

દાહોદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન દાહોદમાં કલાલના ઝાંપા પરનાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. માલિકોને આર્થિક

નુકસાન થવાથી ફરિયાદ. ધરપકડ. છ માસની કેદની સજા.

## પંડ્યા, શરદચંદ્ર છોટાલાલ

જન્મ : 31 માર્ચ, 1927. નડિયાદ. અભ્યાસ : સંગ્રહાલયશાસ્ત્રના નિષ્ણાત.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે વિદ્યાર્થી સંગઠન-પત્રિકાપ્રચાર, સેવાદળ અને કાંતણના કાર્યમાં રોકાયેલા. નડિયાદમાં પોલીસના હાથે પકડાતાં સખત મારના ભોગ બન્યા. પાછળથી કૉંગ્રેસના કાર્યમાં ભાગ લેતા થયા.

## પંડ્યા, શર્મિષ્ઠાબહેન મકરંદભાઈ

જન્મ : 1923. માણેકબાગ, અમદાવાદ.

બી.એ., બી.એડ્. 1942ની ચળવળમાં પત્રિકાઓ વહેંચતાં સૂરતમાં ધરપકડ. 1943માં સૂરતમાં છ માસનો કારાવાસ વેઠ્યો.

## પંડ્યા, શાંતિલાલ મોહનલાલ

જન્મ : 1912. વતન : સરસવણી, તા. મહેમદાવાદ.

અભ્યાસ : સાત ધોરણ.

1930-32ની ચળવળ વખતે કૉંગ્રેસનું કાર્ય કરતા હતા. સભા-સરઘસોમાં ભાગ લેવા ઉપરાંત તેઓ દારૂની દુકાનોએ પિકેટિંગ કરતા હતા. તે માટે ધરપકડ થયેલી અને દંડ કરીને છોડી મૂકવામાં આવ્યા હતા.

## પંડ્યા, શાંતિલાલ હિંમતલાલ

રાજપીપળા, જિ. નર્મદા.

1930-32ની લડતોમાં ઉમંગપૂર્વક સક્રિય. વિવિધ ક્ષેત્રે સેવા. પિકેટિંગમાં ભાગ લીધો. સરઘસોમાં જોડાતા. મુંબઈમાં ધરપકડ. આઠ મહિના કારાવાસ. આર્થર રોડ તથા વિસાપુર કારાગૃહમાં. સ્વાતંત્ર્ય સેનાનીઓનાં કાર્યોમાં પ્રવૃત્ત.

## પંડ્યા, સોમેશ્વર મથુરભાઈ

જન્મ : 1878. સરસવણી, જિ. ખેડા.

અભ્યાસ : 7 ગુજરાતી. 1920-22માં રાષ્ટ્રીય કાર્ય. સભા-સરઘસોની પ્રવૃત્તિ. રાષ્ટ્રીય શાળાના સંચાલક. 1932માં ધરપકડ. દંડ 150 રૂપિયા. કોર્ટ દ્વારા વસૂલ. આજીવન સેવાકાર્ય. અવસાન : 1960.

## પંડ્યા, હરગોવિંદ મયારામ

જન્મ : 5 નવેમ્બર, 1896. ઇંગોરાળા, જિ. અમરેલી.

દેશી રાજ્યોમાં થતા અન્યાય સામે રાણપુરના 'સૌરાષ્ટ્ર'ના પ્રતિનિધિ તરીકે કામગીરી. કાઠિયાવાડ રાજકીય પરિષદમાં સક્રિય. ધોલેરા સત્યાગ્રહમાં સક્રિય. સાડા સાત મહિના કારાવાસ. દંડ નહિ ભરતાં ઘરસામગ્રીની જપ્તી અને વેચાણ. સીમાપાર. અમરેલીમાં 'જય-સ્વદેશી' સાપ્તાહિકનું પ્રકાશન કર્યું. 1938માં રાજકોટ સત્યાગ્રહ.

સવા મહિનો કારાવાસ. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં. 1 વર્ષ કારાવાસ. નિવૃત્ત. નિવાસ : ઇંગોરાળા.

## પંડ્યા, હરિશંકર

રાજકોટ.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. સરદાર રાજકોટ ગયા ત્યારે હરિશંકરભાઈ તેમાં જોડાયા અને જેલમાં પણ ગયા.

## પંડ્યા, હરિશંકરભાઈ સબૂરભાઈ

લુણાવાડા, જિ. પંચમહાલ.

1942માં 'હિન્દ છોડો' લડત સમયે લુણાવાડામાં રાષ્ટ્રીય જાગૃતિની પ્રવૃત્તિ. તેમણે હાઈસ્કૂલ પર રાષ્ટ્રધ્વજ ચઢાવેલો. 1942ના ઑગસ્ટમાં એમની ટુકડીના સભ્યોની ધરપકડ સાથે હરિશંકરની ધરપકડ. પિતા કાપડના વેપારી. પુત્રને છોડાવી રાજ્યની બહાર મોકલી દીધો.

## પાઉં, નારણદાસ વિઠ્ઠલદાસ

જન્મ : 12 ઑગસ્ટ, 1914. જૂનાગઢ.

અભ્યાસ : ધોરણ પાંચ. 1930માં સવિનય કાનૂનભંગના સત્યાગ્રહમાં સક્રિય. 1932માં આઠ દિવસ એજન્સી જેલમાં અટકાયત. રાજકોટ સત્યાગ્રહ દરમિયાન બે વાર રાજકોટ જેલમાં મોટી રકમનો દંડ વસૂલ કરેલ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં છ માસની સજા. આરઝી હકૂમત દરમિયાન સક્રિય. જાહેર સેવક. હિન્દુ મહાસભાના સભ્ય.

## પાટડિયા, લહેરચંદ કાળિદાસ

સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર.

ધીકતી કમાણી છોડીને રાષ્ટ્રીય ચળવળમાં જોડાયા. સ્વામી શિવાનંદજીની આગેવાની નીચે ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લીધો. રાજ્યના જુલમો, માર. વઢવાણ પ્રજા મંડળની લડતમાં ફૂલચંદભાઈ શાહના સાથીદાર.

## પાટણવાડિયા, માનાભાઈ ડાભાઈભાઈ

જંબુસર, જિ. ભરૂચ.

ગામ બોજાદરામાં છોટુભાઈ પુરાણી, ચન્દ્રશંકર ભટ્ટ વગેરેની પ્રેરણાથી લડતમાં જોડાયા. પત્રિકાઓ વહેંચવાનું કામ. સભાઓ, ભાષણો, ધરપકડ. છ માસની સજા.

## પાટીદાર, લક્ષ્મીદાસ મોતીલાલ

ગજેરા, તા. જંબુસર, જિ. ભરૂચ.

વેડચ ગામમાં મીઠું લૂંટવા ગયેલા ત્યારે માર પડેલો. ભાદરણથી પત્રિકાઓ વહેંચવા જતાં ધરપકડ અને એક વર્ષની જેલની સજા, અમદાવાદ તથા વિસાપુરની જેલમાં ભોગવી.

## પાઠક, અંબાલાલ દલસુખભાઈ

શહેરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન શહેરા ગામમાં સરઘસ કાઢી, સરકાર વિરોધી સૂત્રો પોકારવા માટે ધરપકડ. ગોધરાની સબજેલમાં થોડા દિવસ રહ્યા બાદ સમાધાન કરીને છૂટ્યા.

## પાઠક, અંબાલાલ મૂળજીભાઈ

શહેરા, જિ. પંચમહાલ.

ધંધો : વેપાર. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન શહેરા ગામમાં સરકાર વિરોધી સરઘસ કાઢી, સૂત્રોચ્ચાર કરવા માટે ધરપકડ. ગોધરાની સબજેલમાં કાચા કામના કેદી તરીકે અટકાયત. થોડા દિવસ પછી સમાધાન કરી છૂટ્યા.

## પાઠક, ઇન્દ્રશંકર (બાબુભાઈ) સદારામ

જન્મ : 1917 (આશરે). શહેરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે અમદાવાદમાં ખાડિયામાં રહેતા. સભા-સરઘસોમાં જોડાતા. પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. પત્રિકા સાઇક્લોસ્ટાઇલ કરવી. વહેલી સવારે પત્રિકા વહેંચી આવતા. પોસ્ટરો લગાવવા જતા.
અવસાન થયેલ છે.

## પાઠક, ઉમિયાશંકર જાદવજી

જન્મ : બાબરા, જિ. અમરેલી.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો, પોલીસોનો ત્રાસ વેઠ્યો. ત્યાર બાદ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતા રહ્યા.
પેન્શન એનાયત થયેલ છે.

## પાઠક, કમલકિશોર સદારામ

જન્મ : 7 માર્ચ, 1922. શહેરા, જિ. પંચમહાલ.
નિવાસ : અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે અમદાવાદમાં ગુજરાત કૉલેજના વિદ્યાર્થી હતા.

પોતાના વતન શહેરા જઈને ત્યાં લોકોમાં લડતનો પ્રચાર કરતા. પોસ્ટરો લગાવવા જતા. અન્ય કાર્યકરો સાથે લડતના કાર્યક્રમોમાં જોડાતા. બહારગામથી ગુપ્ત રીતે પત્રિકા આવતી, તે વહેંચતા.

## પાઠક, ગણપતરામ મૂળજીભાઈ

જન્મ : 1908 આશરે. શહેરા, જિ. પંચમહાલ.

ધંધો : વેપાર. ગાંધીજીના સત્યાગ્રહથી રાષ્ટ્રવાદી. 1940-41ના વ્યક્તિગત સત્યાગ્રહ દરમિયાન લોકોમાં લડત વિશે પ્રચાર. 1942માં 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન સભા-સરઘસો યોજતા. સરકારી કચેરી પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. વિદેશી કાપડની દુકાને પિકેટિંગ. ગાંધી-જયંતી રેંટિયા-બારસના દિવસે ગામમાં હડતાળ પડાવી. ધરપકડ. ગોધરાની કાચી જેલમાં પૂર્યા. સમાધાન કરીને છૂટ્યા. આજીવન ખાદીધારી. 1948માં શહેરામાં આગ. રાહતનાં કાર્યો કર્યાં.

અવસાન : 1991.

## પાઠક, ગોરધનદાસ અભેરામ

જન્મ : 1897. બોરિયાવી, જિ. ખેડા.

અભ્યાસ : 7 ગુજરાતી. 1930ના સવિનય ભંગમાં. દારૂની દુકાન પર પિકેટિંગ. ધરપકડ. દોઢ મહિનો કારાવાસ. 200 રૂપિયા દંડ.

## પાઠક, ચંદુલાલ રવિશંકર

મોભા, જિ. વડોદરા.

1930 : સરકારી નોકરીનો ત્યાગ. દાંડીકૂચમાં કારેલી. મીઠા-સત્યાગ્રહ પ્રચાર. પરદેશી કાપડની દુકાન સામે પિકેટિંગ. 6 મહિના કારાવાસ. આજીવન લડવૈયા. હનુમાન મંદિરના પૂજારી.

## પાઠક, ચંદ્રશંકર ત્રિભોવન

શહેરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન શહેરા ગામમાં સરઘસમાં સરકાર વિરોધી સૂત્રો પોકારવા બદલ ધરપકડ. ગોધરાની સબજેલમાં થોડા દિવસ અટકાયત. સમાધાન કરી છૂટ્યા.

## પાઠક, જગદીશભાઈ

વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સારંગપુર વ્યાયામ શાળા ચલાવતા. સરઘસોમાં જોડાતા. પત્રિકાઓ વહેંચવા જતા. પત્રિકાની વધુ નકલો કાઢવાનાં ડ્યૂપ્લિકેટ બહારગામ મોકલતા. 27 ઑગસ્ટ, 1942ના રોજ ધરપકડ. દોઢ મહિનો જેલ.

## પાઠક, જગન્નાથ ચૂનીલાલ

સૈયદપરા, સૂરત.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં એમનું ઘર ભૂગર્ભપ્રવૃત્તિનું મથક બન્યું. રાજપીપળા, કરાડી, મટવાડ, રાંદેર, ઓલપાડ વગેરે સ્થળે ચળવળ ચલાવવા કાર્યકરોને એમને ઘર બોલાવી, સૂચનાઓ અને સામગ્રી, સાધનો આપીને રવાના કરતા. 147 કાર્યકરોને ત્યાંથી મોકલ્યા. કાર્યકરો એમને ત્યાં રહેતા. તેઓને પિકેટિંગ કે બીજી પ્રવૃત્તિ માટે મોકલતા, જેલમાં જવા વિદાય આપતા. તેમની ધરપકડ માટે ઘર પર બે વાર પોલીસનો દરોડો, નાસી ગયા ને ન પકડાયા. ભાંગફોડની પ્રવૃત્તિમાં સંપૂર્ણ સહકાર. પકડાયા નહિ.

અવસાન : 1952.

## પાઠક, જટાશંકર વી.

રાજકોટ.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી અને જેલની સજા ભોગવી. ગુજરાત રાજ્યની સરકાર તરફથી પેન્શન અને તામ્રપત્ર એનાયત થયેલ છે.

## પાઠક, જયંતકુમાર લક્ષ્મીરામ

દાહોદ.

1930ની લડત દરમિયાન દાહોદમાં ગોદી રોડ પર આદિવાસીઓને બરબાદ કરનાર દારૂનાં પીઠાં પર પિકેટિંગ. માલિકોની ફરિયાદ. ધરપકડ. એક માસની કેદની સજા.

## પાઠક, નર્મદાબહેન રામનારાયણ

જન્મ : 15 ઑગસ્ટ, 1915. વાળુકડ, જિ. ભાવનગર.

ધ્રાંગધ્રા લડતમાં સક્રિય. સરાડવાના ઉતારામાં પૂર્યાં. ત્રાસ વેઠ્યો. વડોદરા આર્યકન્યા ગુરુકુળમાં અભ્યાસ. આર્યસમાજમાં જોડાયાં. સાબરમતી આશ્રમના દર્શને ગયાં ને ત્યાં જ રહી ગયાં. સેવાભાવી, બહાદુર અને પ્રેમાળ. આશ્રમવાસીઓનો પ્રેમ સંપાદન. 1930માં મીઠાની લડત વખતે સાબરમતી આશ્રમમાંથી તેમની ધરપકડ. બે વાર છ-છ માસ જેલવાસ. રામનારાયણ નાગરદાસ પાઠકનાં પત્ની. ગિજુભાઈ બધેકા પાસે બાળશિક્ષણની તાલીમ. જુદી જુદી જગ્યાએ સૌરાષ્ટ્રમાં બાલમંદિરનું સંચાલન. તરવડામાં રતુભાઈનું મંડળ સર્વોદય આશ્રમ બાંધીને કામ કરતું હતું ત્યાં અંગત ખેતી. વાળુકડ ગામે ખેતી. છેલ્લે ભાવનગરમાં નિવાસ.

અવસાન : 1 ઑક્ટોબર, 1984.

## પાઠક, ભાનુશંકર મૂળજીભાઈ

શહેરા, જિ. પંચમહાલ.

ધંધો : વેપાર. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન શહેરા ગામમાં સરઘસ કાઢી સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરવા માટે ધરપકડ. ગોધરાની સબજેલમાં થોડા દિવસ કાચા કામના કેદી. સમાધાન કરી છૂટ્યા.

## પાઠક, ભોગીન્દ્ર દલસુખરામ

જન્મ : 6 મે, 1920. શહેરા, જિ. પંચમહાલ.

વર્તમાનપત્રોમાં ગાંધીજીના સત્યાગ્રહો વિશે વાંચીને તથા ગોધરામાં પંચમહાલના જહાલ નેતા વામનરાવ મુકાદમની પ્રવૃત્તિઓથી રાષ્ટ્રવાદની પ્રેરણા. 1940-41ના વ્યક્તિગત સત્યાગ્રહમાં સરકારની વિશ્વયુદ્ધ અંગેની નીતિના વિરોધમાં લોકજાગૃતિ માટે ભાષણો અને સૂત્રોચ્ચાર. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લઈ સરઘસો કાઢ્યાં. સરકારી કચેરી પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. વિદેશી માલની દુકાને પિકેટિંગ, વિદેશી માલની હોળી કરવી. હરિજન દિનની ઉજવણી કરી હરિજનોને મંદિરપ્રવેશ તથા જાહેર કૂવામાંથી પાણી ભરવા દેવાની સમાનાધિકારની લડતમાં અગ્રણી. ધરપકડ. ગોધરામાં કારાવાસ. સમાધાનથી મુક્તિ.

અવસાન થયેલ છે.

## પાઠક, મણિભાઈ શંકરલાલ

જામનગર.

અભ્યાસ છોડી આંદોલનમાં ઝંપલાવ્યું. છૂપી પત્રિકાઓ વહેંચતા. સરઘસ. ધરપકડ. છ માસની સજા. 1939માં સૌરાષ્ટ્રમાં રાજકોટની લડતમાં રાજ્યના અધિકારીઓ તરફથી મારપીટ. મારી નાખવાની ધમકીઓ.

## પાઠક, મહીપતરામ બ.

ધુવારણ, જિ. ખેડા.

વ્યવસાય : ફૉરમૅન, ધુવારણમથક.

1932માં પિકેટિંગ, પ્રભાતફેરી. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ઘરમાં રેડિયો ટ્રાન્સમિટર દ્વારા લડતનું સંચાલન. અમદાવાદ વીજળી સેન્ટર બૉંબથી ઉડાવી દેવાની યોજના. મહીપતરામે પ્રાયોગિક પ્રથમ બૉમ્બ ગોઠવ્યો. ધરપકડ. પોલીસમથકે હાજરીનું બંધન.

## પાઠક, મહીપતરાય ભગવાનલાલ

જન્મ : 15 માર્ચ, 1919. વતન : ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે અમદાવાદમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાઈને જોખમી કામો કર્યાં.

## પાઠક, રામચંદ્ર બાપુજી

શહેરા, જિ. પંચમહાલ.

કૉંગ્રેસના નિષ્ઠાવાન કાર્યકર. 1930ની ચળવળ દરમિયાન મે, 1930માં ધરાસણા મીઠાના સત્યાગ્રહમાં ભાગ લેવા ગયા હતા. ત્યાં મીઠાના અગરો તરફ કૂચ કરતાં પોલીસનો સખત લાઠીમાર ખાધેલો અને ઘવાયા હતા.

## પાઠક, રામનારાયણ નાગરદાસ

જન્મ : 1905. ભોળાદ, સૌરાષ્ટ્ર.

1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. 1928 : બારડોલી સત્યાગ્રહ. 1930-32 : વિરમગામ સત્યાગ્રહ. બે વાર ધરપકડ. આઠ માસની જેલ ભોગવી. 1938 : રાજકોટ સત્યાગ્રહમાં ભાગ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન ભાવનગરમાં સક્રિય. ત્રણ મહિના જેલમાં અટકાયત. કાઠિયાવાડ રાજકીય પરિષદ, યુવકમંડળ. સત્યાગ્રહ દળ આદિમાં સક્રિય. વારંવાર કારાવાસ. પોરબંદર છાયા હરિજન આશ્રમમાં તથા તરવડા સર્વોદય આશ્રમમાં સેવાકાર્ય. સ્વાતંત્ર્ય-સંગ્રામ સંબંધી પુસ્તકો લખ્યાં. વ્યવસાય : લેખન.
અવસાન : 1988

## પાઠક, રામનારાયણ વિશ્વનાથ

જન્મ : 8 એપ્રિલ, 1877. ગાણોલ (મોસાળ), ધોળકા. વતન : ભોળાદ, તા. ધોળકા.

અભ્યાસ : બી.એ., એલએલ.બી. (ભાવનગર, મુંબઈ). 1912-20 સાદરા(મહીકાંઠા)માં વકીલાત. 1920માં વકીલાતનો ત્યાગ. અમદાવાદમાં સ્થાયી થયા. રાષ્ટ્રીય શાળાના આચાર્ય થયા. સાહિત્ય અને શિક્ષણની આરાધના આરંભી. 1921-28 : ગૂજરાત વિદ્યાપીઠમાં ગુજરાતીના અધ્યાપક. 1925 : 'પ્રસ્થાન' માસિકની સ્થાપના. 1928 : બારડોલી ના-કર સત્યાગ્રહની પ્રજાનિયુક્ત અન્વેષણ સમિતિ તરફથી વૃત્તાંત તૈયાર કરી સરકારને સોંપ્યો. 1930માં ભોળાદ પાસે ભોગાવો નદીના ખારાપટમાં મીઠાનો સત્યાગ્રહ. છ મહિના કારાવાસ. મુક્તિ પછી શિક્ષણક્ષેત્રમાં જોડાયા. અમદાવાદ લા. દ. વિનયન કૉલેજ, તથા મુંબઈ ભારતીય વિદ્યાભવનમાં અધ્યાપન. અવસાન : 21 ઑગસ્ટ, 1955માં હૃદયરોગથી–મુંબઈ.

## પાઠક, લક્ષ્મીશંકર નાગરદાસ

જન્મ : 1899. પોરબંદર.

1930-32માં વિરમગામની મીઠાની લડતમાં ભાગ લીધો. પોલીસોનો અમાનુષી ત્રાસ. ધરાસણા સત્યાગ્રહમાં. પોલીસોનો અત્યાચાર. મીઠાની ખાઈમાં ઝબોળ્યા. મોઢામાં મીઠાના ડૂચા ભર્યા. ધરપકડ. એક વર્ષની સજા. 1942ની લડત વખતે પોરબંદરમાં આગેવાની લેતાં પકડાયા. પાંચ માસની જેલ.
અવસાન : 4 ઑગસ્ટ, 1947.

## પાઠક, શિવશંકર છગનલાલ

શહેરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન શહેરા ગામમાં સરઘસ કાઢી, 'ઇન્કિલાબ ઝિંદાબાદ', 'અંગ્રેજો ચાલ્યા જાવ' વગેરે સૂત્રોચ્ચાર. ધરપકડ. ગોધરાની સબજેલમાં કાચા કામના કેદી તરીકે રહ્યા બાદ સમાધાન કરીને છૂટ્યા.

## પાઠક, શિવશંકર મૂળજીભાઈ

જન્મ : 1910 આશરે. શહેરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન શહેરામાં સરઘસ કાઢી, સરકાર વિરોધી સૂત્રો પોકારવા માટે ધરપકડ. ગોધરાની જેલમાં કાચા

કામના કેદી. સમાધાન કરીને મુક્તિ. આજીવન ખાદીધારી. કૉંગ્રેસના સહકારી કાર્યકર.
અવસાન : 1993. શહેરા, જિ. પંચમહાલ.

## પાઠક, સોમેશ્વર હરગોવિંદ

જન્મ : 1901. શહેરા, જિ. પંચમહાલ.

વ્યવસાય : કાપડના વેપારી. અભ્યાસ : ગુજરાતી 7 ધોરણ. ગાંધીજીની 1920માં અસહકારની ચળવળથી પ્રભાવિત. આજીવન ખાદીધારી. રેંટિયો કાંતતા. વિદેશી માલના બહિષ્કાર માટે પિકેટિંગ. વિદેશી કપડાંની હોળી. અસ્પૃશ્યતાનિવારણનાં કાર્યો. 1930-32ની ચળવળમાં શહેરામાં લોકજાગૃતિ, ખાદીપ્રચાર. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સભા-સરઘસોમાં ભાગ. આસપાસનાં ગામોમાં લડતનો પ્રચાર. શહેરાના વેપારીઓની હડતાળ પડાવી. ધરપકડ. ગોધરાની સબજેલમાં. તેમના સિવાય બાકીના શહેરાના વેપારીઓ માફી માગીને છૂટી ગયા. સોમેશ્વરભાઈએ માફી ન માગી અને ત્રણ માસની જેલ ભોગવી. કેટલાક સમય માટે સાબરમતી જેલમાં બદલી થઈ. જેલમાંથી છૂટ્યા ત્યારે શહેરાના લોકોએ રેલવેસ્ટેશને સ્વાગત કરી, સરઘસ કાઢી, સન્માન કર્યું.
અવસાન : 1978. શહેરા, જિ. પંચમહાલ.

## પાઠક, હરિપ્રસાદ મનસુખરામ

જન્મ : 6 ઑક્ટોબર, 1920. શહેરા, જિ. પંચમહાલ.

ગાંધીજીએ સૂચવેલ રચનાત્મક પ્રવૃત્તિઓ. ખાદી, અસ્પૃશ્યતાનિવારણ, હિન્દુ-મુસ્લિમ એકતા, રાષ્ટ્રીય શિક્ષણ, દારૂબંધી વગેરેનો શહેરા તાલુકાનાં વિવિધ ગામોમાં સભાઓ યોજીને પ્રચાર. વામનરાવ મુકાદમ, માણેકલાલ ગાંધી, મારુતિસિંહ ઠાકોર વગેરે જિલ્લાના આગેવાનો સાથે ગામડાંઓમાં ફરીને લોકજાગૃતિ. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ગુપ્ત પત્રિકાઓ વહેંચવી, સભા-સરઘસો યોજવાં, લડતનો પ્રચાર, ભૂગર્ભપ્રવૃત્તિ. ધરપકડ, જેલવાસ. સ્વતંત્રતા બાદ સહકારી પ્રવૃત્તિ. શહેરા તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી. પિતાની ધીરધારના વ્યવસાયની ઉઘરાણી જતી કરી. દૈનિક અખબારો 'મુંબઈ સમાચાર', 'જન્મભૂમિ', 'જનશક્તિ', 'સંદેશ' વગેરેના ખબરપત્રી. સાદગીથી જીવ્યા. 1948માં શહેરામાં લાગેલી આગ વખતે રાહતકાર્યો કર્યાં.
અવસાન : 18 જુલાઈ, 1974. ગોધરા, જિ. પંચમહાલ.

## પાણેરી, નરભેશંકર નાનજીભાઈ

જન્મ : 9 ડિસેમ્બર, 1913. રઘુનાથપુરા, જિ. અમરેલી.

1930માં 17 વર્ષની વયે સત્યાગ્રહમાં ભાગ લીધો. મુંબઈમાં સરઘસમાં લાઠીમારથી ઘાયલ. પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતાં ધરપકડ. એક મહિનાની જેલ. તે પછી અમરેલી, ધારી, ચલાળા અને જેતપુરમાં પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. 1938-39 : રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. લીંબડી સત્યાગ્રહમાં ભાગ લીધો. વડોદરા રાજ્ય પ્રજામંડળની મહાસમિતિ અને અમરેલી જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રી. પ્રજાસમાજવાદી કાર્યકર. 1942ની ચળવળમાં ભૂગર્ભપ્રવૃત્તિ, ભાંગફોડ, અમરેલીમાં ધરપકડ. ત્રણ માસની સજા. ત્યાર બાદ ફરી ધરપકડ અને હિન્દ સંરક્ષણ ધારા હેઠળ અગિયાર માસની અટકાયત. સૌરાષ્ટ્ર વેચાણવેરાની લડતના આગેવાન. 1956 : મહાગુજરાત આંદોલનમાં આગેવાન. કચ્છ સત્યાગ્રહમાં ધરપકડ. 1962 : ગુજરાત વિધાનસભાના સભ્ય. 1975 : કટોકટી દરમિયાન સાત માસ અટકાયત.

## પાનવાળા, જેકિશનદાસ

## જગજીવનરામ

જન્મ : 1909. રાંદેર, જિ. સૂરત.

સૂરતની રાષ્ટ્રીય શાળામાં અભ્યાસ. મુંબઈ યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટ. 1930-32ની ચળવળમાં સૂરત શહેર અને ચોર્યાસી તાલુકામાં લડતનો પ્રચાર. 1932માં બે વર્ષની જેલ તથા રૂ. 500/-નો દંડ થયો. દંડ વસૂલ કરવા એમને ઘેર જપ્તી.

## પાનાચંદ ત્રિભોવનભાઈ

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રા રાજ્યના જુલમો સામે માથું ઊંચકનાર આગેવાન. રાજ્ય તરફથી અટકાયત અને જેલવાસ. તા. 26-9-1931ના રોજ હદપાર. લડતને સક્રિય ટેકો.

## પારેખ, અજવાળીબહેન મોહનલાલ

ભાવનગર.

1930 : સત્યાગ્રહ. ઘાટકોપર કાચા કારાગૃહમાં બે વાર કારાવાસ. 1932 : પુનઃ સાસુ મણિબહેન તથા પોતે કારાવાસમાં. ધ્વજવંદન. યરવડા જેલમાં છ મહિના કારાવાસ.

## પારેખ, અનંતરાય હરખચંદ

જન્મ : 1926. વતન : જૂનાગઢ.

અભ્યાસ : ધોરણ આઠ સુધી. 1942ની 'હિન્દ છોડો' લડતમાં મુંબઈમાં સખત માર ખાધો. જૂનાગઢના પાકિસ્તાન સાથે જોડાવાના ઇરાદાથી હિજરત કરી. માલ-મિલકતનું નુકસાન થયું. આરઝી હકૂમતની લડતમાં સક્રિય.

## પારેખ, અમૃતલાલ

તળાજા, જિ. ભાવનગર.

પાંચતલાવડામાં ગ્રામસેવક. લીલિયા ખેડૂત સત્યાગ્રહના અગ્રણી. ભાવનગર રાજ્યે હદપાર કર્યા. હુકમભંગ. ફરીથી હદપાર. 1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ. જેલવાસ. ગ્રામસેવક.

## પારેખ, કરસનદાસ રણછોડદાસ

મોરી, બારડોલી, જિ. સૂરત.

બારડોલી આશ્રમ. કાંતણપીંજણ ઉદ્યોગ. મુંબઈમાં વધુ અભ્યાસ. રંગૂનગમન. હીરાના વેપારમાં પ્રગતિ. 1939માં મલાયા. 1943માં આઝાદ હિન્દ ફોજમાં વિત્તનિર્દેશક. નેતાજી સુભાષ બોઝને ભેટ મળતા ઝવેરાતની વ્યવસ્થા. ગુપ્તચર્યા. સિંગાપુરમાં અટકાયત.

## પારેખ, કાંતિલાલ ભવાનભાઈ

જૂનાગઢ.

જૂનાગઢની પ્રજામંડળની લડત વખતે આગેવાનીભર્યો ભાગ લીધો. ડૉ. ખંઢેરિયાના ખૂનનો વિરોધ કરવા જૂનાગઢમાં અભૂતપૂર્વ સરઘસ. તેમાં મોખરે રહ્યા. ત્યાંથી તેમની ધરપકડ. તેમના સહિત આઠ નેતાઓને જેલમાં પૂરવામાં આવ્યા. જેલમાં અમાનુષી અત્યાચારો વેઠ્યા. આખરે છૂટ્યા.

## પારેખ, કાંતિલાલ મૂળચંદ

અમદાવાદથી પચાસેક સત્યાગ્રહીઓની એક ટુકડી વિરમગામ જવા રવાના થઈ. વઢવાણ કૅમ્પથી મીઠાની થેલીઓ લઈ વિરમગામ સ્ટેશને સત્યાગ્રહીઓ ઊતરવા લાગ્યા. 12 એપ્રિલ, 1930ના રોજ આવેલ ટુકડી ઉપર પોલીસો વરુની જેમ તૂટી પડ્યા. કેટલાયને ઘાયલ કર્યા. તેમાં તેમને ઈજાઓ થઈ.

## પારેખ, કુંવરજીભાઈ ખેતસીભાઈ

જન્મ : 8 ડિસેમ્બર, 1903. મોરબી.

અભ્યાસ : મૅટ્રિક. મોરબી સત્યાગ્રહમાં સક્રિય. મોરબી રાજ્યે હદપાર કરેલ. 1930માં વિલાયતી કાપડના બહિષ્કારની લડતમાં. મોરબીમાં ફૂલચંદભાઈ તથા શિવાનંદજી સાથે

સત્યાગ્રહ ટુકડીમાં. હદપારીની સજા. મોરબીમાં રચનાત્મક કાર્યકર.

## પારેખ, ગિરધરભાઈ

મોટી પાનેલી, તા. ગોંડળ, જિ. રાજકોટ.

1930-31ની મીઠાની લડતમાં. અટકાયત. જેલવાસ. મીંગલપુર ગામે થાણું નાખીને લોકજાગૃતિનું કાર્ય. ફરી જેલવાસ. ધ્રાંગધ્રાની લડતમાં ભાગ. ત્રણ માસ મીઠાના ગોડાઉનમાં પૂરી રાખ્યા અને ત્રાસ. નિવૃત્ત જીવન મુંબઈમાં.

## પારેખ, ગિરધરલાલ ત્રિભોવનદાસ

જન્મ : 19 ફેબ્રુઆરી, 1916. સાવરકુંડલા, જિ. ભાવનગર.

1930-31 દરમિયાન ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લીધો. સાબરમતી જેલ અને યરવડા જેલમાં આઠ માસની સજા ભોગવી. પેન્શન તેમજ તામ્રપત્ર.
અવસાન : 1 સપ્ટેમ્બર, 1981.

## પારેખ, ગોવિંદજી ડાહ્યાભાઈ

જેતપુર, જિ. રાજકોટ.

અભ્યાસ : ધોરણ 6. 1930ની લડતમાં રાજકોટ એજન્સી વિસ્તારમાં વિલાયતી કાપડ પર પિકેટિંગ. બે માસની જેલની સજા.
અવસાન : 23 નવેમ્બર, 1976.

## પારેખ, છોટાલાલ ખોડીદાસ

જન્મ : 16 સપ્ટેમ્બર, 1922. રાજકોટ.

વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં. 1942માં ‘હિન્દ છોડો’ ચળવળમાં ભાગ. ડિફેન્સ ઑવ્ ઇન્ડિયા રૂલ નીચે ધરપકડ. ચાર માસની સજા. પેન્શન મળે છે.

## પારેખ, છોટાલાલ વ્રજલાલભાઈ

અમરેલી.

1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે અમરેલીમાં વિદ્યાર્થીઓની ભાંગફોડની પ્રવૃત્તિમાં. શાળાને આગ ચાંપવાના આરોપસર ધરપકડ. અટકાયત અને મુક્તિ.

## પારેખ, છોટાલાલ હરિલાલ

રંગૂન.

રંગૂનના એક ગર્ભશ્રીમંત વેપારીના દીકરા હતા. ગાંધીજીના સત્યાગ્રહનો સાદ સુણી રાષ્ટ્રની સેવા કરવા ગુજરાતમાં દોડી આવ્યા. 6 એપ્રિલ, 1930ના દિવસે વઢવાણ કૅમ્પની છાવણીમાં ભેગા થયા. તેમને દસ સ્વયંસેવકોની એક ટુકડીના નાયક નીમ્યા. હાથમાં રાષ્ટ્રધ્વજ રાખીને વઢવાણ કૅમ્પની બજારોમાં ફર્યા. ટ્રેનમાં વિરમગામ જવા પ્રયાણ. આખે રસ્તે રાષ્ટ્રગીતો ગાયાં. પાસે બિનજકાતી મીઠાની થેલીઓ રાખી. ‘ઇન્કિલાબ ઝિંદાબાદ’, ‘નોકરશાહી.... હો બરબાદ’નાં સૂત્રો પોકાર્યાં. વિરમગામ સ્ટેશને બધાની ધરપકડ થઈ.

## પારેખ, જયંતિ નથ્થુભાઈ

જન્મ : 1912. અમદાવાદ.

સત્યાગ્રહ આશ્રમ(સાબરમતી)ની શાળાના વિદ્યાર્થી. વય : 18.
દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી સાથે 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. તે પછી મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## પારેખ, દેવચંદભાઈ (દેવચંદબાપા) ઉત્તમચંદ

જન્મ : 1871. જેતપુર. નિવાસ : ભાવનગર.

અભ્યાસ : બૅરિસ્ટર (લંડન). બૅરિસ્ટર થવા લંડન ગયા ત્યારે ગાંધીજી પણ ત્યાં જ અભ્યાસ કરતા હતા. અસહકારની (દેશમાં) લડત થતાં વકીલાત છોડી. ગાંધીજીના આદેશ મુજબ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જોડાયા. ફૂલચંદભાઈના પરિચયમાં. પિકેટિંગની પ્રવૃત્તિ. પરદેશી કાપડનો બહિષ્કાર ભાવનગરમાં. કાઠિયાવાડ

રાજકીય પરિષદમાં મંત્રીપદે. રાજકોટ, વઢવાણ, પોરબંદર, મોરબીમાં ભરાયેલ કાઠિયાવાડ રાજકીય પરિષદના અધિવેશનોનું સફળતાપૂર્વક આયોજન. ખાખરેચી, મોરબી, ધ્રોળ, ધ્રાંગધ્રા લડતોના સેનાપતિ ફૂલચંદભાઈને માર્ગદર્શન આપ્યું. કુશળ વિષ્ટિકાર. જેલવાસી થયા ન હતા, પણ તેમણે દેશની સ્વતંત્રતા કાજે અમીરી છોડી, બૅરિસ્ટરીને તિલાંજલિ આપી અને ગાંધીવાદી બન્યા.

## પારેખ, નગીનદાસ નારણદાસ

જન્મ : 30 ઑગસ્ટ, 1903. વલસાડ. નિવાસ : અમદાવાદ.

અસહકારના આંદોલનમાં સરકારી કૉલેજનો ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાઈ ભાષાવિશારદ થઈ ત્યાં અધ્યાપક. 1930માં દાંડીકૂચ વખતે કઠલાલ તાલુકાનાં ગામોમાં ફરીને લોકોને લડત માટે તૈયાર કર્યા. લસુંદ્રામાં મીઠાનો સત્યાગ્રહ, ધરપકડ, નવ માસની જેલ. 1931-32માં કપડવંજમાં પ્રવેશબંધીના હુકમનો ભંગ. નવ માસની જેલ. 1933માં ભાદરણમાં સત્યાગ્રહ પત્રિકાનું સંચાલન કરતાં પકડાયા ને એક વર્ષની સજા. લેખક. અધ્યાપક. બંગાળીમાંથી ગુજરાતીમાં અનુવાદક. બાઇબલનો ગુજરાતીમાં અનુવાદ કર્યો. 'બુદ્ધિપ્રકાશ'ના દશ વર્ષ સંપાદક.

અવસાન : જાન્યુઆરી, 1993.

## પારેખ, નાથાલાલ ગિરધરલાલ

જન્મ : 25 જૂન, 1904. વલસાડ.

બી.એ. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ લીધો. ધરપકડ. અટકાયત. સાબરમતી જેલમાં. ચળવળમાં નાણાકીય સહાય. 1943માં મુક્તિ. વલસાડમાં જાહેર કાર્યકર.

## પારેખ, નાનાલાલ ખીમચંદ

જન્મ : 1915. તળાજા, જિ. ભાવનગર.

અભ્યાસ : સ્નાતક, ગૂજરાત વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ. 1930ના મીઠાના સત્યાગ્રહમાં જોડાયા. વિરમગામ છાવણીમાં પ્રચાર. કાયદાભંગ બદલ ધરપકડ અને સાબરમતી અને યરવડામાં છ માસ જેલવાસ.

## પારેખ, પુરુષોત્તમ પૂનમચંદ

જન્મ : 19 નવેમ્બર, 1907. વડતાલ, ખેડા.

અભ્યાસ : પ્રાથમિક શાળાંત, ધોરણ 4 અંગ્રેજી. 1930માં પ્રભાતફેરીમાં સક્રિય. સાહિત્યપ્રકાશન. દલિતોદ્ધારનું સાહિત્ય. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ. દસક્રોઈ. છ મહિના કારાવાસ. 1942 : લોકક્રાંતિ. ક્રાંતિસાહિત્યનું પ્રકાશન કર્યું.. અમદાવાદ અને મુંબઈમાં ચળવળનું સાહિત્ય વહેંચ્યું.

## પારેખ, પ્રભુદાસ મફતલાલ

જન્મ : 28 એપ્રિલ, 1923. ભાવનગર.

1942માં 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ચાર માસ આંબલા અને બુધેલામાં અટકાયતમાં રાખવામાં આવ્યા.

## પારેખ, બાબુભાઈ જમનાદાસ

વતન : નાની દમણ.

1930માં વાનરસેનામાં જોડાયા. ધરાસણામાં ઘાયલ થયેલાઓને સ્ટ્રેચર પર લઈ જવાની સેવા કરી. તે કામ કરતાં પોલીસનો માર ખાધો. સરોજિની નાયડુ સાથે ધરાસણામાં મીઠાના અગરો પર હલ્લો. માર ખાધો. વલસાડમાં પત્રિકાનું કામ કરતાં જેલ થઈ. દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરતાં દોઢ માસની સજા. 50 રૂ.નો દંડ વસૂલ કરવા જપ્તી આવી. વલસાડમાં સરઘસમાં જોડાતાં પકડાયા, માર ખાધો, બે મહિનાની સજા. 1942માં મુંબઈમાં ઠાકોરદ્વાર આગળ અશ્રુવાયુથી બેભાન. કુલ નવ મહિનાની સજા ભોગવી.

## પારેખ, ભગુબહેન

1932માં બીજા તબક્કાની લડત વખતે વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. વિરમગામ સત્યાગ્રહ કરવા જતાં પોલીસોના દંડાઓના પ્રહારો ઝીલ્યા અને પકડાઈને જેલની સજા ભોગવી.

## પારેખ, ભાગીરથીબહેન માણેકલાલ

જન્મ : 1908. વતન : ભાવનગર.

1930-31માં વિરમગામની મીઠાની લડતમાં ભાગ લેતાં પકડાયાં. બે માસ જેલવાસ ભોગવ્યો. 1932ની વિરમગામની બીજી વખતની લડતમાં પકડાયાં. અઢાર માસની સજા સાબરમતી તેમજ યરવડા જેલમાં ભોગવી. રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લઈ યાતનાઓ વેઠી.

અવસાન : 18 જાન્યુઆરી, 1981.

## પારેખ, ભીમજીભાઈ હરજીવનભાઈ

લીંબડી.

અમૃતલાલ શેઠના સાથીદાર. 'સૌરાષ્ટ્ર' ઉપર પ્રતિબંધ આવતાં 'રોશની' સાપ્તાહિક શરૂ કર્યું. 1931-32ના મીઠા-સત્યાગ્રહ વખતે ધોલેરાની લડતમાં ભાગ લીધો. બે વાર જેલવાસ ભોગવ્યો.

## પારેખ, ભોગીલાલ રણછોડદાસ

વતન : વઢવાણ.

ફૂલચંદભાઈ સાથે રાષ્ટ્રીય શાળામાં જોડાયા. વઢવાણ પ્રજામંડળની લડતમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો.

## પારેખ, મણિલાલ કાશીરામ

નિણમ, આમોદ, ભરૂચ.

1930માં ધરાસણામાં મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. કારેલીમાં ભાષણ. 4 મહિના કારાવાસ. 1942-43 : ભાંગફોડમાં સક્રિય. છ મહિના કારાવાસ. મુક્તિ પછી પ્રવૃત્તિ યથાવત. પુનઃ કારાવાસ. માર ખાધો.

## પારેખ, મથુરાદાસ ગોવિંદજી

જન્મ : 1917. માણેકબાગ, અમદાવાદ.

વ્યવસાય : પ્રાધ્યાપક. 1942ની ચળવળ દરમિયાન ઉત્તરપ્રદેશમાં રાજનારાયણની સાથે રેલના પાટા ઉખાડવા, ટ્રેનો રોકવી, ગ્રામજનોને મહેસૂલ કે 'લાગા' ન ભરવાનો પ્રચાર. પોલીસચોકીઓ પર હુમલા-ભાંગફોડની પ્રવૃત્તિ. જયપ્રકાશ નારાયણના સૂચનથી પોતાના વતન પોરબંદર જઈને આઝાદીની લડતમાં ભાગ લીધો. સાડા ચાર માસ એકાંત જેલવાસ રાણાવાવગઢમાં. અમદાવાદ, ગુજરાત યુનિવર્સિટીમાં રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક.

અવસાન થયેલ છે.

## પારેખ, માણેકલાલ ખીમચંદ

જન્મ : 29 માર્ચ, 1904. તળાજા, ભાવનગર.

1923 : ગઢડા આશ્રમ. ખાદીપ્રચાર. રચનાત્મક પ્રવૃત્તિ. 1928માં બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930માં ધરાસણામાં મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. વઢવાણ છાવણીના નાયક. વિરમગામ, બારડોલી અને ભાવનગર સત્યાગ્રહ. છ માસ કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. અઢી વર્ષ કારાવાસ. કાઠિયાવાડ રાજકીય પરિષદમાં સક્રિય. ભારતોદય મંડળના રચનાત્મક કાર્યકર.

## પારેખ, મુગટલાલ

જૂનાગઢ.

જૂનાગઢની પ્રજામંડળની લડતમાં ભાગ લીધો. જૂનાગઢ પાકિસ્તાન સાથે જોડાયું ત્યારે હદપાર કરવામાં આવ્યા. આરઝી હકૂમતમાં ભાગ લીધો.

## પારેખ, મોહનલાલ

ભાવનગર. નિવાસ : મુંબઈ.

1930-32ની ચળવળમાં ભાગ લીધો. મુંબઈમાં દારૂની દુકાનો, વિદેશી માલની દુકાનો પર પિકેટિંગ. 1 વર્ષનો કારાવાસ.

## પારેખ, મોહનલાલ મગનલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં તેમની ધરપકડ કરવામાં આવી. ટૂંકો જેલવાસ ભોગવ્યા પછી તેમને મુક્ત કરવામાં આવ્યા.

## પારેખ, શાંતિલાલ જમનાદાસ

રાંદેર, સૂરત.

1942ની લોકક્રાંતિમાં. અભ્યાસત્યાગ. સરઘસમાં પત્રિકાવિતરણ. છ મહિના કઠોર કારાવાસ. મુક્તિ પછી દેશસેવામાં.

## પારેખ, શાંતિલાલ વનરાવનદાસ

અમરેલી.

અભ્યાસ છોડી 1930માં ધોલેરા, રાણપુરની મીઠાની લડતમાં સ્વયંસેવક તરીકે જોડાયા. પોલીસના જુલમો સહન કર્યા. ત્રણ માસની જેલની સજા ભોગવી.

## પારેખ, સૂરજલાલ હરકિશનદાસ

જન્મ : 3 જાન્યુઆરી, 1905. વલસાડ.

1921માં સરકારમાન્ય શાળાનો ત્યાગ. અસહકારમાં સક્રિય. 1928માં દાક્તર થયા. મુંબઈ. 1930 : મીઠા-સત્યાગ્રહ. વલસાડ સમિતિના સરમુખત્યાર. 1930, 15 જૂને 2 વર્ષ કારાવાસ. રૂ. 600 દંડ ફટકારાયો. ગાંધી-ઇર્વિન કરાર હેઠળ માર્ચ, 1931માં મુક્તિ. 1939 : નગરપાલિકાના સભ્ય. વ્યવસાય : દાક્તર.

## પારેખ, હસમુખલાલ નારણદાસ

વતન : વલસાડ.

નગીનદાસ પારેખના નાના ભાઈ. 1930ની લડતમાં ધરપકડ વહોરી. 1932માં ફરી પકડાયા. એક વર્ષની સજા થઈ. 1942ની લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. વિસાપુરના જેલવાસ દરમિયાન ઘણા દેશસેવકોના સહવાસનો લાભ મળ્યો.

## પાર્વતીબહેન ભગવાનદાસ

સૂરત.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડ વેચતી દુકાનો પર સઘન પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

## પાલ, ત્રિભોવનદાસ

ભરૂચ.

15-1-1933 : પીપળાવ, જિ. ખેડામાં ગુજરાતના સરમુખત્યારોની પરિષદ. તેમાં ઉપસ્થિત. લાઠીમાર. બે વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ. મદ્યનિષેધપ્રચારક.

## પાલવાળા, ખુશાલભાઈ વનમાળીભાઈ

પાલ, જિ. સૂરત.

રાંદેરની પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક. જલિયાંવાલા બાગના હત્યાકાંડથી (એપ્રિલ, 1919) દ્રવિત થઈ રાજીનામું. પછી સૂરતના પાટીદાર આશ્રમમાં રહ્યા. સૂરતમાં શાહપુરમાં અને બારડોલી તાલુકાના વાંકાનેર ગામે રાષ્ટ્રીય શાળામાં શિક્ષક. પિકેટિંગ, સ્વદેશીનો પ્રચાર. ખાદીપ્રચારની પ્રવૃત્તિ. નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ડૉ. ઘિયાની આગેવાની હેઠળની ટુકડીમાં ગયા. ધરપકડ. એક વર્ષની કેદની સજા ભોગવી. તે પછી બૈતુલ અને સાગરની જેલમાં મોકલ્યા. આખરે શિક્ષક તરીકે નિવૃત્ત.

## પાલેજવાળા, ત્રિભોવનદાસ છગનલાલ

જન્મ : 9 ફેબ્રુઆરી, 1911. પાલેજ, જિ. ભરૂચ.

1930ની ચળવળમાં વિદેશી કાપડની દુકાનો સામે પિકેટિંગ તથા સરઘસોમાં જોડાઈ વારંવાર કાનૂનભંગ. સરઘસમાં બેસુમાર લાઠીમારથી બેભાન. વિસાપુરની જેલમાં શહીદ થયેલા સત્યાગ્રહી ભૂરાભાઈને ગોધરાની સભામાં અંજલિ આપતું ભાષણ કરવા માટે બે માસની સજા. પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવા માટે ત્રણ માસની સજા.

## પાંચાકાકા

જન્મ : 1876. ગામ : કરાડી, જિ. સૂરત.

1920માં અસહકારની ચળવળ અને 1928માં બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. જમીનનું મહેસૂલ ન ભર્યું, તેથી જમીન જપ્ત થઈ. અસ્પૃશ્યતાનિવારણ અને કાંતવાની રચનાત્મક પ્રવૃત્તિ કરતા. 1930માં થયેલી ચળવળ અને 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ગામ ઉપર સામુદાયિક દંડ નાખ્યો, તે ન ભર્યો.

અવસાન : 1951.

## પિટિટ, મીઠુબહેન હોરમસજી

જન્મ : 11 એપ્રિલ, 1892, મુંબઈ.

અભ્યાસ : સિનિયર કેમ્બ્રિજ. 1915 : ગાંધીજીનો સંપર્ક. ખાદીવિભાગમાં મંત્રી. મુંબઈ સ્ત્રીસભા. દેશભ્રમણ. 1923 : બોરસદ ના-કર સત્યાગ્રહ. છાવણીમાં 6 મહિના વાસ. 1928 : મહિલાઓમાં પ્રચાર. બારડોલીમાં ઉત્તરાધિકાર છીનવાયો. 1930 : મીઠા-સત્યાગ્રહ સમયે સૂરતમાં કસ્તૂરબાનાં સહકાર્યકર. દારૂનાં પીઠાં ઉપર બહેનોનું પિકેટિંગ સૂરત શહેર અને જિલ્લાનાં ગામોમાં ગોઠવાતાં. બહેનોની સૂરત છાવણીનાં સંચાલિકા. મરોલી કસ્તૂરબા સેવાશ્રમની સ્થાપના. 1931માં સવિનય ભંગ આંદોલન. 4 મહિના કારાવાસ. પાંડુરોગનો ભોગ. સત્યાગ્રહીઓ માટે આરોગ્યકેન્દ્ર. 1942 : ઘવાયેલા સત્યાગ્રહીઓ માટે દવાઓ, અનાજ વગેરે વસ્તુઓ પહોંચાડતાં. મરોલી ક્ષેત્રમાં કન્યાશાળા, છાત્રાલય, આરોગ્યકેન્દ્ર, બાળકેન્દ્ર, દાઈકેન્દ્ર અને ઉદ્યોગકેન્દ્રની સ્થાપના અને સંચાલન.

અવસાન થયેલ છે.

## પીઠડિયા, છગનલાલ કચરાભાઈ

ધોળા, જામનગર.

1930માં ધોળામાં પરદેશી માલના બહિષ્કારમાં પ્રવૃત્ત. મોરબી ખાદી સત્યાગ્રહ. એક મહિનો કારાવાસ. ધ્રાંગધ્રા પોલીસનો માર. 1942-43 સુધી વિવિધ લડતોમાં સક્રિય.

પુનિયાભાઈ મદારભાઈ

બારા બૂટવાડા, તા. મહુવા.

1942ની ચળવળમાં દારૂ-તાડીના વિરોધમાં ચળવળ. ધરપકડ. કારાવાસ.

## પુરાણિક, ગજાનન સદાશિવ

વડોદરા.

1942માં અભ્યાસકાળથી જ સ્વાતંત્ર્ય-આંદોલનમાં સક્રિય. સભા-સરઘસ. પિકેટિંગ. અડાસ હત્યાકાંડમાં સંડોવણી. પોલીસનો અત્યાચાર. અંતે મુક્તિ. સમાજસેવામાં પ્રવૃત્ત.

## પુરાણી, અંબાલાલ બાલકૃષ્ણ

જન્મ : 26 મે, 1894. સૂરત.

વડીલ બંધુ છોટુભાઈ પુરાણી. ગુજરાતમાં વ્યાયામપ્રવૃત્તિનો વ્યાપક પ્રચાર. રાષ્ટ્રભાવનાની પ્રેરણાનો વિકાસ. ગાંધીજી પૂર્વે શ્રી અરવિંદની ક્રાંતિની ભાવનાના સૈનિક. સશસ્ત્ર ક્રાંતિ માટે તૈયારી. ગાંધીજીનો પ્રભાવ. છોટુભાઈ અસહકાર આદિમાં પ્રવૃત્ત. અંબુભાઈ શ્રી અરવિંદની યોગસાધનામાં પ્રવૃત્ત. 23 વર્ષ પછી 1947માં ગુજરાતમાં આગમન.

પરદેશોમાં યોગપ્રચાર. શ્રી અરવિંદના ગ્રંથોનો અનુવાદ. લેખન.
અવસાન : 11 ડિસેમ્બર, 1965.

## પુરાણી, ઇન્દ્રવદન જેઠાલાલ

જન્મ : 1920. દેવગઢબારિયા, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન એલ.સી.પી.એસ.નો અભ્યાસ છોડ્યો. હડતાળ. દેવગઢબારિયા જઈ રાજ્યના અમલદારો વિરુદ્ધ ગુપ્ત પત્રિકાઓ પ્રગટ કરી. ભૂગર્ભપ્રવૃત્તિ. અમદાવાદના અજિતભાઈ પટેલના માર્ગદર્શન મુજબ દારૂગોળાના બૉમ્બ બનાવ્યા. સંતરામપુર પાસે પાનમ નદીનો પુલ ઉડાવી દેવા બૉમ્બ મૂક્યા. ધડાકા. પુલને નુકસાન. અમદાવાદમાં શંકા પરથી ધરપકડ. જેલવાસ. પુરાવાના અભાવે મુક્તિ.
વડોદરામાં ડૉક્ટરની પ્રૅક્ટિસ.

## પુરાણી, કનુભાઈ છોટુભાઈ

જન્મ : 18 ઑગસ્ટ, 1908. નડિયાદ, જિ. ખેડા.

1928માં બારડોલી સત્યાગ્રહમાં ભાગ લેવા બારડોલી જઈ ગોલબા છાવણીમાં રહ્યા. 1930-32ની ચળવળમાં જંબુસર તાલુકામાં ના-કરની લડતમાં ભાગ લીધો. 1942માં 'હિન્દ છોડો' ચળવળમાં મુંબઈ તથા અમદાવાદમાં ભૂગર્ભપ્રવૃત્તિ. 1943માં ઇંદોરથી ધરપકડ. બીજા ક્રાંતિકારીઓ વિશે માહિતી મેળવવા ખૂબ ત્રાસ. શિક્ષક બન્યા.

## પુરાણી, ગંગાશંકર ન.

કાલોલ, જિ. પંચમહાલ.

ધંધો : વેપાર. પંચમહાલ જિલ્લા સમિતિની કાલોલમાંની ઑફિસ સરકારે ગેરકાયદે જાહેર કરી, જપ્ત કરી. તેનો પુનઃ કબજો લેવા 22 ઑગસ્ટ, 1932ના રોજ ગયેલા. કાલોલના ગંગાશંકર, રુદ્રપ્રસાદ જે. દેસાઈ તથા છ સાથીઓની ધરપકડ. ચાર માસની કેદની સજા.

## પુરાણી, ચંચળબહેન

ભરૂચ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાયાં. તેમણે ભરૂચ અને આસપાસનાં ગામોમાં દારૂતાડીનાં પીઠાં તથા પરદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગમાં સક્રિય ભાગ લીધો હતો.

## પુરાણી, છોટુભાઈ બાલકૃષ્ણ

જન્મ : 13 જુલાઈ, 1885. ડાકોર, જિ. ખેડા.

1908માં લાહોરના વિપ્લવવાદીઓના સંગઠનમાં જોડાયા. ગાંધીજીથી પ્રભાવિત. 1930માં સત્યાગ્રહ કરી, જેલવાસ. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહ કરી કારાવાસ. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં ભૂગર્ભમાં. ગુપ્ત સંગઠન સાધી ભાંગફોડની પ્રવૃત્તિનું નેતૃત્વ. બૉમ્બ બનાવ્યા. શસ્ત્રો ભેગાં કર્યાં. ગુપ્ત ક્રાંતિકારીઓ સાથે પોલીસ થાણાં પર હુમલા કરી શસ્ત્રોની લૂંટ. 'રાજદ્રોહ' પત્રિકા ચલાવતા. ગુજરાતમાં વ્યાયામપ્રવૃત્તિનો પ્રચાર.
અવસાન : 22 ડિસેમ્બર, 1950.

## પુરુષોત્તમ

ઇટાદરા, માણસા (દેશી રાજ્ય), ઉ. ગુજરાત

ઇટાદરાના મુખી. 1938 : માણસા રાજ્યની ખેડૂત પરિષદે ના-કરની લડત જાહેર કરી, ત્યાર બાદ લોકોને ઉશ્કેરવાના આરોપસર તેમની ધરપકડ કરીને રાજ્યની સરકારે મુખીઓને અંકુશમાં રાખવાનો પ્રયાસ કર્યો.

## પુરુષોત્તમ કાનજી

અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. ચાર માસનો જેલવાસ ભોગવ્યો.

## પુરુષોત્તમદાસ જાદવજીભાઈ

જામજોધપુર.

જામનગર પ્રજામંડળની લડત વખતે ગામડામાં પ્રચાર કરતી વખતે રાજ્યરક્ષિત ગુંડાટોળીએ તેમને સખત માર મારીને ફેંકી દીધા. બીજી રીતે પણ તેમને ખૂબ સહન કરવું પડ્યું.

## પુરુષોત્તમભાઈ ભાણજીભાઈ

કુતિયાણા, જિ. જૂનાગઢ.

જૂનાગઢના નવાબી રાજ્યના જુલમો સામે લડ્યા. રાજ્ય-સરકાર તરફથી પેન્શન એનાયત કરવામાં આવેલ છે.

## પુરુષોત્તમભાઈ મોતીલાલ

ચૂડા, જિ. સુરેન્દ્રનગર.

1942ની લડતમાં ભાગ લીધો. નવ માસ જેલવાસ.

## પુરુષોત્તમ શિવાભાઈ

ભાદરણ, જિ. આણંદ. ઉંમર : 20 વર્ષ.

1930-32ની ચળવળ દરમિયાન રાસ મુકામે સરઘસની આગેવાની લેતાં 26 જૂન, 1932ના દિવસે ધરપકડ થઈ. તેમને 6 માસની સખત કેદ અને રૂ. 100/- દંડ અથવા દોઢ માસની વધારે કેદની સજા થઈ હતી. તેમણે સાબરમતી અને વિસાપુર જેલમાં સજા ભોગવી હતી.

## પુરુષોત્તમ શિવલાલ

જન્મ : 1907. નિવાસ : મુંબઈ.

ભરતગૂંથણના કારીગર. 1942ની 'હિન્દ છોડો' હિલચાલમાં ભાગ લેતાં ઑગસ્ટ 9, 1942ના દિવસે મુંબઈમાં થયેલા ગોળીબારમાં ઘવાયા અને તે જ દિવસે અવસાન પામ્યા.

## પુરુષોત્તમ સોમનાથ

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકા-પ્રવૃત્તિમાં સક્રિય ભાગ. શાહપુરની ગોઝારિયાની પોળે પત્રિકાઓ ચોડવા માટે જાન્યુઆરી, 1943માં ધરપકડ. છ માસની સખત કેદ અને રૂ. 250/- દંડ.

## પુરોહિત, અનુપરામ તુળજારામ

જન્મ : 22 જૂન, 1922, માંડવી, જિ. સૂરત.

મૅટ્રિક પાસ થઈ, સૂરત એમ.ટી.બી. કૉલેજમાં જોડાયા. 1942ની લડત શરૂ થતાં સિનિયર બી.એસસી.માંથી કૉલેજ છોડી, લડતમાં જોડાયા. વેડછી સ્વરાજ આશ્રમમાં જોડાઈ આદિવાસી ગામોમાં લડતનો પ્રચાર. ધરમપુર (તા. માંડવી) ગામેથી ધરપકડ. એક વર્ષની કેદની સજા. પછી આંબાપારડી આશ્રમમાં રહીને ખાદી-ગ્રામોદ્યોગની પ્રવૃત્તિ. લડત બાદ અભ્યાસ, વકીલ, સેશન્સ જજ.

## પુરોહિત, કનૈયાલાલ શંભુરામ

જન્મ : 1908. વતન : સૂરત.

માધ્યમિક શાળામાં ટિળકજયંતી ઊજવાઈ ત્યારથી રાજકારણમાં રસ. 1921માં ગાંધીજી મુંબઈથી કોલકાતા જતા હતા ત્યારે 13 વર્ષની ઉંમરે મળસકે પાંચ માઈલ ચાલીને ગાંધીજીના દર્શને ગયા હતા. ગાંધીજીના પાંચેક મિનિટના ભાષણની ખૂબ અસર. કૉંગ્રેસની સભ્યનોંધણી, ખાદીપ્રચાર, પિકેટિંગ અને પત્રિકાઓ વહેંચવાનું કામ કર્યું. 1925માં ઇંદોરની હોલકર કૉલેજમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિ ચાલુ રાખી. કાંતણમંડળ સ્થાપી તેના મહામંત્રી થયા. ખાદીપ્રચાર અને સભ્યનોંધણીનાં કામો નિયમિત કરતા. ફૈજપુરના કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક તરીકે સેવા આપી હતી. 1937ની પહેલી ચૂંટણીમાં કૉંગ્રેસ પક્ષ માટે કાર્ય.

## પુરોહિત, ગજાનન સાકરલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે તેમના મોટા ભાઈ ગુણવંતભાઈ પુરોહિત સાથે ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાંગફોડનાં કાર્યોમાં જોડાયા.

તેમની સાથે કેટલાંક સાહસિક કાર્યો કર્યાં. લાંબો સમય ભૂગર્ભવાસમાં રહ્યા. તેમને પેન્શન એનાયત થયેલ.

## પુરોહિત, ગુણવંતરાય સાકરલાલ

જન્મ : 23 ઑક્ટોબર, 1921. વતન : ભાવનગર.

પિકેટિંગમાં વિદ્યાર્થીકાળથી રસ. પ્રચારપત્રિકા, સરઘસ વગેરેમાં. 1938-39 : રાજકોટની લડતમાં સક્રિય. ધરપકડ. જેલ. જેલમાં ઉપવાસ. રેલવે કર્મચારી મંડળના સંગઠનના કાર્યમાં. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે ભૂગર્ભપ્રવૃત્તિમાં અગ્રેસર. લખતર-લીલાપુર, ભંકોડા, વિરમગામ, રેલવેના ટપાલના ડબા પર છાપા. સરકારી વાહનવ્યવહાર થંભાવી દેવા તાર-ટેલિફોનના તાર કાપવા. રેલવેના પાટા ઉખેડી નાખવા. પુલો ઉડાવી દેવાના કાર્યમાં સક્રિય. વૉરંટ. ધરપકડ. ઉમરાળા જેલમાંથી ભાગી છૂટ્યા. ત્યાર પછી વૉરંટ હોવા છતાં સરકાર કદી પકડી શકી નહિ. જૂનાગઢની આરઝી હકૂમત વખતે દળ સેનાપતિ. સ્વરાજ પછી અમરેલી જિલ્લાના બાબાપુર ગામે રચનાત્મક પ્રવૃત્તિઓ. શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરી અને સંચાલન. માથાભારે તત્વો સામે ઝઝૂમીને લોકોને ભયમુક્ત કર્યા. જિલ્લા પંચાયતના પ્રમુખ. ગ્રામોત્થાનનું તેમજ અન્યાયનિવારણનું કાર્ય.

## પુરોહિત, ઘનશ્યામભાઈ સાકરલાલ

જન્મ : 1920. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં અગ્રિમ ભાગ. લખતર-લીલાપુર ટ્રેનનો ટપાલનો ડબ્બો લૂંટવાનું ભારે સાહસભર્યું કાર્ય. રાજકીય ચળવળમાં ભાગ લેવા બદલ ભાવનગર રાજ્યની નોકરી છોડવી પડી. પેન્શન તેમજ તામ્રપત્ર એનાયત થયેલ છે.

## પુરોહિત, પદ્મકાન્ત સાકરલાલ

જન્મ : જૂન, 1929.

1942 : 'હિન્દ છોડો' લડતમાં નાની ઉંમરે ભાગ લીધો. 1944-45માં ભૂગર્ભપ્રવૃત્તિ. સત્યાગ્રહ. ગુણવતંરાય(મોટા ભાઈ)ની ટુકડીમાં જોડાયા. ખૂબ સહન કર્યું.

## પુરોહિત, બાબુભાઈ મગનલાલ

પોરબંદર.

1942ની લડતમાં ભાગ લેવાથી રાજ્યના અમાનુષી જુલમોના ભોગ બન્યા.

## પુરોહિત, મંગળાબહેન ઘનશ્યામભાઈ

જન્મ : 1922. વતન : ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ધરપકડ. ભાવનગરમાં બે માસનો જેલવાસ.

## પુરોહિત, વેણીદાસ જમનાદાસ

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ. ઘરની ઝડતી. કૉંગ્રેસપત્રિકા અને આઝાદ દીવાસળી વગેરે કાળુપુર, હાજાપટેલની પોળેથી મળ્યું. છ માસની સખત કેદ અને રૂ. 300 દંડ.

## પુરોહિત, શંકરલાલ ખુશાલદાસ

જન્મ : 16 જાન્યુઆરી, 1920. રૂદણ, ખેડા.

1930-32માં સવિનય કાનૂનભંગ લડત. વાનરસેના. પ્રભાતફેરી. લોકજાગૃતિ. 1939 : હરિજન આશ્રમમાં, સાબરમતીમાં ગ્રામસેવા શિક્ષણ. 1940 : મહેમદાવાદ ગ્રામસેવક. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. પત્રિકાવિતરણ. ગામોમાં ઔષધવિતરણ. ગ્રામજાગૃતિ. 30-10-1942 : મહેમદાવાદ ષડ્યંત્ર કાંડ. ધરપકડ. પોલીસમારથી ખાટલાવશ. 21-4-1943 : ન્યાયાલયે નિર્દોષ છોડ્યા; પણ તરત સંરક્ષણધારા હેઠળ સાબરમતી કારાગૃહમાં. 11

જૂન, 1943ના દિવસે મુક્તિ. 1947 : સેવાદળ તરફથી હિન્દુ-મુસલમાન અથડામણો ટાળવા કાર્ય કર્યું. નડિયાદ સુધરાઈના ઉપપ્રમુખ. યાત્રી મંડળમાં સેવા.

## પુરોહિત સૂરજરામ

રાજપીપળા.

રાજપીપળા દેશી રાજ્યના લોકોને થતા અન્યાયો તથા શોષણનો વિરોધ કરવા સ્થપાયેલ 'લોકસભા' નામની સંસ્થાના મુખ્ય આગેવાન, તેની સ્થાપના માટે પ્રેરણા આપનાર છોટુભાઈ પુરાણી હતા. તેઓ વેઠની પ્રથા, લાંચ-રુશવત, શોષણ વગેરે નાબૂદ કરવાની માગણી કરતા અને તે વાસ્તે લોકજાગૃતિનું કામ કરતા.

## પૂજાભાઈ ચૂંથાભાઈ જોરાભાઈ

દંતેલી, જિ. ખેડા.

1931-32માં દંતેલી ના-કર સત્યાગ્રહમાં જોડાયા. સભા-સરઘસોમાં સક્રિય. સ્વદેશી આંદોલન. પરદેશી માલ તથા દારૂના વેપાર સામે પિકેટિંગ. પત્રિકાવિતરણ. 12 મહિના કારાવાસ. મુક્તિ પછી રાષ્ટ્રસેવા ચાલુ. નોકરી.

## પૂનમભાઈ લલ્લુભાઈ

પણસોરા, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં ખેડા જિલ્લાની ટુકડીમાં ધરાસણાના મીઠાના અગરોમાંથી મીઠાની લૂંટ કરી કાનૂનભંગ કરવા વાસ્તે ગયા. ત્યાં સખત લાઠીમારનો ભોગ બન્યા અને કાંટાની વાડમાં ફેંકી દીધેલા.

## પૂનાબહેન બાબરભાઈ

આશી, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને પાંસળાં ઉપર ઈજા થઈ હતી.

## પેશાવરિયા, જમનાદાસ લક્ષ્મણભાઈ

રાજકોટ.

રાજકોટની લડતમાં ધરપકડ. છ માસની સખત કેદ તેમજ દંડ. બે માસ અને 14 દિવસની સજા ભોગવ્યા બાદ મુક્ત થયા.

## પોપટ, નરભેરામ નરસિંહદાસ

મુંબઈ. વતન : કચ્છ.

કચ્છી પ્રજાકીય પરિષદના મંત્રી અને મુંબઈમાં કચ્છી સમાજના આગેવાન. કૉંગ્રેસના કાર્યકર. 1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થતાં જ ધરપકડોના બીજા રાઉન્ડમાં તેમની ધરપકડ કરીને જેલમાં અટકાયતમાં રાખવામાં આવ્યા.

પોપટ (વૈદ્ય), નારણદાસ પીતાંબરદાસ

જન્મ : 27 જાન્યુઆરી, 1915. જોડિયા, જિ. જામનગર.

જામનગર રાજ્યના જુલમો સામેની લડતમાં સક્રિય. અટકાયત. ઘરવખરી અને ઘર જપ્ત કરીને વેચી નંખાયાં. છૂટ્યા બાદ રાજ્યે હદપાર કર્યા. રાજકોટ લડતમાં ભાગ. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે મુંબઈમાં ભાગ લીધો. ભૂગર્ભપ્રવૃત્તિ. દસ મહિના કેદ. 1952માં સૌરાષ્ટ્ર વિધાનસભામાં સભ્ય. જોડિયામાં સહકારી/પંચાયતની પ્રવૃત્તિમાં અગ્રણી. પેન્શન અને તામ્રપત્ર (ભારત સરકાર) એનાયત થયેલ છે.

## પોપટલાલ તારાચંદ

રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં પકડાયા. ધરપકડ થઈ. રાજકોટ સેન્ટ્રલ જેલમાં

ચાર મહિના જેલવાસ ભોગવ્યો.

## પ્રતાપ ગુણવંતરાય

અમદાવાદ.

1942ની ચળવળમાં છાપેલી પત્રિકાઓ ચોડવા અને રસ્તા પર ભોંયપત્રિકાઓ લખવા માટે 2981942ના રોજ ધરપકડ. ત્રણ માસની કેદ અને રૂ. 500/- દંડ.

## પ્રભુ, કલ્પનાબહેન કેશવ

જન્મ : જાન્યુઆરી, 1920. અમદાવાદ.

અભ્યાસ : મૅટ્રિક સુધી. કે. જી. પ્રભુનાં પત્ની. 1932માં સરઘસની આગેવાની લેતાં ધરપકડ. છ માસની જેલ. 1932માં રાષ્ટ્રધ્વજનું રક્ષણ કરતાં તેમનું સૌભાગ્યકંકણ તૂટી જતાં સરકારી મકાન ઉપર રાષ્ટ્રધ્વજ ફરકે ત્યારે જ કંકણ પહેરવાની પ્રતિજ્ઞા. 1933માં ના-કરની લડતમાં ભાગ લીધો. 15 ઑગસ્ટ, 1947ના દિવસે કંકણ ધારણ કર્યાં. સત્યાગ્રહ વખતે ગામડાંમાં ફરીને લોકજાગૃતિનું કાર્ય. 1942ની ચળવળમાં ભૂગર્ભપ્રવૃત્તિ. બૉમ્બ સાચવી રાખવા વગેરે.

## પ્રભુ, કેશવ ગોવિંદ

જન્મ : 1913 આશરે. અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં બૉમ્બપ્રવૃત્તિનું સંચાલન કરતા. સપ્ટેમ્બર, 1942માં પચાસેક યુવાનોની આઝાદીની લડતમાં ભાગ લેવા તથા માહિતી ગુપ્ત રાખવાની પ્રતિજ્ઞા પર લોહીથી સહીઓ કરાવી. કાર્યકરોને કોડનંબરો આપ્યા. ક્રાંતિકારોની ગુપ્ત સભા યોજી, આયોજન. રિવૉલ્વરો, કારતૂસો, દારૂગોળો, શેલ્સ વગેરે સાચવવા મકાનો ભાડે રાખેલાં. તેમની દેખરેખ અને સૂચના મુજબ સેંકડો બૉમ્બ બનાવવામાં આવ્યા હતા. ભૂગર્ભમાં. અમદાવાદમાં જુદા જુદા માણસોના ઘેર તથા વડોદરામાં એક મંદિરમાં ગુપ્ત રહી, 1943માં ધારવાડમાં ત્રણેક મહિના રહ્યા. અમદાવાદમાં લડત દરમિયાન 'પ્રભુદાસ' નામ રાખ્યું હતું. અવસાન થયેલ છે.

## પ્રભુદાસ ચુનીભાઈ

ભાદરણ, તા. બોરસદ. ઉંમર : 22 વર્ષ.

1930ની ચળવળ દરમિયાન કઠાણા મુકામે જાહેર સભામાં પ્રવચન કરતાં 1 સપ્ટેમ્બર, 1930ના રોજ ધરપકડ કરવામાં આવી. તેમને ચાર માસની કેદની સજા થઈ હતી. સાબરમતી તથા યરવડા જેલમાં સજા ભોગવી.

## પ્રભુલાલ શંકરલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં ગેરકાયદે પોસ્ટર્સ રાખવા બદલ સારંગપુરમાંથી 11-9-1942ના રોજ ધરપકડ કરી. હિન્દ સંરક્ષણ ધારા હેઠળ અટકાયત.

## પ્રમુખલાલ ગોરધનદાસ

અમદાવાદ.

1942ની લડતમાં કૉંગ્રેસપત્રિકા અને વાંધા ભર્યાં. પોસ્ટર્સ રાખવા માટે 11-9-1942ના રોજ ધરપકડ. હિન્દ સંરક્ષણ ધારા હેઠળ અટકાયત.

## પ્રાણજીવન ઉર્ફે કાલિદાસ પુરુષોત્તમ

જન્મ : 1918. અમદાવાદ.

મિલમાં નોકરી. 1942ની ચળવળમાં વીજળીનાં સબસ્ટેશનો બૉમ્બથી ઉડાવી દેવાના કાવતરામાં ભાગ લીધો. અનાથાશ્રમનાં સબસ્ટેશનમાં બૉમ્બ મૂક્યા. ધરપકડ. અટકાયત.

## પ્રાણજીવનદાસ

પાટડી, ઉત્તર ગુજરાત.

પાટડીના આગેવાન. 1930ના વિરમગામ

સત્યાગ્રહમાં ભાગ લીધો. 23 મે, 1930ની રાત્રે પાટડીમાં ગંજાવર જાહેર સભા થઈ. તેમાં પ્રાણજીવનદાસે લડત માટે પ્રોત્સાહન આપ્યું. 24 મે વહેલી સવારે પ્રાણજીવનદાસે શૂરા 75 સૈનિકો સાથે પ્રયાણ કર્યું. પાટડીથી 5 માઈલ (આશરે 8 કિમી.) દૂર જૂના ખારાઘોડામાં મીઠાના અગરો પાસે પહોંચી ગયા. સત્યાગ્રહીઓએ મીઠું પોતાની થેલીઓમાં ભરી લીધું. તે લઈ પાટડી જતા હતા એટલામાં પોલીસોએ તેઓના ઉપર લાઠીઓનો વરસાદ વરસાવ્યો. નિર્દય લાઠીમાર થયો. અનેકનાં માથાં ફૂટ્યાં. પ્રાણજીવનદાસને લાકડી, કુંદા, ધક્કા, લાતો માર્યાં. મીઠું હાથમાંથી છૂટી ગયું. અસહ્ય વેદના, નિર્દય મારથી પડી ગયા. તેમને ગાડામાં પાટડી લઈ ગયા. પંદરસોળ લાકડી પડી હશે. આસિસ્ટન્ટ સૉલ્ટ કલેક્ટર પિયર્સને એકેએક સત્યાગ્રહીની ગાંધી ટોપી ઝૂંટવી લીધી અથવા હવામાં ઉડાડી.

## પ્રાણજીવનદાસ નવલચંદ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લીધો. ટૂંકો જેલવાસ ભોગવ્યો.

## પ્રાણલાલ ચૂનીલાલ (મહાત્મા)

જન્મ : 2 મે, 1901. મોરબી.

મોરબી સત્યાગ્રહમાં ભાગ લીધો. તેમનાં પત્ની દયાકુંવરબહેન પણ રાષ્ટ્રીય ચળવળમાં પ્રચારપત્રિકાઓ વહેંચીને ભાગ લેતાં હતાં.

## પ્રાણલાલ છગનલાલ

જન્મ : 1922 આશરે. વતન : મોરબી.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. ધરપકડ થઈ. ચાર મહિના જેલવાસ થયો.

## પ્રિયવ્રતભાઈ ડાહ્યાભાઈ

રાજકોટ.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લેતાં ધરપકડ થઈ. બે માસની સજા થઈ.

## પ્રીતમલાલ તુ. (અત્રિ)

પોરબંદર.

કૉંગ્રેસી અને ખાદીધારી. યુવક સંઘનું રાષ્ટ્રવાદી પ્રચાર સાહિત્ય પોતાના પ્રેસમાં છાપવા તથા રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓમાં સહકાર આપવા બદલ ધરપકડ. છ માસથી વધુ જેલવાસ. જેલમાં સતામણી. તામ્રપત્ર અને પેન્શન મળતાં હતાં.

## પ્રેમશંકર ભાનુશંકર

હળવદ.

ધ્રાંગધ્રાની લડત વખતે હળવદમાં થાળી વગાડીને પ્રચાર કરતાં પોલીસોનો અસહ્ય માર ખાધો.

# ફ

## ફગરે, રાજાભાઉ

વતન : મહારાષ્ટ્ર.

ગૂજરાત વિદ્યાપીઠનો સેવક. બોરસદ તાલુકામાં પ્રચારકાર્ય. 24-1-1932ના રોજ આંકલાવ ગામ-
માં પત્રિકા વહેંચતાં તથા ખેડૂત ભાઈઓને લડતમાં જોડાવાનું કહેતાં ધરપકડ અને ત્રણ માસની સજા.

## ફડકે, વિઠ્ઠલ લક્ષ્મણ (મામાસાહેબ)

વતન : પુરણાગઢ, રત્નાગિરિ. કર્મભૂમિ : ગોધરા. જિ. પંચમહાલ.

1907માં રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં પ્રવેશ. ગંગનાથ વિદ્યાલય વડોદરામાં ક્રાંતિકારીઓનો સંપર્ક. 1915 : હરિજન આશ્રમ, અમદાવાદમાં ગાંધીજીનો નિકટ સંપર્ક. 1917 : ગોધરા ગાંધી-

આશ્રમની સ્થાપના. હરિજનસેવા રચનાત્મક કાર્ય. પિકેટિંગ, સભા-સરઘસ જેવી પ્રવૃત્તિ. 1932 : દોઢ વર્ષ કારાવાસ. 1942 : દોઢ વર્ષ કારાવાસ. નિવાસ : અમદાવાદ હરિજન આશ્રમ.

## ફતેહ મહંમદ ફકીર મહંમદ

અમદાવાદ.

તેઓ બ્રિટિશ સરકાર તરફથી નિમાયેલા મ્યુનિસિપલ કાઉન્સિલર હતા. અસહકારની ચળવળ 1920-22 દરમિયાન તેમણે 23 સપ્ટેમ્બર, 1920ના રોજ ખિલાફતના માનમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાંથી પોતાના હોદ્દાનું રાજીનામું આપી દીધું હતું.

## ફૂલબાવા ચંદાબાવા

જન્મ : 1 જાન્યુઆરી, 1892. કારેલી, ભરૂચ.

શિક્ષણ : ધોરણ 5, પઢિયાર જ્ઞાતિ, ઉચ્ચ સંસ્કાર. 1930-42 દરમિયાન સઘળા સત્યાગ્રહોમાં સક્રિય. વારંવાર કારાવાસ. ના-કર લડત. ભૂમિ જપ્ત. રેંટિયામાં શ્રદ્ધા. સહકુટુંબ આંદોલનમાં સક્રિય. પુત્રી પણ કારાગૃહમાં. પુત્ર મગનભાઈ – રવિશંકર મહારાજના કાર્યમાં. અવસાન : 1955.

## ફૂલાભાઈ મકનદાસ

પણસોરા, તા. આણંદ.

ગામના આગેવાન. હોમરૂલની ચળવળમાં આગળ પડતો ભાગ લેતા. તેથી પણસોરા ગામમાં લીગના અગ્રણીઓ શંકરલાલ બેંકર, ઉંમર સોબાની, જમનાદાસ દ્વારકાદાસ ખાસ પ્રચાર કરવા આવેલા. ફૂલચંદ બાપુજી શાહ વગેરે સ્થાનિક આગેવાનો અવારનવાર ત્યાં આવતા.

## ફોજદાર, રણછોડરામ મનસુખરામ

જન્મ : 1904. અમદાવાદ.

1930 : ધરાસણા મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. ભારે માર. 15 દિવસ રુગ્ણાલયમાં ઉપચાર. 1932 : 'સત્યાગ્રહ' પત્રિકા વહેંચતાં ધરપકડ. છ મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભારે માર ખાધો. ખાડિયામાં વિવિધ સેવાપ્રવૃત્તિ.

## ફોજી, યાકુબભાઈ સાલેહભાઈ

બારડોલી.

1942માં ઓલપાડમાં સત્યાગ્રહમાં ભાગ લીધો. સભા, સરઘસ, ભાષણો કરવાં, પત્રિકા વહેંચવી વગેરે કામો કર્યાં. પત્રિકા વહેંચતાં ધરપકડ. છ માસની સજા સાબરમતી જેલમાં ભોગવી.

## ફોફળિયા, નાનાલાલ

મુંદ્રા, કચ્છ.

1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થઈ ત્યારે મુંદ્રા હાઈસ્કૂલના વિદ્યાર્થી. લડતમાં સક્રિય ભાગ લઈ ગેરકાયદે પ્રવૃત્તિ કરવા બદલ પોલીસે તેની ધરપકડ કરી કેસ કર્યો. તેને તથા બીજા એક વિદ્યાર્થીને નવ-નવ માસની જેલની સજા કરવામાં આવી હતી.

# બ

## બકોરબાઈ ગેમલભાઈ

વતન : ગોરવા, ખેડા.

1935માં ના-કર લડત. પોલીસમાં હાજરી પુરાવવા ઇનકાર. 2 વર્ષ કારાવાસ. રૂ. 200 દંડ.

## બક્ષી, જનાર્દન અમૃતલાલ

જન્મ : ડિસેમ્બર, 1899. રાજકોટ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી.. રાષ્ટ્રીય

કાર્યકર. રાજકોટની લડતમાં સક્રિય. ધરપકડ વહોરી જેલવાસી. સ્વરાજ બાદ સૌરાષ્ટ્ર હાઈકોર્ટના ન્યાયાધીશ. ગુજરાત સેલ્સ ટેક્સ ટ્રિબ્યૂનલના અધ્યક્ષ.

## બક્ષી, મધુરીબહેન

અમદાવાદ.

1942ની ચળવળમાં મિલોની હડતાળ ખોલવાના વિરોધમાં કૉંગ્રેસ સંગ્રામ સમિતિના સૂચનથી મિલમાલિકોના બંગલે ઉપવાસ. પાંચમા દિવસે 27-11-1942ના રોજ ચંપાબહેન મહેતાના બંગલે પારણાં.

## બક્ષી, મનુભાઈ મણિલાલ

જન્મ : 28 મે, 1908. વતન : ભાવનગર.

1930માં ધોલેરાના મીઠાના સત્યાગ્રહમાં ટુકડીની આગેવાની કરીને કાયદાભંગ કર્યો. અઢાર માસની સજા થઈ. ફરી 1932માં સત્યાગ્રહ કરતાં પકડાયા. ત્રણ માસની સજા. 1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાઈ જોખમી કામો કર્યાં.

## બક્ષી, શશીકાંત મગનલાલ

જન્મ : 1918 આશરે. દેવગઢબારિયા, જિ. દાહોદ.

હાલ : મુંબઈ.

દેવગઢબારિયા દેશી રાજ્ય હોવાથી 1942ની ચળવળમાં ભાગ લેવા ગોધરા ગયા. ત્યાં સરઘસોમાં જોડાઈ, સૂત્રોચ્ચાર કર્યા. ગુપ્ત પત્રિકાઓ વહેંચતાં ધરપકડ. ચાર માસની કેદની સજા.

## બચુભાઈ રણછોડલાલ

અમદાવાદ.

1942ની લડતમાં સારંગપુર, દોલતખાનામાંથી 11-9’-42ના રોજ કૉંગ્રેસપત્રિકા રાખવા માટે ધરપકડ. અટકાયત. સાબરમતી જેલમાં 4 માસ કારાવાસ.

## બચ્ચનસિંહ મુન્શાસિંહ

શાહઆલમ, અમદાવાદ.

નેતાજી સુભાષચંદ્ર બોઝની સેનામાં ગુલામ ભારતને છોડાવવાના કાર્યમાં કામ કરવાનો મોકો મળ્યો. સિંગાપુરથી આઝાદ હિન્દ ફોજમાં જોડાયા. યુદ્ધમાં ભાગ લીધો. નેતાજીના ડ્રાઇવર તરીકે પણ સેવાઓ આપી હતી.

## બડદે, રોહીદાસ લક્ષ્મણદાસ

અમદાવાદ.

1931માં આઝાદીની લડતમાં ભાગ લીધો. 1932માં જંગલ સત્યાગ્રહમાં ભાગ લીધો. પકડાઈ જતાં નવ માસની જેલ ભોગવી. ધંધો ખોરવાઈ જતાં મિલની નોકરી કરવી પડી.

## બડાઈ, કાકુભાઈ

પોરબંદર.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. 1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે પોરબંદર આવી લડતમાં ઝુકાવ્યું. રાજ્યે તેમના ઉપર જુલમો વરસાવીને નવી બંદરની જેલમાં પૂર્યા. ત્યાં ભારે ત્રાસ ગુજાર્યો. સાત માસનો જેલવાસ વેઠ્યો. અધમૂઆ જેવા થઈને બહાર આવ્યા.

## બઢિયા, રામજીભાઈ ગોપાલજી

લાઠી, જિ. અમરેલી, સૌરાષ્ટ્ર.

સાબરમતી આશ્રમમાં અંતેવાસી તરીકે જોડાયા. વણાટકામના નિષ્ણાત. જુગતરામ દવેએ ‘ગાંધીજીના વણાટગુરુ’ કહી બહુમાન કર્યું. 1930ની દાંડીકૂચમાં જોડાયા. જેલવાસ ભોગવ્યો.

## બઢિયા, હરખજીભાઈ રામજીભાઈ

લાઠી, જિ. અમરેલી.

બાળપણ સાબરમતી આશ્રમમાં વ્યતીત થયું. વણાટકામના નિષ્ણાત. 1930ની દાંડીકૂચમાં ગાંધીજી સાથે જોડાયા. ધરપકડ થઈ, સજા

પામ્યા.

## બદામી, મોહનલાલ મગનલાલ

જન્મ : 7 ફેબ્રુઆરી, 1909. સૂરત.

1930માં ‘જય સત્યાગ્રહ’ પત્રિકા છાપવા માટે કેસ થયેલો. તે ગાંધી-ઇર્વિન કરાર પછી પાછો ખેંચાયો. 1939માં જૈનાનંદ પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યું. તેમાં સત્યાગ્રહ અંગેની પત્રિકાઓ છપાતી. તેથી દરોડો પડ્યો. 1942માં ભૂગર્ભપ્રવૃત્તિ. સૂરતના બૉમ્બ કેસના પ્રથમ આરોપી બન્યા. પોતાના મકાનમાં બૉમ્બ, પત્રિકા વગેરે તૈયાર કરતા હતા. 1942ની લડતમાં દોઢ વર્ષની અટકાયત.

## બધેકા, અનસૂયાબહેન રતિલાલ

વલભીપુર.

વલભીપુરની લડત સમયે નાગરિક પ્રતિબંધક ધારાનો ભંગ કરીને પકડાયાં. અટકમાં રાખવામાં આવ્યાં. તે પછી મુંબઈમાં બાળશિક્ષણનું કામ કર્યું.

## બધેકા, ગિજુભાઈ ભગવાનજી

જન્મ : 15 નવેમ્બર, 1885. વલભીપુર, જિ. ભાવનગર.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન બારડોલી તાલુકાનાં ગામોમાં ગયા. ગ્રામવાસીઓ હિજરત કરીને ખેતરોમાં પડાવ નાખીને રહેતા હતા. તેઓની વચ્ચે જઈ રાષ્ટ્રીય ગીતો, રાષ્ટ્રીય રાસગરબા, કીર્તન વગેરે ગવડાવીને લોકોમાં શૂરાતન પેદા કર્યું. સૂરતમાં ‘વાનર પરિષદ’ ભરી, પોતે વાનરસેનાના સેનાપતિ તરીકે સરકાર સામે જેહાદ જગાવી. તેમણે ‘બારડોલીની હિજરત’ તથા ‘બોરસદની વીરાંગના’ પુસ્તકો લખ્યાં છે.

નિધન : 23 જૂન, 1939.

## બધેકા, દેવશંકર ક્રિપાશંકર

જન્મ : 26 મે, 1908. વલ્લભીપુર, જિ. ભાવનગર.

અભ્યાસ : બી.એ., એલએલ.બી. વિદ્યાર્થી કાર્યકર. 1930માં મીઠા-સત્યાગ્રહમાં જોડાયા. સાબરમતી, યરવડા જેલોમાં નવ માસ. દેશી રાજ્યોની લડતો વખતે પત્રિકાપ્રકાશન. સંગઠનમાં જોડાઈ લોકજાગૃતિનું કામ. મજૂર-સંગઠનનું કાર્ય. સ્વરાજ આવતાં રાજ્યમાં અધિકારપદે રહી મજૂરોને ન્યાય અપાવવાનું કાર્ય કર્યું.

અવસાન : 8 સપ્ટેમ્બર, 1977.

## બધેકા, સદાશિવભાઈ છોટાલાલ

જન્મ : વલભીપુર, જિ. ભાવનગર. અભ્યાસ : બી.એ..

1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે ભૂગર્ભ-પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. તેમણે તે દરમિયાન ભારે સાહસયુક્ત જોખમી કાર્યો કર્યાં. હાલ નિવૃત્ત.

## બનારસી, સૂરજબહેન હરદેવ

જન્મ : 23 ફેબ્રુઆરી, 1905. આસ્તા, ભરૂચ. ખેડૂત કન્યા, બાળવિધવા, અલ્પ શિક્ષણ, પણ હૈયાઉકલત ભારે. રચનાત્મક પ્રવૃત્તિમાં રસ. કાંતણ સતત ચાલુ. દરેક સત્યાગ્રહમાં સક્રિય. 1930, ’32, ’40 દરમિયાન સત્યાગ્રહોમાં ભાગ લઈને વિવિધ કારાગૃહોમાં બંદીવાસ. ભરૂચનાં બહેનોમાં સ્થાન અને પ્રતિષ્ઠિત. ગુજરાત રાજ્યમાં રાય ગામનાં સરપંચ થયાં. સેવાકાર્યોમાં પ્રવૃત્ત.

બરજોરજી વિકાજી

વલસાડ.

1907માં સૂરત મુકામે કૉંગ્રેસ અધિવેશનથી સક્રિય. 1917માં હોમરૂલ લીગમાં ભાગ લીધો. 1921માં ગાંધીજીને વલસાડ બોલાવી સભા ભરી. 1927-28માં હરિજનોના પ્રશ્ને સુધરાઈ

સામે લડત આપી ન્યાય અપાવ્યો. ઉત્તરકાળમાં ખાદીપ્રચાર, હરિજનસેવા આદિ પ્રવૃત્તિ ચાલુ રાખી.

## બલવંતસિંહજી

વતન : જૂનાગઢ.

જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો. ગિરનાર સેનાની આગેવાની લીધી હતી.

## બળદેવ મણિલાલ જેરામભાઈ

જન્મ : 1920. રાજકોટ.

રાજકોટની લડતમાં ભાગ લેતાં સખત મારનો ભોગ બન્યા. ત્યાર બાદ ધરપકડ કરવામાં આવી. સરધારની જેલમાં કેદની સજા ભોગવી.

## બંસીબહેન દેસાઈભાઈ

## કારેલી, જિ. ભરૂચ.

1930ની લડત વખતે સભા ભરી, ના-કરની લડતમાં જોડાયાં. ધરાસણામાં સત્યાગ્રહ કર્યો. અસહકારમાં ખુવાર થયાં. ઘરનાં માણસો ખૂબ હેરાન થયાં. દેસાઈભાઈએ પણ મીઠાનો સત્યાગ્રહ કર્યો.

## બાટવિયા, કાંતિલાલ મોનજી

વતન : જૂનાગઢ. નિવાસ : આફ્રિકા.

દેશની રાષ્ટ્રીય લડતમાં જોડાવા વાસ્તે આફ્રિકા છોડીને જૂનાગઢ આવ્યા. જૂનાગઢ પ્રજામંડળની લડત વખતે પત્રિકાઓ વહેંચતા. વિવિધ વિસ્તારોમાં ફરીને પ્રચાર કરતા. પોલીસે ધરપકડ કરી કસ્ટડીમાં રાખ્યા. પોલીસ કસ્ટડીમાં જુલમો ગુજાર્યા. હદપાર કરીને આફ્રિકા મોકલવા પોરબંદર પહોંચાડ્યા. પ્રજામંડળના નેતા રતિલાલ કાનજી દવે તેમને પોરબંદરથી રાજકોટ લઈ ગયા. ગાંધીજી સાથે મુલાકાત કરાવી. તેમની વીતકો સાંભળી ગાંધીજી દુઃખી થયા. તેમનું નિવેદન લેવડાવી આફ્રિકા મોકલવાની ભલામણ કરી. તે દિવસની સાંજની પ્રાર્થનાસભામાં આ ઘટનાનો ઉલ્લેખ કરી દુઃખ વ્યક્ત કર્યું.

## બાબરિયા, સુરેશભાઈ રાણિંગભાઈ

જન્મ : 6 જુલાઈ, 1913. તરવડા, અમરેલી.

1930-32 : ધોલેરા મીઠા-સત્યાગ્રહ. પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. ના-કર લડતનો પ્રચાર. ધ્રોળ, વણોદ, ધ્રાંગધ્રામાં સત્યાગ્રહ. વારંવાર કારાવાસ. 6 મહિના સાબરમતી અને વિસાપુર, 3 મહિના નાશિક, દેશી રાજ્યોનાં કારાગૃહોમાં. કાઠિયાવાડ હરિજન સેવક સંઘ દ્વારા શિક્ષણપ્રવૃત્તિ. વ્યવસાય : સરકારી નોકરી.

## બાબુભાઈ કંચનલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકાપ્રવૃત્તિ દ્વારા લડતનો પ્રચાર કરતા. મે, 1943માં પત્રિકાઓ રાખવા માટે શાહપુરમાંથી ધરપકડ. જેલમાં અટકાયત.

## બાબુભાઈ (છોટાભાઈ) ખુશાલભાઈ

ચકલાસી, જિ. ખેડા.

1917ના ખેડા સત્યાગ્રહમાં સક્રિય. સભા, સરઘસ, પિકેટિંગ. કારાવાસ. ના-કર લડતમાં સક્રિય. ઘણી હાનિ સહન કરી.

## બાબુભાઈ (નરોત્તમદાસ) નગીનદાસ

સૂરત.

1941ના વ્યક્તિગત સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લીધો. 1942માં ભાંગફોડની પ્રવૃત્તિમાં પોલીસના હાથે પકડાઈ જતાં પાંચ વર્ષની સજા થઈ. કુલ પોણા ચાર વર્ષની સજા બાદ છોડી મૂકવામાં આવ્યા.

## બાબુભાઈ પીતાંબરદાસ

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદ સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં ભાગ લીધો. છ માસની સખત કેદની સજા અને રૂ. 200/- દંડ અથવા ત્રણ માસની વધુ કેદ.

## બાબુભાઈ મગનલાલ

પોરબંદર.

1942ની લડત વખતે પોરબંદર રાજ્યના જુલમોના ભોગ બન્યા. રાજ્ય-સરકાર તરફથી પેન્શન એનાયત થયેલ છે.

## બાબુલાલ બચુભાઈ

કાર્યક્ષેત્ર : મુંબઈ.

રૉયલ ઇન્ડિયન નેવી રેટિંગ્ઝના બળવાને ટેકો આપવા માટેના પ્રજાકીય વિરોધના દેખાવોમાં ભાગ. ફેબ્રુઆરી 22, 1946ના દિવસે પોલીસના ગોળીબારમાં ગોળી વાગી અને તે જ દિવસે અવસાન પામ્યા.

## બાબુલાલ શંકરલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં મામુ નાયકની પોળમાં ગોવિંદલાલ મો. પટેલ સાથે રાસાયણિક બૉમ્બ બનાવતાં ધડાકો. સખત ઈજાઓ થઈ. શરીરમાં કાચનો ટુકડો, લોખંડના બે ટુકડા અને પિન ભરાઈ ગયાં. ધરપકડ. લાંબા સમયે નિર્દોષ છૂટ્યા.

## બારભાયા, શિવલાલ હરજીવનરામ

જન્મ : 24 સપ્ટેમ્બર, 1911. બોટાદ, જિ. ભાવનગર.

1930ના મીઠા-સત્યાગ્રહમાં ભાગ લેતાં રાણપુરમાં પકડાયા. ચાર માસની સખત કેદની સજા. દંડ ન ભરવા બદલ વધુ એક માસની સજા થઈ. સાબરમતી તેમજ યરવડામાં જેલવાસ ભોગવ્યો. 1932માં પ્રચાર કરતાં ધોલેરા ખાતેથી ધરપકડ કરવામાં આવી. છ માસની સખત સજા થઈ.

અવસાન : 4 જાન્યુઆરી, 1983.

## બારિયા, કમજીભાઈ

દાહોદ.

ડિસેમ્બર, 1942માં દાહોદમાં પંચમહાલ જિલ્લા આઝાદ પરિષદમાં ડેલિગેટ તરીકે હાજર. તેમાંથી તેમના સહિત કુલ પંદર જણની ધરપકડ. દરેકને બે માસની કેદની સજા.

## બારિયા, મનસુખભાઈ દીપાભાઈ

જન્મ : 1891. રાયણખાડ, જિ. પંચમહાલ.

1930માં કાલોલ તાલુકાના મલાવ ગામે જંગલ સત્યાગ્રહ. 14 દિવસ કારાવાસ. 1930 : ના-કર આંદોલન. સાડા ચાર મહિના કારાવાસ. 1931માં મહેસૂલ નહિ ભરવા તથા પોલીસમાં ઉપસ્થિત નહિ થવા બદલ 18 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. અટકાયત. નિવૃત્ત.

## બારૈયા, કાનજી આણંદજી (માસ્તર)

વતન : ભાવનગર (સૌરાષ્ટ્ર).

1921માં તેમણે અને તેમનાં પત્ની સોનાબાઈએ રાષ્ટ્રસેવામાં સર્વસ્વ ન્યોછાવર કરવાનો સંકલ્પ. ખાદીનું વેચાણ, લારીમાં ખાદી લઈને વિવિધ વિસ્તારોમાં ખાદીનાં ગીતો ગાતા, વેચવા માટે ફરતા. લોકોને ખાદી પહેરવાની આવશ્યકતા સમજાવતા. પતિ-પત્ની બંને ખાદીપ્રચાર સાથે રાષ્ટ્રીય શાળા પણ ચલાવતાં. 1930ની ચળવળમાં બંનેએ ભાગ લીધો. બંને જેલમાં. ઘરનો સામાન જપ્ત. પુત્રનું અવસાન છતાં દેશભક્તિમાં અણનમ. રાજકોટ સત્યાગ્રહમાં સક્રિય. 1942 : 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. સરઘસમાં સખત લાઠીમારથી અવસાન. આર્યસમાજી.

## બારૈયા, જીવાજી જેશીંગજી

કણભા, તા. બોરસદના ખેડૂત.

1932માં ના-કરની લડતમાં ભાગ લીધો. તેમણે રૂ. 90/- મહેસૂલ નહીં ભરેલું. તે બદલ 4 મે, 1932ના રોજ તેમની ત્રણ ભેંસો અને તમાકુ મણ 15 (આશરે 300 કિલો) જપ્તીમાં લઈ ગયા. પાછળથી ભેંસો પાછી અપાયેલી.

## બારૈયા, ભગાજી ધૂળાજી

અમિયાદ, તા. બોરસદના મતાદાર.

1932ની ના-કરની લડતમાં ભાગ લીધો. તેથી મહેસૂલ તથા તગાવી પેટે જપ્તીમાં 5 મે, 1932ના દિવસે તેમની ભેંસ, પાડી, થાળી, લોટા, તપેલું, બેડું તથા એક મણ (આશરે 20 કિલો) ઘઉં જપ્તીમાં લઈ ગયેલા. પાછળથી ભેંસ પાછી આપેલી.

## બારૈયા, ભલાભાઈ ગુમાનભાઈ

વતન : કંકાપુર.

1932માં ટપાલપેટીઓ તોડી લૂંટ કરવા માટે એક મહિનો કારાવાસ.

## બારૈયા, મંગળભાઈ બાવાભાઈ

વતન : લીંબાસી, ખેડા.

1930-32 : ના-કર લડત. ધરપકડ. 1 વર્ષ કારાવાસ. મહેસૂલ પેટે ઘરવખરી જપ્ત.

## બારૈયા, મંગળભાઈ બાવાજી

લીંબાસી, તા. માતર, જિ. ખેડા.

1932ની સવિનય કાનૂનભંગની લડત દરમિયાન લડત માટે નિમાયેલા સરમુખત્યાર. ‘માતર સંગ્રામ સમાચાર’ પત્રિકામાં વિદેશી કાપડ તથા વિદેશી મોરસ વગેરે વેચતા વેપારી સામે જોરદાર પ્રચાર. પિકેટિંગ કરતાં ધરપકડ. વિદ્યાર્થીઓને સ્વદેશી વસ્તુઓ વાપરવાનો આગ્રહ કરતા. વિદ્યાર્થીઓને સ્વરાજ યજ્ઞમાં જોડાવા હાકલ કરી.

## બારૈયા, મોતીજી શિવાજી

અમિયાદ, તા. બોરસદના ખેડૂત હતા.

1932ની ચળવળમાં ના-કરની લડતમાં ભાગ લીધો. મહેસૂલ તથા તગાવી પેટે 5 મે, 1932ના રોજ જપ્તી કરી; તેમાં અનાજ, ખુરશી, ફાનસ, ખાટલો વગેરે લઈ ગયેલા.

## બારૈયા, શંકરભાઈ મંગળભાઈ

જન્મ : 1919. વતન : લીંબાસી, તા. માતર.

આઝાદીની ચળવળમાં ભાગ લેવા બદલ શાળા છોડેલી અને લડતની પત્રિકા વહેંચવાના કાર્યમાં જોડાયા. તેથી તેમની ધરપકડ કરવામાં આવી અને ધારવાડની બોર્સ્ટલ સ્કૂલમાં મોકલવામાં આવ્યા.

## બારૈયા, સોનાબાઈ કાનજીભાઈ

વતન : ભાવનગર.

1921થી પોતાના પતિ સાથે રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લઈ વિદેશી કાપડના બહિષ્કારના આંદોલનમાં જોડાયાં. ખાદીનો પ્રચાર. 1930માં મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. સજા થઈ. જેલવાસ ભોગવ્યો.

## બારોટ, ચૂનીલાલ પુરુષોત્તમદાસ

જન્મ : 18 ઑક્ટોબર, 1889. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : ભાષા-વિશારદ, ગૂજરાત વિદ્યાપીઠ. 1921માં કૉલેજત્યાગ. વિદ્યાપીઠમાં પ્રવેશ. ‘સાબરમતી’ દ્વૈમાસિકના તંત્રી. 1923માં ગુજરાત પુરાતત્વ મંદિરના જ્ઞાનભંડારમાં સક્રિય. 1930 : મીઠા-સત્યાગ્રહ. બોરસદમાં પત્રિકા-પ્રકાશન. બોરસદ તાલુકાના સરમુખત્યાર. સરઘસના આગેવાન. 1 વર્ષ કારાવાસ. 1942 : બોરસદ છાવણીમાં પત્રિકા-પ્રકાશન. 1943 : અમદાવાદ સરઘસ. 1 વર્ષ કારાવાસ. વ્યવસાય : ગૂજરાત વિદ્યાપીઠના

ગ્રંથાલયમાં અને પ્રકાશન વિભાગમાં.

## બારોટ, જીભાઈ મૂળજીભાઈ

વતન : ગોભલજ, જિ. ખેડા.

વ્યવસાય : ખેતી. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં સરકારની વિશ્વયુદ્ધની નીતિનો વિરોધ કરતું ભાષણ. ધરપકડ. જેલની સજા ભોગવી.

## બારોટ, ડાહ્યાભાઈ મોતીલાલ

જન્મ : 11 જાન્યુઆરી, 1913. પાટણ.

1930માં પાટણ તાલુકા પ્રજામંડળની દોરવણી હેઠળ દારૂ અને પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. વડોદરા રાજ્ય પ્રજામંડળના સક્રિય કાર્યકર. 1942માં 'હિન્દ છોડો' લડતમાં ગુપ્ત સંગઠનમાં જોડાઈ ભૂગર્ભપ્રવૃત્તિ. કાવતરામાં નિષ્ફળતા. 'ઊંઝા કાવતરા કેસ'ના એક આરોપી તરીકે ધરપકડ. જેલવાસ. ગુનો સાબિત ન થવાથી મુક્તિ.

## બારોટ, ડાહ્યાભાઈ લલ્લુભાઈ

જન્મ : 1 ઑગસ્ટ, 1924. મહેસાણા. અભ્યાસ : ધોરણ 8.

1942માં 'હિન્દ છોડો' લડતમાં જોડાયા. પ્રભાતફેરી, ગામડાંમાં ફરી આઝાદી સંગ્રામની પત્રિકાઓ વહેંચવી, ધારાસભ્યોનાં રાજીનામાં મેળવવાં એમના નિવાસસ્થાને સત્યાગ્રહ વગેરેમાં સક્રિય. ધરપકડ. 14-9-1942થી 28-9-1942 સુધી જેલમાં. પત્રિકાઓ તથા પ્રચારસાહિત્ય તૈયાર કરવાનાં યંત્રો છુપાવવા બદલ પોલીસ તરફથી વારંવાર ત્રાસ વેઠવો પડ્યો. ખેતીનો વ્યવસાય.

## બારોટ, દિવાળીબહેન ચૂનીલાલ

વતન : નડિયાદ, જિ. ખેડા.

1930-32ની ચળવળ દરમિયાન બોરસદનાં 57મા સરમુખત્યાર. 1933, એપ્રિલ 4 : ગાંધી કારાવાસ દિવસની ઉજવણી. પોલીસોને પત્રિકાવિતરણ. 9 મહિના કારાવાસ. 100 રૂપિયા દંડ અથવા ત્રણ માસ વધુ કેદની સજા.

બાવઝીર, ઇમામ અબ્દુલ કાદર (ઇમામસાહેબ) મુંબઈ. કર્મભૂમિ : દક્ષિણ આફ્રિકા અને અમદાવાદ.

ગુજરાતી, ફારસી, અરબી, ઉર્દૂ તથા અંગ્રેજી ભાષાનો અભ્યાસ. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીનો સંપર્ક. ગાંધીજીએ હિન્દીઓના હકોના રક્ષણ માટે કરેલા આંદોલનમાં સક્રિય ભાગ લીધો. જેલવાસ. ગાંધીજીએ ફિનિક્સ આશ્રમ સ્થાપ્યો તેમાં પૂર્ણ સહકાર. ગાંધીજીની સાથે ભારત આવ્યા. 1919 રૉલેટ કાયદાના વિરોધમાં અમદાવાદમાં થયેલાં તોફાનો વખતે શાંતિ સ્થાપવા પ્રયાસ. ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના સભ્ય, ગૂજરાત વિદ્યાપીઠના સેનેટર તથા સાબરમતી આશ્રમના ઉપ-પ્રમુખ તરીકે નોંધપાત્ર સેવાઓ. 1930 : ધરાસણાના સત્યાગ્રહમાં નેતૃત્વ. સખત માર ખાધો. નવ માસની જેલ. જેલમાં ક્ષયરોગ થયો.

અવસાન : 9 ડિસેમ્બર, 1931.

## બાવાજી, કલ્યાણદાસ

વણસોલી, જિ. ખેડા. વય : 1917માં 80 વર્ષ.

ખેડા સત્યાગ્રહ (1917) વખતે આ ખેડૂતે મહેસૂલ ન ભર્યું. તેથી મામલતદારે મહેસૂલ ભરી દેવા તેમને સમજૂતી આપી. તેના જવાબમાં તેમણે કહ્યું, 'આપને ફાવે તો તોપે બાંધો, ફાંસીએ ચડાવો, પણ મેં તો સોગંદ લીધા છે, તે નહીં તૂટે અને સૌ પોતાની પ્રતિજ્ઞા પાળે એમ હું સમજાવીશ.'

## બાવાજી, મગનલાલ રણછોડજી

વતન : વરાડ, જિ. સૂરત.

1928માં બારડોલી સત્યાગ્રહ દરમિયાન જપ્તીવાળાઓને રોકવા પહેરો ભરનાર ટુકડીમાં

હતા. સરદારશ્રીના હસ્તે ગામની સભામાં રૂ. 101નું ઇનામ અપાયું. 1930માં હિજરતના કામમાં મદદ. બારડોલીની પોલીસે તેમને પકડવા રૂ. 200નું ઇનામ જાહેર કર્યું હતું. એક રાત્રે પકડાયા. માર મારી બારડોલીના લૉક-અપમાં પૂરી દેવામાં આવ્યા. નવ મહિનાની સજા થઈ. ગુપ્ત પત્રિકાઓ વહેંચવાની મુખ્ય પ્રવૃત્તિ.

## બાવાજી, મગનલાલ વલ્લભભાઈ

વતન : પારડી, જિ. સૂરત.

1942ની લડતમાં બારડોલી આશ્રમ પાસે ભાષણ કરવા માટે 6 માસની કેદ અને રૂ. 500 દંડ અથવા 6 માસની વધુ કેદ. સાબરમતી જેલમાં એક વર્ષની સજા ભોગવી.

## બાવાજી, રામચરણદાસ

અમદાવાદ.

1930માં ગાંધીજીની પ્રેરણાથી સ્વતંત્રતાની ચળવળમાં જોડાયા. કૉંગ્રેસ સમાજવાદી જૂથના કાર્યકરોનો ઘનિષ્ઠ સંપર્ક. 1942ની ચળવળ દરમિયાન 10 ઑગસ્ટના દિવસે લૉ કૉલેજથી નીકળેલા સરઘસમાં ડૉ. અમુભાઈ શુક્લ અને બાવાજી પણ જોડાયા. ત્યાં માર પડ્યો ત્યારથી ભૂગર્ભમાં. સૌરાષ્ટ્રમાં લડત માટે મોકલવામાં આવ્યા. સુરેન્દ્રનગરમાં ભૂગર્ભપ્રવૃત્તિ યોજી. મુંબઈથી પોટાશ, રેડ ફૉસ્ફરસ, મંચર્સ વગેરે મંગાવી, સુરેન્દ્રનગરમાં બૉમ્બ, ડાયનેમાઇટ બનાવ્યાં. ભોગાવો નદીનો પુલ ઉડાવી દેવાની યોજના ઘડી. પોલીસને ગુપ્ત માહિતી મળવાથી નાસી ગયા. ઑક્ટોબર, 1942માં અમદાવાદ પાછા ફરી ગોધરા જઈને ગુપ્ત રહ્યા. પંચમહાલનાં ગામોમાં નાના શેલ બનાવી દારૂગોળાના બૉમ્બ વારંવાર ફોડતા. અમદાવાદ પાછા ફર્યા બાદ ઘીકાંટા પોલીસચોકી પર બૉમ્બ નાખ્યો. 26-1-1943ના રોજ માણેકચોકમાં યોજેલી સભામાંથી 14 સ્વાતંત્ર્યસૈનિકો સાથે ધરપકડ. સાબરમતી જેલમાં અટકાયત. તે પછી છ માસની કેદની સજા. અટકાયત સહિત કુલ અગિયાર માસની કેદ ભોગવી. અવસાન થયેલું છે.

## બાવીશી, (ડૉ.) ભાઈલાલભાઈ મોહનલાલ

જન્મ : 30-6-1912, પાલિતાણા.

1938માં રાજકોટની લડતમાં ભાગ લીધો. પોલીસના જુલમો સહન કર્યા. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો.

## બિસ્કિટવાલા, નગીનલાલ છોટાલાલ

ભરૂચ.

17 વર્ષની ઉંમરે આઝાદીની લડતમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો. 1930માં ધરાસણા સત્યાગ્રહમાં જોડાયા. ભરૂચમાં સરઘસમાં ભાગ લેતાં ઘવાયા. સત્યાગ્રહ માટે ગોધરા મોકલવામાં આવ્યા. ત્યાં સભા ભરી. ભાષણ કરતાં પકડાયા. છ માસની સજા ભોગવી.

## બુચ, પુરાતન જન્મશંકર

જન્મ : 2 ફેબ્રુઆરી, 1907. અમદાવાદ.

ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. 1930માં ગાંધીજીએ કરેલી દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. સત્યાગ્રહ કરતાં ધરપકડ. નાશિકની જેલમાં પૂર્યા. 1933થી 1941 સુધી હરિજન આશ્રમમાં રહી વિવિધ પ્રયોગો કર્યા. 1942માં 'હિન્દ છોડો' ચળવળમાં અમદાવાદમાં ભાગ લીધો. અમદાવાદમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. દોઢ વર્ષ જેલવાસ, સાબરમતી. અસ્પૃશ્યતાનિવારણ, કાંતણવિદ્યા, અંબર ચરખા તથા રચનાત્મક પ્રવૃત્તિઓ વિશે પુસ્તકો લખ્યાં.

## બુચ, હસમુખલાલ નવરંગલાલ

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં વિદ્યાર્થીનેતા રમણીકલાલ હ. શાહ સાથે સંપર્ક રાખતા. લડતનો પ્રચાર કરવા મિત્રો સાથે મહેસાણા, ચાણસ્મા વિસ્તારનાં ગામોમાં પગપાળા પ્રવાસ કર્યો. બાવળા જઈને પણ પ્રચાર. ગ્રામજનોને ચળવળ વિશે સમજ આપી.

## બુટાલા, ચુનીલાલ વિ.

મોડાસા.

1930, 1932 તથા 1942ની ચળવળોમાં ગુપ્ત પત્રિકાપ્રવૃત્તિ. પત્રિકા પ્રગટ કરવી, વહેંચવી વગેરેમાં ભાગ લીધો. તે દ્વારા લડતનો લોકોમાં પ્રચાર કર્યો.

## બુદ્ધભટ્ટી, ગંગાબહેન કેશવજી

જામનગર.

વસવાટ : કરાંચી. 1930ની મીઠાની લડત વખતે કરાંચીમાં લડતમાં સક્રિય. અટકાયત અને દોઢ વર્ષનો કારાવાસ. રાષ્ટ્રીય લડતોમાં સક્રિય. દેશનું વિભાજન થતાં 1947માં વતન જામનગરમાં સ્થિર. સામાજિક કાર્યકર. તેમનું નિધન થયેલ છે.

## બેચરભાઈ ગબાભાઈ

નિવાસ : કારેલી, ભરૂચ.

1930માં દાંડીકૂચ દરમિયાન ગાંધીજીના પ્રવચનનો પ્રભાવ. ના-કર લડતમાં હિજરત. ભાઠામાં મીઠા-સત્યાગ્રહ. કારાવાસ. ઘરનાં માણસો પર પોલીસદમન. છેવટ સુધી અણનમ.

## બેચરભાઈ મથુરભાઈ

રીછોલ, જિ. ખેડા.

1930માં ગાંધીજીની આઝાદીની લડતમાં ભાગ લીધો. સભા-સરઘસ વગેરે પ્રવૃત્તિ કરતાં ધરપકડ કરવામાં આવી અને જેલવાસ ભોગવ્યો.

## બેટાઈ, હેમરાજ રણછોડદાસ

વતન : દ્વારકા. રંગૂનમાં રહેતા.

તેમનાં પત્ની હીરાલક્ષ્મી સુભાષચંદ્ર બોઝનાં આહવાનથી પ્રેરાઈ પોતાની 18 લાખની મિલકત દેશસેવા માટે સમર્પણ કરી. નૅશનલ બૅંક ઑફ આઝાદ હિન્દનો વહીવટ નેતાજીના કહેવાથી સંભાળ્યો. હીરાલક્ષ્મી ઝાંસી રાણી રેજિમેન્ટમાં જોડાયાં હતાં. 1945માં મ્યાનગો હૉસ્પિટલ પર થયેલા બૉમ્બમારા દરમિયાન દર્દીઓની સાહસપૂર્ણ સેવાશુશ્રૂષા.

## બૅન્કર લીલાવતી ધીરજલાલ

જ. 8 માર્ચ, 1895. કુંકાવાવ, સૌરાષ્ટ્ર.

અભ્યાસ : બી.એ.. 1918માં મુંબઈના ગવર્નરને અપાનાર માનપત્રનો વિરોધ કરવા બહેનોની આગેવાની લીધી. 1919માં સ્ત્રી મતાધિકાર મેળવવા માટે લડત ચલાવવા તેમને ઇંગ્લૅન્ડ મોકલ્યાં. વિદેશી કાપડની હોળી માટે પોતાનાં મોંઘાં વસ્ત્રો પોતાના જેઠ શંકરલાલ બૅન્કરને આપી દીધાં. સત્યાગ્રહમાં ભાગ લઈ અનેક વાર કારાવાસ વેઠ્યો. તેમની દેશસેવા નોંધપાત્ર.

## બૅન્કર, વેલચંદ છગનલાલ

વડોદરા.

20મી સદીની શરૂઆતમાં અમદાવાદના કૃપાશંકર પંડિત, કઠલાલના વકીલ પૂંજાભાઈ સોમેશ્વર ભટ્ટ વગેરે સાથે ક્રાંતિકારી પ્રવૃત્તિ, બૉમ્બ બનાવવા વગેરેમાં સામેલ હતા. ગુપ્ત પુસ્તિકાઓ વહેંચતા. સ્ફોટક સામગ્રી સાચવતા.

બૅન્કર, શંકરલાલ ઘેલાભાઈ

જન્મ : 1889, સૂરત. નિવાસ : અમદાવાદ.

શિક્ષણ : એમ.એ. 1915 : ઇંગ્લૅન્ડથી સ્વદેશાગમન. 1916 : હોમરૂલ લીગ, મુંબઈ, સહમંત્રી. ગાંધીજીનો સંપર્ક. ખેડા સત્યાગ્રહ. મજૂર મહાજન, સ્વદેશી આંદોલન, અસહકાર

આંદોલનમાં સક્રિય મુંબઈ, અમદાવાદ 'નવજીવન' પત્રોની સ્થાપનામાં સક્રિય. 1922માં 'રાજદ્રોહી' લેખો માટે (ગાંધીજીને 6 વર્ષ અને) શંકરલાલને 1 વર્ષ કારાવાસ. ખાદી, શ્રમિક, અસ્પૃશ્યતા, પછાતવર્ગ આદિ ક્ષેત્રે સેવાકાર્ય. નિવૃત્ત.
અવસાન : 7 જાન્યુઆરી, 1985.

## બેન્જામિન (મિસ)

અમદાવાદ.

ગુજરાત કૉલેજની વિદ્યાર્થિની. 1929માં કૉલેજના પ્રિન્સિપાલ શીરાઝની વિરુદ્ધમાં હડતાળ પડી હતી ત્યારે કૉલેજ આગળ પિકેટિંગ કરી, કોઈ પણ વિદ્યાર્થી કૉલેજમાં જાય નહિ તે માટે મુખ્ય હૉલમાં પ્રવેશવાના દાદરનાં પગથિયાં પર સૂઈ રહીને પિકેટિંગ કરતાં હતાં.

## બેલિમ, ડૉ. ઇસ્માઈલભાઈ

જામનગર.

જામનગર રાજ્યના જુલમો સામે લડતાં ધરપકડ. જેલવાસ. જેલમાં ખૂબ ત્રાસ વેઠ્યો.

## બેલિમ, ઇસ્માઈલભાઈ જમાલભાઈ

જન્મ : 1901. જૂનાગઢ.

જૂનાગઢના નવાબી જુલમો અંગે 'ધોરાજી સમાચાર'માં ખબરો છાપતા. 'કાઠિયાવાડ' પત્રમાં પણ લખતા. ગોંડલ રાજ્યના અન્યાયો સામે લખાણ. ગોંડલ રાજ્યે બનાવટી કૌભાંડો ઊભાં કરી કેસ કર્યો. જેલવાસ. 1929માં મોરબીમાં યુવક પરિષદ વખતે અન્યાયનો સામનો કરવા નિર્ણય થતાં ગોંડલ રાજ્યે આવા કેદીઓને છૂટા કર્યા. જેલવાસ દરમિયાન ખૂબ જ પરેશાન. તબિયત કથળી. તેમનાં માલમિલકત, પ્રિન્ટિંગ પ્રેસ જપ્ત. દેશી રાજ્યો સામે માથું ઊંચકનારાઓની અગ્રિમ હરોળમાં.
અવસાન : 1965, જૂનાગઢ.

## બેહરે ભાસ્કરરાવ ગણપતરાવ

જન્મ : 1896. વ્યારા, જિ. સૂરત.

1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. બોરસદ, બારડોલી અને વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરાસણામાં મીઠાના અગરો પર હલ્લો કરવા ગયા. આ બધી પ્રવૃત્તિઓમાં જેલમાં પણ ગયા હતા. કુલ 2 વર્ષ 4 માસની કેદની સજા ભોગવી. કૉંગ્રેસ સેવાદળ મુખ્ય પ્રવૃત્તિ. ગૂજરાત વિદ્યાપીઠમાં કામ કરતા હતા.

## બૈજુબા દાદાભાઈ

બોજાદ્રા, જિ. ભરૂચ.

1942ની ચળવળ દરમિયાન દાદાભાઈ, છોટુભાઈ પુરાણી, ખોડુભા, મેઘજી વગેરે સાથે ભાંગફોડની સાહસિક પ્રવૃત્તિઓ કરી. વેડચ ગેટ સરભોણ ગેટમાંથી શસ્ત્રો લૂંટવામાં ભાગ લીધો. ખેતરમાં ખોદેલી ગુફામાં લડવૈયાઓને સંતાડી રાખતા. ભેદ ખૂલી જતાં ધરપકડ થઈ. પંદર માસની કેદની સજા થઈ.

## બોટાદરા (માલધારી), કમળાબહેન નાનજીભાઈ

મોટીખિલોરી, જિ. રાજકોટ.

રાજકોટની લડતમાં ભાગ 1938. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ધરપકડ. જેલવાસ. રાજકોટનું મકાન જપ્તીમાં, લડતમાં ભાગ લેવાના ગુના બદલ. સ્વરાજ આવ્યા બાદ પરત થયું. રાજપરા ગામમાં ગાંધીજીએ ચીંધેલ રચનાત્મક કાર્ય. કસ્તૂરબા ટ્રસ્ટ તરફથી મહિલા કલ્યાણ કેન્દ્રનું સંચાલન. ખાદી, અસ્પૃશ્યતાનિવારણ, ગૌસેવા, મહિલા-ઉન્નતિના ક્ષેત્રે કાર્ય.

## બોટાદરા (માલધારી), જયંતીલાલ નાનજીભાઈ

જન્મ : રાજપરા.

અભ્યાસ : વિનીત, ગૂજરાત વિદ્યાપીઠ. 1932માં લડતમાં જોડાયા. ગાયકવાડની હવેલીમાં અટકાયત. 1938 : રાજકોટની લડતમાં ભાગ લીધો. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાયા. જેલવાસ. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે રાજકોટ એજન્સીની કોઠી ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવતાં ધરપકડ. રાજકોટમાં જેલવાસ. તેમના મકાનની જપ્તી. રાજપરામાં ગ્રામસેવક. ગ્રામોત્થાનનું કાર્ય. સમાજસેવક. પેન્શન અને તામ્રપત્ર મળ્યાં.

બ્રહ્મભટ્ટ, છગનલાલ ઠાકોરલાલ

નિવાસ : અમદાવાદ. મૂળ ગામ : નડિયાદ.

1931-32માં નડિયાદમાં લડતપ્રવેશ. સભા-સરઘસોમાં સક્રિય ભાગ. કારાવાસ. ધંધો સમેટાયો. આર્થિક હાનિ. મિલમાં નોકરી.

અવસાન : 29 ડિસેમ્બર, 1967.

## બ્રહ્મભટ્ટ, નાથાલાલ ગોવિંદલાલ

જન્મ : 27 ઑક્ટોબર, 1917. અમદાવાદ.

અભ્યાસ : ટ્રેઇન્ડ પ્રાથમિક શિક્ષક. 1942ની લોકક્રાંતિમાં શાળાઓની હડતાળ વગેરેમાં આગેવાન. મ્યુનિસિપલ કમિટી ઑવ્ મૅનેજમેન્ટે તેમને નોકરીમાંથી બરતરફ કર્યા. 1946માં કૉંગ્રેસ સત્તા ઉપર આવતાં નોકરીમાં પુનઃપ્રતિષ્ઠા. પત્રકાર.

## બ્રહ્મભટ્ટ, પુરુષોત્તમદાસ ત્રિભોવનદાસ

જન્મ : 1 એપ્રિલ, 1896. અમદાવાદ.

અભ્યાસ : મૅટ્રિક સુધી. વીમાના ધંધામાં. જાહેર સેવાની તમન્ના. 1920માં મહાસભાના આદેશના પ્રતિભાવમાં અસહકારના આંદોલનમાં વ્યસ્ત. 1930માં સત્યાગ્રહની લડત વખતે જેલયાત્રા. 1940-41ના વ્યક્તિગત સત્યાગ્રહમાં જેલયાત્રા. 1942ની લડત વખતે ભૂગર્ભમાં.

## બ્રહ્મભટ્ટ, બાબુભાઈ ચ.

પાટણ.

1930-31ની લડત વખતે ભાગ લીધો. સભા-સરઘસમાં જોડાયા. 1942ની ચળવળમાં ભાગ લીધો અને જેલવાસ ભોગવ્યો.

## બ્રહ્મભટ્ટ, બાલુભાઈ છોટાલાલ

જન્મ : 13 ઑક્ટોબર, 1919. પાટણ.

અભ્યાસ દરમિયાન દેશભક્તિથી આઝાદીની ચળવળમાં પ્રભાતફેરી, પરદેશી માલની હોળી, દારૂનાં પીઠાં પર પિકેટિંગ તેમજ સભા-સરઘસોમાં સક્રિય. અમદાવાદમાં બ્રિટિશ આર્મી વૉર ટૅકનિશિયન–એન્જિનિયરિંગ ઇન્સ્ટ્રક્ટરની ફરજ દરમિયાન આઝાદીની ચળવળમાં ભાગ લેવા બદલ 1-10-1942થી ફરજ ઉપરથી ડિસ્ચાર્જ. 29 ઑગસ્ટ, 1942ના રોજ અમદાવાદ રેલવેસ્ટેશન પરથી ડિફેન્સ ઑવ્ ઇન્ડિયા સેબોટેજ એક્સપ્લોઝિવ ઍક્ટના આધારે ધરપકડ. કેસ ચાલ્યો. એક વર્ષની સખત કેદની સજા. સાબરમતી જેલમાં 1 સપ્ટેમ્બર, 1942થી 12 ઑગસ્ટ, 1943 સુધી સજા ભોગવી. સજા પૂરી થયા પછી પાટણ ડિફેન્સ ઑવ્ ઇન્ડિયા રૂલ્સ હેઠળ ડિટેન્શન વૉરંટ નીકળવાથી નામ બદલીને ભૂગર્ભમાં ચાલ્યા ગયા; બીજા પ્રાંતોમાં રહ્યા. આઝાદી પછી સમાજસેવા. અવસાન.

## બ્રહ્મભટ્ટ, વ્રજલાલ માધવલાલ

જન્મ અને વતન : જંઘરાલ, તા. પાટણ.

1942માં વડોદરામાં પુરુષ અધ્યાપન પાઠશાળામાં તાલીમ દરમિયાન 'હિન્દ છોડો' ચળવળ શરૂ થતાં આર્ય સંગઠન પ્રગતિ મંડળના સભ્ય થયા. મુંબઈ ભારતીય વિદ્યાભવનમાં તાલીમ માટે ગયા. વડોદરા આવી સરઘસોમાં જોડાતા. મહીકાંઠા, સાબરકાંઠા વગેરે

વિસ્તારોમાં ઠાકોરોમાં પ્રચાર. વતન જંઘરાલ જઈને ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયા. શસ્ત્રો ભેગાં કરતા. ઊંઝા કાવતરા કેસમાં વડોદરાથી ધરપકડ. વાંધાજનક વસ્તુઓ ન મળતાં મુક્ત. વધુ માહિતી પોલીસને મળતાં ફરારી આરોપી જાહેર થયા. ભૂગર્ભમાં રહ્યા. કેસ પાછો ખેંચાયો – 1946. આઝાદી પછી જાહેર પ્રવૃત્તિ. વિસનગરમાં રાઇફલ ક્લબ, નાગરિક સંરક્ષણ દળ, શિક્ષક સંઘ – ગુજરાત રાજ્ય શિક્ષક સંઘના મંત્રી. 1970માં શ્રેષ્ઠ શિક્ષક માટેનો રાષ્ટ્રપતિનો ઍવૉર્ડ મળ્યો. મહેસાણા જિલ્લા સ્વાતંત્ર્યસૈનિક સંઘના સહમંત્રી.

## બ્રહ્મા, મૂળશંકર

વતન : લુણાવાડા.

1942ની ‘હિન્દ છોડો’ લડત સમયે લુણાવાડામાં રાષ્ટ્રીય જાગૃતિની પ્રવૃત્તિ. હાઈસ્કૂલ પર રાષ્ટ્રધ્વજ ચડાવવામાં સહકાર. રાજ્યની પોલીસ દ્વારા ધરપકડ. ત્રણ માસ કાચી જેલમાં. બૅરિસ્ટર ઉમાશંકર(નીમચમાં વકીલાત)ની ભલામણથી છૂટ્યા. પછી નીમચ જતા રહ્યા. ફરી લુણાવાડા ગયા ત્યારે ધરપકડ. પંદર દિવસ જેલમાં પૂરી રાખ્યા. લુણાવાડા રાજ્યની દમનનીતિથી હેરાન થઈને અમદાવાદ જતા રહ્યા.

## બ્રેલ્વી, સૈયદ અબ્દુલ્લા

જન્મ : 1891. કાર્યક્ષેત્ર : મુંબઈ.

અભ્યાસ : એમ.એ., એલએલ.બી. 1910-11માં ‘બૉમ્બે ક્રૉનિકલ’માં તંત્રી. 1930ની લડત વખતે કૉંગ્રેસની વર્કિંગ કમિટીના સભ્ય. 1930ના નવેમ્બરમાં જેલવાસ. સમાધાન. જાન્યુઆરી 26, 1931માં જેલમુક્ત. 1932માં સત્યાગ્રહની ચળવળ વખતે ધરપકડ અને બે વર્ષની સજા.

## બ્રોકર, કાંતિલાલ મનમોહનદાસ

પોરબંદર.

સુખી-સંપન્ન કુટુંબ. મુંબઈમાં નિવાસ. મુંબઈની ‘સી’ વૉર્ડ સમિતિના મંત્રી. 1942ની લડત વખતે મુંબઈ છોડીને વતનમાં. યુવક સંઘે યુદ્ધપ્રયાસો તેમજ ભાવવધારો રોકવા લડત શરૂ કરી. તે અંગે સામગ્રી રેલમાર્ગે જવાની હતી તેની સામે પિકેટિંગ. 23-9-1942ના રોજ ધરપકડ. નવીબંદરની કુખ્યાત જેલમાં. બીમારી. આઠ માસનો જેલવાસ.

## બ્રોકર, ગુલાબદાસ હરજીવનદાસ

જન્મ : 20 સપ્ટેમ્બર, 1909. પોરબંદર. કાર્યક્ષેત્ર : મુંબઈ.

1930-32ના સત્યાગ્રહની લડતોમાં તેમણે આગળ પડતો ભાગ ભજવ્યો હતો. સભા-સરઘસોમાં જોડાતા. વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતા પોલીસે ધરપકડ કરી. જેલની સજા ભોગવી હતી. મુંબઈ પ્રદેશ કૉંગ્રેસ સમિતિના સભ્ય હતા. 1942માં પોરબંદરમાં રાજાના હુકમનો અનાદર. જેલવાસ. ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ. જાણીતા સાહિત્યકાર. વિલેપાર્લેની કૉંગ્રેસના અગ્રણી કાર્યકર હતા. ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ વાર્તાકાર. તેર જેટલા વાર્તાસંગ્રહો. અવસાન : 10 જૂન, 2006. પુણે.

# ભ

## ભક્ત, ગોકળભાઈ નરસિંહભાઈ

પથરાડિયા, જિ. સૂરત.

1942માં શિક્ષકની નોકરીનું રાજીનામું. સભા, સરઘસ, કાંતણ વગેરે પ્રવૃત્તિઓ કરી. લડત ઉગ્ર થતાં મકનજી પટેલની સૂચના પ્રમાણે બૉમ્બ બનાવવા, રેલવેના પાટા ઉખેડવા, તારો

કાપવા, પુલો તોડવા, પોસ્ટઑફિસો બાળવી, સરકારી નોકરીનાં રાજીનામાં લેવાની પ્રવૃત્તિ કરી. 23 મહિના સાબરમતી જેલમાં રહ્યા. એમના ઘરનો માલસામાન જપ્ત કરાયો. બાતમી મેળવવા એમના પર ભારે જુલમ થયો હતો.

## ભક્ત, ગોકળભાઈ ભગાભાઈ

વાવ, કામરેજ, જિ. સૂરત.

1930 : દાંડીકૂચ. ગાંધીજી સાથે સૈનિક. ધામણાથી કરાડી કૂચ. ધ્વજવંદન, પત્રિકાવિતરણ, સભા, ધરપકડ, માર, કારાવાસ. નેતાઓના સેવાકાર્યમાં પ્રવૃત્ત.

## ભક્ત, ગોમતીબહેન ભગાભાઈ

નિવાસ : બાજીપુરા, વાલોડ, સૂરત.

પ્રભાતફેરી, સરઘસ, સ્વયંસેવિકાનું કાર્ય. અભ્યાસ : 6 ધોરણ. મૃદુલાબહેન સારાભાઈનાં સાથી. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. સમાજસેવા. બાલમંદિર-સંચાલન.

## ભક્ત, ગોરધનભાઈ લલ્લુભાઈ

જન્મ : 31 મે, 1906. મલેકપોર, જિ. સૂરત.

વતન : ધામણ, જિ. વલસાડ. શિક્ષક. બારડોલી સત્યાગ્રહ. 1928માં શિક્ષકની નોકરીનું રાજીનામું. લડતમાં જોડાઈ વાલોડ વિભાગની ડૉ. ચંદુલાલ દેસાઈની છાવણીમાં સ્વયંસેવક. તે પછી ગૂજરાત વિદ્યાપીઠમાં ગ્રામસેવાના વિદ્યાર્થી. માતર અને મહેમદાવાદ તાલુકામાં સરકારે મહેસૂલ વધારવાથી ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિએ નીમેલી સમિતિમાં નરહરિ પરીખ અને કુમારપ્પા સાથે કામ કર્યું. 1930માં એક ટુકડીની સરદારી લઈ માતર, ધોળકા અને ધંધૂકામાં લડતનો પ્રચાર કર્યો. ધામણ ગામે દાંડીકૂચ કરતા ગાંધીજી અને સાથીઓની વ્યવસ્થા કરી. કરાડીથી ગાંધીજીની ધરપકડ બાદ, સિસોદરા અને ઉગત છાવણીમાં રહીને દારૂનિષેધ તથા લોકજાગૃતિનું કામ. તે પછી ધરાસણાના મીઠાના અગરો પર પચાસ માણસોની ટુકડી લઈને સામટો હલ્લો, તારની વાડ તોડી, બે સિતમ લાઠીમાર ખાધો. ધરપકડ. 1 મહિનાની સજા. છૂટ્યા બાદ નવસારી મથક રાખી 'સત્યાગ્રહ પત્રિકા' છાપીને અનેક ગામે મોકલતા. કરાડીમાં ધામણાની ટુકડીએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો, ત્યારે તેમને 1 વર્ષની સજા થઈ. તે પછી મીઠુબહેન પીટિટની છાવણીમાં પિકેટિંગમાં સાથ આપ્યો.

## ભક્ત, ચૂનીલાલ આશારામ (પૂ. મોટા)

જન્મ : 4 સપ્ટેમ્બર, 1898.

વતન : નડિયાદ, ખેડા. 1921 : કૉલેજત્યાગ. વિદ્યાપીઠમાં પ્રવેશ. 1921-39 : હરિજન સેવકસંઘના સહમંત્રી. રાષ્ટ્રની સ્વતંત્રતાને કાજે સાબરમતી, યરવડા અને વિસાપુરનાં કારાગૃહોમાં 6 થી 15 મહિના સુધીના કઠોર કારાવાસ વેઠ્યા. ખેડાના સરમુખત્યાર. બદલપુર તથા ધરાસણા મીઠા-સત્યાગ્રહમાં સક્રિય. 1942 : હરિજન સેવાફાળો ઉઘરાવતાં પોલીસનો મૂઢમાર. પાછળથી આધ્યાત્મિકતામાં લગન. નડિયાદ તથા અન્યત્ર આશ્રમો સ્થાપી આધ્યાત્મિક જીવનની સાથે પ્રજાની ગુણવૃદ્ધિ માટે અનેક યોજનાઓ ઘડી.

અવસાન : 1976.

## ભક્ત, ડાહ્યાભાઈ ધીરજભાઈ

ધામણ, જિ. વલસાડ.

1928 : વલસાડ જિલ્લામાં પારડી તાલુકામાં દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. સ્વાતંત્ર્યનો નાદ. બારડોલી સત્યાગ્રહમાં હિજરતીઓને સહાય. ભેલાતો પાક બચાવવાની ગુપ્ત કામગીરી. 1932 : રાષ્ટ્રીય સપ્તાહ. અબ્બાસ તૈયબજીની આગેવાની હેઠળ કૂચ. 6 મહિના

કારાવાસ. 1942નાં 'હિન્દ છોડો' આંદોલનમાં ભૂગર્ભપ્રવૃત્તિ.

## ભક્ત, નારણભાઈ માધવલાલ

જન્મ : 1901. મલેકપોર, જિ. સૂરત.

1919 : રૉલેટ કાયદા વિરુદ્ધ ચળવળમાં ભાગ લીધો. 1923માં નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં ભાગ લીધો. 2 મહિના જેલ ભોગવી. 1928ના બારડોલી સત્યાગ્રહ દરમિયાન સરભોણ આશ્રમમાં છાવણી નાંખી કામ કર્યું. 1930માં કરાડી અને સરભોણ છાવણીમાં મીઠાનો સત્યાગ્રહ અને ખજૂરાં કાપી કાનૂનભંગ કર્યો. સત્યાગ્રહ દરમિયાન માર ખાધો. 1932માં બારડોલીમાં ના-કરની લડતમાં સરકારે તમામ મિલકત જપ્ત કરી, હરાજ કરી. ત્રણસો રૂપિયા દંડ ન ભરવાથી બે માસની જેલ ભોગવી. ફરી લડતમાં જોડાતા 1 વર્ષની સજા. ત્યાર બાદ 1940-41માં 2 વખત પકડાયા અને દરેક વખતે 2 માસની સજા થઈ. 1942માં 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ. 1 વર્ષની કેદ.

## ભગત, બચુભાઈ ઝીણાભાઈ

રાંદેર, સૂરત.

1942 : લોકક્રાંતિ. અભ્યાસત્યાગ. સરઘસમાં પત્રિકાવિતરણ. 6 મહિના કારાવાસ. કઠોર. મુક્તિ પછી દેશસેવામાં.

## ભગત, મોહનભાઈ મણિભાઈ

જન્મ : 1921. અમલસાડ.

પિતા દેશપ્રેમી. 1942ની 'હિન્દ છોડો' ચળવળ શરૂ થતાં અમલસાડના આગેવાનોની ધરપકડના વિરોધમાં સરઘસમાં જોડાયા. અમલસાડ સ્ટેશને લોકો દ્વારા ભાંગફોડ પછી તે રાત્રે થયેલી સામૂહિક ધરપકડમાં તેમનો સમાવેશ. છેલ્લે 8 જણા ઉપર કેસ ચલાવ્યો તેમાં પણ તે ખરા. 7.5 મહિના કાચા કામના કેદી તરીકે કારાવાસ. આ દરમિયાન કેટલોક સમય નડિયાદ જેલમાં હતા. બધા સાથે નિર્દોષ છૂટ્યા.

## ભગત, સાદુળ

જૂનાગઢ.

રાષ્ટ્રવાદી કવિ. જૂનાગઢની આરઝી હકૂમતનાં હૃદયવિદારક ચિત્રો કાવ્યો દ્વારા રજૂ કરતા. પ્રજાનાં દુ:ખ-દર્દ, આંસુભીની કાવ્યપંક્તિઓમાં વર્ણવ્યાં.

## ભગત, સોમાભાઈ કાળાભાઈ

બામણી, જિ. સૂરત.

ધરાસણાની લડતમાં ભાગ. સખત માર ખાધો. ડાબા હાથનાં આંગળાં વાંકાં થઈ ગયાં. સિકેરના મેડિયામાંથી ધરપકડ. ત્યાં શેખ ફોજદારે સખત માર માર્યો. તેર દિવસ લૉકઅપમાં રાખ્યા બાદ કેસ ચલાવી સાબરમતી જેલમાં મોકલ્યા.

## ભગવતી, પ્રફુલ્લચંદ્ર નટવરલાલ

જન્મ : 21 ડિસેમ્બર, 1921. અમદાવાદ.

અભ્યાસ : બી.એ. (પ્રથમ વર્ગ 1941), એલએલ.બી. 1942ના ઑગસ્ટની 8મીએ મુંબઈમાં મળેલી કૉંગ્રેસ કમિટીની બેઠકમાં હાજર. ગાંધીજીનું ભાષણ સાંભળીને રાષ્ટ્રીય લડતમાં. વિદ્યાર્થી વિભાગમાં પત્રિકાઓનો પ્રચાર. ધરપકડ. વરલી જેલમાં અટકાયતી તરીકે. 1943માં ભૂગર્ભમાં રહીને લડતનું કાર્ય ચાલુ રાખ્યું. એક પોલીસ ઑફિસરની સહાયથી અમદાવાદ આવ્યા. અમદાવાદમાં ભૂગર્ભમાં રહ્યા. મુંબઈ હાઈકોર્ટમાં વકીલાત શરૂ કરી. ગુજરાતની હાઈકોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ. પછી ભારતની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ.

## ભગવાનજી, ગીગાભાઈ

ચલાળા.

1942ની લડતમાં ભાગ લીધો, સભા-સરઘસો, પત્રિકાવિતરણ. પકડાયા. જેલવાસ ભોગવ્યો.

## ભગવાનજી, વશરામ

ધ્રાંગધ્રા, સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931માં ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લેવા આત્મારામ પ્ર. ભટ્ટની છઠ્ઠી ટુકડીમાં જોડાયા. વઢવાણથી દૂધરેજ જઈને ત્યાં મુકામ કર્યો.

29-11-1931ના રોજ સવારે દૂધરેજથી ટ્રેનમાં નીકળી રાજસીતાપુર ઊતર્યા. સ્ટેશન પર રાષ્ટ્રગીતો ગાયાં, રામધૂન કરી અને સૂત્રો પોકાર્યાં. પછી ધ્રાંગધ્રાની સરહદમાં પ્રવેશતાં આખી ટુકડીના તમામ અગિયાર સભ્યોની ધરપકડ કરી જેલમાં પૂરવામાં આવ્યા. રાજસીતાપુરમાં તે દિવસે સખત હડતાળ પડી.

## ભગવાનદાસ કાળીદાસ

વતન : ધ્રાંગધ્રા.

1942ની લડતમાં ભાગ લીધો. સાબરમતી જેલમાં લાંબો જેલવાસ ભોગવ્યો.

## ભગવાનદાસ વૃંદાવન

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. વડોદરાથી 18-8-1942ના રોજ નીકળી આણંદ અને આસપાસનાં ગામોમાં ફરી લડતનો પ્રચાર કર્યો. તે સાંજે અડાસ રેલવેસ્ટેશનથી પાછા ફરતાં, પોલીસે કરેલા લાઠીમારથી ઘાયલ.

## ભગવાનદાસ હરખચંદ

વતન : લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

1939 : લીંબડી સત્યાગ્રહના આગેવાન. લીંબડીમાંથી નાગરિકોએ હિજરત કરી. તેની સાથે હિજરત કરી ગયેલા. સમાધાન માટે સલાહ લેવા ગાંધીજી પાસે વર્ધા ગયા હતા.

## ભટ્ટ, અનિરુદ્ધ દેવશંકર

જાબિયા, અમરેલી.

1930 : વિદ્યાર્થીકાળમાં સંગ્રામપ્રવેશ. સભા-સરઘસ, પત્રિકાવિતરણ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. ગામડે ગામડે પ્રચાર. સભા-સરઘસમાં પ્રવૃત્ત. ધરપકડ. ભૂગર્ભવાસ. પત્રિકાપ્રચાર. દામનગર પ્રજામંડળના મંત્રી.

## ભટ્ટ, અમૃતલાલ રેવાશંકર

જન્મ : 4 ઑક્ટોબર, 1906. ત્રાપજ, જિ. ભાવનગર.

ગાંધીવાણી સાંભળી શાળા છોડી. રાષ્ટ્રીય પ્રવૃત્તિ. પિકેટિંગ, સ્વદેશીના આગ્રહી. હરિજન સેવક. મોરબી સત્યાગ્રહ વખતે ધરપકડ. 6 માસ જેલમાં પૂરી રાખ્યા. બીજી વાર મોરબીની લડતમાં જોડાતાં લાઠીમારથી આંખે વાગ્યું. 1930ની મીઠાની લડત વખતે વિરમગામ છાવણીમાં. ભૂગર્ભપત્રિકાના કાર્યમાં. જાહેર પ્રજાસેવક.

## ભટ્ટ, અંબાલાલ નાથજીભાઈ

ડાકોર, જિ. ખેડા.

1930 : સંગ્રામમાં પ્રવેશ. 1931-32 : દારૂપીઠાં પર પિકેટિંગ. ધરપકડ અને મુક્તિ. પત્રિકા-વિતરણ. 6 મહિના કારાવાસ. 1942 : ગુપ્ત પ્રવૃત્તિ. ડાકોરમાં સત્યાગ્રહ. ગોળીબારમાં 2 મરણ, ઘણા ઘાયલ. પોતે બચી ગયા.

## ભટ્ટ, આત્મારામ પ્રભાશંકર

જન્મ : 14 જુલાઈ, 1902. રાજુલા.

રહેવાસી : ભાવનગર. ગાંધીવાદી. હરિજન-સેવાનાં કાર્ય. 1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરાસણાના સત્યાગ્રહમાં ભાગ લીધો. પોલીસ દ્વારા ત્રાસ. ધ્રાંગધ્રા સત્યાગ્રહની ટુકડીમાં. પોલીસ દ્વારા સખત ત્રાસ. મીઠાના ગોડાઉનમાં કેદી. જામનગર જેલમાં પૂરેલા સત્યાગ્રહીઓની તપાસ ગાંધીજીના કહેવાથી કરી. ગામડાંમાં સાઇકલ પર રેકડીમાં સભા. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ. જેલવાસ.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે જેલવાસ. 1955 : શબ્દ ચોરસ હરીફાઈના જુગારની સામે ઉપવાસ. સમાધાન. લાંબા ઉપવાસ છોડ્યા. 1959 : ખાંડ પ્રકરણ અંગે ઉપવાસ પર. જુગતરામ દવેની લવાદી સ્વીકારીને ઉપવાસ છોડ્યા. અન્ન-જળ છોડીને (શારીરિક મર્યાદાઓને કારણે) સંથારો કરી દેહત્યાગ. અવસાન : 4 જુલાઈ, 1983.

## ભટ્ટ, આનંદશંકર શિવશંકર

જંબુસર, જિ. ભરૂચ.

દેશસેવા પિતાનો વારસો. 1923માં નાગપુરના ધ્વજ સત્યાગ્રહમાં ડૉ. ચંદુલાલ દેસાઈના સહયોગી. 1940 : વાણીસ્વાતંત્ર્યની લડત. બે વાર કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. નાશિકમાં અટકાયત. આજીવન સત્યાગ્રહી. અવસાન : 1957.

## ભટ્ટ, ઇન્દુપ્રસાદ દેવશંકર

જન્મ : 28 ડિસેમ્બર, 1903. ઉમરેઠ, જિ. આણંદ.

કિશોરવયથી વિદ્યાર્થીસંમેલન, વિદ્યાર્થીમંડળ અને સહકારી ભંડાર વગેરેમાં સક્રિય. અસહકારની ચળવળ દરમિયાન રાષ્ટ્રીય શાળામાં ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક. દક્ષિણામૂર્તિમાં ગિજુભાઈ બધેકા પાસે બાળસાહિત્યના લેખક અને શિક્ષક થયા. ગુજરાત બાલવિકાસ સંસ્થાના પ્રમુખ તરીકે કામગીરી. બોરસદ સત્યાગ્રહ(1923)માં ભાગ લીધો. 1927 : ગુજરાતમાં રેલરાહતકાર્યની કચેરીમાં સેવાકાર્ય. 1930 : મીઠાના સત્યાગ્રહ માટે ડાકોરમાં છાવણી સ્થાપી. ધરપકડ. જેલવાસ. 1932 : દિલ્હીમાં કૉંગ્રેસ અધિવેશન વખતે ધરપકડ. જેલમાં. અમદાવાદમાં યુવકપ્રવૃત્તિ અને સ્વદેશી પ્રવૃત્તિમાં સક્રિય. આણંદ અને ઠાસરા તાલુકા કૉંગ્રેસ સમિતિમાં મહત્વનું પ્રદાન. ગ્રામસેવા, રચનાત્મક કાર્ય માટે વટવામાં વસવાટ. ગ્રામપંચાયતના 18 વર્ષ સુધી સરપંચ. તાલુકા કૉંગ્રેસ સમિતિ, વટવા વજીફદારી ઇનામી ગામ હતું. તેની વજીફદારી નાબૂદી કરાવી.

## ભટ્ટ, ઊર્મિલાબહેન પ્રેમશંકર

જન્મ : 1922. વતન : માંડવી, જિ. સૂરત. અભ્યાસ : બી.એ..

1942ની 'હિન્દ છોડો' લડત વખતે અભ્યાસ છોડ્યો અને મહાસભામાં રચનાત્મક કાર્યમાં જોડાયેલાં. લડત પૂરી થતાં પોતાનો અભ્યાસ ફરીથી શરૂ કરેલો. બી.એ. થયા પછી મહાસભાનું કાર્ય સંભાળતાં હતાં.

## ભટ્ટ, કનુભાઈ એમ.

ભરૂચ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભરૂચની સરકારી હાઈસ્કૂલમાં આગ લગાડી. ત્યાંથી ઍસિડના બાટલા ઉઠાવી જઈ વડોદરા મોકલ્યા. છોટુભાઈ પુરાણી અને ચન્દ્રશંકર એમ. ભટ્ટની સૂચના પ્રમાણેનાં નાના-મોટાં કામ, સંદેશા અને સાધનો આપવા-લેવા જતા. પત્રિકાઓ પણ ગુપ્ત રાખી બહારગામ આપી આવતા. 6 એપ્રિલ, 1943ના રોજ ધ્વજવંદન કર્યું. ધરપકડ કરી 6 મહિના કેદની સજા.

## ભટ્ટ, કનૈયાલાલ ભાઈશંકર

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : ધોરણ 7 ગુજરાતી. 1932 : કૉંગ્રેસ કાર્યાલયનાં સરકારી સીલ તોડતાં લાઠીમારનો ભોગ. 1 વર્ષ કારાવાસ.

## ભટ્ટ, કાન્તિલાલ આશાભાઈ

વડોદરા.

1930 : વિરમગામ મીઠા-સત્યાગ્રહ. ધરપકડ. 6 મહિના કારાવાસ. રાષ્ટ્રહિતની પ્રવૃત્તિમાં

સક્રિય.

## ભટ્ટ, કાન્તિલાલ ઓચ્છવલાલ

જન્મ : 26 જુલાઈ, 1908. પીજ, તા. નડિયાદ.

1930માં લસુંદ્રાના મીઠાના સત્યાગ્રહની પહેલી ટુકડીમાં જોડાયા. ધરાસણા સત્યાગ્રહમાં માધવભાઈ નાથાભાઈ પટેલની આગેવાની હેઠળની ટુકડીમાં ભાગ લીધો. 1932-33માં ધારાસભાના બહિષ્કાર વખતે પિકેટિંગ કરતાં કપડવંજ તાલુકાના સંતીસર ગામે ધરપકડ. થોડા સમય બાદ મુક્તિ.

## ભટ્ટ, કુસુમબહેન

સૂરત.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર સઘન પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

## ભટ્ટ, કૃષ્ણલાલ ગજાનંદ

વ્યારા, જિ. સૂરત.

1940 : વાણીસ્વાતંત્ર્ય આંદોલનમાં પ્રવેશ. વાલોડમાં વ્યક્તિગત સત્યાગ્રહ. 10 મહિના કારાવાસ સાબરમતી જેલમાં. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. હરિજનબંધુનું વિતરણ. રાત્રિપ્રવૃત્તિ. 1 વર્ષ અને 6 મહિના કારાવાસ સાબરમતી અને યરવડા જેલમાં.

## ભટ્ટ, ગિજુભાઈ નારાયણ

જન્મ : 23 નવેમ્બર, 1917. ઊંટડી (વલસાડ). વતન : કછોલી, તા. ગણદેવી.

1930માં ધરાસણામાં પોલીસનો અત્યાચાર જોઈને બ્રિટિશ સરકાર પ્રત્યે નફરત. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે ખડસૂપા હાઈસ્કૂલમાં શિક્ષક. પત્રિકાની નકલો કરાવી ગામેગામ વહેંચતા. લડત ઉગ્ર બનતાં શાળા બંધ. સરકારી ચોરા બાળવા, રેલવેનાં ગરનાળાં તોડવાં વગેરે ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. ધરપકડ. જલાલપોર લૉકઅપમાં. સૂરતની જેલ, ત્યાંથી સાબરમતી જેલમાં 1 વર્ષ અટકાયતમાં. લડત બાદ એમ.એ., બી.ટી. થયા, હાઈસ્કૂલના આચાર્ય.

## ભટ્ટ, ગિરજાશંકર ગોવિંદરામ

જન્મ : જેતપુર, જિ. રાજકોટ.

રાજકોટની લડતમાં ભાગ લીધો. ધરપકડ થઈ. ટૂંકો જેલવાસ ભોગવ્યો. ભારત સરકારે તામ્રપત્ર અને પેન્શન એનાયત કર્યાં.
નિધન : 1981.

## ભટ્ટ, ગોકુળભાઈ

મુંબઈ.

1920-22ની અસહકારની ચળવળમાં સરકારી કૉલેજ છોડીને ચળવળમાં જોડાનાર પ્રતિભાશાળી વિદ્યાર્થી. માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે વિનયમંદિર ખોલવામાં આવ્યું. તેમાં તેઓ અધ્યાપન કરવા લાગ્યા.

## ભટ્ટ, ગૌરીશંકર એમ.

અમરેલી.

રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેતાં ધરપકડ થઈ. જેલની સજા ભોગવી. રાજ્ય-સરકારનું પેન્શન એનાયત થયું.

## ભટ્ટ, ચંદુલાલ ઈશ્વરલાલ

નિવાસ : અમદાવાદ.

1930ના સ્વાતંત્ર્યઆંદોલનમાં પ્રવેશ. પિકેટિંગ, પત્રિકાવિતરણ વગેરેમાં સક્રિય. કારાવાસ. યરવડામાં 4 મહિના. 1942ની ચળવળમાં અટકાયત. સાબરમતી જેલમાં 3 વર્ષ. મુક્તિ પછી પણ લડતમાં સક્રિય. સામાજિક કાર્યો.

## ભટ્ટ, ચંદ્રશંકર નરોત્તમરામ

**(જ્ઞાનયોગી)**

જન્મ : 1884. રાંદેર, જિ. સૂરત.

1905થી સ્વદેશીના આગ્રહી. 1921ના આંદોલનમાં રાંદેરની જનતાના પ્રેરકબળ. ખાદીધારી. નિયમિત કાંતતા. 1921થી 1926 : રાંદેરમાં રાષ્ટ્રીય શાળાઓ ચલાવી. 1930માં દાંડીકૂચ વખતે ગાંધીજીને મળ્યા. દેશભક્તિને પ્રભુભક્તિ માનતા. 1930માં ગાંધીજીના ઉપવાસ વખતે રાંદેરમાં અસ્પૃશ્યતાનિવારણના પ્રખર હિમાયતી.

અવસાન : 1943.

## ભટ્ટ, ચંદ્રશંકર મણિશંકર

જન્મ : 9 સપ્ટેમ્બર, 1898. આમોદ, જિ. ભરૂચ.

1921થી 1930 : સ્વયંસેવક અને કૉંગ્રેસ કાર્યકર. 1930-32 : ભરૂચ જિલ્લાના સ્વાતંત્ર્યઆંદોલનમાં સક્રિય. 1940-41 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભૂગર્ભ, ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય. છોટુભાઈ પુરાણી સાથે બૉમ્બપ્રવૃત્તિ, પોલીસ થાણાંમાંથી બંદૂકો, કારતૂસોની લૂંટ. ધરપકડ માટે ઇનામ જાહેર. લડત દરમિયાન વિસાપુર અને સાબરમતી જેલમાં. ગુજરાતમાં કૉંગ્રેસ સમિતિ અને વ્યાયામપ્રચારક મંડળના સક્રિય કાર્યકર. સંસદસભ્ય. વિધાનસભાના સભ્ય.

અવસાન થયેલ છે.

## ભટ્ટ, ચીમનલાલ કોદરલાલ

દાહોદ.

1930ની લડત વખતે દાહોદમાં કલાલના ઝાંપા પર આવેલાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. આવક ઘટવાથી માલિકોની ફરિયાદ. પોલીસ દ્વારા ધરપકડ. કેસ ચલાવી 1 માસની કેદની સજા.

## ભટ્ટ, ચીમનલાલ પ્રાણલાલ

જન્મ : 21 નવેમ્બર, 1901. ભરૂચ.

1920 : સરકારી કૉલેજ છોડી. ગૂજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતક. 1928 : બારડોલી સત્યાગ્રહમાં સક્રિય ભાગ લીધો. ખેડૂતોને કર ન ભરવા સમજાવ્યા. ત્યાર બાદ વેડછી આશ્રમમાં શિક્ષક. રચનાત્મક પ્રવૃત્તિ. 1930ની ચળવળમાં મીઠાના કાયદાનો ભંગ કરી જેલવાસ. બીજી વાર બારડોલી આશ્રમમાંથી ધરપકડ. 6 મહિના નાશિકની જેલમાં. 1932માં વેડછી આશ્રમ જપ્ત. 2 વર્ષની સજા. 1942માં 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. અટકાયત સાબરમતી જેલમાં. વેડછી આશ્રમના સંચાલક. બિહારના ધરતીકંપમાં રાહતકાર્ય.

## ભટ્ટ, જટાશંકર દેવશંકર

મોરબી, જિ. રાજકોટ.

નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. જેલની સજા ભોગવી.

## ભટ્ટ, જમુભાઈ પુંજીરામ

જન્મ : 21 મે, 1927. વતન : મેઘરજ, જિ. સાબરકાંઠા. અભ્યાસ : મૅટ્રિક.

1942ની 'હિન્દ છોડો' લડતમાં સગીર હોવા છતાં સભા, સરઘસ, પ્રભાતફેરી, પત્રિકા વહેંચવી વગેરેમાં સક્રિય ભાગ લીધો. 1945માં બારડોલીના સેવાદળ કૅમ્પમાં જોડાયા. 1947માં માલપુર પ્રજામંડળમાં કામગીરી કરેલી.

## ભટ્ટ, જયશંકર

નડિયાદ, જિ. ખેડા.

1942ની ચળવળમાં ઉમરેઠ જઈ, મિત્રો સાથે બૉમ્બ બનાવ્યા. બુદ્ધિસાગરને ઉમરેઠના પોલીસ ગેટ પર નાખવા મોકલ્યો. પોલીસો દાઝ્યા. ધરપકડ. કેસ. 11 વર્ષની કેદની સજા.

## ભટ્ટ, જયશંકર ગોવર્ધનરામ

નિવાસ : એલિસબ્રિજ, અમદાવાદ.

આર્થિક નબળાઈ. ધર્માદામાં અભ્યાસ. મૅટ્રિક. નગરપાલિકામાં નોકરી. 1930-32 : મીઠાના સત્યાગ્રહીઓને સહાય. લાઠીમાર, દવાખાનામાં ઉપચાર કરવો પડ્યો. 1942 : નગરપાલિકામાં અંગ્રેજની નિમણૂકનો વિરોધ. અસહકાર. 6 મહિના કારાવાસ. 1956 : મહાગુજરાત આંદોલનમાં ગોળીબારમાં પુત્રનું મરણ.

## ભટ્ટ, જયંતિલાલ જગન્નાથી

ભાવનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લેવાથી ધરપકડ કરવામાં આવી. જેલની સજા ભોગવી. રાજ્ય-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## ભટ્ટ, જયંતિલાલ હરિશંકર

જન્મ : 1915. હાડેવા, તા. માતર.

વિદ્યાર્થી હતા ત્યારે લડત શરૂ થતાં ગેરકાયદે પત્રિકા વહેંચતા પકડાયા અને ખૂબ શારીરિક ત્રાસ વેઠ્યો પડ્યો હતો.

1942ની લડત બાદ જેલમાંથી છૂટ્યા પછી માતર તાલુકા કૉંગ્રેસ સમિતિનું મંત્રીપદ સંભાળ્યું. માતરમાં વિવિધ પ્રવૃત્તિની આગેવાની લેતા.

## ભટ્ટ, જ્યોતીન્દ્ર મણિલાલ

અમદાવાદ.

વ્યવસાય : વકીલ, જાહેર સેવા. 1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. 10 ઑગસ્ટના રોજ ગુજરાત કૉલેજના મેદાનમાં સરઘસ પર ગોળીબાર થયો, ત્યારે દોડી જતાં થોરિયામાં પડ્યા. પોલીસે સખત માર્યા. તાર-ટેલિફોનનાં દોરડાં કાપ્યાં. પત્રિકાઓ વહેંચવા જતા. ભીંત પર ડામર લગાડી કાળું ભીંતપત્ર બનાવતાં ધરપકડ. ઘીકાંટા પોલીસચોકી પર લઈ જતાં નાસી ગયા. નંદલાલ જોશી સાથે બૉમ્બ બનાવ્યો. મણિનગર રેલવેસ્ટેશન પાસે બૉમ્બ અને રિવૉલ્વર લઈને, લોખંડનો પાટો મૂકવા ગયા. પોલીસ આવવાથી નાસી છૂટ્યા. નંદલાલે રાયપુર, પીપરડીની પોળે બૉમ્બ બનાવવા જતાં અકસ્માત થયો. તેમાં જ્યોતીન્દ્રનું નામ પોલીસને મળ્યું. તેથી જ્યોતીન્દ્રભાઈ વેશપલટો કરી દાહોદ, હાલોલ, વડોદરામાં ગુપ્ત રહ્યા. જાન્યુઆરી, 1943માં પોલીસ ઇન્સ્પેક્ટર સરયૂપ્રસાદ મહેતા સમક્ષ હાજર થયા. ત્યારે તેમની ઉંમર માત્ર 17 વર્ષની હોવાથી છોડી દીધા.

## ભટ્ટ, તનસુખ પ્રાણશંકર

જન્મ : 21 માર્ચ, 1907. વેકરિયા, જિ. ભાવનગર, સૌરાષ્ટ્ર.

ગોસેવા સંઘના કાર્યકર. 1930માં દાંડીકૂચમાં ગાંધીજીએ પસંદ કરેલા 81 સૈનિકોમાંના એક. ધરપકડ. કારાવાસ. સોજિત્રા અને ભાદરણમાં રહી ખેડા જિલ્લા સત્યાગ્રહપત્રિકાનું સંચાલન કર્યું. બ્રિટિશ સરકારનો પ્રતિબંધ છતાં દિલ્હીમાં ભરાયેલ કૉંગ્રેસના અધિવેશનમાં ખેડા જિલ્લાના પ્રતિનિધિ તરીકે હાજર, ધરપકડ, 10 દિવસ જેલમાં અટકાયત. (1933) ‘દાંડીયાત્રા’ નામનું ખંડકાવ્ય લખ્યું. મુંબઈની કૉલેજમાં પ્રાધ્યાપક.

## ભટ્ટ, ત્ર્યંબકલાલ ભગવાનદાસ

1928 : ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામસેવા દીક્ષિત. માતર તાલુકાની આર્થિક તપાસમાં કુમારપ્પાના સહયોગી. 1942 : ગોધરા તાલુકાનાં ગામોમાં ભાષણ. 6 મહિના કારાવાસ. 50 રૂપિયા દંડ. 1935 : ગોધરામાં પત્રિકાવિતરણ. 6 મહિના કઠોર કારાવાસ. દંડ. 1942 : લોકક્રાંતિ પ્રારંભથી અટકાયત. 14 મહિના.

## ભટ્ટ, ત્ર્યંબકલાલ હીરાલાલ

દાહોદ.

1942ની લડત દરમિયાન દાહોદમાં રાષ્ટ્રધ્વજ સહિત સરઘસ. સરકાર વિરોધી સૂત્રોચ્ચાર. સરઘસમાંથી સભા. ધરપકડ. 2 માસની સખત કેદ. રૂ. પચાસ દંડ. દંડ ન ભરે તો વધુ 2 માસની કેદ. સાબરમતી જેલમાં સજા ભોગવી.

## ભટ્ટ, દયાશંકર મણિશંકર

જન્મ : 24 જુલાઈ, 1902. પસુંજ, જિ. અમદાવાદ.

અખાડા-પ્રવૃત્તિ. ડૉ. સુમંત મહેતા, ઇન્દુલાલ યાજ્ઞિક, ડૉ. હરિપ્રસાદ દેસાઈના માર્ગદર્શન હેઠળ રોગચાળામાં ગામડાંઓમાં સેવા. 1920 : અસહકારની ચળવળમાં ગુજરાત કૉલેજનો ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. તેને માટે ફાળો ઉઘરાવવામાં સહાય. ચળવળનો પ્રચાર તથા રચનાત્મક પ્રવૃત્તિમાં વિશેષ રસ. નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં ભાગ લઈ, કારાવાસ. 193032ની ચળવળમાં ભાગ. દિલ્હીમાં કૉંગ્રેસ અધિવેશનમાં પ્રતિબંધ છતાં હાજર. 1942ની ‘હિન્દ છોડો’ લડત દરમિયાન છોટુભાઈ પુરાણી, ચંદ્રશંકર ભટ્ટના જૂથમાં રહીને ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય.

## ભટ્ટ, દલસુખરાય હરિપ્રસાદ

જન્મ : 1 એપ્રિલ, 1917. તળાજા, જિ. ભાવનગર.

1930માં ભાવનગર ખાતે વિદેશી કાપડનો બહિષ્કાર. પિકેટિંગમાં ભાગ. વિરમગામ સત્યાગ્રહ વખતે અટકાયત. 1.5 માસ જેલવાસ. પોલીસનો ત્રાસ. ત્રાપજમાં લોકજાગૃતિનું કાર્ય. રાજ્યનું પેન્શન એનાયત થયેલ છે.

## ભટ્ટ, દશરથલાલ મગનલાલ

જન્મ : 1905 આશરે. કપડવંજ, જિ. ખેડા.

1930-32ની ચળવળમાં સત્યાગ્રહીઓને મદદ કરવા સ્વયંસેવકની કામગીરી. લડતનો પ્રચાર. કપડવંજના છેલ્લા સરમુખત્યાર તરીકે સત્યાગ્રહ કરવાથી એક દિવસની-કોર્ટ ઊઠતાં સુધીની સજા.

## ભટ્ટ, દુર્ગાબહેન આત્મારામ

જન્મ : 13 જાન્યુઆરી, 1913. કર્મભૂમિ : રાજુલા, જિ ભાવનગર.

અભ્યાસ : મૉન્ટેસોરી ટ્રેઇન્ડ. પતિ આત્મારામભાઈ ભટ્ટ. 1930ની મીઠાની લડત વખતે વિરમગામ છાવણીમાં દંપતી જોડાઈ ગયું. ધરપકડ. 1931માં ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લઈ, ધરપકડ વહોરી, જેલમાં ત્રાસ વેઠ્યો. સાબરમતી જેલમાં કેદ. બીજી વાર ધરપકડ અને જેલવાસ. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ધરપકડ અને જેલવાસ. 1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે ભાવનગરમાં જેલવાસ. રાજ્યના નાનામોટા અન્યાયો સામે લડત.

અવસાન : 26 એપ્રિલ, 1966.

## ભટ્ટ, નરહરિ કેશવલાલ

જન્મ : 4 જૂન, 1909. અમદાવાદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળ વખતે ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થી ચળવળને કારણે વિદ્યાપીઠ બંધ થવાથી, ખેડા જિલ્લાનાં ગામોમાં પ્રચારકાર્ય. 22 એપ્રિલ, 1930 : મહેમદાવાદમાં ધરપકડ. 6 માસની સજા સાબરમતી અને યરવડાની જેલમાં ભોગવી. ગાંધી-ઇર્વિન કરાર થતાં લડત મોકૂફ થતાં મોડાસા તાલુકાના ઓઢા ગામમાં ભોગીલાલ ગાંધી સાથે રચનાત્મક પ્રવૃત્તિ. 1932માં મોડાસામાંથી 7 જાન્યુઆરી, 1932ના રોજ ધરપકડ. વિસાપુર જેલમાં 1 વર્ષને 4 મહિના જેલ ભોગવી. 1934માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ફરી ધરપકડ, 6 માસની સજા. સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ પત્રકારત્વ અને

કોષકાર્યમાં પ્રવૃત્ત. લેખક. અવસાન થયેલ છે.

## ભટ્ટ, નર્મદાબહેન

જન્મ : 1903. આણંદ.

1930ની લડત દરમિયાન કરાડી-મટવાડમાં તેમણે સેવા આપી હતી; તે દરમિયાન ધરપકડ થઈ. લડતમાં ભાગ લેવાને કારણે તેમણે બે વાર જેલની સજા ભોગવી હતી.
અવસાન : 1966.

## ભટ્ટ, નર્મદાબહેન ચીમનલાલ

ડભાણ, જિ. ખેડા.

અભ્યાસ : ધોરણ 7 ગુજરાતી. 1930 : દારૂબંધી તથા વિદેશી કાપડના બહિષ્કાર માટે દુકાનો પર પિકેટિંગ. 3 મહિના કારાવાસ.
ભટ્ટ, નર્મદાબહેન રતુપ્રસાદ
જન્મ : 16 સપ્ટેમ્બર, 1903. આણંદ.
પતિ રતુપ્રસાદ ભટ્ટ. સત્યાગ્રહી. સદા પતિની સાથે. રાષ્ટ્રીય શાળામાં તેમજ સત્યાગ્રહમાં. 1920 : બંને સ્વયંસેવક. ના-કર લડતમાં પોલીસની કડક નાકાબંધી. 1930માં કારાવાસ. 1932માં કારાવાસ. 1940-42 : આંદોલનમાં સક્રિય. આજીવન ખાદીવ્રતધારી.
અવસાન : 19 એપ્રિલ, 1966.

## ભટ્ટ, નવનીતકલાબહેન ઇંદુપ્રસાદ ભટ્ટ

મહેસાણા જિલ્લાના ખાખરિયા ટપ્પામાં મોટાં બહેન તરીકે જાણીતાં. જિલ્લાનાં મહિલા કાર્યકર્તા.
ડૉ. સુમંત મહેતાનો સંપર્ક થતાં રાજકીય અને સામાજિક ઉન્નતિના વિવિધ ક્ષેત્રે કામગીરી.
જિલ્લા કૉંગ્રેસ અને લોકલ બોર્ડમાં વિવિધ સ્થાનો પર રહીને સેવા. વટવામાં ચાલતા શ્રી રામકૃષ્ણ સાર્વજનિક દવાખાનાનાં સંચાલક. 1942ની ‘હિન્દ છોડો’ લડત દરમિયાન મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સુપરસીડ થતાં શિક્ષિકાની નોકરીમાંથી રાજીનામું.

## ભટ્ટ, નંદશંકર નાથાલાલ

જન્મ : 15 માર્ચ, 1906. અમદાવાદ.

1930માં સ્વરાજ્યની લડત દરમિયાન મજૂર મહાજન સંઘ તરફથી 50 મજૂર-સ્વયંસેવકોની ટુકડીના નાયક તરીકે ધરાસણાના નમક સત્યાગ્રહમાં ભાગ લીધો. દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ કરતાં ધરપકડ અને 1 માસની સજા. મજૂર-સ્વયંસેવકોની સત્યાગ્રહ છાવણીના વ્યવસ્થાપક.

## ભટ્ટ, નાથુભાઈ કાશીરામ

જન્મ : 14 ઑગસ્ટ, 1901. રાયમા, જિ. ભરૂચ.

જમીનદાર પરિવાર. વ્યવસાય : ખેતીવાડી, ભરૂચ. પૂરપીડિતોની સેવા. છોટુભાઈના સાથી. દેતરાઈ મીઠા-સત્યાગ્રહ. ધરાસણા સત્યાગ્રહ. નાનીમોટી લડતમાં સમયાંતરે સક્રિય. આર્થિક હાનિ વેઠી. દાંડીકૂચ વેળા ગાંધીજીનો પડાવ. સેવાસગવડની વ્યવસ્થા. 1942 : ‘હિન્દ છોડો’ લડતમાં ભૂગર્ભવાસીઓ માટે વ્યવસ્થા. શોલાપુર ફાંસી કાંડ વિરોધી હડતાળ સંચાલનમાં પોલીસના લાઠીમારથી લકવો. અપંગ દશા.
અવસાન : 6 ડિસેમ્બર, 1963.

## ભટ્ટ, નાનાભાઈ કાલિદાસ

જન્મ : 11 નવેમ્બર, 1882. સણોસરા, જિ. ભાવનગર.

પ્રસિદ્ધ રાષ્ટ્રીય કેળવણીકાર. સત્યાગ્રહના દરેક તબક્કામાં સક્રિય ભાગ. 1930માં બિનજકાતી મીઠું ઉપાડવા વિરમગામની સત્યાગ્રહ છાવણીના સેનાની. સેંકડો લોકોને પોલીસોએ નિર્દયતાથી માર્યા હોવાથી, તેમની સારવારની વ્યવસ્થા કરીને આશ્વાસન આપ્યું. 1 વર્ષની સજા. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલનમાં ધરપકડ. 2 વર્ષની જેલ. 1910માં ભાવનગરમાં

દક્ષિણામૂર્તિ શિક્ષણસંસ્થા સ્થાપીને સંચાલન. 1924-26 : ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક. 1938 : ભાવનગર પાસે આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિની સ્થાપના. સૌરાષ્ટ્ર રાજ્યમાં શિક્ષણપ્રધાન. 1954માં સોનગઢ પાસે સણોસરામાં 'લોકભારતી' ગ્રામવિદ્યાપીઠ સ્થાપી. લેખક. પુસ્તકો : 'મહાભારતનાં પાત્રો', 'રામાયણનાં પાત્રો', 'લોકભાગવત', 'ઉપનિષદો', 'હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ' વગેરે.
અવસાન : 31 ડિસેમ્બર, 1961.

## ભટ્ટ, નાનુભાઈ નિત્યાનંદ

જન્મ : 1924. અમદાવાદ.

1942ની ચળવળમાં બૉમ્બપ્રવૃત્તિમાં ભાગ લીધો. વીજળીનાં સબસ્ટેશનોના બૉમ્બ કેસમાં ભાગ લીધો. બાબુભાઈ મહાત્માની સૂચના મુજબ સ્ટેશનથી માલ છોડાવી લાવવો, સાચવવો, પોલીસ પર ઍસિડ ભરેલા બલ્બ ફેંકતા. રેલવે-ટ્રેન ઉથલાવવા ટોળકનગર પાસે ડીરેલર મૂક્યો. પ્રતિજ્ઞાપત્ર પર લોહી વડે સહી કરી. નાસભાગ. ચેન્નાઈ (મદ્રાસ), મુંબઈ, ત્રિચિનાપલ્લીમાં ગુપ્ત વાસ, જૂન, 1946માં અમદાવાદમાં પાછા ફર્યા.

## ભટ્ટ, નાનુભાઈ હરિપ્રસાદ

જન્મ : 1903. વતન : ઉમરેઠ, જિ. ખેડા.

અભ્યાસ : વિજ્ઞાનવિશારદ, ગૂજરાત વિદ્યાપીઠ. 1920ની અસહકારની લડત શરૂ થતાં સરકારી કૉલેજનો અભ્યાસ છોડી વિદ્યાપીઠમાં જોડાઈ વિજ્ઞાનવિશારદ થયા. દરમિયાન ખેડા જિલ્લાના બોરસદ તાલુકામાં લડતનું પ્રચારકાર્ય કર્યું. રાષ્ટ્રીય શાળામાં મુખ્ય શિક્ષક તરીકે સેવા આપી.
1921માં બારડોલી સ્વરાજ્ય આશ્રમમાં કામ કર્યું. તે પછી અમદાવાદ શહેરમાં તથા મુંબઈના ઉપનગર અને પરાં વિસ્તારોમાં દારૂનિષેધનો પ્રચાર કર્યો તથા દારૂની દુકાનો ઉપર પિકેટિંગ કર્યું.

## ભટ્ટ, નારણદાસભાઈ

જન્મ : 6 માર્ચ, 1917. જામનગર.

અમદાવાદની કાપડ મિલમાં કામદાર. 1930-31ની લડતમાં ભાગ. અમદાવાદ મિલ કામદારોની હડતાળમાં સક્રિય. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે સત્યાગ્રહીઓની ટુકડીમાં સામેલ. આગાખાન મહેલ જતાં ધરપકડ. કુલ્લે 41 માસ યરવડામાં જેલવાસ. 1975ના કટોકટી કાળ વખતે 11 માસ જેલવાસ. 1983 : આસામ રિલીફ સોસાયટીના ઉપક્રમે આસામમાં સેવા.

## ભટ્ટ, નારુશંકર મણિશંકર

જન્મ : 17 ફેબ્રુઆરી, 1906, પાંજરોલી, જિ. ભરૂચ.

1923 : ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ. 1930માં ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા. 1931માં મહેમદાવાદમાં સત્યાગ્રહ. ગોઠાજ મુકામે સત્યાગ્રહીઓની છાવણી સંભાળી. તે દરમિયાન નડિયાદમાંથી ધરપકડ. તે વખતે પોલીસે ખૂબ માર્યા. 6 મહિનાની જેલની સજા થઈ. 1933માં મહેમદાવાદમાં સત્યાગ્રહ કરવાથી ધરપકડ. 1 વર્ષ અને 6 મહિનાની સજા થઈ. 1938થી 1942 સુધી ચોર્યાસી તાલુકામાં લડતનો લોકોમાં પ્રચાર. 1940-41 : સત્યાગ્રહ કરી 4 માસની જેલ ભોગવી. 1942માં 1 વર્ષ અને 6 મહિના જેલમાં અટકાયતી કેદી. રચનાત્મક કાર્યકર.

## ભટ્ટ, પરમાનંદ

રાજકોટ.

1937-38માં લડતમાં ભાગ લેવાનો શરૂ કર્યો. દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ કર્યું. દરબારગઢ

ઉપર પિકેટિંગમાં ભાગ લીધો. ત્રણ માસની સજા થઈ. 1942ની ચળવળમાં અમદાવાદમાં રહી ભૂગર્ભ-પ્રવૃત્તિમાં, પત્રિકા છાપવામાં ભાગ લીધો. સરકારે પકડવા માટે વૉરંટ કાઢ્યું, પણ પકડાયા નહિ. ધરપકડ માટે ઇનામ જાહેર કર્યું, પણ સફળતા મળી નહિ.

## ભટ્ટ, પૂંજાભાઈ સોમેશ્વર

કઠલાલ, જિ. ખેડા.

વ્યવસાય : વકીલ. વીસમી સદીના પ્રથમ દાયકામાં મોહનલાલ પંડ્યા, કૃપાશંકર પંડિત સાથે ક્રાંતિકારી પ્રવૃત્તિમાં સક્રિય. અમદાવાદમાં 13 નવેમ્બર, 1909ના રોજ લૉર્ડ અને લેડી મિન્ટો પર બૉમ્બ ફેંકાયા. તેમાં પૂંજાભાઈ સામેલ. બ્રિટિશ પોલીસ પકડી શકી નહિ. પાછલા જીવનમાં સંન્યસ્ત. 'પૂર્ણાનંદ સ્વામી' તરીકે પૂંજાભાઈનું મોટી ઉંમરે વારાણસીમાં અવસાન થયું.

## ભટ્ટ, પ્રેમશંકર કેશવલાલ

જન્મ : 1895. માંડવી, સૂરત.

અભ્યાસ : પુણે ફરગ્યુસન કૉલેજ, મુંબઈ ઝેવિયર્સ કૉલેજ, બી.એ.. વ્યવસાય : ખેતીવાડી, જનસેવા. 1928 : બારડોલીના હિજરતીઓને આશ્રય. 1930માં દારૂબંધી માટે પિકેટિંગમાં સક્રિય. 1938 : હરિપુરા અધિવેશનમાં સેવા. 1932 તથા 1942માં કારાવાસ. વિવિધ સાર્વજનિક પ્રવૃત્તિ.

## ભટ્ટ, પ્રેમશંકર નરભેશંકર

જન્મ : 15 માર્ચ, 1911. ભાવનગર.

રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા દક્ષિણામૂર્તિમાંથી વિનીત. 1928 : બારડોલી સત્યાગ્રહમાં સ્વયંસેવક. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં. પહેલાં બોરસદ તાલુકામાં, પછી વિરમગામ તાલુકામાં સત્યાગ્રહી. વિરમગામ તાલુકાના રામપુરા ભંકોડા ગામમાંથી ધરપકડ. 6 માસની સજા. સાબરમતી, યરવડા તથા વિસાપુર જેલોમાં સજા ભોગવી. 1931 : પછી શાંતિનિકેતન વિશ્વભારતીમાં બી.એ. સુધી અભ્યાસ. 1936-38 : જર્મનીમાં શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ. 1939-47 : ભાવનગરમાં ઘરશાળામાં કામ કર્યું. 1948થી મજૂરકલ્યાણપ્રવૃત્તિ.

## ભટ્ટ, બચુભાઈ રતુભાઈ

ભરૂચ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં છોટુભાઈ પુરાણી અને ચંદ્રશંકર ભટ્ટના ભૂગર્ભપ્રવૃત્તિના સાથીદાર. વેડચના થાણા પર હલ્લો કરતા અગાઉ ત્યાંનો અભ્યાસ કરવા ઠાકોરભાઈ શાહ સાથે ગયા. ત્યાં વહેમ જતાં પોલીસે ધરપકડ કરી, જેલમાં પૂરી દીધા.

## ભટ્ટ, બહેચરભાઈ લલ્લુભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1930ના સત્યાગ્રહમાં સક્રિય. 1932માં 1 વર્ષ કારાવાસ. 1942ની લોકક્રાંતિમાં ધરપકડ. અટકાયત.

## ભટ્ટ, બાબુભાઈ વજેરામ

જન્મ : 5 ઑક્ટોબર, 1914. ઘોઘા, જિ. ભાવનગર, સૌરાષ્ટ્ર.

1930-31માં ઘોઘા સત્યાગ્રહમાં ભાગ લીધો. ત્યાર બાદ 1938માં રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. ખૂબ સહન કર્યું. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાયા. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો.

## ભટ્ટ, બાબુલાલ કિરપારામ

દાહોદ.

1930ની લડત દરમિયાન દાહોદમાં કલાલના ઝાંપા પર આવેલાં દારૂનાં પીઠાં પર શાંતિમય પિકેટિંગ. માલિકોએ ફરિયાદ કરતાં ધરપકડ.

કેસ ચલાવી 1 માસની કેદની સજા.

## ભટ્ટ, બાલુભાઈ કાળીદાસ

જન્મ : 14 ડિસેમ્બર, 1914.

વતન : જાળિયા, જિ. અમરેલી.

1940ના વ્યક્તિગત સત્યાગ્રહમાં પકડાયા અને સાબરમતી તેમજ વિજાપુર જેલમાં છ માસ જેલવાસ ભોગવ્યો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભાગ લીધો. ભૂગર્ભપ્રવૃત્તિઓમાં જોડાયા. 1945 સુધી ભૂગર્ભમાં રહ્યા. ભૂગર્ભપત્રિકાઓ ચલાવતા.

અવસાન : 8 ઑગસ્ટ, 1963.

## ભટ્ટ, બ્રહ્મકુમાર રણછોડલાલ

જન્મ : 8 ઑક્ટોબર, 1921. અમદાવાદ.

1942ની ચળવળ વખતે ખાડિયાના વૉર્ડનાયક. વિદ્યાર્થી નેતા. રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળના આગેવાન. વારંવાર સરઘસો, સભાઓ, પત્રિકાવહેંચણીનું આયોજન અને સંચાલન. તાર, ટેલિફોનનાં દોરડાં કાપતા. બીજી ટર્મમાં એચ.એલ. કૉમર્સ કૉલેજ અને લૉ કૉલેજ (એલ. એ. શાહ) શરૂ થતાં બંધ કરાવવા તેના ઉપર હુમલા કરી વિદ્યાર્થીઓને માર્યા. 10 માર્ચ, 1943ની સવારે ધરપકડ. તે અગાઉ ભૂગર્ભમાં. સાબરમતી જેલમાં અટકાયત. જૂન, 1943માં છૂટ્યા. તે અગાઉ સરઘસમાંથી ધરપકડ કરીને 1.5 માસની કેદ ભોગવીને નવેમ્બર, 1942માં છૂટ્યા હતા. જેલમાં વર્ગો ચલાવતા. રાષ્ટ્રીય પ્રશ્નોની ચર્ચા કરતા. કૉંગ્રેસી નેતા. ભૂતપૂર્વ ચૅરમૅન : ગુજરાત વિદ્યુત બૉર્ડ. મહાગુજરાતની ચળવળના આગેવાન.

## ભટ્ટ, ભગવતલાલ મણિલાલ

જન્મ : 1916. માણેકબાગ, અમદાવાદ.

1930ની ચળવળમાં વાનરસેનામાં જોડાઈ, સભા-સરઘસોમાં જોડાયા. 1942ની ચળવળમાં ગુપ્ત રહીને ભૂગર્ભપ્રવૃત્તિ ચલાવતા. કેટલાક કાર્યકરોને પોતાને ઘેર ગુપ્ત આશ્રય આપ્યો. ચળવળની ભાંગફોડની પ્રવૃત્તિઓમાં સહકાર આપ્યો. તાર-ટેલિફોનનાં દોરડાં કાપવાં, પત્રિકાઓ વહેંચવી.

ભટ્ટ, ભદ્રશંકર મંછારામ (સ્વામીશ્રી ભદ્ર)

જન્મ : 12 જાન્યુઆરી, 1899. ગણદેવી, સૂરત. 1920 : મુંબઈ ઇજનેરી કૉલેજમાં અભ્યાસ પડતો મૂકી અસહકાર આંદોલનમાં જોડાયા. મદ્યનિષેધ, ખાદી, અસ્પૃશ્યતાનિવારણ આદિ ક્ષેત્રે સક્રિય. યુવકપ્રવૃત્તિ. 1932 : સિંધમાં સત્યાગ્રહ. કારાવાસ 6 મહિના. જવાહરલાલના પ્રમુખપદ નીચે સિંધમાં મળેલી પ્રજાપરિષદના સ્વાગતમંત્રી. 'સિંધસેવક', 'મહાગુજરાત', આદિ પત્રો કાઢ્યાં. પત્ની સવિતાબહેન પણ સત્યાગ્રહમાં. કારાવાસ 6 માસ. ઉત્તરજીવનમાં યોગી. આશ્રમની સ્થાપના. શ્રી ભદ્ર આશ્રમ.

## ભટ્ટ, ભાઈશંકર મણિશંકર

પસુંજ, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ.

વડોદરા રાજ્યમાં 1921-22માં ગણદેવીમાં મોજણી કામદાર. અસહકારના આંદોલનની અસર હેઠળ પરદેશી કાપડનો બહિષ્કાર, રેંટિયાપ્રચાર, મદ્યનિષેધ વગેરે પ્રવૃત્તિઓ ગણદેવીમાં શરૂ કરી. સરકારી નોકરીમાંથી રાજીનામું. પછી 1922માં સોનગઢ, વ્યારામાં આદિવાસી સેવા. 1925માં બીલીમોરામાં પ્રજામંડળનું અધિવેશન, તેમાં આદિવાસીઓને મોટી સંખ્યામાં હાજર રાખી, તેની સફળતામાં વિશેષ પ્રદાન. 1928ના બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. 3 માસની સખત કેદની સજા. આદિવાસીઓની સેવામાં જીવન વિતાવ્યું.

## ભટ્ટ, ભાનુપ્રસાદ જેશંકર

વડોદરા.

1921માં વાનરસેનામાં સક્રિય. 1928 : સાઇમન પંચ વિરોધી કાળા વાવટાનો દેખાવ.

સાબરમતી આશ્રમના વારંવારના યાત્રી. 1930 : મીઠા-સત્યાગ્રહમાં સક્રિય. રા. બ. રણછોડલાલ છોટાલાલ હાઈસ્કૂલ પર ધ્વજ ફરકાવતાં પકડાયા. પુષ્કળ માર ખાધો. કારાવાસ. દાંડી સત્યાગ્રહમાં સક્રિય.

## ભટ્ટ, (ડૉ.) મગનલાલ એલ.

જન્મ : 15 ઑગસ્ટ, 1907. અમરેલી.

1930-31ની મીઠાની લડતમાં જોડાયા. ધોલેરા મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. 6 મહિના કેદ સાબરમતી જેલમાં ભોગવી, પાછળથી યરવડા જેલમાં. 1931માં ફરી પકડાયા. 6 મહિનાની જેલ. ત્યાર બાદ કોલકાતા જઈને ત્યાં બંગાળી ક્રાંતિકારીઓની સાથે જોડાયા. ત્યાં 8 માસની સજા ભોગવી. 1938માં હરિપુરા કૉંગ્રેસમાં ભાગ લીધો. ત્યાર બાદ રાજકોટ સત્યાગ્રહમાં જોડાયા અને પકડાયા. સરધારની જેલમાં અટકમાં. ફૉરવર્ડ બ્લૉકમાં જોડાયા અને સુભાષબાબુના વિદેશગમન બાદ તેઓ બર્મા-મલેશિયા ગયા. આઝાદ હિન્દ ફોજમાં જોડાયા. એક લશ્કરી ટુકડીના કૅપ્ટન હતા. કોહિમા, મણિપુર, બર્મા તેમજ અન્ય પ્રદેશોમાં લડાઈમાં જોખમી કામો કર્યાં, પકડાયા. દિલ્હી જેલમાં પૂર્યા. આઝાદ હિન્દ ફોજ ખટલા બાદ મુક્તિ મળી.

## ભટ્ટ, મગનલાલ રવજીભાઈ

પોરબંદર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં સક્રિય ભાગ લીધો. રાજ્યના જુલમોના ભોગ બન્યા. રાજ્ય સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## ભટ્ટ, મગનલાલ હિંમતરામ

જન્મ : 1900. રાજપીપળા, જિ. નર્મદા.

અભ્યાસ : ધોરણ 7 ગુજરાતી. 1917 : હોમરૂલ લીગમાં સક્રિય. 1932 : પત્રિકાવિતરણ. માર ખાધો. 'નવજીવન' અને 'હરિજનબંધુ'. કાર્યક્ષેત્ર : સૂરત.
1942 : લોકક્રાંતિ. 3 વાર થઈને 4 વર્ષ કારાવાસ. ચાંદોદ-કરનાળીમાં ધાર્મિક જીવન.

## ભટ્ટ, મણિલાલ મથુરભાઈ

જન્મ : 1906. સરસવણી, ખેડા.

અભ્યાસ : ધોરણ 6 અંગ્રેજી. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ. સમાધાનથી 3 મહિને છૂટી ગયા. કારાગૃહના કઠોર જીવનથી રોગગ્રસ્ત.
અવસાન : 1948.

## ભટ્ટ, મણિશંકર મોહનલાલ

જન્મ : 5 માર્ચ, 1915. ભાવનગર.

ફૂલચંદભાઈની આગેવાની હેઠળ પરદેશી કાપડ ઉપરના પિકેટિંગમાં ભાગ લીધો. 1930ની મીઠાની લડત વખતે સ્વયંસેવક તરીકે કામ કર્યું. ધ્રાંગધ્રાની લડતમાં જોડાયા. માર સહન કર્યો. 1942ની લડતમાં ભાગ લીધો.
અવસાન : 5 જૂન, 1946.

## ભટ્ટ, મણિશંકર રેવાશંકર

1930ની લડત વખતે મીઠાનો સવિનય કાનૂનભંગ કરતાં પકડાયા. જેલવાસ ભોગવ્યો.

## ભટ્ટ, મદનલાલ નાનાલાલ

જન્મ : 3-12-1923. ભરૂચ.

1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થતાં તેમાં ગામના બીજા યુવાનો સાથે જોડાયા. રેલવેના પાટા ઉખેડવા જેવા કામમાં ભાગ લીધો. ધરપકડ થઈ. 10 વર્ષની સજા થઈ.

## ભટ્ટ, મનુભાઈ ગૌરીશંકર

નિવાસ : બાજવાડા, વડોદરા.

1931-32 : પ્રભાતફેરી. સભા-સરઘસ. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. એક સમયે એક ગ્રાહકના

ધારિયાના મારનો ભોગ બન્યા. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલન, અમદાવાદ. વીજળી ઉપમથકોમાં બૉમ્બ મૂકવાની પ્રવૃત્તિમાં સહકાર્યકર. ભૂગર્ભવાસ.

## ભટ્ટ, મનુભાઈ મોહનલાલ

જન્મ : 23 મે, 1923.

વતન : સરસવણી, ખેડા. અભ્યાસ : સ્નાતક, ગૂજરાત વિદ્યાપીઠ. 1940 : શાળાનો ત્યાગ બોચાસણ. વલ્લભવિદ્યાનગરમાં પ્રવેશ. 1941 : અમદાવાદ કોમી હુલ્લડમાં શાંતિસૈનિકો માટે રસોડાનું સંચાલન. 1942 : આંકલાવ આદિ ગામોમાં સક્રિય. 6 મહિના કારાવાસ. 1943 : પત્રિકાપ્રચાર. 8 મહિના કારાવાસ. 26-1-1944 : ફરી 1 વર્ષ અને 6 મહિના કારાવાસ.

## ભટ્ટ, મહિપતરામ

માળિયા હાટીના, જિ. જૂનાગઢ.

જૂનાગઢના નવાબી રાજ્યના જુલમો સામે લડત આપી. સહન કર્યું. રાજ્ય-સરકાર તરફથી પેન્શન એનાયત થયેલ છે.

## ભટ્ટ, ડૉ. મહેશકુમાર શ્રીપાદ

જન્મ : 10 ઑગસ્ટ, 1919. અમરેલી.

અભ્યાસ : એલ.સી.પી.એસ.

વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રવાદી. રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભાગ લેતા. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળ વખતે ભૂગર્ભમાં રહીને કામ કર્યું અને ભૂગર્ભપ્રવૃત્તિઓ ચલાવનારાઓને મદદરૂપ થતા રહ્યા. સ્વરાજ બાદ રચનાત્મક પ્રવૃત્તિ, મુખ્યત્વે હોમગાર્ડ્ઝની પ્રવૃત્તિમાં સક્રિય.

## ભટ્ટ, મંછાબહેન માધવરામ

બારડોલી.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં સક્રિય ભાગ લીધો. બારડોલીમાં સ્વયંસેવિકા દળની રચના કરી. તેના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ. આ દળનાં બહેનો મંછાબહેનની સૂચના મુજબ રોજ દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરવા જતાં હતાં.

## ભટ્ટ, મુકુંદરાય નંદલાલ

જન્મ : 8 જૂન, 1913. વરલ, જિ. ભાવનગર.

1930ના મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. સજા થઈ. જેલવાસ ભોગવ્યો. ધ્રાંગધ્રા લડતમાં જોડાયા. માર સહન કર્યો.

અવસાન : 16 નવેમ્બર, 1978.

## ભટ્ટ, મૂળજીભાઈ સદાશિવ

દાહોદ.

1930ની લડત દરમિયાન દાહોદમાં કલાલના ઝાંપા પર આવેલાં દારૂનાં પીઠાં પર શાંતિમય પિકેટિંગ. માલિકો દ્વારા ફરિયાદ. ધરપકડ. ફોજદારી કેસ. ચાર માસની કારાવાસની સજા.

## ભટ્ટ, મૂળશંકર મોહનલાલ

જન્મ : 1907. કાર્યક્ષેત્ર : ભાવનગર.

શિક્ષણ : ભાવનગરમાં વિનીત. ગૂજરાત વિદ્યાપીઠમાં સ્નાતક, સંગીતશાસ્ત્રમાં. દક્ષિણામૂર્તિ, ભાવનગરમાં શિક્ષણકાર્ય. 1930-31 : વિરમગામ છાવણીમાં 1 વર્ષની કેદ. મીઠા-સત્યાગ્રહ. પાટડી, ખારાઘોડામાં સક્રિય. 1942 : ભાવનગરમાં પત્રિકાપ્રચાર, પ્રવચનો. લોકભારતીમાં અધ્યાપન. જુલે વર્નની વિજ્ઞાનકથાઓનું ભાષાંતર.

## ભટ્ટ, મૃદુલાબહેન મણિશંકર

વતન : વઢવાણ.

1930ની મીઠાની લડત વખતે વિરમગામ છાવણી નીચે સત્યાગ્રહ કરતાં પકડાયાં. જેલવાસ ભોગવ્યો.

## ભટ્ટ, મોહનલાલ ગોકુળદાસ

જૂનાગઢ.

જૂનાગઢના નવાબી રાજ્ય તરફથી કરવામાં આવેલા જુલમોના ભોગ બન્યા. રાજ્ય-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત કરવામાં આવ્યું છે.

## ભટ્ટ, મોહનલાલ મગનલાલ

જન્મ : 2 ઑગસ્ટ, 1898. રાજપીપળા, જિ. નર્મદા.

1920 : ઇન્દોરની મેડિકલ સ્કૂલ છોડી અસહકારમાં જોડાયા. 1921 : હિન્દી 'નવજીવન'માં જોડાયા. 1922 : અમદાવાદ આંતરરાષ્ટ્રીય વૃત્તસેવા રૉઇટર તથા ઍસોસિયેટેડ પ્રેસની સુવિધાવાળા દૈનિક 'સ્વરાજ'ના તંત્રી. 1923 : અગ્રલેખ માટે 1 વર્ષ કારાવાસ. 1924 : 'નવજીવન'માં પુનરાગમન. 1927માં 'નવજીવન'ના મુખ્ય વ્યવસ્થાપક. 1929માં 'નવજીવન' ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી. 1930 : દાંડીયાત્રામાં કારાવાસ. 'નવજીવન' મુદ્રણાલય જપ્ત. 1931 : ગાંધી-ઇર્વિન સંધિ. મુદ્રણાલયનું પુનઃસ્થાપન. 1932 : બે વર્ષ કારાવાસ. ફરી મુદ્રણાલય જપ્ત. 1934માં મુદ્રણાલયની પુનઃસ્થાપના. પાછળથી સમેટી લેવાયું. હિન્દીપ્રચાર, રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના મંત્રી. પ્રયાગ હિન્દી સાહિત્ય સંમેલનના સચિવ.

## ભટ્ટ, યશસ્વતીબહેન

અમદાવાદ.

1942ની ચળવળમાં ખાડિયાનાં સ્ત્રી-વૉર્ડનાયક. સ્ત્રીઓનાં સરઘસો કાઢ્યાં. જેલમાંથી ગુપ્ત સંદેશા લાવવા-લઈ જવા. શહીદોના પરિવારને, જેલમાં ગયેલાના પરિવારને આર્થિક સહાય. ઘવાયેલાની સારવારમાં મદદ.

## ભટ્ટ, રતુપ્રસાદ નાથાભાઈ

જન્મ : 22 જુલાઈ, 1900. ભરૂચ.

1921-42 : સત્યાગ્રહ આંદોલનના દરેક તબક્કે સક્રિય. દરેક પ્રસંગે કારાવાસ. નાગપુર ઝંડા સત્યાગ્રહ, બારડોલી ના-કર સત્યાગ્રહ, ધરાસણા મીઠા-સત્યાગ્રહ, 'હિન્દ છોડો' આંદોલન આદિ. અગરો પર ટુકડીઓ લઈ જતાં બહુ માર ઝીલ્યો. વ્યાયામ, રાષ્ટ્રીય શિક્ષણ, હરિજનસેવામાં સક્રિય.

## ભટ્ટ, રમણલાલ શંકરલાલ

ઉમરેઠ, જિ. આણંદ.

1930ના દારૂનાં પીઠાં અને વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. રાણપુર, બોટાદ, ઘોઘા અને ધંધૂકા, માતર ક્ષેત્રમાં રચનાત્મક કાર્યક્રમ. ધોલેરા, ધોળકામાં સક્રિય. પોલીસનો માર ખાધો. સાબરમતી, ધંધૂકા, નાશિકમાં કારાવાસ. જાગૃતિપ્રેરક લેખો, ગીતો. પત્રિકાવિતરણ. ભીંતપત્રિકામાં સક્રિય. વ્યવસાય : પત્રકાર.

## ભટ્ટ, રમણલાલ સ.

નિવાસ : ડાકોર, ખેડા.

વ્યવસાય : સૅનિટરી ઇન્સ્પેક્ટર. 18 વર્ષની વયે અભ્યાસત્યાગ. 1930માં લસુંદ્રા મીઠા-સત્યાગ્રહ. ધરાસણા સત્યાગ્રહમાં પાશવી માર. રુગ્ણાલયમાં. 3 મહિના કારાવાસ. ડાકોર સુધરાઈમાં નોકરી. દરમિયાન હરિજનસેવા, મદ્યનિષેધપ્રચાર.

## ભટ્ટ, રમણીકલાલ ડાહ્યાલાલ

જન્મ : 8 જાન્યુઆરી, 1920. મોરબી, જિ. રાજકોટ.

અભ્યાસ : બી.એસસી..

1942ની 'હિન્દ છોડો' લડતમાં સૂરત, વિરમગામ, વલસાડ તથા બીજા વિસ્તારોમાં ભૂગર્ભમાં રહીને કામ કર્યું. પૃથ્વીસિંહ આઝાદના સંપર્કમાં આવ્યા. અહિંસક વ્યાયામ સંઘની મલાડની શિબિરમાં જોડાયા. શિક્ષણક્ષેત્રે સેવા બાદ નિવૃત્ત.

## ભટ્ટ, રમાકાંત નાનાલાલ

જન્મ : 10 જુલાઈ, 1924. ઢસા જંકશન.

1942માં ભાવનગર બંદરે પિકેટિંગ કરતાં પકડાયા. કોળિયાકમાં એક માસ અટકમાં રહ્યા.

## ભટ્ટ, રવિશંકર જેશંકર

તાજપુર, અમદાવાદ.

બબલભાઈ મહેતાના પરિચયથી દેશભક્ત. 1942ની ચળવળ દરમિયાન અભ્યાસ છોડી લડતમાં ભાગ લીધો. પોલીસનું વૉરંટ હતું છતાં એક માસ ગુપ્ત રહ્યા. આખરે પણસોરાથી પકડાયા. છ માસની જેલ થઈ. દેશ આઝાદ ન થાય ત્યાં સુધી લગ્ન નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી અને પાળી.

## ભટ્ટ, રામચન્દ્ર ગણપતરામ

વતન : લુણાવાડા. કાર્યક્ષેત્ર : વડોદરા.

લુણાવાડા પ્રજામંડળની વડોદરા શાખાના મંત્રી, બાપાલાલ પરીખ તેના પ્રમુખ હતા. રામચન્દ્ર વડોદરામાં ‘ભારતી’ સાપ્તાહિક પ્રગટ કરતા. તેમાં લુણાવાડા પ્રજામંડળની પ્રવૃત્તિ છાપતા. તેમાં તેમણે નોમાનઅલી સાંઢાસાલવાલાનો ફોજદારી કેસ પ્રગટ કર્યો. લુણાવાડા રાજ્યે તે માટે કોર્ટના તિરસ્કારનો ભટ્ટ પર કેસ કરી, આરોપી ભાગતો ફરે છે તેમ જણાવી તેમનું લુણાવાડાનું મકાન જપ્ત કર્યું. તેમનું સાપ્તાહિક લુણાવાડામાં જતું બંધ કર્યું. ભટ્ટે પોલિટિકલ એજન્ટને ફરિયાદ કરી મકાન પાછું મેળવ્યું.

## ભટ્ટ, રેવાશંકર પ્રાણશંકર

જન્મ : 16 ઑક્ટોબર, 1928. નિવાસ : અવિધા, ઝઘડિયા, જિ. ભરૂચ.

અભ્યાસ : શાળાંત. રાજપીપળા લોકસભાની સ્થાપના. છોટુભાઈ પુરાણીના આદેશાનુસાર સત્યાગ્રહ. ભાંગફોડની પ્રવૃત્તિ. પાટા ઉખેડ્યા. દસ વર્ષ કઠોર કારાવાસ. સાથીઓ પણ કારાગૃહમાં.

## ભટ્ટ, લીલાધર પી.

જન્મ : 1922. અમદાવાદ.

1942ની ચળવળમાં રાષ્ટ્રીય વિદ્યાર્થીમંડળના નેતા. સરઘસોમાં જોડાતા. વિદ્યાર્થીપ્રવૃત્તિનું આયોજન. લડત દરમિયાન વિદ્યાર્થી પરિષદ યોજી. વિદ્યાર્થીઓના સંપર્ક માટે સૂરત, વડોદરા, રાજકોટ ગયા. વડોદરામાં પોલીસને શરણે ગયા. 10 દિવસ તપાસ માટે એલિસબ્રિજ પોલીસચોકીમાં. 8 મહિના સાબરમતી જેલમાં અટકાયત. અવસાન થયેલ છે.

## ભટ્ટ, વલ્લભરામ વિજયરામ

જન્મ : 1899. ધનોરી.

વ્યવસાય : યજમાનવૃત્તિ. ગરીબ સ્થિતિ. ‘નવજીવન’ના વાચનમાંથી પ્રેરણા મળી. 1930ની ચળવળમાં સ્વાતંત્ર્યસૈનિક તરીકે ભાગ લેવા ધરાસણાના મીઠાના અગરો લૂંટવા જનાર ટુકડીમાં સામેલ થયા. ધરપકડ. એક માસની સખત કેદની સજા વરલીની જેલમાં ભોગવી.

## ભટ્ટ, વાસુદેવ કેશવલાલ

જન્મ : 26 જાન્યુઆરી, 1915. અમદાવાદ.

1930-32 : અમદાવાદ-વઢવાણમાં વાનરસેના. પરદેશી કાપડના ભંડારો પર પિકેટિંગ. પત્રિકા-વિતરણ. પ્રસિદ્ધ વ્યાયામકાર્યકર. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલનમાં અમદાવાદમાં તંત્ર-સંચાલન. ભૂગર્ભપ્રવૃત્તિ. ડિસેમ્બરમાં સાબરમતી કારાગૃહમાં 18 દિવસ રહી નાસી છૂટ્યા. બેલગામ, ધારવાડમાં પ્રશિક્ષણકેન્દ્રોમાં ગુપ્ત વાસ. 1944 : વડોદરા, પોલીસ સમક્ષ ઉપસ્થિત. કારાવાસ. 1945-50 : ગુજરાતમાં વ્યાયામપ્રચારમાં સક્રિય. 1950 : પોંડિચેરી(પુદુચેરી) અરવિંદ આશ્રમમાં સાધક.

## ભટ્ટ, વાસુદેવ ગંગાશંકર

જન્મ : 9 ઑક્ટોબર, 1914.

વતન : ડાકોર, ખેડા. અભ્યાસ : ધોરણ 5 અંગ્રેજી. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. છ મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ધરપકડનું વૉરંટ, પણ પકડાયા નહિ. 13-8-1942 : પોલીસ ગોળીબાર પ્રસંગે પોલીસ કર્મચારી ખોવાયાથી અટકાયતમાં. છ મહિના કારાવાસ. સરઘસ કાઢવા માટે 50 રૂપિયા દંડ.

## ભટ્ટ, વાસુદેવ માણેકલાલ

જન્મ : 19 ફેબ્રુઆરી, 1920. મુંબઈ.

અભ્યાસ : મૅટ્રિક. 1942 : મુંબઈ કૉંગ્રેસ મહાસમિતિની બેઠક. 'હિન્દ છોડો' ચળવળ. અભ્યાસ છોડી લડતમાં જોડાયા. વતનમાં સરઘસમાં ધરપકડ. એક માસ કાચી જેલમાં. છ માસની સજા. છ માસ ભૂગર્ભમાં. કૉંગ્રેસના કાર્યકર.

## ભટ્ટ, વાસુદેવ વૈજનાથ

જન્મ : 25 જૂન, 1912.

વતન : સરસવણી, જિ. ખેડા. અભ્યાસ : ધોરણ 7 ગુજરાતી. 1930 : મીઠા-સત્યાગ્રહમાં સક્રિય. દારૂની દુકાનોએ પિકેટિંગ. કારાવાસ તથા દંડ. સેવા કરતાં ઘણું સહન કરવું પડ્યું.

## ભટ્ટ, વાસુદેવ શંકરલાલ

નિવાસ : આણંદ.

1942 : 'હિન્દ છોડો' આંદોલન. ઉમરેઠ. ભૂગર્ભ-પ્રવૃત્તિ. પત્રિકાવિતરણ. ટપાલનો નાશ. ટપાલલૂંટ. પકડાયા. છ મહિના કારાવાસ. મુક્તિ પછી યુવા સંગઠન પ્રવૃત્તિ. સામાજિક સેવાકાર્યો.

## ભટ્ટ, વિજયશંકર ચેનશંકર

વતન : લુણાવાડા. નિવાસ : અમદાવાદ.

1938ની હરિપુરા કૉંગ્રેસ સમયે દાહોદના કમળાશંકર પંડ્યાનો પરિચય. લુણાવાડામાં પ્રજાના હકો માટે ચળવળ કરવા પ્રોત્સાહન. લુણાવાડામાં પંચમહાલના સમાજવાદી કાર્યકરો કમળાશંકર પંડ્યા, સોમાલાલ શિરોઇયા, યાહ્યાભાઈ લોખંડવાળા વગેરેને બોલાવી 23-1-1939ના રોજ સ્ટેશનેથી સ્વાગત સરઘસ કાઢી, મોટી સભા ભરી. લુણાવાડા પ્રજામંડળ સ્થાપ્યું. તેઓ મંત્રી બન્યા. તેમની છીંકણીની દુકાનના લાઇસન્સનો વાંધો કાઢી કેસ, રૂ. પાંચ સો દંડ, જપ્તી કરી દંડ વસૂલ કર્યો. તેમને લુણાવાડા રાજ્યની હદપાર કર્યા. તેથી અમદાવાદ રહેવા ગયા. રાજ્યની મૌખિક પરવાનગીથી લુણાવાડા ગયા. પોલીસ દ્વારા ધરપકડ. જામીન આપી જેલમાંથી છૂટ્યા. તે પછી અમદાવાદમાં નિવાસ. અવસાન થયેલ છે.

## ભટ્ટ, શશિકાંત ગોપાળજી

જન્મ : 22 સપ્ટેમ્બર, 1922. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભાવનગર બંદરે લશ્કરી સામાનની હેરફેર ઉપર પિકેટિંગ કરવા જતાં પકડાયા અને ત્રણ માસની સજા ભોગવી. જૂનાગઢની આરઝી હકૂમતમાં જાનના જોખમે કામ કર્યું.

## ભટ્ટ, શાંતિલાલ મોહનલાલ

વડોદરા.

વિલાયતી કાપડની હોળી, દારૂપીઠાં પર પિકેટિંગ. પત્રિકાવિતરણ, મુદ્રણ. મહીસાગર, 1930માં મીઠા-સત્યાગ્રહ. બારડોલી આશ્રમ મુક્તિના સત્યાગ્રહમાં સભ્ય. છ મહિના કારાવાસ. ભૂગર્ભવાસમાં વિવિધ પ્રવૃત્તિ.

## ભટ્ટ, શિવશંકર છગનલાલ

જન્મ : 3 માર્ચ, 1878. ઉમરેઠ, જિ. આણંદ.

વ્યવસાય : વકીલાત, જંબુસર. 1920 :

સત્યાગ્રહ આંદોલનમાં પ્રવેશ. સપરિવાર. પુત્રોને શાળામાંથી ઉઠાડી લીધા. 1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. ના-કર લડતમાં ભૂમિ જપ્ત. 1930-32માં કારાવાસ. મીઠા-સત્યાગ્રહ. દાંડીકૂચમાં સક્રિય. 1937-39 : જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ. 1942ની લડતમાં જેલમાં અટકાયત. 1945 : મુંબઈ, વિધાનસભ્ય. 'મહાત્મા'નું પદ.
અવસાન : 19 ઑગસ્ટ, 1955.

## ભટ્ટ, સવિતાબહેન ભદ્રશંકર

પોસરા, જિ. વલસાડ.

કરાંચીમાં એમના પતિ સાથે ભૂગર્ભમાં કાર્ય કર્યું હતું. 1932માં ત્યાં નીકળેલી સ્વાતંત્ર્યકૂચની આગેવાની લીધી. કરાંચીમાં પ્રથમ સ્ત્રી ડિરેક્ટર તરીકે પિકેટિંગ તથા ભાષણની પ્રવૃત્તિ કરતાં પકડાયાં અને સક્કરની જેલમાં રહ્યાં. 1938માં કરાંચીથી ટુકડી લઈને રાજકોટ સત્યાગ્રહમાં ગયાં.
અવસાન : 1949.

## ભટ્ટ, સંજયકુમાર ઇન્દુપ્રસાદ

અમદાવાદ.

1942ની લડતમાં એલિસબ્રિજ ટોળકનગરના બંગલામાં કૉંગ્રેસપત્રિકા છાપવાનાં ડુપ્લિકેટિંગ મશીન, છપાયેલી પત્રિકા તથા સાથીઓ સહિત ધરપકડ. દરેકને નવ માસની સજા અને રૂ. 250 દંડ.

## ભટ્ટ, સુમિત્રાબહેન હરિપ્રસાદ

જન્મ : 1915. પુણે, મહારાષ્ટ્ર.

પતિ ડૉ. હરિપ્રસાદ ભટ્ટ પણ સ્વાતંત્ર્યસેનાની. 1932 : સત્યાગ્રહમાં દંપતી સક્રિય. છ મહિના કારાવાસ. સાબરમતી, થાણે. 1932-47 : મીઠાનો સત્યાગ્રહ, ના-કર લડત, 'હિન્દ છોડો' આંદોલન આદિમાં સક્રિય. ધોલેરા, રાણપુર, અમરેલી તેમનાં કાર્યક્ષેત્રો. 1958 : મુંબઈ ધારાસભામાં. 1962 : ગુજરાત વિધાનસભામાં ચૂંટાયાં.

## ભટ્ટ, હરખલાલ શાંતિલાલ

સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લેવા ભાવનગરથી ગયેલા આત્મારામ ભટ્ટની છઠ્ઠી ટુકડીમાં જોડાયા. વઢવાણથી દૂધરેજ થઈ 29-11-1931ના રોજ સીતાપુર રેલવેસ્ટેશને ઊતર્યા. ધ્રાંગધ્રાની હદમાં પગ મૂકતાં ધરપકડ કરી, અજાણ્યા સ્થળે લઈ ગયા.

## ભટ્ટ, હરિપ્રસાદ વિશ્વનાથ

જન્મ : ફેબ્રુઆરી, 1903. લીલિયા, અમરેલી.

1921 : મેડિકલ કૉલેજનો ત્યાગ. અસહકાર આંદોલન. પુનઃ કૉલેજમાં પ્રવેશ. દાક્તરનો વ્યવસાય. 1921-31-42 : સત્યાગ્રહોમાં સક્રિય. ધોલેરા સત્યાગ્રહમાં 6 મહિના કારાવાસ. 'હિન્દ છોડો' આંદોલનમાં 8 મહિના કારાવાસ. વડોદરા રાજ્ય પ્રજામંડળમાં સભ્ય અને મંત્રી. 1957 : મુંબઈ ધારાસભાના સભ્ય.
અવસાન : 1957, મુંબઈ.

## ભટ્ટ, હરિલાલ મથુરદાસ

દાહોદ.

1930ની લડત દરમિયાન દાહોદમાં ગરીબ પ્રજાને બરબાદ કરનાર દારૂની દુકાનો પર પિકેટિંગ કરતા, પીઠાના માલિકો દ્વારા ફરિયાદ. તેથી પોલીસ દ્વારા ધરપકડ. કેસ ચલાવી બે માસની કેદની સજા.

## ભટ્ટ, હરિલાલ શાંતિલાલ

જન્મ : 13 ડિસેમ્બર, 1913. ગોંડલ, જિ. રાજકોટ.

1930ના મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. દસ માસની જેલની સજા ભોગવી. રાજકોટ સત્યાગ્રહ અને 1942ની લડતમાં ભાગ લીધો.

## ભટ્ટ, હરિહર જે.

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રાની લડતમાં અગ્રભાગ ભજવ્યો. જેલવાસ ભોગવ્યો. ભારત સરકારનું પેન્શન મેળવેલ છે.

## ભટ્ટ, હરિહર પ્રાણશંકર

જન્મ : 1 મે, 1895. જાળિયા, સૌરાષ્ટ્ર.

1919-30 : સાબરમતી આશ્રમમાં સેવાકાર્ય. 1930 : વિરમગામ ટુકડી સાથે ધરાસણા મીઠા-સત્યાગ્રહ. પોલીસે અગરમાં ડુબાડ્યા. જીવ માંડ બચ્યો. વિરમગામ છાવણીના સત્યાગ્રહી. કારાવાસ, સાબરમતી, વિસાપુર જેલમાં. ખગોળના પ્રખર વિદ્વાન. 'સંદેશ પંચાંગ'નું સંપાદન. અંત સુધી ખગોળનાં પુસ્તકોનું લેખન. ગુજરાત વિદ્યાસભામાં માનદ અધ્યાપક. અવસાન : 1978. અમદાવાદ.

## ભટ્ટ, હર્ષદરાય છગનલાલ

સોનાસણ, જિ. સાબરકાંઠા.

1930માં ગાંધીજી સાથે દાંડીકૂચમાં ભાગ લીધો. દારૂબંધીમાં પિકેટિંગ કર્યું. ગુજરાત સેવાદળમાં જોડાયા. 1933થી 1939 સુધી સેવાકાર્ય કર્યું. આઝાદીના આખરી જંગ સુધી સમાજસેવા અને દેશસેવામાં ફાળો આપ્યો.

## ભટ્ટ, હિંમતલાલ મણિશંકર

ગોઠાવદર, જિ. અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં તેમની ધરપકડ કરવામાં આવી. તેમણે જેલવાસ પણ વેઠ્યો હતો, ત્યારબાદ તેમને છોડી મૂકવામાં આવ્યા.

## ભણશાળી, ગુલાબચંદ ગોવિંદજી

જન્મ : 1893. પીપરાણા, વંથલી, જિ. જૂનાગઢ.

કોલકાતા વ્યવસાય માટે. સામાન્ય સ્ટેશનરીની ફેરી. 1930-31ની મીઠાની લડત વખતે કોલકાતા લડતમાં. ધરપકડ. નવ માસની સજા. પરંતુ લડતની તહકૂબીને કારણે ત્રણ માસ જેલ ભોગવી. હરિજનસેવા, ગૌસેવા, ખાદીના કામમાં મગ્ન. જનસેવા, ગૌસેવા દ્વારા આત્મોન્નતિ પ્રાપ્ત કરવા સાધના અને કર્મમાં રત રહ્યા.

અવસાન : 1977.

## ભણશાળી, કીર્તિલાલ

1930ની ચળવળમાં ભાગ લીધો. મીઠાના કાયદાનો ભંગ કરવા ધરાસણા ગયા. ત્યાં સખત માર ખાધો અને 6 માસની સખત કેદની સજા થઈ.

## ભદ્રીબહેન શિવાભાઈ

અણખી.

માર્ચ, 1930 : દાંડીકૂચ આરંભાઈ તેમાં 81 સૈનિકોમાં હતાં. ના-કરની લડતમાં ભાગ લીધો. પરિણામે વારસાગત મળેલી પોલીસપટલાઈ છોડી અને જમીન પણ ગુમાવી. ભરૂચની જેલમાં એક માસ સજા ભોગવી.

## ભવાનભાઈ મોરારભાઈ

બારડોલી.

1930ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ લીધો. બારડોલી તાલુકાના ખેડૂતોની એક સભા ભવાનભાઈના પ્રમુખપદે મળી હતી. તેમાં સરકારને તે વર્ષનું જમીનમહેસૂલ નહીં ભરવાનો ઠરાવ થયો હતો. એ ઠરાવનો ભંગ કરનારનો બહિષ્કાર કરવાનું ઠર્યું હતું. તેનો અમલ કરવા માટે ભવાનભાઈ સહિત સાત સભ્યોનું લવાદ પંચ નિમાયું હતું.

## ભવાનભાઈ હીરાભાઈ

નાની ફળોદ, તા. બારડોલી.

1928ના બારડોલી સત્યાગ્રહ વખતે ખેડૂત ભવાનભાઈ ઉપર જપ્તીદારના કામમાં દખલગીરી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો.

જપ્તીદાર જપ્તી કરવા આવ્યા ત્યારે બારણાં બંધ કરવાના ગુના બદલ તેમની ધરપકડ કરીને છ મહિનાની સખત કેદની સજા ફરમાવવામાં આવી. તેમનાં પત્ની બહાદુર હતાં. તેમણે પતિને હિંમત આપી અને ઢીલા ન પડવા જણાવ્યું.

## ભંડેરી, વીરજીભાઈ હરજીભાઈ

જન્મ : 9 જૂન, 1907. તરવડા, સૌરાષ્ટ્ર.

1930માં ધોલેરા તેમજ ધરાસણા સત્યાગ્રહમાં ભાગ લીધો. સાબરમતી જેલમાં છ માસની સજા ભોગવી. લડત પછી રચનાત્મક કાર્યો અને ખેતી. પેન્શન, તામ્રપત્ર એનાયત.

## ભાઈલાલ હરિલાલ મથુરદાસ

દાહોદ.

1932માં સત્યાગ્રહ શરૂ થતાં કૉંગ્રેસ સમિતિની છાવણીમાં ધરપકડ. કેસ ચલાવીને દરેકને દંડ સાથે અઢી વર્ષની કેદની સજા. વિસાપુરની જેલમાં રાખ્યા.

## ભાઉ, શાંતિલાલ કરમચંદ

અમદાવાદ.

1930 : ધોલેરા મીઠા-સત્યાગ્રહ. અમદાવાદ, વિરમગામમાં સત્યાગ્રહ. ધરાસણા મીઠા-સત્યાગ્રહમાં અગરો પર અધિકારના પ્રયત્ને લાઠીમાર. ગોરા આચાર્યના અત્યાચાર સામે ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓની હડતાળમાં સહાય કરવા બદલ માર વેઠ્યો. સાડા ત્રણ મહિના કારાવાસ. પેટની શસ્ત્રક્રિયા કરાવવી પડી. સેવાદળમાં સક્રિય. અમદાવાદ સભામાં રાષ્ટ્રધ્વજના માન સારુ માર વેઠ્યો. સત્યાગ્રહ પત્રિકાના કારણે માર વેઠ્યો. 300 રૂપિયા દંડ મેળવવા ઘરવખરીની હરાજી કરાઈ. 1942 : શ્રમિકોની હડતાળમાં સક્રિય. ભૂગર્ભ બૉમ્બપ્રવૃત્તિ.

## ભાગવત, ગોવિંદરાવ પાંડુરંગ

જન્મ : 29 સપ્ટેમ્બર, 1874. પાદરા, જિ. વડોદરા.

1920 : અસહકારની લડતમાં વલસાડની બાઈ આવાંબાઈ હાઈસ્કૂલ છોડી, અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાઈ, વિનીત. રાષ્ટ્રીય શાળા, ઉત્તરસંડામાં શિક્ષક. 1930ના સત્યાગ્રહમાં માતર તાલુકામાં ધરપકડ. અગિયાર માસની જેલ. 1932ની લડતમાં બોરસદ તાલુકામાં ધરપકડ. અઢી વર્ષની જેલ. 1935 : નડિયાદ વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં અધ્યાપક. 1942ની લડતમાં ભાગ. લાઠીમારનો ભોગ બન્યા. બીમાર થયા. 1943થી અમદાવાદમાં વસવાટ.

## ભાગવત, માલતીબહેન ગોવિંદરાવ

અમદાવાદ.

1932ના 25 ફેબ્રુઆરીના રોજ પરદેશ સોનું મોકલતા સોનીની દુકાને પિકેટિંગ. 2 મહિના કારાવાસ અને 25 રૂપિયા દંડ.

## ભાગવત, વિનાયક ગણેશ

દેલોલ, તા. કાલોલ, જિ. પંચમહાલ.

1932ની ચળવળ દરમિયાન 24 એપ્રિલ, 1932ના રોજ ‘દિલ્હી કૉંગ્રેસ દિન’ ઊજવવા માટે ભાગવત અને ત્રણ સ્વયંસેવકોની ધરપકડ. જેલમાં અટકાયત.

## ભાગ્યોદય, જયંતકુમાર મોહનલાલ

જન્મ : 3 ડિસેમ્બર, 1921. જામવણથળી, જિ. જામનગર.

અભ્યાસ : મૅટ્રિક. વ્યાયામતાલીમ. વ્યાયામ-શાળાઓની પ્રવૃત્તિ. જામનગર યુવકમંડળના સક્રિય સભ્ય. સુધરાઈના અન્યાયો સામે સફાઈ કામદારોની હડતાળ પડાવી ને ન્યાય મેળવ્યો. રાજ્યોના જુલમોની સામે વિદ્યાર્થીઓની

હડતાળમાં ભાગ. 1942 : ‘હિન્દ છોડો’ લડત વખતે રાજ્ય દ્વારા ધરપકડ. જીવા સતાના ડેલામાં પૂર્યા. રાજકીય અટકાયતીઓના હકો માટે ભૂખહડતાળ ઉપર ઊતર્યા. રાજ્યને નમતું જોખવું પડ્યું. વર્તમાનપત્રોએ ઊહાપોહ કરતાં બે વર્ષ બાદ છોડી મૂકવામાં આવ્યા.

## ભાટિયા, પ્રભુદાસ મોહનલાલ

જન્મ : 1902 આશરે. રાજકોટ.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. પકડાયા અને રાજકોટ સેન્ટ્રલ જેલમાં છ માસ જેલવાસ ભોગવ્યો.

## ભાટિયા, બાબુભાઈ પુરુષોત્તમદાસ

જન્મ : 1929. વતન : આણંદ.

1939માં વલ્લભવિદ્યાલય, બોચાસણમાં અભ્યાસ વાસ્તે જોડાયા. 1942માં ‘હિન્દ છોડો’ ચળવળ શરૂ થતાં તેમાં ભાગ લેવા માટે અભ્યાસ છોડ્યો. ગામડે ગામડે પત્રિકાઓ પહોંચાડવાનું તથા સંદેશા મોકલવા, સરઘસોમાં જોડાવું તથા ભૂગર્ભમાં રહી ભાંગફોડની પ્રવૃત્તિ કરવામાં ભાગ લીધો હતો. અડાસમાં નીકળેલા સરઘસમાંથી તેમની ધરપકડ કરીને પાછળથી છોડી મૂક્યા હતા.

## ભાટિયા, રામદાસ સુંદરદાસ

જામનગર.

જામનગર રાજ્યના જુલમો સામે માથું ઊંચકનારા અગ્રણીઓમાંના એક. ‘સૌરાષ્ટ્ર’માં જામનગરના જુલમોના તથા કાળાં કરતૂતોના સમાચારો પ્રગટ થતા તેથી રોષે ભરાઈને જે પાંચ આગેવાનોને જીવા સતાના ડેલામાં પૂર્યા હતા તેમનામાંના એક. સાત વર્ષની સજા થઈ. સમાધાન રૂપે છોડી મૂક્યા. દોઢ વર્ષ ડેલામાં ગોંધી રાખવામાં આવ્યા. ત્રાસ વરતાવ્યો.

## ભાટિયા, લક્ષ્મણદાસ લાલચંદ

જન્મ : 6 ફેબ્રુઆરી, 1905. હૈદરાબાદ, સિંધ.

1920 : હરિજનસેવામાં સક્રિય. સત્યાગ્રહ. 1930-31-33 : સત્યાગ્રહમાં ભાગ. ધરપકડ એકંદરે 18 મહિનાનો કઠોર કારાવાસ. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલન. ધરપકડ. એક વર્ષનો કારાવાસ.

## ભાડેલિયા, કાનજી ગીરધર

જન્મ : 1925. સુરેન્દ્રનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં સભા, સરઘસોમાં ભાગ લીધો. ભાંગફોડની અને ભૂગર્ભપ્રવૃત્તિમાં સક્રિય. 11 નવેમ્બર, 1942 : શેઠ એન. ટી. એમ. હાઈસ્કૂલને આગ લગાડી. તેમાં બે વર્ષની સજા થઈ હતી. કાનજીએ વિદેશી ઍંગલો-ઇન્ડિયનની માલિકીના સરકસના તંબુ ઉપર બૉમ્બ ફેંકી આખો શામિયાણો બાળી નાખ્યો. 10-1-1943 : જેલ પર બૉમ્બ નાખ્યો. 18-1-1943 : લશ્કરના ડ્રેસ સીવતી ફૅક્ટરી પર બૉમ્બ ફેંક્યો. 5-2-1943 : ભોગાવા નદી પરના પુલ પર બૉમ્બ ફેંક્યો. તેમાં તેમના સાથી નંદલાલ ટી. શાહ પકડાયા. 6-2-1943 : કાનજીભાઈની ધરપકડ. કુલ અઢી વર્ષ જેલમાં. બૉમ્બ ફેંકવાના કેસમાં નંદલાલ, ભોગીલાલ મૂળજી શાહ અને કાનજી સેશન્સ કોર્ટમાંથી નિર્દોષ છૂટ્યા હતા.

## ભાડેલિયા, કાનજીભાઈ ગીરધરલાલ

સુરેન્દ્રનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં સક્રિય ભાગ લીધો. ધરપકડ કરી. છ માસની જેલની સજા ભોગવી. ભારત સરકારે તામ્રપત્ર અને પેન્શન આપેલ છે. હાલ નિવૃત્ત.

## ભાથી, પૃથુભાઈ ઓઘડદાસ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર. અભ્યાસ : બી.એ..

મોતીભાઈ દરજી(પરમાર મોતીભાઈ)ના સાથીદાર. વઢવાણ રાજ્યના અન્યાયો સામે લડ્યા, સહન કર્યું. ફૂલચંદભાઈ શાહ સ્થાપિત રાષ્ટ્રીય શાળામાં જોડાયા. વિદ્યાર્થીઓનું ઘડતર કર્યું. સાદાઈથી જીવ્યા. આત્મનિષ્ઠ. નિધન થયેલ છે.

## ભાનુપ્રસાદ નરસિંહભાઈ

તા. બોરસદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં સભાઓ-સરઘસોમાં ભાગ લીધો. લડતમાં પત્રિકાઓ વહેંચવા જતા.

## ભાભોર, જ્યોતિભાઈ

દાહોદ.

ડિસેમ્બર, 1942માં દાહોદમાં પંચમહાલ જિલ્લા આઝાદ પરિષદમાં ડેલિગેટ તરીકે હાજર. તેમાંથી તેમના સહિત કુલ પંદર જણાની ધરપકડ. દરેકને બે માસની કેદની સજા. દલિત નેતા.

## ભારદ્વાજ, ગણપતરામ મોરારજી

જન્મ : 28 ઑક્ટોબર, 1914. વાંકાનેર, જિ. રાજકોટ.

અભ્યાસ : મૉન્ટેસોરી ટ્રેઇન્ડ. 1932-34ની મીઠાની લડત વખતે ધોલેરા છાવણીમાં. બે વાર ધરપકડ. સાબરમતી જેલમાં દોઢ વર્ષ જેલવાસ. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભપ્રવૃત્તિઓમાં જોડાયા. બાલશિક્ષણના કાર્યમાં. આફ્રિકામાં શૈક્ષણિક પ્રવૃત્તિ. રાજકોટમાં રહીને નિવૃત્તિ અવસ્થામાં પણ બાળકેળવણીની શિબિરો. પેન્શન અને તામ્રપત્ર એનાયત.

## ભાલ, બાબુભાઈ છોટાભાઈ

નડિયાદ, જિ. ખેડા.

'ભાલદાદા' નામે જાણીતા બાબુભાઈએ 1930માં નડિયાદમાં સ્વાતંત્ર્યની લડત વખતે ઝુકાવ્યું. પતિ-પત્ની બંને આઝાદી માટેના આંદોલનમાં લાગી ગયાં હતાં. જેલવાસ પણ ભોગવ્યો હતો. શ્રીમતી શારદાબહેન સાથે નડિયાદની શેરીઓ ગજવી મૂકી હતી.

## ભાવસાર, ઈશ્વરલાલ મગનલાલ

જન્મ : 1906. અમદાવાદ. અભ્યાસ : મૅટ્રિક સુધી.

વેપારી હોવા છતાં અમદાવાદની કૉંગ્રેસ પ્રવૃત્તિમાં કાર્ય કરતા હતા. 1919ની સાલમાં રાજદ્વારી પ્રવૃત્તિમાં ભાગ લેવા માંડ્યો. 1921માં અમદાવાદમાં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું ત્યારે સ્વયંસેવક તરીકે સેવા આપી. તે પછી દેશની બધી આઝાદીની ચળવળોમાં તેઓ ભાગ લેતા હતા.

## ભાવસાર, કાશીબહેન

મુંબઈ, વડાલામાં 1930માં મીઠાની લડતમાં ધરપકડ વહોરી. પરદેશી કાપડના બહિષ્કાર માટે પિકેટિંગ કર્યું. કરાંચી અને 1938માં હરિપુરા મહાસભા અધિવેશનમાં સ્વયંસેવિકા તરીકે નોંધપાત્ર કાર્ય કર્યું.

## ભાવસાર, કેશુભાઈ ભગવાનદાસ

જન્મ : 15 મે, 1910. વતન : ભાવનગર.

અભ્યાસ : કૉલેજનાં 3 વર્ષ. ગાંધીજીથી પ્રભાવિત. 1937 : ભાવનગર પ્રજાપરિષદનું અધિવેશન. દળપતિ. શાળામાં ત્યાગપત્ર. કુંડલા. શિક્ષણ-ખાદી કાર્યમાં પ્રવૃત્ત. 1942 : લોકક્રાંતિ, કુંડલા. બે વાર ધરપકડ થઈ. 7 મહિના કારાવાસ. ભાવનગર અને અમરેલીમાં ભ્રમણ. આજીવિકા માટે કેવળ કાંતણ. કાઠિયાવાડ ખાદી મંડળના આશ્રમે લોકસેવા, સર્વોદય સેવા.

## ભાવસાર, ગોરધનભાઈ ભોગીલાલ

અમદાવાદ.

1930માં દારૂ અને વિદેશી માલની દુકાનો પર પિકેટિંગ. 1932માં પિકેટિંગ કરતાં પોલીસનો માર ખાધો. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન ગુપ્ત સભાઓમાં હાજરી. લડતની વિવિધ કામગીરી વિશ્વાસપૂર્વક સોંપી શકાય એવા યુવાનોની પસંદગી કે. જી. પ્રભુની સૂચનાથી કરી, આસ્ટોડિયા વિસ્તારમાંથી 15 યુવકોને બૉમ્બપ્રવૃત્તિ માટે પસંદ કર્યા. બીજાને અન્ય કામો – પત્રિકા વહેંચવી, પથ્થરમારો કરવો, સરઘસોમાં જોડાવું વગેરે સોંપ્યાં. પ્રતિજ્ઞાપત્ર પર લોહી વડે સહીઓ લીધી. ભાંગફોડ માટેનાં સાધનો, બૉમ્બ બનાવવાનાં રસાયણો, ટેટા વગેરે અલગ મકાનોમાં સાચવવાં, સૂચના મુજબ કાઢી આપવાની જવાબદારી સફળતાથી સંભાળી. ટેટા લેવા છોટુભાઈ પુરાણી સાથે મુંબઈ ગયા હતા. જાન્યુઆરી, 1943થી ભૂગર્ભમાં. અમદાવાદ, નડિયાદ, મુંબઈ, બેલગામ, વડોદરા. પકડાયા નહિ. વેશપલટો કરતા. રેશમી સૂટ, મૂછો રાખવી.

## ભાવસાર, ચીમનલાલ આત્મારામ

નિવાસ : મહેમદાવાદ, જિ. ખેડા.

1930 : લસુંદ્રા મીઠા-સત્યાગ્રહ. ધરાસણા મીઠા-સત્યાગ્રહ. ખેડા. ધરપકડ. પોણા બે મહિના કારાવાસ. મહેમદાવાદ, દારૂપીઠાં પર પિકેટિંગ. લાઠીમાર. સવા મહિનો કારાવાસ. કારાગૃહમાં દમન.

## ભાવસાર, ચીમનલાલ લલ્લુભાઈ

જન્મ : 8 એપ્રિલ, 1910. કઠોર, જિ. સૂરત.

પ્રજામંડળ તરફથી ચાલતી પ્રવૃત્તિમાં પરદેશી કાપડનો બહિષ્કાર, દારૂનિષેધ-સભા-સરઘસની પ્રવૃત્તિમાં ભાગ લીધો. હૉસ્ટેલ પર રાષ્ટ્રધ્વજ ચડાવતાં હૉસ્ટેલ ખાલી કરવી પડી. દાંડીકૂચ વખતે સૂરત કૉંગ્રેસમાં સત્યાગ્રહી તરીકે જોડાયા અને ધરાસણાને મોરચે ગયા. હજીરા નજીકની ઇચ્છાપોર છાવણીમાં કામ કર્યું. તાડીનાં ઝાડો કપાવવાની પ્રવૃત્તિ કરી. છૂટક છૂટક નાણાં એકત્ર કરી સૂરત કૉંગ્રેસને મોકલતા. બીજા વિશ્વયુદ્ધ વખતે બર્માથી પગરસ્તે સ્વદેશ આવ્યા.

## ભાવસાર, ત્રિકમલાલ ભાઈલાલભાઈ

નિવાસ : મહેમદાવાદ, જિ. ખેડા.

1930 : દાંડીકૂચ. ધરાસણા સત્યાગ્રહ. ધરપકડ. 7 મહિના કારાવાસ. મુક્તિ પછી પુનઃ દેશસેવા. તામ્રપત્ર.

## ભાવસાર, નવલકાન્ત નેમચંદ

જન્મ : 4 ફેબ્રુઆરી, 1910. કઠોર, જિ. સૂરત.

1927માં ગુજરાત યુવક પરિષદ મળી તેમાં હાજર રહ્યા. ત્યારથી દેશસેવાનો રંગ લાગ્યો. 1928થી 1930 સુધી રેંટિયા, ખાદીપ્રચાર, પરદેશી માલનો બહિષ્કાર અને દારૂબંધીનું કામ કર્યું. મુંબઈમાં નિઃશુલ્ક હૉસ્પિટલના મંત્રી તરીકે કામ કર્યું. 1932માં વિરમગામમાં સરમુખત્યાર થયા ને ત્રણ માસની સજા થઈ.

## ભાવસાર, નૃસિંહભાઈ મગનલાલ

જન્મ : 1 જાન્યુઆરી, 1916. વડાલી, જિ. સાબરકાંઠા.

1938માં હરિપુરાના કૉંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક તરીકે ભાગ લીધો. 1939માં કૉંગ્રેસના સભ્યો નોંધતાં ઈડર રાજ્યની પોલીસ દ્વારા ધરપકડ. એક દિવસ જેલમાં રાખી છોડી મૂક્યા. 1941-42માં વડાલી ગામમાં રાત્રિશાળા, પુસ્તકાલય-પ્રવૃત્તિ તથા યુવક-પ્રવૃત્તિ દ્વારા રાષ્ટ્રીય જાગૃતિના પ્રયાસો. ધરપકડ, એક માસની જેલ. 1947ના ઑક્ટોબરમાં શામળાજીમાં સંસ્કાર કેન્દ્ર સ્થાપી રચનાત્મક પ્રવૃત્તિ આરંભી. ઈડર રાજ્યે તે કામ

બંધ કરાવ્યું. મકાન જપ્ત કર્યું. 1949થી શામળાજીમાં સર્વોદય આશ્રમનું સંચાલન.

## ભાવસાર, પોપટલાલ મકનચંદ

સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931માં ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લેવા વઢવાણ છાવણીમાં જઈ, હરિલાલ મૂ. લાઠીના નેતૃત્વ હેઠળ બીજી ટુકડીમાં જોડાયા. હળવદ સ્ટેશને ઊતરી ધ્રાંગધ્રાની હદમાં પ્રવેશતાં જ ગિરફતાર કરવામાં આવ્યા. ખટારામાં ધકેલી પોલીસો તેમને અજાણ્યા સ્થળે લઈ ગયા.

## ભાવસાર, પ્રભુલાલ કેશવજી

વતન : જામનગર.

રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લેતાં ખૂબ માર સહન કર્યો છતાં અણનમ રહ્યા.

## ભાવસાર, હીરાલાલ ધનજીભાઈ

ભરૂચ.

વાનરસેના રચી લડતમાં ભાગ લીધો. 1930ની સાલમાં પિકેટિંગ. મીઠાના કાયદાનો ભંગ કરી જેલવાસ ભોગવ્યો. અનેક વખત ધરપકડ અને મારપીટ થઈ. અંકલેશ્વરમાં પિકેટિંગ કરતાં ધરપકડ થઈ હતી.

## ભાસ્કરરાય માધવલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. ટૂંકો જેલવાસ ભોગવ્યા બાદ, રાજ્ય સરકારે છોડી મૂક્યા.

## ભાંડલિયા, કાનજીભાઈ ગી.

નિવાસ : મોરબીનો વાંક, સુરેન્દ્રનગર.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. ભૂગર્ભ તથા પ્રગટ પ્રવૃત્તિ. લોકજાગૃતિ માટે કાર્ય. ધરપકડ અને કારાવાસ.

## ભિકાજી ગોવિંદરાવ

1930ના વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લેવા માટે વિરમગામ જઈ તા. 25-6-1930ના રોજ 13 સ્વયંસેવકોની ટુકડીમાં જોડાયા. તેમને ગડદાપાટુ ને લાકડીના સપાટા મારી પોલીસો, પગે ચલાવી કસ્ટમ ચોકીએ લઈ ગયા. ભિકાજીના જમણા બાવડા પર ઉપરાઉપરી ત્રણ સોટીઓના ફટકા પડ્યા. સોજો ખૂબ આવી ગયો ને ચામડી ફાટી ગઈ. બરડામાં પણ ભરોળો ઊઠી.

ભીખાભાઈ દુર્લભભાઈ

પારડી, તા. બારડોલી.

1928માં બારડોલી સત્યાગ્રહ શરૂ થયો તેમાં જોડાયા. ગાયકવાડી હદમાં હિજરત કરી ઘર-જમીન ગુમાવ્યાં. સાત માસની જેલ ભોગવી.

## ભીખીબહેન તાપીદાસ

સૂરત.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર સઘન પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

## ભીમભાઈ નાગરજી

વલસાડ-પારડી.

1930ની ચળવળ દરમિયાન ભીમભાઈની જમીન ઉપર સત્યાગ્રહ છાવણી હતી, તેથી તે જમીન ખાલસા કરીને સરકારી દફતરે ચડાવવામાં આવી હતી.

## ભૂતા, જયંતિલાલ કરસનદાસ

જન્મ : 1911. શિહોર, જિ. ભાવનગર.

1930-31 દરમિયાન રાણપુર મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ કરવામાં આવી. ધંધૂકા જેલમાં છ મહિનાની સજા

ભોગવી. ભારત સરકારનું પેન્શન મળે છે. નિવૃત્ત.

## ભૂતા, પ્રભુદાસ મોતીલાલ

જન્મ : 1889. બરવાળા, જિ. અમદાવાદ.

1930માં બરવાળામાં સત્યાગ્રહની લડતની છાવણીઓ નંખાવી સ્વયંસેવકોને દોરવણી આપી. ધંધૂકા તાલુકા સમિતિના મંત્રી. લીંબડી સત્યાગ્રહમાં ભાગ લઈ, માર ખાધો. 1932માં ચળવળ શરૂ થતાં ધરપકડ, જેલવાસ. તેમની મિલકત જપ્ત કરી વેચી દેવામાં આવી. 1942ની લડતમાં બરવાળામાંથી ધરપકડ. અઢી વર્ષની જેલની સજા.

## ભૂતા, મથુરાંદાસ ગોરધનદાસ

જન્મ : 3 એપ્રિલ, 1910. પોરબંદર.

કાઠિયાવાડ રાજકીય પરિષદ તથા પોરબંદર યુવક સંઘમાં સક્રિય. 1930 : સવિનય ભંગ આંદોલનમાં દેખાવો, સભા, સરઘસ આદિથી સક્રિય. 1942 : સત્યાગ્રહમાં અટકાયત. અત્યાચાર. મુક્તિ પછી ખાદી, ગ્રામોદ્યોગ અને હરિજનસેવામાં પ્રવૃત્ત. 1948 : ધારાસભ્ય.

## ભૂતા, મોહનલાલ કેસુરદાસ

વઢવાણ.

1930માં ધોલેરાના મીઠાના સત્યાગ્રહ વખતે બરવાળા છાવણીમાં જોડાયા. માર ખાધો. ધરપકડ થઈ. જેલવાસ ભોગવ્યો. ધ્રાંગધ્રાની લડતમાં જોડાયા. માર સહન કર્યો. જેલમાં પૂરવામાં આવ્યા. યાતનાઓ ખૂબ વેઠી.

## ભૂતા, રમણીકલાલ નાગરદાસ

વતન : ભાવનગર.

1920થી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જોડાયા. 1930ની મીઠાની લડત વખતે વિલેપાર્લેથી પકડાયા. બે વર્ષની જેલ તથા દંડની સજા થઈ. 1930માં ફરી બે માસની સજા થઈ. ફરી અઢાર માસની જેલ થઈ.

## ભૂપેન્દ્રભાઈ મણિલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. ટૂંકો જેલવાસ ભોગવ્યો. ત્યાર બાદ રાજ્ય-સરકારે મુક્ત કર્યા.

## ભૂરાભાઈ દેવચંદ

હળવદ, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રાની લડતને પગલે હળવદમાં પણ લડત ઊપડી. રાજ્ય સામે બંડ પોકારતાં તેમને પકડીને જેલમાં પૂરવામાં આવ્યા. જેલમાં અસહ્ય ત્રાસ ગુજારવામાં આવ્યો.

## ભૂરીબહેન

પુંજાપરા, માણસા (દેશી રાજ્ય), ઉત્તર ગુજરાત.

1938માં માણસા સત્યાગ્રહમાં ભાગ લેવાથી રાજ્યના જુલમોનો ભોગ બન્યાં. ગડદાપાટુ, ચોટલા ખેંચવા વગેરે હેરાનગતિ ભોગવી. હાંસડી, લોળિયાં, વાળી, કાંટો વગેરે દાગીના પોલીસ લઈ ગઈ. એની રકમ મહેસૂલ પેટે જમા ન કરી.

## ભૂવા, ઇંદુકુમાર દુર્લભજી

ચિત્તળ, જિ. અમરેલી.

1930-31ની ધોલેરાની મીઠાની લડતમાં ભાગ લેતાં ધરપકડ અને જેલવાસ. મુંબઈમાં વેપાર. ઉદાર સખાવતી. ચિત્તળમાં હાઈસ્કૂલ માટે દાન.

## ભોકરે, વિષ્ણુ દત્તાત્રય

જન્મ : 25 એપ્રિલ, 1909. પાટણ.

પિતા ગાયકવાડી પોલીસમાં સરફોજદાર. ભરૂચ. છોટુભાઈ સાથે સત્યાગ્રહ લડતમાં પ્રવેશ. કૉલેજત્યાગ. ધરાસણા મીઠા-સત્યાગ્રહમાં ભારે લાઠીમાર. દાંત ખોયા. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. કુટુંબ સાથે

ભૂગર્ભવાસ. વ્યવસાય : શિક્ષણ, માનદ મૅજિસ્ટ્રેટ, વડોદરા.

## ભોગીલાલ ચતુર્ભુજ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લેતા પકડાયા. એક માસની સજા થઈ.

## ભોથાલાલ, આત્મારામ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લેતાં પકડાયા. જેલવાસ ભોગવ્યો.

# મ

## મકનજીભાઈ વનમાળીભાઈ

પાલ, તા. ચોર્યાસી. શિક્ષક.

1920-21માં સરકારી શિક્ષણ સંસ્થાઓના બહિષ્કાર વખતે તેમની સાથે રાંદેરની મ્યુનિસિપલ શાળામાંથી શિક્ષકોએ એકસામટાં રાજીનામાં આપ્યાં. તેમણે નવી સ્થપાયેલી રાષ્ટ્રીય શાળાની કામગીરી સ્વીકારી. બારડોલી તાલુકાના વરાડની શાળા તેમણે સંભાળી. તે ઉપરાંત મદ્યનિષેધની પ્રવૃત્તિ કરતા. દારૂના પીઠાવાળાએ એક રાત્રે તેમને મરણતોલ માર મરાવ્યો. હુમલાખોરો નાસી ગયા. ભાન આવતાં ગામમાં ગયા. ઉશ્કેરાયેલા લોકો હુમલાખોરનું ઘર બાળવા તૈયાર થયા, તેઓને વાર્યા. કુંવરજીભાઈ અને પરાગજીભાઈએ ગાંધીજીને પત્રમાં વિગત લખી જણાવી. ગાંધીજીએ પત્ર લખીને ધન્યવાદ આપ્યા.

## મકવાણા, પ્રેમજીભાઈ મલુભાઈ

જન્મ : ધ્રોળ, જિ. જામનગર.

ધ્રોળ રાજ્યના જુલમો સામે ઝઝૂમ્યા. ધ્રોળ ઝંડા સત્યાગ્રહ થયો તેમાં સક્રિય ભાગ લીધો, પરિણામે ગામ છોડી જવું પડ્યું. પેન્શન એનાયત થયેલું. તેમના નિધન પછી તેમની વિધવાને પેન્શન મળે છે.

## મકવાણા, વીરમજીભાઈ

વતન : અમદાવાદ.

1932 : સવિનય કાનૂનભંગની ચળવળમાં સુણાવ, ખેડામાં સરઘસ. પોલીસનો લાઠીમાર. બે વર્ષ કારાવાસ. 500 રૂપિયા દંડ.

## મકવાણા, સોમાભાઈ પૂંજાભાઈ

રાજકોટ.

રાજકોટ લડતમાં ભાગ લીધો. જમીન અને ખોરડાં રાજ્ય-સરકાર દ્વારા જપ્ત કરવામાં આવ્યાં. લડત દરમિયાન રાજ્યની પોલીસે તેમની ધરપકડ કરી અને અટકમાં રાખ્યા હતા. સ્વરાજ મળ્યા પછી જમીન પરત મળેલ છે.

## મગનભાઈ ભાયલાભાઈ

નિવાસ : વસરાઈ, મહુવા, સૂરત.

1930માં સત્યાગ્રહમાં ભાગ લીધો. કારાવાસ. પિકેટિંગ, દારૂતાડીનો બહિષ્કાર, સભા-સરઘસોમાં સક્રિય. વ્યવસાય : કૃષિ.

## મગનલાલ દામજીભાઈ

રાજકોટ.

1942ની લડતમાં સભા-સરઘસો તથા પત્રિકા-પ્રવૃત્તિમાં પકડાયા. 4 માસની જેલની સજા ભોગવી.

## મગનલાલ પરમાનંદ

પોરબંદર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે પોરબંદર રાજ્યના જુલમોના ભોગ બન્યા. રાજ્ય-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## મગનલાલ રામચન્દ્ર

મોજીદડ, જિ. સુરેન્દ્રનગર.

લીંબડી પ્રજામંડળના સક્રિય કાર્યકર્તા. 1939ની લીંબડી લોકલડતમાં ભાગ લેતાં માલમિલકત રાજ્યે કબજે કરી. રાજ્યાશ્રિત ગુંડાઓએ હેરાન કર્યા. છેવટે તેઓ હિજરત કરી ગયા.

## મજમુદાર, છગનલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1932(ની ચળવળમાં) : જાન્યુઆરીમાં ગાંધીજી સહિત નેતાઓની સરકારે ધરપકડ કરી. ઝાલોદમાં તેના વિરોધમાં છગનલાલ તથા મગનલાલ ગોપાલદાસના નેતૃત્વ હેઠળ મોટું સરઘસ. બંનેની ધરપકડ. 6 માસની કેદની સજા. ફેબ્રુઆરી, 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો. 4 માસની કેદની સજા થઈ. 1942ની 9 ઑગસ્ટના રોજ છગનલાલની ધરપકડ. જેલમાં અટકાયત.

## મજમુદાર, પરીક્ષિતલાલ લલ્લુભાઈ

જન્મ : 8 જાન્યુઆરી, 1901. પાલિતાણા, જિ. ભાવનગર. કાર્યક્ષેત્ર : અમદાવાદ.

1920માં અસહકારની ચળવળમાં સરકારી કૉલેજનો ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. ગાંધીજી અને સરદાર પટેલના નિકટના સંપર્ક બાદ સત્યાગ્રહ આશ્રમમાં જોડાયા. હરિજનસેવાનું વ્રત લીધું. 1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં એક ટુકડી લઈને આગેવાન તરીકે ભાગ લીધો. 1930ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ. 2 વર્ષની જેલની સજા. 1933માં ફરી ધરપકડ. કારાવાસ ભોગવ્યો. ગુજરાત હરિજન સેવક સંઘને મુખ્ય કાર્યક્ષેત્ર બનાવ્યું. હરિજનો માટે શાળાઓ, કૂવા, છાત્રાલયો વગેરે સ્થાપ્યાં.

અવસાન : 12 સપ્ટેમ્બર, 1965.

## મજમુદાર, બલ્લુભાઈ કૃષ્ણલાલ (બી.કે.)

અમદાવાદ.

સમાજવાદી આગેવાન. 1942ની લડત શરૂ થતાં જયંતિભાઈ ઠાકોરને અમદાવાદ શહેરના સૂબા બનાવી 'જયાનંદ' નામ આપ્યું. શહેરના શેઠિયાઓ પાસેથી નાણાં લાવી અમદાવાદમાં ચાલતી લડતની પ્રવૃત્તિઓ માટે વહેંચી આપતા. વિવિધ જૂથોના નેતાઓને આપતા. આશરે બે લાખ રૂપિયા મેળવીને ચળવળ માટે વહેંચ્યા. તેમનો હિસાબ વ્રજલાલ શાહ રાખતા. વેપારીના વેશમાં શહેરમાં ફરતા. ડિસેમ્બર, 1942થી જાન્યુઆરી, 1944 સુધી ગુપ્તવાસ સેવ્યો. તેઓ અમદાવાદ, મુંબઈ, વડોદરા, હાલોલ, કાલોલ (પંચમહાલ) તથા કૉલકાતામાં ભૂગર્ભમાં રહ્યા હતા. પછી પોલીસને શરણે ગયા. અટકાયત. સાબરમતી જેલમાં 'બી' વર્ગ. કસ્તૂરભાઈ લાલભાઈના સલાહકાર અને અતુલ કેમિકલ વર્કસના જનરલ મૅનેજર.

અવસાન : 1989.

## મજમુદાર, વસંતલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. વાડીલાલ પુરુષોત્તમ મહેતા અને હિંમતલાલ દેસાઈની 15 ઑગસ્ટ, 1942 પછી સરઘસની આગેવાની લેવા બદલ ધરપકડ થયા પછી લડતનું સંચાલન વસંતલાલ અને ઈશ્વરલાલ દેસાઈના હાથમાં આવ્યું. તેઓએ ગામ વચ્ચે આવેલી પોલીસચોકી પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.

## મજમુદાર, હરિદાસ

જન્મ : 1905. અમદાવાદ, ગુજરાત.

અભ્યાસ : એમ.એ., પીએચ.ડી., વિસ્કોન્સિન યુનિવર્સિટી. અમેરિકાથી તાજા આવેલા.

દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી

સાથે સાબરમતી આશ્રમથી 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. ત્યાર બાદ મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## મજમુદાર, ગંગાબહેન

વિજાપુર, ઉત્તર ગુજરાત. રચનાત્મક કાર્યકર.

હાથકંતામણ માટે ગાંધીજી રેંટિયાની શોધ કરતા હતા. તેની તપાસ કરવા કાર્યકર્તાઓને સૂચવ્યું. એક કાર્યકર્તા ગંગાબહેન મજમુદારે તપાસ કરતાં તેમને ઉત્તર ગુજરાતના વિજાપુરમાં તે મળી આવ્યો. તે બહેને ઉત્સાહપૂર્વક રસ લઈ ત્યાં રેંટિયાપ્રવૃત્તિ શરૂ કરી. વિજાપુરમાં તૈયાર થયેલું સૂતર આશ્રમમાં સાળ પર વણાતું.

## મણિગૌરી શિવશંકર

ઉંમર : 15 વર્ષ. વડદલા, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને હાથ, કોણી, ખભા પર ઈજાઓ થઈ હતી.

## મણિબહેન કાળીદાસ

બનેજડા, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને બંદૂકનો કુંદો વાગવાથી કોણી ઉપર ઈજા થઈ હતી.

## મણિબહેન જગજીવન

સૂરત.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

## મણિબહેન જમનાદાસ

સૂરત.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર સઘન પિકેટિંગ કરવામાં સક્રિય ભાગ લીધો હતો.

## મણિબહેન તુલસીભાઈ

ધર્મજ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તથા બંદૂકના કુંદાથી તેમને બરડામાં ઈજા થઈ હતી.

## મણિબહેન પુરુષોત્તમ

વાસણા, તા. બોરસદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમને છાતીમાં મુક્કા મારીને ઈજા કરવામાં આવી.

## મણિબહેન મહીજીભાઈ

ઉંમર : 18. રાસ, જિ. આણંદ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને લાઠીના ફટકા પડવાથી બરડો, કમર, સાથળ, ખભા તથા બરડામાં ઈજાઓ થઈ હતી.

## મણિબહેન મૂળજીભાઈ

ઉંમર : 20 વર્ષ. આંકલાવ, જિ. ખેડા.

1930-32ની ચળવળ દરમિયાન બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન'ની ઉજવણી માટે નીકળેલ બહેનોના સરઘસમાં જોડાયાં અને પોલીસે કરેલ લાઠીચાર્જમાં ખભા પર ઈજા થઈ હતી.

## મણિભાઈ ગીરજાશંકર

ભાવનગર.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. ધરપકડ કરવામાં આવી. જેલવાસ ભોગવ્યો.

## મણિભાઈ જીવણજી

સિસોદરા, તા. જલાલપોર.

1919માં ગાંધીજીના વખતમાં ખાદી અને રેંટિયાની પ્રવૃત્તિ થઈ. મણિભાઈ જાણીતા સત્યાગ્રહી હતા. તેમની ધગશના પરિણામે આજુબાજુનાં ગામોમાં સેંકડો રેંટિયા ચાલુ થયા હતા. હાથના કાંતેલા સૂતરના ઢગલા થયા હતા.

## મણિભાઈ વાઘજીભાઈ

ઉંમર : 19 વર્ષ. ભાદરણ.

1930-32ની ચળવળ દરમિયાન બોરસદ મુકામે પત્રિકાઓ વહેંચતાં 13 મે, 1932ના રોજ ધરપકડ કરવામાં આવી. અદાલતે તેમને 6 માસની સખત કેદ અને રૂ. 100/- દંડ અથવા દોઢ માસની વધારે કેદની સજા કરી. તેમણે સાબરમતી અને નાસિક જેલમાં સજા ભોગવી હતી.

## મણિલાલભાઈ

પાટડી, જિ. સુરેન્દ્રનગર.

1930ના મીઠા-સત્યાગ્રહમાં દારૂની દુકાન ઉપર પિકેટિંગ કરતાં પાટડી મુકામે તેમની ધરપકડ કરવામાં આવી. કેસ કરી એક મહિનાની કેદની સજા થઈ. વિરમગામની જેલમાં સજા ભોગવી.

## મણિલાલ પરમાનંદદાસ

ભાવનગર.

1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં સક્રિય ભાગ લીધો. ગુજરાતમાંથી ગયેલી ટુકડીમાં જોડાયા. ધરપકડ. જેલની સજા. સમાધાન બાદ મુક્તિ.

## (ડૉ.) મણિશંકર કરુણાશંકર

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

1930ની મીઠાની લડત વખતે વઢવાણથી એક ટુકડી લઈને સત્યાગ્રહ માટે વિરમગામ પહોંચ્યા. પકડાયા. જેલવાસ વેઠ્યો.

## મણિશંકર ધીરજલાલ

જન્મ : સપ્ટેમ્બર, 1919. ડાકોર, જિ. ખેડા.

અભ્યાસ : આર્થિક સ્થિતિને લીધે અધૂરો છોડ્યો. 1942 : 13 ઑગસ્ટના રોજ ડાકોરમાં સરઘસમાં ભાગ લીધો. ગોળીબારનો ભોગ. અગ્નિસંસ્કાર માંડ પત્યો ત્યાં પિતાની ધરપકડ. 10 મહિને મુક્તિ.

## મણિયાર, લલ્લુભાઈ કિશોરભાઈ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભાવનગર રાજ્યે ધરપકડ કરી અટકાયતમાં રાખ્યા.

## મણિયાર, લીલાધર વેલજી

જન્મ : 12 ડિસેમ્બર, 1908. જામનગર.

1930માં કરાંચીના વસવાટ દરમિયાન વિદેશી કાપડ તેમજ દારૂની દુકાન ઉપર પિકેટિંગ કરતાં પોલીસોનો અમાનુષી ત્રાસ ભોગવ્યો. ધરપકડ. 6 માસનો જેલવાસ ભોગવ્યો. જેલમાં અન્યાયો સામે લડ્યા. 12 દિવસ ભૂખ હડતાળ વેઠી. અંધારી કોટડીની સજા અને સજામાં વધારો થયો. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો.

## મતાદાર, મહમદભાઈ ઈસપભાઈ

આમોદ, ભરૂચ.

1942ની લડતમાં સરઘસની આગેવાની લઈ ઝંડા સાથે સરઘસ કાઢતાં પકડાઈ ગયા. નવ માસની સજા થઈ.

## મદિયા, મગનલાલ લક્ષ્મીચંદ

શહેરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન ગાંધી-જયંતીના દિવસે શહેરા ગામમાં હડતાળ પડાવીને પોતાની દુકાન બંધ રાખવા માટે પોલીસે ધરપકડ કરી. થોડા દિવસ ગોધરાની સબજેલમાં રહ્યા બાદ સમાધાન કરીને છૂટ્યા.

## મનમોહન દેવશીભાઈ

અમરેલી.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લેવાથી ધરપકડ કરવામાં આવી. જેલની સજા ભોગવી. ભારત સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## મનસુખભાઈ મોતીભાઈ

માતરિયા, જિ. પંચમહાલ.

1930માં ગોધરામાં આઝાદીની ચળવળમાં ભાગ લીધો. પત્રિકાઓ વહેંચવા અને દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ કરવા બદલ ધરપકડ થઈ. 5 માસની સજા ભોગવી. દંડ ન ભરતાં પૂરા 6 માસ સજા ભોગવી.

## મનસુખરામ, કિશોરકુમાર એન.

અમદાવાદ.

1942ની ચળવળ વખતે માત્ર 16 વર્ષની ઉંમર. પ્રભાતફેરી, સરઘસો, પત્રિકાઓ વહેંચવામાં ભાગ લેતા. દરરોજ વાનરસેના પોલીસ પર સખત પથ્થરમારો કરે. પથ્થરમારો કરવાથી. પો.સ.ઈ. શેખનો ગોળીબાર. પગમાં ગોળી વાગી. ઑપરેશન. કેસ થયો, તેમાં નિર્દોષ છૂટ્યા. લડત બાદ ચાંદીનો મેડલ ભેટ મળ્યો.

## મનસુખલાલ કરસનદાસ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. તેઓ જેલની સજા ભોગવીને મુક્ત થયા.

## મનસુખલાલ ત્રિકમદાસ

જન્મ : ગોંડળ, જિ. રાજકોટ

1942ની 'હિન્દ છોડો' લડત વખતે હિન્દ સંરક્ષણધારા હેઠળ ધરપકડ કરીને રાજકોટની જેલમાં અટકાયતમાં રાખવામાં આવ્યા. તેઓ હસ્તરેખાશાસ્ત્રી હતા.

## મનસુખલાલ પ્રેમચંદ

ગોંડળ, જિ. રાજકોટ.

1942ની લડતમાં ગોંડળથી પકડાયા. રાજકોટ જેલમાં 4 માસની સજા ભોગવી.

## મનસુખલાલ મગનલાલ

ધોરાજી, જિ. રાજકોટ.

1942થી લડતમાં ભાગ લેતાં પકડાયા. 3 માસની સજા થઈ અને રૂ. 100 દંડ થયો.

## મનહરલાલ રાયચંદ

રાજકોટ.

1942ની લડતમાં ભાગ લીધો. ધરપકડ. 4 માસની જેલની સજા ભોગવી.

## મનહરલાલ લલ્લુભાઈ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. તેમણે ધરપકડ વહોરી લીધી અને ટૂંકા સમય માટે જેલવાસ ભોગવ્યો હતો.

## મનુભાઈ અંબાલાલ

અમદાવાદ.

1942ની લડતમાં સરઘસો અને પત્રિકાની પ્રવૃત્તિમાં સક્રિય. પત્રિકાઓ રાખવા માટે નવેમ્બર 1942માં મસ્કતી માર્કેટમાંથી ધરપકડ. 4 માસની કેદ અને રૂ. 200 દંડની સજા.

## મનુભાઈ જીવણલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ. ધનાસુથારની પોળે ઘરમાં 150 પત્રિકાઓ રાખવા માટે ધરપકડ કરી. જેલમાં અટકાયત. ડિસેમ્બર 1942.

## મનુભાઈ પોપટભાઈ

અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે 17-11-1942ના રોજ અમરેલીથી તેમને પકડવામાં આવ્યા. અમરેલી જેલમાં અટકમાં રાખવામાં આવ્યા.

## મનોરદાસ મોહનલાલ

ધ્રાંગધ્રા, દેશી રાજ્ય. સૌરાષ્ટ્ર.

1931માં કાઠિયાવાડ રાજકીય પરિષદનું અધિવેશન ધ્રાંગધ્રામાં ભરવાનું આમંત્રણ પ્રજાજનોએ પાઠવ્યું હતું. તે બંધ રખાવવા રાજ્ય-સરકારે લોકો ઉપર જુલમ ગુજાર્યો. માણસોને ઘરમાંથી બહાર કાઢીને મારવામાં આવ્યા. મનોરદાસને એટલો બધો માર પડ્યો કે આઠ દિવસ સુધી આરામ ન થયો.

તા. 21-9-1931 અને 22-9-1931 દરમિયાન કુલ છસો માણસો પોલીસોની લાઠીમારનો ભોગ બન્યા. એકલા હળવદમાં જ ત્રણસો માણસોને માર સહેવો પડ્યો.

## મયારામદાસજી મહારાજ

જન્મ : 1881. વેદાંતના અભ્યાસી. જૂનાગઢ. આર્યસમાજી. જૂનાગઢમાં ગુરુકુળ બ્રહ્મચર્યાશ્રમના સ્થાપક. પ્રખર રાષ્ટ્રવાદી. સેવાભાવી. પ્રજામંડળની લડતના સમર્થ ટેકેદાર. તેમનો આશ્રમ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓના કેન્દ્ર સમાન.

આરઝી હકૂમતના ટેકેદાર. હજારો ગ્રામયુવકોને લડતમાં જોડાવા પ્રેરણા આપી.

નિધન : 26 નવેમ્બર, 1966.

## મરવાવાલા, સીદીભાઈ

ભરૂચ.

અસહકારની ચળવળ. 1920-22 દરમિયાન ભરૂચના ખિલાફત સમિતિના મંત્રી સીદીભાઈને ઈ. પી. કોડ કલમ 53ને આધારે નોટિસ આપ્યા બાદ ક્રિમિનલ પ્રોસીજર કોડની 108મી કલમને આધારે રૂ. 500/-ના જામીન માંગતાં તેમણે તે નકારી કાઢ્યા. તેથી એક વર્ષની કેદની સજા થયેલી. જેલમાં જતા સીદીભાઈને પાંચ હજાર જેટલા લોકોએ અદાલતના પટાંગણમાં ભેગા થઈને વિદાય આપી હતી.

## મર્થક, હિંમતલાલ

વતન : બોટાદ, જિ. ભાવનગર.

વ્યવસાય : વકીલ, 1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. ત્રણ વખત સાબરમતી જેલમાં સજા ભોગવી. પોરબંદરના રાણાવાવના ગ્રામપ્રદેશમાં લોકજાગૃતિ. ત્યાર બાદ અમદાવાદમાં વકીલાત.

અવસાન થયેલ છે.

## મલકાણી, નારાયણ રતનમલ

જન્મ : ઑગસ્ટ, 1889. હૈદરાબાદ, સિંધ, હવે પાકિસ્તાનમાં.

1922થી 1928 સુધી ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપક. 1930, 1932 અને 1942ની સ્વાતંત્ર્યની ચળવળોમાં ભાગ લીધો અને ચાર વર્ષની જેલ ભોગવી. ખાદી, ગ્રામોદ્યોગ અને હિન્દી રાષ્ટ્રભાષાના પ્રચારની રચનાત્મક

પ્રવૃત્તિઓમાં સક્રિય. પછીથી હરિજન સેવાના કાર્યમાં સક્રિય.

## મલેક, રસૂલભાઈ જેસંગભાઈ

નિવાસ : ચોરંદા, જિ. વડોદરા.

1942ની 'હિન્દ છોડો' આંદોલનમાં ભાંગફોડમાં પ્રવૃત્ત. ચોરંદાનું રેલવેસ્ટેશન બાળવામાં સાથ. પોલીસનો અત્યાચાર. પોણા બે વર્ષ કારાવાસ. વ્યવસાય : ખેતી, ખેતશ્રમિક.

## મશરૂવાળા, કિશોરલાલ ઘનશ્યામદાસ

જન્મ : 5 ઑક્ટોબર, 1890. મુંબઈ.

1913માં આકોલમાં વકીલાત. હોમરૂલ ચળવળ(1916)માં ભાગ લીધો. ગાંધીજીએ ચંપારણમાં સત્યાગ્રહ કર્યો ત્યારે વકીલાત છોડી ચંપારણ જઈ સત્યાગ્રહમાં જોડાયા. ત્યારથી ગાંધીજીની સાથે. ઑક્ટોબર 1920 : ગૂજરાત વિદ્યાપીઠના પ્રથમ મહામાત્ર. રાષ્ટ્રીય શાળાઓ સ્થાપી અને વિકસાવી. 1925 મઢી(તા. બારડોલી)ના આશ્રમમાં વસવાટ. ગુજરાતમાં અતિવૃષ્ટિમાં (1927) રાહતકાર્ય. 1930 : અને 1932ની ચળવળોમાં ભાગ. ધરપકડ. જેલવાસ. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં તેમણે કોઈના જાનને જોખમમાં નાખ્યા વિના ભાંગફોડની છૂટ આપી. ધરપકડ. જેલમાં અટકાયત. જેલમાં ઉપવાસ. મુક્તિ. ગાંધીજીના અવસાન બાદ 'હરિજન' પત્રોની જવાબદારી સંભાળી.

અવસાન : 9 સપ્ટેમ્બર, 1952.

## મશરૂવાળા, ગોમતીબહેન કિશોરલાલ

જન્મ : 1896, મુંબઈ.

અભ્યાસ : 5 ધોરણ. 1917થી 26 સુધી કિશોરલાલ મશરૂવાળા સાથે ગાંધી-આશ્રમમાં. 1930 : મીઠા સત્યાગ્રહની લડત શરૂ થતાં પારલામાં સત્યાગ્રહ કરતાં એક વર્ષની જેલ. દારૂતાડીના પિકેટિંગનું કાર્ય. 1934 : સેવાગ્રામ આશ્રમમાં નિવાસ. બારડોલીમાં નિવૃત્ત જીવન.

## મશરૂવાળા, રમણલાલ ફકીરચંદ

જન્મ : 2 સપ્ટેમ્બર, 1916. અમદાવાદ.

1927 : સૂરત રાનીપરજ ક્ષેત્રમાં પદયાત્રા. 1928 : વ્યાયામશાળાની સ્થાપના. 1930 : વિદેશી કાપડ ભંડારો પર પિકેટિંગ, શાળાઓ પર ધ્વજ-આરોપણ, પ્રભાતફેરી, સભા. 1931 : અમદાવાદ વિદ્યાર્થી મંડળની સ્થાપના. 1938 : અમદાવાદ નગરપાલિકાના સભ્ય. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ સંચાલન. 1941 : સાંપ્રદાયિક અથડામણો પ્રસંગે શાંતિકાર્ય. સામાજિક પ્રવૃત્તિ. મસ્કતી માર્કેટ સંચાલન સમિતિમાં. 1942માં ધરપકડ, જેલવાસ.

## મશરૂવાળા, સુરેન્દ્ર ઈશ્વરદાસ

વતનઃ મુંબઈ.

1929માં ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા હતા. 1930માં મીઠા-સત્યાગ્રહની લડત શરૂ થતાં વિલેપાર્લેની છાવણીમાં પ્રચાર કરવા ગયેલા અને 12 જાન્યુઆરી, 1933ના રોજ તેમની આગેવાની નીચે સરઘસ નીકળ્યું હતું, ત્યારે તેમની ધરપકડ થયેલી. પરંતુ પાછળથી છોડી મૂકેલ.

## મસરીભાઈ જીવાભાઈ

રાણાવાવ, પોરબંદર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે પોરબંદરમાં રાજ્ય-સરકાર તરફથી લોકો ઉપર કરવામાં આવેલા જુલમોના ભોગ બન્યા. રાજ્ય-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## મસાલાવાળા, સીદીભાઈ પીરભાઈ

નિવાસ : ભરૂચ.

1942ની આઝાદીની લડતમાં સક્રિય. મુસલમાન સ્વાતંત્ર્યસેનાની. બ્રિટિશ શાસન વિરુદ્ધ ભાષણ. સભા-સરઘસોમાં સક્રિય ભાગ. ધરપકડ. 1 વર્ષ અને 6 મહિનાનો કારાવાસ.

## મહંત, ઠાકોરદાસ લાલદાસ

જન્મ : 9 ફેબ્રુઆરી, 1920. સીથાણ ગામ, જિ. સૂરત.

1930ની લડતમાં એમના ભાઈ કેશવલાલે જેલ ભોગવી હતી એટલે કુટુંબથી જ દેશભક્તિના સંસ્કાર. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં 3 મહિનાની સજા ભોગવી. 1942માં પકડવામાં આવ્યા. 4 મહિનાની સજા અને રૂ. 40નો દંડ. દંડ વસૂલ કરાયો.

## મહંત, લાલદાસ મંછારામ

વતન : સિથાણ, જિ. સૂરત.

1920ની અસહકારની લડત વખતે પ્રાથમિક શિક્ષક તરીકેની 16 વર્ષની નોકરીનો ત્યાગ કર્યો અને દેશની સ્વતંત્રતાની લડતમાં જોડાયા. તાલુકાની કેટલીક રાષ્ટ્રીય શાળાઓમાં ઓછા વેતને સેવા આપીને આર્થિક અગવડો વેઠી. 1930ની ચળવળમાં ભાગ લેવાથી પોલીસ તરફથી એમની ખૂબ સતામણી કરવામાં આવી હતી. આઝાદી મળ્યા બાદ પેન્શન આપવામાં આવ્યું.

## મહંત, વલ્લભદાસજી

માંડવી, જિ. સૂરત.

કેટલાક વૈષ્ણવ આચાર્યોએ તો પોતાનાં મંદિરોમાં રેંટિયાને પણ પવિત્ર સ્થાન આપ્યું હતું. સૂરત જિલ્લામાં આવેલા માંડવીમાં મહંત વલ્લભદાસજીના મંદિરમાં સ્વરાજ્યાશ્રમ ચાલતો હતો અને અહીં રેંટિયાની પ્રવૃત્તિને વિશેષ મહત્વ આપવામાં આવ્યું હતું.

## મહંત, વિજયદાસજી વીરદાસજી

જન્મ : 8 નવેમ્બર, 1913. જૂનાગઢ.

જૂનાગઢની આરઝી હકૂમત વખતે મોખરે રહ્યા. જાનને જોખમે સાહસો કર્યાં. પોરબંદર પંથકમાંથી લોકસેના ઊભી કરી. લોકજાગૃતિનું કાર્ય. કુતિયાણા મુકામે લડત આપી.

## મહંતશ્રી ભગવાનદાસજી

જન્મ : કાપઠુઆ, જિ. અલ્લાહાબાદ, ઉત્તરપ્રદેશ.

ગણદેવી રામજી મંદિરના મહંતશ્રી. સંન્યસ્ત ધારણ કરતાં પહેલાં યુવાનીમાં સ્વાતંત્ર્યસૈનિક. 1930ની ચળવળ વખતે અભ્યાસ છોડી સત્યાગ્રહમાં ભાગ લઈ કારાવાસ ભોગવ્યો. જેલમાંથી છૂટી શાળા-કૉલેજના બહિષ્કારના આંદોલનમાં ભાગ. ધરપકડનું વૉરંટ. ધરપકડ. છ મહિનાની જેલની સજા. તે પછી અલ્લાહાબાદમાં આનંદભવનનો કબજો લેવા માટેના સત્યાગ્રહમાં ભાગ. ત્રીજી વાર ધરપકડ. લખનૌની કૅમ્પ-જેલમાં. ગાંધી-ઇર્વિન કરાર થતાં છુટકારો. કેટલીક જમીન જપ્ત થઈ. રચનાત્મક પ્રવૃત્તિ. 1944માં ગૃહસ્થાશ્રમ છોડી સંન્યાસી થયા.

## મહાદેવ ગોવર્ધનદાસ

જન્મ : 1921.

રૉયલ ઇન્ડિયન નેવીના બળવાને ટેકો આપવા માટેના પ્રજાકીય આંદોલનમાં ભાગ. 22, ફેબ્રુઆરી 1946ના દિવસે પોલીસ ગોળીબારમાં મુંબઈમાં ઘવાયા અને મરણ પામ્યા.
અવસાન : 22 ફેબ્રુઆરી, 1946.

## મહિડા તુલસી જગુભાઈ

વતન : ધોરા, તા. આણંદ. અભ્યાસ : ગુજરાતી સાત ધોરણ.

સને 1930ની મીઠાની લડત વખતે ધરાસણામાં મીઠું લૂંટવા ગયેલા તે વખતે સખત માર ખાધેલો. પાછળથી પણ તે કૉંગ્રેસનું કાર્ય કરતા રહ્યા.

## મહિડા બળવંતસિંગ હિંમતસિંગ

જન્મ : 20 મે, 1912. ધોરા, જિ. આણંદ. અભ્યાસ : મૅટ્રિક.

1930ના મીઠા-સત્યાગ્રહ વખતે ધરાસણા ગયેલી ટુકડીમાં ગામના બીજા સાથીદારો સાથે ગયેલા. પોતે ગામના મુખી હતા. તે હોદ્દા પરથી રાજીનામું આપી દીધું અને પરદેશી કાપડના બહિષ્કાર માટે નડિયાદમાં પિકેટિંગ કર્યું. પાછળથી તે કૉંગ્રેસનું કાર્ય કરતા હતા.

## મહેતા, અખિલેશ્વરીબહેન ચીમનલાલ

જન્મ : 1912. ભાવનગર.

અભ્યાસ : મૅટ્રિક. વિદેશી કાપડ તેમજ દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 1930 : વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. પાટડીમાં મીઠાના કાયદાનો ભંગ. ધરપકડ. સાબરમતી જેલમાં સજા અને દંડ. (દંડ ન ભર્યો). વધુ 1 માસની સજા. દેવલાલીમાંથી હદપાર. ધાંગધ્રા લડતમાં ભાગ અને સિતમના ભોગ.

## મહેતા, અનંતરાય વેણીલાલ

જન્મ : 25 જૂન, 1916. ભાવનગર.

અભ્યાસ : બી.કૉમ..

1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો અને જાનના જોખમે અનેક સાહસભર્યાં કામો કર્યાં. જેલની સજા ભોગવી. સ્વરાજ મળ્યા બાદ ખાદી ગ્રામોદ્યોગના બોર્ડમાં કામ કર્યું. તે પછી ગાંધીસ્મૃતિ, ભાવનગરમાં જોડાયા. પેન્શન કે તામ્રપત્ર માગેલ નથી.

## મહેતા, અન્નપૂર્ણા ચૂનીલાલ

જન્મ : 10 મે, 1920. ચોર વડોદરા, તા. વિરમગામ.

રાનીપરજના અનન્ય સેવક ચૂનીભાઈ મહેતાનાં પુત્રી. જુગતરામ દવેનું શિક્ષણ, ગાંધીજીના આશીર્વાદ. 1943માં ગાંધીજી મઢી સ્વરાજ આશ્રમમાં આવ્યા, બાળપણથી બુનિયાદી તાલીમના સંસ્કારો પડ્યા હતા. તે રાનીપરજ પ્રજામાં ફેલાય, તે માટે આજીવન કામ કરવાનો નિર્ણય. કન્યાશ્રમમાં બાળકોને આવતાં કર્યાં. કન્યા છાત્રાલય, બુનિયાદી શિક્ષણ. ખાદીપ્રચાર, આરોગ્ય-કેન્દ્ર વગેરે પ્રવૃત્તિ. ગુજરાત નઈ તાલીમ સંઘનાં મંત્રી.

## મહેતા, અરવિંદભાઈ જેઠાલાલ

બાબાપુર, જિ. અમરેલી.

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સભા-સરઘસ યોજતાં પકડાયા. સાત માસની જેલની સજા. ભૂગર્ભપ્રવૃત્તિમાં રતુભાઈ અદાણીના નેતૃત્વ નીચે રચનાત્મક કાર્યકર. કૅનેડામાં સમાજોપયોગી પ્રવૃત્તિ. પૅન્શન અને તામ્રપત્ર મળ્યાં.

## મહેતા, અશોક રણજિતરામ

જન્મ : 24 ઑક્ટોબર, 1911. ભાવનગર. વતન : સૂરત.

ગુજરાતના અગ્રણી સાહિત્યકાર રણજિતરામ વાવાભાઈ મહેતાના પુત્ર. 1930માં અભ્યાસ છોડી સત્યાગ્રહમાં ભાગ. 1932માં ધરપકડ. 2.5 વર્ષની સજા. નાશિક જેલમાં જયપ્રકાશ નારાયણ, અચ્યુત પટવર્ધન, એસ.એમ.જોશી વગેરે સાથે કૉંગ્રેસમાં સમાજવાદી પક્ષ સ્થાપ્યો. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ. 6 મહિનાની કેદની સજા. છૂટ્યા બાદ તરત ધરપકડ કરી. 1 વર્ષ અટકાયત. 1942ની 'હિન્દ છોડો' લડતમાં 3 વર્ષની જેલ ભોગવી. સમાજવાદી પક્ષના મહામંત્રી અને પછી પ્રમુખ. 1939માં હિન્દ મઝદૂર સભાની સ્થાપના કરી. 1953માં પારડી સત્યાગ્રહમાં 1 વર્ષની સજા. રાજકારણ અને અર્થશાસ્ત્રના ઘણા સારા લેખક.

અવસાન : 10 ડિસેમ્બર, 1984.

મહેતા, (ડૉ.) ઉત્તમલાલ દ્વારકાદાસ

જન્મ : 29 જૂન, 1897. ચીખલી, જિ. વલસાડ.

1930-1932ની સવિનય કાનૂનભંગ, 1940-41નો વ્યક્તિગત સત્યાગ્રહ તથા 1942માં તેઓ ત્રણ વાર જેલમાં ગયા. પારડી તાલુકામાં કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. તાલુકાના આગેવાન. અવસાન : 1944.

## મહેતા, ઉત્તમલાલ રણછોડલાલ

અમદાવાદ.

અમદાવાદના હોમરૂલ લીગના આગેવાન. અન્ય આગેવાનો સાથે આસપાસનાં ગામો કાળી, રાણીપ, અસલાલી, નરોડા વગેરે તથા વિવિધ પોળોમાં સભાઓ યોજી સ્વરાજનો અર્થ સમજાવતા, ભાષણો તથા હોમરૂલ લીગનો પ્રચાર. લોકજાગૃતિ.

## મહેતા, ઉદયપ્રભાબહેન ભાઈદાસ

જન્મ : 21 જૂન, 1914. અમદાવાદ.

1930-32માં ગાંધીજીએ બહેનોને દારૂનિષેધ, વિદેશી કાપડ બહિષ્કાર વગેરે કામો સોંપ્યાં. તેમાંથી તેઓને સામાજિક કાર્ય કરવાની પ્રેરણા મળી. 1930-32 અને 1942ના સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લીધો. 1942માં જમાલપુર વૉર્ડના સ્ત્રી-વૉર્ડનાયક તરીકે સક્રિય. અવસાન : 1986.

## મહેતા, ઉમિયાશંકર હરિરામ

જન્મ : 3 સપ્ટેમ્બર, 1924. વલભીપુર, જિ. ભાવનગર. અભ્યાસ : બી.એ., બી.એડ..

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાઈને જોખમી કામ કર્યાં. ત્યાર બાદ વલભીપુરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતા હતા.

## મહેતા, ઉમેદકાન્ત એલ.

રાણાવાવ, જિ. પોરબંદર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. પોરબંદર રાજ્યના જુલમોનો ભોગ બન્યા. રાજ્ય- સરકારનું પેન્શન મળે છે.

## મહેતા, ઉષાબહેન (પ્રોફેસર)

જન્મ : 1920. સરસ, જિ. સૂરત. કાર્યક્ષેત્ર : મુંબઈ.

કિશોરવયથી રાષ્ટ્રવાદી. છોકરીઓની 'માંજરસેના'માં જોડાઈને સરઘસોમાં જતાં. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન કૉલેજનો અભ્યાસ છોડી. મુંબઈમાં બાલુભાઈ ખખ્ખર અને વિઠ્ઠલભાઈ ઝવેરીએ તૈયાર કરેલ આઝાદ રેડિયો સ્ટેશનથી ગુપ્ત રીતે, ઘણા દિવસો સુધી ઉદઘોષિકાની સેવા આપી. લડતના સમાચાર અને ભવિષ્યનો કાર્યક્રમ જાહેર કરતાં. 12 નવેમ્બર, 1942ના રોજ ધરપકડ. જેલમાં ખૂબ અત્યાચારો સહન કર્યા. આઝાદી બાદ મુંબઈ યુનિવર્સિટીમાં રાજ્યશાસ્ત્રનાં પ્રોફેસર હતાં. મુંબઈમાં મણિભુવન અને ગાંધી સંગ્રહાલયની વ્યવસ્થા સંભાળી.

અવસાન થયેલ છે.

## મહેતા, કપિલરાય મનવંતરાય

જન્મ : 3 જાન્યુઆરી, 1911. ભાવનગર.

ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. 1929માં લાહોર કૉંગ્રેસના અધિવેશનમાં ગુજરાતના પ્રતિનિધિ. 1930 : દાંડીકૂચ વખતે અરુણ ટુકડીમાં વિદ્યાર્થીઓ સાથે જોડાયા. દાંડીમાં સત્યાગ્રહમાં ભાગ લીધો. ગાંધીજીએ કરાંચી (સિંધ-પાકિસ્તાન) સત્યાગ્રહની છાવણીઓનાં સંગઠન અને તાલીમ માટે મોકલ્યા. મે, 1930 : હૈદરાબાદ(સિંધ)માં લાઠીમાર ખાધો, ધરપકડ. 10 દિવસ જેલમાં. ધરાસણામાં સત્યાગ્રહ, વિલેપાર્લે સત્યાગ્રહ છાવણીમાંથી ધરપકડ.

યરવડા અને નાશિક જેલમાં. વિલેપાર્લે કૉંગ્રેસ બુલેટિન તથા મુંબઈ પ્રાંતિક કૉંગ્રેસ બુલેટિન 3 માસ ચલાવ્યાં. 1931-32 : ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત વલ્લભ વિદ્યાલય, બોચાસણના આચાર્ય. 1932માં તે સંસ્થા જપ્ત. 1932 : મુંબઈમાં સત્યાગ્રહ ચળવળમાં ભાગ લીધો. 'સ્વદેશી' માસિકના સંપાદનમાં વૈકુંઠરાય લલ્લુભાઈ મહેતા અને ડૉ. વી.કે.આર.વી. રાવના મદદનીશ. 1933-34 : અમદાવાદ સ્વદેશી મ્યુઝિયમના ક્યુરેટર. 1934થી 'ગુજરાત સમાચાર' દૈનિક અમદાવાદમાં. 1962થી સહતંત્રી અને પછી તંત્રી. 1962થી 'સંદેશ' દૈનિક, અમદાવાદમાં તંત્રી.
અવસાન : 1970.

## મહેતા, કરસનજી કેશવજી

નિવાસ : વડોદરા.

પ્રાથમિક શિક્ષણ જૂનાગઢમાં. ગામમાં વિવિધ શિક્ષણકાર્ય. 1925 : સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય. જનજાગરણ. દેશીરાજ્યોના અત્યાચારો સામે આંદોલન. રાજકોટ. ધરપકડ. કારાવાસ.

## મહેતા, કલ્યાણજી વિઠ્ઠલભાઈ

જન્મ : 7 નવેમ્બર, 1890. વાંઝ, તા. ચોર્યાસી, જિ. સૂરત.

1907માં સૂરતમાં મહાસભાનું અધિવેશન મળ્યું ત્યારથી રાજકારણમાં સક્રિય. 1911માં સૂરતમાં પાટીદાર વિદ્યાર્થી આશ્રમના સ્થાપક. તેના ગૃહપતિ બન્યા. તેઓ સૂરત જિલ્લાની રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યા. હોમરૂલ આંદોલન(1916)થી રાજકીય જીવનની શરૂઆત. એની બેસન્ટની ધરપકડ થતાં, સાર્વજનિક હાઈસ્કૂલના શિક્ષક તરીકે રાજીનામું. તે પછી બધા સત્યાગ્રહોમાં ભાગ. 1917-18 : ખેડા સત્યાગ્રહમાં ત્રણ મહિના ગામડાંમાં ફરી ખેડૂતોમાં જાગૃતિ. 1919 : રૉલેટ કાયદા(કાળો કાયદો)ના વિરોધમાં જપ્ત થયેલાં પુસ્તકોનું જાહેરમાં વેચાણ, ધરપકડ. 1920થી 1930 : સૂરત જિલ્લા સમિતિના મંત્રી. 1921 : અસહકારની ચળવળમાં ટિળક સ્વરાજ ફાળામાં પોતાની સમગ્ર મિલકત અર્પણ. સૂરત સુધરાઈનો કબજો લેવાના આંદોલનના આગેવાન. 1923માં નાફેરવાદી પત્ર 'નવયુગ' સાપ્તાહિકની સ્થાપના, તંત્રી બન્યા. તેમાં લેખ માટે ધરપકડ. 2 વર્ષની જેલની સજા. 1925 : બારડોલીના આશ્રમોની તથા રાષ્ટ્રીય શાળાઓની સ્થાપના, સંચાલન. 1927 : સૂરતમાં રાષ્ટ્રીય કૉલેજ અને હાઈસ્કૂલ સ્થાપી. તેના મંત્રી. સૂરતની મ્યુનિસિપલ રાષ્ટ્રીય શાળાઓના સંચાલક મંડળના મંત્રી. 1928 : બારડોલી તાલુકા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ હતા. બારડોલી સત્યાગ્રહ ચાલુ કરાવી તેને સફળતાથી પૂરો કરવામાં સરદાર પટેલના સાથી. 1930 : સવિનય કાનૂનભંગમાં મીઠાના કાયદાનો ભંગ કરવામાં દાંડીની પસંદગી કરાવવામાં મુખ્ય પ્રદાન. લોકજાગૃતિમાં ફાળો. ધરપકડ. 1 વર્ષની કેદ. 1931 : મરોલી આશ્રમની સ્થાપના કરી. 1932 : સવિનય કાનૂનભંગની ચળવળમાં એમનો પાટીદાર આશ્રમ, એમના બે ભાઈઓ – કુંવરજીભાઈ અને પ્રભુભાઈનાં મકાનો, ઢોર અન્ય મિલકત સરકારે જપ્ત કરી વેચી દીધાં. પરિવારના સભ્યોને પહેરેલ કપડે બહાર કાઢ્યા. ઉપરાંત કલ્યાણજીને 2 વર્ષની જેલ. 1934માં સત્યાગ્રહી ખેડૂતો માટે વસાહતો સ્થાપી. 1938માં સૂરત જિલ્લા સ્કૂલ બોર્ડના અધ્યક્ષ થયા. 1942માં 'હિન્દ છોડો' લડતમાં ધરપકડ. 2 વર્ષની જેલ. 1952 : ચોર્યાસી તાલુકામાંથી મુંબઈની વિધાનસભામાં ચૂંટાયા. 1957 : બારડોલીમાંથી મુંબઈની વિધાનસભામાં ચૂંટાયા. મુંબઈ અને ગુજરાતની વિધાનસભાના કામચલાઉ સ્પીકર. 1947થી 1973 ગુજરાત સમાજ શિક્ષણ સમિતિના મંત્રી. ગુજરાતની રેલસંકટોમાં

રાહતકાર્ય. 1965માં સૂરતમાં સાહિત્ય પરિષદના સ્વાગત સમિતિના ઉપ-પ્રમુખ. ભારત સરકાર તરફથી 'પદ્મભૂષણ'.
અવસાન : 11 જુલાઈ, 1973.

## મહેતા, કંચનલાલ વાસુદેવ
અમદાવાદ.

અમદાવાદમાં એની બેસન્ટની હોમરૂલ લીગની શાખા ઑક્ટોબર, 1916માં સ્થાપી. તેઓ વિવિધ ટૉપિક્સ પર ચર્ચા ગોઠવતા. તેઓ અમદાવાદના વિવિધ વિસ્તારો તથા આસપાસનાં ગામોમાં હોમરૂલનો પ્રચાર કરવા માટે ભાષણો કરતા.

## મહેતા, કાન્તાબહેન હરિલાલ
અમદાવાદ.

1942ની ચળવળમાં ઉસમાનપુરા વિસ્તારમાં ભોંયપત્રિકા લખવા માટે 6-9-1942ના રોજ ધરપકડ. 2 માસની કેદની સજા અને રૂ. 100 દંડ. સભા-સરઘસોમાં જોડાતાં. પત્રિકાઓ વહેંચતાં.

## મહેતા, કાન્તિલાલ છગનલાલ
અમદાવાદ.

દેશભક્તિ પ્રબળ હોવાથી રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. 1942ની ચળવળમાં નોકરીની પરવા કર્યા વિના સુધરાઈની હડતાળ તથા ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. ધરપકડ. 5 માસની સજા થઈ.

## મહેતા, કાન્તિલાલ રામજીભાઈ
જન્મ : 1905. સરસિયા, જિ. ભાવનગર.

અભ્યાસ : ધોરણ 10. 1930-31 મીઠાના સત્યાગ્રહમાં સક્રિય ભાગ. 6 માસની જેલ. જેલવાસ દરમિયાન ક્ષયરોગ લાગુ પડતાં યુવાનીમાં નિધન.

## મહેતા, કાશીરામ લલ્લુભાઈ
જન્મ : 1895. વળા, વલ્લભીપુર, જિ. ભાવનગર.

અભ્યાસ છોડી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જોડાયા. લોકસેવક. લોકજાગૃતિનું કાર્ય કર્યું. સાખડાસર ગામે ખાદી અને રેંટિયાનો પ્રચાર. 1938માં વળાની લડત વખતે સરમુખત્યાર બની જેલમાં ગયા. લડતના અગ્રણી. ભાવનગર પ્રજા પરિષદના પ્રશ્નો ઉકેલવામાં સક્રિય.
અવસાન : 1959.

## મહેતા, કિરીટકુમાર ઠાકરશી
જન્મ : 23 એપ્રિલ, 1925.

નિવાસ : ભાવનગર. અભ્યાસ : મૅટ્રિક. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ધરપકડ. ભાવનગર જેલમાં 6 માસની સજા. રચનાત્મક કાર્યકર.

## મહેતા, કિશનભાઈ
જન્મ : 31 ઑગસ્ટ, 1924. મુંબઈ.

પિતાશ્રી વેપારી અને ગાંધીવાદી. ખાદીધારી. 1942માં અભ્યાસ છોડ્યો. સરકારના વિરોધ સરઘસમાંથી ગોપાલભાઈ અને મિત્રો સહિત ધરપકડ. 1943માં યરવડા જેલમાં કેટલાક મહિના અટકાયતમાં. જેલમાં અપાતા ખોરાકનો વિરોધ કર્યો. યુસુફ મહેરઅલીનો સંપર્ક થયો. સ્વાતંત્ર્ય બાદ શહેરની બસ સેવા 'બેસ્ટ'ના ચૅરમૅન.

## મહેતા, કુંદનબહેન વેલજી
જન્મ : 1916. અંજાર (કચ્છ). નિવાસ : મુંબઈ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. સ્ત્રીઓના સરઘસમાંથી કૉટન એક્સચેન્જ પાસે ધરપકડ. તેમાં સાથે લીલાબહેન, લતા મુનશી, ઉષા મુનશી, વિમળાબહેન હતાં. તેમના સરઘસ પર લાઠીમાર થયેલો. પકડીને આર્થરરોડ જેલમાં ચાર મહિના સજા ભોગવી.

## મહેતા, કુંવરજીભાઈ વિઠ્ઠલભાઈ

જન્મ : 1886. વાંઝ, તા. ચોર્યાસી, જિ. સૂરત.

શાળાના શિક્ષક. 1907 : સૂરતમાં કોંગ્રેસના અધિવેશનમાં હાજરી. અરવિંદ ઘોષ, ટિળક, ખાપરડે વગેરેનાં ભાષણોથી રાષ્ટ્રસેવાની પ્રેરણા. 1908 : ટિળકને 6 વર્ષની કેદ. તેના વિરોધમાં જાહેર સભા. વારંવાર બદલી થવાથી નોકરીનું રાજીનામું. જ્ઞાતિસુધારા માટે 'પટેલ બંધુ' માસિક શરૂ કર્યું. 1911 : સૂરતમાં પાટીદાર આશ્રમ સ્થાપ્યો. સ્વદેશી કાપડ, પુસ્તકો તથા સ્ટેશનરીની દુકાન શરૂ કરી. 1916 : હોમરૂલ લીગનો પ્રચાર. 1917 : ખેડા સત્યાગ્રહથી રાજકારણમાં ભાગ. 1921 : બારડોલી તાલુકાનાં અનેક ગામોમાં રાષ્ટ્રીય શાળાઓ સ્થાપી. તાલુકામાં રાષ્ટ્રભક્તિનો પ્રચાર. અનેક તલાટીઓનાં રાજીનામાં મેળવ્યાં. 1928 : બારડોલી તાલુકામાં સત્યાગ્રહ શરૂ કરાવવામાં તથા વલ્લભભાઈને નેતૃત્વ લેવડાવવામાં મુખ્ય ફાળો. અનેક ગામોમાં ફરી ખેડૂતોમાં લોકજાગૃતિ, હિંમતનો સંચાર. 1930માં ના-કરની લડત બારડોલી તાલુકામાં ઉપાડી. તાલુકાનાં ગામેગામથી હિજરત થઈ. પાટીદાર આશ્રમ અને એમની તથા ભાઈઓની માલમિલકત જપ્ત થઈ. અમલદારોને થાપ આપવાની, ગુપ્તવાસ કરવાની, યુક્તિઓ દ્વારા સરકારી તંત્રને હંફાવવાની તેમની વ્યવહારુ બુદ્ધિ, ચતુરાઈ અદ્વિતીય હતાં. 1942 : 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન ગુપ્તવાસ સેવનારને આશ્રય, સહાય. સૂરતની રાષ્ટ્રીય શાળાઓનું સંચાલન. ગાંધીજી, સરદાર પટેલના નિકટના સાથી. મલાડ(મુંબઈ)માં નિવૃત્ત જીવન.

અવસાન : 18 ફેબ્રુઆરી, 1982. મુંબઈ.

## મહેતા, કૃષ્ણદાસ ચીમનલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં આગળ પડતો ભાગ લીધો. સભા-સરઘસો, પત્રિકાપ્રવૃત્તિ વગેરેમાં સક્રિય હતા. તેમની ધરપકડ કરવામાં આવી અને જેલની સજા ભોગવી હતી.

## મહેતા, કેશવલાલ નાનાલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન. 15 ઑગસ્ટના દિવસે સરઘસ, લાઠીચાર્જ, ધરપકડ. 2 માસની કેદની સજા.

## મહેતા, કેશુભાઈ ત્ર્યંબકલાલ

જન્મ : 28 સપ્ટેમ્બર, 1913. લીલિયા, જિ. અમરેલી.

1930ના મીઠાના સત્યાગ્રહ વખતે બરવાળામાં ધરપકડ, સાબરમતીમાં 6 માસ જેલવાસ. 1932 : સત્યાગ્રહમાં ધોલેરામાં ધરપકડ. નાશિક તેમજ સાબરમતીમાં જેલવાસ. 1932 : ધોલેરાની છાવણી જપ્ત થતાં તેનો કબજો લેવા જતાં પોલીસોને હાથે સખત માર. મ્યાનમાર(બર્મા)માં વિદેશ વ્યવસાય અર્થે. શારદાગ્રામની શિક્ષણસંસ્થામાં. લાંબી સેવા અને નિવૃત્ત.

## મહેતા, ખુશાલદાસ દયાળજીભાઈ

જામનગર.

વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રવાદી. જામનગર પ્રજામંડળની લડત વખતે રાષ્ટ્રીય કાર્યકર. તેથી નોકરી છોડવી પડી. આજીવન રાષ્ટ્રીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રહ્યા. જિલ્લામાં રાષ્ટ્રભાષા પ્રચારકાર્ય નિવૃત્ત.

## મહેતા, ગજરાબહેન ગુલાબભાઈ

અજરાઈ, તા. ગણદેવી. વતન : વલસાડ.

કુટુંબમાં રાષ્ટ્રીય ભાવનાના સંસ્કાર મળ્યા. 1930ની લડતમાં તેઓ અમલસાડ અને કછોલીની બીજી બહેનો સાથે અમલસાડની દારૂતાડીની દુકાન ઉપર પિકેટિંગ કરતાં.

1942ની ચળવળમાં ભાંગફોડની કેટલીક

સામગ્રી એમને ઘેર ભેગી કરવામાં આવતી. તેમના પતિ ગુલાબભાઈની ધરપકડ પછી, આવી સામગ્રી વગે કરવાનું કામ તેમણે ગભરાયા વિના સફળતાપૂર્વક કર્યું.

## મહેતા, ગંગારામ પ્રાગજીભાઈ

જન્મ : 8 ડિસેમ્બર, 1915. રાજુલા, જિ. અમરેલી.

શરૂઆતમાં દાહોદમાં અને ત્યાર પછી ભાવનગર જિલ્લામાં પછાત કોમોની સેવા કરતા હતા. 1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે ભાવનગર અને અમદાવાદમાં ભૂગર્ભમાં રહીને કામ કર્યું. પાછળથી વેપારમાં જોડાયા. સાહિત્યપ્રવૃત્તિ પણ કરતા.

## મહેતા, ગુણવંતરાય મગનલાલ

જન્મ : 19 ડિસેમ્બર, 1925. ધ્રોળ, જિ. જામનગર. અભ્યાસ : મૅટ્રિક.

‘હિન્દ છોડો’ની 1942ની લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. છ મહિનાની જેલની સજા થઈ. રાજકોટની જેલમાં સજા ભોગવી. તે પછી ધ્રોળમાં વ્યવસાય.

## મહેતા, ગુલાબભાઈ ભીખાભાઈ

જન્મ : 5 ડિસેમ્બર, 1913. અજરાઈ, તા. ગણદેવી.

1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં શાળાના શિક્ષકની નોકરી છોડી ફેબ્રુઆરી, 1941ના રોજ સત્યાગ્રહ કરી 4 માસની જેલની સજા ભોગવી. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળ શરૂ થતાં ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય બન્યા. તે માટે 4 જાન્યુઆરી, 1943ના રોજ ધરપકડ. 1 વર્ષ અને 6 મહિના અટકાયત. 1944માં જેલમાંથી છૂટ્યા.

## મહેતા, ગોરધનદાસ હરિદાસ

જન્મ : 1914. વતન : કુંજરાવ, જિ. ખેડા.

અભ્યાસ : 7 ગુજરાતી. 1930 : પોલીસપટેલોનાં ત્યાગપત્ર મેળવ્યાં. ધરાસણા ટુકડી મોકલી. 1942 : બૉંબવિસ્ફોટમાં ધરપકડ. ભારે માર. શરીરે સોજા. 70 દિવસ પથારીવશ. સેવાકાર્ય ચાલુ.

## મહેતા, ગોવિંદલાલ અંબાલાલ

જન્મ : 1912. અમદાવાદ.

ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ. બારડોલી સત્યાગ્રહ પત્રિકાના પ્રચારક. 1930ના સત્યાગ્રહ પત્રિકાના પ્રચારક. 1930ના નમક સત્યાગ્રહની લડત વખતે ધોલેરા પંથકમાં લોકજાગૃતિનું કાર્ય. દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ. 1942ની ચળવળ વખતે ભૂગર્ભમાં સક્રિય કાર્ય કર્યું.

## મહેતા, ગૌરીશંકર શંભુરામ

ગોરૈયા, જિ. સુરેન્દ્રનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ. પોલીસનો માર. 6 માસની સજા ભોગવી. નિધન થયેલ છે.

## મહેતા, ચન્દ્રકાન્ત હરિપ્રસાદ

જન્મ : 11 નવેમ્બર, 1911. કર્મભૂમિ : મુંબઈ, દિલ્હી.

1942ની ચળવળ વખતે મુંબઈમાં. ભૂગર્ભમાં રહ્યા. સમાજવાદી આગેવાનોની સૂચના મુજબ ઉત્તર ભારતમાં લડતનું સંગઠન. 1943 : જાન્યુઆરીમાં ધરપકડ. 2.5 વર્ષની કેદ. આર્થર રોડ (મુંબઈ), નાશિક અને યરવડાની જેલમાં ભોગવી. દિલ્હી યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર. લેખક. નિવૃત્ત.

અવસાન : નવેમ્બર, 2007. દિલ્હી.

## મહેતા, ચન્દ્રકાન્ત નારણદાસ

અમદાવાદ.

1942ની ચળવળમાં થામણા (જિ. ખેડા)માં સરઘસ કાઢી ઉમરેઠ ગયા. ત્યાં લાઠીમારથી

ઈજા. ગામડાંમાં લડતનો પ્રચાર. એપ્રિલ, 1943માં અમદાવાદમાં તળીઆની પોળમાં તેમના ઘરને ઘેરીને ધરપકડ. અટકાયત. 5 માસ સાબરમતી જેલમાં.

## મહેતા, ચન્દ્રવદન ચીમનલાલ

જન્મ : 6 એપ્રિલ, 1901. સૂરત.

1924માં બી.એ. 1928માં બારડોલી સત્યાગ્રહમાં સ્વયંસેવક. 'નવજીવન' સાપ્તાહિકના સંચાલનમાં મદદ. 1930-32માં કૉંગ્રેસ પત્રિકાનું સંચાલન કરતાં જેલમાં ગયા. 15 મહિના સુધી ભૂગર્ભમાં કામ કર્યા પછી પકડાયા. સાહિત્યકાર, જાણીતા નાટ્યલેખક. રણજિતરામ સુવર્ણચંદ્રક વિજેતા. બરોડા યુનિવર્સિટીમાં અતિથિ અધ્યાપક. વિદેશોનો વ્યાપક પ્રવાસ.
અવસાન : 4 મે, 1991.

## મહેતા, ચંપકલાલ રૂઘનાથદાસ

વતન : પાટણ, ઉ. ગુજરાત. નિવાસ : મુંબઈ.

1930-31ની ચળવળમાં ભાગ લઈ સ્થાનિક કૉંગ્રેસ સમિતિમાં સ્વયંસેવક. રાષ્ટ્રવાદી બન્યા. મીઠા- સત્યાગ્રહમાં ભાટિયા ગામે મીઠાના કાયદાનો ભંગ કર્યો. મીઠાના અગરો પર હલ્લો કરવાના સત્યાગ્રહમાં સામેલ થયા. મોરારા બાગની છાવણીમાં રહ્યા. ધરપકડ. બાર માસની કેદ અને રૂ. 150/- દંડ. દંડ ન ભરવાથી ત્રણ માસની વધુ સજા. ગાંધી-ઇર્વિન કરાર થવાથી અધૂરી સજાએ મુક્ત થયા. અવસાન.

## મહેતા, ચંપાબહેન ચંદુલાલ

ચંદ્રભુવન, એલિસબ્રિજ, અમદાવાદ.

1930ની લડતમાં પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ માટે સ્વયંસેવિકાઓ નોંધીને તે મોકલતાં. 1932ની પિકેટિંગની પ્રવૃત્તિનું સંચાલન કરતાં હતાં. 1942ની 'હિન્દ છોડો' ચળવળ શરૂ થતાં પોતાને ઘેર સ્ત્રીઓની સભા બોલાવી. પેરિનબહેન મિસ્ત્રીને બધા વૉર્ડોના અધિનાયક નીમ્યાં. સ્ત્રી-વૉર્ડ નાયકોની નિમણૂક કરી. બહેનોએ લડતમાં કરવાની પ્રવૃત્તિઓનું આયોજન. લડતનું માર્ગદર્શન આપતાં. તેમને ત્યાં સ્ત્રીઓની સભાઓ ભરાતી. કામની સૂચનાઓ અપાતી, મિલો ખૂલ્યા બાદ, મિલમાલિકોને બંગલે ઉપવાસ કરતી બહેનોને પારણાં કરાવ્યાં. અવસાન થયું છે.

## મહેતા, ચીમનલાલ અમીચંદ

ધોરાજી, જિ. રાજકોટ

રાષ્ટ્રીય રંગે રંગાયા. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ વહોરીને જેલવાસ. ઉદાત્ત વિચારસરણી. સામ્યવાદી પક્ષના સભ્ય. મજૂર સંગઠનના કાર્યમાં. વર્ષો સુધી સંઘર્ષમય જીવન. જેલવાસ. કૉંગ્રેસમાં જોડાયા. 'ઇન્ટૂક' મજૂર સંસ્થાના પ્રમુખ. રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા. જાહેર જીવનમાં સક્રિય કાર્યકર.

## મહેતા, ચીમનલાલ ચૂનીલાલ

જન્મ : 1900. ભાવનગર.

અભ્યાસ : નૉન-મૅટ્રિક. વિદેશી કાપડ અને દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ. બહિષ્કારની ચળવળમાં સક્રિય. 1930માં વિરમગામમાં મીઠાની લડતમાં ભાગ લેતાં પકડાયા. જેલવાસી. 1932માં અમદાવાદમાં જિલ્લા કૉંગ્રેસ પરિષદમાં ભાગ લેવા જતાં ધરપકડ. 3 માસની સજા. દંડ ન ભરવા માટે 4 માસની વધુ જેલ. 1933 : વિદેશી કાપડ-પિકેટિંગ માટે 3 માસની સજા. 1933 : દેવલાલી જતાં ધરપકડ. અટકાયત. દેવલાલીથી હદપાર કરી ભાવનગર રવાના. ધ્રાંગધ્રા લડતમાં ભાગ. લડત દરમિયાન સહન કર્યું. તેમનાં પત્ની અખિલેશ્વરીબહેન. નિવૃત્તિકાળમાં વડોદરામાં હતાં. પેન્શન તથા તામ્રપત્ર સ્વીકાર્યાં નથી.

## મહેતા, ચૂનીલાલ સાંકળેશ્વર

જન્મ : 3 જૂન, 1890. શીલજ, જિ. અમદાવાદ.

1922 : સાબરમતી આશ્રમમાં ખાદીની તાલીમ માટે જોડાયા. 1924 : વેડછી સ્વરાજ આશ્રમને કર્મભૂમિ બનાવી રેંટિયાપ્રવૃત્તિ. 1930 : વેડછી આશ્રમ સરકારે જપ્ત કર્યો. તેના સંચાલક ચૂનીભાઈની ધરપકડ. 10 મહિનાની જેલ. જેલ-મુક્તિ બાદ ફરીથી તે પ્રવૃત્તિનો પ્રચાર. કહેર ગામેથી ધરપકડ. 1 વર્ષ અને 6 મહિનાની સજા. 1933 : મહુવા તાલુકાના આશ્રમમાં રહી ખાદીપ્રવૃત્તિ. પરંતુ બીજાએ કરેલ ભાંગફોડ માટે તેમને 6 મહિના વડોદરા રાજ્યની જેલમાં તથા 4 મહિના મુંબઈની વરલી જેલમાં સજા. 1951 : પછી વિકાસ આશ્રમમાં રહી ખાદીકામ.
અવસાન : 7 ડિસેમ્બર, 1959.

## મહેતા, ચૈતન્ય

અમદાવાદ.

1942ની ચળવળમાં સભા-સરઘસોમાં જોડાતા. કૉંગ્રેસ પત્રિકાઓ રોજ સવારે વહેંચતા. ખાડિયા, સુથારવાડામાં પત્રિકાઓ વહેંચતા. 10-10-1942ના રોજ પોલીસના સખત લાઠીમારથી ઘવાયા.

## મહેતા, છગનલાલ ડાહ્યાભાઈ

સામળાવાડી, તા. ગણદેવી.

1942ની લડત વખતે તેમના મકાનમાં ઠાકોરભાઈ દેસાઈ ગુપ્તવાસમાં રહેતા. છગનભાઈ લડતમાં જોડાઈ રાત્રે યુવકો સાથે ફેરી ફરતા. તેની યાદીના આધારે ધરપકડ. ગણદેવીના લોકઅપમાં, નવસારીની સબજેલમાં 6 મહિના રાખીને બ્રિટિશ પોલીસને સોંપ્યા. અઠવાડિયા બાદ સૂરતમાંથી છોડી મૂક્યા. ખેતીનો વ્યવસાય.

## મહેતા, છગનલાલ પ્રભાશંકર

જન્મ : 8 ડિસેમ્બર, 1911. ગોંડળ, જિ. રાજકોટ.

1930ની મીઠાની લડત વખતે બરવાળાની છાવણીમાં. પોલીસદમનનો ભોગ. ધરપકડ. સખત કેદની સજા. સાબરમતી તેમજ યરવડામાં જેલવાસ.

## મહેતા, છગનલાલ લક્ષ્મીચંદ

જન્મ : 1900. ભાવનગર.

કોલકાતાની નોકરી રાષ્ટ્ર માટે છોડી દીધી. ભાવનગર રાજ્યના પાંચતલાવડા ગામે ગ્રામસેવાના કામમાં. ખાખરેચી, ધ્રાંગધ્રા, મોરબી, પાંચતલાવડા સત્યાગ્રહ વખતે હદપાર થતાં સવિનય કાનૂનભંગ. ધરપકડ. ભાવનગર જેલમાં. બીજી વાર હદપાર. ફરી વાર જેલમાં. ધરાસણાના સત્યાગ્રહ વખતે મરણતોલ માર. પાંચતલાવડામાં ગ્રામસેવા.
અવસાન : 9 માર્ચ, 1938.

## મહેતા, છબીલદાસ પ્રાગજીભાઈ

જન્મ : 4 નવેમ્બર, 1925. મહુવા, જિ. ભાવનગર.

નિવાસ : અમદાવાદ. અભ્યાસ : નૉનમૅટ્રિક. વિદેશી કાપડ અને દારૂનાં પીઠાં ઉપરનાં પિકેટિંગમાં ભાગ. 1942 : 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાયા. ધરપકડ. કારાવાસ. સમાજવાદી પક્ષમાં સક્રિય. વિધાનસભાના સભ્ય. ગુજરાત રાજ્યના મંત્રી. ભૂતપૂર્વ મુખ્યમંત્રી, ફેબ્રુઆરી, 1994થી માર્ચ, 1995.

## મહેતા, છોટાલાલ વસનજી

જન્મ : 1886. જેતપુર.

અભ્યાસ : ધોરણ 7. મહારાષ્ટ્રમાં ધંધો. શ્રીમદ રાજચંદ્ર તેમજ ગાંધીજીનો પ્રભાવ. કૉંગ્રેસમાં જોડાયા. આકોલા તાલુકા કૉંગ્રેસના પ્રમુખપદે. સાને ગુરુજીના નેતૃત્વ નીચે વિવિધ સત્યાગ્રહોમાં ભાગ. જેલવાસ. વડોદરા ખાદીભંડાર અને ખાદી પ્રચારનું કાર્ય. મુનિશ્રી

સંતબાલના નિકટના પરિચયમાં. સાધુજીવન. ભાલ નળકાંઠામાં ગ્રામસેવા.
અવસાન થયેલ છે.

## મહેતા, જગજીવનદાસ નારાયણ

જન્મ : 1882. અમરેલી.

અભ્યાસ : સ્નાતક. મોરિશિયસ અને મ્યાનમાર(બર્મા)માં વેપાર અર્થે પ્રવાસ. વેપારધંધો છોડી ગાંધીજીના કહેવાથી વતન અમરેલીમાં. ગામડામાં ખેતી શરૂ કરી. 1922માં વઢવાણમાં કાઠિયાવાડ રાજકીય પરિષદની બેઠકમાં ભાગ. અમરેલીમાં સેવાયજ્ઞ. ખાદી, હરિજનસેવા, ગોસેવા, છાત્રાલયપ્રવૃત્તિ. મહિલા વિદ્યાલય, કુમારવિદ્યાલયની પ્રવૃત્તિ. વડોદરા રાજ્ય સામે ખેડૂતોની ચળવળની આગેવાની. રાજ્યને સમાધાન કરવું પડ્યું. વ્યાયામશાળા. દુષ્કાળમાં રાહતનું કાર્ય. 1930માં મીઠાના સત્યાગ્રહ વખતે ધોલેરાના સત્યાગ્રહી ટુકડીની આગેવાની. ધરપકડ અને જેલવાસ. પ્રાંતિજ-મોડાસામાં દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ. જેલવાસ. અમરેલી સુધરાઈના પ્રમુખપદે. ભંગીસમાજનાં દુઃખદર્દો દૂર કરવા પ્રયાસો. કલ્યાણપ્રવૃત્તિ. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે વડોદરા રાજ્યે એમને માચિયાળા ગામમાં નજરકેદ રાખ્યા. અમરેલીમાં સામાજિક કાર્યકર. રચનાત્મક કાર્ય 1947 બાદ. અમરેલી જિલ્લા પ્રજામંડળના પ્રમુખ. જિલ્લાભરના શૈક્ષિણક કાર્ય વગેરે. 1960માં ગૌશાળા, પાંજરાપોળ સંઘની સ્થાપના.
અવસાન : 8 ફેબ્રુઆરી, 1967.

## મહેતા (ભિક્ષુક), જમનાદાસ દેવચંદ

જન્મ : 1909. મોરબી, જિ. રાજકોટ.

મોરબી રાજ્યના જુલમો સામે લડત. હદપારની સજા. ધ્રાંગધ્રા તેમજ રાજકોટની લડતમાં ભાગ. જેલવાસ. રાજકોટમાં સામાજિક સેવા.

## મહેતા જયસુખલાલ કૃષ્ણલાલ

જન્મ : 1884. સૂરત. અભ્યાસ : એમ.એ..

1920માં કૉંગ્રેસમાં જોડાયા. મુંબઈ ઉપનગર જિલ્લા સમિતિના ઉપપ્રમુખ 1925 સુધી રહ્યા. મુંબઈના હરિજન સેવક સંઘના પ્રમુખ તરીકે વર્ષો સુધી કામ કર્યું. ગાંધીજીએ દાંડીકૂચ કરી ત્યારે, બારડોલીના ખેડૂતોની હિજરત પ્રસંગે, રેલસંકટ વખતે અને દરેક લડત વખતે ફાળો એકત્ર કરીને મોટી મદદ કરી હતી.
મહેતા જયંતીલાલ કરસનજી
જન્મ : 15 જૂન 1916. ગોંડળ, જિ. રાજકોટ.
1930ની લડતમાં, નાગપુરના વસવાટ દરમિયાન, ભાગ લેવાથી છ માસની સજા થઈ. જૂનાગઢ આરઝી હકૂમતની રચના સમયે મુંબઈ રહીને સેવા-કાર્ય. ભારત સરકારે તામ્રપત્ર અને પેન્શન એનાયત કરેલ છે.

## મહેતા, જયંતીલાલ દલપતભાઈ

અમદાવાદ.

વ્યવસાય : વકીલાત. શાહપુર વ્યાયામશાળામાં તાલીમ. 1942ની ચળવળમાં બાબુભાઈ ઘેલાભાઈ શાહ(મહાત્મા)ની પ્રેરણાથી જોડાયા. બાબુ મહાત્માની સૂચનાથી. પુરાતન બુચને મળી, તેમની પાસેથી ગંધક લઈ, જમાલપુરના એક મકાનમાં મૂકી આવ્યા. તે પછી બૉમ્બ બનાવતાં ધડાકો. ચૌધરીને ઈજા. જયંતીભાઈ પત્રિકાઓ લઈ આવીને નિયમિત વહેંચવા જતા. 24 ઑગસ્ટના રોજ શાહપુર, વનમાળી વાંકાની પોળેથી ધરપકડ.
24-8-1942થી 13-9-1942 અને 11-1-1943થી 28-8-1943 સુધી સાબરમતી જેલમાં અટકાયત.

## મહેતા, જશવંત નાનુભાઈ

જન્મ : 27 જૂન, 1922. મહુવા, ભાવનગર.

અભ્યાસ : કાશી વિદ્યાપીઠ. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભપ્રવૃત્તિ. છોટુભાઈ પુરાણીના સાથીદાર. જાનના જોખમે લીલાપુર-લખતર રેલગાડીને તેમજ વિરમગામ, ભંકોડા વચ્ચે રેલગાડીને થંભાવીને સરકારી પોસ્ટનો ડબો લૂંટી લેવામાં ભાગ લીધો. ઉમરાળા જેલમાં રાખ્યા. અટકાયત. નાસી છૂટ્યા. ભૂગર્ભવાસ. જમીન જપ્ત. પકડવા માટે સરકારે ઇનામ જાહેર કર્યું. 1955માં ફિરંગી થાણાંઓની મુક્તિ માટેના દીવના મુક્તિસંગ્રામમાં ભાગ લીધો. ધરપકડ. ફિરંગી સરકાર દ્વારા 3 મહિના પણજીમાં અટકાયત. જૂનાગઢની આરઝી હકૂમતમાં જોખમી પ્રવૃત્તિઓમાં અગ્રેસર. કુતિયાણા તેમજ ગાધકડાનો કબજો. સમાજવાદી વિચારસરણી. મહુવા મ્યુનિસિપાલિટીના 1950-60 સુધી પ્રમુખ. 1952માં સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય. 1957 : મુંબઈ રાજ્ય વિધાનસભાના સભ્ય. 1962 : લોકસભાના સભ્ય. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારત સરકારના પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે વરણી. ગુજરાત રાજ્યના ઉદ્યોગ, નાણાં, બાંધકામ ખાતાના માજી મંત્રી.

અવસાન : 2006.

## મહેતા, જિતેન્દ્ર ચંદુલાલ

જન્મ : 28 ઑગસ્ટ, 1909. અમદાવાદ.

1928માં ઇંગ્લેન્ડમાં 'ફ્રેન્ડ્ઝ ઑવ્ ઇન્ડિયા'ની સ્થાપના. ભારત વિશે પ્રવચનો. હોલેન્ડ વર્લ્ડ યૂથ પીસ કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે ભાગ. 1930ની ચળવળમાં સક્રિય ભાગ. 1934માં કૉંગ્રેસ સમાજવાદી પક્ષ સ્થાપવામાં સક્રિય નેતા. તેના કોષાધ્યક્ષ બન્યા. 1933-1948 કૉંગ્રેસ સેવાદળમાં મહત્વની કામગીરી. 1942માં ધરપકડ. 9 માસ કારાવાસ. જયપ્રકાશ નારાયણ અને બધા સમાજવાદી નેતાઓનો નિકટ સંબંધ. ચંપાબહેન મહેતાના પુત્ર.

અવસાન : 1975.

## મહેતા, (ડૉ.) જીવરાજ નારાયણ

જન્મ : 29 ઑગસ્ટ, 1887. અમરેલી. લંડનમાં અભ્યાસ કરી ડૉક્ટર. 1912થી 1930 : ગુજરાત અને મુંબઈની જાહેર સંસ્થાઓમાં સેવા. 1930ની ચળવળમાં મુંબઈ શહેરની સંગ્રામ સમિતિના સભ્ય. લડતના સંચાલનમાં મુખ્ય ફાળો. ધરપકડ. 2 વર્ષની સજા. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં 1 વર્ષ અને 6 મહિનાની જેલ ભોગવી. 1949-51 : મુંબઈ રાજ્યમાં પ્રધાન. ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી મે, 1960થી સપ્ટેમ્બર, 1963. તે પછી ઇંગ્લૅન્ડમાં હાઈ કમિશનર.

અવસાન : 1976.

## મહેતા, જુગલકિશોર જયંતીલાલ

જન્મ : 17 જૂન, 1922. ભાવનગર.

અભ્યાસ : બી.એસસી. 1938 : રાજકોટની લડતમાં સક્રિય ભાગ લીધો. અટકાયત વારંવાર. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભાવનગરમાં જેલવાસ. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો. સ્વરાજ બાદ સરકારી હોદ્દા પર કામ કર્યું. મુંબઈ ખાતે સામાજિક કાર્યકર.

## મહેતા, ડાહ્યાભાઈ લલ્લુભાઈ

જન્મ : 10 નવેમ્બર, 1889. અમદાવાદ.

1921માં બારડોલી તાલુકામાં ના-કરનો પ્રચાર. 1923માં નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં ભાગ લઈ કારાવાસ. 1930માં ધરાસણાના મીઠાના અગરો પર સત્યાગ્રહ માટે જતાં સખત લાઠીમાર ખાધો. જેલવાસ. 1938માં હરિપુરાના કૉંગ્રેસ અધિવેશન દરમિયાન સ્વાગત સમિતિમાં કોષાધ્યક્ષ. કુલ 7 વખત જેલ ભોગવી.

અવસાન : 6 સપ્ટેમ્બર, 1946.

## મહેતા, તલકશીભાઈ મગનલાલ

જન્મ : 28 નવેમ્બર, 1908. ધનાબા, જિ. સુરેન્દ્રનગર.

1930ના મીઠાના સત્યાગ્રહમાં જોડાવા કરાંચીથી આવ્યા. બરવાળા, રાણપુર, ધંધૂકા, ધોલેરા છાવણીઓમાં રહીને પ્રચારનું કાર્ય. વૌઠાના મેળામાં પ્રચાર કરતાં ધરપકડ. જેલવાસ. સત્યાગ્રહ દરમિયાન તહકૂબીના ગાળામાં હાલનાં ગામડાંઓમાં પ્રજાજાગૃતિનું કામ.

## મહેતા તારાચંદ માધવજી

જન્મ : ગુંદા, તા. ભાણવડ, જિ. જામનગર.

જામનગરની પ્રજામંડળની જવાબદાર રાજ્યતંત્રની લડતમાં સક્રિય ભાગ લેતાં રાજ્યની ગુંડા ટોળકીના હાથે સખત ઘાયલ થયા. ખૂબ સહન કર્યું.
નિધન થયેલ છે.

## મહેતા, દામજીભાઈ રામજી

જન્મ : 19 સપ્ટેમ્બર, 1910. જામનગર.

જામનગર પ્રજામંડળના સક્રિય અગ્રણી કાર્યકર્તા. રાજ્યાશ્રિત ગુંડા ટોળકીનો સખત માર. 1938માં રાજકોટ લડત વખતે જામનગર પ્રજામંડળે મોકલેલ સત્યાગ્રહ ટુકડીના અગ્રેસર. હરિપુરા કૉંગ્રેસમાં કાર્યકર્તાઓની ટુકડીમાં. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ. નિર્વાસિતોની સેવા.

## મહેતા, દિનકર કૃષ્ણલાલ

જન્મ : 17 ઑક્ટોબર, 1907. સૂરત.

1924માં સરકારી કૉલેજ છોડી, ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક. વિદ્યાપીઠમાં અધ્યાપક. 1928માં બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ. 2 માસની જેલ. 1930માં દાંડીકૂચની અરુણ ટુકડીમાં જોડાયા. ધરાસણાના સત્યાગ્રહમાં નવસારીની છાવણીનું સંચાલન કર્યું. બિનજકાતી મીઠું પકવી કાનૂનભંગ. પોલીસનો સખત માર. ગામડાંમાં ફરીને પ્રચાર. જલાલપોરમાં ધરપકડ. 4 માસની સજા. 1934 : ગુજરાતમાં સમાજવાદી પક્ષના મંત્રી. 1940માં સામ્યવાદી તરીકે ધરપકડ. જેલ ભોગવી. જાણીતા સામ્યવાદી, માર્ક્સવાદી.
અવસાન : 30 ઑગસ્ટ, 1989. અમદાવાદ.

## મહેતા, દેવકોરબહેન વલ્લભરામ

ચીખલી, જિ. વલસાડ.

1920-21ની અસહકારની લડતમાં સક્રિય ભાગ લેતાં. સભા, સરઘસ, દારૂની દુકાનો તથા વિદેશી માલની દુકાનો પર પિકેટિંગ કરતાં. રાષ્ટ્રીય શાળામાં વિના વેતને ભણાવતાં. તેઓ હિન્દુ-મુસ્લિમ એકતાનાં હિમાયતી હતાં અને હરિજનો તથા મુસલમાનોને પણ પોતાને રસોડે જમાડતાં.

## મહેતા, દ્વારકાદાસ ધનજીભાઈ

જન્મ : 7 જાન્યુઆરી, 1926. સાવરકુંડલા, જિ. અમરેલી.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં અભ્યાસ છોડ્યો. મિલનાં કપડાં અને શાળાનાં પુસ્તકો બાળી નાખ્યાં. ભાવનગર જિલ્લાના સાવરકુંડલાની આસપાસનાં ગામોમાં પદયાત્રા કરી લોકોમાં લડતનો પ્રચાર, સ્વદેશી તથા રચનાત્મક કાર્યોનો પ્રચાર. ભાવનગર જતાં શિહોરમાં ધરપકડ. રેલવેમાં ભાંગફોડ કરવાનો આરોપ. શિહોર 3 માસ જેલમાં અટકાયત. ઑક્ટોબર 1942થી જેલમાં હતા. ફરીથી 15-1-1943ના રોજ સાવરકુંડલામાં ધરપકડ. સભા-સરઘસ અને પત્રિકાવિતરણ વહેંચવાના આરોપ હેઠળ સાવરકુંડલામાં ધરપકડ. હિન્દ સંરક્ષણ ધારા હેઠળ અદાલતે ત્રણ મહિનાની

કેદ અને રૂ. 300 દંડ કર્યો. ભાવનગર જેલમાં જૂન, 1943 સુધી કેદ ભોગવી. ત્યાર બાદ નૌકાદળના બળવા વખતે મુંબઈમાં. તે અંગે જાહેર પ્રવૃત્તિમાં ભાગ લીધો.

## મહેતા, નટવરલાલ ચુનીલાલ

મોડાસા, જિ. સાબરકાંઠા.

1930માં સવિનય કાનૂનભંગ વખતે મીઠાના કાયદાનો ભંગ કરવા દાંડી ગયા. વિદેશી માલ વેચતી દુકાનો પર તથા દારૂનાં પીઠાં પર પિકેટિંગ કર્યું.

## મહેતા, નટવરલાલ જેચંદ

અમરેલી, સૌરાષ્ટ્ર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે અમરેલીમાં ભાંગફોડપ્રવૃત્તિ. શાળાના મકાનને આગ માટેના આરોપસર ધરપકડ. થોડા વખત પછી મુક્તિ. દીવ સત્યાગ્રહમાં ભાગ લીધો.

## મહેતા, નરસિંહદાસ ત્રિકમજી

જૂનાગઢ. વય : 66 વર્ષ.

જૂનાગઢ રાજ્ય માજી તબીબી અધિકારી. એપ્રિલ, 1930ના વિરમગામ સત્યાગ્રહમાં પોલીસો તરફથી થતા જુલમોની વાત સાંભળીને, બુઝુર્ગ અવસ્થાએ સત્યાગ્રહની લડતમાં ભાગ લેવા વઢવાણ કૅમ્પની છાવણીમાં જઈ પહોંચ્યા અને સત્યાગ્રહમાં ભાગ લીધો.

## મહેતા, નલિનીબહેન દિનકરભાઈ

જન્મ : 1915. સૂરત.

1930ના સવિનય કાનૂનભંગની ચળવળમાં 15 વર્ષની વયે ભાગ લીધો. સૂરતની વાનરસેનાની આગેવાની. પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. ત્યાર બાદ શાળા-કૉલેજોમાં હડતાળો, સભા-સરઘસો, ધ્વજવંદનો વગેરે પ્રવૃત્તિમાં સક્રિય. સ્વયંસેવિકા. 1932માં એક સરઘસનાં આગેવાન તરીકે ધરપકડ, સત્તર વર્ષની વયે 2 માસ જેલની સજા. 1946માં સામ્યવાદી પક્ષમાં જોડાયાં. પછીનું કાર્યક્ષેત્ર અમદાવાદ. સામ્યવાદી માર્કસવાદી પક્ષના ગુજરાતના અગ્રણી દિનકરભાઈ મહેતાનાં પત્ની.

અવસાન : 1975.

## મહેતા, નંદલાલ નાનાલાલ

નડિયાદ, જિ. ખેડા. વ્યવસાય : વકીલ.

હોમરૂલ લીગની નડિયાદની શાખાના એક મંત્રી. 17 જુલાઈ, 1917થી હોમરૂલના વર્ગો ચલાવતા. જાહેરસભાઓ યોજી, અમદાવાદ તથા મુંબઈથી લીગના અગ્રણીઓને બોલાવી ભાષણો ગોઠવતા. સ્વરાજનો અર્થ સમજાવતા. લોકજાગૃતિ.

## મહેતા, પદ્માબહેન

અમદાવાદ.

1944ની ચળવળ દરમિયાન દરિયાપુરનાં સ્ત્રી-વૉર્ડનાયક. સ્ત્રીઓનાં સરઘસોનું આયોજન. ઘવાયેલાંની સારવારમાં મદદ. શહીદોના, જેલમાં ગયેલા યુવકોનાં કુટુંબને આર્થિક સહાય.

## મહેતા, પરસોતમ મગનલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં આગળ પડતો ભાગ લીધો. તેઓ સભાઓ-સરઘસો તથા પત્રિકાપ્રવૃત્તિ, રાષ્ટ્રધ્વજ ફરકાવવો વગેરે પ્રવૃત્તિમાં સક્રિય હતા. તેમની ધરપકડ કરવામાં આવી અને જેલની સજા ભોગવી હતી.

## મહેતા, પુરુષોત્તમ જેચંદ

ભાલનાં ગામડાં, સૌરાષ્ટ્ર.

1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લેનાર (સોપાન) મોહનલાલ મહેતાના નેતૃત્વ હેઠળની પાંચમી ટુકડીમાં જોડાયા. 28-11-1931ના રોજ વઢવાણથી સત્યાગ્રહ કરવા નીકળ્યા. ધ્રાંગધ્રાની

હદમાં પ્રવેશતાં પોલીસદળે તેમને ગિરફતાર કરી, ખટારામાં બેસાડી અજાણ્યે સ્થળે (ધ્રાંગધ્રાની સેન્ટ્રલ જેલ) લઈ ગયા. તેઓને કેસ ચલાવ્યા વિના અટકાયતમાં રાખ્યા.

## મહેતા, પુષ્પવદન ઉર્ફે બકાભાઈ ત્રિકમલાલ

જન્મ : 1926. અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન ખાડિયા, મોટા સુથારવાડાની પોળમાં રહેતા. વર્નાક્યુલર ફાઇનલમાં ભણતા. 10 જાન્યુઆરી, 1943ના રોજ શહીદ ગુણવંત શાહના મૃત્યુનો શોક પાળવા હડતાળ. જેઠાભાઈની પોળ પાસે પોલીસ પર સખત પથ્થરમારો, પોલીસે ગોળીબાર કર્યો. પુષ્પવદનના ગળામાં ગોળી વાગી. શહીદ થયા.

## મહેતા, પુષ્પાબહેન જનાર્દનરાય

જન્મ : 21 માર્ચ, 1905. પ્રભાસપાટણ, જિ. જૂનાગઢ.

આજીવન સામાજિક કાર્યકર્તા. 'જ્યોતિસંઘ' તેમજ 'વિકાસગૃહો' જેવી સંસ્થાઓની સ્થાપનામાં અગ્રણી. વિદેશી કાપડના બહિષ્કારની તેમજ દારૂની દુકાનો ઉપર પિકેટિંગમાં ભાગ લીધો. કોમી હુલ્લડોમાં કામ કરતાં ઈજા પામ્યા. 1942ની ચળવળ વખતે ભૂગર્ભવાસીઓને મદદ કરી. 1947ની આરઝી હકૂમતની લડત વખતે સક્રિય કામ કર્યું.

અવસાન : 1988.

## મહેતા, પ્રભાશંકર ચુનીલાલ

મોટી હીરવાણી, જિ. મહેસાણા.

1942ની લડતમાં ભાગ લીધો. 3 માસની સજા ભોગવી. 5 માસ સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા. ભૂગર્ભપ્રવૃત્તિ કરતા રહ્યા.

## મહેતા, પ્રભુભાઈ વિઠ્ઠલભાઈ

જન્મ : મે, 1898. વાંઝ, જિ. સૂરત.

1921માં અસહકારની લડતમાં સરકારી કૉલેજ છોડી ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ. સ્નાતક. 1922-23 : રાષ્ટ્રીય શાળાઓના નિરીક્ષક તરીકે સેવા બજાવી. 1930-32માં અંગ્રેજી વર્તમાનપત્રોના રાષ્ટ્રીય પત્રકાર તરીકે સેવા. 1932માં 2 વર્ષની જેલની સજા અને રૂ. પાંચસો દંડ. દંડ ન ભર્યો. તે વસૂલ કરવા સરકારે તેમની હજારોની મિલકત જપ્ત કરી. 1933માં જેલમુક્તિ બાદ મુંબઈમાં 'આદર્શ દુગ્ધાલય' શરૂ કરી કૉંગ્રેસ દ્વારા સેવા-કાર્ય. જાહેર કાર્યકર. મુંબઈ-મલાડમાં વસવાટ.

## મહેતા, પ્રભુલાલ લક્ષ્મીચંદ

જન્મ : 28 ડિસેમ્બર, 1915. જામનગર.

જામનગર પ્રજામંડળની લડતમાં મહત્વનો ભાગ ભજવ્યો. જુલમોના ફોટા પાડી વર્તમાનપત્રોમાં મોકલતા. આથી જામનગર રાજ્ય કનડગત કરતું. પોલીસો ત્રાસ આપતા, માર પડતો. કૅમેરો ઝૂંટવી લીધો હતો. માર મારીને પૂરી દીધા હતા.

## મહેતા, પ્રવીણાબહેન

કાલોલ, જિ. પંચમહાલ.

1941માં વ્યક્તિગત સત્યાગ્રહ કરવા બ્રિટિશ સરકારની યુદ્ધનીતિના વિરોધમાં સૂત્રોચ્ચાર, ભાષણ દ્વારા પ્રચાર. ધરપકડ વહોરી. કારાવાસ. ભોગવ્યો.

## મહેતા, પ્રસન્નવદન

જન્મ : 6 ફેબ્રુઆરી, 1923. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિ માટે ટુકડી રચી હતી. તેમાં 'આગેકદમ' નામની પત્રિકા પ્રગટ કરતા હતા. સમગ્ર ભારતની સ્વાતંત્ર્યની પ્રવૃત્તિઓનો અહેવાલ છપાવી પ્રજા સુધી પહોંચાડવાનું મુખ્ય કાર્ય હતું. તેના લખાણની ઉગ્રતાથી પ્રજા પ્રભાવિત થતી.

તેમની ભાળ મેળવવા સરકારે રૂપિયા બે હજારનું ઇનામ જાહેર કર્યું. ત્યાર બાદ મજૂરોના પ્રશ્નોમાં કાર્યશીલ. મજૂર સંસ્થા 'ઇન્ટુક'ના પ્રતિનિધિ તરીકે યુ.એસ.માં મળેલ સંમેલનમાં ઉપસ્થિત.

## મહેતા, પ્રાણલાલ મહાસુખભાઈ

જન્મ : 29 ઑક્ટોબર, 1921, લુણાવાડા.

લુણાવાડામાં પ્રજામંડળની સ્થાપના કરી. તેના મંત્રી તરીકે સેવા આપી. ગામડાંઓમાં સભાઓ ભરતા. વિલીનીકરણ માટે સભામાં પથ્થરમારો. રાજાની છૂપી પોલીસ તેમની પાછળ રહેતી. વેશપલટો કરીને ફરતા અને કુટુંબથી અલગ રહેતા. 1942માં લૉ કૉલેજથી સરઘસ નીકળ્યું ત્યારે લો કૉલેજના વિદ્યાર્થી હતા. પોલીસનો માર ખાધો. ચળવળમાં ચોપાનિયાં કાઢતા. ભૂદાનપ્રવૃત્તિમાં વિનોબા ભાવે સાથે પંચમહાલના પ્રવાસમાં ફર્યા. ગોધરા શહેર બળ્યું (1948) ત્યારે રેફ્યૂજી કૅમ્પ ખોલી સેવા કરી. લુણાવાડામાં હરિજન આશ્રમ શરૂ કરાવી પ્રવૃત્તિઓ કરી. 1930-32ની લડત વખતે સભા-સરઘસ, હડતાળની પ્રવૃત્તિઓ કરી. આજીવન ખાદીધારી.

## મહેતા, ફીરોજશાહ મહેરવાનજી

જન્મ : 4 ઑગસ્ટ, 1845. મુંબઈ.

બૅરિસ્ટર. મુંબઈના પ્રસિદ્ધ વકીલ. મુંબઈની હાઈકોર્ટમાં કાળા-ગોરા વચ્ચે રખાતા ભેદ સામે વિરોધ. કૉંગ્રેસની સ્થાપનામાં ફાળો. 1890 : કોલકાતામાં મળેલી પાંચમી રાષ્ટ્રીય મહાસભાની બેઠકના પ્રમુખ. લૉર્ડ કર્ઝનના સ્વાગતનો વિરોધ કરેલો. કૉંગ્રેસના મવાળવાદી દેશનેતા.

અવસાન : 5 નવેમ્બર, 1915.

## મહેતા, બટુકશંકર ગીરધરલાલ

નડિયાદ, જિ. ખેડા.

હોમરૂલ લીગની જાહેરસભાઓ તેમના પ્રમુખપદે યોજાતી. ભાષણો દ્વારા સ્વરાજનો અર્થ, તેની જરૂરિયાત લોકોને સમજાવતા. લીગનો પ્રચાર. પ્રચાર માટે એની બેસન્ટનાં પૉટ્રેટ ધરાવતાં પોસ્ટકાર્ડ, બેસન્ટની આકૃતિવાળા ધાતુના સિક્કા વેચવામાં આવતા. જિલ્લાનાં ગામોમાં પ્રચાર.

## મહેતા, બબલભાઈ પ્રાણજીવનદાસ

જન્મ : તા. 10 ઑક્ટોબર, 1910. સાયલા, જિ. સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર.

1928 : ગૂજરાત વિદ્યાપીઠમાં. 1930 : અરુણ ટુકડીમાં જોડાયા હતા. દાંડીકૂચમાં ગાંધીજીના સહસત્યાગ્રહી. મહેમદાવાદ સત્યાગ્રહ. 1932 : કારાવાસ. 2.5 વર્ષ. ખેડામાં પત્રિકાવિતરણ. 1932 : સાબરમતી પટમાં ધ્વજરોપણમાં પોલીસે ઘોડા દોડાવ્યા. બેભાન. ઢળી પડ્યા. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં 6 મહિના કારાવાસ. ઉત્તરકાળમાં સર્વોદય કાર્યમાં સક્રિય. થામણા ગામના વિકાસમાં પ્રદાન.

અવસાન : 27 સપ્ટેમ્બર 1981.

## મહેતા, બળવંતભાઈ ગુલાબભાઈ

જન્મ : 10 મે, 1921. અમલસાડ, તા. ગણદેવી.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સભા-સરઘસોમાં ભાગ લીધો. ખાદી પહેરતા. 15 ઑગસ્ટ, 1942ના રોજ અમલસાડમાં નેતાઓની ધરપકડ બાદ સ્ટેશને તોફાન. વ્યાપક પ્રમાણમાં ભાંગફોડ થયા બાદ રાત્રે ધરપકડ. 20 જણાને પોલીસે ન છોડ્યા તેમાં હતા. 8 મહિના સુધી સૂરત અને નડિયાદની જેલોમાં અટકાયત. કેસમાં નિર્દોષ છૂટ્યા.

## મહેતા, બળવંતરાય ગોપાળજી

જન્મ : 19 ફેબ્રુઆરી, 1899. ભાવનગર.

1919 : જાહેર જીવનનો આરંભ. 1920 : દેશી રાજ્યોમાં પ્રજાતંત્રની સ્થાપના માટે આંદોલનનો

આરંભ. 1922-45 : સ્વાતંત્ર્યઆંદોલનના વિવિધ કાર્યક્રમોમાં સક્રિય. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહ, 1 વર્ષ કારાવાસ. 1928 : બારડોલી સત્યાગ્રહમાં છાવણીનું સંચાલન. 1930 : ધોલેરા મીઠા- સત્યાગ્રહમાં ભાગ લીધો. 2 વર્ષ કારાવાસ. 1932-34 : ફરી પોણા બે વર્ષનો કારાવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહમાં 1 વર્ષ કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન, 2 વર્ષ કારાવાસ. 1946 : ભાવનગર રાજ્યમાં પ્રજાતંત્ર આંદોલન. 1948 : ભાવનગર પ્રજાતંત્રની સ્થાપના. પ્રધાનમંત્રી બન્યા. સૌરાષ્ટ્ર રાજ્યના નાયબ મુખ્યપ્રધાન બન્યા. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી. પાકિસ્તાની રડાર-જાસૂસી પ્રવૃત્તિ દ્વારા વિમાન તોડી પાડતાં પત્ની સરોજબહેન સહિત અવસાન : 19 સપ્ટેમ્બર, 1965.

## મહેતા, બાબુભાઈ હીરજીભાઈ

જન્મ : 3 મે, 1919. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે 1 માસની સજા થઈ અને એક હજારનો દંડ થયો. દંડ ન ભરવાને કારણે વધુ 6 માસની સજા ભોગવી.

## મહેતા, બાલુભાઈ વલ્લભરામ

ચીખલી, જિ. વલસાડ.

21 વર્ષની ઉંમરથી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લીધો. માતા દેવકોરબહેન સભા-સરઘસ, પ્રભાતફેરી, પિકેટિંગ વગેરેમાં ભાગ લેતાં. રાષ્ટ્રીય શાળામાં વિના વેતને શિક્ષણ આપતાં. દેવકોરબહેન હરિજનો-મુસલમાનોને પણ પોતાને રસોડે જમાડતાં. 1932માં બાલુભાઈને 2.5 વર્ષની સજા. માલ-મિલકત જપ્ત થયાં. પાછળથી ઘર-જમીન પાછાં મળેલાં પણ રૂ. 20-25 હજારની જંગમ મિલકત સરકારે પાણીનાં મૂલ્યે હરાજ કરી હતી. પિતા ન્યાયાધીશ અને સાહિત્યપ્રેમી હતા. તેમનાં કીમતી પુસ્તકો પોલીસે જપ્ત કરી બાળી નાખ્યાં. ઘરનાં બાળકોનાં ઘરેણાં ઉતારી પહેરેલ લૂગડે બહાર કાઢ્યાં હતાં.

અવસાન : 1955.

## મહેતા, બાવચંદભાઈ તારાચંદ

જન્મ : 1919. વલ્લભીપુર.

1930ની ધોલેરા ખાતેની મીઠાની લડતમાં ભાગ લીધો. ધરપકડ. 6 અઠવાડિયાં જેલમાં રહ્યા.

## મહેતા, ભગવાનજી લવજી

જન્મ : 7 મે, 1908. અમરેલી.

કોલકાતામાં દેશબંધુ દાસનો સંપર્ક. 1921માં અસહકારની લડતમાં ભાગ લેતાં છ માસની સજા. 1930ના મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. માર ખાધો. ધરપકડ. જેલવાસ ભોગવ્યો. અમરેલી પ્રજામંડળના આગેવાન.

## મહેતા, ભગુભાઈ (ભગવાનલાલ)

જન્મ અને વતન વાલમ, ઉ. ગુજરાત.

1942માં 'હિન્દ છોડો' લડત શરૂ થતાં વિસનગરની જી. ડી. હાઈસ્કૂલમાંથી અભ્યાસ છોડી ચળવળમાં સક્રિય. વિસનગરમાં રહીને મિત્રો સાથે લડતનું કાર્ય કરતા. સાંકળચંદ પટેલ, રતિભાઈ જોશીની સાથે પ્રવૃત્તિ. 'આપણો નાદ' પત્રિકાના સંપાદક; છૂમંતર પ્રેસમાં પત્રિકાઓ છપાવી વિસનગરમાં ઘેર ઘેર વહેંચતા. પોસ્ટરો બનાવતા. બીજાં શહેરોમાંથી આવતી પત્રિકાઓ પણ વહેંચાવતા. ડોસાભાઈ બાગમાં સભામાં પ્રવચનમાં સરકારની ઝાટકણી કાઢી લોકોને ઉશ્કેરતા. ઉત્રાણકર પર ગોળીબાર વખતે હાજર. ટોળાને ભાંગફોડ કરવા ઉશ્કેર્યું. સરઘસ – 9 સપ્ટેમ્બર, 1942 – ધરપકડ. દંડ ન ભરીને જેલની સજા ભોગવી. લડત પૂરી થયા પછી અભ્યાસ કરીને નોકરી.

## મહેતા, ભવાનીશંકર બાપુજી

જન્મ : 14 ઑગસ્ટ. શીલજ, અમદાવાદ.

1920 : નોકરીનો ત્યાગ. સાબરમતી તથા બારડોલીમાં ગાંધીજીના આશ્રમોમાં રહ્યા. રચનાત્મક કાર્યક્રમ. 1930-32 : ના-કર આંદોલન, કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. કારાવાસ. ઉત્તર જીવનમાં કૉંગ્રેસ કાર્યકર. વ્યવસાય : દૂધશાળા. દસક્રોઈ તાલુકા સમિતિના આગેવાન.

## મહેતા, ભાનુશંકર મગનલાલ

રાજસીતાપુર, જિ. સુરેન્દ્રનગર

1931માં ધ્રાંગધ્રાની તથા અન્ય લડતોમાં સક્રિય ભાગ લીધો. ભારત સરકારનું પેન્શન તેમનાં વિધવા શ્રીમતી હીરાબહેનને મળે છે. ધ્રાંગધ્રાની લડતની બીજી ટુકડીમાં હરિલાલ લાઠીના નેતૃત્વ હેઠળ જોડાયા. ધ્રાંગધ્રાની હદમાં પ્રવેશતાં ગિરફ્તાર કરી, ખટારામાં ધકેલી અજાણ્યા સ્થળે અને પછી વ્રજપુર ગામે લઈ ગયા.

## મહેતા, ભીખાભાઈ નિછાભાઈ

અમલસાડ, તા. ગણદેવી.

ખેડૂત. ગાંધીજીના અનુયાયી. સમૂહકાંતણમાં ભાગ. દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. 1942ની ચળવળમાં પ્રૌઢ વયે સભા-સરઘસોમાં ભાગ લીધો. 15મી ઑગસ્ટે નેતાઓની ધરપકડ. સરઘસના નેતા પાસેથી પોલીસે ધ્વજ ખૂંચવી લીધો તે પાછો મેળવવા યુવકોને ઉશ્કેર્યા, ધ્વજ ખાતર કુરબાન થવા જણાવ્યું. રાત્રે સામૂહિક ધરપકડમાં સમાવેશ. કેટલાક દિવસ અટકાયત બાદ મુક્તિ. અવસાન થયેલ છે.

## મહેતા, મગનલાલ ઝીણાભાઈ

સામળાવાડી. તા. ગણદેવી.

1942ના આંદોલન દરમિયાન ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાનારની સામૂહિક ધરપકડમાં સમાવેશ. ગણદેવી પોલીસ લૉક-અપ, નવસારીની સબજેલમાં 6 માસ. પછી બ્રિટિશ પોલીસને સૂરતમાં સોંપ્યા. ત્યાંની સબજેલમાં અઠવાડિયું રાખી મુક્ત કર્યા.

## મહેતા, મગનલાલ દામોદર

ઝાલોદ, જિ. દાહોદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં ધરાસણાના સત્યાગ્રહમાં ભાગ લેવા ગયા. ત્યાં ખૂબ માર ખાધો. ધરાસણાથી લાવેલા મીઠાની ગામ વચ્ચેના ચૉકમાં હરાજી કરી, જે હાલમાં પણ ઝાલોદમાં મીઠાચોકના નામથી ઓળખાય છે.

## મહેતા, (ડૉ.) મગનલાલ મોતીરામ

જન્મ : 1876. સૂરત.

1907ની સૂરત કૉંગ્રેસમાં લોકમાન્ય ટિળકના જહાલ પક્ષના કાર્યકર. 1920માં અસહકારની ચળવળ વખતે સૂરત સુધરાઈમાંથી રાજીનામું આપી લડતમાં જોડાયા. રાષ્ટ્રીય શાળાઓ અને બીજી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. 1923માં સ્વરાજ પક્ષમાં જોડાયા. સૂરત શહેરના પ્રતિનિધિ તરીકે ધારાસભામાં ગયા. 65 વર્ષની ઉંમરે મુંબઈમાં અવસાન થયું.

## મહેતા, મણિભાઈ રઘુરામ

સુરેન્દ્રનગર.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લેવા માટે ધરપકડ કરવામાં આવી. જેલવાસ ભોગવ્યા પછી મુક્ત થયા. ભારત સરકાર તરફથી પેન્શન એનાયત થયેલ છે.

## મહેતા, મનસુખલાલ

માણસા. ઉ. ગુજરાત.

માણસાના રાવલશ્રી(રાજા)નું દમન વધતાં લોકોએ માર્ચ, 1921માં મકાખાડ સ્ટેશન પાસે

પ્રજાપરિષદ ભરી. તેના અધ્યક્ષસ્થાનેથી તેમણે ખેડૂતોના હકોનું સમર્થન કર્યું અને રાવલશ્રીને ચેતવણી આપી કે, 'સત્તાના જોરે પ્રજાનું દમન કરવાની ધારણા હશે તો નિષ્ફળ જશે.'

## મહેતા, મનસુખલાલ અમરસી

જામનગર.

1942ની ચળવળમાં સભા-સરઘસોમાંથી પકડાઈ જતાં પોલીસ સાથે ઝપાઝપીમાં ઘવાયા. અનેક વખત પકડાયા. 6 માસની સખત કેદની સજા થઈ. 'આઝાદીના લડવૈયા' તરીકેનું પ્રમાણપત્ર મેળવેલું છે.

## મહેતા, મનસુખલાલ ચત્રભુજ

જન્મ : 6 માર્ચ, 1918. જામનગર.

જામનગર રાજ્ય સામેની જવાબદાર રાજતંત્રની લડતમાં સક્રિય ભાગ લીધો. સહન કર્યું. 1938માં રાજકોટની લડતમાં જામનગરથી સત્યાગ્રહીઓની ટુકડી સાથે આવી ગ્રામવિસ્તારમાં પ્રચારનું કામ કર્યું. પોલીસનો માર ખાધો.

## મહેતા, મનસુખલાલ રવજીભાઈ

જન્મતિથિ : વિ. સં. 1932, ચૈત્ર સુદ તેરશ. વવાણિયા, મોરબી.

શ્રીમદ્ રાજચંદ્રના નાના ભાઈ. મુંબઈમાં કચ્છ-કાઠિયાવાડ ઍસોસિયેશનની સ્થાપનામાં ભાગ લીધો. કાઠિયાવાડ રાજકીય પરિષદ સ્થપાઈ. રાજકોટમાં પહેલું અધિવેશન રાજકોટમાં ભરાયું. 'રાજસ્થાન' સાપ્તાહિક તથા 'માતૃભૂમિ' પત્રિકા બહાર પાડી. 1922 : મુંબઈના ગવર્નર દ્વારા થતા શિકાર સામે સત્યાગ્રહ. 2 દિવસ અટકાયત. સીમા પાર.

અવસાન : 12 ફેબ્રુઆરી, 1924.

## મહેતા, મનુભાઈ

વાંકાનેર, જિ. સુરેન્દ્રનગર.

1942માં 'હિન્દ છોડો' લડત વખતે રાજકોટમાં અભ્યાસ સમયે બ્રિટિશ એજન્સીની કોઠી ઉપર ટોળું લઈ ધ્વજ ફરકાવવા જતાં ધરપકડ. પોલીસ ચોટીલા ડુંગર પર ધ્વજ ફેંકી આવી. ત્યાંથી પાછા આવ્યા. બીજી વાર પોલીસ દૂર વગડામાં ફેંકી આવી. તોય પાછા આવી સત્યાગ્રહમાં લાગ્યા. અંતે કારાગૃહમાં પૂરવામાં આવ્યા. ત્યાં રોગગ્રસ્ત થયા.

અવસાન : 30 નવેમ્બર, 1942.

## મહેતા, મનુભાઈ હરિલાલ

મહેસાણા.

1927ના રેલસંકટ વખતે મહેમદાવાદમાં સેવાકાર્ય. હિન્દુ-મુસ્લિમ સંઘર્ષ ટાળવામાં અને ખૂનામરકી અટકાવવામાં ભાગ ભજવ્યો. તે બદલ સુવર્ણચંદ્રક એનાયત. 1930ના મીઠા-સત્યાગ્રહ વખતે પ્રચાર-કાર્ય કર્યું. ધરપકડ. જેલવાસ ભોગવ્યો. 1942માં ભૂગર્ભમાં રહી ગુજરાતની બહાર પ્રવૃત્તિ કરી. 1947માં ગુજરાત પાછા ફર્યા.

## મહેતા, મનોહરલાલ મોતીલાલ

જન્મ : 1907. વતન : સૂરત.

1920માં અસહકારની ચળવળ શરૂ થતાં સરકારી નિશાળનો ત્યાગ. રાષ્ટ્રીય શાળામાં જોડાયા. પાછળથી ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થઈ 1928માં સ્નાતક થયા. તે પછી મજૂર મહાજન સંઘમાં જોડાયા અને મજૂર સંદેશ તથા સમાજ કલ્યાણ ખાતાનું કામ હાથમાં લીધું. 1942માં મિલોની હડતાળ પડાવી, તે ટકાવી રાખી. 23 નવેમ્બર, 1942થી મિલો ખોલાવવામાં ભાગ લીધો. જીવનપર્યંત મજૂરોની સેવા કરી.

## મહેતા, મન્મથ ભાઉરાવ

જન્મ : 27 ઑક્ટોબર, 1921. અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન

વિદ્યાર્થી ચળવળ, સરઘસો, પત્રિકાપ્રવૃત્તિ વગેરેમાં સક્રિય. સૂરત જઈને પંદર દિવસ લડતનું માર્ગદર્શન આપ્યું. પત્રિકાઓ પ્રગટ કરી, સભાઓ ભરીને સૂચનાઓ આપી. સરસપુરમાં તાર-ટેલિફોનનાં દોરડાં કાપ્યાં. ધરપકડ. સાબરમતી જેલમાં નવેમ્બર, 1942થી માર્ચ, 1946 સુધી અટકાયત.
અવસાન : 10 માર્ચ, 2006. અમદાવાદ.

## મહેતા, માણેકબહેન

મુંબઈ.

કુટુંબમાં પિતાશ્રી બ્રિટિશ તરફી. માતા રાષ્ટ્રવાદી. સેવાદળનાં સભ્ય. માણેકબહેન પણ સેવાદળનાં સભ્ય, તેમાં વિવિધ પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેતાં. સરઘસોમાં જોડાતાં. સ્વદેશીનો પ્રચાર. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ગાંધી સપ્તાહ દરમિયાન ચર્નીરોડ સ્ટેશન બહાર પિકેટિંગ કરતાં ધરપકડ. આર્થર રોડ જેલમાં દોઢ મહિનાની સજા ભોગવી. ચોપાટી પર મળેલી સભામાંથી ફરી વાર ધરપકડ.

## મહેતા, માધુરીબહેન સતીશ

જન્મ : 10 સપ્ટેમ્બર, 1924. (અમદાવાદ). મુંબઈ.

અભ્યાસ બી.એ. વતન : અમદાવાદ. માતા સુધા બક્ષી તથા મામા સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લેતાં. તેથી દેશભક્તિના સંસ્કાર મળ્યા. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં પત્રિકા વહેંચવા જતાં. લડતની અન્ય પ્રવૃત્તિઓમાં સહકાર. 24 ડિસેમ્બર, 1942 અમદાવાદમાં ધરપકડ. છ મહિનાની કેદની સજા. સરકારી પૅન્શન અને પાસ મળ્યા છે.

## મહેતા, માર્કંડરાય બળવંતરાય

જન્મ : 10 જાન્યુઆરી, 1894.

વતન : ભાવનગર. કાર્યક્ષેત્ર : મુંબઈ. અભ્યાસ : બી.કૉમ. ગાંધીજીનાં લખાણોથી પ્રભાવિત. 1930 : વિલેપાર્લે છાવણીનું સંચાલન. 8 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 7 મહિના અટકાયત. 1946 : ઉપનગર ગ્રામોદ્યોગ સંઘમાં સભ્ય. 1947 : કોરા કેન્દ્ર ખાદીભવનના પ્રમુખ. ગ્રામોદ્યોગ સંઘના ટ્રસ્ટી.
અવસાન : 21 ડિસેમ્બર, 1978.

## મહેતા, મુક્તાબહેન ચૂનીલાલ

જન્મ : 1911. અમરેલી.

જગજીવન નારાયણ મહેતાનાં પુત્રી. 1930-32માં ધોલેરાની મીઠાની લડતમાં જોડાયાં. યરવડા જેલમાં કારાવાસ ભોગવ્યો. ગાંધી આશ્રમમાં તેમજ વિદ્યાપીઠમાં રહ્યાં.
મહેતા, મુક્તાબહેન ચૂનીલાલ
જન્મ : 4 જાન્યુઆરી, 1916. મુંબઈ.
15 વર્ષની ઉંમરે બારડોલીમાં દારૂની દુકાને પિકેટિંગ. ધરપકડ. બારડોલી જેલ, સૂરતની જેલ, સાબરમતી જેલમાંથી યરવડા જેલમાં છ મહિના કેદની સજા ભોગવી. જેલમાંથી છૂટ્યાં બાદ 20 વર્ષની ઉંમરે લગ્ન થયાં હતાં.

## મહેતા, મોહનભાઈ રણછોડજી

જન્મ : 10 ઑક્ટોબર, 1920. અમલસાડ, જિ. વલસાડ.

મૅટ્રિક સુધી અભ્યાસ. 1930-32ની ચળવળ વખતે વાનરસેના–કિશોરોની ટુકડી, દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ, સભા, સરઘસોમાં જોડાવું વગેરે. નાની ઉંમરથી રાષ્ટ્રવાદી. 1942ની ચળવળમાં ભાગ લેવા અમલસાડ ગયા. નેતાઓની ધરપકડના વિરોધ સરઘસમાં ભાગ લીધો. રાષ્ટ્રધ્વજ સાથે ગિરફતાર. 1 વર્ષ અને 6 મહિનાની કેદ અને રૂ. 200/- દંડની સજા. તે સાબરમતી અને યરવડામાં ભોગવી. યરવડાના કારાવાસ દરમિયાન જેલના ખરાબ ખોરાક

સામે 6 દિવસના ઉપવાસ. તેથી થોડા દિવસ ફાંસી ખોલીમાં એકાંતવાસની શિક્ષા. સરકારે ઘેર જપ્તી લાવીને રૂ. 200નો દંડ વસૂલ કર્યો.

મહેતા, મોહનલાલ તુલસીદાસ (સોપાન)

જન્મ : 14 જાન્યુઆરી, 1910. વતન : મોરબી, જિ. રાજકોટ.

1929માં લાહોર કૉંગ્રેસ અધિવેશનમાં હાજરી. ત્યાંથી પૂર્ણ સ્વરાજ્યનો મંત્ર લઈને મીઠાની લડતમાં. ધોલેરાની છાવણીમાં આગેવાની. કાનૂનભંગ કરી પકડાયા. 2 વાર જેલવાસ ભોગવ્યો. 1933માં દિલ્હી કૉંગ્રેસ અધિવેશનમાં પોલીસનો બેસુમાર માર સહન કર્યો. ધ્રાંગધ્રા લડતમાં ભાગ લીધો. જુલમો સહન કર્યા. 1937માં ભારતી સાહિત્ય સંઘની સ્થાપના કરી. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં જેલવાસ ભોગવ્યો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભપ્રવૃત્તિમાં 1 વર્ષ અને 6 મહિના રહ્યા. લેખન : નવલકથાઓ, નિબંધો, વાર્તાઓનાં 50 પુસ્તકો, 'જન્મભૂમિ', દૈનિકના તંત્રી. 'અખંડઆનંદ' તથા 'સુકાની'ના તંત્રી. 'યુદ્ધકવિ'નું બિરુદ મળ્યું હતું.
અવસાન : 23 એપ્રિલ, 1986.

## મહેતા, મોહનલાલ પ્રાગજી

જન્મ : 1915. જામનગર.

જામનગરની પ્રજામંડળની લડતમાં જોડાયા. પોલીસે પકડીને પૂરી રાખ્યા. ચળવળમાં જોડાવાથી નોકરી ગુમાવી. ઉદ્દામવાદી હતા. ત્યાર પછી સમાજવાદી પક્ષમાં જોડાયા. લેખન અને વાણી દ્વારા પ્રજાજાગૃતિનું કાર્ય કર્યું.

## મહેતા, મોહનલાલ રણછોડભાઈ

અમલસાડ, જિ. વલસાડ.

1930-32માં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 1942ની ચળવળમાં 15 ઑગસ્ટના રોજ અમલસાડ સ્ટેશને ભાંગફોડ થવાથી ધરપકડ. 1 વર્ષ અને 6 મહિનાની કેદ અને રૂ. 200 દંડ. યરવડા જેલમાં ખરાબ ખોરાક સામે 6 દિવસના ઉપવાસ.

## મહેતા, રજનીકાન્ત નટવરલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદ સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં ભાગ લીધો. 6 માસની સખત કેદની સજા અને રૂ. 250 દંડ.

## મહેતા, રણછોડજી ડાહ્યાભાઈ

જન્મ : 27 જુલાઈ, 1898. અમલસાડ, તા. ગણદેવી.

મૅટ્રિક સુધીનો અભ્યાસ. રાષ્ટ્રવાદી વિચારો. ખાદી પહેરવી, અસ્પૃશ્યતાનિવારણ વગેરે રચનાત્મક પ્રવૃત્તિઓ. 1942ની લડત દરમિયાન અમલસાડમાં 15 ઑગસ્ટના દિવસે નેતાઓની ધરપકડ બાદ, સ્ટેશને ભાંગફોડ થયા બાદ, રાત્રે થયેલી સામૂહિક ધરપકડોમાં સમાવેશ. પોલીસે વીસ જણા પર કેસ કર્યો તેમાં પણ હતા. 1 મહિનો કાચી જેલમાં, પછી બીમાર થવાથી જામીન પર છૂટ્યા. કેસમાં નિર્દોષ.

## મહેતા, રતિભાઈ

વાંકાનેર, સૌરાષ્ટ્ર.

1942ની લડતમાં ભૂગર્ભમાં રહીને ખૂબ જોખમી કામ કર્યાં. 3 વર્ષ સુધી સતત ભૂગર્ભમાં રહેવું પડ્યું.

## મહેતા, રમણલાલ દલસુખદાસ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો. તેમણે સભા-સરઘસોમાં જોડાવા ઉપરાંત ભાંગફોડની પ્રવૃત્તિમાં પણ ગુપ્ત રીતે ભાગ લીધો હતો. સરકારનાં કાર્યો સ્થગિત કરી, હેરાન કરવા માટે તેઓ વડોદરાથી

બૉમ્બ લાવેલા, જે તેમની વખારમાં ફૂટી જવાથી ઇસ્માઈલ આદમ દુધુનો એક હાથ તૂટી ગયેલો.

## મહેતા, રમણીકરાય

જન્મ : 31 જુલાઈ, 1884. ભાવનગર.

1907 : સ્વદેશીવ્રત. 1930 : સવિનય ભંગ. 27 મહિના કારાવાસ. 500 રૂપિયા દંડ. 1932 : 2 મહિના અટકાયત. હાજરીની શરતે મુક્તિ. શરતભંગ. 18 મહિના કારાવાસ. 500 દંડ.

## મહેતા, રમણીકલાલ મૂળશંકર

જન્મ : 5 ઑગસ્ટ, 1924. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભવાસમાં રહીને જાનના જોખમે કાર્ય કર્યું. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો.

મહેતા, રમાબહેન

આઝાદ હિન્દ ફોજમાં જોડાઈ, ઝાંસીની રાણી રેજિમેન્ટમાં અંગ્રેજો સામે લડાઈમાં 1943-44માં ભાગ લીધો.

## મહેતા, રમાબહેન (રામબાઈ) દામજી

વતન : જામનગર.

જામનગરની પ્રજાકીય લડતમાં ભાગ લેતાં ગુંડાઓના જુલમોનો ભોગ બન્યાં. રાજ્યે ઘોડા દોડાવ્યા ત્યારે ઈજા થઈ. કાર્યકર્તાઓએ બચાવી લીધાં ને સારવાર કરી.

## મહેતા, રાજેન્દ્રરાય મનવંતરાય

જન્મ : 15 સપ્ટેમ્બર, 1916. ભાવનગર.

1930માં વાનરસેનામાં જોડાઈ કામ કર્યું. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભાવનગરથી ધરપકડ થઈ. 6 માસ જેલવાસ ભોગવ્યો.

## મહેતા, રોહિત હસમનરામ

જન્મ : 3 ઑગસ્ટ, 1908. સૂરત.

1929 : અમદાવાદની ગુજરાત કૉલેજના આચાર્ય શિરાઝ વિરોધી 39 દિવસની હડતાળની આગેવાની. 1928-34 : રાષ્ટ્રીય આંદોલનમાં સક્રિય. 1932 : વિસાપુર કારાગૃહમાં માંદગીમાં આંગળીઓને હાનિ. પીપલ્સ સોસાયટીના મંત્રી. અડયાર, ચેન્નાઈ, થિયૉસૉફિકલ સોસાયટીમાં સક્રિય. વિશ્વયાત્રા. તત્વચિંતન વિશે અંગ્રેજી પુસ્તકોનું લેખન. 3 શિક્ષણસંસ્થાનું સંચાલન.

અવસાન : 20 માર્ચ, 1995.

## મહેતા, લક્ષ્મીદાસ ટી.

ઉમરાળા, જિ. ભાવનગર.

1930ની મીઠાની લડત વખતે ધોલેરા છાવણીમાં જોડાયા. પત્રિકાઓ વહેંચતાં પકડાયા. છ માસની કેદની સજા સાબરમતીમાં ભોગવી.

## મહેતા, લક્ષ્મીનારાયણ પનાલાલ

દાહોદ.

1930ની લડત વખતે દાહોદના કલાલના ઝાંપા પાસેનાં દારૂનાં પીઠાં પર શાંતિમય પિકેટિંગ. પોલીસે ધરપકડ કરી. 1 માસની કેદની સજા.

## મહેતા, લક્ષ્મીનારાયણ મણિલાલ

જન્મ : 23 જુલાઈ, 1916. ડાકોર, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક. 1932 : જાહેર સેવામાં સક્રિય. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહમાં છ મહિના કારાવાસ. રૂપિયા 500 દંડ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન ડાકોર. સરઘસમાં સક્રિય. લાઠીમાર ખાધો. ધરપકડ. 6 મહિના કારાવાસ.

## મહેતા, લલિતકુમાર એમ.

જન્મ : 28 સપ્ટેમ્બર, 1923. વતન : જૂનાગઢ. અભ્યાસ : મૅટ્રિક.

1930ના મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિઓમાં ભાગ લીધો. ત્યાર બાદ હરિજનસેવા, શિક્ષકના ક્ષેત્રમાં સેવા.

## મહેતા, લાભશંકર મણિશંકર

ભાવનગર જિલ્લાના રહેવાસી.

ઘોઘા–વાળુકડની ખેડૂતોની લડત વખતે તેમજ રાષ્ટ્રીય લડતો દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા લોકજાગૃતિનું કામ કરવા બદલ કુટુંબને ખૂબ સહન કરવું પડ્યું અને હદપારી વેઠવી પડી.

## મહેતા, લાભુબહેન મોહનલાલ

જન્મ : 17 ફેબ્રુઆરી, 1915. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

1930-32ના મીઠાના સત્યાગ્રહમાં જોડાયાં. ધોલેરા, રાણપુર તેમજ ધંધૂકાની સત્યાગ્રહની છાવણીઓમાં રહીને લડતના પ્રચારનું કામ કર્યું. 2 વખત ધરપકડ. જેલવાસ ભોગવ્યો. અનેક પુસ્તકો લખ્યાં. તેઓ અમૃતલાલ શેઠનાં પુત્રી થાય.

## મહેતા, વનમાળીદાસ દામજીભાઈ

જન્મ : 19 ફેબ્રુઆરી, 1910. ડેડાણ, જિ. અમરેલી.

ઊના તાલુકામાં રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ જમીન, ખોરડાં જપ્ત થયાં અને હદપારી થઈ. 1938ના રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1938માં જૂનાગઢની પ્રજામંડળની લડતમાં પકડાવાથી 4 માસની સજા થઈ.

## મહેતા, વલ્લભદાસ ખુશાલચંદ

પોરબંદર.

ગાંધીજીની હાકલ થતાં કોલકાતાનો ધીકતો ધંધો છોડી 1930ના ધોલેરાની મીઠાના કાનૂનભંગની લડતમાં પોલીસના લાઠીમારથી પગ ભાંગી ગયો. ખોડ કાયમ રહી.

## મહેતા, વાડીલાલ પરસોત્તમ

ઝાલોદ, જિ. દાહોદ.

લક્ષ્મીદાસ શ્રીકાંત અને અંબાલાલ વ્યાસની ભીલોના ઉત્કર્ષની પ્રવૃત્તિથી રાષ્ટ્રીય જાગૃતિ. ઝાલોદમાં 1930ની સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન સભા, સરઘસો, પિકેટિંગમાં ભાગ. ઝાલોદના કોળીવાડામાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. પીઠાંના માલિકે નોકર પાસે ગોળીબાર કરાવ્યો. વાડીલાલ બચી ગયા. તેનાથી ગામમાં ધમાલ. ગોળીબારના વિરોધમાં કૉંગ્રેસી કાર્યકરના ઝાલોદમાં 3 દિવસ ભાષણો કર્યાં. 1932માં ઝાલોદના આગેવાનો છગનલાલ મજમુદાર અને શેઠ મગનલાલ ગોપાલદાસની ધરપકડ થયા બાદ તેમને અભિનંદન આપવા વિશાળ જાહેર સભા ભરી. પોતે પકડાવાની તૈયારી, પરંતુ ન પકડાયા. 1941માં સરકારની યુદ્ધનીતિ વિરોધી સૂત્રોચ્ચાર અને ભાષણ કરી વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો. ધરપકડ. 4 માસની સજા. 1942ની 15 ઑગસ્ટના રોજ સરઘસની આગેવાની. પોલીસે 15 જણા સહિત ધરપકડ. 6 માસની કેદની સજા.

## મહેતા, વાડીલાલ લલ્લુભાઈ

જન્મ : 26 જૂન, 1903. અમદાવાદ.

1920 : અસહકારના આંદોલનમાં સરકારી શાળાનો ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ. દર રવિવારે ખાદીની ફેરી. 1930માં મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. 1932 : સવિનય ભંગ આંદોલન. ગુપ્ત પત્રિકા પ્રકાશન. ભરૂચના વેડચ ગામે ખેડૂતસેવા. 1930-42 : લડતોમાં અગ્રેસર. 4 વાર કારાવાસ. વડોદરા રાજ્યમાં ધારાસભ્ય. વડી ધારાસભામાં અમદાવાદ મિલમાલિક મંડળના પ્રતિનિધિ. ગુજરાત સરકારમાં વિવિધ પદો. અમદાવાદમાં

લલ્લુભાઈ ગોરધનદાસ હૉસ્પિટલ જેવાં સમાજસેવાનાં કાર્યોમાં સક્રિય. ઉદ્યોગપતિ.
અવસાન : 21 જુલાઈ, 1988.

## મહેતા, વિઠ્ઠલદાસ પનાલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન 15 ઑગસ્ટના રોજ ઝાલોદમાં સરઘસ. લાઠીચાર્જ. ધરપકડ. 2 માસની કેદની સજા.

## મહેતા, વિદ્યાબહેન જયંતિલાલ

જ. 1923. અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. સભા-સરઘસો, પત્રિકા વહેંચવી વગેરે પ્રવૃત્તિમાં સક્રિય. ધરપકડ. જેલવાસ. તે પછી જ્યોતિ સંઘની પ્રવૃત્તિમાં જોડાયાં. તાલીમ વિભાગનાં મંત્રી. સંસ્થાનાં મુખ્ય મંત્રી.

## મહેતા, વિનયભાઈ નૌતમલાલ

જન્મ : 24 સપ્ટેમ્બર, 1921. ભાવનગર.

રાજકોટની લડતમાં સૈનિક તરીકે ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડત સમયે કરાંચીમાં ભાગ લીધો. પરિણામે ડેન્ટલ કૉલેજમાં પાસ થવા છતાં 'ડિપ્લોમા' ન મળ્યો. 2 મહિના કરાંચી ખાતે જેલમાં અટકમાં રહ્યા.

## મહેતા, વિમળાબહેન જી.

વય : 82 વર્ષ. મુંબઈ.

1932ની રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓનું આકર્ષણ. 1940-41ના વ્યક્તિગત સત્યાગ્રહ દરમિયાન કૉંગ્રેસની પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવા માંડ્યો. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો. બીજી છોકરીઓને લડતમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરી. ચળવળનો પ્રચાર કર્યો. સભા-સરઘસોમાં ભાગ લેતાં, લાઠીમારનો ભોગ બન્યાં. સૂત્રો પોકારતાં. ધરપકડ. સાડીઓમાંથી રાષ્ટ્રધ્વજ બનાવી 26 જાન્યુઆરી, 1943ના રોજ યરવડા જેલ પર ફરકાવ્યો. જાડા દોરડા વડે તેમના સહિત બીજી સ્ત્રીઓને ફટકાર્યાં. 18 મહિના થાણે, યરવડા જેલમાં સજા ભોગવી.

## મહેતા, વીરસુતભાઈ ત્રિભોવનદાસ

જન્મ : 2 મે, 1908. માંગરોળ.

1930ની દાંડીકૂચ વખતે અરુણ ટુકડીમાં કામ કર્યું. ધરાસણા સત્યાગ્રહમાં ભાગ લીધો. લાઠીમાર સહન કર્યો. માતર તાલુકાની લડતના સુકાની. ધરપકડ. સાબરમતી જેલમાં 2 માસની સજા ભોગવી. લડતોમાં ભાગ લેવા બદલ ગોંડળ રાજ્યે હદપાર કર્યા. 1942ની લડત વખતે રાજ્યે તેમના ઘર પર પોલીસ જાપ્તો મૂકી અને હદપાર કર્યા.

## મહેતા, વેણીરામ રૂગનાથજી

જન્મ : 19 નવેમ્બર, 1911. દસાડા.

1930ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ લીધો. વિદેશી કાપડ પર પિકેટિંગ કરતાં પકડાયા. નિમક સત્યાગ્રહમાં પકડાયા. સાબરમતી અને વિસાપુર જેલમાં સજા ભોગવી.
અવસાન : 16 જાન્યુઆરી, 1974.

## મહેતા, શારદાબહેન સુમંતભાઈ

જન્મ : 26 જૂન, 1882. અમદાવાદ. અભ્યાસ : બી.એ..

1930ની લડત વખતે ગાંધીજીના આદેશથી વિદેશી કાપડની બહિષ્કાર સમિતિનું કાર્ય સંભાળ્યું. 1928ની બારડોલીની લડત વખતે ડૉ. સુમંત મહેતા સાથે સરભણ આશ્રમમાં રહીને તે વિભાગનો મોરચો સંભાળેલો. મુંબઈના ગવર્નરને મળવા ગયેલા છ સભ્યોના ડેપ્યુટેશનમાં તે પણ સભ્ય હતાં. સમગ્ર જીવન લોકસેવામાં વ્યતીત. 'મારાં સંભારણાં' પુસ્તક તેમની આત્મકથા છે.

## મહેતા, શાંતાબહેન અનંતરાય

જન્મ : 17 ડિસેમ્બર, 1915. ભાવનગર.

રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લેતાં. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાયાં અને સાબરમતીમાં જેલવાસ ભોગવ્યો.

## મહેતા, શાંતિલાલ મોતીલાલ

સૂરત.

1942ની લડત દરમિયાન સૂરતમાં સભા ભરવા માટે ધરપકડ. 6 મહિનાની સજા. સાબરમતી જેલમાં ભોગવી. જેલમાંથી છૂટીને કાંતણ, વ્યાયામ, સમાજસેવાની પ્રવૃત્તિઓ કરી.

## મહેતા, શિરીષકુમાર પુષ્પેન્દ્ર

જન્મ : 28 ડિસેમ્બર, 1926. સૂરત.

નિવાસ : નંદરબાર. 1942ની ચળવળમાં નંદરબારની શાળામાં હડતાળ પડાવી. 7 સપ્ટેમ્બરની આગેવાની. 40 વિદ્યાર્થીઓ સહિત ધરપકડ. મુક્તિ. 8 સપ્ટેમ્બરના રોજ સરઘસ. લાઠીમાર, ગોળીબાર. શિરીષ શહીદ થયો.
અવસાન : 8 સપ્ટેમ્બર, 1942.

## મહેતા, શિશિરભાઈ યશવંતરાય

જન્મ : 11 જાન્યુઆરી, 1925. ભાવનગર.

1942માં લડત વખતે ભાવનગર બંદરે પિકેટિંગ કરતા પકડાયા. કોળિયાકમાં અટકાયતમાં. 1943માં ગાંધીજીના ઉપવાસ સમયે પુણે ધરપકડ થઈ. યરવડા જેલમાં મહિનો અટકાયતમાં.

## મહેતા, સનતકુમાર મગનલાલ

જન્મ : 19 એપ્રિલ, 1925. જેસર, જિ. ભાવનગર.

હાલ નિવાસ : વડોદરા. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. કૉલેજત્યાગ. ભૂગર્ભવાસ. ભાંગફોડ-પ્રવૃત્તિ. ભાવનગર, રાજકોટ, સોનગઢમાં તારનાં દોરડાં કાપ્યાં. 1947 : જૂનાગઢ આરઝી હકૂમતમાં સેનાની. કુતિયાણા પર ચડાઈ. નવાગઢ, ગાધકડા પર અધિકાર. મંત્રી : ગુજરાત પ્રજાસમાજવાદી પક્ષ. ગુજરાત રાજ્યના માજી નાણામંત્રી. અધ્યક્ષ : સરદાર સરોવર નર્મદા નિગમ.

## મહેતા, સરોજબહેન બળવંતરાય

ભાવનગર.

ભાવનગર પ્રજા પરિષદનાં સક્રિય કાર્યકર્તા. રાજકોટ લડતમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભાવનગરમાં જેલવાસ ભોગવ્યો. 1965માં પાકિસ્તાનની રડાર-જાસૂસી પ્રવૃત્તિમાં પતિ બળવંતરાય મહેતા સાથે વિમાન તોડી પાડવાથી મૃત્યુ.
અવસાન : 19 સપ્ટેમ્બર, 1965.

## મહેતા, સાકરલાલ હરજીવનદાસ

જન્મ : 20 માર્ચ, 1907. ગઢડા, જિ. ભાવનગર.

1930ના મીઠા-સત્યાગ્રહ વખતે મુંબઈ ખાતે વડાલામાં પ્રચારકાર્ય. પકડાયા. વિસાપુરમાં સખત કેદની 3 માસની સજા ભોગવી. ચળવળમાં ભાગ લેવા બદલ નોકરીમાંથી બરતરફ. દંડ વસૂલ કરવા ઘરવખરી હરાજ કરવામાં આવી.

## મહેતા, સુમનબહેન

વય : 73 વર્ષ. મુંબઈ.

માતા સ્વાતંત્ર્યચળવળમાં ભાગ લેતાં. કસ્તૂરબા તેમના ઘેર(ચોપાટી પાસે) આવતાં. કિશોરવયથી કાંતતાં, પ્રભાતફેરીમાં જતાં. સાફિયા ખાન–સેવિકા દળનાં સંચાલિકા, સુમનબહેનને પત્રિકા વહેંચવા મોકલતાં. ભૂગર્ભ-કાર્યકરોની સભામાં પણ હાજરી આપતાં. 4-10-1942ના રોજ પ્રભાતફેરીમાંથી ગુલાબબહેન શાહ, માર્કંડભાઈ ઠાકુર વગેરે સહિત ધરપકડ. ત્રણ માસની કેદની સજા, યરવડા જેલમાં ભોગવી. જેલમાં અંગ્રેજી, હિન્દી ભાષા તથા ભજનો શીખ્યાં. ઇતિહાસનું વાચન.

## મહેતા, (ડૉ.) સુમંત બ.

જન્મ : 1877. સૂરત.

ડૉક્ટરી કેળવણી ઇંગ્લૅન્ડમાં લીધી. દેશમાં આવીને મહારાજા સયાજીરાવ ગાયકવાડના અંગત ડૉક્ટર અને રાજ્યના સેનેટરી કમિશનર થયા. દેશસેવા માટે નોકરી છોડી. ગ્રામજીવનના વિકાસ માટે શેરથા(તા. કલોલ)માં આશ્રમ સ્થાપ્યો. વડોદરા રાજ્ય પ્રજામંડળના પ્રેરક અને માર્ગદર્શક. જલાલપોરની કાચી જેલમાં 15 દિવસ રાખ્યા. ને પેરોલ પર છોડ્યા. પેરોલનો હુકમભંગ કરવા માટે 1 વર્ષની સજા અને રૂ. 500 દંડ અથવા વધુ 6 મહિનાની સજા. જેલમાં જવાથી વડોદરા રાજ્યનું પેન્શન બંધ. સાબરમતી, વિસાપુર અને નાશિક જેલમાં રાખવામાં આવ્યા. પછાત કોમોના હિતેચ્છુ. બારડોલીની લડતમાં એમનાં પત્ની શારદાબહેન અને બે બાળકોને સાથે લઈને એક છાવણીનું સંચાલન કરનાર. યુવાન પેઢીના પ્રેરક.

અવસાન : 15 ડિસેમ્બર, 1968.

## મહેતા, સૂરજબહેન ચૂનીલાલ

સૂરત.

પતિ ચૂનીલાલ સાંકળેશ્વર મહેતા સાથે સક્રિય. 1930 : માંગરોળિયા, બારડોલી પિકેટિંગ વ્યવસ્થા માટે 6 મહિના કારાવાસ. દારૂનાં પીઠાં પર પિકેટિંગ, સૂરત, 1 મહિનો કારાવાસ. 1931 પુનઃ પિકેટિંગ, પુનઃ કારાવાસ 1 વર્ષ. નિવૃત્તિ. મઢીમાં નિવાસ.

## મહેતા, હરિચંદ લક્ષ્મીચંદ

જન્મ : 4 માર્ચ, 1900. સૌરાષ્ટ્ર.

1930ની મીઠાની લડતની હાકલ સાંભળીને ધોલેરા છાવણીમાં જોડાયા. સવિનય કાનૂનભંગ કરતાં પકડાયા. યરવડામાં છ માસ જેલવાસ ભોગવ્યો. ગાંધી-ઇર્વિન તહકૂબી દરમિયાન લોકજાગૃતિનું કાર્ય કર્યું. ફરીને લડતમાં જોડાયા. 1942ની લડત વખતે ભૂગર્ભ પત્રિકાઓ તૈયાર કરીને પ્રચાર કરતાં ધરપકડ. 15 માસની સજા જે નાશિક તેમજ યરવડા જેલમાં ભોગવી.

અવસાન : 24 એપ્રિલ, 1982.

## મહેતા, હરિપ્રસાદ પીતાંબરદાસ

જન્મ : 1882. અમદાવાદ.

પિતા પીતાંબરદાસ ત્રિભુવનદાસ મહેતા તથા માતા મહાલક્ષ્મીબહેન સામાજિક કાર્યકરો. 1916 : હોમરૂલ આંદોલનમાં સક્રિય. 1918 : ખેડા સત્યાગ્રહમાં ભાગ લીધો. 1920 : અસહકારમાં સક્રિય. 1930 : મીઠા- સત્યાગ્રહ. 3 મહિના કઠોર કારાવાસ. 1932 : સામુદાયિક સત્યાગ્રહ. 1 વર્ષ અને 6 મહિના કારાવાસ. રૂ. 200 દંડ. નાશિક કારાગૃહ. 1936 : મુંબઈ ધારાસભામાં. 1938 : વ્યક્તિગત સત્યાગ્રહ વટવા. 1 વર્ષ નાશિક કારાગૃહમાં. 1942 : 'હિન્દ છોડો' આંદોલન દરમિયાન સાબરમતીમાં અટકાયત.

અવસાન : 10 જૂન, 1946. અમદાવાદ.

## મહેતા, હસમુખબહેન

ભરૂચ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાયાં. તેમણે ભરૂચ અને પાસેનાં ગામોમાં દારૂતાડીનાં પીઠાંઓ તથા પરદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગમાં સક્રિય ભાગ લીધો હતો.

## મહેતા, હંસાબહેન જીવરાજભાઈ

જન્મ : 3 જુલાઈ, 1897. સૂરત.

પતિ ડૉ. જીવરાજ નારાયણભાઈ મહેતા. 1930 : ટિળક સંવત્સરી સરઘસની આગેવાની. મુંબઈ વિદેશી કાપડના ભંડારો પર પિકેટિંગ. 3 મહિના કારાવાસ. 1932 : સત્યાગ્રહ. 6 અઠવાડિયાં કારાવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 5

મહિના કારાવાસ. મુંબઈ સંગ્રામ સમિતિનાં અધ્યક્ષા. દેશસેવિકા સંઘની પિકેટિંગ પ્રવૃત્તિમાં આગેવાની. મુંબઈ મહાનગરપાલિકા, ધારાસભા, બરોડા યુનિવર્સિટીનાં કુલપતિ 1949થી 1958. બંધારણ સભા, સંયુક્ત રાષ્ટ્રોની સંયુક્ત રાષ્ટ્રસંઘ(UNO)ની યુનેસ્કો (UNESCO) સમિતિની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થામાં સક્રિય; મહિલા સંસ્થાઓમાં સક્રિય. સરકારનાં વિવિધ પંચોમાં કામગીરી. વિશ્વયાત્રા. 1959 : 'પદ્મભૂષણ' સન્માન. ગુજરાતી-અંગ્રેજી પુસ્તકલેખન.
અવસાન : 1995.

## મહેતા, હૃષીકેશ ગુલાબરાય

જન્મ : 6 સપ્ટેમ્બર, 1925. ડેડકડી, જિ. ભાવનગર.

1942ની લડતમાં ભાગ લેતાં પકડાયા. ભાવનગરમાં જેલવાસ ભોગવ્યો.

## મહેન્દ્રભાઈ ગોકળદાસ

પોરબંદર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે પોરબંદર રાજ્યે જે સિતમો ગુજાર્યા તેનો ભોગ બન્યા. રાજ્ય- સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## મહેશ્વરી, મોહનલાલ ગંગારામ (ભસ્તાના)

જન્મ : 21 જૂન, 1906. થરપારકર, સિંધ.

1921થી 1942 સુધીનાં બધાં આંદોલનોમાં સક્રિય ભાગ લીધો. કારાવાસ. 1922 : સરકારી ટપાલ વિભાગની નોકરીનો ત્યાગ.

## મહેશ્વરી મોહનલાલ રામચંદ્ર

જન્મ : નગાસર, નગરપારકર (સિંધ)

વિભાજન પછી : કડી, જિ. મહેસાણા.
આઝાદીની ચળવળમાં જમીનમહેસૂલ ન ભરવું, વિલાયતી કપડાંની હોળી વગેરે પ્રવૃત્તિ. ધરપકડ. દસ મહિના જેલમાં રહ્યા. 1942ની લડતમાં સરકારી કચેરીને આગ, ભાંગફોડ કરવી, લડતનો પ્રચાર. ધરપકડ અને 15 દિવસ જેલમાં. ખૂબ સિતમ ગુજાર્યો. એક વર્ષ સુધી જેલમાં. વિભાજન પછી કડી.

## મહેસૂરિયા, ઝીણાભાઈ ડાહ્યાભાઈ

માસમા, જિ. સૂરત.

1942ની ચળવળમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. 6 માસની જેલ થઈ. જેલમાં તબિયત સારી ન રહેતાં ટાઇફૉઈડ થયો. માવલંકર દાદાએ જેલમાંથી છોડાવવા મદદ કરી. જેલમાંથી બહાર ગયા પછી અવસાન.
મંગળભાઈ જીવરાજ

## રાજસીતાપુર, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રા રાજ્યના જુલમો સામેની લડત વખતે રાજસીતાપુરના પ્રજાજનો ઉપર ધાક બેસાડવા માટે તેમના ઘરે પોલીસ-જાપ્તો બેસાડવામાં આવ્યો. તેમની માલમિલકત રફેદફે કરવામાં આવી; અને તેમના ઉપર જુલમ ગુજારવામાં આવ્યો.

## મંગળભાઈ રણછોડભાઈ

ચકલાસી, જિ. ખેડા.

1932ની લડતમાં પકડાયા. સાબરમતી જેલમાં 6 માસ ઉપરાંતની સજા ભોગવી.

## મંછાબહેન નગીનદાસ

સૂરત.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

## મંજુલાબહેન

ભરૂચ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાયાં. તેમણે ભરૂચમાં તથા પાસેનાં ગામોમાં દારૂતાડીનાં પીઠાં અને વિદેશી કાપડ વેચતી દુકાનો પર પિકેટિંગમાં સક્રિય ભાગ લીધો હતો.

## માટલિયા, દુલેરાય પ્રભુદાસ

જન્મ : 18 ઑક્ટોબર, 1918. બાલંભા.

કાર્યક્ષેત્ર : જિ. ભાવનગર. અભ્યાસ : બી.એ. જૈન શાસનના પ્રભાવ નીચે. બાલંભામાં સરઘસ. કસ્ટડીમાં. ગાંધીજીની અસર. ભાવનગર પ્રજા-પરિષદમાં. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે 9 માસ જેલવાસ. ગ્રામસેવાનું કાર્ય. માલપરા (ઢસા) પ્રૌઢશિક્ષણનું કાર્ય. ગ્રામસંગઠન, શુદ્ધિપ્રયોગ. સંતબાલજીનું સાહિત્ય સંપાદન. નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળીના સાથીદાર.

## માણેકબહેન નાથાભાઈ

આશી, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને પગ પર ઈજા થઈ અને બંદૂકનો ગોદો માર્યો.

## માણેકબહેન ભાઈજીભાઈ

આંકલાવ, જિ. આણંદ. ઉંમર : 16.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના પ્રહારથી કમ્મરમાં ઈજા થઈ હતી.

## માણેકબહેન ભીખાભાઈ

બોચાસણ, જિ. આણંદ. ઉંમર : 19.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના દિવસે 'સ્ત્રી સિતમ દિન' ઊજવવામાં આવ્યો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે સખત લાઠીમાર કર્યો હતો. તેમાં તેમને બંદૂકના કુંદા તથા લાઠીના ફટકાથી પગ, કમર પર તથા માથામાં ઈજાઓ થઈ હતી.

## માણેકલાલ કેશવલાલ

લીંબડી, જિ. સુરેન્દ્રનગર

લીંબડીની લડતમાં ભાગ લેતાં જ રાજ્યાશ્રિત ગુંડાટોળીએ ઘરવખરી લૂંટી લીધી. સખત માર માર્યો. ભારે કષ્ટો વેઠ્યાં. હિજરત કરી ગયા.

## માણેકલાલ ગુણવંતલાલ

જન્મ : 1926. કાર્યક્ષેત્ર : મુંબઈ.

રૉયલ ઇન્ડિયન નેવીના રેટિંગ્સના બળવાને ટેકો આપવા માટેના પ્રજાકીય વિરોધ આંદોલનમાં ભાગ લેતાં મુંબઈમાં ગોળપીઠા પાસે પોલીસના ગોળીબારથી અવસાન : 22 ફેબ્રુઆરી, 1946.

## માણેકલાલ જેચંદભાઈ

જન્મ : 1891. રાજકોટ.

1942ની લડતમાં ભાગ લેતાં ધરપકડ થઈ. 4 માસ જેલવાસ ભોગવ્યો.
માધવજીભાઈ બાવાભાઈ
પોરબંદર.
1942ની લડતમાં જોડાવાથી પોરબંદર રાજ્યના જુલમોના ભોગ બન્યા. રાજ્ય-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## માધવલાલ નભુભાઈ

આણંદ.

20મી સદીના શરૂના દાયકામાં નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ સાથે ક્રાંતિકારી પ્રવૃત્તિમાં ભાગ લીધો. 'વનસ્પતિની દવાઓ', 'સાબુ બનાવવાની રીત' વગેરે નામથી બૉમ્બ

બનાવવાની રીત દર્શાવતી પુસ્તિકાઓનો પ્રચાર. તે પછી હોમરૂલ લીગની (1917) પ્રવૃત્તિમાં સક્રિય થઈ, તેનો ખેડા જિલ્લાનાં ગામોમાં પ્રચાર કર્યો.

## માધાણી, હિંમતલાલ છોટાલાલ

મોરબી, જિ. રાજકોટ.

મોરબી સત્યાગ્રહમાં ભાગ લેતાં રાજ્ય તરફથી ત્રાસ સહન કર્યો. ધ્રોળ ઝંડા સત્યાગ્રહમાં જોડાયા. નાનીમોટી રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ લીધો.

## માનકોરબહેન નાનુભાઈ

સૂરત.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવામાં સક્રિય ભાગ લીધો હતો.

માનશંકર ધનેશ્વર

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લીધો. પકડાયા. 6 માસની જેલ ભોગવી.

## મામૈય પૂનાભાઈ

કરાંચી. વતન : રાજકોટ.

1930-32ની લડતમાં કરાંચી (હવે પાકિસ્તાન) ખાતે સક્રિય ભાગ લીધો અને જેલ ભોગવી. હિન્દ-પાકિસ્તાનના ભાગલા પડતાં રાજકોટ આવીને વસ્યા.

## મારડિયા મનજીભાઈ ધરમશીભાઈ

રાજકોટ.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. ધરપકડ કરવામાં આવી. તેમણે સહન કર્યું. જેલની સજા ભોગવી. ભારત સરકારનું પેન્શન મળે છે.

## મારફતિયા, અમૃતલાલ ભીખાભાઈ

જન્મ : 1907. અમદાવાદ.

1921ની લડત વખતે સરકારી શાળા છોડી રાષ્ટ્રીય શાળામાં પ્રવેશ. ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ. 1930 : મીઠા-સત્યાગ્રહ વખતે ધરાસણાની લડતમાં ભાગ લેવા જતાં ધરપકડ. 6 માસની જેલ. હરિપુરાની કૉંગ્રેસના સ્વયંસેવક.

અવસાન : 1938.

## મારફતિયા, છોટુભાઈ ભાઈદાસ

જન્મ : 1888. સૂરત.

1920-1931 : સૂરત જિલ્લા કૉંગ્રેસ સેવાદળ, રાષ્ટ્રીય કેળવણી મંડળના મંત્રી. 1923માં નાગપુર ધ્વજ સત્યાગ્રહમાં ભાગ લેવા ગયા, જેલવાસ. 1928માં બારડોલી સત્યાગ્રહ દરમિયાન ચોર્યાસી તાલુકાની છાવણીઓમાં સીધું પૂરું પાડ્યું. 1930, 1932 અને 1940ના સત્યાગ્રહોમાં ભાગ લઈ 3.5 વર્ષની જેલ ભોગવી. 1946-51 : મુંબઈની ધારાસભાના સભ્ય. મદ્યનિષેધ, શિક્ષણ, અસ્પૃશ્યતાનિવારણ વગેરે રચનાત્મક પ્રવૃત્તિમાં.

અવસાન : 1968.

મારફતિયા, ડૉ. મનુભાઈ સી.

વતન : સૂરત.

1930-32ની લડત દરમિયાન કૉંગ્રેસની પ્રાંતિક, જિલ્લા વગેરે સમિતિઓ ગેરકાયદે જાહેર કરવામાં આવી. સૂરત જિલ્લા કૉંગ્રેસ સમિતિના રૂ. 7,500/- તેમની ભાગીદારીની ગોરધનદાસ કેવળરામ મારફતિયાની પેઢીમાં સુરક્ષિત રાખવા મૂકેલા. તે માટે પોલીસે તેમના ઘર પર દરોડો પાડી રોકડ રકમ, દાગીના વગેરે જપ્ત કરી બૅન્કનાં ખાતાંનો ઉપયોગ બંધ કરાવ્યો. કૉંગ્રેસને મદદ કરવાનો આરોપ. ત્રણ મહિનાની સખત કેદ અને રૂ. 1,000/-નો દંડ. હાઈકૉર્ટમાં અપીલ થતાં નિર્દોષ ઠર્યા હતા.

## મારફતિયા, શિવાભાઈ

રાજસીતાપુર, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રા રાજ્યની લડત વખતે રાજસીતાપુરના પ્રજાજનો ઉપર ધાક બેસાડવા માટે તેમની ધરપકડ કરી. તેમના મકાન ઉપર જપ્તી બેસાડવામાં આવી. તેમની માલમિલકત રફેદફે કરી નાખી ને તેમને વિવિધ રીતે ત્રાસ આપવામાં આવ્યો.

## મારવાડી, પ્રતાપજી

અમદાવાદ.

મસ્કતી માર્કેટમાં મજૂરી કરતો. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ખાડિયા-રાયપુરમાંથી નીકળતા દરેક સરઘસમાં પ્રતાપજી જોડાતો. તે કૉંગ્રેસના ધ્વજ સહિત પોલીસોની સામે જતો. તે દરરોજ પોલીસો પર સખત પથ્થરમારો કરતો. ધરપકડ. કારાવાસ.

## મારવાડી, રસિકલાલ

વતન : લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડી પ્રજામંડળના કાર્યકર્તા. લીંબડીની લોકલડતમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેતાં પકડાયા. 6 માસ જેલવાસ ભોગવ્યો. હરિજનસેવાનું કાર્ય કર્યું.

## મારવાડી, લક્ષ્મણભાઈ ધનજીભાઈ

જન્મ : 1 એપ્રિલ, 1915. અમરેલી.

1930ની મીઠાની લડત વખતે જલાલપોર, કરાડી, રાણપુર સત્યાગ્રહમાં ભાગ લીધો. વૌઠાના પિકેટિંગમાં ભાગ લેતાં ધરપકડ. 3 માસની સજા થઈ. દાંડીકૂચ વખતે સ્વયંસેવક તરીકે કામગીરી બજાવી.

## માલભાઈ અમરસંગ

હડાળા.

રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેતાં અનેક કષ્ટો સહન કરવાં પડ્યાં. રાજ્ય-સરકાર તરફથી તેમનાં પત્ની શ્રીમતી બાલુબાને પેન્શન આપવામાં આવે છે.

## માલવિયા, કાનજીભાઈ ભાદાભાઈ

ગજેરાપરા, જિ. અમરેલી.

રાજકોટ હરિજન સેવક સંઘની શાળામાં શિક્ષક. 1930 : જૂનાગઢ રાજ્ય પ્રજામંડળની લડતમાં સક્રિય. ધરપકડ. હદપારની સજા. હરજિનસેવક. 1931ની મીઠાની લડત અને ત્રણ માસનો જેલવાસ. ખાદીકામ અને વ્યાયામપ્રવૃત્તિમાં. રાજકોટમાં નિવૃત્ત જીવન.

## માલવી, ફિદાહુસેન મહંમદઅલી

જન્મ : 11 જાન્યુઆરી, 1911. ભાવનગર.

શિયા દાઉદી વહોરા. જાદવજીભાઈના નેતૃત્વ નીચે સરઘસમાં અને અન્ય રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં. કાઠિયાવાડ રાજકીય પરિષદ મે, 1924માં સ્વયંસેવક. 1930ના મીઠા-સત્યાગ્રહમાં સામેલ થયા. ધોલેરા છાવણીમાં સક્રિય. મીઠાના કાયદાનો સવિનય ભંગ. ધરપકડ અને 9 માસની કેદ. ફર્નિચર-સ્ટેશનરીનો વ્યવસાય. સ્વાતંત્ર્યસૈનિકનો મેડલ તથા પેન્શન.

## માવળંકર, ગણેશ વાસુદેવ (દાદાસાહેબ માવળંકર)

જન્મ : 27 નવેમ્બર, 1888. વડોદરા.

વકીલ. કાર્યક્ષેત્ર : અમદાવાદ. 1915થી વલ્લભભાઈ પટેલ અને 1916થી ગાંધીજીના સંપર્કમાં. 1916 : ખેડા સત્યાગ્રહમાં આગેવાની. 1919 : અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં સભ્ય ચૂંટાયા. 1921 : અમદાવાદમાં કૉંગ્રેસના અધિવેશન વખતે સામાન્ય મંત્રી. 1921-23 : ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના મંત્રી. અસહકારની ચળવળમાં કેદ. 1929 : ગુજરાત કૉલેજના આચાર્ય શિરાઝ વિરુદ્ધ વિદ્યાર્થીઓની હડતાળ દરમિયાન વિદ્યાર્થીઓને માર્ગદર્શન. 1930-32 : સવિનય કાનૂનભંગમાં ભાગ લીધો. જેલવાસ. 1940-41 : વ્યક્તિગત

સત્યાગ્રહ તથા 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં ધરપકડ. કુલ 33 મહિના કારાવાસ. 1937થી 1946 : મુંબઈ ધારાસભાના અધ્યક્ષ (સ્પીકર). 1952 : ભારતની લોકસભાના પ્રથમ સ્પીકર.
અવસાન : 1956.

## માવળંકર, બાળકૃષ્ણ ગણેશ

જન્મ : 1 નવેમ્બર, 1922. અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં પત્રિકાઓ વહેંચતા. સરઘસોમાં જોડાતા. પત્રિકા પોસ્ટ કરવા જતા. અમદાવાદ રેલવેસ્ટેશને પકડાયા. ભદ્રની સબજેલમાં. 2 માસની સજા અને રૂ. 50 દંડ કરવામાં આવ્યો.

## માવળંકર, સુશીલા ગણેશ

જન્મ : 4 ઑગસ્ટ, 1904. મુંબઈ.

દાદાસાહેબ ગ. વા. માવળંકરનાં પત્ની. 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ લીધો. સપ્ટેમ્બર, 1942માં મહિલાઓના એક વિશાળ સરઘસમાં જોડાયાં, આગલી હરોળમાં રહ્યાં. સરઘસમાંથી અન્ય મહિલાઓ સહિત ધરપકડ. ત્રણ માસની કેદ અને રૂ. 500/- દંડની સજા. દંડ ન ભર્યો. કુલ ચાર માસની સજા ભોગવી; સાબરમતી જેલમાં.
અવસાન : 11 ડિસેમ્બર, 1995. અમદાવાદ.

## માવાણી, ચંપકલાલ મગનલાલ

જન્મ : 27 જુલાઈ, 1902. ભાવનગર.

સરકારી નોકરી. 1920માં અસહકારની ચળવળ શરૂ થતાં સરકારી નોકરીમાં હોવા છતાં ખાદી પહેરવા લાગ્યા. તેથી 1921માં નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા. રાજકોટની રાષ્ટ્રીય શાળામાં જોડાયા. વ્યાયામ, શિક્ષણ, ખાદીપ્રચાર, અસ્પૃશ્યતાનિવારણ વગેરે રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાયા. સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930 : વિરમગામ, ખારાઘોડામાં મીઠાના કાયદાનો ભંગ. સખત લાઠીમાર. રાજકોટ અને જૂનાગઢમાં હરિજનો માટે શાળાઓ ચલાવી.

## માસ્તર કાનજીભાઈ

વતન : ભાવનગર, સૌરાષ્ટ્ર.

1920-21ની અસહકારની લડતમાં તેમનાં પત્ની સોનાભાઈ પણ સાથે જોડાયાં. બંને પતિ-પત્ની ખાદીનો પ્રચાર કરી ખાદીનું રહસ્ય લોકોને સમજાવતાં. રાષ્ટ્રીય શાળા પણ ચલાવતાં. 1930ની લડતમાં પણ બંનેએ ભાગ લીધો. બંને જેલમાં ગયાં. ઘરનો સામાન જપ્ત થઈ ગયો. નાનો પુત્ર અવસાન પામ્યો પણ બંને મક્કમ રહ્યાં.
1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. કાનજીભાઈએ પોલીસનો અમાનુષી માર ખાધો. તેને કારણે અવસાન થયું.

## માસ્તર, છોટાભાઈ

થામણા, જિ. ખેડા.

1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થતાં ચારેક દિવસમાં બબલભાઈ મહેતાની ધરપકડ થઈ. તેના વિરોધમાં ગામના સો-દોઢસો યુવાનોએ વિરોધ કરવા સરઘસ કાઢ્યું. તેની ઉપર લાઠીમાર. ઘણા ઘવાયા. તે સરઘસમાંથી છોટાભાઈ માસ્તરની ધરપકડ કરવામાં આવી હતી.

## માસ્તર, ડાહ્યાભાઈ છગનભાઈ

બાજવાડા, જિ. વડોદરા.

અભ્યાસ : અનુસ્નાતક, વિદ્યાપીઠ. રેલવે-નોકરીનો ત્યાગ. 1930માં વડાલામાં. મીઠા-સત્યાગ્રહ. મીઠાની લૂંટ. લાઠીમારમાં ઘવાયા. 9 મહિના કારાવાસ. આહાર તથા અપવર્તનના વિરોધમાં ઉપવાસ. કારાગૃહમાં સદોબા પાટીલ તથા વીર નરીમાનનો સંગ.

## માસ્તર, ધર્મેન્દ્ર મદનલાલ (મધુરમ્)

જન્મ : 12 જાન્યુઆરી, 1926. ભરૂચ.

અભ્યાસ : એમ.એ., પીએચ.ડી. 1942ની લોકક્રાંતિમાં સપ્ટેમ્બર માસમાં ભરૂચમાં અટકાયત. સાબરમતી જેલમાંથી નવેમ્બરમાં નાશિક કારાગૃહમાં. 1-6-1943 મુક્તિ. શિક્ષણપ્રવૃત્તિ. નિવૃત્તિ. લેખન. તેમના કાવ્યસંગ્રહો, સંશોધન અને વિવેચનના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. તેમણે કવિ ખબરદાર વિશે સંશોધન કરીને પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે.

## માસ્તર, નગીનદાસ ત્રિભુવનદાસ

જન્મ : 1874. મુંબઈ.

બી.એ., એલએલ.બી. મુંબઈના સૉલિસિટર અને જે.પી. મુંબઈના કૉંગ્રેસ કાર્યકર અને મુંબઈ પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. 1916માં હોમરૂલ ચળવળમાં ભાગ લીધો. 1920માં અસહકારની ચળવળમાં આગેવાની લીધી. 1930ની લડતમાં મુંબઈના 10 સરમુખત્યાર હતા. 1930, 1932, 1940, 1942ની લડતોમાં એમણે કુલ પાંચ વર્ષની જેલ ભોગવી. 1937માં સુધરાઈના કૉંગ્રેસ પક્ષના નેતા હતા. 1942માં યરવડા જેલમાં હતા ત્યારે મુંબઈના મેયર ચૂંટાયા. 1944માં મુંબઈમાં બૉમ્બ-ધડાકો થયો ત્યારે તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા.
અવસાન : 23 માર્ચ, 1953.

## માસ્તર, નટવરલાલ

દાહોદ.

1942ની ‘હિન્દ છોડો’ ચળવળ દરમિયાન ગેરકાયદે, સરકાર વિરોધી પત્રિકા સાઇક્લોસ્ટાઇલ કરી આપતા. તે પત્રિકાઓ દાહોદમાં તથા આસપાસનાં ગામોમાં વહેંચવામાં આવતી. પોલીસે નવેમ્બર, 1942માં ઘરની જડતી લઈ સાઇક્લોસ્ટાઇલ મશીન મળવાથી ધરપકડ કરી. તેમને અટકાયતમાં રાખ્યા.

## માસ્તર, રામભાઈ ફકીરભાઈ

રાંદેર, તા. ચોર્યાસી, જિ. સૂરત. ધંધો : વેપાર.

રાષ્ટ્રવાદી, ગાંધીવાદી. અસહકારનાં આંદોલન (1920-22) પછી 1924માં તેમાં ઓટ આવી; ત્યારે રાષ્ટ્રીય શાળાઓ બંધ થવાની તૈયારીમાં હતી તે વખતે રાષ્ટ્રીય કન્યાશાળાના ખર્ચની એક વર્ષની જવાબદારી ઉપાડી લીધી. તે માટે દરરોજ નાની નાની રકમો ભેટ લેવાની યોજના કરીને તે ઉઘરાવવા પોતાના સમયનો ભોગ આપ્યો અને પોતે લીધેલી જવાબદારી અદા કરી.

## માસ્તર, સરલાબહેન

જન્મ : 1923. મુંબઈ.

નાની વયે ડ્રાઇવિંગ શીખ્યાં. ગાંધીજીના પ્રભાવથી ચળવળમાં ભાગ લીધો. પિતાશ્રી ખાન અબદુલગફ્ફારખાન, સુભાષચંદ્ર બોઝ, વલ્લભભાઈ પટેલના સંપર્કમાં. સરલાબહેન ટ્રક ચલાવતાં. ટ્રકમાં કૉંગ્રેસની રૅલી વખતે ટેકેદારોને લઈ જતાં, લાવતાં. 1942ની ચળવળમાં ક્રાંતિ મેદાનમાં અરુણા અસફઅલીએ ધ્વજ ફરકાવ્યો. તે દિવસે સરઘસમાંથી સરલાબહેનની ધરપકડ. અદાલતમાં ‘ઇન્કિલાબ ઝિંદાબાદ’, ‘ગાંધીજી કી જય’ સૂત્રો પોકાર્યાં. આ દરમિયાન બૉમ્બ ફાટ્યો. દોઢ વર્ષની કેદની સજા ભોગવી. યરવડા જેલમાં મોકલ્યાં.

## માસ્તર, સોનાબાઈ કાનજીભાઈ

વતન : ભાવનગર, સૌરાષ્ટ્ર.

1920ની અસહકારની લડતમાં રાષ્ટ્રની સેવામાં સર્વસ્વ ન્યોછાવર કરવાના સંકલ્પ સહિત પતિની સાથે જોડાયાં. ખાદીની લારી લઈને તેઓ શેરીએ શેરીએ ખાદીનાં ગીત ગાતાં

ફરતાં, ખાદી વેચતાં ને તેનો દેશને શું લાભ થાય તે સમજાવતાં. ભાંગેલા ગૃહઉદ્યોગોને બેઠા કરનાર ખાદીનું અર્થશાસ્ત્ર તેમની કોઠાસૂઝમાં વસી ગયું હતું. બંને પતિપત્ની ખાદીપ્રચાર સહિત રાષ્ટ્રીય શાળા પણ ચલાવતાં. 1930ની લડતમાં બંનેએ ભાગ લીધો અને જેલમાં ગયાં. ઘરનો સરસામાન જપ્ત થઈ ગયો. નાનકડો પુત્ર અવસાન પામ્યો. છતાં ધીરજ રાખીને મક્કમ રહ્યાં.

## માળવી, ત્રિભોવનદાસ નરોત્તમદાસ

જન્મ : 1861, મુંબઈ. અભ્યાસ : એમ.એ., એલએલ.બી. સૉલિસિટર.

1907માં સૂરતમાં કૉંગ્રેસનું અધિવેશન મળ્યું ત્યારે તેઓ સ્વાગત સમિતિના અધ્યક્ષ હતા. તેઓ ગોપાળ કૃષ્ણ ગોખલેના મવાળ જૂથમાં હતા અને લોકમાન્ય ટિળકને અધિવેશનમાં સંબોધન કરવાની પરવાનગી આપી ન હતી. તે અધિવેશનમાં કૉંગ્રેસનું મવાળ અને જહાલ જૂથમાં વિભાજન થયું.

તેમણે સૂરતની અનેક સંસ્થાઓને મોટાં દાન આપ્યાં હતાં. 1930ની લડત વખતે સરકારે આચરેલા દમનના વિરોધમાં પોતાનો 'કૈસરે હિન્દ'નો સુવર્ણચંદ્રક સરકારને પરત કર્યો.

અવસાન : 1935.

## માળવી, નટવરલાલ મૂળચંદદાસ

જન્મ : 1900. સૂરત.

તેજસ્વી વિદ્યાર્થી. અસહકારની ચળવળમાં ફર્ગ્યુસન કૉલેજ છોડી ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા. બારડોલી સત્યાગ્રહ વખતે વિદ્યાપીઠનો અભ્યાસ છોડી સૂરત જિલ્લામાં પ્રચારકાર્ય કર્યું. 'તોપ' 'દાંડિયા' 'પ્રભાકર' સાપ્તાહિકો ચલાવ્યાં. 1930ની લડતમાં ભાગ લેતાં સવા વર્ષની સજા. ક્રાંતિકારી પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં. તે સરકારે જપ્ત કર્યાં. છાપખાનું બંધ થયું. રૂ. 1,000નો દંડ થયો. 6 મહિના બાદ છાપખાનું પાછું મળ્યું. સાહિત્યસભા, સેવામંડળ. અનેક યુવક-પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.

## માળવી, નરેન્દ્ર શાન્તિલાલ

જન્મ : 4 નવેમ્બર, 1911. અભ્યાસ : બી.એ..

ભરૂચમાં પુરાણી બંધુઓના પ્રભાવ હેઠળ વ્યાયામ-પ્રવૃત્તિ. 12 વર્ષની વયે ડૉ. ચંદુલાલ દેસાઈના નેતૃત્વ હેઠળ નાગપુર ઝંડા સત્યાગ્રહની ટુકડીમાં જોડાયા. સગીર વયને લીધે સજાને બદલે સોટી-માર. 1928માં કૉલેજ છોડી, બારડોલી સત્યાગ્રહમાં જોડાયા. ડૉ. ચંદુલાલ દેસાઈની છાવણીમાં કામ કર્યું. 1930 : ધોલેરા નમક સત્યાગ્રહમાં સખત માર ખાધો. વિરમગામ તાલુકાના ઓગણજ ગામે રહીને રોજ 25 મણ મીઠું સાથીઓ દ્વારા અમદાવાદ પહોંચાડવાનું કામ કર્યું. 1930માં ધરાસણામાં સરોજિની નાયડુની ટુકડીમાં રહી હલ્લો કરવા જતાં માર ખાધો. હૉસ્પિટલમાં સારવાર. ડાબા પગે ફ્રેક્ચર, પાંસળીઓમાં ઈજા. કપાળમાં ઘા. નવસારીમાં દારૂની દુકાને પિકેટિંગ. ધરપકડ. ત્રણ અલગ કેસમાં 9 માસ, 6 માસ અને 9 માસની કેદ અને રૂ. 2,000/- દંડ. 1942માં ભૂગર્ભપ્રવૃત્તિ.

## માળી, બાબુભાઈ (બચુભાઈ)

વતન : ભાવનગર.

1942ની લડતમાં ભાગ લીધો. જેલવાસ સહન કર્યો.

## માંકડ, દુષ્યંતભાઈ નવલશંકર

જન્મ : 23 ઑગસ્ટ, 1910. જામનગર.

બાળશિક્ષણ, બુનિયાદી શિક્ષણનો અનુભવ. અમદાવાદમાં મજૂર મહાજનની પ્રવૃત્તિમાં સક્રિય. દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરતાં પકડાયા. સાબરમતીમાં 1 માસ જેલવાસ.

ધરાસણા સત્યાગ્રહમાં ભાગ લીધો. લીંબડીમાં લડત ચાલી ત્યારે દરબારે ગુનેગાર ઠરાવી શિક્ષકની નોકરીમાંથી બરતરફ કર્યા.

## માંકડ, નવનીતરાય જટાશંકર

જન્મ : 24 જાન્યુઆરી, 1911. રાજકોટ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી., વકીલ. વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય રંગે રંગાયા. રાજકોટની લડત વખતે ધરપકડ. જેલવાસ. સૂરતની લૉ કૉલેજમાં પ્રિન્સિપાલ. હાઈકોર્ટના ન્યાયાધીશ. જાહેર સેવા.

અવસાન : 26 ફેબ્રુઆરી, 1985.

## માંગુકિયા, લક્ષ્મણભાઈ ડાહ્યાભાઈ

જન્મ : 1 જૂન, 1915. ભડિયાદ, જિ. ભાવનગર.

1930ના ધોલેરા, 1938ના રાજકોટ તેમજ પાલિતાણા સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. 6 માસ અને એકવીસ દિવસની સજા ભોગવી. પેન્શન અને તામ્રપત્ર એનાયત થયેલ છે.

## માંડવિયા, મોહનલાલ છગનલાલ

જન્મ : 1903. વિસાવદર, જિ. જૂનાગઢ, સૌરાષ્ટ્ર.

રંગૂન છોડી ગાંધી આશ્રમમાં આવીને રહ્યા. 1928 : બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. 1 વર્ષ સાબરમતીમાં જેલવાસ. ભાવનગરમાં લડતમાં ભાગ લેતાં પકડાયા. 1 માસ જેલવાસ ભોગવ્યો. 1938માં રાજકોટ સત્યાગ્રહમાં ખૂબ યાતનાઓ સહી. પકડાયા. રાજકોટમાં 1 માસ જેલવાસ. 1942ની લડતમાં 1 વર્ષ કારાવાસ. વિસાવદરમાં ખાદી, ગૌસેવા, ભૂદાનકાર્ય. લોકો હિજરત કરવા લાગ્યા. તેથી લોકોને હિંમત આપવા પદયાત્રા કરી. નવાબી તંત્રે દોરડે બાંધીને પકડી મંગાવ્યા. સેન્ટ્રલ જેલમાં જૂનાગઢમાં ફાંસી કોટડીમાં પૂરવામાં આવ્યા. અનેક પ્રકારનાં કષ્ટો સહન કર્યાં.

## મિત્ર, મગનલાલ હરિભાઈ

વલસાડ.

1930ના મે માસમાં માટુંગામાંથી મીઠાના સત્યાગ્રહમાં ભાગ લેતાં પકડાયા. 6 માસની સજા ભોગવી. 'જંગે જલાલપોર' નામની પત્રિકા છાપવાનું અને ગામડે-ગામડે પ્રચાર કરવાનું કામ કર્યું. સૂરતમાંથી પકડાયા અને 6 માસની સજા ભોગવી.

## મિસ્ત્રી, ગોદાવરીબહેન કાળીદાસ

મુ. ઘંટેશ્વર, જામનગર.

1932ની લડતમાં ભાગ લેતાં મુંબઈમાંથી ધરપકડ. 20 દિવસ જેલમાં રહ્યાં. 1938માં ગાંધીજી સાથે સત્યાગ્રહ કરવા રાજકોટ ગયાં. ધરપકડ. 5 માસની સજા ભોગવી. 1942માં પ્રચાર કરતાં પકડાઈ ગયાં. ચાર માસની સજા થઈ.

## મિસ્ત્રી, ચતુરભાઈ મંગળભાઈ

જન્મ : 1922.

વતન : બોરિયાવી, જિ. ખેડા. અભ્યાસ : મૅટ્રિક. 1942 : પુણે. આગાખાન મહેલ સમક્ષ સત્યાગ્રહ ટુકડીમાં ગયા. ધરપકડ. યરવડામાં 15 દિવસ અટકાયત. લોકક્રાંતિ. ટપાલપેટીઓ તથા સરકારી પત્રકો ઉપાડી જવામાં સક્રિય.

## મિસ્ત્રી, ચંચળબહેન

કાલોલ, જિ. પંચમહાલ.

પંચમહાલનાં પ્રથમ સ્ત્રી-સત્યાગ્રહી. કાલોલમાં 1932માં સત્યાગ્રહની લડતની આગેવાની લીધી. દાહોદમાં એક સભામાં તેમણે ભાષણ કર્યું. એ સભામાં પોલીસે લાઠીમાર કર્યો. ચંચળબહેનની પોલીસે ધરપકડ કરી. 6 માસની કેદની સજા તથા રૂ. 20 દંડ.

## મિસ્ત્રી, જુગલકિશોર

અમદાવાદ.

1932માં સવિનય કાનૂનભંગની ચળવળમાં પિકેટિંગ કરતાં નડિયાદથી ધરપકડ. સાબરમતી અને નાશિકમાં જેલ ભોગવી. 1942ની 'હિન્દ છોડો' ચળવળ શરૂ થઈ તે અગાઉ જયંતીભાઈ ઠાકોર, વાસુદેવ ભટ્ટ, મોહનસિંહ સોલંકી વગેરે સાથે આયોજન કર્યું. વ્યાયામશાળાના અનેક કાર્યકરો પર તેમનો અંકુશ. તેમને પત્રિકાઓ, ભીંતપત્રો, પોસ્ટર તૈયાર કરાવીને ચોંટાડવાં, સડકો પર સૂત્રો લખાવવાં વગેરે પ્રચારતંત્રની જવાબદારી. તેમણે આ કામ કાર્યક્ષમતાથી કર્યું. માથે કાળી ટોપી પહેરી સી.આઇ.ડી. જેવા ગુપ્ત વેશમાં ફરતા. અનેક પોળોના નાકે ભીંતપત્રો પર દરરોજ એકસરખા સમાચાર લખાઈ જાય એવી ઉત્તમ વ્યવસ્થા તેમણે કરી હતી.

## મિસ્ત્રી, ડાહ્યાભાઈ ગોકળદાસ

જન્મ : 1911. અજરાઈ, તા. ગણદેવી.

સુથાર કુટુંબ. પ્રાથમિક શિક્ષણ. પિતા જાહેર પ્રવૃત્તિમાં હોવાથી દેશસેવાના સંસ્કાર. ગણદેવીમાં જાહેરપ્રવૃત્તિ. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ. 4 માસની જેલ. 1942ની ચળવળમાં સભા-સરઘસો વગેરે કાર્યક્રમોમાં ભાગ લીધો. ત્યાર બાદ સહકારી પ્રવૃત્તિ.

## મિસ્ત્રી, ડુંગરજી પ્રેમજી

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન વડોદરાથી તા. 18-8-1942ના રોજ સવારે 34 યુવાનો લડતનો પ્રચાર કરવા નીકળ્યા. તેમણે આણંદ અને આસપાસનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો અને પત્રિકાઓ વહેંચી. સાંજે પાછા ફરતાં અડાસ રેલવેસ્ટેશને પોલીસોએ તેમના ઉપર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યો. તેમાં સખત લાઠીમારથી તેઓ ઘાયલ થયા હતા.

## મિસ્ત્રી, ધૂળાભાઈ જગજીવનદાસ

જન્મ : 22 મે, 1885.

1921 : અમદાવાદ રાષ્ટ્રીય મહાસભામાં સ્વયંસેવક. 1927 : પૂરપીડિતોની સેવા. 1930 : મીઠા- સત્યાગ્રહ. કારાવાસ. 1932-35 : સત્યાગ્રહ. કારાવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. કારાવાસ. સપરિવાર લડતમાં. વ્યવસાય : દરજી. ખાદીભંડારનું સંચાલન.

અવસાન : 27 નવેમ્બર, 1956.

## મિસ્ત્રી, નરભેરામ જેરામભાઈ

રાંદેર, જિ. સૂરત.

1942ની લોકક્રાંતિ વખતે અભ્યાસ ત્યાગ. સરઘસમાં જોડાતા, પત્રિકાવિતરણ. 6 મહિના કારાવાસ. મુક્તિ પછી દેશસેવામાં.

## મિસ્ત્રી, નંદલાલભાઈ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેવાથી વઢવાણમાં ધરપકડ કરવામાં આવી. રાજકોટની જેલમાં તેમણે કેદની સજા ભોગવી.

## મિસ્ત્રી, પુરુષોત્તમભાઈ ડાહ્યાભાઈ

પાલિતાણા, જિ. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન ભૂગર્ભ-પ્રવૃત્તિઓમાં જોડાઈને જોખમી કામો કર્યાં અને પકડાયા નહિ. હરિજનસેવા તથા શિક્ષણના ક્ષેત્રે કામ કરતા રહ્યા.

તેમનું નિધન થયેલ છે.

## મિસ્ત્રી, પેરિનબહેન

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ શરૂ થતાં ચંપાબહેન મહેતાએ સ્ત્રીઓની સભા બોલાવી, તેમને બધા વૉર્ડોનાં અધિનાયક નીમ્યાં. અમદાવાદમાં પ્રવૃત્તિઓનું આયોજન કરતાં અને માર્ગદર્શન આપતાં. તેમની સલાહથી

સ્ત્રીવૉર્ડ-નાયકો નીમ્યાં. બહેનોનાં સરઘસો ગોઠવતાં.

## મિસ્ત્રી, ભગવાનદાસ મકનજી

જન્મ : 28 જૂન, 1923. ગણદેવી, જિ. વલસાડ.

મૅટ્રિક પાસ. કિશોરવયે વાનરસેનામાં જોડાઈને પ્રભાતફેરી, સરઘસમાં ભાગ લીધો. માતા રેંટિયા કાંતતાં, મોટી બહેન મુંબઈમાં દારૂતાડીની તથા વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતાં. દેશભક્તિની દીક્ષા. 1942ની લડત શરૂ થઈ ત્યારે વડોદરા કલાભવનમાં અભ્યાસ. હડતાળો પડવાથી ગણદેવી જઈને પત્રિકા માટેનો સામાન નવસારીથી લાવી યોગ્ય સ્થળે પહોંચાડતા. સભા-સરઘસ, શાળા પર પિકેટિંગમાં ભાગ લીધો. ગણદેવીમાં રહીને બ્રિટિશ હદમાં ચોરા બાળવા, ટપાલ લૂંટવી, ટપાલ કચેરી બાળવી, રેલવેમાં ભાંગફોડ વગેરેમાં સક્રિય રહ્યા. 3 જાન્યુઆરી, 1943ની રાત્રે સામળાવાડીની છાવણીમાં જતાં ધરપકડ. 14 દિવસ લૉક-અપમાં. પોલીસે માહિતી મેળવવા ધમકી આપી. પછી નવસારીની સબજેલમાં 6 માસ રાખીને સૂરતની સબજેલમાં 2 માસ. પુરાવાના અભાવે મુક્ત.

## મિસ્ત્રી, મગનભાઈ મોહનભાઈ

તોરણગામ, જિ. વલસાડ.

1942ની ચળવળમાં અભ્યાસ છોડીને જોડાયા. સભા-સરઘસો તથા ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ. તેમની ધરપકડ થઈ. 1 વર્ષની સખત કેદની સજા થઈ.

## મિસ્ત્રી, મગનલાલ કેસુરભાઈ

જન્મ : 1905. અમલસાડ, તા. ગણદેવી.

રાષ્ટ્રીય વિનયમંદિર(હાઈસ્કૂલ)ના આચાર્ય દલપતભાઈ દ્વારા રાષ્ટ્રીય ભાવનાનું સિંચન. અમદાવાદ ગયા. સરદાર પટેલ, સ્વામી આનંદ, કાકા કાલેલકરનો સંપર્ક. 1930ની સ્વતંત્રતાની ચળવળમાં. ધરાસણાના મીઠાના અગરો પરના હલ્લામાં જોડાયા. નવસારીની સત્યાગ્રહની છાવણીમાં કામ કર્યું. અમલસાડમાં ધરપકડ. 6 માસની સખત કેદની સજા. જેલમાં તબિયત બગડી.

અવસાન : 1934.

## મિસ્ત્રી, મહમદ યુસુફ

અમરેલી.

1930ની કાનૂનભંગની લડત વખતે અમદાવાદમાં લડતના કાર્યક્રમોમાં ભાગ લેતાં તેમની ધરપકડ કરવામાં આવી. સાબરમતી સેન્ટ્રલ જેલમાં સાત માસનો જેલવાસ ભોગવ્યો. રાજ્ય-સરકાર તરફથી પેન્શન એનાયત થયેલ છે.

## મિસ્ત્રી, મહમદયુસુફ દુલાબક્ષ

અમરેલી.

1930માં સવિનય કાનૂનભંગનું આંદોલન થયું ત્યારે મૃદુલાબહેન, ઇન્દુબહેન વગેરે સાથે સત્યાગ્રહ કરતાં પકડાયા હતા. 7 માસની જેલ સાબરમતીમાં ભોગવી.

## મિસ્ત્રી, મેઘજીભાઈ લીલાધર

જન્મ : 1924. રાજકોટ. અભ્યાસ : ધોરણ 5.

રાજકોટ લડતમાં પત્રિકા આદિ વહેંચવાનું કામ કરતાં રાજ્ય-સરકારની પોલીસે તેમની ધરપકડ કરી. ત્રણ માસ સુધી રાજકોટની જેલમાં અટકમાં રાખેલ. નિવૃત્ત જીવન ગાળે છે.

## મિસ્ત્રી, હીરજીભાઈ જેરામભાઈ

મોરબી, જિ. રાજકોટ.

1921થી ગાંધીજીની પ્રેરણાથી લડતમાં સામેલ થયા હતા. ખાખરેચી સત્યાગ્રહમાં ભાગ લીધો. મોરબી સત્યાગ્રહમાં ભાગ લેતાં રાજ્યે તેમને હદપાર કર્યા. ધ્રોળ લડત વખતે આંખ ઉપર લાઠી વાગવાથી ઈજા થઈ. થાણામાં મકાન હતું

તે રાષ્ટ્રને ચરણે ધરી દીધું. ગાંધીજી તેમને 'મારો મૂંગો સેવક' કહીને બિરદાવતા.
અવસાન : 23 માર્ચ, 1942.

## મીઠુ શેઠ નબીવાલા

જામનગર.

જામનગર રાજ્યના જુલમ સામે લડતાં ધરપકડ વહોરી લીધી. જેલમાં રાજ્ય-સરકારના ત્રાસના ભોગ બન્યા.

## મીરઝા અનવરબેગ અહમદબેગ

વતન : પેટલાદ, જિ. ખેડા.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો અને શિક્ષક તરીકે કામગીરી સ્વીકારેલી. 1942થી સામાજિક દૂષણો – નિરક્ષરતા, દારૂની લત વગેરે પેટલાદ તથા આસપાસનાં ગામોમાં પછાત કોમોમાંથી દૂર કરવાનું કાર્ય કરતા રહ્યા.

## મુકાદમ, કમુબહેન વામનરાવ

ગોધરા, જિ. પંચમહાલ.

'પંચમહાલના સિંહ' ગણાતા પ્રસિદ્ધ કૉંગ્રેસી નેતા વામનરાવ મુકાદમનાં પુત્રી. ડિસેમ્બર, 1942માં દાહોદમાં પંચમહાલ જિલ્લા આઝાદ પરિષદ મળી. તેમાંથી ધરપકડ કરી. કુલ પંદર જણાની ધરપકડ. દરેકને બે માસની કેદની સજા.

## મુકાદમ, વામનરાવ સીતારામ

જન્મ : 1885. ગોધરા, જિ. પંચમહાલ.

1916માં હોમરૂલ આંદોલનમાં સક્રિય. ગામડાંમાં પ્રચાર. લોકમાન્ય ટિળકના અનુયાયી. 1917માં તેમના અને મણિલાલ મહેતાના આમંત્રણથી ગોધરામાં ગુજરાત રાજકીય પરિષદ મળી. તેમાં ગાંધીજી, ટિળક, મહંમદ અલી ઝીણા વગેરે હાજર. તે પછી વેઠપ્રથા વિરુદ્ધ જોરદાર પ્રચાર. 1924માં સ્વરાજપક્ષમાં જોડાયા અને ધારાસભ્ય ચૂંટાયા. 1930માં પંચમહાલના સ્વયંસેવકોની ટુકડી લઈને ધરાસણા જઈ મીઠાના કાયદાનો ભંગ. ખૂબ માર ખાધો. ધરપકડ. 1 વર્ષ અને 6 મહિનાની સજા. 1942માં ધરપકડ. લાંબો સમય અટકાયત. કુલ 5 વાર જેલ ભોગવી. 'પંચમહાલના સિંહ'નું બિરુદ લોકો તરફથી. 1947 : મુંબઈ રાજ્યના ધારાસભ્ય, દંડક. 'શિવાજી મહારાજ' પુસ્તક લખ્યું.
અવસાન : 1950.

## મુખી ગોપાલજી ટોપણદાસ

જન્મ : 4 ફેબ્રુઆરી, 1905. રાજકોટ.

1930-31ની ચળવળમાં કરાંચીમાં હતા. ત્યાં ભાગ લીધો. 1942ની લડતમાં ધરપકડ કરી. એક વર્ષની કેદની સજા ભોગવી. ભારત સરકારે પેન્શન, તામ્રપત્ર એનાયત કર્યાં.
નિધન : 30 સપ્ટેમ્બર, 1981.

મુખી, સૂર્યવદન

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન અસારવાના વૉર્ડનાયક તરીકે શહેર સૂબાએ નીમ્યા. તે મુજબ સભા-સરઘસ, પત્રિકાપ્રવૃત્તિ વગેરેમાં સેવા આપી. તેઓ પોળનાયકો, શેરીનાયકો અને સ્વયંસેવકોને લડતમાં સૂચનાઓ આપતા.

## મુખ્યાજી, દામોદરદાસ

દેવગઢબારિયા, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં દાહોદ જઈ ત્યાં ચળવળમાં સક્રિય ભાગ લીધો. સરઘસોમાં જોડાયા. પત્રિકાવિતરણ. ધરપકડ. બે માસની કેદની સજા.

## મુનશી, કનૈયાલાલ માણેકલાલ

જન્મ : 3 ડિસેમ્બર, 1887. ભરૂચ. કાર્યક્ષેત્ર : મુંબઈ.

અભ્યાસ : બી.એ., ધારાશાસ્ત્રી, શ્રીઅરવિંદથી પ્રભાવિત. 1913 : વકીલાત મુંબઈ. 1916 : હોમરૂલ લીગમાં. 'યંગ ઇન્ડિયા'ના સહમંત્રી. 1919 : હોમરૂલ લીગના મંત્રી. સાહિત્ય અને શિક્ષણક્ષેત્રે સક્રિય. 1927 : મુંબઈ વિધાનપરિષદના સભ્ય. 1928 : સરકારી અન્યાયી નીતિનો વિરોધ. ત્યાગપત્ર. રાજ્યપાલને પત્ર. બારડોલી અત્યાચારો માટે તપાસસમિતિના સભ્ય. પુનઃ વિધાનસભામાં. 1930 : મીઠા-સત્યાગ્રહ. છ મહિના કારાવાસ. 1932 : સત્યાગ્રહ. 2 વર્ષ કઠોર કારાવાસ. 1937 : મુંબઈ રાજ્યના ગૃહમંત્રી. કોમી હુલ્લડો કડક હાથે દાબી દીધાં. 1939 : મંત્રીમંડળનું સામૂહિક ત્યાગપત્ર. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 1942 : અખંડ હિન્દુસ્તાન માટે પ્રવૃત્તિ. 1946 : બંધારણ સભાના તથા બંધારણ સમિતિના સભ્ય. 1947 : હૈદરાબાદમાં એજન્ટ-જનરલ. કટોકટી સમયે કુશળતાથી દેશનું હિત સાચવ્યું. સમર્થ સાહિત્યકાર. સાહિત્ય પરિષદના સૂત્રધાર. 'કૃષ્ણાવતાર' શ્રેણીના સર્જક. ભારતીય વિદ્યાભવનના સ્થાપક અને કુલપતિ.

અવસાન : 8 ફેબ્રુઆરી, 1971. મુંબઈ.

## મુનશી, કુસુમબહેન

ભરૂચ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. ભરૂચ જિલ્લામાં તેમના અધ્યક્ષપદે દેશસેવિકા સંઘની સ્થાપના કરવામાં આવી હતી. તેમણે ભરૂચમાં દારૂતાડીનાં પીઠાંઓ તથા પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગમાં સક્રિય ભાગ લીધો હતો.

## મુનશી, પ્રાણલાલ

વડોદરા.

વડોદરા રાજ્ય પ્રજામંડળના એક સ્થાપક અને આગેવાન. 1942ની 'હિન્દ છોડો' ચળવળ શરૂ થતાં તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને લાંબા સમય સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા હતા.

1937માં વિસનગર મુકામે તેમના પ્રમુખપદે વડોદરા રાજ્ય પ્રજામંડળનું અધિવેશન ભરવામાં આવ્યું હતું.

## મુનશી, રામરાય મોહનરાય

જન્મ : 12 એપ્રિલ, 1892. અમદાવાદ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી. 1906માં 14 વર્ષની કિશોર વયે ક્રાન્તિકારીઓના સંસર્ગમાં. 1907ની સૂરત કૉંગ્રેસ વખતે સ્વયંસેવક. કૉંગ્રેસના કાર્યકર. 1916થી 21 સુધી હોમરૂલ લીગના કાર્યમાં. 1922-24 : અસહકારની હાકલને માન આપી તેમણે વકીલાતનો ત્યાગ કર્યો. 1930-31ની લડત વખતે મુંબઈ અને અમદાવાદમાં ધરપકડ અને સજા. નાશિકની જેલમાં. 'મુંબઈ ક્રૉનિકલ', 'ગ્રામ-સ્વરાજ્ય' અને 'સ્ટાર'માં પત્રકાર તરીકેનું કાર્ય. દસક્રોઈ તાલુકા સમિતિના આગેવાન. માણસા સત્યાગ્રહમાં ત્યાંના નેતાઓના માર્ગદર્શક.

## મુનશી, લીલાવતી કનૈયાલાલ

જન્મ : 23 મે, 1899.

વતન : અમદાવાદ. વસવાટ : મુંબઈ.

સાહિત્યકાર, શૈક્ષણિક, રાજકીય પ્રવૃત્તિ. 1930માં મીઠાના સત્યાગ્રહ વખતે ધરપકડ. 3 માસની સજા. 1931-34 : મહારાષ્ટ્ર, પ્રાંતિક કૉંગ્રેસ કમિટિનાં સભ્ય. અખિલ હિન્દ મહાસભા સમિતિનાં સભ્ય. 1932 : સત્યાગ્રહની લડત. ધરપકડ. એક વર્ષની સજા. 1942 : લડત વખતે અટકાયત. ચાર માસ પછી મુક્તિ.

અવસાન : 6 જાન્યુઆરી, 1978.

## મુનશી, વિપિનચંદ્ર મગનલાલ

અમદાવાદ.

પ્રીતમનગર વ્યાયામશાળાના સભ્ય. ગાંધીજીનાં સાહિત્યના વાચક. સી.એન. વિદ્યાવિહારના વિદ્યાર્થી. તેથી દેશભક્તિની ભાવના. રાષ્ટ્રીય વિદ્યાર્થીમંડળમાં સક્રિય. 1942ની ચળવળમાં સરઘસોમાં જોડાતા, પત્રિકાઓ વહેંચતા, પત્રિકા છુપાવી રાખતા. તાર-ટેલિફોનનાં દોરડાં કાપતા. દરેક મહિનાની 9મી તારીખે 'શહીદ દીન' ઊજવવા નીકળતા. પોતાના વિસ્તારનાં સરઘસોમાં જોડાતા. લાઠીચાર્જનો માર ખાધો. મહાલક્ષ્મી સોસાયટીથી વાસણા સુધી પત્રિકા વહેંચવા જતા. એક સરઘસમાંથી ધરપકડ. સાબરમતી જેલમાં 11 માસ સુધી અટકાયત.

## મુનશી, સુધીર બટુકરાય

જન્મ : 11 જાન્યુઆરી, 1909. સૂરત.

1942માં તેમને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. 9 મહિના સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા.

## મુનિ, ચુનીલાલ પરમાણંદદાસ

જન્મ : 1895. શિહોર, જિ. ભાવનગર.

1930-31ની લડતમાં ભાગ લીધો. રાણપુરથી ધરપકડ કરવામાં આવી. છ માસની કેદની સજા ભોગવી. ભારત સરકારનું પેન્શન એનાયત થયેલ.

નિધન : 1980.

## મુનિ, જિનવિજયજી

જન્મ : 1886. અમદાવાદ.

રાજસ્થાનના વતની. મૂળ નામ કિસનસિંહ. સંસ્કૃત, પ્રાકૃત, પાલિ ભાષાના ઊંડા અભ્યાસી. જૈન સાધુ. ગૂજરાત વિદ્યાપીઠમાં પુરાતત્વ મંદિરના આચાર્ય. 1930માં ધરાસણાના સત્યાગ્રહ વખતે ટુકડીના નેતા. ટુકડી ધરાસણા પહોંચે તે પહેલાં ધરપકડ અને જેલવાસ. શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રે મોટા ગજાના માનવી.

અવસાન : 1977.

## મુનિયા, ઉદયસિંહ

દાહોદ.

ડિસેમ્બર, 1942માં પંચમહાલ જિલ્લા આઝાદ પરિષદ દાહોદમાં મળી, તેના ડેલિગેટ. તેમાંથી પોલીસે મુનિયા સહિત 15 જણાની ધરપકડ કરી. દરેકને બે માસની કેદની સજા.

## મુલ્લાં, જમાલ નૂરમહંમદ

જન્મ : 5 જૂન, 1909. ટિંબી, જિ. ભાવનગર.

1928ના બારડોલી સત્યાગ્રહમાં ભાગ લઈ, 11 મહિનો સ્વયંસેવક તરીકે કામગીરી. 1930માં ધોલેરા સત્યાગ્રહમાં મીઠાના કાયદાના ભંગ માટે ટુકડીની આગેવાની. ધંધૂકા અને રાણપુરની આસપાસનાં ગામડાંમાં પ્રચાર કરી લોકજાગૃતિ આણી. ધ્રાંગધ્રા, વણોદ, મોરબી, રાજકોટ અને જૂનાગઢની લડતોમાં ભાગ લીધો અને જેલની સજા ભોગવી. 1942માં 'હિન્દ છોડો' લડતમાં વડોદરામાં ભૂગર્ભપ્રવૃત્તિ. સરઘસમાં જતાં પોલીસના ગોળીબારથી સખત ઈજા.

અવસાન : 15 જૂન, 1985.

## મુસાજી, ઇસ્માઈલ જીવાભાઈ

વડોદ, તા. આણંદ, જિ. ખેડા.

ક્રાન્તિકારીઓ સાથે સોબત. 1942ની લડતમાં ટેલિગ્રાફના તારો કાપવાની પ્રવૃત્તિ. નડિયાદ, ઉત્તરસંડા વચ્ચેના રેલવેલાઇનના પાટાઓ ઉખેડવાની પ્રવૃત્તિ. ધરપકડ. 3 વર્ષની સખત કેદની સજા.

## મુસાભાઈ આદમભાઈ

અમરેલી.

રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો. ધરપકડ વહોરી લીધી. જેલની સજા ભોગવી. રાજ્ય-સરકાર તરફથી પેન્શન એનાયત થયેલ છે.

## મુસ્તફા આઝમ
ભરૂચ.

ભરૂચની નગરપાલિકાના સેનિટરી ખાતાના સબ-ઇન્સ્પેક્ટર હતા. અસહકારની ચળવળ 1920-22માં તેમણે ભાગ લીધો. નગરપાલિકાની 10 વર્ષની નોકરીમાંથી ખિલાફત ચળવળના ટેકામાં અને ખિલાફતની ન્યાયી માગણી માટે રાજીનામું આપી દીધું હતું.

## મુંગરા, દયાળજીભાઈ ગુલાબભાઈ
વાલોડ, જિ. સૂરત.

નવસારી તાલુકાના અષ્ટગામની પ્રાથમિક શાળાના આચાર્ય. 1921થી જ નોકરી સહિત હડતાળ, પિકેટિંગ, કાંતણ વગેરે પ્રવૃત્તિઓ કરી. ખાદી-રેંટિયા પ્રચાર. 1926થી 1928માં વાલોડની શાળામાં વ્યાયામનો અખાડો શરૂ કર્યો. 1930ની લડત વખતે વિદ્યાર્થીઓની ટુકડીઓ લઈ તાલુકાનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો. હિજરત વખતે લોકોને મદદ. સરઘસ, સભા, પિકેટિંગ, ધ્વજવંદનની પ્રવૃત્તિઓ. વેડછી આશ્રમની દેખભાળ રાખી. 1942માં ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાયા. રેલવેને નુકસાન, સરકારી મકાનોનો નાશ, અમલદારોનો બહિષ્કાર, શાળાઓનો બહિષ્કાર કરાવવો વગેરે પ્રવૃત્તિઓ. શિક્ષકોનું મંડળ બનાવી સત્યાગ્રહની પ્રવૃત્તિઓ. શિક્ષકો પાસે રાજીનામાં અપાવ્યાં તે સ્વીકાર્યાં નહોતાં. એમની તથા બીજા 10 શિક્ષકોની ધરપકડ. સાબરમતી જેલમાંથી 5 મહિને છુટકારો.

## મૂળજી ભોળા
જન્મ : 1925. મુંબઈ.

રૉયલ ઇન્ડિયન નેવીના બળવાને ટેકો. આંદોલનમાં ભાગ. મુંબઈમાં કમાટીપુરા પાસે પોલીસે કરેલ ફેબ્રુઆરી 22, 1946ના ગોળીબારમાં ઘાયલ અને તે જ દિવસે મૃત્યુ.

## મૂળુ માણેક
ઓખામંડળ, સૌરાષ્ટ્ર. સ્વાતંત્ર્ય-પ્રેમી વાઘેર.

1857ના વિપ્લવ વખતે તેમણે જોધા માણેકના નેતૃત્વ હેઠળ બ્રિટિશ સરકાર અને ગાયકવાડ સામે લડત આપી, બંડ પોકાર્યું. તેમણે ઓખા બેટ તથા દ્વારકાનો પણ કબજો લીધો. જોધા માણેકના અવસાન પછી મૂળુ માણેક તથા દેવા માણેકની નેતાગીરી હેઠળ બ્રિટિશ સરકાર અને ગાયકવાડ સામે લડાઈ ચાલુ રાખી.

## મૃદુલાબહેન સારાભાઈ
જન્મ : 6 મે, 1911. અમદાવાદ.

પિતા : અંબાલાલ સારાભાઈ. જાણીતા ઉદ્યોગપતિ. પિતાના દેશનેતાઓ સાથેના સંપર્કોથી પ્રભાવિત. નાનપણથી બ્રિટિશવિરોધી વલણ. શિક્ષણ : ગૂજરાત વિદ્યાપીઠમાં. 1919 : ખાદી અંગીકાર. સ્વાતંત્ર્ય કાર્યક્રમોમાં સ્વયંસેવિકા. 1927 : અમદાવાદમાં યુવકપ્રવૃત્તિ. 1930 : અમદાવાદમાં વિદેશી કાપડનો બહિષ્કાર. 1931 : સેવાદળનું સંચાલન. છૂટાછવાયા સત્યાગ્રહો. 1918 : રાજકોટ સત્યાગ્રહ, કાશ્મીર રાષ્ટ્રીય પરિષદ કાર્યકર. 1942 : સત્યાગ્રહીઓ, કારાવાસીઓની સેવાસહાયતા. સાબરમતી, બેલગામ, યરવડા, મુંબઈ, થંબામાં કારાવાસ. 1941 : અમદાવાદ, 1946માં મેરઠ, 1947માં બિહારમાં ધાર્મિક અથડામણો સમયે સેવાકાર્યો. 1947 : રચનાત્મક કાર્ય, મહિલા ઉન્નતિ, સહિષ્ણુતા કાર્યક્રમો. 1947માં અપહૃતોને મેળવવાના કાર્યમાં સેવા. શાંતિસૈનિક.
અવસાન : 1974.

## મેઘરાજ મોહનલાલ
જન્મ : 1934. મુંબઈ.

રૉયલ ઇન્ડિયન નેવીના બળવા વિરુદ્ધ આંદોલનમાં ભાગ લેતાં પોલીસની ગોળીથી

વીંધાયા અને તે જ દિવસે મૃત્યુ. 22 ફેબ્રુઆરી, 1946.

## મેઘાણી, ઝવેરચંદ કાળીદાસ

જન્મ : 17 ઑગસ્ટ, 1897. ચોટીલા, બગસરા, જિ. સુરેન્દ્રનગર.

અભ્યાસ : બી.એ. રાષ્ટ્રીય શાયર. શિક્ષક. કોલકાતાની વેપારી પેઢીમાં નોકરી. કાઠિયાવાડ પરત. રાણપુરથી પ્રગટ થતા 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકમાં પોતાની કલમ દ્વારા સૌરાષ્ટ્રની જનતામાં ચેતના. યુદ્ધગીતો દ્વારા સ્વતંત્રતાની લડતમાં જોમ પૂર્યું. 'સિંધુડો' યુદ્ધગીતોનું પુસ્તક. જપ્ત થયું. ભૂગર્ભ વાટે જનતામાં ફેલાતું રહ્યું. રાષ્ટ્રીય શાયરનું બિરુદ. 1930 : મીઠા-સત્યાગ્રહમાં ધરપકડ. ધંધૂકા કોર્ટમાં કેસ. કોર્ટમાં 'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ' ગીત ગાયું. 2 વર્ષની સજા. પરંતુ ન્યાયાધીશ અશ્રુભીની આંખે કોર્ટનો ઓરડો છોડી ગયા. લોકસાહિત્યના સંશોધન માટે અથાગ જહેમત. 1933 : 'જન્મભૂમિ' દૈનિકના સાહિત્ય વિભાગના સંપાદક. સૌરાષ્ટ્રની અસ્મિતા તેમજ સાંસ્કૃતિક વારસાને પુનઃસ્થાપિત કરવામાં અદ્વિતીય યોગદાન. આજીવન 'સરસ્વતી'ની ઉપાસના. 1936 : ફૂલછાબના તંત્રી. રાણપુર. પ્રસિદ્ધ કવિ અને લેખક.
અવસાન : 9 માર્ચ, 1947.

## મેઢ, ચિત્તરંજન

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં. વિદ્યાર્થી કાર્યકર. ગુપ્ત રીતે પત્રિકાનાં બંડલો લાવી, વહેંચવી, ગુપ્ત સભાઓમાં હાજરી, સરઘસોમાં જોડાવું. પોલીસે તેમને ઘેર રેડ પાડી હતી. પોલીસ ઉપર પથ્થરમારો. ગોળીબારથી ઘવાયા. લડત બાદ કૌંગ્રેસ તરફથી ચાંદીનો મેડલ ભેટ મળ્યો. કાર્યકરોને ઘરમાં ગુપ્ત રાખ્યા હતા.

## મેનાબહેન નરોત્તમદાસ

જ. 1899. સંવત : 1955.

મુંબઈની ભગિની સમાજનાં કાર્યકર. 1932ની ચળવળમાં ભાગ લઈને રાષ્ટ્રભક્તિનો પરિચય આપ્યો. મૂક સેવિકા. નૅશનલ કાઉન્સિલ ઑવ્ વિમેનનાં સભ્ય.

## મેર, દેવચંદભાઈ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. તેમણે લાંબો જેલવાસ ભોગવ્યો. તેમનાં વિધવા મણિબહેનને રાજ્ય-સરકારનું પેન્શન મળે છે.

## મેવાડા, મંગુભાઈ નાગરદાસ

જન્મ : 31 ડિસેમ્બર, 1907. ઊંઝા, જિ. મહેસાણા.

શિક્ષણ : ઊંઝા, મહેસાણા. વડોદરા. 1931માં ઇજનેર. 1942 : વડોદરા રાજ્યની નોકરી. 'હિન્દ છોડો' આંદોલનમાં ભાંગફોડમાં સક્રિય ભાગ. આર્યસંગઠન પ્રગતિ મંડળના સભ્ય. દારૂગોળો, સ્ફોટક પદાર્થો, હથિયારો ભેગાં કરવાં. નાણાં મેળવવા ઊંઝાના વેપારીના પુત્ર બુધાલાલનું અપહરણ કરવામાં નિષ્ફળ. ધરપકડ. 6 મહિના કારાવાસ. 1947 : રાજ્યની સેવામાં પુનઃસ્થાપન. મુંબઈ. સચિવાલયનું આયોજન.
અવસાન : 13 ઑગસ્ટ, 1980.

## મેવાલાલ જેઠાલાલ

પોરબંદર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે પોરબંદર રાજ્યે જે કેર વર્તાવ્યો તેના ભોગ બન્યા. રાજ્ય-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## મેશ્રી, ધીરજલાલ આદીતરાય

સરભાણ.

સરભાણ. પોલીસચોકી સળગાવવામાં અને પત્રિકાઓ લાવવા–લઈ જવામાં ભાગ લીધો. જંગલમાં ગુપ્ત રહેતા સાથીદારોને છૂપી રીતે ખાવાનું પહોંચાડતા. પત્રિકા વહેંચતાં પકડાયા. 6 માસની સજા ભોગવી.

## મેસવાણિયા, ભૂદરજીભાઈ ડોસાભાઈ

જામજોધપુર, જિ. જામનગર.

જામનગર પ્રજામંડળના સક્રિય કાર્યકર્તા. પ્રજામંડળની લડતમાં ભાગ લેતાં ખૂબ સહન કરવું પડ્યું. સખત મારના ભોગ બનેલા. 1930-32 અને 1942ની રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભાગ લીધો.

## મેહેરઅલી, યુસુફ જાફર

જન્મ : 23 સપ્ટેમ્બર, 1903. કચ્છ. કાર્યક્ષેત્ર : મુંબઈ.

ખોજા પરિવાર. અભ્યાસ : બી.એ., એલએલ. બી. (મુંબઈ). કૉંગ્રેસના કાર્યકર. 'બૉમ્બે યુથ લીગ', 'ઇન્ડિયન નૅશનલ મિલિશિયા', 'કૉંગ્રેસ સોશ્યાલિસ્ટ પાર્ટી' વગેરેના સ્થાપક અને સંચાલક. જયપ્રકાશ નારાયણના સાથીદાર. સમાજવાદના પ્રચાર માટે સમગ્ર દેશનો પ્રવાસ. 1942માં જેલવાસ. અટકાયત. સાયમન કમિશનને જાકારો આપતાં લાઠીચાર્જમાં ઘવાયા. સારા વકીલ. પ્રજાસેવક. બારડોલી સત્યાગ્રહમાં સક્રિય. 1934માં મુંબઈમાં સોશ્યાલિસ્ટ પાર્ટીની સ્થાપનામાં ગણનાપાત્ર ફાળો. કચ્છી પ્રજાપરિષદના મુંદ્રા અધિવેશનના પ્રમુખ. 1942માં ભૂગર્ભમાં રહી સક્રિય. લાહોરની જેલમાં હતા છતાં એપ્રિલ, 1942માં મુંબઈના મેયર તરીકે ચૂંટાયેલ. પ્રખર સમાજવાદી. નકલી મૌલાના આઝાદ તરીકે એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભાષણ કરતાં ધરપકડ. 1944ના 30 મે, ગાંધીજી યુસુફની તબિયતના સમાચાર પૂછવા ગયા. 31 માર્ચ, 1940થી 2 જુલાઈ, 1950 સુધી મુંબઈ વિધાનસભાના સભ્ય. ગુમાસ્તા પરિષદના સ્થાપક.

અવસાન : 2 જુલાઈ, 1950.

## મૈત્રીદેવી દલબહાદુર

બોચાસણ (સાબરમતી આશ્રમ). ઉંમર : 17.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના ફટકા તથા ઠોંસા મારીને છાતીમાં ઈજાઓ કરી અને ચોટલો ઝાલી પછાડ્યાં.

## મોચી, નારણભાઈ જેઠાભાઈ

કરજણ, વડોદરા.

અભ્યાસ : છ ગુજરાતી. 1931-32 : સત્યાગ્રહ સંગ્રામમાં પ્રવેશ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભાંગફોડ-પ્રવૃત્તિ. ટપાલ, પરિવહન, આદિ થંભાવવાના પ્રયત્નો. 1□ વર્ષ કારાવાસ. ધંધાનો નાશ. દરિદ્ર અવસ્થા.

## મોડક, તારાબહેન

ભાવનગર.

દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં સેવા. તેમની અને નાનીબહેન(દેશસેવિકા સંઘવાળાં)ની આગેવાની નીચે 6-3-1931ના રોજ બહેનોએ ખેડામાં દારૂની હરાજી થવાની હતી, તે સામે સત્યાગ્રહ કર્યો. પોલીસોએ તારાબહેનને હાથ પકડીને ઘસડ્યાં અને બીજી બહેનોને પણ ધક્કા મારીને દૂર હઠાવ્યાં. પોલીસોએ બહેનો ઉપર કરેલા હુમલાથી દારૂના વેપારીઓ શરમાયા અને હરાજીમાંથી ખસી ગયા. તારાબહેન સહિત ઘણાં ભાઈબહેનોની ધરપકડ થઈ. ઉનાળાના સખત તાપમાં બેસાડી

રાખ્યાં. સાંજે છોડી મૂક્યાં.

## મોઢિયા, પનાલાલ મગનલાલ

દાહોદ.

1930ની ચળવળ વખતે દાહોદમાં કલાલના ઝાંપા પાસેનાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. માલિકોને આર્થિક નુકસાન થવાથી ફરિયાદ. પોલીસે ધરપકડ કરી. 4 માસની કેદની સજા. 1942ની ચળવળમાં સરકાર વિરોધી પત્રિકાઓ મહાવીર પ્રિન્ટિંગ પ્રેસમાં છાપવા માટે ધરપકડ. 2 માસની કેદની સજા.

## મોઢિયા, પરસોત્તમ શોભારામ

દાહોદ.

1930ની ચળવળ દરમિયાન દાહોદમાં કલાલના ઝાંપા પર આવેલાં દારૂનાં પીઠાં પર શાંતિમય પિકેટિંગ. માલિકોની ફરિયાદ. ધરપકડ. 1.5 માસની કારાવાસની સજા.

## મોઢિયા, માણેકલાલ શામળદાસ

દાહોદ.

1930ની લડત દરમિયાન દાહોદમાં કલાલનાં ઝાંપા પાસેનાં દારૂનાં પીઠાં પર શાંતિમય પિકેટિંગ. આવક ઘટવાથી માલિકોની ફરિયાદ. ધરપકડ. 4 માસની કેદ.

## મોઢિયા, વિઠ્ઠલદાસ દલસુખભાઈ

દાહોદ.

1930ની ચળવળ દરમિયાન દારૂનાં પીઠાં પર દાહોદમાં રોજ પિકેટિંગ કરવા જતા. માલિકોને આર્થિક નુકસાન થવાથી ફરિયાદ. પોલીસે ધરપકડ કરી. કેસ ચલાવી 3 માસનો કારાવાસ.

## મોઢિયા, હીરાલાલ કોદરલાલ

દાહોદ.

1930ની લડત વખતે દાહોદમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. પોલીસે ધરપકડ કરી. કેસ ચલાવી 1.5 માસના કારાવાસની સજા.

## મોતીભાઈ દેસાઈભાઈ

પીલુદ્રા, ભરૂચ.

1932ની લડતમાં 10 માણસોની ટુકડી અંકલેશ્વરમાં પરદેશી કાપડ પરનું પિકેટિંગ કરવા ગઈ. જંગલ સત્યાગ્રહ વગેરે પ્રવૃત્તિમાં સક્રિય. તાડનાં ઝાડ કાપવા જતાં પકડાયા. 9 માસની સજા ભોગવી.

## મોતીરામ ત્રંબકદાસ

વડથલ, જિ. ખેડા.

ખેડા સત્યાગ્રહ (1917) વખતે સરકારને મહેસૂલ ન ભર્યું. તેથી તેમની દસ હજાર રૂપિયાની કિંમતની જમીન માત્ર સિત્તેર રૂપિયા મહેસૂલ વસૂલ કરવા માટે સરકારે ખાલસા કરી દીધી.

## મોતીવાલા, શાંતાબહેન દિનેશચંદ્ર

જન્મ : જૂન, 1924. મુંબઈ.

વડવાઓ મૂળ કોઠારા(કચ્છ)ના. 1942નું આંદોલન શરૂ થતાં લડતમાં જોડાવા બહેનપણીઓ સાથે ગણદેવી ગયાં. શાળા ઉપર પિકેટિંગ, સભા, સરઘસ, નવસારી મિલ સામે ઉપવાસ, પટેલ-તલાટીઓનાં રાજીનામાં લેવાં વગેરે પ્રવૃત્તિઓમાં સક્રિય. ડિસેમ્બર, 1942 પછી નેતાઓના આદેશ મુજબ. હાંસાપોરથી ધરપકડ વહોરી. અટકાયત. છૂટ્યા બાદ અભ્યાસ. મૅટ્રિક પાસ થઈ શિક્ષિકા. ગ્રૅજ્યુએટ થયાં.

## મોદી, અંબાલાલ હીરાલાલ

નડિયાદ, જિ. ખેડા.

1930-32ની લડત દરમિયાન બહેનોનું સંગઠન કપિલાગૌરી ચંદુલાલ દલાલના સહકારથી શરૂ કર્યું. દેશસેવિકા સંઘની સ્થાપના કરી. બહેનોને કાંતવા તથા સભા-સરઘસોમાં

જોડાતી કરી. વિદેશી માલની દુકાનો પર ચોકી કરવા પ્રેરણા આપી.

## મોદી, ઈશ્વરલાલ છગનલાલ
નિવાસ : સૂરત.

1942માં પત્રિકાવિતરણ. સરઘસ. દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. લાઠીમાર. માથામાં ઘા. મોડી રાત્રે ભીંતો પર પત્રિકા ચોંટાડતા.

## મોદી, કુબેરદાસ હરગોવિંદદાસ
જન્મ : એપ્રિલ, 1885. અમદાવાદ.

અભ્યાસ : પ્રાથમિક સાત ધોરણ. 1915 : હોમરૂલ લીગમાં જોડાયા. 1920 અને 1930ની સ્વાતંત્ર્યપ્રાપ્તિની ચળવળમાં ભાગ લીધો. જેલવાસ. 1930 સુધી કૉંગ્રેસના સક્રિય કાર્યકર. 1933 : અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય.

## મોદી, ખીમચંદ
અમદાવાદ.

1942ની લડતમાં પત્રિકાવિતરણમાં સક્રિય ભાગ. ડિસેમ્બર, 1942માં હાજાપટેલની પોળ, ખારાકૂવાની પોળમાં ઘરની જડતી. આશરે 500 પત્રિકા મળી. ધરપકડ કરીને રૂ. 500 દંડ.

## મોદી, ચૂનીલાલ શિવલાલ
જન્મ : 22 ઑગસ્ટ, 1913. ભરૂચ.

1930-32ની ચળવળમાં ભાગ લીધો. જિલ્લાની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય. 'ભરૂચ શહેર કૉંગ્રેસ બુલેટિન'ના તંત્રી. હાંસોટમાં મીઠાના કાયદાનો ભંગ કર્યો. અંકલેશ્વરમાં વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. કાયદાભંગ કરી સભાઓ ભરી. રાષ્ટ્રવાદી કાવ્યોની રચના.

## મોદી, જમનાદાસ ચંદુલાલ
જન્મ : 1916. વાડાસિનોર, જિ. ખેડા.

**અભ્યાસ : બી.એ., સામાજિક સેવામાં પ્રવેશ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. પોલીસ ગોળીબારમાં અવસાન.**

મોદી, જાદવજીભાઈ કેશવજી

જન્મ : 24 ઑગસ્ટ, 1904. તળાજા, જિ. ભાવનગર.

અભ્યાસ : બી.એ., એલએલ.બી. ભાવનગર પ્રજાપરિષદમાં જોડાયા. રાજકોટની લડતમાં મદદ. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ધરપકડ. સાબરતમી જેલમાં 2 વર્ષની સજા. વકીલાતને તિલાંજલિ. હરિજનસેવા. શૈક્ષણિક ક્ષેત્રે સેવા. 1948 : ભાવનગરમાં જવાબદાર તંત્ર વખતે મંત્રીમંડળમાં. સૌરાષ્ટ્ર રાજ્યની વિધાનસભામાં સ્પીકર. 1952માં સૌરાષ્ટ્રના મંત્રી. ભાવનગર જિલ્લા પંચાયતના પ્રમુખ. ગાંધીસ્મૃતિ, સરદારસ્મૃતિ, ગિજુભાઈ સ્થાપિત શૈક્ષણિક સંસ્થાના પ્રમુખસ્થાને.

## મોદી, તારાબહેન રમણીકલાલ
જન્મ : 10 એપ્રિલ, 1903. અમદાવાદ.

1920માં તેમના પતિ સાથે સાબરમતી આશ્રમમાં જોડાયાં. 1930માં અમદાવાદમાં તથા સૂરત જિલ્લામાં પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. મીઠુબહેન હોરમસજી પિટિટના નેતૃત્વ હેઠળ દારૂબંધીની પ્રવૃત્તિમાં સક્રિય. તે માટે કારાવાસ. કુલ 4 વખત જેલમાં. હરિજન આશ્રમમાં નિવાસ.

## મોદી, તુલસીદાસ સાકરલાલ
જન્મ : 14 જુલાઈ, 1921. વાડાસિનોર, જિ. ખેડા.

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ લીધો. પત્રિકાઓ દ્વારા ગામડાંમાં લડતનો પ્રચાર. 18 ઑગસ્ટ, 1942ના રોજ 34 વિદ્યાર્થીઓની ટુકડી પ્રચાર માટે વડોદરાથી આણંદની આસપાસનાં ગામોમાં પ્રચાર કરી,

પત્રિકા વહેંચી, અડાસ સ્ટેશનેથી ગાડીમાં બેસે તે અગાઉ પોલીસ પાર્ટી દ્વારા ગોળીબારમાં ત્યાં જ શહીદ થયા. અડાસ સ્ટેશન પાસે સ્મારક સ્તંભ.

## મોદી, નગીનદાસ ગોકળદાસ

પોરબંદર.

પોરબંદરમાં આઝાદીની લડતના મશાલચી. ગાંધીજીના વિચારોથી પ્રભાવિત. રાજ્યના અન્યાયો સામે લડત. 1930ના ધોલેરા સત્યાગ્રહમાં ભાગ. પોલીસના હાથે સખત મારપીટ. 'છાયા' હરિજન આશ્રમના સ્થાપક. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે રાજ્યે નવીબંદર જેલમાં પૂરીને જુલમો ગુજાર્યા. 8 માસનો જેલવાસ. તેમનું નિધન થયેલ છે.

## મોદી, નટવરલાલ ચૂનીલાલ

જન્મ : જુલાઈ, 1917. વાડાસિનોર, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક. 1942 : સત્યાગ્રહ. કારાવાસમાં અટકાયત. 1944માં મુક્તિ. 1947 દેશીરાજ્યોના જોડાણ આંદોલનમાં સક્રિય.

મોદી, પ્રહલાદરાય

જન્મ : 1912. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભાવનગરના બંદર પર યુદ્ધસામગ્રીની હેરફેર ઉપર પિકેટિંગ કરતાં પકડાયા. 8 માસ જેલવાસ ભોગવ્યો.

## મોદી, મકનજી વનમાળીભાઈ

પાલ, જિ. સૂરત.

1921માં રાંદેર મ્યુનિ. શાળાના શિક્ષક તરીકે નોકરી છોડીને રાષ્ટ્રીય શાળામાં જોડાયા. મલેકપોરમાં અને પછી વરાડમાં શિક્ષકના કામ સાથે કૉંગ્રેસના સભ્યો નોંધતા, દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ, રેંટિયાનો પ્રચાર. ગામમાં સ્વયંસેવક દળની સ્થાપના. પિકેટિંગની પ્રવૃત્તિને કારણે જહાંગીર પટેલે દૂબળાઓ મારફતે ખૂબ માર ખવડાવી, બેભાન કર્યા. ઘડિયાળ, પહેરેલાં કપડાં વગેરે લઈ ગયા. મુશ્કેલીથી ગામમાં ગયા. લોકો ઉશ્કેરાયા તેમને શાંત પાડ્યા. ગાંધીજીએ 'નવજીવન'માં નોંધ લખી, ધન્યવાદ આપ્યા. ખાદીપ્રચારકાર્ય. છેલ્લે મુંબઈમાં વસવાટ.

## મોદી, માણેકલાલ ચૂનીલાલ

જન્મ : જાન્યુઆરી, 1904. ખેડા.

1921 : મહેમદાવાદ. રાષ્ટ્રીય શાળાની સ્થાપના. 1923 : બોરસદના રાસ ગામે રાષ્ટ્રીય શાળાના આચાર્ય. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહ. કારાવાસ. બોરસદ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1927 : મહેમદાવાદમાં પૂરસંકટમાં સેવા. 1930 : લસુંદ્રા મીઠા-સત્યાગ્રહ. કારાવાસ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. કારાવાસ. સુધરાઈ આદિ સંસ્થાઓમાં સક્રિય.

## મોદી, મોહનલાલ અમૃતલાલ

જન્મ : 1913. અમરેલી.

પરદેશી કાપડ તથા દારૂના વિરોધમાં પિકેટિંગ. ધંધૂકાથી પકડાયા. એક વર્ષની સજા. 1934માં અમદાવાદથી પકડાયા. એક વર્ષની સજા ભોગવી. 1938-39માં રાજકોટ સત્યાગ્રહની લડતમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેતાં ધરપકડ થઈ. 1 વર્ષની સજા. 1942માં 'હિન્દ છોડો'ની લડતમાં પકડાયા. 8.5 માસની સજા ભોગવી. ભૂદાન પ્રવૃત્તિમાં સક્રિય.

## મોદી, રમણીકલાલ ઓચ્છવલાલ

જન્મ : આશરે 1922. દેવગઢબારિયા, જિ. દાહોદ.

વ્યવસાય : વેપારી. ગાંધીજીના સત્યાગ્રહો અને

પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ રાષ્ટ્રીય ભાવના વિકસી. દેવગઢબારિયા દેશીરાજ્ય હોવાથી ચળવળ ચાલતી નહોતી. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં બ્રિટિશ હિન્દના દાહોદ મુકામે જઈને સરકારી કચેરી પર રાષ્ટ્રધ્વજ ફરકાવી, મોટેથી સૂત્રોચ્ચાર. પોલીસે ધરપકડ કરી. 4 માસની કેદની સજા.

## મોદી, રમણીકલાલ મગનલાલ

જન્મ : 23 માર્ચ, 1884. અમદાવાદ.

અભ્યાસ : બી.એ.. 1920માં આશ્રમની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક. દાંડીકૂચના સૈનિકોમાંના એક. 1932ની લડત વખતે સમસ્ત ગુજરાતના સરમુખત્યારોની પરિષદ પીપળાવ, જિ. ખેડામાં તા. 15-1-1933ના દિવસે મળી તેના પ્રમુખ. સખત લાઠીમારમાં ઘવાયેલા છતાં ધ્વજનું રક્ષણ કર્યું. ધરપકડ. 2 વર્ષની સજા અને દંડ. હરિજન સેવક સંઘના કાર્યમાં સક્રિય.

મોદી, રસિકલાલ છોટાલાલ

જન્મ : 1924. નસવાડી, જિ. વડોદરા.

નિવાસ : નસવાડી, વડોદરા. અભ્યાસ : માધ્યમિક. નસવાડીમાં રજવાડી અત્યાચાર સામે પ્રજાજાગૃતિ. 5 વર્ષ કારાવાસ. કુટુંબ પર આપત્તિની વર્ષા.

## મોદી, વલ્લભદાસ ચંદુલાલ

ગોધરા, જિ. પંચમહાલ.

કૉંગ્રેસ કાર્યકર. 7 જાન્યુઆરી, 1932ના રોજ ધરપકડ. બીમાર હોવાથી મુક્ત કરી હાજરી પુરાવાનો હુકમ. 17-8-1932ના રોજ 6 માસની કેદની સજા. 1942ની લડતમાં 7-10-1942ના રોજ હિન્દ સંરક્ષણ ધારા હેઠળ ધરપકડ. 2 માસની સજા. અપીલ કરીને નિર્દોષ છૂટ્યા. છતાં ઘણો સમય જેલમાં રહ્યા હતા. તે પછી ફરી પકડીને સાબરમતી જેલમાં અટકાયત.

## મોદી, હરિલાલ સુંદરજી

જન્મ : 9 મે, 1916. કુંડલા, સૌરાષ્ટ્ર.

1930-31ના મીઠા-સત્યાગ્રહમાં 'સિંધુડો' પુસ્તિકાનો પ્રચાર કરતાં પકડાયા અને 3 માસ સજા ભોગવી. ઘોઘાના મીઠા સત્યાગ્રહમાં ભાગ લેતાં તેમની ધરપકડ કરવામાં આવી.

## મોલિયા, બળદેવ પ્રહલાદ

જન્મ : 5 ઑગસ્ટ, 1915. સૂરત. વતન : ખંભાત.

અભ્યાસ : અંગ્રેજી ધોરણ 5. સૂરતમાં અભ્યાસ. 1928થી કૉંગ્રેસની પ્રવૃત્તિ. ખાદી-પ્રચાર, સફાઈ કાર્યમાં ભાગ લીધો. 1930ની લડતમાં પત્રિકા વહેંચવી, પ્રચારકાર્ય. 1933માં પત્રિકાપ્રવૃત્તિ. 'મૃત્યુઘંટ' પત્રિકાના સંચાલનમાં સક્રિય. ડૉ. બિપિન ઝવેરી, ચન્દ્રકાન્ત શુક્લ વગેરે સાથે માંડવા બાળવાની અને જાસાચિઠ્ઠી મોકલવાની પ્રવૃત્તિ. 1935માં કૉંગ્રેસના સભ્ય થઈ, ચૂંટણી-પ્રચાર સમિતિના મંત્રી.

1942 'આઝાદ પ્રેસ પત્રિકા'નું સંચાલન. સૂરતમાં પોસ્ટરો બનાવતા. નવસારીના લાલભાઈ નાયક, જનક દવે, કરાડીના પ્રભુભાઈ દેસાઈ વગેરે સાથે ભાંગફોડ અને બૉમ્બની પ્રવૃત્તિ. પત્રકાર, હળવી કટાર લેખક. નાટ્યપ્રવૃત્તિ અને નાટકોના લેખક.

## મોહનજી કાળાભાઈ

રાજકોટ.

1942ની લડતમાં વિદ્યાર્થી તરીકે જોડાયા. ભાંગફોડની પ્રવૃત્તિ. 4 વર્ષની સખત કેદની સજા થઈ.

## મોહનભાઈ દુલાભાઈ

વડિયા, જિ. અમરેલી.

રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો. ધરપકડ કરવામાં આવી. જેલવાસ ભોગવ્યો. ભારત સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## મોહનભાઈ લવાભાઈ

ગોલીડા, જિ. રાજકોટ.

રાજકોટની લડતમાં ભાગ લેવાથી આર્થિક રીતે ખૂબ સહન કરવું પડ્યું. લડતમાં રાજ્ય તરફથી કરવામાં આવેલા જુલમો સહન કર્યા.

## મોહનલાલ પાનાચંદ

જન્મ : 1925.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. રાજકોટ સેન્ટ્રલ જેલમાં 4 માસ જેલવાસ ભોગવ્યો.

## મોહનલાલ માવજીભાઈ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લેતાં પકડાયા. સભાઓ, સરઘસો, પત્રિકાવિતરણમાં સક્રિય. છ માસ જેલવાસ ભોગવ્યો.

મોહનસિંગ જેસિંગભાઈ

વતન : બોજાદરા, જિ. ભરૂચ.

1930ની ના-કરની લડતમાં તેમનું ગામ જોડાયું હોવાથી, તેમણે જમીનમહેસૂલ ભર્યું નહિ. તેથી તેમની જમીન સરકારે ખાલસા કરી અને હરાજી કરીને વેચી દીધી. તેમના ઉપર ધારિયાનો હુમલો કરીને તેમનો જમણો હાથ ભાંગી નાખેલો.

## મોંઘીબહેન નાથુભાઈ

સૂરત.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

## મૌલવી, ફિદાહુસેન મહમદઅલી

જન્મ : 1911. સૌરાષ્ટ્ર.

1930માં ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લીધો. 9 માસની સજા થઈ. 'રાષ્ટ્રપ્રેમી મુસ્લિમ' તરીકે જાણીતા.

## મૌલવી, સરાજુદ્દીન

અમદાવાદ.

1857ના વિપ્લવ વખતે મૌલવી સરાજુદ્દીન અમદાવાદની જુમા મસ્જિદમાં તથા અમદાવાદની લશ્કરની ટુકડીઓમાં બ્રિટિશ સરકાર વિરુદ્ધ જાહેર ભાષણો કરતા. તેમણે રાધનપુર, ભરૂચ, પાલણપુર અને વડોદરામાં પણ સભાઓને સંબોધી હતી. આથી એમની ધરપકડ કરીને એમને સજા કરવામાં આવી હતી.

# ય

## યાજ્ઞિક, ઇન્દુલાલ કનૈયાલાલ

જન્મ : 22 ફેબ્રુઆરી, 1892. નડિયાદ, જિ. ખેડા.

બી.એ., એલએલ.બી. 1913થી 1915 : વકીલાત. વકીલાત છોડી સર્વન્ટ્સ ઑવ્ ઇન્ડિયા સોસાયટીમાં જોડાયા. 1915 : 'નવજીવન' અને 'સત્ય' માસિક તથા 'યંગ ઇન્ડિયા' માસિક મુંબઈમાં શરૂ કર્યાં. સોસાયટી છોડી હોમરૂલની ચળવળમાં જોડાયા. 1918થી 1921 : ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના મંત્રી. 1922 : 'યુગધર્મ' માસિક શરૂ કર્યું. અસહકાર આંદોલનમાં 1 વર્ષની જેલ. યરવડા જેલમાં. ગાંધીજી સાથે. 1924માં મુંબઈમાં 'હિન્દુસ્તાન' પત્રના તંત્રી બન્યા. 1930થી 1935 : યુરોપમાં ભારતની સ્વતંત્રતાની ચળવળનો પ્રચાર. 1936માં લખનૌમાં અખિલ હિન્દ કિસાન સભા સ્થાપવામાં મહત્વનો ફાળો. 1943માં તેમાંથી રાજીનામું. 1943માં દલિત વિદ્યાર્થીઓ માટે ચાર આશ્રમ ખોલ્યા. લેખક, સાહિત્યકાર. 1956-1960 :

મહાગુજરાતની ચળવળના આગેવાન. 1960માં ગુજરાતના અલગ રાજ્યની રચના કરાવી. લોકસભાના સભ્ય. 1957થી.
અવસાન : 1972.

## યાજ્ઞિક, ચંદ્રશંકર મા.

નિવાસ : વરાડ, શિહોર, જિ. ભાવનગર.

નાનપણમાં પિતાનું અવસાન. 1930 : દાંડીકૂચ દરમિયાન અભ્યાસનો ત્યાગ. દાંડી, વડાલા, ધરાસણા, મુકામે સત્યાગ્રહમાં સક્રિય. અત્યાચાર. કારાવાસ. 1933 : વ્યક્તિગત સત્યાગ્રહ ગાંધી આશ્રમથી. 3 મહિના કારાવાસ. ભૂમિહીનોને ભૂમિ માટે પ્રયત્નશીલ. તામ્રપત્ર મળેલ છે.

## યાજ્ઞિક, ચંદ્રશંકર વનમાળીદાસ

જન્મ : 26 જૂન, 1911. વરલ, જિ. ભાવનગર.

1931-32 : મીઠાના સત્યાગ્રહ વખતે મુંબઈમાં ધરપકડ. 1952 : દીવમાં ફિરંગી રાજ સામેની લડતમાં પોલીસદમન. ગોવામાં 2 માસ જેલવાસ ભોગવ્યો. રચનાત્મક કાર્યકર, સહકારી પ્રવૃત્તિ મારફત લોકસેવા. નિવૃત્ત.

## યાજ્ઞિક, નરોત્તમ જેઠાલાલ

જન્મ : 22 ડિસેમ્બર, 1908. બ્રહ્મપુરી, જિ. સાબરકાંઠા.

અભ્યાસ : મૅટ્રિક. 1930 : સવિનય ભંગ. મુંબઈ. પત્રિકાપ્રવૃત્તિ. 1940 : 15 જાન્યુઆરી ધરપકડ. 6 મહિના કાઠોર કારાવાસ.

## યાજ્ઞિક, ભાનુશંકર મં.

જન્મ : 1 ફેબ્રુઆરી, 1915. સાલડી, જિ. ભાવનગર.

અભ્યાસ : આયુર્વેદના સ્નાતક. 1930 : મીઠા-સત્યાગ્રહ. મુંબઈ 4 મહિના કારાવાસ. પરદેશી કાપડના બહિષ્કારની પ્રવૃત્તિ. 1932 : સત્યાગ્રહ. 9 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 2 વર્ષ અટકાયત. કુલ 3 વાર કારાવાસ. મુંબઈ પ્રાન્તિક કૉંગ્રેસ સમિતિના મંત્રી. સ્વરાજ પછી મહારાષ્ટ્ર રાજ્યના મંત્રી.

## યાજ્ઞિક, રવિશંકર

હળવદ, સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931માં શરૂ થયેલ ધ્રાંગધ્રાની લડતમાં રાઘવજીભાઈ વાઢેરની સાતમી ટુકડીમાં જોડાયા. આ ટુકડી 14-12-1931ના રોજ વઢવાણથી રવાના થયેલી અને દિગસર સ્ટેશને ઊતરી દાણાવાડા ગામે મુકામ કર્યો. 15-12-1931ના રોજ ધ્રાંગધ્રા રાજ્યની હદમાં કૂચ કરતાં પોલીસે અગિયારે સત્યાગ્રહીઓને ગિરફતાર કર્યા; બળજબરીથી ખટારામાં બેસાડી જેલમાં પૂર્યા. જેલમાં ખૂબ ત્રાસ આપ્યો. તેમને ખૂબ માર પડ્યો હતો.

## યોગી, શંભુભાઈ

જન્મ : 29 ડિસેમ્બર, 1922.

1942ની ચળવળ દરમિયાન વડોદરામાં પી. ટી.સી.નો અભ્યાસ. લડતમાં ભાગ લેવાથી લાઠીમાર. ધરપકડ. જેલવાસ. છૂટ્યા બાદ ભૂગર્ભપ્રવૃત્તિ. ગામડાંઓમાં પત્રિકાઓ વહેંચતા. ગ્રામવાસીઓમાં લડતનો પ્રચાર. દલિત રાવળ સમાજના સભ્ય.

## યોદ્ધા, ચારુમતી રામપ્રસાદ

જન્મ : 2 ફેબ્રુઆરી, 1912. વતન : અમદાવાદ.

અભ્યાસ : મૅટ્રિક સુધી. 1930ની લડત વખતે શાળા છોડી દઈને પ્રભાતફેરી, વિદેશી કાપડનો બહિષ્કાર, દારૂબંધી વગેરે પ્રવૃત્તિમાં ભાગ લીધો. 1932ની લડત વખતે 3 માસ જેલ. 1934 : જ્યોતિસંઘની પ્રવૃત્તિમાં ગળાડૂબ. સ્ત્રીઓ પ્રત્યે થતા અન્યાયો અને જુલમો સામે સંગઠન. અમદાવાદ મ્યુનિસિપાલિટીનાં સભ્ય. મોટા ગજાનાં સ્ત્રીકાર્યકર.
અવસાન : 30 જાન્યુઆરી, 1981. અમદાવાદ.

# ર

## રઈબહેન તુલસીભાઈ

ઉંમર : 62 વર્ષ. આંકલાવ, જિ. ખેડા

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે કરેલા લાઠીચાર્જમાં માર ખાધો અને સહન કર્યું.

## રજનીકાન્ત ભીમાભાઈ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેવાથી તેમની ધરપકડ કરવામાં આવી. ટૂંકો જેલવાસ ભોગવ્યો. ત્યાર બાદ રાજ્ય-સરકારે તેમને છોડી મૂક્યા.

## રજનીકાન્ત શિવાભાઈ

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન 34 યુવાનોએ વડોદરાથી 18-8-1942ની સવારે નીકળી આણંદ અને તેની નજીકનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો. સાંજે પાછા ફરતાં અડાસ રેલવેસ્ટેશને પોલીસે તેમના ઉપર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યો. તેઓ સખત લાઠીમારથી ઘાયલ થયા હતા.

## રજપૂત, બાપુભાઈ ટી.

નિવાસ : અંબાલી, વાઘોડિયા, જિ. વડોદરા.

છોટુભાઈ પુરાણીની સૂચના મુજબ પોલીસ થાણામાંથી શસ્ત્રોની લૂંટ. અંબાલી થાણું લૂંટવામાં સાથીદાર. ધરપકડ. 2 વર્ષ કારાવાસ.

## રજપૂત, સોમાભાઈ ભાવસિંહ

અભાર, જિ. વડોદરા.

1930 : ના-કર લડતમાં સક્રિય. 7.5 મહિના કારાવાસ. મહેસૂલ નહિ ભરતાં ઘરોને સીલ મરાયાં. તે તોડી નાખી સત્યાગ્રહ કરતાં પુનઃ કારાવાસ. 1932 : ચળવળમાં સક્રિય. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય ભાગ લીધો.

## રણછોડજી ખુશાલભાઈ

વેડછી, તા. બારડોલી.

15 જાન્યુઆરી, 1933 : પીપળાવ, ખેડામાં ગુજરાતના સરમુખત્યારોની પરિષદમાં ઉપસ્થિત. લાઠીમાર. 2 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ.

## રણછોડજી છોટુભાઈ

વેડછી, તા. બારડોલી.

15 જાન્યુઆરી, 1933 : પીપળાવ, ખેડામાં ગુજરાતના સરમુખત્યારોની પરિષદમાં ઉપસ્થિત. લાઠીમાર. 2 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ.

## રણછોડદાસ નરભેરામ

ધ્રાંગધ્રા, સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931માં શરૂ થયેલી ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લીધો. સારાભાઈ નગીનદાસના નેતૃત્વ હેઠળની ચોથી ટુકડીમાં સત્યાગ્રહ કરવા જોડાયા. તેઓએ વઢવાણથી 25 નવેમ્બર ને બુધવારે પગપાળા કૂચ કરી. રાત્રે કટુડા ગામે પહોંચ્યા. ત્યાં ગ્રામજનોએ તેમનો સુંદર સત્કાર કર્યો. 26/11ની સવારે પ્રયાણ કર્યું. ધ્રાંગધ્રાની હદ આવી ત્યાં આ વીરોને હદમાં પ્રવેશવાની મનાઈ કરી. તેમણે મનાઈહુકમનો ભંગ કરવાથી ધરપકડ કરી. બધાને પકડી લીધા. તેઓને પ્રતાપપુરા ગામે એક મકાનમાં પૂરી દીધા. તે ગામના લોકોએ સખત હડતાળ પાડી.

## રણછોડલાલ અમૃતલાલ

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. મીઠાના કાયદાનો ભંગ કરવા મે, 1930માં ધરાસણા જઈને મીઠાના અગરો પર હલ્લો કર્યો. સખત માર ખાધો. ધરપકડ કરીને 8 માસની સખત કેદ તથા રૂ. 600/- દંડ અથવા 4 માસની વધુ કેદ ફરમાવવામાં આવી.

## રણછોડભાઈ પાંચાભાઈ

બાલંભા, જિ. જામનગર.

જામનગર પ્રજામંડળના ઉત્સાહી કાર્યકર્તા. પ્રજા પરિષદના સભ્યો નોંધવા અને સંદેશો આપવા ગામડે ગામડે ફરતા. સરકારી અમલદારે ખૂબ માર માર્યો. પાઘડી ખેંચી કાઢી, અધ્ધર લટકાવવામાં આવ્યા. અંધારી કોટડીમાં પૂરી બારણાં બંધ કર્યાં. જ્યારે બારણાં ઊઘડ્યાં ત્યારે તદ્દન બેભાન અવસ્થામાં હતા. લોકોએ દવાખાના ભેગા કર્યા. માંડ માંડ બચ્યા.

## રતનશી રૂડાભાઈ

ધ્રાંગધ્રા, સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931માં શરૂ થયેલ ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લેવા કરાંચીથી આવેલા રાઘવજીભાઈ વાઢેરની સાતમી ટુકડીમાં જોડાયા. 15-12-1931ના રોજ ધ્રાંગધ્રા રાજ્યની સરહદમાં પ્રવેશતાં ટુકડીના અગિયારે સત્યાગ્રહીઓની ધરપકડ કરવામાં આવી. તેઓને ખટારામાં લઈ જઈને ચરાડવા અને વ્રજપુરની જેલમાં પૂર્યા. જેલમાં રતનશી ઉપર ખૂબ વીતકો વીત્યાં. રસ્તામાં તેમને ચક્કર આવેલાં ને ઊલટી થયેલી. દવાની માગણી કરતાં પોલીસો તેમના ઉપર તૂટી પડ્યા ને મૂઢ માર માર્યો. 'મારું માથું દુખે છે,' એમ કહેતાં તેમનું માથું પકડી ભીંત સાથે ચાર-પાંચ વાર ભટકાવ્યું ને કહ્યું, 'લે, હવે ઊતરી ગયું ને !' બીજે દિવસે મૂઢ માર માર્યો. ઉપરાંત ગદ્દાવાળી સોટીઓ ઢીંચણ ઉપર ને પીઠ ઉપર મારી.

## રતિલાલ કુંવરજી

વઢવાણ.

દાક્તરી પ્રૅક્ટિસ છોડી ફૂલચંદભાઈ શાહના આશ્રમમાં જોડાયા. 1932માં ધ્રાંગધ્રામાં બીજી વાર સત્યાગ્રહ થયો ત્યારે પ્રથમ ટુકડીના સરદાર બન્યા. રાજ્યે તેમને પકડી લીધા. વ્રજપુરની જેલમાં રાખ્યા. અનેક કષ્ટો વેઠ્યાં.

## રતિલાલ ત્રિભોવનભાઈ

ધારી, જિ. અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. ભૂગર્ભ-પ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને દંડની સજા થઈ હતી.

## રતિલાલ નરસીદાસ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેવાથી ધરપકડ કરવામાં આવી. તેમણે ટૂંકો જેલવાસ ભોગવ્યો, તે પછી મુક્ત કરવામાં આવ્યા.

રતિલાલ નવનીતલાલ ધોળાભાઈ

1906માં મૅટ્રિક. વરાડમાં ધંધાદારી કંપનીમાં કામ. 1932ની સવિનય કાનૂનભંગની લડત વખતે નોકરીને તિલાંજલિ. ધરપકડ. જેલની સજા.

## રતિલાલ મણિલાલ

નિવાસ : સોજિત્રા, જિ. ખેડા.

1931 : સ્વાતંત્ર્ય આંદોલનમાં પ્રવેશ. ગાંધીજીનો માર્ગ. ના-કરની લડત. દારૂબંધી. સ્વદેશી-પ્રચાર. ધરપકડ. કારાવાસ. મુક્તિ પછી દેશસેવાનું કાર્ય. તામ્રપત્ર મળેલ છે.

## રત્નજી

જન્મ : 1912. ગોધરા, જિ. પંચમહાલ.

ગોધરાના અંત્યજ આશ્રમના વિદ્યાર્થી. દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજી સાથે સાબરમતી આશ્રમથી 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. ત્યાર બાદ મીઠાના કાયદાનો ભંગ કર્યો. પછીથી ગોધરા આશ્રમમાં નિવાસ.

## રત્નેશ્વર, નટવરલાલ દુર્લભજી

રાજકોટ.

અભ્યાસ : એલ.એસ.જી.ડી. (કૉમર્શિયલ ડિપ્લોમા). કરાંચીમાં ઉછેર. વિદ્યાર્થી તરીકે રાષ્ટ્રીય લડતમાં જોડાયા. પંદર વર્ષની ઉંમરે કરાંચીમાં સખત કેદની સજા. રાષ્ટ્રીય ચળવળમાં ભાગ. 1947 : દેશના વિભાજન વેળા રાજકોટમાં આવીને વસ્યા. જાહેર સેવક.

## રબારી, પુનરાજ કાના

સૌરાષ્ટ્ર.

1931ની ધ્રાંગધ્રાની લડતની ત્રીજી માસિક તિથિના રોજ 21-12-1931ના ધ્રાંગધ્રા દિને પાંચ ટુકડીઓ વઢવાણથી નીકળી ધ્રાંગધ્રા રાજ્યની હદમાં પ્રવેશ કરી કાનૂનભંગ કરવા નીકળી. તેમાંની ભવાનીશંકર વેણીલાલ જોશીની ત્રીજી ટુકડીમાં પુનરાજ કાના જોડાયા. તેઓ સૌને ગિરફતાર કરી ત્રણ કલાક આમતેમ ચલાવ્યા. પુનરાજના બંને હાથ પાછળ મુશ્કેટાટ બાંધી તેના ઉપર સોટીઓ અને લાકડીનો સતત મારો ચાલુ રાખ્યો. બધા સત્યાગ્રહીઓના વાંસામાં લીલા ચકામા જામી ગયાં.

## રમણભાઈ હીરાભાઈ

વડોદરા.

1942ની ‘હિન્દ છોડો’ લડત દરમિયાન વડોદરાથી 34 યુવાનો 18-8-1942ની સવારે ચળવળનો પ્રચાર કરવા નીકળ્યા. આણંદ તથા નજીકનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો. સાંજે પાછા ફરતાં અડાસ રેલવેસ્ટેશને પોલીસોએ તેમના ઉપર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યો. તેમાં તેઓ લાઠીમારથી ઘાયલ થયા હતા.

## રમણલાલ

જન્મ : 1922. કોલકાતા.

બાળપણ સૂરતમાં. 1942 : 9 ઑગસ્ટે સ્વાતંત્ર્ય- સંગ્રામમાં. નવેમ્બરમાં ગોપીપુરા સરઘસના આગેવાન. લાઠીમાર. 6 મહિના કારાવાસ. મુક્તિ પૂર્વે રોગગ્રસ્ત.
અવસાન : 30 માર્ચ, 1943. કારાગૃહમાં.

## રમણલાલ ગોરધનદાસ

અમદાવાદ.

1942ની ચળવળમાં કૉંગ્રેસ પત્રિકા લઈને વહેંચવા જતાં 4-9-1942ના રોજ ધરપકડ. 4 માસની કેદ અને રૂ. 100 દંડ અથવા 2 માસની વધુ કેદ.

## રમણલાલ ચુનીલાલ

એપ્રિલ, 1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. 17-4-1930ની સાંજે વઢવાણ કૅમ્પથી એક બીજી ટુકડી રવાના થઈ, વિરમગામ સ્ટેશને પહોંચી. સ્ટેશન પર ઊતરતાં જ પોલીસોએ તેમને ઘેરી લીધા. પોલીસ ઉપરી મિ. હેરલ્ડના હુકમથી પોલીસો સત્યાગ્રહી સૈનિકો ઉપર તૂટી પડ્યા. રમણલાલ નામનો યુવાન કેમે કરી મીઠું છોડતો ન હતો એટલે પોલીસે પગ ઝાલી તેને જમીન પર પછાડ્યો. બીજાએ તેના હાથ પકડ્યા, ત્રીજાએ ગરદન પકડી, ચોથાએ અને પાંચમાએ તેને હડબડાવ્યો, છતાંય તેમણે મીઠું ન છોડ્યું ત્યારે એક પોલીસે તેનું ગળું જોરથી દબાવ્યું ને તેનો ગુપ્ત ભાગ પકડી એવા જોરથી દબાવ્યો કે તેને મોઢે ફીણ આવી ગયાં. તેની આંખે ચકળવકળ કૂંડાળાં દેખાવા લાગ્યાં ને બીજી જ પળે તે બેભાન થઈ ગયો. તેના હાથની મૂઠી છૂટી ગઈ. પછી જ પોલીસ તેની પાસેનું મીઠું લઈ શકી.

## રમણીકલાલ લીલાધર

દૂધરેજ, જિ. સુરેન્દ્રનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લેતાં રાજ્યની પોલીસે તેમની ધરપકડ કરી. છ માસની કેદની સજા કરવામાં આવી.

રવાણી, તારાચંદ માણેકચંદ

જન્મ : 5 ડિસેમ્બર, 1915. મોટા આંકડિયા, જિ. અમરેલી.

અભ્યાસ : ધોરણ સાત. 1931માં ધોલેરાના મીઠા-સત્યાગ્રહમાં જોડાયા. દારૂના પીઠા પર પિકેટિંગ. પ્રચારપત્રિકા. અનેક વાર ધરપકડ. 1932-33માં ત્રણ વાર ધરપકડ. બે વાર 6-6 માસની જેલ. ત્રીજી વાર 1 વર્ષની સજા પણ વહેલા છૂટ્યા. જેલવાસ દરમિયાન અન્યાયોનો સામનો. લડત બાદ પુસ્તક પ્રકાશન તેમજ વિતરણના વ્યવસાયમાં. જૈન પારિભાષિક શબ્દકોશ માટે સક્રિય.

## રવિશંકર છગનલાલ

ધ્રાંગધ્રા, સૌરાષ્ટ્ર.

1931માં ધ્રાંગધ્રાની લોકલડત ચાલી તેમાં વઢવાણથી 21-12-1931ના રોજ બીજી ટુકડીની સરદારી કરી. હળવદ સ્ટેશને ઊતરી આગળ વધ્યા ત્યાં જ બધાને ગિરફતાર કરી લેવામાં આવ્યા અને તેઓને જેલમાં પૂરવામાં આવ્યા.

## રસિકલાલ જેઠાલાલ

દાહોદ.

1942ની લડત દરમિયાન દાહોદમાં 25-9-1942ના રોજ રાષ્ટ્રધ્વજ સહિત સરઘસ. સરકાર વિરોધી સૂત્રોચ્ચાર. સરઘસમાંથી સભા. પોલીસે ધરપકડ કરી. 2 માસની સખત કેદ અને રૂ. 50 દંડ. દંડ ન ભરે તો વધુ 2 માસની સજા. સાબરમતી જેલમાં રાખ્યા.

## રસિકલાલ શાંતિલાલ

અમદાવાદ.

1942ની લડતમાં સભા-સરઘસોમાં ભાગ લેતા. પત્રિકાઓ રાખવા માટે મસ્કતી માર્કેટમાંથી ધરપકડ. સારી વર્તણૂકને કારણે રૂ. 200 1 વર્ષના જામીન લઈને મુક્તિ.

## રાઈજી, જયશ્રી

અભ્યાસ : બી.એ..

મુંબઈમાં 1921થી આઝાદી જંગમાં જોડાયેલાં ગુજરાતી મહિલા કાર્યકર. 1942ની લડતમાં ભાગ લીધો. ધરપકડ. છ માસનો કારાવાસ.

## રાચ્છ, નરસિંહદાસ પીતાંબર

વતન : રાજકોટ. જન્મસ્થળ : કરાંચી.

1930-31 : મીઠાની લડત વખતે 6 માસનો જેલવાસ. 1932ની લડત વખતે ફરીને પકડાયા. જેલવાસ. નિવૃત્ત જીવન રાજકોટમાં. પેન્શન તેમજ તામ્રપત્ર એનાયત થયેલ છે.

## રાજગુરુ, નાથાલાલ એ.

જાફરાબાદ, જિ. અમરેલી.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. જેલની સજા ભોગવી. રાજ્ય- સરકાર તરફથી પેન્શન એનાયત થયેલ છે.

## રાજગોર, શારદાબહેન હેમુભાઈ

જિ. ભાવનગર.

1930ની મીઠાની લડત વખતે વિરમગામ છાવણીમાં જોડાયાં. પ્રચાર તેમજ પિકેટિંગના કાર્યક્રમોમાં જોડાયાં. વિરમગામમાં જે કાળો દિન સર્જાયો તેમાં પોલીસોની લાઠીના ભોગ બન્યાં. ધરપકડ થઈ. 6 માસ જેલવાસ ભોગવ્યો.

## રાજગોર, હેમુભાઈ

જિ. ભાવનગર.

ફૂલચંદભાઈના અનુગામી બન્યા. દારૂ તેમજ વિદેશી કાપડના બહિષ્કારની ચળવળમાં ભાગ લીધો. ખાખરેચી, ધ્રોળ, મોરબી સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930ની મીઠાની લડત વખતે વિરમગામ છાવણીમાં જોડાયા. મીઠાની લડત વખતે 3 વાર પકડાયા. 1 વર્ષ અને 6 મહિના જેલવાસ ભોગવ્યો.

## રાજપૂત, મોડસિંગ નારસિંગ

જન્મ : 1922. અમદાવાદ.

વ્યવસાય : મજૂરી. 1942ની ચળવળમાં બૉમ્બ-પ્રવૃત્તિમાં સક્રિય ભાગ. અમદાવાદમાં 2-11-1942ની રાત્રે રાણી વિક્ટોરિયાના બાવલા (વિક્ટોરિયા ગાર્ડન) પાસે બૉમ્બ મૂકી, બૉમ્બનો ટેસ્ટ કર્યો. વીજળીના સબસ્ટેશનો બૉમ્બથી ઉડાવી દેવા ઇદગા સબસ્ટેશનમાં બૉમ્બ મૂક્યા. તેમની સાથે બાલમુકુંદ આચાર્ય પણ હતા. લડત દરમિયાન પોલીસો પર વારંવાર પથ્થરમારો.

## રાજપૂત, મોહનલાલ એમ.

પાલિતાણા, જિ. ભાવનગર.

રાજકોટની લડતમાં ભાગ લીધો. માર સહન કર્યો. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાયા. ધરપકડ થઈ. સાબરમતી તેમજ વિસાપુરમાં 6 માસ જેલવાસ ભોગવ્યો. 1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે કાયદાભંગ કરતાં ભાવનગરમાં ધરપકડ કરવામાં આવી. જેલવાસ ભોગવ્યો. જૂનાગઢ આરઝી હકૂમત વખતે કામ કર્યું.

રાજ, બાધરસિંગ પુંજાભાઈ

અણખી, જંબુસર.

1942ની આઝાદીની લડતમાં સક્રિય ભાગ લઈ સૈનિકોની ટુકડી સાથે કામ કર્યું. ભોંયરાં ખોદવામાં મદદ કરી હતી તે દરમિયાન જેલવાસ વેઠવો પડ્યો હતો.

## રાજા, ગુલઝારખાન દોસ્ત મહમદખાન

બાળપણ પંજાબમાં રાવળપિંડી. અભ્યાસ : મૅટ્રિક. 1914-18ના પ્રથમ વિશ્વયુદ્ધ વખતે લશ્કરમાં અફસર. પાછળથી મુંબઈ રાજ્યના પોલીસ વિભાગમાં. 1933થી કૉંગ્રેસમાં. મુસ્લિમ લીગના વિરોધી. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં જેલવાસ. પ્રખર રાષ્ટ્રવાદી મુસ્લિમ. કૉંગ્રેસના કાર્યકર.

## રાઠોડ, અર્જુનસિંહ મેરુભાઈ

જન્મ : 19 ઑક્ટોબર, 1921. પાલિતાણા, જિ. ભાવનગર.

અભ્યાસ : ધોરણ ચાર સુધી. મોટા ચારોડિયા સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ, સરધારની જેલમાં અટકાયત. 1940-41ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. જેલવાસ. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં ભાગ લીધો. આઠ માસ જેલવાસ. જૂનાગઢની આરઝી હકૂમતમાં જોડાયા. સમાજવાદી પક્ષના કાર્યકર. સામાજિક કાર્યકર.

## રાઠોડ, ગગજીભાઈ અરજણભાઈ

જન્મ : રાજકોટ.

રાજકોટ કાપડ મિલ સામેની ચળવળમાં તેમણે અગ્રભાગ લીધો. હડતાળ પડાવી તેથી રાજ્ય-સરકારે તેમને હદપાર કર્યા. સમાધાન પછી પાછા ફર્યા. રાજકોટની લડતમાં ભાગ લીધો અને સહન કર્યું.
નિધન થયેલ છે.

## રાઠોડ, ગણપતસિંહ ગુલાબસિંહ

જન્મ : 5 જાન્યુઆરી, 1921. મહમદપોરમાં, જિ. સૂરત.

વ્યક્તિગત સત્યાગ્રહમાં નોકરી છોડીને જેલમાં ગયા. 1942માં ગ્રામસેવક તાલીમ વર્ગમાં જોડાયા. લડતને કારણે નોકરી છોડી.

## રાઠોડ, ગોકળ રામજીભાઈ

દાહોદ.

આદિવાસી યુવક. ભીલ સેવામંડળના આશ્રમો અને શાળાઓમાં અભ્યાસ કરીને રાષ્ટ્રીય જાગૃતિ. 1930માં કાનૂનભંગ કરીને સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લીધો. ધરપકડ. કેસ ચલાવીને 3 માસની જેલની સજા.

## રાઠોડ, જેરામભાઈ સવજીભાઈ

જન્મ : 17 એપ્રિલ, 1921. રાજકોટ.

અભ્યાસ : ગ્રૅજ્યુએટ. રાજકોટની લડતમાં અગ્રભાગ લીધો. અટકાયત. 1942ની લડત વખતે પકડાયા. 4 માસ રાજકોટ સેન્ટ્રલ જેલ. રાષ્ટ્રીય શાળા, રાજકોટમાં આચાર્ય. હરિજન છાત્રાલયના ગૃહપતિ. ‘ફૂલછાબ’માં લાંબો સમય. રાષ્ટ્રીય શાળામાં સક્રિય.

## રાઠોડ, પરથીભાઈ રામસિંગ

દાહોદ.

ભીલ સેવામંડળની આશ્રમ-શાળાઓમાં અભ્યાસ કરીને રાષ્ટ્રીય જાગૃતિ, દેશભક્તિ. આદિવાસી. 1930માં કાનૂનભંગ કરીને સ્વરાજની લડતમાં ભાગ લીધો. ધરપકડ. કેસ ચલાવીને 3 માસની કારાવાસની સજા.

## રાઠોડ, પરસોતમ નાનજી

બરબોધન, સૂરત.

1930માં વાનરસેનાથી શરૂઆત કરી. વીર ભગતસિંહની ફાંસીના સમાચારે દેશપ્રેમ જાગ્રત થયો. અમદાવાદથી વિરમગામ ટ્રેનમાં પત્રિકા વહેંચતાં પકડાયા. સજા ભોગવી. વિરમગામથી છૂટીને વઢવાણ ગાંધી આશ્રમમાં સેવાનાં કામમાં લાગી ગયા. 1938માં રાજકોટની લડત વખતે ઢેબરભાઈ સાથે ધરપકડ થઈ. કારાવાસ.

## રાઠોડ, પ્રાગજીભાઈ મોહનજી

જન્મ : 14 જાન્યુઆરી, 1917. અંજાર (કચ્છ) અને ભાવનગર.

વિનીત (દક્ષિણામૂર્તિ). આયુર્વેદના અભ્યાસી અને ચિકિત્સક. રાજકોટની લડતમાં ભાગ લીધો. 1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. ધરપકડ અને 2 વર્ષની સજા તેમજ દંડ. ભૂગર્ભ-પ્રવૃત્તિ. આયુર્વેદ અંગેનાં પ્રમાણભૂત પુસ્તકોના લેખક. જન્મભૂમિમાં આયુર્વેદના કટારલેખક. ‘નિરામય’ માસિકના તંત્રી. ‘લોકભારતી’માં સેવક.
પેન્શન મળેલ છે.

## રાઠોડ, પ્રેમાભાઈ વહાલજીભાઈ

ઇચ્છાપોર, જિ. સૂરત.

1928માં ઇચ્છાપોર છાવણીમાં 2 વર્ષ કામ કરેલું. ત્યાંથી ઓલપાડના 15 ગામમાં દરરોજ પત્રિકા લઈને આવવા-જવાનું કામ કર્યું. 1931માં પત્રિકા લઈને આવતાં ધરપકડ. 6 માસની સજા ભોગવી.

## રાણા, ઉમેદસિંહજી કલ્યાણસિંહજી

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

1930-32ની ચળવળમાં તેમણે ભાગ લીધો. ધરપકડ. છ માસની જેલની સજા ભોગવી. ભારત સરકારે તામ્રપત્ર અને પેન્શન એનાયત કર્યું.

## રાણા, (ડૉ.) કનુભાઈ બી.

જન્મ : 1920. અમદાવાદ.

ડેન્ટિસ્ટ. 1942ની ચળવળમાં ખાડિયામાં સરઘસોમાં જોડાતા. દરરોજ પત્રિકાઓ સાઇક્લોસ્ટાઇલ કરવામાં મદદ કરતા અને સ્ટેન્સિલ કટ કરવામાં લાંબા સમય સુધી મદદ

કરી. પત્રિકાઓ છાપીને બંડલો બાંધતા તથા જુદા જુદા લત્તાઓમાં મોકલી આપતા. મણિનગર સ્ટેશનથી બારેજડી જતાં ટેલિફોનનાં દોરડાં કાપવાના ગુના હેઠળ ધરપકડ. 15 દિવસ સાબરમતી જેલમાં સજા ભોગવી.

## રાણા, ચીમનલાલ હીરાલાલ

કતારગામ, જિ. સૂરત.

વ્યવસાય : દરજીકામ. અભ્યાસ : ગુજરાતી સાત ધોરણ. 1937માં કૉંગ્રેસમાં જોડાયા. દલિતોની સેવા અને કૉંગ્રેસના સભ્યો નોંધવાની પ્રવૃત્તિ. 1942ની લડત વખતે પોતાની દરજીની દુકાન બંધ કરી. ચોર્યાસી તાલુકાનાં ગામોમાં પ્રચારકાર્ય. પ્રભાતફેરીની આગેવાની કરતાં ધરપકડ, સખત માર ખાધો, સબજેલમાં 1 મહિનો ને 6 દિવસ અટકાયત. દૂધ-ફળાહાર પર જીવતા. અનાજ ન લેતા. જેલમાં પણ અન્નનો ત્યાગ. તે પછી કેસ ચલાવીને 6 માસની સજા. હરિજનસેવા. ભૂદાનપ્રવૃત્તિ માટે પદયાત્રા. રેલરાહત.

## રાણા, નર્મદાબહેન અભેસિંગ

પાલિતાણા, જિ. ભાવનગર.

પાલિતાણાના સત્યાગ્રહી દળનાં સૈનિક. 1931માં ધ્રાંગધ્રા રાજ્યના લોકોએ નાગરિક સ્વાતંત્ર્યના હકો વાસ્તે લડત ચલાવી. ધ્રાંગધ્રામાં સ્ત્રીઓ ઉપર સખત લાઠીમાર થવાથી ધ્રાંગધ્રા જવા પ્રેરણા મળી અને લડતમાં ઉત્સાહથી ભાગ લીધો.

## રાણા, ભગવાનદાસ ગોપાળદાસ

જન્મ : જુલાઈ, 1919. વડોદરા.

અભ્યાસ : ધોરણ 3 અંગ્રેજી. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલન. વડોદરા. 18 ઑગસ્ટે કોઠીપોળ પાસે પોલીસ ગોળીબારમાં અવસાન.

## રાણા, મગનલાલ શિવલાલ

ધોળકા.

1930માં પત્રિકા દ્વારા પ્રચાર, ખાદીપ્રચાર, દારૂબંધી, મીઠાનો સત્યાગ્રહ વગેરેમાં ભાગ લીધો. ધરપકડ. 1 વર્ષની સજા. 1942ના આંદોલનમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. રેલવેના ગરનાળામાં બૉમ્બ ફોડતા, ટપાલપેટી કૂવામાં નાખી દેતા, ધરપકડ થઈ. ખૂબ જ અત્યાચાર ગુજાર્યો અને 6 માસની સજા થઈ.

## રાણા, મનસુખરામ મોતીરામ

જન્મ : 22 સપ્ટેમ્બર, 1910. નડિયાદ.

1930 : ધરાસણા મીઠા-સત્યાગ્રહમાં સક્રિય. 3 મહિના કારાવાસ. માર ખાધો. 1932 : સવિનય કાનૂનભંગ સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલન. અટકાયત. આંદોલનના કાર્યક્રમોમાં રાષ્ટ્રગીતો અને ભજનો ગાતા.

## રાણા, રમણીકલાલ ત્રિભોવન

જૂનાગઢ.

જૂનાગઢ રાજ્ય-તરફથી થતા જુલમો સામે લડત આપી. તેથી નવાબની સરકાર તરફથી ઘણું સહન કર્યું. રાજ્ય-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## રાણા, લલ્લુભાઈ હરકિશનદાસ

સૂરત.

1930માં જવાહરલાલની જયંતીની ઉજવણી અંગે નીકળેલા સરઘસમાં તેઓ જોડાયા. પકડાયા. ઉંમર 14 વર્ષની હોવાથી છોડી મૂકવામાં આવ્યા, જ્યારે બીજાને 2 વર્ષની સજા થઈ હતી. 1942માં કૉંગ્રેસ પત્રિકા અને ધ્વજોનું છૂપી રીતે વેચાણ કરતા. કૉંગ્રેસની ચૂંટણીમાં આગળ પડતો ભાગ લીધો હતો.

## રાણા, વિનુભાઈ મહેન્દ્રલાલ

જન્મ : 23 ફેબ્રુઆરી 1923. જૂનાગઢ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. આરઝી હકૂમતની લડતમાં સક્રિય ભાગ લીધો. 1975ના કટોકટી કાળમાં 6 માસ જેલ ભોગવી.

## રાણા, શાંતિલાલ જીવણલાલ

વલસાડ.

1942ના આંદોલનમાં અટકમાં લીધેલા. 3 માસની સજા અથવા રૂ. 125નો દંડ થયો. દંડ ન ભર્યો. 3 માસની સજા વલસાડ, સૂરત, અમદાવાદમાં ભોગવી.

## રાણા, સરદારસિંહ રેવાભાઈ

જન્મ : 1870. કંથારિયા, લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

અભ્યાસ : બી.એ., 1897માં બૅરિસ્ટર થયા. ઇંગ્લૅન્ડ. શ્યામજી કૃષ્ણ વર્માનો પરિચય. લંડનમાં થોડો સમય રહ્યા પછી ફ્રાંસગમન. 1905 : રાષ્ટ્રગીત 'વંદે માતરમ્' ગાવા બદલ સુરેન્દ્રનાથ બેનરજીની ભારતમાં ધરપકડ થઈ તેના વિરોધમાં પૅરિસમાં વિરોધ સભા ભરી. 10-5-1908 : સત્તાવનની ક્રાંતિની અર્ધશતાબ્દીની ઉજવણી. હુતાત્માઓ માટે ફાળો એકત્ર કર્યો. પૅરિસમાં રહી સ્વાતંત્ર્ય આંદોલન ચલાવ્યું. 1909 : જર્મનીમાં આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદ. મેડમ ભિખાઈજી કામાનો પરિચય. તે પરિષદમાં ભારતનો પ્રથમ વાર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. ફ્રાંસમાં ઘર શસ્ત્રાગાર સમું. 1910 : વિનાયક સાવરકરની ધરપકડના વિરોધમાં ખટલો હેગના આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં લઈ ગયા. પ્રથમ વિશ્વયુદ્ધ સમયે રાણાની ફ્રાંસમાં સરકાર દ્વારા ધરપકડ. જેલમાંથી છોડીને માર્તિનિક બેટ પર છ વર્ષ અટકાયત. ફ્રાંસ આવતા ભારતીય નેતાઓ તેમનો સંપર્ક રાખતા. 1939 : બીજું વિશ્વયુદ્ધ. જર્મનીમાં ધરપકડ. નેતાજી સુભાષચંદ્રના જર્મની આગમનથી મુક્તિ. 1947 : સ્વતંત્ર ભારતમાં, 77 વર્ષની વયે આગમન.

અવસાન : ડિસેમ્બર, 1955.

## રાણા, હીરાભાઈ રણછોડભાઈ

નવાગામ, જિ. ખેડા.

મુશ્કેલીભર્યું જીવન. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ કરી 6 મહિના કારાવાસ ભોગવ્યો.

## રાણા, હીરાલાલ છગનલાલ

સુરેન્દ્રનગર.

1930-32માં મણિલાલ કોઠારીના સંસર્ગમાં આવ્યા. તેમણે અખિલ ભારત ખાદી ભંડાર, નવસારીમાં નોકરીએ રાખ્યા. 1938માં હરિપુરા કૉંગ્રેસમાં વૉલન્ટિયર તરીકે ગયા. 1939માં રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1941માં સરપોર-પારડીમાં સત્યાગ્રહ કરતાં પકડાયા. 4 માસની જેલ. 1942માં પત્રિકાઓ ચોંટાડવાની પ્રવૃત્તિ કરી. નવસારી સ્ટેશનથી તેમની ધરપકડ થઈ. 2 મહિના જેલ ભોગવી. તે પછી 1 વર્ષ અને 6 મહિનાની અટકાયત.

## રામકોરબહેન લલ્લુભાઈ

સૂરત.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. મે 1930માં સૂરતમાં મોટા મંદિર તથા દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર સઘન પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

## રામજી બાવજી

મિરજાપોર, જિ. સૂરત.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન દારૂતાડીનો બહિષ્કાર કરવાના ભાગ રૂપે તેમણે પોતાની જમીનમાંથી 50

ખજૂરાં ખોદી નાખ્યાં હતાં. એ રીતે દારૂતાડીના વિરોધમાં જોડાયા હતા.

## રામજીભાઈ નેણશીભાઈ

ધ્રોળ, જિ. જામનગર.

ધ્રોળ રાજ્યના જુલમો સામે ઝઝૂમ્યા. ધ્રોળના ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. ગામ છોડવું પડ્યું. રાજ્યના જુલમો સામે અણનમ રહ્યા.

રામજીભાઈ રણછોડ

## ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લીધો. વિરમગામના સારાભાઈ નગીનદાસના નેતૃત્વ હેઠળ ચોથી ટુકડીમાં જોડાયા. 25/11 ને બુધવારના રોજ વઢવાણથી પગપાળા કૂચ કરી રાત્રે કટુડા ગામે પહોંચ્યા. ત્યાંથી 26/11ની સવારે પ્રયાણ કર્યું. ધ્રાંગધ્રા રાજ્યની સરહદ આવતાં મનાઈહુકમનો ભંગ કરવાથી પોલીસોએ નવ જણાની આખી ટુકડીની ધરપકડ કરી, પ્રતાપપુરા ગામે લઈ જઈ એક મકાનમાં પૂરી દીધા. તે ગામના લોકોએ ધરપકડના વિરોધમાં હડતાળ પાડી.

## રામપ્રસાદ

વિરમગામ.

મીઠું લઈને સરકારી ટ્રેનમાં વઢવાણ કૅમ્પથી આગળ જતાં વિરમગામ સ્ટેશને પોલીસના હાથે પાટુ અને સોટીનો માર.

## રામપ્રસાદ

અમદાવાદ.

એપ્રિલ, 1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. અમદાવાદથી પચાસેક સત્યાગ્રહીઓની ટુકડીમાં વિરમગામ મીઠાનો સત્યાગ્રહ કરવા ગયા. તેઓ વઢવાણ કૅમ્પથી ટ્રેનમાં જતા હતા ત્યારે પોલીસોએ તેમના ડબાને વિરમગામ સ્ટેશને ઘેરી લીધો. રામપ્રસાદને મીઠાની પોટલી લઈ નીચે ઊતરવા ગોરા અમલદાર હેરલ્ડે જણાવ્યું, પણ તેણે ઇનકાર કરવાથી હેરલ્ડે તેને પાઠ ભણાવવા પોલીસોને હુકમ કર્યો. પાંચ-સાત પોલીસોએ ગાડીમાંથી પોટલું ઘસડે તેમ તેમને ઘસડી નીચે ઉતાર્યા. તેના ઉપર પાટુ અને સોટીનો મારો ચલાવ્યો.

## રામભાઈ

જૂનાગઢ.

આરઝી હકૂમતમાં ભાગ લીધો. મહિનાઓ અગાઉથી લોકક્રાંતિ લાવવા કુતિયાણા મહાલમાં છાવણીઓ નાખી પ્રજાને તૈયાર કરી. નવાબીને ખતમ કરવાનો સંદેશો ફેલાવ્યો.

## રામભાઈ કિશોરભાઈ

નિવાસ : ડભાણ, તા. નડિયાદ, જિ. ખેડા.

1930-32 : સ્વાતંત્ર્યસત્યાગ્રહમાં ભાગ લીધો. વિસાપુર 6 મહિના કારાવાસ. ખેડામાં પત્રિકા-વિતરણ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. પોલીસનો નરાધમ માર. 6 મહિના કારાવાસ. મુક્તિ પછી શરીર નિર્બળ અને અસ્વસ્થ. આર્થિક ભીંસ.

## રામરખિયાણી, ગેલારામ ટઉમલ

નિવાસ : વડોદરા.

વતન : મોરો, નવાબશા, સિંધ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. 12 મહિના કઠોર કારાવાસ. 1947 : ભારત આગમન, વડોદરામાં સ્થાયી.

## રામાનંદી, દલપતરામ ગુલાબદાસ (બાવાજી)

સૂરત જિલ્લાનું અસ્તાન.

1921માં બારડોલીની અસહકારની લડતમાં પત્રિકાઓ ગામેગામ પહોંચાડવાની પ્રવૃત્તિથી આરંભ કર્યો. 1928માં બારડોલી સત્યાગ્રહમાં

સાથ આપ્યો. તેમને મારીને માફી મંગાવવાનો પ્રયત્ન થયો અને 2 મહિનાની સજા થઈ. 1928માં બારડોલીની જેલમાં 10 દિવસ, સૂરત જેલમાં 5 દિવસ અને સાબરમતી જેલમાં 1.5 મહિના રાખવામાં આવ્યા હતા. 1930માં સરોજિની નાયડુની ટુકડીમાં ધરાસણા સત્યાગ્રહમાં ગયા હતા. 1942 : ટિમ્બરવા સ્ટેશન બાળવાના કામમાં ભાગ લીધો. બારડોલી તાલુકાના હિજરતીઓને સહાય-સગવડ આપવાનું કાર્ય. હરિપુરા ગામે ડાંગરની હરાજી વખતે 20 દિવસની કેદની સજા થઈ. વરાડના ચોરામાં પણ 20 દિવસ અટકમાં રાખ્યા.

## રામાભાઈ બાપુડિયાભાઈ

નિવાસ : નવધરા, મહુવા, જિ. સૂરત.

1942 : 'હિન્દ છોડો' આંદોલન. કરચેલિયામાં ભાંગફોડપ્રવૃત્તિ. નવ મહિના કારાવાસ. મુક્તિ પછી ખેતીની પ્રવૃત્તિ. ગ્રામસેવા.

## રામા, રણછોડ

નિવાસ : હાલોલ, જિ. પંચમહાલ.

કાલોલ પાસે આવેલા રામનાથના મેળામાં સરકાર વિરુદ્ધ 'પંચમહાલ જિલ્લા પત્રિકા' વહેંચી. તેથી ધરપકડ. 4 માસની કેદ તથા રૂ. 100 દંડની સજા. દંડ ન ભરે તો એક માસની વધુ કેદ.

## રામી, જીવણલાલ જયરાજ

ભાવનગર.

1930માં ધોલેરાના મીઠાના સત્યાગ્રહમાં અમૃતલાલ શેઠની સરદારી નીચે લડતમાં જોડાયા. પત્રિકાઓ વહેંચતાં 6 વખત પકડાયા. કાચી જેલમાંથી નાસી ભૂગર્ભમાં રહી કામ કર્યું. લીંબડી, રાજકોટ, ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લીધો. 1942માં ભૂગર્ભમાં રહી લડત ચલાવી.

## રામી, નાથાભાઈ કાળીદાસ

ગાના, તા. આણંદ.

1930-32ની ચળવળ દરમિયાન ગાના ગામના ખેડૂતોએ જમીનમહેસૂલનો સત્યાગ્રહ કર્યો તેમાં જોડાયા, તેથી પોલીસે તેમને તથા તેમના પુત્ર રણછોડભાઈ અને બીજા પાટીદારોને પકડી, ચોગાનમાં નગ્ન કરીને બરડા ઉપર સોટીઓ તથા લાઠીઓ મારી. તેમના બરડા અને થાપા ઉપર લોહીના ટશિયા ફૂટ્યા હતા.

## રામી, રણછોડભાઈ નાથાભાઈ

ગાના, તા. આણંદ.

1930-32ની ચળવળ દરમિયાન ગાના ગામના ખેડૂતોએ મહેસૂલનો સત્યાગ્રહ કર્યો તેમાં જોડાયા. તેથી પોલીસે તેમને, તેમના પિતા નાથાભાઈ અને પાટીદારોને ચોગાનમાં નગ્ન કરીને બરડા ઉપર સોટીઓ તથા લાઠીઓ મારી હતી. તેમના બરડા અને થાપા ઉપર લોહીના ટશિયા ફૂટ્યા હતા.

રાયજી, મનવંતરાય મદનરાય

જન્મ : 1877. સૂરત.

વ્યવસાય : દાક્તર. 1904-05 : સ્વદેશી સમર્થન. પરદેશી બહિષ્કાર. 1907 : સૂરત કૉંગ્રેસના અધિવેશનમાં સ્વયંસેવક દળના વડા. 'શક્તિ' સાપ્તાહિકના તંત્રી. ઉગ્ર વિચાર. છાપખાનું જપ્ત. પાછળથી હિન્દુ મહાસભામાં જોડાયા.

અવસાન : 3 જુલાઈ, 1941, મુંબઈ.

## રાવ, વસંત દ્વારકાનાથ

નિવાસ : પોરબંદર, જિ. જૂનાગઢ.

1929-39 : સ્વયંસેવક. સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય. 1930માં પત્રિકાવિતરણ. દારૂનાં પીઠાં સામે પિકેટિંગ. પોલીસ-અત્યાચાર. 1930ના મીઠા-સત્યાગ્રહ. ગાંધીજી સાથે ધરપકડ. વરલી કારાગૃહમાં 24 નંબરની કોટડીમાં બંદી.

સિમેન્ટની ભેળસેળવાળા રોટલા. 15 ઉપવાસ. આઝાદ મેદાન ધ્વજવંદન કાર્યક્રમમાં પોલીસે ઘોડા દોડાવ્યા તેમાં ઈજા. મીઠું વેચતાં પકડાયા. 6 મહિના કારાવાસ.

## રાવલ, ઉમાબહેન આઈ.

જન્મ : 25 મે, 1924. સરંભડા, જિ. અમરેલી.

અભ્યાસ દરમિયાન મોટા ભાઈ સાથે પાટણ અને દહેગામ. દહેગામ બહાર ખેતરની ઝૂંપડીમાં સાઇક્લોસ્ટાઇલ મશીન દ્વારા પત્રિકાઓ કાઢતાં. 21-9-1942ના રોજ દહેગામમાં જાહેર સભા. લોકો રાષ્ટ્રધ્વજ અને હથિયારો સાથે ભેગા થયા. 10થી 12 હજાર માણસો સભામાં. ભાષણો. ઉમાબહેને તેમાં ભાષણ કર્યું. કુટુંબ સાથે અમદાવાદ આવી, બહેનો સાથે ભૂગર્ભમાં કામ કર્યું. સ્વાતંત્ર્યસૈનિકોને ખોરાક વગેરે પહોંચાડતાં. સભાની વ્યવસ્થા કરવી. 1972-78 : મહેસાણા જિલ્લા કૉંગ્રેસના કન્વીનર. સામાજિક કાર્યકર.

## રાવળ, અનિરુદ્ધ વશરામભાઈ

જન્મ : 25 ડિસેમ્બર, 1926. કોડીનાર, જિ. અમરેલી.

અભ્યાસ : મૅટ્રિક. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે ભાંગફોડ. શાળાના મકાનને આગ. આરોપસર ધરપકડ. અટકાયત.

## રાવળ, ઇંદુભાઈ ખોડીદાસ

જન્મ : 1915.

અભ્યાસ : મૅટ્રિક સુધી. કપડવંજ સાર્વજનિક વ્યાયામ વિદ્યાલયના વિદ્યાર્થી તરીકે 'હિન્દ છોડો' લડત(1942)માં સક્રિય. ધરપકડ. 9 માસની જેલ. હરિજન આશ્રમમાં શિક્ષક. ભાવનગર ગાંધીસ્મૃતિ મંદિરના ક્યુરેટર. ગૂજરાત વિદ્યાપીઠના સેવક. આદિવાસી સંશોધન તાલીમ કેન્દ્રના સંગ્રહાલયના વ્યવસ્થાપક.

## રાવળ, કરુણાશંકર લક્ષ્મીશંકર

હળવદ.

ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લીધો. હળવદમાં 21-10-1931ના રોજ પ્રચાર કરતા હતા ત્યારે રાજ્યના પોલીસોએ તેમને બેસુમાર માર્યા.

## રાવળ, કુંદનબહેન શાંતિલાલ

શાંતિનગર સોસાયટી, અમદાવાદ.

1942ની લડતમાં ભાંગફોડની પ્રવૃત્તિ માટે તેમને કોડ નંબર આપ્યો હતો. ભાંગફોડનાં સાધનો સાચવી રાખતાં. બૉમ્બ બનાવવાના સેલ તથા ભાંગફોડ કરવાનાં હથિયારો લોટના ડબામાં મૂકીને એક સ્થળેથી બીજે ઠેકાણે આપી આવતાં. ઘરમાં ક્રાંતિકારીઓને આશ્રય આપતાં. ચળવળની પ્રવૃત્તિમાં મદદ કરતાં. તેમના પતિ શાંતિલાલે બૉમ્બ-પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો.

## રાવળ, ચૂનીલાલ કાનજી

જન્મ : 1901. પોરબંદર.

અભ્યાસ : નૉન-મૅટ્રિક. વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય પ્રવૃત્તિ. 1930-31માં મીઠાની લડત વખતે પોરબંદરમાં દારૂનિષેધ. વિદેશી માલનો બહિષ્કાર. પોતાની લૉજમાં રાષ્ટ્રીય મહેમાનોનો સત્કાર. સ્વાતંત્ર્યસૈનિકોનું ધામ તેમની લૉજ. પોતે પાટિયા લખીને ચોકમાં મૂકતા. લોકજાગૃતિનું કામ. 1942ની લડત વખતે ધરપકડ. 7 માસનો જેલવાસ. પેન્શન તેમજ તામ્રપત્ર એનાયત થયેલ છે.

## રાવળ, છગનલાલ ઘેલાભાઈ

મોરબી, જિ. રાજકોટ

1930ના મીઠાના સત્યાગ્રહમાં ભાગ લેવાથી ધરપકડ કરવામાં આવી. જેલની સજા ભોગવી. તે પછી મુક્ત થયા.

## રાવળ, જટાશંકર માધવજીભાઈ

**(બાલપ્રેમી)**

જન્મ : 1905. અમદાવાદ.

1922 : ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપન મંદિરમાં તાલીમ. 1930 સુધી વિદ્યાપીઠની જ ગુજરાતી શાળામાં શિક્ષક. 1930ની લડત વખતે દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ. પોલીસના લાઠીમારમાં ઘવાયા. ધરપકડ અને જેલવાસ (3 માસ માટે). 1932માં ઓચિંતી ધરપકડ. અટકાયત. બાળકોનાં શિક્ષણ માટેના જીવનભર શિક્ષક.

## રાવળ, જયંતીલાલ મોહનલાલ

જન્મ : 1927. ઊંઝા, જિ. મહેસાણા.

1942માં મૅટ્રિકનો અભ્યાસ છોડી વડોદરામાં સ્થપાયેલા ક્રાંતિકારી આર્ય સંગઠન પ્રગતિ મંડળમાં જોડાયા. તેના સંચાલનમાં સક્રિય ભાગ. ધરપકડ. શારીરિક દમન. માંદગીને કારણે કેસ પૂરો થતાં પહેલાં જૂન, 1943માં અવસાન.

## રાવળ, જુગતરામ રતનજી

જન્મ : 23 માર્ચ, 1905. વતન : રાજકોટ.

વસવાટ : કરાંચી. અભ્યાસ : મૅટ્રિક. કૉંગ્રેસના કાર્યકર. પ્રચાર, પ્રકાશનનું કાર્ય. 3 વાર ધરપકડ. મુક્ત કરવામાં આવતા પત્રકારત્વનો વ્યવસાય. 'રાજસ્થાનનો તારણહાર' વાર્તા માટે ધરપકડ. કોર્ટે નિર્દોષ ઠરાવ્યા. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે લાઠીમારનો ભોગ. ધરપકડ. 1948માં પાકિસ્તાન સરકારે તેમના કરાંચીના પ્રેસનો નાશ કર્યો. મકાનો જપ્ત. પોતે ત્યાંથી રાજકોટ આવી ગયા. 'નૂતન સૌરાષ્ટ્ર' દૈનિક રાજકોટમાં શરૂ કર્યું. જાહેર સેવક. કૉંગ્રેસનું સંગઠન, નિર્વાસિતોની સેવા. સહકારી પ્રવૃત્તિ. ગાંધીસ્મૃતિ તથા સરદારસ્મૃતિના સંચાલનની જવાબદારી.

## રાવળ, દામોદરદાસ મોતીરામ

જન્મ : 29 જુલાઈ, 1896. મોરબી, જિ. રાજકોટ.

અભ્યાસ : પી.ટી.સી.. જેતપુરમાં શિક્ષક. 1920 : ગાંધીજીની હાકલે નોકરી છોડી દીધી. નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. ટૂંકો જેલવાસ. મોરબીમાં નિવાસ. શિક્ષકની નોકરીનો પુનઃસ્વીકાર.

## રાવળ, ધીરજલાલ લક્ષ્મીશંકર

જન્મ : 12 ડિસેમ્બર, 1922. શાહપુર, જિ. જૂનાગઢ.

જૂનાગઢ રાજ્ય પ્રજામંડળની લડત વખતે વેરાવળમાં કાર્ય. ધરપકડ, પોલીસચોકીમાં માર. હદપાર. રાજકોટમાં આવીને અભ્યાસ. રાજકોટની લડતમાં સક્રિય. પોલીસની લાઠીનો ફટકો. નિશાન મોજૂદ છે. 1942 : 'હિન્દ છોડો' લડત વખતે હિન્દ સંરક્ષણ ધારા નીચે પકડાયા. 4 માસની કેદ અને દંડ. વ્યવસાય : શિક્ષક.

## રાવળ, નટવરલાલ મણિલાલ

નિવાસ : અમદાવાદ.

1940માં સરકારી નોકરીનો ત્યાગ. વડોદરાના ક્રાંતિકારી મંડળમાં સક્રિય કાર્યકર. 1942માં 'હિન્દ છોડો' આંદોલનમાં ભૂગર્ભપ્રવૃત્તિ. પકડવા માટે પોલીસ દ્વારા ઘરની વારંવાર જડતી. મુંબઈ ભારતીય વિદ્યાભવનમાં કર્મચારી. 1947 : સ્વતંત્રતા મળતાં ફરિયાદો પાછી ખેંચાઈ. અભ્યાસ : પુસ્તકાલયમાં પ્રથમ ડિપ્લોમા.

## રાવળ, નટવરલાલ મોહનલાલ

જન્મ : 2 ઑક્ટોબર, 1919. ઊંઝા, જિ. મહેસાણા.

વિદ્યાર્થીકાળથી દેશભક્તિ. 1940માં વડોદરા રાજ્યની નોકરી. 1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થતાં સરકારી નોકરી છોડી, ભૂગર્ભપ્રવૃત્તિમાં સક્રિય. આર્ય સંગઠન પ્રગતિ મંડળના સભ્યોને પકડીને કેસ કર્યો. તેમાં એક આરોપી. પણ પકડાયા નહિ. દેશ આઝાદ થયા બાદ કેસ

પાછો ખેંચાયો. વિવિધ પુસ્તકાલયોમાં ગ્રંથપાલ. ગુજરાત રાજ્યના ક્યુરેટર ઑવ્ લાઇબ્રેરીઝ.

## રાવળ, નરહરિ

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન બૉમ્બ-પ્રવૃત્તિમાં ભાગ લીધો. નંદલાલ જોશી અને નરહરિ રાવળે 17 સપ્ટેમ્બર, 1942ના રોજ પીપરડીની પોળ, રાયપુરમાં રાસાયણિક બૉમ્બ બનાવતા હતા ત્યારે ધડાકો. બંનેને સખત ઈજાઓ. 3 ઑક્ટોબર, 1942ના રોજ હૉસ્પિટલમાં અવસાન.

## રાવળ, બળવંતભાઈ દુર્લભજી

અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયા. શાળાના મકાનને આગ ચાંપવાના આરોપસર પકડાયા. ધરપકડ થઈ. થોડો સમય અટકમાં રહ્યા.

## રાવળ, બાબુલાલ રેવાશંકર

અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે અમરેલીમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયા. શાળાના મકાનને આગ ચાંપવાના આરોપસર ધરપકડ થઈ. અટકમાં રહ્યા.

## રાવળ, ભાઈશંકર ધનેશ્વર

જન્મ : 1911. હળવદ, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લીધો. સિતમોના ભોગ બન્યા. ઘરવખરી લૂંટાઈ. જેલમાં ગયા. જેલમાં પણ ત્રાસ ગુજારવામાં આવ્યો.

## રાવળ, મનહરલાલ જેઠાલાલ

જન્મ : 1915. અમદાવાદ.

રાજનગર મિલ નં. 2માં નોકરી. 1942ની ચળવળમાં બૉમ્બ-પ્રવૃત્તિમાં સક્રિય. દારૂગોળાના બૉમ્બ બનાવવા રામપ્રસાદ શાહ, બાલમુકુંદ આચાર્ય વગેરે સાથે ચર્ચા. દારૂગોળો ઈડરથી ખરીદી મંગાવ્યો. રેલી મેટલ વર્કસમાં નળાકાર સેલ બનાવરાવ્યા. કાપડની મિલોની હડતાળ ચાલુ રાખવા વીજળીનાં સબ-સ્ટેશનોમાં બૉમ્બ મૂકીને પુરવઠો કાપી નાખવાની યોજના ઘડી. સેલમાં દારૂગોળો ભરી બૉમ્બ બનાવ્યા, બૉમ્બ મૂકવા માણસો મોકલ્યા. ડીરેલર બનાવડાવ્યું. તે સાબરમતી–ધોળકા લાઇન પર મૂકવા ગયા. ટેલિફોનના તાર કાપ્યા. ધરપકડ. જેલમાં અટકાયત.

## રાવળ, માધવલાલ જોઈતારામ

નિવાસ : ચાંપલપુર, જિ. સાબરકાંઠા.

9 વર્ષની વયે સેવાનું વ્રત. ખેડબ્રહ્મા. વેઠવેરા વિરોધી આંદોલન. સફળ. 1930 : દાંડીકૂચ પછી ધરાસણામાં મીઠા-સત્યાગ્રહ કર્યો. પોલીસનો માર ખાધો પેશાવરમાં. છ મહિના ખાદીપ્રચાર. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં. સાબરમતીમાં આઠ મહિના કારાવાસ. 1946 : દેશભરમાં રમખાણો. તેમાં સેવા આપી.

રાવળ, મૂળશંકર મગનલાલ

દહેગામ, જિ. ગાંધીનગર.

1931માં હાલોલ તાલુકાના રામેશ્વર ગામેથી આઝાદીની લડતમાં ભાગ લેવાથી પકડાયા. 12 માસની જેલની સજા ભોગવી. 1932માં ચાંપાનેરથી પકડાયા. 6 માસની કેદની સજા થઈ.

## રાવળ, મોહનલાલ રામચંદ્ર

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડીની લડતના આગેવાન. માલમિલકત ગુમાવવી પડી. રાજ્યના ભારે ત્રાસને કારણે પ્રજાએ હિજરત કરી ત્યારે હિજરતમાં જોડાઈ વતન છોડ્યું.

## રાવળ, રતિલાલ માયાશંકર

જન્મ : 29 એપ્રિલ, 1894. વાંકાનેર, જિ. રાજકોટ.

1928માં પંજાબમાં લાલા લજપતરાય ઉપર પોલીસોએ લાઠીચાર્જ કર્યા તેના પડઘા રૂપે હડતાળ પડાવી. સ્કૂલ બંધ કરાવી રાત્રિશાળા, લોકશિક્ષણનું મંડળ ઊભું કર્યું. સરધારના સત્યાગ્રહમાં જોડાયા. સરઘસની આગેવાની લીધી. લાઠી ખાધી. ધરપકડ કરવામાં આવી. 2 માસની સજા અને રૂ. 100 દંડ થયો. છૂટ્યા પછી ખાદી, દારૂબંધીની પ્રવૃત્તિ હાથ ધરી. 1930ની મીઠાની લડત વખતે વિરમગામ છાવણી નીચે કામ કર્યું. પોલીસના અત્યાચારનો ભોગ બન્યા. 1931માં વઢવાણમાં પ્રચાર કરતાં પકડાયા. 4 વર્ષની સજા થઈ. ગાંધી-ઈર્વિન સંધિ થતાં છૂટી ગયા. રાજકોટ લડતમાં ભાગ લેતાં 2 વાર જેલવાસ ભોગવ્યો.

અવસાન : 20 જૂન, 1977. લીંબડી.

## રાવળ, રમણલાલ જેઠાલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદમાં વીજળીનાં સબસ્ટેશનો બૉમ્બથી ઉડાવી દેવાના કાવતરામાં ભાગ લીધો. ધરપકડમાંથી બચી ગયા.

રાવળ, રવિશંકર દયારામ

હળવદ, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રાની લડતને પગલે હળવદમાં પણ સત્યાગ્રહ શરૂ થયો. તેમાં ભાગ લેનારા એક અગ્રણી કાર્યકર. પોલીસોના આડેધડ મારથી લોહીલુહાણ થયા. લાંબો વખત સુધી સહન કર્યું.

રાવળ, વસંતલાલ મોહનલાલ

જન્મ : 1924. અમદાવાદ.

માંડવીની પોળમાં ગતરાડની પોળમાં રહેતા. કેલિકો મિલમાં નોકરી. 'હિન્દ છોડો' ચળવળમાં ઉત્સાહથી ભાગ લેતા. 9 માર્ચ, 1943ના દિવસે 'શહીદ દિન'ની ઉજવણી. ગુસા પારેખની પોળ આગળ પોલીસો પર પથ્થરમારો. પોલીસના ગોળીબારથી ઘવાયા. રાત્રે હૉસ્પિટલમાં અવસાન. તેમના માનમાં બીજે દિવસે હડતાળ.

## રાવળ, શાંતિલાલ માણેકલાલ

શાંતિનગર સોસાયટી, અમદાવાદ.

વિદ્યાર્થી અવસ્થામાં રાષ્ટ્રીય ભાવના. ગાંધીવાદી. 1930માં શાળાનો ત્યાગ. પત્રિકા વહેંચતાં ધરપકડ. ત્રણ માસની કેદની સજા ભોગવી. 1942માં 9મી ઑગસ્ટે ભદ્રમાં યોજાયેલી સભામાં હાજરી આપી. ગુલામ રસુલ કુરેશીની સૂચનાથી કલોલ જઈ પત્રિકા છપાવી લાવ્યા. રેલવેના પાટા ઉખાડવાનો પ્રયાસ. દરિયાપુરના વૉર્ડનાયક રતિલાલ ધ્રુવે મોકલેલ બૉમ્બ ગૂજરાત વિદ્યાપીઠની પાછળ ગરનાળા પર મૂક્યો. ધડાકો. ગરનાળાને નુકસાન. લોહી વડે પ્રતિજ્ઞાપત્ર પર સહી કરી. પોતાને ઘેર રિવૉલ્વરો, કારતૂસ સાચવતા. બૉમ્બનાં રસાયણો પાસેના બંગલાના કમ્પાઉન્ડમાં સાચવતા. તે જરૂર પ્રમાણે પીયૂષકાંત ચૌધરી મંગાવી લેતો. સરસપુરમાં પોલીસના કૅમ્પ ઉપર શાંતિલાલ રાવળ, હરિલાલ ગૌદાની સહિત 6 યુવાનોએ બૉમ્બ નાખ્યો. તેમનાં શાંતિનગર સોસાયટીના બંગલે દરોડો. ધરપકડ. ખૂબ માર્યા. બૉમ્બની બાતમી કઢાવવા પાંચેક મિનિટ બરફની પાટ પર બેસાડ્યા. છેવટે છોડી મૂક્યા. ફરી વાર પકડાયા ને છૂટ્યા. સરસપુર કબ્રસ્તાન પાસેથી સાઇકલ ઉપર જતા પી.એસ.આઈ.ની સાઇકલને ટક્કર મારી, પાડી નાખી તેની રિવૉલ્વર અને કારતૂસો લઈને નાસી ગયા. પછી તે રિવૉલ્વર ફેંકી દીધી. અવસાન થયું છે.

## રાવળ, હરિલાલ માધવજી

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રાની લડતના ખબર મળતાં રંગૂનથી ધંધો છોડીને વતનમાં આવ્યા. શાહ ફૂલચંદભાઈની સરદારી હેઠળ ધ્રાંગધ્રાની લડતમાં કામ કર્યું. પોલીસોનો અમાનુષી માર સહન કર્યો. બૂટની એડીઓ ખાધી, દાંત પાડી નાંખ્યા, અસહ્ય મારને લીધે બેભાન થઈ ગયા. પાછળથી છોડી મૂકવામાં આવ્યા.

## રાંદેરિયા, ઝીણાભાઈ કાળીદાસ

રાંદેર, જિ. સૂરત.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લેવા માંડ્યો. સરકારે ધરપકડ વૉરન્ટ કાઢવા છતાં પકડાયા નહિ. રાંદેરમાં કાઢેલા સરઘસમાં એમના તથા સાથીઓના હાથમાંથી રાષ્ટ્રધ્વજ ખૂંચવી લઈ ધરપકડ. 6 મહિનાની કેદની સજા.

રૂક્ષ્મણીબહેન

## સાબરમતી આશ્રમ, અમદાવાદ.

1930ની ચળવળ દરમિયાન ભાદરણમાં શરૂ કરેલ છાવણીમાં મુકામ કરીને પરદેશી કાપડ વેચતી દુકાનો અને દારૂનાં પીઠાંઓ પર પિકેટિંગ કરવા જતાં તેમની ધરપકડ કરીને કેદની સજા કરવામાં આવી હતી.

## રૂપજી નઝરઅલી

જન્મ : જામનગર.

જામનગર પ્રજા પરિષદના અણનમ કાર્યકર. તેમણે ક્રાંતિકારી વિચારો ધરાવતા યુવાનોનું મંડળ રચેલું. તેઓ લડી લેવામાં માનતા હતા. અનેક કષ્ટો સહન કર્યાં છતાં લડતા રહ્યા. જામનગરની પ્રજાકીય લડતમાં તેમનું મહત્વનું યોગદાન હતું. તેઓ ઉદ્દામવાદી વિચારો ધરાવતા હતા.

## રૂપાણી, સાકરલાલ

રાજકોટ.

1932ની ધોલેરાની મીઠાની લડતમાં ભાગ લીધો. લડત માટે ફાળો ભેગો કરવા આફ્રિકા ગયેલા. લડતમાં મદદરૂપ થતા રહ્યા હતા.

રૂપાબહેન રણછોડદાસ રામજી

જન્મ : 3 ફેબ્રુઆરી, 1924. ભૂજ, જિ. કચ્છ.

1942ની 'હિન્દ છોડો'ની ચળવળમાં મહારાષ્ટ્રના અમલનેરમાં ગુપ્ત રીતે પત્રિકાઓ પ્રગટ કરતાં. 13-9-1942ના રોજ ધરપકડ. જેલવાસ. 28-7-1943ના રોજ જેલમાંથી મુક્તિ. કૉંગ્રેસના કાર્યકર.

## રૂપારેલ, જેઠાલાલ

જન્મ : 1905. વતન : કચ્છ. નિવાસ : મુલુંદ, મુંબઈ.

ખાદી ખાતામાં કામ કરતા હતા. દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજીની સાથે સાબરમતી આશ્રમથી 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. તે પછી મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## રૂપારેલિયા, જેરામભાઈ કરમશીભાઈ

જન્મ : 1916. કોઠારિયા, રાજકોટ.

રાજકોટ લડતમાં ભાગ લેવા માટે રાજ્યે જમીન-ખોરડાં જપ્ત કર્યાં. સૌરાષ્ટ્ર રાજ્યની રચના પછી પરત.

## રેવાબહેન આશાભાઈ

બનેજડા, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં બંદૂકના ગોદાથી તેમને ખભો, બરડો અને લમણામાં ઈજાઓ થઈ હતી.

## રેવાબહેન પુરુષોત્તમ

ઉંમર : 16 વર્ષ. આંકલાવ, જિ. આણંદ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના પ્રહારથી કેડમાં ઈજા થઈ હતી.

## રેવાશંકરભાઈ

શાહપુર, સૌરાષ્ટ્ર.

શાહપુરની સત્યાગ્રહ છાવણીના સેનાનાયક. 1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. શાહપુરમાં સભાને સંબોધીને ખારીમાં પડેલ મીઠું લઈને સવિનય કાનૂનભંગ કરવા લોકોને તૈયાર કર્યા. ખારી પહોંચવાના રસ્તામાં પોલીસો લોકોને ક્રૂરતાપૂર્વક મારતા હતા. રસ્તાના રણમેદાન ઉપર રેવાશંકરને આવતા જોઈ પોલીસોએ એકસામટી દસ-બાર લાકડીઓ મારીને તેમને પાડી દીધા. તેમણે ગાંધીજીના નામની દુહાઈ આપી શાંતિ જાળવવા લોકોને સમજાવ્યા. તેઓ ગ્રામજનોને ઉત્સાહ આપતા હોવાથી પોલીસો વધુ જોરથી, તેના ફડાકા દૂર સુધી સંભળાય, એટલા જોરથી મારવા લાગ્યા. કેટલીક લાઠીઓ ભાંગી ગઈ પણ લોકો ડગ્યા નહિ.

## રોહિણીબહેન

બારડોલી, જિ. સૂરત.

1930ની ચળવળ દરમિયાન ઓલપાડની છાવણીમાં રહી, ગંગાબહેન તથા હમીદાબહેન તૈયબજીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ દારૂતાડીનાં પીઠાંઓ પર પિકેટિંગ કરવા જતાં હતાં.

## રોહિતભાઈ ભાસ્કરરાય

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો અને ધરપકડ વહોરી લીધી. તેમણે ટૂંકો જેલવાસ ભોગવ્યો. પછી રાજ્યની સરકારે તેમને છોડી મૂક્યા.

# લ

## લક્ષ્મણભાઈ જીવાભાઈ

અમરેલી.

રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો અને તે માટે ધરપકડ વહોરી લીધી. તેમણે જેલવાસ ભોગવ્યો, તે પછી મુક્ત કરવામાં આવ્યા.

## લક્ષ્મણ સોમચંદ

અમદાવાદ.

1942ની લડતમાં પત્રિકાઓ રાખવા માટે નવેમ્બર, 1942માં શાહપુરમાંથી ધરપકડ. 3 માસની કેદ અને રૂ. 50 દંડ.

## લક્ષ્મીદેવીબહેન

સાબરમતી આશ્રમ, અમદાવાદ.

1930ની ચળવળ દરમિયાન ભાદરણમાં શરૂ કરેલ છાવણીમાં રહીને પરદેશી કાપડની દુકાનો તથા દારૂ વેચતાં પીઠાંઓ પર પિકેટિંગ કરવા જતાં. તેમની ધરપકડ કરીને કેદની સજા કરવામાં આવી હતી.

## લક્ષ્મીબહેન ડાહ્યાભાઈ

ચાંગા, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો, અને અનેક સ્ત્રીઓ ઘાયલ થઈ. તેમાં લાઠીના પ્રહારથી

તેમને ઢીંચણ ઉપર ઈજા થઈ હતી.

## લલ્લુભાઈ હિંમતભાઈ

નિવાસ : અંબાલી, વાડિયા, જિ. વડોદરા.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. કારાવાસ. અંબાલી પોલીસ થાણાનાં શસ્ત્રોની લૂંટમાં સક્રિય.

## લવજીભાઈ વાઘાજીભાઈ

ખેરવા, જિ. સુરેન્દ્રનગર.

1942ની લડતમાં ભાગ લીધો. 2 વર્ષની સજા થઈ. સાબરમતી જેલમાં સજા ભોગવી.

## લહેરી, કનુભાઈ જીવણદાસ

રાજુલા, જિ. અમરેલી.

વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય ભાવના. 1930ની લડત વખતે ધોલેરા છાવણી નીચે કામ કર્યું. સવિનય કાનૂનભંગ કરતાં ધરપકડ વહોરી જેલવાસ ભોગવ્યો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ધરપકડ અને જેલવાસ.
સ્વરાજ પછી સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય ચૂંટાયા. અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ. સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓની રચના.

## લાકડાવાળા, ધનસુખભાઈ ડાહ્યાભાઈ

## કડોદ, જિ. સૂરત.

1930ની ધારાસભાની ચૂંટણીના બહિષ્કાર વખતે દરબાર ગોપાળદાસની હાકલથી વાનરસેનામાં જોડાયા. પિકેટિંગ, લાઠીમાર ખાધો. સરકારી બાતમી મેળવવાનું અને રેંટિયો કાંતવાનું કામ કર્યું. 1933માં રંગૂન ગયા. ત્યાં જવાહરલાલ નહેરુના સન્માનમાં જોડાયા. 1940માં જાપાનની લડાઈને કારણે સ્વદેશ આવ્યા. હાથે કાંતેલા સૂતરનાં કપડાં પહેરતા. 1942માં જેમના પર ધરપકડ વૉરન્ટો હતાં તેમને છુપાવવાની પ્રવૃત્તિ કરી હતી. 1953માં કડોદ ગ્રામપંચાયતમાં ચૂંટાયા હતા. સ્વતંત્ર ભારતના અગ્રણી અર્થશાસ્ત્રી.

## લાખાણી, છબીલદાસ હીરાચંદ

જન્મ : 18 જુલાઈ, 1925. રાજકોટ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી.. 1942 : 'હિન્દ છોડો' લડત વખતે બે વખત અટકાયત અને મુક્તિ. ત્રીજી વાર ચર્ચિલનું સ્ટેચ્યૂ બાળતાં પકડાયા. 1 માસ અટકાયત. 3 માસની જેલની સજા. મુંબઈમાં વિદ્યાર્થી તરીકે 'સૌરાષ્ટ્ર હૉસ્ટેલ'ની સ્થાપના. સ્વરાજ બાદ રાજકોટ શહેર વિકાસ યોજનામાં પ્રોજેક્ટ અધિકારી. સામાજિક કાર્યકર.

## લાખાણી, રજબઅલી ગુલામઅલી

જન્મ : 22 જુલાઈ, 1919. કરાંચી.

વતન : લીંબડી, સૌરાષ્ટ્ર. 1938 : રાજકોટ સત્યાગ્રહ. કારાવાસ. 1941 : ઘોઘામાં
વ્યક્તિગત સત્યાગ્રહ. કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં. ભાવનગરમાં લડત. કારાવાસ. કાઠિયાવાડ રાજકીય પરિષદમાં સક્રિય. 1 જુલાઈ, 1946 : અમદાવાદ કોમી અથડામણોમાં મિત્ર વસંતરાવ હેગિષ્ટે સાથે શાંતિ સ્થાપવા ધસી ગયા. તોફાનીઓએ બંનેની હત્યા કરી.

## લાખાભાઈ વેસ્તાભાઈ

નિવાસ : વલવાડા (મહુવા), સૂરત.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. કારાવાસ. ભૂમિ નહેરમાં ગઈ. ખેતીનો નાશ. વળતર પણ મળ્યું નહિ.

## લાખિયા, ઉષાબહેન નટવરલાલ

અમદાવાદ.

1942ની લડતમાં સરઘસો તથા પત્રિકા વહેંચવામાં સક્રિય ભાગ લીધો. પ્રીતમનગરમાં ઘરની જડતી. 500 કૉંગ્રેસપત્રિકા અને

વાંધાભર્યું સાહિત્ય મળ્યું. 6 માસની સખત કેદની સજા.

## લાખિયા, કંચનલાલ મોહનલાલ

નિવાસ : ડભોઈ, જિ. વડોદરા.

શાળાકાળમાં પ્રભાતફેરી, પિકેટિંગમાં સક્રિય. વડોદરા રાજ્ય પ્રજામંડળમાં સક્રિય. 1943 : કારાવાસ. ખાદીભંડારમાં સેવા.

## લાખિયા, રજનીકાન્ત નટવરલાલ

જન્મ : 1924. અમદાવાદ.

લડત દરમિયાન ગુજરાત કૉલેજના વિદ્યાર્થી. 1942ની ચળવળમાં સરઘસોમાં જોડાતા, પત્રિકાઓ વહેંચતા, કાર્યકરોને ગુપ્ત રાખતા, વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા. 18 નવેમ્બર, 1942ના રોજ પત્રિકા રાખવાના ગુના હેઠળ ધરપકડ. 6 માસની અટકાયત.

## લાઠી, હરિલાલભાઈ મૂળશંકર

હળવદ, જિ. સુરેન્દ્રનગર. મુંબઈમાં ઘાટકોપર નિવાસી.

ધ્રાંગધ્રાની લડત વખતે વઢવાણથી સત્યાગ્રહ માટે બીજી ટુકડી નીકળી તેના તેઓ સરદાર. પોલીસે પકડી ખૂબ માર માર્યો. ધ્રાંગધ્રાની સેન્ટ્રલ જેલમાં પૂરી રાખવામાં આવ્યા. જેલમાં પણ રાજ્યે તેમની ઉપર જાતજાતના સિતમો ગુજાર્યા. જેલનો ખોરાક અને ત્રાસને કારણે શરીર ભાંગી પડ્યું. થોડા સમય બાદ અવસાન.

## લાભશંકર નાનજી

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર.

1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લીધો. 21-12-1931ના રોજ ધ્રાંગધ્રાની લડતની ત્રીજી માસિક તિથિએ ફૂલચંદ શાહની સૂચનાથી, રંગૂનથી આવેલા હરિલાલ માધવજી રાવલની સરદારી હેઠળ ચોથી ટુકડીમાં વઢવાણથી નીકળ્યા. તે ટુકડીના બધા સત્યાગ્રહીઓને ખોડુ ગામના સીમાડે પકડી લીધા. લાભશંકરને તારવી લઈ ધ્રાંગધ્રા જેલમાં લઈ ગયા. તેને માર મારી, દંડા બેડી પહેરાવી એકાંત અંધારી ઓરડીમાં પૂરી દીધા.

## લાલજી

સુરેન્દ્રનગર.

એક અજ્ઞાત સત્યાગ્રહી સૈનિક. કોઈનો લાડકવાયો ! ગરીબ માબાપનો પુત્ર. વિરમગામ સત્યાગ્રહ (1930-32) વખતે આબકારી ખાતાના અમલદારોને હાથે ખૂબ ટીપાયો. માર ખાધા પછી અર્ધબીમારીની અવસ્થામાં જેલમાં ગયો. ત્યાં બીમારી વધી. જેલમાંથી બહાર નીકળ્યો ત્યારે બીમાર હતો. છાવણીના સંચાલકોએ તેની સંભાળ લીધી. મુંબઈની હરકિસનદાસ હૉસ્પિટલમાં દાખલ કર્યો. આઠ મહિના પથારીવશ રહ્યા પછી માતૃભૂમિનું અને વતનમાં રહેલાં માતાપિતાનું રટણ કરતાં એણે પ્રાણ છોડ્યા. એ દેશ માટે શહીદ થયો.

## લાલજીભાઈ કાળાભાઈ

રાજકોટ. અભ્યાસ : ધોરણ 4.

મજૂર સંગઠનમાં કામ કર્યું હતું. રાજકોટની લડતમાં સક્રિય ભાગ લેતાં તેમની ધરપકડ કરવામાં આવી અને તેમણે ટૂંકો જેલવાસ ભોગવ્યો. તેમનું નિધન થયેલ છે.

## લાલજી હરગોવિંદ

મુંબઈ.

1930ની સવિનય ભંગની હિલચાલમાં ભાગ. જુલાઈ 2, 1930ના દિવસે મુંબઈમાં બોરીબંદર પાસે પ્રભાતફેરીના સરઘસ પર પોલીસના લાઠીમારમાં ઘવાયા અને તે જ દિવસે અવસાન પામ્યા.

અવસાન : 2 જુલાઈ, 1930.

## લાલા, અર્જુનલાલ ભોગીલાલ

જન્મ : 21 જુલાઈ, 1900. ઓલપાડ, જિ. સૂરત.

કાર્યક્ષેત્ર : અમદાવાદ. હોમરૂલ ચળવળ વખતે રાજ્યસભાના સ્વયંસેવક દળના કૅપ્ટન થયા. 1921માં અમદાવાદમાં કૉંગ્રેસના અધિવેશન વખતે સ્વયંસેવક દળના કૅપ્ટન. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ, 6 માસની સજા. 1927માં ગુજરાતમાં રેલસંકટ દરમિયાન રાહતકાર્ય. 1930 : મીઠાના કાયદાનો ભંગ. વિરમગામમાં ધરપકડ, 6 માસની સજા. 1932માં ધરપકડ, વિસાપુર જેલમાં અટકાયત. 1931થી 1945 : અમદાવાદ શહેર કૉંગ્રેસ સમિતિના મંત્રી. 1935થી 1947 : ગુજરાતમાં દારૂબંધીના મુખ્ય નિયામક. 1941ના કોમી હુલ્લડો વખતે કોમી એકતા સ્થાપવા 'લોકસેના' સ્થાપી. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લઈ 1 વર્ષની જેલ ભોગવી. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેતાં ધરપકડ. 2 વર્ષની અટકાયત નાશિક જેલમાં. 1952થી 1957 : મુંબઈ રાજ્યની વિધાન પરિષદમાં કૉંગ્રેસના સભ્ય. લોકસેવાનાં અનેક ક્ષેત્રોમાં સક્રિય.

અવસાન : 6 ફેબ્રુઆરી, 1957, અમદાવાદ.

## લાલા, ગુલાબબહેન ભોગીલાલ

અમદાવાદ.

જાણીતા કૉંગ્રેસ કાર્યકર લાલાકાકા–ભોગીલાલ લાલાનાં પત્ની. 1930થી સભા, સરઘસ, વિદેશી કાપડની દુકાનો પરના પિકેટિંગમાં મોખરે રહેતાં હતાં. ત્રણ દરવાજા પાસે મુસ્લિમ દુકાનો પર પિકેટિંગ કરવાની જવાબદારી તેમણે પાર પાડી હતી.

## લાલા, ભોગીલાલ ધીરજલાલ (લાલાકાકા)

જન્મ : 6 ડિસેમ્બર, 1877. અમદાવાદ.

1901 : એલએલ.બી., વકીલાતનો વ્યવસાય. 1920 : ગાંધીજીની હાકલ પડતાં વકીલાત છોડી. 1930 : સવિનય ભંગ આંદોલન, કારાવાસ. 1932 : કારાવાસ, વિસાપુર જેલમાં. 1942 : 'હિન્દ છોડો' આંદોલન, નાશિકમાં બંદી. 1937-50 : મુંબઈ ધારાસભાના સભ્ય. 1956-61 : ધારાપરિષદના અધ્યક્ષ.

અવસાન : 30 ઑગસ્ટ, 1965.

## લાલાજી, સાકરલાલ જગુભાઈ

જન્મ : 1917માં વલસાડ જિલ્લાના વેસમામાં.

1930ની વાનરસેનાની બાલાજીની ટુકડીના તેઓ અગ્રણી. વાનરસેના પરિષદમાં તેમણે કાર્યકર- સ્વયંસેવક તરીકે સારી સેવા આપી. પિકેટિંગ અને બીજી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ લાઠીમાર ખાધો. લોકઅપમાં પણ રહ્યા.

## લિંબચિયા, ચૂનીલાલ રણછોડદાસ

માંડવી, જિ. સૂરત.

1930થી કૉંગ્રેસની પ્રવૃત્તિઓમાં ભાગ. 1938માં હરિપુરા કૉંગ્રેસમાં સ્વયંસેવક તરીકે સેવા. 1941માં માંડવીમાં વ્યક્તિગત સત્યાગ્રહ કરી, 2 માસની સજા ભોગવી. 1942ની ચળવળમાં પણ સક્રિય સાથ. આજીવિકાના અભાવે ગરીબાઈમાં જીવન વિતાવ્યું.

અવસાન થયેલ છે.

## લિંબચિયા, મંગળભાઈ ત્રિભોવન

જિ. ભરૂચ.

1930માં લડત વખતે પત્રિકાઓ એક ગામથી બીજે ગામ લઈ જતાં ધરપકડ. 6 માસની જેલ વેઠી. 1942માં ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયા. 1947 સુધી પોલીસ પકડવા મથી પણ તેઓ છેક સુધી ભૂગર્ભમાં જ રહ્યા.

## લીલાવતીબહેન

ચાંગા, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની લડતમાં

ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો, તે વખતે નીકળેલા મહિલાઓના સરઘસ પર બેફામ લાઠીચાર્જ કરવામાં આવ્યો તેમાં અનેક બહેનો ઘાયલ થઈ હતી. તેમાં તેમને લાઠીના પ્રહારથી બરડા ઉપર ઈજા થઈ હતી.

## લુહાર, ઠાકોરભાઈ રામજીભાઈ

નિવાસ : સૂરત.

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. 13 મહિના કારાવાસ. કઠોર પરિશ્રમ. 1944 : પુનઃ કારાવાસ. 7 મહિના કારાવાસ. એકત્ર 2 વર્ષ કારાવાસ.

લુહાર, ત્રિભોવનદાસ પુરુષોત્તમદાસ (કવિ સુન્દરમ્)

જન્મ : 22 માર્ચ, 1908. માતર, જિ. ભરૂચ.

1925 : છોટુભાઈ પુરાણીની રાષ્ટ્રીય શાળામાં અભ્યાસ. વધુ અભ્યાસ માટે ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ. 1929 : વિદ્યાપીઠના સ્નાતક. 1930 : સત્યાગ્રહમાં ભાગ લેતા બે વાર કારાવાસ. 1934-45 : 'જ્યોતિસંઘ', અમદાવાદમાં કાર્યકર. કાવ્યરુચિ, પુસ્તકલેખન. 1945 : પોંડિચેરી(પુદુચેરી)

શ્રી અરવિંદ આશ્રમમાં 'દક્ષિણા' ત્રૈમાસિકનું સંપાદન. ગુજરાતના પ્રસિદ્ધ કવિ.

અવસાન : 13 જાન્યુઆરી, 1991.

## લોખંડવાળા, યાહ્યાભાઈ અકબરઅલી

જન્મ : 9 માર્ચ, 1916. ગોધરા, જિ. પંચમહાલ.

1934 : ગોધરા સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેતાં 6 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ લેતાં 2.5 વર્ષ અટકાયત. ગુમાસ્તા, યુવક, ભંગીશ્રમિક આદિ મંડળોમાં સક્રિય. સમાજસેવા. સમાજવાદી વિચારસરણી. વ્યવસાય : મુદ્રક.

# વ

## વકીલ, જીવરાજ લીલાધર

ધ્રોળ, જિ. જામનગર

ધ્રોળ રાજ્યના જુલમો સામે ઝઝૂમ્યા. ધ્રોળ સત્યાગ્રહમાં ભાગ લીધો અને ઘણો ત્રાસ વેઠવો પડ્યો.

## વકીલ, ડાહ્યાભાઈ

સોજિત્રા, જિ. ખેડા.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન લડત અંગેના સમાચાર મેળવવા, પત્રિકાઓ લખવી, છપાવવી, આસપાસનાં ગામોમાં વહેંચવી વગેરેની વ્યવસ્થા કરવામાં તેમણે મુખ્ય ભાગ ભજવ્યો હતો.

## વકીલ, મોતીબહેન મૂળજી

વતન : નળિયા, કચ્છ.

પતિ મુંબઈમાં વકીલ. મોતીબહેન મહિલા-પ્રવૃત્તિમાં સક્રિય. 1930 : મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. ખારમાંથી ગિરફતાર. પોણા બે માસની કેદની સજા ભોગવી. મુંબઈના ખાર વિસ્તારમાં રાષ્ટ્રીય ચળવળનાં અગ્રણી.

## વખારિયા, નૌતમલાલ વલ્લભદાસ

અમદાવાદ.

1937-38માં દેશી રજવાડાંઓના જુલમ સામે સત્યાગ્રહ કરવાનું એલાન. તેમણે રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. સખત લાઠીમાર ખાધો. કાયમી અપંગતા વહોરી લીધી અને

કાયમ મુશ્કેલીઓ વેઠી.

## વખારિયા, પ્રભુદાસ નાગજી (વકીલ)

જન્મ : 1898. જૂનાગઢ.

જૂનાગઢની નવાબશાહી તરફથી લોકોને થતા અન્યાયો સામે લડતા રહ્યા. 1930ની મીઠાની લડતમાં ફાળો કરીને સહાયભૂત થયા. જૂનાગઢ પ્રજામંડળના અગ્રણી. ડૉ. ખંઢેરિયાના ખૂનના બનાવથી સરઘસ નીકળ્યું. તેમાં આગેવાની. ધરપકડ. જૂનાગઢની જેલમાં અમાનુષી ત્રાસ ભોગવ્યો. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો.

અવસાન : 1973.

## વગેલા, નરસિંહ મલજીભાઈ

ડુંગરી, તા. ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય હતા. ટીટાભાઈ હઠીલા અને દલાભાઈ વાલાભાઈ સિંગાડાની સાથે જઈને જાફરપુરા તથા ફૂલપુરાના ચોરા બાળેલા. પોલીસે તેમની ધરપકડ કરી કેસ કર્યો. જેલની સજા ભોગવી હતી.

## વજા, આભા

હાલોલ, જિ. પંચમહાલ.

1932માં સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન માદર ગામે મેળામાં સરકાર વિરુદ્ધ 'પંચમહાલ જિલ્લા પત્રિકા' વહેંચવા માટે ધરપકડ. 5 માસની કેદની સજા અને રૂ. 50 દંડ અને દંડ ન ભરે તો 1 માસની વધુ સજા.

## વડોદરિયા, ગુણવંતરાય

જન્મ : 7 ઑગસ્ટ, 1925. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. રચનાત્મક પ્રવૃત્તિ. ખાદી ફેરી, પ્રૌઢશિક્ષણમાં ભાગ લીધો. અભ્યાસ છોડ્યો. આઝાદીના સંદેશાનો પ્રચાર કર્યો. પોસ્ટરો અને પત્રિકાઓ વહેંચ્યાં. 'ક્રાંતિ પત્રિકા' ગુપ્ત રીતે જુદાં જુદાં ગામોમાં વહેંચતા. ભૂગર્ભપ્રવૃત્તિમાં રતુભાઈ અદાણી સાથે જોડાયા. વેશપલટો કરતા. ભાંગફોડનાં કાર્યોમાં જોડાયા. રાત્રે ટ્રેનમાંથી થાન સ્ટેશને ઊતરી ત્રણેક માઈલના વિસ્તારમાં તારના થાંભલા પાડ્યા. બોટાદની સ્કૂલમાં લશ્કરમાં ભરતીનો પ્રચાર થતો હોવાથી પથ્થરમારો કરી કાર્યક્રમ બંધ કરાવ્યો. મહેન્દ્રભાઈ મેઘાણી સહિત ગુણવંતભાઈની ધરપકડ. ત્યાર બાદ છોડી મૂક્યા. ફરી ધરપકડ. થોડા દિવસ બાદ 30-10-1942ના રોજ મુક્તિ. સામાજિક કાર્યકર. બૅંકોમાં ડિરેક્ટર. સૌરાષ્ટ્ર ચૅમ્બર ઑવ્ કૉમર્સના હોદ્દેદાર. લઘુતમ વેતન સલાહકાર સમિતિના સભ્ય.

## વઢિયા, દયાળભાઈ હરિદાસ

પોરબંદર.

'સરદારના' હુલામણા નામે ઓળખાતા. ફેરી ફરીને નિર્વાહ ચલાવતા. ગીતો લલકારી લોકચેતનાનું કાર્ય. યુવાનોનું સંગઠન. દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગના કાર્યક્રમો યોજતા. પોતે સખત માર ખાધેલ. 1930 : મીઠાની લડત વખતે પોરબંદરની સત્યાગ્રહની ટુકડીમાં ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લીધો. વિદેશી કાપડની બહિષ્કારની લડતમાં માર ખાધો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે હોઝિયરી મિલમાંથી યુદ્ધ માટે કાપડ મોકલવાના સમાચાર મળતાં પોરબંદરના ડેક ઉપર વિરોધ. પોલીસે માર મારી લોહીલુહાણ કર્યા. રાણાવાવની જેલમાં– અંધારી કોટડીમાં 8 માસની કેદ.

## વઢિયા, નારણભાઈ ભવાનભાઈ

પોરબંદર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે પોરબંદર રાજ્યે ભારે સિતમ ગુજાર્યો, તેના ભોગ બન્યા.

ધરપકડ માટે વૉરંટ નીકળતાં પોરબંદર છોડીને પુણે ગયા. ત્યાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. પોરબંદરમાં આવેલ તેમની દુકાન પોલીસોએ તોડી નાખી. ધંધો પડી ભાંગ્યો. હાલ નિવૃત્ત.
વણકર, કલ્યાણભાઈ દલપતભાઈ
રસિકપુરા, જિ. ખેડા.
1930માં મીઠા-સત્યાગ્રહમાં સક્રિય. ધરપકડ. કારાવાસ.

## વણકર, રામજીભાઈ

જન્મ : 1885. નિવાસ : અમદાવાદ.

બાર વર્ષથી આશ્રમમાં જોડાયેલા. દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક. ગાંધીજીની સાથે સાબરમતી આશ્રમથી 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. તે પછી મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## વણીકર, પાંડુરંગ ગોવિંદ

જન્મ : 1895. સોનગઢ. કાર્યક્ષેત્ર : દાહોદ.

મૅટ્રિક પાસ. મુંબઈમાં ઇન્ટર સુધી. 1921માં શ્રીકાન્ત સાથે અસહકારની ચળવળમાં ભાગ લીધો. 1923માં દાહોદમાં ઠક્કરબાપાએ સ્થાપેલ ભીલ સેવા મંડળમાં જોડાયા. 1930, 1932 અને 1942માં રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લઈને જેલમાં ગયા. દાહોદના ભીલ સેવા મંડળના મંત્રી. આદિવાસીઓની સેવા માટે જીવન સર્મપણ.
અવસાન : 12 ઑગસ્ટ, 1963.

## વરુ, સુરગભાઈ

નાગેશ્રી, જિ. અમરેલી. અભ્યાસ : બી.એ., એલએલ.બી..

વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રભક્ત. રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય. દીવ સત્યાગ્રહમાં ભાગ લીધો. જૂનાગઢની આરઝી હકૂમત વખતે છાયા પ્રધાન મંડળમાં મંત્રી હતા. વતન બાબરિયાવાડ નવાબી હકૂમત નીચે હતું તેને મુક્ત કર્યું અને થાણા ઉપર ત્રિરંગી ધ્વજ ફરકાવ્યો. સ્વરાજપ્રાપ્તિ બાદ વિકાસનાં કાર્યો. 1952-’57 સૌરાષ્ટ્ર અને પછી મુંબઈની વિધાનસભાના સભ્યપદે. સામાજિક સેવા.
નિધન થયેલ છે.

## વરુ, સુરગભાઈ કાળુભાઈ

વતન : જૂનાગઢ.

બી.એ., એલએલ.બી.. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો. તેઓ લશ્કર અને સૈન્યનું દફ્તર સંભાળવા નિયુક્ત થયા હતા. આરઝી હકૂમતના 6 પ્રધાનોમાં એક.

## વર્મા, છગન ખેરાજ

જન્મ : 1865. વતન : પોરબંદર. લોહાણા.

ઘણાં વર્ષો જાપાનમાં રહ્યા. ‘હુસેન રહીમ’ નામે ભાગી છૂટેલા. જ્યારે તેને 1910માં કૅનેડામાં પકડવામાં આવ્યા ત્યારે પોલીસ અધિકારીને કહ્યું, You drive us Hindus out of Canada and we will drive every white man out of India. તે વાનકુંવરમાં સભાઓ ભરી સાથીઓને કહેતા, ‘આપણું ઘર (ભારત) મુક્ત ન હોય ત્યાં લગી કશું વળવાનું નથી.’ હુસેન બધી સભાઓમાં પ્રમુખસ્થાને રહેતા, ‘ગદર’ ચળવળ સાથે તેમનો ગાઢ સંબંધ. ‘ગદર’ અખબારની ગુજરાતી આવૃત્તિનું તંત્રીપદ સંભાળતા. 1914માં કૅનેડામાં તેમની ધરપકડ થઈ. સખત સજા થઈ.

## વર્મા, નિરંજનભાઈ માવલજી

જન્મ : 1917. વાંકાનેર.

અભ્યાસ : વિનીત. દક્ષિણામૂર્તિ, ભાવનગર. વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રભક્ત. 1933માં મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. અટકાયત. 3 માસની જેલ સાબરમતીમાં. દેશી રાજ્યો સામેની લડતમાં ભાગ લીધો. 1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે ભૂગર્ભ-પ્રવૃત્તિ. બૉમ્બ બનાવવાની

પ્રવૃત્તિ. પુલો તોડવાની પ્રવૃત્તિ. ભૂગર્ભવાસ દરમિયાન ઈજા થઈ તેમાંથી પ્લુરસી અને ટી.બી.નો રોગ થયો. લેખક.

## વર્મા, લાજપતરાય હેમરાજ

જન્મ : 14 ફેબ્રુઆરી, 1908. પશ્ચિમ પંજાબ.

શિક્ષણ : મૅટ્રિક. 1920 : બ્રિટિશ ધ્વજને વંદન કરવા ના પાડી. માર ખાધો. કારાવાસ. 1927 : ભરૂચ વ્યાયામપ્રવૃત્તિમાં સક્રિય. વાગરામાં 10 હજાર સેવકો સાથે મીઠા-સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. ભરૂચમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. માર. 1 વર્ષ અને 6 મહિના કારાવાસ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. વાગરાથી ધરપકડ. 1942 : 'હિન્દ છોડો' સત્યાગ્રહ. 4 વર્ષ ભૂગર્ભવાસ. પકડવા માટે સરકારે ઇનામો ઘોષિત કર્યાં. 1946 : મુંબઈમાં પવાઈમાં નિવાસ. ખેતીવાડી.

## વશી, કમુબહેન અંબાલાલ

નિવાસ : મટવાડ, વલસાડ.

કતાર બેઝિક ટ્રેનિંગ કૉલેજમાં અભ્યાસ. 1942 : દરમિયાન આંદોલનમાં પ્રવેશ. સભા-સરઘસ. 6 મહિના કારાવાસ. કરાડી આશ્રમ. ખાદીકામ, હરિજન સેવા. બીજાં રચનાત્મક કાર્યો. કસ્તૂરબા મહિલા વિદ્યાલયનાં સંચાલિકા, ગૃહમાતા.

## વશી, કુસુમબહેન ભીમભાઈ

જન્મ : 1910. આંટિયાફળિયા, તા. મહુવા, જિ. સૂરત.

અભ્યાસ : ધોરણ 5. પતિ ભીમભાઈ સાથે પૂણી, તા. પલસાણામાં નિવાસ. પતિ સાથે 1925માં ખાદી અને રચનાત્મક કાર્ય. 1928 : બારડોલી સત્યાગ્રહ દરમિયાન એમના ભુવાસણના આશ્રમમાં આગેવાન. તે સમયે 11 ગામોની સંભાળ રાખવા વાઘેચ ગામે સરદારશ્રીની સૂચનાથી રહ્યાં. 1930ની લડત વખતે પતિની ધરપકડ પછી રચનાત્મક કામ ચાલુ. માંગરોળિયા ગામે પિકેટિંગ કરતાં ધરપકડ. 6 મહિનાની કેદની સજા. ખેડૂત પરિષદ અંગે 2.5 વર્ષની સખત કેદની સજા. મુક્તિ બાદ બારડોલી આશ્રમની પ્રવૃત્તિઓમાં જોડાયાં.

## વશી, ગુલાબભાઈ હરિભાઈ

જન્મ : તલંગપોર, તા. ચોર્યાસી, જિ. સૂરત

રાંદેરની મ્યુનિસિપલ પ્રાથમિક શાળાના આચાર્ય હતા. 1932ની ચળવળ દરમિયાન એમની શાળામાં વારંવાર છોકરાઓ હડતાળો પાડતા, સૂત્રો પોકારતા, શાળા ઉપર રાષ્ટ્રધ્વજ ચડાવતા. આ બધાની જવાબદારી આચાર્યની સમજીને તેમની ધરપકડ થઈ. તેમને ધમકાવી, માફી લખાવી લેવા અને જવાબદારી સ્વીકારી લેવા દબાણ. છતાં તેઓ મક્કમ રહ્યા અને માફી માગી નહિ. ટૂંકો જેલવાસ ભોગવ્યો.

વશી, છગનભાઈ ઝીણાભાઈ (ડૉક્ટર)

જન્મ : 1 ઑગસ્ટ, 1924. દેસાડ, તા. ગણદેવી.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં અભ્યાસ છોડી શાળા-કૉલેજોમાં હડતાળો પડાવવી, પટેલો-તલાટીઓ તથા બીજા સરકારી નોકરોનાં રાજીનામાં મેળવવાં વગેરે પ્રવૃત્તિમાં સક્રિય. પછી ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિયપણે જોડાયા. ટેલિફોનના તાર કાપવામાં નિષ્ણાત. ધરપકડ. ત્રણ મહિનાની કેદની સજા, પરન્તુ જેલમાં જગ્યા ન હોવાથી છોડી દીધા. તે પછી અભ્યાસ કરી, એલ.એમ.પી. અને એમ.બી.બી.એસ. થયા.

## વશી, ધીરુભાઈ રણછોડજી

જન્મ : આશરે 1921. કછોલી, તા. ગણદેવી.

1939માં મૅટ્રિક પાસ થયા. અમલસાડમાં સાર્વજનિક હાઈસ્કૂલમાં શિક્ષક. 1942માં 'હિન્દ છોડો' આંદોલન શરૂ થતાં નોકરીમાંથી

રાજીનામું. લડતમાં જોડાઈ ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ. ગામેગામ સ્કૂલનાં તથા ઉતારાનાં દફતરો બાળ્યાં. કછોલીથી ઠાકોરભાઈ ખંડુભાઈ નાયક તથા ઠાકોરભાઈ છીપાભાઈ સાથે પુણે જઈ 15 ઑગસ્ટ, 1943ની આગાખાન કૂચમાં ભાગ લીધો. ધરપકડ. 15 દિવસ યરવડા જેલમાં. સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ પ્રગતિશીલ ખેડૂત.

## વશી, બાપુભાઈ નારણજી

જન્મ : પીપલગભાણ, તા. ચીખલી, જિ. વલસાડ.

1928માં બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930માં સ્નેહરશ્મિ સાથે રહીને 'સત્યાગ્રહ પત્રિકા'નું કામ કર્યું. ચીખલી તાલુકામાં પ્રવૃત્તિ શરૂ કરી. રાનકૂવાથી તેમની ધરપકડ. સૂરત જેલમાં. 1942માં ધરપકડ. એમની સામે બૉંબ કાવતરા કેસ મુંબઈમાં થયો. લાંબો સમય લૉકઅપમાં રાખ્યા. જેલ ભોગવી. 1932-33માં મુંબઈમાં 1 વર્ષની સજા થઈ. 1942માં ફરીથી ધરપકડ થઈ હતી. 32 મહિનાની સજા થઈ. ગાંધીજી, મહાદેવભાઈ, સરદારશ્રી, નરહરિભાઈ પરીખ વગેરે સાથે પત્રવ્યવહાર કરતા. શિક્ષક. અવસાન થયું છે.

## વશી, બાલુભાઈ ઝીણાભાઈ

જન્મ : 1922. દેસાડ, તા. ગણદેવી.

મૅટ્રિક પાસ થયા. 1942ની ચળવળ શરૂ થતાં પાટણ આયુર્વૈદિક કૉલેજ છોડી. કૉલેજ બંધ કરાવવા પ્રયાસ. તેમાં સફળ. વતનમાં આવી ગણદેવીમાં ચાલતી પ્રવૃત્તિઓમાં જોડાયા. ઑક્ટોબર, 1942માં અમદાવાદમાં ગુજરાતના ભૂગર્ભ કાર્યકર્તાઓની મીટિંગમાં હાજરી. ત્યાં ધરપકડ. સાબરમતી જેલમાં, પછી નાશિક જેલમાં અટકાયત. આદિવાસી વિસ્તારમાં દવાખાનાં ખોલી માનદ સેવા.

## વશી, ભગવાનજી ડાહ્યાભાઈ

જન્મ : 1911. કછોલી, તા. ગણદેવી.

કછોલી અને અમલસાડની રાષ્ટ્રીય શાળામાં અભ્યાસ. મૅટ્રિક સુધી. ગણદેવી હાઈસ્કૂલમાં અભ્યાસ. 1930ની ચળવળ શરૂ થતાં ધરાસણાની છાવણીમાં જોડાયા. તે છાવણી પોલીસે વિખેરી નાખવાથી મુંબઈ પાસે વડાલાના મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ. વરલીની જેલમાં પૂર્યા. થોડા દિવસ બાદ જેલમુક્ત. સેવાદળની તાલીમ લીધી. 1932માં ફરી લડત શરૂ થતાં જલાલપોર, નવસારી વગેરે સ્થળે છાવણીમાં લડતનું કામ કર્યું. બોરસદ તાલુકાના આંકલાવ ગામેથી ધરપકડ. 6 માસની સખત કેદની સજા. 1942ની લડતમાં નવસારીમાં રહીને ભાંગફોડમાં ભાગ લીધો.

અવસાન : જૂન, 1974.

## વશી, ભીમભાઈ અખ્ખુભાઈ

જન્મ : 3 મે, 1900. પૂણી, તા. બારડોલી, જિ. સૂરત.

1920માં હાઈસ્કૂલનો અભ્યાસ છોડી અસહકારની લડતમાં જોડાયા. રાષ્ટ્રીય શાળામાં શિક્ષક. તે પછી સ્નાતક સુધીનો અભ્યાસ. 1925 : સરભોણ આશ્રમમાં ખાદી, સમાજસેવા, માંદાની સારવાર. 1928 : બારડોલી સત્યાગ્રહમાં વાઘેચ ગામે છાવણી નાખી આસપાસનાં ગામોમાં પ્રવૃત્તિ. 1930માં 100 રાનીપરજ સૈનિકોની સરદારી લઈ, ભીમરાડ ગામે મીઠું લૂંટ્યું. ધરપકડ અને 6 માસની કેદ, 100/- રૂપિયા દંડ. છૂટ્યા પછી બારડોલીના અરગટ વિભાગમાં પ્રવૃત્તિ, ધરપકડ. ફરી છ માસની કેદ અને રૂ. 100/- દંડ. દંડ વસૂલ કરવા 8 વીઘાંની વાડી સરકારે જપ્ત કરી. 1931માં બે પટેલોનો બહિષ્કાર. ધરપકડ. 6 માસની કેદ, રૂ. 100/- દંડ. 1932માં શિકેર ગામે ખેડૂત પરિષદ ભરી, તે

માટે 2.5 વર્ષની કેદ. 1934 : બારડોલી આશ્રમમાં રહીને સરદાર પટેલના મંત્રી તરીકે ચાર વર્ષ કામ કર્યું. તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી.

## વશી, લલિતાબહેન કલ્યાણજી

વતન : પૂણી, તા. પલસાણા, જિ. સૂરત.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેવાને કારણે સરભણ કન્યાશાળાનાં મુખ્ય શિક્ષિકાના હોદ્દા પરથી તેમને બરતરફ કરવામાં આવ્યાં. આઝાદી મળ્યા પછી આ નોકરી પાછી મળી હતી. ત્યાર બાદ નાદુરસ્ત તબિયતના કારણે પેન્શન પર ઊતરી ગયાં.

## વસંતકુમાર રતિલાલ

જન્મ : 1922. વતન : રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. રાજકોટ સેન્ટ્રલ જેલમાં 4 માસની કેદ ભોગવી.

## વસંતરાય શાંતિલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ વહોરી લીધી. ટૂંકો જેલવાસ ભોગવ્યા બાદ ભાવનગર રાજ્યે મુક્ત કર્યા.

## વસંતલાલ ચીમનલાલ

ચૂડા, જિ. સુરેન્દ્રનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. ચાર માસ જેલની સજા ભોગવ્યા પછી મુક્તિ મળી.

## વસંતલાલ પ્રભુલાલ

વતન : રાજકોટ.

વિદ્યાર્થી તરીકે રાષ્ટ્રીય રંગે રંગાયા. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં 4 માસની જેલ થઈ.

## વસા, શાંતિલાલ

જન્મ : 1922. વતન : જામનગર.

આફ્રિકા હતા ત્યારે 'જ્યોત' માસિક શરૂ કર્યું. તે સરકારે જપ્ત કર્યું. જામનગરની લડત વખતે જામનગરની જોહુકમી સામે વર્તમાનપત્રોમાં લેખો લખતા. તેથી તેમની ધરપકડ થઈ. 1 વર્ષની સજા ફરમાવવામાં આવી. ત્યાર પછી 'પડઘા' નામનું પત્ર શરૂ કર્યું. રાજ્યે તેના પર પ્રતિબંધ મૂક્યો. 1942ની લડત દરમિયાન ધરપકડ થઈ. 3 વર્ષની જેલ થઈ.

## વસાવડા, ઇંદુરાય જાદવરાય

જન્મ : 1866 આશરે. જૂનાગઢ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી.. 1921થી ગાંધીવિચારની અસર નીચે. હરિજનસેવક. એમનું ઘર સાર્વજનિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર. હરિજનોને પોતાને ઘેર નોતરતા. જૂનાગઢ પ્રજામંડળના અગ્રણી. પ્રજામંડળની લડત વખતે તેમની ધરપકડ. જેલમાં ભારે અમાનુષી ત્રાસ. તેમની ઇનામી જમીન રાજ્યે છીનવી લીધી. જૂનાગઢ રાજ્યમાંથી છ વર્ષ માટે હદપાર.

અવસાન : 23 ડિસેમ્બર, 1956.

## વસાવડા, ઉત્તમકુમાર

જૂનાગઢ.

જૂનાગઢ રાજ્યે પાકિસ્તાન સાથે જોડાણ કર્યું ત્યારે રાજ્યે તેમને હદપારનો હુકમ કરીને જૂનાગઢમાંથી દૂર કર્યા હતા.

## વસાવડા, પૃથુરાવ હરિલાલ

જન્મ : 1886. જૂનાગઢ. અભ્યાસ : બી.એ., એલએલ.બી..

મુંબઈમાં જૂનાગઢ પ્રજામંડળના પ્રમુખપદે રહીને જૂનાગઢ રાજ્યમાં લોકોને થતા અન્યાયો સામે લડત અપાવનારામાંના અગ્રણી. 1924-

25માં નવાબે લક્ષ્મીનારાયણ મંદિર બંધ કરાવ્યું, તેની સામે લડત આપી. 1945માં જૂનાગઢ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે ન્યાયી કામગીરી કરવા જતાં હોદ્દો છોડવો પડ્યો. આરઝી હકૂમતમાં મદદરૂપ થયા. નવાબી રાજ્ય ગયા પછી, જૂનાગઢની હાઈકોર્ટના ન્યાયાધીશ નિમાયા. નીડર. નવાબી રાજ્યના અન્યાયોના વિરોધી.

અવસાન : 4 જુલાઈ, 1970. મુંબઈ.

## વસાવડા, શ્યામપ્રસાદ રૂપશંકર

જન્મ : 16 ફેબ્રુઆરી, 1903. જૂનાગઢ.

અભ્યાસ : એમ.એ., મુંબઈ. સરદાર પટેલની ધરપકડના વિરોધમાં એલએલ.બી.ના અભ્યાસનો ત્યાગ. અમદાવાદમાં 1929માં મજૂર મહાજન સંઘમાં જોડાયા. ગુલઝારીલાલ નંદા તથા ખંડુભાઈ દેસાઈનો સંપર્ક. ગાંધીજીનો પરિચય. 1930 : અમદાવાદમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. સ્વયંસેવકદળ. મુંબઈ તથા કેન્દ્રની દારૂબંધી સમિતિના સભ્ય. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ધરપકડ. કારાવાસ. 1948 : રાષ્ટ્રીય મજદૂર કૉંગ્રેસના પ્રમુખ અને પ્રધાનમંત્રી. સુધરાઈ સભ્ય, 12 વર્ષ સુધી. 1950 : ધારાસભ્ય. વધુ બે અવધિ માટે.

અવસાન : 20 નવેમ્બર, 1972.

## વસાવડા, હસવંતરાય ઇન્દુરાય

જન્મ : 24 ઑગસ્ટ, 1919. વતન : જૂનાગઢ.

1942માં અમદાવાદમાં ચળવળમાં ભાગ લીધો. સખત માર ખાધો. ખૂબ સહન કર્યું. ભૂગર્ભ-પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. જૂનાગઢના નવાબી રાજ્યે ઇનામી જમીન છીનવી લીધી.

## વસાવા, કાળીદાસ વાલજીભાઈ

નિવાસ : વડોદરા.

1942ના સ્વાતંત્ર્યસંગ્રામમાં. નગરમાં પત્રિકા વિતરણ કરતાં ધરપકડ. અત્યાચાર. 15 મહિના કારાવાસ.

## વસાવા, રામદાસ

દાહોદ.

ડિસેમ્બર, 1942માં દાહોદમાં પંચમહાલ જિલ્લા આઝાદ પરિષદમાં ડેલિગેટ તરીકે હાજર. તેમાંથી વસાવા સહિત કુલ 15 પ્રતિનિધિઓની ધરપકડ. દરેકને 2 માસની કેદની સજા.

## વસુમતીબહેન

ઉંમર : 30 વર્ષ આશરે. સાબરમતી આશ્રમ (અમદાવાદ), બોચાસણ.

બોરસદમાં 21-1-1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે બહેનોના સરઘસ પર પોલીસે કરેલ લાઠીચાર્જથી ઈજા થઈ. તે પછી ધરપકડ કરીને જેલમાં પૂરવામાં આવ્યાં. તેમને ચોટલો ઝાલી પટક્યાં હતાં.

## વસુમતીબહેન રામપ્રસાદ

અમદાવાદ.

1930-32ની ચળવળ દરમિયાન સક્રિય. વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગની વ્યવસ્થા ગોઠવવા વાસ્તે પિકેટિંગ મંડળની રચના કરવામાં આવી. વિજ્યાગૌરી બળવંતરાય કાનૂગાની પ્રમુખ તરીકે તથા વસુમતીબહેનની મંત્રી તરીકે વરણી કરવામાં આવી હતી. તેઓ પિકેટિંગ વાસ્તે બહેનોનાં નામ નોંધતાં તથા ટુકડીઓ પાડીને પિકેટિંગ કરવા મોકલતાં.

## વહિયા, મોહનલાલ નાનજી

વતન : અમરેલી.

1942ની 'હિન્દ છોડો' લડતમાં સક્રિય ભાગ લીધો. અમરેલીથી ધરપકડ થઈ. રાજકોટ જેલમાં રાખવામાં આવ્યા.

## વહોરા, કરીમભાઈ ભીખાભાઈ

જન્મ : 26 સપ્ટેમ્બર, 1902. સુંદરણા, જિ. ખેડા.

1930 : ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ. દાંડીકૂચ વખતે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની અરુણ ટુકડીમાં જોડાયા. કરાડીમાં ગાંધીજીની ટુકડી સાથે ધરપકડ. 3 માસની જેલ. જેલમુક્તિ બાદ ચીખલી તાલુકામાં ચળવળ અંગે કામ કર્યું. ધરપકડ. 6 માસની જેલ. ગાંધી-ઇર્વિન કરાર થવાથી વહેલા છૂટ્યા. 1932 : લડતના બીજા તબક્કામાં ધરપકડ. 6 માસની જેલ. 1942 : નવજીવન પ્રેસના મુખ્ય કાર્યકરોની ધરપકડ બાદ તે સંસ્થાનું કામ 1944 સુધી સંભાળ્યું.

## વહોરા, દુર્ગાદેવી ભગવતીચરણ

જન્મ : 7 ઑક્ટોબર, 1908. અલ્લાહાબાદ.

કાર્યક્ષેત્ર : લાહોર (હાલ પાકિસ્તાન). હાલમાં ગાઝિયાબાદ. મૂળ ગુજરાતી. પંજાબમાં રહેતા ગુજરાતી યુવાન ભગવતીચરણ સાથે લગ્ન. પતિની ક્રાંતિકારી પ્રવૃત્તિમાં પૂર્ણ સહકાર. ભગતસિંહ, રાજગુરુ વગેરે વારંવાર ઘેર આવતા, યોજના ઘડતા. સોન્ડર્સના ખૂન બાદ ભગતસિંહને વેશપલટો કરીને લાહોરથી પંજાબ મેલમાં કોલકાતા નાસી જવામાં સાથ, સહકાર. મધ્યસ્થ ધારાસભામાં ભગતસિંહ અને બટુકેશ્વરે બૉમ્બ નાખ્યા ત્યારે હાજર. મે, 1930માં બૉમ્બનો પ્રયોગ કરવા જતાં પતિનું અવસાન. તેનો શોક પાળવાને બદલે ભૂગર્ભમાં. કેટલીક વાર ખીચડીના પૈસા પણ ખૂટ્યા. ભગતસિંહને ફાંસી અપાયા પછી, બે વર્ષ દુર્ગાદેવીની જેલમાં અટકાયત. 1938માં દિલ્હી પ્રદેશ કૉંગ્રેસ સમિતિનાં પ્રમુખ. 1939માં સુભાષબાબુને પગલે કૉંગ્રેસ છોડી.

અવસાન : 14 ઑક્ટોબર, 1999. ગાઝિયાબાદ.

## વહોરા, ભગવતીચરણ

લાહોર (હાલમાં પાકિસ્તાન).

મૂળ ગુજરાતી. પંજાબમાં વડવાઓનો વસવાટ. ક્રાંતિકારી દેશભક્ત. ભગતસિંહ, રાજગુરુ, સુખદેવ અને બટુકેશ્વર દત્તના સાથી. ‘નવજવાન ભારત સભા’ના એક સ્થાપક અને પ્રચાર મંત્રી. વારસામાં મળેલી રૂ. 50,000ની મિલકત ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે દાન. બંગાળીઓ પાસેથી બૉમ્બ બનાવવાની તાલીમ લીધી. બૉમ્બ બનાવવા અને આયોજનમાં પણ સક્રિય. કાકોરી કાવતરા કેસના એક આરોપી. પકડાયા નહિ. લાહોરની જેલમાંથી સાથીઓને છોડાવવાનું આયોજન. બૉમ્બ બનાવી પ્રયોગ કરતાં બૉમ્બ ફાટવાથી શહીદ થયા. પત્ની દુર્ગાદેવીનો ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં સંપૂર્ણ સાથ.

અવસાન : 28 મે, 1930.

## વળિયા, કાળીદાસ મકનજી

જન્મ : 16 ડિસેમ્બર, 1901. ભાવનગર.

સ્વદેશીના આગ્રહી. વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. સામાજિક કાર્ય. લોકજાગૃતિનું કાર્ય. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં ધરપકડ અને ભાવનગરમાં જેલવાસ. સામાજિક કાર્યકર. વતન લાઠીમાં હૉસ્પિટલ અને અન્ય સંસ્થાઓ ઊભી કરી. અમરગઢની ટી.બી. હૉસ્પિટલમાં સેવા આપી.

અવસાન : 20 ફેબ્રુઆરી, 1975.

## વળિયા, કેશુભાઈ હરગોવિંદદાસ

જન્મ : 16 જૂન, 1912. લાઠી.

હાલ અલિયાબાડા, જિ. જામનગર. અભ્યાસ : શાંતિનિકેતનની પદવી. સ્વદેશી માટે વિદેશી કાપડ સામે પિકેટિંગ. અભ્યાસ અધવચ્ચે છોડ્યો. 1930-31 : ધોલેરા મીઠા-સત્યાગ્રહની છાવણીમાં કાર્ય. ‘જ્યોતિસંઘ’ સંસ્થા સાથે સ્રીઉન્નતિનું કાર્ય. ગંગાજળા વિદ્યાપીઠ, અલિયાબાડા ખાતે લોકસેવક.

## વાઈવાલા, રતિલાલ ઝવેરભાઈ

વલસાડ.

અભ્યાસ છોડી લડતમાં જોડાયા. શિષ્યવૃત્તિ ગુમાવી. 1942માં પોસ્ટરો ચોંટાડવાં, પત્રિકાઓ વહેંચવી વગેરે કાર્યો કરતાં પકડાયા. સૂરતની જેલમાં રાખવામાં આવ્યા. 6 માસની સજા ભોગવી.

## વાઘેર, દામોદરદાસ મૂળચંદ

જન્મ : 20 માર્ચ, 1912. ચિતલ, જિ. અમરેલી.

અભ્યાસ : ધોરણ સાત. ચિતલ, બિલખા રાજ્યનું દૂર છેવાડેનું ગામ. રાજ્યના જુલમો સામે અને ભારે કરવેરા સામે વિરોધ કરતાં બે વાર જેલવાસ. અમરેલીમાં શેષ જીવન.

## વાઘેલા, ઈશ્વરદાસ મોરારદાસ

અમદાવાદ.

1941માં સરકારને નોટિસ આપીને ગોતા મુકામે વ્યક્તિગત સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. મજૂર મહાજનમાં વ્યાયામ નિર્દેશક. વ્યવસાય : શિક્ષક.

## વાઘેલા, ખોડુભા અભેસંગ

ગામ : જાસપુર, વડોદરા.

1930 : ના-કર આંદોલનમાં સક્રિય. પત્રિકા વિતરણ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન દરમિયાન ભૂગર્ભમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ. પોલીસ મથકને આગ, પાટા ઉખાડવા. ધરપકડ માટે ઇનામ ઘોષિત. ભાદરવા રાજ્યે બહારવટિયા ઘોષિત કર્યા. 1948 : જૂનાગઢ આરઝી હકૂમતમાં સક્રિય. અન્ય રજવાડાંનાં વિલીનીકરણમાં સક્રિય.

## વાડિયા, જહાંગીર એદલજી

જન્મ : 1912.

રૉયલ ઇન્ડિયન નેવી રેટિંગ્સના બળવાને ટેકો આપવા યોજાયેલાં પ્રજાકીય વિરોધ આંદોલનમાં ભાગ લેતાં ફેબ્રુઆરી 22, 1946ના દિવસે મુંબઈમાં તારદેવ પાસે થયેલ ગોળીબારમાં ઘવાયા. તે જ દિવસે અવસાન.

અવસાન : 1946.

## વાડીલાલ રમણલાલ

જન્મ : 1919. મુંબઈ.

કાપડના વેપારી. ઑગસ્ટ 10, 1942ના દિવસે મુંબઈના પોલીસે કરેલા ગોળીબારમાં ઘવાયા અને તે જ દિવસે અવસાન.

અવસાન : 10 ઑગસ્ટ, 1942.

## વાઢેર, બેચરભાઈ વાલાભાઈ

વતન : રાજકોટ.

1930-31ની લડતોમાં સક્રિય ભાગ. 1 વર્ષ અને 6 મહિનાની સજા. રાજકોટની લડતમાં રાજ્યે હદપાર કર્યા. સરધારના ભોંયરામાં અટકમાં રાખેલા. રાજકોટની સેન્ટ્રલ જેલમાં 6 મહિનાની સજા. ભારતની આઝાદીના સક્રિય લડવૈયા. રાજકોટની લડતમાં માલમિલકત જપ્ત થઈ હતી.

અવસાન : 1954.

## વાઢેર, રાઘુભા ગોવિંદજી

વતન : ભાટિયા, જિ. જામનગર.

1930ની લડતમાં ભાગ લેતાં પકડાયા. 2 વર્ષનો જેલવાસ. પરદેશી કાપડના પિકેટિંગના કાર્યમાં ભાગ લીધો. ત્યાર બાદ કરાંચીમાં વસ્યા.

## વાણિયા, મગનલાલ

વતન : પાટણ.

1857ના વિપ્લવમાં બંડખોર નેતા. તારંગામાં ઘોડા અને માણસો એકત્ર કર્યા. ઉત્તર ગુજરાતમાં વીજાપુર તરફ કૂચ કરી. લોદરા પર ત્રાટક્યા. સાદરા મેળવવા પ્રયત્ન કર્યા, પણ અંગ્રેજી સેનાને જાણ થતાં મગનલાલ સમી પહોંચી ગયો. છેવટે સાથીઓ સાથે પકડાઈ

ગયા. ત્રણને તોપને ગોળે દેવાયા અને ત્રણને ફાંસીએ લટકાવ્યા. બાકીનાને કાળા પાણીની સજા થઈ.

## વાણોટ, દેવજીભાઈ

પોરબંદર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લેતાં ત્રાસ સહન કર્યો. ધરપકડ. જેલવાસ ભોગવ્યો. રાજ્યના જુલમોનો હિંમતપૂર્વક સામનો કર્યો. પેન્શન લીધું નથી.

## વાયડા, રમણલાલ લીલાધર

જન્મ : 21 માર્ચ, 1916. વતન : દ્વારકા.

1942ની ‘હિન્દ છોડો’ ચળવળમાં જોડાયા. સભા-સરઘસ પ્રચારનું કાર્ય કરતા. વઢવાણ કૅમ્પમાં એક મોટું સરઘસ નીકળ્યું. રાષ્ટ્રધ્વજ ચઢાવવા જતાં સખત માર પડ્યો. ધરપકડ થઈ. 6 માસની સજા થઈ. ફરી લડતમાં જોડાયા. ફરી 4 માસની સજા થઈ.

## વાલમ, ધનજીભાઈ

વિસનગર, જિ. મહેસાણા.

1930-31ની લડતમાં કાનૂનભંગ કરવાથી ધરપકડ. જેલવાસ ભોગવ્યો અને ખૂબ સહન કર્યું. લડત દરમિયાન બધી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો.

## વાસવાણી, શામદાસ પરમાનંદ

જન્મ : 11 માર્ચ, 1888. હૈદરાબાદ, સિંધ.

1921 : કલકત્તા અસહકાર લડતમાં સક્રિય. 1930 : સવિનય ભંગ સત્યાગ્રહ દરમિયાન હૈદરાબાદમાં સક્રિય. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલન. કારાવાસ. હરિજન સેવક સંઘ, પ્રમુખ. નેતાજી સુભાષચંદ્રના સહકાર્યકર. સર્વોદય મંડળના સંયોજક અમદાવાદમાં.

## વાસુદેવભાઈ જટાશંકર

ભાવનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. ધરપકડ વહોરી લીધી. ટૂંકો જેલવાસ ભોગવ્યા પછી રાજ્ય- સરકારે મુક્ત કર્યા.

## વાસુ, વેણીશંકર મુરારજી

વતન : પોરબંદર.

1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે કાંતિલાલ બ્રોકર સાથે પોરબંદર આવ્યા ને લડતમાં જોડાયા. નવી બંદરની જેલમાં અટકમાં. જેલવાસમાં બીમાર થવા છતાં મારઝૂડનો ત્રાસ ચાલુ રાખ્યો. 8 માસની જેલ ભોગવી.

## વાળંદ, અંબાલાલ મગનલાલ

જન્મ : 1931. વતન : ડાકોર, જિ. ખેડા.

અભ્યાસ : ધોરણ 5 ગુજરાતી. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલનમાં ભાગ લીધો. 13 ઑગસ્ટ, ડાકોરમાં સરઘસ પર પોલીસના ગોળીબારમાં તત્ક્ષણ અવસાન.

## વાળંદ, ગિરધરભાઈ ખોડાભાઈ

વતન : કાસર, જિ. ખેડા.

1930 : ના-કરની લડતમાં સરકારનો વિરોધ. 6 મહિના કારાવાસ.

વાળંદ, ઝીણાભાઈ કાલિદાસ

રાંદેર, જિ. સૂરત.

1942ની લોકક્રાંતિમાં અભ્યાસનો ત્યાગ. સરઘસમાં પત્રિકાવિતરણ. ધરપકડ. 6 મહિના કારાવાસ. મુક્તિ પછી દેશસેવામાં.

વાળંદ, ભાઈજીભાઈ કાળીદાસ

વતન : કાસર, જિ. ખેડા.

1930 : ના-કરની લડતમાં સરકારનો વિરોધ. 6 મહિના કારાવાસ.

વાળંદ, મોહનલાલ નાથાલાલ

દાહોદ.

1930ની લડત વખતે દાહોદમાં ગોદી રોડ પરનાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. માલિકોને આર્થિક નુકસાન થવાથી ફરિયાદ. પોલીસે

ધરપકડ કરી કેસ ચલાવી 2 માસની કેદની સજા.

વાળંદ, શિવાભાઈ વસંતભાઈ

વતન : કાસર, જિ. આણંદ.

1930ની ના-કરની લડત વખતે સરકારનો વિરોધ કરવા બદલ તથા સરકારની બાવળી કાપી નાંખી નુકસાન કરવા બદલ છ માસની જેલની સજા કરવામાં આવી હતી.

વાંજા, વલ્લભભાઈ કેશવજીભાઈ

જન્મ : કમીગઢ, જિ. અમરેલી.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. પ્રવચન કરતાં તેમની ધરપકડ કરવામાં આવી. તેમણે અમરેલીની જેલમાં કેદની સજા ભોગવી.

## વિઠલપુરા, હિંમતલાલ પુરુષોત્તમદાસ

ભાવનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. ધરપકડ વહોરી લીધી. ટૂંકો જેલવાસ ભોગવ્યા પછી, રાજ્યની સરકારે તેમને મુક્ત કર્યા.

## વિઠલાણી, ભીમજીભાઈ મોરારજી

જન્મ : 3 ડિસેમ્બર, 1921. બામણશા (ઘેડ), જિ. જૂનાગઢ.

રાજકોટ સત્યાગ્રહ દરમિયાન ત્યાં હોવાથી દેશપ્રેમ જાગ્રત. મુંબઈમાં બી.કૉમ.ના અભ્યાસ દરમિયાન 1942ની ચળવળ શરૂ. સભા-સરઘસોમાં ભાગ લીધા બાદ ગણદેવી જઈને ત્યાંની પ્રવૃત્તિમાં સક્રિય થયા. સભા, સરઘસ અને સ્કૂલો ઉપર પિકેટિંગ. લડતમાં ભાંગફોડની પ્રવૃત્તિ દરમિયાન બિપિનભાઈ નામથી ઓળખાતા. રાત્રે ભાંગફોડ કરવા જતી ટુકડીના ઉત્સાહી અને હિંમતવાળા સભ્ય. ચોરા બાળવા, ટપાલીને લૂંટવા, પોસ્ટઑફિસ પર હુમલો કરવો, રેલના પાટા ઉખેડવા વગેરેમાં આગેવાની લેતા. બીલીમોરામાં ધરપકડ. ગણદેવીમાં કેસ દરમિયાન કાચી જેલ. પુરાવાના અભાવે નવસારીની સબજેલમાં અને સાબરમતી જેલમાં અટકાયત. ચળવળ બાદ બી.કૉમ. થયા. હૈદરાબાદમાં ઇન્કમટૅક્સના સલાહકાર તરીકે વ્યવસાય.

## વિઠ્ઠલદાસ દામોદરદાસ

જામનગર.

જામનગર પ્રજામંડળના પ્રમુખ હતા. જામનગર પ્રજા પરિષદ ભરવા સંબંધે રાજ્ય તરફથી જુલમો વરસાવવામાં આવ્યા, તેનો ભોગ બન્યા. ઘણું સહન કર્યું.

## વિદ્વાંસ, ગોપાળરાવ ગજાનન

જન્મ : 26 નવેમ્બર, 1896. વલ્લભીપુર, ભાવનગર.

ભાવનગરની દક્ષિણામૂર્તિમાં માધ્યમિક શિક્ષણ. 1921માં ગ્રૅજ્યુએટ થયા બાદ રાષ્ટ્રીય શિક્ષણને વરેલી દક્ષિણામૂર્તિમાં આજીવન સેવક થયા. 1932ના સત્યાગ્રહમાં ભાગ લીધો. દેત્રોજ(તા. વિરમગામ)માં ધરપકડ. 6 માસની સજા. યરવડા(પુણે)ની જેલમાં. મરાઠીમાંથી ગુજરાતીમાં 55 પુસ્તકોના અનુવાદ.

## વિદ્વાંસ, ભાસ્કરરાવ ગજાનન

જન્મ : 12 જુલાઈ, 1903. વલ્લભીપુર, ભાવનગર.

શિક્ષણ : ભાવનગર દક્ષિણામૂર્તિ તથા ગૂજરાત વિદ્યાપીઠમાં. વ્યવસાય : દક્ષિણામૂર્તિમાં શિક્ષક. 1930 : સવિનય કાનૂનભંગની લડતમાં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. 7-4-1930ના રોજ એક ટુકડીના નાયક તરીકે વઢવાણ ટ્રેનમાં નીકળ્યા. તેમની પાસેથી મીઠું ઝૂંટવી લેવા પોલીસોએ હાથ ખેંચ્યા, મરડ્યા, ગળું દબાવ્યું, તેમને પછાડી, મીઠું ધૂળમાં નાંખ્યું. સખત માર ખાધો. છેલ્લે ધરપકડ.

સાબરમતી તથા યરવડા જેલમાં 4 મહિના કારાવાસ. 1939 : દક્ષિણામૂર્તિમાંથી નિવૃત્તિ. અમદાવાદમાં નિવાસ. ગુજરાતીમાં ભૂગોળનાં પાઠ્યપુસ્તકો લખ્યાં.
અવસાન : 2 ડિસેમ્બર, 1984. અમદાવાદ.

## વિનોદચન્દ્ર ચંદુલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં સરઘસો તથા પત્રિકા વહેંચવામાં સક્રિય ભાગ. એલિસબ્રિજ, ટોળકનગરનાં ઘરમાંથી કૉંગ્રેસ પત્રિકાનાં દસ બંડલ તથા વેશપલટા માટે મુસલમાની ટોપીઓ, શેરવાની વગેરે મળ્યું. રૂ. 500 દંડ અથવા 6 માસની કેદની સજા.

## વિનોદરાય ઘનશ્યામભાઈ

બાંટવા, જિ. જૂનાગઢ.

રાષ્ટ્રીય લડતોમાં ભાગ લીધો. તેને લીધે વિવિધ દુઃખ સહન કરવાં પડ્યાં. રાજ્ય-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## વિનોદી, મનુભાઈ લક્ષ્મીશંકર

જન્મ : 2 જાન્યુઆરી, 1915. વતન : જૂનાગઢ.

લીંબડીની લડતમાં ભાગ લીધો. રાજકોટ સત્યાગ્રહ (1938) વખતે માર ખાધો. સરધારની જેલમાં અટકાયતમાં રહ્યા. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાયા. 6 માસની સજા ભોગવી. ભાવનગરની જેલમાં અટકાયતી તરીકે રહ્યા. હરિજન સેવાકાર્યમાં મુખ્ય સમય આપ્યો.

## વિરાણી, હસમુખભાઈ દ્વારકાપ્રસાદ

જન્મ : 12 જુલાઈ, 1926. ભાવનગર. અભ્યાસ : બી.એસસી..

1942ની 'હિન્દ છોડો' લડતમાં વિદ્યાર્થી તરીકે ભાગ લેતાં માર ખાધો. ત્યાર બાદ ભાવનગરમાં વિવિધ સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચલાવી. બળવંતરાય મહેતા સ્મારકની જવાબદારી પણ સંભાળી રહ્યા છે.

## વિશ્વનાથ બાબુભાઈ

રસનાળ – ગારિયાધાર, જિ. ભાવનગર.

મોટા ચારોડિયાની લડતમાં ભાગ લીધો. સહન કર્યું. રાજ્ય-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## વિષ્ણુશર્મા નયનારામ

જન્મ : 2 ડિસેમ્બર, 1895. હૈદરાબાદ, સિંધ.

1908 : નવજવાન સ્વદેશી સભાના મંત્રી. 1916 : સાબરમતી ગાંધીજીના આશ્રમમાં નિવાસ. 1918 : હોમરૂલ લીગ સિંધ શાખાના મંત્રી. 'પત્રિકા'ની જામીનગીરીના 1,000 રૂપિયા જપ્ત કરી સરકારે 500 રૂપિયા દંડ કર્યો. 1919 : રૉલેટ ધારાનો વિરોધ. 1921 : રાજદ્રોહનો આરોપ. 2 વર્ષ કારાવાસ. 40,000 રૂપિયાનું છાપખાનું જપ્ત કરી 3,000માં વેચી દીધું. પુસ્તકો તથા સામાન સાગરમાં ફેંકી દીધાં. 1935-42 : ઉદ્યોગશાળા દ્વારા શ્રમિકોને કામ પૂરું પાડ્યું. 1942માં 2 વર્ષ કારાવાસ. બે વાર સિંધમાં ધારાસભ્ય. હિન્દુ નિર્વાસિતોની સેવા. વ્યવસાય : સિંધી દૈનિક પત્રમાં સંપાદક.

## વીણ, મોતીલાલ હરગોવિંદદાસ

જન્મ : 21 ડિસેમ્બર, 1891. સૂરત.

પ્રસિદ્ધ વકીલ. સ્વાતંત્ર્યસંગ્રામમાં દરેક તબક્કે સક્રિય 1930-1932, '41માં. ઉપરાંત 1942 : 'હિન્દ છોડો' લડતમાં સક્રિય. 4 વખત કારાવાસ. કરાડી અને મટવાડ ગામના પોલીસ ગોળીબારમાં ભોગ બનેલા સત્યાગ્રહીઓનો સૂરતના ન્યાયાલયમાં ધારાશાસ્ત્રી તરીકે બચાવ કર્યો. ભરૂચ નગરપાલિકાના પ્રમુખ.

## વીરચંદભાઈ મોતીચંદ

વતન : ભાવનગર.

1942ની લડતમાં ભાગ લેતાં પકડાયા. જેલવાસ ભોગવ્યો.

## વીરસિંગ ગળાભાઈ

નિવાસ : બોજાદરા.

1942માં વીરસિંગ દ્વારા સાહસપૂર્ણ ગુપ્ત પ્રવૃત્તિ. છોટુભાઈ પુરાણીના સાથી. સરભોણ તથા વેડચ પોલીસચોકીમાં શસ્ત્રોની લૂંટ દરમિયાન સાથીઓનું રક્ષણ. દંપતી એકબીજાંને પડખે.

## વીરેન્દ્ર છોટાલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં છાપેલી પત્રિકા ચોડવા અને રસ્તા પર ભોંયપત્રિકાઓ લખવા માટે 29-9-1942ના રોજ ધરપકડ. 3 માસની કેદ અને રૂ. 500 દંડની સજા.

## વીરેન્દ્રસિંહજી

વતન : જૂનાગઢ.

વઢવાણ ઠાકોરસાહેબના ભાઈ. જૂનાગઢની આરઝી હકૂમત દરમિયાન એમની આગેવાની હેઠળ એક ટુકડી નવાગઢ કબજે કરવા ઊપડેલી. નવાગઢ મહાલનાં 9 ગામો ઉપર આરઝી હકૂમતની સત્તા સ્થાપી.

## વેકરિયા રામજીભાઈ જીવાભાઈ

વિસાવદર, જિ. જૂનાગઢ.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. જૂનાગઢના નવાબી રાજના જુલમો સામે લડ્યા તથા તેને કારણે અનેક કષ્ટો સહન કર્યાં. કેન્દ્ર-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## વેદ, ગોકળદાસ ગોરધનદાસ

જામનગર.

રાજાશાહી(જામનગર)ના જુલમોને પડકારતા. પત્રકાર. કલ્યાણપુરના ગામમાં નજરકેદ. ત્રાસ વેઠ્યો. 1942 : 'હિન્દ છોડો' લડત વખતે સલામતી ધારા નીચે ધરપકડ. જામનગરમાં જીવા સતાના ડેલામાં 2.5 વર્ષ જેલવાસ. 1948 : બસભાડા વધારા સામે ચળવળ. જેલવાસ. ઉદ્દામવાદી વિચારક. 70 વર્ષની વયે નિધન.

## વેરાગીવાળા, ઈશ્વરદાસ ગોરધનદાસ

જન્મ : 1891. સૂરત.

1920-22ની અસહકારની ચળવળમાં ભાગ લીધો. 1930માં સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન લડતમાં જોડાવા નોકરી છોડી. ધરાસણાના મીઠાના અગરો પર ધાડ પાડવા જતાં ધરપકડ. જેલવાસ. તે પછી દારૂબંધીની પ્રવૃત્તિમાં ભાગ લીધો. 1932માં ફરી સત્યાગ્રહમાં ભાગ લેતાં ધરપકડ. વિસાપુરની જેલમાં. ત્યાંથી માંદગીને લીધે અહમદનગરની જેલમાં ખસેડ્યા.

અવસાન : 1933માં જેલમાં.

## વેરાગીવાળા, જિતેન્દ્ર

જન્મ : 1921. સૂરત.

મૅટ્રિક પાસ. કૉમર્સ કૉલેજમાં વિદ્યાર્થી. અભ્યાસ છોડીને 1942ની 'હિન્દ છોડો' લડતમાં સામેલ થયા. ભૂગર્ભપ્રવૃત્તિમાં સક્રિય. વિદ્યાર્થી આગેવાન. જાહેર સંસ્થાઓમાં હોદ્દેદાર. ધરપકડ. જેલવાસ. 1945માં જેલમાં અવસાન.

## વેરાગીવાળા, નવીનચંદ્ર ઈશ્વરલાલ

જન્મ : 1921. સૂરત.

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં કૉલેજનો ત્યાગ કરી સક્રિય થયા. કૉલેજ પર પિકેટિંગ કરતાં ધરપકડ. જેલવાસ. 1943માં કોઈમ્બતૂરની જેલમાં મોકલ્યા. ત્યાં બીમારીથી અવસાન પામ્યા.

## વેલજીભાઈ અમથાભાઈ

વતન : ખેરવા, જિ. સુરેન્દ્રનગર.

1942ની લડતમાં ભાગ લીધો. 5 વર્ષની સજા પામ્યા. સાબરમતી જેલમાં સજા ભોગવી.

## વેલશી પોપટભાઈ

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

નવેમ્બર, 1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લીધો. ચોથી ટુકડીમાં જોડાઈ 25/11ના રોજ વઢવાણથી પગપાળા કૂચ કરી રાત્રે કટુડા ગામે પહોંચ્યા. ત્યાં ગ્રામજનોએ સ્વાગત કર્યું. 26/11ની સવારે પ્રયાણ. ધ્રાંગધ્રા રાજ્યની સરહદે મનાઈહુકમનો ભંગ કરી, અંદર પ્રવેશતાં પોલીસોએ ટુકડીના તમામ નવ સત્યાગ્રહીઓની ધરપકડ કરી. તેઓને પગે ચલાવીને પ્રતાપપુરા (ઉર્ફે ચંદ્રાસર) ગામે લઈ જઈને એક મકાનમાં પૂરી દીધા.

## વૈદ્ય, અંબાલાલ

દેવગઢબારિયા, જિ. દાહોદ. વતન : મેરાપુરા.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં દાહોદ જઈ ત્યાં સક્રિય ભાગ લીધો. પત્રિકાવિતરણ. સરઘસોમાં જોડાઈ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર. ધરપકડ. 2 માસની કેદની સજા ભોગવી.

## વૈદ્ય, ઈશ્વરલાલ

દાહોદ.

પછાત અને ગરીબ આદિવાસી ભીલોની સેવા માટે દવાખાનું ચલાવતા. રાષ્ટ્રવાદી. સારા વક્તા. સત્યાગ્રહો દરમિયાન દાહોદમાં જાહેર સભાઓમાં સરકાર વિરુદ્ધ કટાક્ષયુક્ત ને રસપ્રદ શૈલીમાં ભાષણ કરતા. એપ્રિલ, 1932માં ગાંધીચોકમાં ઉશ્કેરણીજનક ભાષણ. પોલીસે ધરપકડ કરી. બે વર્ષની કેદની સજા ને રૂ. 50 દંડ. વિસાપુર જેલમાં સજા ભોગવી. અવસાન : 18 ડિસેમ્બર, 1945.

## વૈદ્ય, ઉમેદરામ આત્મારામ

તલાવચોળા, જિ. વલસાડ.

નિવાસ : સૂરત. 1928માં બારડોલી સત્યાગ્રહ દરમિયાન ગામેગામ ફરીને પટેલોનાં રાજીનામાં લેવાની પ્રવૃત્તિ. ધરપકડ. જેલવાસ. ગાંધી-ઇર્વિન કરાર થવાથી મુક્તિ મળી. 1930માં ઘવાયેલા તથા બીજા સત્યાગ્રહીઓની સારવાર માટે દવાખાનાં ચાલુ કર્યાં.

## વૈદ્ય, કમળાશંકર નારણજી

જન્મ : 17 નવેમ્બર, 1913. ગડત, તા. ગણદેવી.

નેતાઓના સંપર્કથી રાષ્ટ્રવાદી. ખાદી પહેરતા થયા. 1930-32ની ચળવળ નજરે જોઈને દેશભક્ત બન્યા. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ગણદેવીની છાવણીમાં રહીને ભાંગફોડની ગુપ્ત પ્રવૃત્તિ કરી. પત્રિકાઓ વહેંચવી, પટેલ-તલાટીનાં રાજીનામાં લેવાં, તલાટીઓનાં દફતર બાળવાં, સરકારી મિલકતોનો નાશ કરવો વગેરે કાર્યોમાં સક્રિય. 1943ના જાન્યુઆરીમાં ધરપકડ. નવસારીની જેલમાં 7 મહિના અટકાયત. અસ્પૃશ્યતાનિવારણ, કાંતણ, ખાદીનો પ્રચાર વગેરે રચનાત્મક કાર્યો કરતા. વૈદ્ય તરીકે ગરીબોને રાહતદરે દવા.

## વૈદ્ય, ખીમચંદ માણેકલાલ

જન્મ : 10 ડિસેમ્બર, 1911. ચૂડા, જિ. સુરેન્દ્રનગર.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. લીંબડીની લડતમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભવાસીઓને મદદ કરી. 'ક્રાંતિ' નામની પત્રિકાના પ્રકાશનમાં ભાગ લીધો. સમાજસેવા, દુષ્કાળ રાહતનાં કાર્યોમાં અગ્રણી. ચૂડાના વિલીનીકરણ બાદ એડમિનિસ્ટ્રેટર. કૉંગ્રેસના અગ્રણી. સહકારી પ્રવૃત્તિ.

અવસાન : 1 ઑગસ્ટ 1969.

## વૈદ્ય, ગંગાબહેન

જન્મ : 1879. બોચાસણ, તા. બોરસદ, જિ. આણંદ.

40 વર્ષની ઉંમરે ગાંધીજીના સહવાસમાં. 45 વર્ષની ઉંમરે ગાંધીજીના આશ્રમમાં સંયુક્ત રસોડાના ચાર્જમાં. મુંબઈમાં વૈદકનું શીખેલાં. આશ્રમમાં 'ભાટિયા વૈદ્ય' તરીકે ઓળખાયાં. 1930-32ની લડત વખતે બહેનોની ટુકડીનાં આગેવાન. 21-1-1931માં બોરસદમાં 'સ્ત્રી સિતમ દિન' ઊજવ્યો તેની આગેવાની. લાઠીના સખત ફટકા પોલીસોએ માર્યા. માથામાં મોટો ઘા, લોહીથી કપડાં રંગાયાં. બે વખત જેલવાસ. 1934માં બોચાસણના વલ્લભવિદ્યાલયનું દવાખાનું, ગૌશાળા વગેરેનું સંચાલન સંભાળ્યું. અવસાન થયેલ છે.

## વૈદ્ય, જીવણદાસ કે.

મોરબી, જિ. રાજકોટ.

અભ્યાસ : એમ.એ.. મોરબી રાજ્યની માધ્યમિક શાળામાં શિક્ષક. ખાદીધારી. ધોળી ટોપી સામે શાળાનો વાંધો. હુકમનો અનાદર. નોકરી ગુમાવી. 1930-32ના મીઠા-સત્યાગ્રહમાં ભાગ લઈ કેદની સજા ભોગવી. દક્ષિણ આફ્રિકામાં શિક્ષણનું કાર્ય.

## વૈદ્ય, નર્મદ ગજાનન

જન્મ : 1912. વતન : અંધેરી, મુંબઈ.

1930ની લડત વખતે મુંબઈના ઉપનગર વિલે પાર્લેની છાવણીમાં જોડાયા. ઉપનગર જિલ્લા કૉંગ્રેસના મંત્રી. કાનૂનભંગ કરવાથી ધરપકડ. તે વખતે ત્રણ વખત જેલવાસ.

## વૈદ્ય, બાપાલાલ ગ.

જન્મ : 17 સપ્ટેમ્બર, 1896. સણસોલી.

1921 : હાંસોટ તાલુકાથી રાષ્ટ્રકાર્યમાં પ્રવેશ. દંતરાઈ મીઠાનો સત્યાગ્રહ, 1 વર્ષને 4 મહિના કારાવાસ, વિસાપુરની જેલમાં. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ લેતા, નાશિકમાં 1 વર્ષ અને 6 મહિના કારાવાસ. 1946 : સૂરત આયુર્વેદ મહાવિદ્યાલયના આચાર્ય. આયુર્વેદ વિશે પુસ્તકો લખ્યાં.

## વૈદ્ય, ભગવતરાય અણદુરાય

જન્મ : 1 ઑગસ્ટ, 1908. વતન : પ્રભાસપાટણ.

1920-21માં કરાંચીમાં અસહકારની લડતમાં અને ખિલાફતની લડતમાં ભાગ લીધો. 1930માં વિદેશી કાપડ તેમજ દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 1938ની રાજકોટની લડતમાં તથા જૂનાગઢની પ્રજામંડળની લડતમાં ભાગ લીધો. ધરપકડ. 4 માસ કારાવાસ.

## વૈદ્ય, ભારતી એમ.

જન્મ : 4 એપ્રિલ, 1929. મુંબઈ.

કુટુંબમાં રાષ્ટ્રવાદી વાતાવરણ. બાર વર્ષની ઉંમરથી સરઘસોમાં જોડાતાં. પોલીસનો સરઘસ પર લાઠીમાર. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સગીર વય છતાં ધરપકડ. થાણે જેલમાં 15 દિવસ બાદ મુક્તિ. સરલા મશરૂવાલા, નંદા મહેતા સાથે રેલ રોકો આંદોલનમાં જોડાવાથી ધરપકડ, ફરીથી 15 દિવસ થાણે જેલમાં. મુક્તિ બાદ રાષ્ટ્રીય સેવા-દળની પ્રવૃત્તિમાં સક્રિય.

## વૈદ્ય, (ડૉ.) મગનલાલ કાશીદાસ

જન્મ : 6 ઑગસ્ટ, 1899. ઊંટડી, તા. વલસાડ.

વતન : અમલસાડ, તા. ગણદેવી. 1930ની સ્વતંત્રતાની ચળવળમાં ધરાસણામાં ઘાયલ થયેલા સત્યાગ્રહીઓની ખૂબ નિષ્ઠાપૂર્વક સારવાર કરી. કૉંગ્રેસના સક્રિય કાર્યકર. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ કરી 4 માસની સજા ભોગવી. 15મી ઑગસ્ટ, 1942ના રોજ અમલસાડમાં ધરપકડો, સરઘસ, લાઠીમાર

પછી તોફાને ચડેલા લોકોને શાંત પાડ્યા. પોલીસે ધરપકડ કરી કેસ કર્યો. 1 વર્ષ અને 6 મહિનાની કેદની સજા. અમલસાડની જાહેર પ્રવૃત્તિમાં અગ્રણી.

## વૈદ્ય, મગનલાલ રણછોડદાસ

વતન : વરાડ, બારડોલી, જિ. સૂરત.

1928ની સાલમાં બારડોલી સત્યાગ્રહમાં કામ કર્યું. 1930ની ચળવળમાં સભા, સરઘસ, પત્રિકાનો પ્રચાર કરતાં ધરપકડ થઈ. 4 માસ જેલવાસ ભોગવ્યો.

## વૈદ્ય, મગનલાલ લીલાધર

જન્મ : 1 માર્ચ, 1916. સીમર, જિ. જામનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લેવા બદલ જામનગરથી હદપારી ભોગવી. પોરબંદરની લડતમાં જોડાયા. પોરબંદર રાજ્યે ત્રાસ ગુજાર્યો. માર પડ્યો. કરોડરજ્જુને નુકસાન થતાં કાયમી ખોડ રહી ગઈ. 3 માસ જેલવાસ ભોગવ્યો. થોડો સમય ભૂગર્ભમાં રહ્યા.

## વૈદ્ય, મહમદભાઈ મેહરામણભાઈ

ભચાઉ, જિ. કચ્છ.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. સભા-સરઘસોમાં જોડાયા. તેમની ધરપકડ થઈ અને 2 માસ જેલવાસ ભોગવ્યો.

## વૈદ્ય, માણેકલાલ વનમાળીદાસ

ચીખલી, જિ. નવસારી.

1930-32ની સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરવા જતા. તે માટે ગામડે-ગામડે ફરતા અને અવારનવાર પીપલગભાણ, રાનકૂવા અને ટાંકલની છાવણીમાં સહકાર્યકર્તાઓને પ્રોત્સાહિત કરતા.

## વૈદ્ય, વિજયશંકર

રાજપીપળા, જિ. નર્મદા.

રાજપીપળા દેશી રાજ્ય હતું. લોકોને થતા અન્યાયો તથા શોષણનો વિરોધ કરવા ‘લોકસભા’ નામની સંસ્થા સ્થાપવામાં આવી. તેના મુખ્ય આગેવાન વિજયશંકર હતા. તેની સ્થાપના માટે પ્રેરણા આપનાર છોટુભાઈ પુરાણી હતા. તેઓ વેઠની પ્રથા, શોષણ, લાંચ-રુશવત વગેરે નાબૂદ કરવા માટે લોકજાગૃતિનું કાર્ય કરતા હતા.

## વૈદ્ય, સમર્થલાલ જેઠાલાલ

જન્મ : 25 માર્ચ, 1895. અમદાવાદ.

અભ્યાસ : ઇન્ટર. વ્યવસાય : વૈદ્ય. રાષ્ટ્રીય કાર્યકર. દેશભક્ત. 1930-31ની લડત વખતે મીઠા-સત્યાગ્રહના પ્રચાર-કાર્યકર. 1932ની લડત વખતે 6 માસની જેલ અને દંડ. અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં કૉંગ્રેસ પક્ષના સભ્ય.

## વૈદ્ય, સુમતિબહેન પ્રાણજીવન

જન્મ : 29 ઑક્ટોબર, 1918.

વતન : વડોદરા. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલનમાં. વિઠ્ઠલ કન્યા વિદ્યાલયનો ત્યાગ કર્યો. પત્રિકા-વિતરણ. 3 મહિના કારાવાસ. કન્યાકેળવણીમાં સક્રિય.

## વૈશ્ય, મૂળદાસ ભૂધરદાસ

જન્મ : 16 ઑગસ્ટ, 1895. ઉમતા, જિ. મહેસાણા.

1917 : મૅટ્રિકનો અભ્યાસ છોડી પોતાને ગામ વણાટકાર્યનો આરંભ. 1921 : શ્રમિક વણકર વિદ્યાર્થી આશ્રમ. ખાદીપ્રક્રિયાનું પ્રશિક્ષણ. 1930 : અમદાવાદ ખાસબજાર દારૂનાં પીઠાં ઉપર 6 મહિના ચોકી. ધરપકડ. દંડ નહિ ભરીને કારાગૃહ ગયા. સાબરમતી કારાગૃહમાં રેંટિયાનો પ્રચાર. 1942 : ‘હિન્દ છોડો’ આંદોલનમાં અમદાવાદમાં મજૂરોની હડતાળનું સંચાલન. 1952 : સંસદમાં નિમણૂક. 1962 :

સંસદમાં ચૂંટાયા.

## વૈષ્ણવ, ચમનભાઈ માધવરાય

જન્મ : 1897. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

દેશભક્ત. સ્વદેશીના આગ્રહી. વઢવાણની રાષ્ટ્રીય શાળાના આચાર્ય તરીકે સેવાકાર્ય. મોતીલાલ દરજીના સંપર્કથી રાષ્ટ્રવાદી બન્યા. સાદાઈ, શ્રમનિષ્ઠ જીવન. સ્વદેશીનું વ્રત. ફૂલચંદભાઈ સાથે રાષ્ટ્રીય શાળામાં શિક્ષક. વિરમગામની સત્યાગ્રહ છાવણીના મુખ્ય સંચાલક. સત્યાગ્રહ બાદ વઢવાણમાં હરિજન શાળાનું સંચાલન. 'અજ્ઞાત' તખલ્લુસથી પુસ્તિકાઓ લખી.

અવસાન : 1 જૂન, 1940.

## વૈષ્ણવ, બિહારીલાલ

અમદાવાદ. એલિસબ્રિજની હાઈસ્કૂલમાં શિક્ષક હતા.

1942માં બૉમ્બપ્રવૃત્તિમાં સક્રિય. નંદલાલ જોષી સાથે વડોદરાથી બૉમ્બ બનાવવાનો સરંજામ અમદાવાદ લાવી શારદામંદિર પાસેની કુટીરમાં રાખ્યો. નંદલાલ જોષીના મિત્ર અને ભૂગર્ભ-પ્રવૃત્તિમાં તેની સાથે સક્રિય હતા.

અવસાન થયેલ છે.

## વૈષ્ણવ, મગનલાલ વલ્લભભાઈ

પારડી, જિ. સૂરત.

1942ની લડતમાં જોડાયા. ભાષણ કરતાં પકડાયા. 6 માસની સજા અને રૂ. 100 દંડ થયો. દંડ ન ભરે તો વધુ 6 માસની સજા થઈ. 1 વર્ષની સજા ભોગવી.

વૈષ્ણવ, મણિરાય અનંતરાય

જન્મ : 1900. વતન : જૂનાગઢ.

જૂનાગઢના નવાબી જુલમો સામે માથું ઊંચક્યું. તેથી હદપાર. પ્રજામંડળની લડત વખતે જેલમાં પૂર્યા. ખૂબ માર સહન કર્યો. જૂનાગઢ રાજ્યે કુટુંબીજનોને હેરાન કર્યા. માલમિલકતને નુકસાન પહોંચાડ્યું. 1938 : રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1947 : આરઝી હકૂમતમાં ભાગ લીધો.

અવસાન : 21 એપ્રિલ, 1960.

## વોરા, અહેમદઅલી યુસુફઅલી

જન્મ : 6 મે, 1883. તળાજા.

અભ્યાસ : 7 ધોરણ. અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષાની જાણકારી. ટૉલ્સ્ટૉય અને ગાંધીજીના વિચારોની પ્રબળ અસર. તળાજા ટ્રામવે સત્યાગ્રહના ભાગ રૂપે 14 મે, 1940માં ભાવનગરમાં તેમની આગેવાની નીચે સરઘસ. ધરપકડ. જેલ. ગઢેચીના વર્કશૉપ પર 30 ઑગસ્ટ, 1942ના રોજ પિકેટિંગ. ધરપકડ. 2 વર્ષની કેદ અને રૂ. 2,000 દંડ. તળાજામાં હરિજન શાળાની સ્થાપના.

અવસાન : 8 નવેમ્બર, 1962.

## વોરા, ઇસ્માઈલ ગાંધી

વતન : ઉત્તરસંડા, તા. નડિયાદ, જિ. ખેડા.

1930ની સત્યાગ્રહની લડતથી 1942ની 'હિન્દ છોડો' ચળવળ સુધી દરેક લડતમાં ભાગ લીધેલો અને પાંચ વખત ધરપકડ વહોરેલી. દરેક વખતે થોડા દિવસ કાચી જેલમાં રાખીને પછી છોડી મૂકવામાં આવ્યા હતા.

વોરા, કમરુદ્દીન આદમજી

## ચિત્તલ, જિ. અમરેલી.

બિલખા રાજ્યના ચિત્તલમાં રાજ્યના જુલમો તેમ જ ભારે કરવેરા સામે લડત આપતા રહ્યા. બે વાર ધરપકડ. બે વાર જેલવાસ ભોગવ્યો. આર્થિક અને સામાજિક રીતે ઘણું વેઠવું પડ્યું.

નિધન થયેલ છે.

## વોરા, ચંપકલાલ પ્રેમચંદ

જન્મ : 20 ઑગસ્ટ, 1908. રાજકોટ.

અભ્યાસ : મૅટ્રિક. 1930 : મીઠાની લડત

વખતે ધરપકડ. 6 માસની સજા. 1932-34 : વિરમગામની છાવણીમાં મીઠાની લડતમાં ભાગ લેતાં પકડાયા, જેલવાસ. સત્યાગ્રહી. વિદેશી કાપડ ઉપરના પિકેટિંગની જવાબદારી. રાજ્ય તરફથી ભારે જુલમ. મોરબીના સત્યાગ્રહમાં યોગદાન. ધ્રોળ સત્યાગ્રહમાં ભાગ. 90 દિવસ અંધારી કોટડીમાં કેદ. રાજકોટ રાજ્યે હદપાર કર્યા. છતાંય રાજકોટની લડતમાં જોડાયા. હલેડાની છાવણી સંભાળી. 1942માં ભૂગર્ભપ્રવૃત્તિ. પત્રિકાપ્રકાશન. સરકારનું ધરપકડ- વૉરંટ તથા શોધી કાઢવા રૂ. 10,000 ઇનામ. સહકારી પ્રવૃત્તિ. 'સહકાર' પત્ર શરૂ કર્યું. શહેર સુધરાઈના પ્રમુખ.
અવસાન : 27 ઑક્ટોબર, 1964.

## વોરા, ચંપકલાલ પ્રેમશંકર

જન્મ : 1912. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર.

1930ના સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન ધ્રાંગધ્રા, ધ્રોળ, વિરમગામ વગેરે સ્થળોની લડતોમાં તેમજ દેશી રાજ્યોની લડતમાં ભાગ લીધો. રાજકોટ એજન્સીમાં 1 વર્ષની, મોરબીમાં ત્રણ માસની અને ધ્રાંગધ્રામાં 3 માસની સજા ભોગવી. 1930ના સત્યાગ્રહમાં ભાગ લેવા માટે 1 વર્ષ અને 6 મહિનાની, 1942ની ચળવળમાં ભાગ લેવા માટે 1.5 માસની તથા ફરીથી 1 વર્ષ અને 6 મહિનાની સજા. દેશી રાજ્યોના જુલમોને વર્તમાનપત્રોમાં પ્રગટ કરતા. વિદ્યાર્થી પ્રવૃત્તિના આગેવાન. કૉંગ્રેસ સમાજવાદી પક્ષના મંત્રી.

વોરા, નવનીતલાલ ચંપકપ્રસાદ

જન્મ : 1910. અમદાવાદ.

બી.એ., એલએલ.બી.. 1942ની ચળવળમાં અમદાવાદ સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં ભાગ લીધો. 6 માસની સખત કેદની સજા અને રૂ. 250 દંડ.

## વોરા, પ્રાણલાલ વીરચંદ

જન્મ : 14 ફેબ્રુઆરી, 1914. વતન : વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

વઢવાણ પ્રજામંડળની લડત વખતે ધરપકડથી જેલવાસ ભોગવ્યો. મોરબી, ધ્રોળ, રાજકોટ વગેરે દેશી રાજ્યો સામેની લડતમાં ભાગ લેતાં સહન કરવું પડ્યું. માર ખાધો. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો.

## વોરા, ભગવાનજી કાળીદાસ

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર.

1931માં ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લીધો. બીજી ટુકડીમાં વઢવાણથી જોડાયા. તેમની ટુકડીના આગેવાન હરીલાલ લાઠી હતા. હળવદ સ્ટેશને 'ઇન્કિલાબ ઝિંદાબાદ'નો જયઘોષ કર્યો. ધ્રાંગધ્રા રાજ્યની હદમાં પ્રવેશતાં જ ગિરફતાર થયા. ખટારામાં ધકેલી પોલીસો અજાણ્યા સ્થળે લઈ ગયા. પછી શિવાનંદજીની ટુકડી સાથે વ્રજપુર ગામે લઈ ગયા.

## વોરા, મગનલાલ પાનાચંદ

જન્મ : 1889. ખાખરેચી, જિ. રાજકોટ.

ગાંધીજીના અંતેવાસી. 1929માં મોરબી તાબેના ખાખરેચીમાં. દરબારી ત્રાસને કારણે ખાખરેચી સત્યાગ્રહમાં ભાગ લીધો. 2 માસ સુધી જેલવાસ. માલમિલકત જપ્ત, છતાં અણનમ. સમગ્ર કુટુંબે યાતાનાઓ વેઠી, પુત્ર તથા પુત્રવધૂને પણ નમક સત્યાગ્રહમાં જોડ્યાં.
અવસાન : 24 માર્ચ, 1950.

## વોરા, મણિબહેન છબીલદાસ

જન્મ : 14 જાન્યુઆરી, 1911. વતન : જામનગર.

પ્રજામંડળમાં રહીને સક્રિય ભાગ લીધો અને ઘરવખરી, મકાન વગેરે ગુમાવ્યાં. રાજકોટની લડતમાં સક્રિય. જેલવાસ ભોગવ્યો. આરઝી હકૂમતમાં ભાગ લીધો.

## વોરા, રજબઅલી અહેમદભાઈ

જન્મ : ચલાળા, જિ. અમરેલી.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લેવા માટે ધરપકડ કરી, કેસ ચલાવી જેલ તથા દંડની સજા કરવામાં આવી.

## વોરા, રમણીકલાલ પોપટલાલ

જન્મ : 3 નવેમ્બર, 1923. વતન : અમરેલી.

રાજકોટની લડતમાં ભાગ લેતાં રાજ્યના જુલમો સહન કર્યા. 1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે ભાવનગરથી ધરપકડ થઈ. લાંબો જેલવાસ ભોગવ્યો.

## વોરા, લાલચંદ જયચંદ

જન્મ : 11 એપ્રિલ, 1893. બગસરા, જિ. સુરેન્દ્રનગર.

સ્વદેશી પ્રચારક મંડળના મંત્રી. 1930 : ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લીધો. એ પહેલાં રાણપુર, પોરબંદર, ધંધૂકા, અમરેલીમાં દારૂ અને પરદેશી કાપડના બહિષ્કારનો પ્રચાર. પિકેટિંગ. 1931 :

નવી કેળવણી, ખાદી, અસ્પૃશ્યતાનિવારણ આદિ ગાંધીવિચારના પ્રસાર માટે બગસરા આશ્રમની સ્થાપના. 1938 : રાજકોટ સત્યાગ્રહમાં આશ્રમની ટુકડીઓ મોકલી. બગસરા આશ્રમમાં સેવા.

## વોરા, વ્રજલાલ ગોકળદાસ

વતન : ભાવનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લેવા બદલ ભાવનગરમાં 6 માસ અટકાયતમાં રહ્યા. અવસાન : 30 જૂન, 1985.

## વોરા, વ્રજલાલ ઠાકરશી

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. ધરપકડ વહોરી લીધી. જેલની સજા ભોગવી. રાજ્ય-સરકાર તરફથી પેન્શન તેમનાં પત્ની મંગળાબહેનને મળે છે.

## વોરા, શાંતિલાલ પ્રેમચંદ

જન્મ : 23 ડિસેમ્બર, 1923. વતન : રાજકોટ.

રાજકોટની લડતમાં જોડાતાં તેમની દુકાન બંધ થઈ ગઈ. લડતમાં ભૂગર્ભમાં રહીને કામ, છતાં ધરપકડ. સરધારમાં અટકમાં. લાંબો સમય લડતમાં ગાળ્યો.

## વોરા, હકીમુદ્દીન

દાહોદ.

રાષ્ટ્રવાદી. 1932ની ચળવળ દરમિયાન સભા, સરઘસ, પિકેટિંગ વગેરેમાં ભાગ લેવા માટે ધરપકડ. 6 માસની કેદની સજા.

## વોરા, હરખચંદ સુખલાલ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડત વખતે વઢવાણની દાજીરાજ હાઈસ્કૂલ ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા બદલ પોલીસોએ ઝૂડી નાખ્યા, ઘવાયા, ધરપકડ. અટકમાં રાખવામાં આવ્યા. જેલમાં તબિયત બગડી. ફરી સાજા થયા નહિ.

## વ્યાસ, અમૃતલાલ (અમુભાઈ) ઝવેરભાઈ

જન્મ : 10 એપ્રિલ, 1901. રાજકોટ.

રાજકોટ લડતમાં સક્રિય. મિલકત, દાગીના જપ્તીમાં. હલેડા કૂચમાં જોડાતાં ધરપકડ અને અટકાયત. જેલવાસ. રાજકોટ શહેર સુધરાઈમાં ચૂંટાયા. નગરસેવક. સહકારી પ્રવૃત્તિમાં સક્રિય.

## વ્યાસ, અંબાલાલ પુરુષોત્તમ

જન્મ : 19 જાન્યુઆરી, 1899. રામપુર, તા. ગોધરા, જિ. પંચમહાલ. કાર્યક્ષેત્ર : દાહોદ.

1917 : મૅટ્રિકમાં પ્રથમ વર્ગ. ગુજરાત કૉલેજમાં પ્રવેશ. ગોધરામાં પ્રથમ ગુજરાત રાજકીય

પરિષદમાં હાજરી. 1921 : અસહકારની ચળવળમાં કૉલેજનો ત્યાગ. કેટલાક મિત્રો પાસે કૉલેજ છોડાવી. વિદ્યાર્થીઓની સભા અમદાવાદમાં નદીની રેતમાં વલ્લભભાઈ પટેલના પ્રમુખપદે રાખી. તેમાં ગાંધીજીને બોલાવી લાવ્યા. ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. ગામડાંમાં લોકજાગૃતિનો પ્રચાર. 1924માં ભીલ સેવા મંડળમાં જોડાયા. ટીટોરી આશ્રમમાં આચાર્ય. 1926 : ભીલ સેવા મંડળના આજીવન સેવક બની 20 વરસ સેવાની પ્રતિજ્ઞા. 1930ની ચળવળમાં હાલોલ તાલુકાના ઢિકવા ગામે ધરપકડ. મુક્તિ. 1932માં ભાષણ કરતાં ગોધરામાં ધરપકડ. 2 વર્ષની સજા સાબરમતી તથા પુણેની જેલમાં ભોગવી. 1942ની ચળવળમાં ધરપકડ. અટકાયત. સાબરમતી જેલમાં. 1946માં ઓરિસામાં આદિવાસીઓનાં કલ્યાણની પ્રવૃત્તિ 20 વર્ષ સુધી કરી.

## વ્યાસ, અંબાલાલ શિવરામ

વતન : સરસવણી, જિ. ખેડા.

1921 : અસહકારની લડતમાં જોડાયા. સરકારી નોકરીનો ત્યાગ. દરબાર ગોપાલદાસના વહીવટદાર. 1932-33ના સત્યાગ્રહમાં ભાગ લીધો. 1 વર્ષ કારાવાસ. 50 રૂપિયા દંડ. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. માર. ત્રાસ. વ્યવસાય : શિક્ષક.

## વ્યાસ, આનંદીબહેન

વતન : કઠલાલ, જિ. ખેડા.

તેમનાં માતુશ્રી રવિશંકર મહારાજનાં મોટાં બહેન. બાળપણથી રાષ્ટ્રભક્તિના સંસ્કાર મળ્યા. કિશોરાવસ્થાથી સ્વાતંત્ર્યસંગ્રામની પ્રવૃત્તિઓમાં સક્રિય. ધરપકડ. જેલવાસ. જેલમાં ભક્તિબા, મૃદુલાબહેન વગેરેનો સંપર્ક. લડતની પ્રવૃત્તિમાં ભાગ લેતાં લાઠીમાર અને ટિયરગૅસનો ભોગ બનેલાં.

## વ્યાસ, કપિલરામ

બારડોલી, જિ. સૂરત.

1930ની ચળવળમાં ભાગ લીધો. મીઠાના કાયદાનો ભંગ કરવા ધરાસણા ગયા. ત્યાં માર ખાધો. જેલમાં ગયા. તેમના સસરા જયશંકરે દંડ ભરી દીધો, તેથી તેમનો બહિષ્કાર કરવામાં આવ્યો. કડક બહિષ્કાર થવાથી તેમની સાન ઠેકાણે આવી અને જયશંકરે મહાજનની માફી માગીને છુટકારો મેળવ્યો હતો.

## વ્યાસ, ડૉ. કપિલરાય સન્મુખરાય

જન્મ : મે, 1911. વાલોડ, જિ. સૂરત.

દાંતના ડૉક્ટર. 1928 : બારડોલી સત્યાગ્રહમાં અગ્રણી ભાગ. 1930ના સત્યાગ્રહ વખતે ના-કરની લડતમાં હિજરત. તેથી ઘરનો સામાન વેરવિખેર. નુકસાન. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેતાં ધરપકડ. 6 માસની જેલ. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેતા ધરપકડ. 2 વર્ષની જેલ. 1945 : કસ્તૂરબા ગાંધીની શોકસભામાં ભાષણ કરતાં ધરપકડ. 1 માસ બારડોલીની જેલમાં. કૉંગ્રેસના સક્રિય કાર્યકર.

## વ્યાસ, કપિલાબહેન માણેકલાલ

ચાંગા, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા સ્ત્રીઓના સરઘસ ઉપર પોલીસે સખત લાઠીચાર્જ કરી અનેક બહેનોને ઈજાઓ પહોંચાડી. તેમાં તેમને લાઠી વાગવાથી બરડા ઉપર ઈજા થઈ હતી.

## વ્યાસ, કમળાબહેન હરિહરભાઈ

જન્મ : 1909. વતન : વીરસદ, જિ. ખેડા.

અભ્યાસ : વર્નાક્યુલર ફાઇનલ. 1930ની

ચળવળમાં તેમના પતિની ધરપકડ અને કેદ થયા બાદ, કૉંગ્રેસની પ્રવૃત્તિ ચાલુ રાખી.
1930થી જીવનભર રચનાત્મક કાર્ય, ખાદી, વિદેશી કાપડનો બહિષ્કાર, અસ્પૃશ્યતાનિવારણ વગેરે કરતાં રહ્યાં. લડત દરમિયાન સ્વાતંત્ર્યસૈનિકોને ગુપ્ત આશ્રય આપી સ્વાતંત્ર્યના કાર્યમાં પરોક્ષ મદદ કરતાં હતાં.
વ્યાસ, કાન્તિલાલ બળદેવરામ
જન્મ : 6 માર્ચ, 1914. ઊંઝા, જિ. મહેસાણા.
1930ના સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લીધો. આત્મનિર્ભર થઈ ગ્રૅજ્યુએટ થયા. વડોદરા રાજ્યની નોકરી. 1942માં 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો. આર્ય સંગઠન પ્રગતિ મંડળના સભ્યો સાથે ભાંગફોડની પ્રવૃત્તિ. ઊંઝા કાવતરા કેસના આરોપી. ક્રાંતિકારી પ્રવૃત્તિઓ બદલ ધરપકડ. 1 વર્ષની સજા. આઝાદી પ્રાપ્તિ બાદ 1949માં પુનઃ નોકરીમાં જોડાઈ મામલતદાર બન્યા.
અવસાન થયેલ છે.

## વ્યાસ, કૃષ્ણલાલ ગજાનન

નિવાસ : સૂરત.

1940માં વાણીસ્વાતંત્ર્ય સંગ્રામમાં સક્રિય. વાલોડમાં સત્યાગ્રહમાં ભાગ લેતા 10 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ લીધો. 'હરિજનબંધુ'નો પ્રચાર. 1 વર્ષ અને 6 મહિના કારાવાસ.

## વ્યાસ, ગજેન્દ્રભાઈ શાંતિલાલ

જન્મ : 1923. અમદાવાદ.

1942ની લડતમાં શહેરસૂબા જયંતીભાઈ ઠાકોરને ત્યાં પ્રતિજ્ઞાપત્ર પર લોહીથી સહી કરી. બૉમ્બપ્રવૃત્તિમાં સક્રિય. ઈડર જઈને વિઠ્ઠલદાસ મૂળશંકર જોશી સાથે બે વાર દારૂગોળો લાવ્યા. પત્રિકાઓ વહેંચવા જતા. એક રિવૉલ્વર ખરીદી લાવ્યા. ડિસેમ્બર, 1942માં ધરપકડ. રિમાન્ડ પર, 1.5 મહિનો કાચી જેલમાં, છેવટે નિર્દોષ.
વ્યાસ, ગોવિંદલાલ મો.

## નડિયાદ, જિ. ખેડા.

નાટ્યલેખક. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં પત્રિકાઓ વહેંચવી અને દીવાલે ચોંટાડવામાં ભાગ લીધો. બાલકૃષ્ણ વ્યાસ, બચુભાઈ રામભાઈ પટેલ (સોજિત્રા) વગેરે સાથે બૉમ્બપ્રવૃત્તિ. રિવૉલ્વર રાખતા. નાટક મંડળીના સભ્યોના વેશમાં ઉમરેઠ ગયા. રાજપીપળાથી બૉમ્બની સામગ્રી – દારૂગોળો વગેરે લાવી ઉમરેઠમાં બૉંબ બનાવ્યા. ત્યાંના પોલીસ ગેટ પર 24 ડિસેમ્બર, 1942ના રોજ બુદ્ધિસાગરે બૉમ્બ નાખ્યો. પોલીસોને ઈજા થઈ. ગોવિંદભાઈ તથા સાથીઓ કપડવંજ જતા રહ્યા. ગોવિંદલાલ, બાલકૃષ્ણ વ્યાસ, જયશંકર ભટ્ટ, કનુભાઈ મુ. પટેલ (ઓડ) વગેરેની ધરપકડ થઈ. કેસમાં ગોવિંદલાલ તથા નાથાલાલ વ્યાસ નિર્દોષ છૂટ્યા.

## વ્યાસ, ગૌરીશંકર પ્રેમજીભાઈ

જન્મ : 17 જૂન, 1911. અમરેલી.

અભ્યાસ : ધોરણ 6 સુધી. વડોદરા રાજ્યના અન્યાયો સામે લડત. હદપારી. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં 6 માસનો જેલવાસ. પત્રકાર. જાહેર સેવક. પેન્શન અને તામ્રપત્ર એનાયત થયેલ છે.

## વ્યાસ, ચન્દ્રકાન્ત (ભામા)

અમદાવાદ.

પ્રીતમનગર વ્યાયામશાળાના સંચાલક. ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં રમતગમતના શિક્ષક. 1930ની ચળવળ વખતે પત્રિકા વહેંચતા. વાસણાથી વાડજ સુધીના યુવકોનો ઘનિષ્ઠ સંપર્ક. 1942ની ચળવળમાં પ્રીતમનગરની વ્યાયામશાળામાં કૉંગ્રેસ પત્રિકા સાઇક્લોસ્ટાઇલ કરી, બંડલો બંધાવી, સમગ્ર શહેરમાં

પહોંચાડતા. બલ્બમાં ઍસિડ ભરીને પોલીસો પર ફેંકતા. સુધરાઈની શાળાઓનું ફર્નિચર બાળતા. પોલીસ પર મરચાંનો ભૂકો, છીંકણી ફેંકતા. પોલીસોને ઘેરી લઈને મારતા. ડિસેમ્બર, 1942માં માદલપુર ને કોચરબના ચોરામાંથી મહેસૂલની લૂંટ કરી. તેમને પકડવા રેડ પડી. નિમુબહેન વકીલને ત્યાંથી ઝાડ પર, ત્યાંથી કૂદીને નાસી ગયા. પછી શહેરમાં અનેક ઓળખીતાને ઘેર ભૂગર્ભમાં રહ્યા. તે દરમિયાન પોલીસ પર પથ્થરમારો, નાસભાગ, ગુપ્તવાસ. નાશિકમાં ભોંસલે મિલિટરી સ્કૂલમાં, ત્યાં રેડ પડતાં ઝાડ પર રાત વિતાવી. મુંબઈ ગયા. પકડાયા નહિ.

## વ્યાસ, ચુનીભાઈ ભુલાભાઈ

કઠલાલ, જિ. ખેડા.

20મી સદીની શરૂઆતમાં અમદાવાદના કૃપાશંકર પંડિત, કઠલાલના વકીલ પૂંજાભાઈ સોમેશ્વર ભટ્ટ વગેરે સાથે ક્રાંતિકારી પ્રવૃત્તિમાં જોડાયા. તેઓ બૉમ્બ પણ બનાવતા હતા. ‘વનસ્પતિની દવાઓ’ જેવા ભળતા નામથી પ્રગટ કરેલી પુસ્તિકાની વહેંચણીનું કામ કરતા. આ પ્રકારનું સાહિત્ય તેઓ ઘરમાં સાચવતા.

## વ્યાસ, ચુનીલાલ

જન્મ : શિહોર, જિ. ભાવનગર.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી. લાંબા સમય સુધી જેલવાસ ભોગવ્યો. નિધન. તેમનાં વિધવા પ્રભાવતીબહેનને કેન્દ્ર-સરકાર દ્વારા પેન્શન મળે છે.

## વ્યાસ, ચૂનીરામ બળદેવરામ

જન્મ : 1878. વતન : સરસવણી, જિ. ખેડા.

અભ્યાસ : 7 ધોરણ. 1932 : દારૂની દુકાનો પર પિકેટિંગ. 150 રૂપિયા દંડ. જપ્તી દ્વારા વસૂલ. આજીવન સત્યાગ્રહી.

અવસાન : 1950.

## વ્યાસ, છોટાલાલ અનુપરામ

ઉમરેઠ, જિ. ખેડા.

સ્વદેશીનું વ્રત લીધું. દેશભક્તિ. 1918 : ખેડા સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહમાં સરદાર પટેલ સાથે કામગીરી. નાગપુર ઝંડા સત્યાગ્રહ, સવિનય કાનૂનભંગ, ‘હિન્દ છોડો’ ચળવળ દરમિયાન લાંબા સમયની જેલ ભોગવી. ખેડા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ, ધારાસભ્ય. સ્વાતંત્ર્ય બાદ સહકારી પ્રવૃત્તિમાં સક્રિય. સમગ્ર જીવન નિષ્ઠાપૂર્વક સેવા.

## વ્યાસ, છોટાલાલ માવજી

જન્મ : 29 ડિસેમ્બર, 1919. અમરેલી.

અભ્યાસ : ધોરણ 7. રાજકોટની લડતમાં સ્વયંસેવક તરીકે કામગીરી બજાવી; માર ખાધો. 1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો. પાછળથી ખાદી બોર્ડમાં જોડાયા. નિવૃત્તિ બાદ અમરેલીમાં.

## વ્યાસ, જગદીશચન્દ્ર અં.

દાહોદ.

ડિસેમ્બર, 1942માં દાહોદમાં પંચમહાલ જિલ્લા આઝાદ પરિષદમાં પ્રતિનિધિ. પોલીસે તેમાંથી કુલ પંદર વ્યક્તિની તેમના સહિત ધરપકડ કરી. દરેકને 2 માસની કેદની સજા.

## વ્યાસ, જયંતીલાલ એસ.

જન્મ : 14 ફેબ્રુઆરી, 1920. પાટણ.

અભ્યાસ : મૅટ્રિક પાસ (1937માં). બી. એસસી., એલએલ.બી.. ‘હિન્દ છોડો’ આંદોલનમાં સક્રિય. 15-8-1942ના રોજ વિદ્યાર્થીઓના સમૂહમાંથી ધરપકડ. યરવડા જેલમાં સજા ભોગવી ફેબ્રુઆરી, 1943માં જેલમુક્ત. જેલમાં મોરારજી દેસાઈનો નિકટ

સંપર્ક. યુસુફ મહેરઅલી, ડૉ. ગિલ્ડર, દાદાસાહેબ પટવર્ધનને પણ મળ્યા. આઝાદી પછી : રાષ્ટ્રપતિભવન, દિલ્હીમાં ગ્રંથપાલ. મોરારજી દેસાઈના પ્રી.એ. જાન્યુઆરી, 1957–માર્ચ, 1958, આસિસ્ટન્ટ પ્રાઇવેટ સેક્રેટરી અને અંગત સેક્રેટરી. 1979માં નિવૃત્તિ બાદ દિલ્હીમાં.

## વ્યાસ, જયંતીલાલ ન.

વાડી, વડોદરા.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. અનેકવિધ ભૂગર્ભપ્રવૃત્તિ. ચંદ્રશંકર ભટ્ટ તથા પત્ની સુમિત્રાબહેનનો સાથ.

## વ્યાસ, દીનાનાથ સોમેશ્વર

જન્મ : 7 જાન્યુઆરી, 1927.

નિવાસ : સરસવણી, જિ. ખેડા.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ લીધો. 2 વર્ષ કારાવાસ. કારાગૃહમાં અંગ્રેજી, બંગાળી આદિ ભાષા શીખી સાહિત્યસર્જન કર્યું. પુરસ્કાર જીત્યા. ખેડા કૉલેજમાં હિન્દીના વ્યાખ્યાતા.

## વ્યાસ, નર્મદાબહેન બાલાશંકર

બારડોલી, જિ. સૂરત.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન બારડોલીમાં સ્વયંસેવિકા દળની રચના કરી અને નર્મદાબહેન તેના ઉપપ્રમુખ તરીકે ચૂંટાયાં હતાં. આ દળનાં બહેનો દરરોજ દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરવા જતાં હતાં. તેમાં નર્મદાબહેન પણ પિકેટિંગ કરવા જતાં હતાં.

## વ્યાસ, નાગેન્દ્રકુમાર એમ.

જન્મ : કરાંચી. વતન : રાજકોટ.

1930-31ની ચળવળ વખતે કરાંચીમાં ભાગ લીધો. તેથી ધરપકડ કરવામાં આવી. જેલની સજા ભોગવી. દેશનું વિભાજન થયા પછી રાજકોટમાં પત્રકાર. નિધન થયેલ છે.

## વ્યાસ, પુષ્પાબહેન મૂળશંકર

જન્મ : 10 મે, 1914. કરાંચી.

રાજકોટનિવાસી. 1932માં લડત દરમિયાન કરાંચી રહ્યાં. 6 માસની સજા ભોગવી. કરાંચી છોડી ભારત આવ્યાં ત્યારે મિલકત ગુમાવી. ભારત સરકારે તામ્રપત્ર તથા પેન્શન એનાયત કરેલ છે.

## વ્યાસ, પોપટલાલ મૂળશંકર

જન્મ : 18 ડિસેમ્બર, 1918. વતન : સાબરકાંઠા.

1937માં સૂરત શહેર કૉંગ્રેસ સમિતિના સભ્ય. 1942માં ધરપકડ. 1 વર્ષ અને 6 મહિનાની જેલ. તે પછી ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ તથા અખિલ હિન્દ કૉંગ્રેસ મહાસમિતિના સભ્ય થયા. 1967માં ગુજરાતની ધારાસભાના સભ્ય ચૂંટાયા. ગુજરાત સરકારમાં મંત્રી હતા.

વ્યાસ, પ્રેમશંકર જીવણરામ

વતન : વાલોડ, જિ. સૂરત.

1930માં તલાટીની નોકરીનું રાજીનામું. લડતમાં ભાગ લીધો. ધરપકડ. જેલમાં ગયા. છૂટીને શાળામાં સેવા આપી અને તે પછી બૅંકમાં નોકરી કરી. સૂરતની તમામ કૉંગ્રેસ-પ્રવૃત્તિમાં ભાગ લેતા. કૅન્સરના દર્દથી મૃત્યુ.

## વ્યાસ, બાલકૃષ્ણ

નડિયાદ, જિ. ખેડા.

1942ની ચળવળમાં કેટલાક મિત્રો ગોવિંદલાલ વ્યાસ વગેરે સાથે ઉમરેઠ ગયા. ત્યાં બૉમ્બ બનાવ્યા. ઉમરેઠની પોલીસચોકી પર બૉમ્બ નાખવા બુદ્ધિસાગરને મોકલ્યો. પોલીસો દાઝ્યા. ધરપકડ. કેસ ચલાવીને 1 વર્ષ અને 6 મહિનાની કેદની સજા.

વ્યાસ, મણિધરપ્રસાદ શંકરલાલ

જન્મ : 11 ઑગસ્ટ, 1886. ખાડિયા, અમદાવાદ.

અભ્યાસ : દાક્તરી વિદ્યાનો. 1907માં બંગભંગના આંદોલનથી રાજકીય જીવનની શરૂઆત. 1930ની ચળવળમાં 1 વર્ષની સજા અને દંડ. 1932ની લડત વખતે 1 વર્ષની કેદ અને દંડ. 1942માં કૉંગ્રેસ હાઉસનો કબજો સરકારે લીધો, તે વખતે ગિરફ્તારી અને 4 માસની સજા અને દંડ. રાષ્ટ્રસેવક. અવસાન થયું છે.

## વ્યાસ, મણિલાલ અમૃતલાલ

જન્મ : 31 જાન્યુઆરી 1907. છોટાઉદેપુર, જિ. વડોદરા.

1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહમાં 2 મહિના અટકાયત. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભૂગર્ભપ્રવૃત્તિ. ટપાલની હેરફેર. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. ગામોમાં પ્રચારકાર્ય. કુટુંબનો વિરોધ છતાં રાષ્ટ્રસેવા.

## વ્યાસ, મણિલાલ જાદવજી

જન્મ : કરાંચી, વતન : રાજકોટ.

કરાંચીના વસવાટ દરમિયાન 1930-32ની લડતમાં સક્રિય ભાગ લીધો. ધરપકડ થઈ. જેલવાસ ભોગવ્યો.

## વ્યાસ, મનુભાઈ અમૃતલાલ

જન્મ : 2 ફેબ્રુઆરી, 1915. મૂળી, જિ. સુરેન્દ્રનગર. અભ્યાસ : બી.એ..

કિશોરવયથી રાષ્ટ્રવાદી. 1930ની ચળવળમાં ભાગ લીધો હતો. 1939માં ગુજરાત કૉલેજમાંથી બી.એ.નો અભ્યાસ છોડીને વ્યાયામ વર્ગમાં જોડાયા. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. બ્રિટિશ સરકાર વિરુદ્ધ આંદોલન જગાવવા અમદાવાદ શહેર તથા ઉત્તર ગુજરાતનાં ગામોમાં પ્રવાસ કરીને પ્રચાર તથા લોકજાગૃતિનું કાર્ય. ધરપકડ વહોરી લીધી.

## વ્યાસ, મનુભાઈ શામજી

સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931માં ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લેવા હરિલાલ મૂ. લાઠીની આગેવાની હેઠળ બીજી ટુકડીમાં વઢવાણની છાવણીમાં ભેગા થયા. રાષ્ટ્રીય ગીતો ગાતા. વઢવાણ શહેરમાં ફરી, પ્રજાજનોના આશીર્વાદ મેળવ્યા. હળવદ રેલવેસ્ટેશને ઊતરીને ધ્રાંગધ્રા રાજ્યની હદમાં પગ મૂકતાં, ગિરફ્તાર કરવામાં આવ્યા. ખટારામાં ધકેલી પોલીસો તેમને અજાણ્યા સ્થળે લઈ ગયા. કેટલાકને ધ્રાંગધ્રાની જેલમાં અને બીજાને વ્રજપુર ગામમાં રાખ્યા.

## વ્યાસ, મહાકોરબહેન શંકરલાલ

ઉમરેઠ, જિ. ખેડા.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. મે, 1930માં ઉમરેઠમાં દારૂના પીઠા પર, તેમના પતિ શંકરલાલ વ્યાસ સાથે પિકેટિંગ કરતાં. આના પરિણામે દારૂનું વેચાણ ન થવાથી, કલાલે દંપતી ઉપર હુમલો કરી લાઠી મારવા પ્રયાસ કર્યો તથા તેઓ બંનેને બીભત્સ ગાળો આપી. છતાં તેઓ બંને શાંત રહ્યાં હતાં.

## વ્યાસ, મહીપતરામ ધીરજલાલ

રાંદેર, જિ. સૂરત.

1942ની લોકક્રાંતિમાં અભ્યાસ-ત્યાગ. સરઘસમાં જોડાયા, પત્રિકાવિતરણ. 6 મહિના કઠોર કારાવાસ. મુક્તિ પછી દેશસેવામાં.

વ્યાસ, મંછારામ તુલજારામ

બારડોલી, જિ. સૂરત.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં સક્રિય ભાગ લીધો. સભા-સરઘસોમાં જોડાતા. પત્રિકાઓ વહેંચવી, દારૂતાડીનો બહિષ્કાર વગેરે પ્રવૃત્તિમાં જોડાતા. તેમની ધરપકડ કરી, કેસ ચલાવી ત્રણ સપ્તાહની કેદની સજા કરવામાં આવી.

વ્યાસ, (ડૉ.) મુકુંદરાય લાભશંકર

જન્મ : 24 જૂન, 1919. મોમ્બાસા, કેનિયા.

લંડનમાં જવાહરલાલ તેમજ સુભાષબાબુના સંપર્કમાં આવ્યા. ત્યાર બાદ સુભાષબાબુના અંગત સેક્રેટરી તરીકે કાર્ય કર્યું. 1945માં વિશ્વયુદ્ધમાં જાપાનની હાર થતાં તેમને પકડવામાં આવ્યા. એકાંત જેલવાસ ભોગવ્યો. 1947 પછી ભારત પાછા ફર્યા.

વ્યાસ, મૂળશંકર

વતન : અમદાવાદ.

તા. 4 મે, 1930ના દિને સુણાવ ગામમાં સરઘસ વખતે લાઠીમારમાં ઘવાયા. ધરપકડ અને 2 વર્ષની સજા અને દંડ.

વ્યાસ, મોહનલાલ પોપટલાલ

જન્મ : 2 મે, 1907. મોટા માંડવા, રાજકોટ.

1922 : અમદાવાદ મજૂર મહાજન સંઘમાં જોડાયા. 1930 : દારૂબંધીનો પ્રચાર, પીઠાં સામે દેખાવો, પિકેટિંગ. છાવણીનું સંચાલન. વિવિધ શ્રમિક પ્રવૃત્તિ. 1957 : મુંબઈ રાજ્યના ધારાસભ્ય. 1962 : ગુજરાત રાજ્યના વિધાનસભ્ય. આરોગ્ય, શ્રમ, ગૃહનિર્માણ મંત્રી.

વ્યાસ, રવિશંકર શનાલાલ

જન્મ : 30 નવેમ્બર, 1906. અભ્યાસ : સાત ધોરણ. જિ. ખેડા.

1930ની લડત વખતે કૉંગ્રેસના કાર્યમાં જોડાયા. સભા-સરઘસોમાં ભાગ લેતા. દારૂની દુકાનો ઉપર પિકેટિંગ કરતા હતા તે દરમિયાન તેમની ધરપકડ કરવામાં આવી હતી. કેસ ચાલ્યા પછી દંડ કરીને છોડી મૂકવામાં આવ્યા. અવસાન : 1963.

વ્યાસ, રવિશંકર શિવરામ (રવિશંકર મહારાજ)

જન્મ : 25 ફેબ્રુઆરી, 1885. રઢુ, જિ. ખેડા.

1916 : ગાંધીજીનો સંપર્ક. પ્રભાવિત. સ્વતંત્રતા માટેની તથા રચનાત્મક એવી દરેક પ્રવૃત્તિમાં સક્રિય. 1920 : સુણાવમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના. 1921 : ટિળક સ્વરાજ્ય નિધિમાં રૂ. 1 લાખ એકત્ર કર્યા. 1923 : બોરસદ ના-કર સત્યાગ્રહમાં. કાંઠાનાં 18 ગામોને વેરો નહિ ભરવા સફળતાપૂર્વક સમજાવ્યાં. 1928 : બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. 6 મહિના કારાવાસ. 1930 : સવિનય કાનૂનભંગ સત્યાગ્રહમાં ભાગ લીધો. 2 વર્ષ કારાવાસ. 1941 : અમદાવાદમાં કોમી અશાંતિમાં નિર્ભય થઈ લોકો વચ્ચે ફર્યા. શાંતિ સ્થાપી. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ લીધો. અટકાયત. 1953 : ભૂદાનપ્રવૃત્તિમાં સક્રિય. પદયાત્રા. પ્રત્યેક પ્રાકૃતિક આપત્તિ સમયે જનસેવામાં પ્રવૃત્ત.

અવસાન : 1 જુલાઈ, 1984.

## વ્યાસ, રામપ્રસાદ ભોગીલાલ

જન્મ : 5 નવેમ્બર, 1902. ગોધરા, જિ. પંચમહાલ. વતન : માતર, જિ. ખેડા.

1920ની અસહકારની લડત વખતથી સ્વાતંત્ર્ય-સંગ્રામમાં સ્વયંસેવક તરીકે જોડાયા. 1922માં હરિજનસેવાની તાલીમ લીધી. 1930માં સવિનય કાનૂનભંગ કરવા માટે 6 માસની કેદની સજા. પરંતુ આશરે 1.5 મહિનો કેદ ભોગવ્યા બાદ ગાંધી-ઇર્વિન કરાર થતાં બધા રાજકીય કેદીઓ છૂટ્યા. 1932માં ધરપકડ (4 જાન્યુઆરી, 1932) અને 1.5 માસ જેલમાં અટકાયત પછી મુક્તિ. 1940થી 1948 સુધી સેવાગ્રામમાં રહ્યા. હરિજનસેવા.

## વ્યાસ, લાભશંકર કરુણાશંકર

જન્મ : 24 નવેમ્બર, 1920. વતન : રાજકોટ.

રાજકોટ સત્યાગ્રહમાં સક્રિય ભાગ લીધો. 6 માસની સજા અને રૂ. 500 દંડ થયો. માંદા પડવાથી 1.5 માસ પછી જેલમાંથી મુક્ત કરેલ.

## વ્યાસ, વજુભાઈ ફૂલશંકર

જન્મ : 7 ડિસેમ્બર, 1919. વતન : વલભીપુર,

જિ. ભાવનગર.

1930 : વિદેશી કાપડ તથા દારૂના પિકેટિંગથી કાર્ય શરૂ. 1938માં વળા સત્યાગ્રહમાં ભાગ લઈ જેલવાસ ભોગવ્યો. 1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થતાં ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાયા. ચૂડામાં છૂપા વેશે રહીને પત્રિકાપ્રકાશનની જવાબદારી પાર પાડી. 4 વર્ષની ભૂગર્ભપ્રવૃત્તિ કરી.

## વ્યાસ, વનમાળીદાસ દયાળજી

ઉજળવાવ, જિ. ભાવનગર.

1930ના મીઠાના સત્યાગ્રહ વખતે ધરાસણાની લડતમાં ભાગ લેતાં પોલીસનો અમાનુષી ત્રાસ વેઠ્યો. ખૂબ સહન કર્યું. હાથ ભાંગ્યો. બે વખત યરવડા અને નાશિક જેલમાં 6-6 માસનો જેલવાસ વેઠ્યો.
અવસાન : 1978.

## વ્યાસ, વસંતરાય

અમદાવાદ.

ક્રાંતિકારી પ્રવૃત્તિ. 1909ના નવેમ્બરની 13 તારીખે અમદાવાદમાં ગવર્નર જનરલ લૉર્ડ મિન્ટો
અને તેમનાં પત્ની પર બૉમ્બ નાખ્યો. સરકારે તેમને પકડવા કોશિશ કરી પણ સફળતા મળી નહિ.

## વ્યાસ, વૈદ્યનાથ કેવળરામ

વતન : સરસવણી, જિ. ખેડા.

1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ, સમાધાન થતાં 3 મહિને મુક્તિ. આજીવન દેશસેવક. નિર્ધનોને ઔષધ, કપડાંની સહાય.

## વ્યાસ, શંકરલાલ

ઉમરેઠ, જિ. આણંદ.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. ઉમરેઠમાં મે, 1930માં દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરતા. તેમનાં પત્ની પણ સાથે જતાં. દારૂ વેચનાર કલાલે પિકેટિંગ કરનાર દંપતી પર હુમલો કરી, લાઠી મારવા પ્રયાસ કર્યો તથા તેઓને બીભત્સ ગાળો આપી હતી, છતાં તેઓ શાંત રહ્યાં હતાં.

## વ્યાસ, શારદાબહેન મોહનલાલ

સૂરત.

1942ની લડત વખતે પ્રાથમિક શાળામાં ઉપાચાર્ય હતાં. સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લેતાં ધરપકડ. 1 વર્ષની સજા. તેમની સાથે જેલમાં ઇન્દુમતી શેઠ, વસુમતીબહેન, સુશીલા માવલંકર, જ્યોત્સ્નાબહેન વગેરે હતાં.

## વ્યાસ, શાંતિલાલ છોટાલાલ

નિવાસ : ત્રણજા, જિ. ખેડા.

1932માં વસોમાં અભ્યાસ-ત્યાગ. ભાદરણ-ગમન. બોરસદ સત્યાગ્રહમાં સક્રિય. ખેડૂત-દિવસે સરઘસમાં આગેવાન. બોચાસણ. 6 મહિના કારાવાસ. 1942 : માતર ટપાલ કાર્યાલયમાં બૉમ્બ મૂક્યો. 1962થી શિક્ષણ અને સમાજક્ષેત્રે સેવા.

## વ્યાસ, શિવલાલ જેઠાલાલ

જન્મ : 1878. વતન : સરસવણી, તા. મહેમદાવાદ, જિ. ખેડા. અભ્યાસ : ગુજરાતી સાત ધોરણ.

સને 1920ની અસહકારની લડત વખતે જ તે કૉંગ્રેસનું કાર્ય કરતા રહેલા. 1932ની ચળવળ વખતે તે ભૂગર્ભમાં રહીને કામ કરતા હતા. તેમને શોધવા માટે પોલીસે ઘણા પ્રયાસો કરેલા, પરંતુ તે પકડાયા નહિ. ભૂગર્ભમાં રહેવાને કારણે તેમને ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડી હતી.
અવસાન : 1939.

## વ્યાસ, સરયૂબહેન પોપટલાલ

જન્મ : 9 જૂન, 1920. સૂરત.

1942ની લડતમાં નવ મહિનાની સજા થઈ હતી, સાબરમતી જેલમાં ભોગવી. કૉંગ્રેસ વિદ્યાર્થી અને સેવાદળ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. માંજરસેનામાં જોડાયા.

## વ્યાસ, સુરેન્દ્ર નરહરિશંકર

જન્મ : 8 જુલાઈ, 1917. સૂરત.

1930માં વાનરસેનામાં જોડાઈને વિદેશી માલની દુકાનો પર પિકેટિંગ કર્યું. 1937માં સફાઈકામ, પ્રૌઢશિક્ષણ, પુસ્તકાલયપ્રવૃત્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો કર્યા. 1942માં સરકાર વિરુદ્ધની હસ્તલિખિત પત્રિકાઓ બહાર પાડી. સરઘસ, સભા, પત્રિકા, પોસ્ટરોની પ્રવૃત્તિ ચાલુ રાખી. 1943માં ફેબ્રુઆરીમાં ગાંધીજી ઉપવાસ પર ઊતર્યા ત્યારે જનતાને હડતાળ પાડવાની જાહેરાત કરતાં ધરપકડ. 6-6 મહિનાની બે વખત સજા કરવામાં આવી. સાબરમતી જેલમાં આ સજા ભોગવી. જેલમાંથી છૂટીને સેવાદળ, હરિજન-પ્રવૃત્તિમાં ભાગ લીધો.

## 2789. વ્યાસ, સોમેશ્વર પ્રજારામ

જન્મ : 5 ઑગસ્ટ, 1906. વતન : સરસવણી, જિ. ખેડા.

1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહ. 1 વર્ષના કારાવાસની શિક્ષા. સમાધાનથી ઘટીને 2 મહિના થઈ. રચનાત્મક કાર્ય. સમાજસેવા.

## વ્યાસ, હરિહર ઉમિયાશંકર

જન્મ : 1898. વરસોડા, ખેડા.

અભ્યાસ : સ્નાતક, ગૂજરાત વિદ્યાપીઠ. 1916 : હોમરૂલ આંદોલનમાં સક્રિય. ટિળક મહારાજના અવસાનની હડતાળ પડાવતા ઉમરેઠ હાઈસ્કૂલમાંથી કાઢી મુકાયા. રાષ્ટ્રીય શાળામાં પ્રવેશ. 1920-22 : અસહકાર. મુખી-તલાટીનાં ત્યાગપત્રો લેવામાં તથા સરકારી શાળાઓ બંધ કરાવવામાં પ્રવૃત્ત. દાદાનું નિવૃત્તિવેતન બંધ. અભ્યાસ સાથે કાર્ય. 1930માં લડતમાં સક્રિયતા માટે 1 વર્ષ કારાવાસ.

## વ્રજલાલ સુંદરજી

વતન : ચિત્તલ, જિ. અમરેલી.

રાજ્યના જુલમો તેમજ ભારે કરવેરા સામે તેઓ કાયમ લડત આપતા રહ્યા. બે વાર જેલવાસ ભોગવ્યો.

# શ

## શર્મા, કૃષ્ણ

જન્મ : ઉત્તરપ્રદેશ.

કાર્યક્ષેત્ર : રાજકોટ. આર્યસમાજના કાર્યકર. ભારતીય સંસ્કૃતિના પ્રચારક. પ્રચારાર્થે ફીજી. ત્યાંની અંગ્રેજ સરકારે હદપાર કર્યા. પછી રાજકોટ વસ્યા. 'વિરાટ ભારત' નામનું સાપ્તાહિક શરૂ કર્યું. રાજકોટ રાજ્યે તે સામયિક પર પ્રતિબંધ મૂક્યો. છતાંય બહાર પડતું રહ્યું. 1942ની 'હિન્દ છોડો' અને રાજકોટની લડતમાં સક્રિય.

## શર્મા, ગુણવંતરાય આર.

જામનગર.

1930ની મીઠાની લડતમાં ભાગ લીધો. ધરપકડ કરવામાં આવી. જેલની ટૂંકી સજા ભોગવી.

## શર્મા, છગનલાલ ત્રિકમલાલ

જન્મ : 24 સપ્ટેમ્બર, 1905. મોરબી, જિ. રાજકોટ. અભ્યાસ : ધોરણ 5.

રાજકોટની લડતમાં ભાગ લીધો. ખૂબ માર પડ્યો. રાજકોટની જેલમાં ટૂંકી સજા ભોગવી. રાજ્ય- સરકારનું પેન્શન એનાયત.
નિધન : 9 ઑક્ટોબર, 1979.

## શર્મા, ત્રિભોવન આર.

જન્મ : 28 સપ્ટેમ્બર, 1908. ભાણવડ.

નાનપણમાં આફ્રિકા. 20 વર્ષની ઉંમરે ભાણવડ પરત આવ્યા. ગાંધી ટોપી પહેરતાં રાજ્યની કરડી નજર. વડોદરા મિલિટરી કૅમ્પમાં સરકારનો હુકમ સૈનિકોએ ન માનવો તેવો પ્રચાર કરવા ગયા. ત્યાં ધરપકડ. 6 માસની જેલ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. છ માસનો જેલવાસ.

## શર્મા, નારાયણ ફૂલચંદ

જન્મ : 29 નવેમ્બર, 1901. વતન : પેટલાદ, જિ. આણંદ. અભ્યાસ : ગુજરાતી ફાઇનલ, અંગ્રેજી પાંચ ધોરણ.

1921માં અસહકારની લડતમાં અભ્યાસ છોડ્યો. 1925 સુધી સ્વરાજની લડતમાં કામ કર્યું. 1926 : સત્યાગ્રહ આશ્રમમાં દાખલ થયા. 1928માં બારડોલી સત્યાગ્રહ શરૂ થતાં ગાંધીજીના આશીર્વાદ સાથે બારડોલી તાલુકામાં જઈ, છાવણી નાખી લોકમત જાગૃત કર્યો. 1930માં મીઠાના સત્યાગ્રહ વખતે ચોર્યાસી તાલુકામાં ભીમરાડ ગામે મીઠું લૂંટતાં, ધરપકડ ન થવાથી, જિલ્લાનાં રચનાત્મક કાર્યોમાં રોકાયેલા રહ્યા. મરોલીમાં કસ્તૂરબા સેવાશ્રમના 1932 સુધી વ્યવસ્થાપક. સૂરત જિલ્લો અને રાજપીપળા વિસ્તારમાં પ્રચાર-કાર્ય.

## શર્મા, માણેકલાલ મગનલાલ

જન્મ : 1909. ઊંઝા, વતન : સિદ્ધપુર.

1927 : ગુજરાતમાં રેલસંકટ દરમિયાન અભ્યાસ છોડી સેવાકાર્ય. સિદ્ધપુર તાલુકામાં દવાઓ વહેંચી. હરિજનસેવા. 1929 : વડોદરામાં જુમ્મા દાદા વ્યાયામ મંદિરમાં તાલીમ લીધી. સિદ્ધપુરમાં વ્યાયામ મંદિર સ્થાપ્યું. 1930ની ચળવળમાં મહેસાણા જિલ્લાના શેરથા ગામે ડૉ. સુમંત મહેતાના નેતૃત્વ હેઠળ વિદેશી કાપડનો બહિષ્કાર, દારૂનાં પીઠાં પર પિકેટિંગ, જિલ્લાનાં ગામોમાં સ્વદેશી અને ખાદીનો પ્રચાર. પોતે કાંતીને ખાદી પહેરતા.
1931 : વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો, ધરપકડ. 3 મહિનાની જેલ અને રૂ. પચીસ દંડ. 1942 : 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેતા ધરપકડ. બે માસની જેલ. આઝાદી બાદ : નિરાશ્રિતોનો પુનર્વસવાટ, સર્વોદય આશ્રમ, ગ્રામોદ્યોગ અને શૈક્ષણિક પ્રવૃત્તિ.
અવસાન : 25 જાન્યુઆરી, 1979.

## શર્મા, મોતીલાલ શામળદાસ

જન્મ : 7 જાન્યુઆરી, 1892.

હોમરૂલ (સ્વરાજ) લીગની સમિતિમાં સભ્ય. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. 1927 : વડોદરા રાજ્ય પ્રજામંડળના અધિવેશનમાં સક્રિય. 1928 : બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. સરભોણમાં સ્વયંસેવક. 1 વર્ષ કારાવાસ.

## શર્મા, લક્ષ્મીબહેન મારુતિદાસ

વરુડી, જિ. અમરેલી.

ગાંધીજીના આશ્રમમાં રહ્યાં. 1930-31ની મીઠાની લડત વખતે જલાલપોર મુકામેથી સત્યાગ્રહ કરતાં ધરપકડ. સાબરમતી તેમજ યરવડા જેલમાં 6 માસની સજા ભોગવી.

## શર્મા, લોકરામ નયનારામ

જન્મ : 1 જાન્યુઆરી, 1910. હૈદરાબાદ, સિંધ.

1910-16 : 'સિંધભાસ્કર' પત્રિકાનું પ્રકાશન. 1916 : 'કોમીરોજા' પત્રિકા. 1918 : કડક લેખો. 3 મહિના કારાવાસ, 1500 રૂપિયા દંડ.

1919 : રૉલેટ વિધેયકનો વિરોધ. સત્યાગ્રહ. 1922 : રાજદ્રોહનો આરોપ. હૈદરાબાદમાં 2 વર્ષ કઠોર કારાવાસ. 1929 : સાયમન કમિશનનો વિરોધ. 1930 : 2 વર્ષ કારાવાસ. છાપખાનું જપ્ત. ગાંધી-ઇર્વિન સંધિ થતાં પાછું મળ્યું. 1931-32 : 2 વર્ષ કારાવાસ.
અવસાન : કરાંચી.

## શર્મા, વાસુદેવ અભયરામ

જન્મ : 21 જુલાઈ, 1900. નિવાસ : સલાલ, જિ. સાબરકાંઠા.

1930 : દાંડીકૂચ દરમિયાન સલાલમાં સાર્વજનિક સભા. દહેમાઈમાં જાહેર સભા. 27 જુલાઈના દિવસે ધરપકડ. 4 મહિના કારાવાસ. સાણંદ. દારૂની હરાજી પ્રસંગે પિકેટિંગ. ધરપકડ અને મુક્તિ. 1932 : મુંબઈમાં આઝાદ મેદાનમાં સભામાંથી ધરપકડ થઈ. કારાવાસ. 6 મહિનાની કેદ યરવડા અને વિસાપુર જેલમાં. 30 રૂપિયા દંડ.

## શર્મા, વેદવૃત્ત (આર્ય)

ટંકારા, સૌરાષ્ટ્ર.

1930-31ના નિમક-સત્યાગ્રહમાં હૈદરાબાદ રાજ્યમાં ભાગ લીધો. 1 વર્ષ સખત કેદની સજા. 1942માં 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં 8 માસ જેલવાસ.

## શર્મા, શિવરામ ભૂલાભાઈ

જન્મ : તા. 26 મે, 1895. હરેરી, તા. મહેમદાવાદ.

અભ્યાસ : ધોરણ 5 અંગ્રેજી, પ્રશિક્ષણ ત્રીજું વર્ષ. 1920 : સરકારી નોકરીનો ત્યાગ. રાષ્ટ્રીય શાળામાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. 1923 : નાગપુર ઝંડા સત્યાગ્રહમાં ભાગ લેતા. 1 વર્ષ અને 6 મહિના કારાવાસ. સમાધાન થતાં સજા ઘટી. 1930 : વડાલા મીઠાની લૂંટમાં સખત માર. ઇસ્પિતાલમાં. 1931 : વસ્તીગણતરી બહિષ્કાર. 1.5 મહિનો કારાવાસ. રૂપિયા 25 દંડ. 1942 : અમદાવાદ સુધરાઈમાંથી કાઢી મુકાયા. પુનઃ લેવાયા.

## શંકરભાઈ ગિરધરભાઈ

વતન : મહેમદાવાદ, જિ. ખેડા.

1932ની લડત વખતે 4-11-1932ના દિવસે મહેમદાવાદ તાલુકાના 25મા સરમુખત્યાર તરીકે સરદારી લઈ ગામમાં સરઘસ કાઢેલું અને પત્રિકા વહેંચતાં તેમની ધરપકડ કરવામાં આવી. પાછળથી છોડી મૂકવામાં આવ્યા.

## શંકરભાઈ ધનજીભાઈ

બોચાસણ, જિ. આણંદ.

ગાંધીજયંતી 2-10-1932ના રોજ બોચાસણમાં નીકળેલ સરઘસમાં રાષ્ટ્રધ્વજ સહિત જોડાયા. પોલીસના કહેવા છતાં ધ્વજ મૂક્યો નહિ. તેથી તેમના થાપામાં જમાદારે બૂટ વડે લાતો મારી, બીજા ચાર જણે ઘસડીને ઊંચા કર્યા, છતાં ધ્વજ છોડ્યો નહિ. કમર અને માથા પર ધડાધડ લાઠીઓ મારી. ચક્કર આવવાથી હરમદભાઈ માધાભાઈ અને નરસિંહભાઈ બાબરભાઈને ધ્વજ સોંપી દીધો. ધરપકડ કરવામાં આવી.

## શંકરભાઈ ફૂલાભાઈ

નિવાસ : ઓડ, જિ. આણંદ.

1923માં નાગપુર ધ્વજ સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ. 1923માં બોરસદ સત્યાગ્રહમાં ભાગ લીધો. ઓડ ગોળીબારકાંડ. 1 વર્ષ કારાવાસ. દંડ. ઘરનાં પતરાં ઉખાડી સરકારી વસૂલાત. 1932 : કલેક્ટરની સભામાં પત્રિકાવિતરણ. 6 મહિના કારાવાસ. થામણામાં પત્રિકાવિતરણ. ઉમરેઠમાં પિકેટિંગ. 1942 : બૉમ્બકાંડમાં સંડોવણી. ગુપ્તવાસ. 1944 : આણંદમાં પ્રગટ. નિર્દોષ મુક્તિ.

## શંકરભાઈ બાબરભાઈ

1930ની ચળવળ દરમિયાન ધરાસણા મીઠાના

કાયદાનો ભંગ કરવા ગયેલા. ત્યાં 30 મેના રોજ પાંસળાંમાં સખત માર પડવાને લીધે બેભાન થઈ ગયેલા. તેમની સ્થિતિ ગંભીર થવાથી વલસાડની ઇસ્પિતાલના ડૉક્ટરે મરણ વખતની કેફિયત લેવા જણાવ્યું.

## શંકરલાલ

સોજિત્રા, જિ. આણંદ.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન 21-9-1942ના રોજ સોજિત્રાની ખડકી પાસે પોલીસવાન ઉપર બૉમ્બ ફેંકવામાં આવ્યો. તેનાથી સાત પોલીસો અને એક સબ-ઇન્સ્પેક્ટર ઘવાયા. તે પછી હથિયારબંધ પોલીસો આવી ને નિર્દોષ લોકો ઉપર ભૂખ્યા વરુની જેમ તૂટી પડી. આ બનાવના અનુસંધાનમાં યુવાનો પર કેસો થયા. શંકરલાલે તમામ જવાબદારી પોતાને માથે ઓઢી લીધી. તેથી બીજા યુવાનો નિર્દોષ છૂટ્યા. શંકરલાલને ત્રણ વર્ષની સખત કેદની સજા, એકસો રૂપિયા દંડ, દંડ ન ભરે તો ત્રણ માસની વધારે સજા ફરમાવવામાં આવી.

## શામળદાસ જગજીવન

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ વહોરી લીધી. ટૂંકો જેલવાસ ભોગવ્યા બાદ રાજ્યની સરકારે છોડી દીધા.

## શામળાભાઈ સામતભાઈ

જન્મ : ગોસા, પોરબંદર પાસે.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે પકડીને નવી બંદરમાં જેલમાં પૂરવામાં આવ્યા. તેમની પર ફટકા મારવામાં આવ્યા. ફટકો પડે કે 'ગાંધીબાપુ કી જય', 'રામાપીર કી જય' પોકારતા રહ્યા. ફટકા ઉપરાંત બૂટની એડીથી ગૂંદવામાં આવ્યા.

## શાસ્ત્રી, કાંતિલાલ જયશંકર

નિવાસ : દેશાંતર, જિ. સાબરકાંઠા.

1938 : હિંમતનગરમાં ગુરુકુળ બ્રહ્મચર્યાશ્રમની સ્થાપના. રાજકાજ સામે વાંધાવિરોધના કારણે ઈડરથી હદપાર. ઈડર 6 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન, સભા-સરઘસમાં ભાગ લેતા. ધરપકડ. સાબરમતીમાં 5 માસ કારાવાસ. ઈડર રાજ્ય પ્રજા મંડળના પ્રમુખ. વેઠવેરા રદ કરાવ્યા. ના-કર લડતમાં સક્રિય.

## શાસ્ત્રી, દિનમણિશંકર

સોજિત્રા, જિ. આણંદ.

ગાંધીજીએ શરૂ કરેલા સત્યાગ્રહો – અસહકારની ચળવળ, સવિનય કાનૂનભંગ વગેરેમાં તેઓ જોડાયા હતા. તેમણે ખાદી અને રેંટિયાની રચનાત્મક પ્રવૃત્તિમાં સક્રિય સેવા પ્રદાન કરી હતી.

## શાસ્ત્રી, ભાનુપ્રસાદ છગનલાલ

જન્મ : 6 ઑક્ટોબર, 1909. બોરસદ, જિ. આણંદ.

1930 : મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. ભરૂચના સત્યાગ્રહીઓની ટુકડી લઈ વાગરાનાં ગામોમાં પ્રચાર. 1932 : ભરૂચ સંગ્રામસમિતિના પ્રમુખ. 2 મહિના કાચી અને 2 મહિના પાકી કારાવાસની શિક્ષા. રૂ. 25 દંડ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ લીધો. 13-9-1942થી 25-8-1943 સુધી અટકમાં. રાષ્ટ્રભાષા-પ્રચાર. હરિજનસેવા.

## શાસ્ત્રી, ભીખુભાઈ નાથુભાઈ

જન્મ : 1901. ચરસ, જિ. સૂરત.

1926થી ઓલપાડ તાલુકામાં સ્વાતંત્ર્યની લડતોમાં ભાગ લીધો. જેલમાં ગયા. 1932માં સૂરતમાં લાઠીચાર્જના ભોગ બન્યા. 1 વર્ષની જેલ. જેલમાં બીમાર થવાથી પેરોલ પર છૂટ્યા. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લઈ 4

મહિનાની જેલ ભોગવી. 1942માં ભૂગર્ભમાં બૉમ્બ વગેરે પ્રવૃત્તિઓ કરી. ગાંધીજીના આદેશથી પોલીસ સમક્ષ જાતે હાજર થયા. 4 મહિનાની કેદની સજા. 1935-37 : ઓલપાડ તાલુકા કૉંગ્રેસના પ્રમુખપદે.
અવસાન : 21 એપ્રિલ, 1959.

## શાસ્ત્રી, માર્તંડરાય ગંગાશંકર

જન્મ : 1920. અમદાવાદ.

1942ની ચળવળમાં સરઘસોમાં જોડાતા. પત્રિકાઓ વહેંચતા. વિદ્યાર્થીપ્રવૃત્તિમાં સક્રિય. ગુપ્ત સભાઓમાં હાજરી. મિલોની હડતાળ ન ખૂલે તે માટે ઉત્તર ગુજરાતનાં ગામોમાં યુવકોની ટુકડી લઈને નવેમ્બર, 1942માં પ્રચાર. સરઘસોમાંથી બે વાર ધરપકડ. પછી છોડી દીધા.
અવસાન : 25 મે, 1988.

## શાસ્ત્રી, વૈકુંઠરાય ભૂપતરાય

જન્મ : 14 મે, 1915.

અભ્યાસ : બી.એ., એલએલ.બી.. આઝાદીની ચળવળમાં કૉલેજકાળથી ભાગ. 1937 : ગુજરાત કૉલેજ વિદ્યાર્થી પ્રતિનિધિ સમિતિના પ્રમુખ. પ્રિન્સિપાલ શિરાઝના વલણ સામે મક્કમ મુકાબલો. તે વખતે કૉંગ્રેસ પ્રમુખ પંડિત જવાહરલાલને આમંત્રણ આપવામાં સફળતા. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942 : 'હિન્દ છોડો' ચળવળ પ્રસંગે 9મી ઑગસ્ટના રોજ અટકાયત. 1944 : સૂરત શહેર સુધરાઈના સભ્ય. 1946-48 દરમિયાન સૂરત સુધરાઈની પાણી તથા આગ તેમજ રોશની સમિતિના અધ્યક્ષ. કૉંગ્રેસ પક્ષના મંત્રી.

## શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર

જન્મ : 17 ઑક્ટોબર, 1919. મલાતજ, જિ. ખેડા.

1930-31માં વડોદરા રાજ્યમાં રહેવા છતાં વાતાવરણમાં ઉત્તેજના અને રાષ્ટ્રવાદ. કાંતણ, ખાદી, યુવકમંડળ, દારૂબંધી વગેરે રચનાત્મક પ્રવૃત્તિઓ પ્રસરી હતી. તેથી ખાદીનો પોશાક અપનાવ્યો. તેનાથી જીવનમાં સાદગી આવી. રોજ સવારે પ્રભાતફેરીમાં જોડાતા, રાષ્ટ્રગીતો ગાતા. એક દિવસ સરઘસમાંથી પાછા ફર્યા ત્યારે શિક્ષકે વર્ગમાં બેસવા મનાઈ ફરમાવી. એકેક આનો દંડ. સજાનો વિરોધ. દંડ ન ભરવાનો નિર્ધાર. મહાદેવના મંદિરનાં આંગણાંમાં વર્ગો લઈ શીખવવાની ફરજ તેમણે સંભાળી. આ રીતે વર્ગમાં ન જવાની હડતાળ ઘણા દિવસ લંબાઈ. છેવટે સંચાલકોએ નમતું જોખ્યું. વિના દંડે વર્ગમાં જવાની પરવાનગી મળી. 1942માં લડત ચાલી ત્યારે અમદાવાદમાં હતા. તેઓ પત્રિકાઓ ટપાલમાં કે કોઈની સાથે મલાતજ મોકલતા. નિવૃત્ત ડિરેક્ટર, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ. (જીવન-સ્મૃતિ.)

## શાહ અનિલભાઈ ચુનીભાઈ

જન્મ : 17 જૂન, 1926. ભાવનગર.

એમ.એ. (આઈ.એ.એસ.).
વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રવાદી. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં બે વાર ધરપકડ અને બે વર્ષની સખત કેદની સજા થઈ, પણ આઠ માસ સજા ભોગવ્યા બાદ છોડી મૂક્યા. તે પછી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લીધો. સ્વરાજપ્રાપ્તિ બાદ ગુજરાત રાજ્યમાં ઉચ્ચ સ્થાનેથી સેવા. સેવાનિવૃત્ત. અમદાવાદ રહીને ગ્રામવિકાસની પ્રવૃત્તિ. પેન્શન કે તામ્રપત્ર માગ્યું નથી.

## શાહ, અનુલાલ મણિલાલ

જન્મ : 21 સપ્ટેમ્બર, 1920. ભાવનગર.

અભ્યાસ : વિનીત (દક્ષિણામૂર્તિ). વ્યક્તિગત સત્યાગ્રહમાં 6 માસની જેલ. સવિનય

કાનૂનભંગ બદલ 6 માસની જેલ ફરી વાર. 1942 : 'હિન્દ છોડો' લડત વખતે 4 માસ અટકમાં. ફરીને લડતમાં જોડાતાં 6 માસ જેલવાસ. 'જંગે આઝાદી' પત્રિકાનું સંચાલન. એમના આઝાદ ભંડારના તમામ માલની હરાજી. રહેઠાણનું મકાન 'ઇન્કિલાબ' છાવણીનું મથકને સીલ મારવામાં આવ્યું. (વજુભાઈ શાહના નાના ભાઈ). રાષ્ટ્રીય પ્રવૃત્તિ.

## શાહ, અનોપચંદ મૂળચંદ

જન્મ : 8 સપ્ટેમ્બર, 1925. સુરેન્દ્રનગર.

મૅટ્રિકનો અભ્યાસ છોડી દીધો. 1942 : 'હિન્દ છોડો' લડત વખતે અટકાયત. બીજી વાર ધરપકડ અને 1 વર્ષની જેલ રાજકોટ સેન્ટ્રલ જેલમાં ભોગવી. સમાજવાદી પક્ષના કાર્યકર. 1949માં મજૂરોને થતા અન્યાયો સામે લડત. 2 માસ જેલવાસ. જૂનાગઢની આરઝી હકૂમતના અગ્રણી. નવાબી થાણાં કબજે કર્યાં. સામાજિક કાર્યકર. પેન્શન અને તામ્રપત્રની માગણી કરેલ નથી.

## શાહ, અમૃતબહેન કસ્તૂરચંદ

ઉંમર : 70 વરસ. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ આગેવાન ફૂલચંદ શાહનાં માતુશ્રી. ધ્રાંગધ્રા લડતમાં સક્રિય. ધરપકડ. મીઠાના ગોદામમાં ભારે ત્રાસજનક સમય. કારાવાસમાં સમતાપૂર્વક રહ્યા. ધ્રાંગધ્રા રાજ્યે વયોવૃદ્ધ અમૃતબહેનને જરા સરખી સગવડ ન આપી.

## શાહ, અમૃતલાલ છગનલાલ

દાહોદ.

1932ની સત્યાગ્રહની લડતમાં સભા, સરઘસ, પિકેટિંગ વગેરેમાં ભાગ લેવા માટે ધરપકડ. 6 માસની કેદની સજા.

## શાહ, અમૃતલાલ મગનલાલ

જન્મ : 16 જુલાઈ, 1915. વલભીપુર, જિ. ભાવનગર.

વલભીપુરમાં 1942ની આઝાદીની લડતમાં ભાગ લીધો. જેલવાસ. લોકજાગૃતિના કામમાં વ્યસ્ત.

## શાહ, અમૃતલાલ હરજીવનદાસ

નિવાસ : આમોદ, જિ. ભરૂચ.

1932 : વસ્તીગણતરી કાર્યનો બહિષ્કાર. ઘરો પર આંકેલા નંબરો ભૂંસ્યા. 1 મહિનો કારાવાસ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ માટે, કલેક્ટરને નોટિસ આપી તરત ધરપકડ. 6 મહિના કારાવાસ. 1942 : વિના અપરાધે ધરપકડ. 6 મહિના અટકાયત. એકત્ર 1 વર્ષ કારાવાસ.

## શાહ, અંબાલાલ છગનલાલ

નિવાસ : હરિપુરા, અજુપુરા, જિ. ખેડા.

પ્રાથમિક અભ્યાસકાળથી જ સંગ્રામમાં પ્રવેશ. ડેરોલમાં પત્રિકાવિતરણ કરતાં 3 મહિના કારાવાસ. તે પૂર્વે 18 દિવસ અટકમાં. 1942-43 : બૉમ્બકાંડના બંદીઓનો ઉપચાર કરતા અટકાયત. મુક્તિ પછી સેવાકાર્ય ચાલુ.

## શાહ, અંબાલાલ નૃસિંહલાલ

જન્મ : 29 ઑગસ્ટ, 1898. હલધરવાસ, જિ. ખેડા.

અભ્યાસ : સ્નાતક, ગૂજરાત વિદ્યાપીઠ. 1920 : અસહકારની લડતમાં. ગુજરાત કૉલેજનો ત્યાગ. 1921-22 : દારૂની દુકાને પિકેટિંગ, ફાળા ઉઘરાણું, સભા-સરઘસ. 1924 : આણંદમાં છઠ્ઠી ગુજરાત રાજકીય પરિષદમાં સ્વયંસેવક ઉપસેનાપતિ. 1942 : અમદાવાદ સુધરાઈ બરતરફ સાથે તેમને પણ પ્રકાશન અધિકારીનું પદ છોડવું પડ્યું.

## શાહ, ઇચ્છાબહેન સુંદરજી

જિ. અમરેલી.

1930માં મીઠાના સત્યાગ્રહમાં રાણપુરમાં ધરપકડ. 17 વર્ષની ઉંમરે સાબરમતી અને બેલગામમાં જેલ ભોગવી.

## શાહ, ઈશ્વરલાલ ચંદુલાલ

જન્મ : 1920. મઢી, જિ. સૂરત.

1942ની ‘હિન્દ છોડો’ ચળવળ દરમિયાન મઢીની મુલાકાતે ગયેલા જિલ્લાના કલેક્ટર વેટફીલ્ડને ‘સત્યાગ્રહ પત્રિકા’ જાતે આપી. ધરપકડ. 6 મહિનાની કેદની સજા. ત્યારે તેમણે ‘મનહરલાલ અમૃતલાલ’ તરીકે ખોટું નામ આપ્યું. મઢીના તલાટીનું ગાડું સળગાવી દીધું. સાથીઓ સાથે મઢીના મેડિયામાંનાં ચોપડા-દફતરો બાળ્યાં. બૉમ્બ ફોડ્યા. મઢી સ્ટેશને રેલવેનાં સલેપાટનો ઢગલો સળગાવી દીધો તથા સ્ટેશને આગ લગાડી. રેલવેના તાર કાપ્યા, વાલોડના રમણલાલ ગજાનન દેસાઈ અને નવીનચંદ્ર ઇચ્છાશંકર શુક્લે ઈશ્વરલાલને સૂરત બોલાવી દસ બૉમ્બ આપ્યા. કહેર તથા મઢી વચ્ચેના પુલો ઉડાવી દેવામાં તેનો ઉપયોગ કર્યો. બૉમ્બની સામગ્રી સૂરતથી મુંબઈ વચ્ચેના વિસ્તારમાં પહોંચાડવાનું ‘કેરિઅર’નું કામ કર્યું. ધરપકડ વૉરન્ટ નીકળવાથી નાસભાગ, ગુપ્તવાસ. નંદાવ ધારોલી, સારોલીમાં ગુપ્ત રહ્યા. વેશપલટો. અમદાવાદમાં હતા ત્યારે પોલીસે બોલાવી સખત માર માર્યો. સાબરમતી જેલમાં, સૂરતની નાનપરા જેલમાં 3 મહિના અટકાયત. કુલ 1 વર્ષની કેદ ભોગવી.

## શાહ, ઉત્તમચંદ તારાચંદ

પાલેજ.

1928ના બારડોલી સત્યાગ્રહ અને હિજરતમાં ભાગ લીધો. 1932માં બારડોલી તાલુકાના સરભોણ ગામે હડતાળ પડાવવાના ગુના માટે ગિરફતાર. 6 મહિનાની કેદની સજા.

## શાહ, ઉત્તમચંદ દીપચંદ

જન્મ : 11 ડિસેમ્બર, 1900. મિયાગામ, જિ. વડોદરા.

અસહકારની ચળવળમાં ભાગ લેવા મુંબઈની વિલ્સન કૉલેજ છોડી. 1920માં ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. 1921 : માંડલ (વિરમગામ) જઈને રાષ્ટ્રીય શાળા ચલાવી. ગામોમાં પરદેશી કાપડની હોળીઓ કરી. 1923 : ગૂજરાત વિદ્યાપીઠના ‘વાણિજ્ય વિશારદ’ (સ્નાતક). સ્વરાજ આશ્રમ, સરભોણ તા. બારડોલીમાં સ્વરાજ્યની લડત માટે ગ્રામપ્રદેશના લોકોને તૈયાર કરવા નરહરિ દ્વા. પરીખ સાથે કામગીરી. 1925 : ગામડાંની આર્થિક પરિસ્થિતિની તપાસ. 1927 : ગુજરાતમાં રેલસંકટ. માતર તાલુકા(જિ. ખેડા) માં રાહતકાર્ય. સરદાર પટેલની સૂચનાથી સ્વરાજ આશ્રમ, બારડોલીમાં. 1928માં બારડોલી સત્યાગ્રહમાં કામગીરી. 1930ની ચળવળમાં નવ માસની કેદ. 1932 : ચળવળના બીજા તબક્કામાં 2 વર્ષની કેદ. 1934થી બારડોલી આશ્રમની સંસ્થાઓના મંત્રી. 1938 : હરિપુરા કૉંગ્રેસના અધિવેશનમાં સેવાકાર્ય. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહમાં 6 માસની કેદ. 1942 : ‘હિન્દ છોડો’ લડતમાં જેલવાસ. 1944 : હરિજન આશ્રમ, સાબરમતીના હરિજન કન્યા વિદ્યાલયના આચાર્ય. 1945 : સ્વરાજ્ય આશ્રમ, બારડોલીનો સરકાર પાસેથી કબજો લીધો. 1948થી 7 વર્ષ ગૂજરાત ચરખા સંઘના મંત્રી. સરદાર પટેલના અવસાન બાદ બારડોલી આશ્રમને ખાદીગ્રામોદ્યોગ, ખેતી ગોપાલન, બુનિયાદી તાલીમ જેવી રચનાત્મક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવ્યું. 1958 : મુંબઈ ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સભ્ય.

## શાહ, ઉત્તમભાઈ પોપટલાલ (ડૉક્ટર)

જન્મ : 27 ઑક્ટોબર, 1922. વાંકાનેર, જિ.

રાજકોટ (સૌરાષ્ટ્ર).

ઘરમાં રાષ્ટ્રવાદી વાતાવરણ. ખાદીનો ઉપયોગ. ગાંધીજી, ઢેબરભાઈ, ઇન્દુલાલ યાજ્ઞિકનો પ્રભાવ. રાજકોટ જઈ (1939) પ્રતિબંધિત અખબારો વેચી મનાઈહુકમનો ભંગ, ધરપકડ. કોર્ટમાંથી મુક્તિ મળી. 'હિન્દ છોડો' લડત(1942)માં ભાગ લીધો. મહેસાણા–પાટણ વિસ્તારની જવાબદારી. ગંધક-પોટાશ મંગાવી વિસ્ફોટો કર્યા. તાર-ટેલિફોનનાં દોરડાં કાપ્યાં. ગામડાંઓમાં લડતનો પ્રચાર. પોલીસચોકી પર હુમલા. નવેમ્બર(1942)ની આખરમાં ધરપકડ. મહેસાણાની જેલમાં વિજયકુમાર ત્રિવેદી, વિસનગરના સાંકળચંદ પટેલ સાથીઓ. વડોદરાની જેલમાં બદલી. ત્યાં પ્રજામંડળના નેતાઓ સાથે હતા. તે પછી અમદાવાદમાં સ્ફોટક પદાર્થો સાથે ધરપકડ. માહિતી કઢાવવા બરફની પાટ પર સુવાડ્યા. ફરી જેલવાસ. લડત બાદ અભ્યાસ કરી ડૉક્ટર થયા. રાજકોટમાં નિવાસ.

સ્વાતંત્ર્યસૈનિકોની ગુજરાત રાજ્યની કેન્દ્રીય સમિતિના સભ્ય.

## શાહ, કનૈયાલાલ રાયજીભાઈ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ઝાલોદમાં આગળ પડતો ભાગ ભજવેલો. સભા-સરઘસો, પત્રિકાપ્રવૃત્તિ વગેરેમાં સક્રિય હતા. તેમની ધરપકડ કરવામાં આવી હતી અને જેલની સજા પણ ભોગવી હતી.

## શાહ, કંચનબહેન પ્રેમચંદ

રાંદેર, જિ. સૂરત.

રાંદેરની મ્યુનિસિપલ શાળામાંથી 1920-21ની અસહકારની લડત વખતે સરકારી શાળાનો બહિષ્કાર કરવા, અન્ય શિક્ષકો સાથે રાજીનામું આપ્યું. નવી સ્થપાયેલી રાષ્ટ્રીય શાળામાં જોડાયાં.

## શાહ, કંચનબહેન મુન્નાલાલ

જન્મ : 14 નવેમ્બર, 1919. ચિખોદરા, જિ. આણંદ.

1936માં ગાંધીજીના સંસર્ગમાં આવ્યાં. અનેક વાર જેલમાં ગયાં. તેમના પતિ બારડોલીની લડતમાં વાલોડની છાવણીમાં સ્વયંસેવક. લગ્ન પછી પતિ સાથે વર્ધા ગયાં હતાં. 1937માં સેવાગ્રામમાં ગાંધીજી પાસે જે કોઈ અગ્રણી બીમાર થતા ત્યાં ચાકરી કરવા ગાંધીજી એમને મોકલતા. ગાંધીજી સાથે આખા હિન્દની મુસાફરી કરી.

## શાહ, કંચનલાલ ચંદુલાલ

સંખેડા, જિ. વડોદરા.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. સરઘસ. પોલીસ ગોળીબાર. કાને ઈજા. સંખેડા પર પોલીસોનો અત્યાચાર. કુટુંબને કષ્ટ.

શાહ, કાન્તિલાલ ઓચ્છવલાલ

શહેરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન ગાંધી-જયંતીના દિવસે શહેરા ગામમાં હડતાળ પડાવીને પોતાની દુકાન પણ બંધ રાખી. પોલીસે ધરપકડ કરી. ગોધરાની સબજેલમાં થોડા દિવસ રહ્યા બાદ સમાધાન કરીને છૂટ્યા.

## શાહ, કાન્તિલાલ ગિરધરલાલ

દાહોદ.

દેશપ્રેમી. સુખી ઘરના. પંચમહાલ જિલ્લા પરિષદ ભરવામાં અને તેને સફળ બનાવવા તથા પોલીસને હંફાવવામાં મહત્વની કામગીરી. દાહોદના ડેલિગેટ પણ હતા. ધરપકડ. 6 માસની કેદની સજા.

## શાહ, કાન્તિલાલ ત્રિભોવનદાસ

જન્મ : 27 જાન્યુઆરી, 1920. કડોદ, તા.

બારડોલી.

1928માં બારડોલી સત્યાગ્રહ વખતે કડોદ કેન્દ્ર હોવાથી રાષ્ટ્રીય-ભાવનાના સંસ્કાર. 1932માં દારૂતાડીનાં પીઠાં પર પિકેટિંગ. પરદેશી કાપડ ઉઘરાવીને હોળી. હરિપુરા કૉંગ્રેસમાં 1938માં સ્વયંસેવક. 1942ની ચળવળમાં મુંબઈ વિલ્સન કૉલેજમાંથી અભ્યાસ છોડી કડોદ જઈ સભાઓ, સરઘસો, સ્કૂલ પર પિકેટિંગ વગેરે કાર્યક્રમો કર્યા. ઘેરથી નાસી જઈ ગણદેવી તાલુકાની ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. ડુંગરી પાસે બૉમ્બ મૂકીને ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ. ધરપકડ. 1 વર્ષ અને 6 મહિના કારાવાસ. 24 માર્ચ, 1944માં સાબરમતી જેલમાંથી છૂટ્યા. મુંબઈમાં વેપાર.

## શાહ, કાન્તિલાલ પાનાચંદ

ગોધરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન, 14 ઑગસ્ટ, 1942ની સવારે ગોધરામાં મોટું સરઘસ. 'ઇન્કિલાબ ઝિંદાબાદ', 'અંગ્રેજો ચાલ્યા જાવ' સૂત્રો પોકાર્યાં. પોલીસનો લાઠીમાર. ધરપકડ. 6 માસની કેદની સજા.

## શાહ, કાન્તિલાલ પુરુષોત્તમદાસ

જન્મ : 28 ડિસેમ્બર, 1924. અમદાવાદ.

અભ્યાસ : મૅટ્રિક સુધી. પત્રકાર. રાજકીય કાર્યકર. 1941માં કૉંગ્રેસ સેવાદળના અમદાવાદ શહેર માટેના નાયક. 1942ની લોકક્રાન્તિ વખતે ગિરફતાર, નાશિક જેલમાં. 10 માસ માટે અટકાયત. 1946ના કોમી હુલ્લડ વખતે રાહત-કાર્યમાં નોંધપાત્ર ફાળો. 'ગુજરાત સમાચાર'ના તંત્રીમંડળમાં. ગુજરાતના પ્રધાનમંત્રી બળવંતરાય મહેતા અને તેમનાં પત્ની સાથે વિમાનમાં સરહદનું નિરીક્ષણ કરવા પત્રકાર તરીકે સાથે ગયેલા ત્યારે પાકિસ્તાનની જાસૂસી રડાર પ્રવૃત્તિના ભોગ બની વિમાનને ઉડાડી મૂકવાથી ત્રણે વીરગતિ પામેલાં.
અવસાન : 1965.

## શાહ, કાન્તિલાલ ફૂલચંદ

જન્મ : 10 ઑગસ્ટ, 1916. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : 5 અંગ્રેજી. 1930 : સવિનય ભંગ. ભાવનગર દક્ષિણામૂર્તિ છોડી સત્યાગ્રહમાં ભાગ લીધો. 6 મહિના કારાવાસ. વ્યવસાય : વેપાર.

## શાહ, કાન્તિલાલ બાવલચંદ

જન્મ : 19 જાન્યુઆરી, 1919. રાજકોટ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી. ઍડવોકેટ. 1942માં ભૂગર્ભ કાર્યકર. સરકારી વાહનવ્યવહાર થંભાવી દેવા જોખમી કાર્યો કર્યાં. મજૂર સંગઠનના કાર્યકર. સૌરાષ્ટ્રના મજૂર સંગઠનની જવાબદારી સંભાળી.

## શાહ, કાન્તિલાલ મણિલાલ

જન્મ : 16 નવેમ્બર, 1911. ઉમરાળા, જિ. ભાવનગર.

અભ્યાસ : કાશી વિદ્યાપીઠનો ડિપ્લોમા. 1930માં મૅટ્રિકની પરીક્ષા આપતાં પહેલાં ગાંધીજીની હાકલે શાળાને તિલાંજલિ. લડત વખતે ધોલેરા છાવણીમાં. મીઠાના કાયદાનો ભંગ. 14-9-1930ના બરવાળાના સામૂહિક સત્યાગ્રહ વખતે બેહદ મારપીટ. ધરપકડ. ધંધૂકામાં 6 માસ જેલવાસ. દંડને બદલે 1.5 માસ વધુ સજા. ભાલનાં ગામડાંઓમાં પ્રજાજાગૃતિના કામમાં. ધ્રાંગધ્રાની લડત શરૂ થતાં જોડાયા. કુડ ગામમાં જેલવાસ. જેલમાં ત્રાસ સહન કર્યો. ધ્રોળ ઝંડા સત્યાગ્રહ તેમજ વણોદના સત્યાગ્રહમાં જોડાયા. ગાંધી-ઇર્વિન સંધિ તૂટી પડતાં 1932ની લડતમાં. ધરપકડ. 3 માસ જેલવાસ. બ્રિટિશ વિસ્તારમાંથી

હદપાર. હુકમભંગ કરતાં 1 વર્ષ અને 6 મહિનાની સજા અને દંડ. સાબરમતી અને વિસાપુરમાં જેલવાસ. લેખન- પ્રકાશનના કાર્યમાં. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભાવનગરમાં ધરપકડ. જેલમાં અટકાયત. જિલ્લા પંચાયતના અધિકારી. નશાબંધીનું કાર્ય. મ્યાનમાર(બ્રહ્મદેશ)નો પ્રવાસ. દેશભરમાં પરિભ્રમણ. બંગાળમાં દુષ્કાળ વખતે લોકસેવા. 'હરતાંફરતાં હાડપિંજરો' નામનું પુસ્તક. દેશના ક્રાન્તિવીરોનાં જીવનચરિત્રો અને અન્ય પુસ્તકો.

## શાહ, કાંતિલાલ નાથાલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો અને તે માટે ધરપકડ કરવામાં આવી. ટૂંકો જેલવાસ ભોગવ્યા પછી રાજ્ય-સરકારે તેમને મુક્ત કર્યા.

## શાહ, કૃષ્ણલાલ ચીમનલાલ

જન્મ : 24 જાન્યુઆરી, 1919. અમદાવાદ.

1934થી 1947 : શાહપુર વૉર્ડ કૉંગ્રેસ સમિતિના મંત્રી. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેવાથી ધરપકડ. 6 માસની જેલ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન દરમિયાન ભૂગર્ભમાં રહી 'આઝાદ બુલેટિન' પત્રિકા પ્રગટ કરતા. ધરપકડ. 9 માસની જેલ. 1952થી 1956 દરમિયાન અમદાવાદ શહેર કૉંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ. સહતંત્રી 'સંદેશ' અને 'સેવક' દૈનિકો. 'આજનું અમદાવાદ' નામે દળદાર ગ્રંથના લેખક. નિધન થયેલ છે.

## શાહ, કેશવલાલ છગનલાલ

દાહોદ.

1932ની લડત દરમિયાન 27 જૂન, 1932ના રોજ દાહોદમાં પડાવમાં ભરાયેલ પંચમહાલ જિલ્લા પરિષદમાં ભાગ લેવા માટે ધરપકડ. 6 માસની કેદની સજા.

## શાહ, કેશવલાલ બકોરદાસ

લીંબાસી, જિ. ખેડા.

1930 : મીઠા સત્યાગ્રહમાં. બે વાર થઈને 6 મહિના કારાવાસ. 1932 : સત્યાગ્રહ. 18 મહિના કારાવાસ.

## શાહ, ખુશવદન છોટાલાલ

ભરૂચ.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. ભૂગર્ભ-પ્રવૃત્તિ. 6 મહિના કારાવાસ. ગણેશ વાસુદેવ માવળંકરના સાથી : કારાગૃહમાં વિવિધ અભ્યાસ. મુક્તિ પછી પત્રિકાવિતરણ.

## શાહ, ગંગાબહેન માણેકલાલ

રાંદેર, જિ. સૂરત.

1920-21ની અસહકારની ચળવળ વખતે તે જમાનામાં અત્યંત જોખમવાળું ગણાય એવું દારૂનાં પીઠાં પર પિકેટિંગનું, રાષ્ટ્રીય શાળાના સંચાલનનું તથા રાજકીય પ્રવૃત્તિ અંગેની સભાઓ ભરવાનાં કાર્યો કરી, રાંદેરની પ્રજામાં ચેતન જગાડવાનું કાર્ય કર્યું હતું.

## શાહ, ગિરધરલાલ નાગરદાસ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

વિદ્યાર્થીકાળથી ફૂલચંદભાઈની અસર નીચે યુવકસંઘમાં. દારૂ તેમજ વિદેશી કાપડ ઉપરનાં પિકેટિંગના કાર્યક્રમોમાં અટકાયત. વઢવાણ જેલમાં. મોરબી સત્યાગ્રહમાં પોલીસનો ત્રાસ. મોરબી રાજ્યે હદપાર કર્યા. મોરબી સત્યાગ્રહ શરૂ થતાં જોડાયા. જુલમ સહન કર્યો. ધ્રાંગધ્રાની લડતમાં 1931માં વ્રજપુરના મીઠાના ગોડાઉનમાં પૂર્યા. અસહ્ય ત્રાસ વેઠ્યો. 1930ના વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લેવા 25-6-1930ના રોજ વિરમગામ જઈ ટુકડીમાં જોડાયા. સખત માર ખાધો. વાંસામાં છ ઇંચ લાંબો અને એક ઇંચ પહોળો ભરોળ ઊઠ્યો. 1942ની

'હિન્દ છોડો' લડત વખતે વઢવાણમાં 6 માસ અટકાયતમાં. જેલના અન્યાયો સામે ભૂખ હડતાળ. સ્વરાજ બાદ રાજકીય, સામાજિક પ્રવૃત્તિઓમાં મોખરે. નિધન થયેલ છે.

## શાહ, ગુણવંત માણેકલાલ

જન્મ : 1924 આશરે. અમદાવાદ.

મૅટ્રિકમાં ભણતા. 1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન ઢાળની પોળમાં બદો પોળમાં રહેતા. 9 જાન્યુઆરી, 1943ના રોજ 'શહીદ દિન' પાળવા હડતાળ. પોલીસો પર સખત પથ્થરમારો, શામળાની પોળ પાસે પોલીસે ગોળીબાર કર્યો. ગુણવંતને ગોળી વાગી. ત્યાં જ અવસાન. તેનો શોક પાળવા બીજે દિવસે હડતાળ. સ્મશાનયાત્રામાં મોટી સંખ્યા.

## શાહ, ગુલાબચંદ ઉજમશી

જન્મ : 6 જુલાઈ, 1911. મિરોલ, જિ. સુરેન્દ્રનગર.

1930માં સવિનય કાનૂનભંગની ચળવળમાં ધોલેરા સત્યાગ્રહ છાવણીમાં રહી લડતનું કામ કર્યું. રાણપુર સત્યાગ્રહ છાવણીમાં સૂબેદાર તરીકે સેવાકાર્ય. રાણપુરમાં ધરપકડ. 6 મહિનાની સજા. ધંધૂકા અને વિરમગામની આસપાસમાં સત્યાગ્રહનો પ્રચાર. વિરમગામના સત્યાગ્રહમાં ભાગ લીધો. 1937 સુધી સત્યાગ્રહની પ્રવૃત્તિઓ કર્યા બાદ વેપારમાં જોડાયા.

## શાહ, ગેંદાલાલ નગીનલાલ

દાહોદ.

રાષ્ટ્રવાદી યુવાન. 1941ના માર્ચમાં દાહોદમાં વિશ્વયુદ્ધના વિરોધમાં ભાષણ કર્યું અને સૂત્રોચ્ચાર કરી લોકોમાં તેનો પ્રચાર કર્યો. ધરપકડ. 4 માસની કેદની સજા. ત્યાર બાદ તેમણે દાહોદમાં સરકાર વિરોધી સભા ભરવાથી કેસ કરી દસ દિવસનો કારાવાસ.

## શાહ, ગોવિંદલાલ માધવલાલ

જન્મ : 26 માર્ચ, 1908. મહેમદાવાદ, જિ. ખેડા.

1930ના મીઠા-સત્યાગ્રહમાં. 3 મહિના કારાવાસ. 50 દંડ. સમાધાનથી 1931માં માર્ચમાં મુક્તિ. 1932 : નરસંડામાં. ભાષણ. 6 મહિના કારાવાસ. રૂ. 50 દંડ. 1933 : નડિયાદમાં. ભાષણ. 15 મહિના કારાવાસ વિસાપુર. 1934 : 3 જુલાઈના દિવસે મુક્તિ. વ્યવસાય : મિલસામાન.

## શાહ, ચકુભાઈ ગુલાબચંદ

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

પ્રતિષ્ઠિત વેપારી. લીંબડી પ્રજામંડળના અગ્રણી કાર્યકર. ગુંડાટોળીએ રાજ્યાશ્રિત માલમિલકત લૂંટી. તેમને સખત માર માર્યો. લીંબડીની 'હિજરત'માં લીંબડી છોડ્યું.

## શાહ, ચન્દ્રકાન્ત

અમદાવાદ.

1942ની લડતમાં એલિસબ્રિજ ટોળકનગરના બંગલામાં કૉંગ્રેસ પત્રિકા છાપતા. ડુપ્લિકેટિંગ મશીન, છપાયેલી પત્રિકા વગેરે કબજે કર્યાં. નવ માસની સજા અને રૂ. 250 દંડ.

## શાહ, ચન્દ્રવદન ચૂનીલાલ

જન્મ : 1905. સૂરત.

અભ્યાસ : એમ.એ, બી.ટી., એલએલ.બી. કેળવણીકાર, સૂરતની જૈન હાઈસ્કૂલના આચાર્ય. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો. ધરપકડ. 11 મહિનાની જેલની સજા ભોગવી. 'જીવન ભારતી' સંસ્થાના સ્થાપક. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ. મુંબઈ રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ. શાહ, ચંદુલાલ છગનલાલ (મોટા ગજાના ચિત્રકાર, સત્યાગ્રહી અને સ્વાતંત્ર્યસૈનિક)
જન્મ : 16 ઑગસ્ટ, 1898. અમદાવાદ.

અભ્યાસ : મૅટ્રિક. જે. જે. સ્કૂલ ઑવ્ આર્ટ્સ ઍડવાન્સ્ડ પેઇન્ટિંગની પરીક્ષા પાસ કરેલ. વેપારી; ચિત્રકળા અને ગાંધીજીવનમાં અત્યંત રસ. 1921ની લડતમાં સક્રિય અને ત્યારથી ખાદીધારી. ગાંધીજી તથા ગાંધીજીના કાર્યને લગતાં અનુપમ ચિત્રો. પોતાનાં તમામ ચિત્રો હરિજન આશ્રમ, સાબરમતીને ભેટ.

## શાહ, ચંદુલાલ મીઠાલાલ

દાહોદ.

1930ની ચળવળ દરમિયાન દાહોદમાં ગોદી રોડ પર દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરતા. માલિકોની ફરિયાદના આધારે પોલીસે ધરપકડ કરી. 3 માસની કેદની સજા કરવામાં આવી. 1932માં ધરપકડ. 2.5 વર્ષની કેદ વિસાપુરની જેલમાં ભોગવી.

## શાહ, ચંદુલાલ મોહનલાલ

જન્મ : 29 સપ્ટેમ્બર, 1917. અમદાવાદ.

અભ્યાસ : ગૂજરાત વિદ્યાપીઠના 'વિનીત'. ધંધા સાથે સમાજસેવક. મ્યુનિસિપલ કૉંગ્રેસ પક્ષના સભ્ય તરીકે 9 વર્ષ. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે અમદાવાદ મ્યુનિસિ-પાલિટીના મકાન ઉપર રાષ્ટ્રધ્વજ ચડાવતાં ગિરફ્તાર અને જેલવાસ. જાહેર સંસ્થાઓના સંચાલક કે સભ્ય.

## શાહ, ચંદુલાલ લલ્લુભાઈ

જન્મ : 1910. બલોલ, તા. મહેસાણા.

વડોદરામાં વેલચંદ છગનલાલ બૅંકરને ઘેર રહીને ભણતા, ત્યારે ગાંધીજીનો પરિચય. ત્યાં મોહનલાલ કામેશ્વર પંડ્યા (ડુંગળીચોર) અને રવિશંકર મહારાજ આવતા, આઝાદીને લગતી ચર્ચાઓના રાષ્ટ્રવાદી સંસ્કાર પડ્યા. ના-કરની લડતમાં વિરમગામ છાવણીમાં રહી ના-કરનો આસપાસનાં ગામોમાં પ્રચાર; ભાષણો કરતા. હડતાળ પાડવા લોકોને પ્રેરતા. માંડલ ગામની વિશાળ સભામાં સરકાર વિરુદ્ધ ભાષણ. ધરપકડ. વિરમગામની કાચી જેલમાં. કેસ ચાલ્યા બાદ સાબરમતી જેલમાં વધુ સજા ભોગવી. પેન્શનનો ઇન્કાર.

## શાહ, ચંદુલાલ શિવલાલ

માલપુર.

માલપુર પ્રજામંડળની પ્રવૃત્તિઓમાં સક્રિય. સ્વદેશી માલનો પ્રચાર. વિદેશી માલની દુકાનો પર પિકેટિંગ. 1942માં ભૂગર્ભપ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધો. પત્રિકાપ્રવૃત્તિ ચલાવી. પત્રિકા પ્રગટ કરવી, વહેંચવી.

## શાહ (વૈદ્ય), ચંદુલાલ સકળચંદ

જન્મ : 1908 આશરે. અમદાવાદ.

1930ના સત્યાગ્રહમાં ધોલેરાની સત્યાગ્રહ છાવણીમાં જોડાયા. મીઠાના કાયદાનો ભંગ. ધરપકડ. યરવડા જેલમાં. 1932માં ફરી લડતમાં ભાગ. તેમનાં પત્ની લીલાબહેન પણ જોડાયાં. બંનેની ધરપકડ. ચંદુભાઈને 12 માસની સજા. 1934માં મુંબઈ જઈ પત્રકાર બન્યા.

અવસાન : 1962.

## શાહ, ચંદુલાલ સોમાલાલ

જન્મ : 1898. અમદાવાદ.

અભ્યાસ : ચાર ધોરણ.

રાષ્ટ્રીય લડતમાં ઉત્સાહપૂર્વક જોડાતા. અસહકારની ચળવળ અને સવિનય કાનૂનભંગમાં ભાગ લેવા બદલ તેમની બે વાર ધરપકડ કરવામાં આવી; અને બે વાર જેલવાસ ભોગવ્યો હતો.

## શાહ, ચંદ્રકાન્ત ચૂનીલાલ

જન્મ : 1905. સૂરત.

અભ્યાસ : એમ.એ., 1928. વ્યવસાય : અધ્યાપક, આચાર્ય. 1942 : 'હિન્દ છોડો'

લડત દરમિયાન 11 મહિના કારાવાસ. શિક્ષણપ્રવૃત્તિમાં.

## શાહ, ચંદ્રકાંત ફૂલચંદ

જન્મ : 1918. વતન : નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : કાશી વિદ્યાપીઠના સ્નાતક. 1930-32ની લડત વખતે કિશોરવયે કૉંગ્રેસ-પત્રિકા વહેંચી આઝાદીનો અવાજ ઘેર ઘેર પહોંચાડતા. પોલીસે પકડીને ખૂબ માર્યા.

1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ધરપકડ વહોરી છ માસની જેલની સજા ભોગવી.

1942ની ચળવળમાં નડિયાદમાં સભાઓ ભરી બ્રિટિશ રાજ વિરુદ્ધ લોકોમાં પ્રચાર કર્યો. 1947માં 'લોકમત' સાપ્તાહિક શરૂ કર્યું. વડોદરામાં 'નવભારત' દૈનિકનું સંચાલન કર્યું. 'ગુજરાત સમાચાર' દૈનિકના દિલ્હીના ખાસ ખબરપત્રીની કામગીરી સંભાળી.

## શાહ, ચંદ્રકાન્ત માણેકલાલ

જન્મ : 1911. પેટલાદ, જિ. ખેડા.

અભ્યાસ : વાણિજ્યવિશારદ, 1 વર્ષ, ગૂજરાત વિદ્યાપીઠ. 1930 : સવિનય ભંગ. સત્યાગ્રહ કરાડી. 3 મહિના, 9 મહિના, ભાયખલા, મુંબઈ. કુલ 1 વર્ષ 6 મહિના કારાવાસ. સાબરમતી, થાણે, વિસાપુર, ભાયખલા, યરવડા અને નાશિકનાં કારાગૃહોમાં. 1935 : નિજી ધંધો.

## શાહ, ચંપકલાલ કસ્તૂરચંદ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

ફૂલચંદભાઈ શાહના અનુયાયી. રાજકોટ સત્યાગ્રહ વખતે વઢવાણથી સત્યાગ્રહીઓની ટુકડી રાજકોટ લડતમાં ભાગ લેવા ગઈ. તે ટુકડીની આગેવાની સંભાળી. ધરપકડ વહોરી. જેલની સજા ભોગવી.

## શાહ, ચંપકલાલ છગનલાલ

જન્મ : 8 જૂન, 1915. નડિયાદ, જિ. ખેડા.

1932ની લડતમાં 'નવજીવન', 'ખેડા સમાચાર', 'ગુજરાત સમાચાર' એવી પત્રિકાઓ સાઇક્લોસ્ટાઇલ કરીને વહેંચતા. તે સાથે ગુપ્ત રહેતા. સરકારે કેસ કર્યા પણ પકડાયા નહિ. તેથી કુટુંબીજનોને હેરાનગતિ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભૂગર્ભમાં રહી ભાંગફોડની પ્રવૃત્તિ. બૉમ્બ બનાવવા, નાખવા. નડિયાદની ઇન્કમટૅક્સ ઑફિસમાં આગ લગાડી. આખરે જાતે હાજર થયા. 1 વર્ષની સજા. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના કાર્યકર.

## શાહ, ચંપાબહેન ચી.

લીંબડી, જિ. સુરેન્દ્રનગર. અભ્યાસ : નૉન-મૅટ્રિક.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. તે માટે તેમની ધરપકડ કરવામાં આવી; અને તેમણે જેલની સજા ભોગવી હતી.

## શાહ, ચીનુભાઈ પુરુષોત્તમદાસ

જન્મ : 23 સપ્ટેમ્બર, 1915. અમદાવાદ.

અભ્યાસ : બી.એ. 1932ની સવિનય ભંગની ચળવળ વખતે સાબરમતી અને યરવડા જેલમાં. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના કાર્યકર. 1939 : અમદાવાદ મ્યુનિસિપલ વ્યાયામ વિદ્યાલયમાં કાર્ય. 1942માં 'હિન્દ છોડો' લડત વખતે હડતાળમાં ભાગ લેવાથી મ્યુનિસિપાલિટીની નોકરીમાંથી રૂખસદ. 1947માં મુંબઈ રાજ્યમાં બોર્ડ ઑવ્ ફિઝિકલ એજ્યુકેશનના સભ્ય.

## શાહ, ચીમનભાઈ ચકુભાઈ

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

પ્રજામંડળના આગેવાન. નાગરિકો સાથે હિજરત કરી. હિજરત ચાલુ હોવા છતાં લીંબડીમાં 1 મહિનો રહીને સમાધાનનો અમલ કરાવ્યો.

## શાહ, ચીમનલાલ કુબેરદાસ

જન્મ : 1904. વતન : ચાંગા, જિ. આણંદ.

1920માં અસહકારની ચળવળ શરૂ થઈ ત્યારે અમદાવાદની સરકારી કૉલેજનો અભ્યાસ છોડીને ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા અને ત્યાંથી સ્નાતક થયા. 1930ની ચળવળમાં ભાગ લેવા બદલ ધરપકડ થઈ અને જેલવાસ ભોગવ્યો. પાછળથી અમદાવાદમાં મજૂર મહાજન સંઘમાં જોડાયા અને જીવનભર મજૂરોની સેવા કરી.

## શાહ, ચીમનલાલ છગનલાલ

જન્મ : 1911. વહેરા, જિ. ખેડા.

ગાંધીજીના પ્રભાવથી જીવનમાં સાદગી. દેશભક્તિ. 1927 : ગુજરાતમાં રેલસંકટમાં રાહતકાર્ય. 1930ના સત્યાગ્રહમાં ધરપકડ. જેલની સજા. ખાદીનો પ્રચાર. મુખ્ય રચનાત્મક કાર્ય.

અવસાન : 1951.

## શાહ, ચીમનલાલ છોટાલાલ

જન્મ : 1911 આશરે. કપડવંજ, જિ. ખેડા.

1930ના આંદોલનમાં ભાગ લેવા બદલ કપડવંજમાં ધરપકડ. 3 માસની જેલ. ત્યાર બાદ મુંબઈમાં વસવાટ.

## શાહ, ચીમનલાલ નરસિંહલાલ

જન્મ : 1906. ગુજરાત.

ગુજરાત પ્રલય સંકટનિવારણમાં કાર્યકર્તા. ખાદી કાર્યકર.

દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક.

ગાંધીજીની સાથે સાબરમતી આશ્રમથી 12 માર્ચ, 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. તે પછી મીઠાના કાયદાનો ભંગ કર્યો.

## શાહ, ચીમનલાલ નાગરદાસ

જન્મ : 20 ઑક્ટોબર, 1903. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

કાર્યક્ષેત્ર : રાજકોટ. અભ્યાસ : બી.એ., એલએલ.બી. ઍડવોકેટ. રાજકોટના જાહેરજીવનમાં. રાજકોટની મજૂરપ્રવૃત્તિ. સામાજિક સુધારણાના કાર્યક્રમોમાં સક્રિય. રાજકોટ સત્યાગ્રહમાં જેલવાસ. 1942ની લડત વખતે ભૂગર્ભપ્રવૃત્તિ. વકીલ તરીકે મદદ. જૂનાગઢ આરઝી હકૂમતમાં માર્ગદર્શક.

અવસાન : 17 ડિસેમ્બર, 1984.

## શાહ, ચીમનલાલ મગનલાલ

જન્મ : 17-3-1924. દેવગઢબારિયા, જિ. દાહોદ.

દેવગઢબારિયા દેશી રાજ્યમાં 1942ની 'હિન્દ છોડો' લડતની કોઈ પ્રવૃત્તિ થતી ન હોવાથી, કાલોલ(જિ. પંચમહાલ)માં આઝાદીનો પ્રચાર કરતી પત્રિકાઓ વહેંચી, સૂત્રો પોકાર્યાં. અંગ્રેજોનો બહિષ્કાર પોકાર્યો. ધરપકડ. 6 માસની સખત કેદની સજા ગોધરા અને સાબરમતી જેલમાં ભોગવી. હાલમાં ગોધરામાં વેપાર.

## શાહ, ચીમનલાલ મોતીલાલ

લીંબાકૂઈ, પેટલાદ, જિ. ખેડા.

સ્વતંત્રતા સંગ્રામમાં સક્રિય. મુંબઈ. સત્યાગ્રહ. કારાવાસ. 6 મહિના યરવડા જેલમાં.

## શાહ, ચીમનલાલ મોહનલાલ

જન્મ : 1900. બલોલ, તા. મહેસાણા.

અભ્યાસ : ધોરણ સાત. ધંધો : વેપાર.

1930ની ચળવળ વખતે અન્ય સાથીદારો સાથે બલોલ સેવાસમાજની સ્થાપના. વડોદરા રાજ્ય પ્રજામંડળની ચળવળમાં જોડાઈ ખાદીનો પ્રચાર, વિલાયતી કાપડનો બહિષ્કાર. 1942ની લડત દરમિયાન અમદાવાદથી આવતી પત્રિકાઓ ગામડે ગામડે ફરીને વહેંચતા. લડતમાં જોશ ચાલુ રહે તે વાસ્તે સભા ભરી

ભાષણો કરતા. મિલોની હડતાળ દરમિયાન મજૂરોને અનાજ વહેંચતા.
અવસાન : 1970.

## શાહ, ચુનીલાલ બાપુલાલ

વતન : લીંબાસી, તા. માતર, જિ. ખેડા.

1931ની ચળવળમાં ભાગ લેવા બદલ તેમની ધરપકડ થઈ અને ત્રણ માસની જેલની સજા તથા રૂ. 100/-નો દંડ થયો હતો. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે પણ તેમની ધરપકડ કરીને બે માસ જેલમાં અટકાયતમાં રાખ્યા હતા.

## શાહ, ચૂનીલાલ ધરમચંદ

જન્મ : 4 એપ્રિલ, 1898. તેગવા, આમોદ, જિ. ભરૂચ.

1937 : સ્વાતંત્ર્યસંગ્રામમાં પ્રવેશ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. કારાવાસ. 1942 : લડતમાં સક્રિય. કારાવાસ. 1957 : મહાગુજરાત આંદોલનમાં સક્રિય. રચનાત્મક પ્રવૃત્તિ. રૂ ઉત્પાદન તથા વિક્રમ મંડળીઓને માર્ગદર્શન.

## શાહ, ચૂનીલાલ પુ.

જન્મ : 22 જુલાઈ, 1892. નડિયાદ, જિ. ખેડા.

1932ની ચળવળ વખતે વકીલાતનો ત્યાગ. વડોદરા રાજ્ય પ્રજામંડળની લડતોમાં સક્રિય ભાગ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં ભાગ લીધો. ધરપકડ. અટકાયત. 1944માં ફરી ધરપકડ. બંધારણ સભાના સભ્ય. 1948માં વડોદરા રાજ્યમાં જવાબદાર રાજ્યતંત્ર સ્થપાતાં પ્રધાનમંડળમાં સભ્ય. ગ્રામોદ્ધારમાં વિશેષ રસ.

## શાહ, છગનલાલ રાયચંદ

જન્મ : 1910 આશરે. અમલસાડ, તા. ગણદેવી.

રાષ્ટ્રીય શાળામાં અભ્યાસ. 1930ના આંદોલનમાં સભા-સરઘસોમાં ભાગ લેતા. ધરપકડ. 6 માસની જેલની સજા. સાબરમતી જેલમાં મોકલ્યા. ત્યાંથી યરવડા કૅમ્પ જેલમાં બદલી થઈ. ત્યાં ચક્કી પીસવાનું કામ કરવું પડ્યું. જેલમાંના બધા દિવસ ચક્કી પીસવાનું ચાલુ રાખ્યું. યુવાન વયે અવસાન.

## શાહ, છગનલાલ હરખચંદ

અમલસાડ, તા. ગણદેવી.

1930-32ની ચળવળમાં અમલસાડમાં સત્યાગ્રહ-છાવણી ચાલતી, તેનાથી દેશભક્તિનો રંગ લાગ્યો. સભા-સરઘસોમાં જોડાતા. રેંટિયા વડે કાંતણપ્રવૃત્તિ કરતા. પોલીસે ધરપકડ કરી. પાછળથી છોડી મૂક્યા. ગાંધીજયંતી ઊજવવા માટે રેંટિયા સપ્તાહમાં આગેવાની લેતા. ખાદીપ્રવૃત્તિમાં વિશેષ રસ. સૂરતના ખાદીભંડાર મારફતે ખાદીપ્રચાર.

## શાહ, છોટાલાલ કસળચંદ

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર. સૌરાષ્ટ્ર.

1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લીધો. વઢવાણથી હરિલાલ મૂળશંકર લાઠીની આગેવાની હેઠળ બીજી ટુકડીમાં જોડાયા. લડતનાં ગીતો ગાતા વઢવાણમાં ફરી પ્રજાજનોના આશીર્વાદ લીધા. હળવદ સ્ટેશને ઊતરી ધ્રાંગધ્રાની હદમાં પ્રવેશતાં ગિરફતાર કરવામાં આવ્યા. પોલીસો તેમને ખટારામાં ધકેલી અજાણ્યા સ્થળે લઈ ગયા. કેટલાકને ધ્રાંગધ્રાની જેલમાં લઈ ગયા.

## શાહ (વકીલ), છોટાલાલ પોપટલાલ

જન્મ : 8 માર્ચ, 1913. રાજકોટ.

રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં અધિક રસ. 1930ની મીઠાની લડતમાં ભાગ લીધો. રાજકોટની લડતમાં ભાગ લીધો. બે વાર ધરપકડ અને જેલવાસ. ઘરવખરી જપ્ત. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો. મોરબી રાજ્યનું સૌરાષ્ટ્ર

એકમમાં વિલીનીકરણ થતાં રાજ્યનો કબજો સંભાળ્યો. એડમિનિસ્ટ્રેટર તરીકે ફરજ બજાવી. પત્ની અનસૂયાબહેને સેવાકાર્ય ચાલુ રાખ્યું. અવસાન : 2 ઑક્ટોબર, 1949.

## શાહ, છોટુભાઈ ભાઈજીભાઈ

જન્મ : 1905. પેટલાદ, જિ. ખેડા.

1930 : દાંડીકૂચનો મુકામ બોરસદમાં થતાં ગાંધીજીને મળ્યા. તેમના આદેશથી વિદેશી કપડાં છોડી, ખાદી અપનાવી. કરાડી-મટવાડમાં ગાંધીજી સાથે રહ્યા. ધરાસણા સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930માં બે વાર જેલમાં ગયા. 1932માં 2 વર્ષની જેલ. 1942માં 2 વર્ષ અટકાયતમાં રહ્યા. 'બહારવટિયો' નામની પત્રિકા પ્રગટ કરતા.

## શાહ, છોટુભાઈ ભાઈજીભાઈ

વલસાડ.

1930ની ચળવળમાં ભાગ લીધો. ધરાસણાના મીઠાના અગરોમાંથી મીઠું લઈ કાનૂનભંગ કરવા મે, 1930માં ધરાસણા ગયા. ત્યાં તેમને સખત માર પડ્યો હતો. વલસાડમાંથી તેઓ એક માત્ર ઘાયલ સૈનિક હતા.

## શાહ, જમનાદાસ ગોપાળદાસ

જન્મ : 26 જૂન, 1910. રાજકોટ.

અભ્યાસ : બી.એસસી., બી.એડ.. વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીયતાના રંગે રંગાયા. યુવકપ્રવૃત્તિમાં અગ્રભાગ. રાજકોટની વનિતા વિશ્રામ હાઈસ્કૂલમાં વિજ્ઞાન શિક્ષક. રાજકોટની લડતમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ધરપકડ, લાંબો વખત અટકાયત. સ્વરાજ પછી સૌરાષ્ટ્ર સરકારમાં અધિકાર પદે. ગુજરાત સરકારમાં સચિવપદે. રાષ્ટ્રીય કાપડ કૉર્પોરેશનના ઉચ્ચ અધિકારી પદે.

## શાહ, જમનાદાસ માણેકલાલ

દાહોદ.

1930ની ચળવળ દરમિયાન દાહોદમાં ગરીબોને બરબાદ કરતાં પીઠાં પર શાંતિમય પિકેટિંગ. આવક ઘટવાથી માલિકોની ફરિયાદ. ધરપકડ. 3 માસના કારાવાસની સજા. 1932ની સત્યાગ્રહની લડતમાં સભા, સરઘસ, પિકેટિંગ, પ્રતિબંધિત પત્રિકા વહેંચવામાં ભાગ લીધો. ધરપકડ. 6 માસની કેદની સજા.

## શાહ, જમનાદાસ મોહનલાલ

જન્મ : 26 જૂન, 1910. અમદાવાદ.

અભ્યાસ : બી.એસસી., બી.ટી. 1928માં ગુજરાત કૉલેજમાં પ્રિન્સિપાલ શિરાઝ સામે પાડેલી હડતાળમાં ભાગ લીધો. સાયમન કમિશનના બહિષ્કાર માટેના પ્રચારમાં સક્રિય. 1930ના નમક સત્યાગ્રહ વખતે સુરેન્દ્રનગરની છાવણીથી પકડાયા, જેલમાં અટકાયત. 1932ની લડતમાં પ્રચાર, પ્રકાશન અને સવિનય કાયદાભંગની પ્રવૃત્તિ. 1939 : રાજકોટ રાજ્ય સામેના સત્યાગ્રહમાં આગેવાની. રાજકોટ રાજ્ય સામેની સમાધાન ભંગની લડતમાં ધરપકડ અને બે વર્ષની સજા અને ભારે દંડ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ધરપકડ અને 20 માસની જેલ. રચનાત્મક કાર્યકર.

## શાહ, જયસુખભાઈ અમીચંદ

જન્મ : તરવડા, જિ. અમરેલી. અભ્યાસ : મૅટ્રિક.

વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રવાદી. રાષ્ટ્રીય લડતોમાં ભાગ લીધો. ત્યાર બાદ રતુભાઈ અદાણી સાથે તરવડામાં રચનાત્મક કાર્યોના સાથીદાર બન્યા. નિધન થયેલ છે.

## શાહ, જયસુખલાલ કસનજી

જન્મ : 15 ઑક્ટોબર, 1912. રાજકોટ.

અભ્યાસ : કાશી વિદ્યાપીઠ. સ્વદેશી ચળવળમાં. 1930-32ની મીઠાની લડત વખતે વિરમગામ

છાવણીમાં જોડાઈને કામ કર્યું. માર સહન કર્યો. જેલવાસ. ધ્રોળ, મોરબી, ધ્રાંગધ્રાની લડતોમાં ભાગ લીધો. રાજકોટની લડત વખતે મોખરે રહીને કામ કર્યું. 1942ની 'હિન્દ છોડો' લડતમાં જોડાયા. કુલ 5 વર્ષનો જેલવાસ. જૂનાગઢની આરઝી હકૂમત વખતે ભાગ લીધો. ફૂલચંદભાઈના અનુયાયી. હરિજનસેવા, ભંગીમુક્તિ, રાહત-વ્યવસ્થામાં અગ્રેસર. વિધાનસભાના સભ્ય. જાહેર સેવક.

## શાહ, જયંતીલાલ એચ.

જન્મ : 1920 આશરે. અમદાવાદ.

1942ની ચળવળમાં શહેરસૂબાએ તેમને કાલુપુરના વૉર્ડનાયક નીમ્યા. પોતાના વૉર્ડમાં સભાઓ, સરઘસો તથા પત્રિકા વહેંચવાનું સંચાલન સંભાળતા. પોળનાયકો, શેરીનાયકો અને સ્વયંસેવકોને સૂચનાઓ આપતા. ભૂગર્ભમાં રહ્યા. સરઘસમાંથી ધરપકડ. 4 માસની કેદની સજા. બીજી વાર ધરપકડ અને 4 માસની કેદ.

## શાહ, જયંતીલાલ એમ.

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન પંચભાઈની પોળમાં સરઘસો કાઢતા, પોલીસ પર પથ્થરમારો, પત્રિકા વહેંચતા, પોસ્ટર્સ બનાવતા, ભીંતપત્રો પર સમાચાર લખતા, પોલીસો પોળમાં પ્રવેશતા તેમની ઉપર તેજાબ ભરેલા બલ્બ નાખતા વગેરે પ્રવૃત્તિમાં સક્રિય. અમદાવાદના લડતના આગેવાનો કે. જી. પ્રભુ, જયંતી ઠાકોર, વાસુદેવ ભટ્ટ, શિવકુમાર જોશી તેમને ઘેર ગુપ્તવાસમાં રહ્યા. તેમને ઘેર પોલીસનો છાપો. લડતનું ગેરકાયદે સાહિત્ય મળ્યું. ધરપકડ. બેસુમાર માર્યા. જેલમાં અટકાયત.

## શાહ, જયંતીલાલ કીરચંદભાઈ

જન્મ : 1908. જામખંભાળિયા, જિ. જામનગર.

જામનગર રાજ્યના જુલમો સામે ઝઝૂમ્યા. રાજદ્રોહનો આરોપ. જીવા સતાના ડેલામાં ગોંધી રાખ્યા. ભયંકર ત્રાસ. ઊહાપોહ થતાં તેમને છોડી મૂક્યા. પેન્શન તેમજ તામ્રપત્ર એનાયત.

## શાહ, જયંતીલાલ નવનીતલાલ

જંબુસર, જિ. ભરૂચ.

1942-43 : પુણેમાં કૉંગ્રેસભવન આગળ નીકળેલા સરઘસમાં લાઠીચાર્જ થતાં રાષ્ટ્રધ્વજ બચાવવા પ્રયત્ન કર્યો. જંબુસરમાં પત્રિકા કાઢવાનું કામ કર્યું. વિદ્યાર્થી ચળવળ, યુવક સંગઠન, અસ્પૃશ્યતાનિવારણ, કોમી એકતા વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરી.

## શાહ, જયંતીલાલ મગનલાલ

રાંદેર, જિ. સૂરત.

1942ની લોકક્રાંતિમાં. અભ્યાસ-ત્યાગ. સરઘસમાં પત્રિકાવિતરણ. 6 મહિના કઠોર કારાવાસ. મુક્તિ પછી દેશસેવા.

## શાહ, જયંતીલાલ મણિલાલ (બાબુભાઈ)

જન્મ : 23 જુલાઈ, 1918. ભાવનગર.

અભ્યાસ : દક્ષિણામૂર્તિના વિનીત. વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય રંગે રંગાયા. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ. 6 માસની જેલ. 1942 : 'હિન્દ છોડો' લડત વખતે પકડાયા. 6 માસ જેલવાસ. તેમના ઘર 'ઇન્કિલાબ'ને સીલ મારવામાં આવ્યું. 'આઝાદ ભંડાર' જપ્ત. દંડ પેટે ભંડારના માલની હરાજી. ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં સેવા. પુસ્તકપ્રકાશન. રચનાત્મક અને શૈક્ષણિક કાર્યકર. (વજુભાઈ શાહના નાના ભાઈ).

## શાહ, જેઠાલાલ કિશોરદાસ

જન્મ : 1894. વતન : નડિયાદ, જિ. ખેડા.

1921થી 1942 સુધી કૉંગ્રેસ દ્વારા શરૂ કરવામાં આવેલ વિવિધ રચનાત્મક અને રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલો. સભા-સરઘસોમાં જવું, લડતનો પ્રચાર કરવો, પત્રિકાઓ વહેંચવી, પ્રભાતફેરીમાં જોડાવું વગેરે કાર્યો કર્યાં.

## શાહ, ઝવેરીલાલ જીવરાજ

જન્મ : 1913. દાહોદ.

દેશપ્રેમી. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં 17 વર્ષની વયે દારૂનાં પીઠાં પર પિકેટિંગ. ધરપકડ. 4 માસની કેદ ભોગવી. 1932માં સત્યાગ્રહ શરૂ થયા બાદ, પંચમહાલ જિલ્લા પરિષદના દિવસે (27 જૂન, 1932) યુવકોનું નાનું સરઘસ કાઢી સરકારી કચેરી પાસે જતાં ધરપકડ. 6 માસની સખત કેદની સજા. સાબરમતી અને વિસાપુરની જેલમાં સજા ભોગવી.

## શાહ, ઠાકોરદાસ વિઠ્ઠલદાસ

વતન : કડોદ, જિ. નવસારી.

કડોદથી 1942ની લડતમાં ભાગ લેવા ગણદેવી ગયા. ગણદેવીમાં પિકેટિંગ, સભા, સરઘસો સહિત ભાંગફોડની પ્રવૃત્તિમાં જોડાયા. સામળવાડીમાં ઠાકોરભાઈની વાડીએ રહેતા. ધરપકડથી વંચિત રહ્યા. ચળવળ પછી એમ.બી.બી.એસ. થઈ કંપાલા (યુગાન્ડા) ગયા. ત્યાં અવસાન.

## શાહ, ડુંગરશી વસનજી

પોરબંદર.

ગાંધીવાદી. નવજીવનનાં પુસ્તકોના રસિયા. ભજનાનંદી. ખારવા ભજનમંડળી રચી પોતે જ ભજનો ગાતા. દારૂનિષેધની પ્રવૃત્તિ. 1942ની લડત વખતે સક્રિય. શહેરમાં દાંડી પીટીને રાજ્યના જુલમોને ખુલ્લા પાડતા. રાજ્યરચિત તોફાની હનુમાન સેનાના હાથે તેમને મારપીટ. જેલવાસ. તેથી તબિયત કથળી. મુક્તિ. પરંતુ ‘નિધન’ થયું. પોરબંદરના પ્રથમ શહીદ.

## શાહ, ત્રિકમલાલ મનસુખલાલ

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

અભ્યાસ બાદ રાષ્ટ્રીય ચળવળમાં. ધોલેરાની મીઠાની લડતમાં ભાગ લીધો. પોલીસનો ત્રાસ. ગુજરાત પ્રાંતિક સમિતિએ નીમેલ પોલીસોના ત્રાસની તપાસ સમિતિમાં સભ્ય. લીંબડી રાજ્યની લડત વખતે અગ્રણી. સ્વરાજ બાદ વિદ્યુત ખાતાના મુખ્ય ઇજનેર તરીકે સેવા. તેમનું નિધન થયું છે.

## શાહ, ત્રિભુવનદાસ (ડૉ.)

1930ની ચળવળમાં ભાગ લીધો. મીઠાના કાયદાનો ભંગ કરવા ધરાસણા ગયા મે 1930. ત્યાં સખત માર ખાધો. 25 મે ના રોજ ધરપકડ થઈ અને 6 માસની સખત કેદની સજા કરવામાં આવી.

## શાહ, ત્રિભોવનદાસ ચુનીલાલ

જન્મ : મે, 1905. વતન : જનોડ, તા. વાડાશિનોર, જિ. ખેડા.

1930ની ચળવળ શરૂ થઈ ત્યારે મુંબઈ હતા. ત્યાં લડતમાં જોડાયા અને નરીમાન સંચાલિત નૅશનલ મિલિશિયાના આદેશ મુજબ ભૂગર્ભમાં રહીને લડતની કામગીરીમાં મદદરૂપ થયા હતા.

## શાહ, દલસુખભાઈ લલ્લુભાઈ

જન્મ : 1882 આશરે. ગોધરા, જિ. પંચમહાલ.

વકીલાત. 1905માં સ્વદેશીની ચળવળમાં ભાગ લીધો. 1916 : હોમરૂલ લીગમાં જોડાયા. પંચમહાલ જિલ્લામાં વેઠનાબૂદીની લડત ઉપાડી. પંચમહાલ જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. 1917માં પ્રથમ ગુજરાત રાજકીય

પરિષદ ગોધરામાં મળી તેમાં અગ્રણી. 1920ની અસહકારની ચળવળમાં. વકીલાત છોડી, ખાદી સ્વીકારી. 1928માં અવસાન.

## શાહ, દલસુખભાઈ વાઘજીભાઈ

ઓડ, જિ. આણંદ.

અભ્યાસ : મૅટ્રિક. 1930 : આણંદમાં વિલાયતી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતાં ધરપકડ. 5 મહિના કારાવાસ.

## શાહ, દશરથલાલ બુલાખીદાસ

જન્મ : 16 સપ્ટેમ્બર, 1931.

અમદાવાદ. અભ્યાસ : ગૂજરાત વિદ્યાપીઠના 'પારંગત'. 1934માં મુંબઈ કૉંગ્રેસ અધિવેશનમાં હાજર. 1942ની લડત વખતે 11 વર્ષની કિશોર વયે સરઘસમાં હોંશભેર જોડાતા. 'સ્વરાજ્ય સંગ્રામ પત્રિકા' અને ભોંય પત્રિકાઓના પ્રચારકાર્યમાં. 1 વર્ષ અભ્યાસ જતો કરેલો. રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચારકાર્યમાં. રાષ્ટ્રના કાર્યમાં સક્રિય. ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક.

## શાહ, દેવચંદ રાયચંદ

બારડોલી, જિ. સૂરત.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. બારડોલી તાલુકાનાં 250 ભાઈ-બહેનોનું એક સરઘસ તાલુકામાં ફર્યું હતું. તેમાંથી ધરપકડ કરી, કેસ ચલાવી તેમને કેદની સજા કરવામાં આવી હતી. વાણિયાઓને ડરાવવાની સરકારની યોજના તેમણે નિષ્ફળ બનાવી હતી.
તેમને બારણામાં સામાન રાખવાના ગુના માટે 7 દિવસની સજા કરવામાં આવી હતી.

## શાહ, ધીરજલાલ પુરુષોત્તમદાસ

જન્મ : 1907. કપડવંજ, જિ. ખેડા.

1930-32માં કપડવંજમાં કાર્યકરો પકડાઈ ગયા બાદ કૉંગ્રેસનું સુકાન તાલુકાના સરમુખત્યાર તરીકે સંભાળ્યું. પોલીસના પ્રયાસો છતાં પકડાયા નહિ. 1942ની લડતમાં રતલામમાં હતા. ત્યાં લડતના કાર્યમાં ભાગ લીધો. રતલામમાં સમાજસેવા.
શાહ, નગીનદાસ

## હાલોલ, જિ. પંચમહાલ.

1941માં સરકારની યુદ્ધનીતિના વિરોધમાં ભાષણ, સૂત્રોચ્ચાર દ્વારા વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો. ધરપકડ વહોરી. કેદની સજા ભોગવી. 1942ની ચળવળ દરમિયાન સરકાર વિરુદ્ધ પ્રચાર કરવા માટે ધરપકડ. 12 મહિના સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા.

## શાહ, નગીનદાસ બાલકૃષ્ણ

ગોધરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન, 14 ઑગસ્ટ, 1942ના રોજ ગોધરામાં મોટું સરઘસ કાઢી, 'અંગ્રેજો ચાલ્યા જાવ' 'ઇન્કિલાબ ઝિંદાબાદ' સૂત્રો પોકાર્યાં. સખત લાઠીમાર. ધરપકડ. 6 માસની કેદની સજા.

## શાહ, નગીનદાસ ર.

કણજરી, જિ. પંચમહાલ.

1932ની ચળવળ વખતે પકડાઈ જતાં પોલીસનો અમાનુષી માર ખાધો. 1942ની લડતમાં પકડાતાં. 1 વર્ષની સજા ભોગવી.

## શાહ, નગીનભાઈ દલસુખભાઈ

જન્મ : 17 મે, 1908. ગોધરા, જિ. પંચમહાલ.

ઉચ્ચશિક્ષણ ગૂજરાત વિદ્યાપીઠમાં. 1932થી 1935 : સ્વદેશીનો પ્રચાર. સ્વદેશીના પ્રદર્શનનું આયોજન, સંચાલન. 1935થી મજૂર મહાજનમાં 'મજૂર સંદેશ' અને 'સર્વોદય' માસિકનું સંપાદન. ખાદીપ્રચારની પ્રવૃત્તિ. મજૂર મહાજન ખાદીહાટના મંત્રી.

## શાહ, નગીનલાલ ગિરધરલાલ

દાહોદ, જિ. દાહોદ.

1930ની ચળવળ દરમિયાન દાહોદમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. આવક ઘટવાથી માલિકોની ફરિયાદ. ધરપકડ. 1.5 માસની કારાવાસની સજા. 27 જૂન, 1932ના રોજ દાહોદમાં પંચમહાલ જિલ્લા પરિષદ ભરી. પોલીસને હંફાવીને પરિષદ સફળ કરી. ડેલિગેટ પણ ખરા. ધરપકડ. 6 માસની કેદની સજા.

## શાહ, નટવરલાલ ચીમનલાલ (કોઠારી)

સાંકડી શેરી, દેવગઢબારિયા, જિ. દાહોદ.

દેવગઢબારિયા દેશી રાજ્ય હોવાથી ચળવળનું વાતાવરણ નહોતું. તેથી 1942ના સપ્ટેમ્બરમાં કાલોલ જઈ, સરઘસમાં જોડાઈ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર. ધરપકડ. 4 માસની કેદની સજા.

## શાહ, નટવરલાલ વનમાળીદાસ

નડિયાદ, જિ. ખેડા.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. 12 ઑગસ્ટ, 1942ના રોજ નડિયાદના પટેલ મેદાનમાં જાહેરસભા યોજવામાં આવી. સભાને વિખેરી નાખવા પોલીસ પાર્ટી પહોંચી, લાઠીચાર્જ શરૂ કર્યો. કેટલાક યુવાનો પાસેના નારાયણદેવના મંદિરમાં ભરાયા અને ત્યાંથી પોલીસો પર પથ્થરબાજી શરૂ કરી. પોલીસે ગોળીબાર કર્યો. મંદિરમાંથી બહાર નીકળતાં નટવરલાલ ગોળીનો ભોગ બન્યા. મંદિરના પગથિયે લથડિયું ખાઈને પટકાઈ પડ્યા. ગોળીબારથી શહીદ થયા. તેમની સ્મશાનયાત્રામાં હજારો લોકો જોડાયા.

## શાહ, નટવરલાલ સાકરલાલ

દાહોદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન દાહોદમાં કલાલના પીઠા પર શાંતિમય પિકેટિંગ. આવક ઘટવાથી માલિકોની ફરિયાદ. ધરપકડ. 3 માસની કેદની સજા ભોગવી.

## શાહ, નવલભાઈ નેમચંદ

જન્મ : 12 ડિસેમ્બર, 1920. આમોદ, જિ. ભરૂચ.

રાણપુર આશ્રમથી જાહેર જીવનની શરૂઆત થઈ. હરિજનો સાથે કાર્ય કર્યું. 1942ની લડતમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો. ગાંધીઆશ્રમ ગૌશાળાના મૅનેજિંગ ટ્રસ્ટી. જનતા પક્ષના મંત્રીમંડળમાં ગુજરાતના શિક્ષણમંત્રી હતા : એપ્રિલ 1977થી ફેબ્રુઆરી 1980.

અવસાન થયું છે.

## 2891. શાહ, નંદલાલ ત્રિકમલાલ

જન્મ : 26 સપ્ટેમ્બર, 1926. લીંબડી. વતન : જિ. સુરેન્દ્રનગર.

1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થઈ ત્યારે અમદાવાદમાં સી. એન. વિદ્યાલયની બોર્ડિંગમાં હતા. શાળા-કૉલેજ, ચળવળને કારણે બંધ થતાં, વતન સુરેન્દ્રનગર જતાં અગાઉ સહાધ્યાયી વાડીલાલ ડગલીએ પુસ્તિકાઓ આપી તે ગામડે જઈને વહેંચી. વાડીલાલ ડગલીએ લશ્કરી ફેક્ટરીમાંથી ચોરાઈને આવેલ સ્ફોટક પદાર્થો આપ્યા. સુરેન્દ્રનગરમાં કાનજી ગિરધર, ભોગીલાલ મૂળજી શાહ અને નંદલાલે બૉમ્બ બનાવ્યા.

રેલવે-ટ્રેન ઉથલાવવા પાટાના બોલ્ટ ઢીલા કરવા મથામણ. તેમાં નિષ્ફળતા. 5-2-1943ના રોજ ભોગાવા નદીના રેલવે પુલ પર બૉમ્બ ફેંક્યો. પકડાઈ ગયા. રાજકોટની જેલમાં. 'ભોગાવો બૉમ્બ કેસ' નામે જાણીતા કેસમાં મુખ્ય સાક્ષી ફ્રાન્સિસ ગુજરી ગયો. શકના લાભથી છૂટી

ગયા. પંદર માસથી વધુ જેલમાં ગાળ્યા.

### શાહ, નંદલાલ પ્રેમચંદ

જન્મ : 2 ડિસેમ્બર, 1897. અમદાવાદ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી. 1921ની અસહકારની ચળવળ વખતે કૉલેજ છોડી. 1921માં અમદાવાદમાં મળેલી 36મી કૉંગ્રેસમાં સ્વયંસેવકદળમાં ઉપનાયક. 1930ની લડત વખતે રાણપુરમાં થયેલા અત્યાચાર અંગે નિમાયેલ તપાસ સમિતિમાં ભાગ લેવા બદલ તેમને 3 માસની જેલ મળેલી. સરઘસમાં સક્રિય. રેંટિયાપ્રચારનું કાર્ય.

### શાહ, નંદલાલ સુંદરજી

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

અભ્યાસ : બી.એ.. લીંબડી પ્રજામંડળમાં યુવક પ્રવૃત્તિ. લીંબડી પ્રજાપરિષદ વખતે રાજ્યના ત્રાસનો ભોગ બન્યા. સ્વરાજ બાદ ગુજરાત વિધાનસભાના સભ્ય. જિલ્લા પ્રમુખ. જાહેર જીવનમાં સક્રિય.

### શાહ, નાથાલાલ મનસુખલાલ

જન્મ : 1890. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

અભ્યાસ : મૅટ્રિક સુધી. ધોલેરાના મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ. જેલવાસ. લીંબડી લડતમાં અગ્રેસર. હિજરત કરી વતન છોડવું પડ્યું. રાજકોટની લડતમાં ભાગ લીધો. 'ફૂલછાબ' પત્ર સાથે જોડાયા. સૌરાષ્ટ્ર વિધાનસભાના સભ્ય. મુંબઈ ખાતે નિધન.

### શાહ, નાથીબહેન (મધુબહેન) વિનુભાઈ

જન્મ : 16 ફેબ્રુઆરી, 1904. અવિધા, જિ. ભરૂચ.

અભ્યાસ : મૅટ્રિક. 1932 : 17 જૂન બોરસદ સરઘસ. ધરપકડ. 7 મહિના કારાવાસ. સાબરમતી, યરવડા. 1933 : 17 જાન્યુઆરી મુક્તિ.

### શાહ, નાથુભાઈ કાળીદાસ

નિવાસ : બારડોલી, જિ. સૂરત.

અભ્યાસ : 5 અંગ્રેજી. બારડોલી સ્વરાજ્ય આશ્રમમાં સેવા. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સરઘસમાંથી ધરપકડ. 8 મહિના કારાવાસ.

### શાહ, નાનુભાઈ નાથાલાલ

શુક્લ શેરી, ભરૂચ.

પ્રભાતફેરી, સભા, સરઘસ વગેરેમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો'ની ચળવળમાં કૉંગ્રેસની પત્રિકાઓ વહેંચવાનું, ચોંટાડવાનું કામ કર્યું. ધરપકડ. 6 માસની જેલ ભોગવી.

### શાહ, નાનુભાઈ (હર્ષદરાય) વજુભાઈ

વાલોડ, જિ. સૂરત.

વાનરસેનાથી પ્રભાવિત. 1942માં અભ્યાસ-ત્યાગ. વિપરીત આર્થિક સંજોગો છતાં સત્યાગ્રહની લડતમાં પ્રવેશ. સરકારી અધિકારીઓને સમજાવી ત્યાગપત્ર અપાવવાનું આંદોલન. ધરપકડ.

શાહ, પરસોતમ ઓચ્છવલાલ

ગોધરા, જિ. પંચમહાલ.

1942ના 'હિન્દ છોડો' આંદોલન દરમિયાન 14 ઑગસ્ટ, 1942ની વહેલી સવારે ગોધરામાં મોટું સરઘસ કાઢી સરકારવિરોધી સૂત્રો પોકાર્યાં. લાઠીમાર. ધરપકડ. 3 માસની કેદની સજા.

### શાહ, પરસોતમ છોટાલાલ

દાહોદ.

1930ની લડત વખતે દાહોદમાં કલાલના ઝાંપા પાસેનાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. માલિકોએ પોલીસની મદદ માંગી. ધરપકડ. 2

માસની કેદની સજા.

## શાહ, પરસોતમદાસ મગનલાલ

દાહોદ.

1932ની સત્યાગ્રહની ચળવળમાં સભા, સરઘસ, પિકેટિંગ, પત્રિકા વહેંચવી વગેરેમાં ભાગ લીધો. ધરપકડ. 6 માસની કેદની સજા.

## શાહ, પુરુષોત્તમદાસ

ગોધરા, જિ. પંચમહાલ.

વકીલ. 1917માં ગુજરાત રાજકીય પરિષદ ગોધરામાં મળી ત્યારે મોઢ વણિક જ્ઞાતિ તરફથી ગાંધીજીને માનપત્ર આપ્યું. 1920-21 : અસહકારની ચળવળ વખતે વકીલાતની ધીકતી કમાણી જતી કરી. સ્વરાજનો સંદેશો જનતામાં પહોંચાડવા ગામડાંઓમાં ઘૂમ્યા. લોકજાગૃતિ. તે રાષ્ટ્રીય પક્ષમાં હતા. સપ્ટેમ્બર, 1928માં ગોધરામાં કોમી હુલ્લડમાં વામનરાવ મુકાદમને બચાવવા પોતે ઘણો માર ઝીલ્યો. પોતે નિઃશસ્ત્ર છતાં ખુલ્લા મેદાનમાં આવીને ઘા ઝીલ્યા ને શહીદ થયા.

## શાહ, પુરુષોત્તમદાસ ગોકળદાસ

જન્મ : 7 જાન્યુઆરી, 1898. મોડાસા, જિ. સાબરકાંઠા.

મુંબઈમાંનું વેપારી કામકાજ છોડી સત્યાગ્રહમાં ભાગ લેવા મોડાસા જઈને રહ્યા. 1930ના આંદોલનમાં પરદેશી કાપડની અને દારૂની દુકાનો પર પિકેટિંગ, સવિનય કાનૂનભંગ, અસ્પૃશ્યતાનિવારણ વગેરે કાર્યક્રમોમાં ભાગ લીધો. ધરપકડ. 1.5 માસની સજા. 1932માં ધરપકડ. 9 માસની જેલ. 1942માં 7 માસની સજા થઈ. હરિજનસેવા, ખાદીપ્રચાર, રેલરાહત વગેરેને લીધે જાણીતા. મોડાસામાં હરિજનોની હાઉસિંગ સોસાયટી બાંધી. જાહેર પ્રવૃત્તિઓમાં સક્રિય.

અવસાન : 9 ઑગસ્ટ, 1958.

## શાહ, પુરુષોત્તમદાસ ભીખાભાઈ

જન્મ : 20 જુલાઈ, 1909. પાટણ, જિ. પાટણ.

1930માં ગુજરાત કૉલેજનો અભ્યાસ-ત્યાગ. ચળવળમાં જોડાયા. અમદાવાદમાં વિદેશી માલ વેચતી દુકાનો પર પિકેટિંગ. પત્રિકાઓ વહેંચવી. પત્રિકા ચોંટાડતાં ધરપકડ. એક માસની કેદ. સાબરમતી જેલમાં મોરારજી દેસાઈ, ઠક્કરબાપા, નાનાભાઈ ભટ્ટ વગેરેનો સંપર્ક. લડત બાદ અભ્યાસ. બી.એ., એલએલ.બી. થઈ પાટણમાં વકીલાત. 1939માં પાટણમાં ગુજરાતી સાહિત્ય પરિષદના સ્વાગતમંત્રી. સમાજ અને શિક્ષણના ક્ષેત્રે સેવા. 1989થી વ્યવસાયમાંથી નિવૃત્તિ. ધાર્મિક પુસ્તકોનું સંપાદન. ટૂંકી વાર્તાઓના સંગ્રહો. 'સંઘર્ષ' તથા 'કપરાં ચઢાણ' એમની આત્મકથાનાં પુસ્તકો.

## શાહ, પૂજાભાઈ (વિનુભાઈ) ગોરધનદાસ

જન્મ : 1 જાન્યુઆરી, 1901. મુજપુર, જિ. વડોદરા.

અભ્યાસ : 6 ગુજરાતી. ગાંધીજીના સંસર્ગમાં. 1930 : દાંડીકૂચમાં કરાડી ટુકડી. 13 મે ધરપકડ. 3 મહિના કારાવાસ. મુક્તિ પછી બોરસદમાં કાર્ય. 24 નવેમ્બર 3 મહિના, 2-2-1932ના રોજ 6 મહિના અને 3-3-1933ના રોજ 12 મહિના કારાવાસ. 1942 : લોકક્રાંતિ. 6 વખત ધરપકડ અને મુક્તિ. અંતે અટકાયત.

## શાહ, પોપટલાલ ચૂનીલાલ (મહાત્મા)

બ્રહ્મપુરી, અમદાવાદ.

1919ના રૉલેટ કાયદા સામેની લડતમાં જોડાયા. હરિજન સેવક સંઘની પ્રવૃત્તિમાં સક્રિય રહ્યા. 1942માં શહેરસૂબાની સૂચનાથી 'હરિજન દિન'ના રોજ પહોંચો આપીને રૂ.

3,800નો ફાળો ઉઘરાવ્યો. તે રકમ હરિજન સેવક સંઘના ભંડોળમાં જમા કરાવી. તેમણે ચંદુલાલ લલ્લુભાઈ શેઠ અને જયંતીભાઈ હબસીની મદદથી 'આઝાદ ફાળો' ઉઘરાવ્યો. તેમાં રૂ. 12,000 ઉઘરાવ્યા. તેનો હિસાબ કનુભાઈ ઝવેરીને ત્યાં આપી દીધો. જયંતી ઠાકોર, વાસુદેવ ભટ્ટ, ઉત્સવ પરીખ, કાંતિલાલ ઘિયા વગેરે નેતાઓને પોતાને ઘેર ગુપ્ત આશ્રય આપ્યો. ગાંધીજીની છાપવાળા ચાંદીના સિક્કા તેમની પાસે આવ્યા હતા. એક સિક્કાના રૂ. 11 થી રૂ. 50 સુધીની રકમ લોકો આપતા. તે ફાળો ચળવળ માટે ઉપયોગમાં લેવાયો. તેનો હિસાબ કેશુભાઈ નવાબને આપ્યો.

## શાહ, પોપટલાલ ખૂબચંદ

રાંદેર, જિ. સૂરત.

1942ની લોકક્રાંતિમાં. અભ્યાસત્યાગ. સરઘસમાં જોડાતા. પત્રિકાવિતરણ. 6 મહિના કઠોર કારાવાસ. મુક્તિ પછી દેશસેવામાં.

## શાહ, પ્રભાકર સારાભાઈ

જન્મ : 1922 આશરે. અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં બૉમ્બપ્રવૃત્તિ, પત્રિકાઓ વહેંચી, તથા ભાંગફોડની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. સરદાર વલ્લભભાઈ પટેલના ભાષણથી પ્રેરાઈ સ્વાતંત્ર્યચળવળમાં જોડાયા. 10 ઑગસ્ટના રોજ રાયપુરમાં સરઘસમાં જોડાયા. લાઠીચાર્જમાં ઘવાયા. પોલીસો પોળોમાં પેસીને નિર્દોષ લોકોને ક્રૂરતાથી મારતા. તે અટકાવવા વીજળીના ગોળામાં ઍસિડ ભરી તૈયાર રાખ્યા. તે ગોળા છાપરા પરથી પોલીસ પર ફેંકતા. 8 પોલીસને ઍસિડથી દઝાડ્યા. ડીરેલર પાટાની વચ્ચે મૂકવા જતાં પોલીસ ગોળીબાર થયો, પણ બચી ગયા. પહેરો ભરતા સંત્રી ઉપર હુમલો કરી, ચન્દ્રવદન પટેલ સાથે. સંત્રીને મારીને, તેની બંદૂક ખૂંચવીને નાસી ગયા. સાઇક્લોસ્ટાઇલ મશીન ઘરમાં રાખી કૉંગ્રેસ પત્રિકા છપાતી. થાંભલાના વીજળીના ગોળા ફોડી નાખી રસ્તા પર વટાણા પાથરી દેતા. પછી પથ્થરમારો કરતા એટલે પોલીસો પકડવા દોડે ત્યારે, લપસીને ચત્તાપાટ પડે. તરત જ બીજા યુવાનો પડી ગયેલા પોલીસોને હૉકીઓ ફટકારતા. ખેડા જિલ્લાનાં ગામોમાંથી લશ્કરના સૈનિકોને માખણ મોકલાતું. તેથી દૂધના સંચા તોડવા ગયા. સાર્જન્ટ ડોંડલીને મારી નાખવા રિવૉલ્વરથી ગોળીબાર કર્યો. નિષ્ફળ. બાબુભાઈ મહાત્માના કહેવાથી બૉમ્બ મૂક્યા. અમદાવાદથી નાસી જઈને ખેડા જિલ્લાનાં ગામોમાં ગુપ્ત રહ્યા. માર્ચ, 1943માં પોલીસ સમક્ષ હાજર. 1 વર્ષ અને 6 મહિના કાચા કામના કેદી. નિર્દોષ છૂટ્યા.

અવસાન : 27 ડિસેમ્બર, 1992.

## શાહ, પ્રભાવતીબહેન અંબાલાલ

જન્મ : 16 ઑગસ્ટ, 1912. ગંભીરા.

વિઠ્ઠલ કન્યા વિદ્યાલય નડિયાદનાં વિનીત. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહ તથા 1942ની ચળવળમાં બે વાર જેલમાં ગયાં. 1936માં હરિજન આશ્રમ સાબરમતીમાં રહ્યાં. 1946માં હરિજન આશ્રમમાં ગૃહમાતા.

અવસાન : 31 જાન્યુઆરી, 1965.

## શાહ, પ્રભુદાસ હીરાચંદ

પોરબંદર.

રાષ્ટ્રીય લડતોમાં ભાગ લીધો. ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લેતાં માર ખાધો. જેલવાસ ભોગવ્યો. પેન્શન તથા તામ્રપત્ર એનાયત થયેલ છે.

## શાહ, પ્રમોદભાઈ બી.

અમદાવાદ.

સી. એન. વિદ્યાલયના વિદ્યાર્થી. ઝીણાભાઈ

દેસાઈ અને ઇન્દુમતી શેઠની પ્રેરણાથી રાષ્ટ્રીય ભાવના. વલ્લભભાઈ પટેલનાં ભાષણોથી ચળવળમાં જોડાવાની પ્રેરણા મળી. 10 ઑગસ્ટે લૉ કૉલેજથી નીકળેલા વિદ્યાર્થીઓના સરઘસમાં જોડાયા. તે પછી હમીદભાઈ કુરેશી, પ્રમોદભાઈ વગેરે યુવાનો ગામડાંઓમાં લડતનો પ્રચાર કરવા ગયા. એક પ્રભાતફેરીમાંથી કેટલાક યુવાનો સાથે ધરપકડ. 15 દિવસની કેદની સજા. જેલમુક્તિ બાદ ભાંગફોડની પ્રવૃત્તિ. એલિસબ્રિજમાં તાર કાપતાં પોલીસે પકડ્યા. ખેંચાખેંચી કરીને નાસી ગયા. શાળાઓ બંધ રખાવવા બારણાં તોડી, સામાન બહાર લાવી, આગ ચાંપી, લેટર બૉક્સમાં ટપાલો સળગે એવાં રસાયણો નાખતા. ઉમાશંકર જોશીને ઘેરથી કૉંગ્રેસ પત્રિકાનું મૅટર સાઇક્લોસ્ટાઇલ કરવા આપી આવતા. સાઇક્લોસ્ટાઇલથી છાપેલી પત્રિકા ઘોડાગાડીમાં બિસ્તરમાં મૂકીને બંડલો લઈ આવતા. વેશપલટો કરી ભાંગફોડની વસ્તુઓ આપવા મહેસાણા ગયા. હતા. મિલમજૂરો ગામડેથી અમદાવાદ ન આવે એમ સમજાવવા, હડતાળ ચાલુ રાખવાનો પ્રચાર કરવા શેરથા, નારદીપુર, આદરજ, પાનસર વગેરે ગામોનો પ્રવાસ કર્યો. ગાંધીજીના ઉપવાસ દરમિયાન તેમને મુક્ત કરવાની માગણી કરવા ટુકડીમાં પુણે જઈ સરઘસ કાઢી, પકડાયા. 1.5 મહિનો કાચી જેલ બાદ 4 મહિનાની કેદની સજા.

## શાહ, પ્રમોદરાય ચૂનીલાલ

દેવગઢબારિયા, જિ. દાહોદ.

1942ની ચળવળ દરમિયાન જિલ્લાના દાહોદ નગરમાં જઈ સભા-સરઘસોમાં ભાગ લીધો. ધ્વજ સહિત સરઘસમાં સૂત્રોચ્ચાર : 'ઇન્કિલાબ ઝિંદાબાદ' વગેરે. ધરપકડ. 4 માસની કેદની સજા.

## શાહ, પ્રેમકુંવરબહેન સુંદરજી

અમરેલી.

1930-31ના મીઠાના સત્યાગ્રહમાં ભાગ લેતાં પકડાયાં. જેલવાસ ભોગવ્યો. 1935માં નિધન થયું.

## શાહ, પ્રેમચંદભાઈ મગનલાલ

જન્મ : 14 ઑગસ્ટ, 1901. વલભીપુર, જિ. ભાવનગર.

1930ની મીઠાની લડત વખતે ધોલેરા છાવણીમાં જોડાઈને લડતમાં ભાગ લીધો. ધરપકડ. 6 માસ સાબરમતીમાં જેલવાસ. 1942માં ભૂગર્ભ- પ્રવૃત્તિઓમાં જોડાયા. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો. જૂનાગઢ રાજ્યનાં મહત્વનાં થાણાં કબજે કર્યાં અને વહીવટ ચલાવ્યો.

## શાહ, પ્રેમચંદભાઈ મૂળચંદભાઈ

જન્મ : 5 જાન્યુઆરી, 1911. રાજુલા, જિ. અમરેલી.

મુંબઈમાં પિકેટિંગ કરતાં પકડાયા. 6 માસની સજા અને દંડ નહિ ભરવાથી વધુ 6 અઠવાડિયાંની સજા ભોગવી. ઘરવખરી જપ્ત થઈ. 1931-32માં મીઠાની લડતમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો.

અવસાન : 17 જુલાઈ, 1982.

## શાહ, પ્રેમજી વ્રજલાલ

જન્મ : 1925. મુંબઈ.

1942 'હિન્દ છોડો'ની ચળવળમાં ભાગ લેતાં ઑગસ્ટ 1942ના દિવસે મુંબઈ પોલીસે કરેલ ગોળીબારમાં ઘવાયા અને તે જ દિવસે અવસાન.

## શાહ, પ્રેમીબહેન ભૂષણલાલ

જન્મ : 25 ફેબ્રુઆરી, 1904. રાંદેર, જિ. સૂરત.

અભ્યાસ : સિનિયર ટ્રેઇન્ડ, મૉન્ટેસોરી, કોવિદ. 1920માં લડતફાળામાં ગાંધીજીને સોનાની

વીંટી અર્પણ કરી. સરકારે ખુલાસો માંગતાં શિષ્યવૃત્તિના રૂ. 400 પાછા વાળ્યા. નોકરી છોડી. રાંદેર રાષ્ટ્રીય શાળામાં જોડાયાં. 1942 સુધી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત. સત્યાગ્રહીઓને દોરવણી. સેવાદળ આદિ પ્રવૃત્તિ. સભા-સરઘસોમાં સક્રિય. યુવાનોને માર્ગદર્શન. સમગ્ર જીવન લોકસેવામાં.

## શાહ, ફૂલચંદ બાપુજી

જન્મ : 1882. નડિયાદ, જિ. ખેડા.

1900થી જાહેર જીવનની શરૂઆત. 1902માં અમદાવાદમાં કૉંગ્રેસના અધિવેશનમાં ભાગ લીધો ત્યારથી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય. ખેડા જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રી. 1916-17 : હોમરૂલ ચળવળમાં સક્રિય ભાગ લીધો. 1906માં 'ગુજરાત' નામે પત્ર કાઢ્યું. 1907માં નડિયાદમાં હિન્દુ અનાથાશ્રમની સ્થાપના કરી. 'આર્યપ્રકાશ' સાપ્તાહિકના તંત્રી બન્યા. 1917ના ખેડા સત્યાગ્રહ, 1923ના નાગપુર ધ્વજ સત્યાગ્રહ, 1928ના બારડોલી સત્યાગ્રહ તથા 1930-32ની સવિનય કાનૂનભંગની ચળવળમાં આગેવાનીભર્યો ભાગ લીધો. અનેક વાર જેલ ભોગવી. ખેડા જિલ્લાના મુખ્ય જાહેર આગેવાન.

અવસાન : 18 માર્ચ, 1934.

## શાહ, ફૂલચંદભાઈ કસ્તૂરચંદ

જન્મ : 2 માર્ચ, 1895. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

1917માં કુટુંબ સહિત ગાંધીજીના આશ્રમમાં જોડાયા. ગાંધીજીના કહેવાથી વઢવાણ આવી શાળા શરૂ કરી. ગામેગામ ભજનો ગાતા ફરતા અને દારૂ તેમજ સામાજિક અનિષ્ટો સામે લોકોને જાગ્રત કરતા. 1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં જોડાયા. 1 વર્ષની સજા થઈ. 1928ની બારડોલીની લડતમાં જોડાયા. ખાખરેચી સત્યાગ્રહની આગેવાની લીધી. ત્યાંના દરબારે દમનનીતિ ચલાવી. 1930ની મીઠાની લડત શરૂ થતાં પ્રથમ પંચાવન સૈનિકોની ટુકડી સાથે વિરમગામ પહોંચ્યા. ધરપકડ થઈ. 6 માસની સખત સજા થઈ. મોરબી, વઢવાણ, ભાવનગરમાં વિદેશી કાપડની દુકાનો તેમજ પીઠાં પર પિકેટિંગ કર્યું. ધરપકડ થઈ. જેલવાસ થયો. ફરી લડત ચાલુ કરી. તેમની ટુકડી ગિરફતાર કરી. ત્રાસ ગુજાર્યો. 1931માં ધ્રાંગધ્રાની લડતમાં ઝંપલાવ્યું. પકડાયા. પોલીસે સિતમ ગુજાર્યો. મીઠાનો સત્યાગ્રહ શરૂ થતાં 1 વર્ષ અને 6 મહિનાની સજા પામ્યા. 1938માં રાજકોટ સત્યાગ્રહમાં જોડાયા. ધરપકડ થઈ.

અવસાન : 30 ઑગસ્ટ, 1941.

## શાહ, ફોગટલાલ હરજીવનદાસ

ભરૂચ.

1933 : 15 જાન્યુઆરીના રોજ પીપળાવ, ખેડા ગુજરાતના સરમુખત્યારોની પરિષદમાં ઉપસ્થિત. 2 વર્ષ કારાવાસ. 300 રૂપિયા દંડ.

## શાહ, બટુકભાઈ બાવલચંદ

રાજકોટ.

1942માં ભૂગર્ભપ્રવૃત્તિમાં જોખમી કામો કર્યાં. રાજકોટના થિયેટરમાં બૉમ્બ મૂકતાં પકડાઈ ગયા. સજા થઈ.

## શાહ, બંસીભાઈ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાઈ જોખમી કામો કર્યાં. જૂનાગઢની આરઝી હકૂમતમાં પણ ભાગ લીધો.

## શાહ, બાબુભાઈ ઘેલાભાઈ (મહાત્મા)

અમદાવાદ.

તળિયાની પોળ સારંગપુરના કાર્યકર.

બૉમ્બપ્રવૃત્તિ કરતા જૂથના આગેવાન. સારંગપુર, કાલુપુર અને શાહપુર વિસ્તારોના યુવકોને 1942ની 'હિન્દ છોડો' ચળવળ અંગે ભાંગફોડનાં કાર્યો સોંપતા. બૉમ્બ બનાવવાની સામગ્રી બહારગામથી મંગાવી વિવિધ જૂથોને સોંપતા. લડતનો પ્રચાર જુદાં જુદાં ગામોમાં કરવા યુવકોને ગામડે મોકલતા. વસંતભાઈ ઘેલાભાઈ શાહની આગેવાની હેઠળ એક ટુકડીને કલોલ-સઈજ વચ્ચે રેલવેમાં ભંગાણ કરવા મોકલી. તેમણે દાહોદ, ગોધરા અને ધર્મજ તરફ તાર-ટેલિફોનનાં દોરડાં કાપવા યુવકોને મોકલ્યા. ઑગસ્ટ, 1942માં બાબુભાઈની ધરપકડ. તેમની ડાયરીમાં બૉમ્બ બનાવવાની વિગતો, લડતમાં ભાગ લેનાર યુવકોનાં નામ, સરનામાં હતાં. અટકાયત. તેમની સૂચનાથી અજિતભાઈ પટેલ (ડૉ.) ચૌધરી, નવીનભાઈ પટેલ ભાંગફોડ કરવા દાહોદ ગયા હતા.

## શાહ, બાબુભાઈ મણિલાલ

જન્મ : 30 માર્ચ, 1920. વડોદરા.

1938થી 1949 સુધી વડોદરા રાજ્યમાં કામગીરી પર હોવાથી સ્વાતંત્ર્યની લડતમાં સીધો ભાગ લઈ શક્યા નહીં, પરંતુ પરોક્ષ કામગીરી બજાવેલી. ગાંધીજીના સર્વોદય વિચાર અને રચનાત્મક કાર્યો દ્વારા સમાજની આર્થિક અસમાનતા, સામાજિક અને શૈક્ષણિક અસમાનતા દૂર કરવા કાર્યરત. તેઓ ઝિલિયા, ગંગાપુરા, વાલમ, સુલતાનપુરા વગેરે સર્વોદય કેન્દ્રો સાથે જોડાયેલા હતા.

## શાહ, બાબુભાઈ લલ્લુભાઈ

વલસાડ.

અભ્યાસ છોડી લડતમાં ઝંપલાવ્યું. 1942માં મુંબઈમાં એ.આઇ.સી.સીની મીટિંગમાં હાજરી આપી વલસાડ જઈને પિકેટિંગ કર્યું. મુંબઈ જઈને બૉમ્બપ્રવૃત્તિ તથા રેલવેની ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો.

## શાહ, બાબુલાલ ફૂલચંદ

રાણાવાવ, જિ. જૂનાગઢ.

1942ની લડત વખતે અટકમાં લીધા. જેલવાસ ભોગવ્યો.

## શાહ, બાળકૃષ્ણ હીરાલાલ

અમદાવાદ.

1942ની લડતમાં પત્રિકાપ્રવૃત્તિ તથા પ્રચારકાર્યમાં સક્રિય ભાગ લીધો. એપ્રિલ, 1943માં હાજા પટેલની પોળના મકાનમાં જડતી. વિદ્યાર્થી પત્રિકા, 'આઝાદ સરકાર'નાં ફરમાનો, 'ચીમુરકાંડ'ની પુસ્તિકાઓ, 'હરિજનબંધુ'ની નોંધો, આઝાદ દીવાસળીનું પાકીટ, ગાંધીજીના 24 સિક્કા મળી આવ્યા. ધરપકડ. રૂ. 500 દંડ અથવા 6 માસની કેદની સજા.

## શાહ, બુલાખીદાસ મગનલાલ

જન્મ : 15 ઑક્ટોબર, 1891.

વતન : અમદાવાદ. અભ્યાસ : ગુજરાતી 6 ધોરણ. 1920ના અસહકારના આંદોલન વખતે નાનકડા વેપારને વેગળો મૂકી કૉંગ્રેસના કાર્યમાં પ્રવૃત્ત. ખાદીપ્રચાર-રેંટિયાપ્રચારનું કાર્ય. 1925માં નવજીવન પ્રેસમાં કમ્પોઝિટર. 1930માં 'નવજીવન'નું પ્રકાશન છૂપી રીતે થતાં તેમાં મદદનીશ. 1932ની લડત વખતે ધરપકડ અને 6 માસની જેલ. 1942ની લડત વખતે ભૂગર્ભમાં કૉંગ્રેસની 'સ્વરાજ્ય સંગ્રામ' પત્રિકા છાપીને તેનો પ્રચાર. લડત પૂરી થતાં 'નવજીવન' પ્રેસમાં કાર્ય.

## શાહ, ભગવાનજીભાઈ રાયચંદભાઈ

જન્મ : 1906. કરાંચી. કાર્યક્ષેત્ર : સાયલા, જિ. સુરેન્દ્રનગર.

રાજકોટની લડતમાં ભાગ લીધો. માર સહન કર્યો. સરધારની જેલમાં કારાવાસ ભોગવ્યો. અવસાન : 25 ઑગસ્ટ, 1982.

## શાહ, ભગવાનલાલ હરખચંદ

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડીની લોકલડત વખતે અગ્રેસર. 19-2-1939ના રોજ ગુંડાઓએ જુલમો વરસાવ્યા. હિજરત કરી ગયા.

## શાહ, ભાઈલાલભાઈ મગનલાલ

જન્મ : 29 નવેમ્બર, 1906. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

રાજકોટની લડતમાં તથા લીંબડીની લડતમાં સક્રિય ભાગ લીધો. અત્યાચારોના ભોગ બન્યા. સનદ ઝૂંટવી લેવામાં આવી. વતન છોડી હિજરત કરી ગયા.

## શાહ, ભીખાલાલ ચૂનીલાલ (પ્રજ્ઞાચક્ષુ)

જન્મ : 10 જુલાઈ, 1915. રાજકોટ.

1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાવાની ઇચ્છા હતી. ગાંધીજીએ વાર્યા. 1942ની લડતમાં ભાગ લીધો. માર ખાધો. પકડાયા. ત્યાર બાદ માંડલથી પકડાયા. છોડી મૂક્યા. વિરમગામથી ધરપકડ. 4 માસ જેલવાસ. ઘરવખરી જપ્ત થઈ.

## શાહ, ભૂષણલાલ કલ્યાણદાસ

જન્મ : 1888. રાંદેર, જિ. સૂરત.

1921માં અસહકારની ચળવળ દરમિયાન સરકારી શાળાના બહિષ્કારના ભાગ રૂપે કોલ્હાપુર સ્ટેટની હાઈસ્કૂલમાંથી શિક્ષકની નોકરીનું રાજીનામું આપ્યું અને રાંદેરમાં નવી સ્થપાયેલી રાષ્ટ્રીય શાળામાં –માધ્યમિક વિભાગમાં જોડાયા. ચાર વર્ષ ઓછા વેતને શિક્ષક તરીકે સેવા આપી.

## શાહ, ભોગીલાલ છોટાલાલ

રાંદેર, જિ. સૂરત.

1942 : લોકક્રાંતિ દરમિયાન અભ્યાસત્યાગ. સરઘસમાં પત્રિકાવિતરણ. 4 મહિના કારાવાસ. મુક્તિ પછી દેશસેવામાં.

## શાહ, ભોગીલાલ તારાચંદ

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડીની લડત વખતે ભાગ લીધો. રાજ્ય તરફથી વરતાવેલ જુલમોના ભોગ બન્યા. છેવટે હિજરત કરી ગયા.

## શાહ, ભોગીલાલ મૂળજીભાઈ

સુરેન્દ્રનગર.

1942માં 'હિન્દ છોડો' લડત દરમિયાન નંદલાલ ત્રિકમલાલ શાહ અને કાનજી ગીરધર ભાડેલિયા સાથે ભૂગર્ભમાં બૉમ્બની પ્રવૃત્તિ, ભાંગફોડની પ્રવૃત્તિ. નંદલાલ શાહ સ્ફોટક પદાર્થો વાડીલાલ ડગલી પાસેથી લાવ્યા હતા. તેનાથી ત્રણે જણાએ બૉમ્બ બનાવ્યા. ભોગીલાલ સાયન્સના વિદ્યાર્થી હતા, તેમણે ફાયર બૉમ્બ પણ બનાવ્યો. તે બૉમ્બ કાનજીએ સરકસના તંબુ પર અને ત્યાંની જેલ પર ફેંક્યા, તેમાં ભોગીલાલ સાથી હતા. રેલવે-ટ્રેન ઉથલાવવા પાટાના બોલ્ટ ઢીલા કરવા મથામણ, નિષ્ફળતા, ભોગાવો રેલવે પુલ બૉમ્બ કેસમાં આરોપી હોવાથી રાજકોટની જેલમાં 15 મહિના, પછી નિર્દોષ છૂટ્યા.

## શાહ, મગનલાલ કલ્યાણદાસ

જન્મ : 14 એપ્રિલ, 1904. રાંદેર, જિ. સૂરત.

અભ્યાસ : અંગ્રેજી 5. 1930 : મીઠા-સત્યાગ્રહ ધરાસણા. લાઠીમાર રાંદેર. ભાષણવાચન. 3 મહિના કઠોર કારાવાસ. રૂ. 50 દંડ જપ્તીથી વસૂલ. સાબરમતી. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. અડાજણ, રાંદેર બંને માટે 3-3

મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' લડતનું રાંદેરમાં સરઘસ. 17 મહિના સાબરમતી અને નાશિકમાં જેલવાસ.

## શાહ, મગનલાલ પોપટલાલ

જન્મ : 17-10-1911. હળવદ, જિ. સુરેન્દ્રનગર.

પ્રભાતફેરી, હરિજનસેવા, ખાદીપ્રવૃત્તિ દ્વારા રાષ્ટ્રીય જાગૃતિનું કામ કરતા. કૉંગ્રેસી કાર્યકર્તાઓને ધ્રાંગધ્રા રાજ્યની હદમાં પ્રવેશબંધી હોવાથી તેઓ કાર્યકર્તાઓને રેલવેસ્ટેશને મળતા અને ખાતરબરદાસ કરતા. વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કર્યું. ભારે ત્રાસ સહન કર્યો. હદપાર કરવામાં આવ્યા. ધોલેરા સત્યાગ્રહમાં જોડાયા. ફૂલચંદભાઈ સાથે મોરબી, ધ્રોળ, વઢવાણ, ધ્રાંગધ્રાની લડતોમાં ભાગ લીધો. રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. લડતોમાં ભાગ લેવાથી ધંધો પડી ભાંગ્યો. સખત મારથી કાયમી શારીરિક નુકસાન પહોંચ્યું.

## શાહ, મગનલાલ રામજીભાઈ

વાપી, જિ. વલસાડ.

ધંધાનો ત્યાગ કરી રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જોડાયા. ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. પરિણામે ધરપકડ થઈ. જેલવાસ દરમિયાન માવળંકરદાદા, રવિશંકર મહારાજ વગેરેના સંપર્કથી દેશભક્તિ વિકસી.

## શાહ, મણિલાલ ચતુરભાઈ

જન્મ : 1894. અમદાવાદ.

અભ્યાસ : બી.એ., દક્ષિણા ફેલો, એલએલ.બી. 1917માં વકીલ. 1919-20માં સરકાર વિરુદ્ધના આંદોલનને કારણે સરકારી વકીલ તરીકે રાજીનામું. અમદાવાદ મ્યુનિસિપાલિટીનાં વર્ષો સુધી સભાસદ. સ્ટૅન્ડિંગ કમિટીના ચૅરમૅન અને મ્યુનિસિપાલિટીના પ્રમુખ. મહાદેવ દેસાઈની શોકસભાના પ્રમુખસ્થાને બેઠા. ત્યાં તેમની ધરપકડ અને જેલમાં અટકાયત. લોકસેવક. ભારત સરકારના રાજ્યકક્ષાના નાણાપ્રધાન.

## શાહ, મણિલાલ ત્રિકમલાલ

વડોદરા.

અભ્યાસનો ત્યાગ. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં ભૂગર્ભપ્રવૃત્તિ. વડોદરા કૉલેજમાં બૉમ્બ ફેંક્યો. પાટા ઉખેડવાની પ્રવૃત્તિ. 5 વર્ષ કારાવાસ. વ્યવસાય : અમદાવાદ મહાનગરપાલિકામાં નોકરી.

## શાહ, મણિલાલ ત્રિભોવનદાસ

મુંબઈ

નવેમ્બર 1931ની ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લેવા આત્મારામ પ્રભાશંકર ભટ્ટની આગેવાની હેઠળ છઠ્ઠી ટુકડીમાં જોડાયા. વઢવાણથી દૂધરેજ જઈ. 29-11-1931ના રોજ સીતાપુર રેલવેસ્ટેશને ઊતર્યા. રાષ્ટ્રીય ગીતો ગાયાં, રામનામની ધૂન કરી. ધ્રાંગધ્રાની હદમાં પગ મૂકતાં ધરપકડ કરી. અજાણ્યા સ્થળે લઈ જવામાં આવ્યા.

## શાહ, મણિલાલ નાથાલાલ

જન્મ : 24 મે, 1915. ડભોઈ, જિ. વડોદરા.

1931 : વડોદરા પ્રજામંડળના અધિવેશનમાં સ્વયંસેવક. 1932 : દાહોદ પરિષદમાં સક્રિય. 12 મહિનાનો કારાવાસ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. હાલોલ, ગોધરા, સાબરમતી કારાગૃહોમાં. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. અટકાયત.

## શાહ, મણિલાલ નાનચંદ

બાબરા, જિ. અમરેલી.

કોલકાતાથી બાબરા આવ્યા. 1930માં અમરેલીમાં ચળવળમાં ભાગ લેતાં પકડાયા. 2 મહિના સજા ભોગવી. 1932ની લડત વખતે

લાઠીચાર્જ થતાં કાને ઈજા થયેલી. કેદની સજા થઈ. કોલકાતામાં રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો.

## શાહ, મણિલાલ પુરુષોત્તમદાસ

વતન : નડિયાદ, જિ. ખેડા. અભ્યાસ : અંગ્રેજી ચાર ધોરણ.

કૉંગ્રેસમાં જોડાઈને તેની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હતા. 1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થતાં તેમાં સભા-સરઘસો, પ્રભાતફેરી, પત્રિકાપ્રવૃત્તિ વગેરેમાં સક્રિય. તેમની ધરપકડ કરવામાં આવી અને તેમણે જેલવાસ ભોગવ્યો હતો.

## શાહ, મનસુખલાલ ખુશાલદાસ

મોડાસા, જિ. સાબરકાંઠા.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સક્રિય ભાગ લેવા બદલ ધરપકડ. 6 માસની કેદની સજા.

## શાહ, મનુભાઈ મનસુખભાઈ

જન્મ : 1 નવેમ્બર, 1915. સુરેન્દ્રનગર.

અસહકારના કાર્યક્રમોમાં પિકેટિંગમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે ભૂગર્ભ-ચળવળમાં જોડાયા. 9-1-1943ના રોજ દિલ્હીમાં એક સરઘસની આગેવાની લેતાં ધરપકડ થઈ. 2 માસ લાલ કિલ્લામાં અટકાયતમાં. ત્યાર પછી દિલ્હી તેમજ ફિરોઝપુર જેલમાં 3 વર્ષ અટકાયત.

## શાહ, મફતલાલ ભોગીલાલ

જન્મ : 1923. મુંબઈ.

મુંબઈમાં રૉયલ ઇન્ડિયન નેવીના રેટિંગ્સના બળવાને કારણે પ્રજાકીય આંદોલનમાં 22 ફેબ્રુઆરી, 1946ના દિવસે પોલીસે કરેલા ગોળીબારમાં ઘવાયા. તે જ દિવસે અવસાન પામ્યા.

## શાહ, મંગળાબહેન ગોકળદાસ

જન્મ : 25 ડિસેમ્બર, 1925. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ થઈ. ભાવનગરમાં 6 માસ જેલવાસ ભોગવ્યો.

## શાહ, મંગળાબહેન ઝવેરચંદ

રાંદેર, જિ. સૂરત.

1920-21ના અસહકારના આંદોલનમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. રાષ્ટ્રીય શાળા-સંચાલન. રાજકીય પ્રવૃત્તિની સભાઓ. રાંદેરની પ્રજામાં ચેતન રેડવાનું કાર્ય.

## શાહ, (ડૉ.) માણેકલાલ

ગોધરા, જિ. પંચમહાલ.

વામનરાવ મુકાદમની મૈત્રીથી દેશભક્તિ. કૉંગ્રેસી કાર્યકર. 1930ની સવિનય કાનૂનભંગની લડત વખતે પંચમહાલ જિલ્લાના ત્રીજા સરમુખત્યાર હતા. 1932માં લડત શરૂ થતાં ધરપકડ. 2 વર્ષની કેદની સજા અને દંડ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં અટકાયત.

## શાહ, માણેકલાલ કેશવલાલ

જન્મ : 1914. માણસા, જિ. ગાંધીનગર.

શિક્ષણ : માણસા, ભાવનગર, દક્ષિણામૂર્તિ 1924-28. 1929 : ગૂજરાત વિદ્યાપીઠ વિનીત. 1930 : દાંડીકૂચ અરુણ ટુકડીમાં સૈનિક. 21 એપ્રિલે લાઠીમારમાં ઘાયલ. અમદાવાદમાં ઉપચાર. મહેમદાવાદ સત્યાગ્રહ છાવણી. સાબરમતી 3 મહિના કારાવાસ. બારડોલી વેડછી આશ્રમમાં સેવા. 1932 : સવિનય ભંગ સત્યાગ્રહ. સાબરમતી તથા યરવડામાં 1 વર્ષ અને 6 મહિના કારાવાસ. પછી ખાદીકાર્ય. 1954થી વેપાર.

## શાહ, માણેકલાલ ગિરધરલાલ

1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં કપડવંજમાં

ભાષણ. ધરપકડ. 6 મહિના કારાવાસ. ગુપ્તવાસ. સરકારે તેમની ધરપકડ કરવા ઇનામ જાહેર કર્યું. જાતે પકડાઈ ગયા. 1 વર્ષ વરલી કારાવાસ. 1944માં છુટકારો. કપડવંજ કેળવણી મંડળના મંત્રી. મુંબઈમાં ધારાશાસ્ત્રી. સામાજિક કાર્યકર.

## શાહ, માણેકલાલ ચૂનીલાલ

જન્મ : 1898. અમદાવાદ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી.. શરૂઆતમાં શિક્ષક, પછીથી વકીલાત. 1930-31ની ચળવળ વખતે ધરપકડ અને જેલવાસ. ધોળકા મ્યુનિસિપાલિટી, અમદાવાદ જિલ્લા સ્કૂલ બોર્ડ અને અમદાવાદ જિલ્લા લોકલ બોર્ડના સભ્ય અને પાછળથી પ્રમુખ. ધોળકાની કૉલેજના સંચાલક. 1935-39 : ધોળકા મ્યુનિસિપાલિટીના પ્રમુખ. 1942 : પુનઃ મ્યુનિસિપાલિટીનું પ્રમુખપદ. 1942 : 'હિન્દ છોડો'ની ચળવળ વખતે અટકાયત. 1946માં મુંબઈ રાજ્યની વિધાનસભામાં બિનહરીફ ચૂંટાયા. ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રી. ભારતની લોકસભાના સભ્ય.

## શાહ, માણેકલાલ નેમચંદ

રાંદેર, જિ. સૂરત.

1920-21ના અસહકારના આંદોલનમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. રાષ્ટ્રીય શાળાનું સંચાલન. રાજકીય પ્રવૃત્તિની સભાઓ. રાંદેરની પ્રજામાં ચેતન રેડવાનું કાર્ય.

## શાહ, માણેકલાલ રામચંદ્ર

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન વડોદરાથી 18-8-1942ના રોજ સવારે 34 યુવાનો લડતનો પ્રચાર કરવા નીકળ્યા. તેમણે આણંદ અને આસપાસનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો અને પત્રિકાઓ વહેંચી. સાંજે પાછા ફરતાં અડાસ રેલવે- સ્ટેશને પોલીસોએ તેમના ઉપર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યો. તેમાં તેઓ લાઠીમારથી સખત ઘાયલ થયા હતા.

## શાહ, માધવલાલ ભાઈલાલ

જન્મ : 1903. માતર, તા. ખંભાત, જિ. ખેડા.

1920 : સયાજી હાઈસ્કૂલનો અભ્યાસ છોડ્યો. સાબરમતી આશ્રમમાં પ્રવેશ. 1930 : દાંડીકૂચ 81 સૈનિકોમાંના એક, 3 માસ કારાવાસ. ધરાસણા સત્યાગ્રહ, કારાવાસ. 1932 : ધરપકડ. 4 માસ કારાવાસ. 1933 : સત્યાગ્રહ 1 વર્ષ કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' લડતમાં અટકાયત. રચનાત્મક પ્રવૃત્તિ, ખેડા જિલ્લા પંચાયતના પ્રમુખ, ગુજરાત રાજ્યના મંત્રી.

## શાહ, મુન્નાલાલ ગંગાદાસ

જન્મ : 1902. બુરહાનપુર.

1928માં વાલોડમાં રહીને ના-કરની લડતમાં 2 મહિના ભાગ લીધો. સાબરમતી આશ્રમમાં રહ્યા. દાંડીકૂચ વખતે ગાંધીજીને તેઓ અંકલેશ્વરમાં મળ્યા. તેમના આદેશથી વઢવાણમાં ખાદીકામ કરવા ગયા. બુરહાનપુર જઈ જંગલ સત્યાગ્રહમાં ભાગ લીધો. પુણેની પર્ણકુટિમાં ગાંધીજીને મળ્યા. વર્ધા જઈ જમનાલાલજી બજાજને ત્યાં રહીને આગેવાનોની સરભરાના કામમાં રોકાયા. ગાંધીજી પાસે સેવાગ્રામ ગયા હતા. ગાંધીજીએ બતાવેલાં કામો કરતા હતા. ગાંધીજી સાથે નવી દિલ્હીના બિરલાભવનમાં પણ હતા.

## શાહ, મોહનલાલ કેશવલાલ

જન્મ : 1914. માણસા, જિ. મહેસાણા.

દક્ષિણામૂર્તિ ભાવનગર અને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં વિનીત સુધીનો અભ્યાસ.

1930માં દાંડીકૂચ પહેલાં વિદ્યાપીઠ તરફથી 'અરુણ' ટુકડી દાંડી મોકલી તેમાં સત્યાગ્રહી તરીકે જોડાયા. ગાંધીજીની ધરપકડ પછી

ધરાસણાના સત્યાગ્રહમાં હલ્લો કરતાં ખૂબ ઘવાયા. અમદાવાદમાં સારવાર લીધા પછી મહેમદાવાદ તાલુકાની સત્યાગ્રહ છાવણીમાં જોડાયા. ધરપકડ વહોરી સાબરમતી જેલમાં ત્રણ મહિના કારાવાસ ભોગવ્યો. તે પછી વેડછી આશ્રમમાં (બારડોલી) રહ્યા. 1932માં ફરી લડત શરૂ થતાં, ધરપકડ. દોઢ વરસની સજા સાબરમતી અને યરવડા જેલમાં ભોગવી. 1954થી મુંબઈમાં ખાનગી વ્યવસાય.

## શાહ, મોહનલાલ છગનલાલ

જન્મ : નવેમ્બર, 1912. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : મૅટ્રિક, વ્યાયામનું પ્રશિક્ષણ. 1930 : મીઠા-સત્યાગ્રહ. ધરાસણામાં ઘાયલ. સાજા થતાં મહુધા કારાગૃહમાં. 1942 : લડતમાં ભૂગર્ભ- પ્રવૃત્તિ. ઘરમાંથી માણસોને કાઢી પોલીસે સીલ માર્યું. 1944 : વ્યાયામ મંદિરમાં સભા. રવિશંકર મહારાજ સાથે કારાવાસ. 1947 : ગૃહરક્ષક પ્રવૃત્તિમાં.

## શાહ, મોહનલાલ જેઠાલાલ

બાબરા, જિ. અમરેલી.

રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો, એટલે ધરપકડ કરવામાં આવી. તેમણે જેલવાસ ભોગવ્યો હતો.

## શાહ, રણછોડભાઈ અંબાલાલ

જન્મ : 8 જૂન, 1925. વડોદરા.

ઇન્ટર સાયન્સના અભ્યાસ દરમિયાન ‘હિન્દ છોડો’ લડત શરૂ થતાં અભ્યાસ છોડી, આંદોલનમાં જોડાયા. મિત્રો સાથે પોળમાં કાંતણ મંડળ. રેંટિયા વડે સૂતર કાંતવું. પ્રચાર માટે પત્રિકાઓ વહેંચતા, સભા-સરઘસોમાં ભાગ લેતા. ધરપકડ. કાચા કામના કેદી. કેસ ચાલ્યા પછી નિર્દોષ. જેલમાં રાષ્ટ્રવાદી આગેવાનોનો સંપર્ક.

આઝાદી પછી સર્વોદય પ્રવૃત્તિ. ગુંદી સર્વોદય યોજનામાં મુનિશ્રી સંતબાલજીના ક્ષેત્રમાં નવલભાઈ શાહ સાથે સેવાકાર્ય.

## શાહ, રણછોડભાઈ (બાબરભાઈ) મથુરભાઈ

હાલોલ, જિ. પંચમહાલ.

હાલોલ તાલુકાના અગ્રણી કૉંગ્રેસી કાર્યકર. 1920ની અસહકારની ચળવળથી સ્વાતંત્ર્ય-સંગ્રામોમાં જોડાયા. હાલોલ તાલુકા કૉંગ્રેસ સમિતિનાં ઘણાં વર્ષો સુધી પ્રમુખ રહ્યા. 1930માં સવિનય કાનૂનભંગ દરમિયાન હાલોલ તાલુકાના મલાવ ગામે જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ લક્ષ્મીકાંત શ્રીકાંતના નેતૃત્વ હેઠળ થયેલા ‘જંગલ સત્યાગ્રહ’માં ભાગ લીધો. ધરપકડ. થોડા દિવસ ગોધરાની જેલમાં પૂરી રાખ્યા.

## શાહ, રતનલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં ધરાસણા સત્યાગ્રહમાં ભાગ લેવા ગયેલા ત્યાં માર ખાધો. ધરાસણાથી તેઓ લાવેલા મીઠાની ગામ વચ્ચેના ચૉકમાં હરાજી કરવામાં આવી, જે હાલમાં પણ ઝાલોદમાં મીઠાચોકના નામથી ઓળખાય છે.

## શાહ, રતિલાલ અમૃતલાલ

જન્મ : 30 ઑક્ટોબર, 1913. રાજકોટ.

1930ની મીઠાની લડત વખતે પરદેશી કાપડની દુકાનો ઉપર પિકેટિંગ કર્યું. 1938ની રાજકોટની લડતમાં જોડાયા. માર ખાધો. જેલવાસ ભોગવ્યો.

## શાહ, રતિલાલ એન.

વતન : જોરાવરનગર, સૌરાષ્ટ્ર.

1942ની રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો. તેમજ અનેક કષ્ટો સહન

કર્યાં.

## શાહ, રતિલાલ જેચંદ

અમદાવાદ.

1942ની લડતમાં સરઘસો અને પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. નવેમ્બર, 1942માં પત્રિકાઓ રાખવા માટે મસ્કતી માર્કેટ પાસે ધરપકડ. 4 માસની કેદ અને રૂ. 200 દંડની સજા.

## શાહ, રતિલાલ જેઠાલાલ (લાધાવાળા)

જન્મ : 11 એપ્રિલ, 1914. ઉમરેઠ, જિ. આણંદ.

અભ્યાસ : બી.એ.. 1930 : ઉમરેઠ સમિતિમાં પસંદગી. પિકેટિંગનું આયોજન કર્યું. 4 મહિના કારાવાસ. હદપારના આદેશની અવગણના. દિલ્હી અધિવેશનમાં ભાગ લીધો. 1 મહિનો કારાવાસ. પુનઃ 9 મહિના કારાવાસ. 1941 : આણંદની દા.ન. હાઈસ્કૂલમાં શિક્ષક. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં. છોટુભાઈ પુરાણીના સહાયક. વિવિધ સામાજિક પ્રવૃત્તિ.

## શાહ, રતિલાલ બાપુલાલ

જન્મ : 1904. લીંબાસી, જિ. ખેડા.

1930 : સવિનય કાનૂનભંગ સત્યાગ્રહ. 3 મહિના કારાવાસ. 100 રૂપિયા દંડ. 1942 : આંદોલન. 9 મહિના કારાવાસ. રૂ. 200 દંડ.

## શાહ, રતિલાલ મગનલાલ

જન્મ : 1900. કપડવંજ, જિ. ખેડા.

અભ્યાસ : 7 ધોરણ. 1930 : સત્યાગ્રહી મંડળીમાં સક્રિય. 3 મહિના કારાવાસ તથા દંડ. ચૂંટણીનો બહિષ્કાર. ધરપકડ અને મુક્તિ.

## શાહ, રતિલાલ શંકરલાલ

જન્મ : 1917. કપડવંજ, જિ. ખેડા.

1930-32 : વાનરસેનામાં સક્રિય. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. કપડવંજ. કારાવાસ. શિક્ષણક્ષેત્રે સક્રિય. વ્યવસાય : ધારાશાસ્ત્રી.

## શાહ, રતિલાલ સકળચંદ

જન્મ : 1910 આશરે. અમદાવાદ.

1930 : ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લઈ મીઠાના કાયદાનો ભંગ. ધરપકડ. યરવડા જેલમાં. જેલમાં ચક્કી પીસવાનું કામ પૂરું ન થતાં, મારપીટ. બીમારી. જેલના દવાખાનામાં અવસાન.

## શાહ, રતિલાલ સુંદરજી

જન્મ : 1 ફેબ્રુઆરી, 1910. અમરેલી.

1930માં ભૂગર્ભપત્રિકા-પ્રકાશનનું કામ કર્યું. 1942માં ભૂગર્ભમાં રહીને પત્રિકા-પ્રકાશનનું કાર્ય કર્યું. જૂનાગઢ આરઝી હકૂમત લડતમાં ધારીનું થાણું સંભાળ્યું.

## શાહ, રમણલાલ છોટાલાલ

જન્મ : 10 સપ્ટેમ્બર, 1911. દાહોદ.

1930 : હાલોલમાં ના-કર લડતની છાવણીમાં 1 મહિનો વાસ. દારૂનાં પીઠાં, વિદેશી કાપડભંડાર સમક્ષ પિકેટિંગ. ગોધરાથી ધરાસણા, મીઠા-સત્યાગ્રહ. 1 મહિનો કારાવાસ. 1932 : સવિનય ભંગ સત્યાગ્રહ. 2.5 વર્ષ કારાવાસ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. 5.5 મહિના કારાવાસ.

## શાહ, રમણલાલ નારણદાસ (દાવડાવાલા)

જન્મ : 1918. વતન : દાવડા, તા. નડિયાદ, જિ. ખેડા. અભ્યાસ : અંગ્રેજી પાંચ ધોરણ.

1930ની લડતમાં ડભાણ ગામેથી જોડાયા. આસપાસનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો. 1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થઈ ત્યારે કૉંગ્રેસ સમિતિના મંત્રી. પાછળથી કૉંગ્રેસના તથા અન્ય રચનાત્મક કાર્યોમાં ભાગ લીધો.

## શાહ, રમણલાલ ફૂલચંદ

જન્મ : 1914. વતન : લીંબાસી, તા. માતર, જિ. ખેડા.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. પોલીસને સીધું ન આપવા બદલ તેમની ધરપકડ કરી. તેમને બે માસની જેલની સજા કરવામાં આવી.

## શાહ, રમણલાલ મનસુખલાલ

જન્મ : 11 ફેબ્રુઆરી, 1911. કપડવંજ, જિ. ખેડા.

અભ્યાસ : એસ.એસ.સી. સુધીનો. 1930 : લસુંદ્રા મીઠા-સત્યાગ્રહ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ. 8 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 6 મહિના કારાવાસ. મુક્તિ પછી પુનઃ સક્રિય. સરકારે ઇનામ ઘોષિત કર્યું. નડિયાદ જાતે ઉપસ્થિત થયા. વરલી અને વિસાપુરમાં 1 વર્ષ અને 6 મહિના અટકાયત. કપડવંજમાં વેપાર.

## શાહ, રમણલાલ માણેકલાલ

જન્મ : 1905. અમદાવાદ.

અભ્યાસ : ગૂજરાત વિદ્યાપીઠમાં ઉપસ્નાતક. 1929માં મિલસ્ટોર્સનો ધંધો. 1930ની સત્યાગ્રહની લડતમાં જોડાયા. દારૂનિષેધનું યશસ્વી કાર્ય. લડત દરમિયાન 6 માસની જેલ. 1937 : જમાલપુર વૉર્ડ કૉંગ્રેસ કમિટીના મંત્રી.

## શાહ, રમણલાલ સોમચંદ (ડુક્કર)

જન્મ : 3 જુલાઈ, 1911. ગોધરા, જિ. પંચમહાલ. નિવાસ : માંડવીની પોળ, અમદાવાદ.

1930 : મિલની નોકરીનો ત્યાગ. અસહકાર આંદોલનમાં સક્રિય. અમદાવાદમાં જવાહરલાલ નહેરુની મોટર રોકવા રસ્તામાં સૂઈ ગયા. તેથી નહેરુએ કહ્યું, 'યહ કૌન ડુક્કર જૈસા બીચમેં સો ગયા હૈ?' ત્યારથી સમગ્ર શહેરમાં 'ડુક્કર' ઉપનામથી ઓળખાયા. અમદાવાદ. 1941 : અમદાવાદ સાંપ્રદાયિક તણાવ સમયે સેવા. 1942ની લડતમાં જમાલપુરના વૉર્ડનાયક. સ્વાતંત્ર્યસૈનિકોને પોતાને ઘેર ગુપ્ત રાખતા. બૉમ્બપ્રવૃત્તિના પી. કે. ચૌધરીને પણ ઘેર રાખ્યા. ભાંગફોડમાં નિષ્ણાત. 1930માં પિકેટિંગ કરતાં પકડાઈ જેલ ભોગવી. 1942, 9મી ઑગસ્ટે પકડાયા, ખૂબ માર પડ્યો. માફી માગીને તોફાન કરવાના હેતુથી બહાર આવ્યા. પોલીસ અધિકારીઓને ખૂબ વિતાડતા. સપ્ટેમ્બર, 42માં ધરપકડ. 1 માસની કેદની સજા ભોગવી. પોલીસો પોળમાં ઘૂસે તો ખૂબ મારઝૂડ કરતા. દાણાપીઠમાં દસક્રોઈ મામલતદારની કચેરી સળગાવી. પબ્લિક વર્ક્સની કચેરી સળગાવી. પોલીસોને માંડવીની પોળમાં કપડાં કાઢી લઈને ખૂબ માર્યા. પોલીસ કૉન્સ્ટેબલ શામળ એમને લડતમાં સાથ આપતો. તે બાતમી લાવતો. કેટલાક પોલીસોની લડત પ્રત્યે સહાનભૂતિ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. ભૂગર્ભમાં સક્રિય. 1943 : માંડવીની પોળ સેવાસંઘમાં સહાયક. 1947 : નિર્વાસિત સેવા. વ્યવસાય : વેપાર.
અવસાન થયેલ છે.

## શાહ, રમણલાલ સોમાલાલ

નિવાસ : આગરવા, જિ. ખેડા.

1929-32 : અભ્યાસકાળ દરમિયાન સંગ્રામમાં પ્રવેશ. 1938-39 : હરિપુરા તથા ત્રિપુરા અધિવેશનમાં સેવક. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 12 મહિના કારાવાસ. ઠાસરામાં 1955 સુધી પ્રૌઢશિક્ષણ તથા ગ્રામોદ્યોગ પ્રચાર.

## શાહ, રમણલાલ હીરાલાલ

નડિયાદ, જિ. ખેડા. 18 વર્ષ. ભાદરણમાં ટી. બી. હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં

ભાગ લીધો. બદલપુર છાવણીમાં ગયા. ત્યાં નદી ઉપર મીઠું પકવીને કાયદાભંગ કરતા. કાનૂનભંગ કરેલ મીઠાનું બોરસદમાં વેચાણ કર્યું. સરઘસમાં ભાગ લીધો. સ્ત્રી સિતમ દિને ખૂબ માર પડ્યો હતો. મે, 1930માં ટુકડીમાં જોડાઈને ધરાસણાની છાવણીમાં ગયા. બીજે દિવસે સવારે ઇમામસાહેબની આગેવાની હેઠળ સેંકડો સ્વયંસેવકોની કૂચ, રાષ્ટ્રગીતો ગાતા, રામધૂન બોલાવતા આગળ વધ્યા. પોલીસોએ સખત લાઠીમાર કર્યો. અંધારી રાત ભૂખ્યા અને તરસ્યા પસાર કરી. બીજો આખો દિવસ સખત તાપમાં ભૂખ્યા ને તરસ્યા એક બીમાર ભાઈની પાસે ગાળ્યો. બોંતેર કલાક પછી અન્ન ને પાણી છાવણીમાં મળ્યાં. પકડીને છોડી મૂક્યા.

## શાહ, રમણીકલાલ હરજીવનદાસ

જન્મ : 7 સપ્ટેમ્બર, 1918. ધંધૂકા. નિવાસ : અમદાવાદ.

1942 : 'હિન્દ છોડો' આંદોલન સમયે વિદ્યાર્થી સંગઠનના નેતા. રાષ્ટ્રીય વિદ્યાર્થી મંડળની સ્થાપના. લડત દરમિયાન, ભૂગર્ભવાસ. હડતાળ. ગુજરાત સમગ્રના વિદ્યાર્થીસંગઠનકાર્ય માટે 14 મહિના કારાવાસ. 1942 : અમદાવાદમાં શાળા-કૉલેજોમાં આશરે 8 મહિના હડતાળ રખાવી વિદ્યાર્થી સંગ્રામ સમિતિની રચના કરીને તેના પ્રમુખ બન્યા. વિદ્યાર્થીપત્રિકાની રોજ 5 હજાર નકલ લાંબા સમય સુધી પ્રગટ કરી. અમદાવાદમાં ગુપ્તવાસમાં રહી વિદ્યાર્થીપ્રવૃત્તિનું સંચાલન કર્યું. વિદ્યાર્થી પરિષદ લડત દરમિયાન યોજી; મુંબઈ જઈને ત્યાં વિદ્યાર્થીસંગઠન માટે માર્ગદર્શન આપ્યું. અચ્યુત પટવર્ધન તથા સુચેતા કૃપાલાનીને મળ્યા. સ્વામીનારાયણ સાયન્સ કૉલેજના આચાર્ય.

## શાહ, રસિકલાલ ઓચ્છવલાલ

દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં દાહોદમાં 25-9-1942ના રોજ રાષ્ટ્રધ્વજ સહિત સરઘસ, સરકાર- વિરોધી સૂત્રો પોકાર્યાં. સરઘસ સભામાં ફેરવાયું. સભામાંથી ધરપકડ. 2 માસની સખત કેદ અને રૂ. 50 દંડ. દંડ ન ભરે તો 2 માસની કેદ વધુ. સાબરમતી જેલમાં સજા ભોગવી.

## શાહ, રસિકલાલ ડી.

જન્મ : 1918 આશરે. અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળમાં. 10મી ઑગસ્ટે શામળાની પોળના સરઘસમાં જોડાયા. પોલીસે ઉપરાછાપરી લાઠીઓ મારી. દિવસે સરઘસો ને રાત્રે મશાલ સરઘસો કાઢતા. સરઘસોમાં આગેવાની. પોલીસો પર ભયંકર પથ્થરમારો કરવાનો મુખ્ય કાર્યક્રમ. પોલીસોને પથ્થરમારાથી નસાડી મૂકતા. ગેરીલા યુદ્ધ લડવા જેવી સ્થિતિ કરતા. પોલીસના ગોળીબારથી ખભા પાસે ગોળી વાગી. સારવાર બાદ સાબરમતી જેલમાં અટકાયત. 22 નવેમ્બર, 1942 અગાઉ મિલો ચાલુ ન થાય તેનો પ્રચાર કરવા ઉત્તર ગુજરાતના વિસનગર, વડનગર વગેરે ગામોમાં પ્રવાસ-પ્રચાર. લડત બાદ ચાંદીનો મેડલ કૉંગ્રેસ સમિતિ તરફથી. તેઓ 'ભૂરિયો' ઉપનામથી ઓળખાતા.

## શાહ, રસિકલાલ ન્યાલચંદ

જન્મ : 1914 આશરે. દાહોદ.

રાષ્ટ્રવાદી. માર્ચ, 1932માં દાહોદના મામલતદારની કચેરીમાં સત્યાગ્રહના પ્રચારની પ્રતિબંધિત પત્રિકા વહેંચી. બે સાથીઓ સહિત પોલીસે ધરપકડ કરી. દરેકને 6 માસની સજા તથા રૂ. પંદર દંડ. દંડ વસૂલ કરવા જપ્તી. ગોધરા, સાબરમતી અને વિસાપુર જેલમાં સજા ભોગવી.

## શાહ, રાજેન્દ્ર કેશવલાલ (કવિ)

જન્મ : 1912. કપડવંજ, જિ. ખેડા.

1930 : કપડવંજ કુંડવાવ ટાવર પરના રાષ્ટ્રધ્વજની રક્ષા માટે ઉપર ચડી ધ્વજ શરીરે લપેટી લીધો. સિપાઈઓ સાથે ઝપાઝપી. 9-10 મીટર નીચે કૂદ્યા. મરણતોલ ઘવાયા ત્યારે ત્રણ દિવસ સુધી બેભાન રહ્યા હતા. કારાવાસ. મુક્તિ પછી બી.એ. થયા. ગુજરાતના પ્રતિષ્ઠિત કવિ તરીકે આદરપાત્ર થયા.

## શાહ, રામપ્રસાદ વાડીલાલ

જન્મ : 1922. અમદાવાદ.

1942ની ચળવળમાં બાલમુકુંદ આચાર્ય, મનહર રાવલ વગેરે સાથે લડત વિષે ચર્ચા. નળાકાર શેલમાં દારૂગોળાના બૉમ્બ બનાવવા વિચારણા. રામપ્રસાદે બૉમ્બ માટે આર્થિક સહાય આપી. વીજળીનો પુરવઠો બૉમ્બ દ્વારા કાપી નાખી મિલો ખૂલતી અટકાવવાની યોજના ઘડી. સરઘસોમાં જોડાતા. 25 ડિસેમ્બર, 1942ના રોજ ધરપકડ. કુલ 3 વર્ષ કાચી જેલમાં અને અટકાયત. બાતમી કઢાવવા પોલીસે ખૂબ માર્યા. ગડદાપાટુ, લાઠીઓ મારી. લોકોની ખૂબ સહાનભૂતિ. રોજ હજાર માણસ કોર્ટમાં કેસ સાંભળવા આવતા. જ્યુરીના સદગૃહસ્થો પર તેમને નિર્દોષ છોડાવવા દબાણ થતું. સસ્તું કિતાબ ઘરના માલિક.

## શાહ, રુક્મિણીબહેન લવણપ્રસાદ

જન્મ : 1908. જામનગર.

1920 દરમિયાન પતિ સાથે જામનગરના જુલમો સામે લડતમાં ભાગ લીધો. પકડાયાં. પાંચ માસની સજા ભોગવી. રાજકોટની લડતમાં પણ બે વાર પકડાયાં.

અવસાન : 2 ઑક્ટોબર, 1979.

## શાહ, લક્ષ્મીચંદ હકમીચંદ

જન્મ : 20 સપ્ટેમ્બર, 1912. પાલિતાણા, જિ. ભાવનગર.

1930માં ફૂલચંદભાઈની સરદારી નીચે વિરમગામ સત્યાગ્રહમાં જોડાયા. 7 માસની સજા ભોગવી. ફરી લડતમાં ભાગ લીધો. પોલીસોના અત્યાચારો સહન કર્યા. ઘોડા દોડાવવામાં આવ્યા. ઘવાયા. જીવનભર અસર રહી ગઈ. વિરમગામ કૉંગ્રેસ છાવણી ઉપર ધ્વજ ચડાવતાં માર ખાધો. પિકેટિંગમાં ભાગ લેતાં ધરપકડ થઈ અને મધરાતે જંગલમાં છોડી મૂકેલા. ભૂગર્ભપત્રિકાઓ તૈયાર કરતા.

## શાહ, લક્ષ્મીચંદ હઠીસિંગ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લેતાં પકડાયા. લાંબો જેલવાસ ભોગવ્યો.

## શાહ, (ડૉ.) લલિતાબહેન એન.

જન્મ : 1923. અમદાવાદ.

એમ.ડી. હેડ ગાઇનેકોલૉજિસ્ટ, એલ. જી. હૉસ્પિટલ, અમદાવાદ. 1942ના આંદોલન દરમિયાન અભ્યાસ છોડી, ગણદેવી જઈને ત્યાં અન્ય બહેનો સાથે સભા, સરઘસ, પિકેટિંગ, પટેલ-તલાટીઓનાં રાજીનામાં લેવાં વગેરે પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો.

## શાહ, લલિતાબહેન કેશવલાલ

જન્મ : 1901. કપડવંજ, જિ. ખેડા.

1921 : કપડવંજની ખાદીપ્રવૃત્તિમાં ઉત્સાહી કાર્યકર. આજીવન ખાદીપ્રેમી. કાંતણનો નિયમ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 1 વર્ષ અને 6 મહિના કારાવાસ.

## શાહ, લલ્લુભાઈ છગનલાલ

જન્મ : 1878. રાજકોટ.

રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવાને કારણે સરકારી નોકરી છોડી. રાજકોટની લડતમાં પ્રવચન કરતાં ધરપકડ થઈ. જેલવાસ ભોગવ્યો.

જેલમાં ત્રાસ વેઠ્યો.
અવસાન : 9 સપ્ટેમ્બર, 1949.

## શાહ, લવણપ્રસાદ ફૂલચંદ

જન્મ : 1901. જામનગર.

જામનગરની રાજાશાહી અને જોહુકમી સામે માથું ઊંચકનાર અગ્રિમ લડવૈયા. તેમને પકડીને ‘જીવા સતા’ના ડેલામાં લાંબો વખત ગોંધી રાખવામાં આવ્યા. લાંબો જેલવાસ વેઠીને છૂટ્યા. એક વાર રાતોરાત એમના ઘરમાંથી ઉઠાવી અગોચર જગાએ ફેંકી દીધા. ધૂતારપુર ગામે પ્રચાર અર્થે ગયા ત્યારે ગુંડાટોળકીએ માર મારી મરણતોલ કરી નાખ્યા. મૃત્યુ પામ્યા એમ માની ટોળકી ચાલી ગઈ. ગામના લોકોએ સારવાર કરી દવાખાને દાખલ કર્યા. જામસાહેબના અત્યાચારો, કાળાં કામો અંગે તે વર્તમાનપત્રોમાં લખતા અને ખુલ્લા પાડતા. જામનગર છોડવું પડ્યું. રાજકોટની લડત વખતે તેમનાં પત્ની અને તેમની અટકાયત. જૂનાગઢની આરઝી હકૂમતમાં સક્રિય મદદ.
અવસાન : 23 મે, 1981.

## શાહ, લીલાચંદભાઈ મગનલાલ

પાટડી, જિ. સુરેન્દ્રનગર.

વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લેતાં અનેક વખત જેલવાસ ભોગવ્યો. મિલકત ગુમાવી. સત્યાગ્રહના અગ્રણી હતા.

## શાહ, વજુભાઈ મણિલાલ

જન્મ : 6 ફેબ્રુઆરી, 1910. ઉમરાળા, જિ. ભાવનગર.

1928માં જૂનાગઢ બહાઉદ્દીન કૉલેજમાં સાયમન કમિશનના વિરોધમાં હડતાળ પડાવવાની આગેવાની લીધી. 1929માં લાહોરમાં કૉંગ્રેસનું અધિવેશન મળ્યું તેમાં ગયા. પૂર્ણ સ્વરાજ માટે અભ્યાસ અધૂરો મૂકી લડતમાં ભાગ લેવા નીકળી પડ્યા. ધોલેરાની મીઠાની લડતમાં જોડાયા. પકડાયા. 1932માં તેમજ 1934માં ત્રણ વાર જેલવાસ ભોગવ્યો. જેલમાં કેદીઓનાં હક-હિતો માટે લડ્યા. વણોદ સત્યાગ્રહની આગેવાની લીધી. હરિજન પદયાત્રાના સંચાલનમાં યોગદાન. ‘નવજુવાન કાર્યકર સંઘ’ની સ્થાપના કરી. રાજકોટ લડતને મદદરૂપ થતા રહ્યા. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાઈને 6 માસ જેલવાસ ભોગવ્યો. 1942ની લડત વખતે તેમનું ઘર ‘ઇન્કિલાબ’ લડતની છાવણીમાં ફેરવાઈ ગયું. તેમની ધરપકડ કરવામાં આવી. ઘર જપ્ત થયું.
અવસાન : 9 જાન્યુઆરી, 1983.

## શાહ, વલ્લભભાઈ મગનલાલ

વલભીપુર, જિ. ભાવનગર.

1938માં રાજ્ય તરફથી ખેડૂતોને અન્યાય થતાં રાજ્ય સામે લડતના અગ્રણી રહ્યા. રાજ્યના જુલમો સહન કર્યા. અટકાયતમાં રાખવામાં આવ્યા.

## શાહ, વસુબહેન ફકીરચંદ

મુંબઈ.

1942ની ‘હિન્દ છોડો’ ચળવળ દરમિયાન પત્રિકા વહેંચવા જતાં, સરઘસોમાં જોડાતાં, પિકેટિંગ કરતાં. ધરપકડ. ગીરગાંવ જેલમાંથી આર્થર રોડ જેલમાં. રાત્રે સૂત્રો પોકારતાં. સોફિયા ખાન, જયશ્રીબહેન વગેરે નેતાઓ સાથે જેલજીવન. ‘સી’ વર્ગમાં હોવાથી મુશ્કેલીઓ વેઠી.

## શાહ, વિઠ્ઠલદાસ મોતીલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં જોડાયા. રાષ્ટ્રવાદી વાતાવરણ તથા પરદેશી માલના બહિષ્કારની લડતની અસર થવાથી પોતાની દુકાનમાં પરદેશી માલ વેચવાનો બંધ કર્યો. તે દ્વારા થતી કમાણી, આવક દેશ માટે

જતી કરી.

## શાહ, વિનોદચંદ્ર ચૂનીલાલ

જન્મ : 1921. નિવાસ : જંબુસર, જિ. ભરૂચ.

અભ્યાસ : બી.એ., એલ્ફિન્સ્ટન કૉલેજ, મુંબઈ. પછી એમ.એ. 1935માં એલએલ.બી. 1938માં વ્યવસાય : વકીલાત. 1930ના સ્વાતંત્ર્યસંગ્રામમાં કૉલેજ છોડી, આંદોલનમાં સક્રિય. કારાવાસ 6 સપ્તાહ. 1941 : વ્યક્તિગત સત્યાગ્રહ, 6 મહિનાની જેલ. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. સવા વર્ષ કારાવાસ. 1947 : સ્વતંત્રતા પછી વિકાસકાર્યોમાં પ્રવૃત્ત. 1952થી 1957 સુધી ભરૂચ શાળામંડળના અધ્યક્ષ. શાસનમાં ઉત્તરોત્તર ઊંચાં પદ.

## શાહ, વિનોદચંદ્ર જેસિંગભાઈ

જન્મ : 16 ફેબ્રુઆરી, 1916. અમદાવાદ.

અભ્યાસ : મૅટ્રિક સુધી. કાપડની પેઢી. 1930થી રાજકીય અને સામાજિક કાર્યકર. અમદાવાદ શાહપુર વૉર્ડ કમિટીના મંત્રી, ખજાનચી. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહમાં 6 માસની સજા. 1942ની લોકક્રાંતિની ચળવળ વખતે 6 માસની જેલ. કૉંગ્રેસ મ્યુનિસિપલ પક્ષના સભ્ય.

## શાહ, વિમળભાઈ હીરાલાલ

જન્મ : 15 માર્ચ, 1921. અમદાવાદ.

1942ની લડતમાં ખાડિયા વૉર્ડનાયક, વિદ્યાર્થી નેતા. રાષ્ટ્રીય વિદ્યાર્થીમંડળના આગેવાન. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભૂગર્ભમાં રહીને સભાઓ, સરઘસોનું આયોજન કરતા. પોલીસો પર વારંવાર પથ્થરમારો કરાવતા. આસ્ટોડિયા ચકલા પાસે સરઘસમાંથી સપ્ટેમ્બર, 1942માં ધરપકડ. 7 દિવસમાં છોડ્યા. ઑક્ટોબર, 1942માં ફરી પકડી, થોડા દિવસ બાદ છોડ્યા. એલિસબ્રિજમાં ગુજરાત વિદ્યાર્થી પરિષદ યોજી. તેને બીજે દિવસે નારણઘાટ પરથી ધરપકડ. 2 માસની અટકાયત. વિદ્યાર્થી પત્રિકા લખતા. વીસેક ગામડાંઓમાં ફરીને ના-કરનો પ્રચાર કર્યો.

## શાહ, વીરચંદભાઈ પાનાચંદ

જન્મ : 11 મે, 1888. વીરનગર, જિ. વિસનગર.

ભાવનગરની શામળદાસ કૉલેજમાં અભ્યાસ દરમિયાન ગાંધીજીના દર્શનથી રાષ્ટ્રવાદી બન્યા. 1930ની મીઠાની લડત વખતે ધરપકડ. 1 વર્ષ જેલ ભોગવી. 1932માં ફરી પકડાયા. નાશિકમાં જેલવાસ ભોગવ્યો. રાજકોટની લડતમાં સામેલ થયા. પરિણામે ધરપકડ થઈ. 3 માસની જેલ તથા રૂ. 300 દંડ થયો. 1939માં જામનગર રાજ્યના સિતમોના ભોગ બન્યા.

અવસાન : 11 ઑક્ટોબર, 1959.

## શાહ, વીરમતીબહેન માધવલાલ

જન્મ : 1911. સૂરત.

લગ્ન 1926 : માધવલાલ ભાઈલાલ શાહ સાથે. 1929 : ખાદીવ્રત. ગાંધીજીના કાર્ય પ્રત્યે આકર્ષણ. 1930 : સાબરમતી આશ્રમમાં અંતેવાસી જીવન. 1934 : ખાંધલી, તા. માતરમાં નિવાસ. ગ્રામસેવા. 1934થી 46 : રાષ્ટ્રીય આંદોલનમાં સક્રિય. કારાવાસ. 6 મહિના સાબરમતી, 6 મહિના યરવડા, 3 મહિના રત્નાગિરિ, 3 મહિના સાબરમતી, 3 મહિના સાબરમતી જેલમાં સજા ભોગવી.

## શાહ, વી. વી.

અમદાવાદ.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન શહેરસૂબાએ તેમને એલિસબ્રિજના વૉર્ડનાયક નીમ્યા. વૉર્ડનાયક પોતાના વૉર્ડની સભાઓમાં પોળનાયકો, શેરીનાયકો તથા સ્વયંસેવકોને સૂચનાઓ આપતા. વૉર્ડમાં સભાઓ, સરઘસો

ને પત્રિકાપ્રવૃત્તિનું આયોજન તથા સંચાલન કરતા.

## શાહ, શકરીબહેન ચીમનલાલ

રાસ, જિ. આણંદ. ઉંમર : 36 (1931માં)

તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' બોરસદમાં ઊજવાયો ત્યારે બહેનોના સરઘસમાં જોડાયાં. પોલીસોએ કરેલા સખત લાઠીમારનો ભોગ બન્યાં.

## શાહ, શંકરલાલ રતિલાલ

જન્મ : 3 મે, 1902. સાવલી, જિ. વડોદરા.

192042 : વિરમગામ, માતર, અમદાવાદ, સાણંદ અને ખાખરેચી સત્યાગ્રહોમાં ભાગ લીધો. 6 મહિના કારાવાસ. બાળકો માટેનાં પુસ્તકોના અનુવાદ. ભાવનગર દક્ષિણામૂર્તિ. નડિયાદ વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં સેવા.

## શાહ, શંકરલાલ હરજીવનદાસ

જન્મ : 21 ફેબ્રુઆરી, 1896. કપડવંજ, જિ. ખેડા.

શિક્ષણ : અમદાવાદ, પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ, મુંબઈ એલ્ફિન્સ્ટન કૉલેજ. 1918 : સ્નાતક. 1920 : લૉ કૉલેજનો ત્યાગ. પુણે કૃષિ વિદ્યાલયમાં અભ્યાસ. જાતે ખેતીનો આરંભ. 1922 : મુંબઈ વેપાર. 1923 : પૂર્વ આફ્રિકા રૂનો વેપાર. 1931 : સવિનય ભંગમાં જોડાયા. સ્વદેશાગમન. 1932 : કારાવાસ. 1933 : પુનઃ યુગાન્ડાગમન. 1939 : ભારત પુનરાગમન. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. વેપારધંધાનો સમૂળો ત્યાગ. વિવિધ ક્ષેત્રે લોકસેવા. કેળવણી, કૃષિ. 1952 : ધારાસભ્ય. કપડવંજ કેળવણી મંડળના પ્રમુખ, સંચાલક.

## શાહ, શારદાબહેન ચંદુલાલ

જન્મ : 1912. મહેમદાવાદ, જિ. ખેડા.

1930 : સવિનય ભંગ. કોલકાતામાં પિકેટિંગ, પત્રિકાવિતરણ. 1931 : 6 ફેબ્રુઆરીના રોજ ધરપકડ. ક્ષમા માગવાની ના પાડતાં 6 મહિના કારાવાસ. વિવિધ કારાગૃહોમાં.

## શાહ, શારદાબહેન ફૂલચંદભાઈ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

ફૂલચંદભાઈ સાથે લગ્નથી જોડાયાં પછી પતિની સાથે ગાંધીજીનાં અંતેવાસી બન્યાં. વિદેશી કાપડ તેમજ દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગના કાર્યક્રમોમાં જોડાયાં. 1930માં વિરમગામના મીઠાના સત્યાગ્રહમાં જોડાયાં. જેલવાસ ભોગવ્યો. 1931માં ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લેતાં ખૂબ ત્રાસ સહન કર્યો. ધ્રોળના ધ્વજ સત્યાગ્રહમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો. અવસાન : 21 નવેમ્બર, 1981.

## શાહ, શાંતિકુમાર મનસુખલાલ

જન્મ : 26 નવેમ્બર, 1922. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે અભ્યાસ છોડીને લડતમાં. ભાગ લેતાં ધરપકડ. 5 માસનો જેલવાસ. આરઝી હકૂમત વખતે ગીતો રચીને રેડિયો ઉપરથી વહેતાં કર્યાં.

## શાહ, શાંતિલાલ

જન્મ : 1 માર્ચ, 1924. ડાભેલ, જિ. નવસારી.

મોટા ભાઈ પાસેથી રાષ્ટ્રપ્રેમના સંસ્કાર. વ્યાયામશાળામાં પૃથ્વીસિંહ આઝાદનો સંપર્ક. મૅટ્રિક પાસ થતાં 1942ની 'હિન્દ છોડો' લડત શરૂ થતાં કૉલેજ છોડી. સભા, સરઘસ વગેરે કાર્યક્રમોમાં સક્રિય. ચીખલી અને જલાલપોર તાલુકાની ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લેવાના શક પરથી નવેમ્બર, 1942માં બીલીમોરાથી ધરપકડ. આશરે 6 માસ નવસારી જેલમાં રાખી સૂરતની પોલીસને સોંપ્યા. ત્યાંથી સાબરમતી જેલમાં અટકાયતી કેદ. કુલ 9 માસની સજા ભોગવી. છૂટ્યા બાદ અભ્યાસ. બી.એ. સેવાદળની તાલીમ. ખેડા જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી.

## શાહ, શાંતિલાલ ચત્રભુજ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

1942 : 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. વઢવાણથી પકડાયા. રાજકોટ જેલમાં સજા ભોગવી.

## શાહ, શાંતિલાલ મગનલાલ

જન્મ : 1925 આશરે. કડોદ, જિ. નવસારી.

1942ની લડત વખતે હાઈસ્કૂલનો અભ્યાસ છોડી કડોદમાં, સભા, સરઘસ, હડતાળના કાર્યક્રમો યોજતા. લડતમાં વધારે સક્રિય ભાગ લેવા પોતાના ગામના કાંતિલાલ શાહ અને વિઠ્ઠલદાસ સાથે ગણદેવી ગયા. દિવસે સભા, સરઘસોમાં તથા હાઈસ્કૂલો પર પિકેટિંગમાં ભાગ લીધો. રાત્રે ભાંગફોડની પ્રવૃત્તિમાં પણ ભાગ લેવા માંડ્યો. ડુંગરી પાસે રેલવે ઉપર બૉમ્બ મૂક્યા. લડત મંદ પડતાં કડોદ જઈને ઘરની દુકાનમાં જોડાઈ ગયા.

## શાહ, શાંતિલાલ મગનલાલ

ભરૂચ.

1930 : 'ડિફેન્સ ઑવ્ ઇન્ડિયા ઍક્ટ' હેઠળ 1 વર્ષ અને 6 મહિનાની સજા. 1932માં દારૂનાં પીઠાં પર પિકેટિંગ અને પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. જેલવાસ. શિક્ષણક્ષેત્રે, સાહિત્યક્ષેત્રે ઘણું કામ કર્યું.

## શાહ, શાંતિલાલ સાંકળચંદ

જન્મ : 22 એપ્રિલ, 1922. વટાદરા, જિ. ખેડા.

અભ્યાસ : સ્નાતક, ગૂજરાત વિદ્યાપીઠ. 1942 : લોકક્રાંતિમાં જોડાયા. પહેલેથી જ કૉલેજ-ત્યાગ. બારડોલી આશ્રમમાં. પત્રિકાવિતરણ, સરઘસ, પ્રવચન. આદિ પ્રવૃત્તિ. 8 સપ્ટેમ્બર ધરપકડ. 1 વર્ષ કારાવાસ. બોચાસણ. વલ્લભવિદ્યાલયમાં પ્રવૃત્ત.

## શાહ, સન્મુખલાલ ગોરધનદાસ

વાલોડ, જિ. સૂરત.

1928 : બારડોલી લડતમાં સૈનિક. કારાવાસ. સૂરત ખાદીપ્રવૃત્તિમાં સક્રિય. 1938 : હરિપુરા મહાસભા અધિવેશનમાં કાર્યકર. શ્રીમંત પણ સાદું જીવન. માતા સાથે બારડોલી આશ્રમમાં નિવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. કારાવાસ. યુવાન વયે અવસાન.

## શાહ, સન્મુખલાલ ગોરધનદાસ

સોનગઢ, જિ. સૂરત.

18 વર્ષની વયે લડતમાં ભાગ લીધો. 'હિન્દ છોડો' ચળવળ વખતે મુંબઈમાં ગાંધીજીની ધરપકડ થઈ ત્યારે સરઘસ કાઢ્યું. પકડાયા, જેલમાં ગયા. ત્યાર પછી ભૂગર્ભમાં રહી પત્રિકાઓ, રેલ અટકાવવી, વગેરે કાર્ય કર્યું. વિરાટ સરઘસો કાઢ્યાં. ગોળીબારમાં એક ગોળી કોણી પર વાગી.

## શાહ, સરલાબહેન વિમળભાઈ

જન્મ : 1922. અમદાવાદ.

1942ની ચળવળમાં સરઘસોમાં જોડાતાં. પત્રિકાઓ વહેંચતાં. બૉમ્બ પહોંચાડતાં. અમદાવાદથી બૉમ્બ લઈને ગયાં. ડિસેમ્બર, 1942માં ધરપકડ. 17 દિવસ કાચી જેલ. 2 મહિના સૂરતમાં રહ્યાં.

## શાહ, સરસ્વતીબહેન છગનભાઈ

પાંચ તલાવડા, જિ. અમરેલી.

ખાદી, ગ્રામોદ્યોગ, હરિજનસેવાનું કાર્ય કર્યું. બારડોલી સત્યાગ્રહ, ધરાસણા મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો અને જેલ ભોગવી. ખૂબ કષ્ટો સહન કર્યાં.

## શાહ, સવિતાબહેન બુલાખીદાસ

જન્મ : 1903. અમદાવાદ.

અભ્યાસ : બે ધોરણ. 1920ના અસહકારના આંદોલન વખતે કૉંગ્રેસના કાર્યકર. 1930ની

લડત વખતે દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ, ધરપકડ અને 1 માસની જેલ. 1942ની લડત વખતે સક્રિય. કૉંગ્રેસના રચનાત્મક કાર્યકર. ખાદીધારી અને રેંટિયો-કાંતણનાં વ્રતધારી.

## શાહ, સાંકળચંદ ડાહ્યાભાઈ

વિદ્યાનગર, જિ. આણંદ.

1917 : ખેડા સત્યાગ્રહ વખતે ના-કરની લડત વખતથી કામ કર્યું. 1931-32 તથા 1942ની લડતોમાં ભાગ લીધો. ખૂબ સહન કર્યું. ધરપકડ થતાં જેલવાસ.

## શાહ, સોમચંદભાઈ મૂળચંદભાઈ

જન્મ : 8 ઑગસ્ટ, 1914. જેસર, તા. પાલિતાણા, જિ. ભાવનગર.

1941માં મુંબઈમાં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેતાં 3 માસની સજા થઈ. 1942માં 'હિન્દ છોડો' લડતમાં મુંબઈમાં ભૂગર્ભમાં ભાગ લેતાં 1 વર્ષ અને 10 મહિનાની સજા થઈ.

## શાહ, હરજીવનદાસ આશારામ

કપડવંજ, જિ. ખેડા.

વ્યાયામપ્રવૃત્તિ દ્વારા યુવાનોમાં રાષ્ટ્રભાવના જગાડી. 1930ની કાનૂનભંગની ચળવળમાં સક્રિય ભાગ લીધો. મીઠાનો કાયદાભંગ કર્યો, માર ખાધો. ધરપકડ.
1932માં વિદેશી કાપડના બહિષ્કારનો પ્રચાર. કપડવંજની બધી જાહેર પ્રવૃત્તિમાં સક્રિય.

## શાહ, હરિલાલ નારણદાસ

જન્મ : એપ્રિલ, 1914. દાહોદ.

અભ્યાસ : ગુજરાતી 6 ધોરણ. રાષ્ટ્રપ્રેમી. 1932ના માર્ચમાં દાહોદના મામલતદારની કચેરીમાં સત્યાગ્રહનો પ્રચાર કરતી પ્રતિબંધિત પત્રિકા વહેંચી. ધરપકડ. 2 સાથીઓની પણ ધરપકડ. 6 માસની કેદની સજા અને રૂ. 15 દંડ. દંડ ન ભરવાથી તે વસૂલ કરવા જપ્તી. ગોધરા, સાબરમતી અને છેલ્લે વિસાપુરની જેલમાં રાખ્યા.

## શાહ, હરિલાલ મગનલાલ

દાહોદ.

દાહોદ, ઝાલોદના ભયંકર દુકાળ વખતે પૂ. ઠક્કરબાપા તથા ઇન્દુલાલ યાજ્ઞિકની દોરવણી નીચે કામ કર્યું. 1930માં સ્વયંસેવકોની ટુકડીની આગેવાની લઈ ધરાસણા ગયા. 1930થી 1943 સુધીમાં અનેક વાર કેદની સજાઓ થઈ. પત્રિકાઓ વહેંચતા અને ઝંડો ચઢાવવા જતાં પકડવામાં આવેલા. કુલ બે વર્ષની સજા થઈ.

## શાહ, હરિલાલ હરખચંદ

જન્મ : 1917. મુંબઈ.

દેનાબૅંકના મુખ્ય કૅશિયર. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લેતાં 9 ઑગસ્ટ, 1942માં મુંબઈ પોલીસે કરેલા ગોળીબારમાં ઘવાયા અને તે જ દિવસે મૃત્યુ પામ્યા.
અવસાન : 9 ઑગસ્ટ, 1942. મુંબઈ.

## શાહ, (ડૉ.) હસમુખભાઈ રતિલાલ

જન્મ : 1926. માણેકબાગ, અમદાવાદ.

એમ.બી.બી.એસ. ધોરણ 11માં અભ્યાસ છોડી, 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં જોડાયા. ધોળકા તાલુકાનાં ગામોમાં પગપાળા પ્રવાસ કરી લડતનો પ્રચાર. પ્રભાતફેરી, સરઘસો કાઢવાં, પત્રિકાઓ વહેંચવી, પોલીસચોકી પર હુમલા વગેરે પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધો. ધરપકડ. 1943માં 2 માસનો કારાવાસ વેઠ્યો.

## શાહ, હસમુખલાલ જીવણલાલ

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન વડોદરાથી 18-8-1942ના રોજ સવારે 34

યુવાનો લડતનો પ્રચાર કરવા નીકળ્યા. તેઓએ આણંદ તથા નજીકનાં ગામો નાવલી, વડોદ, જહાંગીરપુરા, ગોપાળપુરા વગેરે સ્થળે પ્રચાર કર્યો; અને પત્રિકાઓ વહેંચી. સાંજે પાછા ફરતાં અડાસ રેલવે- સ્ટેશને પોલીસોએ તેઓના ઉપર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યો. તેમાં તેઓ સખત લાઠીમારથી ઘાયલ થયા હતા.

## શાહ, હિંમતલાલ

વલભીપુર, જિ. ભાવનગર.

વળા સત્યાગ્રહ સમયે 144મી કલમનો ભંગ કરીને, ધરપકડ વહોરી લીધી તથા કેદની સજા ભોગવી. સમાધાન થતાં તેમને મુક્ત કરવામાં આવ્યા.

## શાહ, હિંમતલાલ નારણજી

જન્મ : 12 ઑગસ્ટ, 1919. ભાવનગર.

1940-41માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લેતા પકડાયા. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ભાવનગરથી ધરપકડ. 1 વર્ષની સજા થઈ. ભાવનગર રાજ્યે એમની ઘરવખરી વેચી હજાર રૂપિયાનો દંડ વસૂલ કર્યો.

## શાહ, હીરાબહેન ઉત્તમચંદ

પાલેજ, જિ. ભરૂચ.

1932 : સ્ત્રી અત્યાચાર દિવસના સરઘસનાં આગેવાન. રાસ. 6 મહિના કારાવાસ, દંડ 100 રૂપિયા.

## શાહ, હીરાલાલ ચુનીલાલ

લાડવાડા, વડોદરા.

1930ની લડતમાં સક્રિય ભાગ લીધો. અભ્યાસ છોડી લડતમાં ઝંપલાવ્યું. વડોદરા પ્રજામંડળ તરફથી ભરૂચ મોકલવામાં આવ્યા. દારૂનાં વેચાણ સામે પિકેટિંગ કર્યું. ત્યાંથી પંચમહાલમાં ઠક્કરબાપાના હાથ નીચે કામ કર્યું. ધરપકડ થઈ અને 9 માસની સજા થઈ. 1942 સુધી ભૂગર્ભ-પ્રવૃત્તિઓ કરતા રહ્યા.

## શાહ, હીરાલાલ શિવલાલ

અમદાવાદ.

1932ની લડત વખતે તેમાં ભાગ લીધો. સભા-સરઘસો વગેરેમાં ભાગ લીધો. 1942ની લડતમાં ભાગ લીધો અને જેલયાત્રા વેઠી.

## શાહ, હુકમીચંદ મગનલાલ

જન્મ : 1 નવેમ્બર, 1916. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રામાં સભા, સરઘસ, પ્રભાતફેરી જેવા કાર્યક્રમો હાથ ધર્યા. પત્રિકાઓ વહેંચતા. ધ્રાંગધ્રા લડત વખતે ત્રાસ સહન કર્યો. હદપાર કરવામાં આવ્યા.

અવસાન : 14 ઑગસ્ટ, 1981.

## શાંતાગૌરી રતિલાલ

ધર્મજ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને બરડામાં ઈજા થઈ હતી.

## શાંતાબહેન ઈશ્વરદાસ

પાટડી, જિ. સુરેન્દ્રનગર.

1930ના મીઠાના સત્યાગ્રહમાં ભાગ લેવાથી પાટડી, ખારાઘોડા મુકામે પકડાયાં. 15 દિવસની જેલની સજા કરવામાં આવી.

## શાંતાબહેન પોપટલાલ

કરમસદ, જિ. આણંદ.

આઝાદીની લડતમાં સભા-સરઘસોમાં ભાગ લીધો. પ્રભાતફેરીનું સુકાન સંભાળ્યું. 1930-31માં દારૂનાં પીઠાં ઉપર પરદેશી કાપડની

દુકાનો પર પિકેટિંગ કર્યું.

## શાંતાબહેન રાવજીભાઈ

ભાદરણ, જિ. આણંદ. ઉંમર : 20.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના ફટકા અને ઠોંસા મારવાથી છાતી, બરડો, ઘૂટણમાં ઈજાઓ થઈ હતી અને હાથ મચકોડ્યો હતો.

## શાંતાબહેન હરિલાલ નારણદાસ

દાહોદ.

1942ની ચળવળ દરમિયાન યુવાનોને આકરી સજા કરનાર મૅજિસ્ટ્રેટ નાટેકરના મકાન પાસે છાજિયા લેવા માટે 8 બહેનો સહિત ધરપકડ. 2 માસની કેદની સજા.

## શાંતિલાલ છગનલાલ

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર. સૌરાષ્ટ્ર.

નવેમ્બર 1931માં ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લીધો. સારાભાઈ નગીનદાસ(વિરમગામના)ના નેતૃત્વ હેઠળ ચોથી ટુકડીમાં જોડાયા. 25/11ને બુધવારે વઢવાણથી પગપાળા કૂચ કરી. રાત્રે કટુડા ગામે પહોંચ્યા. ત્યાંના ગ્રામજનોએ તેઓનો સત્કાર કર્યો. 26/11ની સવારે મંગળ પ્રયાણ. ધ્રાંગધ્રાની હદ આવતાં પોલીસોએ મનાઈહુકમ ફરમાવ્યો. હુકમનો ભંગ કરવાથી નવ સત્યાગ્રહીઓની આખી ટુકડીની ધરપકડ કરવામાં આવી. પ્રતાપપુરા ગામે એક મકાનમાં પૂરી દીધા. તે ગામના લોકોએ સખત હડતાળ પાડી.

## શાંતિલાલ દેવમુરારિ

રાજકોટ.

1930ની મીઠાની લડત વખતે વિરમગામ છાવણી નીચે કામ કરતાં સહન કર્યું. ધ્રાંગધ્રાની લડતમાં જોડાઈને માર સહન કર્યો. જેલવાસ ભોગવ્યો.

## શાંતિલાલ ભાઈચંદ

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદ સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં ભાગ લીધો. 6 માસની સખત કેદની સજા અને રૂ. 200 દંડ અથવા 3 માસની વધુ કેદ.

## શાંતિલાલ વખતચંદ

હળવદ, જિ. સુરેન્દ્રનગર.

1931ની ધ્રાંગધ્રાની લડત વખતે 21-11-1931ના રોજ થાળી વગાડીને પ્રચાર કરતાં પોલીસોએ અસહ્ય માર માર્યો.

## શિબુબહેન સોમાભાઈ

આશી, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને સાથળમાં ઈજા થઈ હતી.

## શિલ્પી, પુરુષોત્તમભાઈ

પોરબંદર.

પોરબંદર શહેરના પ્રસિદ્ધ શિલ્પી. તેઓ રાષ્ટ્રભક્ત હોવાથી રાજ્યની ખફગી. યુવક સંઘ સાથે ભળી જઈને રાજ્ય વિરુદ્ધ ચળવળ ચલાવી રહ્યા છે એવો આરોપ મૂકીને તેમની ઉપર ભારે સિતમો ગુજારવામાં આવેલા. પગે ઈજા પહોંચાડી પણ તેમણે માફીપત્ર લખી આપ્યું નહિ કે દંડ ભર્યો નહિ.

## શિવરામ માધવજી

માણસા, જિ. ગાંધીનગર.

માણસા સત્યાગ્રહમાં ભાગ લીધો. તેમના પ્રમુખપદે ગામના ખેડૂતોની સભા મળી. આથી પોલીસથાણે લઈ જઈને મૂઢ માર માર્યો. જેલમાં અટકાયત. સંગ્રામ સમિતિના પ્રથમ સરમુખત્યાર તરીકે વરણી.

## શિવરામ રણછોડદાસ

માણસા, જિ. ગાંધીનગર.

1938 : માણસા સત્યાગ્રહમાં ભાગ લીધો. રાજ્યના જુલમ સામે લડત ચલાવી. અટકમાં લેવામાં આવ્યા.

શિવલાલ કલ્યાણજી

અમદાવાદ.

સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લીધો. મુંબઈમાં 1930માં વિલાયતી કાપડની દુકાન પર પિકેટિંગ કરતાં પકડાયા. જેલ થઈ. ફરી મુંબઈમાં ધ્વજ ફરકાવતાં પકડાયા. સજા થઈ. ફરી છૂટીને ચળવળમાં કામ કરતા રહ્યા.

## શિવલાલ માવજીભાઈ

રાજકોટ.

1942ની લડતમાં વિદ્યાર્થી તરીકે સભા-સરઘસોમાં જોડાયા. ધરપકડ થઈ. 3 માસનો જેલવાસ ભોગવ્યો.

## શિવશંકર

ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી. અમદાવાદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. તેમની આગેવાની નીચે સત્યાગ્રહીઓની એક ટુકડી બદલપુરમાં આવી. ત્યાં આગેવાનોની ધરપકડના વિરોધમાં શિવશંકરે દહેવાણમાં સભા રાખી. દહેવાણના ઠાકોર લડતના વિરોધી હતા. સભા શરૂ થઈ કે તરત એક ભાઈ ધારિયું લઈ મંચ તરફ ધસી ગયા. બીજાએ લાઠીથી લાઇટ ઓલવી નાખી. લોકો ગભરાયા. કંકાપુરાના એક ભાઈએ શિવશંકરને ધારિયાના ઘામાંથી બચાવ્યા. બીજા સભાજનો પર સખત લાઠીચાર્જ કરવામાં આવ્યો. શિવશંકર બેભાન થઈ ગયા.

## શિવાનંદજી

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

1920-22 દરમિયાન તેમણે સૌરાષ્ટ્ર(વઢવાણ)ના જાણીતા આગેવાન ફૂલચંદભાઈ શાહ સાથે સૌરાષ્ટ્રનાં નગરોમાં અસહકાર આંદોલનનો પ્રચાર કરવા – સ્વદેશીનો પ્રચાર તથા વિદેશી માલના બહિષ્કારનું કાર્ય ઉપાડી લીધું. સ્વદેશી માલના પ્રચાર વાસ્તે તેઓ સભાઓ યોજતા, અસહકારનાં ગીતો લોકો પાસે ગવડાવતા.

ફૂલચંદભાઈના લઘુબંધુ સમા વીર સત્યાગ્રહી. સમસ્ત જીવન રચનાત્મક કાર્યક્રમ, દેશસેવા અને સત્યાગ્રહની લડતોમાં હોમી દીધું. દેશની સેવા કાજે ગરીબાઈ અને બ્રહ્મચર્યનું વ્રત લીધેલું. ધ્રાંગધ્રાની લડતમાં 1931માં તેમણે ભાગ લીધો હતો.

## શીણોલ, ગોવિંદભાઈ હ.

જન્મ : 19 ફેબ્રુઆરી, 1917. મજૂરગામ, અમદાવાદ.

1942ની લડતમાં કાંકરિયાના વૉર્ડનાયક. સૌરાષ્ટ્રમાંથી રિવૉલ્વરો તથા ગનપાઉડર ખરીદીને શહેરસૂબાની સૂચના મુજબ અમદાવાદમાં આપી આવતા. છોટુભાઈ પુરાણીને પણ શસ્ત્રો પહોંચાડતા. મૂળી અને સુરેન્દ્રનગરથી 6 રિવૉલ્વર અને 250 કારતૂસ વિવિધ સમયે ખરીદ્યાં. તેની કિંમત છોટુભાઈ પુરાણીએ આપી. માટલામાં ભરીને, રાત્રે ઊંટ પર ત્રણ વાર ગનપાઉડર લાવ્યા. તેનો ઉપયોગ બૉમ્બ બનાવવા થતો. તે આપવા માટે સંજ્ઞા વાપરતા. વિરમગામથી 2 રિવૉલ્વર તથા ઘણા કારતૂસ ખરીદ્યાં. લાવતાં પોલીસ પાછળ પડી, ગોળીબાર કર્યો. પગમાં ગોળી વાગી. તે લીંબડીના ડૉક્ટરે રાત્રે ગુપ્ત રીતે કાઢી આપી.

ભૂગર્ભમાં. નાસભાગ. સૌરાષ્ટ્રમાં કાપડના વેપારીને ત્યાં ભૂગર્ભમાં રહ્યા. મિલોની હડતાળ ખૂલ્યા બાદ કાંકરિયા વૉર્ડની મિલોમાં આગ લગાડવાના પ્રયત્નો કર્યા. સપ્ટેમ્બર, 1942માં ધંધૂકા પાસે તાર, ટેલિફોનનાં દોરડાં કાપ્યાં અને રાણપુરનો ભાદર પુલ અને રેલવેનાં નાળાં બૉમ્બથી ઉડાવી દેવાના નિષ્ફળ પ્રયાસો કર્યા. અવસાન : 9 માર્ચ, 1981. ધંધૂકા નજીક માર્ગ-અકસ્માતમાં.

## શીરોઈયા, સોમાલાલ નાથજીભાઈ

જન્મ : 6 ડિસેમ્બર, 1909. કંડાળા, જિ. પંચમહાલ.

1930-32 : ગોધરા. સ્વયંસેવકો સાથે દારૂનાં પીઠાં તથા પરદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ. 1930 : 4 મહિના કારાવાસ. 1940 : 6 મહિના કારાવાસ. 1942 : અટકાયત. ખેડૂતો, શ્રમિકો, હરિજનોની સેવા. સમાજવાદી પક્ષના મંત્રી. જિલ્લાના આગેવાન. અવસાન થયેલ છે.

## શુક્લ, અનંતરાય કેશવલાલ

અમરેલી.

1942 : 'હિન્દ છોડો' ચળવળ વખતે અમરેલીમાં વિદ્યાર્થી તરીકે ભાંગફોડની પ્રવૃત્તિ. શાળાના મકાનને આગ ચાંપવા માટે ધરપકડ. જેલમાં અટકાયત.

## શુક્લ, અંબાલાલ દાજીભાઈ

જન્મ : 1909. મધવાસ, તા. લુણાવાડા, જિ. પંચમહાલ. કાર્યક્ષેત્ર : અમદાવાદ.

અભ્યાસ : ધોરણ 7. અમદાવાદમાં યોજાતા કૉંગ્રેસના સભા-સરઘસોના કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ગાંધીજીથી પ્રભાવિત. પરદેશી કાપડની દુકાનો તથા દારૂનાં પીઠાં પર પિકેટિંગમાં ભાગ લીધો. તે કારણે પોલીસોનો માર ખાધો. વિદેશી કપડાં ઉઘરાવીને તેની હોળી કરવાના કાર્યક્રમમાં સ્વયંસેવક તરીકે સેવા. આજીવન ખાદી પહેરવાની પ્રતિજ્ઞા. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લીધો. મીઠાના કાયદાનો ભંગ. મુઠ્ઠીમાંનું મીઠું મુકાવી દેવા પોલીસોએ બેસુમાર માર્યા. ગુપ્ત સ્થળે ઈજાઓ, બેભાન. દવાખાનામાં સારવાર. તેમણે આણેલા મીઠાની હરાજી કરતાં કૉંગ્રેસને રૂ. 2,700 ઊપજ્યા. ધરપકડ. 3 માસની જેલ. ગાંધીજીએ તેમની પ્રશંસા સાંભળીને કહ્યું, 'અંબાલાલ શુક્લ જેવા પાંચસો સૈનિકો હોય તો સ્વરાજ્ય મારી મુઠ્ઠીમાં છે.' ગાંધીજી જેલમાં હતા ત્યારે 'નવજીવન' પત્રની સાઇક્લોસ્ટાઇલ પત્રિકાઓ પ્રગટ કરતા. તેમને 5 વર્ષ માટે બ્રિટિશ હદમાં પ્રવેશબંધી ફરમાવવામાં આવી હતી. ગાંધીજીના અવસાનના દિવસથી અચોક્કસ મુદતના ઉપવાસ પર ઊતર્યા. મૌનવ્રત શરૂ. 21 દિવસે પારણાં કર્યાં. ત્યાર બાદ વિશ્વશાંતિ માટે ઉપવાસ કર્યા. 32 દિવસે પંચમહાલના કૉંગ્રેસના કાર્યકરોની સમજાવટથી પારણાં કર્યાં. મે, 1957.

અવસાન : 28 જાન્યુઆરી, 1965. મધવાસ, જિ. પંચમહાલ.

## શુક્લ, ઇન્દ્રકાન્ત પ્રાણશંકર

જન્મ : 1921 આશરે. કાર્યક્ષેત્ર : સૂરત.

1942માં સૂરતની પ્રોપ્રાયટરી હાઈસ્કૂલના વિદ્યાર્થી, ધ્વજવંદન, પિકેટિંગ, સભા-સરઘસ વગેરેમાં ભાગ. 7-9-1942ના રોજ ધરપકડ. તે અગાઉ જાન્યુઆરી, 1942માં ધરપકડ કરી, માર્ચમાં 1 વર્ષની સખત કેદની સજા થઈ હતી. 2.5 મહિનાની સજા ભોગવ્યા બાદ તેમને મુક્ત કર્યા હતા.

શુક્લ, કાન્તિલાલ હરિરામ

જન્મ : 1910. મોરબી, જિ. રાજકોટ, સૌરાષ્ટ્ર.

કરાંચીમાં સત્યાગ્રહમાં ભાગ. ધરપકડ. 1

વર્ષની જેલ. ધરાસણા સત્યાગ્રહ(1930)માં ભાગ લેવા ગુજરાતમાં આવ્યા. ઉત્સાહથી સત્યાગ્રહમાં જોડાયા. ધંધૂકા અને રાણપુરની સત્યાગ્રહની છાવણીઓમાં કામ. સભાઓ, સરઘસો, પ્રભાતફેરીઓમાં જોડાવા ભાષણો દ્વારા લોકોને પ્રોત્સાહન. રાણપુર સત્યાગ્રહમાં કાનૂનભંગ કરતાં ધરપકડ. 4.5 માસની સજા. પ્રમુખ : કરાંચી ગુમાસ્તા મંડળ. પ્રમુખ : ગુજરાત નિર્વાસિત મંડળ.

## શુક્લ, કૃષ્ણલાલ જ.

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય. સભા-સરઘસમાં જોડાયા. વિદેશી માલનો બહિષ્કાર કરવા પિકેટિંગ કર્યું. ખાદીપ્રચાર. કારાવાસ. તામ્રપત્ર મળેલ છે.

## શુક્લ, કૃષ્ણશંકર હરિશંકર

શહેરા, જિ. પંચમહાલ.

કૉંગ્રેસના નિષ્ઠાવાન કાર્યકર. 1930ની ચળવળ દરમિયાન મે, 1930માં ધરાસણા મીઠા-સત્યાગ્રહમાં ભાગ લેવા ગયા હતા. મીઠાના અગરો તરફ કૂચ કરતાં પોલીસનો સખત લાઠીમાર ખાઈને ઘવાયા હતા.

## શુક્લ, કેશવલાલ મહાશંકર

આણંદ.

1930 : મીઠા-સત્યાગ્રહ. ધરપકડ. કારાવાસ અને દંડ. 1931 : 21 જાન્યુઆરી દંડ નહિ ભરતાં ઓઢેલી કામળી ઉતારી લીધી.

## શુક્લ, ગંગારામ કિરપારામ

જન્મ : 22 ફેબ્રુઆરી, 1896. ચિત્રોડા, જિ. સાબરકાંઠા.

ઈડર રાજ્યમાં, રાજ્ય તરફથી થતા અન્યાયો અને જુલમો સામે લડત આપી. 1926 : મુંબઈથી ‘મહીકાંઠા’ સાપ્તાહિક શરૂ કરી તેમાં રાજ્યના જુલમો સામે અવાજ ઉઠાવ્યો. મોડાસાના મથુરાદાસ ગાંધીનું તેમને માર્ગદર્શન. ઈડર પ્રજાકીય મંડળ સ્થાપી, લોકોને રાજ્ય સામે સંગઠિત કર્યા. ડર્યા નહિ તેથી 6 વર્ષની સખત કેદ. 1938માં ઉશ્કેરણીજનક ભાષણો કરવા અને લેખો લખવા માટે 2 વર્ષની સજા. વિલીનીકરણમાં પણ પ્રદાન.

અવસાન : 1954.

## શુક્લ, ચંદ્રશંકર પ્રાણશંકર

જન્મ : 1901. ગોધરા, જિ. પંચમહાલ.

1919 : ગાંધીજીથી પ્રભાવિત. ગોધરાના હરિજન આશ્રમમાં જઈ મામાસાહેબ ફડકેના કામમાં મદદ. 1920-21 : કૉલેજના અભ્યાસનો ત્યાગ. કાકા કાલેલકર, સ્વામી આનંદના સંપર્કમાં. આશ્રમની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક. ‘નવજીવન’ સામયિકમાં સેવા. 1928 : વિદ્યાપીઠમાં અધ્યાપક અને ગ્રંથપાલ તરીકે સેવા. 1930 : વિદ્યાપીઠના જોડણીકોશના સંપાદનમાં સહાય. ‘નવજીવન’, ‘હરિજન’, ‘હરિજનબંધુ’ના સંપાદનકાર્યમાં સહાય.

અવસાન : 1954.

## શુક્લ, જયકૃષ્ણ અમૃતલાલ

કડોદ, જિ. સૂરત.

1935-40માં પ્રભાતફેરી, ખાદીફેરી, ગ્રામસફાઈ વગેરેનું 6 વર્ષ કાર્ય કર્યું. 1940થી 47 સુધી આઝાદીના આંદોલનનો પ્રચાર કર્યો. 1943માં 1 વર્ષની જેલ ભોગવી.

## શુક્લ, જશુભાઈ ઇચ્છાશંકર

માંડવી, જિ. સૂરત.

એમના ભાઈ નવીનચંદ્ર 1942માં બૉમ્બ કેસમાં પકડાયા. તેની સૂરતમાં ખબર પડી. પોલીસે માંડવીના ઘરનો કબજો લઈ જશુભાઈ ત્યાં પહોંચે તેની રાહ જોઈ બેઠા હતા. આથી

ઘરને ઈશ્વરને આશરે મૂકી 1942ની લડતમાં ભૂગર્ભમાં રહીને 1 વર્ષ અને 6 મહિના કાર્ય કર્યું. માંડવીનું ઘર જપ્ત કરીને સરકાર તેનું ભાડું લેતી હતી. તેમને પકડવા રૂ. 200નું ઇનામ જાહેર કર્યું હતું. તેઓ પકડાયા નહોતા, પણ જાતે જ હાજર થયા હતા. 4 માસની કેદની સજા અને દંડ. તેમના પિતા ઇચ્છાશંકરે અગાઉ ગાંધીજીને સોનાની વીંટી, દેશભક્તિની ભેટ તરીકે આપી હતી.

## શુક્લ, જ્યોત્સ્નાબહેન બહુસુખરામ

જન્મ : ઑગસ્ટ, 1894. સૂરત.

1930માં પરદેશી કાપડની દુકાનો અને દારૂનાં પીઠાં પર પિકેટિંગ. સ્વયંસેવિકા સંઘની સ્થાપના. વિદ્યાર્થી સંઘના પ્રમુખ. ધરપકડ. જેલની સજા. 1932માં ધરપકડ. 2 વર્ષની સજા. 300 રૂપિયા દંડ. દંડ વસૂલ કરવા ઘરનું રાચરચીલું લઈ જવામાં આવ્યું. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ તથા 1942 'હિન્દ છોડો' ચળવળમાં ભાગ લીધો. ધરપકડ. કારાવાસ. કુલ આશરે 5 વર્ષની જેલ ભોગવી. સૂરત શહેર કૉંગ્રેસ સમિતિનાં મંત્રી, ઉપ-પ્રમુખ અને પ્રમુખ. કવિ તરીકે સંગ્રામ-ગીતો રચતાં અને ગાતાં. 'સુદર્શના' સાપ્તાહિકનાં તંત્રી.

## શુક્લ, ત્ર્યંબકલાલ માણેકલાલ

વતન : આણંદ.

અભ્યાસ : સ્નાતક, ગૂજરાત વિદ્યાપીઠ. 1923 : નાગપુર સત્યાગ્રહ વેળા 565 કિમી. પગપાળા પ્રવાસ કરીને સ્થળે પહોંચ્યા. 1930 : સવિનય ભંગ. ધરપકડ. કારાવાસ.

શુક્લ, ત્ર્યંબકલાલ રામચંદ્ર

જન્મ : 1913. રાજસીતાપુર, જિ. સુરેન્દ્રનગર. રાષ્ટ્રીય કાર્યકર. 1931માં મીઠાની લડત વખતે ધરપકડ. 6 માસની જેલ.

## શુક્લ, દશરાબહેન મણિશંકર

જન્મ : 12 જાન્યુઆરી, 1905. રાજકોટ.

અભ્યાસ : પી.ટી.સી. 1930ની લડત વખતે પ્રચાર તેમજ દારૂ અને વિદેશી કાપડના પિકેટિંગ કાર્યક્રમમાં ભાગ લીધો. સભા-સરઘસ, ભૂગર્ભ-પત્રિકા. રાજકોટની લડતમાં સક્રિય. 1942ની લડત વખતે રાજકોટમાં એજન્સીની કોઠી ઉપર ધ્વજ ફરકાવવાના કાર્યમાં ધરપકડ. ફરીથી સત્યાગ્રહમાં. હિન્દ સંરક્ષણ ધારા નીચે ધરપકડ. 4 માસની સજા. કાચી જેલ(સ્ત્રીઓ માટે)માં બીજે સ્થળે બદલવા આવેલ પોલીસ ટુકડી સામે સત્યાગ્રહ. જીવનભર શિક્ષિકા.

## શુક્લ, નર્મદાશંકર રામલાલ

દાહોદ.

1930ની લડત દરમિયાન દાહોદમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. માલિકોને આર્થિક નુકસાન. પોલીસે ધરપકડ કરી. કેસ ચલાવી, કારાવાસની સજા.

## શુક્લ, નવનીતલાલ હરિપ્રસાદ

જન્મ : 31 જુલાઈ, 1909. ધરમપુર, જિ. સૂરત.

1928માં બારડોલી સત્યાગ્રહમાં સ્વયંસેવક. 1930ની ચળવળમાં મીઠાના કાયદાનો ભંગ. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં નોકરી છોડી, ધરમપુર રાજ્ય પ્રજામંડળની સ્થાપના કરી. 1945થી મહુવા તાલુકા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ. ગુજરાત રાજ્ય દારૂનિષેધ સમિતિના સભ્ય.

## શુક્લ, નવીનચંદ્ર ઇચ્છાશંકર

માંડવી, જિ. સૂરત.

1928, 1930 અને 1942ની ચળવળોમાં ભાગ લઈ કારાવાસ ભોગવ્યો હતો. બીજી લડતોમાં પણ ભાગ લીધો હતો. 1942માં તેઓ બૉમ્બપ્રવૃત્તિમાં સૂરતમાં જોડાયા. સરકાર તેમને પકડી શકી ન હતી. છેવટે ગાંધીજીના આદેશ પછી સરકારને શરણે થયા હતા. 60

વર્ષની વયે હૃદયરોગથી અવસાન.

## શુક્લ, પ્રભુદાસ રાજારામ

રાજકોટ.

1938માં રાજકોટમાં સત્યાગ્રહમાં ભાગ લીધો. રાજકોટ લડતમાં સહન કર્યું અને જેલવાસ ભોગવ્યો. પેન્શન મળે છે.

## શુક્લ, બચુભાઈ

જન્મ : 1921. અમદાવાદ.

મજૂર મહાજન સંઘમાં હોદ્દેદાર. 1930ની ચળવળમાં પ્રભાતફેરીઓમાં જોડાતા, ખાદી પહેરતા, મીઠું વેચવામાં ભાગ લીધો. 1942માં વિદ્યાર્થી પ્રવૃત્તિમાં ભાગ લીધો. સભાઓ, સરઘસોમાં જોડાતા. પત્રિકા વહેંચવી, સાઇક્લોસ્ટાઇલ કરેલી 'કૉંગ્રેસપત્રિકા' 1,000થી 1,500 જેટલી લાવીને પોળવાર સ્વયંસેવકોને આપતા. પિત્તળના દૂધના કૅનમાં પત્રિકાઓ લઈ જતા. ગુપ્ત પોલીસે કૅન ખોલાવી પત્રિકા મળતાં ખૂબ માર્યા. 2 માસની કેદ ને રૂ. 200 દંડ. છૂટ્યા બાદ ગાંધીજીના ઉપવાસ વખતે પુણે-ટુકડીમાં ગયા. ગાંધીજીને છોડી દેવાની માંગણી. ધરપકડ. 4 માસની કેદ.

## શુક્લ, બાલકૃષ્ણ દયાશંકર

જન્મ : 2 સપ્ટેમ્બર, 1923. માંડવી, જિ. સૂરત.

16 વર્ષની ઉંમરે રાજકીય પ્રવૃત્તિ શરૂ કરી. 1939માં માંડવી તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી થયા. 1942માં ભૂગર્ભમાં રહીને પત્રિકા, પિકેટિંગ વગેરે પ્રવૃત્તિ કરી. માર ખાધો. જેલમાં ગયા. 1957 : મહાગુજરાત આંદોલનમાં ભાગ લીધો હતો.

## શુક્લ, બાલકૃષ્ણ દિનમણિશંકર

જન્મ : 11 સપ્ટેમ્બર, 1914. રાજકોટ.

1930ની મીઠાની લડતમાં લાઠીમાર ખાધો. જેલવાસ ભોગવ્યો. ધરાસણામાં અમાનુષી ત્રાસને કારણે હાથ ભાંગ્યો જેની ખોડ જીવનપર્યંત રહી, વિરમગામની છાવણી નીચે પિકેટિંગના કાર્યક્રમોમાં ભાગ લેતાં ધરપકડ થઈ. 6 માસની સજા અને રૂ. 500 નો દંડ થયો. રાણપુરથી ધરપકડ થતાં 12 માસની સજા અને રૂ. 500 નો દંડ થયો. જેલમાં ત્રાસ ભોગવ્યો. બળદને બદલે તેમને કોસ સાથે જોડ્યા. 1938માં મુંબઈથી પકડાયા. 1 વર્ષ વરલીમાં જેલવાસ વેઠ્યો. રાજકોટની લડતમાં ભાગ. કારાવાસ વેઠ્યો. 1942ની 'હિન્દ છોડો' લડતમાં જોડાયા અને જેલવાસ ભોગવ્યો. જૂનાગઢની આરઝી હકૂમતમાં ભાગ લીધો.

## શુક્લ, બાલકૃષ્ણ દિનમણિશંકર

જન્મ : 11 સપ્ટેમ્બર, 1915. માતર, જિ. ખેડા.

1930 : માતર, ખેડા, બાદલપુર, રાણપુર, ધરાસણા, ધોલેરા અને અમદાવાદમાં સત્યાગ્રહ કર્યો. 2 મહિના કારાવાસ. 1932-33 : સવિનય ભંગ, 6 મહિના કારાવાસ. 1938માં 6 મહિના અને 1941માં 6 મહિના કારાવાસ. 1942 : ભૂગર્ભપ્રવૃત્તિ. 6 મહિના કારાવાસ. વિવિધ સાર્વજનિક સંસ્થાઓમાં સક્રિય. વ્યવસાય : ધારાશાસ્ત્રી.

## શુક્લ, મગનલાલ

વિરમગામ, જિ. અમદાવાદ.

1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. 6 એપ્રિલ, 1930ના રોજ વિરમગામ તાલુકા કૉંગ્રેસ સમિતિના કાર્યાલયમાં, દેશની આઝાદી માટે કેસરિયાં કરવા નીકળેલા સ્વયંસેવકોને પ્રથમ સમિતિના પ્રમુખ મગનલાલે લડતનો સંદેશો સંભળાવ્યો. વિરમગામની શેરીઓ અને ગલીઓ ગજવતું વિરાટ સરઘસ નીકળ્યું, તેની મોખરે રાષ્ટ્રધ્વજ પકડીને મગનલાલ ચાલતા હતા. હજારો નગરવાસીઓએ સ્વરાજના સૈનિકોને સત્કાર્યા, આશીર્વાદ આપ્યા, ફૂલ અને

સૂતરના હાર પહેરાવ્યા. મગનલાલ સત્યાગ્રહ છાવણીના સરદાર પણ હતા.

## શુક્લ, રમણીકલાલ ભાઈશંકર

ચૂડા, જિ. સુરેન્દ્રનગર.

1930-31ની મીઠાની લડત વખતે કરાંચીમાં ભાગ લીધો. 6 માસનો જેલવાસ ભોગવ્યો.

## શુક્લ, રમણીકલાલ રવિશંકર

સુરેન્દ્રનગર.

દેશની જુદી જુદી રાષ્ટ્રીય લડતોમાં ભાગ લીધો અને સહન કર્યું.

## શુક્લ, રસિકલાલ ભાઈશંકરભાઈ

જન્મ : 1 સપ્ટેમ્બર, 1918. રાજકોટ.

અભ્યાસ : એમ.એ. રાજકોટ સત્યાગ્રહ સમયે વિદ્યાર્થી જાગૃતિમાં ભાગ લીધો. 1942ની લડતમાં ભાવનગર, અમદાવાદ ખાતે કુલ 3 મહિના અટકાયતમાં રહ્યા. કેટલોક સમય ભૂગર્ભમાં રહ્યા. કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત અને ભારત સરકારમાં ઉચ્ચ હોદ્દા સંભાળ્યા.

## શુક્લ, રામકૃષ્ણ જગજીવનદાસ

વલભીપુર, જિ. ભાવનગર.

વલભીપુર તેમજ 1930-31ના ધોલેરા મીઠા-સત્યાગ્રહમાં ભાગ લીધો. ટૂંકો જેલવાસ.

## શુક્લ, રામચંદ્ર દામોદર

જન્મ : 8 જુલાઈ, 1905. શહેરા, જિ. સૂરત. નિવાસ : દાહોદ.

વતન : શહેરા. અભ્યાસ : એમ.એ., એલએલ.બી. વકીલ. ફેબ્રુઆરી, 1917માં ગોધરામાં ગાંધીજીને જોઈને પ્રભાવિત. 1920માં અમદાવાદમાં ગાંધીજીનું પ્રવચન સાંભળી, રાષ્ટ્રવાદી. કૉંગ્રેસમાં જોડાયા. ખાદીધારી, અસ્પૃશ્યતાનિવારણ, પ્રૌઢશિક્ષણ, નિરક્ષરતાનિવારણ, હિન્દુ-મુસ્લિમ એકતા જેવી રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય. 1942-43માં ભીલ સેવા મંડળના આજીવન સભ્યો અટકાયતમાં લેવાથી તેની સંચાલન સમિતિમાં ઠક્કરબાપાએ નીમ્યા. 1942ની ચળવળ દરમિયાન દાહોદ વકીલ મંડળના મંત્રી તરીકે 6 અઠવાડિયાં સુધી કોર્ટના કામકાજમાં ભાગ ન લેવા (બહિષ્કાર) ઠરાવ કરી, કોઈ પણ કેસમાં હાજર થયા નહિ. મંત્રી તરીકે સભ્યો પાસે ઠરાવનો અમલ કરાવ્યો. ચૅરમૅન પંચમહાલ જિલ્લા સ્કૂલ બોર્ડ. ગુજરાત યુનિવર્સિટીમાં બી.એ.નો એક્સ્ટર્નલ અભ્યાસક્રમ શરૂ કરાવ્યો. લેખક, વિવેચક. ‘પંચમહાલ જિલ્લામાં સ્વાતંત્ર્યસંગ્રામ’ પુસ્તકના લેખક.

અવસાન : 16 મે, 2000. અમદાવાદ.

## શુક્લ, રામશરણ ભોગશરણ

જન્મ : 6 ઑગસ્ટ, 1911. અલ્લાહાબાદ.

નિવાસ : બીલીમોરા. પિતા ભોગશરણ બદરીનારાયણ ગાંધીજીના સાથી. 1914 : પોતે રક્તપિત્તના દર્દી. ગાંધીજીના ઉપચારથી સારું. 1922 : હરિજન આશ્રમમાં. હરિજનસેવાનું પ્રશિક્ષણ. 1930 : દાંડીકૂચ. ધરાસણા મીઠા સત્યાગ્રહ. પોલીસનો માર. 1 મહિનો કારાવાસ. 1942 : અમદાવાદ ‘હિન્દ છોડો’ આંદોલનમાં ભાંગફોડ આદિ હિંસક પ્રવૃત્તિ. કારાવાસ 7 મહિના 14 દિવસ. મુંબઈ ઝંડા સત્યાગ્રહમાં મારનો ભોગ. 1943 : વર્ધા, પવનાર આશ્રમ. 3 મહિના કારાવાસ. કછોલી, ગણદેવી, ગાંધીઘર(આશ્રમ)માં સેવા. અહિંસાના ઉપાસક.

## શુક્લ, રેવાશંકર કીલાશંકર

જન્મ : 29 જાન્યુઆરી, 1892. સોખડા, જિ. વડોદરા.

1920 : અસહકારનું આંદોલન, નોકરીનો

ત્યાગ. હરિજન આશ્રમ, સાબરમતીમાં નિવાસ. રાષ્ટ્રીય શિક્ષણ, હરિજનસેવા ક્ષેત્રે સક્રિય. 1928 : બારડોલી ના-કર આંદોલન. 1926-30 : 'ઇન્ડિપેન્ડન્સ ફૉર ઇંડિયા લીગ'ના મંત્રી. 1930 : વિરમગામ સત્યાગ્રહ. 4 મહિના કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. દોઢ વર્ષ કારાવાસ. સમાજકાર્ય.

## શુક્લ, લાભશંકર મગનલાલ

જન્મ : 17 જુલાઈ, 1912. હળવદ, જિ. સુરેન્દ્રનગર.

મોરબી સત્યાગ્રહમાં ભાગ લેતાં અટકમાં રાખીને છોડી મૂકવામાં આવ્યા. ધ્રોળ સત્યાગ્રહ વખતે આખી રાત એક મકાનમાં પૂરી રાખવામાં આવ્યા. ધ્રાંગધ્રાની લડત વખતે હળવદમાં લાઠીમારથી હાથે ભારે ઈજા થઈ. 1942ની લડત વખતે ભૂગર્ભ-પ્રવૃત્તિઓમાં જોડાયા. પ્રેસ જપ્ત થયું.

## શુક્લ, વજુભાઈ મયાશંકર (વ્રજલાલ)

જન્મ : 4 મે, 1897. (અક્ષયતૃતીયા, સં. 1953). રાજકોટ.

અભ્યાસ : રાજકોટ, જૂનાગઢ, અમદાવાદ ગુજરાત કૉલેજ. 1921 : મુંબઈ યુનિવર્સિટીના બી.એ. થયા. પણ પદવીનો અસ્વીકાર કર્યો. વિદ્યાપીઠની સ્નાતક પદવી લીધી. રમતગમતમાં કુશળ. 1916 : એની બેસંટના હોમરૂલ આંદોલનમાં સક્રિય. 1921 : બૅરિસ્ટર થવા વિલાયત જવાના કાર્યક્રમનો ત્યાગ. રાજકોટના સરધાર ગામે ગવર્નર દ્વારા પક્ષીના શિકાર સામે આંદોલન. 1930 : મીઠા-સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ. 1932 : સત્યાગ્રહ-આરંભે જ ધરપકડ. 1 વર્ષની કેદ. 1936 : છાપાખાનાંના શ્રમિકોનું આંદોલન. 1937 : જુગારી કાર્નેવિલ સામે આંદોલન. 1938 : સામ્યવાદી પક્ષના સભ્ય. 1939 તથા 1943 : રાજાશાહી સામે સત્યાગ્રહ. સીમાપાર કર્યા. 1938 : રાજકોટ સત્યાગ્રહ. પૂર્વતૈયારી. 2 વર્ષ કઠોર કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' સત્યાગ્રહ. પત્રિકા-પ્રચાર. 1 વર્ષ કારાવાસ. 1945 : પોરબંદર. મહારાણા મિલ મજૂરોના પ્રશ્ને સીમાપાર. 1948 : મુંબઈ રાજ્યમાંથી સીમાપાર. 1951 : પોરબંદર, મહારાણા મિલ મજૂર આંદોલન. 1952 : મીઠાપુર. તાતા કેમિકલ શ્રમિક આંદોલન. સ્વતંત્રતા પછી વિવિધ સામ્યવાદી પ્રવૃત્તિમાં સક્રિય.

## શુક્લ, શાલિગ્રામ

કાનપુર.

ગુજરાતી ક્રાંતિકાર. તેનો મૃતદેહ મેળવવામાં પોલીસ સફળ થઈ હતી. પહેલાં પકડાયા ત્યારે સખત પહેરા હેઠળ, પણ સાંકળ તોડીને ભાગી છૂટ્યા હતા. પોલીસને ગોળીથી વીંધતા ગયેલા. ડિસેમ્બર, 1, 1930 કાનપુરની દયાનંદ કૉલેજના પ્રાંગણમાં ગોળીથી ઘવાયા અને મૃત્યુ પામ્યા.

## શુક્લ, શાંતિલાલ પ્રાણશંકર

જન્મ : 6 ઑક્ટોબર, 1919. માંડવી, જિ. સૂરત.

1938માં હરિપુરા કૉંગ્રેસમાં સ્વયંસેવક. બારડોલી સત્યાગ્રહમાં પણ સ્વયંસેવક તરીકે કાર્ય. 1942માં લડત આવતાં દુકાન બંધ. સભાઓ અને પત્રિકાઓની પ્રવૃત્તિ કરી. સૂરતમાં ધરપકડ. 1 વર્ષ અને 6 મહિનાની સજા. સૂરતના હરિપુરા મંડળ કૉંગ્રેસ સમિતિના ઉપ-પ્રમુખ.

## શુક્લ, શિવશંકર પ્રાણશંકર

જન્મ : 1907. ગોધરા, જિ. પંચમહાલ.

માધ્યમિક શિક્ષણ અમદાવાદ. સરકારી શાળાનો ત્યાગ. ગૂજરાત વિદ્યાપીઠમાં વધુ અભ્યાસ. 1927 : ધોળકામાં પૂરપીડિતોની

સેવા. 1928 : બારડોલી સત્યાગ્રહ વેળા 'નવજીવન'માં તથા વિદ્યાપીઠમાં જોડણીકોશનું તથા અન્ય શિક્ષણકાર્ય. 1930 : વિદ્યાપીઠના કાર્યકર. ખેડા તથા ભરૂચમાં સેવા. દેવાણ ગામે ધારિયાના ઘા સામે બચી ગયા. મોડાસામાં કાંતણપ્રવૃત્તિ, દારૂની દુકાનો પર પિકેટિંગ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. પંચમહાલમાં પ્રચાર. 1951 : અમદાવાદ. મજૂર મહાજનસંઘના ગ્રંથાલયમાં સેવા. વ્યવસાય : વૈદ્ય.

## શુક્લ, હરિપ્રસાદ મણિશંકર

જન્મ : 13 જાન્યુઆરી, 1922. દેવગઢબારિયા, જિ. દાહોદ.

નિવાસ : અમદાવાદ. વ્યવસાય : પત્રકાર.

કાલોલમાં કાકાને ઘેર રહી અભ્યાસ કરતા. અખાડા- પ્રવૃત્તિમાં જોડાયા, તેમાંથી દેશભક્તિ. 1942ની 'હિન્દ છોડો' લડતમાં યુવકોની ટુકડીની આગેવાની લઈ, કાલોલની એમ.જી. એસ. હાઈસ્કૂલ તથા બજારોમાં હડતાળ પડાવી, ત્યાંથી આસપાસનાં ગામોમાં જઈ બજારો ને શાળાઓમાં હડતાળ પડાવી. ડેરોલ સ્ટેશને તેમની આગેવાની હેઠળ યુવકોએ 10 ઑગસ્ટના રોજ ટ્રેન રોકી, પોલીસ પાર્ટી હોવાથી લૂંટ ન થઈ શકી. તેમના ઉપર લાઠીચાર્જ. ઉશ્કેરાયેલા યુવકોએ જમાદાર જબરૂખાનને માર્યો. કાલોલમાં છોકરાઓએ સરઘસ કાઢી ભાંગફોડ કરી. ભાંગફોડનો કાર્યક્રમ ઘડ્યો. એક સપ્તાહ ગુપ્ત પત્રિકા સાઇક્લોસ્ટાઇલ કરીને પ્રગટ કરી. થોડા દિવસ બાદ ધરપકડ. દોરડાં બાંધી ગોધરાની સબજેલમાં પૂર્યા. કેસ ચાલ્યો. આશરે 7 મહિના સબજેલમાં રહ્યા બાદ માર્ચ, 1943માં છોડી દીધા. પોલીસે તરત ધરપકડ કરી અટકાયતમાં રાખ્યા. ખરાબ ખોરાકના વિરોધમાં ઉપવાસ કર્યા. સુધારો થયો. ત્યાંથી સાબરમતી જેલમાં બદલી. ત્યાં ગુજરાતના સમાજવાદીઓનો સંપર્ક. વાચનમાં રસ લીધો. ત્યાં આશરે 7 મહિના કારાવાસ. મુક્તિબાદ પત્રકાર. સમાજવાદી વિચારસરણી. 'પ્રભાત' તથા 'ગુજરાત સમાચાર' દૈનિકોના તંત્રીવિભાગમાં સેવા.

અવસાન : ડિસેમ્બર, 2002. અમદાવાદ.

## શેખ, અહમદમિયાં અમીરમિયાં

જન્મ : 1-6-1918. કડોદ, જિ. સૂરત.

વિદ્યાર્થીકાળમાં કડોદમાં થાણાના મેદાનમાં સત્યાગ્રહીઓને ઘેરો ઘાલીને બેસાડતા ત્યારે તેમની સાથે તેઓ પણ જોડાતા અને રાષ્ટ્રીય ગીતો ગાતા. હિજરત કરીને આવેલા ઘણા લોકોને મદદ કરતા. ના-કરની લડત વખતે આજુબાજુનાં ગામોમાં ફરીને, બારડોલી આશ્રમની સૂચના પ્રમાણે તપાસ કરીને અહેવાલો મોકલતા. 1942માં પત્રિકા વહેંચવાનું ને પોસ્ટરો ચોંટાડવાનું કામ કરતા. રેલવેના પાટા કોણે ઉખેડ્યા તે જાણવા એમને ઘણી હેરાનગતિ કરાઈ હતી.

## શેખ, નૂરમહંમદ હાસમભાઈ

જન્મ : 21 જાન્યુઆરી, 1904. અમદાવાદ.

અભ્યાસ : બી.એસસી., કાપડના ઉદ્યોગ સાથેના નિકટના સંબંધથી મજૂરો અને ગરીબો સાથેના પ્રસંગો. 1932માં અમદાવાદ મજૂર મહાજન સંઘની પ્રવૃત્તિમાં. 1932 અને 42ની રાષ્ટ્રીય લડતો વખતે મજૂર મહાજનનું કાર્ય સુપેરે સંભાળ્યું. 1942ની મિલમજૂરોની હડતાળ ચલાવવામાં અને પછીથી કામે ચડવા માટે મજૂરોને સમજાવવાની અદભુત કુનેહ. દારૂબંધીના કાર્ય માટે પ્રશંસનીય ફાળો.

## શેખ, નૂરમિયાં

નવસારી.

રૉલેટ ઍક્ટનો વિરોધ કરતાં ગાંધીજીને ગિરફતાર કર્યા સાંભળીને મૅટ્રિકની પરીક્ષા

આપતા હતા ત્યાંથી પરીક્ષાહૉલ છોડી સરકારી કેળવણીનો ત્યાગ કર્યો. નવસારીમાં ભક્તાશ્રમમાં રહીને રાષ્ટ્રીય કેળવણી, ખાદી વગેરે પ્રવૃત્તિ કરી. ત્યાંથી જ ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લીધી. 1920માં રાષ્ટ્રીય શિક્ષણ લેતા યુવકોને પોતાને ગામ બોલાવી જંગી જાહેર સભા કરી સ્વરાજની સમજ આપી. 1924માં પોતાના ગામમાં રાષ્ટ્રીય શાળા સ્થાપીને 1 વર્ષ વિના વેતને સેવા આપી. ખિલાફત ચળવળ વખતે હિન્દુ-મુસ્લિમ એકતા માટે અને મુસ્લિમોને સરકારી નોકરી છોડાવવા પ્રવૃત્તિ કરી. વિદેશી કાપડની દુકાનોએ પિકેટિંગ. 1930ની લડતમાં ભાગ લીધો. બે મહિનાની સજા. મુસ્લિમ નૅશનાલિસ્ટ પાર્ટીની સૂરત જિલ્લામાં સ્થાપના કરી. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહમાં અને 1942માં પણ જેલમાં ગયા હતા.

## શેખ, નૂરમિયાં હુસેનમિયાં

જન્મ : 3-12-1895. નોગામા, તા. ચીખલી.

મૅટ્રિક પાસ કરીને રેલવેમાં સરકારી નોકરી મળવા છતાં રાષ્ટ્રવાદી વિચારો ધરાવતા હોવાથી અસ્વીકાર. 1918માં કૉંગ્રેસમાં સક્રિય સભ્ય તરીકે જોડાયા. 1920-21માં અસહકારના આંદોલનમાં ઝંપલાવ્યું. પરદેશી કાપડની દુકાનો પર નિયમિત પિકેટિંગ કરવું, દારૂ-તાડીનું વેચાણ બંધ કરાવવું વગેરે કાર્યો કરવા લાગ્યા. તાલુકા કૉંગ્રેસ સમિતિના મંત્રી તરીકે સંગઠનનું કાર્ય કર્યું. 1922-23માં નાશિકમાં જંગલ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ લીધો, ધરપકડ થઈ અને જેલની સજા ભોગવી. જેલમાંથી છૂટ્યા બાદ રચનાત્મક પ્રવૃત્તિ; અસ્પૃશ્યતાનિવારણ, ખાદી, રાષ્ટ્રીય કેળવણી વગેરે. 1942ની લડત શરૂ થતાં જ ધરપકડ કરી, અટકાયતી કેદી તરીકે જેલમાં 13-9-1942થી 11-6-1943 સુધી સાબરમતી અને નાશિક જેલમાં અટકાયતમાં રાખ્યા. તે પછી ભૂદાન પ્રવૃત્તિ. વેડછીમાં રચનાત્મક પ્રવૃત્તિ. સરકાર તરફથી તામ્રપત્ર અને પેન્શન મળતું હતું.

## શેઠ, અબ્દુલહુસેન મહમદઅલી

ધ્રોળ, જિ. જામનગર.

ધ્રોળ રાજ્યના જુલમો સામે ઝઝૂમ્યા. ઝંડા સત્યાગ્રહમાં સક્રિય. ધ્રોળ છોડવું પડ્યું.

## 3067. શેઠ, અમૃતલાલ દલપતભાઈ

જન્મ : 25 ઑગસ્ટ, 1891. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

અસહકારની ચળવળ શરૂ થતાં લીંબડી રાજ્યના મુખ્ય ન્યાયાધીશ તરીકેનું રાજીનામું. 1921 : સૌરાષ્ટ્ર-ગુજરાતનાં દેશી રાજ્યોમાં ચાલતા અત્યાચારો ને અન્યાયો જાહેર કરવા માટે ‘સૌરાષ્ટ્ર’ સાપ્તાહિક શરૂ કર્યું. 1928 : બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. કાઠિયાવાડ રાજકીય પરિષદ સ્થાપી. અખિલ હિન્દ રાજસ્થાન પરિષદ સ્થાપી તેના મંત્રી બન્યા. 1930 : ધોલેરા સત્યાગ્રહ સમિતિ સ્થાપી. મીઠાનો કાનૂનભંગ કરવા બદલ અઢી વર્ષની સજા. 1932 : પૂર્વ આફ્રિકામાં વસતા હિન્દીઓની કૉંગ્રેસનું પ્રમુખપદ સંભાળવા, ત્યાં ગયા. ત્યાંથી પાછા ફર્યા બાદ ધરપકડ. 2 વર્ષની સજા, 1,000 રૂપિયા દંડ. 1942 : ‘હિન્દ છોડો’ ચળવળમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં સક્રિય. મુંબઈમાં ‘ધ ડેઇલી સન’ (અંગ્રેજી) અને ‘જન્મભૂમિ’ અખબારો શરૂ કર્યાં. ઇન્ડિયન લૅંગ્વેજિઝ ન્યૂઝપેપર્સ ઍસોસિયેશન સ્થાપી, 8 વર્ષ તેના પ્રમુખ. 1945 : આઝાદ હિન્દ ફોજ તથા સુભાષચંદ્ર બોઝની પ્રવૃત્તિઓના ખબરપત્રી તરીકે મ્યાનમાર (બર્મા), મલાયા,

સિંગાપુરનો પ્રવાસ.
અવસાન : 30 જુલાઈ, 1954.

## શેઠ, અમૃતલાલ બાપુજી

જન્મ : 19 ઑક્ટોબર, 1910. ઉમરેઠ, જિ. આણંદ.

1930માં ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થી હતા. દાંડીકૂચમાં અરુણ ટુકડીમાં જોડાઈ દાંડી પહોંચ્યા. 12 મે, 1930ના રોજ અબ્બાસ તૈયબજીની સરદારી હેઠળ ધરાસણા કૂચ કરતા પકડાયા. ત્રણ માસની કેદની સજા. નાશિક જેલમાંથી છૂટ્યા બાદ 10 મહિના વેડછી આશ્રમમાં. વેડછી આશ્રમ સરકારે કબજે કર્યા બાદ બારડોલીમાં સત્યાગ્રહ પત્રિકા ચલાવી. વડોદરા રાજ્યની પોલીસે ધરપકડ, 1 વર્ષની સજા ફરમાવી, બ્રિટિશ પોલીસને સોંપ્યા. બારડોલીમાં 6 માસની સજા થઈ, તે વિસાપુર જેલમાં ભોગવી. 1942માં 'હિન્દ છોડો' લડતમાં 3.5 માસની હડતાળ પાડવા દુકાન બંધ રાખી. 1946થી મહેસાણા પાસે ખેતીનો વ્યવસાય.

## શેઠ, ઇન્દુમતી ચીમનલાલ

જન્મ : 1906. અમદાવાદ.

શ્રીમંત પરિવાર. નાનપણથી દેશભક્તિના સંસ્કાર. 1922માં મૅટ્રિક પસાર કરીને ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. 1926માં સ્નાતક પ્રથમ કક્ષામાં. રાષ્ટ્રીય શિક્ષણ અને ખાદીના કાર્યમાં જોડાયાં. અમદાવાદના ખાદીમંદિરની સ્થાપના અને સંચાલનમાં મહત્વનું પ્રદાન. 1941 : અમદાવાદમાં કોમી હુલ્લડ શાંત કરવા ભગીરથ પ્રયાસ. અમદાવાદ સુધરાઈ અને મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના સભ્ય તરીકે કામગીરી. 1942 : 'હિન્દ છોડો' લડત દરમિયાન 10 માસ જેલ. 1946 : ધારાસભ્ય, પાર્લમેન્ટરી સેક્રેટરી બન્યાં, 1952 : નાયબ શિક્ષણમંત્રી બન્યાં. 1956 : મુંબઈ રાજ્યમાં સમાજકલ્યાણ ખાતાનાં મંત્રી. 1957માં અમદાવાદમાં શિક્ષણ અને સમાજકલ્યાણનું કામ. અનેક સરકારી તથા બિનસરકારી સમિતિઓમાં કામગીરી. શેઠ ચિમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર, શ્રીમતી માણેકબા વિનયવિહાર, મહિલા સમુન્નતિ સંઘ વગેરે સંસ્થાઓની સ્થાપના અને વિકાસમાં સક્રિય પ્રદાન. સંઘની પ્રવૃત્તિઓને સતત પ્રોત્સાહન. 1958થી 1962 : સેન્ટ્રલ વેલ્ફેર બોર્ડમાં ગુજરાતનાં પ્રતિનિધિ. અમદાવાદ શહેર કૉંગ્રેસ સમિતિનાં પ્રમુખ. 1962-1967 : ગુજરાત રાજ્યનાં શિક્ષણમંત્રી.
અવસાન : 1985.

## શેઠ, કમુબહેન દોલતરાય

જન્મ : 15 જાન્યુઆરી, 1919. અમરેલી.

નિવાસ : ભાવનગર.
અભ્યાસ : મૅટ્રિક, મૉન્ટેસોરી ટ્રેઇન્ડ. સાર્વજનિક કાર્યકર. 1942 : 'હિન્દ છોડો' લડત વખતે હિન્દ સંરક્ષણ ધારા નીચે તેમની 2 વાર ધરપકડ. લાંબો કારાવાસ. દંડ નહિ ભરીને વધુ જેલવાસ. 3 વર્ષની પુત્રી પણ જેલમાં સાથે હતી. (શરૂઆતમાં બાળકીને પણ જેલના સૂકા રોટલા-દાળથી નભાવી લેવું પડ્યું.) છેલ્લે રાજકોટમાં સ્થાયી.
શેઠ, કાનજી ગંગાદાસ
જન્મ : 1915. સાવરકુંડલા, જિ. ભાવનગર.
અભ્યાસ : ધોરણ 7. 1930-31ના મીઠા-સત્યાગ્રહ વખતે ઘોઘામાં કાનૂનભંગ કરતાં ધરપકડ. અટકાયત અને 3 માસની સખત જેલની સજા. સાબરમતી જેલમાં. સ્વરાજ આવતાં સુધી (લડતમાં ભાગ લેવા બદલ). હદપારી. મુંબઈમાં અંગત વ્યવસાય. ગુજરાત સરકારનું પેન્શન.

## શેઠ, કીર્તિકાંત વ્રજલાલ

જન્મ : 29 ઑક્ટોબર, 1915. લીંબડી, જિ.

સુરેન્દ્રનગર.

અભ્યાસ : પૂર્વસ્નાતક, સાહિત્યરત્ન. 1930-32ની મીઠાની લડત વખતે ધોલેરા, રાણપુર અને ધંધૂકામાંથી સવિનય કાનૂનભંગ કરતાં ધરપકડ. ધંધૂકા, સાબરમતી તેમજ વિસાપુરમાં કુલ 8 માસની જેલ. માલમિલકત જપ્ત. (લડતમાં ભાગ લેવા બદલ.) મુંબઈમાં સ્થાયી. પેન્શન કે તામ્રપત્ર માંગેલ નથી.

## શેઠ, કુંવરજી આણંદજી

ભાવનગર.

અસહકારની ચળવળ. 1920-22 : દરમિયાન શેઠ કુંવરજી આણંદજી દારૂનિષેધની ચળવળમાં અગ્રેસર રહ્યા હતા. તેમણે ભાવનગરનાં વિવિધ જ્ઞાતિપંચોમાં દારૂ નહિ પીવાની પ્રતિજ્ઞાઓ લેવડાવી હતી.

## શેઠ, ગંગાદાસ કાનજી

જન્મ : 1915. સાવરકુંડલા, જિ. ભાવનગર.
અભ્યાસ : ધોરણ સાત.

1930-31ના મીઠા-સત્યાગ્રહ વખતે ઘોઘામાં કાનૂનભંગ કરતાં ધરપકડ થઈ. થોડો વખત અટકમાં રાખીને કેસ ચલાવવામાં આવ્યો. ત્રણ માસની સખત કેદની સજા. સાબરમતી જેલમાં સજા ભોગવી. લડતમાં ભાગ લેવા બદલ સ્વરાજ આવતાં સુધી હદપારી ભોગવી. ગુજરાત સરકારનું પેન્શન મળે છે.

## શેઠ, ગિરધરલાલ ચતુરદાસ

જન્મ : 1903. ભરૂચ.

અભ્યાસ : ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક, ગણિતવિશારદ. 1921 : અસહકારમાં. કૉલેજ-ત્યાગ. વિદ્યાપીઠમાં પ્રવેશ. 1930 : મીઠા સત્યાગ્રહ, ધરપકડ. 3 મહિના કારાવાસ, સાબરમતી. પોંડિચેરી(પુદુચેરી) શ્રી અરવિંદ આશ્રમમાં સાધક.

## શેઠ, ગિરધરલાલ છોટાલાલ

જન્મ : 23 નવેમ્બર, 1914. દાહોદ.

અભ્યાસ : ધોરણ 6. દેશપ્રેમી. 1932ની ચળવળ દરમિયાન દાહોદમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. ધરપકડ. 6 માસની કેદ તથા દંડની સજા. દંડ ન ભરવાથી જપ્તી કરીને વસૂલ. સાબરમતી તથા વિસાપુર જેલમાં સજા ભોગવી.

## શેઠ, ગુલાબચંદ તલકચંદ

જન્મ : 1901. રાજકોટ.

અભ્યાસ : સાધારણ. 1930-31ના ધોલેરા સત્યાગ્રહમાં. ધરપકડ. સાબરમતી જેલમાં જેલવાસ. ધ્રાંગધ્રાની લડતમાં સક્રિય. રાજ્યના જુલમો વેઠ્યા. 1932 : મીઠાની લડતમાં ભાગ. ધરપકડ. જેલવાસ. રાજકોટની લડત વખતે જેલવાસ. બાહોશ વેપારી. આફ્રિકા-યુરોપમાં વેપારમાં સફળ. સ્વાતંત્ર્યસૈનિકો માટે દાનનો પ્રવાહ. દાનવીર, કાન્તા સ્ત્રી વિકાસગૃહ, વિવિધ હૉસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક કાર્યકર.

અવસાન : 13 જૂન, 1967, મુંબઈ.

## શેઠ, ગોરધનદાસ જાદવજી

ઝાલોદ, જિ. દાહોદ.

લક્ષ્મીકાંત શ્રીકાંત અને અંબાલાલ વ્યાસની પ્રવૃત્તિઓથી રાષ્ટ્રીય જાગૃતિ. 1930ની ચળવળ દરમિયાન ઝાલોદમાં કોળીવાડામાં કલાલના દારૂનાં પીઠાં ઉપર પિકેટિંગ. માલિકના નોકરે ગોળીબાર કર્યો. ગોરધનદાસ બચી ગયા. તેથી ગામમાં પુષ્કળ ધમાલ. ગોળીબારના વિરોધમાં ભાષણો.

## શેઠ, ચીમનલાલ માણેકલાલ

જન્મ : 2 સપ્ટેમ્બર, 1928.

અભ્યાસ : એમ.એ. વતન : સંખેડા. જિ.

વડોદરા. ગોવા સત્યાગ્રહમાં ભાગ લીધો. 1955, 15મી ઑગસ્ટના રોજ ભારતીય જનસંઘ ગુજરાત પ્રદેશની ટુકડીના આગેવાન. નાના સરખા રૂમમાં પાંચ સો જણાને કેદ. 48 કલાક પાણી વગર. કોટડીની અંદર જ પુરાઈ રહ્યા અને માર ખાધો. 'શૂટ ઍટ સાઇટ'નો હુકમ હતો છતાં એ પ્રદેશમાં પ્રવેશ કરી માર ખાધો. દેશ માટે મરી ફીટવાની પ્રબળ ભાવના. ગુજરાત યુનિવર્સિટીનાં દસ વર્ષ સેનેટ સભ્ય. આર્ટ્સ કૉલેજ, કપડવંજમાં ઇતિહાસના અધ્યાપક.

## શેઠ, છગનલાલ ઝવેરચંદ

જન્મ : ધ્રોળ, જિ. જામનગર.

ધ્રોળ રાજ્યના જુલમો સામે માથું ઊંચકીને લડત આપી. ધ્રોળના ઝંડા સત્યાગ્રહમાં ભાગ લીધો. તેના પરિણામે તેમને સહન કરવું પડ્યું. ગામ છોડવાની ફરજ પડી. ભારત સરકારનું પેન્શન એનાયત થયેલ છે.

## શેઠ, જમનાદાસ દ્વારકાદાસ

મુંબઈ.

શંકરલાલ બૅંકર, રતનસી ધરમશી, ક. મા. મુનશી વગેરે સાથે હોમરૂલ લીગનો પ્રચાર કરવા વખતોવખત ગુજરાતનાં શહેરો અમદાવાદ, નડિયાદ, ભરૂચ, સૂરત વગેરેનો પ્રવાસ ખેડી સભાઓમાં ભાષણો. લોકજાગૃતિ કરતા. ખેડા સત્યાગ્રહ (1951) દરમિયાન જિલ્લાના પ્રવાસ કરી પ્રચાર. રૉલેટ ઍક્ટ, 1919નો વિરોધ કરતા. ગુજરાતમાં આવી જુસ્સાદાર ભાષણો કરતા.

## શેઠ, જમુબહેન રમણલાલ છોટાલાલ

જન્મ : 1915 આશરે. દાહોદ.

1932ના ફેબ્રુઆરીમાં ગેરકાયદે પત્રિકા છાપવા સાઇક્લોસ્ટાઇલ મશીન રમણલાલ શેઠને ઘેર હતું. પોલીસની રેડ પડવાથી જમુબહેને પોલીસનો અવરોધ અને રકઝક કરી. મશીન ખસેડાઈ જાય ત્યાં સુધી રુકાવટ અને વિરોધ કર્યો. તેથી જમુબહેનની ધરપકડ. 4 માસની કેદની સજા અને રૂ. 60 દંડ અને દંડ ન ભરે તો 1.5 માસની વધુ સજા. દંડ ન ભર્યો. તેમણે સજા સાબરમતી, બેલગામ અને ધૂળિયાની જેલમાં ભોગવી.

## શેઠ, જયંતીલાલ જાદવજી

જન્મ : 13 એપ્રિલ, 1912. મહુવા, જિ. ભાવનગર.

1932 : મીઠાની લડત વખતે મુંબઈમાં લડતમાં ભાગ. 1940માં વ્યક્તિગત સત્યાગ્રહ વખતે મુંબઈમાં પત્રિકાઓ વહેંચતાં ધરપકડ. વરલી જેલમાં 1 વર્ષની સજા. રાજ્ય-સરકારનું પેન્શન એનાયત થયેલ છે.

## શેઠ, જયંતીલાલ મોજીલાલ

જન્મ : 1923. દેવગઢબારિયા, જિ. દાહોદ.

1942ની ચળવળની દેવગઢબારિયા દેશી રાજ્યમાં કંઈ પ્રવૃત્તિ ન હોવાથી, સપ્ટેમ્બરમાં ગોધરા જઈ ત્યાં સરઘસમાં જોડાયા. 'ઇન્કિલાબ ઝિંદાબાદ', 'મહાત્મા ગાંધી કી જય' વગેરે સૂત્રોચ્ચાર. ધરપકડ. 4 માસની કેદની સજા.
અવસાન : 1992.

## શેઠ, ટોકરશીભાઈ વખતચંદ

હળવદ, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રાની લડત વખતે હળવદમાં સક્રિય. પોલીસમાર. હદપાર. આર્થિક રીતે ખૂબ સહન કર્યું.

## 3081. શેઠ, દિનકરલાલ જાદવલાલ

## ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં આગળ પડતો ભાગ લીધો. સભા-સરઘસો, પત્રિકાપ્રવૃત્તિ

વગેરેમાં સક્રિય હતા. તેમની ધરપકડ કરવામાં આવી અને તેમણે જેલની સજા પણ ભોગવી હતી.

## શેઠ, દોલતરાય અમૃતલાલ

જન્મ : 10 એપ્રિલ, 1918. મહુવા, જિ. ભાવનગર.

અભ્યાસ : કૉલેજનું એક વર્ષ પાસ. પૂ. ઠક્કરબાપાના પ્રભાવ હેઠળ. 1935માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજ છોડીને હરિજનસેવાનું કાર્ય. જૂના માંગરોળ રાજ્યના શીલ ગામે હરિજનસેવાનું થાણું સ્થાપીને કામ. રાજકોટ, ભાવનગરમાં પણ હરિજનસેવાનું કાર્ય. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે 'હિન્દસંરક્ષણ ધારા' નીચે બે વાર ધરપકડ અને ભાવનગર સેન્ટ્રલ જેલમાં કારાવાસ. તેમનાં પત્ની કમુબહેન પણ જેલવાસી. જેલમાંથી છૂટ્યા બાદ ચમાર કોમના ઉત્થાનના કાર્યમાં. સૌરાષ્ટ્ર રાજ્યના જિલ્લા પંચાયત અધિકારી. 1976 સુધી વિવિધ અધિકારપદે રહ્યા. ગ્રામઉત્થાનનાં કાર્યો ભાવનાપૂર્વક પાર પાડ્યાં. રચનાત્મક કાર્યકર.

## શેઠ, નરોત્તમદાસ લાલજીભાઈ

જન્મ : 16 ફેબ્રુઆરી, 1899. જૂનાગઢ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી. વકીલ. જૂનાગઢ રાજ્યના નવાબી તંત્રમાં. વેરાવળમાં ડૉ. ખંઢેરિયા સહિત પાંચ ખૂન થયાં ત્યારે તેની સામે પ્રચંડ વિરોધ જગાડવામાં અગ્રભાગ. 1938માં જૂનાગઢમાં પ્રજામંડળની પ્રવૃત્તિ. ધરપકડ. નવાબી જેલમાં અમાનુષી ત્રાસ સહન કર્યો. દીવમુક્તિ સમિતિની રચના. મહત્વનો ભાગ. અત્યાચારો સામે લડતા રહ્યા.

## શેઠ નાનાલાલ નારણદાસ

જન્મ : 3 ફેબ્રુઆરી 1894. બાબરા, જિ. અમરેલી.
અભ્યાસ : ધોરણ 4.

1930-31માં મીઠાની લડતમાં ભાગ લીધો. તે પછી રાજકોટની લડતમાં ભાગ લીધો. ધરપકડ કરવામાં આવી. જેલવાસ. પેન્શન તથા તામ્રપત્ર એનાયત થયેલ.
નિધન : 29 નવેમ્બર, 1979.

## શેઠ, નિર્મળાબહેન લલ્લુભાઈ

જન્મ : 23 જુલાઈ, 1926. અમરેલી.

અભ્યાસ : નૉન-મૅટ્રિક. 1942ની 'હિન્દ છોડો' લડતમાં પ્રચારપત્રિકા. સરઘસ. ધરપકડ. માચિયાળા ગામે નજરકેદ. સાવરકુંડલામાં રાજકીય-સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ. કુંડલા મહિલા મંડળ, સ્ત્રી-અધ્યાપન મંદિર. અમરેલીનું મહિલા છાત્રાલય, મહિલા વિકાસગૃહ સંસ્થાઓનું સંચાલન. પિતા જગજીવનદાસ અમરેલીના લોકસેવક. કુંડલાના લોકસેવક લલ્લુભાઈ શેઠનાં પત્ની.

## શેઠ, પાનાચંદ ત્રિભોવનદાસ

હળવદ, જિ. સુરેન્દ્રનગર.

હળવદના અગ્રગણ્ય વેપારી. ધ્રાંગધ્રાની લડત વખતે લોકો ઉપર ગુજારેલા સિતમો સામે વિરોધદિન ઊજવવામાં ભાગ લીધો. તેથી ધરપકડ. તેમના ઘર પર જપ્તી બેસાડી. લડત દરમિયાન ઘણું સહન કર્યું.

## શેઠ, પ્રભુદાસ લાલજી

પોરબંદર.

1920થી જાહેર પ્રવૃત્તિ. આપત્તિકાળમાં લોકોને મદદ. પાંજરાપોળનું સંચાલન. વિવિધ રીતે લોકસેવા. રાજ્યને આ કાર્યો નાપસંદ હોવાથી નિમિત્ત શોધીને માર્યા, ખૂબ હેરાન કર્યા.

## 3085. શેઠ, પ્રાણલાલ ઘેલાભાઈ

બારડોલી, જિ. સૂરત.

1942ની લડતમાં સ્કૂલના કમ્પાઉન્ડમાં બૉમ્બ ફૂટવાથી ધરપકડ. 6 માસની સજા. સ્કૂલની નોકરી ગુમાવી. દેશ માટે સહન કર્યું.

## શેઠ, બળદેવદાસ મગનલાલ

દાહોદ.

1930ની લડત દરમિયાન દાહોદના કલાલના ઝાંપા પાસેનાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ. માલિકોની ફરિયાદ. પોલીસ દ્વારા ધરપકડ. કેસ ચલાવીને 1 માસના કારાવાસની સજા.

## શેઠ, ભગવાનદાસ મેઘજીભાઈ

જન્મ : 1899. જામનગર.

જામનગર પ્રજામંડળની ચળવળના ટેકેદાર. ગુંડાટોળીએ હુમલો કર્યો. માંડ બચ્યા. અવસાન : 10-11-1965.

## શેઠ, મગનલાલ ગોપાલદાસ.

ઝાલોદ, જિ. દાહોદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં ધરાસણાના સત્યાગ્રહમાં ભાગ લેવા ગયા. ત્યાં માર ખાધો. ધરાસણાથી લાવેલા મીઠાની ગામ વચ્ચેના ચોકમાં હરાજી કરી. જાન્યુઆરી, 1932માં નેતાઓની ધરપકડના વિરોધમાં તેમની આગેવાની હેઠળ મોટું સરઘસ કાઢ્યું. તેમની ધરપકડ થઈ, અને છ માસની જેલની સજા થઈ.

## શેઠ, મણિલાલ છગનલાલ

જન્મ : 3 માર્ચ, 1913. પૂર્વ આફ્રિકા.

1930 : રાણપુર સંગ્રામ સમિતિમાં યુદ્ધમંત્રી. કરાંચીમાં મીઠા-સત્યાગ્રહ. કારાવાસ. 1938-39 : કરાંચી. (હવે પાકિસ્તાનમાં) પત્રકાર. એડન વાસ.

## શેઠ, રણછોડભાઈ

અમદાવાદ.

મિલમાલિક. 1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં મીઠાના કાયદાનો ભંગ કરવા ધરાસણાના રણમેદાનમાં ખડા થઈ જવા 50 સૈનિકોની ટુકડી લઈને અમદાવાદથી નીકળ્યા. પોલીસો તે ટુકડી સાથે ગાડીમાં બેઠા અને બારેજડી રેલવેસ્ટેશને ટ્રેન ઊભી રખાવી તેમની તથા બધા સૈનિકોની ધરપકડ કરવામાં આવી.

## શેઠ, રણછોડભાઈ દ્વારકાદાસ

જન્મ : જાન્યુઆરી, 1899. થામણા, જિ. આણંદ.

1905 : બંગભંગ-આંદોલન. સ્વદેશીવ્રતનું પાલન. 1921 : ખાદીકાંતણ તથા ખાદીધારણ. સ્વાવલંબન. ઉમરેઠ અંબરકેન્દ્રની સ્થાપના. 1937-38 : સર્વોદય સંમેલનમાં 2 મહિના કાર્ય. થામણા સાર્વજનિક સંસ્થાઓમાં હિસાબલક્ષી સેવા. 1942 : અસહકાર. સરકારી નોકરીનો બહિષ્કાર. ઉશ્કેરણી માટે છ મહિના કારાવાસ. રૂ. 250 દંડ. 1943 : પદયાત્રમાં ભાગ. થામણા ખાદી-કેન્દ્રનું સંચાલન. 1947 : વ્યવસાય કૃષિ.

## શેઠ, રતનસી ધરમશી

મુંબઈ. ગુજરાતી.

મુંબઈના પ્રસિદ્ધ શ્રીમંત મોરારજી ગોકળદાસના પૌત્ર હતા. તેમના પિતાશ્રી ધરમશી અને કાકા નરોત્તમની જેમ તેઓ પણ થિયૉસૉફિસ્ટ અને એની બેસન્ટના પ્રશંસક તથા હોમરૂલની ચળવળના આગેવાન હતા. તેઓ ઉમર સોબાની, બી. જી. હોર્નિમેન તથા જમનાદાસ દ્વારકાદાસ સાથે દર અઠવાડિયે ગુજરાતનાં શહેરોમાં સભાઓ રાખીને હોમરૂલ લીગનો પ્રચાર કરતા. હોમરૂલનો સંદેશો ફેલાવતા, લોકજાગૃતિ.

## શેઠ, રતિલાલ મોહનલાલ

જન્મ : 10 સપ્ટેમ્બર, 1910. બાવળા, જિ. અમદાવાદ.

1930 : ધંધૂકા તથા ધોલેરા મીઠા-સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ, થાણા. 1932 : ધોલેરા સત્યાગ્રહની ટુકડીના આગેવાન. 1 વર્ષ અને 6

મહિના કારાવાસ, વિસાપુર. પ્રજામંડળોમાં સક્રિય. 1934 : ભાવનગર યુવક સંઘની સ્થાપના. 1935 : 'જન્મભૂમિ' પત્રના મુખ્ય સંચાલક. લીંબડીની લડતમાં ભાગ લીધો.

## શેઠ, રમણલાલ છોટાલાલ

દાહોદ.

1930ની ચળવળમાં દાહોદમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરી આદિવાસીઓને દારૂ ન પીવા સમજાવતા. દારૂનાં પીઠાંના માલિકોની આવક ઘટવાને કારણે પોલીસની મદદ લીધી. તેમની ધરપકડ કરી. 1 માસની કેદની સજા થઈ. 1932માં ધરપકડ. 2.5 વર્ષની કેદ વિસાપુરની જેલમાં ભોગવી. 1941 : દાહોદમાં વ્યક્તિગત સત્યાગ્રહ. 5.5 માસની કેદની સજા. 1942ની ચળવળ વખતે દાહોદમાં ઉત્સાહી યુવકોએ રાષ્ટ્રધ્વજ સહિત સરઘસ. સરકારવિરોધી સૂત્રોચ્ચાર. સરઘસમાંથી સભા. ધરપકડ. કેસ ચાલ્યો. પોતે બધાના આગેવાન હતા અને અગાઉ સજા થયેલી તેથી આઠ માસની સખત કેદની સજા અને રૂ. 100 દંડ. દંડ ન ભરે તો વધુ 4 માસની સજા. સાબરમતી જેલમાં સજા ભોગવી.

## શેઠ, લલ્લુભાઈ મોતીચંદ

જન્મ : 30-1-1916. કુંડલા, જિ. ભાવનગર.

14 વર્ષની ઉંમરે ધોલેરા સત્યાગ્રહમાં જોડાવા લીંબડી છાવણીમાં પહોંચ્યા. ત્યાં પોલીસોએ માર માર્યો. નાની ઉંમર હોવાથી છોડી મૂક્યા. ફરી સત્યાગ્રહ કરતાં ઘોઘાથી પકડાયા. એક કોટડીમાં પૂર્યા. 3-3 માસની એમ 6 માસની સજા થઈ. ગળામાં ગાળિયો નાખી જેલમાં લઈ ગયા. સાબરમતી જેલમાં વિવિધ સજાઓ કરવામાં આવી. નજરકેદ રહ્યા. 1938માં ખાદીમંડળની સ્થાપના. લોકજાગૃતિ. હરિજનસેવા. ખાદીપ્રવૃત્તિ. યુવક- સંગઠન વગેરે.

1947માં આરઝી હકૂમત વખતે ભાગ લીધો.

## શેઠ, વજુભાઈ ચૂનીલાલ

જન્મ : 15 નવેમ્બર, 1913. પોરબંદર.

અભ્યાસ : 4 અંગ્રેજી. 1930 : મીઠા સત્યાગ્રહ. વાનરસેનાગઠન. પત્રિકાવિતરણ. નાની વયને કારણે છુટકારો. 1931 : પરદેશી કાપડના ભંડારો સામે પિકેટિંગ, ભારે લાઠીમાર. બેભાન. 1942 : લોકક્રાંતિ. ભૂગર્ભપ્રવૃત્તિ.

## શેઠ, વલ્લભદાસ મગનલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1930ની ચળવળમાં દારૂના પીઠા પર પિકેટિંગ કરતા હતા. ફેબ્રુઆરી, 1941માં સરકારની વિશ્વયુદ્ધની નીતિ વિરુદ્ધ સૂત્રોચ્ચાર અને ભાષણ કરી, વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો. ધરપકડ. 4 માસની કેદની સજા. 1942માં 15 ઑગસ્ટના રોજ સરઘસ પર લાઠીમાર. ધરપકડ. 6 માસની કેદની સજા.

## શેઠ, વિનોદચંદ્ર રમણલાલ

ઝાલોદ, જિ. દાહોદ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં આગળ પડતો ભાગ લીધો. સભા-સરઘસો, પત્રિકાપ્રવૃત્તિ વગેરેમાં સક્રિય હતા. તેમની ધરપકડ કરવામાં આવી અને જેલની સજા ભોગવી હતી.

## શેઠ, વીરચંદ ભીખાભાઈ

જન્મ : 30 નવેમ્બર, 1906. વણોદ, જિ. સુરેન્દ્રનગર.

1920 : સરકારી શાળાનો ત્યાગ. 1921માં દારૂની દુકાનો પર પિકેટિંગ. 1928 : વણોદની સવાસો એકર ભૂમિ જપ્ત. 1930 : મુંબઈમાં સત્યાગ્રહ છાવણી. ધોલેરા સત્યાગ્રહમાં પત્રિકાવિતરણ. 15 મહિના કારાવાસ. 1932 : વણોદના ઠાકોર દ્વારા સીમાપાર. કનડગત. 1

વર્ષ કારાવાસ. 1934 : મુંબઈ કાઠિયાવાડ પ્રજામંડળમાં. 1939 : રાજકોટ સત્યાગ્રહ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. પુણેમાં ધરપકડ અને અટકાયત. 1944 : ઘર પર જપ્તી. સાહિત્ય જપ્ત. 100 રૂપિયા દંડ. 1945 : મુંબઈ કાઠિયાવાડ પ્રજામંડળના મંત્રી. 1947 : જૂનાગઢ લોકલડત. કુંકાવાવમાં થાણું. 1948 : સૌરાષ્ટ્ર સરકાર વતી વણોદ રાજ્યનો કબજો લીધો. ગેરરીતિઓ પ્રકાશમાં લાવ્યા. સાર્વજનિક પ્રવૃત્તિ.

અવસાન : 3-11-1982.

## શેઠ, વ્રજલાલ દલપતભાઈ

જન્મ : 1895. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

1930-31ની મીઠાની લડતમાં જોડાયા. પોલીસના બેહદ મારના ભોગ બન્યા. મીઠાના કાયદાનો ભંગ કરતાં ધરપકડ થઈ. 2.5 વર્ષની જેલ તથા રૂપિયા એક હજારનો દંડ થયો. દંડ વસૂલ કરવા તેમના ઘરે 7 વખત જપ્તી આવી. માલમિલકત લૂંટી લીધી.

## શેઠ, શાંતાબહેન ગિરધરલાલ

દાહોદ.

1942ની ચળવળ દરમિયાન 1-10-1942ના રોજ પોલીસ, સજા કરેલ યુવાનોને સાબરમતી જેલમાં લઈ જતી હતી ત્યારે તેમને વિદાય આપીને પાછી ફરતી સ્ત્રીઓએ આકરી સજા કરનાર મૅજિસ્ટ્રેટ નાટેકરના મકાન પાસે 'હાય નાટેકર હાય હાય' બોલી છાજિયાં લીધાં. તેથી 8 બહેનો સહિત ધરપકડ. બે માસની કેદની સજા.

## શેઠ, શાંતિલાલ નગીનદાસ

જન્મ : 29-9-1917. જામગનર.

જામનગરમાં પ્રજામંડળની પ્રવૃત્તિઓમાં અગ્રભાગ લીધો. ખૂબ સહન કર્યું. એમના પર નજરકેદનો પહેરો રાખવામાં આવતો.

## શેઠ, સુખલાલભાઈ માણેકચંદ

વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

ફૂલચંદભાઈના યુવાન સાથીદાર. દારૂ તેમજ વિદેશી કાપડના પિકેટિંગના કાર્યક્રમોમાં ભાગ લીધો. ખાખરેચી, ધ્રોળ, ધ્રાંગધ્રાની લડતોમાં ભાગ લીધો. રાજ્યનો ખૂબ ત્રાસ વેઠ્યો. વઢવાણ પ્રજામંડળની વાણીસ્વાતંત્ર્યની લડત વખતે અગ્રભાગ ભજવ્યો. માર ખાધો. 1942ની 'હિન્દ છોડો' લડત વખતે પ્રવચન કરતાં પોલીસોએ ઝૂડી નાખ્યા. ધરપકડ થઈ. 6 માસ જેલ ભોગવી.

## શેઠ, હરજીવન કમચુભાઈ

વણોદ, જિ. સુરેન્દ્રનગર.

1930-31ની મીઠાની લડત વખતે ધોલેરાની છાવણીમાંથી સવિનય કાનૂનભંગ કરતા પકડાયા. જેલવાસ ભોગવ્યો. તેમના કુટુંબને દરબારે હદપાર કર્યું. મિલકત ગુમાવી.

## શેઠ, હીરાબહેન કેશવલાલ

જન્મ : 15-12-1915. રાજકોટ.

1930-32ની મીઠાની લડત વખતે દારૂ તેમજ વિદેશી કાપડ ઉપર પિકેટિંગના કામમાં ભાગ લીધો. રાજકોટની લડત વખતે સભા-સરઘસ, પિકેટિંગના કાર્યક્રમોમાં જોડાયા, ધરપકડ થઈ. 6 માસ જેલ ભોગવી.

## શેલત અમૃતલાલ બાપુજી

જન્મ : 19 ઑક્ટોબર 1910. ઉમરેઠ, જિ. આણંદ.

ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ. ગાંધીજીની દાંડીકૂચ વખતે અરુણ ટુકડીમાં જોડાયા હતા. ધરાસણામાં અબ્બાસસાહેબની ટુકડી સાથે ગિરફતાર થયા અને ત્રણ મહિનાની કેદની સજા થઈ. જેલમાંથી છૂટ્યા બાદ દશ મહિના વેડછી આશ્રમમાં રહ્યા. 'બારડોલી સત્યાગ્રહ પત્રિકા'નું સંચાલન કરતાં ગાયકવાડી (વડોદરા)

રાજ્યમાં એક વર્ષની કેદની સજા થઈ. વિસાપુરમાં સજા ભોગવી પછી ફરીથી બારડોલીમાં સત્યાગ્રહ કરી, ધરપકડ વહોરી. એક વર્ષની કેદની સજા થઈ.

## શેલત, ધીરજલાલ બાપુજી

ઉમરેઠ, જિ. આણંદ.

1930, 28 ડિસેમ્બરના રોજ બોરસદ, પીઠાં ઉપર લોકોને મદિરાત્યાગ કરવા સમજાવતાં ધરપકડ. 1931, 5 જાન્યુઆરી : 2 મહિના કારાવાસ. રૂ. 50 દંડ.

## શેલત, હરિપ્રસાદ બાપુજી

ઉમરેઠ, જિ. આણંદ.

1928 : વિદ્યાપીઠમાં અભ્યાસ. 1930 : મીઠા-સત્યાગ્રહમાં પ્રચાર. 1932 : વિદ્યાપીઠનાં ભવનોની જપ્તી સમયે ધરપકડ અને મુક્તિ. રાસ અને ખેડામાં સત્યાગ્રહ કરતાં ધરપકડ. 1932, 1928 એપ્રિલ, 3 મહિના કારાવાસ. નવજીવન કાર્યાલયમાં કર્મચારી.

## શૈલેશકુમાર તનસુખરાય

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેવાથી તેમની ધરપકડ કરવામાં આવી. તેમણે ટૂંકો જેલવાસ ભોગવ્યો, પછી રાજ્યની સરકારે છોડી મૂક્યા.

## શ્રીકાંત, લક્ષ્મીદાસ મંગળદાસ

જન્મ : 1897. મુંબઈ, કાર્યક્ષેત્ર : દાહોદ.

1930 : ઠક્કરબાપાની પ્રેરણાથી ભીલ સેવા મંડળમાં જોડાયા. પંચમહાલ સહિત ભારતના અન્ય આદિવાસી પ્રદેશોમાં સેવાકાર્ય કર્યું. કાલોલ તાલુકામાં પંચમહાલ મલાવ જંગલ સત્યાગ્રહના આગેવાન. 9 મહિના કારાવાસ. 1940 : વ્યક્તિગત સત્યાગ્રહ. 1 વર્ષ કારાવાસ. 1942 : 'હિન્દ છોડો' આંદોલન. 1 વર્ષ અને 6 મહિના કારાવાસ. આદિવાસી ક્ષેત્રોમાં નિવાસ. આદિવાસી કલ્યાણ પ્રવૃત્તિમાં સક્રિય. ભીલ સેવામંડળના આજીવન સેવક. 1954 : આદિમ જાતિસેવક સંઘમાં સક્રિય. પછાત જાતિઓના કમિશનર. અવસાન થયેલ છે.

## શ્રીમતીબહેન

સાબરમતી આશ્રમ, અમદાવાદ.

મૂળ બિહારનાં હતાં. 1930ની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં સાબરમતી આશ્રમથી ભાદરણની છાવણીમાં આવીને રહ્યાં. ગાંધીજીના આદેશ મુજબ પરદેશી કાપડ અને દારૂની દુકાનો પર ચોકી કરતાં. તેમજ કાપડના વેપારીઓ અને દારૂ પીનારાઓને સમજાવવાનું કામ કરતાં. પિકેટિંગ કરવા બદલ ધરપકડ અને જેલની સજા થઈ હતી.

## શ્રીમાળી, દીપાભાઈ ડાહ્યાભાઈ

જન્મ : 21 ઑગસ્ટ, 1921. વિરમગામ, જિ. અમદાવાદ.

અભ્યાસ : મૅટ્રિક. 1942ની લડત વખતે 30-10-1942ના રોજ સરઘસમાંથી ધરપકડ. પોલીસે સખત માર્યા. 2 માસની સજા અને દંડ. પાછળથી શિક્ષણનું કાર્ય.

## શ્રીમાળી, નાગરદાસ દે.

જન્મ : 1922. છનિયાર, તા. વિરમગામ. ગરો બ્રાહ્મણ. કર્મભૂમિ – પાટડી.

પાટડીની પ્રાથમિક શાળામાં શિક્ષક. હરિપુરા કૉંગ્રેસ અધિવેશનમાં 1938માં સ્વયંસેવક. રાષ્ટ્રીય નેતાઓનો સંપર્ક. પાટડીમાં પ્રવૃત્તિ. આજીવન ખાદી પહેરવાની અને સત્ય બોલવાની પ્રતિજ્ઞા લીધી. પ્રભાતફેરી, દારૂબંધી-પિકેટિંગ અને પત્રિકાઓ વહેંચવી.

1940–42 દરમિયાન હરિજન-સુધારણા-પ્રવૃત્તિ, દારૂનિષેધ, નિરક્ષરતાનિવારણની પ્રવૃત્તિમાં સક્રિય. 1942ની 'હિન્દ છોડો'

લડતમાં ચર્ચાસભાઓ, ભીંતપત્રો દ્વારા લોકજાગૃતિ. સૂત્રો પોકારતાં ધરપકડ. પાંચ મહિનાની જેલની સજા. હરિજન સુધારણાની મુખ્ય પ્રવૃત્તિ. ભારત સરકાર તરફથી પેન્શન એનાયત થયેલ છે. રાજ્ય-સરકાર તરફથી પણ પેન્શન મળે છે.

## શ્રીમાળી, રણછોડભાઈ પૂંજાભાઈ

જન્મ : વતન : બલોલ, જિ. મહેસાણા. અભ્યાસ : મૅટ્રિક સુધી.

1930-31 આઝાદીની ચળવળમાં સક્રિય ભાગ લીધો. દારૂની દુકાનો પર પિકેટિંગ, તે દરમિયાન ધરપકડ. એક વર્ષની જેલની સજા.
હરિજનસેવામાં સક્રિય હતા. કુરૂઢિઓ દૂર કરવા પ્રચાર. સેવાઓને બિરદાવવા ગામમાં સન્માન-સમારંભ.

## શ્રોફ, ધનવંતલાલ માણેકલાલ

જન્મ : 12 ઑગસ્ટ, 1913.

કાર્યક્ષેત્ર : કપડવંજ. 1928 : બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930માં ધરાસણાના સત્યાગ્રહમાં સક્રિય ભાગ. કપડવણજ સંગ્રામ સમિતિના સભ્ય તરીકે 'પડકાર' નામની પત્રિકા પ્રગટ કરતા. ધરપકડ. જેલની સજા. 1932માં ધરપકડ. વિસાપુરની જેલમાં. 1933માં મુંબઈની આર્થર રોડ જેલમાં સજા ભોગવી. 1942માં મુંબઈ પ્રાંતિક સંગ્રામ સમિતિના સભ્ય. મુંબઈમાં ભૂગર્ભપ્રવૃત્તિ. 'સર્વોદય' પાક્ષિકના તંત્રી.

## શ્રોફ, સુભદ્રાબહેન ચિમનલાલ

જન્મ : 9 ફેબ્રુઆરી, 1915.

વતન : જેતલસર, સૌરાષ્ટ્ર. અભ્યાસ : જી.એ., કર્વે યુનિવર્સિટી. 1942 : વિઠ્ઠલ કન્યા વિદ્યાલયનો ત્યાગ. પત્રિકાવિતરણ. ઑગસ્ટમાં ધરપકડ. 2 મહિના કારાવાસ. 100 રૂપિયા દંડ. કન્યા- કેળવણીમાં સક્રિય.

# સ

## સગર કાનજીભાઈ કેશવજીભાઈ

સાવરકુંડલા, જિ. ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો. રાજ્ય-સરકાર તરફથી પેન્શન એનાયત થયેલ છે.

## સતિયા, ચંદુલાલ ભીખાભાઈ

જન્મ : 1900. અમદાવાદ.

કાપડ-ઉદ્યોગમાં વિશિષ્ટ સ્થાન. 1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે મસ્કતી કાપડ મહાજનની 3 માસની હડતાળમાં નેતૃત્વ. ગુજરાતના રેલસંકટ, દુષ્કાળરાહત અને નિરાશ્રિત ફાળા માટે યશસ્વી કાર્ય. મહાદેવભાઈ, કસ્તૂરબા અને ગાંધીજીના સ્મારક ફાળા માટે નાણાં ભેગા કરવાનું વિશિષ્ટ કાર્ય.

## સતીકુમાર નરભેરામ કાળીદાસ

જન્મ : 1918. ભાવનગર.

ધોલેરાના મીઠા સત્યાગ્રહમાં ભાગ. ભાલનાં ગામડાંઓમાં થાણાં નાંખવામાં આવ્યાં તેમાં જોડાયા. જાહેર પ્રજાસેવક. સફાઈ કામદારોનું સંગઠન. અન્યાયના નિવારણ માટે હડતાળ. અમદાવાદમાં મજૂરસંગઠનકાર્ય. 1938માં લીંબડી તેમજ રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. 1941માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ભાગ લીધો. માંડલથી ધરપકડ. છ માસની સજા. 1942 : 'હિન્દ છોડો' લડતમાં મુંબઈમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. ધરપકડ. 3 માસ પોલીસ લૉકઅપમાં. નિવૃત્તિ ભાવનગરમાં. સરકારશ્રીનું પેન્શન એનાયત થયેલ છે.

## સફકતઅલી ગુલામઅલી

માંડવી, જિ. સૂરત.

1940 : વ્યક્તિગત સત્યાગ્રહની લડતમાં ભાગ લીધો. તેઓ માંડવીમાંથી પહેલા સત્યાગ્રહી તરીકે જેલમાં ગયા અને 6 માસની સજા ભોગવી. 1942ની લડતમાં ભાગ લીધો.

## સબૂરભાઈ મેથાભાઈ

નાંદરવા, જિ. પંચમહાલ.

બનાવટી નામથી હાલોલ મુકામે સત્યાગ્રહમાં સભા, સરઘસબંધીનો ભંગ, પત્રિકા-પ્રચાર વગેરે કામો કરતાં ધરપકડ થઈ હતી. કેસ ચાલતાં 6 માસની સજા ભોગવી.

## સરવણ માણેકબહેન

સૂરત.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. મે, 1930માં સૂરતમાં મોટા મંદિર અને દરવાજા બહારની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરવામાં તેમણે સક્રિય ભાગ લીધો હતો.

## સરૈયા, ચંદુલાલ સોમચંદ

જન્મ : 3 ઑગસ્ટ, 1905. નડિયાદ, જિ. ખેડા.

1928 : મદ્રાસ (હવે ચેન્નઈ) અધિવેશનમાં સ્વયંસેવક દળના વડા. સત્યાગ્રહમાં સક્રિય. 1930 : રાસ. સરદાર પટેલની ધરપકડ સામે સત્યાગ્રહ. ગામનો ના-કર ઠરાવ. મુખી-તલાટીનાં ત્યાગપત્ર. 1932 : વડોદરા. ધરપકડ અને મુક્તિ. પુનઃ ધરપકડ. 2 વર્ષ કઠોર કારાવાસ. 500 રૂપિયા દંડ. 1942 : પ્રારંભથી અટકાયત. 1 વર્ષ અને 6 મહિના વ્યાયામપ્રચારપ્રવૃત્તિ.

## સરૈયા, ચૂનીલાલ રમણલાલ

જન્મ : 1 જૂન, 1897. નડિયાદ, જિ. ખેડા.

અભ્યાસ : બી.એ., ધારાશાસ્ત્રી. 1920 : રાષ્ટ્રીય શાળાઓ માટે અવેતન નિરીક્ષક. 1930 : વકીલાતનો ત્યાગ. મીઠા-સત્યાગ્રહ. 2 મહિના કારાવાસ. 200 રૂપિયા દંડ. 1932 : નડિયાદ. વકીલસભા. લડતના સમર્થનમાં શ્વેત વસ્ત્રો, ટોપી ધારણ કરવાનો ઠરાવ. પાલન. 1942 : પ્રારંભથી અટકાયત. 4 મહિના નાશિક.

## સરૈયા, છગનલાલ ઉત્તમચંદ

જન્મ : 1889. સૂરત.

1921માં ભીંતપત્ર પર સમાચાર લખતા. 1930ની ચળવળમાં ભાગ લીધો. ધરપકડ. 1 વર્ષ અને 6 મહિનાની કેદ, સાબરમતી તથા નાશિક જેલમાં ભોગવી. 1942માં 'હિન્દ છોડો' આંદોલન વખતે ધરપકડ. અટકાયતમાં. સૂરતના જાહેર કાર્યકર.

## સરૈયા, જયાલક્ષ્મી ચંદુલાલ

જન્મ : 1913. આંકલાવ, જિ. ખેડા.

1932 : વિદેશી કાપડભંડારો તથા દારૂની દુકાનો પર પિકેટિંગ. આંકલાવમાં પિકેટિંગ કરતાં ધરપકડ. 6 મહિના કારાવાસ. સાબરમતી, યરવડા. જેલમુક્તિ બાદ હદપાર કર્યાં. 1937માં પ્રાંતિક સરકારમાં કૉંગ્રેસના શાસનમાં હદપારનો પ્રતિબંધ દૂર થયો.

## સરૈયા, સવિતાબહેન છોટાલાલ

વતન : સૂરત, શરૂઆતમાં મુંબઈના સ્ત્રીમંડળમાં કામ કરતાં હતાં. ત્યાંથી સૂરત આવીને તેમણે સ્ત્રીમંડળની સ્થાપના કરી હતી. દારૂતાડી, પિકેટિંગ, ખાદીફેરી, હરિજન અને પ્રૌઢોનું શિક્ષણ વગેરે પ્રવૃત્તિઓમાં ખૂબ ઉત્સાહથી ભાગ લેતાં. 1928માં બાલિકા સમાજની સ્થાપના કરી. 1930માં કિલ્લા આગળથી પકડાયાં. 6 મહિનાની સજા થઈ.

## સરૈયા, સાકરલાલ મગનલાલ

જન્મ : 21 ડિસેમ્બર, 1914. સૂરત.

1930 : મીઠાનો સત્યાગ્રહ. 1 વર્ષનો કારાવાસ.

ગાંધી-ઇર્વિન સંધિથી 6 મહિને મુક્તિ. યરવડા કારાગૃહના સૌથી નાની વયના બન્દી. સૂરત નગરપાલિકાના સભ્ય.

## સલારિયા, નારાયણભાઈ ઓધવજી

જન્મ : 23 ઑગસ્ટ, 1903, ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

મૅટ્રિક પાસ, કૉલેજ છોડી, ચળવળમાં ભાગ લઈ મુંબઈની નૅશનલ કૉલેજ ઑવ્ એપ્લાઇડ કેમિસ્ટ્રીમાં જોડાઈ 'વિજ્ઞાન વિશારદ' થયા. 1927થી 1942 સુધી ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક. 1930ની ચળવળમાં કપડવંજ તાલુકાના લસુંદ્રા ગામે મીઠાના સત્યાગ્રહમાં ધરપકડ, 3 માસની જેલ. બીજી વાર મોડાસાથી પકડાયા, 6 માસની જેલ ભોગવી. ત્રીજી વાર બોરસદથી ધરપકડ. 7 વર્ષને 5 માસની જેલ. વિદ્યાપીઠમાં અધ્યાપક. 1942ની 'હિન્દ છોડો' ચળવળમાં સાબરમતી જેલમાં 1 વર્ષ અને 6 મહિનાની અટકાયત. ગ્રામોદ્યોગ, અંબર પ્રયોગ સમિતિમાં પ્રયોગકાર. ઊન કાંતવાનો ચરખો ભારતમાં સૌપ્રથમ તેમણે બનાવ્યો.

## સવાજી લાલાજી

વતન : અમિયાદ, તા. બોરસદ, જિ. આણંદ.

1930માં નાકરની લડતમાં ભાગ લઈને સરકારને જમીનમહેસૂલ ભરેલું નહિ. તેથી ગામથી થોડે દૂર લઈ સખત માર મારેલો અને જમણા હાથનું કાંડું ભાંગી નાખેલું. સારવાર માટે ભાદરણ સત્યાગ્રહ છાવણીના દવાખાને 20 દિવસ રહેવું પડેલું.

## સવિતાબહેન ચતુરભાઈ

ચાંગા, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની લડતમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવવામાં આવ્યો. તે વખતે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસે સખત લાઠીચાર્જ કરી અનેક સ્ત્રીઓને લાઠીના પ્રહારોથી ઘાયલ કરી. તેમાં તેમને લાઠીના પ્રહારો અને બંદૂકના ગોદાથી બરડા ઉપર ઈજા થઈ હતી.

## સંઘવી, અમૃતલાલ લાલચંદ

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડીના નગરશેઠ. પ્રજામંડળના અગ્રણી. લીંબડીની લડત વખતે રાજ્યાશ્રિત ગુંડાઓના જુલમનો ભોગ. હિજરત કરીને વતન છોડ્યું.

## સંઘવી, ચીનુભાઈ ભોગીલાલ

જન્મ : 1912. અમદાવાદ.

1930ની મીઠાના સત્યાગ્રહની ચળવળમાં પ્રચારકાર્ય. 1932ની લડત વખતે 6 માસ માટે જેલવાસ અને દંડ. 1942ની લડત વખતે 13 માસ સુધી સાબરમતી અને નાસિકની જેલમાં.

## સંઘવી, જગુભાઈ કાળીદાસ

જન્મ : 6 જાન્યુઆરી, 1916. અમરેલી.

1931 તથા 1932માં ધોલેરા, રાણપુર અને ધંધૂકામાં સત્યાગ્રહોમાં ભાગ લઈ 3 માસની જેલ ભોગવી. 1932-33માં સાબરમતી આશ્રમમાંથી નીકળેલી ટુકડીમાં જોડાઈ સત્યાગ્રહ. ધરપકડ. 1 વર્ષની સજા. 1942 : અમરેલીમાં વડોદરા રાજ્ય પ્રજામંડળ તરફથી સત્યાગ્રહ. અમરેલીમાં 5 મહિનાની જેલ ભોગવી. ખાદીપ્રચારની રચનાત્મક પ્રવૃત્તિમાં વિશેષ રસ.

## સંઘવી, ડાહ્યાભાઈ

સુરેન્દ્રનગર.

રાષ્ટ્રીય લડતોમાં ભાગ લીધો. ધરપકડ કરવામાં આવી. જેલવાસ ભોગવ્યો. ભારત સરકાર તરફથી તેમનાં વિધવા ફૂલીબહેનને પેન્શન મળે છે.

## સંઘવી, તાપીદાસ દ્વારકાદાસ

જન્મ : અમરેલી.

વિદ્યાર્થીકાળથી રાષ્ટ્રીય ભાવનાથી રંગાયા હતા. 1930ની ચળવળ વખતે ધોલેરા છાવણીમાં જોડાયા અને મીઠાના કાયદાનો ભંગ કર્યો. ધરપકડ. જેલવાસ ભોગવ્યો.

સંઘવી, દેવજીભાઈ અમરશી

મુંબઈ.

જામનગરમાં રાજાશાહી જુલમો સામે હિંમતપૂર્વક ઝઝૂમ્યા. મારપીટ થઈ, માલસામન રફેદફે. રાજકોટ સત્યાગ્રહમાં જોડાયા. જામનગરથી એક ટુકડી લઈ આવ્યા. પોલીસનો ત્રાસ વેઠ્યો. ધરપકડ. જેલવાસ.

## સંઘવી, ધીરજબહેન પોપટલાલ

જન્મ : 1 જાન્યુઆરી, 1917. લીંબડી.

1930ના મીઠાના સત્યાગ્રહ વખતે ધોલેરા છાવણીમાં કાર્ય. અટકાયત. લીંબડીની લડત વખતે પતિ ડૉ. પોપટભાઈ સાથે લડતમાં ભાગ લીધો. લીંબડી રાજ્ય સામેના સત્યાગ્રહમાં ભાગ લીધો. લીંબડી હિજરતમાં ભાગ લીધો. રાજ્યે તેમની મિલકત લૂંટી રફેદફે કરી. સ્વરાજ્ય બાદ સામાજિક કાર્યકર. મુંબઈ વિધાનપરિષદનાં સભ્ય. નિવૃત્ત જીવન લીંબડીમાં.

## સંઘવી, પોપટલાલ ત્રિકમલાલ (દાક્તર)

જન્મ : 1891. લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડીની 1939ની જવાબદાર રાજતંત્રની લડત વખતે લીંબડીના રાજકુટુંબને પ્રજા ઉપર અમાનુષી જુલમો નહિ કરવા અંગે સમજાવવા કોશિશ કરી તેમ છતાં રાજ્યે મચક ન આપી. તેઓ જાતે લડતમાં જોડાયા. તેમની માલમિલકતને નુકસાન પહોંચાડ્યું. હિજરત કરીને લીંબડી છોડી ગયા.

અવસાન : 1942.

## સંઘવી, ભૂપતરાય અમૃતલાલ

વતન : મહુવા, જિ. ભાવનગર.

1942ની લડત વખતે ભૂગર્ભમાં રહી સાહસભર્યાં કાર્યો કર્યાં.

## સંઘવી, માણેકલાલ નાનજી

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

1930ની મીઠાની લડત વખતે ધ્રાંગધ્રામાં લોકજાગૃતિનું કામ કર્યું. સભા-સરઘસનું આયોજન કરતા. ધ્રાંગધ્રા શહેરના ગ્રીનચોકમાં રાષ્ટ્રીય ધ્વજનું આરોપણ કર્યું. 21-9-1931ના રોજ ગિરફ્તાર કર્યા. દોરડે બાંધી ભર બજારમાંથી લઈ જવામાં આવ્યા. 26-10-1931ના રોજ હદપાર કર્યા. વઢવાણ જઈ ફૂલચંદભાઈ શાહની આગેવાની નીચે લડતને ટેકો આપ્યો.

## સંઘવી, મોહનલાલ પીતાંબરદાસ

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

રાજ્યના જુલમો સામે માથું ઊંચકનાર પ્રથમ ભડવીર, સાતસો નગરજનોનું સરઘસ કાઢ્યું. પોલીસોએ તેમને ઝૂડી નાખ્યા. માલમિલકત જપ્ત કરી. હદપાર કર્યા. વઢવાણ જઈને રહ્યા. ધ્રાંગધ્રા રાજ્યના અમલદારોના આપખુદ વર્તનના બનાવો પ્રકાશમાં લાવી વર્તમાનપત્રો અને સભાઓ દ્વારા ધ્રાંગધ્રાના અન્યાયો સામે લોકમત કેળવ્યો.

## સંઘવી, રતિલાલ અમૃતલાલ

જન્મ : ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રાની લડતના અગ્રણી. 30-9-1931ના રોજ પોલીસે જુલમ ગુજાર્યો. અટકમાં લીધા. હદપારી ફરમાવી.

## સંઘવી, લાલચંદભાઈ ડુંગરશી

લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડીની લોકલડતમાં જોડાયા. રાજ્યના

જુલમો વેઠ્યા. માલમિલકત જપ્ત થઈ. પ્રજા જુલમોથી પરેશાન થઈ હતી. પ્રજાએ હિજરત કરી ત્યારે તેમણે લીંબડી છોડ્યું.

## સંઘવી, વલમજી અભેચંદ

જન્મ : 1912. વાંકાનેર, જિ. સુરેન્દ્રનગર. રચનાત્મક કાર્યકર.

મુનિશ્રી સંતબાલજીનો કિશોરવયે પરિચય. ગાંધીજીના રચનાત્મક કાર્યમાં સક્રિય, જીવંત રસ. ગાંધીજીને જોયા, મળ્યા અને સાંભળ્યા. ખાદીની પ્રવૃત્તિ શરૂ કરી. રેંકડીમાં ખાદીના તાકા લઈને દરરોજ વેચવા જતા. જીનપરામાં કોળી, ભરવાડો, હરિજનવાસ–ભંગીવાસમાં રાત્રિશાળાઓ ચલાવતા. ચર્મઉદ્યોગમાં રતુભાઈ સાથે, હરિજન ઉદ્ધારમાં જેઠાલાલ જોષી સાથે ઉપરાંત દારૂનિષેધની પ્રવૃત્તિ કરતા. મૂક સેવક.

## સંઘવી, હરિદાસભાઈ દ્વારકાદાસ

જન્મ : 1895. અમરેલી.

અમરેલીમાં સેવકમંડળ ઊભું કર્યું. રાષ્ટ્રીય જાગૃતિનું કાર્ય કર્યું. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં લડત ચલાવતા ત્યારે ફંડ એકઠું કરીને મોકલતા. અમરેલીના ખેડૂતોએ મહેસૂલના સવાલ અંગે વડોદરા રાજ્ય સામે લડત ચલાવી તેમાં અગ્રભાગ ભજવ્યો. સફળતા પ્રાપ્ત કરી. 1930માં ધોલેરા મીઠા-સત્યાગ્રહમાં ભાગ લેતાં પકડાયા, જેલવાસ વેઠ્યો. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં પકડાયા. વડોદરામાં 3 માસ જેલવાસ વેઠ્યો.

અવસાન : 1985.

## સંઘવી, હાવાભાઈ કાળીદાસ

જન્મ : 1911. અમરેલી.

એમનું ઘર સત્યાગ્રહીઓની છાવણી સમાન. પ્રભાતફેરી, વિદેશી કાપડનો બહિષ્કાર, વ્યસન-મુક્તિ વગેરે આંદોલનોમાં મોખરે. 1925માં ગાંધીજી અમરેલી ગયા ત્યારે તેમના સ્વાગતમાં અગ્રભાગ ભજવ્યો. 1928માં બારડોલીની લડત વખતે વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ, ઉપવાસ–આંદોલન કરી દુકાનો બંધ કરાવી. 1934માં હરિજન પદયાત્રામાં જોડાયા. મીઠાની લડત પૂરી થયા બાદ રતુભાઈ અદાણીએ તરવડામાં સર્વોદય આશ્રમની સ્થાપના કરી. તેમાં સાથ આપ્યો. 1942ની લડત વખતે ઢસા જંકશનથી પકડી લેવામાં આવ્યા ને રાજકોટની જેલમાં રાખવામાં આવ્યા. લાંબો જેલવાસ ભોગવ્યો.

## સંઘાણી, કાનજી વીરજી

જન્મ : 1919. જૂનાગઢ.

ગુમાસ્તા મંડળ દ્વારા સ્વાતંત્ર્યસંગ્રામમાં સમર્થન પ્રવૃત્તિ. 1942 : નવેમ્બરમાં ધરપકડ. 1943માં મુક્તિ. જીવરાજ મહેતા, સરદાર વલ્લભભાઈના સાથી. નિવૃત્તિવેતન મળતું નથી.

## સંઘાણી, સૂરજબહેન ગી.

સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન મુંબઈમાં સાઇક્લોસ્ટાઇલ મશીન પર ગુપ્ત રીતે કૉંગ્રેસપત્રિકાઓ છાપતાં. તે માટે અનેક વખત ધરપકડ વહોરેલી. જેલવાસ.

## સંજાણવાળા, ધનુભાઈ ટી.

વતન : ઉંબરગામ, જિ. વલસાડ.

ઉંબરગામથી મુંબઈ ગયા. ત્યાં ભૂગર્ભપ્રવૃત્તિ શરૂ કરી. 1942માં પાલઘરમાં ગોળીબાર થવાથી કનૈયાલાલ મુનશીએ એમને ત્યાં મોકલ્યા હતા. ત્યાં મોટી સભાને સંબોધન કરતાં પકડાયા ને જેલમાં ગયા. 1942માં 1 વર્ષ જેલમાં રહ્યા.

## સંજીવરાવ પરમેશ્વર

નિવાસ : વડોદરા.

સભા-સરઘસમાં સક્રિય. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. કારાવાસ.

## સંતોકબહેન

કમીંજલા ગામ, ઉત્તર ગુજરાત.

1930માં વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. મે, 1930માં ખારી ગામે મીઠું ઉપાડી સવિનય કાનૂનભંગ કરવા ગયાં. રસ્તામાં પોલીસોએ સખત લાઠીચાર્જ કરી અનેકને ઘાયલ કર્યાં. સંતોકબહેનના માથામાં સંગીન ભોંકી દીધી. તરત જ માથામાંથી ધખ ધખ કરતું લોહી વહી સાડીને તથા જમીનને ભીંજવવા લાગ્યું. તેમના માથાના વાળ કાપી ઊંડા જખમ પર મલમપટ્ટા કરવા પડ્યા.

## સાકરલક્ષ્મી સોમાભાઈ

વાસણા. વર્ષ : 19.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ ‘સ્ત્રી સિતમ દિન’ ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસોએ લાઠીચાર્જ કરી અનેક સ્ત્રીઓને ઘાયલ કરી. તેમાં તેમને લાઠીના પ્રહારો અને ગોદા મારવાથી ખભા અને પીઠ પર ઈજાઓ થઈ હતી.

## સાકરલાલ વેલચંદ

રાજકોટ.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાગ લીધો. તેમની ધરપકડ કરવામાં આવી. તેમણે ત્રણ માસની કેદની સજા ભોગવી. તે પછી છોડવામાં આવ્યા.

## સાખપરિયા, પોપટભાઈ રત્નાભાઈ

જન્મ : 1918. થોરાળા, જિ. રાજકોટ.

રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં-મિલકત જપ્ત થયેલ. તે સૌરાષ્ટ્ર રાજ્યની રચના પછી પરત મળેલ છે. હાલ નિવૃત્ત.

## સાગર નાથાભાઈ જીવાભાઈ

શીલ, જિ. જૂનાગઢ.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાંગફોડમાં ભાગ લીધો. ધરપકડ ન થાય તે માટે વર્ષો સુધી ભૂગર્ભવાસ વેઠ્યો.

## સાધુ, મોતીગરજી

વતન : જૂનાગઢ.

આરઝી હકૂમત દરમિયાન માળા છોડી હથિયાર ધારણ કર્યાં. વિસાવદર મહાલમાં ઘૂમી પ્રજાજનોને ‘સાબદા રહેજો’નો સંદેશ આપ્યો. જૂનાગઢની પ્રજામાં લડતનું હવામાન ઊભું કર્યું.

## સાયનસિંહ દોલતસિંહ

અમદાવાદ.

અજિત મિલ કમ્પાઉન્ડ. 1942ની આઝાદીની લડતમાં સભા-સરઘસો તથા ભાંગફોડમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો.

## સારાભાઈ, અનસૂયાબહેન

જન્મ : 1885. અમદાવાદ.

મિલમાલિક અંબાલાલ સારાભાઈનાં બહેન. 1917માં મિલમજૂરોનો પગારવધારાનો પ્રશ્ન હાથ ધરી ગાંધીજીની સલાહથી હડતાળ પડાવી. ત્યારથી એમની સાથે જોડાયાં. મજૂર મહાજનના કાર્યને જીવનકાર્ય બનાવ્યું. મજૂરોની લડત નિમિત્તે બાપુએ કરેલા ઉપવાસમાં સમાધાન કરવામાં મુખ્ય ભાગ ભજવ્યો. તેમાંથી જ મજૂર મહાજન સંઘની તેમણે સ્થાપના કરી. 1918 : હોમરૂલ લીગની મહિલા શાખાનાં મંત્રી.

અવસાન : 1972.

## સારાભાઈ, નગીનદાસ

વિરમગામ, જિ. અમદાવાદ.

વિરમગામ નવજીવન રાષ્ટ્રસંઘના મંત્રી. 1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લીધો.

બુધવાર, 25 નવેમ્બર, 1931ના રોજ સારાભાઈની આગેવાની હેઠળ ચોથી ટુકડીએ વઢવાણથી પગપાળા કૂચ કરી. રાત્રે કટુડા ગામે પહોંચ્યા. કટુડાના ગ્રામજનોએ સત્યાગ્રહી વીરોનો સુંદર સત્કાર કર્યો. 26/11ની સવારે મહાત્મા ગાંધીની જય બોલાવી પ્રયાણ. ધ્રાંગધ્રાની હદમાં મનાઈહુકમનો ભંગ કરી પ્રવેશતાં ટુકડીના બધા નવ સત્યાગ્રહીઓની ધરપકડ. બધાને પગે ચલાવીને પ્રતાપપુરા ઉર્ફે ચંદ્રાસર ગામે લઈ ગયા. તે નાના ગામમાં લોકોએ હડતાળ પાડી. તે ગામના ખેડૂતોએ રાજ્ય સાથે અસહકાર કર્યો. મેથાણ ગામમાં પણ એમ જ થયું.

## સારાભાઈ, સરલાદેવી અંબાલાલ

જન્મ : 1896. રાજકોટ.

પિતા હરિલાલ નીમચંદ ગોસલિયા.

1910 : લગ્ન મિલમાલિક અંબાલાલ સારાભાઈ સાથે. 1915 : ગાંધીજીનું ભારત-આગમન. પરિચય. પ્રભાવ. 1918માં હોમરૂલ લીગની મહિલા શાખાનાં પ્રમુખ. 1920 : છઠ્ઠી સાહિત્ય પરિષદ. રવીન્દ્રનાથ ઠાકુરનું આગમન. સારાભાઈ પરિવારમાં ઉતારો. સંપર્ક. 1930 : બહેનોને વિદેશી કાપડના બહિષ્કાર અને દારૂબંધી વિશે માર્ગદર્શન. કુટુંબના સભ્યો દ્વારા લડતને સમર્થન. 1930 : અમદાવાદમાં 'સરમુખત્યાર' થયાં. બહેનોને નિર્ભયતાથી દોરવણી આપી. 1942 : કસ્તૂરબાનું અવસાન, સ્મારક સમિતિનાં સભ્ય. 1963 : સુધી સક્રિય. ગ્રામીણ બહેનોમાં જાગૃતિ, સ્વાવલંબન, રાષ્ટ્રભાવના માટે સક્રિય. સાબરમતી આશ્રમ ટ્રસ્ટનાં ટ્રસ્ટી. રાજકીય, સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પતિને પડખે.

અવસાન : 1975.

## સાહેબા, અરવિંદભાઈ જીવણલાલ

જન્મ : 14 ફેબ્રુઆરી, 1921. અમદાવાદ.

અભ્યાસ : ઇન્ટર આર્ટ્સ. 1931 : વાનરસેનામાં પ્રવેશ. વિવિધ રાષ્ટ્રીય લડતોમાં સાથે. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય, ધરપકડ અને 6 મહિના કારાવાસ. મુક્તિ પછી વિવિધ ઉદ્યોગધંધામાં કાર્યરત. મહાજનોમાં સક્રિય. સુધરાઈમાં સેવા. ધાર્મિક-સામાજિક સેવાકાર્યમાં વ્યાપક રીતે સક્રિય.

## સાંકળચંદ વાડીલાલ

અમદાવાદ.

1942ની લડતમાં સરઘસો અને પત્રિકાપ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો. ઘરમાં પ્રચાર પોસ્ટર્સ રાખવા માટે રૂ. 150 દંડની સજા, નવેમ્બર, 1942.

## સાંઢાસાલવાલા, નોમાનઅલી અબ્દુલઅલી

લુણાવાડા, જિ. પંચમહાલ.

23-1-1939ના રોજ લુણાવાડા પ્રજામંડળ સ્થાપ્યું. તેના પ્રમુખ બન્યા. સભ્યો બનાવવા ગામમાં પ્રચાર કર્યો. તેથી તેમને હેરાન કરવા રાજ્યની પોલીસે ફોજદારી કેસ કર્યો. ધરપકડ. પંદર દિવસની કેદની સજા. તેમની દુકાન હરાજ કરવાથી તે પાયમાલ થયા.

## સિકલીગર, ધીરજલાલ હરકિશનદાસ

ભરૂચ.

અભ્યાસકાળમાં જ 1942ના સંગ્રામમાં પ્રવેશ. ભરૂચમાં હડતાળો પડાવી. સરઘસોમાં સક્રિય. 3 મહિના કઠોર કારાવાસ. મુક્તિ પછી ગુપ્ત પ્રવૃત્તિ. વ્યવસાય : મુંબઈમાં ટપાલમાં સૉર્ટર. સેનાની હોવાથી નોકરીમાંથી છૂટા કરાયા. ભરૂચમાં છરી ચપ્પુ ધાર કાઢવાનો વ્યવસાય.

## સિંગાપુરવાલા, ચંદુલાલ છગનલાલ

દાહોદ.

દેશપ્રેમી. ઉદ્દામ વિચારસરણી. 1932ના સ્વાતંત્ર્ય-સંગ્રામ દરમિયાન 27 જૂન, 1932ના રોજ માણેકલાલ ગાંધીના પ્રમુખપદે પંચમહાલ જિલ્લા પરિષદ પોલીસને હંફાવીને ભરવામાં તથા સફળ કરવામાં મહત્વની કામગીરી. ધરપકડ. તેમણે લૉકઅપમાં ઝઘડો કરવાથી બધા રાજકીય કેદીઓને પોલીસ હાથકડી પહેરાવીને લઈ ગયેલી. 6 માસની કેદની સજા.

સિંગાપુરવાલા, ચંદુલાલ મોહનલાલ

જન્મ : 22 મે, 1891. અમદાવાદ.

1916થી વેપારધંધામાં. તે અર્થે સિંગાપોર, જાવા રહેતા. 1937માં દેશમાં પુનરાગમન પછી કૉંગ્રેસના કાર્યકર. અમદાવાદના જમાલપુર વૉર્ડ સમિતિના પ્રમુખ. 1942ની લડત વખતે, 9 ઑગસ્ટે ધરપકડ અને અટકાયત.

## સિંધા, ઉમેદસિંહ દીપસિંહ

વડોદરા.

સ્વાતંત્ર્યસંગ્રામમાં સર્વ કાર્યક્રમોમાં સક્રિય. ક્રાંતિકારીઓને શસ્ત્રો પહોંચાડવાની કામગીરી. કારાવાસ. અત્યંત દરિદ્ર અવસ્થામાં ઉત્તરજીવન વ્યતીત.

## સીંગાડા દલાભાઈ વાલાભાઈ

મુંડાહેદા, પરથમપુરા, તા. ઝાલોદ, જિ. દાહોદ.

1942ની ‘હિન્દ છોડો’ લડતમાં ભાંગફોડની પ્રવૃત્તિમાં ભાગ લીધો. તેમણે ટીટાભાઈ હઠીલા તથા વરસિંહ મલજીભાઈ વગેલાની સાથે જઈને જાફરપુરા તથા ફૂલપુરાના ચોરા બાળેલા. પોલીસે તેમની ધરપકડ કરી કેસ કર્યો. જેલની સજા ભોગવી હતી.

## સુકરભાઈ શોભનભાઈ

ભગવાનપુરા તા. મહુવા, જિ. ભાવનગર. 1942-43ની આઝાદીની ચળવળમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો.

## સુખડિયા, ઠાકોરદાસ નરોત્તમદાસ

સૂરત.

1930માં સ્વયંસેવક દળમાં 80 માણસો સાથે પકડાયા. સજા થઈ. તે પછી કિલ્લામાં પિકેટિંગ કરતાં બે વખત પકડાયા. 1942માં ગુપ્ત રહીને પ્રવૃત્તિ કરતાં પકડાયા.

## સુતરિયા છોટાભાઈ ઝ.

વડોદરા.

વડોદરા રાજ્ય પ્રજામંડળના એક સ્થાપક અને આગેવાન. 1942ની ‘હિન્દ છોડો’ ચળવળ શરૂ થતાં તેમની ધરપકડ કરીને અટકાયતમાં રાખવામાં આવ્યા. લાંબો સમય જેલવાસ ભોગવ્યો.

1931માં 7થી 9 માર્ચના રોજ કડી મુકામે વડોદરા રાજ્ય પ્રજામંડળનું નવમું અધિવેશન ભરાયું. તેના પ્રમુખ તરીકે છોટાભાઈ સુતરિયાની વરણી કરવામાં આવી હતી.

## સુતરિયા, મગનલાલ જીવાભાઈ

જામનગર.

રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. જામનગર પ્રજામંડળના પ્રમુખસ્થાને હતા. તેથી રાજ્યના ખોફના ભોગ બન્યા. સ્વરાજ બાદ હરિજન સેવા, અન્ય સામાજિક કાર્યોમાં મદદ.

## સુતરિયા મૂળજીભાઈ મણિભાઈ

જન્મ : 22 ઑગસ્ટ, 1912. વતન : વસો. અભ્યાસ : મૅટ્રિક સુધી.

1930ના મીઠા-સત્યાગ્રહની લડતમાં ભાગ લીધો. સખત લાઠીમારનો ભોગ બન્યા. ત્યારથી ખાદી પહેરવાનું વ્રત લીધું અને કૉંગ્રેસનાં કાર્યો કરતા રહ્યા.

## સુથાર, અંબાલાલ આર.

કાલોલ, જિ. પંચમહાલ.

1932 : બીજા તબક્કાની ચળવળ દરમિયાન

કાલોલ ગામની પરબ ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે ધરપકડ. જેલમાં અટકાયત.

## સુથાર, માણેકલાલ મોતીલાલ

અમદાવાદ.

1942ની ચળવળમાં પત્રિકાઓ વહેંચવી, સરઘસોમાં જોડાવું. પત્રિકાઓ દીવાલ પર ચોડવા માટે સરસપુરમાં ધરપકડ. સાબરમતી જેલમાં અટકાયત.

## સુથાર, શંકરભાઈ

વતન : ચુણેલ, તા. નડિયાદ, જિ. ખેડા.

1942ની 'હિન્દ છોડો' લડત વખતે મહેલોલ ગામમાં 29-10-1942ના રોજ સરઘસ નીકળ્યું ત્યારે તેમની ધરપકડ કરીને મહુધા લઈ જવામાં આવેલા અને સારી પેઠે માર મારીને છોડી મૂકવામાં આવેલા.

## સુર, કૃષ્ણલાલ હરગોવિંદ

જન્મ : 6 જુલાઈ, 1914. છોટાઉદેપુર, જિ. વડોદરા.

1930ના સત્યાગ્રહ આંદોલનમાં દારૂનાં પીઠાં પર પિકેટિંગ તથા બિનજકાતી મીઠાના કાયદાભંગમાં ભાગ લીધો. ધરપકડ. 1930-31માં એક વર્ષની જેલ. 1932માં ધરપકડ. 6 મહિનાની જેલ અને રૂ. 150 દંડ. 1942માં 'હિન્દ છોડો' આંદોલન વખતે 8 વખત ધરપકડ. 1934-51 : વર્તમાનપત્રોમાં જાહેરખબર વિભાગના વ્યવસ્થાપક.

## સુરસિંહજી શિવુભા

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં જોડાયા. ધરપકડ થઈ. લાંબો જેલવાસ વેઠ્યો. તેમનાં વિધવા શ્રીમતી માયાબાને કેન્દ્રનું પેન્શન મળે છે.

## સુરેન્દ્રજી

ખેડા.

યુવાન વયે બાપુ પાસે આશ્રમમાં રહ્યા. ચામડાં કેળવવાનાં તથા જાજરૂસફાઈનાં કામ કર્યાં. દાંડીકૂચના તેઓ સૈનિક હતા. અનેક વખત જેલવાસ ભોગવ્યો. પૂ. બાપુના અંતેવાસી હતા.

સુરેન્દ્ર જેઠમલ

1930ના ધરાસણા સત્યાગ્રહમાં મીઠાના અગર પર સવિનય કાનૂનભંગથી ગયેલી ટુકડીમાં સખત લાઠીમારનો ભોગ બનેલ. 12-1-1932ના દિવસે અમદાવાદમાં સરઘસમાં પોલીસના લાઠીમારથી સખત રીતે ઘવાયેલા જેના પરિણામે તેમનું અવસાન થયું.

## સૂકાવાળા, મણિલાલ રણછોડદાસ

જન્મ : 1 જાન્યુઆરી, 1912. ભરૂચ.

1920 : અસહકારમાં, સરકારી શાળાનો ત્યાગ. રાષ્ટ્રીય શાળામાં પ્રવેશ. 1930 : મીઠાના સત્યાગ્રહ માટે કાંચીથી નોકરી છોડીને વાગરા આવ્યા. ધરપકડ. પરદેશી કાપડ સામે વિરોધના દેખાવો. 6 મહિના સજા. ફરી પકડાયા. વધુ 2 મહિનાનો કારાવાસ. 1932 : ગજેરા પરિષદ. બહુ માર ખાધો. 1940 : વાણીસ્વાતંત્ર્ય માટે સત્યાગ્રહ. ધરપકડ. ભરૂચ સુધરાઈના સભ્ય.

## સૂચક, માણેકલાલ મગનલાલ

જન્મ : 3-1-1913. ભાવનગર.

1930-31ની મીઠાની લડતમાં ભાગ લેતાં ફટકાની સજા ભોગવી. ખૂબ ત્રાસ સહન કર્યો. અવસાન : 3-1-1960.

## સૂતરવાળા, ગમનલાલ ખુશાલચંદ

જન્મ : 1899. સૂરત.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં સત્યાગ્રહ પત્રિકાઓ છપાવવાની અને સ્વયંસેવકોને ગુપ્ત દાનો પહોંચાડવાની જવાબદારી લીધી. સૂરતમાં વાનરસેનાની પ્રવૃત્તિઓમાં માર્ગદર્શન. 1932ની ચળવળમાં

જેલ ભોગવી. 1938માં હરિપુરા કૉંગ્રેસના અધિવેશનમાં સ્વયંસેવક. વાહનવ્યવહારની જવાબદારી.
અવસાન : 1939.

## સૂરજબહેન આશાભાઈ

બોદાલ. ઉંમર : 40.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘસ પર સખત લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીમારથી માથા પર ઈજા થઈ હતી.

## સૂરજબહેન નરોત્તમ

ઉંમર : 25. આંકલાવ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો; ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસમાં પોલીસે કરેલા બેફામ લાઠીચાર્જમાં બરડો તથા ખભા ઉપર ઈજા થઈ.

## સૂરજબહેન મગનભાઈ

ભાદરણ, જિ. આણંદ. ઉંમર : 31.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના ફટકાથી માથા તથા પીઠ પર ઈજા થઈ હતી.

## સૂરજબહેન મોતીભાઈ

ચાંગા, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો, ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો અને અનેક બહેનો ઘાયલ થઈ. તેમાં તેમને લાઠીના પ્રહારો તથા બંદૂકનો ગોદો મારવાથી પાંસળાં ઉપર ઈજા થઈ હતી.

## સૂરજબહેન લક્ષ્મીદાસ

બનેજડા, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવવામાં આવ્યો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો. તેમાં બંદૂકનો કુંદો વાગવાથી તેમને થાપા પર ઈજા થઈ હતી.

## સૂરજબહેન વાઘજીભાઈ

ઉંમર : 15. વડદલા, તા. બોરસદ, જિ. આણંદ.
1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને લાઠીના પ્રહાર અને પગની લાતથી કમરમાં ઈજા થઈ.
સૂરજબહેન હાથીભાઈ

બોચાસણ, જિ. આણંદ. ઉંમર : 15.

બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો હતો. તેમાં લાઠીના ફટકાથી તેમને પીઠ પર ઈજા થઈ હતી.

## સૂરજમલ

ખેડા.

1857ના વિપ્લવમાં ખેડા જિલ્લાના ડાકોરમાં સૂરજમલે આગેવાની લીધી હતી. લુણાવાડા પર તેમણે 1857ની 15 જુલાઈએ આક્રમણ કર્યું. કોળીઓની સરદારી લઈ ફરી લુણાવાડા તરફ ધસ્યા. મેજર ઍન્ડ્રૂઝ ટુકડી લઈને નીકળ્યો. સૂરજમલનો પત્તો ન લાગ્યો. તેમને પકડવા રૂ. 1,000 - નું ઇનામ પણ જાહેર થયું.

## સૂરજમલ હસ્તીમલ

પાટડી, જિ. સુરેન્દ્રનગર.

1930ના મીઠા-સત્યાગ્રહ દરમિયાન ખારાઘોડા ગામના મીઠાના અગર પાસેથી મીઠું લઈને સ્ટેશને જતાં, પોલીસ અધિકારી પિયરસને એમને રણમાં મોકલી દીધા, જ્યાં તેઓ તરસથી પીડાઈને બેભાન થઈ ગયા. પાટડીના આગેવાનો ગાડાં જોડીને તેમને ગામમાં લાવ્યા. સારવારથી બચ્યા.

## સૂર, મોતીભાઈ

જન્મ : બળોલ, જિ. સુરેન્દ્રનગર.

લીંબડી પરિષદમાં જોડાઈ ભાગ ભજવ્યો. લીંબડીની લડત વખતે રાજ્યાશ્રિત ગુંડાઓએ અડધી રાતે ઘર પર હુમલો કર્યો. માર માર્યો. લૂંટી લીધા. ઘરવખરી રફેદફે કરી. લાકડાની લાટીને સળગાવી મૂકી છતાં અણનમ રહ્યા.

## સેજપાલ, નટવરલાલ ગોકળદાસ

જન્મ : 23 એપ્રિલ, 1913. રાજકોટ.

રાષ્ટ્રીય રંગે રંગાયા. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. રાજકોટની લડતમાં ભાગ લેવા માટે 3 માસની સજા તથા દંડ. સરધારમાં જેલવાસ. 1942ની લડત વખતે ધરપકડ. 1.5 માસ અટકમાં. 3 માસની સજા અને દંડ. પેન્શન અને તામ્રપત્ર એનાયત થયેલ છે.

## સેતલવાડ, ભાસ્કર મણિલાલ

જન્મ : 25 એપ્રિલ, 1907. અમદાવાદ.

બૅંકિંગનો લંડનનો ડિપ્લોમા. કૉંગ્રેસના સક્રિય કાર્યકર. સેંટ જ્હૉન ઍમ્બુલન્સનું કાર્ય. 1942ની લડત વખતે જેલવાસ. 1947 : દેશવિભાજન વેળાએ કુરુક્ષેત્રની નિર્વાસિત છાવણીમાં રાહતકાર્ય.

## સેલર, કીકાભાઈ લીંબાભાઈ

જન્મ : 1912. રાંદેર, જિ. સૂરત.

ખારવા જ્ઞાતિમાં જન્મ. છૂટક મજૂરી કરતા. 1930માં વાંકલ સ્વયંસેવક મંડળના સભ્ય. પ્રભાતફેરીમાં નિયમિત ભાગ લીધો. સૂરત જિલ્લા સમિતિ દ્વારા ચીખલીમાં પ્રવૃત્તિ. ધરપકડ અને સખત માર. 1 વર્ષની જેલ. સ્વરાજ માટે ઉત્સાહી.

## સેલર, પ્રેમાભાઈ બાબરભાઈ

જન્મ : 1904. રાંદેર, જિ. સૂરત.

ખારવા જ્ઞાતિમાં જન્મ. ગરીબાઈને કારણે શાળાથી વંચિત. આઇસ-ક્રીમ, બરફ વગેરેની લારી ફેરવતા. 1942માં પકડાયા. વિસાપુર જેલમાં 1 વર્ષની સજા.

## સેલર ભીમજીભાઈ લાલુભાઈ

જન્મ : 1900. ખારવા જ્ઞાતિ. રાંદેર, જિ. સૂરત.

રાંદેરની એક વૉલંટિયર ટુકડીના નાયક. સૂરતમાં કલેક્ટર કચેરી આગળ પિકેટિંગ વખતે કૂચ લઈ ગયા. ત્યાં તેમની ધરપકડ કરવામાં આવી. ત્રણ દિવસ કસ્ટડીમાં રાખી છોડી મૂકવામાં આવ્યા. મનાઈહુકમ છતાં તેનો ભંગ કરીને રાંદેરમાં વારંવાર સરઘસો કાઢતા અને તેની આગેવાની તેઓ લેતા.

## સેંદાણી સવજીભાઈ

પાડાસણ, જિ. રાજકોટ.

રાજકોટ સત્યાગ્રહમાં સભા-સરઘસમાં ભાગ લેતા હતા. રાજકીય કિન્નાખોરીથી તોફાની તત્વો દ્વારા તેમનું ખૂન કરવામાં આવ્યું.

## સૈનિક, છોટુભાઈ

વલસાડ. ખેડા.

1930-32 : સત્યાગ્રહ. કારાવાસ. 1942 : સત્યાગ્રહ. કારાવાસ. આજીવિકા માટે છાપાં વેચવાનું કામ. બચત રૂ. 5,000. તેના વલસાડ પુસ્તકાલય માટે ગાંધીસાહિત્યનાં પુસ્તકો લીધાં.

## સૈયદ, અહમદ સૈયદ મુસ્તફા ઍન્ડ્રૂસ (કાળા બાવા)

જન્મ : 22 ઑગસ્ટ, 1881. સૂરત.

માતાપિતા દેશપ્રેમી. 1902માં પિતાને મળવા ડર્બન ગયા ત્યારે ગાંધીજી સાથે મેળાપ થયો. 'નાતાલ મરક્યૂરી'માં પ્રસિદ્ધ થયેલા એક લેખનો તરજુમો કરી ગાંધીજીને બતાવતાં તેઓ ખુશ થયા. ટ્રાન્સવાલ સત્યાગ્રહ વખતે ગાંધીજી પર પથ્થરો પડ્યા હતા ત્યારે એમના પિતાએ ગુનેગારોને પકડીને ગાંધીજી પાસે રજૂ કર્યા. પણ તેમણે માફી આપી. 1907માં દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા. 1908થી આબકારી ખાતામાં હતા ત્યારથી જ દારૂબંધીનો પ્રચાર કરવા માંડ્યો. ગાંધીજીની હાકલથી નોકરીમાંથી રાજીનામું. કૉંગ્રેસ અને ખિલાફતની ચળવળમાં ભાગ લીધો. દેશ સ્વતંત્ર નહિ થાય ત્યાં સુધી કાળાં વસ્ત્રો પહેરવાની પ્રતિજ્ઞા. ત્યારથી તેઓ 'કાળા બાવા' તરીકે ઓળખાતા. બારડોલી સત્યાગ્રહ વખતે પ્રચારકાર્ય. 1937થી 41 સુધી સૂરત સુધરાઈના કૉંગ્રેસ પક્ષના સભ્ય. 1948માં તેઓ દક્ષિણ આફ્રિકા ગયા. 1 વર્ષ રહીને પાછા ફરતાં 8-2-1949ને દિવસે સ્ટીમરમાં અવસાન.

## સોનાબહેન

સૈજપુર. વર્ષ : 20.

1930ની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા સ્ત્રીઓના સરઘસ ઉપર પોલીસોએ સખત લાઠીચાર્જ કરી અનેક સ્ત્રીઓને ઘાયલ કરી. તેમાં તેમને બંદૂકના 4થી 5 કુંદા મારવાથી બરડામાં ઈજાઓ થઈ હતી.

## સોનાબહેન

દાવોલ. ઉંમર : 50.

બોરસદમાં 21 જાન્યુઆરી 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના ફટકા તથા બૂટની લાતોથી હાથ અને બરડા પર ઈજા થઈ હતી.

## સોનાબહેન મંગળભાઈ

ઉંમર : 35. વહેરા, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો, ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને પેઢામાં બંદૂકનો કુંદો વાગવાથી ઈજા થઈ.

## સોનાબા મોતીભાઈ

આંકલાવ, જિ. ખેડા. ઉંમર : 50.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના પ્રહારોથી બરડો તથા જાંઘ પર ઈજા થઈ હતી.

## સોનાવાલા કમળાબહેન

વતન : સૂરત.

મુંબઈના ઉપનગર સત્યાગ્રહ છાવણીનાં પહેલા સરમુખત્યાર તરીકે 1930-32ની ચળવળમાં ભાગ લીધો. તે માટે ધરપકડ કરીને સરકારે નવ મહિનાની કેદની સજા ફટકારી હતી.

## સોની, કાશીરામ વ્રજલાલ

સરભાણ, ભરૂચ.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. સભાઓ, સરઘસો, ભૂગર્ભપ્રવૃત્તિ. ધરપકડ અને છુટકારો. પુનઃ લડતમાં સક્રિય. વૉરંટ. ભૂગર્ભવાસ. ઘર ઉપર જપ્તી. 1947 : 3 વર્ષે પ્રગટ થયા.

## સોની, કિરીટકુમાર

જન્મ : 1922. અમદાવાદ.

વિદ્યાર્થી કાર્યકર. 1942ની ચળવળમાં અમદાવાદમાં સરઘસોમાં જોડાતા. લાઠીમાર ખાધો. પત્રિકાનાં બંડલો પહોંચાડીને લત્તાઓમાં વહેંચી દેતા. પોલીસ પર પથ્થરમારો. મે, 1943માં ધરપકડ. 2 માસ સાબરમતી જેલમાં હિન્દ સંરક્ષણ ધારા હેઠળ અટકાયત.

## સોની, ગોવિંદજી ડાહ્યાભાઈ

જન્મ : જેતપુર, જિ. રાજકોટ.

1930ની ચળવળમાં ભાગ લીધો. પરદેશી કાપડની દુકાન પર પિકેટિંગ કરતાં ધરપકડ. કેસ ચલાવી, બે માસની કેદની સજા. કાઠિયાવાડ રાજકીય પરિષદમાં સૈનિક તરીકે સેવા બજાવી.
નિધન થયેલું છે.

## સોની, જમનાદાસ વેલજીભાઈ

જન્મ : 9 ફેબ્રુઆરી, 1925. રાજકોટ.

વિદ્યાર્થીકાળમાં 13 વર્ષની ઉંમરે રાજકોટની લડતમાં ભાગ. ધરપકડ. 6 માસની સખત કેદની સજા અને દંડ. પોલીસના હાથે અવારનવાર મારપીટ.

## સોની, ઝૂમકલાલ

દાહોદ.

જાન્યુઆરી, 1932માં યુવાનો અને વિદ્યાર્થીઓએ હાઈસ્કૂલ પાસેથી સરઘસ કાઢતાં તેમના ઉપર સખત સોટીમાર. ઝૂમકલાલને ઝૂડી નાખ્યા. ધરપકડ. 6.5 માસની કેદની સજા.

## સોની, ત્રિકમલાલ પીતાંબરદાસ

વનારિયા, રાજકોટ. અભ્યાસ : 5 ગુજરાતી. વ્યવસાયઅર્થે લાલી નિવાસ. 1930 : મીઠા-સત્યાગ્રહ. 2 મહિના કારાવાસ. 50 રૂપિયા દંડ માટે જપ્તી કરી. પાછળથી સંન્યાસી.
સોની, નટવરલાલ ત્રિભોવનદાસ

## દેવગઢબારિયા, જિ. દાહોદ.

દેવગઢબારિયા દેશીરાજ્ય. 1942માં ત્યાં ચળવળનું વાતાવરણ નહોતું. તેથી ગોધરા જઈ ધ્વજ સહિત સરઘસમાં જોડાયા. 'ઇન્કિલાબ ઝિંદાબાદ'ના નારા સહિત મામલતદારની કચેરી પર ધ્વજ ચડાવતાં ધરપકડ. 2 માસની કેદની સજા.

## સોની, નટવરલાલ પૂનમચંદ

જન્મ : 1914 આશરે. નિવાસ : કપડવંજ.

1930ની લડત વખતે ચૌદ જણની ટુકડીમાં ધરપકડ અને ત્રણ માસની સજા. તે વખતે નાની ઉંમર. ગુપ્ત પત્રિકા છાપવા, વહેંચવાનું કામ કરતા.

## સોની, નટવરલાલ હીરાલાલ

સૂરત.

1942ની લડતમાં ભાગ લીધો. પ્રભાતફેરીમાંથી પકડવામાં આવ્યા. 9 મહિનાની સજા થઈ. સાબરમતી અને યરવડા જેલમાં રહ્યા.

## સોની, પોપટલાલ કોદરલાલ

અમદાવાદ.

1942ની ચળવળ દરમિયાન બનાવટી નામથી મુંબઈથી બૉંબ બનાવવાનાં રસાયણો રેલવે દ્વારા મંગાવ્યાં તથા બૉંબ બનાવવા માટે અમદાવાદમાં વિવિધ જૂથોને તે વહેંચ્યાં. ખૂબ ગરીબીમાં અવસાન થયું.

## સોની, મગનલાલ

ભરૂચ.

1930માં ધરાસણા જઈ અસહકારની લડતમાં ભાગ લીધો. 1942ની લડતમાં ભાગ લીધો. તેમના બે ભાઈઓ જેલમાં ગયા. મગનભાઈએ છૂપી પ્રવૃત્તિ ચાલુ કરી. પકડાયા. કુટુંબ દુઃખી

થઈ ગયું. તેમનાં પત્ની સરસ્વતીબહેને ઘણો ભોગ આપ્યો.

## સોની, મંગળદાસ નરોત્તમદાસ

સૂરત.

જન્મ કરાડીમાં થયો. 1930થી 1942 સુધી ચળવળને લીધે ધંધો મંદ હતો. છતાં 1942ની ચળવળમાં જોડાયા. ધરપકડ વહોરી. 13 માસ જેલમાં વિતાવ્યા.

## સોની, રણજિતલાલ છગનલાલ

નિવાસ : સૂરત.

વ્યવસાય : શિક્ષણ, માપબંધી (ફૂડ કંટ્રોલ) કાર્યાલયમાં. 1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. પ્રભાતફેરી, દેશભક્તિનાં ગીતોનું ગાન, ભાષણ, કારાવાસ. મુક્તિ પછી પુનઃ દેશસેવાનું કાર્ય. યુવક મંડળમાં સેવા. તામ્રપત્ર.
અવસાન : 11 નવેમ્બર, 1974.

## સોની, રતિલાલ ભીમજીભાઈ

ભાવનગર.

1942ની લડતમાં ભાગ લીધો. સભા-સરઘસોમાં ભાગ લીધો. ધરપકડ થઈ. લાંબો જેલવાસ ભોગવ્યો.

## સોની, રમણલાલ પીતાંબરદાસ

જન્મ : 25 જાન્યુઆરી, 1909. કોકાપુર, જિ. સાબરકાંઠા. નિવાસ : અમદાવાદ.

1930 : મોડાસા નગર તથા ક્ષેત્રમાં સ્વાતંત્ર્યસંગ્રામની જનજાગૃતિની પ્રવૃત્તિ. સંગ્રામ પત્રિકાનું સંપાદન. 4 વાર ધરપકડ. 2 વાર કારાવાસ. 1930 : દોઢ મહિનો કારાવાસ. 1932 : 6 મહિના કારાવાસ. ધોલેરા, રાણપુર, મુંબઈમાં સત્યાગ્રહ. યુદ્ધગીતોનું પુસ્તક 'રણનાદ' જપ્ત. ધોલેરા મીઠા-સત્યાગ્રહ, ભાષણ, દેશદ્રોહ માટે ધરપકડ. દેશી રાજ્યોનાં મંડળમાં સક્રિય. પ્રાકૃતિક સંકટો સમયે સેવાકાર્ય. 1952-56 : ધારાસભ્ય. બંગાળી ગ્રંથોનાં ભાષાંતર. બાલસાહિત્યલેખન. 1996 : રણજિતરામ સુવર્ણચંદ્રક વિજેતા.

## સોની, રમણલાલ ચૂનીલાલ

ગોધરા, જિ. પંચમહાલ.

1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન, 14 ઑગસ્ટ, 1942ની સવારે ગોધરામાં મોટું સરઘસ. 'ઇન્કિલાબ ઝિંદાબાદ', 'અંગ્રેજો ચાલ્યા જાવ' સૂત્રો પોકાર્યાં. પોલીસે લાઠીમાર, ધરપકડ. 6 માસની કેદની સજા.

## સોની, વાડીલાલ પૂનમચંદ

1930 : સવિનય ભંગ સત્યાગ્રહ. ધરપકડ થઈ. 3 મહિના કારાવાસ. આર્થિક ભીંસ.
વ્યવસાય : સોનીકામ.
અવસાન : 1963.

## સોની, શિવલાલ ઇચ્છાશંકર

## લીંબડી, જિ. સુરેન્દ્રનગર.

લીંબડી પ્રજામંડળમાં જોડાયા. પરિણામે રાજ્યાશ્રિત ગુંડાઓએ તેમના ઘરબારને નુકસાન પહોંચાડ્યું. બંધાઈ રહેલું નવું મકાન જમીનદોસ્ત કર્યું. છેવટે હિજરત કરી ગયા.

## સોપારીવાળા, મધુમતી ચૂનીલાલ

જન્મ : 16 જાન્યુઆરી, 1909. સૂરત.

1927 : સૂરત ભગિની સમાજમાં સક્રિય. 1930 : સવિનય કાનૂનભંગ સત્યાગ્રહ. 6 મહિના કારાવાસ. 1931 : 1 વર્ષનો કારાવાસ. 200 રૂપિયા દંડ. 1942-49 સૂરત નગરપાલિકાના સભ્ય. સામાજિક પ્રવૃત્તિ.

## સોબાની ઉમર

મુંબઈ, વતન : કચ્છ. પરેલ પરની એલ્ફિન્સ્ટન મિલના એજન્ટ. શ્રીમંત યુવક હતા. મિલમાલિક. હોમરૂલ લીગની મુંબઈ શાખાના મંત્રી.

ગુજરાતનાં નગરોમાં વખતોવખત આવી, સભાઓને સંબોધી હોમરૂલ લીગનો પ્રચાર કરતા, શાખાઓ સ્થાપતા, તેનું પ્રચાર-સાહિત્ય વહેંચતા.

રૉલેટ ઍક્ટ 1919નો વિરોધ કરવા મુંબઈમાં સત્યાગ્રહ સભા સ્થાપી તેના મંત્રી. મુંબઈમાં હોર્નિમેન, રતનસી, શંકરલાલ બૅંકર સાથે ‘યંગ ઇંડિયા’ સાપ્તાહિક શરૂ કરેલું.

સત્યાગ્રહની સભાનું કામ બંધ થતાં સ્વદેશી સભામાં જોડાયા. સ્વદેશીનું વ્રત લીધું. મુંબઈમાં પ્રાંતિક સમિતિની પુનઃરચના થઈ. એના મંત્રીઓ સોબાની અને શંકરલાલ બૅંકર હતા. મિલઉદ્યોગમાં ટિળક સ્વરાજ ફંડ ઉઘરાવતા હતા. કૉંગ્રેસની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેતા. તેમણે ટિળક સ્વરાજફંડમાં એક લાખ રૂપિયા આપ્યા હતા.

## સોમણ, રામચંદ્ર જગન્નાથ

જન્મ : 27 ઑક્ટોબર, 1901. ઇંદોર, મધ્યપ્રદેશ.

પ્રાથમિક મરાઠી ચિપલૂણમાં, અંગ્રેજી શાળા તથા પ્રથમ વર્ષ કૉલેજનો મુંબઈ, શેષ અભ્યાસ અમદાવાદમાં ગૂજરાત કૉલેજમાં. 1924 : અમદાવાદ સ્નાતક. 1924-44 સાબરમતી સત્યાગ્રહાશ્રમ, ગૂજરાત વિદ્યાપીઠ, નવજીવન પ્રકાશન મંદિર, વર્ધા ગાંધી સેવાસંઘમાં સેવાકાર્ય કર્યું. સત્યાગ્રહ કરી 3 વાર કારાવાસ વેઠ્યો. 1953 : ગુજરાત યુનિવર્સિટીના પીએચ. ડી. ગુજરાતી, અંગ્રેજીમાં પુસ્તકલેખન.

## સોમાણી કાળિદાસ

જન્મ : ધ્રોળ, જિ. જામનગર.

ધ્રોળ સત્યાગ્રહમાં ભાગ લેવાને કારણે સહન કરવું પડ્યું. ધ્રોળ રાજ્યના જુલમો સામે છેવટ સુધી ઝઝૂમ્યા. ધ્રોળ છોડવું પડ્યું. નિવૃત્ત જીવન રાજકોટમાં.

## સોમાણી કેશવલાલ તારાચંદ

ગઢાળી, જિ. ભાવનગર.

1942ની રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. ધરપકડ. જેલવાસ ભોગવ્યો. રાજ્ય-સરકાર તરફથી પેન્શન એનાયત થયેલ.

## સોમાભાઈ મથુરભાઈ

પણસોરા, તા. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. મે, 1930માં ખેડા જિલ્લાની ટુકડીમાં ધરાસણાના મીઠાના અગરોમાંથી મીઠું લૂંટી કાયદાભંગ કરવા ગયા. ત્યાં સખત લાઠીચાર્જનો ભોગ બન્યા. તેમને સખત માર મારીને કાંટાની વાડમાં ફેંકી દીધેલા.

## સોમેશ્વર ભીખાભાઈ

આણંદ.

1932 : 4 ઑક્ટોબરે ગાડીમાં પત્રિકાવિતરણ. ધરપકડ, 4 મહિના કારાવાસ. 25 રૂપિયા દંડ.

## સોમૈયા, જ્યેષ્ઠારામ ભવાનજી

જન્મ : 14 નવેમ્બર, 1904. રાજકોટ.

વ્યવસાય અર્થે કરાંચી. રાષ્ટ્રભાવના. 1930ની મીઠાની લડત વખતે સત્યાગ્રહમાં ભાગ લીધો. અટકાયત. 1 વર્ષની જેલ. 1932માં અટકાયત. 11 વર્ષની જેલ. 1947માં હિન્દના ભાગલા થતાં રાજકોટમાં નિવાસ. જાહેરસેવક. નિધન થયેલ છે.

## સોમૈયા, હરજીવનદાસ

જન્મ : 1908. જામનગર.

કરાંચીમાં રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો. 1930-31ની મીઠાની લડત વખતે ધોલેરા છાવણીમાં જોડાયા. મીઠાના કાયદાનો ભંગ કરતાં જેલવાસ ભોગવ્યો. 9-7-1942ના રોજ અવસાન.

## સોરઠિયા, મગનલાલ વનમાળીદાસ

સૂરત.

એમનું 'દેશીમિત્ર' પત્ર રાષ્ટ્રવાદી હતું. આઝાદીની લડતો દરમિયાન જેલ ભોગવી. પ્રેસને સીલ લાગ્યાં. 1922માં 'અસહકાર' પત્રના મુદ્રક પ્રકાશક તરીકે એમને 9 મહિનાની કેદ અને રૂ. 500ના દંડની સજા. લડતના સમયે 'દેશીમિત્ર'ના વધારા અને રાજદ્વારી ખટલાના હેવાલોનાં પુસ્તક પ્રગટ કરતા હતા. 'કરાંચીનો મુકદ્દમો' નામનું પુસ્તક સરકારે જપ્ત કર્યું. 1931માં 'સમી સાંજ' પત્ર પ્રગટ કરતા ત્યારે પ્રેસને સરકારે સીલ લગાવ્યાં અને જામીનગીરી માંગી હતી. ભાંગફોડપ્રવૃત્તિ એમના પ્રેસમાંથી થતી. સરકારે ધરપકડ કરી. કારીગર રણછોડને 2 વર્ષની સજા થઈ. મગનભાઈ છૂટી ગયા.

## સોરઠી કાળિદાસ નરસિંહદાસ

જન્મ : 1900. વતન : વેરાવળ, જિ. જૂનાગઢ. અભ્યાસ : ધોરણ 4.

ધંધૂકા–ધોલેરાના મીઠાના સત્યાગ્રહમાં ભાગ લેતાં છ મહિનાનો અને બીજી વાર સાડાચાર માસનો જેલવાસ ભોગવ્યો. જૂનાગઢના નવાબી તંત્રના ત્રાસના પરિણામે વેરાવળ છોડીને પોરબંદર જઈને વસ્યા.

## સોલંકી, ખોડાભાઈ ઝવેરભાઈ

જન્મ : 1904. ગોરવા, જિ. ખેડા.

1930 : મીઠા-સત્યાગ્રહ. ગોરવા પકાવેલા મીઠાનું ઘેરઘેર વેચાણ. ધરપકડ. 12 મહિના કારાવાસ. 1 મહિનો સાબરમતી, 11 મહિના નાશિક. મદ્યનિષેધ, સમાજસેવાની પ્રવૃત્તિ.

## સોલંકી, ગંભીરસિંહ નાથુસિંહ

જન્મ : 1916. ડભોઈ, જિ. વડોદરા.

1930માં સરઘસ પરના લાઠીમારથી ઘાયલ. દારૂનાં પીઠાં પર પિકેટિંગ. પંચમહાલ જિલ્લાનાં ગામોમાં સત્યાગ્રહનો પ્રચાર. 1932ના સત્યાગ્રહમાં પંચમહાલ જિલ્લાની લડતના 44મા સરમુખત્યાર. ધરપકડ. 1 વર્ષની સજા અને રૂ. 150 દંડ. દંડ ન ભર્યો તેથી 6 માસની સજા વધારે. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં ડભોઈ તાલુકાની લડતનું સંચાલન. સરઘસમાં લાઠીમારથી ઈજાઓ. ધરપકડ. રૂ. 50 દંડ. દંડ ન ભરવાથી વાસણ જપ્ત.

## સોલંકી, છગનભાઈ પ્રેમજીભાઈ

નિવાસ : બીલીમોરા. વતન : માસા, ગણદેવી. જ્ઞાતિ : હરિજન. હરિજનસેવા. પરીક્ષિતલાલ મજમુદારની દોરવણી. અભ્યાસ : ગૂજરાત વિદ્યાપીઠ. 1942ની ચળવળમાં સભા-સરઘસોમાં ભાગ લીધો. ભૂગર્ભપ્રવૃત્તિમાં જોડાયા.

## સોલંકી, જવસિંહ માનસિંહ

જન્મ : 1912 આશરે. નેલસુર, જિ. દાહોદ.

1930ની ચળવળમાં દાહોદના દુકાળપુરામાં દારૂની દુકાને પિકેટિંગ કરતાં ધરપકડ. 4 માસની કેદની સજા. ત્યારથી આદિવાસી કાર્યકર બન્યા અને સ્વાતંત્ર્યસંગ્રામમાં પણ જોડાયા.

## સોલંકી, ડાહ્યાભાઈ કલ્યાણજી

જન્મ : 7 સપ્ટેમ્બર, 1911. કછોલી, જિ. નવસારી.

હરિજન. ગુજરાતી બે ધોરણનો અભ્યાસ. અબ્રામા, ગોધરા અને નવસારીના હરિજન આશ્રમોમાં અભ્યાસ માટે રહ્યા. મામા ફડકે, પરીક્ષિતલાલ મજમુદાર અને હરિવદન ઠાકોરના સંપર્કથી સ્વદેશાભિમાન. વણાટકામ શીખવા સાબરમતી આશ્રમમાં રહ્યા. ગાંધીજીનાં પ્રવચનો તથા દર્શનનો લાભ. 1930ની ચળવળમાં કરાડીમાં મીઠાના કાયદાનો ભંગ. પ્રભાતફેરી, સભા, સરઘસ વગેરે કાર્યક્રમોમાં સક્રિય. જલાલપોરનાં

તાડીનાં પીઠાં પર પિકેટિંગ કરતાં 8 જણાની ટુકડી સાથે ધરપકડ. ત્યાં હાજર ઠાકોરભાઈ દેસાઈ, હરિવદન ઠાકોર અને રંગીલદાસ કાપડિયા પણ પકડાયા. દરેકને 6 માસની કેદ અને રૂ. 25ના દંડની સજા. સાબરમતી, યરવડા અને વિસાપુરની જેલોમાં સજા ભોગવી. 1938માં હરિપુરામાં કૉંગ્રેસના અધિવેશનમાં સ્વયંસેવક. સ્વચ્છતા વિભાગ. ધંધાર્થે 1941માં પૂર્વ આફ્રિકા ગયા. ત્યાંથી 1965માં ઇંગ્લૅન્ડ ગયા.

## સોલંકી, ડાહ્યાભાઈ જીવણભાઈ

જન્મ : 1905. રાજકોટ.

1936માં રાજકોટ કાપડ મિલકામદાર મંડળે કામદારો ઉપર થતા અન્યાયો સામેની લડતમાં ભાગ લીધો. હદપાર. સમાધાન થતાં પરત. રાજકોટની લડતમાં જોડાયા. પોલીસનો માર સહન કર્યો. મજૂરસંગઠનના અગ્રણી કાર્યકર્તા.

## સોલંકી, પુરુષોત્તમભાઈ જેઠાભાઈ

વતન : વસો, તા. નડિયાદ, જિ. ખેડા. અભ્યાસ : અંગ્રેજી ત્રણ ધોરણ.

1920-21ની અસહકારની ચળવળમાં ભાગ લીધો. પાછળથી હરિજન સેવક સંઘમાં જોડાઈને હરિજનોની સેવા કરી. 1942ની 'હિન્દ છોડો' લડતમાં હરિજન કાર્યકરો સાથે મળીને ભૂગર્ભમાં કામ કર્યું.

## સોલંકી, પુરુષોત્તમ હરિશ્ચન્દ્ર

નિવાસ : અમદાવાદ.

પીપળી, કોડીનાર. બ્રિટિશ નૌસેનામાં નોકરી. તેનો ત્યાગ. 1942ની લડતમાં ભાષણો. ધરપકડ. કારાવાસ. કરાંચી(હવે પાકિસ્તાનમાં) માં કારાવાસ. મુંબઈ. કલ્યાણ. કારાવાસ. 1 વર્ષ અને 6 મહિના. સમાજસેવા. વ્યવસાય : નોકરી.

## સોલંકી, ફૂલાભાઈ ઝીણાભાઈ

ગોરવા, જિ. ખેડા.

1932 : સ્વાતંત્ર્યસંગ્રામમાં સક્રિય. ધરપકડ. 1 વર્ષ કારાવાસ. 100 રૂપિયા દંડ.

## સોલંકી, ભાવાભાઈ માવાભાઈ

લીંબાસી, જિ. ખેડા.

1930-32 સવિનય ભંગ સત્યાગ્રહ. ધરપકડ. 4 મહિના કારાવાસ.

## સોલંકી, મંગળભાઈ આદરભાઈ

જન્મ : 1903. વતન : રતનપુરા, જિ. આણંદ. અભ્યાસ : પાંચ ધોરણ સુધી.

1942ની 'હિન્દ છોડો' ચળવળ વખતે છોટુભાઈ પુરાણી અને ઈશ્વરભાઈ જેઠાભાઈ સાથે મળીને ભૂગર્ભમાં કામ કરેલું તેમજ ભારે મુસીબતોનો સામનો કરીને દારૂની દુકાનો ઉપર પિકેટિંગનું કાર્ય કરેલું.

## સોલંકી, (ડૉ.) મોહનલાલ માનાજી

જન્મ : 17-11-1909. લીલિયા, જિ. અમરેલી.

1931-32માં ડૉ. હરિપ્રસાદ ભટ્ટના નેતૃત્વ નીચે સત્યાગ્રહમાં ભાગ લીધો. 1942ની 'હિન્દ છોડો' લડતમાં ભૂગર્ભમાં રહીને જોખમી કામગીરી કરી.

## સોલંકી, મોહનસિંહ

અમદાવાદ.

1942ની ચળવળમાં સરસપુરના વૉર્ડનાયક. અગાઉ કૉંગ્રેસ સેવાદળના અધિકારી. 1930માં ધરાસણા તથા વિરમગામના સત્યાગ્રહોમાં ભાગ લીધો. 1941માં સરસપુર પાસેના નિકોલ ગામેથી વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો. ધરપકડ. છ માસની કેદની સજા. જયંતી ઠાકોર, વાસુદેવ ભટ્ટ, પોતે, જેસીંગભાઈ ઠાકોર, ચીમનભાઈ પટેલ (1942માં મણિનગરના વૉર્ડનાયક) અને રમણભાઈ પટેલ સહિત 10

યુવકોએ દેશ પ્રત્યે વફાદારી રાખવી તથા પોતાના પ્રાણ કરતાં દેશની આઝાદીના કાર્યને વધારે મહત્વ આપવાના પ્રતિજ્ઞાપત્ર પર લોહીથી સહી કરી. વ્યાયામશાળાના સેંકડો યુવાનોના તે આગેવાન હોવાથી, તે બધાને લડતની કામગીરી સોંપી. ભીંતપત્રો અને ભોંયપત્રિકાઓ નિયમિત લખાવતા. પત્રિકા માટે સમાચાર મેળવવા, પત્રિકા- વહેંચણીનું સફળ આયોજન. સાઇક્લોસ્ટાઇલ મશીન સ્થળ, બુદ્ધિ અને હિંમતપૂર્વક બદલતા. વેશપલટો કરવામાં ઘણા કુશળ. ડિસેમ્બર, 1942માં નાતાલ વખતે અમદાવાદના જૂના રેલવેસ્ટેશન પાછળ અંગ્રેજોની કલબ પર બૉમ્બ નાખ્યો. ફૂટ્યો નહિ. મોહનસિંહ રિવૉલ્વર રાખીને ફરતા. બૉબની હેરાફેરી માટે રક્ષણ આપતા. સૌરાષ્ટ્રનાં દેશીરાજ્યોમાંથી રિવૉલ્વર ખરીદી લાવ્યા. નડિયાદમાં ખુરશીમાં બેઠેલા પોલીસ સબ-ઇન્સ્પેક્ટરની રિવૉલ્વર ખેંચીને નાસી જઈ, ચાલુ ખટારામાં ચડી ગયા. પ્રાંતિજથી ગનપાઉડર લઈ આવ્યા. મહેસાણામાં પકડાયા. પોલીસચોકીમાં રાત્રે બેસાડી રાખ્યા. તેમને તાવ હતો. છતાં સંત્રીની બૅયોનેટ ખેંચી, તેને પેટમાં લાત મારી, તેની બંદૂક ખેંચીને નાસી ગયા. સિદ્ધપુર સુધી દોડીને ટ્રેન પકડી અમદાવાદ ગયા. કદી પકડાયા નહિ.

## સોલંકી, વાલજીભાઈ નથુભાઈ

જન્મ : 30-4-1915. પોરબંદર.

ખેડા સત્યાગ્રહમાં ભાગ લીધો. 1930ની મીઠાની લડત દરમિયાન ધોલેરા, રાણપુર, બરવાળા છાવણીમાં કામ કર્યું. પોલીસનો સખત માર પડવાથી પગે વાગ્યું. જીવનભર ખોડ રહી ગઈ. લડત દરમિયાન સાબરમતીમાં 9 માસ જેલવાસ ભોગવ્યો. બ્રિટિશ હિન્દમાંથી હદપાર કરવામાં આવ્યા.

## સોલંકી, શંકરભાઈ બહેચરભાઈ

ગોરવા, જિ. ખેડા.

1935 : ના-કરની લડત. હાજરી પુરાવવાનો વિરોધ. 2 વર્ષ કારાવાસ. 200 રૂપિયા દંડ.

## સોલા, મકનજી

જન્મ : બાજીપુરા, બારડોલી, જિ. સૂરત.

1942 ‘હિન્દ છોડો’ આંદોલનમાં ભૂગર્ભવાસ કરી સરકારને તંગ કરવા હિંસાત્મક કાર્યોની યોજના ચલાવી. તેમણે બાળી મૂકેલું કહેર રેલવેસ્ટેશન 1947 પછી સ્વતંત્રતામાં તેમના હાથે જ નવેસરથી ખુલ્લું મુકાયું. હાથમાં બૉંબ ફૂટી જતાં ઘવાયા. પકડવા માટે રૂ. 10,000 પુરસ્કાર ઘોષિત થયો. 1944 : ગાંધીજીના આદેશથી ભૂગર્ભવાસ ત્યજી પોલીસ સમક્ષ ઉપસ્થિત થયા.

## સોહમ્

નિવાસ : વિન્સવર્થ, ઇંગ્લૅન્ડ. વતન : નડિયાદ, જિ. ખેડા.

નડિયાદ : સંતરામ મહારાજના સંસ્કારો. 1930 : સત્યાગ્રહ કરવાથી ધરપકડ થઈ. કારાવાસ. 1941 : સત્યાગ્રહ. ધરપકડ. કારાવાસ. પત્ની રાધાબહેન પણ તેમની સાથે હતાં. 1947 : વ્યવસાય : અમદાવાદમાં જ્યોતિષાશ્રમ. આફ્રિકાનિવાસ. છેલ્લે ઇંગ્લૅન્ડમાં સ્થાયી.

## સ્વામી આનંદ

જન્મ : 1887, પાણશીણા, જિ. સુરેન્દ્રનગર.

ગાંધીજી 1915માં ભારતમાં આવ્યા ત્યારે તેમના સંપર્કમાં આવ્યા. ગાંધીજી જેલવાસી થયા ત્યારે ‘નવજીવન’ પત્રની વ્યવસ્થા સંભાળી. 1922માં તેમની ધરપકડ થઈ. જેલવાસ ભોગવ્યો. બિહાર ધરતીકંપ વખતે ગાંધીજીએ એક ટુકડી બિહાર મોકલી હતી. તેના તેઓ અગ્રણી હતા. બારડોલી લડત વખતે સરદારની જોડાજોડ રહીને કામ કર્યું.

1930ના મીઠાના સત્યાગ્રહ વખતે તેમજ 1932માં એમ બે વખત જેલવાસ ભોગવ્યો. 1935માં થાણા જિલ્લાના આદિવાસીઓ વચ્ચે થાણું નાખ્યું. પદયાત્રા કરી. 734 ગામોની પરિસ્થિતિ અંગે સર્વે કરી કરુણાજનક પરિસ્થિતિનો ચિતાર આપ્યો. કસ્તૂરબાની પુણ્યસ્મૃતિમાં 'કસ્તૂરબા સ્મારક ટ્રસ્ટ'ની રચના થઈ ને મંત્રી તરીકે જવાબદારી ઉઠાવી. 1947માં વિભાજન થયું ત્યારે નિર્વાશ્રિતોના કૅમ્પો ચલાવ્યા. ગાંધીજીને આત્મકથા લખવા તેમણે પ્રેરેલા. પ્રખર દેશભક્ત. કેટલાંક પુસ્તકોના લેખક.

અવસાન : 25 જાન્યુઆરી, 1978.

## સ્વામી નિરંજન

અછારણ, જિ. સૂરત.

મૂળ નામ મકનજી ગોપાળજી પટેલ. સમાજ-સુધારણાના હિમાયતી. રાજકીય ક્ષેત્રે જહાલવાદી. કોલકાતામાં સ્વદેશીની ચળવળ અને બંગાળના ભાગલાની ચળવળમાં ભાગ લીધો. ગાંધીજીએ ઓલપાડ તાલુકામાં રાજકીય પ્રવૃત્તિનું કામ સોંપ્યું. ઓલપાડમાં ભાષણ કરતાં ધરપકડ. 80 વર્ષની ઉંમરે આઠ મહિનાની જેલ. દાંડીકૂચ વખતે ગાંધીજી સાથે હતા. તેમના દીકરા ભાસ્કરભાઈ નાગપુરના ઝંડા સત્યાગ્રહમાં 18 વર્ષની ઉંમરે જેલમાં ગયા હતા.

સ્વામી પૂર્ણાનંદજી ઉર્ફે દેસાઈ રવીન્દ્રકુમાર એમ.

## ઊના, જિ. જૂનાગઢ.

રાષ્ટ્રીય લડતોમાં ભાગ લીધો. રાજ્યના જુલમોના ભોગ બન્યા. રાજ્ય-સરકાર તરફથી તેમને પેન્શન એનાયત થયેલ છે.

## સ્વામી વલ્લભ

જન્મ : ડુમસ, જિ. સૂરત.

મૂળ નામ : વલ્લભભાઈ ભગવાનજી. બાળપણમાં માતાપિતાનું અવસાન. દાદા નિરંજન સ્વામી ગાંધીજીના પરિચયથી સુધારક વિચારો ધરાવતા.

1917માં 13 વર્ષની ઉંમરે સાબરમતી આશ્રમમાં પ્રવેશ. ગાંધીજી અને વિનોબા સાથે વર્ષો સુધી રહ્યા. 1942ની 'હિન્દ છોડો' લડત દરમિયાન વર્ધાના આશ્રમમાં નિવાસ. ભાંગફોડના આરોપ હેઠળ ધરપકડ કરી જેલમાં. પાછળથી નિર્દોષ છુટકારો.

ભૂદાનના પ્રખર કાર્યકર હતા. વિવિધ ભાષાઓનું જ્ઞાન.

અવસાન : 8 ડિસેમ્બર, 1964. સિકંદરાબાદ.

## સ્વામી શિવાનંદજી

જન્મ : 1896, વઢવાણ, જિ. સુરેન્દ્રનગર.

મોતીભાઈ દરજીની પ્રેરણાથી ગાંધીજીના કોચરબ આશ્રમમાં જોડાયા. 1919માં રૉલેટ ઍક્ટ વખતે અમદાવાદમાં તોફાનો ફાટી નીકળતાં તોફાનો શાંત કર્યાં. વઢવાણ આવી ફૂલચંદભાઈની સાથે કામે લાગી ગયા. 1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહમાં જોડાયા. જેલમાં આકરી મજૂરીનાં કામો પાર પાડી સૌને દંગ કરી દીધા. બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. ધરપકડ થઈ. 9 માસની સખત મજૂરીની સજા ભોગવી. 1930ની મીઠાની લડત વખતે રાજકોટની જેલમાં 2 માસ ગાળ્યા. ધ્રોળ, મોરબી તથા ધ્રાંગધ્રાની લડતોમાં ભારે યાતનાઓ વેઠી. મોરબી તથા ભાવનગરમાં વિદેશી કાપડ અંગેના આંદોલનમાં જેલ ભોગવી. 1932માં સાબરમતી, વિસાપુરમાં જેલ ભોગવી. 1942માં ધરપકડ થઈ. વઢવાણની જેલમાં અટકમાં રાખવામાં આવ્યા. જેલને તેમણે આશ્રમ બનાવી દીધો. 1948માં નાનાં નાનાં રજવાડાંઓનો કબજો સંભાળ્યો.

અવસાન : 28-4-1951.

## સ્વામી શ્રીભદ્ર

જન્મ : 1899, ગણદેવી, જિ. નવસારી.

બ્રાહ્મણ પરિવાર. કૉલેજના અભ્યાસ દરમિયાન 1920-21ની અસહકારની ચળવળ શરૂ થતાં કૉલેજ છોડી. પત્રકારના વ્યવસાયમાં જોડાયા. 'ગ્રામસ્વરાજ', 'ફ્રી પ્રેસ જર્નલ', 'સૂરત સમાચાર' વગેરે પત્રોના ખબરપત્રીની કામગીરી. 1932ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ધરપકડ. 6 માસની કેદની સજા.

# હ

## હજીરાવાળા, બાબુભાઈ

સચીન, જિ. સૂરત.

નોકરી છોડી સત્યાગ્રહની લડતમાં ઝંપલાવ્યું. 1942ની ચળવળમાં ભૂગર્ભમાં રહીને પ્રવૃત્તિ કરી. પકડાયા નહિ. એટલે ભાગેડુ જાહેર થયા. એમની માલમિલકત જપ્ત થઈ. પિતા, 3 કાકા, કાકાના 2 દીકરા બધાને જેલમાં લઈ ગયા. તેમના ઘરમાંથી બધી ચીજવસ્તુઓ ઉઠાવી ગયા. દરોડા પડતાં એક વાર પોલીસોએ બુડિયા ગામને ઘેરો ઘાલ્યો. ત્યારે તે નાસી છૂટ્યા. પોલીસે પકડ્યા. જેલમાં લઈ ગયા. ત્યાંથી નાસી છૂટ્યા. મીઠુબહેન પિટીટની સહાયથી ગુપ્તવાસમાં. ગાંધીજીના આદેશથી પોલીસ સમક્ષ હાજર. સજા થઈ. સચીન રાજ્યના વિલીનીકરણની ચળવળમાં પણ તેમણે આગેવાની લીધી.

## હઠીલા, ટીટાભાઈ મેઘજીભાઈ

જન્મ : 1917. લીમડી. જિ. દાહોદ.

1930 : શાળાત્યાગ. દારૂનિષેધમાં પિકેટિંગ. 1 અઠવાડિયું, પછી 1 મહિનો કઠોર કારાવાસ. 15 રૂપિયા દંડ. 1931 : પુનઃ અભ્યાસત્યાગ. 1934માં શાળામાં પ્રાથમિક શિક્ષક. 1942 : લોકક્રાંતિ. ભાંગફોડની પ્રવૃત્તિ. તેમણે જાફરપુરા અને ફૂલપુરાના ચોરા બાળેલા. 2 મહિના કઠોર કારાવાસ. સમાજકાર્ય.

## હરકિશનભાઈ રણછોડભાઈ

વતન : આણંદ.

1933ની 15 જાન્યુઆરી : પીપળાવ મુકામે ગુજરાતના સરમુખત્યારોની પરિષદ. આણંદના પ્રતિનિધિ. 2 વર્ષ કઠોર કારાવાસ. 300 રૂપિયા દંડ.

## હરખચંદ નાગરદાસ

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રાની લડત વખતે રાજ્યના જુલમો સામે માથું ઊંચક્યું. માર સહન કર્યો. હદપાર કરવામાં આવ્યા.

## હરખાબહેન દેસાઈભાઈ

આંકલાવ, જિ. ખેડા.

1930-32ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવવામાં આવ્યો; ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર કરેલ સખત લાઠીચાર્જમાં ખભો, કેડ તથા પગ પર ઈજાઓ થઈ.

## હરખાબહેન દ્યાભાઈ

મુજકૂવા, જિ. આણંદ. ઉંમર : 30.

બોરસદમાં 21 જાન્યુઆરી 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના પ્રહારોથી માથું, ખભો, કોણી અને થાપા પર ઈજા થઈ હતી.

## હરજીવનદાસ લાલજી

જન્મ : 1918. રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ થઈ. રાજકોટ સેન્ટ્રલ જેલમાં 4 માસ જેલવાસ ભોગવ્યો.

## હરિચંદ ગિરધરભાઈ

ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર. સૌરાષ્ટ્ર.

નવેમ્બર, 1931ની ધ્રાંગધ્રાની લોકલડતમાં ભાગ લીધો. વિરમગામના સારાભાઈ નગીનદાસની આગેવાની હેઠળ ચોથી ટુકડીમાં જોડાયા. 25/11 ને બુધવારે વઢવાણથી પગપાળા કૂચ કરી, રાત્રે કટુડા ગામે પહોંચ્યા. ત્યાંથી 26/11ની સવારે પ્રયાણ. ધ્રાંગધ્રા રાજ્યની સરહદ આવતાં મનાઈહુકમનો ભંગ કરવાથી આખી ટુકડીના બધા નવ સભ્યની ધરપકડ. પ્રતાપપુરા ગામે લઈ જઈ એક મકાનમાં પૂરી દીધા. તે ગામના લોકોએ સરકારના પગલાના વિરોધમાં સખત હડતાળ પાડી.

## હરિજન હરખજી રામભાઈ (બઢિયા)

જન્મ : 1912. લાઠી, જિ. અમરેલી.

ગાંધીજીના સાંનિધ્યમાં સાબરમતી આશ્રમમાં બાળપણ વિતાવ્યું. તેમના પિતાશ્રી વણાટકામના નિષ્ણાત હતા.

દાંડીકૂચના 81 સૈનિકોમાંના એક.

ગાંધીજી સાથે 12 માર્ચ 1930થી 5 એપ્રિલ સુધી દાંડીકૂચમાં ભાગ લીધો. દાંડી મુકામેથી તેમની ધરપકડ કરવામાં આવી અને તેમણે જેલવાસ ભોગવ્યો હતો.

## હરિપ્રસાદ નાનાલાલ

જન્મ : 1919. વતન : રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં પકડાયા. રાજકોટ સેન્ટ્રલ જેલમાં 4 માસ જેલવાસ ભોગવ્યો.

## હરિબહેન રણછોડભાઈ

ઉંમર : 30. વહેરા, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે કરેલા બેફામ લાઠીચાર્જમાં તેમને બરડા પર ઈજાઓ થઈ હતી.

## હરિબહેન શનાભાઈ

વહેરા, તા. બોરસદ, જિ. આણંદ.

1930ની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવવા નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં તેમને લાઠીના પ્રહારથી બરડામાં ઈજા થઈ હતી.

## હરિબહેન હાંસાભાઈ

વાસણા. ઉંમર : 30 વર્ષ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસોએ સખત લાઠીચાર્જ કરી અનેક બહેનોને ઘાયલ કરી. તેમાં તેમને લાઠીના ગોદા છાતીમાં મારીને ઈજાઓ કરી હતી.

## હરિબા

થામણા, જિ. આણંદ.

1930ના મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો. 1932માં બીજા તબક્કાની લડત દરમિયાન હરિબાએ ત્રિરંગી ધ્વજ સહિત સરઘસની આગેવાની લીધી અને તે કારણે તેમની ધરપકડ કરીને એક વર્ષની કેદની સજા ભોગવી હતી.

## હરિભાઈ મકનભાઈ

ચલાળા, જિ. અમરેલી.

1942ની લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિમાં ભાગ

લીધો. ધરપકડ થઈ. દંડ તથા જેલની સજા ભોગવી.

## હરિભાઈ મોહનભાઈ

ઊંટડી, ધરાસણા પાસેનું ગામ.

ત્યાં સત્યાગ્રહીઓ માટે છાવણી બાંધવામાં આવી હતી. હરિભાઈ ઉપર છાવણીમાં રહેતા સત્યાગ્રહીઓને મદદ કરવાનો આરોપ મૂકી, 6 મહિનાની કેદની સજા તથા રૂ. 200/- દંડ કરવામાં આવ્યો હતો.

## હરિલાલ

સૂરત.

1857ના બળવાના સમયે હરિલાલ નામના કવિ સૂરતમાં થઈ ગયા. તેમને વિપ્લવની વાતો ફેલાવવાના આરોપસર ધરપકડ કરીને ત્રણ વર્ષની કેદની સજા કરવામાં આવી હતી; જેલમુક્ત બાદ તેમણે 'બળવાના, સમયનું સૂરત' તથા 'સોલ્જરોના અત્યાચાર' શીર્ષક હેઠળ કવિતાઓ લખી હતી.

## હરિલાલ નારણદાસ

અમદાવાદ.

1942ની ચળવળમાં અમદાવાદ સુધરાઈના કર્મચારીઓની હડતાળમાં ભાગ લીધો. 6 માસની સખત કેદની સજા અને રૂ. 200 દંડ અથવા 3 માસની વધુ સજા.

## હરિલાલ વિઠ્ઠલજી

ધારી, જિ અમરેલી.

1942ની લડતમાં ભૂગર્ભપ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ ધરપકડ કરવામાં આવી. દંડ તથા જેલની સજા થઈ હતી.

## હરિશંકર સવાઈલાલ

વતન : રાજકોટ.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં ધરપકડ કરવામાં આવી, 2 માસ જેલવાસ ભોગવ્યો.

## હરિવદન રતિલાલ

વડોદરા.

1942ની 'હિન્દ છોડો' ચળવળ દરમિયાન 34 યુવાનો 18-8-1942ના રોજ સવારે વડોદરાથી લડતનો પ્રચાર કરવા નીકળ્યા. આણંદ અને નજીકનાં ગામોમાં લડતનો પ્રચાર કર્યો. સાંજે પાછા ફરતાં અડાસ રેલવેસ્ટેશને પોલીસોએ તેમના ઉપર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યો. તેમાં તેઓ સખત લાઠીમારથી ઘાયલ થયા હતા.

## હંસરાજ જમનાદાસ

1932માં રાણપુરના સરમુખત્યાર. 27-11-1932ના દિવસે રાષ્ટ્રધ્વજ ફરકાવીને મીઠું વહેંચવા નીકળ્યા. પોલીસદમનમાં બેભાન થતાં ખૂબ માર ખાધો. ધરપકડ. પણ પાછળથી છુટકારો.

## હંસરાજ હરખજી (અંધકવિ હંસ)

જન્મ : 1892, અમરેલી.

6 વર્ષની વયે દૃષ્ટિ ગઈ. અભ્યાસ : મૅટ્રિક. રાષ્ટ્રભાવનાનાં ગીતો. રાષ્ટ્રીય કવિનું પદ. જાતે બુલંદ સ્વરે ગાતા. પ્રચાર કરતા. તેથી વારંવાર કારાવાસ. 1920 : ગાંધીજીનો સંપર્ક. વર્ધામાં વાસ. 1923 : 'પરદેશી ભૂખ્યા ટોપીવાળાનાં ટોળાં ઊતર્યાં' ગીતની રચના, પ્રકાશન અને વ્યાપક પ્રભાવ. પરિણામે કારાવાસ. 1930 : સત્યાગ્રહ-આંદોલન. 2 વર્ષ કારાવાસ. 1932 : રાષ્ટ્રગીતનું ગાયન. 1 વર્ષ કારાવાસ. રાજકોટ, અમરેલીમાં સીમાબંદી. 1938 : 'હંસમાનસ' કાવ્યસંગ્રહનું પ્રકાશન. 1940 : અંગ્રેજીમાં 150 કાવ્યોની રચના. અંત સુધી રાષ્ટ્રીય કવિ તરીકેનું જીવન.

## હંસાબહેન શામજીભાઈ છીતાભાઈ
નિવાસ : કાયાવરોહણ, વડોદરા.

1942 : 'હિન્દ છોડો' આંદોલનમાં સક્રિય. ધરપકડ. 9 મહિના કારાવાસ.
હાગિન્સ ડેવિડ સૅમ્યુઅલ
(તેમના દાદા આયર્લૅન્ડથી આવેલા મિશનરી). 1930માં ડેવિડ ધોલેરા સત્યાગ્રહની છાવણીમાં જોડાયા. ગામડાંમાં ફરી લડતનો તથા ખાદીનો પ્રચાર. 1931માં ધ્રાંગધ્રા સત્યાગ્રહમાં ભાગ લઈ જેલવાસ. જેલમાં ત્રાસ, અતિશય માર ખાધો. તબિયત બગડી. આશરે 3 વર્ષ પછી અવસાન.

## હાજીભાઈ અજીજ
વતન : જામનગર.

જામનગર રાજ્યના જુલમ સામે લડ્યા. જામગનરમાં જેલવાસ ભોગવ્યો. જેલમાં પણ ખૂબ જ ત્રાસ વેઠ્યો.

## હાથી, કાન્તિલાલ લાલશંકર
જન્મ : સપ્ટેમ્બર, 1919. રાજકોટ.

અભ્યાસ : બી.એ., એલએલ.બી.. રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સક્રિય ભાગ. રાજકોટની લડતમાં સક્રિય. 2 વાર સરધારની જેલમાં. જેલવ્યવસ્થા સામે જેલવાસી તરીકે ઉપવાસ. માલમિલકત જપ્ત. 1942 : 'હિન્દ છોડો' લડત. દિલ્હીમાં સુપ્રીમ કોર્ટમાં વકીલાત.

## હાથી, હેમચંદભાઈ
રાજ સીતાપુર, જિ. સુરેન્દ્રનગર.

ધ્રાંગધ્રાની લડત વખતે ભાગ લીધો. પકડાયા. ઘર ઉપર પોલીસ જાપ્તો બેસાડવામાં આવ્યો.

## હાવડે, નાનુદાસ દાદુદાસ
વતન : નાગપુર. અમદાવાદ.

1930ની ચળવળમાં પિકેટિંગ, સભા, સરઘસ વગેરેમાં ભાગ લીધો. પોલીસના જુલમો સહન કર્યા. 1942માં ભાંગફોડની પ્રવૃત્તિ ચલાવી હતી. ત્યાંથી પકડાયા. 6 માસનો જેલવાસ ભોગવ્યો. ઘરબાર બધું લૂંટાઈ ગયું હતું. અમદાવાદ આવી મિલની નોકરીએ લાગ્યા.

## હિંમતલાલ છગનલાલ
વતન : ભાવનગર.

1942ની લડતમાં જોડાયા. ધરપકડ. 2 મહિનાનો જેલવાસ ભોગવ્યો.

## હિંમતલાલ નાનચંદ
ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

રાજ્યના જુલમો સામે માથું ઊંચકનાર અગ્રણી વેપારી. રાજ્યની પોલીસે માર મારી જેલમાં પૂર્યા. 26-9-1931ના રોજ હદપાર કરવામાં આવેલા.

## હિંમતલાલ પુરુષોત્તમદાસ
ભાવનગર.

1942ની લડતમાં ભાગ લેતાં પકડાયા. જેલવાસ ભોગવ્યો.

## હિંમતસિંહ
વતન : ગુજરાત.

1942ના આઝાદ હિન્દ ફોજમાં ફર્સ્ટ બહાદુર ગ્રૂપમાં એસ.ઓ. હતા. ફેબ્રુઆરી, 1945માં બર્મામાં તેમના કૅમ્પ પર બ્રિટિશ બૉંબમારો થયો તેમાં મૃત્યુ પામ્યા.
હિંમતસિંહ ક્વાર્ટર માસ્ટર
ગઢવાલ રાઇફલ્સમાં હવાલદારની પદવી ધરાવતા હતા. 1942માં આઝાદ હિન્દ ફોજમાં જોડાયા. ફર્સ્ટ ગેરીલા રેજિમેન્ટમાં એસ.ઓ.નો હોદ્દો ભોગવતા હતા. 1943 ડિસેમ્બરમાં યુદ્ધ મોરચે અવસાન.

## હીરપરા, શિવલાલ કરસનભાઈ
જન્મ : 1910.

વતન કુતાણા, જિ. અમરેલી.

1930માં ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લેતાં પકડાયા. 15 માસ જેલવાસ ભોગવ્યો. રાજકોટ લડતમાં પોલીસદમનનો ભોગ બન્યા. ટૂંકો જેલવાસ ભોગવ્યો. લીંબડી લડતમાં ટૂંક સમય માટે જેલવાસી થયા. જાફરાબાદમાં નવાબ સામેની ચળવળમાં ભાગ લેતાં 2 માસની સજા ભોગવી. 1942માં સુભાષબાબુ સાથે ચળવળમાં જોડાયા. ભૂગર્ભપ્રવૃત્તિ કરતા રહ્યા. ઢાકામાં 11 માસ સજા ભોગવી.

## હીરાણી, ઇસ્માઇલ કાનજી

જન્મ : ઑક્ટોબર, 1908. આંબરડી, જિ. રાજકોટ.

રાજકોટ સહિત અન્ય દેશીરાજ્યોની લડતમાં, કિસાન-આંદોલનમાં, આરોડિયા કામદાર આંદોલનમાં તથા ભાવનગરમાં વ્યક્તિ-સ્વાતંત્ર્ય- આંદોલનમાં ભાગ લીધો. તે કારણે ગુપ્તવાસ, જેલ તથા હદપારી. રાજકોટ, અમદાવાદ અને વડોદરામાં જેલ ભોગવી. જામનગર, પોરબંદર, ભાવનગર, પાલિતાણા અને જૂનાગઢનાં રાજ્યોએ હદપાર કર્યા હતા. 1948 સુધી દેશીરાજ્યોની લડતોમાં મોખરે. સામ્યવાદી પક્ષમાં હતા. 1950માં તેમાંથી છૂટા થયા. પાછળથી કરાંચી ગયા.

## હીરાબહેન

આંકલાવ, જિ. આણંદ.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ મહિલાઓના સરઘસ પર પોલીસે સખત લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને લાઠીના પ્રહારો તથા બંદૂકના ગોદા વાગ્યા. તેનાથી માથા પર અને બરડા પર ઈજા થઈ હતી.

## હીરાબહેન કાશીભાઈ

ઉંમર : 35. આંકલાવ, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ બહેનોના સરઘસ પર પોલીસે કરેલા બેફામ લાઠીચાર્જમાં તેમને નાક અને ખભા ઉપર ઈજા થઈ હતી.

## હીરાબહેન ઝવેરભાઈ

બનેજડા, જિ. આણંદ.

1930ની લડતમાં ભાગ લીધો. બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ પર પોલીસે લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને કમ્મરમાં ઈજા થઈ હતી.

## હીરાબહેન રણછોડભાઈ

બોદાલ, ઉંમર : 42.

બોરસદમાં 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો ત્યારે નીકળેલ સ્ત્રીઓના સરઘસ પર પોલીસે બેસુમાર લાઠીચાર્જ કર્યો હતો. તેમાં તેમને ધક્કાધક્કીમાં હાથ પર ઈજા થઈ હતી.

## હીરાબહેન શામળભાઈ

પાળજ, જિ. આણંદ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવવામાં આવ્યો; ત્યારે નીકળેલા બહેનોના સરઘસ ઉપર પોલીસે બેફામ લાઠીચાર્જ કર્યો. તેમાં લાઠીના પ્રહારથી તેમને બરડા ઉપર ઈજા થઈ હતી.

## હીરાલક્ષ્મી ધોરીભાઈ

વાસણા. ઉંમર : 30 વર્ષ.

1930ની સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો. બોરસદમાં તા. 21 જાન્યુઆરી, 1931ના રોજ 'સ્ત્રી સિતમ દિન' ઊજવાયો

ત્યારે નીકળેલા મહિલાઓના સરઘસ ઉપર પોલીસોએ લાઠીચાર્જ કરી અનેક સ્ત્રીઓને ઘાયલ કરી. તેમાં તેમને બંદૂકનો ગોદો તથા લાતો મારવાથી કાંડા, પીઠ પર ઈજા થઈ તથા લોહી નીકળ્યું.

## હીરાલાલ ઊજમલાલ

વતન : ભાવનગર.

1942ની લડતમાં ભાગ લીધો. ધરપકડ. 3 માસની જેલની સજા ભોગવી.

## હીરાલાલ ઉત્તમલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં તેમની ધરપકડ કરવામાં આવી. ત્રણ માસની જેલની સજા ભોગવ્યા બાદ છૂટ્યા.

## હીરાલાલ માણેકલાલ

ભાવનગર.

1942ની 'હિન્દ છોડો' લડતમાં ભાગ લેતાં તેમની ધરપકડ કરવામાં આવી. ટૂંકો જેલવાસ ભોગવ્યો. તે પછી મુક્ત કરવામાં આવ્યા.

## હુસેનભાઈ ઇબ્રાહીમભાઈ

જન્મ : 1919. ભાવનગર.

1942ની લડતમાં ભૂગર્ભમાં રહીને ભાગ લીધો. પકડાયા. ભાવનગર જેલમાં 2 માસની સજા ભોગવી.

## હેગિષ્ટે, વસંતરાવ હરિશ્ચન્દ્ર

જન્મ : 16 મે, 1906. અમદાવાદ. વતન : શ્રીવર્ધન, મહારાષ્ટ્ર

ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ. કૉંગ્રેસ સેવાદળના નાયક. 1930ની 12મી માર્ચના રોજ દાંડીકૂચ દરમિયાન સત્યાગ્રહ આશ્રમથી અસલાલી સુધી તેમની ભદ્ર વ્યાયામશાળાની ટુકડીએ ટ્રાફિક નિયમનની વ્યવસ્થા કરી. ધરાસણામાં સત્યાગ્રહીઓની બીજી ટુકડીની આગેવાની સંભાળી. લાઠીચાર્જ સહન કર્યો. 1930થી 1942 સુધીની લડતો – 1932, 1941 – વ્યક્તિગત સત્યાગ્રહ અને 'હિન્દ છોડો' (1942) લડતમાં ધરપકડ અને જેલવાસ. ભદ્ર વ્યાયામ શાળા ચલાવતા. 1 જુલાઈ, 1946ના રોજ થયેલ કોમી હુલ્લડ દરમિયાન વસંતભાઈ અને રજબઅલી લાખાણી શાંતિ સ્થાપવા ગયા ત્યાં બંનેની સાથે હત્યા થઈ. તેઓએ શાંતિ સ્થાપવા માટે શહીદી વહોરી.

અવસાન : 1 જુલાઈ, 1946. અમદાવાદ

## હેમરાજ

વતન : ગુજરાત.

ઍરક્રાફ્ટ રેજિમેન્ટમાં 'ગનર'ના હોદ્દા પર હતા. દ્વિતીય વિશ્વયુદ્ધ વખતે વીરતા દાખવી હતી. બ્રિટિશ લશ્કરમાં હોવાને લીધે જાપાનના યુદ્ધકેદી બનવું પડ્યું. આઝાદ હિન્દ ફોજમાં જોડાઈ બર્મા તરફ કૂચ કરી, ત્યારે બહાદુરીપૂર્વક લડ્યા. છેવટે દુશ્મનની ગોળીથી ઠાર થયા.

## હોરા કરસુખરામ વીરસુખરામ (ડૉક્ટર)

જન્મ : 1884. સૂરત.

1907ની સૂરતની કૉંગ્રેસની બેઠક વખતે સ્વયંસેવક હતા, ત્યારથી જ સ્વદેશીનું વ્રત લીધું. હોમરૂલ આંદોલનમાં સક્રિય ભાગ લીધો. થિયૉસૉફિકલ સોસાયટીના અગ્રણી. સૂરતમાં તેમણે હોમરૂલ લીગની સ્થાપના કરી અને તેના મંત્રી હતા. સૂરતના મહિલા વિદ્યાલયની સ્થાપનામાં ભાગ લીધો હતો. સૂરતની રાજકીય પરિષદના તે મંત્રી હતા અને મહાસભા, મદ્યનિષેધ, સ્વદેશી-પ્રચાર વગેરે કાર્યક્રમમાં સક્રિય હતા.

અવસાન : 1966.

## હૉર્નિમેન, બી. જી.

મુંબઈ. અંગ્રેજ.

મુંબઈના વર્તમાનપત્ર 'બૉમ્બે ક્રોનિકલ'ના તંત્રી. રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ લેતા. 1916-17માં હોમરૂલ લીગના આગેવાન. તેઓ હોમરૂલનો પ્રચાર કરવા વારંવાર જમનાદાસ દ્વારકાદાસ, ક. મા. મુનશી વગેરે ગુજરાતી આગેવાનો સાથે ગુજરાતનાં શહેરોમાં પ્રચાર કરવા આવતા. ભાષણો કરતા. લોકોને સ્વરાજની જરૂરિયાત સમજાવતા. ખેડા સત્યાગ્રહ દરમિયાન પણ પ્રચાર તથા લોકજાગૃતિ. 1910નો પ્રેસ ઍક્ટ રદ કરવાની માગણી. મુંબઈમાં સત્યાગ્રહ સભામાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લેતા. સરકારે ધરપકડ કરી, દેશનિકાલની સજા કરી. તે સામે મુંબઈના લોકોએ હડતાળ પાડી અને ઉપવાસ કર્યો.

# પુરવણી

જેલગમન સિવાય જેમને વિશે વધુ માહિતી ઉપલબ્ધ નથી તેવા

## સ્વાતંત્ર્યસૈનિકોની યાદી

## ઓલપાડ તાલુકો

| **નામ** | **ગામ** |
|---|---|
| ઈશ્વરલાલ | ગાંડાભાઈ ઓલપાડ |
| ઉમરવંશી ગોવનભાઈ મોરારભાઈ | માસમા |
| કાનજીભાઈ ભવાનભાઈ | જીણોદ |
| કુવાદિયા ભાણાભાઈ જીવણભાઈ | મોર |
| ખુશાલભાઈ વિશ્રામભાઈ | મીરજાપોર |
| ઘેલુભાઈ રામચંદ્ર | ઓલપાડ |
| ગંભીરસિંહ કાનબાજી | દેલાડ |
| ગોર ભગવતીશંકર લલિતાશંકર | ઓલપાડ |
| ગોર ભાલચંદ્ર પાર્વતીશંકર | ઓલપાડ |
| જયસુખલાલ જમિયતરામ | ઓલપાડ |
| જીભાઈ અંબારામ | ઓલપાડ |
| ટેલર મંગળભાઈ બાવજીભાઈ | મોરભગવા |
| ઠાકોર કુબેરભાઈ ખુશાલભાઈ | મહમદપોર |
| ઠાકોર ગણપતસિંહ ગુલાબભાઈ | મહમદપોર |
| ઠાકોર ગંભીરસિંહ કાનભાઈ | દેલાડ |
| ઠાકોર ડાહ્યાભાઈ દાજીભાઈ | મહમદપોર |
| દેસાઈ છગનલાલ મકનજી | અસનાડ |
| દેસાઈ ઠાકોરભાઈ કાલિદાસ | ઓભલા |
| દેસાઈ ઠાકોરભાઈ રણછોડજી (વશી) | સીથાણ |
| દેસાઈ દુર્ગાબહેન મહાદેવ | દિહેણ |
| દેસાઈ નાથુભાઈ લલ્લુભાઈ | પારડી (કાછબ) |
| દેસાઈ નાનુભાઈ લલ્લુભાઈ | સાયણ |
| દેસાઈ પરભુભાઈ દયાળજી | સાંધીએર |
| દેસાઈ બાપુભાઈ ગુલાબભાઈ | અંભેટા |
| નરસિંહભાઈ ભગવાનજી (સ્વ.) | દેલાડ |
| નાયક ગુલાબભાઈ દલપતભાઈ | અંભેટા |
| નાયક ઠાકોરભાઈ ભીમાભાઈ | પરિયા |
| નાયક દોલતરાય | પીંજરત |
| નારણભાઈ રામાભાઈ | મોર |
| પટેલ ઇચ્છુભાઈ પરભુભાઈ | પીંજરત |
| પટેલ કસનજી ભગવાનજી | દેલાડ |
| પટેલ કાળીદાસ ગોમાનભાઈ | ભટગામ |
| પટેલ કાળીદાસ ગોવિંદજી | ભટગામ |
| પટેલ કાળીદાસ લાલભાઈ | ભટગામ |
| પટેલ ખુશાલભાઈ શંકરભાઈ | કીમ |
| પટેલ ગાંડાભાઈ જગાભાઈ | પીંજરત |
| પટેલ ગોપાળભાઈ બાબરભાઈ | સાંધીએર |
| પટેલ ગોપાળભાઈ હરિભાઈ | સરસ |
| પટેલ ગોવનભાઈ કેશવભાઈ | સીમલથુ |
| પટેલ ગોવનભાઈ રણછોડભાઈ | પીંજરત |
| પટેલ ગોવિંદભાઈ કાળીદાસ | સોંસક |

| | |
|---|---|
| પટેલ ગોવિંદભાઈ જેરામભાઈ | મીરજાપોર |
| પટેલ ચંદુભાઈ કાળીદાસ | ભટગામ |
| પટેલ ચંદુલાલ મોતીરામ | અછારણ |
| પટેલ છીબાભાઈ બાબરભાઈ | પીંજરત |
| પટેલ છોટુભાઈ લાલભાઈ | ઉમરા |
| પટેલ જગજીવનદાસ રણછોડજી | એરથાણ |
| પટેલ જગુભાઈ કેશવભાઈ | સિમલથુ |
| પટેલ જયાબહેન છોટુભાઈ | ઉમરા |
| પટેલ જીવણભાઈ પ્રેમાભાઈ | ભાંડુત |
| પટેલ જેરામભાઈ કલ્યાણભાઈ | લવાછા |
| પટેલ ઠાકોરભાઈ જગાભાઈ | પીંજરત |
| પટેલ ડાહ્યાભાઈ નાગરજી | સોંસક |
| પટેલ દુલ્લભભાઈ રતનજી | પીંજરત |
| પટેલ નરસિંહભાઈ કુબેરભાઈ | પીંજરત |
| પટેલ નાગરભાઈ | સીમલથુ |
| પટેલ નાથુભાઈ કેવળભાઈ | માસમા |
| પટેલ નાથુભાઈ ધનાભાઈ | કુવાદ |
| પટેલ નાથુભાઈ મકનજી | ભગવા |
| પટેલ નારણભાઈ ડાહ્યાભાઈ | ઓલપાડ |
| પટેલ નારણભાઈ પરભુભાઈ | કોબા |
| પટેલ નારણભાઈ રામાભાઈ | ભગવા |
| પટેલ નારણભાઈ રામાભાઈ | ભગવા |
| પટેલ પરભુભાઈ વહાલજી | અંભેટા |
| પટેલ પ્રેમાભાઈ ભાણાભાઈ | પીંજરત |
| પટેલ પ્રેમાભાઈ લાલભાઈ | પિંજરત |
| પટેલ બાબરભાઈ છીબાભાઈ | પીંજરત |
| પટેલ બાબરભાઈ રણછોડભાઈ | લવાછા |
| પટેલ બાલુભાઈ કાળીદાસ (સ્વ.) | સીથાણ |
| પટેલ બેચરભાઈ નાનાભાઈ | આડમોર |
| પટેલ ભગુભાઈ પરભુભાઈ | મૂળદ |
| પટેલ ભાણાભાઈ જીવાભાઈ | મોરભગવા |
| પટેલ ભાણાભાઈ ધનાભાઈ | જીણોદ |
| પટેલ મગનભાઈ ખુશાલભાઈ | કોબા |
| પટેલ મગનભાઈ વલ્લભભાઈ | કરંજ |
| પટેલ મગનલાલ ડાહ્યાભાઈ | ખલીપોર |
| પટેલ મગનલાલ બાલુભાઈ | સીથાણ |
| પટેલ મગનલાલ ભગુભાઈ | સોંસક |
| પટેલ (ભકવાણા) મણિબહેન મોતીભાઈ | અછારણ |
| પટેલ મંછુભાઈ | એરથાણ |
| પટેલ મંછુભાઈ ભગવાનજી | મીરજાપોર |
| પટેલ મોરારભાઈ ગોપાળભાઈ | ગોથાણ |
| પટેલ રઘાભાઈ લાલાભાઈ | પીંજરત |
| પટેલ રણછોડભાઈ અમાઈદાસ | ગોથાણ |
| પટેલ રતનજીભાઈ | વણારસી (આડમોર) |
| પટેલ લલ્લુભાઈ માધવભાઈ | સોંસક |
| પટેલ સોમાભાઈ જીવાભાઈ | મોર |
| પટેલ હરખાભાઈ માધવભાઈ | સરસ |
| પટેલ હરખાભાઈ માધવભાઈ | સાંધીએર |
| પઢિયાર મગનસિંહ દુલ્લભભાઈ | મહમદપોર |
| પરિયાકર નાનુભાઈ લલ્લુભાઈ | સાયણ |
| પ્રાણલાલ હીરાલાલ | મોર |
| બુધિયાભાઈ પિરિયાભાઈ | મોર |
| ભટ્ટ મગનલાલ વિનાયકરાવ | સરસ |
| ભાસ્કરભાઈ મકનજી ઉર્ફે વલ્લભ સ્વામી | અછારણ |

| | |
|---|---|
| ભૂતા રણછોડજી ડાહ્યાભાઈ | અછારણ |
| મકનજી ગોપાળજી ઉર્ફે | |
| નિરંજન સ્વામી | અછારણ |
| મકવાણા મોતીભાઈ | અછારણ |
| મગનસિંહ નાથુભાઈ | મહમદપોર |
| મહિડા વિરમસિંહ ડાહ્યાભાઈ | ગોથાણ |
| મહેતા કુ. ઉષાબહેન (મુંબઈવાળા) | સરસ |
| મહેતા નિરંજન મણિલાલ | ઓલપાડ |
| મહેતા ડૉ. ભાલચંદ્ર રામચંદ્ર | ઓલપાડ |
| મહેતા મણિલાલ નરહરિશંકર | ઓલપાડ |
| મહેતા મધુસૂદન રામચંદ્ર | ઓલપાડ |
| મહેતા મોહનલાલ કૃષ્ણલાલ | ઓલપાડ |
| મહેતા રત્નમણિ જશવંતરાય | ઓલપાડ |
| મુનશી જયમતીબહેન | ઓલપાડ |
| મોદી ચીમનભાઈ ગોરધનદાસ | ઓલપાડ |
| મોરકર નાથુભાઈ કાળીદાસ | મોરભગવા |
| મ્હૈસુરિયા ઝીણાભાઈ ડાહ્યાભાઈ | માસમા |
| રતનજીભાઈ ધનજીભાઈ | મીરજાપોર |
| રતિસુખપ્રસાદ કાશીપ્રસાદ | ઓલપાડ |
| રાઠોડ પ્રભાતસિંહ અનોપસિંહ | મહમદપોર |
| લાલા જયંતિલાલ ભોગીલાલ | સરસ |
| વામદત્ત વૈકુંઠલાલ કુંદનલાલ | ઓલપાડ |
| વૈદ ભાનુશંકર મણિશંકર | ઓલપાડ |
| શાહ બાલુભાઈ મણિલાલ | ઓલપાડ |
| શાસ્ત્રી ભીખુભાઈ | સરસ |
| શાસ્ત્રી મહાદેવ | સરસ |
| હળપતિ કાબુલી નાથા | પીંજરત |
| હળપતિ ગોપાળભાઈ બુધિયાભાઈ | પીંજરત |
| હળપતિ દુલ્લભભાઈ | પીંજરત |
| હળપતિ મગનભાઈ ખોડાભાઈ | પીંજરત |
| હળપતિ મોરારભાઈ નાથાભાઈ | પીંજરત |

## કામરેજ તાલુકો

| નામ | ગામ |
|---|---|
| દેસાઈ છોટુભાઈ ભીમભાઈ | પારડી |
| દેસાઈ રામભાઈ લવજીભાઈ | દિગસ |
| પટેલ ઉત્તમભાઈ ડાહ્યાભાઈ | ધાતવા |
| પટેલ ઉમેદભાઈ પરસોતમભાઈ ઉર્ફે ફકીરભાઈ | હળધરુ |
| પટેલ ગોપાળભાઈ મૂળચંદભાઈ | પરબ |
| પટેલ છોટુભાઈ વનમાળીભાઈ | કઠોર |
| પટેલ ડાહ્યાભાઈ દુલ્લભભાઈ | ઉંભેળ |
| પટેલ ડાહ્યાભાઈ ભગુભાઈ | પરબ |
| પટેલ ફકીરભાઈ દુલ્લભભાઈ | વેળંજા |
| પટેલ મગનભાઈ મોતીભાઈ | માકણા |
| પટેલ મોતીરામ જયરામ | વલણ |
| ફકીરભાઈ બકોરભાઈ | ઉંભેળ |
| ભક્ત મોરારભાઈ ભૂલાભાઈ | ઓરણા |
| ભક્ત રામભાઈ ખુશાલભાઈ | નનસાડ |
| ભક્ત વેણીલાલ ગોપાળ | ઓરણા |
| માસ્તર છગનભાઈ નીછાભાઈ | કઠોર |
| રામભાઈ છીતાભાઈ | ટાંકલી |
| વૈદ્ય રામચંદ્ર ડાહ્યાભાઈ | પરબ |
| શૂરા દયારામ સીતારામ | ઓરણા |

# ગણદેવી તાલુકો

| | |
|---|---|
| કાલિદાસ નાગરજી | વેગામ |
| કૅપ્ટન રણછોડજી અંબેલાલ | ગણદેવી |
| ખંડુભાઈ ડૉ. | ગણદેવી |
| ગાંધી કાંતિલાલ હરિવદન | – |
| ચાંપાનેરિયા જમનાદાસ દલપતરામ | ગણદેવી |
| ઠાકોરભાઈ ભીમભાઈ | સરભાણ |
| દેસાઈ ઈશ્વરલાલ કુંવરજી | કછોલી |
| દેસાઈ ભીખુભાઈ કુંવરજી | સોનવાડી |
| દેસાઈ મધુરીબહેન દુર્લભજી | ગણદેવી |
| દેસાઈ મીનાક્ષીબહેન | બીલીમોરા |
| દેસાઈ હરિવદન | અમલસાડ |
| નટવરલાલ ઘેલાભાઈ | વેગામ |
| નાથુભાઈ નાગરજી | ગડત |
| નાયક ગુલાબભાઈ ભીમભાઈ | અંબાડા |
| નાયક ગોપાળજી નારણજી | અંચેલી |
| નાયક છોટુભાઈ હરિભાઈ | અંચેલી |
| નાયક ઠાકોરભાઈ લલ્લુભાઈ | અંચેલી |
| નાયક ધીરુભાઈ સુખાભાઈ | અંચેલી |
| નાયક નટવરલાલ ઘેલાભાઈ | વેગામ |
| નાયક નાથુભાઈ હરિભાઉ | અંચેલી |
| નાયક નાનુભાઈ જીવણજી નિછાભાઈ | ધમડાછા |
| નાયક નારણજી નાગરજી | ખખવાડા |
| નાયક નીછુભાઈ ગુલાબભાઈ | તળાવચોરા |
| નાયક પરાગજી | સિસોદરા |
| નાયક પરાગજી ખંડુભાઈ | અંચેલી |
| નાયક બળવંતરાય કુંવરજી | ગણદેવી |
| નાયક ભગવાનજી ડાહ્યાભાઈ | બીલીમોરા |
| નાયક ભગુભાઈ ભીમાભાઈ | અમલસાડ |
| નાયક મગનભાઈ નાથુભાઈ | અંબાડા |
| નાયક મગનભાઈ પરાગજી | અંચેલી |
| નાયક મગનલાલ મોરારજી | કછોલી |
| નાયક મણિભાઈ ભીમભાઈ | અમલસાડ |
| નાયક મોરારભાઈ છીમાભાઈ | અંચેલી |
| નાયક મોહનભાઈ મણિભાઈ | અમલસાડ |
| નાયક રઘુનાથજી દુર્લભભાઈ | અંચેલી |
| પટેલ ગાંડાભાઈ રણછોડજી | અંચેલી |
| પટેલ માવજીભાઈ ગોવિંદજી | મુનસાડ |
| બટુકભાઈ નાગરજી | દેલવાડા |
| બળવંતરાય ગુલાબભાઈ | અમલસાડ |
| બાલાભાઈ મીહુડાભાઈ | નાગધરા |
| ભીખુભાઈ ગાંડાભાઈ | તળાવચોરા |
| ભીખુભાઈ મકનજી | સોનવાડી |
| ભીમભાઈ જીવણજી | ગણદેવી |
| મિસ્ત્રી મગનભાઈ કેસુરભાઈ | અમલસાડ |
| લલ્લુભાઈ ભગવાનજી | ખખવાડા |
| વર્મા માનસિંહ ડાહ્યાભાઈ | શાહુ |
| વલ્લભભાઈ ગાંડાભાઈ | તળાવચોરા |
| વશી બાપુભાઈ ઘેલાભાઈ | – |
| વસનજી ડાહ્યાભાઈ | કછોલી |
| વોરા દાઉદભાઈ | ગણદેવી |
| શાન્તાબહેન ડાહ્યાભાઈ | ગણદેવી |
| શાહ ચૂનીલાલ ભગવાનજી | અષ્ટગામ |
| સોમાભાઈ ભગવાનજી | વેગામ |

# ચીખલી તાલુકો

| | |
|---|---|
| કાપડિયા હરકીશનદાસ ડાહ્યાભાઈ | ચીખલી |
| ખત્રી માણેકલાલ વનમાળીભાઈ | ચીખલી |
| ચૌધરી ઊર્મિલાબહેન ફતેહસિંહ | દેગામ |
| દેસાઈ ઈશ્વરલાલ મગનલાલ | ચીખલી |
| દેસાઈ ઈશ્વરલાલ મણિલાલ | રાનકૂવા |
| દેસાઈ કાંતિલાલ બળવંતરાય | હોન્ડ |
| દેસાઈ ગુલાબભાઈ ઝીણાભાઈ | હોન્ડ |
| દેસાઈ ઘેલાભાઈ રણછોડજી | પીપલગભાણ |
| દેસાઈ છોટુભાઈ ગુલાબભાઈ | ચીખલી |
| દેસાઈ જીવણજી મણિભાઈ ઉર્ફે ઈશ્વરલાલ | રાનકૂવા |
| દેસાઈ ઠાકોરભાઈ ગુલાબભાઈ | ખેરગામ |
| દેસાઈ ઠાકોરભાઈ છોટુભાઈ | ચીખલી |
| દેસાઈ ધીરજલાલ ડાહ્યાભાઈ | સમરોલી |
| દેસાઈ પ્રતાપરાય વસનજી | ચીખલી |
| દેસાઈ પ્રાણુભાઈ મોહનભાઈ | ચીખલી |
| દેસાઈ બળવંતરાય રતનજી | સમરોલી |
| દેસાઈ બાબુભાઈ રણછોડજી | ખરોલી |
| દેસાઈ ભીમભાઈ ઝીણાભાઈ | હોન્ડ |
| દેસાઈ મણિબહેન હરિભાઈ (કાળીદાસ) | ચીખલી |
| દેસાઈ રણછોડજી ગોપાળજી | ખરોલી |
| દેસાઈ વસનજી ખંડુભાઈ | ચીખલી |
| નાયક વસંતરાય વલ્લભભાઈ | સમરોલી |
| પટેલ ઉકાભાઈ વસનજી | વાંઝણા |
| પટેલ છગનલાલ કાળાભાઈ | વાંઝણા |
| પટેલ નાનાભાઈ જીવણભાઈ ઉર્ફે બાબર | તળાવચોરા |
| પટેલ પરાગજી લલ્લુભાઈ | સમરોલી |
| પટેલ ભાણાભાઈ હીરાભાઈ | રાનકૂવા |
| પટેલ ભૂલાભાઈ નારણજી | રાનકૂવા |
| પટેલ મણિલાલ ભગવાનજી | ખુંધફળિયા |
| પટેલ લાલભાઈ હીરાભાઈ | દોણજા |
| પટેલ વલ્લભભાઈ લીમજીભાઈ | સરૈયા |
| પંડ્યા દિનકરરાય વ્રજલાલ | બલવાડા |
| બક્ષી બાબુભાઈ નારણજી | પીપલગભાણ |
| મંગુભાઈ છોટુભાઈ | ચીખલી |
| હર્ષદરાય છોટુભાઈ | ચીખલી |
| હીરાભાઈ દુલ્લભભાઈ | દોણજા |

## ચોર્યાસી તાલુકો

| | |
|---|---|
| કાનજીભાઈ લાલભાઈ | બુડિયા |
| કાનજીભાઈ વહાલાભાઈ | બમરોલી |
| કાંતિલાલ અંબાલાલ | રાંદેર |
| કૉન્ટ્રાક્ટર રામજીભાઈ પરસોત્તમભાઈ | ભીમપોર |
| ચીમનભાઈ ઉર્ફે ભીખાભાઈપ્રેમાભાઈ | ભાટપોર |
| ચૌહાણ હરિભાઈ જગુભાઈ | કંસાડ |
| જગજીવનભાઈ ખુશાલભાઈ | પાલ |
| જેકીશનદાસ મંછારામ | કોસાડ |
| જેભાઈ લાલભાઈ | રાંદેર |
| ઝીણાભાઈ ધનજીભાઈ | રાંદેર |
| ડાહ્યાભાઈ ભગાભાઈ | કોસાડ |
| દલાલ શાંતિલાલ લલ્લુભાઈ | રાંદેર |
| દાજીભાઈ દેવાભાઈ | ભાટપોર |
| દેસાઈ કાળીદાસ રણછોડજી | તાંતીથૈયા |
| દેસાઈ કીકુભાઈ મણિભાઈ | કતારગામ |
| દેસાઈ ગુલાબભાઈ હરિભાઈ | રાંદેર |
| દેસાઈ છગનલાલ (સ્વ.) ઉર્ફે પરાગજી રણછોડજી | વક્તાણા |
| દેસાઈ (પટેલ) નાનુભાઈ હરિભાઈ | ડીંડોલી |
| દેસાઈ મોહનલાલ દુર્લભભાઈ | કતારગામ |
| દોટીવાળા બુધિયાભાઈ | ઉમરા |
| ધીરુભાઈ ઇજારદાર | ડુમસ |
| નરસિંહભાઈ નાનાભાઈ | કવાસ |
| નરોત્તમભાઈ | અડાજણ |
| નાગરજી કાળીદાસ | ઇચ્છાપોર |
| નાગરજી નાથુભાઈ | કોસાડ |
| નાણાવટી ઈશ્વરલાલ | દેલાડવા |
| નાયક ઠાકોરભાઈ મગનભાઈ | રાંદેર |
| નાયક હરિભાઈ દાજીભાઈ | મોટાવરાછા |
| પટેલ અંબારામ પરસોત્તમભાઈ (સ્વ.) | મોટી વેડ |
| પટેલ ઈશ્વરલાલ ભગવાનભાઈ | પાલ |
| પટેલ કલાણભાઈ કાળીદાસ | પાલ |
| પટેલ કસનજી નરોત્તમભાઈ | પાલ |
| પટેલ કાળીદાસ ડાહ્યાભાઈ | પાલ |
| પટેલ કુબેરભાઈ નરસિંહભાઈ | ઇચ્છાપોર |
| પટેલ ગોપાળભાઈ લક્ષ્મણભાઈ | બુડિયા |
| પટેલ ગોવિંદભાઈ જગજીવનદાસ | પાલ |
| પટેલ ગોવિંદભાઈ રણછોડજી | પાલ |
| પટેલ ચૂનીલાલ કેસુરજી | ડીંડોલી |
| પટેલ છીમાભાઈ ભૂલાભાઈ | ભાટપોર |
| પટેલ જ્યંતીલાલ ડાહ્યાભાઈ | ભીમપોર |
| પટેલ જેરામભાઈ કાનજીભાઈ | હજીરા |
| પટેલ ડાહ્યાભાઈ ગોવિંદભાઈ | હજીરા |
| પટેલ ડાહ્યાભાઈ રામભાઈ | સોનારી |
| પટેલ દયાળભાઈ વલ્લભભાઈ | વેડ |
| પટેલ દીયાળેભાઈ વલ્લભભાઈ | મોટીવેડ |
| પટેલ દુર્લભભાઈ કાનજીભાઈ | હજીરા |
| પટેલ દુર્લભભાઈ સુખાભાઈ | ભીમપોર |
| પટેલ ધૂળાભાઈ ફકીરભાઈ | પાલ |
| પટેલ નરોત્તમભાઈ | બુડિયા |
| પટેલ નરોત્તમભાઈ મંગાભાઈ | મોટી વેડ |
| પટેલ નાથુભાઈ ભગવાનજી | પાલ |
| પટેલ નાથુભાઈ મોરારભાઈ | ભાટપોર |

| | |
|---|---|
| પટેલ નાથુભાઈ રણછોડજી | કવાસ |
| પટેલ પરભુભાઈ નાથુભાઈ | રાંદેર |
| પટેલ પરસોતમભાઈ લાલભાઈ | ભીમપોર |
| પટેલ પરાગભાઈ જગજીવનભાઈ | પાલ |
| પટેલ પ્રેમાભાઈ નાથાભાઈ | ભાટપોર |
| પટેલ પ્રેમાભાઈ મીઠાભાઈ | ભાઠા |
| પટેલ ફકીરભાઈ ગોવિંદભાઈ | જીઆવ |
| પટેલ બહેચરભાઈ ભગવાનભાઈ | પાલ |
| પટેલ બાબુભાઈ મંછારામ | હજીરા |
| પટેલ બાવજીભાઈ ખુશાલભાઈ | મોટીવેડ |
| પટેલ ભાઈચંદભાઈ ડાહ્યાભાઈ સણિયા | હેમાદ |
| પટેલ ભીખુભાઈ | ભાઠા |
| પટેલ મગનલાલ દેવાભાઈ | મોટી વેડ |
| પટેલ મગનલાલ નાનાભાઈ | હજીરા |
| પટેલ મંછુભાઈ નાનાભાઈ | હજીરા |
| પટેલ મંછુભાઈ ભૂધરભાઈ | પાલ |
| પટેલ મંછુભાઈ મકનજી | કવાસ |
| પટેલ મોરારભાઈ કેશવભાઈ | ભીમપોર |
| પટેલ મોરારભાઈ બહેચરભાઈ | રાંદેર |
| પટેલ ડૉ. રણછોડભાઈ ડી. | પાલ |
| પટેલ રણછોડભાઈ હીરાભાઈ (સ્વ.) | મોટી વેડ |
| પટેલ રતનજી ગોંસાઈભાઈ | બુડિયા |
| પટેલ રતનજી રેવાભાઈ | કવાસ |
| પટેલ રમણભાઈ (સ્વ.) | અડાજણ |
| પટેલ રમણલાલ કેશવભાઈ | કતારગામ |
| પટેલ રવજીભાઈ ભુલાભાઈ (સ્વ.) | ભીમરાડ |
| પટેલ વનમાળી રેવાભાઈ | કવાસ |
| પટેલ વિઠ્ઠલભાઈ વલ્લભભાઈ | વેડ |
| પટેલ સ્વ. વિદ્યાબહેન ભીખુભાઈ | કતારગામ |
| પટેલ વેણીલાલ મગનલાલ | હજીરા |
| પટેલ શાંતિલાલ જેરામભાઈ | હજીરા |
| પટેલ સુખાભાઈ ફકીરભાઈ | સોનારી |
| પટેલ હસમુખલાલ | કુંજગલી |
| પટેલ હીરાભાઈ મૂળચંદ | ભીમપોર |
| પાનીબહેન રતનજી | બુડિયા |
| પ્રજાપતિ વનમાળીભાઈ જીવણભાઈ | મોટી વેડ |
| ફકીરભાઈ બકોરભાઈ | ઉંબેર |
| બંગાળી ઈશ્વરલાલ | ઉંબેર |
| બાબુભાઈ કાળીદાસ | રાંદેર |
| બ્રીજલભાઈ છીબાભાઈ | રાંદેર |
| ભક્ત પરભુભાઈ રામજીભાઈ | ભીમપોર |
| ભગવાનભાઈ દેવજીભાઈ | પાલ |
| ભાણાભાઈ સુખાભાઈ | ભીમપોર |
| મહિડા વિક્રમસિંહ નહારસિંહ | કુંભારિયા |
| મહેતા ગંગાબહેન માણેકલાલ | રાંદેર |
| મંછારામ ખુશાલભાઈ | કોસાડ |
| રાણા ચીમનભાઈ હીરજીભાઈ | કતારગામ |
| લાપસીવાળા | બુડિયા |
| લીમજીભાઈ લાલુભાઈ | રાંદેર |
| વકીલ ભૂપેન્દ્રભાઈ ઠાકોરભાઈ | અમરોલી |
| વાલજીભાઈ નારણભાઈ (માસ્તર) | ભાઠા |
| શાહ જીવણજી કપુરાજી | વાંઝ |
| શાહ મગનભાઈ ભૂ. | રાંદેર |

## જૂનાગઢની આરઝી હકૂમતની લડતમાં ભાગ લેનારા સ્વાતંત્ર્યસેનાનીઓનાં નામ

ઓઝા ગભરુભાઈ
કાકાસાહેબ (સ્વ.)
કેલૈયા દેવશંકર માધવજીભાઈ
કોઠારી મનસુખલાલ
કોઠારી સૂર્યકાન્તભાઈ
ખીમાભાઈ ગલાભાઈ
ગોરડિયા વૃજલાલ મગનલાલ
ગોસાંઈ વશરામપરી લક્ષ્મણપરી
ગોહેલ રણજિતસિંહભાઈ
જાની કાંતિલાલ રમણભાઈ
જોષી નાથાલાલ મોહનલાલ
જોષી શંકરભાઈ
ડાંગર મેણંદભાઈ
ત્રિવેદી તનસુખભાઈ
ત્રિવેદી હિંમતભાઈ એમ.
દરબાર અમરુભાઈ વાળા
દરબાર ચંદ્રસિંહજીભાઈ
દવે નવનીતભાઈ
દવે પોપટભાઈ દલપતભાઈ
દેસાઈ કનકભાઈ
પટેલ શામજીભાઈ હરિભાઈ
પંડ્યા જયંતીલાલ
પંડ્યા સનતકુમાર
પાઠક છેલશંકર છોટાલાલ
પારેખ કાન્તિભાઈ (સ્વ.)
પ્રાણલાલ કલ્યાણભાઈ
બાપુ મહંતશ્રી મોતીગર (સ્વ.)
ભટ્ટ જયંતીલાલ દિવ્યેશ્વર
ભટ્ટ જયંતીલાલ મહાશંકર
ભારથીભાઈ
ભારથીભાઈઓ
મકવાણા દોલુભાઈ
મહારાજ માયારામ (સ્વ.)
મહેતા અનંતરાય ન.
મહેતા તુલસીદાસ
મહેતા બાબુભાઈ પી.
મહેતા મહેન્દ્રભાઈ એમ.
મંતાણી મહેન્દ્રભાઈ (સ્વ.)
માલનીકા ચુનીલાલ
માલનીકા પુરુષોત્તમ
મેર ગીગાભાઈ
રમણભાઈ દેવસીભાઈ
રાણા માલદેવજીભાઈ
રાવળ ઉમાકાંતભાઈ (સ્વ.)
રૂપારેલ રણછોડભાઈ
લહેરી કનુભાઈ (સ્વ.)
વરુ ગૌતમસિંહભાઈ
વીરડિયા રતિભાઈ આણંદભાઈ
વૈદ્ય બાલુભાઈ હરિરામ
શાહ ભૂપતરાય હી.
શાહ રતિલાલ દેવચંદભાઈ
શાહ હરીનભાઈ
શુક્લ બળવંતરાય જ. (સ્વ.)
શેઠ અમૃતલાલ (સ્વ.)
શેઠ ન્યાલચંદભાઈ મૂળચંદભાઈ
સદાવ્રતી નરભેરામભાઈ
સરધારા જીવરાજભાઈ (સ્વ.)
સંઘવી મંગળદાસભાઈ
સંઘવી વસંતભાઈ
સાગર ત્રિકમભાઈ આપાભાઈ
સિસોદિયા જસાભાઈ લાખાભાઈ
સુખડિયા લક્ષ્મણભાઈ ભગવાનભાઈ
સોની મૂળશંકરભાઈ
હીરાચંદભાઈ પુરુષોત્તમભાઈ
હીરાલાલ વેલાભાઈ

# નવસારી તાલુકો

| નામ | ગામ |
|---|---|
| અજિતરાય ભીમભાઈ | ખારા અબ્રામા |
| અમૃતલાલ ડાહ્યાભાઈ | દાંડી |
| આઝાદ ગોપાળભાઈ એલ. | નવસારી |
| ઉકાભાઈ પાંચાભાઈ | મટવાડ |
| કનુભાઈ ભાણાભાઈ | કરાડી |
| કમળાબહેન પરસોત્તમદાસ | કરાડી |
| કશીભાઈ ઝવેરભાઈ | કાલિયાવાડી |
| કાનજીભાઈ બુધિયાભાઈ | સામાપોર |
| કુંવરજી પરભુભાઈ | ખડસુપા |
| કેશવભાઈ સુખાભાઈ | કરાડી |
| કેશવભાઈ જેરામભાઈ | બોદાલી |
| ખંડુભાઈ મંગાભાઈ | બોરીફળિયા |
| ખંડુભાઈ સુખાભાઈ | આટ |
| ખંડેરિયા કલાવતીબહેન ચૂનીલાલ | નવસારી |
| ગાંધી નાથુભાઈ ઉકાભાઈ | જલાલપોર |
| ગુલાબભાઈ ભીખાભાઈ | જલાલપોર |
| ગુલાબભાઈ રણછોડજી | જલાલપોર |
| ગોમતીદાસ દુર્લભભાઈ | ઊગત |
| ગોવનભાઈ કાનાભાઈ | ખડસુપા |
| ગોહિલ મહેન્દ્ર | નવસારી |
| ચૂનીલાલ કલ્યાણજી | જલાલપોર |
| છગનભાઈ ફકીરભાઈ | કરાડી |
| છાયા પ્રો. નિરંજન ડી. | નવસારી |
| છીતુભાઈ કાળાભાઈ | શાહુ |
| છીમાભાઈ દુલ્લભભાઈ | મટવાડ |
| છોટુભાઈ રવજીભાઈ | કરાડી |
| જમુબહેન ભાણાભાઈ | કરાડી |
| જયરામભાઈ રણછોડ | કરાડી |
| જયરામભાઈ સુખાભાઈ | કરાડી |
| જાની રામુભાઈ ગોવિંદજી | સુપા (કુરેલ) |
| જેરામભાઈ વલ્લભભાઈ | મટવાડ |
| જોષી ચીમનલાલ મોરારજી | વેગામ |
| ઝવેરી ગુલાબભાઈ સુંદરજી | નવસારી |
| ઝીણાભાઈ દુર્લભભાઈ | સુપા (કુરેલ) |
| ઠક્કર જયંત લક્ષ્મીદાસ | હાંસાપોર |
| ઠાકોરભાઈ ગોપાળજી | એરુ (જલાલપોર) |
| ડાહ્યાભાઈ ગોપાળભાઈ | કરાડી |
| ડાહ્યાભાઈ બુધિયાભાઈ | દેલવાડા |
| ડાહ્યાભાઈ મોરારભાઈ | કરાડી |
| ડાહ્યાભાઈ સોમાભાઈ | મટવાડ |
| ઢેડાભાઈ લાલાભાઈ | મટવાડ |
| તેલી મયાભાઈ મણિભાઈ | નવસારી |
| ત્રિવેદી પાનકોરબહેન | સિસોદરા ગણેશવડ |
| ત્રિવેદી રામશંકર નરભેરામ | ગણેશવડ |
| દયાળભાઈ ભાણાભાઈ | મટવાડ |
| દયાળભાઈ રામભાઈ | સામાપોર |
| દાદાભાઈ વલ્લભભાઈ | સરપોરપારડી |
| દેવીબહેન ગોવિંદજી | કરાડી |
| દેસાઈ ઇચ્છાબહેન ખંડુભાઈ | જલાલપોર |
| દેસાઈ ઈશ્વરલાલ ખંડુભાઈ | ગણેશવડ-સિસોદરા |
| દેસાઈ કીકુભાઈ અંબેલાલ | વેસ્મા |

| | |
|---|---|
| દેસાઈ ગુલાબભાઈ ભગવાનજી | લીંગડ |
| દેસાઈ ચંદુબહેન | કાલિયાવાડી |
| દેસાઈ ચૂનીલાલ કલ્યાણજી | ખારા અબ્રામા |
| દેસાઈ બટુકભાઈ | જલાલપોર |
| દેસાઈ બળવંતરાય રતનજી | સમરોલી |
| દેસાઈ ભાસ્કર ગોપાળજી | વેસ્મા |
| દેસાઈ મણિભાઈ | નવસારી |
| દેસાઈ મણિભાઈ જીવણજી | ગણેશવડ સિસોદરા |
| દેસાઈ મધુબહેન દુર્લભજી | નવસારી |
| દેસાઈ લીલાવતીબહેન વસંતરાય | નવસારી |
| દેસાઈ શાંતાબહેન ભીખાભાઈ | નવસારી |
| ધરમસિંહ મોરારજી | ઊગત |
| નરસિંહભાઈ નાનાભાઈ | દાંડી |
| નરસિંહભાઈ સોમાભાઈ | કરાડી |
| નાથુભાઈ છનાભાઈ | કરાડી |
| નાથુભાઈ જીવાભાઈ | દેલવાડા |
| નાનાભાઈ લાલાભાઈ | બોદાલી |
| નાયક ઈશ્વરલાલ ખંડુભાઈ | સીસોદરા |
| નાયક કીકીબહેન રઘુનાથજી | નવસારી |
| નાયક કુમારી પાર્વતીબહેન ભીમભાઈ | સુપા (કુરેલ) |
| નાયક ગાંડાભાઈ કુંવરજી | સુપા (કુરેલ) |
| નાયક ગુલાબભાઈ મકનજી | સુપા (કુરેલ) |
| નાયક ગુલાબભાઈ મોરારજી | સુપા (કુરેલ) |
| નાયક ગોપાળજી કાળાભાઈ | સુપા (કુરેલ) |
| નાયક છોટુભાઈ નારણજી | કોલવા |
| નાયક દુર્લભભાઈ નારણજી | સુપા (કુરેલ) |
| નાયક નાનુભાઈ ઝીણાભાઈ | મંદિર |
| નાયક ભીખુભાઈ દયાળજીભાઈ | મંદિર |
| નાયક ભીમભાઈ જીવણજી | સુપા (કુરેલ) |
| નાયક ભીમભાઈ મોરારજી | સુપા (કુરેલ) |
| નાયક મનુભાઈ ભગવાનજી | સમરોલી |
| નાયક રણછોડજી ગોપાળજી | સુપા (કુરેલ) |
| નાયક પ્રો. રમણભાઈ | નવસારી |
| નારણજી વાઘાભાઈ | ખડસુપા |
| નારણ ઝવેર | -- |
| નારણભાઈ રવજીભાઈ | કરાડી |
| પટેલ ઉકાભાઈ મકનજી | કરાડી |
| પટેલ ઉકાભાઈ હરિભાઈ | અષ્ટગામ |
| પટેલ કુંવરજી | ખડસુપા |
| પટેલ ગણેશજી સુખાભાઈ | કરાડી |
| પટેલ ગલાલભાઈ | વાડા |
| પટેલ ગંગુબહેન ફકીરભાઈ | કરાડી |
| પટેલ ગોપાળભાઈ જોગીભાઈ | અષ્ટગામ |
| પટેલ છગનભાઈ સુખાભાઈ | આટ |
| પટેલ છગનલાલ સોમાભાઈ | અંચેલી |
| પટેલ છીબાભાઈ લાલભાઈ | કરાડી |
| પટેલ છીબુભાઈ કેશવજી | સુલતાનપુર |
| પટેલ છોટુભાઈ મટવાડ | ઇટારવા |
| પટેલ છોટુભાઈ છીમાભાઈ | |
| પટેલ છોટુભાઈ ઢેડાભાઈ | કરોડ કોઠવા |
| પટેલ જશભાઈ | નવસારી |
| પટેલ જશમતભાઈ ધીરજભાઈ | કરાડી |

| | |
|---|---|
| પટેલ જશમતભાઈ નાનાભાઈ | કરાડી |
| પટેલ જશોદાબહેન | સાતેમ |
| પટેલ જેરામભાઈ છીબાભાઈ | કરાડી |
| પટેલ જેરામભાઈ ફકીરભાઈ | કરાડી |
| પટેલ ડાહીબહેન રામભાઈ | મટવાડ |
| પટેલ ડાહીબહેન સુખાભાઈ | કરાડી |
| પટેલ ડાહ્યાભાઈ ગોવિંદજી | નાગધરા |
| પટેલ ડાહ્યાભાઈ ડી. | દેલવાડા |
| પટેલ દયાનંદ સુખાભાઈ | નાગધરા |
| પટેલ દયાળજીભાઈ કેસરી | કરાડી |
| પટેલ દયાળજીભાઈ મકનજી | મટવાડ |
| પટેલ દયાળભાઈ નારણજી | ભુલાફળિયા |
| પટેલ દુર્લભભાઈ મોરારજી | ગણેશવડ, સિસોદરા |
| પટેલ ધીરજલાલ ભાણાભાઈ | કરાડી |
| પટેલ નરસિંહભાઈ છોટુભાઈ | મટવાડ |
| પટેલ નાથુભાઈ મીઠાભાઈ | ખડસુપા |
| પટેલ નાનાભાઈ મકનજી | કરાડી |
| પટેલ નાનુભાઈ છીબાભાઈ | કરાડી |
| પટેલ નાનુભાઈ સોમાભાઈ | કરાડી |
| પટેલ નારણભાઈ | દેલવાડા |
| પટેલ નારણભાઈ છનાભાઈ | નાગધરા |
| પટેલ નારણભાઈ ભીખાભાઈ | નાગધરા |
| પટેલ નારણભાઈ મીઠ્ઠલભાઈ ઉર્ફે બાબરભાઈ | નાગધરા |
| પટેલ પરભુભાઈ છીબુભાઈ | મટવાડ |
| પટેલ પરભુભાઈ | પારડી |
| પટેલ પરસોત્તમભાઈ છીકાભાઈ | કોથમડી |
| પટેલ પરસોત્તમભાઈ હીરાભાઈ | મટવાડ |
| પટેલ પાર્વતીબહેન દયાળજીભાઈ | કરાડી |
| પટેલ પાર્વતીબહેન વલ્લભભાઈ | કરાડી |
| પટેલ પુરુષોત્તમ લખુભાઈ | આટ |
| પટેલ પ્રભુભાઈ ઉકાભાઈ | કરાડી |
| પટેલ પ્રમિલાબહેન ભાણાભાઈ | કરાડી |
| પટેલ ફકીરભાઈ છીબાભાઈ | કરાડી |
| પટેલ બાવાભાઈ | વાડા |
| પટેલ ભાણાભાઈ એન. (રંગૂનવાળા) | સામાપુર |
| પટેલ ભાણાભાઈ કેશવભાઈ | નાગધરા |
| પટેલ ભાણાભાઈ પ્રેમાભાઈ | ગણેશવડ સિસોદરા |
| પટેલ ભાણાભાઈ રવજીભાઈ | કરોડ કોઠવા |
| પટેલ ભાણીબહેન મકનજી | કરાડી |
| પટેલ ભીખાભાઈ કાનજીભાઈ | નાગધરા |
| પટેલ ભીખાભાઈ મોરારજીભાઈ | ચંદ્રવાસણ |
| પટેલ ભીખુભાઈ નાગરજી | શાહુ |
| પટેલ મકનજી | કરાડી |
| પટેલ મણિભાઈ ગોવિંદજી | કરોડ કોઠવા |
| પટેલ મણિભાઈ માધવભાઈ | ગણેશવડ સિસોદરા |
| પટેલ મણિભાઈ સનાભાઈ | મટવાડ |
| પટેલ મંગાભાઈ કાંચીયાભાઈ | મટવાડ |
| પટેલ માધવભાઈ કાનજીભાઈ | નાગધરા |

| | |
|---|---|
| પટેલ માધવભાઈ છીતાભાઈ | કાછિયા-વાડી |
| પટેલ મીઠાભાઈ નમાભાઈ | મટવાડ |
| પટેલ મોરારભાઈ નાગરજી | ગણેશવડ સિસોદરા |
| પટેલ મોરારભાઈ પરભુભાઈ | ભુલા ફળિયા |
| પટેલ મોહનભાઈ ભાણાભાઈ | આટ |
| પટેલ રવજીભાઈ છીબાભાઈ | કરાડી |
| પટેલ રામભાઈ બાવાભાઈ | અડદા |
| પટેલ રામભાઈ હાથીભાઈ | નવસારી |
| પટેલ રામભાઈ હાંસભાઈ | જલાલપોર (વિજલપોર) |
| પટેલ લખુભાઈ બુધિયાભાઈ | આટ |
| પટેલ લલ્લુભાઈ કુંવરજીભાઈ | નાગધરા |
| પટેલ વાલાભાઈ બાલાભાઈ | કરાડી |
| પટેલ વિઠ્ઠલભાઈ | પૂણી |
| પટેલ વિઠ્ઠલભાઈ નાગરજી | શાહુ |
| પટેલ સુખાભાઈ સોમાભાઈ | કોથમડી |
| પટેલ સોમાભાઈ મોરારજી | વાડા |
| પટેલ હીરાભાઈ ભાણાભાઈ | કરાડી |
| પટેલ હીરાલાલ મકનજી | મટવાડ |
| પઢિયાર ગોપાળજી મંગળભાઈ | ઉગત |
| પરભુભાઈ જોગીભાઈ | જલાલપોર |
| પરભુભાઈ દાજીભાઈ | ખડસુપા |
| પરભુભાઈ દેવાભાઈ | દાંડી |
| પરભુભાઈ મંગાભાઈ | દાંડી |
| પ્રજાપતિ લલ્લુભાઈ હરિભાઈ | સુપા (કુરેલ) |
| પ્રેમાભાઈ છીકાભાઈ | મછાડ |

| | |
|---|---|
| ફકીરભાઈ પરાગજીભાઈ | કોથમડી |
| બળદેવ નાથજી | -- |
| બાબરભાઈ હીરાભાઈ | ખડસુપા |
| બાબુભાઈ રામભાઈ | મટવાડ |
| બાવાભાઈ સુખાભાઈ | મટવાડ |
| બિપિનચંદ્ર મોરારજી | સામરાવાડી |
| ભક્ત ધીરજલાલ જીવણજી | ધામણ |
| ભટ્ટ અમૃતલાલ ગણપતરામ | ખારા અબ્રામા |
| ભટ્ટ ઈશ્વરલાલ ગણપતરામ | ખારા અબ્રામા |
| ભટ્ટ છોટુભાઈ ગણપતરામ | ખારા અબ્રામા |
| ભાણાભાઈ નાનાભાઈ | કરાડી |
| ભાણાભાઈ લાલાભાઈ | મટવાડ |
| ભીખાભાઈ પરસોત્તમ | ઊગત |
| ભીખાભાઈ મોરારજી | વાડા |
| ભીખાભાઈ રવજીભાઈ | કરાડી |
| મકનજી છીબાભાઈ | કરાડી |
| મકનજી પુરુષોત્તમદાસ | કરાડી |
| મગનભાઈ છીબાભાઈ | કરાડી |
| મગનલાલ દુર્લભભાઈ | ઊગત |
| મણિબહેન મંગળદાસ | કરાડી |
| મણિભાઈ જીવણજી (સ્વ.) અને તેના મોટા પુત્ર | સીસોદરા |
| મણિભાઈ ભીખાભાઈ | ઉગત |
| મનુભાઈ મકનજી | જલાલપોર |
| મંગાભાઈ ગોવિંદભાઈ | કરાડી |
| મંગાભાઈ દીતિયાભાઈ | મટવાડ |
| માધવજી | કરાડી મટવાડ |
| મોરારભાઈ મંગળભાઈ | ઊગત |
| મોરારભાઈ સોમાભાઈ | મટવાડ |

| | |
|---|---|
| રણછોડભાઈ ઝીણાભાઈ | મટવાડ |
| રણછોડભાઈ ભાણાભાઈ | કરાડી |
| રાઠોડ જશમતભાઈ | કરાડી |
| રામજીભાઈ ફકીરભાઈ | કરાડી |
| રામીબહેન વલ્લભભાઈ | કરાડી |
| રામુભાઈ છીબાભાઈ | મટવાડ |
| લલ્લુભાઈ જગાભાઈ | મટવાડ |
| લલ્લુભાઈ બુધાભાઈ | આટ |
| લલ્લુભાઈ મંગળભાઈ | ઊગત |
| લલ્લુભાઈ રામભાઈ | ઊગત |
| લાલભાઈ વલ્લભભાઈ | ઉગત |
| લાલાભાઈ છીબાભાઈ | કરાડી |
| લુહાણા મહાલક્ષ્મીબહેન | નવસારી |
| વલ્લભભાઈ ડાહ્યાભાઈ | જલાલપોર |
| વસનજી ઉકાભાઈ | બોરીફળિયા |
| વાલજીભાઈ | કરાડી મટવાડ |
| વાલજીભાઈ મૂળચંદ | કરાડી |
| વાલીબહેન નાથુભાઈ | કરાડી |
| વિશ્રામ માધવજી | કરાડી |
| વ્રજલાલ ભાણાભાઈ | સામાપોર |
| શાહ ચૂનીલાલ ભગવાનજી | અષ્ટગામ |
| શાહ છગનલાલ ઝવેરચંદ્ર | અષ્ટગામ |
| શાહ ભીમભાઈ ફૂલચંદ | ગણેશવડ, સિસોદરા |
| શાંતાબહેન | કરાડી |
| શાંતાબહેન પરસોત્તમદાસ | કરાડી |
| સુખાભાઈ છીકાભાઈ | મછાડ |
| સોલંકી ફકીરભાઈ રામભાઈ | ઉગત |
| હમીદાબહેન તૈયબજી | નવસારી |
| હીરાભાઈ કાનાભાઈ | જલાલપોર |
| હીરાભાઈ ભાણાભાઈ | મટવાડ |

## પલસાણા તાલુકો

| | |
|---|---|
| જગુભાઈ કાળીદાસ | અંભેટી |
| જેરામભાઈ વનમાળીભાઈ | અંભેટી |
| દેસાઈ અમૃતલાલ પરાગજી | પૂણી |
| દેસાઈ મણિભાઈ કાળાભાઈ | પૂણી |
| દેસાઈ સવિતાબહેન છોટુભાઈ | પૂણી |
| દેસાઈ વસનજી કાળાભાઈ | પૂણી |
| નાથુભાઈ મોરારભાઈ | અંભેટી |
| નાથુભાઈ વલ્લભભાઈ | પલસાણા |
| નાયક અમૃતલાલ | પૂણી |
| નાયક કલ્યાણજી | પૂણી |
| નાયક કુસુમબહેન ભીમભાઈ | પૂણી |
| નાયક છગનભાઈ વલ્લભભાઈ | પૂણી |
| પટેલ કાનાભાઈ મકનજી | અંભેટી |
| પટેલ ખુશાલભાઈ ધનાભાઈ | ગાંગપુર |
| પટેલ (ભક્ત) ગોરધનભાઈ ગોપાળજી | મલેકપોર |
| પટેલ છગનભાઈ રામભાઈ | મલેકપોર |
| પટેલ છીબુભાઈ ખુશાલભાઈ | ગાંગપુર |
| પટેલ જેરામભાઈ વનમાળીભાઈ | અંભેટી |
| પટેલ નરસિંહભાઈ કાનાભાઈ | અંભેટી |
| પટેલ નાગરજી લલ્લુભાઈ | ગાંગપુર |
| પટેલ ભવાનભાઈ ગોવિંદજી | બારસડી |
| પટેલ ભીમાભાઈ ભગાભાઈ | ગાંગપુર |

| | |
|---|---|
| પટેલ મગનભાઈ ઝીણાભાઈ | ગાંગપુર |
| પટેલ મણિભાઈ ગોપાળજી | પૂણી |
| પટેલ મૂળચંદભાઈ જગાભાઈ | ગાંગપુર |
| પટેલ મોરારભાઈ ખુશાલભાઈ | મલેકપુર |
| પટેલ વનમાળીભાઈ ઉકાભાઈ | ગાંગપુર |
| ભક્ત પરભુભાઈ સીતારામ | મલેકપોર |
| ભીખાભાઈ ભગા | અંભેટી |
| ભીખાભાઈ માધવભાઈ | અંભેટી |
| હરિભાઈ રામભાઈ | અંભેટી |

## પારડી તાલુકો

| | |
|---|---|
| કોઠારી ઈશ્વરલાલ મદનલાલ | પારડી |
| ગાંધી કાંતિલાલ માણેકલાલ | કોલક |
| જોશી ઊર્મિલાબહેન બાલુભાઈ | પલસાણા |
| જોશી બાલુભાઈ લલ્લુભાઈ | પલસાણા |
| જોશી મોતીરામ નારણજી | ભીમપોર |
| જોશી રમણલાલ ખંડુભાઈ | પલસાણા |
| જોશી વિજ્યાબહેન દુર્લભજી | પલસાણા |
| જોષી ચંદ્રકાન્ત મંછારામ | પારડી |
| તન્ના બાબુભાઈ હરજીવનદાસ | ઉમરસાડી |
| દલાલ લીલાચન્દ ઉમેદચન્દ | અંબાચ |
| દેસાઈ ઇચ્છાબહેન ખંડુભાઈ | ઉમરસાડી |
| દેસાઈ ઊર્મિલાબહેન ગુલાબભાઈ | ઉમરસાડી |
| દેસાઈ ગુલાબભાઈ નારણજી | ઉમરસાડી |
| દેસાઈ ગોવિંદજી ભીખાભાઈ | ઉમરસાડી |
| દેસાઈ છગનલાલ મોરારજી | કોલક |
| દેસાઈ નારણજી ડાહ્યાભાઈ | ઓરવાડ |
| દેસાઈ નારણજી દયાળજી | પરિયા |
| દેસાઈ નારણજી દયાળજી | સોનવાડા |
| દેસાઈ પ્રાણુભાઈ કસનજી | ટૂકવાડા |
| દેસાઈ પ્રાણુભાઈ નાગરજી | પલસાણા |
| દેસાઈ બાવાભાઈ દુર્લભભાઈ | ઉમરસાડી |
| દેસાઈ બાવાભાઈ નારણજી | ટૂકવાડા |
| દેસાઈ મોહનભાઈ રણછોડજી | પલસાણા |
| દેસાઈ મોહનલાલ ગુલાબભાઈ | કોપરલી |
| દેસાઈ રમણભાઈ ગુલાબભાઈ | પલસાણા |
| દેસાઈ રમણલાલ ભગવાનજી | પલસાણા |
| ધોબી જીવણ મોરાર | કોલક |
| નાયક ખંડુભાઈ મોહનજી | ઉમરસાડી |
| નાયક નાથુભાઈ ભુલાભાઈ | પલસાણા |
| પટેલ ડાહ્યાભાઈ પરસોત્તમ | મોટા વાઘછીપા |
| પટેલ નાગરજી ડાહ્યાભાઈ | પલસાણા |
| પટેલ પ્રાણુભાઈ ગુલાબભાઈ | પલસાણા |
| પટેલ મંછુભાઈ ભાણાભાઈ | વાઘછીપા |
| પટેલ શાપૂર ભગવાનજી | પારડી |
| પરીખ ઈશ્વરલાલ નગીનદાસ | પારડી |
| પંડ્યા નરભેરામ વિશ્વનાથ | ઓરવાડ |
| ભગવાનજીભાઈ ડાહ્યાભાઈ | વટાર |
| મહેતા મદનબહેન ઉત્તમલાલ | વાપી |
| મહેતા રજનીકાંત ઉત્તમરામ | વાપી |
| મિસ્ત્રી બાલુભાઈ વિઠ્ઠલભાઈ | વાપી |
| વૈદ ભગવતીશંકર સૂર્યરામ | બાલદા |
| વૈદ ભગવતીશંકર સૂર્યરામ | વાપી |
| શ્રોફ વિવેકચંદ્ર નવલચંદ | પારડી |
| સોની અબ્દુલ કરમાળી | વાપી |

## બારડોલી તાલુકો

| | |
|---|---|
| અંમઈદાસ ગોપાળદાસ | |
| અમૃતલાલ દામોદરદાસ | કડોદ |
| આઝાદ ડૉ. ગોપાળભાઈ મણિભાઈ | (કદોડ) |
| આઝાદ વિજ્યાલક્ષ્મી ગોપાળભાઈ | કડોદ |
| ઉકાભાઈ | સીંગોદ |
| ઉપાધ્યાય મગનલાલ તુળજારામ | સરભણ |
| કલ્યાણજીભાઈ કાનજીભાઈ | વાંકાનેર |
| કાનજીભાઈ મોરારભાઈ | બારડોલી |
| કાનજીભાઈ હીરાભાઈ | બારડોલી |
| કાપડિયા બચુભાઈ | બારડોલી |
| કાપડિયા શાહ બિહારીલાલ | |
| ચૂનીલાલ | બારડોલી |
| કાંટીવાળા | બારડોલી |
| કીકુભાઈ ફરસરામ | મોતા |
| કુંવરજી દુર્લભભાઈ | પલસોદ |
| કુંવરજી દુલ્લભભાઈ | નાની-ફળોદ |
| કુંવરજીભાઈ ગલાલભાઈ | બારડોલી |
| કુંવરજીભાઈ લાલભાઈ | બારડોલી |
| કુંવરજી રતનજી | સરભોણ |
| કુંવરબહેન ડાહ્યાભાઈ દુર્લભભાઈ | ઓરગામ |
| ગાંડાભાઈ ભગાભાઈ તેન | કડોદ |
| ગાંધી છગનલાલ કરસનદાસ | |
| ગાંધી જગમોહનદાસ વિઠ્ઠલદાસ | કડોદ |
| ગાંધી નટવરલાલ ભૂખણદાસ | કડોદ |
| ગાંધી રંગીલદાસ ઠાકોરદાસ | કડોદ |
| ગાંધી હર્ષદરાય વલ્લભદાસ | કડોદ |
| ગુલાબદાસ ગોવિંદરામ | વરાડ |
| ગોકળભાઈ નરસિંહભાઈ | પથરાડિયા |
| ગોરધનભાઈ ગોપાળભાઈ | મલેકપુર |
| ગોવિંદજી ડાહ્યાભાઈ | આફવા |
| ગોવિંદભાઈ દુર્લભભાઈ | વરાડ |
| ગોંસાઈભાઈ ગોવિંદજી | બારડોલી |
| ઘનશ્યામભાઈ સૂરજરામ | સરભણ |
| ચૂનીલાલ રામજીભાઈ | વાંકાનેર |
| ચૌધરી બાલુભાઈ ઠાકોરભાઈ | માણેકપોર |
| ચૌહાણ હિંમતસિંહ બી. | બારડોલી |
| છનાભાઈ નાથાભાઈ | હરિપુરા |
| છીતાભાઈ ગોવિંદજી | ખોજપારડી |
| છીતાભાઈ પ્રેમાભાઈ | બારડોલી |
| જીવણજીભાઈ દયાળજી | બારડોલી |
| જેસીંગભાઈ ગુરીઆભાઈ | બાલદા |
| જોશી નર્મદાશંકર કાશીલાલ | મોતા |
| જોશી નવીનચંદ્ર વજેરામ | કડોદ |
| જોશી નંદશંકર નર્મદાશંકર | મોતા |
| જોશી રમણીકલાલ વજેરામ | કડોદ |
| જોષી ચંદ્રમણિશંકર દીનમણિશંકર | બારડોલી |
| ઝવેરભાઈ ગોવનભાઈ | ભરમપોર |
| ઝીણાભાઈ ઓધવભાઈ | હરિપુરા |
| ડાહ્યાભાઈ કાળાભાઈ | રાયમ |
| ડાહ્યાભાઈ માવજી પ્રેમજી | બારડોલી |
| ડાહ્યાભાઈ લાલભાઈ | ઇસરોલી |

| | |
|---|---|
| ડોસા ગોવન | બામણી |
| ડૉ. ત્રિભોવનદાસ | સરભણ |
| ડૉ. મંગળદાસ | સરભણ |
| ઢીમર ઉકાજી લલ્લુભાઈ | સિકેર |
| ઢીમર પરભુભાઈ | બારડોલી |
| ઢીમર રતનજી નાથુભાઈ | બારડોલી |
| ઢીમર હરિભાઈ ભાણાભાઈ | સરભણ |
| દયાળજીભાઈ પરભુભાઈ | રાની રાજપરા |
| દિનકરભાઈ ભીખુભાઈ | ખરસાડ |
| દેસાઈ ગજરાબહેન ઈશ્વરલાલ | બારડોલી |
| દેસાઈ ગજેન્દ્ર નારૂશંકર | બારડોલી |
| દેસાઈ ધીરુભાઈ મોહનભાઈ | સરભણ |
| દેસાઈ નાથુભાઈ દ. | સરભણ |
| દેસાઈ પ્રવીણચંદ્ર નારુશંકર | બારડોલી |
| દેસાઈ મોહનલાલ મણિલાલ | મોતા |
| દેસાઈ (ડૉ.) રતિલાલ કેશવલાલ | કડોદ |
| દેસાઈ સવિતાબહેન છોટુભાઈ | |
| ગોપાળજી | સરભણ |
| ધનીબહેન | બારડોલી |
| ધીમર પરભુભાઈ રામજીભાઈ | બારડોલી |
| નરસિંહભાઈ ઝવેરભાઈ | ભરમપોર |
| નરહરિશંકર છોટુભાઈ | મોતા |
| નરોત્તમભાઈ રઘાભાઈ | ખોજપારડી |
| નાગરભાઈ લલ્લુભાઈ | મલેકપુર |
| નાથાભાઈ કાળાભાઈ | બારડોલી |
| નાથુભાઈ ઘેલાભાઈ | સરભોણ |
| નાથુભાઈ રામભાઈ | ખોજપારડી |
| નાયક છગનભાઈ વલ્લભભાઈ | પૂણી |
| નાયક દલપતભાઈ ખંડુભાઈ | બારડોલી |
| નાયક ભીમભાઈ મોરારજી | સુપા |
| નારણજી ઉકાભાઈ | બારડોલી |
| નારણજી ડાહ્યાભાઈ | રાજપરા, નસુરા |
| નારણજી રઘાભાઈ | વરાડ |
| નારણભાઈ | બામણી |
| નારણભાઈ ભગાભાઈ | હરિપુરા |
| નારણભાઈ માધવભાઈ | મલેકપુર |
| પટેલ અમથાભાઈ | ઇસરોલી |
| પટેલ અમથાભાઈ ડાહ્યાભાઈ | ઇસરોલી |
| પટેલ ઇચ્છારામ દુલ્લભભાઈ | ખોજપારડી |
| પટેલ ઇબ્રાહીમ | બારડોલી |
| પટેલ ઓધવભાઈ કાનજીભાઈ | વરાડ |
| પટેલ ઓધવભાઈ ખુશાલભાઈ | અકોટી |
| પટેલ કલ્યાણજી વહાલજીભાઈ | સિકેર |
| પટેલ કલ્યાણભાઈ ભાણાભાઈ | ખોજપારડી |
| પટેલ કલ્યાણભાઈ મગનભાઈ | વાંકાનેર |
| પટેલ કસ્તૂરબહેન ભગતભાઈ | ખોજપારડી |
| પટેલ કાળાભાઈ નારણભાઈ | હરિપુરા |
| પટેલ કાળાભાઈ ફકીરભાઈ | હરિપેરા |
| પટેલ કુંવરજીભાઈ | નાની ફળોદ |
| પટેલ કુંવરજી લાલભાઈ | વાંકાનેર |
| પટેલ કુંવરબહેન ડાહ્યાભાઈ | અકોટી |
| પટેલ ખુશાલભાઈ ઉકાભાઈ | સાંકળી |
| પટેલ ગોકળભાઈ નરસિંહભાઈ | પથરાડિયા |
| પટેલ ગોવિંદજી ડાહ્યાભાઈ | મોતા |
| પટેલ ગોવિંદભાઈ કુંવરજીભાઈ | ટીંબરવા |
| પટેલ ગોવિંદભાઈ લાલભાઈ | ટિંબા |

| | |
|---|---|
| પટેલ ગોંસાઈભાઈ | રાયમ |
| પટેલ છગનભાઈ આત્મારામ | ખોજપારડી |
| પટેલ છગનભાઈ આત્મારામ | (બિહારવાળા) |
| પટેલ છગનભાઈ રામભાઈ | મલેકપોર |
| પટેલ છનાભાઈ ગોવિંદભાઈ | ખોજપારડી |
| પટેલ છનાભાઈ નારણભાઈ | ખોજપારડી |
| પટેલ છીતુભાઈ ઘેલાભાઈ | સાંકળી |
| પટેલ છીતુભાઈ દુલ્લભભાઈ | જતપોર |
| પટેલ (ડૉ.) છોટુભાઈ | અકોટી |
| પટેલ છોટુભાઈ મોરારભાઈ | મોતા |
| પટેલ છોટુભાઈ રતનજી | આફવા |
| પટેલ જગાભાઈ રામભાઈ | કંટાળી |
| પટેલ જમનાબહેન | વરાડ |
| પટેલ જેરામભાઈ | પારડી |
| પટેલ ઝવેરભાઈ ભગાભાઈ | ગોજી |
| પટેલ ડાહ્યાભાઈ | રાયમ |
| પટેલ ડાહ્યાભાઈ | સાંકળી |
| પટેલ ડાહ્યાભાઈ નાગરજી | સાંકળી |
| પટેલ ડાહ્યાભાઈ લલ્લુભાઈ | સરભણ |
| પટેલ ત્રિભોવનભાઈ લાલભાઈ | ટીંબરવા |
| પટેલ દયારામભાઈ લલ્લુભાઈ | ભામૈયા |
| પટેલ દાજીભાઈ વસનજી | બાબલા |
| પટેલ દુર્લભભાઈ ખુશાલભાઈ | જતપોર |
| પટેલ દુર્લભભાઈ ગલાલભાઈ | અકોટી |
| પટેલ દુલ્લભભાઈ જેરામભાઈ | ખોજપારડી |
| પટેલ દુલ્લભભાઈ વનમાળીભાઈ | ખોજપારડી |
| પટેલ દેવીબહેન લલ્લુભાઈ | જતપોર |
| પટેલ નરોત્તમભાઈ ફકીરભાઈ | ભુવાસણ |
| પટેલ નરોત્તમભાઈ નાથાભાઈ | ખોજપારડી |
| પટેલ નાથુભાઈ જીવણભાઈ | ખોજપારડી |
| પટેલ નાથુભાઈ ડાહ્યાભાઈ | ગોજી |
| પટેલ નાથુભાઈ ભૂલાભાઈ | વરાડ |
| પટેલ નાથુભાઈ મોરારજી | અંભેટી |
| પટેલ નાથુભાઈ રવજીભાઈ | રાયમ |
| પટેલ નાથુભાઈ હરિભાઈ | ખોજપારડી |
| પટેલ નારણજી કુંવરજી | વરાડ |
| પટેલ નારણભાઈ કાળાભાઈ | કંટાળી |
| પટેલ પરભુભાઈ ઉર્ફે જીવણજ | - |
| છીતાભાઈ | વરાડ |
| પટેલ પરભુભાઈ કાનાભાઈ | ભામૈયા |
| પટેલ પરભુભાઈ ડાહ્યાભાઈ | રાયમ |
| પટેલ પરભુભાઈ લ. | સરભણ |
| પટેલ પરભુભાઈ લખુભાઈ | સરભણ |
| પટેલ પરાગભાઈ હરિભાઈ | વાંકાનેર |
| પટેલ (ડૉ.) ફકીરભાઈ | પલસોદ |
| પટેલ બચુભાઈ મોરારભાઈ | સ્યાદલા |
| પટેલ બાવાભાઈ હરિભાઈ | વાંકાનેર |
| પટેલ ભક્તિભાઈ રઘાભાઈ | સ્યાદલા |
| પટેલ ભવાનભાઈ મોરારભાઈ | ઓરગામ |
| પટેલ ભીખાભાઈ | ઉમરાવાળા |
| પટેલ ભુલાભાઈ પરભુભાઈ | વરાડ |
| પટેલ ભુલાભાઈ લાલાભાઈ | ખોજપારડી |
| પટેલ ભુલાભાઈ હાંસજીભાઈ | બામણી |
| પટેલ ભૂલાભાઈ હરિભાઈ | અકોટી |
| પટેલ ભૂલીબહેન રઘાભાઈ | ખોજપારડી |
| પટેલ ભૂલીબહેન રઘાભાઈ | - |
| વલ્લભભાઈ | ખોજપારડી |
| પટેલ મણિબહેન રામભાઈ | ગોજી |
| પટેલ મણિલાલ ગલાલભાઈ | વાંકાનેર |

| | |
|---|---|
| પટેલ મોરારભાઈ કાળાભાઈ | કંટાળી |
| પટેલ મોરારભાઈ ગોપાળભાઈ | ગોજી |
| પટેલ મોરારભાઈ ધનાભાઈ | જતપોર |
| પટેલ મોરારભાઈ નાગરજી | મોતા |
| પટેલ યશવંતી પ્રભુભાઈ | બારડોલી |
| પટેલ રઘાભાઈ વલ્લભભાઈ | ખોજપારડી |
| પટેલ રણછોડભાઈ ભગાભાઈ | ઇસરોલી |
| પટેલ રણછોડભાઈ માધવભાઈ | સિકેર |
| પટેલ રણછોડભાઈ વહાલજીભાઈ | સિકેર |
| પટેલ રતનબહેન રામભાઈ | બામણી |
| પટેલ રંજનબહેન ગોવિંદભાઈ | બામણી |
| પટેલ રાધાબહેન ખુશાલભાઈ | વાંકાનેર |
| પટેલ રામભાઈ મોરારજી | વાંકાનેર |
| પટેલ રામભાઈ રઘાભાઈ | વરાડ |
| પટેલ રામભાઈ હીરાભાઈ | હરિપુરા |
| પટેલ રામાભાઈ જેરામભાઈ | ખોજપારડી |
| પટેલ લક્ષ્મીબહેન કાળાભાઈ | બામણી |
| પટેલ લખાભાઈ ભક્તિભાઈ | સ્યાદલા |
| પટેલ લાલભાઈ ઝવેરભાઈ | સાંકળી |
| પટેલ વનમાળીભાઈ મોરારભાઈ | કડોદરા |
| પટેલ વલ્લભભાઈ દયાળજી | ઓરગામ |
| પટેલ વલ્લભભાઈ નાથાભાઈ | ભામૈયા |
| પટેલ વલ્લભભાઈ નાનાભાઈ | બામણી |
| પટેલ વસંતભાઈ ઉકાભાઈ | બોરીફળિયા |
| પટેલ (પંચોલી) વિજ્યાબહેન | વરાડ |
| પટેલ શાંતાબહેન પ્રભુભાઈ | બામણી |
| પટેલ શાંતાબહેન રણછોડભાઈ | કોસીંદ્રા |

| | |
|---|---|
| પટેલ શાંતિબહેન રાવજીભાઈ | કરમસદ |
| પટેલ સીતારામ રણછોડજી | સ્યાદલા |
| પટેલ સુશીલાબહેન મગનભાઈ | બારડોલી |
| પટેલ હરિભાઈ ગોપાળભાઈ | ગોજી |
| પટેલ હરિભાઈ નાગરજી | ખોજપારડી |
| પટેલ હરિભાઈ નાનાભાઈ | બામણી |
| પટેલ હરિભાઈ મોરારજી | આફવા |
| પટેલ હીરાભાઈ ફકીરભાઈ | ભુવાસણ |
| પરભુભાઈ પરભુભાઈ કાનાભાઈ | ભામૈયા |
| પરભુભાઈ છીતાભાઈ | મલેકપુર |
| પરસોત્તમ ડાહ્યાભાઈ | રાજપરાનસુરા |
| પરસોત્તમદાસ મોરારજી | મોરી |
| પરાગજી ગોવિંદજી | સરભોણ |
| પરાગભાઈ હરિભાઈ | બારડોલી |
| પરીખ મોહનભાઈ | બારડોલી |
| પંચાલ કસ્તૂરીબહેન નારણભાઈ | ખોજપારડી |
| પારેખ ઈશ્વરલાલ | સરભણ |
| પારેખ કાંતિલાલ ચૂનીલાલ | કડોદ |
| પારેખ ભોગીલાલ મંછારામ | બારડોલી |
| પારેખ મગનલાલ નરભેરામ | કડોદ |
| પાર્વતીબહેન ભીમભાઈ મોરારભાઈ | |
| પ્રેમાભાઈ | ઓરગામ |
| પ્રેમાભાઈ રણછોડભાઈ | કંટાળી |
| ફકીરભાઈ વસનજી | બાબલા |
| બનાબહેન | બારડોલી |
| બલભદ્ર જયાબહેન | બારડોલી |

| | |
|---|---|
| બાનાજી મગનભાઈ વલ્લભભાઈ | નિણત |
| બાવાભાઈ હરિભાઈ | બારડોલી |
| બાવાભાઈ હરિભાઈ | વાંકાનેર |
| ભક્ત ભીખીબહેન ડાહ્યાભાઈ | બાજીપુરા |
| ભક્ત લક્ષ્મીબહેન નારણદાસ | બારડોલી |
| ભગત જીવણજી પરાગજી | વરાડ |
| ભગત નાથુભાઈ | ખોજપારડી |
| ભટ્ટ ઘનશ્યામ સૂરજરામ | સરભણ |
| ભટ્ટ ચંદ્રકાંત ડાહ્યાભાઈ | બારડોલી |
| ભટ્ટ રસિકભાઈ માધવભાઈ | બારડોલી |
| ભટ્ટ રામચંદ્ર જગન્નાથ (વ્યાસ) | |
| ભટ્ટ સન્મુખરામ દામોદર | મોતા |
| ભવાનભાઈ હીરાભાઈ | પલસોદ |
| ભારતવાસી ભૂલાભાઈ ઓધવભાઈ | હરિપુરા |
| ભાવસાર જગજીવનદાસ નરોત્તમદાસ | મઢી |
| ભુલાભાઈ રઘાભાઈ | બામણી |
| ભુલાભાઈ વલ્લભભાઈ | વાઘેચ |
| ભુલાભાઈ હાંસજી | બામણી |
| ભૂલાભાઈ હીરાભાઈ | રૂવા |
| ભૂલીબહેન ગોવનભાઈ | બામણી |
| મકનજી ડોસા | સરભોણ |
| મકનભાઈ માવજી | કંટાળી |
| મગનભાઈ કેવળભાઈ | આફવા |
| મગનભાઈ ગોવિંદભાઈ | આફવા |
| મણિલાલ જમનાદાસ | સરભણ |
| મશરૂવાળા ગોમતીબહેન | બારડોલી |
| મશરૂવાળા મંજુકેશા | બારડોલી |
| મહેતા મનહરલાલ અમૃતલાલ (શાહ) | - |
| મંગળદાસ (ડૉ.) | - |
| મંગળાગૌરી હનમન્તરાય | મોતા |
| માધવભાઈ છગનલાલ | બારડોલી |
| માસ્તર ખુશાલભાઈ | વરાડ |
| માસ્તર મકનજી | વરાડ |
| મિસ્ત્રી અમૃતલાલ નરોત્તમદાસ | કડોદ |
| મુનીમ વિજયાબહેન લલ્લુભાઈ | બારડોલી |
| મૂળજીભાઈ દુર્લભભાઈ | જતપોર |
| મૂળજીભાઈ વલ્લભભાઈ | કડોદ |
| મોદી ગોવિંદભાઈ રઘાભાઈ | બારડોલી |
| મોરારભાઈ ખુશાલભાઈ | આફવા |
| મોરારભાઈ ભગાભાઈ | હરિપુરા |
| રઘાભાઈ કાળાભાઈ | તરભણ |
| રણછોડજી રણછોડભાઈ કાળાભાઈ | હરિપરા |
| રામાભાઈ મોરારભાઈ | બારડોલી |
| લક્ષ્મીબહેન નારણભાઈ | મલેકપુર |
| લલ્લુભાઈ | ઓરગામ |
| લલ્લુભાઈ દયારામ | રાજપુરાનસુરા |
| લલ્લુભાઈ મકનજી | સરભોણ |
| લલ્લુભાઈ મકનભાઈ (પોલીસ પટેલ) | રૂવા |
| લાલાભાઈ | બામણી |
| લુણત મૌલવી અબ્દુલ હૈ | નિણત |
| લોખંડવાળા કાંતિલાલ ચૂનીલાલ | કડોદ |
| વનમાળીભાઈ દુર્લભભાઈ | ખોજપારડી |

| | |
|---|---|
| વલ્લભભાઈ ડાહ્યાભાઈ | બારડોલી |
| વલ્લભભાઈ ખુશાલભાઈ | સીંગોદ |
| વલ્લભભાઈ રઘાભાઈ | ભામૈયા |
| વશી લલિતાબહેન કલ્યાણજી | વરાડ |
| વાડીવાળા ઇસ્માઈલભાઈ | બારડોલી |
| વ્યાસ ઈશ્વરલાલ | સરભણ |
| વ્યાસ ઈશ્વરલાલ ભવાનીશંકર | સરભોણ |
| વ્યાસ બળવંતરાય હરગોવિંદ | બારડોલી |
| વ્યાસ મંછારામ તુળજારામ | બારડોલી |
| વ્યાસ લલિતચંદ્ર જમિયતરામ | બારડોલી |
| વ્યાસ શાંતિલાલ ગિરજાશંકર | બારડોલી |
| શાહ ઈશ્વરલાલ લલ્લુભાઈ | બારડોલી |
| શાહ ઉત્તમચંદ દીપચંદ | બારડોલી |
| શાહ ચંપકલાલ જીવણજી | બારડોલી |
| શાહ છોટાલાલ અમરચંદ | કડોદ |
| શાહ છોટાલાલ કેવળચંદ | કડોદ |
| શાહ જમનાદાસ ડાહ્યાભાઈ | કડોદ |
| શાહ દેવચંદ રામચંદ | બારડોલી |
| શાહ નટવરલાલ છોટાલાલ | મઢી |
| શાહ બાલુભાઈ રામજીભાઈ | કડોદ |
| શાહ મણિલાલ દુર્લભદાસ | બારડોલી |
| શાહ શાંતિલાલ ત્રિભોવનદાસ | કડોદ |
| શાહ શાંતિલાલ પ્રેમચંદ | કડોદ |
| શાહ શોભાગચંદ છોટાલાલ | મઢી |
| શાહ સંતોકબહેન ઉત્તમચંદ | બારડોલી |
| શાહ હર્ષદભાઈ જેકિશનદાસ | કડોદ |
| શાહ હીરાચંદ ઝવેરચંદ | બારડોલી |
| શાંતાબહેન સોમાભાઈ | બામણી |
| સંતોષકુમાર ખુશાલભાઈ | વાંકાનેર |
| સીતાબહેન વલ્લભભાઈ | રૂવા |
| સુખાનંદ | બારડોલી |
| સોની ઈશ્વરલાલ પ્રાણજીવનદાસ | - |
| સૌકતભાઈ બારડોલી | |
| સ્વામીપ્રવાસી ઝીણાભાઈ | સરભણ |
| હરિભાઈ નાનાભાઈ | બામણી |
| હળપતિ નાથાભાઈ જીવણજી | ભામૈયા |
| હળપતિ નાથુભાઈ | ખોજપારડી |
| હાફેસજી યાકુબ સાલેહ | બારડોલી |
| હીરાભાઈ વલ્લભભાઈ | ભરમપોર |

## મહુવા તાલુકો

| | |
|---|---|
| ઉપાધ્યાય રમણીકલાલ | મહુવા |
| કદગર મહેરભાઈ (કરાંચી) | – |
| કેશવલાલ ગણેશભાઈ (અમદાવાદ) | – |
| ખાંડવાળા મનુભાઈ હરિલાલ (અમદાવાદ) | – |
| ગજરાબહેન હાંસજીભાઈ (પૂના) | – |
| ગાંધી મનસુખભાઈ કાંતિલાલ | મહુવા |
| ગાંધી રમણભાઈ જેકિશનદાસ (નડિયાદ) | – |
| ચંપકલાલ ચીમનલાલ (અમદાવાદ) | – |
| છગનભાઈ ટેલિયાભાઈ (દાહોદ) | – |
| જોશી કેવળરામ (વઢવાણ) | – |
| ટાંક પરસોત્તમભાઈ કે. (ભુસાવળ) | – |
| ડાહ્યાભાઈ જીવાભાઈ (ડભાણ) | – |

| | |
|---|---|
| દલુભાઈ પાનાભાઈ | મહુવા |
| દલુભાઈ પાનાભાઈ | મહુવા |
| દેસાઈ કશ્યપભાઈ બી. (ભરૂચ) | – |
| દેસાઈ નરેન્દ્ર સી. (દાહોદ) | – |
| દેસાઈ રતિલાલ લલ્લુભાઈ | – |
| દેસાઈ રતિસુખલાલ કાશીપ્રસાદ (નડિયાદ) | – |
| ધીરુભાઈ છોટુભાઈ (વડોદરા) | – |
| નકરો રાજીઓ (ઉમરખડી) | – |
| નાનુભાઈ દુલાભાઈ | કરચેલિયા |
| પટેલ એસ. એમ. (મુંબઈ) | – |
| પટેલ કસનજી ભગાભાઈ (નડિયાદ) | – |
| પટેલ જશાભાઈ મોતીભાઈ (આણંદ) | – |
| પટેલ નારણદાસ છોટાલાલ (અમદાવાદ) | – |
| પટેલ બાપુભાઈ કેશવભાઈ | મહુવા |
| પટેલ મંછુભાઈ ભગવાનજી | |
| પરમાર વસંતભાઈ પી. (અમદાવાદ) | – |
| પરીખ વનમાળા (વાડજ, અમદાવાદ) | – |
| પંડિત મુકુલ એ. (અમદાવાદ) | – |
| પારેખ નટવરલાલ | મહુવા |
| મજમુદાર ડૉ. હરિદાસ વિ. | મહુવા |
| મણિભાઈ મોતીભાઈ (બુવા જિ. ભરૂચ) | – |
| મનસુખભાઈ | મહુવા |
| મનસુખભાઈ કુમારસિંહ | પૂના |
| મનુભાઈ ભીખુભાઈ (અમદાવાદ) | – |
| મંગાભાઈ છનાભાઈ | મહુવા |
| મંગાભાઈ છનાભાઈ | – |
| માછુભાઈ કાછિયાભાઈ | – |
| મોહનભાઈ નથ્થુભાઈ | બામણી |
| મોહનભાઈ નાથુભાઈ | મહુવા |
| રણછોડભાઈ નાના | ડોલવણ |
| રંગજીભાઈ લાછિયાભાઈ | બારતાડ |
| રાવલ ગણપતરામ ગોવિંદરામ (અમદાવાદ) | – |
| લલ્લુભાઈ હાંસજીભાઈ | લસણપુર |
| વસાવા ગંભીરસિંહ અમથાભાઈ | કોસંબા |
| વિક્રમભાઈ હાંસજીભાઈ | લસણપુર |
| વેલજીભાઈ ઓકરાભાઈ | કોશ |
| શાહ કનૈયાલાલ હરિલાલ (ભરૂચ) | – |
| શાહ કાન્તિલાલ છોટાલાલ (અમદાવાદ) | – |
| શાહ મણિબહેન મંગળદાસ | વહેવલ |
| શાહ મંગળદાસ | વહેવલ |
| શુક્લ ચંપકલાલ ચંદ્રશંકર (ભરૂચ) | – |
| શેઠ અરવિંદભાઈ કાળીદાસ (અમદાવાદ) | – |
| હાંસજીભાઈ ઝીણાભાઈ | લસણપુર |

## મહેસાણા–પાટણ જિલ્લો

| નામ | ગામ | શિક્ષા/દંડ |
|---|---|---|
| અંજલિકુમાર બાલકૃષ્ણસિંહા | મહેસાણા | - |
| આચાર્ય સરસ્વતીચંદ્ર ગુણવંતરામ | વડોદરા | - |
| કાનજીભાઈ રેવાભાઈ | નરદાસનો માઢ, લાડોલ | સ્વયંસેવક |
| કિશોરભાઈ માલજીભાઈ | - | - |
| ગાયકવાડ મહાદેવ રામચંદ્ર | વિસનગર | - |
| ગાંધી પૂનમચંદ નહાલચંદ | પાટણ | - |
| ઠાકોર માસંગજી ચેલાજી | મુ. પીપજ, તા. કલોલ | - |
| ઠાકોર રામાજી વાઘાજી | ડાભલા, તા. વિજાપુર | 3 માસ જેલ |
| દવે પી. કે. | કલોલ | - |
| પટેલ અશ્વિનકુમાર ડુંગરદાસ | લાડોલ | જેલવાસ/દંડ |
| પટેલ અંબાલાલ બબાભાઈ | મણિનગર, અમદાવાદ, | સ્વયંસેવક લાડોલ |
| પટેલ અંબાલાલ રામદાસ | એકવાળી માઢ, વિજાપુર | સ્વયંસેવક |
| પટેલ આર. ડી. | વાલમ | - |
| પટેલ આશાભાઈ મથુરભાઈ | હારીજ | - |
| પટેલ કચરાભાઈ કાનજીભાઈ (ભાજી ધારાસભ્ય, મુંબઈ રાજ્ય 1952) | બ્રાહ્મણવાડા, લાડોલ | 3 માસ જેલ, રૂ. 100 દંડ |
| પટેલ કાનજીભાઈ ઈશ્વરભાઈ | હરસિદ્ધપુરા, લાડોલ | સ્વયંસેવક |
| પટેલ કે. એમ. | કલોલ | - |
| પટેલ ચીમનલાલ ધનજીભાઈ | લાડોલ | - |
| પટેલ ચુનીભાઈ ગણેશભાઈ | દેલવાડા, તા. વિજાપુર | સ્વયંસેવક |
| પટેલ ચુનીલાલ તુલસીદાસ | હરસિદ્ધપુરા, લાડોલ | સ્વયંસેવક |
| પટેલ જીવણભાઈ ઈશ્વરભાઈ | બાવનપુરા, લાડોલ | 3 માસ જેલ, 100 રૂ. દંડ |
| પટેલ જેઠાભાઈ કાળીદાસ | ખરોડ | સ્વયંસેવક |
| પટેલ છગનભાઈ કાળીદાસ | કડીંલી, સાબરકાંઠા | સ્વયંસેવક |
| પટેલ નટવરલાલ ડુંગરદાસ | લાડોલ | પકડાયેલા અને છૂટી ગયેલા |
| પટેલ પ્રભુદાસ જેઠાભાઈ | માઢી, તા. વિજાપુર | - |
| પટેલ પ્રભુદાસ જેઠીદાસ | માઢી, તા. વિજાપુર | છ માસ, છ અઠવાડિયાં જેલવાસ |
| પટેલ મગનભાઈ ભૂલાભાઈ | હારીજ | - |
| પટેલ મોહનભાઈ કચરાભાઈ | ગવાડા, તા. વિજાપુર | સ્વયંસેવક |

| | | |
|---|---|---|
| પટેલ રામચંદ્ર જમનાદાસ (વડોદરા જીવરાજ મહેતાની | અમીનવાસ, સારંગપુર, અમદાવાદ | જેલવાસ/દંડ મિનિસ્ટ્રિમાં રેલવે પ્રધાન (1948) |
| પટેલ વિઠ્ઠલભાઈ નારણભાઈ | મોટોમાઢ, લાડોલ | સ્વયંસેવક |
| પટેલ શિવાભાઈ એન. | વિસનગર | - |
| પટેલ શાન્તાબહેન કાનજીભાઈ | નવામાઢ, લાડોલ | સ્વયંસેવક |
| પટેલ સોમાભાઈ મગનભાઈ | લાડોલ | પકડાયેલા અને છૂટી ગયેલા |
| પરમાર કે. એમ. | ભાસરિયા, તા. મહેસાણા | - |
| પંચાલ ત્રિકમલાલ ભુદરદાસ | વેરાવાસણ, વિજાપુર | સ્વયંસેવક |
| પંડ્યા એન. એમ. | સિદ્ધપુર | - |
| પંડ્યા શંકરલાલ રણછોડલાલ | વિજાપુર | પકડાયેલા અને છૂટી ગયેલા |
| પંડ્યા શાન્તિભાઈ લક્ષ્મીચંદ સ્વયંસેવક | | |
| પુરોહિત જગન્નાથ ત્રિકમલાલ | ચરાડા હાઇસ્કૂલ, ચરાડા | 4 માસ જેલ, રૂ. 100 દંડ |
| પ્રજાપતિ નાગરભાઈ વીરમભાઈ | ધીણોજ | - |
| બારોટ બાબુભાઈ છગનલાલ | વિજાપુર | પકડાયેલા અને છૂટી ગયેલા |
| બારોટ મગનભાઈ મોરૂભાઈ | બારોટવાસ, વિજાપુર | પકડાયેલા અને છૂટી ગયેલા |
| ભગત દેવેન્દ્ર | વડુ, તા. કડી (અમ.) | - |
| ભટ્ટ હીરાલાલ છગનલાલ | વિસનગર | - |
| ભાવસાર વિઠ્ઠલદાસ ફૂલચંદ | મકરાણી દરવાજા, વિજાપુર | સ્વયંસેવક |
| મજુમદાર નરહરી માધવલાલ | પાટણ | - |
| મણિયાર જયંતિભાઈ નારણભાઈ | વિસનગર | |
| મહેતા મનુભાઈ હીરાભાઈ | માણસા | - |
| મેમણ અબુલ શકુર | મુજપુર, તા. સમી | - |
| યાજ્ઞિક સોમનાથ પી. | મહેસાણા | - |
| રાઠોડ (મૈયત) વિઠ્ઠલભાઈ જેઠાલાલ | ગવાડા | - |
| વિજેન્દ્રરાય નરસિંહપ્રસાદ | મુલસણ | - |
| શાહ મનસુખ વી. | છત્રાલ | - |
| માંગરોળ તાલુકો | | - |
| પટેલ ગોવિંદભાઈ રામભાઈ | પીપોદરા | - |
| પંડ્યા ચન્દ્રકાંત તાપીશંકર | ગીજરમ | - |
| વસાવા ગંભીરસિંહ અમથાભાઈ | ઉમરપાડા | - |

## માંડવી તાલુકો

| | |
|---|---|
| ખત્રી ચૂનીલાલ ગોપાળજી | માંડવી |
| ગિરિધારીભાઈ રણકાભાઈ | માંડવી |
| ચૌધરી નારસીંગભાઈ જોગીભાઈ | સાલૈયા |
| ચૌધરી મકટાભાઈ રાજિયાભાઈ | ઉમરખડી |
| ચૌધરી માછુભાઈ કાઢિયાભાઈ | કેવડી |
| ચૌધરી માનસીંગભાઈ દલાભાઈ | રૂપેણ |
| ચૌધરી મોચડાભાઈ ખાલપાભાઈ | મોરીઠા |
| ચૌધરી રત્નાભાઈ (બાબા) | આંબા પારડી |
| ચૌધરી વિઠ્ઠલભાઈ સોમજીભાઈ | સાલૈયા |
| ચૌહાણ નારસિંહ રામસિંહ | માંડવી |
| જગાભાઈ મોંઘિયાભાઈ | માલધા |
| નરસિંહભાઈ ચકાભાઈ | માંડવી |
| પટેલ નારણસિંહભાઈ જોગીભાઈ | ઘંટોલી |
| પરમાર નાનુભાઈ | માંડવી |
| પંડ્યા હરમણિશંકર લક્ષ્મીશંકર | માંડવી |
| ભટ્ટ સુમંતરાય ઉમેદરામ | માંડવી |
| ભટ્ટ હરમણિશંકર પી. | માંડવી |
| રત્નાભાઈ કોયાભાઈ | માંડવી |
| વજીર હરિહરાનંદ કેશવાનંદ | માંડવી |
| વાળંદ ચૂનીલાલ રણછોડભાઈ | માંડવી |
| વ્હોરા સફ્ફકતઅલી ગુલામઅલી | માંડવી |
| શાહ અમૃતલાલ કસ્તૂરચંદ | માંડવી |
| શાહ શાંતિલાલ ચૂનીલાલ | માંડવી |
| શાહ હીરાચંદ ઝવેરચંદ | માંડવી |
| હસમુખરામ હિંમતરામ | માંડવી |

## વલસાડ તાલુકો

| | |
|---|---|
| અંબાબહેન | વલસાડ |
| આણાજી સુખાભાઈ કેશવજી | વલસાડ |
| ઈમામ સાહેબ | વલસાડ |
| કાપડિયા ચંદ્રકાંત દોલતરામ | વલસાડ |
| કુંવર માવજી | મૂળી |
| ખત્રી જેઠાલાલ ઉર્ફે શાંતિલાલ | - |
| જીવણરામ | વલસાડ |
| ખાદીવાળા નાથુભાઈ મણિભાઈ | વલસાડ |
| ગોળવાળા (શાહ) મંગળાબહેન | - |
| નાગરદાસ | વલસાડ |
| ઘાસવાળા મગનલાલ દયાળજી | વલસાડ |
| જાની જેઠાભાઈ જીવણરામ | વલસાડ |
| જીવણજી બાવાભાઈ | વલસાડ |
| જોશી ભીખાભાઈ માધવજી | વલસાડ |
| જોશી હરિકૃષ્ણ પ્રાણશંકર | ઊંટડી |
| ઢીમર ગોવિંદભાઈ ભાણાભાઈ | વલસાડ |
| ઢીમર લાલજીભાઈ ભાણાભાઈ | વલસાડ |
| તપોધન ઠાકોરભાઈ ઘેલાભાઈ | વલસાડ |
| દલાલ લલિતચંદ્ર ઉમેદરામ | વલસાડ |
| દેસાઈ ઇન્દુબહેન નાનુભાઈ | ઊંટડી |

| | |
|---|---|
| દેસાઈ ઇન્દ્રજિત છોટુભાઈ | વલસાડ |
| દેસાઈ ઈશ્વરલાલ ખંડુભાઈ | ઊંટડી |
| દેસાઈ કાળીદાસ ડાહ્યાભાઈ | વલસાડ |
| દેસાઈ ગજરાબહેન નાથુભાઈ | વલસાડ |
| દેસાઈ ગજરાબહેન મોરારજી | વલસાડ |
| દેસાઈ ગુણવંતરાય દોલતરાય | વલસાડ |
| દેસાઈ જયંતિલાલ છોટુભાઈ | વલસાડ |
| દેસાઈ જીવણજી ખંડુભાઈ | ઊંટડી |
| દેસાઈ ઠાકોરભાઈ છોટુભાઈ | ઊંટડી |
| દેસાઈ ઠાકોરભાઈ મગનલાલ | વલસાડ |
| દેસાઈ ઠાકોરભાઈ હરિભાઈ | વલસાડ |
| દેસાઈ દયાળજી ગુલાબભાઈ | વલસાડ |
| દેસાઈ દિનકરરાય ખંડુભાઈ | વલસાડ |
| દેસાઈ ધીરુભાઈ પરાગજી | વલસાડ |
| દેસાઈ ધીરુભાઈ ભૂલાભાઈ | વલસાડ |
| દેસાઈ ધીરુભાઈ લલ્લુભાઈ | વલસાડ |
| દેસાઈ નટવરલાલ રણછોડજી | ઊંટડી |
| દેસાઈ ડૉ. નવનીતભાઈ પરાગજી | વલસાડ |
| દેસાઈ નાનુભાઈ લલ્લુભાઈ | ઊંટડી |
| દેસાઈ બટુકભાઈ ઠાકોરભાઈ | વલસાડ |
| દેસાઈ ભૂલાભાઈ | વલસાડ |
| દેસાઈ મગનભાઈ છોટુભાઈ | વલસાડ |
| દેસાઈ મગનલાલ રણછોડજી | ખડકી ભાગડા |
| દેસાઈ મણિબહેન | વલસાડ |
| દેસાઈ મદનજીત દુલ્લભજી | વલસાડ |

| | |
|---|---|
| દેસાઈ મનુભાઈ બાપુભાઈ | વલસાડ |
| દેસાઈ મોહનભાઈ કલ્યાણજી | ઊંટડી |
| દેસાઈ ડૉ. મોહનભાઈ પરાગજી | વલસાડ |
| દેસાઈ મોહનલાલ પરાગજી | વલસાડ |
| દેસાઈ મોંઘાભાઈ છોટુભાઈ | વલસાડ |
| દેસાઈ રતિલાલ ભીખાભાઈ | ઊંટડી |
| દેસાઈ રતિલાલ મણિલાલ | વલસાડ |
| દેસાઈ રામુભાઈ નાથુભાઈ | વલસાડ |
| દેસાઈ વજુબહેન | વલસાડ |
| દેસાઈ વસનજી હરિભાઈ | હનુમાન ભાગડા |
| દેસાઈ વિજયાબહેન ખંડુભાઈ | તીથલ |
| દેસાઈ શશીકાંત મનુભાઈ | વલસાડ |
| દેસાઈ શશીકાંત ડાહ્યાભાઈ | મોગરાવાડી |
| દેસાઈ શાંતિલાલ મગનલાલ | ઊંટડી |
| દેસાઈ શાંતિલાલ મણિભાઈ | ઊંટડી |
| દેસાઈ સુમનભાઈ ડાહ્યાભાઈ | વલસાડ |
| દેસાઈ સુમનભાઈ મગનભાઈ વકીલ | વલસાડ |
| દેસાઈ હરરાય ઉર્ફે સુમંતરાય | - |
| મણિભાઈ | વલસાડ |
| દેસાઈ હેમંતભાઈ ખંડુભાઈ | ઊંટડી |
| નરેન્દ્ર દોલતરાય | વલસાડ |
| નાથુભાઈ ઉર્ફે બળવંતરાય | ડુંગરી |
| નાયક નાથુભાઈ ભૂલાભાઈ | બાલદા |
| નાયક બી. જી. | વલસાડ |
| પટેલ ગોપાળજી રાયજી | વલસાડ |

| | |
|---|---|
| પટેલ ગોવિંદભાઈ રણછોડજી | વલસાડ |
| પટેલ મોતીભાઈ | વલસાડ |
| પટેલ મોરાર ભૂલા | વલસાડ |
| પટેલ રસિકલાલ હરકિશનદાસ | વલસાડ |
| પટેલ લલ્લુભાઈ ફકીરભાઈ | વલસાડ |
| પટેલ શાંતિલાલ ઉર્ફે બટુ મંછારામ | વલસાડ |
| પટેલ સુશીલાબહેન મગનભાઈ | વલસાડ |
| પટેલ હરકીશનદાસ મંછારામ | વલસાડ |
| પરીખ રસિકલાલ | વલસાડ |
| પાનવાળા ગોવિંદભાઈ ભાણાભાઈ | વલસાડ |
| પારેખ ઈશ્વરલાલ પરસોત્તમદાસ | વલસાડ |
| પારેખ જયંતિલાલ માણેકલાલ | વલસાડ |
| પારેખ ઠાકોરભાઈ કહાનદાસ | વલસાડ |
| પારેખ નાથાલાલ પ્રાણજીવન | વલસાડ |
| પારેખ નાથુભાઈ ગિરધરભાઈ | વલસાડ |
| બલસારા દિનુભાઈ છબીલદાસ | વલસાડ |
| બળવંતરાય હરિભાઈ | – |
| બંગડીવાળા મગનલાલ ડાહ્યાભાઈ | વલસાડ |
| બાટલીવાળા સોરાબ | વલસાડ |
| ભાવસાર મોતીભાઈ નરસિંહદાસ | વલસાડ |
| મિસ્ત્રી જગુભાઈ ખુશાલભાઈ | વલસાડ |
| મિસ્ત્રી ઠાકોરભાઈ નરસિંહદાસ | વલસાડ |
| મિસ્ત્રી ધીરુભાઈ ડાહ્યાભાઈ | વલસાડ |
| રણછોડજી જીવણજી | ભદેલી |
| રાણા ઠાકોરભાઈ છગનભાઈ | વલસાડ |
| રાણા નાનુભાઈ દામોદરદાસ | વલસાડ |
| રાણા નાનુભાઈ રતનજી | વલસાડ |
| રાણા મગનભાઈ રતનજી | વલસાડ |
| વકીલ જિતેન્દ્ર | વલસાડ |
| વકીલ જેવચરામ ગોકળદાસ | વલસાડ |
| વકીલ મનુભાઈ ડાહ્યાભાઈ | ખેરગામ |
| વાળંદ મોહનલાલ દયારામ | વલસાડ |
| શાહ છોટાલાલ ભાઈજીભાઈ | - |
| (પેપરવાળા) | વલસાડ |
| શાહ નાગરદાસ નરોત્તમદાસ | વલસાડ |
| શાહ નાથુભાઈ ગુલાબચંદ | ડુંગરી |
| શાહ પ્રેમચંદ લલ્લુભાઈ | અટગામ |
| શેઠ ભૂપેન્દ્ર ગોકળદાસ | વલસાડ |
| શ્રોફ કીકુભાઈ બાલુભાઈ | વલસાડ |
| શ્રોફ શિરીષ સુરેન્દ્રલાલ | વલસાડ |
| શ્રોફ સુરેન્દ્ર બાબુભાઈ | વલસાડ |
| હરિભાઈ મોહનભાઈ | ઊંટડી |
| હરિયાકર નાનુભાઈ દુર્લભભાઈ | વલસાડ |

## વાલોડ તાલુકો

| | |
|---|---|
| અમીન ઈશ્વરભાઈ | વાલોડ |
| અમીન ગોરધનભાઈ ગિરધરભાઈ | વેડછી |
| ઈશ્વરલાલ ડાહ્યાભાઈ | વાલોડ |
| ઊર્મિલા ફતેસિંહ | દેગામા |
| કરસનજી ઉકાભાઈ | વેડછી |
| કાજી શહાબુદ્દીન | વાલોડ |
| ગજરાબહેન હાંસજીભાઈ | વાલોડ |
| ગેનાબહેન ધુરિયાભાઈ | વેડછી |
| ચૌધરી દશરીબહેન રૂમસિંહ | વેડછી |
| ચૌધરી બનાબહેન ઉર્ફે ભાનુબહેન | - |
| જગાભાઈ | વેડછી |
| ચૌધરી મણિબહેન બાપુભાઈ | વેડછી |
| છિતાભાઈ રણછોડજી | સ્યાદલા |
| છોટુભાઈ ગોપાળજી | વાલોડ |
| જાનાભાઈ જગાભાઈ | અંબાચ |
| દેસાઈ ઈશ્વરલાલ મણિશંકર | વાલોડ |
| દેસાઈ ચંપકલાલ મંછારામ | વાલોડ |
| દેસાઈ રમણલાલ ગજાનન | વાલોડ |
| દેસાઈ શશીકાંત ઉમેદરામ | વાલોડ |
| દેસાઈ હરમણિશંકર ગણપતિશંકર | વાલોડ |
| ધનુબહેન ગુરજીભાઈ | વેડછી |
| નાયક કપિલરામ ઉમેદરામ | વાલોડ |
| નાયક સૂરજબહેન ઉમેદરામ | વાલોડ |
| નાયક હરીશ ઉમેદરામ | વાલોડ |
| પટેલ કરસનદાદા | - |
| (કરસનભાઈ ખુશાલભાઈ ભક્ત) | સ્યાદલા |
| પટેલ ગોવિંદભાઈ પરસોત્તમ | બાજીપુરા |
| પટેલ છોટુભાઈ લલ્લુભાઈ | ગોડધા |
| પટેલ ડાહ્યાભાઈ ભક્તિભાઈ | બાજીપુરા |
| પટેલ દયારામ નાથુભાઈ | વાલોડ |
| પટેલ દયારામભાઈ નાથુભાઈ | વાલોડ |
| પટેલ દેવીબહેન | સિકેર |
| પટેલ નાનુભાઈ સોમાભાઈ | વેડછી |
| પટેલ ભીખાભાઈ હીરાભાઈ | ગોડધા |
| પટેલ ભીખુભાઈ રણછોડજી | બાજીપુરા |
| પટેલ મણિબહેન મોરારભાઈ (ભક્ત) | સ્યાદલા |
| પટેલ રઘાભાઈ | બાજીપુરા |
| પટેલ લખીબહેન | બાજીપુરા |
| પટેલ સુખાનંદ રણછોડજી | બાજીપુરા |
| પરભુભાઈ લાલાભાઈ | મોરદેવી |
| પંડ્યા નવનીતરામ વલ્લભરામ | વાલોડ |
| પાધ્યા ચંપકલાલ પ્રભાશંકર | વાલોડ |
| પુષ્પે પ્રેમાનંદ | સિકેર |
| ભક્ત ગોવિંદભાઈ રામભાઈ | સ્યાદલા |
| ભક્ત ભક્તિભાઈ ગોપાળભાઈ | સ્યાદલા |
| ભક્ત ભક્તિભાઈ રઘાભાઈ | સ્યાદલા |
| ભક્ત માધવભાઈ ગોપાળભાઈ | સ્યાદલા |
| ભક્ત લલ્લુભાઈ વલ્લભભાઈ | સ્યાદલા |
| ભક્તિભાઈ ગોપાળજી | સ્યાદલા |
| મુંગરા દયાળજીભાઈ | બુહારી |
| રમણલાલ મૂળચંદ | વાલોડ |
| રમાબહેન ધૂળાભાઈ | વેડછી |

| | | | |
|---|---|---|---|
| લખાભાઈ | સ્યાદલા | વ્યાસ વસંતબહેન રમણીકલાલ | વાલોડ |
| લીલીબહેન હાંસજીભાઈ | વાલોડ | શાહ ચંપકલાલ જમનાદાસ | વાલોડ |
| વેલજીભાઈ કાનજીભાઈ | વેડછી | શાહ જયંતિલાલ રમણીકલાલ | વાલોડ |
| વ્યાસ પુષ્પાબહેન ર. | વાલોડ | શાહ મગનલાલ પાનાચંદ | વાલોડ |
| વ્યાસ રમણીકલાલ ગિરજાશંકર | વાલોડ | હાંસજીભાઈ ઝીણાભાઈ | વાલોડ |

## વ્યારા તાલુકો

| | | | |
|---|---|---|---|
| ગોપાળભાઈ દુર્લભભાઈ | કપુરા | પરભુભાઈ રામભાઈ | કપુરા |
| ગોવિંદભાઈ પ્રભુભાઈ | કપુરા | પરસોત્તમભાઈ નારણભાઈ | કપુરા |
| ચૌધરી વનમાળીભાઈ હરસિંહ | જેસીંગપુર | ભીખાભાઈ ભાણાભાઈ | ગાંગપુર |
| જીવણભાઈ લવજીભાઈ | કપુરા | મકનભાઈ ખુશાલભાઈ | કપુરા |
| જીવણભાઈ હરિભાઈ | કપુરા | મથુરભાઈ લલ્લુભાઈ | કપુરા |
| ડાહ્યાભાઈ હરિભાઈ | કપુરા | રણછોડભાઈ રામભાઈ | કપુરા |
| તુલસીભાઈ લખાભાઈ | કપુરા | સીતારામભાઈ મકનજી | કપુરા |

## સૂરત શહેર

| | | | |
|---|---|---|---|
| અબ્દુલ કાદર કાસમભાઈ | સૂરત | ઉત્તમચંદ મંછારામ | સૂરત |
| અબ્દુલ કેમાન નૂરમહમદ | સૂરત | ઉપાધ્યાય અજિત રમાશંકર | સૂરત |
| અબ્દુલ સીદીક ઇસ્માઈલ | સૂરત | ઓઝા કાન્તિલાલ ડી. | સૂરત |
| અમરચંદ મગનલાલ | સૂરત | કડીવાળા ઈશ્વરલાલ વ્રજદાસ | સૂરત |
| અમીન ઈશ્વરભાઈ | સૂરત | કડોદવાળા રાયચંદ મોતીચંદ | સૂરત |
| અમૃતલાલ જમનાદાસ | સૂરત | કલાવતી | સૂરત |
| અમૃતલાલ જેકિશનદાસ | સૂરત | કસ્તૂરચંદ બેચરભાઈ | સૂરત |
| અમૃતલાલ રૂઘનાથ | સૂરત | કંચનલાલ રણછોડદાસ | સૂરત |
| અમૃતલાલ હરિદાસ | સૂરત | કંસારા વસંતલાલ ઈશ્વરલાલ | સૂરત |
| અમૃતલાલ હરિભાઈ | સૂરત | કાજી ગનુભાઈ માણેકલાલ | સૂરત |
| ઇબ્રાહીમ અબ્દુલ રહીમ | સૂરત | કાદર સાલેહભાઈ અબ્દુલ | સૂરત |
| ઈશ્વરલાલ જગન્નાથ | સૂરત | કાનજીભાઈ ગોવિંદભાઈ | સૂરત |
| ઉકડભાઈ બાબરભાઈ | સૂરત | કાપડિયા અતિસુખ મગનલાલ | સૂરત |

| | |
|---|---|
| કાપડિયા ઇન્દુબહેન | સૂરત |
| કાપડિયા કૃષ્ણલાલ શિવલાલ | સૂરત |
| કાપડિયા નિર્મળાબહેન ચીમનલાલ | સૂરત |
| કાપડિયા મધુબહેન | સૂરત |
| કાપડિયા વિમળાબહેન | સૂરત |
| કાપડિયા વીરમતિબહેન | સૂરત |
| કાળાપેશી શાંતાબહેન | સૂરત |
| કીનખાબવાળા ઝીણાભાઈ | - |
| કુબેરદાસ | સૂરત |
| કાંતિલાલ અંબાલાલ | સૂરત |
| કાંતિલાલ છગનલાલ | સૂરત |
| કાંતિલાલ રણછોડદાસ | સૂરત |
| કીકાભાઈ જમનાદાસ | સૂરત |
| કૃષ્ણલાલ જેષ્ટારામ | સૂરત |
| ખુશાલદાસ ચૂનીલાલ | સૂરત |
| ખુશાલભાઈ ધનાભાઈ | સૂરત |
| ગજેન્દ્ર દલપતરામ | સૂરત |
| ગજ્જર શાંતિલાલ જમનાદાસ | સૂરત |
| ગંગાદાસ ડાહ્યાભાઈ | સૂરત |
| ગંગુબહેન ફકીરભાઈ | સૂરત |
| ગાંધી કાનજીભાઈ રૂઘનાથ | સૂરત |
| ગાંધી છગનભાઈ દયારામ | - |
| (બૌધાનવાળા) | સૂરત |
| ગાંધી છગનલાલ અમથાભાઈ | સૂરત |
| ગાંધી બિપિનચંદ્ર | સૂરત |
| ગાંધી વિલાસિકા માણેકલાલ | સૂરત |
| ગીરધરલાલ ઝીણાભાઈ | સૂરત |
| ગુલામનબી રસૂલ | સૂરત |
| ગોમતીદાસ દુલ્લભદાસ | સૂરત |
| ગોવિંદજી દામોદર (મોતી હરજીવાળા) | સૂરત |
| ગોવિંદજી દામોદરદાસ | સૂરત |
| ગોવિંદજી ધનજી | સૂરત |
| ગોવિંદભાઈ ત્રિભોવનદાસ | સૂરત |
| ગોવિંદભાઈ ધનજીભાઈ | સૂરત |
| ગોસાંઈભાઈ બુધિયાભાઈ | સૂરત |
| ગોળવાળા ઉત્તમચંદ પ્રેમચંદ | સૂરત |
| ગોળવાળા રંગીલદાસ | સૂરત |
| ઘાણેકર કેશવલાલ | સૂરત |
| ઘારીવાળા જમનાદાસ | સૂરત |
| ઘાસવાળા રણછોડદાસ હરકિશનદાસ | સૂરત |
| ઘીયા ગુણવંતબહેન ચંપકલાલ | સૂરત |
| ઘીવાળા નગીનદાસ કરસનદાસ | સૂરત |
| ઘીવાળા મણિલાલ વિઠ્ઠલદાસ | સૂરત |
| ચતુરભાઈ ગોવિંદભાઈ | સૂરત |
| ચંચળબહેન જેકિશનદાસ | સૂરત |
| ચંપકલાલ ઇચ્છારામ | સૂરત |
| ચંપકલાલ ચંદ્રશંકર | સૂરત |
| ચંપકલાલ દલપતરામ | સૂરત |
| ચંપકલાલ દેવજીભાઈ | સૂરત |
| ચંપકલાલ મોતીરામ | સૂરત |
| ચંપકલાલ રમણલાલ | સૂરત |
| ચાહવાળા બંસીધર | સૂરત |
| ચીમનલાલ ઠાકોરદાસ | સૂરત |
| ચૂનીલાલ માધવભાઈ | સૂરત |
| ચોકસી કંચનલાલ ડાહ્યાલાલ | સૂરત |
| ચોકસી છોટુભાઈ ડાહ્યાભાઈ | સૂરત |
| ચોકસી ઠાકોરભાઈ ડાહ્યાભાઈ | સૂરત |
| ચોકસી નવીનચંદ્ર ધીરજલાલ | સૂરત |
| ચોકસી મોતીબહેન કંચનલાલ | સૂરત |
| ચોકસી રણછોડદાસ કચરાભાઈ | સૂરત |

| | | | |
|---|---|---|---|
| ચોકસી રમણલાલ | સૂરત | જરીવાલા સૂરજબહેન | સૂરત |
| ચોખાવાળા મોહનલાલ રણછોડદાસ | સૂરત | જરીવાળા ઈશ્વરલાલ ચૂનીલાલ | સૂરત |
| ચોખાવાળા રણછોડદાસ ગિરધરલાલ | સૂરત | જરીવાળા ચંપકલાલ ચૂનીલાલ | સૂરત |
| ચોખાવાળા સુમનલાલ રણછોડદાસ | સૂરત | જરીવાળા ચીમનલાલ મણિલાલ | સૂરત |
| ચૌધરી વનિતાબહેન | સૂરત | જરીવાળા ડાહ્યાભાઈ લલ્લુભાઈ | સૂરત |
| ચૌહાણ જશવંત દાનસિંહ | સૂરત | જરીવાળા બાબુભાઈ પ્રભુભાઈ | સૂરત |
| છગનભાઈ નાથુભાઈ | સૂરત | જરીવાળા મનહરલાલ | સૂરત |
| છગનલાલ અમથાભાઈ | સૂરત | જરીવાળા મનહરલાલ નગીનદાસ | સૂરત |
| છગનલાલ ગુલાબદાસ | સૂરત | જરીવાળા મોતનબહેન | સૂરત |
| છગનલાલ નગીનદાસ | સૂરત | જરીવાળા રતિલાલ નાથુભાઈ | સૂરત |
| છગનલાલ નરોત્તમદાસ | સૂરત | જરીવાળા વ્રજલાલ વજુભાઈ | સૂરત |
| છગનલાલ નરોત્તમભાઈ | સૂરત | જરીવાળા શાંતાબહેન | સૂરત |
| છગનલાલ રામભાઈ | સૂરત | જરીવાળા હીરાલાલ નંદલાલ | સૂરત |
| છગનલાલ શંકરભાઈ | સૂરત | જશવંતલાલ ત્રિભોવનદાસ | સૂરત |
| છત્રીવાળા વલ્લભદાસ કા. | સૂરત | જાદવ ધનેશચંદ્ર | સૂરત |
| છબીલદાસ આત્મારામ | સૂરત | જાની દલપતભાઈ માધવભાઈ | સૂરત |
| છીબુભાઈ ભાણાભાઈ | સૂરત | જાની માધવજીભાઈ દલપતરામ | સૂરત |
| છોટાલાલ જમનાદાસ | સૂરત | જેકિશનદાસ રણછોડદાસ | સૂરત |
| છોટાલાલ ઝીણાભાઈ | સૂરત | જેરામભાઈ રણછોડભાઈ | સૂરત |
| છોટુભાઈ રવજી | સૂરત | જૈન કમળાદેવી પરમેષ્ઠીદાસ | સૂરત |
| જગમોહન કુબેરદાસ | સૂરત | જોશી જેશંકર ધનજી | સૂરત |
| જમનાદાસ ત્રિભોવનદાસ | સૂરત | જોષી ચંદ્રકાન્ત મંછારામ | સૂરત |
| જમનાદાસ શિવલાલ | સૂરત | જોષી મોહનલાલ નર્મદાશંકર | સૂરત |
| જમુબહેન ભાણાભાઈ | સૂરત | જોષી રમણીકગૌરી | સૂરત |
| જયરાયજી | સૂરત | ઝવેરી ગિરીન જે. | સૂરત |
| જયંતિલાલ છોટાલાલ | સૂરત | ઝવેરી છગનલાલ ફકીરચંદ | સૂરત |
| જયંતિલાલ જગજીવનદાસ | સૂરત | ઝવેરી ફૂલચંદ્ર | સૂરત |
| જયંતિલાલ ધીરજલાલ | સૂરત | ટીકીવાળા ભગવાનદાસ દેવચંદ | સૂરત |
| જરદોશ ચંદ્રકાન્ત દશરથલાલ | સૂરત | ટોપીવાળા નવીનચન્દ્ર હી. | સૂરત |
| જરદોશ પ્રદ્યુમ્ન દશરથલાલ | સૂરત | ઠક્કર રતિલાલ ત્રિભુવનદાસ | સૂરત |

| | |
|---|---|
| ઠાકોર તનમનબહેન | સૂરત |
| ઠાકોરદાસ પરભુભાઈ | સૂરત |
| ઠાકોરભાઈ અમથાભાઈ | સૂરત |
| ઠાકોરભાઈ છગનલાલ | સૂરત |
| ઠાકોરભાઈ મગનલાલ | સૂરત |
| ઠાકોરરામ રામજી | સૂરત |
| ઠાકોર હંસાબહેન કાંતિલાલ | સૂરત |
| ડાહીબહેન રામભાઈ | સૂરત |
| ડાહીબહેન સુખાભાઈ | સૂરત |
| ડાહ્યાભાઈ અંબારામ | સૂરત |
| ડાહ્યાભાઈ નગીનદાસ | સૂરત |
| ડાહ્યાભાઈ હરિભાઈ | સૂરત |
| ડેપ્યુટી હરિકાંત મોતીભાઈ | - |
| (ઓલપાડ) | સૂરત |
| ડૉક્ટર કલ્પનાબહેન | સૂરત |
| ડૉક્ટર ચીમનલાલ | સૂરત |
| ડૉક્ટર નવીનચંદ્ર છોટાલાલ | સૂરત |
| ડૉક્ટર પન્નાલાલ રામલાલ | સૂરત |
| ડૉક્ટર મણિલાલ રામલાલ | સૂરત |
| તન્ના રતનબહેન નારણજી | સૂરત |
| તમાકુવાળા ઈશ્વરલાલ મોતીરામ | સૂરત |
| તમાકુવાળા નગીનદાસ ઘેલાભાઈ | સૂરત |
| તમાકુવાળા શાંતિલાલ મો. | સૂરત |
| તાલીબ ફજલેહુસેન અલીમહમદ | સૂરત |
| ત્રિવેદી કનકલતા | સૂરત |
| ત્રિવેદી કપિલરામ જીવણરામ | સૂરત |
| ત્રિવેદી કાંતિલાલ (વકીલ) | સૂરત |
| ત્રિવેદી કીર્તિભાઈ | સૂરત |
| ત્રિવેદી જયમણિશંકર | સૂરત |
| ત્રિવેદી ધ્રુવકુમાર કપિલરામ | સૂરત |
| ત્રિવેદી નાનુભાઈ જીવણરામ | સૂરત |
| ત્રિવેદી પીયૂષ નાનુભાઈ | સૂરત |
| ત્રિવેદી પીયૂષ જા. | સૂરત |
| ત્રિવેદી મંજુલાબહેન | સૂરત |
| ત્રિવેદી મંજુલાબહેન કપિલરામ | સૂરત |
| ત્રિવેદી રાજેન્દ્રબાળા નાનુભાઈ | સૂરત |
| ત્રિવેદી શંકરલાલ | સૂરત |
| ત્રિવેદી હસમુખબહેન | સૂરત |
| દયારામ અંબારામ | સૂરત |
| દયાળજીભાઈ ભાણાભાઈ | સૂરત |
| દયાળજીભાઈ રામભાઈ | સૂરત |
| દરજી ઠાકોરદાસ સન્મુખલાલ | સૂરત |
| દરજી શંકરલાલ | સૂરત |
| દરજી હરિલાલ હરગોવનદાસ | સૂરત |
| દલાલ કનૈયાલાલ બાલગોવનદાસ | સૂરત |
| દલાલ ઠાકોરદાસ નારણદાસ | સૂરત |
| દલાલ મનુભાઈ | સૂરત |
| દલાલ મંગળદાસ છબીલદાસ | સૂરત |
| દલાલ હીરાલાલ બ્રીજલાલ | સૂરત |
| દવે નવનીતલાલ | સૂરત |
| દવે વિશ્વેશકુમાર મનુભાઈ | સૂરત |
| દાણી ભૂપેન્દ્રભાઈ ત્રિભોવનદાસ | સૂરત |
| દાદાવાળા કાન્તિલાલ પુરુષોત્તમ | સૂરત |
| દાદાવાળા પુરુષોત્તમ ભગુભાઈ | સૂરત |
| દીક્ષિત ક્ષીતિષ પ્ર. | સૂરત |
| દીક્ષિત જ્યોતિષ પ્રસન્નવદન | સૂરત |
| દીક્ષિત બકુલચંદ્ર પ્ર. | સૂરત |
| દીવાન મંગળદાસ હરવચરામ | સૂરત |
| દુલ્લભભાઈ હરજીવન | સૂરત |
| દૂધવાળા કાળીદાસ | સૂરત |

| | |
|---|---|
| દેવચંદ બ્રીજલાલ | સૂરત |
| દેવીબહેન ગોવિંદભાઈ | સૂરત |
| દેસાઈ ગુણવંત ઈ. | સૂરત |
| દેસાઈ ગુલાબભાઈ દલપતભાઈ | સૂરત |
| દેસાઈ ઘેલુભાઈ મણિભાઈ | સૂરત |
| દેસાઈ નટવરલાલ ઈશ્વરલાલ | સૂરત |
| દેસાઈ નાનુભાઈ કુંવરજી | સૂરત |
| દેસાઈ નાનુભાઈ પરાગજી | સૂરત |
| દેસાઈ પદ્માવતીબહેન નાનુભાઈ | સૂરત |
| દેસાઈ બાપુભાઈ ભૂલાભાઈ | સૂરત |
| દેસાઈ બિપિન | સૂરત |
| દેસાઈ મણિબહેન નાગરજી | સૂરત |
| દેસાઈ મણિલાલ (માસ્તર) | સૂરત |
| દેસાઈ રતિલાલ લલ્લુભાઈ | સૂરત |
| દેસાઈ રમણલાલ મકનજી | સૂરત |
| દેસાઈ લાડુબહેન | સૂરત |
| દેસાઈ વસુમતિબહેન | સૂરત |
| દેસાઈ શશિકાન્ત ઉમેદરામ | વાલોડ |
| દેસાઈ શશિકાંત હિંમતરામ | સૂરત |
| દેસાઈ શાંતિબહેન | સૂરત |
| દેસાઈ સુમંતરાય સી. | સૂરત |
| દેસાઈ હરિભાઈ કંથડજી | સૂરત |
| દેસાઈ હર્ષદરાય મગનલાલ | સૂરત |
| ધનસુખલાલ અચરતલાલ | સૂરત |
| ધનસુખલાલ જેકિશનદાસ | સૂરત |
| ધીરુભાઈ ગુલાબભાઈ | સૂરત |
| નગીનદાસ ઘેલાભાઈ | સૂરત |
| નગીનદાસ મૂળચંદદાસ | સૂરત |
| નગીનદાસ રણછોડદાસ | સૂરત |
| નગીનભાઈ દયારામ | સૂરત |
| નટવરભાઈ ભુલાભાઈ | સૂરત |
| નટવરલાલ ઝીણાભાઈ | સૂરત |
| નટવરલાલ નાથુભાઈ | સૂરત |
| નરસિંહભાઈ કરસનભાઈ | સૂરત |
| નરોત્તમદાસ નગીનદાસ | સૂરત |
| નવનીતલાલ હરજીવનદાસ | સૂરત |
| નાથુભાઈ ઠાકોરભાઈ | સૂરત |
| નાનાભાઈ મંછારામ | સૂરત |
| નાનુભાઈ હરિભાઈ | સૂરત |
| નાયક બચુભાઈ | સૂરત |
| નાયક બળવંતરાય દીનમણિશંકર | સૂરત |
| નારણભાઈ દુલ્લભભાઈ | સૂરત |
| પચ્ચીગર જશવંત ત્રિભુવનદાસ | સૂરત |
| પચ્ચીગર જશવંતલાલ ત્રિભોવનદાસ | સૂરત |
| પચ્ચીગર મોહનલાલ વલ્લભદાસ | સૂરત |
| પચ્ચીગર રણજિત | સૂરત |
| પટેલ ગંગાબહેન મંગાભાઈ | સૂરત |
| પટેલ ચંદ્રકાન્ત મોરારજી | સૂરત |
| પટેલ છગનભાઈ સોમાભાઈ | સૂરત |
| પટેલ છગનલાલ આત્મારામ | સૂરત |
| પટેલ જડાવબહેન ત્રિકમભાઈ | સૂરત |
| પટેલ જયન્ત વેણીલાલ | સૂરત |
| પટેલ જયાબહેન છોટુભાઈ | સૂરત |
| પટેલ ઝીણાભાઈ (સેન્ડો) | સૂરત |
| પટેલ ડાહ્યાભાઈ ભાણાભાઈ (દૂધવાળા) | સૂરત |
| પટેલ દેવચંદભાઈ પ્રભુભાઈ | સૂરત |
| પટેલ દેવીબહેન ભાઈદાસ | સૂરત |
| પટેલ પરભુભાઈ રણછોડભાઈ | સૂરત |
| પટેલ બાલુભાઈ ચીમનલાલ | સૂરત |

| | | | |
|---|---|---|---|
| પટેલ મણિબહેન મંગળદાસ | સૂરત | પાર્વતીબહેન દયાળભાઈ | સૂરત |
| પટેલ રામીબહેન નરોત્તમભાઈ | સૂરત | પાર્વતીબહેન વલ્લભભાઈ | સૂરત |
| પટેલ લક્ષ્મીબહેન ભાણાભાઈ | સૂરત | પૂણીવાળા ઠાકોરભાઈ ઝીણાભાઈ | સૂરત |
| પટેલ શશિકાન્ત વલ્લભભાઈ | સૂરત | પેન્ટર નાનાભાઈ ડાહ્યાભાઈ | સૂરત |
| પટેલ કુ. શશીકલાબહેન વલ્લભભાઈ | સૂરત | પોપટલાલ હીરાલાલ | સૂરત |
| પટેલ શારદાબહેન ભાઈલાલ | સૂરત | પ્રમીલાબહેન ભાણાભાઈ | સૂરત |
| પટેલ કુ. શાંતાબહેન હરજીવનદાસ | સૂરત | પ્રવીણચંદ્ર ડાહ્યાભાઈ | સૂરત |
| પટેલ હસમુખલાલ દામોદરદાસ | સૂરત | પ્રેસવાળા મગનલાલ વનમાળીદાસ | સૂરત |
| પટેલ હીરાભાઈ સુખાભાઈ | સૂરત | પ્રેસવાળા રતિલાલ દુર્લભરામ | સૂરત |
| પપૈયા છબીલદાસ | સૂરત | બચુભાઈ મગનલાલ | સૂરત |
| પરમાર બી. ટી. | સૂરત | બનુમિયાં કાસમમિયાં | સૂરત |
| પરાગજી રણછોડજી | સૂરત | બરફીવાળા પ્રાણજીવનદાસ | સૂરત |
| પરીખ ચંદ્રકાન્ત | સૂરત | બરફીવાળા હસમુખબહેન | સૂરત |
| પરીખ જયંતિલાલ | સૂરત | બળવંતરાય કલ્યાણજી | સૂરત |
| પરીખ સારાભાઈ છોટુભાઈ | સૂરત | બંકુભાઈ છગનલાલ | સૂરત |
| પંજાબ ઈશ્વરલાલ ઠાકોરદાસ | સૂરત | બાબુભાઈ લાલાભાઈ (ભીમપોર) | સૂરત |
| પંડ્યા અરવિંદ | સૂરત | બારોટ ભૂપેન્દ્ર ત્રિભોવન | સૂરત |
| પંડ્યા ચપળાબહેન વિનાયક | સૂરત | બાલુભાઈ નાનાભાઈ | સૂરત |
| પંડ્યા ધર્મિષ્ઠા મકરંદ | સૂરત | બાવાભાઈ સુખાભાઈ | સૂરત |
| પંડ્યા ધ્રુવકુમાર વિનાયકરાવ | સૂરત | બિપિનચંદ્ર ભગવાનદાસ | સૂરત |
| પંડ્યા નયનબાળા અરુણચંદ્ર | સૂરત | બેકરીવાળા મગનલાલ મોતીભાઈ | સૂરત |
| પંડ્યા પ્રેમચંદ્ર | સૂરત | બ્રહ્મભટ્ટ બાબુભાઈ ત્રિભોવનદાસ | સૂરત |
| પંડ્યા બકુલ વિનાયક | સૂરત | ભક્ત રમેશ મંગળદાસ | સૂરત |
| પંડ્યા મકરંદ વિનાયક | સૂરત | ભગત રમેશ નારાયણ | સૂરત |
| પંડ્યા વીણાબહેન વિનાયક | સૂરત | ભગવાનદાસ કરસનદાસ | સૂરત |
| પંડ્યા હીરાબહેન | સૂરત | ભણસાળી મહાલક્ષ્મીબહેન | સૂરત |
| પાઠક કીકુભાઈ જગન્નાથ | સૂરત | ભટ્ટ આર. આર. | સૂરત |
| પાનવાલા જેકિશન પ્રેમચંદ | સૂરત | ભટ્ટ કુસુમબહેન | સૂરત |
| પારેખ કાન્તિભાઈ | સૂરત | ભટ્ટ વિષ્ણુરામ નારાયણ | સૂરત |
| પારેખ ધીરુભાઈ (ભોટા વરાછા) | સૂરત | ભંડારી બળદેવ નરોત્તમ | સૂરત |

| | | | |
|---|---|---|---|
| ભાણીબહેન મકનજી | સૂરત | મહેતા વિલાસવતી ચન્દ્રવદન | સૂરત |
| ભૂખણદાસ છગનલાલ | સૂરત | મહેતા વીરમતિબહેન | સૂરત |
| ભૂતવાળા છબીલદાસ છોટાલાલ | સૂરત | મહેતા હરિલાલ ડાહ્યાભાઈ | સૂરત |
| મગનલાલ છોટાલાલ | સૂરત | મહેશચંદ્ર મનહરલાલ | સૂરત |
| મગનલાલ ઠાકોરદાસ | સૂરત | મંગળદાસ રૂદલાલ | સૂરત |
| મગનલાલ દયારામ | સૂરત | માધવલાલ મોતીલાલ | સૂરત |
| મગનલાલ ભાઈચંદ | સૂરત | મારફતિયા ગમનલાલ માણેકલાલ | સૂરત |
| મગનલાલ મોતીરામ | સૂરત | મારફતિયા ગેબીલાલ ભાઈદાસ | સૂરત |
| મગનલાલ મોરારજી | સૂરત | મારફતિયા ચંદુલાલ મંછારામ | સૂરત |
| મગનલાલ વનમાળીદાસ | સૂરત | મારફતિયા ચંદ્રકાંત વિઠ્ઠલદાસ | સૂરત |
| મજમુદાર કનૈયાલાલ જમનાદાસ | સૂરત | મારફતિયા છોટુભાઈ ભાઈદાસ | સૂરત |
| મણિભાઈ પરભુભાઈ | સૂરત | મારફતિયા નગીનદાસ મોતીરામ | સૂરત |
| મણિલાલ (મોતીરામ) બ્રીજલાલ | સૂરત | મારફતિયા મનસુખલાલ | સૂરત |
| મણિલાલ લાલભાઈ | સૂરત | મુનશી જયમતીબહેન | સૂરત |
| મણિલાલ વિઠ્ઠલદાસ | સૂરત | મુનશી બટુકરામ મદનરામ | સૂરત |
| મનસુખલાલ હરિલાલ | સૂરત | મૂળચંદ પ્રેમચંદ | સૂરત |
| મનુભાઈ મગનલાલ | સૂરત | મોદી ડાહ્યાભાઈ ભગવાનદાસ | સૂરત |
| મહમદ અબ્દુલ રહીમ | સૂરત | મોદી નવનીતલાલ ઠાકોરદાસ | સૂરત |
| મહારાજવાળા હરકિશનદાસ | સૂરત | મોદી મોહનલાલ કસ્તૂરચંદ (ભક્ત) | સૂરત |
| મહીડા વિક્રમસિંહ નરસિંહજી બાવા | સૂરત | મોહનલાલ ગંગારામ | સૂરત |
| મહેતા ગણપતિ | સૂરત | મોહનલાલ ત્રિભોવનદાસ | સૂરત |
| મહેતા જશવંતરાય ધ. | સૂરત | મોહનલાલ દયારામ | સૂરત |
| મહેતા તનુબહેન | સૂરત | મોહનલાલ રવજીભાઈ | સૂરત |
| મહેતા દિનકર લલ્લુભાઈ | સૂરત | મોહનલાલ વિઠ્ઠલદાસ | સૂરત |
| મહેતા નિર્મળાબહેન | સૂરત | રણછોડદાસ ચૂનીલાલ | સૂરત |
| મહેતા મધુરિકા પ્રિયમુખરામ | સૂરત | રણછોડદાસ ડાહ્યાભાઈ | સૂરત |
| મહેતા રત્નમણિબહેન | સૂરત | રણછોડભાઈ પરભુભાઈ | સૂરત |
| મહેતા રોહિત કર્પૂરરામ | સૂરત | રણછોડભાઈ મોરારજીભાઈ | સૂરત |
| મહેતા વિદુલાબહેન | સૂરત | રણછોડભાઈ રવજીભાઈ | સૂરત |
| મહેતા વિમળાબહેન છગનલાલ | સૂરત | રણછોડભાઈ સવજીભાઈ | સૂરત |

| | |
|---|---|
| રતિલાલ ઝવેરદાસ | સૂરત |
| રતિલાલ તુલસીદાસ | સૂરત |
| રતિલાલ મંગળદાસ | સૂરત |
| રતિલાલ હરકિશનદાસ | સૂરત |
| રમણલાલ પ્રેમચંદ | સૂરત |
| રમણલાલ રણછોડદાસ | સૂરત |
| રસૂલખાં રહીમખાં | સૂરત |
| રસૂલમિયાં છોટુમિયાં | સૂરત |
| રંગીલદાસ નરોત્તમભાઈ | સૂરત |
| રાજસ્થાની કૌશલ્યાબહેન | સૂરત |
| રાણા મંછારામ ઘેલાભાઈ | સૂરત |
| રામીબહેન વલ્લભભાઈ | સૂરત |
| રૂપાવાળા (અનિલ) રતિલાલ મૂળચંદ | સૂરત |
| રેશમવાલા જયંતિલાલ રતિલાલ | સૂરત |
| લલ્લુભાઈ નાનાભાઈ | સૂરત |
| લલ્લુભાઈ મૂળચંદ | સૂરત |
| લલ્લુભાઈ લાલચંદ | સૂરત |
| લલ્લુભાઈ હેમચંદ | સૂરત |
| લાકડાવાળા જમનાદાસ ઝીણાભાઈ | સૂરત |
| લીલુભાઈ મગનલાલ | સૂરત |
| લુહાર જગજીવનદાસ અંબારામ | સૂરત |
| લેખડિયા ભગવાનદાસ કૃષ્ણરામ | સૂરત |
| લોચાવાળા રમેશચંદ્ર ભૂખણદાસ | સૂરત |
| લોટવાળા નગીનભાઈ | સૂરત |
| વકીલવાળા નિર્મળાબહેન | સૂરત |
| વકીલવાળા મંગળદાસ | સૂરત |
| વજુભાઈ પરભુભાઈ | સૂરત |
| વઝીર હરિહરાનંદ કેશવાનંદ | સૂરત |
| વશી છગનલાલ કુંવરજી | સૂરત |
| વશી લલિતાબહેન છગનલાલ | સૂરત |

| | |
|---|---|
| વાયલા હીરાલાલ તુલસીદાસ | સૂરત |
| વાલવાળા ડાહ્યાભાઈ માણેકલાલ | સૂરત |
| વાલીબહેન નાથાભાઈ | સૂરત |
| વિજુભાઈ પરભુભાઈ | સૂરત |
| વિઠ્ઠલદાસ રવજીભાઈ | સૂરત |
| વીમાવાળા ઈશ્વરલાલ મૂળચંદ | સૂરત |
| વેણીલાલ મગનલાલ | સૂરત |
| વેદાલંકાર રમેશચંદ્ર | સૂરત |
| વેરાગીવાલા ઇન્દુમતીબહેન ઈશ્વરલાલ | સૂરત |
| વેરાગીવાળા રણધીર | સૂરત |
| વૈદ નારણભાઈ | સૂરત |
| વૈદ શાંતારામ નરસિંહરામ | સૂરત |
| વૈરાગીવાળા ઈશ્વરલાલ | સૂરત |
| વ્યાસ બટુકભાઈ કેશવરામ | (રાંદેર) |
| વ્યાસ વિલાસબહેન | સૂરત |
| વ્યાસ સુરેન્દ્રલાલ નરહરિશંકર | સૂરત |
| વ્યાસ સુરેશ મૂળશંકર | સૂરત |
| શાહ ચંદ્રવદન ચૂનીલાલ | સૂરત |
| શાહ ચંપકલાલ ઝવેરચંદ | સૂરત |
| શાહ જદુરામ ભૂરાભાઈ | સૂરત |
| શાહ ધનસુખલાલ | સૂરત |
| શાહ નિરંજન ડાહ્યાભાઈ | સૂરત |
| શાહ વૈદરાજ મૂળચંદ ડી. | સૂરત |
| શાહ શારદાબહેન મોહનલાલ | સૂરત |
| શાંતાબહેન | સૂરત |
| શાંતાબહેન રામભાઈ | સૂરત |
| શાંતિકુમાર હરકિશનદાસ | સૂરત |
| શાંતિલાલ જેરામભાઈ | સૂરત |
| શિવદાસવાળા નગીનભાઈ ઘેલાભાઈ | સૂરત |

| | |
|---|---|
| શુક્લ પ્રસન્નવદન લાલશંકર | સૂરત |
| શુક્લ મુકુંદચંદ્ર દીપકરામ | સૂરત |
| શુક્લ રત્નમણિશંકર | સૂરત |
| શુક્લ વીરમણિશંકર હરમણિશંકર | સૂરત |
| શેઠ ચંદુલાલ ડી. | સૂરત |
| શેઠ મદનલાલ ચંદુલાલ | સૂરત |
| શેઠવાળા જેકિશનદાસ રણછોડદાસ | સૂરત |
| શેલત નટવરલાલ | સૂરત |
| શેલત નટવરલાલ મૂળજીભાઈ | સૂરત |
| શ્રોફ નરેન્દ્ર જેકિશનદાસ | સૂરત |
| સનસ બાબુભાઈ જગજીવન | સૂરત |
| સરૈયા દમયંતીબહેન છોટાલાલ | સૂરત |
| સાકરલાલ ડાહ્યાભાઈ | સૂરત |
| સાદડીવાળા ખુશાલદાસ ચૂનીલાલ | સૂરત |
| સાધુ દરબારી | સૂરત |
| સીંગવાળા પરસોત્તમ | સૂરત |
| સુતરિયા ચંપકલાલ | સૂરત |
| સૂરા નરસિંહદાસ કસનદાસ | સૂરત |
| સેવક રામદાસ મગનલાલ | સૂરત |
| સોનગઢી કૃષ્ણવદન કીકાભાઈ | સૂરત |
| સોનાવાળા ફીરોજશાહ | સૂરત |
| સોની કાળિદાસ ત્રિભુવનદાસ | - |
| (સરભણવાળા) | સૂરત |
| સોની ધીરજલાલ નાથુભાઈ | સૂરત |
| સોપારીવાલા મહિલાવતી | સૂરત |
| સોપારીવાળા અબ્દુલ કાદર | સૂરત |
| સોલંકી આત્મારામ કા. | સૂરત |
| સ્માર્ત ઇન્દુભાઈ કપિલાશંકર | સૂરત |
| હરકિશનદાસ અંબારામ | સૂરત |
| હરકિશનદાસ ઝીણાભાઈ | સૂરત |
| હરકિશનદાસ માણેકચંદ | સૂરત |
| હરકિશન માકુભાઈ | સૂરત |
| હરિલાલ છોટાલાલ | સૂરત |
| હરિલાલ તુલસીદાસ | સૂરત |
| હરિલાલ મગનલાલ | સૂરત |
| હરિશ છોટાલાલ | સૂરત |
| હસમુખલાલ નાનાભાઈ | સૂરત |
| હંસરાજ રતનબહેન નારાયણ | સૂરત |
| હીરાલક્ષ્મી ગુલાબદાસ | સૂરત |
| હીરાલાલ ચૂનીલાલ | સૂરત |
| હીરાલાલ જેઠાલાલ | સૂરત |
| હીરાલાલ ભગવાનદાસ | સૂરત |
| હીરાલાલ મગનલાલ | સૂરત |

# સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્યસૈનિકો

| નામ | ગામ | વિગત |
|---|---|---|
| અગરબત્તીવાલા ચુનીલાલ પોપટલાલ | જામનગર | જામનગર પ્રજામંડળના કાર્યકર. ખૂબ માર ખાવો પડ્યો. |
| અઘેડિયા ગોવિંદજી અમરશી | રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ. માર સહન કર્યો. |
| આંબલિયા જીવરાજ બેચરભાઈ | થોરાળા, જિ. રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લીધો. જમીન-ખોરડાં હરાજ. સ્વરાજ બાદ જમીનપરત. |
| ઇબ્રાહીમ હુસેનમિયાં ભાઈમિયાં | લીંબડી | લીંબડીની લડતમાં ભાગ લેતાં અનેક કષ્ટો સહન કર્યાં. |
| કલ્યાણસંગ માનસંગ | રાજકોટ | રાષ્ટ્રીય લડતમાં ભાગ લેવાથી માર ખાધો. સહન કર્યું. |
| કાચા ભગવાનજી કુંવરજી | રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લીધો. જુલમોનો ભોગ બન્યા. |
| કુંદનસિંહ નારણસિંહ | માળિયા હાટિના, જિ. જૂનાગઢ | જૂનાગઢના નવાબી જુલમોનો ભોગ બન્યા. રાજ્યનું પેન્શન એનાયત. |
| કોઠારી રમણીકલાલ ઝવેરચંદ | રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લેવાથી માર સહન કર્યો. |
| કોળી કાનાભાઈ રત્નાભાઈ | હરિપર, જિ. રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ. સહન કર્યું. જમીન-ખોરડાં જપ્ત. |
| કોળી લક્ષ્મણભાઈ હમીરભાઈ | નવા થોરાળા, જિ. રાજકોટ | રાજકોટ લડતમાં જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ બાદ જમીન પરત. |
| ગણાત્રા જગજીવન શિવલાલ | પોરબંદર | 1942ની લડતમાં ભાગ લીધો. પોલીસોએ જીવલેણ માર માર્યો. |
| ગાંધી નાગરદાસ | અમરેલી | 1942ની 'હિંદ છોડો' લડતમાં ભાગ લીધો. |
| ગાંધી પાનાચંદ હરજીવન | મોરબી, જિ. રાજકોટ | ધ્રોળ સત્યાગ્રહમાં ભાગ લીધો. મોરબી રાજ્યે તેમને હેરાન કરેલા. |
| ગાંધી શંકરલાલ હરગોવિંદ | ભાવનગર | રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. સહન કર્યું. |

| | | |
|---|---|---|
| ગોવર્ધનભાઈ કડવાભાઈ | પોરબંદર | મહારાણાએ યુવક સંઘની પ્રવૃત્તિના પ્રશ્નો પૂછ્યા. નીડર જવાબો. તેમના એ.ડી.સી.એ સખત માર્યા. જેલમાં પૂર્યા. |
| ગોહેલ નાગજીભાઈ સવજીભાઈ | રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લેતાં માલ-મિલકત જપ્ત. યાતનાઓ સહન કરી. |
| ગોળવાળા નાગરદાસ | રાજકોટ | 1930-31ની ચળવળમાં કરાંચીમાં ભાગ લેતા પકડાયા. |
| ચતુરભાઈ પ્રભુભાઈ | સુરેન્દ્રનગર | 1942ની 'હિંદ છોડો' લડતમાં ભાગ લેવાથી સહન કર્યું. નિધન : 23 ડિસેમ્બર, 1985. |
| ચશ્માંવાળા ગુલાબભાઈ | રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લીધો. સહન કરવું પડ્યું. |
| ચંદ્રકાન્ત આદિત્યરામ | ભાવનગર | 1942ની લડતમાં ભાગ. ટૂંકો જેલવાસ. |
| ચાવડા જેઠાલાલ રામજીભાઈ | ભાવનગર | રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. સહન કર્યું. |
| ચિત્તરંજન જશવંતરાય | ભાવનગર | 1942ની લડતમાં ભાગ લીધો. ટૂંકો જેલવાસ. |
| છબીલદાસ પરમાણંદદાસ | બોટાદ | આઝાદીની લડતમાં ભાગ. જેલવાસ. પેન્શન એનાયત. |
| છાંટબાર ગોકુળદાસ વિઠ્ઠલદાસ | રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લીધો. માર સહન કર્યો. |
| જાડેજા મોટુભા લઘુભા | જામકંડોરણા, જિ. રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લીધો. માર સહન કર્યો. |
| જોશી અંબાશંકર | જાળિયા, | 1942ની લડતમાં ભાગ. ધરપકડ. જેલવાસ. જિ. અમરેલી |
| જોશી ભાઈશંકર કલ્યાણજી | હળવદ | ધ્રાંગધ્રાની લડત વખતે હળવદમાં રાજ્યે ત્રાસ વર્તાવ્યો. તેનો ભોગ બન્યા. |
| જોષી અમૃતલાલ મગનલાલ | આરબટીંબડી, જિ. રાજકોટ | રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો, સહન કરવું પડ્યું. |
| જોષી ઈશ્વરલાલ કે. | જૂનાગઢ | રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. સહન કર્યું. રાજ્ય સરકારનું પેન્શન મળે છે. |
| જોષી ઇંદુકુમાર ડી. | જૂનાગઢ | સ્વાતંત્ર્યની લડતમાં ભાગ લીધો. સહન કર્યું. રાજ્યનું પેન્શન એનાયત. |

| | | |
|---|---|---|
| જોષી ગિરધરલાલ ઈશ્વરલાલ | હળવદ | ધ્રાંગધ્રાની લડત વખતે હળવદમાં 21-10-1931ના રોજ થાળી પીટીને પ્રચાર. પોલીસે ઝૂડી નાખ્યા. |
| જોષી મોતીભાઈ માનભાઈ | વેરાવળ, જિ. જૂનાગઢ | જૂનાગઢના નવાબી રાજ્ય સામે લડતા રહ્યા. ઘણો ભોગ આપ્યો. |
| જોષી વ્રજલાલ છગનલાલ | રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લીધો. રાજ્યના જુલમનો ભોગ બન્યા. |
| ટાંક મુક્તાબહેન ચુનીલાલ | રાજકોટ | રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો અને સહન કર્યું. |
| ટોપિયા શામજીભાઈ પાબાભાઈ | જન્મ : 1908 | રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં |
| | મઘરવાડા | જપ્ત. સ્વરાજ પછી જમીન પરત થઈ. |
| ટોપિયા શામજીભાઈ વાલજીભાઈ | મઘરવાડા | રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ પછી જમીન પરત થઈ. |
| ઠાકરશી ધનજીભાઈ | જૂનાગઢ | નવાબના જુલમો સામે લડ્યા. ભોગ આપ્યો. રાજ્યનું પેન્શન મળ્યું. |
| ડામર પાનાચંદભાઈ | રાજસીતાપુર, જિ. સુરેન્દ્રનગર | ધ્રાંગધ્રાની લડત વેળા પકડીને જેલમાં પૂર્યા. ત્રાસનો ભોગ બન્યા. |
| ડોડિયા ચંદ્રકાન્ત વેલજી | રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લીધો, માર વેઠ્યો. |
| ત્રંબકભાઈ મીઠાભાઈ | રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લીધો. ધરપકડ. દેશપ્રેમી યુવાન. |
| ત્રિવેદી અમૃતલાલ રતનજી | ધ્રાંગધ્રા | ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લીધો, ખૂબ સહન કર્યું. |
| ત્રિવેદી દેવશંકરભાઈ | વલભીપુર | ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લીધો. |
| દરજી ગોરધનભાઈ | મોરબી, જિ. રાજકોટ | મોરબી સત્યાગ્રહ વખતે ફૂલચંદભાઈ સાથે કષ્ટ સહન કર્યાં. |
| દામાણી લવાભાઈ દેવજીભાઈ | રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લીધો. સહન કર્યું. જમીન-ખોરડાં ગુમાવ્યાં. |
| દેપાળા મગનલાલ મૂળજીભાઈ | ધ્રાંગધ્રા | રાષ્ટ્રીય લડતોમાં ભાગ લીધો. ભારત સરકારનું પેન્શન એનાયત થયેલ છે. |

| | | |
|---|---|---|
| દોશી ચતુર્ભુજ મયાચંદ | ગોંડળ, જિ. રાજકોટ | 1930-32માં વિરમગામની છાવણી- માં આત્મા-રામ ભટ્ટ સાથે ભાગ લીધો. સહન કર્યું. |
| દોશી ત્રિકમલાલ | સુરેન્દ્રનગર | રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લીધો. કષ્ટો સહન કર્યાં. રાજ્ય સરકારનું પેન્શન પત્ની કમળા-બહેનને મળે છે. |
| દોશી મણિશંકર મોતીરામ | મોરબી, જિ. રાજકોટ | રાષ્ટ્રીય લડતોમાં ભાગ લીધો. અનેક રીતે સહન કર્યું. |
| ધીનોની વસંતભાઈ જે. | જૂનાગઢ | જૂનાગઢ રાજ્યના જુલમો સામે લડતાં સહન કર્યું. રાજ્યનું પેન્શન એનાયત થયેલ છે. |
| નગીનદાસ ભગવાનજી | મોરબી, જિ. રાજકોટ | મોરબી સત્યાગ્રહમાં ભાગ લેતાં રાજ્ય તરફથી ત્રાસ વેઠ્યો. |
| નાનચંદભાઈ વાઘજીભાઈ | હળવદ | ધ્રાંગધ્રાની લડતમાં હળવદમાં થાળી પીટીને પ્રચાર કરતાં પોલીસોના મારનો ભોગ બન્યા. |
| નાનાલાલ પરમાનંદ | જૂનાગઢ | જૂનાગઢના નવાબી રાજ્યના જુલમોના ભોગ બન્યા. સહન કર્યું. રાજ્યનું પેન્શન એનાયત. |
| નાવડિયા ગિરધરલાલ વાલજીભાઈ | ભાવનગર | રાજકોટ સત્યાગ્રહમાં ભાગ લીધો. ટૂંકો જેલવાસ ભોગવ્યો. |
| નૌતમલાલ નરભેશંકર | હળવદ | ધ્રાંગધ્રાની લડત વખતે હળવદમાં 21 ઑક્ટોબર, 1931ના રોજ પ્રચાર. પોલીસોએ ખૂબ માર્યા. |
| પટેલ કાનજીભાઈ હરિભાઈ | જમણવાવ, જિ. ભાવનગર | મોટા ચરોડિયાની લડતમાં ભાગ લીધો. સહન કર્યું. રાજ્યનું પેન્શન પત્નીને મળે છે. |
| પટેલ કાંતિલાલ હીરજી | ઊના, જિ. જૂનાગઢ | લડતમાં ભાગ લીધો. સહન કર્યું. રાજ્ય સરકારનું પેન્શન એનાયત. |
| પટેલ ગોકુળભાઈ લિંબાભાઈ | હલેન્ડા, જિ. રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લીધો. જમીન-ખોરડાં જપ્ત થયાં. સહન કરવું પડ્યું. |
| પટેલ ગોબરભાઈ ભીખાભાઈ | હલેન્ડા, જિ. રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ બાદ પરત. |

| | | |
|---|---|---|
| પટેલ ગોરધનભાઈ ચકુભાઈ | મોટા મવા, જિ. રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ બાદ જમીન પરત. |
| પટેલ ગોવિંદભાઈ માવજી | મેટોડા, જિ. રાજકોટ | રાજકોટ લડતમાં જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ બાદ જમીન પરત. |
| પટેલ ઘૂસાભાઈ કરમણ | મોટા મવા, જિ. રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ બાદ જમીન પરત થઈ. |
| પટેલ જગજીવનદાસ નાથાલાલ | ભાવનગર | 1942ની લડતમાં ભાગ લીધો. તામ્રપત્ર એનાયત થયેલ. |
| પટેલ દેવચંદભાઈ જેરામભાઈ | મોટાચારોડિયા, જિ. ભાવનગર | મોટા ચારોડિયાની લડતમાં ભાગ લીધો. તામ્રપત્ર એનાયત થયું. |
| પટેલ નાગજીભાઈ મનજીભાઈ | ગુંદા, જિ. રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લેતાં જમીન-ખોરડાં જપ્ત. અનેક યાતનાઓ સહન કરી. |
| પટેલ નાગજીભાઈ સવાભાઈ | જિયાણા, જિ. રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ બાદ જમીન પરત મળી. |
| પટેલ નારણભાઈ હીરાભાઈ | મેટોડા, જિ. રાજકોટ | રાજકોટની લડતમાં જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ બાદ જમીન પરત મળી. |
| પટેલ પ્રેમજીભાઈ અરજણભાઈ | કુવાડવા, જિ. રાજકોટ | આરઝી હકૂમતમાં ભાગ લીધો. નિધન થયેલ છે. |
| પટેલ રવજીભાઈ વાલાભાઈ | રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લીધો. માર સહન કર્યો. |
| પટેલ રાજાભાઈ દેવજીભાઈ | હલેન્ડા, જિ. રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત થયાં. સહન કરવું પડ્યું. |
| પટેલ રાજાભાઈ રત્નાભાઈ | જન્મ : 1926 થોરાળા | રાજકોટની લડતમાં જમીન-ખોરડાં જપ્ત થયાં. સ્વરાજ પછી જમીન પરત મળી. |
| પટેલ રામજીભાઈ ભગાભાઈ | મેટોડા, જિ. રાજકોટ | રાજકોટ લડતમાં જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ બાદ જમીન પરત. |
| પટેલ લાખાભાઈ હીરાભાઈ | મેટોડા, જિ. રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લેતા જમીન-ખોરડાં જપ્ત થયાં. સહન કર્યું. |
| પટેલ વશરામ જીવાભાઈ | ખરેડી, જિ. રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત થયાં. સ્વરાજ બાદ જમીન પરત થઈ. |

| | | |
|---|---|---|
| પટેલ વાઘજીભાઈ પાંચાભાઈ | મેટોડા, જિ. રાજકોટ | રાજકોટની લડતમાં જમીન-ખોરડાં જપ્ત થયાં. દુઃખ સહન કર્યાં. |
| પટેલ વેલાભાઈ દેવજીભાઈ | વડિયા, જિ. અમરેલી | રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ બાદ જમીન પાછી મળી. |
| પટેલ શામજીભાઈ હીરાભાઈ | ખરેડી, જિ. રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ પછી જમીન પરત થઈ. |
| પટેલ સવદાસભાઈ વાલાભાઈ | હલેન્ડા, જિ. રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ પછી જમીન પરત થઈ. |
| પરીખ ગોપાળજી એચ. | અમરેલી | રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. જેલવાસ. પેન્શન એનાયત થયેલ છે. |
| પંડ્યા નરેન્દ્રકુમાર હરિશંકર | રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લેવા બદલ રાજ્યના જુલમો સહન કર્યા. |
| પંડ્યા હરિલાલ લાભુભાઈ | રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લીધો. માર વેઠ્યો. |
| પારેખ વજુભાઈ જે. | વઢવાણ, જિ. સુરેન્દ્રનગર | 1939ની લીંબડીની લડતમાં ભાગ લીધો. ખૂબ સહન કર્યું. |
| પાલા ત્રિભોવનજી ઓધવજી | રાજકોટ | રાજકોટની લડતમાં માર ખાધો. સહન કર્યું. |
| પોરિયા તુલસીદાસ | રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લીધો. સહન કર્યું. |
| બાબુભાઈ જીવાજી | નાગવેશ, જિ. સુરેન્દ્રનગર | રાષ્ટ્રીય લડતમાં ભાગ લેતા સહન કર્યું. રાજ્ય સરકારનું પેન્શન મળે છે. |
| ભગવાનજી ધરમશી | મોરબી, જિ. રાજકોટ | મોરબી સત્યાગ્રહમાં સક્રિય ભાગ. રાજ્યે ખૂબ હેરાન કર્યા. |
| ભટ્ટ ગિરજાશંકર ગોવિંદજી | જૂનાગઢ | જૂનાગઢ રાજ્યના જુલમો સામે લડ્યા. રાજ્યનું પેન્શન એનાયત થયેલ છે. |
| ભોજ દામજીભાઈ | જામનગર | જામનગર પ્રજાપરિષદના કાર્યકર. રાજ્યના જુલમોનો ભોગ બન્યા. |
| ભોજાણી રસિકલાલ ગોરધનદાસ | ગોંડળ, જિ. રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લીધો. રાજ્યના જુલમો સહન કર્યા. |
| મકવાણા દીલુભાઈ મૂળજી | લીંબડી | લીંબડીની લડતમાં ખૂબ સહન કર્યું. |

| | | |
|---|---|---|
| મગનલાલ પુરુષોત્તમ | લીંબડી | રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. રાજ્ય સરકારનું પેન્શન એનાયત થયેલ છે. |
| મગનલાલ ભગવાનજી | હળવદ | ધ્રાંગધ્રાની લડત વખતે 21 ઑક્ટોબર 1931ના રોજ થાળી વગાડીને હળવદમાં પ્રચાર. રાજ્યે સખત માર માર્યો. |
| મણિયાર પાનાચંદભાઈ | મોરબી | મોરબી સત્યાગ્રહમાં સક્રિય ભાગ લેતાં રાજ્ય<br><br>તરફથી ભારે જુલમો સહન કર્યા. |
| મહાત્મા દયાકુંવરબહેન પ્રાણલાલ | મોરબી | 1931માં મોરબી સત્યાગ્રહમાં ભાગ લીધો. |
| મહેતા ચંદુલાલ કલ્યાણજી | વલભીપુર,<br>જિ. ભાવનગર | વળા રાજ્યના અન્યાયો સામે વિરોધ. ધરપકડ. સમાધાન થતાં મુક્ત. નિધન થયેલ છે. |
| મહેતા જટુભાઈ | રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ લીધો. ખૂબ સહન કર્યું. અટકમાં રહ્યા. |
| મોદી ગોકુળદાસ | પોરબંદર | 1942ની લડત વખતે રાજ્યના જુલમોનો ભોગ બન્યા. રાજ્યનું પેન્શન એનાયત થયેલ છે. |
| મોદી છોટાલાલ | રાજકોટ | વકીલ. રાજકોટની લડતમાં જોડાયા. સહન કર્યું. નિધન થયેલ છે. |
| મૌર્ય વિજયગુપ્ત | પોરબંદર | 1942ની ‘હિંદ છોડો’ લડતમાં પોલીસોના જુલમો જોઈને પોરબંદર રાજ્યની નોકરીનું રાજીનામું. પોરબંદરનો ત્યાગ. મુંબઈમાં વસવાટ. |
| રાણપરિયા હરજીભાઈ ગોવિંદભાઈ | થોરાળા | રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત. સ્વરાજ પછી જમીન પરત થઈ. |
| રાવળ અરવિંદભાઈ મોહનલાલ | વઢવાણ | ધ્રાંગધ્રાની લડતમાં ભાગ લેતા ખૂબ સહન કર્યું. |
| લાભશંકર પ્રાણજીવન | રાજકોટ | રાષ્ટ્રીય લડતમાં ભાગ લેવાથી સહન કરવું પડ્યું. |
| લીંબાસિયા રૂડાભાઈ મનજીભાઈ | જ. 25-8-1920<br>કોટડા નાથાણી,<br>જિ. રાજકોટ | રાજકોટ લડતમાં ભાગ. જમીન-ખોરડાં જપ્ત.<br>સૌરાષ્ટ્ર રાજ્યે જમીન પરત આપી. |

| | | |
|---|---|---|
| લુણાગરિયા લવજીભાઈ | રાજકોટ | 1942ની લડતમાં ભાગ લીધો. સહન કર્યું. |
| વકીલ નાનુભાઈ | ભરૂચ | 1942ની લડતમાં ભાગ લીધો. ધરપકડ. જેલવાસ. |
| વર્મા ગુલાબસિંહ માલવજી | વાંકાનેર | વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો. પોલીસના જુલમનો ભોગ બન્યા. |
| વસા મેનાબહેન | જામનગર | પ્રજામંડળની લડતમાં ભાગ લીધો. સહન કર્યું. ઉદ્દામ વિચારસરણી. |
| વોરા ગુલાબભાઈ | જામનગર | રાજ્યના જુલમો સામે માથું ઊંચકનાર. માર સહન કર્યો. |
| વ્યાસ ગુણવંતરાય કરસનજી | બિલખા | 1942ની લડતમાં ભાવનગરમાં વિદ્યાર્થી તરીકે ભાગ લીધો. |
| વ્યાસ મહાશંકર કે. | કેશોદ | જૂનાગઢના નવાબી રાજ્યના જુલમોના ભોગ |
| વ્રજલાલ હીરાલાલ | રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લીધો. રાજ્યના જુલમો સહન કર્યા. |
| શંકરલાલ | જામનગર | કાલાવડનાં ગામોમાં જામનગ પ્રજાપરિષદના સભ્યો નોંધવા ગયા ત્યારે રાજ્યપ્રેરિત ગુંડાઓએ ખૂબ મારી બેભાન કર્યા. |
| શાહ અમૃતલાલ | બોટાદ | રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. તેમની વિધવાને રાજ્યનું પેન્શન. |
| શાહ છબીલદાસ જે. | સુરેન્દ્રનગર | રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. પેન્શન એનાયત થયેલ. |
| શાહ જગજીવનદાસ શિવલાલ | ધ્રાંગધ્રા | ધ્રાંગધ્રાની લડતમાં કષ્ટો વેઠ્યાં, જેલવાસ ભોગવ્યો. |
| શાહ ત્રંબકલાલ તારાચંદ | રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લેતાં ખૂબ સહન કર્યું. પત્રકાર. |
| શાહ પ્રેમચંદભાઈ | જૂનાગઢ | જૂનાગઢના નવાબી રાજ્યના જુલમોના ભોગ |
| શાહ ભોગીલાલ મૂળજીભાઈ | લીંબડી | રાષ્ટ્રીય લડતમાં ભાગ લીધો. પેન્શન એનાયત થયેલ છે. |
| શુક્લ હરિપ્રસાદ ચુનીલાલ | હળવદ, જિ. સુરેન્દ્રનગર | ધ્રાંગધ્રાની લડત વખતે 21 ઑક્ટોબર 1931ના રોજ થાળી વગાડીને પ્રચાર કરતાં પોલીસોએ ઝૂડી નાખ્યા. ખૂબ સહન કર્યું. |

| | | |
|---|---|---|
| શેઠ, ડૉ. ઉષાબહેન છગનલાલ | જોરાવરનગર | રાષ્ટ્રીય ચળવળમાં ભાગ. પેન્શન એનાયત. |
| સાગપરિયા હરજીભાઈ ગોવિંદભાઈ | જન્મ : 1923 | રાજકોટ લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં રાજકોટ |
| સાધુ જમનાદાસ લાલજીભાઈ | રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લીધો. જુલમો સહન કર્યા. |
| સુતરિયા જયસુખલાલ માધવજી | જામનગર | જામનગર પ્રજામંડળની લડતમાં ભાગ લીધો. અસહ્ય માર ખાધો. આર્થિક રીતે સહન કર્યું. |
| સોજિત્રા દેવાભાઈ ડાહ્યાભાઈ | મઘરવાડા, જિ. રાજકોટ | રાજકોટની લડતમાં ભાગ લેવાથી જમીન-ખોરડાં જપ્ત.<br>પાછળથી જમીન પરત. |
| સોમાણી કૃષ્ણલાલ કાળિદાસ | રાજકોટ | રાજકોટની લડતમાં અગ્રગણ્ય ભાગ. સહન કર્યું. પછી પત્રકાર, ધરપકડ. ટૂંક સમયમાં મુક્તિ. નિધન. |
| સોલંકી ડાહ્યાભાઈ ઝીણાભાઈ | રાજકોટ | રાષ્ટ્રીય લડતમાં ભાગ લેવાથી માર ખાધો. સહન કરવું પડ્યું. |

# સંદર્ભગ્રંથસૂચિ

અદાણી, રતુભાઈ : 'સોરઠની લોકક્રાંતિનાં વહેણ અને વમળ' ભાગ-1 (બીજી આવૃત્તિ), અમદાવાદ – 1989

અદાણી, રતુભાઈ : 'સોરઠની લોકક્રાંતિનાં વહેણ અને વમળ' ભાગ-2 (પહેલી આવૃત્તિ), રાજકોટ – 1984

ઉમરાજવાલા, આર. એસ. : 'ચરોતરના સત્યાગ્રહો', આણંદ – 1989

કાકા કાલેલકર (સંપાદક) : 'બાપુના પત્રો–1' આશ્રમની બહેનોને, અમદાવાદ – 1949

કાપડિયા, રંગીલદાસ અને બીજા : 'સ્વાતંત્ર્યસંગ્રામમાં ગણદેવી તાલુકો', કછોલી – 1974

કોરાટ, પી. જી. (સંપાદક) : 'ભારતના સ્વાતંત્ર્યસંગ્રામમાં પાયાના કાર્યકરોનું પ્રદાન', ભાવનગર – 1999

કોઠારી, રતુભાઈ : 'જૂનાગઢની આરઝી હકૂમત', ગાંધીનગર – 1974

ગાંધી, જેઠાલાલ : 'ધરાસણાનો જંગ', ગાંધીનગર – 1978

જમીનદાર, રસેશ : 'સ્વાધીનતા સંગ્રામમાં ગુજરાત', અમદાવાદ – 1989

જોશી, છગનલાલ (સંપાદક) : 'બાપુના પત્રો–7' શ્રી છગનલાલ જોશીને, અમદાવાદ – 1962

ઠાકોર, જયંતી : 'આઝાદી જંગની મંજિલ', અમદાવાદ – 1986

દેસાઈ, ઈશ્વરલાલ ઈ. : 'બારડોલી સત્યાગ્રહ', સૂરત – 1970

દેસાઈ, ઈશ્વરલાલ ઈ. : 'સ્વાતંત્ર્યસંગ્રામ', સૂરત – 1970

દેસાઈ, ઈશ્વરલાલ ઈ. : 'આઝાદીના ઘડવૈયા', સૂરત – 1973

દેસાઈ, ઈશ્વરલાલ ઈ. : 'ધરાસણાની શૌર્યગાથા', સૂરત – 1973

દેસાઈ, ડૉ. પંકજ ઠાકોરભાઈ : 'વડોદરા રાજ્ય પ્રજામંડળ અને સરદાર', અમદાવાદ – 1999

દેસાઈ, ડૉ. પંકજ ઠાકોરભાઈ : 'દક્ષિણ ગુજરાતમાં સ્વાતંત્ર્યસંગ્રામ અને તેના પ્રેરકો', અમદાવાદ – 2006

દેસાઈ, મગનભાઈ પ્રભુદાસ (સંપાદક) : 'સત્યાગ્રહની સપ્તપદી', અમદાવાદ – 1952

દેસાઈ, મહાદેવભાઈ હ. : 'બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ', અમદાવાદ – 1957

દેસાઈ, ડૉ. મહેબૂબ : 'બેંતાલીસમાં સૌરાષ્ટ્ર', અમદાવાદ – 1989

દેસાઈ, ડૉ. મહેબૂબ : 'ભાવનગર રાજ્ય પ્રજાપરિષદ અને પ્રજાકીય ચળવળો', ભાવનગર – 1992

દેસાઈ, ડૉ. મહેબૂબ : 'હિન્દોસ્તાં હમારા' ગુજરાતના મુસ્લિમ સ્વાતંત્ર્યવીરોનાં રેખાચિત્રો, અમદાવાદ – 1994

દેસાઈ, ડૉ. મહેબૂબ : 'સૌરાષ્ટ્રની સ્વાતંત્ર્ય ઝંખના', અમદાવાદ – 1997

દેસાઈ, ડૉ. મહેબૂબ : 'ગુજરાતની સ્વાતંત્ર્ય સાધના' (છ જિલ્લાઓના સંદર્ભમાં), ભાવનગર – 2001


દેસાઈ, મોરારજી : 'મારું જીવનવૃત્તાંત ભાગ-1, 2', અમદાવાદ 1972, 1974

દેસાઈ, રમણભાઈ કે. અને પટેલ, ઇન્દુભાઈ બી. : 'સોજિત્રા, એક સંશોધનાત્મક અભ્યાસ', વલ્લભવિદ્યાનગર – 1988


દેસાઈ, શાંતિલાલ : 'રાષ્ટ્રનો સ્વાતંત્ર્યસંગ્રામ અને ગુજરાત', અમદાવાદ – 1972
દોશી, બાપાલાલ : 'લીંબડીની લડત', ગાંધીનગર – 1974
પટેલ, કિરીટકુમાર જો. : 'અસહકારની ચળવળમાં ગુજરાતનું પ્રદાન, 1920-22', અપ્રગટ મહાનિબંધ, ગુજરાત
યુનિવર્સિટી
પટેલ, ચન્દ્રકાન્ત : 'સ્વાતંત્ર્ય આંદોલનમાં રાસ', ગાંધીનગર – 1975
પટેલ, ચન્દ્રકાન્ત : 'માણસા સત્યાગ્રહ', ગાંધીનગર – 1978
પટેલ, મણિબહેન : 'બોરસદ સત્યાગ્રહ', અમદાવાદ – 1972
પટેલ, મોહનલાલ : 'મહેસાણાપાટણ જિલ્લા સ્વાતંત્ર્યસૈનિકોનો ટૂંકો જીવનપરિચય', પાટણ – 1998
પાઠક, રામનારાયણ નાગરદાસ : 'રાજકોટ સત્યાગ્રહ', ગાંધીનગર – 1974
પાઠક, રામનારાયણ નાગરદાસ : 'ખેડા જિલ્લા સ્વાતંત્ર્યસંગ્રામ', નડિયાદ – 1979
પાલખીવાલા, મનુ : ' '42નો પહેલો શહીદ ઉમાભાઈ', અમદાવાદ – 1945
ફડકે, મામાસાહેબ : 'મારી જીવનકથા', અમદાવાદ – 1974
બૅંકર, શંકરલાલ : 'ગાંધીજી અને મજૂરપ્રવૃત્તિ', અમદાવાદ – 1965
બૅંકર, શંકરલાલ : 'ગાંધીજી અને રાષ્ટ્રીય પ્રવૃત્તિ', અમદાવાદ – 1967
ભટ્ટ, ચન્દ્રશંકર મ. : '1942ની ક્રાંતિનાં સંસ્મરણો', રાજપીપળા 1974
ભટ્ટ, દોલત : 'મુક્તિ સંગ્રામને મોરચે મહિલાઓ', ગાંધીનગર – 1997
ભોચિયા, જેસાભાઈ અરસીભાઈ : 'સવિનય કાનૂનભંગની ચળવળમાં બોરસદ તાલુકાનું પ્રદાન 1930-32',
ગૂજરાત વિદ્યાપીઠ, અપ્રગટ શોધનિબંધ, અમદાવાદ – 1995
મહેતા, કલ્યાણજી અને દેસાઈ, ઈશ્વરલાલ : 'દાંડીકૂચ', ગાંધીનગર – 1988
માવળંકર ગણેશ વાસુદેવ અને દલાલ ચંદુલાલ ભ. : 'રાષ્ટ્રીય ચળવળમાં અમદાવાદ મ્યુનિસિપાલિટીનો ફાળો',
અમદાવાદ – 1962
માવળંકર, ગણેશ વાસુદેવ : 'સંસ્મરણો', અમદાવાદ – 1958
મોદી, ધર્મિષ્ઠા : 'સવિનય કાનૂનભંગની ચળવળમાં દક્ષિણ અને મધ્ય ગુજરાતની સ્ત્રીઓનું પ્રદાન',
ગોધરા – 2001
શાહ, કાન્તિલાલ મણિલાલ : 'ધ્રાંગધ્રાની લોકલડત', ગાંધીનગર – 1975
શાહ, કાન્તિલાલ મણિલાલ : 'વીરમગામ સત્યાગ્રહ', ગાંધીનગર – 1974
શાહ, જયાબહેન વજુભાઈ (સંપાદક) : 'સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્યસૈનિકો', પ્રકા. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સેવા ટ્રસ્ટ,
1988
શાહ, રમણીકલાલ હરજીવનદાસ : 'આપણી વિદ્યાર્થી હિલચાલ', મુંબઈ – 1946
શુક્લ, ડૉ. જયકુમાર ર. : 'બેંતાલીસમાં અમદાવાદ', અમદાવાદ – 1988

શુક્લ, ડૉ. જયકુમાર ર. : 'હિંદ છોડો ચળવળ (1942)', અમદાવાદ – 1988
શુક્લ, ડૉ. જયકુમાર ર. : 'ગુજરાતમાં સ્વાતંત્ર્યસંગ્રામ', અમદાવાદ – 1993
શુક્લ, ડૉ. જયકુમાર ર. : 'બેંતાલીસમાં ગુજરાત', અમદાવાદ – 1993
શુક્લ, ડૉ. જયકુમાર ર. : 'ગુજરાતમાં હોમરૂલ આંદોલન', અમદાવાદ – 1995
શુક્લ, રામચંદ્ર દામોદર : 'સ્વાતંત્ર્યસંગ્રામમાં પંચમહાલ જિલ્લો', દાહોદ – 1986
સાંગણકર, બિપિન : 'શહીદ વીર વિનોદ કિનારીવાલા', અમદાવાદ – 1960
'સ્વાતંત્ર્યસંગ્રામના લડવૈયા', ગુજરાત રાજ્ય, પરિચય ગ્રંથ–1, પ્રકા. માહિતીખાતું, ગુજરાત સરકાર, અમદાવાદ–15 – 1969
'સ્વાતંત્ર્યસંગ્રામના લડવૈયા', ગુજરાત રાજ્ય, પરિચય ગ્રંથ2, પ્રકા. માહિતીખાતું, ગુજરાત સરકાર, ગાંધીનગર – 1976

# ગુજરાતના
# સ્વાતંત્ર્યસૈનિકો



અદાણી રતુભાઈ



અબ્બાસ તૈયબજી



અમીન મણિભાઈ ભાણજીભાઈ



ઈશ્વરાચાર્ય



ઉપાધ્યાય નાથુભાઈ હરિશંકર



કડિયા ઉમાકાંત




કંસારા નટવરલાલ ચીમનલાલ



કાનૂગા વિજયાગૌરી બળવંતરાય
(નંદુબહેન)



કાપડિયા રંગીલદાસ મગનલાલ



કાલેલકર કાકાસાહેબ



કાલેલકર સતીશ બાલકૃષ્ણ



કિનારીવાલા વિનોદ



કુંભાર મગનલાલ નાથાલાલ



કોઠારી કકલભાઈ



કોઠારી રતુભાઈ



ક્ષત્રિય બલરામ એમ.




ખમાર પ્રહ્લાદભાઈ પી.




ગાંધી કનુભાઈ ના.




ગાંધી, કસ્તૂરબા



ગાંધી પ્રભુદાસ છ.



ગાંધી ભોગીલાલ ચૂનીલાલ



ગાંધી મોહનદાસ કરમચંદ




ગાંધી રામદાસ મોહનદાસ



ગાંધી શામળદાસ



ગોર કાંતિલાલ મ.




ગોવિંદરાવ ઉત્રાણકર (શહીદ)




ઘિયા ડૉ. ચંપકલાલ જેકીશનદાસ



ચતુર્વેદી સુમનબહેન ગૌ.




ચોકસી જગજીવન મૂળચંદ



જાની કમળાશંકર જે.



જાની રસિકલાલ




જોશી ઉમાશંકર



જોશી છગનલાલ નથુભાઈ



જોશી જિતેન્દ્ર પ્રાણલાલ



જોશી જેઠાલાલ હ.



જોશી નંદલાલ




જોશી ભાઈશંકર ન.



જોશી રમાબહેન છગનલાલ




ઠક્કર અમૃતલાલ (ઠક્કરબાપા)



ઠાકર ગોવિંદલાલ પુંજારામ




ઠાકોર ડૉ. જયંતિલાલ પ્રાણલાલ




ઠાકોર મારુતિસિંહ છત્રસિંહ



ઢેબર ઉછરંગરાય



ત્રિવેદી કૃપાશંકર હ.



ત્રિવેદી કેશવરામ રામશંકર



ત્રિવેદી દયાશંકર વિશ્વનાથ



ત્રિવેદી દ્વારકાદાસ ના.



ત્રિવેદી ભાનુશંકર લ.



ત્રિવેદી વિજયકુમાર



ત્રિવેદી શંભુશંકર ધ.



ત્રિવેદી સરલાબહેન શં.



દલાલ જયંતિ



દવે ઈશ્વરલાલ મો.




દવે જુગતરામ


દવે પ્રવીણશંકર ખુશાલીરામ


દાણી ઈશ્વરલાલ અંબાલાલ


દાંતવાલા એમ. એલ.


દિવાનજી દિલખુશ


દેસાઈ ઈશ્વરલાલ ઇચ્છારામ


દેસાઈ ઈશ્વરલાલ છોટુભાઈ



દેસાઈ કનૈયાલાલ નાનાભાઈ


દેસાઈ ખંડુભાઈ કસનજી


દેસાઈ ડૉ. ચંદુલાલ મણિલાલ



દેસાઈ ઝીણાભાઈ રતનજી



દેસાઈ ઠાકોરભાઈ મણિભાઈ



દેસાઈ દરબાર ગોપાળદાસ



દેસાઈ દેવયાની ઇન્દ્ર



દેસાઈ નિરુભાઈ



દેસાઈ પરાગજી ખંડુભાઈ



દેસાઈ ભક્તિબા ગોપાલદાસ



દેસાઈ ભુલાભાઈ



દેસાઈ ભૂપતભાઈ વ્ર.



દેસાઈ મગનભાઈ




દેસાઈ મહાદેવભાઈ



દેસાઈ મોરારજીભાઈ




દેસાઈ હરિપ્રસાદ



દેસાઈ હિતેન્દ્રભાઈ




દોશી બેચરદાસ જી.



નથવાણી નરેન્દ્રભાઈ પ્રા.




નવરોજી, દાદાભાઈ



નંદા ગુલઝારીલાલ



નાયક ઈશ્વરલાલ નાગરજી



નાયક કીકુભાઈ ગુલાબભાઈ



નાયક ખંડુભાઈ મકનજી



નાયક ગજરાબહેન કીકુભાઈ



નાયક ગુલાબભાઈ રણછોડજી



નાયક ઘેલુભાઈ ગુલાબભાઈ



નાયક ચન્દ્રકાન્ત કાળીદાસ



નાયક છોટુભાઈ ગુલાબભાઈ



નાયક ઠાકોરભાઈ ડાહ્યાભાઈ




નાયક દોલતભાઈ ડાહ્યાભાઈ



નાયક ધીરુભાઈ ડાહ્યાભાઈ




નાયક ધીરુભાઈ ભીમભાઈ



નાયક નાથુભાઈ નારણજી



નાયક નાનુભાઈ અંબેલાલ



નાયક નાનુભાઈ કલ્યાણજી



નાયક પરાગજી ડાહ્યાભાઈ




નાયક બળવંતરાય ઘેલાભાઈ




નાયક ભગવાનજી નિછાભાઈ



નાયક ભીમભાઈ લલ્લુભાઈ




નાયક મણિભાઈ કુંવરજી



નાયક રણછોડજી દુર્લભભાઈ



નાયક રામલાલ અંબાલાલ



નાયક લાલભાઈ ડાહ્યાભાઈ



પટેલ અંબાલાલ ગોવિંદભાઈ



પટેલ આશાભાઈ લલ્લુભાઈ



પટેલ ઉકાભાઈ રવજીભાઈ



પટેલ કસનજી કાલિદાસ



પટેલ કાનજીભાઈ રેવાભાઈ



પટેલ કાશીભાઈ હરજીવન



પટેલ કાંતિલાલ ભોગીલાલ



પટેલ કિશોરભાઈ ત્રિ.



પટેલ કુંવરજી નાગરજી




પટેલ ગણેશભાઈ ધનજીભાઈ




પટેલ ગોવિંદભાઈ સુખાભાઈ



પટેલ ચંપકલાલ રૂઘનાથદાસ




પટેલ ચુનીલાલ જીવતરામ



પટેલ છગનલાલ રવજી



પટેલ છીબાભાઈ મંગાભાઈ



પટેલ તુલસીભાઈ જેઠાભાઈ



પટેલ ત્રિભુવનદાસ



પટેલ ત્રિભોવન દ્વારકાદાસ



પટેલ ત્રિભુવનદાસ ન.



પટેલ દયાળજી ત્રિભોવનદાસ



પટેલ નટવરલાલ ડુંગરદાસ



પટેલ નાથાલાલ લલ્લુદાસ




પટેલ નાનજીભાઈ



પટેલ નાનુભાઈ વલ્લભભાઈ




પટેલ નારણભાઈ




પટેલ પુનમચંદ એન.



પટેલ પુરુષોત્તમ ર. (દાસકાકા)



પટેલ પ્રહ્લાદભાઈ હરગોવન



પટેલ ફકીરભાઈ દેવાભાઈ



પટેલ બચુભાઈ દુર્લભભાઈ



પટેલ બાબુભાઈ જશભાઈ



પટેલ ભાણાભાઈ નાનકાભાઈ



પટેલ મકનજી પુરુષોત્તમ




પટેલ મગનભાઈ ધનશાભાઈ




પટેલ મગનભાઈ બા.



પટેલ મણિબહેન વલ્લભભાઈ



પટેલ મણિભાઈ ધુળાભાઈ



પટેલ માધવલાલ અમીચંદ



પટેલ માનસિંહ



પટેલ રણછોડભાઈ હરિભાઈ




પટેલ રામજીભાઈ રૂઘનાથદાસ



પટેલ રાવજીભાઈ મણિભાઈ




પટેલ લલ્લુભાઈ ભગવાનજી




પટેલ વિઠ્ઠલભાઈ




પટેલ વિઠ્ઠલભાઈ નાથાભાઈ



પટેલ સરદાર વલ્લભભાઈ



પટેલ સાંકળચંદ



પટેલ હરજીવન પ્રભુદાસ




પટેલ હેમચંદ્ર પુરુષોત્તમ



પટ્ટણી દેવીબહેન પ્ર.



પરમાર જયમલભાઈ



પરમાર વિઠ્ઠલભાઈ નારાયણભાઈ




પરીખ ઉત્સવભાઈ



પરીખ નરહરિભાઈ



પરીખ રસિકલાલ ઉ.




પંચોળી મનુભાઈ 'દર્શક'




પંચોળી વિજયાબહેન મનુભાઈ



પંડિત ચન્દ્રકાન્ત પુરુષોત્તમ




પંડિત શ્યામજી કૃષ્ણવર્મા



પંડ્યા મોહનલાલ કામેશ્વર



પંડ્યા રતિલાલ રણછોડલાલ



પાઠક લક્ષ્મીશંકર ના.




પારેખ દેવચંદભાઈ ઉ.



પારેખ ભાગરથીબહેન મા.



પીટીટ મીઠુબહેન હોરમસજી




પુરાણી અંબુભાઈ




પુરાણી છોટુભાઈ



પુરોહિત ગુણવંતરાય સા.



ફડકે. વિઠ્ઠલ લક્ષ્મણ મામાસાહેબ




બધેકા ગિજુભાઈ



બાવઝીર ઇમામ અબ્દુલકાદર




બેંકર શંકરલાલ ઘેલાભાઈ



બ્રહ્મભટ્ટ બાલુભાઈ છોટાલાલ



બ્રહ્મભટ્ટ વ્રજલાલ માધવલાલ




ભક્ત ચૂનીલાલ (પૂજ્ય મોટા)



ભટ્ટ આત્મારામ પ્ર.




ભટ્ટ દુર્ગાબહેન આ.



ભટ્ટ નાનાભાઈ



ભટ્ટ ડૉ. મગનલાલ



ભારદ્વાજ ગણપતરામ




મજમુદાર બલ્લુભાઈ કૃષ્ણલાલ



મશરૂવાળા કિશોરલાલ



મહંત વિજયદાસજી



મહેતા અશોક રણજિતરામ



મહેતા કલ્યાણજી વિઠ્ઠલભાઈ



મહેતા કુંવરજી વિઠ્ઠલભાઈ



મહેતા ગજરાબહેન ગુલાબભાઈ



મહેતા જશવંત ના.



મહેતા ડૉ. જીવરાજ



મહેતા દિનકર



મહેતા પુષ્પવદન



મહેતા પુષ્પાબહેન



મહેતા બબલભાઈ બા.



મહેતા બળવંતરાય ગુલાબરાય



મહેતા બળવંતરાય ગો.



મહેતા મોહનલાલ તુ. (સોપાન)



મહેતા સનતકુમાર મ.




મહેતા ડૉ. સુમંત



મહેતા હંસાબહેન




મહેશ્વરી મોહનલાલ રામચંદ્ર



માવળંકર, ગણેશ વાસુદેવ



મિસ્ત્રી ભગવાનદાસ મકનજી



મુનશી કનૈયાલાલ




મુનશી લીલાવતી



મેઘાણી ઝવેરચંદ



મેડમ કામા



યાજ્ઞિક ઇન્દુલાલ



યાજ્ઞિક ભાનુશંકર મં.



યોદ્ધા ચારુમતી




રાજગોર શારદાબહેન હેમુભાઈ



રાવલ જયંતીલાલ મોહનલાલ



રાવલ નટવરલાલ મોહનલાલ



રાવલ નરહરિ



રાવલ વસંતલાલ



લહેરી કનુભાઈ જી.



લાખાણી રજબઅલી ગુ.



લાલા અર્જુનલાલ ભોગીલાલ




લાલા ભોગીલાલ ધીરજલાલ



વસાવડા શ્યામપ્રસાદ




વિદ્વાંસ ગોપાળરાવ ગ.



વિદ્વાંસ ભાસ્કરરાવ




વૈદ્ય કમળાશંકર નારણજી



વૈદ બાપાલાલ ગરબડદાસ



વ્યાસ કાંતિલાલ બળદેવરામ




વ્યાસ રવિશંકર (મહારાજ)




શર્મા માણેકલાલ મગનલાલ



શાહ ખુશાલચંદ શાંતિલાલ



શાહ ચંદુલાલ લલ્લુભાઈ



શાહ ચીમનલાલ મો.



શાહ નંદલાલ ત્રિકમલાલ



શાહ પુરુષોત્તમ ભીખાભાઈ



શાહ મનુભાઈ મ.



શાહ માધવલાલ ભાઈલાલ



શાહ લવણપ્રસાદ ફૂ.



શાહ વજુભાઈ



શાહ વીરચંદ પાનાચંદ



શાહ શારદાબહેન ફૂલચંદભાઈ



શુક્લ જ્યોત્સ્નાબહેન



શેઠ ઇન્દુમતી ચીમનલાલ




શેઠ કમુબહેન દો.



શેઠ કીર્તિકાંત વ્ર.



શેઠ રમણલાલ છોટાલાલ



શેઠ વીરચંદભાઈ ભી.



સારાભાઈ, અનસૂયાબહેન




સારાભાઈ, મૃદુલાબહેન




સરલાદેવી અંબાલાલ સારાભાઈ




સોલંકી ડાહ્યાભાઈ કલ્યાણજી



સ્વામી આનંદ



મુંબઈથી વિદાય લેતું આરઝી હકૂમતનું પ્રધાનમંડળ




દાંડીકૂચની પૂર્વ સંધ્યાએ અમદાવાદના એલિસબ્રિજ નીચે માનવમહેરામણને સંબોધન કરતા મહાત્મા ગાંધીજી



લસુંદ્રા ગયેલી સત્યાગ્રહીઓની ટુકડી



રાજકોટથી પાછા વળતાં સુરેન્દ્રનગર સ્ટેશને ગાડીના ડબ્બામાં લીંબડીના હિજરતી આગેવાનોને મુલાકાત આપી રહેલા મહાત્મા ગાંધીજી. તસવીરમાં દુર્લભજી ઉ. પરીખ, શેઠ ભગવાનદાસ હરખચંદ, શેઠ પોપટલાલ અને રસિકલાલ દોશી



લીંબડીથી હિજરત કરતા આગેવાનો – દુર્લભજી પરીખ, અમુલખ અમીચંદ,
ભગવાનદાસ હરખચંદ, બાપાલાલ દોશી વગેરે



1942માં મિલો ખોલાવવાના વિરોધમાં મિલમાલિકોના બંગલે ઉપવાસ પર બેઠેલ બહેનોને ચંપાબહેન મહેતાએ
પોતાના બંગલે (પાલડી) પારણાં કરાવ્યાં તે સમયની તસવીર

## ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો વિશે સર્વાંગી માહિતીકોશ

ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકોના આ માહિતીકોશમાં દેશના સ્વાતંત્ર્ય માટે ભાગ લેનારા ૪,૨૧૨ જેટલા સ્વાતંત્ર્યસૈનિકોની વિગતો આપવામાં આવી છે. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામથી શરૂ કરીને ૧૯૪૭ સુધીની આરઝી હકૂમત તથા ૧૯૬૧માં ગોવાના મુક્તિસંગ્રામમાં ભાગ લેનારા ગુજરાતી સ્વાતંત્ર્યવીરોની વિગતો આમાં સમાવવામાં આવી છે. ભારતનાં બીજાં રાજ્યોના અને ભારતની બહાર રહીને પણ સ્વાતંત્ર્ય માટેના આંદોલનમાં ભાગ લેનારા સ્વાતંત્ર્યસૈનિકોનો પણ આ માહિતીકોશમાં સમાવેશ થયો છે. માહિતીકોશની આ દ્વિતીય સંવર્ધિત આવૃત્તિમાં ૯૭૭ જેટલા વધુ સ્વાતંત્ર્યસૈનિકોની માહિતી ઉમેરી છે. કેટલાક સ્વાતંત્ર્યસૈનિકોને આંદોલનમાં ભાગ લેવા માટે જેલમાં જવું પડ્યું છે; પરંતુ તેમના કાર્યની વિગત મળી નથી તેવા ૧,૯૩૯ સ્વાતંત્ર્યસૈનિકોની યાદી પણ આમાં આપવામાં આવી છે. આ રીતે દેશના સ્વાતંત્ર્યસંગ્રામની લડતમાં એક યા બીજી રીતે સક્રિય ભાગ લેનારા લગભગ તમામ સ્વાતંત્ર્યસૈનિકોનો આ માહિતીકોશમાં સમાવેશ કર્યો છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ